॥ ઓરેમ્ ॥

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમદ્દયાનન્દ સરસ્વતી

સ્વામિ વિરચિત,

વેદાદિવિવિધસચ્છાસ્ત્રપ્રમાણસમન્વિત,

સત્યાર્થપ્રકાશ.

(મૂળ હિંદી ઉપરથી ગુર્જરભાષાનુવાદ)

અનુવાદક,

પંડિત મયાશંકર શર્મા, આર્યસમાજ, મુંબઇ.

પ્રકાશક,

જમનાદાસ નારણદાસ ચાહવાળા.

પુસ્તકાધ્યક્ષ—મુંબઇ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભા.

ઠે. આર્યસમાજ ગીરગામબેકરોડ-મુંબઇ.

છાપનાર:

પૂર્વાર્ધના પેજ ૧ થી ૨૦૨ સુધી લુહાણામિત્ર સ્ટિમ પ્રી. પ્રેસના માલેક
વીઠ્ઠલભાઇ આશારામ ઠક્કર—ઠે. સીયાપુરા વડોદરા.

ટાઇટલ, અનુક્રમણિકા અને પૂર્વાર્ધના પેજ ૨૦૩ થી ૨૫૮ તથા ઉત્તરાર્ધ પેજ ૧ થી
૨૦૦ સુધી શ્રી કૃષ્ણ પ્રિન્ટીંગ પ્રેસના માલેક રતિલાલ હરજીવન પટેલ
૯, અનંતવાડી, મુંબઇ.

ઉત્તરાર્ધ પેજ ૨૦૧ થી ૩૦૮ સુધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસના માલેક,
શા. સોમાલાલ મંગળદાસ, પાંચકુવા દરવાજા, અમદાવાદ.

બીજી આવૃત્તિ	આર્યસંવત ૧૯૭૨૯૪૯૦૧૬	મૂલ્ય રૂ. ૧-૮ પાકું પૂઠું.
૩૦૦૦	સંવત ૧૯૭૧. સન ૧૯૧૫.	,, રૂ. ૧-૪ કાચું ,,

આ પુસ્તકની પ્રથમાવૃત્તિ વૈદિક-યન્ત્રાલય-અજમેરની પ્રબન્ધકર્ત્રી સભા તરફથી
સંવત ૧૯૬૧ ના વર્ષમાં પ્રસિદ્ધ થઇ હતી.

॥ ओ३म् ॥

દ્વિતીયાવૃત્તિની પ્રસ્તાવના.

પ્રિયવાંચકો! આ ગ્રંથની જનસમુહમાં કેટલી ઉપયોગિતા છે તે વિષયમાં હવે વધુ લખવું તે આપ સજ્જનોનો અમુલ્ય સમય લેવા બરાબર છે, જેથી ઉક્ત વિષયમાં વિશેષ ન લખતાં એટલુંજ જણાવવાની રજા લઇશ કે આ પુસ્તકની માગણી દિનપ્રતિદિન વધતીજ જાય છે અને ઘણા મહાશયો, કે જેઓ આજ ઘણા સમયથી આ પુસ્તક વાંચવાને માટે ઇંતેજાર છે, તેઓને હમારે તે પુસ્તક તૈયાર નહિ થયેલું હોવાને લીધે નિરાશ કરવા પડયા છે. આમતો આ પુસ્તક હિંદીમાં તૈયાર છે અને તે ઉપલબ્ધ થઇ પણ શકે છે, પરંતુ મુંબાઇ પ્રદેશસ્થ બંધુઓ તે ભાષામાં ગ્રંથકર્તાનો ભાવાર્થ બરાબર સમજી શક્તા નહિ હોવાને લીધે ગુજરાતી ભાષામાં તે ગ્રંથને વાંચવા ઇચ્છે છે અને તે સ્વાભાવિકજ છે. વાંચકોની ગ્રથ વાંચવાની ઉત્કટ ઇચ્છાને પૂર્ણ કરવા માટે તે ગ્રથ જે સંસ્થા વા વ્યક્તિ તરફથી પ્રકટ કરવામાં આવતો હોય તેણે શીઘ્રતાથી તે તૈયાર કરી તેનો પ્રચાર કરવો જોઇએ એ તેનું કર્તવ્ય છે; અને તેમ કરવાને માટે મું. પ્ર. આ. પ્ર સભાએ વ્યવસ્થા કરી પણ હતી; પરંતુ તે કાય પૂર્ણ કરવામાં કેટલાક અનિવાર્ય પ્રસંગો આડે આવ્યા છે તે માટે હમે વાંચકોની ક્ષમા માગ્યા સિવાય બીજુ શું કરી શકીએ? કેટલાક સમયસુધી ભાષાન્તર કર્તાઓ માટે વિચાર ચાલ્યો અને તે પછી સભાએ મ. પરઘુભાઇ વ્હાલાભાઇ શર્માને તે કાર્ય સોંપ્યું પરંતુ તેમણે પ્રથમ બે સમુલ્લાસના ભાષાન્તરનું કાર્ય કર્યું તેટલામાં તેમને અવકાશ નહિ મળવાના અને તેમની શારીરિક સ્થિતિ સારી નહિ રહેવાને લીધે તેમનાથી તે કાર્ય આગળ ચલાવી શકાયું નહિ. અતે તે કાર્ય શ્રીમાન્ પં. મયાશકર શર્માને સોંપવામાં આવ્યું અને તેમણે તે ખંતથી—ઉત્સાહથી અને બનતી શીઘ્રતાથી કરી આપ્યું જેથી ઘણા લાંબા સમયે પણ આ પુસ્તક આપ સજ્જનોની સેવામાં મુકવા હમે ભાગ્યશાળી થયા છીએ અને તેને માટે હમે ભાષાન્તર કર્તાનો અને દયાનિધિ પરમાત્માનો ઉપકાર માનીએ છીએ. ભાષાન્તર કર્તાઓની અગવડતા ઉપરાંત પ્રેસની પણ અગવડતા આ પુસ્તકને વિલંબે પ્રકટ કરવામાં કારણરૂપ છે. એક પ્રેસમાં છાપવા આપ્યા પછી તે કામ તેણે અપૂણ છોડયું અને બીજા પ્રેસમાં આપવું પડયું. હમે પ્રસંગવશાત્ એટલું જણાવ્યા સિવાય રહીશું નહિ કે આ કામને શીઘ્રતાથી પૂર્ણ કરવામાં 'કૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ' ના માલીક મ. રતિલાલ હરજીવને હમને ઘણી મદદ કરી છે અને તેને માટે તેમને ધન્યવાદ ઘટે છે.

પ્રિયબંધુઓ! પુસ્તક પ્રકટ કરવામાં મહત્વનું અને વિશેષ સમય લેનારૂ કાર્ય ભૂલસંશોધક (Proof reader) નું છે અને તેના પર પુસ્તકપ્રિયતાનો કેટલોક આધાર રહે છે. આ કાર્ય મુંબાઇ આર્યસમાજના મંત્રી રા. રા. મણીલાલ દામોદરદાસ મોદીએ ઘણી સારી રીતે બજાવ્યું છે. તેમણે એક પાઇ પણ લીધા વિના આ કાર્ય કરી આર્યકર્તવ્ય બજાવ્યું છે તે માટે હમે તેમના અનુગ્રહિત છીએ.

આર્યબંધુઓ! પરમપદારૂઢ સ્વામી શ્રી દયાનંદ સરસ્વતી મહારાજની વેદ ધર્મપ્રતિની અપૂર્વ લાગણીથી આ ગ્રંથ તેમણે રચ્યો છે અને તેથી આપણે તેમના ઋણી છીએ, અતઃ આપણું કર્તવ્ય છે કે વેદધર્મના પ્રચારથી તે ઋષિનું ઋણ ઉતારવા ખાતર અને મનુષ્ય તરીકેનું આપણું કર્તવ્ય બજાવવાના હેતુથી આ ગ્રંથનો આપણે આપણા કુટુંબીઓમાં, સગા સ્નેહીઓમાં અને સમાગમમાં આવતી અનેક વ્યક્તિઓમાં પ્રચાર કરવો જોઇએ અને આ ગ્રંથ પુનઃ પુનઃ છપાવવો પડે એવી રીતે તેનો પ્રસાર કરવો જોઇએ. આપ વિદ્વાનોની સેવામાં આટલું નિવેદન કરી વિરમવાની રજા લઉં છે,

ઠા૦
આર્યસમાજ બીલ્ડીંગ,
કાકડવાડી, ગીરગામ
મુંબાઈ.

લી. આર્યસેવક.
ગિરિજાશંકર નિર્ભયરામ.
મંત્રી મું. પ્ર. આ. પ્ર. સભા.



વિષયાનુક્રમણિકા.

પૂર્વાર્દ્ધ.

છઠ્ઠો સમુલ્લાસ.

સાતમો સમુલ્લાસ.

આઠમો સમુલ્લાસ.

નવમો સમુલ્લાસ.

દશમો સમુલ્લાસ.

પૂર્વાર્દ્ધ સમ્પૂર્ણ.

ઉ-તરાર્દ્ધ.

અગીયારમો સમુલ્લાસ.

બારમો સમુલ્લાસ.

તેરમો સમુલ્લાસ.

ચૌદમો સમુલ્લાસ.

ઉત્તરાર્દ્ધ સંપૂર્ણ.

ओ३म्

॥ सर्वेषामेवदानानाम् ब्रह्मदानं विशिष्यते ॥

ગુરૂકુળ ફંડ માટે અપીલ.

પ્રાચીન આર્ય પ્રજાને પેદા કરનારી ખાણ **ગુરૂકુળ** છે, બ્રહ્મચર્યાશ્રમનો પુનરૂદ્ધાર કરનારૂં આ એકજ ખાતું છે. કદાવર તથા નક્કર શરીરના નિરોગી પુરૂષો તથા સ્ત્રીઓ પેદા કરવાં હોય તો બ્રહ્મચર્ય પળાવવું જોઇએ અને તે **ગુરૂકુળ સિવાય બીજે કયાં પળાશે ?** વળી વેદ, વેદાંગ, ઉપાંગ, ઉપનિષદ્, દર્શનગ્રંથોમાં ભરેલી મહાન્ આર્ય પ્રજાની તત્ત્વ વિદ્યાનો ઉદ્ધાર કોણ કરશે? **ગુરૂકુળ.** માતૃભાષા સંસ્કૃત, તથા વેદનું નિયમિત અધ્યયન બીજે કયાં છે? સિવાય **ગુરૂકુળ?** જીતેન્દ્રિય, નીતિમાન, ધર્માત્મા, રાજભક્ત, દેશભક્ત, સ્વાર્થત્યાગી, નરનારી પેદા કોણ કરશે? **ગુરૂકુળ.** આધુનીક શિક્ષણની ખામીઓ દૂર કરી, ઉત્તમ રીતનું પાશ્ચિમાત્ય વિદ્યાનું તથા ઉત્તમ પૌર્વ્ય વિદ્યાનું સંપૂર્ણ જ્ઞાન આપી શરીર, આત્મા તથા મનનો પૂરો વિકાસ કરનારૂં કયું ખાતું છે? **ગુરૂકુળ.** આવું સંપૂર્ણ શિક્ષણ આપનારૂં બીજું કોઇ ખાતું છે? નહિ. આવા અદ્વિતીય ખાતાના નિભાવ અર્થે દર વર્ષે હજારો રૂપીઆનો ખર્ચ કરવો પડે છે; તેમજ તેને સ્થાયી કરવા માટે આશ્રમ શાળા વિગેરે બાંધવા માટે એક લાખ રૂપીઆના ફંડની વિશેષ જરૂર છે. રૂ. ૨૫૦ થી માંડીને ગમે તેટલી મોટી રકમ દાન તરીકે મકાન ફંડમાં આપી આ કાર્યમાં મદદ કરવા તથા પોતાનું નામ ચિરસ્થાયી કરવા હું આ સભા તરફથી સર્વને આગ્રહ કરૂં છું. તથા ચાલુ ખર્ચ નિભાવવા માટે દાનની કંઇપણ રકમ પ્રસંગો પાત મોકલવા વિદ્યા પ્રેમી સજ્જનોને પ્રાર્થના કરૂં છું.

ડા. કલ્યાણદાસ જે. દેસાઇ.

મંત્રી આર્ય વિદ્યાસભા, કાકંડવાડી-મુંબઈ.

ॐ

सच्चिदानन्देश्वराय नमोनमः ॥

भूमिका.

જે વખતે મ્હેં આ " સત્યાર્થ પ્રકાશ " ગ્રન્થ બનાવ્યો હતો, તે વખતે અને તે પૂર્વે, સંસ્કૃતમાં ભાષણ કરવાથી, ભણવા ભણાવવામાં પણ સંસ્કૃતજ બોલવાથી, અને જન્મભૂમીની ભાષા (માતૃભાષા) ગુજરાતી હોવાથી, મ્હને આ (હિંદી) ભાષાનું વધારે સારૂં જ્ઞાન નહોતું; એથી (તે વખતે આ ગ્રન્થની) ભાષા અશુદ્ધ બની ગઇ હતી. હવે (આર્ય) ભાષા બોલવા તથા લખવાનો મ્હાવરો પડી ગયો છે, એથી આ ગ્રન્થને ભાષા તથા વ્યાકરણની દૃષ્ટિથી શુદ્ધ કરીને (હવે) ફરીથી પ્રકટ કર્યો છે. (પુનરાવૃત્તિ કરતી વખતે) કોઇ કોઇ સ્થળે શબ્દ તથા વાકય રચનામાં ફેરફાર કરવો પડયો છે કે જેમ કરવાની જરૂર હતી,-કારણ કે એવો ફેરફાર કર્યા વિના, ભાષાની શૈલી સુધરવી મુશ્કેલ હતી; પરન્તુ અર્થમાં ફેરફાર કરવામાં આવ્યો નથી; ઉલટું (કંઇક) વિશેષ લખવામાં આવ્યું છે ખરૂં, તેમજ પ્રથમ મુદ્રણમાં કોઇ કોઇ સ્થળે ભૂલો રહી ગઇ હતી તે કાઢી, સુધારી, ઠીક કરવામાં આવી છે.

આ ગ્રન્થ ચૌદ સમુલ્લાસ અર્થાત્ ચૌદ વિભાગમાં રચાયો છે. જેમાં પૂર્વાર્ધમાં ૧૦ દશ સમુલ્લાસ અને ઉત્તરાર્ધમાં ચાર સમુલ્લાસ રાખવામાં આવ્યા છે; પરંતુ છેલ્લા બે સમુલ્લાસ તથા તે પછીનું સ્વસિધ્ધાન્ત (પ્રકરણ) કોઇ કારણથી અગાઉ પ્રકટ થઇ શકયું નહોતું તે આમાં પ્રકટ કરવામાં આવ્યું છે.

૧ **પ્રથમ સમુલ્લાસ**—ઇશ્વરનાં ઓંકારાદિ નામોની વ્યાખ્યા.
૨ બીજો ,, —સંતાનોની શિક્ષા.
૩ ત્રીજો ,, —બ્રહ્મચર્ય, પઠનપાઠન વ્યવસ્થા, સત્યાસત્ય ગ્રંથોનાં નામ, તથા શિક્ષણ પદ્ધતિ.
૪ ચોથો ,, —વિવાહ તથા ગૃહસ્થાશ્રમ વ્યવહાર.
૫ પાંચમો ,, —વાનપ્રસ્થ તથા સંન્યાસાશ્રમની વિધિ.
૬ છઠ્ઠો ,, —રાજધર્મ.

ઉક્ત ચૌદે પ્રકરણ પૂરાં થયા પછી અંતમાં, આર્યોના સનાતન વૈદિકધર્મની સવિસ્તર વ્યાખ્યા પ્રકટ કરવામાં આવી છે, જેને હું પોતે પણ બરોબર રીતે માનું છું.

આ ગ્રન્થ રચવાનું મ્હારૂં મુખ્ય પ્રયોજન, ખરેખરા (સત્ય) અર્થનો પ્રકાશ કરવો, અર્થાત્ જે સત્ય છે તેને સત્ય અને અસત્ય છે તેને અસત્ય જણાવવું– એનેજ હું સત્ય અર્થનો પ્રકાશ કરવો સમજું છું. સત્યને ઠેકાણે અસત્ય અને અસત્યને ઠેકાણે સત્ય કહેવું. એ કદાપિ સત્ય કહેવાય નહિ, પરંતુ જે પદાર્થ જેવો હોય તેને તેવો કહેવો, લખવો, કે માનવો એનું નામજ સત્ય. જે મનુષ્ય પક્ષપાતી હોય છે તે પોતાના અસત્યને પણ સત્ય, અને અન્ય વિરૂધ્ધ મતવાળાના સત્યને પણ અસત્ય સાબિત કરવામાં પ્રવૃત્ત થાય છે, એવો મનુષ્ય સત્યને પ્રાપ્ત કરી શકતો નથી; એથી વિદ્વાન આપ્ત પુરૂષોનું એ મુખ્ય કર્ત્તવ્ય છે કે, ઉપદેશ તથા લેખોદ્વારા સર્વ મનુષ્યોની સમક્ષ તેઓ સત્યાસત્યનું ખરૂં સ્વરૂપ પ્રકટ કરે, અને તેઓ પોતે પણ પોતાનું હિતાહિત સમજીને સત્યાર્થનું ગ્રહણ અને મિથ્યાર્થનો ત્યાગ કરી નિરંતર આનંદમાં રહે. (સાધારણ રીતે) મનુષ્યનો આત્મા સત્યાસત્યને જાણવાવાળો હોય છે, પરંતુ પોતાના સ્વાર્થને માટે કે હઠ, દુરાગ્રહ અથવા અવિદ્યાદિ દોષોને લીધે તે સત્યને છોડી અસત્ય તરફ ઝુકી જાય છે; પરંતુ આ પુસ્તકમાં એવું કરવામાં આવ્યું નથી, તેમ કોઇનું મન દુઃખાવવું કે કોઇને હાનિ પહોંચાડવી એમ પણ નથી. પરંતુ મનુષ્ય જાતિની ઉન્નતિ અને ઉપકાર થાય, તેઓ સત્યાસત્યને સમજી સત્યનું ગ્રહણ અને અસત્યનો પરિત્યાગ કરે, (એજ આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ છે.) કારણ કે સત્યોપદેશ વિના મનુષ્ય જાતિની ઉન્નતિનું બીજું કોઇ કારણ (સાધન) નથી.

આ ગ્રંથમાં, દૃષ્ટિદોષથી, છાપવામાં કે સંશોધન કરતાં, કોઇ સ્થળે ભૂલ રહી ગયેલી માલૂમ પડે, તો તે જાણવા જણાવવાથી, તથા ખરી માલૂમ પડવાથી સુધારવામાં આવશે; પરંતુ જો કોઈ પક્ષપાતથી ઉલટી શંકા કે ખંડનમંડન કરશે તો તેનાપર ધ્યાન આપવામાં આવશે નહિ. હાં, જો તે મનુષ્ય માત્રનો હિતૈષિ થઇ કંઇ જણાવશે અને તે સત્ય માલૂમ પડશે તો તેના મતની નોંધ લેવામાં આવશે. જો કે આજકાલ પ્રત્યેક મતમાં ઘણા વિદ્વાનો છે, પરંતુ તેઓ પક્ષપાત છોડી સર્વતંત્રસિદ્ધાન્તો અર્થાત્ જે જે વાત સર્વને અનુકૂળ અને બધા મતોમાં સત્ય ગણાય છે, તેનું ગ્રહણ કરે અને જે જે બાબતો એક બીજાના (મત–સિદ્ધાન્તો)

થી વિરૂદ્ધ છે તેનો ત્યાગ કરી, પરસ્પર પ્રીતિથી વર્તે તથા વર્તાવે તો એથી જગતનું સંપૂર્ણ હિત થઇ શકે. કારણ કે વિદ્વાનોના વિરોધથી અવિદ્વાનોમાં વિરોધ વધી (સંસારમાં) અનેક પ્રકારના દુઃખની વૃદ્ધિ તથા સુખની હાનિ થાય છે. આ હાનિ (ક્લેશ) કે જે સ્વાર્થી મનુષ્યોને પ્રિય હોય છે, તેણે સર્વે મનુષ્યોને દુઃખના દરિયામાં ડુબાવી દીધા છે. ઉકત મનુષ્યોમાંથી જે કોઇ સાર્વજનિક હિતને લક્ષમાં રાખીને તેમાં પ્રવર્ત્તે છે, તેની સાથે સ્વાર્થી લોકો (હમેશાં) વિરોધ કરવા માટે તૈયાર થાય છે અને અનેક પ્રકારે વિઘ્નકર્ત્તા નિવડે છે. પરંતુ,

" सत्यमेव जयते नानृतं, सत्येन पन्था विततो देवयानः ॥ "

" સર્વદા સત્યનો વિજય અને અસત્યનો પરાજય (થાય છે), અને સત્યથીજ વિદ્વાનોનો માર્ગ વિસ્તૃત થાય છે. " એ દૃઢ નિશ્ચયના આલમ્બનથી, આપ્ત પુરૂષો કદીપણ પરોપકારના કાર્યથી ઉદાસિન થઇ સત્ય અર્થનો પ્રકાશ કરવામાં પાછા હઠતા નથી. આ પણ એક મહાન્ દૃઢ નિશ્ચય છે કે,

" यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् "

(આ ગીતાનું વચન છે. તેનો એ અભિપ્રાય છે કે) " વિદ્યા અને ધર્મપ્રાપ્તિનાં જે જે કર્મ છે તે પ્રથમ અર્થાત્ કરતી વખતે વિષના જેવાં માલૂમ પડે છે પરંતુ પછી તે અમૃત સમાન નિવડે છે. એ સૂત્રને લક્ષમાં રાખીને મ્હેં આ ગ્રંથ બનાવ્યો છે. શ્રોતા તથા વાચકવૃંદ પણ પ્રથમ તેના તરફ પ્રેમદૃષ્ટિથી જોઇ, આ ગ્રન્થના ખરેખરા તાત્પર્યને સમજી પોતાનું યથાર્થ ઇષ્ટ કરે; આ (ગ્રંથ) માં એ અભિપ્રાય રાખવામાં આવ્યો છે કે, સર્વ મતોમાં જે જે સત્ય વાતો છે, તે તે સર્વમાં અવિરૂદ્ધ (અનુકૂળ) હોવાથી તેનો સ્વીકાર કરીને, (જુદા જુદા) મતમતાન્તરોમાં જે જે અસત્ય (મિથ્યા) બાબતો છે તેનું ખંડન કર્યું છે. આમાં એ પણ અભિપ્રાય રાખવામાં આવ્યો છે કે (જૂદા જૂદા) મતમતાન્તરોની પ્રસિદ્ધ વા અપ્રસિદ્ધ (સર્વે) ખરાબ વાતોને પ્રકટ કરી વિદ્વાન અવિદ્વાન સર્વસાધારણ મનુષ્યોની સમક્ષ રજુ કરવી, જેથી તે બધાનો (એકંદરે) વિચાર કરી, પરસ્પર પ્રેમી થઇ સર્વે એક સત્ય મતાવલંબી નિવડે. જો કે હું આર્યાવર્ત્ત દેશમાં જન્મ્યો છું અને વસુ છુ તોપણ જેમ આ દેશના મતમતાન્તરોની અસત્ય વાતોનો (પણ) નિષ્પક્ષપાતપણે પ્રકાશ કરૂં છું, તેવીજ રીતે અન્ય દેશ વાસીઓ અથવા ત્હેમના મતની ઉન્નતિ કરવાવાળાની, સાથે પણ તેવીજ રીતે વર્ત્તું છું. જે રીતે મારા દેશવાળાઓની સાથે હું મનુષ્યોન્નતિના વિષયમાં વર્તું છું, તેવીજ રીતે વિદેશીઓની સાથે પણ (વર્ત્તું છું). અને આર્ય અને સર્વ સજ્જનોએ પણ તેવીજ રીતે વર્ત્તવું જોઇએ. કારણ કે હું પણ જો કોઇ એકનો પક્ષપાતી હોઉં તો, જેમ આજકાલના (કેટલાકો) પોતાના મતની સ્તુતિ, મંડન અને પ્રચાર કરે છે, અને બીજાના મતની નિંદા, હાનિ, તથા તે બંધ કરાવવાની કોશીશ કરે છે, તેવો હું પણ હોત (ગણાત). પરન્તુ એવી વાતો મનુષ્યપણાની બહાર (અમાનુષિ) ગણાય છે. કારણ કે જેમ એક પશુ

બળવાન હોય તો બીજાં નિર્બળ પશુઓને દુ:ખ દે છે, તથા મારી પણ નાંખે છે, તેવીજ રીતે જો મનુષ્ય પણ એવાંજ કામ કરે તો તે મનુષ્ય નહિ પરંતુ પશુજ કહેવાય. જે બળવાન હોઇને નિર્બળની રક્ષા કરે છે તેજ મનુષ્ય કહેવાય છે. અને જે સ્વાર્થવશ થઇને પારકાની હાનિજ કર્યાં કરે છે, તે તો માનો કે પશુઓનો પણ મ્હોટો ભાઇ છે. હવે આર્યાવર્ત્તવાસીઓના વિષયમાં વિશેષ કરીને ૧૧ મા સમુલ્લાસ સુધી લખેલું છે. આ સમુલ્લાસોમાં જે સત્ય મત પ્રકટ કરવામાં આવ્યો છે, તે વેદોક્ત હોવાથી મ્હને સર્વથા માન્ય છે, અને જે નવિન પુરાણ તંત્રાદિ ગ્રંથોની વાતોનું ખંડન કરવામાં આવ્યું છે તે ત્યાજ્ય છે. ૧૨ મા સમુલ્લાસમાં જે ચાર્વાકનો મત દર્શાવ્યો છે, તે જો કે હાલમાં ક્ષીણ તથા અસ્ત પામી ગયા જેવો છે, અને તે ચાર્વાક (મત), બૌદ્ધ તથા જૈન (મત) સાથે નિરિશ્વરવાદાદિમાં નિકટનો સંબંધ ધરાવે છે, તે ચાર્વાક મત ભારેમાં ભારે નાસ્તિક મત છે, તેથી તેની ચેષ્ટાને રોકવાની (ખાસ) આવશ્યકતા છે. કેમકે જો અસત્ય વાતોને રોકવામાં ન આવે તો સંસારમાં બહુજ અનર્થ પ્રવૃત્ત થાય. ચાર્વાકનો જે મત છે, તથા બૌદ્ધ અને જૈનોનો જે મત છે તે પણ ૧૨ સમુલ્લાસમાં ટુંકમાં પ્રકટ કરવામાં આવ્યો છે. બૌદ્ધો તથા જૈનીઓનો મત પણ ચાર્વાકના મત સાથે મળે છે અને થોડો કંઇક વિરોધ પણ છે, અને જૈનો પણ ઘણી એક બાબતોમાં ચાર્વાક તથા બૌદ્ધોની સાથે મેળ રાખે છે અને થોડીએક બાબતોમાં ભેદ ધરાવે છે. આથી જૈનોની શાખા જુદી ગણાય છે, આ ભેદ ૧૨ મા સમુલ્લાસમાં લખેલો છે તે ઉપરથી બરોબર સમજી લેવું. એનું જે (ખરેખરૂં) ભિન્નત્વ છે તે ૧૨ મા સમુલ્લાસમાં દેખાડયું છે. બૌદ્ધ તથા જૈન મતનો વિષય પણ લખેલો છે, તેમાંથી બૌદ્ધોના દીપવંશાદિ પ્રાચીન ગ્રંથોમાં બૌદ્ધ મત સંગ્રહ સર્વદર્શનસંગ્રહમાં બતાવ્યું છે તે પરથી અહીં લખ્યું છે; અને જૈનીયોનાં નિમ્ન લિખિત સિદ્ધાન્તોનાં પુસ્તકો છે તેમાંથી **ચાર મૂળ સૂત્ર** જેમકે ૧ આવશ્યક સૂત્ર ૨ વિશેષ આવશ્યક સૂત્ર ૩ દશવૈકાલિક સૂત્ર અને ચોથું પાક્ષિક સૂત્ર. **૧૧ અગીઆર અંગ** જેવાં કે ૧ આચારાંગ સૂત્ર, ૨ સુગડાંગ સૂત્ર, ૩ થાણાંગસૂત્ર ૪ સમવાયાંગસૂત્ર, ૫ ભગવતીસૂત્ર, ૬ ગ્નાતાધર્મકથા સૂત્ર, ૭ ઉપાસક દશા સૂત્ર ૮ અંતગડ દશા સૂત્ર, ૯ અનુત્તરો વવાઇ સૂત્ર, ૧૦ વિપાક સૂત્ર, અને ૧૧ પ્રશ્ન વ્યાકરણ સૂત્ર. **બાર ઉપાંગ** જેમકે ૧ ઉપવાઇ સૂત્ર, ૨ રાયપસેની સૂત્ર, ૩ જીવાભિગમ સૂત્ર, ૪ પન્નગણા સૂત્ર, ૫ જમ્બુપપન્નતિ સૂત્ર, ૬ ચન્દપન્નતિ સૂત્ર, ૭ સૂરપન્નતિસૂત્ર. ૮ નિરિયાવલી સૂત્ર; ૯ કપ્પિયાસૂત્ર, ૧૦ કપવડીસયા સૂત્ર, ૧૧ પૂપ્પિયા સૂત્ર, ૧૨ પુપ્ફચુલિયા સૂત્ર. **પાંચકલ્પ સૂત્ર,** જેવાંકે ૧ ઉત્તરાધ્યયન સૂત્ર, ૨ નિશીથ સૂત્ર, ૩ કલ્પ સૂત્ર, ૪ બ્યવહાર સૂત્ર તથા ૫ જીતકલ્પ સૂત્ર. **છ છેદ** જેવા કે ૧ મહાનિશિથ બૃહદ્વાચના સૂત્ર, ૨ મહાનિશીથ લઘુ વાચના સૂત્ર, ૩ મધ્યમવાચના સૂત્ર, ૪ પિંડનિરૂકત સૂત્ર, ૫ ઔઘ નિરૂક્ત સૂત્ર, ૬ પર્યૂષણા સૂત્ર. **દશ પયન્ના સૂત્ર,** જેવાંકે ૧ ચતુરસરણ સૂત્ર, ૨ પચ્ચખાણ સૂત્ર, ૩ તદુલવૈયાલિક સૂત્ર, ૪ ભક્તિ પરિજ્ઞાન સૂત્ર, ૫ મહાપ્રત્યાખ્યાન સૂત્ર, ૬ ચંદાવિજય સૂત્ર, ૭ ગણી વિજય સૂત્ર, ૮ મરણ સમાધિ સૂત્ર, ૯ દેવેન્દ્રસ્તન સૂત્ર, તથા ૧૦ સંસાર સૂત્ર તથા નન્દી સૂત્ર. યોગોદ્ધાર સૂત્ર, પણ પ્રમાણિક માને છે. **પંચાંગ** જેવાંકે ૧ પૂર્વસર્વ ગ્રંથોની ટીકા, ૨. નિરૂક્તિ, ૩ ચરણી, ૪ ભાષ્ય, એ ચાર અવયવ તથા સર્વ મૂળ મળીને પંચાંગ રહે છે. એમાં ઢુંઢીયા અવયવોને નથી માનતા. આ ઉપરાંત પણ અનેક ગ્રંથો છે, જેને જૈન લોકો

માને છે. એમના મત સંબંધમાં વિશેષ વિવેચન ૧૨ મા સમુલ્લાસમાંથી જોઇ લેવું. જૈનોના ગ્રંથમાં લાખો પુનરૂક્ત દોષ છે. અને એમનો એ પણ સ્વભાવ છે કે જો પોતાનો ગ્રંથ બીજા મતવાળાના હાથમાં હોય અગર છપાવ્યો હોય તો કોઇ કોઇ તો તે ગ્રંથને અપ્રમાણ ઠરાવે છે. એમની એ વાત યોગ્ય નથી કેમકે જેને કોઇ માને અગર ન માને એથી તે ગ્રંથ જૈન મતનો નથી એમ થઇ શકતું નથી. હાં, જેને કોઇ ન માને અથવા કોઇ પણ જૈનીએ કદી પણ ન માન્યો હોય ત્યારે તો તે ગ્રંથ અગ્રાહ્ય ગણી શકાય; પરંતુ એવો કોઇ પણ ગ્રંથ નથી કે જેને કોઇ પણ જૈન ન માનતો હોય, એથી જે જે ગ્રંથને માનતા હશે તે ગ્રંથમાંના વિષયોનું ખંડનમંડન પણ તેને માટેજ માનવામાં આવે છે પરંતુ કેટલાક એવા પણ છે કે જેઓ તે ગ્રંથને માનતા પણ જાય છે; છતાં સભા વા સંવાદમાં તેઓ બદલાઇ જાય છે, એજ હેતુથી જૈન લોકો પોતાના ગ્રંથોને છુપાવી રાખે છે, અને બીજા મતવાળાને આપતા, સંભળાવતા, કે શીખવતા નથી, કારણ કે એમાં એવી એવી અસંભવિત વાતો ભરેલી છે કે તેનો કંઇ પણ ઉત્તર તેઓ આપી શકતા નથી. જુઠી વાતો છોડી દેવી એજ તેનો ઉત્તર છે.

૧૩ મા સમુલ્લાસમાં ખ્રીસ્તીઓના મત સંબંધિ લખેલું છે. એ લોકો બાઇબલને પોતાનું ધર્મપુસ્તક માને છે. તે સંબંધિ વિશેષ હકીકત ઉક્ત ૧૩ મા સમુલ્લાસમાં જોવી. ૧૪ મા સમુલ્લાસમાં મુસલમાનોના મત સંબંધમાં લખેલું છે. તે લોકો કુરાનને પોતાના ધર્મનું મૂળ પુસ્તક માને છે, ત્હેમનો પણ વિશેષ વ્યવહાર ૧૪ મા સમુલ્લાસમાંથી મળશે અને તેની આગળ વૈદિક મતના વિષયમાં લખવામાં આવ્યું છે. જે કોઇ ગ્રંથકર્તાના તાત્પર્યની વિરૂદ્ધ જઇને (આ પુસ્તક) વાંચશે, ત્હેમને કંઇ પણ અભિપ્રાય વિદિત થશે નહિ, કારણ કે વાક્યાર્થ બોધમાં ચાર કારણો હોય છે. આકાંક્ષા, યોગ્યતા, આસત્તિ અને તાત્પર્ય. ઉક્ત ચારે વાતો પર ધ્યાન દઇને પુરૂષ જ્યારે ગ્રંથને વાંચે છે, ત્યારેજ તેને તે ગ્રંથનો ખરો આશય સમજાય છે. "આકાંક્ષા" અર્થાત્ કોઇ વિષય પર વક્તાની તથા વાક્યમાં આવેલાં પદોની સ્હમજણ પરસ્પર થાય છે. "યોગ્યતા" એને કહેવાય કે, જેનાથી જે થઇ શકે જેમકે જળથી સીંચવું, "આસત્તિ" જે પદની સાથે જેનો સંબંધ હોય તેની સમીપ તે પદ બોલવું અથવા લખવું. "તાત્પર્ય" જેને માટે વક્તાએ શબ્દોચ્ચારણ તથા લેખ કર્યો હોય, તેની સાથે તે વચન અથવા લેખને યુક્ત કરવો. ઘણાએ મનુષ્યો હઠી તથા દુરાગ્રહી હોય છે કે જેઓ વક્તાના અભિપ્રાયથી વિરૂદ્ધ કલ્પના કર્યા કરે છે, ખાસ કરીને સાંપ્રદાયિક લોક; કેમકે મતાગ્રહથી ત્હેમની બુદ્ધિ અંધકારમાં ફસાઇ જઇ નષ્ટ થઇ જાય છે એથી જેમ હું, પુરાણ, જૈનોના ગ્રંથ, બાઇબલ, તથા કુરાનને પહેલેથી ખરાબ દૃષ્ટિથી ન જોતાં, તેમાંથી ગુણોનું ગ્રહણ તથા દોષોનો ત્યાગ કરી, અન્ય મનુષ્ય જાતિની ઉન્નતિને માટે પ્રયત્ન કરૂં છું, તેવીજ રીતે સર્વેએ કરવું ઉચિત છે. ઉક્ત મતોના થોડા થોડાજ દોષો (મ્હેં) પ્રકટ કર્યા છે, જેને જોઇને મનુષ્ય સમાજ સત્યાસત્ય મતનો નિર્ણય કરી સત્યનું ગ્રહણ તથા અસત્યનો ત્યાગ કરવા કરાવવાને શક્તિમાન થાય; કારણ કે એક મનુષ્ય જાતિમાં લોકોને બ્હેકાવીને (ત્હેમનામાં) વિરૂદ્ધ બુદ્ધિ ઉત્પન્ન કરી, (ત્હેમને) એક બીજાના શત્રુ બનાવી લડાવી મારવા એ વિદ્વાનોના સ્વભાવથી વિરૂધ્ધ છે. જો કે આ ગ્રંથને જોઇને અવિદ્વાન લોક ઉલટોજ વિચાર કરશે, તથાપિ બુદ્ધિ-

માન લોક આનો આશય બરોબર રીતે જાણી શકશે. એથી હું મ્હારો પરિશ્રમ સફળ સમજી મ્હારો અભિપ્રાય સર્વ સજ્જનોની સન્મુખ રજુ કરૂં છું, જેને વાંચી તથા વંચાવીને (તેઓ) મ્હારો પરિશ્રમ સફળ કરે, અને એવીજ રીતે નિષ્પક્ષપાતપણે સત્ય અર્થનો પ્રકાશ કરવો એ મ્હારૂં તથા સર્વ મહાશયોનું મુખ્ય કર્તવ્ય છે. સર્વના આત્મારૂપ સર્વના અંતરમાં રમી રહેલા સત્ચિત્ આનંદ સ્વરૂપ પરમાત્મા, સ્વકૃપાથી આ આશયને વિસ્તૃત અને ચિરસ્થાયી કરે.

अलमति विस्तरेण बुद्धिमद्वराशिरोमणिषु ॥

॥ इति भूमिका ॥

સ્થાન મહારાણાજીનું ઉદયપુર
ભાદ્રપદ શુકલ પક્ષ વિક્રમાર્ક ૧૯૩૯.

(સ્વામી) દયાનંદ સરસ્વતી.

ॐ

सच्चिदानन्देश्वराय नमो नमः

अथ सत्यार्थप्रकाशः॥

ओ३म् शन्नो मित्रः शंवरुणः शन्नोभवत्वर्य्यमा। शन्नइन्द्रो बृहस्पतिः शन्नो विष्णु रुरुक्रमः॥ नमो ब्रह्मणे नमस्ते वायो त्वमेव प्रत्यक्षं ब्रह्मासि। त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि ऋतं वदिष्यामि सत्यं वदिष्यामि तन्मामवतु तद्वक्तारमवतु। अवतु मामवतु वक्तारम्। ओ३म् शान्तिश्शान्तिश्शान्तिः॥ १॥

અર્થ:—ओ३म् આ ઓંકાર શબ્દ પરમેશ્વરનું સર્વોત્તમ નામ છે. કેમકે એમાં જે अ, उ, તથા म् ત્રણ અક્ષરો મળીને એક ओ३म् સમુદાય થયો છે, તે એક નામમાં પરમાત્માનાં અનેક નામ આવી જાય છે, જેમકે अकारથી વિરાટ, અગ્નિ, તથા વિશ્વાદિ, उकारથી હિરણ્ય ગર્ભ, વાયુ તથા તેજસાદિ. मकारથો ઇશ્વર, આદિત્ય, તથા પ્રાજ્ઞાદિ નામો વંચાય તથા ગ્રહણ થાય છે. વેદાદિ સત્ય શાસ્ત્રોમાં તેનું એવુંજ સ્પષ્ટ વિવેચન કરેલું છે કે પ્રકરણાનુકૂળ એ સર્વ નામ પરમેશ્વરનાંજ છે.

પ્રશ્ન—વિરાટાદિ નામોનો પરમેશ્વર સિવાય બીજો અર્થ કેમ ન થાય ? બ્રહ્માંડ, પૃથ્વિ

આદિ (પંચ) ભૂતો, ઇન્દ્રાદિ દેવતાઓ, તથા વૈદ્યકશાસ્ત્રમાં શુંઠયાદિ ઔષધિઓનાં પણ તે નામ છે કે નહિ?

ઉત્તર—છે. પરન્તુ પરમાત્માનાં પણ છે.

પ્રશ્ન—(છતાં) એ નામોથી કેવળ દેવોનોજ (અર્થ) ગ્રહણ કરો છો કે નહિ?

ઉત્તર—આપના ગ્રહણ કરવામાં શું પ્રમાણ છે?

પ્રશ્ન—દેવ સર્વ પ્રસિદ્ધ અને ઉત્તમ પણ છે; તેથી હું ત્હેનું ગ્રહણ કરૂં છું.

ઉત્તર—શું પરમેશ્વર અપ્રસિદ્ધ અથવા એથી કોઇ (વધારે) ઉત્તમ પણ છે? ત્યારે એ નામ પરમેશ્વરનાં પણ કેમ નથી માનતા? જ્યારે પરમેશ્વર અપ્રસિદ્ધ કે તેના તુલ્ય પણ કોઇ નથી તો એથી ઉત્તમ કોઇ પણ કેવી રીતે થઇ શકે? આથી આપનું એ કહેવું સત્ય નથી, કેમકે આપના આ કથનમાં બહુ દોષો પણ આવે છે, જેમકે " **उपस्थितं परित्यज्यानुपस्थितंयाचत इति बाधितन्यायः** " કોઇએ કોઇને માટે ભોજનના પદાર્થ પીરસી કહ્યું કે આપ ભોજન કરો, અને તે માણુસ ઉક્ત તૈયાર ભોજનને છોડી અપ્રાપ્ત ભોજનને માટે જ્યાં ત્યાં ભ્રમણ કરે તે બુદ્ધિમાન ગણાય નહિ, કેમકે તે ઉપસ્થિત અર્થાત્ સમીપ પ્રાપ્ત થએલા પદાર્થને છોડી અનુપસ્થિત અર્થાત્ અપ્રાપ્ત પદાર્થની પ્રાપ્તિને માટે પરિશ્રમ કરે છે, એથી તે જેમ બુદ્ધિમાન પુરૂષ નથી ગણાતો, તેવીજ જાતનું આપનું પણ કથન થયું કારણ કે આપ ઉક્ત વિરાટાદિના જે પ્રસિદ્ધ અને પ્રમાણ સિદ્ધ પરમેશ્વર તથા બ્રહ્માંડાદિ ઉપસ્થિત અર્થોનો ત્યાગ કરી દેવાદિ અસંભવ તથા અનુપસ્થિત અર્થો માટે પરિશ્રમ કરો છો, એમાં કોઇ પણ પ્રમાણ કે યુકિત નથી; જો આપ એમ કહેશો કે "જ્યાં જેનું પ્રકરણ હોય ત્યાં તેનું ગ્રહણ કરવું ઉચિત છે, જેમ કોઇએ કોઇને કહ્યું કે, " **हे भृत्य ! त्वं सैन्धव मानय** " (અર્થાત્) તું સૈંધવ લઇ આવ તો તેણે સમય અર્થાત્ પ્રકરણનો વિચાર કરવો જોઇએ, કેમકે " સૈન્ધવ " નામ બે ચીજોનાં છે, એક ઘોડાનું અને બીજું મીઠાનું; જો પોતાના માલિકનો બહાર જવાનો વખત હોય તો ઘોડો, અને ભોજનનો સમય હોય તો મીઠું લઇ આવવું જોઇએ. પરંતુ જો તે (બહાર) જવાને સમયે મીઠું, અને ભોજનને સમયે ઘોડો લઇ આવે તો તો તેનો સ્વામી ત્હેના ઉપર ગુસ્સે થઇ તેને કહેશે કે તું બુદ્ધિ વિનાનો નોકર છું, પ્રસ્થાન સમયે લવણ અને ભોજનકાળમાં ઘોડો લાવવાનું શું પ્રયોજન હતું? તું સમયને ઓળખવા વાળો મનુષ્ય નથી, નહિ તો જે વખતે જે લાવવાનું હતું તે લઇ આવતે; પ્રસંગનો વિચાર કરવાની જે જરૂર હતી તે ત્હેં ન કરી એથી તું મૂર્ખ છે, મ્હારી પાસેથી ચાલ્યો જા." તો એથી શું સિદ્ધ થયું કે જ્યાં જેનું ગ્રહણ કરવું ઉચિત હોય ત્યાં તેજ અર્થ ગ્રહણ કરવો જોઇએ, એથી અમે તથા આપ સર્વ લોકોએ એવીજ રીતે વર્ત્તવું જોઇએ જેમકેઃ—

॥ अथ मन्त्रार्थः ॥

ओ३म् खम्ब्रह्म ॥ १ । यजुः० अ० ४० । मं० १७ ॥

જુઓ વેદોમાં, આવાં આવાં પ્રકરણોમાં, **ओ३म्** આદિ પરમેશ્વરનાં નામ આવે છે.

ओमित्येतदक्षरमुद्गीथमुपासीत ॥२ ॥छान्दोग्य उपनिषद् मं० १ ॥

ओमित्येतदक्षरमिदᳬ सर्वं तस्योपव्याख्यानम् ॥ ३ ॥ माण्डूक्य० मं० १ ॥

सर्वे वेदा यत्पदमामनन्ति तपाᳬसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ॥ ४ ॥
कठोपनिषत् । वल्ली २ । मं० १५ ॥

प्रशासितारं सर्वेषामणीयांसमणोरपि ।
रुक्माभं स्वप्नधागम्यं विद्यात्तं पुरुषं परम् ॥ ५ ॥

एतमेके वदन्त्यग्निं मनुमन्ये प्रजापतिम् ।
इन्द्रमेके परे प्राणमपरे ब्रह्म शाश्वतम् ॥ ६ ॥ मनु० अ० १२
श्लो० १२२ । १२३ ॥

स ब्रह्मा स विष्णुः स रुद्रस्स शिवस्सोऽक्षरस्स परमः स्वराट् ।
स इन्द्रस्स कालाग्निस्स चन्द्रमाः ॥ ७ ॥ कैवल्य उपनिषत् ॥
इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यस्स सुपर्णो गरुत्मान् ।
एकं सद्विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ॥ ८ ॥ ऋ० मं० १।
अनु० २२ । सू० १६४ । मं० ४६ ॥

भूरसि भूमिरस्यदितिरसि विश्वधाया विश्वस्य भुवनस्य धर्त्री । पृथिवीं यच्छ पृथिवीं दृᳬह पृथिवीं मा हिंᳬसीः ॥९॥ यजु० अ० १३ । मं. १८॥

इन्द्रो मह्ना रोदसी पप्रथच्छव इन्द्रः सूर्य्यमरोचयत् ।
इन्द्रेह विश्वा भुवनानि येमिर इन्द्रे स्वानास इन्दवः ॥१०॥ सामवेद० ७।
प्र० ३ । अ० ८ । सू० १६ । अ० २ । खं० ३ । सू० २ । मं० ८ ॥

प्राणाय नमो यस्य सर्वमिदं वशे । यो भूतः सर्वस्येश्वरो यस्मिन्त्सर्वं प्रतिष्ठितम् ॥ ११ ॥ अथर्ववेदे काण्ड ११ । अ० २ । सू० ४ । मं० १ ॥

અર્થ—અહીં આ પ્રમાણો લખવાનું તાત્પર્ય એ છે કે, એવાં એવાં પ્રમાણોમાં ઓંકારાદિ નામોથી પરમાત્મા (અર્થ) નું ગ્રહણ થાય છે તે લખ્યું છે, જેમ જન સમાજમાં દરિદ્રી આદિનાં ધનપતિ આદિ નામ હોય છે તેમ પરમેશ્વરનું કોઇ પણ નામ અનર્થક (નિરર્થક) નથી. એથી એ સિદ્ધ થયું કે (ઇશ્વરનાં ઉક્ત નામો) કોઇ સ્થળે ગૌણિક,

કોઇ સ્થળે કાર્મિક અને કોઇ સ્થળે સ્વાભાવિક અર્થોનાં વાચક છે. **ओ३म्** આદિ નામ સાર્થક છે. જેમકે (**ओ३म् खं**) " **अवतीत्योम्, आकाशमिव** व्यापकत्वात् **खम्, सर्वेभ्यो बृहत्वाद् ब्रह्म** " રક્ષા કરવાથી, **ओ३म्**, આકાશવત વ્યાપક હોવાથી, **खम्**, અને સર્વથી મ્હોટા હોવાથી, **ब्रह्म**, ઇશ્વરનાં નામો છે. ૧.

ओ३म् જેનું નામ છે, અને જે કદી પણ નષ્ટ થતો નથી, ત્હેની ઉપાસના કરવી યોગ્ય છે, અન્યની નહિ. ૨

ओमित्येत० સર્વ વેદાદિ શાસ્ત્રોમાં, પરમેશ્વરનું પ્રધાન તથા નિજ એટલે પોતાનું નામ **ओ३म्** કહેલું છે. બીજાં સર્વ ગૌણિક નામ છે. ૩

सर्ववेदा० કેમકે, સર્વ વેદ અને સર્વ ધર્માનુષ્ઠાન રૂપ તપશ્ચરણ, જેનું કથન તથા માન કરે છે, અને જેની પ્રાપ્તિની ઇચ્છા કરીને બ્રહ્મચર્યાશ્રમ કરે છે તેનું નામ **ओ३म्** છે.

प्रशासिता० જે સર્વને શિક્ષા આપવાવાળો, સૂક્ષ્મમાં સૂક્ષ્મ, સ્વપ્રકાશ સ્વરૂપ, સમાધિસ્થ બુદ્ધિથી જાણવા યોગ્ય છે, તેને પરમ પુરૂષ જાણવો જોઇએ. ૫

અને સ્વપ્રકાશ પોતાની મેળે પ્રકાશ પામતો હોવાથી **अग्नि**, વિજ્ઞાન સ્વરૂપ હોવાથી **मनु**, સર્વનું પાલન કરવાવાળા અને પરમ ઐશ્વર્યવાન હોવાથી **इन्द्र**, સર્વના જીવનનું મુળ હોવાથી **प्राण** અને નિરંતર વ્યાપક હોવાથી (તે) પરમેશ્વરનું નામ **ब्रह्म** છે ૬.

सब्रह्मा सविष्णुः સર્વ જગતને બનાવવાથી **ब्रह्मा** સર્વત્ર વ્યાપક હોવાથી **विष्णु** દુષ્ટોને દંડ દઇ રડાવવાથી **रुद्र** મંગળમય અને સર્વના કલ્યાણ કરતા હોવાથી **शिव.** " **यः सर्वमश्नुते न क्षरति न विनश्यति तदक्षरम्** " " **यःस्वयं राजते स स्वराट्** " " **योऽग्निरिव कालः कलयिता प्रलयकर्त्ता स कालाग्निरीश्वरः** " **अक्षर** જે સર્વત્ર વ્યાપ્ત અવિનાશી, **स्वराट्** સ્વયં પ્રકાશ સ્વરૂપ તથા **कालाग्नि** પ્રલય સમયમાં સર્વનો કાળ અર્થાત્ કાળનો પણ કાળ છે, એથી (તે) પરમેશ્વરનું નામ કાલાગ્નિ છે. ૭.

इन्द्रं मित्रं જે એક અદ્વિતીય સત્ય બ્રહ્મ વસ્તુ છે, ત્હેનાંજ ઇન્દ્રાદિ સર્વ નામ છે.

" **शुषु शुद्धेषु पदार्थेषु भवो दिव्यः** "

" **शोभनानि पर्णानि पालनानि पूर्णानि कर्माणि वा यस्य सः** " ॥

" **यो गुर्वात्मा सगरुत्मान्** " ॥

" **यो मातरिश्वा वायुरिव बलवान् स मातरिश्वा** "

दिव्य જે પ્રકૃતિ આદિ દિવ્ય પદાર્થોમાં વ્યાપ્ત, **सुपर्ण** જેનાં ઉત્તમ પાલન અને પૂર્ણ કર્મ છે, **गरुत्मान्** જેના આત્મા અર્થાત્ સ્વરૂપ મહાન્ છે, **मातरिश्वा** જે વાયુ સમાન અનંત બલવાન છે તેથી કરીને તે પરમાત્માનાં દિવ્ય, સુપર્ણ, ગુરૂત્માન અને માતરિશ્વા એ નામ છે. શેષ નામોના અર્થ આગળ લખવામાં આવશે. ૮

भूरसि भूमिरसि० "भवन्ति भूतानि यस्यां सा भूमिः" ॥ જેમાં સર્વ ભૂત પ્રાણી ઉત્પન્ન થાય છે તેથી કરી ઇશ્વરનું નામ "भूमि" છે, શેષ નામોના અર્થ આગળ લખવામાં આવશે. ૯

इन्द्रो मह्ना० આ મંત્રમાં ઇન્દ્ર પરમેશ્વરનુંજ નામ છે તેથી કરી આ પ્રમાણ આપ્યું છે. ૧૦

प्राणाय० જેમ પ્રાણને વશ સર્વ શરીર તથા ઇન્દ્રિઓ હોય છે, તેમ પરમેશ્વરને વશ સર્વ જગત્ રહે છે. ૧૧

ઇત્યાદિ પ્રમાણોના વાસ્તવિક અર્થો જાણવાથી આ નામોથી પરમેશ્વરનુંજ ગ્રહણ થાય છે, કેમકે ओ३म् અને अग्न्यादि નામોના મુખ્ય અર્થથી પરમેશ્વરનુંજ ગ્રહણ થાય છે જેવી રીતે વ્યાકરણ, નિરૂકત, બ્રાહ્મણ અને સૂત્રાદિ, રૂષિ મુનિયોનાં વ્યાખ્યાનોથી પરમેશ્વર અર્થ જ લીધેલો જોવામાં આવે છે તેવીજ રીતે સર્વેએ તેનો તેવો અર્થ કરવો એજ યોગ્ય છે. પરંતુ ओ३म् એ તો કેવલ પરમાત્માનુંજ નામ છે અને અગ્નિ આદિ નામોથી પરમેશ્વરના ગ્રહણમાં પ્રકરણ અને વિશેષણ નિયમ કર્ત્તા છે. એથી શું સિધ્ધ થયું કે જ્યાં જ્યાં સ્તુતિ, પ્રાર્થના, ઉપાસના રૂપે સર્વજ્ઞ, વ્યાપક, શુધ્ધ સનાતન અને સૃષ્ટિકર્ત્તા આદિ વિશેષણ લખ્યાં છે, ત્યાં ત્યાં એ નામોથી પરમેશ્વરનું ગ્રહણ થાય છે અને જ્યાં એવાં પ્રકરણ છે કેઃ—

ततो॑ वि॒राड॑जायत वि॒राजो॒ अधि॒ पूरु॑षः ।
श्रोत्रा॑द्वा॒युश्च॑ प्रा॒णश्च॒ मुखा॑द॒ग्निर॑जायत ।
तेन॑ दे॒वा अय॑जन्त ।
प॒श्चाद्भूमि॒मथो॑ पु॒रः । यजुः० अ० ३१ ॥

तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः । आकाशाद्वायुः । वायोरग्निः । अग्नेरापः । अद्भ्यः पृथिवी । पृथिव्या ओषधयः । ओषधिभ्योऽन्नम् । अन्नाद्रेतः । रेतसः पुरुषः। स वा एष पुरुषोऽन्नरसमयः॥ तैत्तिरीयोपनिषद् ब्रह्मानन्द वल्ली प्रथमानुवाक॥

આવાં પ્રમાણોમાં વિરાટ્ પુરૂષ, દેવ, આકાશ, વાયુ, અગ્નિ, જલ, ભૂમિ આદિ નામ લૌકિક પદાર્થોનાં હોય છે, કેમકે જ્યાં જ્યાં ઉત્પતિ, સ્થિતિ, પ્રલય અલ્પજ્ઞ, જડ, દશ્ય આદિ વિશેષણ પણ લખ્યાં હોય ત્યાં ત્યાં પરમેશ્વરનું ગ્રહણ થતું નથી. તે ઉત્પત્તિ આદિ વ્યવહારોથી પૃથક છે, અને ઉપર જણાવેલા મંત્રોમાં ઉત્પત્તિ આદિ વ્યવહાર છે, એથી અહીં વિરાટ્ આદિ નામોથી પરમાત્માનું ગ્રહણ ન થઇને સંસારી પદાર્થોનું ગ્રહણ થાય છે. કિન્તુ જ્યાં જ્યાં સર્વજ્ઞાદિ, વિશેષણ હોય ત્યાં ત્યાં પરમાત્મા, અને જ્યાં જ્યાં ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન સુખ, દુઃખ અને અલ્પજ્ઞાદિ વિશેષણ હોય ત્યાં ત્યાં જીવનું ગ્રહણ થાય છે, એમ સર્વત્ર સમજવું જોઇએ, કેમકે પરમેશ્વરનું જન્મ મરણ કદી થતું નથી. એથી વિરાટ આદિ નામ અને જન્માદિ વિ-

શેષણોથી જગતના જડ અને જીવાદિ પદાર્થોનું ગ્રહણ કરવું ઉચિત છે, પરમેશ્વરનું નહીં. હવે જે પ્રકારે વિરાટ્ આદિ નામોથી પરમેશ્વરનું ગ્રહણ થાય છે, તે પ્રકાર નીચે લખ્યા પ્રમાણે જાણો.

अथ ओंकारार्थः (वि) उपसर्गपूर्वक (राजृदीप्तौ) આ ધાતુને **(क्विप्)** પ્રત્યય લગાડવાથી **विराट्** શબ્દ સિધ્ધ થાય છે. **यो विविधं नाम चराऽचरम् जगद्राजयति प्रकाशयति स विराट् ॥** વિવિધ અર્થાત્ જે બહુ પ્રકારના જગતને પ્રકાશિત કરે છે, તેથી તે " વિરાટ્ " નામથી પરમેશ્વરનું ગ્રહણ થાય છે. **अञ्चु गतिपूजनयोः ॥ अग, अगि, इण्** ગતિ બનાવનારા ધાતુ છે એનાથી **अग्नि** શબ્દ સિધ્ધ થાય છે. **गतेस्त्रयोऽर्थाः ज्ञानं गमनं प्राप्तिश्चेति । पूजनं नाम सत्कारः "योऽञ्चति अच्यतेऽगत्यङ्गत्येति सोऽयमग्निः॥** જે જ્ઞાનસ્વરૂપ, સર્વજ્ઞ, જાણવા પ્રાપ્ત થવા, અને પૂજા કરવા યોગ્ય છે (તેથી) તે પરમેશ્વરનું નામ અગ્નિ છે.

विश प्रवेशने એ ધાતુથી " વિશ્વ " શબ્દ સિધ્ધ થાય છે. " **विशन्ति प्रविष्टानि सर्वाण्याकाशादीनि भूतानि यस्मिन् यो वाऽऽकाशादिषु सर्वेषु प्रविष्टः सः विश्व ईश्वरः॥** " જેમાં આકાશાદિ સર્વ ભૂત પ્રવેશ કરી રહ્યાં છે, અથવા જે એમાં વ્યાપ્ત હોઇને પ્રવિષ્ટ થઇ રહ્યો છે (તેથી કરીને) તે પરમેશ્વરનું નામ વિશ્વ છે, ઇત્યાદિ નામોનું ગ્રહણ આકાર માત્રથી થાય છે.

"ज्योतिर्वै हिरण्यं तेजो वै हिरण्यमित्यैतरेये शतपथे च ब्राह्मणे ॥"
" यो हिरण्यानां सूर्य्यादीनां तेजसां गर्भ उत्पत्तिनिमित्तमधिकरणं स हिरण्यगर्भः " ॥

જેમાં સૂર્યાદિ તેજવાળા લોક ઉત્પન્ન થઇને જેને આધારે રહે છે, અથવા જે સૂર્યાદિ તેજઃ સ્વરૂપ પદાર્થોનું ગર્ભ અર્થાત્ ઉત્પત્તિ અને નિવાસ સ્થાન છે, (એથી) તે પરમેશ્વરનું નામ ' હિરણ્યગર્ભ ' છે, એમાં યજુર્વેદના મન્ત્રનું પ્રમાણ છે કે,

हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।
स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥

यजु० अ० १३ । मं० ४ ॥

ઇત્યાદિ સ્થલોમાં " હિરણ્યગર્ભ " થી પરમેશ્વરનુંજ ગ્રહણ થાય છે. **वा गतिगन्धनयोः ।** એ ધાતુથી " વાયુ " શબ્દ સિદ્ધ થાય છે. **गंधनं हिंसनम्। " यो वाति चराऽचरञ्जगद्धरति बलिनां बलिष्ठः स वायुः " ॥** જે ચરાચર જગતનો ધારણ, જીવન અને પ્રલય કર્તા અને સર્વ બલવાનોથી પણ બલવાન છે એથી ઇશ્વરનું નામ " વાયુ છે.

तिज निशाने । એ ધાતુથી " તેજઃ " અને એને તદ્ધિત કરવાથી " તૈજસ " શબ્દ સિદ્ધ થાય છે. જે પોતે સ્વયંપ્રકાશ અને સૂર્યાદિ તેજસ્વી લોકોના પ્રકાશ કરવાવાળા

છે. (એથી) તે ઇશ્વરનું નામ " તૈજસ " છે. વિગેરે નામાર્થો ઉકાર માત્રથી ગ્રહણ થાય છે.

ईश ऐश्वर्ये । એ ધાતુથી "ઇશ્વર" શબ્દ સિદ્ધ થાય છે. **य ईष्टे सर्वैश्वर्यवान् वर्त्तते स ईश्वरः** જેનું સત્ય વિચારશીલ જ્ઞાન અને અનન્ત ઐશ્વર્ય છે, (એથી) તે પરમાત્માનું નામ " ઇશ્વર છે. "

दो अवखण्डने। એ ધાતુથી **अदिति** અને એને તદ્ધિત કરવાથી **आदित्य** શબ્દ સિદ્ધ થાય છે. **न विद्यते विनाशो यस्य सोऽयमदिति+अदितिरेव आदित्यः** "॥ જેનો વિનાશ કદી નથી થતો તે ઇશ્વરની " આદિત્ય " સંજ્ઞા છે.

ज्ञा अवबोधने । "**प्र**"– પૂર્વક, એ ધાતુથી **प्रज्ञ** અને એને તદ્ધિત કરવાથી "**प्राज्ञ**" શબ્દ સિદ્ધ થાય છે. "**यः प्रकृष्टतया चराऽचरस्य जगतो व्यवहारं जानाति स प्रज्ञः+प्रज्ञ एव प्राज्ञः** જે નિર્ભ્રાન્ત, જ્ઞાનયુક્ત, સર્વ ચરાચર જગત્‌ના વ્યવહારને યથાવત્ જાણે છે (એથી) તે ઇશ્વરનું નામ " પ્રાજ્ઞ " છે. ઇત્યાદિ નામાર્થ મકારથી સિધ્ધ થાય છે. જેમ એક એક માત્રાથી ત્રણ ત્રણ અર્થ અહીં લીધેલા છે તેમજ અન્ય નામાર્થ પણ ઓંકારથી જાણવામાં આવે છે. જે (**शन्नो मित्रः शं व०**) એ મંત્રમાં **मित्रादि** નામ છે તે પણ પરમેશ્વરનાંજ છે. કેમકે સ્તુતિ, પ્રાર્થના, ઉપાસના શ્રેષ્ઠનીજ કરવામાં આવે છે, શ્રેષ્ટ તેનેજ કહે છે કે જે ગુણ, કર્મ, સ્વભાવ અને સત્ય સત્ય વ્યવહારોમાં સર્વથી અધિક (ઉચ્ચ) હોય. તે શ્રેષ્ઠોમાં પણ જે અત્યંત શ્રેષ્ઠ છે, તેનેજ પરમેશ્વર કહે છે, કે જેની તુલ્ય કોઇ થયો નથી, છે નહિ, અને થનારો નથી. જ્યારે તુલ્ય નહીં ત્યારે તેનાથી અધિક કેમ કરી હોઇ શકે ? જેવી રીતે પરમેશ્વરના સત્ય, ન્યાય, દયા, સર્વસામર્થ્ય અને સર્વજ્ઞત્વ આદિ અનન્ત ગુણ છે, તેવા અન્ય કોઇ જડ પદાર્થ વા જીવના નથી. જે પદાર્થ સત્ય છે, તેના ગુણ, કર્મ સ્વભાવ પણ સત્ય હોય છે. એથી મનુષ્યોને માટે ઉચિત છે કે તેઓએ પરમેશ્વરનીજ સ્તુતિ, પ્રાર્થના, અને ઉપાસના કરવી; તેનાથી ભિન્નની કદી નહી; કેમકે, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ નામક પૂર્વજ મહાશયો વિદ્વાન, દૈત્ય દાનવાદિ નિકૃષ્ટ મનુષ્યો, અને અન્ય સાધારણ મનુષ્યોએ પણ, પરમેશ્વર ઉપરજ વિશ્વાસ રાખીને, તેનીજ સ્તુતિ, પ્રાર્થના, અને ઉપાસના કરી હતી. અન્યની નહિ. આપણે સર્વેએ પણ તેમજ કરવું યોગ્ય છે. એ સંબંધિ વિશેષ વિચાર મુક્તિ અને ઉપાસના વિષયમાં કરવામાં આવશે.

પ્રશ્ન—મિત્રાદિ નામોથી સખા, અને ઇન્દ્રાદિ દેવોના પ્રસિધ્ધ વ્યવહાર જોવાથી તેમનુંજ ગ્રહણ કરવું જોઇએ નહિ વારૂં ?

ઉત્તર—અહીં તેનું ગ્રહણ કરવું યોગ્ય નથી; કેમકે, જે મનુષ્ય કોઇનો મિત્ર છે, તેજ અન્યનો શત્રુ અને કોઇથી ઉદાસીન પણ જોવામાં આવે છે; એથી મુખ્યાર્થમાં સખા આદિનું ગ્રહણ તે થઇ શકતું નથી કિન્તુ જેમ પરમેશ્વર સર્વ જગત્‌નો નિશ્ચિત મિત્ર છે; કોઇનો શત્રુ, કે કોઇથી ઉદાસીન નથી. તેવી રીતે અન્ય કોઇ પણ જીવ, આ પ્રકારનો કદી

થઇ શકતો નથી, એથી અહીં પરમાત્માનુંજ ગ્રહણ થાય છે. હા, ગૌણ અર્થમાં મિત્રાદિ શબ્દથી સુહૃદાદિ મનુષ્યોનું ગ્રહણ થાય છે. **ञिमिदा स्नेहने**—એ ધાતુને ઔણાદિક "**क्त्र**" પ્રત્યય લગાડવાથી "**मित्र**" શબ્દ સિદ્ધ થાય છે. "**मेद्यति स्निह्यति स्निह्यते वा स मित्रः ।**" જે, સર્વ સાથે સ્નેહ કરીને, સર્વને પ્રીતિ કરવા યોગ્ય છે (એથી) તે પરમેશ્વરનું નામ "મિત્ર" છે.

वृञ् वरणे, वर ईप्सायाम्—એ ધાતુઓથી ઉણાદિ **उनन्** પ્રત્યય લગાડવાથી "**वरुण** શબ્દ સિદ્ધ થાય છે. "**यः सर्वान् शिष्टान् मुमुक्षून्धर्मात्मनो वृणोत्यथवा यः शिष्टैर्मुमुक्षुभिर्धर्मात्मभिर्व्रियते वर्य्यते वा स वरुणः परमेश्वरः ॥**

જે, આત્મયોગી, વિદ્વાન, મુક્તિની ઇચ્છા કરવાવાળા, અને ધર્માત્માઓના સ્વીકાર કર્તા, અર્થાત્ જે, શિષ્ટ, મુમુક્ષુ, અને ધર્માત્માઓથી, ગ્રહણ કરવામાં આવે છે, તે ઇશ્વરની "વરૂણ" સંજ્ઞા છે. અથવા "**वरूणो नाम वरः श्रेष्ठः**" પરમેશ્વર સર્વથી શ્રેષ્ટ છે, તેથી ત્હેનું નામ "વરૂણ" છે.

ऋ गतिप्रापणयोः । એ ધાતુને **यत्** પ્રત્યય લગાડવાથી **अर्य्य** શબ્દ સિદ્ધ થાય છે, અને **अर्य्य** પૂર્વક **माङ्माने** એ ધાતુને **कनिन्** પ્રત્યય લગાડ્યાથી **अर्यमा** શબ્દ સિદ્ધ થાય છે.

"**योऽर्यान् स्वामिनो न्यायाधीशान् मिमीते मान्यान् करोति सोऽर्यमा**"

જે સત્ય ન્યાયના કરનારા મનુષ્યોના માન્ય, અને પાપ તથા પુણ્ય કરનારાઓને, ત્હેમના પાપ પુણ્યનાં ફ્લોનો યથાવત્ સત્યસત્ય નિયમન કરનાર છે તેથીજ તે પરમેશ્વરનું નામ "અર્યમા" છે.

इदि परमैश्वर्ये—એ ધાતુને **रन्** પ્રત્યય લગાડવાથી **इन्द्र** શબ્દ સિદ્ધ થાય છે. "**य इन्दति परमैश्वर्यवान् भवति स इन्द्रः परमेश्वरः**" જે, અખિલ ઐશ્વર્યયુક્ત છે, તે પરમાત્માનું નામ "ઇન્દ્ર" છે.

बृहत् શબ્દપૂર્વક **पा रक्षणे** એ ધાતુને **डति** પ્રત્યય લગાડવાથી **बृहत्**ના **त**કારનો લોપ, અને સુડાગમ થયેથી **बृहस्पति** શબ્દ સિદ્ધ થાય છે.

"**यो बृहतामाकाशादीनां पतिः स्वामी पालयिता स बृहस्पतिः ।** જે મ્હોટામાં મ્હોટો, અને આકાશાદિ મ્હોટાં બ્રહ્માણ્ડોનો સ્વામી છે, (તેથી) તે પરમેશ્વરનું નામ "બૃહસ્પતિ" છે.

विष्लृ व्याप्तौ એ ધાતુને "**नु**" પ્રત્યય લગાડ્યાથી **विष्णु** શબ્દ સિદ્ધ થાય છે. "**वेवेष्टि व्याप्नोति चराऽचरं जगत् स विष्णुः**" ચર અને અચરરૂપ જગત્માં વ્યાપક હોવાથી (તે) પરમાત્માનું નામ '**विष्णु**' છે.

उरुर्महान् क्रमः पराक्रमो यस्य स उरुक्रमः । અનન્ત પરાક્રમયુક્ત હોવાથી પર-

માત્માનું નામ **उरुक्रम** છે. જે પરમાત્મા **उरुक्रम** મહત્ પરાક્રમયુક્ત, **मित्रः** સર્વના સ્નેહી છે, તે **शम्** સુખકારક, તે **वरुणः** સર્વોત્તમ, તે **शम्** સુખસ્વરૂપ, તે **अर्यमा** ન્યાયાધીશ, તે **शम्** સુખપ્રચારક, તે **इन्द्रः** સર્વૈશ્વર્યવાન્ **शम्** સકલ ઐશ્વર્યદાયક, તે **बृहस्पतिः** સર્વના અધિષ્ટા, **शम्** વિદ્યાપ્રદ; અને તે **विष्णुः** જે સર્વમાં વ્યાપક પરમેશ્વર છે, તે **नः** અમારા કલ્યાણકારક **भवतु** થાઓ.

वायो ते ब्रह्मणे नमोस्तु--**बृह बृहि वृद्धौ**, એ ધાતુઓથી **ब्रह्म** શબ્દ સિદ્ધ થાય છે. જે સર્વના ઉપર વિરાજમાન, સર્વથી મ્હોટા, અનન્ત બલયુક્ત, પરમાત્મા , તે બ્રહ્મને અમે નમસ્કાર કરીએ છીએ. હે પરમેશ્વર ! **त्वमेव प्रत्यक्षम्ब्रह्मासि**–આપજ અન્તર્યામી રૂપથી પ્રત્યક્ષ બ્રહ્મ છો. **त्वामेव प्रत्यक्षम् ब्रह्म वदिष्यामि** । હું આપનેજ પ્રત્યક્ષ બ્રહ્મ કહીશ, કેમકે આપ સર્વ જગતમાં વ્યાપ્ત રહી સર્વને નિત્યપ્રાપ્ત છો.

ऋतं वदिष्यामि । જે આપની વેદમાં જણાવેલી યથાર્થ આજ્ઞાઓ છે તેનું હું પોતે આચરણ કરી, સર્વને ઉપદેશ કરીશ.

सत्यं वदिष्यामि । હું સત્ય બોલીશ, સત્ય માનીશ અને સત્યજ કરીશ. **तन्मामवतु** । તેથી આપ મ્હારી રક્ષા કરો.

तद्वक्तारमवतु । તેથી આપ મ્હારી સત્યવક્તાની રક્ષા કરો, કે જેથી આપની આજ્ઞામાં મ્હારી બુદ્ધિ સ્થિર રહે, અને વિરૂદ્ધ કદી ન થાય, કેમકે જે આપની આજ્ઞા છે તેજ ધર્મ અને જે તેનાથી વિરૂદ્ધ, તેજ અધર્મ છે. **अवतु मामवतु वक्तारम्** । આ પુનરૂકિત, વિશેષ નિર્ણયાર્થે યોજાયલી છે. જેમ " **कश्चित् कञ्चित् प्रति वदति त्वं ग्रामं गच्छ गच्छ** । " આમાં **गच्छ** બે વાર લખવાથી શીઘ્રજ ગ્રામ જા, એમ સિદ્ધ થાય છે.એમજ અહીં પણ આપ મ્હારી અવશ્ય રક્ષા કરો, અર્થાત્ ધર્મપર સુનિશ્ચિત અને અધર્મપર સદા ઘૃણા કરૂં એવી કૃપા મ્હારાપર કરો; હું આપનો મ્હોટો ઉપકાર માનીશ.

ओ३म् शान्तिः शान्तिः शान्तिः । એમાં ત્રણ વાર શાન્તિપાઠનું એ પ્રયોજન છે કે, ત્રિવિધ તાપ અર્થાત્ આ સંસારમાં ત્રણ પ્રકારનાં દુઃખ છે. એક " આધ્યાત્મિક " જે દુઃખ આત્મા શરીરમાં, અવિદ્યા, રાગ, દ્વેષ, મૂર્ખતા અને જ્વર પીડાદિથી થાય છે તે; બીજું, " આધિભૌતિક " જે શત્રુ, વ્યાઘ્ર અને સર્પાદિથી પ્રાપ્ત થાય છે તે; ત્રીજું " આધિદૈવિક " જે અતિવૃષ્ટિ, અતિશીત; અતિઉષ્ણતા તથા મન અને ઇન્દ્રિયોની અશાન્તિથી થાય છે તે; આ ત્રણે પ્રકારના કલેશોથી આપ અમ લોકોને દૂર કરીને, કલ્યાણકારક કર્મોમાં અમને સદા પ્રવૃત્ત રાખો; કેમકે આપજ કલ્યાણ સ્વરૂપ, સર્વ સંસારના કલ્યાણ કર્ત્તા, અને ધાર્મિક મુમુક્ષોઓના કલ્યાણદાતા છો; એથી આપ સ્વયં, પોતાની કરૂણાથી, સર્વ જીવોના હૃદયમાં પ્રકાશિત થાઓ, કે જેથી, સર્વ જીવ ધર્માચરણ કરીને, અને અધર્મને છોડીને, પરમાનન્દને પ્રાપ્ત થાય; અને દુઃખોથી મુક્ત રહે.

" **सूर्य्य आत्मा जगतस्तस्थुषश्च** । " આ યજુર્વેદના મંત્રથી, જે જગત્ અર્થાત્ જે પ્રાણી, ચેતન અને જંગમ એટલે જે ફરે હરે છે, **तस्थुषः** અપ્રાણી અર્થાત્

સ્થાવર, જડ પૃથિવી, આદિ છે, તે સર્વના આત્મા હોવાથી અને સ્વપ્રકાશરૂપ અર્થાત્ સર્વને પ્રકાશ કરવાથી પરમેશ્વરનું નામ " સૂર્ય " છે. **अत सातत्यगमने ।** એ ધાતુથી, **आत्मा** શબ્દ સિધ્ધ થાય છે. " **योऽतति व्याप्नोति स आत्मा** જે સર્વ જીવાદિ જગત્માં નિરંતર વ્યાપક થઇને રહ્યા છે.

"**परश्चासावात्मा च य आत्मभ्यो जीवेभ्यः सूक्ष्मेभ्यः परोऽतिसूक्ष्मः स परमात्मा** જે સર્વ જીવાદિથી ઉત્કૃષ્ટ અને જીવ, પ્રકૃતિ તથા આકાશથી પણ અતિ સૂક્ષ્મ, તથા સર્વ જીવોના આત્મા છે; તે ઇશ્વરનું નામ " પરમાત્મા " છે.

સામર્થ્યવાળાનું નામ " ઇશ્વર " છે. " **य ईश्वरेषु समर्थेषु परमः श्रेष्ठः स परमेश्वरः** " જે ઇશ્વરોના ઇશ્વર અર્થાત્ સમર્થોમાં સમર્થ, અને જેના તુલ્ય કોઇ પણ નથી, (તેથી) તેનું નામ " પરમેશ્વર " છે.

" **षुञ् अभिषवे, षूङ् प्राणिगर्भविमोचने ।** " એ ધાતુઓથી **सविता** શબ્દ સિધ્ધ થાય છે. " **अभिषवः प्राणिगर्भविमोचनं चोत्पादनम् ।** " " **यश्चराचरं जगत् सुनोति सूते वोत्पादयति स सविता परमेश्वरः ॥** " જે સર્વ જગતની ઉત્પત્તિ કર્તા છે, તેથી પરમેશ્વરનું નામ ' **सविता** ' છે.

दिवु क्रीडाविजिगीषाव्यवहारद्युतिस्तुतिमोदमदस्वप्नकान्तिगतिषु ॥ એ ધાતુથી **देव** શબ્દ સિદ્ધ થાય છે. **क्रीडा**–જે શુધ્ધ જગતને ક્રીડા કરાવવાની, **विजिगीषा**–ધાર્મિકોને જીતાવવાની ઇચ્છાયુકત, **व्यवहार**–સર્વ ચેષ્ટાનાં સાધનોપસાધનોના દાતા, **द्युति**–સ્વયં પ્રકાશસ્વરૂપ–સર્વના પ્રકાશક, **स्तुति**–પ્રશંસાને યોગ્ય, **मोद**–આપ આનંદસ્વરૂપ અને બીજાને આનન્દ આપનારા, **मद**–મદોન્મતોને તાડન કરનારા, **स्वप्न**–સર્વના શયનાર્થે રાત્રિ અને પ્રલયના કરનારા, **कान्ति**–કામનાને યોગ્ય, અને **गति**–જ્ઞાનંસ્વરૂપ છે, એથી તે પરમેશ્વરનું નામ " દેવ " છે; અથવાઃ—" **यो दीव्यति क्रीडति स देवः ।** " જે પોતાના સ્વરૂપમાં આનન્દથી પોતેજ ક્રીડા કરે, અથવા કોઇની સહાયતા વિના, ક્રીડાવત્ સહજ સ્વભાવથી સર્વ જગતને બનાવે છે, વા સર્વ ક્રીડાઓના આધાર રૂપ છે. " **विजिगीषते स देवः** " જે સર્વને જીતનારા, સ્વયં અજેય અર્થાત જેને કોઇ પણ જીતી શકે નહીં; " **व्यवहारयति स देवः ।** " જે ન્યાય અને અન્યાયરૂપ વ્યવહારોના જાણનારા અને ઉપદેષ્ટા, " **यश्चराचरं जगत् द्योतयति** " । " જે સર્વના પ્રકાશક, **यः स्तूयते स देवः** જે સર્વમનુષ્યોને પ્રશંસા કરવા યોગ્ય અને નિન્દાને પાત્ર ન હોય, " **यो मोदयति स देवः** " જે સ્વયં આનન્દ-સ્વરૂપ અને બીજાને આનન્દ કરાવે છે, જેને લેશ પણ દુઃખ ન હોય. " **यो माद्यति स देवः** " । જે સદા હર્ષિત, શોકરહિત અને બીજાને હર્ષિત કરવા અને દુઃખોથી પૃથક્ રાખવાવાળા " **यः स्वापयति स देवः** જે પ્રલય સમયે અવ્યકતમાં સર્વ જીવોને સુવાડે છે, " **यः कामयते काम्यते वा स देवः** " । જેનાં સર્વ સત્ય કામ, અને જેની પ્રાપ્તિની કામના, સર્વ શિષ્ટ પુરૂષો કરે છે. તથા " **यो गच्छति गम्यते वा स देवः** " । જે સર્વમાં વ્યાપ્ત અને જાણવા યોગ્ય છે (એથી) તે પરમેશ્વરનું નામ " દેવ " છે.

कुवि आच्छादने । એ ધાતુથી **कुबेर** શબ્દ સિદ્ધ થાય છે. " **यः सर्वं कुवति स्वव्याप्त्याच्छादयति स कुबेरो जगदीश्वरः ।** " જે પોતાની વ્યાપ્તિથી સર્વનું આચ્છાદન કરે છે, (તેથી) તે પરમેશ્વરનું નામ " કુબેર " છે.

प्रथ विस्तारे એ ધાતુથી **पृथिवी** શબ્દ સિદ્ધ થાય છે. " **यः पृथते सर्वं जगद्विस्तृणाति स पृथिवी** " । જે સર્વ વિસ્તૃત જગતનો વિસ્તાર કરનારો છે, (એથી) તે પરમેશ્વરનું નામ " પૃથ્વી " છે.

जल घातने–એ ધાતુથી **जल** શબ્દ સિદ્ધ થાય છે. " **जलति घातयति दुष्टान्, संघातयति-अव्यक्तपरमाण्वादीन् तद् ब्रह्म जलम्** " । જે દુષ્ટોનું તાડન અને અવ્યક્ત તથા પરમાણુંઓના અન્યોન્ય સંયોગ વિયોગનો કર્તા છે, તે પરમાત્માને " જલ " ની સંજ્ઞા આપવામાં આવે છે.

काशृ दीप्तौ–એ ધાતુથી આકાશ શબ્દ સિદ્ધ થાય છે. " **यः सर्वतः सर्वं जगत्प्रकाशयति स आकाशः** " । જે સર્વ દિશામાં જગતના પ્રકાશક છે, (એથી) તે પરમાત્માનું નામ " આકાશ " છે.

अद् भक्षणे—એ ધાતુથી " **अन्न** " શબ્દ સિધ્ધ થાય છે.

" **अद्यतेऽत्ति च भूतानि तस्मादन्नं तदुच्यते** " ॥ १ ॥

" **अहमन्नमहमन्नमहमन्नम् । अहमन्नादोहमन्नादोहमन्नादः** " ॥ २ ॥
तैत्ति० उपनि० अनु० २। १०॥

" **अत्ताचराऽचरग्रहणात्** " **वेदान्तदर्शने अ० १ पा० २ सू० ९**

જે સર્વને પોતાની અંદર રાખવાવાળા, સર્વને ગ્રહણ કરવા યોગ્ય, અને ચરાચર જગતના ધારણ કરવાવાળા છે, (તેથી) તે પરમેશ્વરનાં " **अन्न, अन्नाद** અને **अत्ता** " એ નામ છે. એમાં જે ત્રણ વાર પાઠ છે, તે આદરને માટે છે. જેમ ગૂલરનાં ફૂલમાં કૃમિ ઉત્પન્ન થઇને, તેમાંજ રહે છે અને નષ્ટ થઇ જાય છે, તેવીજ રીતે પરમેશ્વરની વચમાં (અંદર) સર્વ જગતની અવસ્થા છે.

वस निवासे–એ ધાતુથી " **वसु** " શબ્દ સિધ્ધ થાય છે. " **वसन्ति भूतानि यस्मिन्नथवा यः सर्वेषु वसति स वसुरीश्वरः** " જેમાં સર્વ આકાશાદિ ભૂત વસે છે, અને જે સર્વમાં વાસ કરી રહ્યો છે, (તેથી) તે પરમેશ્વરનું નામ " **वसु** " છે.

रुदिर् अश्रुविमोचने–એ ધાતુને " **णिच्** " પ્રત્યય લગાડવાથી " **रुद्र** " શબ્દ સિધ્ધ થાય છે. " **यो रोदयत्यन्यायकारिणो जनान् स रुद्रः** " । જે દુષ્ટકર્મ કરનારાને રડાવે છે તે પરમેશ્વરનું નામ " રુદ્ર " છે—" **यन्मनसा ध्यायति तद्वाचा वदति यद्वाचा वदति तत्कर्मणा करोति यत्कर्मणा करोति तदभिसंपद्यते** " ॥

આ યજુર્વેદના બ્રાહ્મણનું વચન છે. જીવ મનથી જે ચિંતવન કરે છે, તે વાણીથી બોલે છે, જે વાણીથી બોલે છે, તે કર્મથી કરે છે, અને જેવું કર્મ કરે છે, તેવું ત્હેને પ્રાપ્ત

થાય છે. એથી શું સિદ્ધ થયું ? કે જે જીવ જેવું કર્મ કરે છે, તેવુંજ ફલ તે પામે છે. જ્યારે દુષ્ટકર્મ કરનાર જીવ ઇશ્વરની ન્યાયરૂપી વ્યવસ્થાથી દુઃખરૂપ ફલને પામે છે, ત્યારે તે રડે છે, અને એજ પ્રકારે ઇશ્વર તેને રડાવે છે, તેથી પરમેશ્વરનું નામ " રુદ્ર " છે—

" आपो नारा इति प्रोक्ता आपो वै नरसूनवः ।
ता यदस्यायनं पूर्वं तेन नारायणः स्मृतः ॥ " मनु० अ० १ श्लो १०

જલ અને જીવોનાં નામ "નારા" છે, તે જેનું અયન અર્થાત્ નિવાસસ્થાન છે, એથી (તે) સર્વ જીવોમાં વ્યાપક પરમાત્માનું નામ " નારાયણ " છે.

चदि आल्हादे–એ ધાતુથી " ચંદ્ર " શબ્દ સિદ્ધ થાય છે. " **यश्चन्दति चन्दयति वा स चन्द्रः** " । જે આનન્દસ્વરૂપ અને સર્વને આનન્દ આપવાવાળો છે, (તેથી) તે ઇશ્વનું નામ " ચન્દ્ર " છે.

मगि गत्यर्थक ધાતુથી " **मंगेरलच्** " એ સૂત્રે કરીને " મંગલ " શબ્દ સિદ્ધ થાય છે. " **यो मङ्गति मङ्गयति वा स मङ्गलः** "

જે પોતે મંગળ સ્વરૂપ અને સર્વ જીવોનાં મંગળનું કારણ છે, (તેથી) તે પરમેશ્વરનું નામ " મંગલ " છે.

बुध अवगमने–એ ધાતુથી " બુધ " શબ્દ સિદ્ધ થાય. છે. " **यो बुध्यते बोधयति वा स बुधः** "॥ જે સ્વયં બોધસ્વરૂપ અને સર્વ જીવોના બોધનું કારણ છે, તેથી પરમેશ્વરનું નામ " બુધ " છે.

बृहस्पति ।—એ શબ્દનો અર્થ આગળ કહી ચુકયા છીએ. (જુઓ પૃષ્ઠ ૮).

ईशुचिर पूती भावे । એ ધાતુથી શુક્ર શબ્દ સિદ્ધ થયો છે. " **यः शुच्यति शोचयति वा स शुक्रः** " જે અત્યંત પવિત્ર અને જેના સંગથી જીવ પણ પવિત્ર થઇ જાય છે, તેથી ઇશ્વરનું નામ " શુક્ર " છે.

चर गतिभक्षणयोः । એ ધાતુને " **शनैस्** " અવ્યય ઉપપદ હોવાથી ' **शनैश्चर** ' શબ્દ સિદ્ધ થયો છે. " **यः शनैश्चरति स शनैश्चरः** " જે સર્વમાં સહજથી પ્રાપ્ત, ધૈર્યવાન્ છે, (તેથી) તે પરમેશ્વરનું નામ " શનૈશ્ચર " છે.

रह त्यागे । એ ધાતુથી " **राहु** " શબ્દ સિદ્ધ થાય છે. **यो रहति परित्यजति दुष्टान् राहयति त्याजयति वा स राहुरीश्वरः** " ॥ જે એકાન્ત સ્વરૂપ, જેના સ્વરૂપમાં બીજો પદાર્થ સંયુક્ત નથી, જે દુષ્ટોને છોડનાર, અને અન્યનો છોડાવનાર છે, (તેથી) તે પરમેશ્વરનું નામ " રાહુ " છે.

कित निवासे रोगापनयने च ॥ એ ધાતુથી કેતુ શબ્દ સિદ્ધ થાય છે. " **यः केतयति चिकित्सति वा स केतुरीश्वरः** ॥ જે સર્વ જગતનું નિવાસ સ્થાન, સર્વરોગોથી રહિત, અને મુમુક્ષુઓને મુક્તિના સમયમાં સર્વ રોગોથી છોડાવે છે, (તેથી) તે પરમાત્માનું નામ " કેતુ " છે.

यज देवपूजासंगतिकरणदानेषु ॥ એ ધાતુથી " યજ્ઞ " શબ્દ સિદ્ધ થાય છે. **यज्ञो वै विष्णुः ॥** એ બ્રાહ્મણ ગ્રંથનું વચન છે. **यो यजति विद्वद्भिरिज्यते वा स यज्ञः॥** જે સર્વ જગતના પદાર્થોના સંયુક્ત કર્તા, અને સર્વ વિદ્વાનોના પૂજ્ય છે, અને બ્રહ્માથી લેઇ સર્વ ઋષિમુનિયોના પૂજ્ય હતા, છે અને રહેશે, (તેથી) તે પરમાત્માનું નામ " યજ્ઞ " છે, કેમકે તે સર્વત્ર વ્યાપક છે.

हुदानादनयोः, आदाने चेत्येके ॥ એ ધાતુથી " હોતા " શબ્દ સિદ્ધ થયો છે. **यो जुहोति स होता ॥** જે જીવોને દેવા યોગ્ય પદાર્થોના દાતા, અને ગ્રહણ કરવા યોગ્યના ગ્રાહક છે, (એથી) તે ઇશ્વરનું નામ " હોતા " છે.

बन्ध बन्धने ॥ એથી " બન્ધુ " શબ્દ સિદ્ધ થાય છે. " **यः स्वस्मिन् चराचरं जगद् बध्नाति बन्धुवद्धर्मात्मनां सुखाय सहायो वा वर्त्तते स बन्धुः** " ॥ જેણે પોતામાં સર્વ લોક લોકાન્તરોને નિયમોથી બધ્ધ કરી રાખ્યા છે, અને જે સહોદર સમાન સહાયક છે, જેથી તે પોત પોતાની પરિધિ વા નિયમનું ઉલ્લન્ઘન કરી શકતા નથી; જેમ ભ્રાતા પોતાના ભાઇયોના સહાયકારી હોય છે, તેમ પરમેશ્વર પણ પૃથિવ્યાદિ લોકોનું ધારણ કરવાથી, અને સુખ આપવાથી, " બન્ધુ " કહેવાય છે.

पा रक्षणे । એ ધાતુથી " પિતા " શબ્દ સિદ્ધ થાય છે. " **यः पाति सर्वान् स पिता** " ॥ જે સર્વનો રક્ષક, જેમ પિતા પોતાના સન્તાનો પર હમેશાં કૃપાલુ રહીને તેમની ઉન્નતિ ઇચ્છે છે, તેમજ પરમેશ્વર સર્વ જીવોની ઉન્નતિ ઇચ્છે છે, તેથી તેહેનું નામ "પિતા"છે.

" **यः पितृणां पिता स पितामहः** " । જે પિતાઓનો પણ પિતા છે, (તેથી) તે પરમેશ્વરનું નામ " પિતામહ " છે. **यः पितामहानां पिता स प्रपितामहः ॥** જે પિતાઓના પિતરોના પિતા છે, (એથી) તે પરમેશ્વરનું નામ " પ્રપિતામહ " છે.

" **यो मिमीते मानयति सर्वाञ्जीवान् स माता** " ॥ જેમ પૂર્ણકૃપાયુક્ત માતા પોતાના સન્તાનોનું સુખ અને ઉન્નતિને ચાહે છે, તેમ પરમેશ્વર પણ સર્વ જીવોની ઉન્નતિ ચાહે છે, તેથી તે પરમેશ્વરનું નામ " માતા " છે.

चर गति भक्षणयोः । आङ्पूर्वक એ ધાતુથી " આચાર્ય " શબ્દ સિદ્ધ થાય છે. " **य आचारं ग्राहयति सर्वा विद्या वा बोधयति स आचार्य्य ईश्वरः** " ॥ જે સત્ય આચારનું ગ્રહણ કરનાર છે, અને સર્વ વિદ્યાઓની પ્રાપ્તિના હેતુ હોઇને, સર્વ વિદ્યા પ્રાપ્ત કરાવે છે, (એથી) તે પરમેશ્વરનું નામ " આચાર્ય " છે.

गृ शब्दे । એ ધાતુથી " ગુરૂ " શબ્દ બને છે.

" **यो धर्म्यान् शब्दान् गृणात्युपदिशति स गुरुः** "

स पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात् ॥ योगसू० समाधि पादे सू० २६ ॥

જે સત્યધર્મપ્રતિપાદક, સકલ વિદ્યાયુક્ત વેદોના ઉપદેશ કર્તા, સૃષ્ટિની આદિમાં અગ્નિ, વાયુ, આદિત્ય, અંગિરા, અને બ્રહ્માદિ ગુરૂઓના પણ ગુરૂ, અને જેનો નાશ કદી થતો નથી. (એથી) તે પરમેશ્વરનું નામ "ગુરૂ" છે.

" अज गतिक्षेपणयोः ।, जनी प्रादुर्भावे । " એ ધાતુઓથી " અજ " શબ્દ બને છે.

" योऽजति सृष्टिं प्रति सर्वान् प्रकृत्यादीन् पदार्थान् प्रक्षिपति जानाति वा कदाचिन्न जायते सोऽजः " જે સર્વ પ્રકૃતિનાં અવયવ, આકાશાદિ ભૂત પરમાણુઓને, યથાયોગ્ય મેળવે છે, શરીર સાથે જીવોનો સંબંધ કરી જન્મ આપે છે, અને સ્વયં કદી જન્મ નથી લેતો, (એથી) તે ઇશ્વરનું નામ " અજ " છે.

बृहि बृद्धौ । એ ધાતુથી બ્રહ્મા શબ્દ સિદ્ધ થાય છે. **"योऽखिलं जगन्निर्माणेन बृंहति वर्द्धयति स ब्रह्मा ॥ "** જે સંપૂર્ણ જગત્‌ને રચીને વધારે છે, (તેથી)તે પરમેશ્વરનુ નામ " બ્રહ્મા " છે.

" सत्यं ज्ञानमनन्तं ब्रह्म । " तैत्ति० उ० नि०

" सन्तीति सन्तस्तेषु सत्सु साधु तत्सत्यम् । यज्जानाति चराऽचरं जगत्तज्ज्ञानम् । न विद्यतेऽन्तोऽवधिर्मर्यादा यस्य तदनन्तम् । सर्वेभ्यो बृहत्त्वाद् ब्रह्म "

જે પદાર્થ હસ્તી ધરાવે છે તેને " સત્ " કહે છે, તેમાં સાધુ હોવાથી પરમેશ્વરનું નામ " સત્ય " છે. જે ચરાચર જગતને જાણવાવાળો છે, (એથી) પરમેશ્વરનું નામ " જ્ઞાન " છે. જેનો અન્ત અવધિ, મર્યાદા અર્થાત્ આટલો લાંબો, પહોળો, ન્હાનો, મ્હોટો છે, એવું પરિમાણ નથી, એથી તે પરમેશ્વરનું નામ " અનન્ત " છે.

डुदाञ् दान । आङ्पूर्वक । એ ધાતુથી " આદિ " શબ્દ અને **नञ्पूर्वक** " અનાદિ " શબ્દ સિદ્ધ થાય છે. **" यस्मात् पूर्वं नास्ति परं चास्ति स आदिरित्युच्यते, न विद्यते आदिः कारणं यस्य सोऽनादिरीश्वरः ॥ "**

જેની પૂર્વ કંઇ ન હોય, અને પછી હોય, તેને " આદિ " કહે છે. જેનું આદિ કારણ કોઇ પણ નથી, એથી પરમેશ્વરનું નામ " અનાદિ " છે.

टुनदि समृद्धौ । आङ्पूर्वक । એ ધાતુથી " આનન્દ " શબ્દ બને છે. **" आनंदन्ति सर्वे मुक्ता यस्मिन् यद्वा यः सर्वान् जिवानानन्दयति स आनंदः "**

જે આનંદસ્વરૂપ, જેમાં સર્વ મુક્ત જીવો આનન્દને પ્રાપ્ત થાય છે અને જે સર્વ ધર્માત્મા જીવોને આનન્દયુક્ત કરે છે, (એથી) તે ઇશ્વરનું નામ " આનન્દ " છે.

अस् भुवि । એ ધાતુથી " સત્ " શબ્દ સિદ્ધ થાય છે. **" यदस्ति त्रिषुकालेषु न बाध्यते तत्सद् ब्रह्म** જે સદા હાજર, અર્થાત્ ભૂત, ભવિષ્યત, વર્ત્તમાન કાલમાં જેને બાધ નથી, તે પરમેશ્વરને " સત્ " કહે છે.

चिती संज्ञाने । એ ધાતુથી " ચિત્ " શબ્દ સિદ્ધ થાય છે. **" यश्चेतति चेतयति संज्ञापयति सर्वान् सज्जनान् योगिनस्तच्चित्परं ब्रह्म ॥ "** જે ચેતન સ્વરૂપ, સર્વ જીવોને ચેતાવવાવાળા અને સત્યાસત્ય, જણાવવાવાળા છે. (એથી) તે પરમાત્માનું નામ " ચિત્ " છે. એ ત્રણે શબ્દો વિશેષણ હોવાથી પરમેશ્વરને " સચ્ચિદાનન્દસ્વરૂપ " કહે છે.

" यो नित्यध्रुवोऽचलोऽविनाशी स नित्यः ।" જે નિશ્ચલ અવિનાશી છે તે " નિત્ય " શબ્દવાચ્ય ઈશ્વર છે.

शुंध शुद्धौ—એથી " શુદ્ધ " શબ્દ સિદ્ધ થાય છે. " यः शुन्धति सर्वान् शोधयति वा स शुद्ध ईश्वरः ।"

જે સ્વયં પવિત્ર, સર્વ અશુદ્ધિયોથી પૃથક્, અને સર્વને શુદ્ધ કરવાવાળા છે; (તેથી) તે ઇશ્વરનું નામ " શુદ્ધ " છે.

बुध अवगमने । એ ધાતુને "क्त" પ્રત્યય લગાડવાથી "બુદ્ધ" શબ્દ સિદ્ધ થાય છે.

" यो बुद्धवान् सदैव ज्ञाताऽस्ति स बुद्धो जगदीश्वरः " જે સદા સર્વને જાણવાવાળો છે (એથી) તે ઇશ્વરનું નામ " બુદ્ધ " છે.

मुच्लृ मोचने । એ ધાતુથી " મુક્ત " શબ્દ સિદ્ધ થાય છે.

" यो मुञ्चति मोचयति वा मुमुक्षून् स मुक्तो जगदीश्वरः " । જે અશુધ્ધિઓથી સર્વદા અલગ (રહેછે) અને સર્વ મુમુક્ષુઓને ક્લેશથી છોડવી દે છે, તેથી પરમાત્માનું નામ " મુક્ત " છે. " अत एव नित्यशुद्धबुद्धमुक्तस्वभावो जगदीश्वरः " ॥ એજ કારણથી પરમેશ્વર "નિત્ય શુધ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવવાળો" ગણાય છે.

निर અને आङ्पूर्वक (डुकृञ् करणे) એ ધાતુથી " નિરા ર" શબ્દ સિદ્ધ થાય છે, " निर्गत आकारात्स निराकारः "। જેનો કોઇ પણ આકાર નથી, ને જે કદી શરીર ધારણ કરતો નથી એથી તે પરમેશ્વરનું નામ " નિરાકાર " છે.

" अञ्जू व्यक्तिम्रक्षणकान्तिगतिषु "। એ ધાતુથી " અંજન " શબ્દ, અને "નિર" ઉપસર્ગના યોગથી " નિરંજન " શબ્દ સિદ્ધ થાય છે. " अञ्जनं व्यक्तिम्रक्षणं कुकामइन्द्रियैः प्राप्तिश्चेत्यस्माद्यो निर्गतः पृथग्भूतः स निरञ्जनः ।" જે વ્યક્તિ અર્થાત્ આકૃતિ, મ્લેચ્છાચાર, દુષ્ટ કામના અને ચક્ષુરાદિ ઇન્દ્રિયોના વિષયોના માર્ગથી પૃથક્ છે, (તેથી) ઇશ્વરનું નામ " નિરંજન " છે.

गण संख्याने । એ ધાતુથી " ગણ " શબ્દ સિધ્ધ થાય છે. અને એની પાછળ " ઇશ " કે " પતિ" શબ્દ રાખવાથી " ગણેશ " અથવા " ગણપતિ " શબ્દ સિધ્ધ થાય છે.

" ये प्रकृत्यादयो जडा जीवाश्च गण्यन्ते संख्यायन्ते तेषामीशः स्वामी पतिः पालको वा "। જે, પ્રકૃત્યાદિ પ્રખ્યાત જડ પદાર્થોના અને સર્વ જીવોના સ્વામી અથવા પાલન કરવાવાળા છે, (તેથી) તે ઇશ્વરનું નામ " ગણેશ " કે " ગણપતિ " છે.

" यो विश्वमीष्टे स विश्वेश्वरः ।" જે, સંસારના અધિષ્ઠાતા છે, (તેથી) તે પરમેશ્વરનું નામ " વિશ્વેશ્વર " છે.

" यः कूटेऽनेकविधव्यवहारे स्वस्वरूपेणैव तिष्ठति स कूटस्थः परमेश्वरः " । જે, સર્વ વ્યવહારોમાં વ્યાપ્ત, અને સર્વ વ્યવહારોના આધાર હોવા છતાં પણ, કોઇ વ્યવહારમાં પોતાના સ્વરૂપને બદલતા નથી, એટલામાટે તે પરમેશ્વરનું નામ " કૂટસ્થ " છે.

જેટલા "દેવ" શબ્દના અર્થ લખ્યા છે, તેટલાજ "દેવી" શબ્દના પણ છે. પરમેશ્વરનાં નામ ત્રણે લિંગોમાં છે. જેમ–"ब्रह्म चितिरीश्वरश्चेति"। જ્યારે ઇશ્વરનું વિશેષણ હશે ત્યારે "દેવ", જ્યારે ચિતિનું હશે ત્યારે "દેવી", એથી ઇશ્વરનું નામ "દેવી" છે. **शक्लृ शक्तौ**। એ ધાતુથી "શક્તિ" શબ્દ બને છે. "**यः सर्वं जगत् कर्तुं शक्नोति स शक्तिः**" જે સર્વ જગત્‌ને બનાવવામાં સમર્થ છે, (તેથી) તે પરમેશ્વરનું નામ "શક્તિ" છે.

श्रिञ् सेवायाम्। એ ધાતુથી "શ્રી" શબ્દ સિદ્ધ થાય છે. "**यः श्रीयते सेव्यते सर्वेण जगता विद्वद्भिर्योगिभिश्च स श्रीरीश्वरः**। જેનું સેવન, સર્વ જગત, વિદ્વાન અને યોગીજન કરે છે, (તેથી) તે પરમાત્માનું નામ "શ્રી" છે. **लक्ष दर्शनाङ्कनयोः**। એ ધાતુથી "લક્ષ્મી" શબ્દ સિદ્ધ થાય છે. "**यो लक्षयति पश्यत्यङ्कते चिह्नयति चराचरं जगदथवा वेदैराप्तैर्योगिभिश्च यो लक्ष्यते स लक्ष्मीः सर्वप्रियेश्वरः**" જે સર્વ ચરાચર જગત્‌ને દેખે છે, તેને ચિન્હિત અર્થાત્ દશ્ય બનાવે છે, જેમકે શરીરનાં નેત્ર, નાસિકાદિ; વૃક્ષનાં પત્ર, પુષ્પ, ફલ, મૂલ; પૃથિવી જળનાં કૃષ્ણ, રક્ત, શ્વેતરંગ, મૃતિકા, પાષાણ; ઘુલોકના ચંદ્ર, સૂર્યાદિ ચિન્હ બનાવે છે,–અને સર્વને જોય છે; જે સર્વ શોભાઓની શોભા છે, અને જે વેદાદિ શાસ્ત્ર, વા ધાર્મિક વિદ્વાન યોગિયોના લક્ષ્ય અર્થાત્ ધ્યાન કરવા યોગ્ય છે, (એથી) તે પરશ્વરનું નામ "લક્ષ્મી" છે.

सृ गतौ એ ધાતુને "**सरस्**" તેને **मतुप्** "**ङीप्**" પ્રત્યય લગાડવાથી "સરસ્વતી" શબ્દ સિદ્ધ થાય છે. "**सरो विविधं ज्ञानं विद्यते यस्यां चितौ सा सरस्वती**।"

જેને વિવિધ વિજ્ઞાન અર્થાત્ શબ્દ, અર્થ, સંબન્ધ, પ્રયોગનું યથાવત્ જ્ઞાન છે, (એથી) તે પરમેશ્વરનું નામ "સરસ્વતી" છે.

"**सर्वाः शक्तयो विद्यन्ते यस्मिन् स सर्वशक्तिमानीश्वरः**" જે પોતાનું કાર્ય કરવામાં કોઇ અન્યની સહાયતાની ઇચ્છા નથી કરતો, પોતાનાજ સામર્થ્યથી પોતાનું સર્વકામ પૂરૂં કરે છે, (એથી) તે પરમાત્માનું નામ "સર્વશક્તિમાન" છે.

णीञ् प्रापणे। એ ધાતુથી "ન્યાય" શબ્દ સિદ્ધ થાય છે. "**प्रमाणैरर्थपरीक्षणंन्यायः**" એ વચન ન્યાય સૂત્રોપર વાત્સ્યાયનમુનિકૃત ભાષ્યનું છે. "**पक्षपातराहित्याचरणं न्यायः**"। જે, પ્રત્યક્ષાદિ પ્રમાણોની પરીક્ષાથી ખરેખરૂં માલૂમ પડે છે, તથા પક્ષપાત રહિત, ધર્મરૂપ આચરણ છે, તે "ન્યાય" કહેવાય છે.

"**न्यायं कर्तुं शीलमस्य स न्यायकारीश्वरः**" જેનો ન્યાય અર્થાત્ પક્ષપાત રહિત ધર્મ કરવાનોજ સ્વભાવ છે, (એથી) તે ઇશ્વરનું નામ "ન્યાયકારી" છે.

"**दय दानगतिरक्षणहिंसादानेषु**" એ ધાતુથી "દયા" શબ્દ સિદ્ધ થાય છે. "**दयते ददाति जानाति गच्छति रक्षति हिनस्ति यया सा दया। बह्वी दया विद्यते यस्य स दयालुः परमेश्वरः॥**" જે અભયના દાતા, સત્યાસત્ય સર્વ વિદ્યાઓને જાણવા-

વાલા, સર્વ સજ્જનોની રક્ષા કરવાવાલા, અને દુષ્ટોને યથાયોગ્ય દંડ આપનારાવાલા છે, (તેથી) તે પરમાત્માનું નામ " દયાળુ " છે.

" द्वयोर्भावो द्विता द्वाभ्यामितं द्वीतं वा सैव तदेव वा द्वैतम् । नविद्यते द्वैतं द्वितीयेश्वरभावो यस्मिँस्तदद्वैतम् । अर्थात् सजातीयविजातीयस्वगतभेद-शून्यं ब्रह्म "

બેનું હોવું, વા બન્નેથી યુક્ત હોવું, તે " દ્વિતા " " દ્વીત " અથવા " દ્વૈત; " એથી જે રહિત છે તે, **સજાતીય** (જેમ મનુષ્યનું સજાતીય બીજું મનુષ્ય હોય છે), **વિજાતીય,** (જેમ મનુષ્યથી ભિન્ન જાતિ વાલા વૃક્ષ, પાષાણાદિ છે.) **સ્વગત** (અર્થાત્ શરીરમાં જેમ આંખ, નાક, કાન આદિ અવયવોના ભેદ છે, તેમ બીજા સ્વજાતીય ઇશ્વર, વિજાતીય ઇશ્વર, પોતાના આત્મામાં તત્વાન્તર વસ્તુઓથી રહિત) ભેદોથી રહિત એક પરમેશ્વર છે; એથી તે પરમાત્માનું નામ " અદ્વૈત " છે.

" गण्यन्ते ये ते गुणा वा यैर्गणयन्ति ते गुणाः यो गुणेभ्यो निर्गतः स निर्गुण ईश्वरः ।

સત્વ, રજસ, તમ, રૂપ, રસ, સ્પર્શ ગન્ધાદિ જેટલા જડના ગુણ છે તેથી, તથા અવિદ્યા, અલ્પજ્ઞતા, રાગ, દ્વેષ, કલેશ અને અવિદ્યાદિ જીવના ગુણ છે, એનાથી જે પૃથક્ છે, જે વિષયમાં, " **अशब्दमस्पर्शमरूपमव्ययम्** " ॥ ઇત્યાદિ ઉપનિષદોનાં પ્રમાણ છે અર્થાત્ જે શબ્દ, સ્પર્શ, રૂપાદિ ગુણ રહિત છે (એથી) તે પરમાત્માનું નામ " નિર્ગુણ " છે.

" **यो गुणैः सह वर्त्तते स सगुणः** " । જે, સર્વનું જ્ઞાન, સર્વ સુખ, પવિત્રતા, અનન્તબલ આદિ ગુણોથી યુક્ત છે, (એથી) તે પરમેશ્વરનું નામ "સગુણ" છે. જેમ પૃથિવી, ગન્ધાદિ ગુણોથી (યુકત હોવાથી) "સગુણ" અને ઇચ્છાદિ ગુણોથી રહિત હોવાથી "નિર્ગુણ" તેમજ પરમેશ્વર, જગત્ અને જીવના ગુણોથી પૃથક્ હોવાથી " નિર્ગુણ, " અને સર્વજ્ઞત્વાદિ ગુણોથી યુકત હોવાથી " સગુણ " છે. અર્થાત્ એવો કોઇ પણ પદાર્થ નથી કે જે સગુણતા અને નિર્ગુણતાથી પૃથક્ હોય; જેમ ચેતનના ગુણોથી પૃથક્ હોવાથી જડ પદાર્થ નિર્ગુણ, અને પોતાના ગુણોથી યુકત હોવાથી સગુણ છે, તેમજ જડના ગુણોથી પૃથક્ હોવાથી જીવ નિર્ગુણ, અને ઇચ્છાદિ પોતાના ગુણોથી યુક્ત હોવાથી તે સગુણ છે; એમજ પરમેશ્વરમાં પણ સમજવું જોઇએ.

" **अन्तर्यन्तुं नियंतुं शीलं यस्य सोऽयमन्तर्यामी** " । જે સર્વ પ્રાણિ અને અપ્રાણિરૂપ જગત્ની અંદર વ્યાપક હોઇ, સર્વના નિયામક છે, (તેથી) તે પરમેશ્વરનું નામ " અન્તર્યામી " છે.

" **यो धर्मे राजते स धर्मराजः** " । જે ધર્મમાંજ પ્રકાશમાન્ અને અધર્મથી રહિત ધર્મનોજ પ્રકાશ કર્તા છે, (તેથી) તે પરમેશ્વરનું નામ " ધર્મરાજ " છે.

यमु उपरमे । એ ધાતુથી " યમ " શબ્દ સિદ્ધ થાય છે. " **यः सर्वान् प्राणिनो नियच्छति स यमः** " । જે સર્વ પ્રાણીઓને કર્મ ફલ આપવાની વ્યવસ્થા કરે છે, અને સર્વ અન્યાયોથી પૃથક્ રહે છે, (તેથી) તે પરમાત્માનું નામ " યમ " છે,

भज सेवायाम् । એ ધાતુથી " ભગ " એને **મતુપ્** પ્રત્યય લગાડવાથી " ભગવાન્ " શબ્દ સિદ્ધ થાય છે. " **भगः सकलैश्वर्य्यं सेवनं वा विद्यते यस्य स भगवान** । " જે સમગ્ર ઐશ્વર્ય્યથી યુક્ત વા ભજવાને યોગ્ય છે (એથી) તે ઇશ્વરનું નામ "ભગવાન" છે.

मन ज्ञाने । એ ધાતુથી " મનુ " શબ્દ બને છે. " **यो मन्यते स मनुः** " । જે મનુ અર્થાત્ વિજ્ઞાનશીલ અને માનને યોગ્ય છે, (તેથી) તે ઇશ્વરનું નામ " મનુ " છે. **पृ पालनपूरणयोः** । એ ધાતુથી " પુરૂષ " શબ્દ સિદ્ધ થાય છે. " **यः स्वव्याप्त्या चराऽचरं जगत् पृणाति पूरयति वा स पुरुषः** " । જે સર્વ જગતમાં પૂર્ણ થઇ રહ્યા છે, (તેથી) તે પરમાત્માનું નામ " પુરૂષ " છે.

डुभृञ् धारणपोषणयोः । **विश्व पूर्वक** એ ધાતુથી "વિશ્વમ્ભર" શબ્દ સિદ્ધ થાય છે. " **यो विश्वं बिभर्ति धरति पुष्णाति वा स विश्वम्भरो जगदीश्वरः** " । જે જગતનું ધારણ અને પોષણ કર્તા છે. (તેથી) તે પરમેશ્વરનું નામ " વિશ્વંભર " છે. **कल संख्याने** । એ ધાતુથી "કાલ" શબ્દ બન્યો છે. **कलयति संख्याति सर्वान् पदार्थान् स कालः** " । જે જગતના સર્વ પદાર્થ અને જીવોની સંખ્યા કરે છે, (એથી) તે પરમેશ્વરનું નામ "કાલ" છે. **शिष्लृ विशेषणे** । એ ધાતુથી "શેષ " શબ્દ થાય છે. " **यः शिष्यते स शेषः** " । જે ઉત્પત્તિ અને પ્રલયથી " શેષ " અર્થાત્ બચી રહ્યા છે, (તેથી) તે પરમાત્માનું નામ " શેષ " છે.

आप्लृ व्याप्तौ । એ ધાતુથી " આપ્ત " શબ્દ સિદ્ધ થાય છે. **यः सर्वान् धर्मात्मन आप्नोति वा सर्वैर्धर्मात्मभिराप्यते छलादिरहितः स आप्तः** " । જે સત્યનો ઉપદેશ કરવાવાળા, સકલ વિદ્યાયુકત, સર્વ ધર્માત્માઓને પ્રાપ્ત થનારા, અને ધર્માત્માઓથી પ્રાપ્ત થવા યોગ્ય તથા છલ કપટાદિથી રહિત છે, (તેથી) તે પરમાત્માનું નામ " આપ્ત " છે.

डुकृञ् करणे । **शम्** પૂર્વક એ ધાતુથી " **शंकर** " શબ્દ સિદ્ધ થાય છે. " **यः शंकल्याणं सुखं करोति स शङ्करः** " । જે કલ્યાણ અર્થાત્ સુખનો કરવાવાળો છે, (તેથી) તે ઇશ્વરનું નામ " શંકર " છે.

महत् શબ્દ સાથે **देव** શબ્દથી **महादेव** સિદ્ધ થાય છે. "**यो महतां देवः स महादेवः**" મહાન્ દેવોના દેવ અર્થાત્ વિદ્વાનોના પણ વિદ્વાન, સૂર્યાદિ પદાર્થોના પ્રકાશક છે, તેથી તે પરમાત્માનું નામ " મહાદેવ " છે.

प्रीञ् तर्पणे कान्तौ च । એ ધાતુથી " પ્રિય " શબ્દ સિદ્ધ થાય છે. " **यः पृणाति प्रीयते वा सः प्रियः** " । જે સર્વ ધર્માત્માઓ, મુમુક્ષુઓ, અને શિષ્ટોને પ્રસન્ન કરે છે, અને સર્વને કામના કરવા યોગ્ય છે, (તેથી) તે ઇશ્વરનું નામ " પ્રિય " છે.

भू सत्तायाम् स्वयं पूर्वक એ ધાતુથી **स्वयम्भू** શબ્દ સિદ્ધ થાય છે. " **यः स्वयं भवति स स्वयंभूरीश्वरः** " ।

જે પોતે પોતાની મેળે હસ્તી ધરાવે છે,—કોઇથી કદી ઉત્પન્ન થયો નથી, (તેથી) તે પરમેશ્વરનું નામ " સ્વયમ્ભૂ " છે.

कु शब्दे । એ ધાતુથી " કવિ " શબ્દ સિદ્ધ થાય છે. " **यः कौति शब्दयीत**

सर्वा विद्याः स कविरीश्वरः "। જે વેદદ્વારા, સર્વ વિદ્યાઓના ઉપદેષ્ટા અને વેત્તા છે, (તેથી) તે પરમાત્માનું નામ "કવિ" છે, **शिवु कल्याणे** । એ ધાતુથી **शिव** શબ્દ સિદ્ધ થાય છે. **बहुलमेतन्निदर्शनम्** । એથી "શિવ" ધાતુ મનાય છે. જે કલ્યાણ સ્વરૂપ અને કલ્યાણનો કરવાવાળો છે, (એથી) તે પરમેશ્વરનું નામ "શિવ" છે.

પરમેશ્વરનાં આ સર્વ નામ લખ્યાં છે, પરન્તુ એનાથી ભિન્ન પરમાત્માનાં અસંખ્ય નામો છે, કેમકે જેમ પરમેશ્વરના અનન્તગુણ, કર્મ અને સ્વભાવ છે, તેમ ત્હેમનાં નામો પણ અગણિત છે; તેમાંથી પ્રત્યેક ગુણ, કર્મ અને સ્વભાવનું એક એક નામ છે. તેથી, આ મ્હારાં લખેલાં નામ સમુદ્રની સામે બિન્દુવત્ છે; કેમકે, વેદાદિ શાસ્ત્રોમાં પરમાત્માના અસંખ્ય ગુણ, કર્મ અને સ્વભાવ વર્ણવ્યા છે, જેના ભણવા ભણાવવાથી તે નામોનો બોધ થઇ શકે છે, અને જેઓ વેદાદિ શાસ્ત્રો ભણે છે, તેમને અન્ય પદાર્થોનું જ્ઞાન પણ પૂરેપૂરૂં થઇ શકે છે.

પ્રશ્ન—જેમ અન્ય ગ્રન્થકારો આદિ, મધ્ય અથવા અન્તમાં, મંગલાચરણ કરે છે, તેમ આપે કંઈ પણ ન લખ્યું— ન કર્યું ?

ઉત્તર—એવું અમને કરવું યોગ્ય નથી, કેમકે જે આદિ, મધ્ય અને અન્તમાંજ મંગલ (મંગલાચરણ) કરે છે, તે, ત્હેના ગ્રન્થમાં આદિ, મધ્ય અને અન્તની વચમાં (અન્ય સ્થળે) જે કાંઇ લખશે તે અમંગલજ રહેશે; કારણ:—

"**मंगलाचरणं शिष्टाचारात् फलदर्शनाच्छ्रुतितश्चेति**" એ સાંખ્યશાસ્ત્રના વચનનો એ અભિપ્રાય છે કે, જે, ન્યાય, પક્ષપાત રહિત, સત્ય અને વેદોક્ત ઇશ્વરાજ્ઞા છે, તેનું યથાવત્ સર્વત્ર અને સર્વદા આચરણ કરવું, (તેજ) મંગલાચરણ કહેવાય છે. ગ્રન્થારંભથી લઇ સમાપ્તિ પર્યન્ત સત્યાચારજ કરવો એ મંગલાચરણ છે—ન કે કયાંક મંગલ અને કયાંક અમંગલ લખવું. જુઓ મહાશય મહર્ષિયોના લેખોને:—"**यान्यनवद्यानि कर्माणि तानि सेवितव्यानि नो इतराणि**" ॥ આ તૈત્તિરીયોપનિષદ્ પ્રપાઠક, અનુ૦ ૧૧ નું વચન છે. તેનો અર્થ એવો છે કે, હે સન્તાનો ! જે "અનવદ્ય" અનિન્દનીય અર્થાત્ ધર્મયુક્ત કર્મ છે, તેજ તમારે કરવાં યોગ્ય છે; અધર્મયુક્ત નહીં. એથી જે આધુનિક ગ્રંથોમાં "શ્રીગણેશાય નમ;" "સીતારામાભ્યાં નમઃ" । "રાધાકૃષ્ણાભ્યામ્ નમઃ"; "શ્રીગુરૂચરણારવિન્દાભ્યામ્ નમઃ" "હનુમતે નમઃ" "દુર્ગાયૈ નમઃ" "બટુકાય નમઃ" "ભરવાય નમઃ" "શિવાયનમઃ" "સરસ્વત્યૈનમઃ" "નારાયણાય નમઃ" ઇત્યાદિ લેખ જોવામાં આવે છે, અને બુદ્ધિમાન્ લોક, વેદ અને શાસ્ત્રોથી વિરૂદ્ધ હોવાથી, મિથ્યાજ સમજે છે, કેમકે વેદ અને ઋષિયોના ગ્રંથોમાં કયાંય પણ એવું મંગલાચરણ જોવામાં આવતું નથી, આર્ષ ગ્રન્થોમાં તો **ओ३म्** તથા **अथ** શબ્દ જોવામાં આવે છે. જુઓ:—

"**अथ शब्दानुशासनम्**" । "**अथेत्ययं शब्दोऽधिकारार्थः प्रयुज्यते**" ॥ વ્યાકરણ મહાભાષ્ય.

"**अथातो धर्मजिज्ञासा**" । **अथेत्यानन्तर्य वेदाध्ययनानन्तरम्** ॥ પૂર્વ મીમાંસા.

"**अथातो धर्मं व्याख्यास्यामः**" । "**अथेति धर्मकथनानन्तरं धर्मलक्षण विशेषेण व्याख्यास्यामः**" ॥ વૈશેષિક દર્શન,

" अथ योगानुशासनम् " " अथेत्ययमधिकारार्थः " ॥ યોગશાસ્ત્ર.

" अथ त्रिविधदुःखात्यन्तानिवृत्तिरत्यन्तपुरुषार्थः ॥ सांसारिकविषयभोगानन्तरं त्रिविधदुःखात्यन्तनिवृत्यर्थः प्रयत्नः कर्त्तव्यः । " સાંખ્યશાસ્ત્ર.

" अथातो ब्रह्मजिज्ञासा " । વેદાન્ત સૂત્ર.

" ओमित्येतदक्षर मुद्गीथमुपासीत " એ છાન્દોગ્ય ઉપનિષદનું વચન છે.

" ओमित्येतदक्षरमिद सर्वं त योपव्याख्यानम् " ॥ માણ્ડૂક્ય ઉપનિષદ.

આ સર્વ તે તે શાસ્ત્રોનાં આરંભવચનો છે. એવીજ રીતે અન્ય ઋષિમુનિયોના ગ્રન્થોમાં " ओ३म् " અને " अथ " શબ્દ લખ્યા છે તેમજ

अग्नि, इट्, अग्नि, ये त्रिषप्ताः परियन्ति ॥ એ શબ્દ ચારે વેદોની આદિમાં લખ્યા છે. " શ્રી ગણેશાયનમઃ " ઇત્યાદિ શબ્દ ક્યાંય પણ નથી; અને જે વૈદિક લોક વેદના આરમ્ભમાં " हरिः ओ३म् " લખે છે અને ભણે છે, એ પૌરાણિક અને તાંત્રિક લોકોની મિથ્યા કલ્પનાથી શિખ્યા છે; વેદાદિ શાસ્ત્રોમાં " હરિ " શબ્દ આદિમાં ક્યાંય પણ નથી, તેથી "ओ३म्" અથવા " अथ " શબ્દજ ગ્રન્થોની આદિમાં લખવા જોઇએ.

આ કિંચિત્ માત્ર ઇશ્વર વિષયમાં લખ્યું છે, એની પછી શિક્ષા વિષય લખવામાં આવશે.

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामिकृते सत्यार्थप्रकाशे
सुभाषाविभूषित ईश्वरनामविषये प्रथमः
समुल्लासः सम्पूर्णः ॥



अथ द्वितीयसमुल्लासारम्भः ॥

अथ शिक्षां प्रवक्ष्यामः ॥

मातृमान् पितृमानाचार्यवान् पुरूषो वेद ॥

એ શતપથ બ્રાહ્મણનું વચન છે; તાત્પર્ય કે, જ્યારે મનુષ્યને ત્રણ ઉત્તમ શિક્ષકો,–એક માતા, બીજા પિતા, અને ત્રીજા આચાર્ય,–પ્રાપ્ત થાય છે ત્યારે તે જ્ઞાનવાન બને છે. જેનાં માતાપિતા ધાર્મિક તથા વિદ્વાન હોય તે બાળકનું અહોભાગ્ય સ્હમજવું–તે કુળને ધન્ય છે ! માતાઓ, સંતાનોને જેવો ઉપદેશ–શિક્ષા આપી શકે, અને ત્હેમના પર ઉપકાર કરી શકે, તેવો ઉપકાર કે ઉપદેશ અન્ય કોઇથી થઇ શકે એમ નથી. માતાનો, માતાનાં બાળકો પર જેવો પ્રેમ હોય છે, અને તે ત્હેમનું હિત કરવાની જેટલી આકાંક્ષા રાખે છે, તેટલું અન્ય કોઇ કરી શકતું નથી; એટલા માટેજ **मातृमान्** અર્થાત્ "**प्रसस्ता धार्मिकी माता विद्यते यस्य स मातृमान्**" ગર્ભાધાનથી લઇને સંપૂર્ણ વિદ્યા પ્રાપ્ત થતા સુધી, જે માતા પોતાનાં સન્તાનોને સુશીલતાનું શિક્ષણ આપે છે તે માતાને અનેકવાર ધન્ય છે !

પ્રત્યેક માતાપિતાએ, ગર્ભાધાન કરતા પૂર્વે, તે દિવસોમાં, તથા તે પછી પણ, સર્વ પ્રકારનાં માદક દ્રવ્યો, (તમાકુ, ભાંગ, ગાંજો, તાડી, અફીણ વિ.) દારૂ, તથા દુર્ગન્ધયુક્ત કઠોર અને બુદ્ધિનાશક પદાર્થોનો ત્યાગ કરી, આરોગ્ય, બળબુદ્ધિ, પરાક્રમ, સુશીલતા, અને સભ્યતા પ્રાપ્ત કરી શકાય એવા ઘી, દૂધ, મિષ્ટ, (શર્કરા) અન્નપાન આદિ શ્રેષ્ટ (નિરામિષ) પદાર્થોનું સેવન કરવું. જેથી ત્હેમનાં રજવીર્ય પણ નિર્દોષ થઇ, અત્યંત ઉત્તમ ગુણોથી યુક્ત બને; ઋતુગમનની વિધિ પ્રમાણે, અર્થાત્ રજોદર્શનના પાંચમા દિવસથી લઇને સોળમા દિવસ પર્યંત, ઋતુદાન આપવાનો સમય છે; અર્થાત્ પ્રથમના ચાર દિવસનો ત્યાગ કરતાં બાકી રહેલા બાર દિવસોમાં પણ અગીયારમી તથા તેરમી રાત્રી મૂકી દઇને, બાકીની દશ રાત્રીઓ ગર્ભાધાન કરવા માટે ઉત્તમ છે; રજોદર્શનના દિવસથી ૧૬ મી રાત્રી વ્યતીત થયા બાદ કોઇ પણ દંપતિએ, શરીર સંબંધ કરવો નહિ. ઉપર જણાવ્યા પ્રમાણે, ફરી પાછો ઋતુદાનનો સમય પ્રાપ્ત ન થાય, અથવા ગર્ભસ્થિત થયો હોય તો ત્યારથી એક વરસ વ્યતીત ન થાય ત્યાં સુધી

ઉક્ત દંપતિ પરસ્પરના શરીરસંબંધથી મુક્ત રહે. જેમ ચરક તથા સુશ્રુતમાં અહાર વિહારાદિના નિયમો જણાવ્યા છે, તથા મનુસ્મૃતિમાં દંપતિની પ્રસન્નતાની રીતિ લખી છે, તે પ્રમાણે ઉભયના શરીરમાં આરોગ્ય, પરસ્પર પ્રસન્નતા, તથા કોઇ પણ પ્રકારનો કલેશ ન થાય તેવી રીતે ઉક્ત દંપતિ વર્તે. ગર્ભાધાન પશ્ચાત્ ગર્ભવતિ સ્ત્રીના ભોજનપાન માટે બહુજ કાળજી રાખવી જોઇએ; એક વર્ષ પર્યંત, ઉક્ત ગર્ભવતિ સ્ત્રીએ, પોતાના પતિ સાથના શારીરિક સંગનો ત્યાગ કરવો જોઇએ અને સન્તાનનો જન્મ થાય ત્યાં સુધી ત્હેણે બુદ્ધિ, બળ, રૂપ, આરોગ્ય, પરાક્રમ અને શાન્તિ આદિ ગુણને ધારણ કરાવવા વાળાં દ્રવ્યોનું સેવન કરવું.

બાળકનો જન્મ થાય ત્યારે સુગંધિ યુક્ત ઉત્તમ જળથી બાળકને સ્નાન તથા નાડીછેદન કરાવવું તત્પશ્ચાત્ સુગન્ધિયુક્ત ઘૃતાદિ સામગ્રીથી હોમ * કરવો અને પ્રસૂતાને પણ સ્નાન કરાવી ત્હેના ભોજનાદિનો યથાયોગ્ય પ્રબંધ કરવો, જેથી નવું જન્મેલું બાળક તથા ત્હેની માતાનાં શરીર ક્રમશઃ આરોગ્ય તથા પુષ્ટ થતાં જાય. બાળકની માતા અથવા ધાવ એવા પદાર્થો ખાય કે જેથી તેમના દૂધમાં પણ ઉત્તમ ગુણો પ્રાપ્ત થાય. પ્રસૂતાનું દૂધ છ દિવસ સુધી બાળકને પાવું, પછી ધાવ ધવરાવે, પરંતુ બાળકનાં માતા પિતાએ, તે ધાવને ખાવાપીવા માટે, ઉત્તમ પદાર્થો આપવા. જો કોઇ ગરીબ માણસ ધાવ ન રાખી શકે તો તેણે ગાય અથવા બકરીના દૂધમાં, તેટલુંજ શુદ્ધ જળ મેળવવું, કે જે જળમાં, બુદ્ધિ, પરાક્રમ તથા આરોગ્ય વધારનારી ઉત્તમ ઔષધિઓ ભીંજાવી અને ઘુંટી હોય, આવી રીતે ગાળી તૈયાર કરેલું ઔષધિયુક્ત જળમિશ્રિત દૂધ બાળકને પાવું. પ્રસવ થયા બાદ, બાળક તથા ત્હેની માતાને શુદ્ધ વાયુવાળા બીજા સ્થળમાં રાખવાં તથા ત્હેમની સમીપ સુગન્ધ તથા સૌંદર્યયુક્ત પદાર્થો રાખવા અને જે દેશનાં હવાપાણી શુદ્ધ હોય, એવા સ્થળે ત્હેમને ભ્રમણ માટે લઇ જવાં. જ્યાં ધાવ, ગાય, કે બકરી આદિનું દૂધ ન મળી શકે એમ હોય ત્યાં જેમ ઉચિત લાગે તેમ કરવું; કારણ કે, પ્રસૂતા સ્ત્રીના શરીરના અંશથી બાળકનું શરીર થાય છે તેથી પ્રસૂતા સ્ત્રી પ્રસવ સમયે નિર્બળ થઇ જાય છે, માટે ઉક્ત સ્ત્રી બાળકને ધવરાવે નહિ. દૂધ રોકવા માટે સ્તનના છિદ્રો ઉપર એવી ઔષધિનો લેપ કરવો કે જેથી દૂધ નિકળી શકે નહિ. આવી રીતે કરવાથી સ્ત્રી બીજા મહિનામાં પાછી યુવતિ થઇ જાય છે; પુરૂષે પણ ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન કરવું. આ પ્રકારે જે સ્ત્રી અગર પુરૂષ કરશે ત્હેનાં સંતાન ઉત્તમ, દીર્ઘાયુ થઇ ત્હેમનાં બળ પરાક્રમની વૃદ્ધિ થતીજ રહેશે; અને એથી ત્હેમનાં સર્વ સંતાન ઉત્તમ બળવાળાં પરાક્રમી, દીર્ઘાયુ, અને ધાર્મિક નિવડશે. સ્ત્રીએ યોનિ સંકોચન અને શોધન તથા પુરૂષે વીર્યનું સ્તંભન કરવું. (એથી) પુનઃ જેટલાં સંતાન થશે તે સર્વ ઉત્તમ નિવડશે.

માતાએ પોતાનાં બાળકોને હમેશાં ઉત્તમ શિક્ષા આપવી, જેથી તેઓ સભ્ય થઇ, શરીરનાં કોઇ પણ અંગથી કુચેષ્ટા કરતાં શીખે નહિ. બાળક જ્યારે બોલતાં શીખતું હોય ત્યારે ત્હેની જીભ જેમ કોમળ થાય અને જે વર્ણ (અક્ષરોનું) જે સ્થાન હોય, તે પ્રમાણે તે સ્પષ્ટ ઉચ્ચારણ કરી શકે, એવા ઉપાયો યોજવા; જેમકે " પ " નું સ્થાન ઓષ્ટ છે, અને

* બાળકના જન્મ સમયે, જાતકર્મ સંસ્કાર કરાવવામાં આવે છે, જેમાં હવનાદિ વેદોક્ત કર્મ કરવાના હોય છે, તેની વિધિ " સંસ્કાર વિધિ " માં સવિસ્તર લખવામાં આવી છે.

તે બોલવા માટેનો સ્પષ્ટ પ્રયત્ન બે ઓષ્ટ ભેગા કરીને બોલવું, એવીજ રીતે, હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, અક્ષરોનો બરોબર ઉચ્ચાર કરવો; અને મધુર, ગમ્ભીર, સુંદર, સ્વર, અક્ષર, માત્રા, વાક્ય, સંહિતા, અવસાન, આદિ ભિન્ન ભિન્ન સાંભળી શકાય એવી રીતે બોલવું; જ્યારે બાળક કંઇ કંઇ બોલવા તથા સ્હમઝવા માંડે ત્યારે ત્હેને સુંદર વાણી તથા ન્હાના મ્હોટાનું સન્માન કરતાં અને પિતા, માતા, રાજા, વિદ્વાન, આદિ સાથે સંભાષણ કરતાં શીખવવું. ત્હેમની હાજરીમાં તથા ત્હેમની ભગિની તથા નોકરાદિ સાથે કેવી રીતે વર્તવું એ સંબંધિ જ્ઞાન મળે તે માટે એ બાબતના મંત્રો, શ્લોકો, સુત્રો, ગદ્યો, પદ્યો અર્થ સહિત કંઠસ્થ કરાવવાં. જેથી ત્હેમનાં સન્તાન કોઇ ધૂર્તના પાશમાં ન ફસાય; એ શિવાય, ભ્રાન્તિજાળમાં સપડાવવાવાળા વિદ્યા તથા ધર્મ વિરૂદ્ધના જે જે વ્યવહારો છે, ત્હેનું પણ બાળકોને ભાન કરાવવું જેથી તેઓ ભૂત પ્રેતાદિ મિથ્યા વાતોને માને નહિ.

गुरोः प्रेतस्य शिष्यंस्तु पितृमेधं समाचरन् ।
प्रेतहारैः समं तत्र दशरात्रेण शुध्यति ॥ मनु० अ० ५ । ६५ ॥

અર્થ:—જ્યારે ગુરૂનો દેહાન્ત થાય ત્યારે ત્હેમનું મૃતક શરીર તે પ્રેત છે. ત્હેનો અગ્નિદાહ કરનાર શિષ્ય–પ્રેતહાર અર્થાત્ શબને ઉઠાવવાવાળો–તથા અન્ય ડાધુઓ (પ્રેતહારો) દશમે દિવસે શુધ્ધ થાય છે. જ્યારથી તે શરીર–શબ–ભસ્મ થઇ ચુકયું ત્યારથી તે ભૂત–તે અમૂક પુરૂષ હતો–એમ કહેવાય છે. ઉત્પન્ન થએલા તમામ મનુષ્યો જે હાલમાં જીવિત નથી, તે સર્વનાં નામ ભૂત છે, એવો બ્રહ્માથી માંડીને આજ પર્યંતના તમામ વિદ્વાનોનો મત છે; પરંતુ જેમને શંકા, કુસંગ તથા કુસંસ્કાર પ્રાપ્ત છે, ત્હેમને ભય તથા શંકા રૂપી ભૂત, પ્રેત, ડાકણ, શાકણ આદિ અનેક દુઃખદાયક ભ્રમજાળ લાગુ પડે છે. જુઓને જ્યારે કોઇ પણ પ્રાણી મૃત્યુ પામે છે, ત્યારે ત્હેનો જીવ પાપ પુણ્યને વશ થઇને, પરમેશ્વરની વ્યવસ્થા પ્રમાણે, સુખ દુઃખાદિ ભોગવવા માટે અન્ય જન્મ ધારણ કરે છે; શું પરમાત્માની ઉકત વ્યવસ્થાનો કોઇ ભંગ કરી શકે એમ છે? અજ્ઞાની લોક વૈદ્યકશાસ્ત્ર અથવા પદાર્થવિદ્યાને જાણ્યા સાંભળ્યા કે વિચાર્યા વિના, સન્નિપાત જ્વરાદિ શારીરિક તથા ઉન્માદક માનસિક રોગોને ભૂત પ્રેતનું નામ આપે છે! તેઓ એવા રોગીઓને, યોગ્ય ઓષધ તથા પથ્ય (કરી) આદિનું સેવન કરાવવાને બદલે, ધૂર્ત્ત, પાખંડી. મહામૂર્ખ, અનાચારી, સ્વાર્થી, ભંગી, ચમાર, શૂદ્ર, મ્લેચ્છાદિ પર વિશ્વાસ રાખી, અનેક પ્રકારના ઢોંગ, છળ, કપટ, ઉચ્છિષ્ટ ભોજન, દોરા, ધાગા વિગેરે મિથ્યા મંત્ર તંત્ર બાંધિ બંધાવે છે; અને એવી રીતે, તેઓ પોતાના ધનનો નાશ સન્તાનાદિની દુર્દશા, અને રોગોની વૃદ્ધિ કરી નાહક દુઃખ પ્રાપ્ત કરે છે।

જ્યારે " આંખના અંધા અને ગાંઠના પૂરા " ઉકત દુર્બુદ્ધિ સ્વાર્થી પાપીઓની પાસે જઇને કોઇ પૂછે છે કે, મહારાજ ! આ છોકરા છોકરી, સ્ત્રી કે પુરૂષને કોણ જાણે શું યે થઇ ગયું છે ! ત્યારે તે જણાવે છે કે, " એના શરીરમાં ભયંકર ભૂત, પ્રેત, ભૈરવ, શીતલાદિ દેવી પેસી ગયેલ છે, જ્યાં સુધી તમે ત્હેનો ઉપાય નહિ કરો ત્યાં સુધી તે છુટશે નહિ અને કદાચ પ્રાણ પણ લેશે. જો તમે મલીદો અથવા આટલી ભેટ કરશો તો અમે તેને મન્ત્ર જપ, પુર-

શ્રરણથી ઝાડીને ત્હેને કાઢી મૂકીશું. ” આવું સાંભળીને તે આંધળા (બુધ્ધિશૂન્ય) મનુષ્યો તથા ત્હેમના સંબંધિઓ કહે છે કે “ મહારાજ ! ભલે અમારૂં સર્વસ્વ જાય પરંતુ આપ એને સારૂં કરી દો ” આવું કહ્યું કે એમનું ગાડું ચાલ્યું. તુરતજ એ ધૂર્ત લોકો કહે છે કે “ ઠીક ત્યારે આટલી સામગ્રી, આટલી દક્ષિણા, દેવતાની ભેટ લાવો, અને અમુક ગ્રહોનું દાન કરાવો.” પશ્ચાત્ આ લોકો ઝાંઝ, મૃદંગ, ઢોલ, થાળી આદિ લઇને નાચતાં કૂદતાં કહે છે કે, “ હું એનો પ્રાણ લઇશ ” આ સાંભળતામાં તે અજ્ઞાન લોકો, તે ભંગી ચમાર આદિ નીચ મનુષ્યોના પગમાં પડીને કહેછે કે “ આપ જોઇએ તે લઇને પણ એને બચાવશો, ” એ વખતે તે પાખંડી જણાવે છે કે “ હું હનુમાન છું, પાકી મીઠાઇ, તેલ, સીંદુર, સવામણના રોટલા અને લાલ લંગોટ લાવો. ” “ હું દેવી અથવા ભૈરવ છું (મ્હારે માટે) પાંચ બાટલી દારૂની, વીશ મરઘી, પાંચ બકરા, મીઠાઇ તથા વસ્ત્ર લાવો. ” જ્યારે પેલા લોકો કહે છે કે “ જે જોઇએ તે લ્યો ” ત્યારે તો તે દુષ્ટો ખુબ નાચવા કૂદવા માંડે છે પરંતુ જો કોઇ બુધ્ધિમાન એવાઓને, પાંચ જોડા, દંડા, તમાચા કે લાતો ખેંચી કાઢે તો તુરતજ ત્હેના હનુમાન, દેવી કે ભૈરવ, રાજીખુશીથી ત્યાંથી પલાયન કરી જાય છે, કારણ કે કેવળ ધનાદિ લેવા માટે એ લોકોએ આ ઢોંગ માંડેલા હોય છે. વળી જ્યારે એ લોકો કોઇ ગ્રહગ્રસ્ત ગ્રહરૂપ ઢોંગી જોશી પાસે જઇને પૂછે છે કે “ મહારાજ ! એને શું થયું છે ? ” ત્યારે જોશી મહારાજ જવાબ આપે છે કે “ એને સૂર્યાદિ ક્રુર ગ્રહ નડે છે. જો ત્હમે પાઠપૂજા દાનાદિથી એની શાન્તિ કરાવો તો એને આરામ થઇ જશે, નહિ તો બહુ દુઃખ પામી આખરે મરી જાય તો ત્હેમાં કંઇ નવાઇ નથી. ” આનો એ ઉત્તર આપવામાં આવે કે, કહો જોશી મહારાજ ! આ પૃથ્વિની માફક જ્યારે સૂર્યાદિ લોક પણ જડ છે, અને તે તડકો તથા પ્રકાશ આપવા શિવાય બીજું કંઇ કરી શકતા નથી, તો પછી તે શું ચેતન છે કે, તેઓ ગુસ્સે થઇને કોઇને દુઃખ આપે અથવા શાન્ત થવાથી સુખી કરી શકે ? આવું કહેતાં જોશી મહારાજ એવો પ્રશ્ન કરે છે કે “ ત્યારે આ સંસારમાં રાજા પ્રજા સુખી દુઃખી થાય છે તે ગ્રહોનું ફળ નથી ? ” જવાબ એ છે કે “ નહિ, એ સર્વ પાપ પૂન્યોનું ફળ છે; ” ફરી જોશી મહારાજ પૂછે છે કે, “ ત્યારે શું જોતિષ શાસ્ત્ર જૂઠું છે ? ”

ઉત્તર—નહિ, એમાં જે અંક, બીજ, રેખાગણિતાદિ વિદ્યાઓ છે, તે સર્વ ખરી છે, પણ જે ફળની લીલા બતાવવામાં આવે છે તે સર્વ જૂઠી છે.

પ્રશ્ન—ત્યારે શું જન્મ પત્ર પણ નિષ્ફળ છે ?

ઉત્તર—હા. એને જન્મ પત્ર કહેવા કરતાં શોક પત્ર કહેવું એ વધારે બંધ બેસતું છે, કારણ કે જ્યારે બાળકનો જન્મ થાય છે, ત્યારે ત્હેનાં માતાપિતાને આનંદ થાય છે, પરન્તુ તે આનંદ, જન્મફળ બનાવી ગ્રહોનું ફળ સાંભળતા સુધીજ રહે છે. જ્યારે પુરોહિતને જન્મ પત્ર બનાવવાનું કહેવામાં આવે છે ત્યારે બાળકનાં માબાપ કહે છે કે મહારાજ ઘણુંજ સરસ જન્મપત્ર બનાવજો. જો (યજમાન) ધનિક હોય તો પુરોહિતજી લાલ પીળી રેખાઓથી ચિત્ર વિચિત્ર જન્મપત્ર બનાવે છે, અને જો નિર્ધન હોય તો, સાધારણ જન્મપત્રી બનાવીને તેઓ બાળકનાં માતા પિતાને સંભળાવવા આવે છે. માબાપ જોશી મહારાજની સ્હામે આવીને બેસે છે, અને પૂછે છે કે “ આનું જન્મપત્ર સારૂં છે ને ? ” જોશી મહારાજ કહે છે કે, “જે છે તે

(હમણા) સંભળાવું છું. બાળકના જન્મગ્રહ ઘણા સારા છે, મિત્રગ્રહ પણ બહુજ ઉત્તમ છે, જેનું ફળ એ છે કે, તે ધનાઢ્ય તથા પ્રતિષ્ઠાવાન નિવડી, જે રાજસભામાં પ્રવેશ કરશે, ત્યાં ત્હેનું તેજ પડશે; વળી તે શરીરે આરોગ્ય અને રાજ્યાદિનું માન મેળવશે." આવી વાતો સાંભળીને બાળકના પિતાદિ કહે છે કે, "વાહ વાહ જોશી મહારાજ ! આપ બહુજ ઉત્તમ છો." પરંતુ એમાં કંઇ આપણું બરોબર વળવાનું નથી એમ સમજીને જોશી મહારાજ જણાવે છે કે, "ગ્રહતો બહુજ ઉત્તમ છે, પરન્તુ આ ગ્રહ ક્રુર છે, અર્થાત્ અમુક અમુક ગ્રહના યોગથી આ વર્ષમાં બાળકનો મૃત્યુ યોગ છે." આ સાંભળીને માતા પિતાદિ પુત્ર જન્મનો આનંદ છે ને શોક સાગરમાં ડુબી જાય છે; તેઓ જોશી મહારાજને પુછે છે કે, "મહારાજ ! હવે અમારે શું કરવું ?" ત્યારે જોશી મહારાજ કહે છે કે "ઉપાય કરો." ગૃહસ્થ પૂછે છે "શું ઉપાય કરીએ ?" જ્યોતિષીજી પછી સલાહ આપે છે કે "આમ દાન કરો, ગ્રહના મંત્રનો જપ કરાવો તથા નિત્ય બ્રાહ્મણોને ભોજન કરાવો, અનુમાન છે કે નવે ગ્રહોનાં વિઘ્ન ટળી જશે." અનુમાન શબ્દ એટલા માટે બોલે છે કે, જો મરી જાય તો એમ કહે કે અમે શું કરીએ ? પરમેશ્વરની આગળ કોઇનો ઇલાજ નથી, અમે તો ઘણુએ યત્ન કર્યા અને ત્હમે કરાવ્યા, એનાં કર્મજ એવાં હશે. જો બચી જાય તો કહેશે કે, જુઓ અમારા મંત્ર, દેવતા તથા બ્રાહ્મણોની કેવી શકિત છે ? જેણે ત્હમારા પુત્રને બચાવી દીધો ! અહીંયાં એટલું જણાવી દેવું જોઇએ કે જો આવા લોકોના જપ પાઠથી કંઇ લાભ ન થાય તો એ ધૂર્તોને આપ્યા હોય તેનાથી બમણા ત્રમણા રૂપૈયા પાછા લઇ લેવા જોઇએ. અને બચી જાય તો પણ લઇ લેવા જોઇએ, કારણ કે જોશી મહારાજના કહેવા પ્રમાણે "મનુષ્યનાં કર્મ તથા પરમેશ્વરના નિયમોને તોડવાનું કોઇનું સામર્થ્ય નથી," તો તે મુજબ ઉકત ગૃહસ્થે પણ કહેવું જોઇએ કે, "એ બાળક પોતાના કર્મ તથા પરમેશ્વરના નિયમાનુસાર બચ્યો છે. ત્હમારા પ્રયત્નથી નહિ." ગુરૂ આદિ પુણ્યદાન કરાવીને જે કંઇ લઇ જાય છે, ત્હેમને પણ જોશીને જે ઉત્તર ઉપર આપ્યો તેજ ઉત્તર આપવો જોઇએ.

શીતળા તથા મંત્ર તન્ત્રાદિની બાબત રહી ગઇ; તેમાં પણ એવોજ ઢોંગ મચાવવામાં આવે છે. કેટલાક કહે છે કે જો અમે મંત્ર ભણીને દોરા અથવા યંત્ર બનાવી આપશું તો અમારા દેવતા અથવા પીર એ જંતર મંતરના પ્રતાપથી એને કંઇ પણ વિઘ્ન થવા દેશે નહિ. એવાને પણ એજ ઉત્તર આપવો જોઇએ કે શું ત્હમે પરમેશ્વરના નિયમ તથા કર્મ ફળથી પણ કોઇને બચાવી શકો છો ? ત્હમે જેની ઉપર આવા પ્રયોગો કરેલા એવા ઘણાએ છોકરા મરી ગયા છે, અને ત્હમારા પોતાના ઘરમાં પણ કંઇ મરી જાય છે, ત્હમે પોતે પણ શું મરણથી બચી શકશો ? જવાબ કંઇ મળતો નથી અને એ ધૂર્તો જાણી જાય છે કે અહીં અમારી 'દાઢ ગળે' એમ નથી. આથી એવા સર્વ મિથ્યા વ્યવહારોને છોડીને ધાર્મિક, દેશોપકારક, નિષ્કપટથી સર્વને વિદ્યાદાન આપનારા, ઉત્તમ વિદ્વાનો જેમ જગતનો ઉપકાર કરે છે, તેમ ત્હેમનો પ્રત્યુપકાર વાળવો. અને રસાયણ, મારણ, મોહન, ઉચ્ચાટન, વશીકરણ આદિ જેજે લીલા કરવાનું કહેવામાં આવે છે તેને પણ મહા પામર સમજી લેવી જોઇએ. આવી બાબતોનો ઉપદેશ માતા પિતાએ બાલ્યાવસ્થામાંથી સન્તાનોના હૃદયમાં દાખલ કરવો જોઇએ; જેથી પોતાનાં બાળકો કોઇ ત્હેમની જાળમાં ફસાઇને દુઃખી થાય નહિ. વળી વીર્યની રક્ષા કરવામાં આનંદ અને ત્હેનો નાશ કર-

વાથી દુઃખ થાય છે, એ પણ બાળકોને સ્હમજાવી દેવું જોઇએ; એવી રીતે કે, જુઓ જેના શરીરમાં વીર્ય સુરક્ષિત રહે છે, તેને આરોગ્ય, બુધ્ધિ, બળ, પરાક્રમ, વધવાથી બહુજ સુખની પ્રાપ્તિ થાય છે. વીર્ય્ય રક્ષણ માટે, બ્રહ્મચારીઓએ વિષયી કથા, વિષયી લોકોનો સંગ, વિષયોનું ધ્યાન, સ્ત્રીનું દર્શન, એકાન્ત સેવન, સંભાષણ, તથા સ્પર્શાદિ કર્મથી અલગ રહીને ઉત્તમ શિક્ષા તથા પૂર્ણ વિદ્યા પ્રાપ્ત કરવી જોઇએ. જેમના શરીરમાં વીર્ય હોતું નથી તે નપુંસક મહાખરાબ લક્ષણવાળો નિવડે છે, અને જેને પ્રમેહ (રોગ) થાય છે, તે દુર્બળ, નિસ્તેજ, મૂર્ખ, તથા ઉત્સાહ, સાહસ, ધૈર્ય, બળ, પરાક્રમાદિ ગુણોથી રહિત થઇને નષ્ટ થાય છે. જો ત્હમે લોક આ વખતે ઉત્તમ શિક્ષા તથા વિદ્યાનું ગ્રહણ કરવામાં અને વીર્યની રક્ષા કરવામાં બેદરકાર રહેશો તો આ જન્મમાં ફરીથી ત્હમને આવો અમુલ્ય અવસર પ્રાપ્ત થનાર નથી. જ્યાં સુધી અમે (માતા પિતા) ઘરનું કામકાજ કરનારા તરીકે જીવિત છીએ, ત્યાં સુધી ત્હમારે વિદ્યાગ્રહણ કરવું તથા શારીરિક બળ વધારવું જોઇએ." આ પ્રકારની બીજી પણ શીખામણો માતા પિતા આપ્યાં કરે તે માટેજ ઉક્ત વચનમાં " **मातृमान् पितृमान्** શબ્દ આપવામાં આવેલ છે. અર્થાત્ જન્મથી પાંચમા વર્ષ સુધી બાળકને માતાએ, તથા ૬ થી ૮ વર્ષ સુધી પિતાએ શિક્ષણ આપવું જોઇએ, અને નવમા વર્ષના આરંભથી હરેક દ્વિજ પોતાનાં સન્તાનોનો ઉપનયન સંસ્કાર કરાવીને ત્હેમને આચાર્યકુળમાં અર્થાત્ જ્યાં વિદ્યાદાન આપનાર પૂર્ણ વિદ્વાન, તથા સ્ત્રી શિક્ષણ આપનાર પૂર્ણ વિદુષિઓ હોય, ત્યાં પુત્ર તથા પુત્રીઓને વિદ્યાભ્યાસ કરવા મોકલે. શુદ્રાદિ વર્ણ ઉપનયન કર્યાં વિના પોતાનાં બાળકોને ગુરૂકુળમાં મોકલે. જે લોકો કેળવણી આપવામાં પોતાના બાળકો પ્રતિ લાડ કરતાં નથી પરંતુ જરૂર પડે તાડન કરેછે, ત્હેમનાં સન્તાનોજ, વિદ્વાન, સભ્ય તથા સુશિક્ષિત નિવડે છે; વ્યાકરણ મહાભાષ્યનું એ સંબંધમાં પ્રમાણ છે કે,

सामृतैः पाणिभिर्घ्नन्ति गुरवो न विषोक्षितैः ।
लालनाश्रयिणो दोषास्ताडनाश्रयिणो गुणाः ॥ અ० ૮।૧।૮ ॥

અર્થ—જે માતા પિતા તથા આચાર્ય, સન્તાન તથા શિષ્યોને તાડન કરે છે, તે માનો કે પોતાનાં સંતાનતથા શિષ્યોને, પોતાના હાથથી અમૃત પીવરાવી રહ્યાછે. અને જે પોતાના સન્તાનો અથવા શિષ્યોનેલાડ લડાવે છે તે ત્હેમને વિષ પાઇને નષ્ટ ભ્રષ્ટ કરી નાંખેછે. કારણકે લાડ કરવાથી બાળકો અથવા વિદ્યાર્થીઓ દોષ યુકત તથા શિક્ષા કરવાથી ગુણી બને છે. સંતાન તથા શિષ્યોએ પણ એટલા માટે શિક્ષા મળવાથી પ્રસન્ન અને લાડ કરવાથી અપ્રસન્ન રહેવું જોઇએ. (એ લક્ષમાં રાખવાનું છે કે) માતા પિતા તથા અધ્યાપકો, બાળક તથા શિષ્યને ઇર્ષા અથવા દ્વેષથી કંઇ પણ શિક્ષા કરે નહિ, પરંતુ ઉપરથી ભય બતાવી અંતઃકરણમાં હમેશાં કૃપાદષ્ટિ રાખ્યાં કરે. બીજી શિખામણોની માફક, ચોરી, જારી, આળસ, પ્રમાદ, માદક દ્રવ્યોનું વ્યસન, મિથ્યા ભાષણ, હિંસા, ક્રુરતા, ઇર્ષ્યા, દ્વેષ, મોહ આદિ દોષોથી બચવાનો અને સદાચારી થવાનો પણ બાળકને ઉપદેશ કરવો. કેમકે જે પુરૂષે જેની સ્હામે એક વખત ચોરી જારી મિથ્યાભાષણાદિ કર્મ કર્યું ત્હેની, તે મનુષ્ય સમક્ષ મરણ પર્યંત પણ પ્રતિષ્ઠા થતી નથી. પ્રતિજ્ઞા ભંગ કરનારની જેટલી અપ્રતિષ્ઠા થાય છે, તેટલી બીજા કોઇની થતી નથી; એથી જેની સાથે

જેવી પ્રતિજ્ઞા કરી હોય, ત્હેની સાથે તે મુજબ વર્તવું જોઇએ; અર્થાત્ હું ત્હમને અમુક વખતે મળીશ, વા ત્હમે મ્હને અમુક સમયે મળજો અથવા અમુક વસ્તુ હું ત્હમને અમુક વખતે આપીશ " એવું કોઇએ કોઇને કહ્યું હોય તો ત્હેનું બરોબર પાલન કરવું જોઇએ; કારણ કે પ્રતિજ્ઞા ભંગ કરનારનો વિશ્વાસ કોઇ પણ મનુષ્ય રાખતું નથી. એથી સર્વેએ, હમેશાં સત્યભાષી, તથા સત્યપ્રતિજ્ઞાશાળી થવું જોઇએ. કોઇએ અભિમાન કરવું નહિ. છળ કપટ તથા કૃતઘ્નતાથી જ્યાં પોતાનુંજ હૃદય દુ:ખી થાય છે. તો બીજાની તો વાતજ શી કરવી ? " હૃદયમાં કંઇક અને બહાર કંઇક રાખી, બીજાને મોહમાં નાંખી, ત્હેના નુકશાનનો વિચાર કર્યા વિના સ્વાર્થ સાધી લેવો, " એનું નામ છળ કપટ; અને કૃતઘ્નતા એટલે, કોઇએ આપણા ઉપર કરેલા ઉપકારોને ન માનવા તે. ક્રોધાદિ દોષ તથા કટુવચનને છોડી શાન્ત તથા મધુરબોલા થવું, અને બહુ બકવાદ ન કરવો. જેટલું બોલવું જોઇએ તેથી વધારે વા ઓછું ન બોલવું. વડિલોને માન આપવું. બેઠા હોઇએ ત્યાંથી ઉઠીને ત્હેમના સ્હામે જઇ ત્હેમને લાવીને ઉચ્ચાસન પર બેસાડવા. ત્હેમને પ્રથમ નમસ્તે કરવા. તેમની રૂબરૂમાં ઉત્તમ આસન પર બેસવું નહિ. સભામાં જેવી પોતાની યોગ્યતા હોય એવા આસન પર બેસવું જેથી બીજો કોઇ પોતાને ઉઠાડે નહિ. કોઇનો વિરોધ કરવો નહિ. સંપન્ન થઇને ગુણોનું ગ્રહણ તથા દોષોનો ત્યાગ કરવો. સજ્જનોનો સંગ તથા દુષ્ટોનો ત્યાગ અને માતા પિતા તથા આચાર્યની તનમન ધનાદિ ઉત્તમ પદાર્થોથી પ્રીતિપૂર્વક સેવા કરવી.

यान्यस्माक ᳪं सुचरितानि तानि त्वयोपास्यानि नो इतराणि ॥

तैत्ति० प्रपा० ७ अनु० २२ ॥

એનો અર્થ એ છે કે, માતા પિતા આચાર્ય પોતાના સંતાન તથા શિષ્યોને હમેશાં સત્ય ઉપદેશ કરે, તથા એ પણ કહી રાખે કે જેજે અમારા ધર્મયુક્ત કર્મો છે, તે ત્હમારે ગ્રહણ કરવાં, અને જેજે દુષ્ટ કર્મ હોય ત્હેનો ત્યાગ કરવો. જેજે સત્ય ત્હમે જાણો તેનો પ્રકાશ તથા પ્રચાર કરો. કોઇ પાંખડી, દુષ્ટાચારી મનુષ્ય પર વિશ્વાસ ન રાખો અને જેજે ઉત્તમ કર્મને માટે માતા પિતા તથા આચાર્ય આજ્ઞા આપે ત્હેનું બરોબર પાલન કરો. માતા પિતાએ ધર્મ, વિદ્યા, તથા ઉત્તમ આચરણવાળા શ્લોકો, નિઘણ્ટુ, નિરૂક્ત, અષ્ટાધ્યાયી અથવા અન્ય સૂત્ર અથવા વેદમંત્ર કંઠસ્થ કરાવ્યા હોય તો ત્હેના અર્થ કરી કરીને વિદ્યાર્થીઓને શિખવવા. જેમ પ્રથમ સમુલ્લાસમાં પરમેશ્વર વિષયમાં વ્યાખ્યાન કરવામાં આવ્યું છે, તે પ્રમાણે માનીને ત્હેની ઉપાસના કરવી, જે પ્રમાણે આરોગ્ય, વિદ્યા તથા બળની પ્રાપ્તિ થાય એ પ્રમાણે ભોજન આચ્છાદન તથા વ્યવહાર કરવો કરાવવો; અર્થાત્ જેટલી ભૂખ હોય તેનાથી કંઇક થોડું જમવું, મદ્યમાંસાદિના સેવનથી અલગ રહેવું. અજાણ્યા ગંભીર જળમાં પ્રવેશ કરવો નહિ, કારણ કે એથી કોઇ જળ જન્તુ વા અન્ય પદાર્થથી દુ:ખ થાય છે અને તરતાં ન આવડતું હોય તો ડુબી મરાય છે. " **नाविज्ञाते जलाशये** " એ મનુનું વચન છે, અર્થાત્ અવિજ્ઞાત જળમાં પ્રવિષ્ટ થઇને સ્નાન કરવું નહિ; વળી બ્રહ્મચારી:—

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं जलं पिबेत् ।

सत्यपूतां वदेद्वाचं, मनःपूतं समाचरेत् ॥ मनु० अ० ६।४६ ॥

“ નીચી દૃષ્ટિ કરી ઉંચું નીચું સ્થાન જોઇને ચાલે, વસ્ત્રથી ગાળી જળ પિયે, સત્યે પવિત્ર કરી વચન બોલે, અને મનથી વિચાર કરી આચરણ કરે. ” (એવી શીક્ષા પણ આપવી જોઇએ).

माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः ।

न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ॥ चा० नि० अ० २। ११ ॥

તે માતા પિતા પોતાના સન્તાનોનાં વૈરી છે, કે જેમણે તેમને વિદ્યા પ્રાપ્તિ નથી કરાવી, તે (અવિદ્વાન બાળક) વિદ્વાનોની સભામાં તેવોજ તિરસ્કૃત અને કુશોભિત થાય છે, જેવો કે હંસોની વચમાં બગલો.

પોતાનાં સન્તાનોને તન, મન, ધન, વિદ્યા, ધર્મ, સભ્યતા અને ઉત્તમ શિક્ષાયુક્ત કરવાં. એજ માતા પીતાનું કર્તવ્ય કર્મ, પરમ ધર્મ અને કીર્તિનું કામ છે. આ બાલશિક્ષામાં થોડુંક લખ્યું, એટલાથીજ બુદ્ધિમાનો વિશેષ સમજી લેશે.

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामिकृते सत्यार्थप्रकाशे

सुभाषाविभूषिते बालशिक्षाविषये द्वितीयः

समुल्लासः सम्पूर्णः ॥ २ ॥

अथ तृतीयसमुल्लासारम्भः॥

अथाध्ययनाध्यापनविधिं व्याख्यास्यामः॥

હવે ત્રીજા સમુલ્લાસમાં પઠન પાઠનનો ક્રમ (પ્રકાર) લખવામાં આવે છે. બાળકોને ઉત્તમ વિદ્યા, શિક્ષા, ગુણ, કર્મ અને સ્વભાવરૂપી અલંકારો ધારણ કરાવવા, એ, માતા પિતા, આચાર્ય અને કુટુંબીઓનું પ્રથમ કર્ત્તવ્ય છે. સોના, ચાંદી, માણેક, મોતી અને (મૂંગા) પરવાળાં આદિ રત્નોથી જડિત અલંકારો ધારણ કરવાથી આત્મા કદિ પણ સુશોભિત થઇ શકતો નથી, કારણ કે અલંકારો ધારણ કરવાથી (પ્રાયઃ) કેવળ શરીરનું અભિમાન અને વિષયના ઉપભોગની પ્રબળ ઇચ્છા (આસક્તિ) થાય છે. તથા (કદાચિત્) ચોર આદિનો ભય અને (ક્વચિત્) મરણ પણ નીપજે છે. ઘરેણાંના લોભથી દુષ્ટ લોકો બાળક આદિને મારી નાંખે છે, એમ ઘણી વાર સાંભળવામાં તથા જોવામાં આવે છે.

विद्याविलास मनसो धृत शील शिक्षाः। सत्यव्रता रहित मानमलापहाराः॥
संसार दुःख दलनेन सुभूषिता ये। धन्या नरा विहितकर्मपरोपकाराः॥

જેઓ વિદ્યાના વિલાસમાં તત્પર રહી સુંદર શીલ અને સ્વભાવ-યુક્ત છે, સત્ય વાદિતા આદિ નિયમ પાળવામાં તત્પર રહી અભિમાન અને અપવિત્રતા આદિ દોષોથી રહિત છે, સત્ય ઉપદેશ અને વિદ્યા-દાનથી સાંસારિક મનુષ્યોના દુઃખને દૂર કરનારા થઇ, પવિત્ર વૈદિક કર્મોથી અન્યના ઉપકાર કરવામાં તત્પર રહે છે, તે નર અને નારીઓને ધન્યવાદ છે. માટે બાલક જ્યારે આઠ વરસનું થાય ત્યારે છોકરાને છોકરાની નિશાળમાં અને કન્યાને કન્યાશાળામાં મોકલી આપવાં. જે અધ્યાપક અથવા અધ્યાપિકા દુષ્ટ આચરણવાળાં હોય તો તેમની પાસેથી શિક્ષણ અપાવવું નહિં. કારણ કે, જે પૂર્ણ વિદ્વાન્ અને ધાર્મિક હોય તેજ ભણાવવાને અને શિક્ષા આપવાને લાયક છે. દ્વિજે (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યે) પોતાને ઘેર પુત્રોનો યજ્ઞોપવીત અને કન્યાઓનો પણ યથાયોગ્ય સંસ્કાર કરી ઉપર કહ્યા પ્રમાણે આચાર્ય કુલ એટલે પુત્રને પુત્રોની પાઠશાળામાં અને કન્યાને કન્યાશાળામાં મોકલી આપવાં.

વિદ્યા ભણવાનું સ્થાન એકાન્ત (સારા હવા પાણીવાળા) દેશમાં હોવું જોઇએ. બાળક અને બાલિકાઓની પાઠશાળા એક બે કોશ (ગાઉ) એક બીજાથી દૂર હોવી જોઇએ. ત્યાં (પાઠશાળામાં) અધ્યાપિકા, અધ્યાપક, નોકર ચાકર આદિ રાખવા તે કન્યા વિદ્યાલયમાં સર્વ સ્ત્રીઓજ અને કુમાર-વિદ્યાલયમાં સર્વ પુરૂષોજ હોવા જોઇએ. કન્યા વિદ્યાલયમાં પાંચ વર્ષનો બાલક તથા કુમાર-વિદ્યાલયમાં પાંચ વર્ષની બાલિકા પણ જવા પામવી ન જોઇએ. એટલે જ્યાં સુધી બ્રહ્મચારી અને બ્રહ્મચારિણી રહે ત્યાં સુધી સ્ત્રી અને પુરૂષનું દર્શન, સ્પર્શન, વિષય-કથન, પરસ્પર ક્રીડન (રમત), વિષયનું ધ્યાન અને સંગમન (એકઠા થવું) આ આઠ પ્રકારના મૈથુનોથી દૂર રહેવું. અને અધ્યાપકોએ પણ તેને (બ્રહ્મચારી અને બ્રહ્મચારિણીને) ઉક્ત-પ્રસંગોથી બચાવવા ધ્યાન આપવું, જેથી બ્રહ્મચારી અને બ્રહ્મચારિણી શરીરમાં પુષ્ટ થતા ઉત્તમ વિદ્યા, શિક્ષા, શીલ અને સ્વભાવ પ્રાપ્ત કરી પૂર્ણ આનન્દને નિત્ય પામે. વિદ્યાલયથી એક યોજન એટલે ચાર ગાઉ દૂર ગામ અથવા નગર હોવું જોઇએ. સર્વને સમાન વસ્ત્ર, ખાન, પાન અને આસન આપવાં. ભલે રાજકુમાર, રાજકુમારી અથવા દરિદ્રકુમાર દરિદ્ર કુમારી હોય પરંતુ સર્વેએ તપસ્વી થવું જોઇએ. બ્રહ્મચારીઓના માતા પિતા પોતાના બ્રહ્મચારીઓને અથવા બ્રહ્મચારીઓ પોતાના માતા પિતાને મળી શકે નહિ, તથા એક બીજા ઉપર પત્રવ્યવહાર પણ કરી શકે નહિં, તેવો પ્રબન્ધ કરવો; જેથી સાંસારિક ચિન્તાથી રહિત થઇને કેવળ વિદ્યા પ્રાપ્ત કરવામાંજ ચિત્ત રાખી શકે. જ્યારે ભમણ કરવા જાય ત્યારે પણ કોઇ પણ પ્રકારની કુચેષ્ટા અથવા આલસ્ય, પ્રમાદ ન કરી શકે તેટલા માટે ભ્રમણમાં પણ અધ્યાપકોએ સાથેજ રહેવું.

कन्यानां सम्प्रदानं च कुमाराणां च रक्षणम् ॥ मनु० अ, १९२

આ (અર્ધશ્લોક) નો અભિપ્રાય આ પ્રમાણે છે કે ઉક્ત પઠન પાઠનના પ્રકારમાં રાજ નિયમ અને જાત નિયમ હોવો જોઇએ, કે પાંચ વર્ષ અથવા આઠ વર્ષ પછી માતા પિતા પુત્રને અથવા પુત્રીને ઘેર રાખી શકે નહિં. પાઠશાળામાં અવશ્ય મોકલવાંજ જોઇએ અને જો ન મોકલે તો તેનો યથોચિત દંડ કરવો. પ્રથમ બાળકને યજ્ઞોપવીત સંસ્કાર ઘેર થવો જોઇએ અને બીજો પાઠશાળામાં (આચાર્યકુલમાં) થવો જોઇએ. માતા, પિતા અધ્યાપક, પુત્ર તથા પુત્રીને અર્થ સહિત ગાયત્રી મંત્રનો ઉપદેશ કરે તે મંત્ર આ પ્રમાણે છે.

ओ३म् भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य
धीमहि । धियो यो नः प्रचोदयात् ॥

આ મંત્રમાં જે પ્રથમ (**ओ३म्**) છે તેનો અર્થ પ્રથમ સમુલ્લાસમાં કરી દીધો છે. માટે ત્યાંથીજ જાણી લેવો. ત્રણ મહાવ્યાહૃતિનો અર્થ અત્ર સંક્ષેપથી લખીએ છીએ. "**भुरिति वै प्राणः**" "**यः प्राणयति चराचरं जगत् स भूः स्वयंभूरीश्वरः**"। જે સર્વ જગતના જીવનનો આધાર પ્રાણથી પણ પ્રિય, અને **स्वयम्भू** છે તે પ્રાણના વાચક થઇને "**भूः**" પરમેશ્વરનું નામ છે. "**भुवरित्यपानः**" "**यः सर्वं दुःखमपानयति सोऽपानः**" જે સર્વ દુઃખોથી રહિત જેના સંગથી જીવ સર્વ દુઃખોથી અલગ થઇ શકે છે, માટે તે પરમે-

શ્વરનું નામ " **भूवः** " છે. " **स्वरितिव्यानः** " " **यो विविधं जगद् व्यानयति व्याप्नोति स व्यानः** " જે અનેક પ્રકારવાળા જગત્‌માં વ્યાપક થઈને સર્વનો ધારણ કરનાર છે માટે પરમાત્માનું નામ " **स्वः** " છે. આ ત્રણે વચનો તૈત્તિરીયક આરણ્યકનાં છે. (**सवितुः**) " **यः सुनोत्युत्पादयति सर्वं जगत् स सविता तस्य** " જે સર્વ જગતનો ઉત્પાદક અને ઐશ્વર્યનો દાતા છે (**देवस्य**) "**यो दीव्यति दीव्यते वा स देवः** " જે સર્વ સુખોનો આપનાર, અને જેને પ્રાપ્ત કરવાને સર્વ લોકો ઇચ્છે છે. તે પરમાત્માનું જે (**वरेण्यम्**) " **वर्त्तुमर्हम्** " સ્વીકાર કરવાને યોગ્ય ઘણુંજ શ્રેષ્ઠ (**भर्गः**) " **शुद्धस्वरूपम्** " શુદ્ધ સ્વરૂપ અને પવિત્ર કરનાર ચેતન બ્રહ્મસ્વરૂપ છે (**तत्**) તેજ પરમાત્માના સ્વરૂપને અમે (**धीमहि**) " **धरेमहि** " ધારણ કરીએ. કારણ કે (**यः**) " **जगदीश्वरः** " જે સવિતા દેવ પરમાત્મા (**नः**) અમારી (**धियः**) બુદ્ધિને (**प्रचोदयात्**) " **प्रेरयेत्** " પ્રેરિત કરે. એટલે ખરાબ કામોમાંથી દૂર કરી સારાં કામોમાં પ્રવૃત્ત કરે. " **हे परमेश्वर ! हे सच्चिदानन्द स्वरूप ! हेनित्य शुद्धबुद्धमुक्तस्वभाव ! हे निरंजन ! निर्विकार ! हे सर्वान्तर्यामिन् ! हे सर्वाधार ! जगत्पते ! सकलजगदुत्पादक ! हे अनादे ! विश्वंभर ! सर्व व्यापिन् ! हे करूणामृतवारिधे ! सवितुर्देवस्य तव यदों भूर्भुवः स्वर्वरेण्यं भर्गोऽस्ति तद्वयं धीमहि दधीमहि धरेमहि ध्यायेमहि वा कस्मै प्रयोजनायेत्यत्राह । हे भगवन् यः सविता देवः परमेश्वरो भवानस्माकं धियः प्रचोदयात् एवास्माकं पूज्य उपासनीयः इष्टदेवो भवतु नातोऽन्यं भवत्तुल्यं भवतोऽधिकंच कंचित्कदाचित् मन्यामहे** " હે મનુષ્યો સર્વ સમર્થ પુરૂષોમાં તે વધારે સમર્થ સચ્ચિદાનન્દ સ્વરૂપ, નિત્ય શુદ્ધબુદ્ધ, મુક્ત સ્વભાવવાળો, કૃપાસમુદ્ર, યોગ્ય રીતે ન્યાય કરનાર, જન્મ મરણ આદિ દુઃખોથી રહિત, આકાર રહિત, સર્વના અન્તઃકરણને જાણનાર, સર્વનો ધારણ કરનાર પિતા, ઉત્પાદક, અનાજ આદિથી સંસારનું પોષણ કરનાર, સંપૂર્ણ ઐશ્વર્ય સહિત, જગતનો બનાવનાર, શુદ્ધ સ્વરૂપ, અને જેની પ્રાપ્તિ (મેળાપ) ઇચ્છવા યોગ્ય છે, તે પરમાત્માનું જે શુદ્ધ ચેતન સ્વરૂપ છે તેનેજ અમે ધારણ કરીએ–એ પ્રયોજનને માટે કે તે પરમેશ્વર અમારા આત્મા અને બુદ્ધિનો અન્તર્યામી સ્વરૂપ, અમને ખરાબ આચરણ અને અધર્મવાળા માર્ગથી દૂર કરી, સારાં આચરણ અને સત્યમાર્ગમાં ચલાવે. તેને મૂકી દઇ બીજી કોઇ વસ્તુનું ધ્યાન અમે નહીં કરીએ કારણ કે તેના જેવો અથવા અધિક બીજો કોઇ નથી, તેજ અમારો પિતા, રાજા, ન્યાયાધીશ અને સર્વ સુખોને આપનાર છે.

આ પ્રમાણે ગાયત્રી મંત્રનો ઉપદેશ કરી સન્ધ્યા–ઉપાસના, સ્નાન, આચમન, અને પ્રાણાયામ આદિની રીત શીખવે. સ્નાન કરવાથી શરીરના બહારના અવયવોની શુદ્ધિ અને નીરોગતા (આરોગ્ય) આદિ લાભ થાય છે. તેમાં પ્રમાણ:—

अद्भिर्गात्राणि शुध्यन्ति, मनः सत्येन शुध्यति ।
विद्या तपोभ्यां भूतात्मा, बुद्धिर्ज्ञानेन शुध्यति ॥

આ મનુસ્મૃતિનો શ્લોક છે. જળથી શરીરના બાહ્ય અવયવો; સદાચરણથી મન, વિદ્યા અને તપ સર્વ પ્રકારનાં દુઃખોને સહન કરી ધર્મનુંજ અનુષ્ઠાન કરવાથી જીવાત્મા; જ્ઞાન

અર્થાત્ પૃથિવીથી લઇ પરમેશ્વર સુધીના પદાર્થોના વિવેકથી બુદ્ધિ (દૃઢ નિશ્ચય) પવિત્ર થાય છે. માટે ભોજન કર્યા પ્હેલાં સ્નાન અવશ્ય કરવું.

પ્રાણાયામ કરવો તેમાં પ્રમાણ—" **प्राणायामादशुद्धि क्षये ज्ञानदीप्तिराविवेकख्यातेः** " આ યોગશાસ્ત્રનું સૂત્ર છે. જ્યારે મનુષ્ય પ્રાણાયામ કરે છે ત્યારે દરેક ક્ષણે ઉત્તરોત્તર કાળમાં અશુદ્ધિનો નાશ અને જ્ઞાનનો પ્રકાશ થતો જાય છે. મુક્તિ જ્યાં સુધી નથી થતી ત્યાં સુધી પ્રાણાયામ કરનારના આત્મામાં બરાબર જ્ઞાન વધતુંજ જાય છે.

दह्यन्ते ध्मायमानानां धातूनां हि यथा मलाः ।
तथेन्द्रियाणां दह्यन्ते दोषाः प्राणस्य निग्रहात् ॥

આ મનુસ્મૃતિનો શ્લોક છે—જેમ અગ્નિમાં તપાવવાથી સોના આદિ ધાતુનો મેલ નીકળી જઇ સોનું શુદ્ધ થાય છે, તેમ પ્રાણાયામ કરવાથી મન આદિ ઇંદ્રિયો દોષોથી દૂર થઇ નિર્મળ થાય છે. "**प्रच्छर्द्दन विधारणाभ्यां वा प्राणस्य**" **योगसूत्र १। ३४** જેમ ઘણા વેગથી ઉલટી થઇ અન્ન અને જળ બ્હાર નીકળી જાય છે તેમ પ્રાણવાયુને જોરથી બ્હાર કાઢી બને ત્યાં સુધી બ્હારજ રોકવો. જ્યાં સુધી પ્રાણ-વાયુને બ્હાર રાખી શકાય ત્યાં સુધી મૂળ-ઇન્દ્રિય ઉપર ખેંચી રાખવી, જ્યારે ગભરાટ થવા માંડે ત્યારે બ્હારના પ્રાણ-વાયુને ધીમે ધીમે અન્દર લેવો. આવી રીતે અભ્યાસ કરવાથી પ્રાણ વધારેવાર બ્હાર રાખી શકાય છે. પ્રાણાયામ કરતી વખતે **ओ३म्** નો જપ કરવો. આ પ્રમાણે પ્રાણાયામ કરવાથી આત્મામાં અને મનમાં પવિત્રતા સ્થિર રહે છે. પ્રાણાયામ ચાર પ્રકારના છેઃ—

१ बाह्य विषय—પ્રાણ વાયુને બ્હારજ વધારે રોકવો.

२ आभ्यन्तर—અન્દર જેટલો પ્રાણ રોકી શકાય તેટલો રોકવો.

३ स्तम्भवृत्ति—પ્રાણ જ્યાં હોય ત્યાં એકદમ રોકી દેવો.

४ बाह्याभ्यन्तराक्षेपी—પ્રાણ જ્યારે અન્દરથી બ્હાર નીકળવા માંડે ત્યારે તે (પ્રાણ) નીકળી શકે નહિ માટે ઉલટો બ્હારનો પ્રાણ અન્દર લેવો, અને જ્યારે બ્હારનો પ્રાણ અન્દર આવવા માંડે ત્યારે અન્દરથી ધક્કા મારી બ્હાર રોકવાનો પ્રયત્ન કરવો. આવી રીતે એક-બીજા (પ્રાણ) થી ઉલટી ક્રિયા કરવાથી પ્રાણ પોતાને વશ થઇ જાય છે અને પ્રાણ વશ થવાથી મન અને ઇન્દ્રિયો પણ વશ થઇ જાય છે.

પ્રાણાયામ કરવાથી બલ અને પુરૂષાર્થ વધે છે અને બુદ્ધિ ઘણી સૂક્ષ્મ થઇ, અતિ કઠિન અને સૂક્ષ્મ વિષયોને પણ જલદી સમજી શકે છે. પ્રાણાયામ કરવાથી મનુષ્ય, વીર્યવાન્ બલવાન્, પરાક્રમી અને જીતેન્દ્રિય થઇ થોડાજ સમયમાં સર્વ શાસ્ત્રને સમજી યાદ કરી શકે છે. સ્ત્રીઓ પણ ઉપર કહ્યા પ્રમાણેજ યોગ્યાભ્યાસ કરે. ભોજન, આચ્છાદન, બેસવું, ઉઠવું, બોલવું, ચાલવું, મ્હોટા ન્હાનાની સાથે યથાયોગ્ય વ્યવહાર આદિનો ઉપદેશ કરવો. " **सन्ध्योपासन** " જેને **ब्रह्मयज्ञ** પણ કહે છે " આચમન ". હથેળીમાં તેટલું જળ લેવું


કે, હથેળીમાંના જળને મૂળમાં અને મધ્યભાગમાં ઓષ્ઠ લગાડીને પીધું એટલે તે (જળ) ગળાની નીચે હૃદય સૂધી પહોંચે-બસ, તેથી વધારે કે ઓછું લેવું નહિ. " આવી રીતે આચમન કરવાથી કંઠમાં રહેલ કફ અને પિત્તની થોડીક નિવૃત્તિ થાય છે. " માર્જન " એટલે મધ્યમા (વચલી અને અનામિકા) વચલીની જમણી બાજુમાં રહેલી આંગળીના અગ્રભાગ વડે નેત્રાદિ અંગો ઉપર જળ છાંટવું. આમ કરવાથી આલસ્ય (આળસ) દૂર થાય છે. પણ જો આલસ્ય અથવા જળ ન હોય તો માર્જન ન કરવું. પછી મંત્ર સહિત પ્રાણાયામ, મનસાપરિક્રમણ અને ઉપસ્થાન કર્યા પછી પરમેશ્વરની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસનાની રીતિ શીખવવી. ત્યાર બાદ " અઘમર્ષણ " એટલે પાપ કરવાની ઇચ્છા કદિ પણ કરવી નહિ તે સમજાવવું. સન્ધ્યોપાસન એકાન્ત દેશમાં એકાગ્ર ચિત્તથી કરવું.


अपां समीपे नियतो नैत्यकं विधिमास्थितः ।

सावित्रीमप्यधीयीत गत्वारण्यं समाहितः ॥ मनु. अ. २ । १०४ ।


આ મનુસ્મૃતિનો શ્લોક છે—જંગલમાં અથવા એકાન્ત દેશમાં જળની સામે સાવધાન થઇને નિત્ય કર્મ કરવું. અને સાવિત્રી એટલે ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ અર્થજ્ઞાન તથા તદનુસાર પોતાનું આચારણ કરવું. પરન્તુ એ જપ મનથી કરવો ઉત્તમ છે. બીજો "દેવયજ્ઞ" કે જે વિદ્વાનોના સમાગમથી સિદ્ધ થાય છે-સંધ્યા અને અગ્નિહોત્ર પ્રાતઃકાળે અને સાયંકાળે કરવા, કારણ કે રાત અને દિવસની બેજ સંધ્યા છે ત્રીજી કોઇ સંધ્યા નથી. ઓછામાં ઓછું એક કલાક તો અવશ્ય ધ્યાન કરવું. જેવા રીતે સમાધિસ્થ યોગી લોકો પરમાત્માનું ધ્યાન કરે છે તેવી રીતે સંધ્યોપાસન પણ કરવું.

સૂર્યના ઉદય થયા પછી અને અસ્ત થયા પ્હેલાં પણ અગ્નિહોત્ર કરી શકાય છે. તેને માટે કોઇ એક ધાતુ યા માટીની ઉપર ચોતરફ ૧૨ અથવા ૧૬ આંગળ અને તેટલીજ ઉંડી અને નીચે ૩ અથવા ૪ આંગળ પરિમાણ વાળી વેદી આ પ્રમાણે બનાવ અર્થાત ઉપર જેટલી પ્હોળી હોય તેના કરતાં ચોથા ભાગની નીચે પ્હોળી જોઇએ. તેમાં (વેદીમાં) સુખડનાં, પિપળાનાં અને આંબાના સારાં કાષ્ઠો વેદીના પરિમાણ પ્રમાણે ન્હાના મ્હોટા કડકા કરી વેદીમાં મૂકવાં. તેની વચમાં અગ્નિ રાખી તેના ઉપર ઉક્ત સમિધા (લાકડાં) રાખે.



એક પ્રોક્ષણી પાત્ર આવું  અને ત્રીજું પ્રણીતાપાત્ર: 

આવા પ્રકારનું અને એક  આવી આજ્યસ્થાલી એટલે ઘી રાખવાનું પાત્ર

ચમસ  આવો સોનાનો અથવા ચાંદીનો અથવા કાષ્ઠનો બનાવી પ્રણીતા અને પ્રોક્ષણીમાં જળ તથા ઘૃતપાત્રમાં ઘી રાખી ઘીને તપાવી લેવું. પ્રણીતા અને પ્રોક્ષણીમાં જળ રાખવાનું એ પ્રયોજન છે કે હાથ ધોવાને પાણી લેવું સુગમ થઇ પડે. પછી ઘીને સારી રીતે તપાસીને નીચેના મંત્રોથી હોમ કરવો.

ओ३म् भूरग्नये प्राणाय स्वाहा । ओ३म् भुववायवेऽपानाय स्वाहा । स्वरादित्याय व्यानाय स्वाहा । भूर्भुवः स्वरग्निवाय्वादित्येभ्यः प्राणापानव्यानेभ्यः स्वाहा ॥

ઇત્યાદિ અગ્નિહોત્રના એક એક મંત્ર બોલી એક એક આહુતિ અને જો વધારે આપવી હોય તો **विश्वानि देव सवितर्दुरितानि परासुव यद्भद्रं तन्न आसुव ।** આ મંત્ર અને પૂર્વોક્ત ગાયત્રી મંત્રથી આહુતિ આપવી. "**ओ३म्**" "**भूः**" અને "**प्राणः**" આદિ બધાં નામો પરમેશ્વરના વાચક છે. એનો અર્થ કહેવામાં આવી ગયો છે. **स्वाहा** શબ્દનો અર્થ–જેવું જ્ઞાન આત્મામાં હોય તેવુંજ જીભથી બોલે–વિપરીત નહિ. જેમ પરમેશ્વરે સર્વ પ્રાણીઓના સુખને માટે આ જગત્‌માં દરેક પદાર્થો રચ્યા છે તેમ મનુષ્યોએ પણ પરોપકાર કરવો જોઇએ.

(**પ્રશ્ન**) હવન કરવાથી શો ઉપકાર થાય છે ? (**ઉત્તર**) સર્વ લોક જાણી શકે છે કે દુર્ગન્ધ વાયુ અને જળથી રોગ, અને રોગથી પ્રાણીઓને દુઃખ, અને સુગન્ધિત–વાયુ તથા જળથી આરોગ્ય અને રોગનાશ થવાથી સુખ પ્રાપ્ત થાય છે. (**પ્રશ્ન**) ચન્દન આદિ ઘસીને કોઇને લગાવે તથા ઘી આદિ કોઇને ખાવા આપે તો મ્હોટો ઉપકાર થાય, પરન્તુ અગ્નિમાં નાંખી વ્યર્થ નષ્ટ કરવું એ બુદ્ધિમાનનું કામ નથી. (**ઉત્તર**) જો તમે પદાર્થવિદ્યા જાણતા હોત તો કોઇ દિવસ એવી વાત કહેત નહિં, કારણ કે કોઇ પણ દ્રવ્યનો વિનાશ થતો નથી; જેમ દૂર રહેલા મનુષ્યો દુર્ગન્ધનું ગ્રહણ કરે છે તેમ દૂર રહેલા મનુષ્યો હવનથી સુગન્ધિત થયેલા વાયુનું પણ ગ્રહણ કરે છે. આટલાથી જ સમજી લ્યો કે અગ્નિમાં નાંખેલો પદાર્થ સૂક્ષ્મરૂપે ફેલાઇ વાયુની સાથે દૂરદૂર દેશમાં જઇ દુર્ગન્ધનો નાશ કરે છે. (**પ્રશ્ન**) જો એમ છે તો કેશર, કસ્તૂરી, સુગન્ધિત ફુલ અને અત્તર આદિ ઘરમાં રાખવાથી વાયુ સુગન્ધિત થઇ ઉપકાર થશે. (**ઉત્તર**) તે સુગન્ધની તે શક્તિ નથી કે ગૃહસ્થિત વાયુને બ્હાર કાઢી શુદ્ધ વાયુને ગૃહમાં પ્રવેશ કરાવી શકે, કારણ કે તેમાં ભેદક શક્તિ નથી. તે અગ્નિમાંજ શક્તિ છે કે વાયુ અને દુર્ગન્ધવાળા પદાર્થોને છિન્નભિન્ન તથા હલકા કરી બ્હાર કાઢી પવિત્ર વાયુને પ્રવેશ કરાવે. (**પ્રશ્ન**) ત્યારે મંત્ર બોલીને હોમ કરવાનું શું પ્રયોજન છે ? (**ઉત્તર**) હોમ કરવાથી શો લાભ છે તેનો અર્થ તે મંત્રોમાં છે, મંત્રોના વારંવાર બોલવાથી મંત્રો કંઠસ્થ થાય છે, વેદ ગ્રંથનું પઠન પાઠન અને રક્ષા પણ થાય છે. (**પ્રશ્ન**) શું હવન ન કરવાથી પાપ થાય છે ? (**ઉત્તર**) હા, કે મનુષ્યના શરીરમાંથી જેટલી દુર્ગન્ધ નીકળી વાયુ અને જળને બગાડી રોગની ઉત્પત્તિમાં નિમિત્ત થઇ પ્રાણિઓને કષ્ટદાયક થઇ પડે છે તેટલું પાપ તે મનુષ્યને લાગે છે. માટે તે પાપના વિનાશને માટે તેટલી અથવા તેનાથી વધારે સુગન્ધ વાયુ અને જળમાં ફેલાવવી જોઇએ. ખવરાવવા પીવરાવવાથી એક માણસને સુખ થાય છે. જેટલું ઘી અથવા ઉત્તમ દ્રવ્ય એક મનુષ્ય ખાય છે તેટલાજ ઘી અથવા દ્રવ્યને અગ્નિમાં હોમવાથી લાખો માણસોનો ઉપકાર થાય છે. હાં ! જો મનુષ્ય ઘી આદિ ઉત્તમ પદાર્થ ન ખાય તો તેના શરીર અને આત્માની ઉન્નતિ થઇ શકે નહિ માટે ખવરાવવું પીવરાવવું પણ જોઇએ. પરન્તુ તેથી હોમમાં અનાદર કરવો તે યોગ્ય નથી. માટે હોમ અવસ્ય કરવો જોઇએ. (**પ્રશ્ન**) પ્રત્યેક

મનુષ્યે કેટલી આહુતિ આપવી જોઇએ અને એક એક આહુતિનું કેટલું પરિમાણ છે ? (ઉત્તર) દરેક મનુષ્યે સોળ સોળ આહુતિ આપવી જોઇએ, અને એક આહુતિનું પરિમાણ ઓછામાં ઓછું ૬ માસાનું હોવું જોઇએ અને જો તેનાથી વધારે કરે તો વધારે સારૂં. તેટલા માટે આર્યવર શિરોમણિ મહાશય ઋષિ મહર્ષિ, રાજામહારાજાઓ ઘણા યજ્ઞો કરતાં, કરાવતાં હતા. જ્યાં સુધી હોમનો પ્રચાર રહ્યો ત્યાં સુધી આર્યાવર્ત્તદેશ રોગોથી દૂર અને સુખોથી પૂર્ણ હતો. હાલમાં પણ જો યજ્ઞોનો પ્રચાર થાય તો દેશ તેવોજ થઇ જાય. આ બે યજ્ઞો—એટલે (૧) " બ્રહ્મયજ્ઞ " ભણવું ભણાવવું, સંધ્યા ઉપાસના ઇશ્વર સ્તુતિ કરવી, અને (૨) "દેવયજ્ઞ" અગ્નિહોત્રથી લઇ અશ્વમેધ પર્યન્ત યજ્ઞ અને વિદ્વાનોની સેવા, સંગતિ—થવાં જોઇએ, પરન્તુ બ્રહ્મચર્યાવસ્થામાં કેવળ બ્રહ્મયજ્ઞ અને અગ્નિહોત્રજ કરવા પડે છે.

ब्राह्मणस्त्रयाणां वर्णानामुपनयनं कर्तुमर्हति
राजन्यो द्वयस्य । वैश्यो वैश्यस्यैवेति ।
शूद्र मपि कुलगुणसम्पन्नं मंत्रवर्जमनुपनीतमध्यापयेत्

આ સુશ્રુતના સૂત્રસ્થાનના બીજા અધ્યાયનું વચન છે. **અર્થ**—બ્રાહ્મણ ત્રણે વર્ણ—બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને; ક્ષત્રિય, ક્ષત્રિય અને વૈશ્યને અને વૈશ્ય, વૈશ્યને યજ્ઞોપવીત કરી ભણાવી શકે છે. અને જો કુલીન સારા લક્ષણવાળો (સદાચારી) શૂદ્ર હોય તો તેને મંત્ર સંહિતા વિના સર્વ શાસ્ત્ર ભણાવે. શૂદ્ર ભણે, પણ તેનો ઉપનયન સંસ્કાર ન કરવો, એવો અનેક આચાર્યોનો મત છે. પશ્ચાત્ (ઉપનયન સંસ્કાર થયા પછી) પાંચમે વર્ષે અથવા આઠમે વર્ષે પુત્ર, પુત્રોની પાઠશાળામાં અને પુત્રી, પુત્રીઓની પાઠશાળામાં જાય. અને નીચે બતાવ્યા પ્રમાણે નિયમપૂર્વક અધ્યયનનો આરંભ કરે.

षट्त्रिंशदाब्दिकं चर्य्यं गुरौ त्रैवेदिकं व्रतम् ।
तदर्धिकं पादिकं वा ग्रहणान्तिकमेव वा ॥

આઠમા વર્ષથી લઇ છત્રીશ એટલે ૩૬ + ૮ = ૪૪ વરસ બ્રહ્મચર્ય પાળી વેદાધ્યયન કરવું અથવા આઠમા વર્ષથી લઇ અરાઢ વરસ એટલે ૧૮ + ૮ = ૨૬ વરસ બ્રહ્મચર્ય પાળી વેદાધ્યયન કરવું.

અથવા આઠમા વર્ષથી લઇ નવ વરસ એટલે ૮ + ૯ = ૧૭ વરસ બ્રહ્મચર્ય પાળી વેદાધ્યયન કરવું.

અથવા જ્યાં સુધી વિદ્યા પૂરી ન થાય ત્યાં સુધી બ્રહ્મચર્ય રાખવું. પ્રત્યેક, એટલે એક એક વેદ ભણતાં બાર બાર વરસ લાગે છે.

" पुरुषो वाव यज्ञः तस्य यानि चतुर्विंशति वर्षाणि तत्प्रातःसवनम् "
चतुर्विंशत्यक्षरा गायत्री गायत्रं प्रातः सवनम् । तदस्य वसवो अन्वायत्ताः प्राणावाव वसव एते हीदं सर्वं वासयन्ति ॥ १ ॥

तं चेदेतस्मिन् वयसि किंचित् उपतपेत् स ब्रूयात् प्राणाः वसवः इदं मे प्रातःसवनं माध्यंदिनं सवनम् अनुसंतनुतेति माहं प्राणानां वसूनां मध्ये यज्ञो विलोप्सीय इत्युद्धैव तत एत्यगदो ह भवति ॥ २ ॥

अथ यानि चतुश्चत्वारिंशद्वर्षाणि तन्माध्यंदिनं सवनं चतुश्चत्वारिंशदक्षरा त्रिष्टुप् त्रैष्टुभं माध्यंदिनं सवनं तदस्य रुद्रा अन्वायत्ताः प्राणा वाव रुद्रा एते हीदं सर्वं रोदयन्ति ॥ ३ ॥

तं चेदेतस्मिन् वयसि किंचित् उपतपेत् स ब्रूयात् प्राणा रुद्रा इदं मे माध्यंदिनं सवनं तृतीयसवनम् अनुसन्तनुतेति माहं प्राणानां रुद्राणां मध्ये यज्ञो विलोप्सीय इत्युद्धैव तत एत्यगदो ह भवति ॥ ४ ॥

अथ यानि अष्टचत्वारिंशद्वर्षाणि तृतीयसवनम् अष्टचत्वारिंशदक्षरा जगती जागतं तृतीयसवनं तदस्यादित्या अन्वायत्ताः प्राणा वावादित्या एते हीदं सर्वमाददते ॥ ५ ॥

तं चेदेतस्मिन् वयसि किंचित् उपतपेत् स ब्रूयात् प्राणा आदित्याः इदं मे तृतीयसवनम् आयुरनुसंतनुतेति माहं प्राणानाम् आदित्यानां मध्ये यज्ञो विलोप्सीय इत्युद्धैव तत एत्यगदो हैव भवति ॥ ६ ॥

આ છાન્દોગ્યોપનિષદ્ પ્રપાઠક ૩ ખંડ ૧૬ નું વચન છે. બ્રહ્મચર્ય ત્રણ પ્રકારનું હોય છે. કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ. પુરૂષે (અન્ન રસમય પુરી એટલે દેહમાં શયન કરનાર જીવાત્માએ) જિતેન્દ્રિય અને બ્રહ્મચારી રહી વેદાદિ સત્ય વિદ્યા અને સુશિક્ષાનું ગ્રહણુ કરી અતિ પવિત્ર કર્મો કરવાં. વિવાહ કરીને પણુ જે વિષય લમ્પટ થતો નથી તેના શરીરમાં પ્રાણુ બળવાન્ થઈને સારા ગુણોને વસાવનારો થાય છે. આ પ્હેલી ઉમ્મરમાં બ્રહ્મચારીને વિદ્યાભ્યાસ કરવામાં કષ્ટ પડશે; પરંતુ આચાર્ય તેને સારો ઉપદેશ આપ્યા કરે અને બ્રહ્મચારી પણુ તેવોજ નિશ્ચય કરે કે જો હું પ્હેલી અવસ્થામાં બરાબર બ્રહ્મચારી રહીશ તો મ્હારૂં શરીર નીરોગ અને બલવાન થઈ શુભ ગુણોને વસાવનાર પ્રાણનું ધારણુ કરશે. હે મનુષ્યો તમે એ પ્રમાણે સુખને વધારો. જો હું ૨૪ વર્ષ સુધી, બ્રહ્મચર્યનો લોપ ન કરી, ગૃહાશ્રમમાં પ્રવેશ કરીશ તો મ્હારી આયુ ૭૦ કે ૮૦ વર્ષની થશે એ નિશ્ચય છે.

મધ્યમ બ્રહ્મચર્ય—જે માણુસ ૪૪ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળતો વેદાભ્યાસ કરતો રહે છે, તેના પ્રાણ, ઇન્દ્રિયો, અન્તઃકરણુ અને આત્મા બળવાન્ થઈ સર્વ દુષ્ટોને રડાવનાર અને શ્રેષ્ઠને પાળનાર થાય છે. જો હું આ પ્રથમ વયમાં જેવી રીતે આપ કહો છો તેવી

રીતે કાંઈક તપશ્ચર્યા કરું તો મારો આ રૂદ્ર રૂપ પ્રાણ મધ્યમ બ્રહ્મચર્ય સિદ્ધ કરી શકે. બ્રહ્મચારીઓ ! તમે આ બ્રહ્મચર્યને વધારો. જેવી રીતે હું બ્રહ્મચર્યનો લોપ નહિ કરી યજ્ઞસ્વરૂપ થયો છું તથા તેજ ગુરૂકુળમાંથી આવી નીરોગ થયો છું, તથા જેવી રીતે આ બ્રહ્મચારી સારાં કામ કરે છે તેવી રીતે તમે કર્યા કરો.

ઉત્તમ બ્રહ્મચર્ય ૪૮ વર્ષ સુધીનું છે જેવી રીતે ૪૮ અક્ષરનો જગતી છન્દ છે તેવીજ રીતે ૪૮ વરસનું બ્રહ્મચર્ય છે. જેઓએ ઉત્તમ બ્રહ્મચર્ય પાળ્યું છે તેઓનો પ્રાણ બલિષ્ઠ અને અનુકૂળ થઇ સર્વ વિદ્યાનું ગ્રહણ કરી શકે છે. જે આચાર્ય અને માતા પિતા પોતાના સન્તાનોને વિદ્યા અને ગુણ કર્મ શીખવવાને તપસ્વી બનાવે છે અને ઉપદેશ આપે છે તે સન્તાનો પોતાની મેળેજ અખંડિત ઉત્તમ બ્રહ્મચર્ય સેવી પૂર્ણ ચારસો વરસની આયુ વધારી શકે છે; કારણ કે જેઓએ ઉત્તમ પ્રકારનું બ્રહ્મચર્ય સેવ્યું છે તેઓ સર્વ પ્રકારના રોગોથી રહિત થાય છે અને તેઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

चतस्रोऽवस्थाः शरीरस्य वृद्धिर्यौवनं संपूर्णता किंचित्परिहाणिश्चेति आषोडशाद्वृद्धिः । आपंचविंशतेर्यौवनम् । आचत्वारिंशतः सम्पूर्णता । ततः किंचित्परिहाणिश्च ॥

पञ्चविंशे ततो वर्षे पुमान्नारी तु षोडशे ।
समत्वागतवीर्यौ तौ जानीयात् कुशलो भिषक् ॥

આ સુશ્રુતના સૂત્ર સ્થાન ૩૫ મા અધ્યાયનું વાક્ય છે, આ શરીરની ચાર અવસ્થા છે. વૃદ્ધિ, યૌવન, સંપૂર્ણતા અને કિંચિત્પરિહાણિ. ૧૬ થી લઇ ૨૫ મા વર્ષ સુધી વૃદ્ધિ એટલે શરીરની સર્વધાતુઓ વધવા માંડે છે. ૨૫ મા વર્ષથી યૌવન શરૂ થાય છે, ૪૦ મા વર્ષ પર્યંત સંપૂર્ણતા રહે છે અને ત્યાર પછી કિંચિત્પરિહાણિ એટલે શરીરમાં નિર્બળતા આવવા માંડે છે. ૪૦ મું વર્ષ વિવાહને માટે ઉત્તમ છે. અને ઉત્તમોત્તમ સમય તો ૪૮ વર્ષનોજ છે. (**પ્રશ્ન**) શું, આ બ્રહ્મચર્ય પાળવાનો નિયમ સ્ત્રી અને પુરૂષ બન્નેને માટે સમાન છે ? (**ઉત્તર**) નહિં. જો પુરૂષ ૨૫ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળે તો કન્યા ૧૬ વર્ષ સુધી પાળે. જો પુરૂષ ૩૦ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળે તો કન્યા ૧૭ વર્ષ સુધી. જો પુરૂષ ૩૬ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળે તો કન્યા ૧૮ વર્ષ સુધી, જો પુરૂષ ૪૦ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળે તો કન્યા ૨૦ વર્ષ સુધી, જો પુરૂષ ૪૪ વર્ષ સુધી પાળે તો કન્યા ૨૨ વર્ષ સુધી. જો પુરૂષ ૪૮ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળે તો કન્યા ૨૪ વર્ષ સુધી. ૪૮ વર્ષથી આગળ (વધારે) પુરૂષે અને ૨૪ વર્ષથી વધારે કન્યાએ બ્રહ્મચર્ય પાળવું ન જોઇએ. જો કે આ નિયમ વિવાહ કરવાની ઇચ્છા રાખનાર કન્યા અને પુરૂષને માટે છે, પરન્તુ જે કન્યા અથવા પુરૂષ વિવાહ કરવાની ઇચ્છાજ ન રાખતાં હોય તેઓ તો મરણ સુધી બ્રહ્મચર્ય રાખી શકે છે. પરન્તુ એ પૂર્ણ વિદ્વાન, જિતેન્દ્રિય અને નિર્દોષ યોગી અથવા યોગિનીઓનું કામ છે-કામના પ્રબળ વેગને રોકી ઇન્દ્રિયોને વશ કરી લેવી એ ઘણુંજ કઠિન કામ છે.

ऋतं च स्वाध्यायप्रवचने च । सत्यं च स्वाध्यायप्रवचने च ॥
तपश्च स्वाध्यायप्रवचने च । दमश्च स्वाध्यायप्रवचने च ॥
शमश्च स्वाध्यायप्रवचने च । अग्नयश्च स्वाध्याय प्रवचने च ॥
अग्निहोत्रं च स्वाध्यायप्रवचने च । अतिथयश्च स्वाध्याय प्रवचने च ॥
मानुषं च स्वाध्यायप्रवचने च । प्रजा च स्वाध्यायप्रवचने च ॥
प्रजनश्च स्वाध्यायप्रवचने च । प्रजातिश्च स्वाध्यायप्रवचने च ॥

આ તૈત્તિરીયોપનિષદ્ પ્રપા૦ ૭ અનુ૦ ૯ નું વચન છે. શિક્ષક અને શિષ્યનો એ નિયમ છે કે, ઉત્તમ આચરણથી ભણે અને ભણાવે, સત્ય આચરણથી સત્ય વિદ્યાને ભણે અને ભણાવે. (तपः) ધર્માનુષ્ઠાન કરતા ભણે અને ભણાવે. (दमः) ઇન્દ્રિયોને ખરાબ કામમાંથી રોકી ભણે અને ભણાવે. (शमः) મનને સર્વ પ્રકારના દોષોથી અલગ રાખી ભણે અને ભણાવે. (अग्नयः) આહવનીયાદિ અગ્નિ અને વિદ્યુત્ આદિને જાણતા ભણે અને ભણાવે (अग्निहोत्रम्) અગ્નિહોત્ર કરતા ભણે અને ભણાવે. (अतिथय) અતિથિઓની સેવા કરતા ભણે અને ભણાવે. (मानुषं) મનુષ્યને હિતકર વ્યવહાર કરતા ભણે અને ભણાવે, (प्रजा) સન્તાન અને રાજ્યને પાલન કરતા ભણે અને ભણાવે. (प्रजन०) વીર્યનું રક્ષણ કરતા ભણે અને ભણાવે. (प्रजातिः) પોતાના સન્તાન અને શિષ્યનું પાલન કરતા ભણે અને ભણાવે.

यमान् सेवेत सततं न नियमान् केवलान् बुधः ।
यमान्पतत्य कुर्वाणो नियमान् केवलान् भजन् ॥

मनु० अ० ४–२०४

યમોને છોડીને નિયમોનું સેવન કરવું નહિ. એટલે બન્નેનું સાથે સેવન કરવું. જે માણસ યમોનો ત્યાગ કરી કેવળ નિયમોનુંજ સેવન કરે છે તે ઉન્નતિને પ્રાપ્ત ન થઇ અધોગતિમાં જાય છે. અર્થાત્ સંસારમાં દુ:ખી રહે છે.

યમ પાંચ પ્રકારના છે.

तत्राहिंसासत्याऽस्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ।

योग साधनपादे सूत्र ३०

(अहिंसा) વૈર છોડવું (सत्य) સત્ય માનવું, સત્ય બોલવું, અને સત્ય કરવું. (अस्तेय) મન, વચન અને શરીરથી ચોરી નહિ કરવી, (ब्रह्मचर्य) ઉપસ્થ-ઇન્દ્રિયનો નિરોધ અથવા વીર્યનું રક્ષણ કરવું, (अपरिग्रह) અત્યન્ત લોભનો ત્યાગ કરી, " આ મારૂંજ છે " એવો અભિમાનનો ત્યાગ કરી વર્ત્તવું એ પાંચ યમોને હમેશાં સેવવા. નિયમ—

शौचसन्तोषतपः स्वाध्यायेश्वरप्राणिधानानि नियमाः ।

योग० साधनपादे सू० ३२

(**शौच**) સ્નાન આદિથી શરીરની પવિત્રતા રાખવી, (**संतोष**) સારી રીતે પ્રસન્નતાથી પુરૂષાર્થ જેટલો બને તેટલો કરવો પણ લાભ અને હાનિમાં હર્ષ તથા શોક કરવો નહિ તે સંતોષ—ન કે નિરૂદ્યમી થઇ બેસી રહેવું. (**तप**) કષ્ટ સહન કરીને પણ ધર્મનું પાલન કરવું, (**स्वाध्याय**) ભણવું અને ભણાવવું. (**ईश्वरप्रणिधान**) આત્મામાં સદા ઇશ્વર ભક્તિ રાખવી.

कामात्मता नप्रशस्ता नचैवेहास्त्यकामता ।
काम्यो हि वेदाधिगमः कर्म योगश्च वैदिकः ॥

मनु० अ. २–२८

અર્થ—ઇચ્છા કરવામાં અત્યન્ત આસક્તિ તથા અત્યન્ત ઉપેક્ષા (બેદરકારી) કોઇને માટે લાભદાયક નથી. કારણ કે જો ઇચ્છા ન કરે તો વેદોનું જ્ઞાન મળી શકે નહિં તેમ વૈદિક કર્મ પણ કરી શકે નહિં. માટે—

स्वाध्यायेन व्रतैर्होमैस्त्रैविद्येनेज्यया सुतैः ।
महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः ॥ मनु० अ० २ । २८ ॥

(**स्वाध्याय**) સર્વ વિદ્યા ભણવાથી અને ભણાવવાથી (**व्रत**) બ્રહ્મચર્ય સત્યભાષણ આદિ નિયમ પાળવાથી (**होम**) અગ્નિહોત્રાદિ હોમ સત્યનું ગ્રહણ અને અસત્યનું વર્જન (**त्याग**) કરવાથી અને સત્યવિદ્યાના દાનથી (**त्रैविद्येन**) વેદોક્ત કર્મ—ઉપાસના અને જ્ઞાનના ગ્રહણથી (**इज्यया**) પાક્ષિક ઇષ્ટિ આદિ કરવાથી (**सुतैः**) સારા સન્તાનોને ઉત્પન્ન કરવાથી (**महायज्ञैः**) બ્રહ્મ, દેવ, પિતૃ, વૈશ્વદેવ અને અતિથિયોનું સેવન રૂપ પાંચ મહાયજ્ઞો કરવાથી (**यज्ञैः**) અગ્નિષ્ટોમ આદિ તથા શિલ્પવિદ્યા વિજ્ઞાન રૂપ યજ્ઞોના સેવનથી, આ શરીર (**ब्राह्मी**) વેદ અને પરમેશ્વરની ભક્તિના આધાર રૂપ બ્રાહ્મણનું થઇ શકે છે. એટલા સાધન વિના બ્રાહ્મણશરીર કદિ પણ બની શકતું નથી.

इन्द्रियाणां विचरतां विषयेष्वपहारिषु ।
संयमे यत्नमातिष्ठेद्विद्वान् यन्तेव वाजिनाम् ॥ मनु० २–८८

જેવી રીતે વિદ્વાન સારથિ (રથહાંકનાર) ઘોડાઓને નિયમમાં રાખે છે. તેમ મન અને આત્માને ખરાબ માર્ગમાં ખેંચનાર વિષયોમાં જનારી ઇન્દ્રિયોને રોકવામાં સર્વ પ્રકારથી પ્રયત્ન કરવો.

इन्द्रियाणां प्रसंगेन दोषमृच्छत्यसंशयम् ।
सन्नियम्य तु तान्येव ततः सिद्धिं नियच्छति ॥ मनु. २–९३

જીવાત્મા ઇન્દ્રિયોને તાબે થઇ જરૂર દોષભાગી થાય છે. અને જ્યારે ઇન્દ્રિયોને પોતાને તાબે કરે છે ત્યારે સિદ્ધિ (ઇષ્ટસુખ) ને મેળવે છે.

वेदास्त्यागश्चयज्ञाश्च नियमाश्च तपांसि च ।
न विप्रदुष्टभावस्य सिद्धिं गच्छन्ति कर्हिचित् ॥ मनु. २-९७

જે દુષ્ટ આચરણવાળો છે, તે વેદ, ત્યાગ (દાન), યજ્ઞ, નિયમ અને તપ તથા બીજાં સારાં કામો પણ કદિ પ્રાપ્ત કરી શકતો નથી.

वेदोपकरणे चैव स्वाध्याये चैव नैत्यिके ।
नानुरोधोऽस्त्यनध्याये होममंत्रेषु चैव हि ॥ १ ॥
नैत्यिके नास्त्यनध्यायो ब्रह्मसत्रं हि तत्स्मृतम् ।
ब्रह्माहुतिहुतं पुण्यमनध्यायवषट्कृतम् ॥ २ ॥

વેદના ભણવામાં, ભણાવવામાં, સન્ધ્યા ઉપાસના કરવામાં, હોમ કરવામાં, મંત્રો ભણવામાં "અનધ્યાય" નો એટલે અમુક દિવસે નજ ભણવું જોઇએ એવો કોઇ આગ્રહ નથી. નિત્યકર્મ કરવાને અનધ્યાય (રજા) હોતી નથી, જેમ શ્વાસ પ્રશ્વાસ સર્વદા લેવાય છે, તેવી રીતે નિત્યકર્મો હમેશાં કરવાં જોઇએ, કદિ પણ છોડવાં નહિં. કારણ કે અનધ્યાયમાં (રજાના દિવસમાં) પણ જો અગ્નિહોત્રાદિ ઉત્તમ કર્મ કરવામાં આવે તો ઉત્તમ ફળ થાય છે. જેમ અસત્ય બોલવાથી સદા પાપ અને સત્ય બોલવાથી સદા પુણ્ય થાય છે તેવીજ રીતે અસત્ય કર્મ કરવાને સદા અનધ્યાય અને પવિત્ર કર્મ કરવાને સદા સ્વાધ્યાય જ છે.

अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः ।
चत्वारि तस्य वर्धन्ते आयुर्विद्यायशोबलम् ॥

मनु० २-१२१

જે માણસ હમેશાં નમ્ર સુશીલ વિદ્વાન અને વૃદ્ધ પુરૂષોની સેવા કરે છે તેની આયુ, કીર્તિ, વિદ્યા અને બળ એ ચાર હમેશાં વધતાં રહે છે. જે ઉપર પ્રમાણે નથી ચાલતો તેના આયુ આદિ ચારે નષ્ટ થાય છે.

अहिंसयैव भूतानां कार्यं श्रेयोऽनुशासनम् ।
वाक् चैव मधुराश्लक्ष्णा प्रयोज्या धर्ममिच्छता ॥ १ ॥
यस्य वाङ्मनसे शुद्धे सम्यग्गुप्ते च सर्वदा ।
स वै सर्वमवाप्नोति वेदान्तोपगतं फलम् ॥ २ ॥

मनु० २-१५९-१६०

જેઓ ધર્મને ઇચ્છે છે તેઓએ વૈરબુદ્ધિને છોડી સર્વ સાધારણના હિતને માટે ઉત્તમ ઉપદેશ કરવો, તથા સુશીલ થઇ મધુર વાણી બોલવી, સત્યમાં ચાલવું અને સત્યજ બોલવું. જે માણસનાં વાણી અને મન શુદ્ધ અને નિયમિત નિત્ય રહે છે તેજ માણસ સર્વ વેદોનું સિદ્ધાન્તરૂપ ફળ મેળવી શકે છે.

संमानाद् ब्राह्मणो नित्य मुद्विजेत विषादिव ।
अमृतस्यैव चाकांक्षे ववमानस्य सर्वदा ॥ मनु० २-१६२

બ્રાહ્મણ પ્રતિષ્ઠાથી (માનથી) જેમ વિષથી ડરતો હોય તેમ ડરતો રહે, અને સર્વદા અપમાનને અમૃતના જેવું ગણે તેજ સંપૂર્ણ વેદ અને ઇશ્વરને જાણી શકે છે.

अनेन क्रमयोगेन संस्कृतात्मा द्विजः शनै ।
गुरौ वसन् संश्चिनुयाद् ब्रह्माधिगमिकं तपः ॥
मनु० २-१६४ ॥

આ પ્રમાણે (કૃતોપનયન) જેનો ઉપનયન સંસ્કાર થઇ ગયો છે, તે બ્રહ્મચારી કુમાર અને બ્રહ્મચારિણી કન્યા ગુરૂકુળમાં રહી, ધીમે ધીમે વેદાર્થના જ્ઞાનરૂપ ઉત્તમ તપને વધારતા રહે.

योऽनधीत्य द्विजो वेदमन्यत्र कुरुते श्रमम् ।
स जीवन्नेव शूद्रत्वमाशु गच्छति सान्वयः ॥
मनु० २ । १६८ ॥

જે દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રિ, અથવા વૈશ્ય) વેદ નહિં ભણી બીજામાં પરિશ્રમ કરે છે, તે પુત્ર પૌત્ર સહિત શૂદ્રત્વને પ્રાપ્ત થાય છે.

वर्जयेन्मधु मांसञ्च गंन्ध माल्यं रसान् स्त्रियः ।
शुक्तानि यानि सर्वाणि प्राणिनां चैव हिंसनम् ॥ १ ॥
अभ्यङ्गमञ्जनं चाक्ष्णोरुपानच्छत्रधारणम् ।
कामं क्रोधं च लोभं च नर्त्तनं गीतवादनम् ॥ २ ॥
द्यूतं च जनवादं च परिवादं तथाऽनृतम् ।
स्त्रीणां च प्रेक्षणालम्भमुपघातं परस्य च ॥ ३ ॥
एकः शयीत सर्वत्र न रेतः स्कन्दयेत्क्वचित् ।
कामाद्धि स्कन्दयन्रेतो हिनस्ति व्रतमात्मनः ॥ ४ ॥
मनु० २ । १७७-१८० ॥

બ્રહ્મચારી અને બ્રહ્મચારિણીએ મદ્ય, (દારૂ) માંસ, ગન્ધ, માળા, સ્ત્રી અને પુરૂષનો સંગ, બધી ખાટી વસ્તુ, જીવોની હિંસા (૧) અંગોનું મર્દન, વિનાકારણે ઉપસ્થ-ઇન્દ્રિયનો સ્પર્શ કરવો, આંખમાં અંજન (કાજળ) બુટ, છત્રી, કામ, ક્રોધ, લોભ, મોહ, ભય, શોક ઇર્ષ્યા, દ્વેષ, નાચવું, ગાવું, અને વાજું વગાડવું. (૨) જુગાર, જેની તેની વ્યર્થ વાતો, નિન્દા મિથ્યા ભાષણ, સ્ત્રીઓનું દર્શન, કોઇનો અપકાર, આદિ કુકર્મોનો સર્વદા ત્યાગ કરવો. (૩) સર્વત્ર એકલાજ સુવું, કદી વીર્યનો નાશ કરવો નહિં, જો કોઇ દિવસ કામનાથી વીર્ય નાશ કરે તો સમજી લ્યો કે તેણે પોતાના વ્રતનો નાશ કર્યો.

वेदमनूच्याचार्योऽन्तेवासिनमनुशास्ति । सत्यं वद । धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः । आचार्य्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं मा व्यवच्छेत्सीः । सत्यान्न प्रमदितव्यम् । धर्मान्न प्रमदितव्यम् । कुशलान्न प्रमदितव्यम् । भूत्यै न प्रमदितव्यम् । स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् । देवपितृकार्य्याभ्यां न प्रमादितव्यम्। मातृदेवो भव । पितृदेवो भव । आचार्य्यदेवो भव । अतिथिदेवो भव । यान्यनवद्यानि कर्माणि तानि सेवितव्यानि नो इतराणि । यान्यस्माकꣳ सुचरितानि तानि त्वयोपास्यानि नो इतराणि। ये के चास्मच्छ्रेयाꣳसो ब्राह्मणास्तेषां त्वयासनेन प्रश्वसितव्यम् । श्रद्धया देयम् । अश्रद्धया देयम् । श्रिया देयम् । ह्रिया देयम्। भिया देयम् । संविदा देयम् । अथयदि ते कर्मविचिकित्सा वा वृत्तविचिकित्सा वा स्यात् । ये तत्र ब्राह्मणाः सम्मर्शिनो युक्ता अयुक्ता अलूक्षा धर्मकामाः स्युर्यथा ते तत्र वर्त्तेरन् । तथातत्र वर्त्तेथाः । एष आदेश एष उपदेश एषा वेदोपनिषत् । एतदनुशासनम् एवमुपासितव्यम् । एवमु चैतदुपास्यम् ॥ तैत्तिरीय० प्रपा० ७। अनु० ११ । कं० १ । २ । ३ । ४ ॥

આચાર્ય અન્તેવાસી એટલે શિષ્ય અને શિષ્યાઓને આ પ્રમાણે ઉપદેશ આપે. તું સદા સત્ય બોલ, ધર્મનું આચરણ કર, અભ્યાસ કરવામાં પ્રમાદ (આળસ) ન કર, બ્રહ્મચર્યનું ધારણ કરી સંપૂર્ણ વિદ્યા ગ્રહણ કર, આચાર્યને ઇષ્ટ (આચાર્યને જોઇએ તે) આપી (પ્રજાતન્તુ) સન્તાનોત્પત્તિ કરવાના કારણ વીર્યને વિનષ્ટ ન કર, પ્રમાદ કરી ધર્મને ન ભૂલ, આરોગ્ય અને વિનય શીખવામાં પ્રમાદ ન કર, ધન મેળવવામાં અથવા વિદ્યાથી પ્રાપ્ત થતી કીર્તિમાં પ્રમાદ ન કર, ભણવામાં અને ભણાવવામાં પ્રમાદ ન કર, દેવ-વિદ્વાન્ અને માતા પિતાની સેવામાં પ્રમાદ ન કર, માતા મ્હારો દેવ છે એમ સમજ, પિતા મ્હારો દેવ છે એમ સમજ, આચાર્ય મ્હારો દેવ છે એમ સમજ, જે અનિન્દનીય અને ધાર્મિક કર્મો છે, તેજ કર; બીજાં નહિં. જે અમારાં પવિત્ર ધાર્મિક અને નૈતિક કર્મો છે તેનેજ ગ્રહણ કર બીજાં પાપ કર્મોની સામું પણ ન જો, અમારામાં જે કોઇ ઉત્તમ બ્રાહ્મણ હોય તેનીજ પાસે બેસ અને તેનો જ વિશ્વાસ કર. શ્રદ્ધાથી આપવું, અશ્રદ્ધાથી પણ (દાન) આપવું, શોભાથી આપવું,

લજ્જાથી આપવું, ભયથી આપવું, અને પ્રતિજ્ઞાથી પણ (જ્ઞાનપૂર્વક પાત્રાપાત્રનો વિચાર કરીને) આપવું જ્યારે તને કર્મ, ઉપાસના અથવા જ્ઞાનમાં કોઇ પણ પ્રકારનો સંશય થાય ત્યારે, તેવે પ્રસંગે વિચારશીલ પક્ષપાત રહિત યોગી અથવા અયોગી પવિત્ર હૃદયવાળા ધર્મને ચાહવાવાળા ધાર્મિક (વેદ જાણનારા) બ્રાહ્મણો જેવી રીતે ધર્મમાર્ગમાં વર્ત્તે, તેવી રીતે વર્ત્તજે. બસ એજ આજ્ઞા, એજ ઉપદેશ, એજ વેદનું (આચરણ સંબંધી) રહસ્ય, એજ શિક્ષા—એજ પ્રમાણે વર્ત્તન કરી આચરણ સુધારતો રહેજે.

अकामस्य क्रिया काचिद् दृश्यते नेह कर्हिचित् ।
यद्यद्धि कुरुते किञ्चित् तत्तत्कामस्य चेष्टितम् ॥ मनु० २।४ ॥

મનુષ્યોએ અવશ્ય જાણવું જોઇએ કે, કોઇ પણ માણસ ઇચ્છા કર્યા વગર રહી શકતો નથી, સંસારમાં જોવામાં આવે છે કે જેમાં કોઇ પણ પ્રકારની ઇચ્છા નથી, તેમાં કોઇ પણ પ્રકારની ક્રિયા નથી. જે જે કંઇ (નેત્રનું મીચવું ઉઘાડવું) કરે છે તે બધું કોઇ પણ જાતની ઇચ્છાનું ચેષ્ટિત (ચાળો) છે.

आचारः परमो धर्मः श्रुत्युक्तः स्मार्त्त एव च ।
तस्मादस्मिन्सदा युक्तो नित्यं स्यादात्मवान् द्विजः ॥ १ ॥
आचाराद्विच्युतो विप्रो न वेदफलमश्नुते ।
आचारेण तु संयुक्तः सम्पूर्णफलभाग्भवेत् ॥ २ ॥
मनु० १।१०८।१०९ ॥

બોલવું, સાંભળવું, સંભળાવવું, ભણવું, ભણાવવું તે બધાનું એજ ફળ છે કે વેદ અને વેદાનુકૂળ સ્મૃતિમાં (પ્રતિપાદિત) કરેલા ધર્મનું આચરણ કરવું, માટે ધર્માચાર પાળવામાં સદા તૈયાર રહેવું. (૧) કારણ કે જે ધર્માચારથી પતિત થાય છે તે વૈદિક ધર્મથી પ્રાપ્ત થનાર સુખને મેળવી શકતો નથી, જે વિદ્યા ભણી ધર્માચરણ કરે છે તેજ સંપૂર્ણ સુખને પ્રાપ્ત કરી શકે છે. (૨)

योऽवमन्येत ते मूले हेतुशास्त्राश्रयाद् द्विजः ।
स साधुभिर्बहिष्कार्यो नास्तिको वेदनिन्दकः ॥ मनु । २ ॥ ११ ॥

જે વેદ અને વેદાનુકૂળ આપ્ત પુરૂષોએ બનાવેલ સ્મૃતિઓનું અપમાન કરે છે, તે વેદનિન્દક નાસ્તિકને સાધુ-સમાજ (જ્ઞાતિ, પંકિત અને દેશની) બહાર કરવો જોઇએ. કારણ કેઃ—

वेदः स्मृतिः सदाचारः स्वस्य च प्रियमात्मनः ।
एतच्चतुर्विधं प्राहुः साक्षाद्धर्मस्य लक्षणम् ॥ मनु० २ । १२ ॥

વેદ અને વેદાનુકૂળ આપ્તોક્ત મનુસ્મૃતિ આદિ શાસ્ત્રો, સત્પુરૂષનો આચાર, જે સનાતન અર્થાત્ વેદદ્વારા ઇશ્વરોક્ત કર્મ, અને આત્માને પ્રિય એટલે જેને આત્મા ચાહે છે-જેમકે સત્ય બોલવું-એ ચાર ધર્મનાં લક્ષણો છે; એટલે કે એનાથી ધર્મ અને અધર્મનો નિશ્ચય થાય છે. જે પક્ષપાત રહિત, ન્યાય, સત્યના ગ્રહણ અને અસત્યના સર્વથા પરિત્યાગ રૂપ, આચાર છે, તેનું નામજ ધર્મ છે. એનાથી ઉલટો આચાર અધર્મ કહેવાય છે.

अर्थकामेष्वसक्तानां धर्मज्ञानं विधीयते ।
धर्मं जिज्ञासमानानां प्रमाणं परमं श्रुतिः ॥ मनु० २ । १३ ॥

જે પુરૂષ (અર્થ) કનક અને (કામ) કાન્તા સેવન આદિમાં આસક્ત થતો નથી તેનેજ ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જે ધર્મને જાણવાની ઇચ્છા કરે, તેણે વેદથી ધર્મનો નિશ્ચય કરવો, કારણ કે ધર્મનો નિશ્ચય વેદ વિના ઉત્તમ રીતે થઇ શકતો નથી.

આ પ્રમાણે આચાર્ય શિષ્યને ઉપદેશ આપે. અને વિશેષ કરી રાજા તથા બીજા ક્ષત્રિય, વૈશ્ય અને ઉત્તમ શૂદ્રને પણ વિદ્યાનો અભ્યાસ અવશ્ય કરાવવો. કારણ કે જો બ્રાહ્મણજ વિદ્યાભ્યાસ કરે અને ક્ષત્રિય આદિ ન કરે તો વિદ્યા, ધર્મ, રાજ્ય અને ધન આદિની વૃદ્ધિ કદિ પણ થઇ શકશે નહિ. તથા જો ક્ષત્રિય આદિ ત્રણ વર્ણો અજ્ઞાન (મૂર્ખ) રહેશે તો, આજ્ઞા દાતા, અને યથાવત્ (બરાબર) પરીક્ષા કરી દંડ આપનાર કોઇ ક્ષત્રિય (રાજા) નહિ હોવાથી બ્રાહ્મણ આદી બધા વર્ણો પાખંડમાં ફસાઈ જશે. કારણ કે અવિદ્વાન રાજા અને પ્રજામાં વિવેક ન હોવાથી સ્વાર્થી લોક મરજીમાં આવે તેમ વર્ત્તી શકે છે. પરન્તુ જો ક્ષત્રિય આદિ વિદ્વાન્ હશે તો બ્રાહ્મણો પણ સાવધાન થઇ વધારે વિદ્યાભ્યાસ કરી ધર્મમાર્ગમાં ચાલશે. કારણ કે, વિદ્વાન્ ક્ષત્રીય (રાજા) પાસે પાખંડ, અસત્ય વ્યવહાર કદિપણ ચાલી શકતો નથી. માટે બ્રાહ્મણોએ પોતાના કલ્યાણાર્થ પણ ક્ષત્રિયાદિને વેદાદિ સત્યશાસ્ત્રનો અભ્યાસ વધારે પ્રયત્નથી કરાવવો; કારણ કે ક્ષત્રિયાદિજ વિદ્યા, ધર્મ, રાજ્ય અને લક્ષ્મીની વિશેષ વૃદ્ધિ કરનાર છે. તેઓ ભિક્ષાવૃત્તિ નથી કરતા, અતએવ વિદ્યાવ્યવહારમાં પક્ષપાત પણ નહિ કરે. જ્યારે પ્રત્યેક વર્ણમાં સુશિક્ષા અને વિદ્યા પ્રાપ્ત થાય છે ત્યારે કોઇ પણ માણસ પાખંડરૂપ અસત્ય વ્યવહાર ચલાવી શકતો નથી. એથી સિદ્ધ એ થાય છે કે જેમ ક્ષત્રિયાદિને સુનિયમમાં ચલાવનારા બ્રાહ્મણ અને સંન્યાસીઓ છે, તેમજ બ્રાહ્મણ અને સંન્યાસીઓને સુનિયમમાં ચલાવનાર વિદ્વાન્ ક્ષત્રિયાદિ છે; માટે દરેક વર્ણમાં પુરૂષ અને સ્ત્રી વર્ગમાં વિદ્યા અને ધર્મપ્રચાર અવસ્ય હોવો જોઇએ. જે જે ભણવું અથવા ભણાવવું હોય તેની ઉત્તમ રીતે પરીક્ષા થવી યોગ્ય છે. પરીક્ષા પાંચ પ્રકારથી થઇ શકે છેઃ— (૧) જે કંઇ, ઇશ્વરના ગુણ, કર્મ અને સ્વભાવને અનુકૂળ તથા વેદને અનુકૂળ હોય તે સત્ય અને તેનાથી વિરૂદ્ધ

હોય તે અસત્ય. (૨) સૃષ્ટિક્રમને અનુકૂળ હોય તે સત્ય અને તેનાથી વિરૂદ્ધ હોય તે અસત્ય. જેમ કોઇ કહે કે માતા પિતા વિના પુત્રનો જન્મ થયો આ કથન સૃષ્ટિક્રમવિરૂદ્ધ હોવાથી અસત્ય છે. (૩) " આપ્ત " અર્થાત્ જે ધાર્મિક, વિદ્વાન્, સત્યવાદી, નિષ્કપટી મહાત્માઓના ઉપદેશને અનુકૂળ હોય તે (ગ્રાહ્ય) ગ્રહણ કરવા યોગ્ય અને જે પ્રતિકૂળ હોય તે અગ્રાહ્ય છે. (૪) પોતાના આત્માની પવિત્રતા અને વિદ્યાને અનુકૂળ અર્થાત્ જેવી રીતે પોતાને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે, તેવીજ રીતે બીજાને પણ સુખ પ્રિય અને દુઃખ અપ્રિય હશે એમ સમજી લેવું. (૫) આઠ પ્રમાણ; અર્થાત્ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, ઐતિહ્ય, અર્થાપત્તિ, સંભવ અને અભાવથી. આ પ્રમાણમાંનું પ્રથમ પ્રત્યક્ષ છે તેનાં લક્ષણઃ—

इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारी व्यवसायात्मकम्प्रत्यक्षम् ॥

न्याय० । अ० १ । आन्हिक १ । सूत्र ४ ॥

શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીવ્હા અને ઘ્રાણ રૂપ પાંચ ઇન્દ્રિયોને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ રૂપ અર્થોની સાથે સંબંધ થવાથી, તથા ઇન્દ્રિયોનો મનની સાથે અને મનનો આત્મા સાથે સંબંધ થવાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે પ્રત્યક્ષ કહેવાય છે. પરન્તુ જે સંજ્ઞાસંજ્ઞી (નામ અને નામી) ના સંબન્ધથી ઉત્પન્ન થાય છે તે જ્ઞાન ન હોવું જોઇએ. કોઇને કહ્યું કે " તું જળ લાવ " તેણે લાવી પાસે રાખ્યું અને બોલ્યો કે આ " જળ છે " પરન્તુ ત્યાં " જળ " જે બે અક્ષરોની સંજ્ઞા છે, તે (જળવસ્તુ) લાવનાર તથા મંગાવનાર જોઇ શકતા નથી. પરન્તુ જળ એ પદાર્થનું નામ છે તે પદાર્થજ પ્રત્યક્ષ થાય છે; માટે જે શબ્દથી જ્ઞાન ઉત્પન્ન થાય છે તે શબ્દપ્રમાણનો વિષય છે. " **अव्यभिचारी** " જેમ કોઇએ રાત્રિએ સ્તંભ (થાંભલા) ને પુરૂષનો નિશ્ચય કરી લીધો પણ જ્યારે દિવસે તેને જોયો તો પુરૂષજ્ઞાન નષ્ટ થઇ સ્તંભજ્ઞાન થયું એવા વિનાશી જ્ઞાનનું નામ " વ્યભિચારી " છે. " **व्यवसायात्मक** " કોઇએ દૂરથી નદીની રેતી જોઇને કહ્યું કે ત્યાં વસ્ત્ર સુકાઇ રહ્યું છે, અથવા જળ છે, અથવા કાંઇ છે. તે દેવદત્ત ઉભો છે અથવા યજ્ઞદત્ત એનો જ્યાં સુધી નિશ્ચય ન થાય ત્યાં સુધી તે જ્ઞાન પ્રત્યક્ષ નથી. ત્યારે જે અવ્યપદેશ્ય, અવ્યભિચારી અને નિશ્ચયાત્મક જ્ઞાન છે તેજ પ્રત્યક્ષ છે. (૨) અનુમાનઃ—

अथ तत्पूर्वकं त्रिविधमनुमानं पूर्ववच्छेषवत्सामान्यतो दृष्टञ्च ॥

न्याय० । अ० १ । आ० १ सू० ५ ॥

જે "પ્રત્યક્ષ પૂર્વક" અર્થાત્ જેનો કોઇ એક ભાગ અથવા સંપૂર્ણ પદાર્થ કોઇ સ્થાન અથવા કોઇ સમયમાં પ્રત્યક્ષ થયો હોય, તેના સહચારીનો એક ભાગ બીજે સમયે યા સ્થાનમાં પ્રત્યક્ષ થવાથી તે અદ્રષ્ટ અવયવીનું જ્ઞાન થવું તેનું નામ અનુમાન છે. જેમ પુત્રને જોઇ પિતાનું, પર્વતાદિમાં ધૂમ જોઇ અગ્નિનું, સંસારમાં સુખ દુઃખ જોઇ પૂર્વજન્મનું-જ્ઞાન થાય છે તે અનુમાનજ છે. અનુમાન ત્રણ પ્રકારનું છેઃ એક " પૂર્વવત્ " જેમ વાદળાંને જોઇ વૃષ્ટિનું, વિવાહને જોઇ

સર્પલામોત્પત્તિનું, ભણનાર વિદ્યાર્થીને જોઇ વિદ્યાનું નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે ઇત્યાદિ. જ્યાં જ્યાં કારણને જોઇ કાર્યનું જ્ઞાન થાય છે તે સર્વ "પૂર્વવત્" અનુમાન કહેવાય છે. બીજું "શેષવત્" અર્થાત્ જ્યાં જ્યાં કાર્યને જોઇ કારણનું જ્ઞાન થાય છે જેવી રીતે નદીના પ્રવાહની વૃદ્ધિ જોઇ ઉપર થયેલ વૃષ્ટિનું, પુત્રને જોઇ પિતાનું, સૃષ્ટિને જોઇ અનાદિ કારણનું તથા કર્ત્તા ઇશ્વરનું, સુખ દુઃખ જોઇ પાપ પુણ્ય આચરણનું જે જ્ઞાન થાય છે તેને "શેષવત્" અનુમાન કહે છે. ત્રીજું "સામાન્યતોદૃષ્ટમ્" જે કોઇ, કોઇનું કાર્ય અથવા કારણ ન હોય, પરન્તુ એક બીજા સાથે કોઇ પણ પ્રકારનું સાધર્મ્ય હોય, જેમ ચાલ્યા વિના બીજે સ્થાને કોઇ પણ જઇ શકતો નથી, તેવીજ રીતે બીજાને પણ બીજા સ્થાનમાં જવું તે ગમન વગર થઇ શકે નહિં, આ પ્રકારના અનુમાનને "સામાન્યતોદૃષ્ટ" અનુમાન કહે છે. અનુમાન શબ્દનો અર્થ—**अनु अर्थात् प्रत्यक्षस्य पश्चात् मीयते ज्ञायते येन तदनुमानम्** જે પ્રત્યક્ષની પછી ઉત્પન્ન થાય છે તે અનુમાન. જેવી રીતે ધૂમનું પ્રત્યક્ષ થયા વિના અદૃષ્ટ અગ્નિનું જ્ઞાન કદી પણ થઇ શકતું નથી.

ત્રીજું ઉપમાનઃ—

प्रसिद्धसाधर्म्यात्साध्यसाधनमुपमानम् ॥ न्याय० ।

अ० १ । आ० १ । सू० ६ ॥

જે "પ્રસિદ્ધ" પ્રત્યક્ષના સાધર્મ્યથી, સાધ્ય અર્થાત્ સિદ્ધ કરવાને યોગ્ય જ્ઞાનની સિદ્ધિ કરવાનું જે સાધન છે તેને ઉપમાન કહે છે "**उपमीयते येन तदुपमानम्**" યથા કોઇએ, કોઇ ચાકરને કહ્યું કે "તું વિષ્ણુમિત્રને બોલાવી લાવ" ચાકર બોલ્યો કે મેં તેને કોઇ દિવસ જોયો નથી. ત્યારે તેના શેઠે કહ્યું કે "જેવો દેવદત્ત છે તેવોજ તે વિષ્ણુમિત્ર છે" અથવા "જેવી આ ગાય છે તેવોજ ગવય છે." (જંગલી ગાય-ઘણું કરીને કાઠીયાવાડના કેટલાક ભાગમાં તેને લીલ કહે છે). જ્યારે તે ત્યાં ગયો ત્યારે દેવદત્તના જેવો તેને જોઇને નિશ્ચય કરી લીધો કે આ વિષ્ણુમિત્રજ છે અને તેને લઇ ગયો. અથવા કોઇ જંગલમાં ગાયના જેવું પશુ જોઇ નિશ્ચય કરી લીધો કે આ "ગવય" છે.

ચોથું શબ્દ પ્રમાણઃ—

आप्तोपदेशः शब्दः ॥ न्या० । अ० १ । आ० १ । सू० ७ ॥

જે આપ્ત એટલે પૂર્ણ વિદ્વાન્, ધર્માત્મા, પરોપકારપ્રિય, સત્યવાદી, પુરૂષાર્થી જિતેન્દ્રિ પુરૂષ, જેવું પોતાના આત્મામાં જાણતો હોય, અને જેનાથી સુખ પ્રાપ્ત કર્યું હોય તેના કથનની ઇચ્છાથી પ્રેરાયલો સર્વ મનુષ્યોના કલ્યાણને માટે ઉપદેશક હોય અર્થાત્ જે પૃથ્વીથી લઇ પરમેશ્વર સુધીનું જ્ઞાન પાપ્ત કરી ઉપદેષ્ટા હોય, એવા મહાપુરૂષના અને પૂર્ણ આપ્ત પરમેશ્વરના ઉપદેશને શબ્દ પ્રમાણ કહે છે.

પાંચમું એતિહ્યઃ—

न चतुष्ट्वमैतिह्यार्थापत्तिसम्भवाभावप्रामाण्यात् ॥
न्याय० । अ० २ । आ० २। सू० १ ॥

જે ઇતિહ આ પ્રકારનું હતું, તેણે આ પ્રકારે કર્યું અથવા કોઇના જીવન ચરિત્રનું નામ ઐતિહ્ય છે.

છઠ્ઠું અર્થાપત્તિ—

" **अर्थादापद्यते सा** " **अर्थापत्तिः केनचिदुच्यते** " **सत्सु घनेषु वृष्टिः सति कारणे कार्यं भवतीति किमत्र प्रसज्यते असत्सु घनेषु वृष्टि रसति कारणे च कार्यं न भवति** " જેમ કોઇએ, કોઇને કહ્યું કે "વાદળાં થવાથી વૃષ્ટિ અને કારણ હોવાથી કાર્ય ઉત્પન્ન થાય છે." આથી કહ્યા વગર પણ બીજી વાત સિદ્ધ થાય છે કે વાદળ વિના વૃષ્ટિ તથા કારણ વિના કાર્ય થતું નથી.

સાતમું સંભવઃ—

संभवति यस्मिन् स संभवः કોઇ કહે છે કે માતા પિતા વિના સન્તાન પેદા થયું, કોઇએ શવ (મૃતક) સજીવન કર્યું, પર્વત ઉઠાવ્યો, સમુદ્રમાં પત્થરો તાર્યાં, ચંદ્રમાના કડકા કર્યાં, પરમેશ્વરનો અવતાર થયો, મનુષ્યને શિંગ જોયું, વન્ધ્યાના પુત્ર અને પુત્રીનું લગ્ન કર્યું ઇત્યાદિ સર્વ અસંભવ છે, કારણકે એ બધી વાત સૃષ્ટિક્રમથી વિરૂધ્ધ છે, જે વાત સૃષ્ટિક્રમને અનુકૂલ હોય તેજ સંભવ છે.

આઠમું અભાવઃ—

" **न भवन्ति यस्मिन् सोऽभावः** " જેમ કોઇએ, કોઇને કહ્યું કે (અમુક સ્થાનેથી) હાથી લઇ આવ તે ત્યાં હાથીનો અભાવ જોઇ જ્યાં હાથી હતો ત્યાંથી લાવ્યો. એ પ્રકારે આઠ પ્રમાણ છે. એમાંથી જો શબ્દમાં ઐતિહ્ય, અને અનુમાનમાં અર્થાપત્તિ, સંભવ અને અભાવની ગણના કરે તો બાકી ચાર પ્રમાણ રહે છે.

આ (વેદ, સાષ્ટક્રમાદિ પૃ. ૪૪–૪૫ માં વર્ણવેલ) પાંચ પ્રકારની પરીક્ષાથી મનુષ્ય સત્ય અને અસત્યનો નિર્ણય કરી શકે છે, બીજી રીતે નહિ.

धर्मविशेषप्रसूताद् द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायानां पदार्थानां साधर्म्यवैधर्म्याभ्यां तत्त्वज्ञानान्निःश्रेयसम् ॥ वै० । अ० १ । सू० ४ ॥

જ્યારે મનુષ્ય ધર્મનું યોગ્ય રીતે અનુષ્ઠાન કરી પવિત્ર થાય છે, અને "**साधर्म्य**" જે તુલ્ય ધર્મ છે જેમ પૃથ્વી જડ તેમ જળ પણ જડ. "**वैधर्म्य**" પૃથ્વી કઠોર અને જળ કોમળ એજ પ્રમાણે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાયનું તત્ત્વજ્ઞાન એટલે તે તે પદાર્થના સ્વરૂપજ્ઞાનને પ્રાપ્ત થાય છે ત્યારે તેને મોક્ષ મળે છે—

पृथिव्यापस्तेजोवायुराकाशं कालो दिगात्मा मन इति द्रव्याणि ॥ वै० । अ० १ । आ० १ । सू० ५ ॥

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિશા, **આત્મા, અને મન, એ** નવ દ્રવ્ય છે—

क्रियागुणवत्समवायिकारणमिति द्रव्यलक्षणम् ॥
वै० । अ० १ । आ० १ । सू० १५ ॥

क्रियाश्च गुणाश्च विद्यन्ते यस्मिन् तत्क्रियागुणवत् જેમાં ક્રિયા અને ગુણ અથવા કેવળ ગુણ રહે છે તેને દ્રવ્ય કહે છે. તેમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, મન, અને આત્મા એ દ્રવ્ય ક્રિયા અને ગુણવાળા છે, અને આકાશ, કાળ, અને દિશા એ ત્રણ ક્રિયારહિત ગુણવાળા છે. (**समवायि**) **समवेतुंशीलं यस्य तत् समवायि, प्राक्तत्वं कारणं समवायिच तत्कारणं च समवायिकारणम्. लक्ष्यते अनेन तल्लक्षणम्** જે મળવાના સ્વભાવયુક્ત અને જે પહેલાં (પૂર્વ કાળમાં) હોય તેને સમવાયિકારણ દ્રવ્ય કહે છે જેનાથી લક્ષ્ય જાણી શકાય તેને લક્ષણ કહે છે. જેમ આંખથી રૂપ જાણી શકાય છે—માટે માત્ર ચક્ષુર્ગ્રાહ્યત્વમ્ રૂપનું લક્ષણ છે.

रुपरसगन्धस्पर्शवती पृथिवी ॥ वै० । अ० २ । आ० १ । सू० १॥

રૂપ, રસ, ગન્ધ, સ્પર્શવાળી પૃથ્વી છે. એમાં રૂપ, **રસ અને સ્પર્શ અગ્નિ, જળ અને** વાયુના સંબંધથી પૃથ્વીમાં આવેલ છે.

व्यवस्थितः पृथिव्यां गन्धः ॥ वै० । अ० २ । आ० २ । सू० २॥

પૃથ્વીમાં ગન્ધ સ્વાભાવિક છે તેવીજ રીતે જળમાં રસ, અગ્નિમાં રૂપ વાયુમાં સ્પર્શ અને આકાશમાં શબ્દ સ્વાભાવિક છે.

रूपरसस्पर्शवत्य आपो द्रवाः स्निग्धाः ॥ वै० । अ० २ । आ० १ । सू० २ ॥

રૂપ રસ અને સ્પર્શવાન દ્રવીભૂત અને કોમલ જલ હોય છે પરન્તુ **એમાં જળનો 'રસ'** સ્વાભાવિક ગુણું છે અને રૂપ અને સ્પર્શ અગ્નિ અને વાયુના સંબંધથી છે.

अप्सु शीतता ॥ वै० । अ० २ । आ० २ । सू० ५ ॥

અને જળમાં શીતળ ગુણ પણ સ્વભાવિક છે.

तेजो रूपस्पर्शवत् ॥ वै० अ० २ । आ० १ । सू० ३ ॥

જે રૂપ અને સ્પર્શ વાળું છે તે "તેજ" છે. પણ તેમાં રૂપ સ્વાભાવિક અને સ્પર્શ વાયુના સંબંધથી છે.

स्पर्शवान् वायुः ॥ वै० । अ० २ । आ० १ । सू० ४ ॥

સ્પર્શ ગુણવાળો વાયુ છે. પરન્તુ તેમાં પણ ઉષ્ણતા છે તે, શીતતા, તેજ અને જળના સંયોગથી છે.

त आकाशे न विद्यन्ते ॥ वै० । अ० २ । आ० १ । सू० ५ ॥

રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ આકાશમાં નથી કિન્તુ શબ્દજ આકાશનો ગુણ છે.

निष्क्रमणं प्रवेशनमित्याकाशस्य लिङ्गम् ॥ वै० । अ० २ । आ० १ । सू० २० ॥

જેમાં પ્રવેશ કરી શકાય છે અને નીકળી શકાય છે તે આકાશનું લિંગ છે.

कार्यान्तराप्रादुर्भावाच्च शब्दः स्पर्शवतामगुणः ॥
वै० । अ० २ । आ० १ । सू० २५ ॥

અન્ય પૃથ્વી આદિ કાર્યોથી ઉત્પન્ન ન થવાથી "શબ્દ" સ્પર્શ આદિ ગુણવાળી પૃથ્વીનો ગુણ નથી કિન્તુ આકાશનોજ ગુણ છે.

अपरस्मिन्परं युगपच्चिरं क्षिप्रमिति काललिङ्गानि ॥
वै० । अ० २ । आ० २ । सू० ६ ॥

જેમાં અપર, પર (**युगप**) એકવાર (**चिरम्**) વિલંબ (**क्षिप्रम्**) જલદી ઇત્યાદિ શબ્દ પ્રયોગ થાય છે તેને કાળ કહે છે.

नित्येष्वभावादनित्येषु भावात्कारणे कालाख्येति ॥
वै० । अ० २ । आ० २ । सू० ९ ॥

નિત્ય પદાર્થોમાં નથી અને અનિત્યમાં છે માટે કારણમાંજ કાળ સંજ્ઞા છે. (નિત્ય એટલે આકાશ, દિશા, આત્મા અને મન આદિમાં, યુગપત્ એકવાર, ઘણીવાર પછી ઉત્પન્ન થયો, હમણાં ઉત્પન્ન થયો, દિવસે ઉત્પન્ન થયો, રાત્રે ઉત્પન્ન થયો ઇત્યાદિ જ્ઞાન થતું નથી અને અનિત્ય ઘટ, પટ આદિમાં થાય છે. માટે યૌગપદ્ય આદિ બુદ્ધિનું કારણ કાળ છે).

इत इदमिति यतस्तद्दिश्यं लिङ्गम् ॥ वै० । अ० २ । आ० २ । सू० १० ॥

અહિંથી પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ઉપર, નીચે એ વ્યવહાર જેમાં થાય છે તેને દિશા કહે છે.

आदित्यसंयोगाद् भूतपूर्वाद् भविष्यतो भूताच्च प्राची ॥
वै० । अ० २ । आ० २ । सू० १४ ॥

જેની તરફ સૂર્યનો પ્રથમ સમાગમ થાય છે અને થશે તેને પૂર્વ દિશા કહે છે. અને જ્યાં અસ્ત (આથમવું) થાય છે તેને પશ્ચિમ કહે છે. પૂર્વ તરફ મ્હોં કરીને ઉભા રહેનાર પુરૂષની જમણી બાજુ દક્ષિણ અને ડાબી બાજુ ઉત્તર દિશા છે.

एतेन दिगन्तरालानि व्याख्यातानि ॥ वै० । अ० २ । आ० २ । सू० १६ ॥

પૂર્વ અને દક્ષિણ વચ્ચેની દિશાને "આગ્નેયી" દિશા કહે છે, દક્ષિણ અને પશ્ચિમની વચ્ચેની દિશાને "નૈઋતિ," પશ્ચિમ અને ઉત્તરની વચ્ચેની દિશાને "વાયવી" અને ઉત્તર અને પૂર્વની વચ્ચેની દિશાને "ઐશાની" દિશા કહે છે.

इच्छाद्वेषप्रयत्नसुखदुःखज्ञानान्यात्मनोलिङ्गमिति ॥ न्याय० । अ० १ । सू० १०॥

જેમાં ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, સુખ, દુઃખ અને જ્ઞાન હોય તેને જીવાત્મા કહેવાય છે. વૈશેષિક દર્શનમાં આટલું વધારે છેઃ—

प्राणाऽपाननिमेषोन्मेषजीवनमनोगतीन्द्रियान्तर्विकाराः सुखदुःखेच्छाद्वेषप्रयत्नाश्चात्मनो लिङ्गानि ॥ वै० । अ० ३ । आ० २ । सू० ४ ॥

(**प्राण**) બ્હારથી વાયુને અન્દર લેવો (**अपान**) અન્દરના વાયુને બ્હાર કાઢવો (**निमेष**) આંખનું મીચવું (**उन्मेष**) આંખનું ઉઘાડવું (**जीवन**) પ્રાણને ધારણ કરવો (**मनः**) મનન, વિચાર, જ્ઞાન (**गति**) યથેષ્ટ ગમન કરવું (**इन्द्रिय**) ઇન્દ્રિઓને ચલાવવી અથવા ઇન્દ્રિયોના વિષયોનું ગ્રહણ કરવું (**अन्तर्विकार**) ભૂખ, તૃષા, જ્વર, પીડા આદિ વિકારો થવા સુખ, દુઃખ, દ્વેષ અને પ્રયત્ન એ બધા આત્માનાં ચિન્હો છે એટલે ગુણ અને કર્મો છે.

युगपज्ज्ञानानुत्पत्तिर्मनसो लिङ्गम् ॥ न्याय० । अ० १ । आ० १ । सू० १६ ॥

જે વડે એક કાલમાં બે પદાર્થોનું જ્ઞાન નથી થતું તેને મન કહે છે. એ પ્રમાણે દ્રવ્યનું સ્વરૂપ અને લક્ષણ છે, હવે ગુણો કહેવામાં આવે છે.

रूपरसगन्धस्पर्शाः संख्यापरिमाणानि पृथक्त्वं संयोगविभागौ परत्वाऽपरत्वे बुद्धयः सुखदुःखे इच्छाद्वेषौ प्रयत्नाश्च गुणाः ॥ वै० । अ० १ । आ० १ । सू० ६ ॥

રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરૂત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ એ ૨૪ ગુણો કહેવાય છે.

द्रव्याश्रय्यगुणवान् संयोगविभागेष्वकारणमनपेक्ष इति गुणलक्षणम् ॥
वै० । अ० १ । आ० २ । सू० १६ ॥

ગુણ તેને કહે છે કે જે દ્રવ્યને આધીન રહે છે અને બીજા ગુણોનું ધારણ નથી કરતો તથા સંયોગ અને વિભાગમાં કારણ નથી તથા અનપેક્ષ-એક બીજાની અપેક્ષા નથી કરતો.

श्रोत्रोपलब्धिर्बुद्धिनिर्ग्राह्यः प्रयोगणाऽभिज्वलित आकाशदेशः शब्दः ॥ महाभाष्ये ॥

જે શ્રોત્રવડે પ્રાપ્ય છે, જે બુદ્ધિવડે ગ્રાહ્ય છે, જે પ્રયોગ કરવાથી પ્રકાશિત થાય છે તથા આકાશ જેનો દેશ (ઉપાદાન કારણ) છે તે શબ્દ કહેવાય છે.

નેત્રથી જેનું ગ્રહણ થાય તે રૂપ, જીભથી જે મિષ્ટાદિ અનેક પદાર્થનું ગ્રહણ થાય છે તે રસ, નાસિકા (નાક) થી જેનું ગ્રહણ થાય તે ગન્ધ, ત્વચાથી જેનું ગ્રહણ થાય તે સ્પર્શ; એક, બે, ઇત્યાદિ ગણના જેનાથી થાય છે તે સંખ્યા, જેનાથી તોલ એટલે ભારીપણું હલકાપણું માલુમ થાય છે તે પરિમાણ, એક બીજાથી અલગ થવું તેનું નામ પૃથકત્વ, એક બીજાની સાથે મળવું તેનું નામ સંયોગ, એક બીજા સાથે મળેલાના કડકા થવા તેનું નામ વિભાગ, એકથી બીજું દૂર તે પર છે, એકની સંન્નિધિમાં હોવું અપર છે, જેનાથી સારૂં અથવા ખરાબ જ્ઞાન પ્રાપ્ત થાય છે તે બુદ્ધિ; આનન્દનું નામ સુખ, કલેશનું નામ દુઃખ, ઇચ્છા-રાગ, દ્વેષ-વિરોધ; અનેક પ્રકારના બળ પુરૂષાર્થ તે પ્રયત્ન, ભારીપણું તે ગુરૂત્વ, દ્રવત્વ એટલે પિગળી જવું, (સ્નેહ) પ્રીતિ, ચિકણાપણું, બીજાના સંબંધથી વાસના થવી તે સંસ્કાર (ધર્મ) ન્યાયાચરણ અને કઠિનત્વાદિ (અધર્મ) અન્યાયાચરણ અને કઠિનતાથી વિરૂદ્ધ કોમળતા; એ ૨૪ ગુણ છે.

उत्क्षेपणमवक्षेपणमाकुञ्चनं प्रसारणं गमनमिति कर्माणि ॥
वै० । अ० १ । आ० १ । सू० ७ ॥

(**उत्क्षेपण**) ઉપર ફેંકવું, (**अवक्षेपण**) નીચે ફેંકવું, (**आकुञ्चन**) સંકોચ કરવો, (**प्रसारण**) ફેલાવવું, (**गमन**) આવવું જવું ભ્રમવું આદિ એ કર્મ કહેવાય છે. હવે કર્મનું લક્ષણ કહેવામાં આવે છે.

एकद्रव्यमगुणं संयोगविभागेष्वनपेक्षकारणमिति कर्मलक्षणम् ।
वै० । अ० १ । आ० १ । सू० १७ ॥

एकं द्रव्यमाश्रय आधारो यस्य तदेकद्रव्यं । न विद्यते गुणो यस्य यस्मिन् वा तदगुणम् । संयोगेषु विभागेषु चाऽपेक्षारहितं कारणम् तत्कर्मलक्षणम् । अथवा यत्क्रियते तत्कर्म लक्ष्यते येन तल्लक्षणम्, कर्मणोलक्षणम् कर्म लक्षणम् દ્રવ્યના આશ્રિત ગુણોથી રહિત, સંયોગ અને વિભાગમાં અપેક્ષા રહિત જે કારણ હોય તેને કર્મ કહે છે.

द्रव्यगुणकर्मणां द्रव्यं कारणं सामान्यम् ॥ वै० । अ० १ । आ० १ । सू० १८ ॥

જે કાર્ય દ્રવ્ય ગુણ અને કર્મનું કારણદ્રવ્ય છે તે સામાન્ય દ્રવ્ય છે.

द्रव्याणां द्रव्यं कार्यं सामान्यम् ॥ वै० । अ० १ । आ० १ । सू० २३ ॥

જે દ્રવ્યોનું કાર્ય દ્રવ્ય છે તે કાર્યપણાથી સર્વ કાર્યોમાં સામાન્ય છે.

द्रव्यत्वं गुणत्वं कर्मत्वञ्च सामान्यानि विशेषाश्च ॥ वै०। अ० १। आ० २ ।सू ५॥

દ્રવ્યોમાં દ્રવ્યપણું, ગુણોમાં ગુણપણું, કર્મોમાં કર્મપણું, એ બધા સામાન્ય છે. (એટલે દ્રવ્યત્વ, ગુણત્વ અને કર્મત્વ એ સામાન્ય છે.) અને વિશેષ પણ છે. કારણકે દ્રવ્યોમાં દ્રવ્યત્વ સામાન્ય તથા ગુણત્વ અને કર્મત્વ અપેક્ષા વિશેષ છે; એ પ્રમાણે સર્વત્ર સમજવું.

सामान्यं विशेष इति बुद्ध्यपेक्षम् ॥ वै० । अ० १ । आ० २ । सू० ३ ॥

સામાન્ય અને વિશેષ, બુદ્ધિની અપેક્ષાથી સિદ્ધ થાય છે. જેમ મનુષ્ય વ્યક્તિમાં મનુષ્યત્વ સામાન્ય છે તે (સામાન્ય) પશુત્વની અપેક્ષાએ વિશેષ છે. તેવીજ રીતે સ્રીત્વ, પુરૂષત્વ, બ્રાહ્મણત્વ, ક્ષત્રિયત્વ, વૈશ્યત્વ અને શૂદ્રત્વ પણ વિશેષ છે. બ્રાહ્મણ વ્યક્તિઓમાં બ્રાહ્મણત્વ સામાન્ય, ક્ષત્રિયત્વાદિથી વિશેષ છે એ પ્રમાણે સર્વ ઠેકાણે સમજવું.

इहेदमिति यतः कार्यकारणयोः स समवायः ॥ वै० । अ० ७ । आ०२। सू०२६॥

અવયવોમાં અવયવી ઇત્યાદિ બુદ્ધિ થવાથી, અવયવ અને અવયવી, ક્રિયા અને ક્રિયાવાન, ગુણ અને ગુણી, કાર્ય અને કારણ, જાતિ અને વ્યક્તિ, એના નિત્ય સંબંધ હોવાથી તે સંબંધને સમવાય કહે છે, અને જે બીજાં દ્રવ્યોનો સંબંધ છે, તેને સંયોગ કહે છે.

द्रव्यगुणयोः सजातीयारम्भकत्वं साधर्म्यम् ॥ वै०। अ० १ । आ० १ । सू०९॥

જે દ્રવ્ય અને ગુણનો સમાન જાતીયક કાર્યનો આરંભ થાય છે, તેને સાધર્મ્ય કહે છે; જેવી રીતે પૃથ્વીમાં જડત્ત્વ ધર્મ અને ઘટાદિ જનકત્ત્વ સ્વસદશ ધર્મ છે. તેવીજ રીતે જળમાં પણ જડત્ત્વ અને હિમ આદિ સ્વસદશ કાર્યનો આરંભ પૃથ્વી સાથે જળનો અને જલનો પૃથ્વીસાથેનો તુલ્ય ધર્મ છે. અર્થાત્ " **द्रव्यगुणयोर्विजातीयारंभकत्वं वैधर्म्यम्** " એ જણાઇ ચૂક્યું કે જે દ્રવ્ય અને ગુણનો વિરૂદ્ધ ધર્મ અને કાર્યનો આરંભ છે તેને વૈધર્મ્ય કહે છે. જેમકે પૃથ્વીમાં કઠિનત્ત્વ શુષ્કત્ત્વ અને ગંધત્ત્વ ધર્મ જળથી વિરૂદ્ધ અને જળનો દ્રવત્ત્વ કોમલત્ત્વ અને રસગુણયુક્તત્ત્વ પૃથ્વીથી વિરૂદ્ધ છે. (દ્રવ્ય અને ગુણનું સાધર્મ્ય, સમાનજાતીયારંભકત્વ છે. જેમકે દ્રવ્ય સદા દ્રવ્યને ઉત્પન્ન કરે છે અને ગુણ ગુણને ઉત્પન્ન કરે છે એ ટુંકો, મૂળ સૂત્રનો અર્થ છે.)

कारणभावात्कार्यभावः ॥ वै० । अ० ४ । आ० १ । सू० ३ ॥

કારણના હોવાથી જ કાર્ય ઉત્પન્ન થાય છે.

नतु कार्याभावात् कारणाभावः ॥ वै० । अ० १ । आ० २ । सू० २ ॥

કાર્યના અભાવથી કારણનો અભાવ થતો નથી.

कारणाऽभावात्कार्याऽभावः ॥ वै० । अ० १ । आ० २ । सू० १ ॥

કારણ ન હોવાથી કાર્ય કદિપણ ઉત્પન્ન થતું નથી.

कारणगुणपूर्वकः कार्यगुणो दृष्टः ॥ वै० । अ० २ । आ० १ । सू० २४ ॥

કારણમાં જેવા ગુણ હોય છે તેવાજ ગુણ કાર્યમાં આવે છે.

પરિમાણ બે પ્રકારનાં છે.

अणुमहदिति तस्मिन्विशेषभावाद्विशेषाभावाच्च ॥ वै० । अ० ७ । आ० १ । सू० ११॥

(**अणु**) સૂક્ષ્મ (**महत्**) મ્હોટું જેમકે-ત્રસરેણુ લીખથી સૂક્ષ્મ, અને દ્વ્યણુકથી મ્હોટું છે.

सदिति यतो द्रव्यगुणकर्मसु सा सत्ता ॥ वै० । अ० १ । आ० २ । सू० ७ ॥

દ્રવ્ય, ગુણ અને કર્મમાં સત્‌શબ્દનો પ્રયોગ થાય છે. જેમકે, **सद्द्रव्यम्, सत् गुणः सत् कर्म** માટે સત્ શબ્દનો પ્રયોગ જેને લઇને થાય છે, તેજ સત્તા છે. એટલે સત્ શબ્દનો જે વાચ્ય છે તેજ સત્તા છે.

भावोनुवृत्तेरेव हेतुत्वात्सामान्यमेव ॥ वै० । अ० १ । आ० २ । सू० ४ ॥

(**भाव**) સત્તા અનુવૃત્તિનોજ હેતુ હોવાથી સામાન્યજ કહેવાય છે, વિશેષ કહેવાતો નથી. (ઘટ, ઘટ, ઘટ, આવી એકાકાર બુદ્ધિને અનુવૃત્તિ કહે છે.)

હવે અભાવનું નિરૂપણ કરવામાં આવેછે. અભાવ પાંચ પ્રકારનો છે.

क्रियागुणव्यपदेशाभावात्प्रागसत् ॥ वै० । अ० ९ । आ० १ । सू० १ ॥

(૧) કાર્યની ઉત્પત્તિ પ્હેલાં કાર્યનો અભાવ હોય છે. તેમાં યુક્તિ આ છે કે— **क्रियागुणव्यपदेशाभावात्** ॥ ઘટાદિ કાર્યની ઉત્પત્તિ પહેલાં " ઘટ છે, ઘટ કાળો છે "

આવો વ્યવહાર થતો નથી, જો ઉત્પત્તિની પહેલાં ઘટ હોય તો, ઉક્ત વ્યવહાર થવો જોઈએ પણ થતો નથી માટે કાર્યની ઉત્પત્તિ પહેલાં કાર્યનો અભાવ છે. એ અભાવને "પ્રાગભાવ" કહે છે.

બીજો અભાવ—

सदसत् ॥ वै० । अ० ९ । आ० १ । सू० २ ॥

ઉત્પન્ન થયેલ પદાર્થનો જે અભાવ, તેને "પ્રધ્વંસા ભાવ" કહે છે જેમકે "**घटो ध्वस्तः**" ઘડો ફુટયો. અહિંઆં ઘડાનો જે અભાવ થયો તે પ્રધ્વંસાભાવ છે.

ત્રીજો અભાવ—

सच्चासत् ॥ वै० । अ० ९ । आ० १ । सू० ४ ॥

વિદ્યમાન વસ્તુનોજ બીજાના સ્વરૂપથી જે "અભાવ" બોલાય છે તે અન્યોઅન્યાભાવ કહેવાય છે. જેમકે—"**अगौरश्वः अनश्वो गौः** ॥ ગાય, અશ્વના સ્વરૂપે ગાય નથી, અને અશ્વ, ગાયના સ્વરૂપે અશ્વ નથી.

ચોથો અભાવ—

यच्चान्यदसदतस्तदसत् ॥ वै० अ० ९ । आ० १ । सू० ५ ॥

પૂર્વે જે ત્રણ અભાવો કહેવામાં આવ્યા છે તેનાથી ભિન્ન જે અભાવ છે તેને અત્યંતાભાવ કહે છે જેમકે—"**नरशृङ्ग**" મનુષ્યનું શીંગ "**खपुष्प**" આકાશનું ફુલ અને "**वन्ध्यापुत्र**" વન્ધ્યાનો પુત્ર ઇત્યાદિમાં જે અભાવ જણાય છે તે અત્યન્તાભાવ છે.

પાંચમો અભાવ—

नास्ति घटो गेह इति सतो घटस्य गेहसंसर्गप्रतिषेधः ॥ वै० । अ० ९ । आ० १ । सू० १० ॥

ઘરમાં ઘડો નથી, અર્થાત્ બીજે ઠેકાણે છે. ઘરની સાથે જે ઘડાનો સંબંધ નથી એ પંચ પ્રકારના અભાવો કહેવાય છે.

इन्द्रियदोषात्संस्कारदोषाच्चाविद्या ॥ वै० । अ० ९ । आ० २ । सू० १० ॥

ઇંદ્રિયોના દોષથી અને સંસ્કારના દોષથી અવિદ્યા ઉત્પન્ન થાય છે.

तद्दुष्टज्ञानम् ॥ वै० । अ० ९ । आ० २ । सू० ११ ॥

જે દુષ્ટ (વિપરીત) ઉલટું જ્ઞાન છે તેને અવિદ્યા કહે છે.

अदुष्टं विद्या ॥ वै० । अ० ९ । आ० २ । सू० १२ ॥

જે અદુષ્ટ અર્થાત્ યથાર્થ જ્ઞાન છે તેને વિદ્યા કહે છે.

पृथिव्यादिरूपरसगन्धस्पर्शा द्रव्यानित्यत्वादनित्याश्च ॥ वै० । अ० ७ । आ० १ । सू० २ ॥

एतेन नित्येषु नित्यत्वमुक्तम् ॥ वै० । अ० ७ । आ० १ । सू० ३ ॥

કાર્ય રૂપ પૃથિવ્યાદિ પદાર્થોમાં જે રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ ગુણો છે એ બધા કાર્ય દ્રવ્યોની અનિત્યતા હોવાથી અનિત્ય છે, પરંતુ જે કારણ રૂપ પૃથ્વ્યાદિ નિત્ય દ્રવ્યો છે તેમાં રહેનાર ગન્ધાદિગુણ તો નિત્ય છે.

सदकारणवन्नित्यम् ॥ वै० । अ० ४ । आ० १ । सू० १ ॥

જે વિદ્યમાન છે અને જેનું કારણ કોઇ નથી, તે નિત્ય છે. અર્થાત્ **सत्कारणवदनित्यम्** જે કારણવાળું (કાર્ય) છે તે અનિત્ય છે.

अस्येदं कार्यं कारणं संयोगि विरोधि समवायि चेति लैङ्गिकम् ।

वै० । अ० ९ । आ० २ । सू० १ ॥

આનું આ કાર્ય અથવા કારણ છે, ઇત્યાદિ સમવાયિ, સંયોગિ, એકાર્થસમવાયિ અને વિરોધી એ ચાર પ્રકારનું લૈંગિક અર્થાત લિંગ અને લિંગીના સંબંધથી જ્ઞાન થાય છે. " સમવાયિ " જેમકે, આકાશ પરિમાણ વાળું છે. (આકાશ અને પરિમાણનો સમવાય સંબંધ છે માટે) " સંયોગિ " જેમકે શરીર ત્વચાવાળું છે. (શરીર અને ત્વચાનો સંયોગ સંબંધ છે માટે) " એકાર્થ સમવાયિ " એક અર્થમાં બેનું રહેવું જેમ કાર્યરૂપ સ્પર્શ કાર્યનું લિંગ અર્થાત્ જણાવનાર છે. " વિરોધિ " જેમકે થઇ ગયેલ વૃષ્ટિ થનાર વૃષ્ટિનું વિરોધિ લિંગ છે. વ્યાપ્તિઃ—

नियतधर्मसाहित्यमुभयोरेकतरस्य वा व्याप्तिः ॥ निजशक्त्युद्भवमित्याचार्याः ॥

आधेयशक्तियोग इति पञ्चशिखः ॥ सांख्य० ॥ अ० ५ । सू० २९ । ३१ । ३२ ॥

સાધ્ય અને સાધન (જે સિદ્ધ કરવાને યોગ્ય છે તે સાધ્ય અને જેનાથી સિદ્ધ કરી શકાય તે સાધન) બન્નેનો અથવા કેવળ સાધનનો જે નિશ્ચિત સહચાર (સાહચર્ય) છે તેને વ્યાપ્તિ કહે છે. જેમ ધૂમ અને અગ્નિનો સહચાર (વ્યાપ્તિ કહેવાય છે ૨૯.) વ્યાપ્ય-ધુમ પોતાની શક્તિથી ઉત્પન્ન થાય છે અર્થાત્ ધુમ જ્યારે અગ્નિથી દૂર જાય છે ત્યારે અગ્નિના સંબંધ વિના પણ રહી શકે છે. (૩૧) મહત્તત્વાદિમાં પ્રકૃતિની વ્યાપકતા અને બુદ્ધયાદિમાં વ્યાપ્યતારૂપ ધર્મના સંબંધનું નામ વ્યાપ્તિ છે. તથા શકિત આધેયરૂપ અને શક્તિમાન આધાર રૂપ એ બન્નેના સંબંધને " વ્યાપ્તિ " કહેછે. ઇત્યાદિ શાસ્ત્રોના પ્રમાણોથી પરીક્ષા કરી ભણે

અને ભણાવે અન્યથા વિદ્યાર્થિઓને સત્ય જ્ઞાન કદિ પણ થઇ શકશે નહિ. જે જે ગ્રન્થો ભણાવવાના હોય તેની ઉપરોકત પ્રકારથી પરીક્ષા કરવી, પછી જે સત્ય જણાય તે ભણાવવાના ઉપયોગમાં લેવા અને જે ગ્રન્થો ઉક્ત પાંચ પ્રકારની પરીક્ષાથી વિરૂધ્ધ હોય તેનો ત્યાગ કરવો. કેમકે:—

लक्षणप्रमाणाभ्यां वस्तुसिद्धिः ॥

લક્ષણ–જેમકે–" **गन्धवती पृथिवी** " જે ગન્ધવાળી છે તે પૃથ્વી છે. એવી રીતે લક્ષણ અને પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સર્વ સત્ય અને અસત્ય પદાર્થોનો નિર્ણય થાય છે, તેના વિના કંઇ પણ થઇ શકતું નથી.

अथ पठन–पाठन विधिः ॥

હવે પઠન–પાઠનનો પ્રકાર લખવામાં આવે છે. પ્રથમ પાણિની મુનિએ બનાવેલી સૂત્રાત્મક શિક્ષા ભણવી. તેમાં અક્ષરોનાં સ્થાન તથા પ્રયત્ન આદિ બતાવવામાં આવ્યાં છે, જેમકે " **प** " નું સ્થાન ઓષ્ઠ અને પ્રયત્ન સ્પૃષ્ટ, (પ્રાણ અને જીભની ક્રિયાને કરણ – પ્રયત્ન – કહે છે) એ પ્રમાણે યથાયોગ્ય સર્વ અક્ષરોના સ્થાન—પ્રયત્નો શિખવાડવા. ત્યારબાદ વ્યાકરણ એટલે અષ્ટાધ્યાયી સૂત્ર પાઠ, જેમકે— " **वृद्धिरादैच्** " ઇત્યાદિ. ત્યાર બાદ પદચ્છેદ જેમ–**वृद्धिः आत, ऐच्** અથવા **आदैच्**; ત્યાર બાદ સમાસ જેમ–**आच्च ऐच्च आदैच्** અર્થ–" **आदैचां वृद्धि संज्ञा क्रियते** " આ, ઐ, અને ઔની વૃદ્ધિ સંજ્ઞા કરાય છે. " **तःपरो यस्मात्स तपरस्तादपि परस्तपरः** " તકાર જે વર્ણની પછી આવ્યો હોય અને તકારની પછી જે વર્ણ આવ્યો હોય તે બન્ને "તપર" કહેવાય છે. માટે " **आदैच्** " માં આની પછી **त्** છે અને **त्**ની પછી **ऐच** છે માટે **आ** અને **ऐ** બન્ને " તપર " કહેવાયા. " તપર " કરવાનું પ્રયોજન એ છે કે " **आदैच्** " માં હ્રસ્વ **अ** અને પ્લુત **अ३**ની વૃદ્ધિ ન થઇ. ઉદાહરણ (**भागः**) અહિઆં **भज्** ધાતુને **घञ्** પ્રત્યય લગાડયા પછી " **घ्** અને **ञ्**ની **इत्संज्ञा** કરી લોપ કરવો. બાકી " **भज्+अ** " અહિંઆ **ज्**ની પહેલાં અને **भ**ની પછી જે **अ** છે તેનો વૃદ્ધિ સંજ્ઞાવાળો **आ** થયો એથી **भज्**ને બદલે " **भाज्** " થયો પછી " **ज्** " નો **ग्** કરી તેમાં "**अ**" મેળવવાથી "**भाग**" શબ્દ સિદ્ધ થયો. બીજું ઉદાહરણ " **अध्यायः** " અહિંઆ **अधि** ઉપસર્ગ પછી "**इ**" ધાતુને **घञ्** પ્રત્યય લગાડયા પછી **इ** ની વૃદ્ધિ **ऐ** કરી તેના સ્થાનમાં **आय्** કરવો એટલે **अध्याय** શબ્દ સિદ્ધ થયો " **नायकः** " "**नी**" ધાતુને **ण्वुल्** પ્રત્યય લગાડી **नी** ધાતુસ્થ **ई**ની વૃદ્ધિ **ऐ** કરી **आय्** કરવો એટલે " **नायकः** " શબ્દ સિદ્ધ થયો " **स्तावकः** " **स्तु** ધાતુને **ण्वुल्** પ્રત્યય લગાડી **स्तु** ધાતુના **उ**ની વૃદ્ધિ **औ** કર્યા પછી તેના સ્થળમાં **आव्** કરવો. **ण्वुल्**માં " **ल्** " ની **इत्संज्ञा** કરી લોપ કરવો અને **वु**ના સ્થાનમાં **अक** આદેશ કરવો. **कृञ्** ધાતુને **ण्वुल्** પ્રત્યય લગાડવો એટલે "**कृ+ण्वुल् कृ** ધાતુના **ऋ**ની વૃદ્ધિ **आर** કરવી એટલે " **कारक** " શબ્દ સિધ્ધ થયો. જે જે સૂત્રો આગળ પાછળના પ્રયોગમાં લાગે તેનું બધું કાર્ય બતાવવું, સ્લેટ અથવા લાકડાના પાટીઆ ઉપર કાચું રૂપ બતાવવું જેમકે **भज्+घञ्+सु**માં **ज्** લોપ

કરી **भज्+य+सु** લખી બતાવવું પછી **भज्** ધાતુસ્થ **अ**ની વૃદ્ધિ તથા **ज्** ના **ग्** કરી **भाग्+अ+सु** લખવું પછી **अ** ને **ग्** મેળવી " **भाग+सु** " લખવુ પછી **उ** ની **उत्संज्ञा** " **स्** " ના સ્થાનમાં " **रु** " કરી ફરીથી **उ**ની **इत्संज्ञा** કરી લેપ કરવો પછી " **भागर्** " લખી **र्** (:) વિસર્જનીય કરી **भागः॥** સિદ્ધ રૂપ લખવું. જે જે સૂત્રથી જે જે કામ થાય તે તે સુત્ર બોલાવી લખાવી કાર્ય કરાવવું. એ પ્રકારે જો ભણાય અથવા ભણાવાય તો જલદી બોધ થઇ જાય. એક વાર એ પ્રમાણે અષ્ટાધ્યાયી ભણાવી અર્થ સાહત ધાતુપાઠ અને દશ લકારના રૂપો પ્રક્રિયા સહિત સમજાવવાં. પછી ઉત્સર્ગ=સામાન્ય અને અપવાદ સૂત્રો સમજાવવાં જેમકે સામાન્ય સૂત્ર " **कर्मण्यण्** " કર્મ ઉપપદ (પદની પાસે) હોય તો ધાતુને **अण्** પ્રત્યય લાગે છે. ઉદાહરણ " **कुम्भकारः** " અપવાદ સૂત્ર " **आतोऽनुपसर्गे कः** " ઉપસર્ગ ભિન્ન કર્મ ઉપપદ હોય તો આકારાન્ત ધાતુને " **क** " પ્રત્યય લાગે છે. (ઉદાહરણ **गोदः कम्बलदः**) જે બહુ વ્યાપક હોય (તે ઉત્સર્ગ સૂત્ર કહેવાય) જેમકે–કર્મ ઉપપદ હોય તો સર્વ ધાતુને **अण्** પ્રત્યય લાગે છે. (ઉત્સર્ગ સૂત્રના થોડાજ વિષયમાં જે સૂત્રની પ્રવૃત્તિ હોય તે અપવાદ સૂત્ર કહેવાય) જેમકે આકારાન્ત ધાતુને " **क** " પ્રત્યય લાગે છે. જેમ ઉત્સર્ગના સૂત્રના વિષયમાં અપવાદ સૂત્રની પ્રવૃત્તિ થાય છે; તેમ, અપવાદ સૂત્રના વિષયમાં ઉત્સર્ગ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમ ચક્રવર્ત્તિ રાજાના રાજ્યમાં માંડળિક અને ભુમિવાળાની પ્રવૃત્તિ થાય છે તેમ માંડળિક રાજા આદિના વિષયમાં ચક્રવર્ત્તિની પ્રવૃત્તિ થતી નથી. એ પ્રમાણે મહર્ષિ પાણિનિજીએ ૧૦૦૦ શ્લોકમાં સર્વ શબ્દ, અર્થ અને સંબંધોની વિદ્યા બતાવી આપી છે. ધાતુપાઠ પૂર્ણ થયા પછી ઉણાદિગણ ભણાવવો તે વખતે સુબન્તનો વિષય સારી રીતે સમજાવવો. આ પ્રમાણે અષ્ટાધ્યાયી એકવાર ભણાવ્યા પછી ફરીથી શંકા, સમાધાન, વાર્ત્તિક, કારિકા, અને પરિભાષાની ઘટના પૂર્વક અષ્ટાધ્યાયીની બીજી આવૃત્તિ ભણાવવી. ત્યારબાદ મહાભાષ્ય ભણાવવું. વિદ્યાર્થી બુદ્ધિમાન, પુરૂષાર્થી, નિષ્કપટી, વિદ્યાવૃદ્ધિને ઇચ્છનાર નિયમ પૂર્વક અભ્યાસ કરે તો દોઢ વર્ષમાં અષ્ટાધ્યાયી અને દોઢ વર્ષમાં મહાભાષ્ય ભણી પૂર્ણ વૈયાકરણ થઇ શકે. વ્યાકરણ દ્વારા લૌકિક અને વૈદિક શબ્દોનું જ્ઞાન પ્રાપ્ત કર્યાં પછી બીજાં શાસ્ત્રો જલદી અને સહેલાઇથી ભણી શકે છે. વ્યાકરણમાં જે મોટા પરિશ્રમ કરવો પડે છે તે પરિશ્રમ બીજાં શાસ્ત્રોમાં કરવો પડતો નથી. ઉક્ત ગ્રન્થોના ભણવાથી જેટલો બોધ થાય છે તેટલો બોધ, સારસ્વત, ચન્દ્રિકા, કૌમુદી અને મનોરમાદિ કુગ્રન્થોનો પચાસ વર્ષ પર્યન્ત અભ્યાસ કરવા છતાં પણ થઇ શકતો નથી; કારણકે મહાશય મહર્ષિ લોકોએ સરળપણાથી જે મહાન વિષયને પોતાના ગ્રન્થમાં પ્રકાશિત કર્યો છે, તે સરળપણું અને તે મહાન વિષય ક્ષુદ્રાશય મનુષ્યોના કલ્પિત ગ્રન્થોમાં કેવી રીતે આવી શકે? મહર્ષિ લોકોનો આશય, " જેમ બને તેમ ગ્રન્થ સુગમ અને થોડા સમયમાં ગ્રહણ કરી શકાય " તેવો હોય છે. જ્યારે ક્ષુદ્રાશય લોકોનો આશય, " ગ્રન્થ જેમ બને તેમ કઠણ, અલ્પફળવાળો અને ઘણાજ પરિશ્રમે ગ્રહણ કરી શકાય " તેવો હોય છે. એ, " મ્હોટા પહાડ ખોદી કાડીનો લાભ કરવો " તેની બરોબર છે. પરન્તુ ઋષિ લોકોના બનાવેલ ગ્રન્થોનું ભણવું " એક ડુબકી મારવી અને બહુ મૂલ્ય મોતીનો લાભ કરવો " તેની બરોબર છે. વ્યાકરણ ભણ્યા પછી યાસ્ક મુનિએ બનાવેલાં (૧) નિઘંટુ અને (૨) નિરૂક્ત. ૭ અથવા આઠ મા૦

સભા અર્થ સહિત ભણુવાં તથા ભણુાવવાં પરન્તુ બીજા નાસ્તિક લોકોએ બનાવેલ અમરકોષ આદિ ભણી વ્યર્થ સમયનો વ્યય કરવો નહિ. ત્યારબાદ વૈદિક અને લૌકિક છન્દોનું જ્ઞાન બતાવનાર, તથા નવીન શ્લોકોની રચના બતાવનાર પિંગલાચાર્ય કૃત છન્દોગ્રન્થ પણુ ભણે, એ ગ્રન્થથી શ્લોકોની રચના તથા પ્રસ્તાર ચાર માસમાં શિખી શકાય છે પરન્તુ અલ્પબુદ્ધિવાળા લોકોએ બનાવેલ વૃત્તરત્નાકર આદિ ગ્રન્થોના અભ્યાસમાં અનેક વર્ષો નષ્ટ કરવાં નહિ. ત્યારબાદ જેનાથી દુષ્ટ વ્યસન દુર થાય અને ઉત્તમતા, સભ્યતા અને વકૃતા આદિ પ્રાપ્ત કરી શકાય એવાં વાલ્મીકીય રામાયણુ મહાભારતના ઉદ્યોગ પર્વમાંથી વિદુર નીતિ આદિ સારાં સારાં પ્રકરણો કાવ્યની રીતિથી (એટલે પદચ્છેદ, સમાસ, અન્વય, વિશેષ્ય, વિશેષણુ અને ભાવાર્થ સહિત) ભણે અને ભણાવે. એ વિદ્યા (કાવ્યજ્ઞાન) પ્રાપ્ત કરવામાં એક વરસ વાગે છે ત્યાર બાદ પૂર્વમીમાંસા, વૈશેષિક, ન્યાય, સાંખ્ય અને વેદાન્ત એ છ શાસ્ત્રો ઋષિકૃત વ્યાખ્યા સહિત અથવા ઉત્તમ વિદ્વાનોની સરળ વ્યાખ્યા સહિત ભણે અને ભણાવે;પરંતુ વેદાન્ત સૂત્રો ભણ્યા પહેલાં ઇશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, ઐતરેય, તૈત્તિરીય, છાન્દોગ્ય અને બૃહદારણ્યક એ દસ ઉપનિષદો ભણવાં. ત્યારબાદ ઐતરેય, શતપથ, સામ અને ગોપથ એ ચાર બ્રાહ્મણુ ગ્રન્થ સહિત ચાર વેદો, સ્વર અને શબ્દાર્થ સંબંધ સહિત તથા કર્મકાંડની રીતિ સહિત છ વર્ષની અંદર ભણવા તથા ભણાવવા. અર્થ સહિત વેદ ભણવામાં પ્રમાણ

स्थाणुरयंभारहारः किलाभूदधीत्य वे न विजानाति योऽर्थम् । योऽर्थज्ञ इत्सकलं भद्रमश्नुते नाकमेति ज्ञानविधूतपाप्मा ॥ निरुक्त १ । १८॥

જે લોકો વેદનો અર્થ રહિત પાઠજ કરે છે, તેઓ જેમ વૃક્ષ, શાખા, પાંદડાં, ફળ અને પુષ્પોને ધારણુ કરે છે તથા પશુઓ જેમ ધાન્ય આદિ ભાર ઉઠાવે છે બસ તેવીજ રીતે ભારવાહક (બોજો ઉઠાવનાર) છે, પરન્તુ જેઓ અર્થ સહિત વેદોને ભણે છે તેઓ તો વૈદિક જ્ઞાન દ્વારા ઐહિક સંપૂર્ણ આનન્દ ભોગવી દેહાન્ત થયા પછી સર્વાનન્દ (મોક્ષ) ને પ્રાપ્ત થાય છે.

उत त्वः पश्यन्न ददर्श वाचमुत त्वः शृण्वन्न शृणोत्येनाम् । उतो त्वस्मै तन्वं१ विसस्रे जायेव पत्य उशती सुवासाः ॥ ऋ० ॥ मं० १० । सू० ७१ । मं० ४ ॥

જે અવિદ્વાન છે તે સાંભળતાં છતાં નથી સાંભળતો, દેખતાં છતાં નથી દેખતો, બોલતાં છતાં નથી બોલતો એટલે કે અવિદ્વાન માણસ એ વાણી (વેદવાણી) નું રહસ્ય (ખરોઅર્થ) સમજી શકતો નથી. પરન્તુ જે શબ્દ, અર્થ અને સંબંધને જાણુનાર છે તેને તો વિદ્યાદેવી જેમ પતિને ઇચ્છનારી પતિવ્રતા સ્ત્રી સુંદર વસ્ત્ર તથા આભુષણાદિ પહેરી પતિની પાસે પોતાનો અભિપ્રાય પ્રકટ કરે છે તેમ પોતાનો અભિપ્રાય તથા અંગ પ્રત્યંગો પ્રકટ કરે છે,

ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन्देवा अधिविश्वे निषेदुः । यस्तन्न वेद किमृचा करिष्यति य इत्तद्विदुस्त इमे समासते ॥ ऋ० । मं० १ । सू० १६४ । मं० ३९ ॥

વ્યાપક, અવિનાશી, સર્વોત્કૃષ્ટ પરમેશ્વરમાં વિદ્વાન, પૃથ્વી અને સૂર્યાદિ સર્વ વિદ્યમાન છે–જેમાં વેદોનું મુખ્ય તાત્પર્ય રહ્યું છે, તે બ્રહ્મને જે નથી જાણતો તેને ઋગ્વેદ આદિ ચારે વેદો શું કંઇ પણ સુખ આપી શકે છે? અર્થાત્ કંઇ નહિ; પરન્તુ જે વેદોનો અભ્યાસ કરી ધર્માત્મા અને યોગી થઇ તે બ્રહ્મને જાણે છે, તે પરમાત્માને પ્રાપ્ત કરી મુક્તિ રૂપી આનંદને ભોગવે છે. માટે જે કંઇ પણ ભણવું અથવા ભણાવવું તે સઘળું અર્થ સહિત હોવું જોઇએ. એ પ્રમાણે ચારે વેદો ભણી (૧) "**આયુર્વેદ**" એટલે જે ચરક, સુશ્રુત આદિ ઋષિમુનિ પ્રણીત વૈદ્યક શાસ્ત્ર છે તેને અર્થ, ક્રિયા, શસ્ત્ર, છેદન, ભેદન, લેપ, ચિકિત્સા, નિદાન, ઔષધ, પથ્ય, શરીર, દેશ, કાલ અને વસ્તુના ગુણ એ જ્ઞાનપૂર્વક ૪ (ચાર) વર્ષમાં ભણે તથા ભણાવે; ત્યાર પછી (૨) "**ધનુર્વેદ**" એટલે જે રાજ સંબંધી કામ છે જેના બે ભેદ છે–એક સ્વયં રાજપુરૂષ સંબંધી અને બીજો પ્રજા સંબંધી. રાજકાર્યમાં સર્વ સેનાના અધ્યક્ષ (સેનાપતિનું) કામ શસ્ત્રાસ્ત્ર વિદ્યા, અનેક પ્રકારના વ્યૂહોનો અભ્યાસ (કવાયદ જે ક્રિયા લડાઇ વખતે કરવી પડે છે તે) એ સારી રીતે શિખવે. બીજો પ્રજા સંબંધી એટલે પ્રજાનું પાલન કેમ કરવું તથા પ્રજાની વૃદ્ધિ કેમ કરવી? એ કામ બરાબર શિખી ન્યાયપૂર્વક પ્રજાને સંતુષ્ટ રાખવી. દુષ્ટોને યોગ્ય દંડ તથા શ્રેષ્ઠનું યોગ્ય પાલન ઇત્યાદિનો સારો અભ્યાસ બે વરસમાં કરી લેવો. ત્યાર પછી (૩) "**ગાન્ધર્વવેદ**" જેને ગાન વિદ્યા કહે છે, તેમાં સ્વર, રાગ, રાગિણી, સમય, તાલ, ગ્રામ, તાન, વાદિત્ર, નૃત્ય અને ગીત આદિને સારી રીતે શિખવાં, સામવેદનું ગાન વાદિત્ર-વાદન પૂર્વક શિખવું. નારદ સંહિતા આદિ જે આર્ષ ગ્રન્થો છે તેને ભણવાના ઉપયોગમાં લેવા. પરંતુ ભાંડ, વેશ્યા અને વિષયાસક્તિ કરાવનાર વેરાગિઓના ગર્દભ શબ્દની માફક ખોટો આલાપ કદિ પણ કરવો નહિ. (૪) "**અર્થવેદ**"— જેમાં શિલ્પ વિદ્યા ભરી છે તેમાંથી પદાર્થોના ગુણો, વિજ્ઞાન, ક્રિયા, કૌશલ નાના પ્રકારના આવિષ્કારો (નવીન શોધખોળ) કરવાનું જ્ઞાન આદિ પ્રાપ્ત કરવું, ઐશ્વર્ય વૃદ્ધિકારક જે જે ઉપાયો છે તે તેમાંથી (અર્થવેદમાંથી) શીખવા. ત્યાર પછી બે વરસમાં જ્યોતિષ્ શાસ્ત્ર ભણવું. જ્યોતિષ્ ગ્રન્થો સૂર્યસિદ્ધાન્તાદિ કે જેમાં બીજ ગણિત, અંકગણિત, ભૂગોલ, ખગોલ અને ભૂગર્ભ વિદ્યા છે તેને સારી રીતે ભણવા. ત્યાર પછી સર્વ પ્રકારની યંત્રકળા આદિ શીખવું, પરન્તુ જે ગ્રહ, નક્ષત્ર, જન્મપત્રિકા, રાશિ, મુહૂર્ત્ત આદિ ફલદર્શક ગ્રન્થો છે તેને અસત્ય સમજી કદિ પણ ભણવા અને ભણાવવા નહિ. ભણનાર અને ભણાવનારે એવો પ્રયત્ન કરવો કે વીસ એકવીસ વર્ષમાં સમગ્ર ઉત્તમ વિદ્યા પ્રાપ્ત કરી, કરાવી સર્વદા આનન્દમાં રહેવાય. ઉક્ત પ્રકારથી વીસ અથવા એકવીસ વરસમાં જેટલી વિદ્યા પ્રાપ્ત કરી શકાય છે તેટલી વિદ્યા બીજા પ્રકારથી સો વર્ષમાં પણ મળી શકતી નથી.

ઋષિ લોકો મહાસમર્થ વિદ્વાન્, શાસ્ત્રને જાણનારા તથા ધર્માત્મા હતા માટે તેમના બનાવેલા ગ્રન્થો ભણવા. અનૃષિ એટલે શાસ્ત્રનો પૂરેપૂરો મર્મ ન જાણનાર અને આત્માને પક્ષપાતી બનાવનારના બનાવેલ ગ્રન્થ પણ, અર્થબોધ રહિત તથા પક્ષપાત સહિત હોવાથી ત્યાજ્ય છે.

પૂર્વમીમાંસા ઉપર વ્યાસમુનિકૃત વ્યાખ્યા, વૈશેષિક ઉપર ગૌતમમુનિકૃત વ્યાખ્યા, ન્યાયસૂત્ર ઉપર વાત્સ્યાયનકૃત ભાષ્ય, પતંજલિમુનિકૃત યોગસૂત્ર ઉપર વ્યાસમુનિકૃત ભાષ્ય, કપિલ મુનિકૃત સાંખ્ય સૂત્ર ઉપર ભાગુરિમુનિકૃત ભાષ્ય, વેદાન્ત સૂત્ર ઉપર વાત્સ્યાયન મુનિકૃત ભાષ્ય અથવા બૌદ્ધાયનકૃત ભાષ્ય વૃત્તિ સહિત, ભણે અને ભણાવે. ઇત્યાદિ સૂત્રોને કલ્પ અંગમાં પણ ગણવાં જોઇએ. જેમ ઋગ્ યજુ, સામ અને અથર્વવેદ ઇશ્વરકૃત છે, તેમ ઐતરેય, શતપથ, સામ, અને ગોપથ, એ ચાર બ્રાહ્મણ; શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિઘંટુ, નિરૂકત, છન્દ અને જ્યોતિષ્ એ છ વેદોનાં અંગો અને છ શાસ્ત્ર* વેદોના ઉપાંગો; આયુર્વેદ, ધનુર્વેદ, ગાન્ધર્વવેદ, અને અર્થવેદ એ ચાર ઉપવેદ ઇત્યાદિ બધા ઋષિ મુનિઓએ બનાવ્યા છે. તેમાં પણ જે જે વેદ વિરૂદ્ધ લાગે તે તે છોડી દેવું, કારણ કે વેદ ઇશ્વરકૃત હોવાથી નિર્ભ્રાન્ત અને સ્વતઃ પ્રમાણ છે (એટલે વેદનું પ્રમાણ વેદથીજ થાય છે) બ્રાહ્મણ આદિ સર્વ ગ્રંથો પરતઃ પ્રમાણ છે (એટલે તેનું પ્રમાણ વેદને આધીન છે) વેદની વિશેષ વ્યાખ્યા ઋગ્વેદાદિ ભાષ્યભૂમિકામાં જોઇ લેવી તથા આ ગ્રંથમાં પણ આગળ લખીશું.

હવે જે ગ્રન્થો ત્યાજ્ય છે તે સંક્ષેપથી બતાવવામાં આવે છે, જેને જાળગ્રન્થ સમજી તેનું પઠનપાઠન ન કરવું.

વ્યાકરણમાં—કાતંત્ર, સારસ્વત, ચંદ્રિકા, મુગ્ધબોધ, કૌમુદી, શેખર, મનોરમાદિ.
કોષમાં—અમરકોષાદિ.
છન્દોગ્રન્થમાં—વૃત્તરત્નાકરાદિ.
શિક્ષામાં—**अथ शिक्षां प्रवक्ष्यामि पाणिनीयमतं यथा इत्यादि.**
જ્યોતિષમાં—શીઘ્રબોધ, મુહૂર્ત્તચિન્તામણિ આદિ.
કાવ્યમાં—નાયિકા ભેદ, કુવલયાનન્દ, રઘુવંશ, માઘ, કિરાતાર્જુનીય, ઇત્યાદિ.
મીમાંસામાં—ધર્મસિંધુ, વ્રતાર્ક આદિ.
વૈશેષિકમાં—તર્કસંગ્રહ આદિ.
ન્યાયમાં—જાગદીશી આદિ.
યોગમાં—હઠપ્રદીપિકા આદિ.
સાંખ્યમાં—સાંખ્યતત્ત્વ કૌમુદી આદિ.
વેદાન્તમાં—યોગવાસિષ્ઠ, પંચદશી આદિ.
વૈદ્યકમાં—શાર્ઙ્ગધર, આદિ.
સ્મૃતિઓમાં—મનુસ્મૃતિમાંના પ્રક્ષિપ્ત શ્લોક તથા બીજી બધી સ્મૃતિઓ, બધા તંત્ર ગ્રન્થો, બધાં પુરાણો, બધાં ઉપપુરાણો, તુલસીદાસ કૃત રામાયણ, રુક્મિણીમંગલ આદિ અને સર્વ ભાષાગ્રન્થો.

એ બધા કપોલકલ્પિત હોવાથી મિથ્યા છે. (**પ્રશ્ન**) શું એ ગ્રન્થોમાં જરા પણ સત્ય નથી ? (**ઉત્તર**) થોડું સત્ય તો છે પરન્તુ સાથ સાથ અસત્ય પણ ઘણુંજ છે. માટે

* (આ ઠેકાણે છ શાસ્ત્રોને કલ્પથી અલગ ગણ્યાં છે અને પહેલાં કલ્પ અંગમાં ગણ્યાં છે આથી અનુમાન થઇ શકે છે કે છ શાસ્ત્રોને કલ્પ ગણવાં એ સ્વામીજીનો મત નથી.)

" **विषसम्पृक्तान्नवत् त्याज्याः** " જેમ વિષ સાથે મળેલું ઉત્તમ અન્ન પણ ત્યાજ્ય છે તેમ ઉક્ત ગ્રન્થો ત્યાજ્ય સમજવા. (**પ્રશ્ન**) શું આપ પુરાણ, ઇતિહાસને નથી માનતા ? (**ઉત્તર**) માનું છું પણ સત્યને, અસત્યને નહિ. (**પ્રશ્ન**) શું સત્ય ? અને શું અસત્ય ? (**ઉત્તર**) **ब्राह्मणानीतिहासान् पुराणानि कल्पान् गाथा नाराशंसीरिति ॥**

એ ગૃહ્ય સૂત્રનું વચન છે. ઉપર લખેલા ઐતરેય, શતપથ આદિ બ્રાહ્મણ ગ્રન્થોનાંજ ઇતિહાસ, પુરાણ, કલ્પ, ગાથા અને નારાશંસી એ પાંચ નામ છે. શ્રીમદ્ ભાગવત આદિનું નામ પુરાણ નથી.

પ્રશ્ન—જે ત્યાજ્ય ગ્રન્થોમાં સત્ય છે તેનું ગ્રહણ શા માટે ન કરવું ?

ઉત્તર—એ ગ્રન્થોમાં જે જે સત્ય છે તે તે વેદાદિ સત્યશાસ્ત્રોનું છે અને જે મિથ્યા (ખોટું) છે તે તેનું પોતાનું છે. માટે વેદાદિ સત્યશાસ્ત્રોનો સ્વીકાર કરવાથી સર્વ સત્યનો સ્વીકાર થઇ જાય છે. માટે **असत्यमिश्रं सत्यं दूरतस्त्यजेत् ॥** અસત્ય મિશ્રિત ગ્રન્થોમાંના સત્યનો દૂરથી ત્યાગ કરવો. જે લોકો અસત્ય મિશ્રિત ગ્રન્થોમાંથી સત્યને લેવા ઇચ્છે છે તે અસત્યની જાળમાં સપડાઇ જાય છે. માટે વિષવાળા અન્નની માફક એવા ગ્રન્થોનો ત્યાગ કરવો.

પ્રશ્ન—તમારો શો મત છે ?

ઉત્તર—વેદમાં જે જે કરવાની અને છાંડવાની શિક્ષા આપી છે તેને અનુસરી કરવું અને છોડવું, એ મને માન્ય છે; માટે મારો મત, જે વેદમાં છે તેજ છે, સર્વ મનુષ્યોએ પણ વેદની આજ્ઞા પ્રમાણે ચાલી પરમ આર્ય બનવું જોઇએ.

પ્રશ્ન—અસત્ય મિશ્રિત સત્ય, અને વિરોધની દૃષ્ટિએ બીજા ગ્રન્થો ત્યાજ્ય હોય તો, છ દર્શનોમાં પણ વિરોધ હોવાથી તમારા કથન પ્રમાણે ત્યાજ્ય થવાં જોઇએ. મીમાંસા કર્મથી, વૈશેષિક કાળથી, ન્યાય પરમાણુઓથી, યોગ પુરૂષાર્થથી, સાંખ્ય પ્રકૃતિથી અને વેદાન્ત બ્રહ્મથી સૃષ્ટિની ઉત્પત્તિ માને છે. શું એ વિરોધ નથી ?

ઉત્તર—પ્રથમ તો સાંખ્ય અને વેદાન્ત સિવાય બાકી રહેલ ચાર દર્શનોમાં પ્રસિદ્ધ રીતે સૃષ્ટિની ઉત્પત્તિ લખેલ નથી. બીજું જો તમે વિરોધનો અર્થ જાણતા હોત તો છ દર્શનોમાં વિરોધ છે એમ કહેત નહિ. (હવે ઉત્તરદાતા પોતે પ્રશ્નકાર બને છે):—

પ્રશ્ન—હું તમને પૂછું છું કે વિરોધ કયે સ્થળે થાય છે ? એક વિષયમાં કે ભિન્ન ભિન્ન વિષયમાં ?

ઉત્તર—એક વિષયમાં અનેક માણસોનું જે પરસ્પર ઉલટું કથન છે તેને હું "વિરોધ" સમજું છું. છ દર્શનોનું પણ સૃષ્ટિની ઉત્પત્તિ રૂપ એક વિષયમાં પરસ્પર ઉલટું કથન છે માટે દર્શનોમાં વિરોધ છે.

પ્રશ્ન—વિદ્યા એક છે કે અનેક ?

ઉત્તર—એક.

પ્રશ્ન—તો પછી વ્યાકરણ, વૈદ્યક, જ્યોતિષ, આદિના ભિન્ન ભિન્ન વિષય કેમ છે?

ઉત્તર—એ એકજ વિદ્યાના ભિન્ન ભિન્ન વિષયને બતાવનારાં ભિન્ન ભિન્ન અંગો છે.

સમાધાન—બસ, તેવીજ રીતે સૃષ્ટિ ઉત્પત્તિની વિદ્યાનાં ભિન્ન ભિન્ન છ અંગોને બતાવનારાં છ શાસ્ત્રો છે. જેમ ઘડાની ઉત્પત્તિમાં કર્મ, સમય, માટી, વિચાર, સંયોગ, વિભાગ આદિ કરવાને પુરૂષાર્થ, પ્રકૃતિના ગુણો અને કુંભાર કારણ છે. તેમજ સૃષ્ટિની ઉત્પત્તિમાં પણ જે કર્મની જરૂર છે તેની વ્યાખ્યા મીમાંસામાં, સમયની વ્યાખ્યા વૈશેષિકમાં, ઉપાદાન કારણની વ્યાખ્યા ન્યાયમાં, પુરૂષાર્થની વ્યાખ્યા યોગમાં, તત્વોના અનુક્રમે ગણના સાંખ્યમાં, અને નિમિત્ત કારણ પરમેશ્વરની વ્યાખ્યા વેદાન્તમાં છે. જેમ વૈદ્યક શાસ્ત્રમાં નિદાન, ચિકિત્સા, ઔષધિ, દાન અને પથ્ય આદિનાં ભિન્ન ભિન્ન પ્રકરણો હોવા છતાં, બધાંનો સિદ્ધાન્ત તો રોગ દૂર કરવાનોજ હોય છે. તેમ સૃષ્ટિના છ અંગોમાંથી એક એક અંગની વ્યાખ્યા કરનાર છ દર્શનોનો સિદ્ધાન્ત તો એકજ છે. માટે દર્શનોમાં કોઇ પણ પ્રકારનો વિરોધ નથી. એ વિષયની વધારે વ્યાખ્યા સૃષ્ટિ પ્રકરણમાં કરીશું.

વિદ્યા ભણવામાં તથા ભણાવવામાં ઘણાં વિઘ્નો આવે છે તેમાંથી થોડાંક અત્રે ગણાવીએ છિયે. (૧) દુષ્ટ વિષયી માણસોનો સંગ, (૨) મદ્યાદિ સેવન તથા વેશ્યાગમનાદિ દુષ્ટ વ્યસન, (૩) બાલ્યાવસ્થામાં વિવાહ, (પચ્ચીસ વર્ષ પહેલાં પુરૂષનો અને સોળ વર્ષ પહેલાં સ્ત્રીનો વિવાહ બાલવિવાહ કહેવાય છે), (૪) પૂર્ણ બ્રહ્મચર્ય ન રાખવું, (૫) રાજા, માતા, પિતા અને વિદ્વાનોનો વેદાદિ શાસ્ત્ર પ્રચારમાં પ્રેમ ન હોવો, (૬) ગુરૂકુલ જેવી આદર્શ સંસ્થાનો અભાવ, (૭) અતિ ભોજન, (૮) અતિ જાગરણ, (૯) પઠન પાઠનમાં પરીક્ષા લેવા દેવામાં આલસ્ય, (૧૦) કપટ, (૧૧) ઉત્તમ વિદ્યાનો લાભ ન સમજવો, (૧૨) બ્રહ્મચર્યથી બળ, બુદ્ધિ, પરાક્રમ, આરોગ્ય, રાજ્ય અને ધનની વૃદ્ધિ ન માનવી, (૧૩) ઇશ્વરનું ધ્યાન છોડી પાષાણ આદિ જડમૂર્તિનાં દર્શન અને પૂજનમાં વ્યર્થ કાલક્ષેપ કરવો, (૧૪) માતા, પિતા, અતિથિ, આચાર્ય અને વિદ્વાનોની સત્ય મૂર્ત્તિ ન માની સેવા અને સત્સંગતિ ન કરવી, (૧૫) વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ કરી ઊર્ધ્વપુંડ્ર, ત્રિપુંડ્ર, તિલક, કંઠી, માળા પહેરવી, એકાદશી અને ત્રયોદશી આદિનાં વ્રતો કરવાં, (૧૬) કાશી આદિમાં તીર્થબુદ્ધિ કરી અભ્યાસનો ત્યાગ કરી ભટકવું, (૧૭) રામ, કૃષ્ણ, નારાયણ, શિવ, ભગવતી, ગણેશાદિના નામ સ્મરણથી પાપ દૂર થવાનો વિશ્વાસ, (૧૮) પાખંડીઓના ઉપદેશથી વિદ્યા ભણવામાં અશ્રદ્ધા થવી, (૧૯) વિદ્યા, ધર્મ, યોગ અને પરમેશ્વરની ઉપાસના વિના ભાગવતાદિ પુરાણોની મિથ્યા કથાથી મુક્તિ માનવી, (૨૦) લોભથી ધન આદિ મેળવવામાં પ્રવૃત્ત થઇ વિદ્યામાં પ્રીતિ ન રાખવી, (૨૧) જ્યાં ત્યાં વ્યર્થ ભટકવું. ઇત્યાદિ અસત્ય વ્યવહારો કરવાથી બ્રહ્મચર્ય અને વિદ્યાના લાભથી રહિત થઇ, રોગી અને મૂર્ખ બને છે.

આજકાલ સંપ્રદાય ચલાવનારા લોકો તથા સ્વાર્થી બ્રાહ્મણો બીજાઓને વિદ્યા તથા સત્સંગથી અલગ રાખી પોતાની જાળમાં ફસાવી તન મન અને ધન હરી લે છે. તેઓની ઇચ્છા હોય છે કે જો ક્ષત્રિય આદિ વર્ણો ભણશે તો અમારૂં કપટ જાણી, અમારી જાળ-

માંથી છૂટી જશે અને અમારૂં અપમાન કરશે. આવા પણ દેશમાં વિઘ્નોજ છે. માટે રાજા તથા પ્રજાએ ઉપરનાં વિઘ્નોને દૂર કરી પોતાની પ્રજા અને સન્તાનોને વિદ્વાન બનાવવામાં તન, મન, ધનથી પ્રયત્ન કરવો.

પ્રશ્ન—શું સ્ત્રી અને શૂદ્રો પણ વેદો ભણે ? જો, એ ભણશે તો પછી અમે શું કરશું ? સ્ત્રી અને શૂદ્રોને નહિ ભણવામાં પ્રમાણ પણ છેઃ—

स्त्रीशूद्रौ नाधीयाताम् इति श्रुतेः ॥

સ્ત્રી અને શૂદ્રોએ ન ભણવું, એ શ્રુતિ છે.

(**ઉત્તર**)—સર્વ સ્ત્રી અને પુરૂષને ભણવાનો અધિકાર છે. તમે જોઇએ તે કરો. ઉક્ત શ્રુતિ પણ તમારી કપોલકલ્પિત છે, કોઇ પ્રામાણિક ગ્રન્થની નથી. સર્વ મનુષ્યોએ ભણવું જોઇએ, તેમાં યજુર્વેદનું પ્રમાણ છે.

यथेमां वाचं कल्याणीमावदानि जनेभ्यः । ब्रह्मराजन्याभ्याᳬं
शूद्राय चार्याय च स्वाय चारणाय ॥ यजु० अ० । २६ । २ ॥

પરમેશ્વર કહે છે કે (**यथा**) જેમ હું (**जनेभ्यः**) સર્વ મનુષ્યોને માટે (**इमाम्**) આ (**कल्याणीम्**) સંસારના અને મુક્તિના સુખને આપનારી (**वाचम्**) ઋગ્વેદાદિ ચાર વેદોની વાણીનો (**आवदानि**) ઉપદેશ કરૂં છું તેમ તમે પણ કર્યા કરો. અહિંઆં કોઇ એમ શંકા કરે કે " જન " શબ્દથી માત્ર દ્વિજો જ સમજવા, કારણ કે સ્મૃતિ આદિ ગ્રન્થોમાં બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યને જ વેદ ભણવાનો અધિકાર લખ્યો છે, શૂદ્રાદિને નહિ. (ઉત્તર) (**ब्रह्मराजन्याभ्यां**) પરમેશ્વર સ્વયં કહે છે કે મેં બ્રાહ્મણ ક્ષત્રિય (**अर्याय**) વૈશ્ય (**शूद्राय**) શૂદ્ર (**स्वाय**) પોતાના નોકર ચાકર સ્ત્રી આદિ (**अरणाय**) અને અતિશૂદ્રોને માટે પણ વેદનો પ્રકાશ કર્યો છે. માટે સર્વ મનુષ્યોએ વેદ ભણી ભણાવી વિજ્ઞાન વધારી સારી વાતનું ગ્રહણ અને ખરાબ વાતનું વર્જન (ત્યાગ) કરી દુઃખોને દૂર કરી આનન્દને પ્રાપ્ત કરવો.

કહો હવે તમારી વાત માનવી કે પરમેશ્વરની ? પરમેશ્વરની વાત જરૂર માનવી જોઇએ. એટલું છતાં (પ્રમાણ હોવા છતાં) યદિ કોઇ ન માને તો તે નાસ્તિક હોવો જોઇએ; કારણ કે " **नास्तिकोवेद निन्दकः** " **मनु०** વેદની આજ્ઞાને ન માણનાર માણસ નાસ્તિક કહેવાય છે. શું પરમેશ્વર શૂદ્રોનું ભલું નથી ઇચ્છતો ? શું પરમેશ્વર પક્ષપાતી છે ? કે જેથી શૂદ્રોને વેદ ભણવાની મનાઇ, અને દ્વિજોને આજ્ઞા આપે. પરમેશ્વરનો અભિપ્રાય હોત કે શૂદ્ર આદિને ભણાવવા નહિ તથા વેદો સંભળાવવા નહિ તો તેના શરીરમાં વાણી અને શ્રોત્ર ઇન્દ્રિય રચત નહિ. પરમાત્માએ જેમ પૃથિવી, જળ, અગ્નિ, વાયુ, ચંદ્ર, સૂર્ય અને અન્નાદિ પદાર્થો સર્વને માટે બનાવ્યા છે, તેવીજ રીતે વેદો પણ સર્વને માટે પ્રકાશિત કર્યા છે, અને જ્યાં કોઇ નિષેધ કર્યો છે તેનો અભિપ્રાય એ છે કે જેને ભણાવતાં

પણ ન આવડે તે બુદ્ધિ હીન, મૂર્ખ હોવાથી શૂદ્ર કહેવાય છે, તેઓને ભણાવવું વ્યર્થ છે. અને જે તમે સ્ત્રીઓને ભણવાનો નિષેધ કરો છો તે તમારી મૂર્ખતા, સ્વાર્થતા અને નિર્બુદ્ધતાનો પ્રભાવ છે. જુઓ વેદોમાં કન્યાઓને ભણવાનું વિધાન છે.

ब्रह्मचर्य्येण कन्या३ युवानं विन्दते पतिम्॥ अथर्व०
कां० ११। प्र० २४। अ० ३। मं० १८॥

જેમ કુમાર બ્રહ્મચર્યના સેવનથી પૂર્ણ વિદ્યા અને સુશિક્ષા પ્રાપ્ત કરી પોતાને અનુકુળ વિદુષી યુવતી સ્ત્રી સાથે લગ્ન કરે છે, તેમ (**कन्या**) કુમારી (**ब्रह्मचर्येण**) બ્રહ્મચર્યના સેવનથી વેદાદિ શાસ્ત્રોને ભણી, પૂર્ણ વિદ્યા અને ઉત્તમ શિક્ષાને પ્રાપ્ત કરી, યુવતી થઇ પોતાના સદૃશ વિદ્વાન્ (**युवानम्**) પૂર્ણ યુવાન પુરૂષને (**विन्दते**) પ્રાપ્ત કરે. માટે સ્ત્રીઓએ પણ બ્રહ્મચર્ય સાથ વિદ્યા ગ્રહણ અવશ્ય કરવું જોઇએ.

પ્રશ્ન—શું સ્ત્રીઓ પણ વેદો ભણે ? ! ! !

ઉત્તર—જરૂર. જુઓ શ્રૌતસૂત્રાદિમાં—"**इमं मंत्र पत्नी पठेत्**" યજ્ઞમાં સ્ત્રી આ (અમુક બોલવા કહેલો) મંત્ર બોલે. જો સ્ત્રી વેદાદિ શાસ્ત્રો ન ભણી હોય તો યજ્ઞમાં સ્વર સહિત મંત્રોનું ઉચ્ચારણ અને સંસ્કૃત ભાષણ કેવી રીતે કરી શકે ? ભારત વર્ષની સ્ત્રીઓમાં ભૂષણરૂપ ગાર્ગી આદિ વેદાદિ શાસ્ત્રો ભણી પૂર્ણ વિદુષી થઇ હતી, એ શતપથ બ્રાહ્મણમાં સ્પષ્ટ લખ્યું છે. જો પુરૂષ વિદ્વાન્ અને સ્ત્રી અવિદુષી અથવા સ્ત્રી વિદુષી અને પુરૂષ અવિદ્વાન્ હોય તો ઘરમાં દેવાસુરસંગ્રામ નિત્ય ચાલુ રહે. તો પછી એ ઘરમાં સુખની આશા ક્યાંથી બંધાય ? જો સ્ત્રી ન ભણે તો કન્યાશાળામાં સ્ત્રી અધ્યાપિકા કેમ થઇ શકે ? સ્વજનો પ્રતિ યોગ્ય વર્તાવ રાખી સ્ત્રીએ પતિને પ્રસન્ન રાખવો, પતિએ સ્ત્રીને પ્રસન્ન રાખવી, ઘરનું સર્વ કામ સ્ત્રીએ સંભાળવું ઇત્યાદિ ગૃહાશ્રમનાં કાર્યો વિદ્યા વિના સારી રીતે થઇ શક્તાં નથી.

આર્યાવર્ત્તની રાણીઓ ધનુર્વેદ-યુદ્ધ વિદ્યામાં ઘણી નીપુણ હતી ! જો એમ ન હોય તો કૈકયી આદિ મહારાજા દશરથ આદિની સાથે યુદ્ધમાં કેવી રીતે જઇ શકત, અને યુદ્ધ કરી શકત ! બ્રાહ્મણી અને ક્ષત્રીયાણીએ, સર્વ વિદ્યા, વૈશ્યાએ વ્યવહાર વિદ્યા, શૂદ્રાએ પાક આદિ સેવાની વિદ્યા જરૂર ભણવી જોઇએ. જેમ પુરૂષે વ્યાકરણ ધર્મ અને વ્યવહારનું જ્ઞાન અવશ્ય મેળવવું જોઇએ, તેમ સ્ત્રીઓએ પણ વ્યાકરણ, ધર્મ, વૈદ્યક, ગણિત, શિલ્પવિદ્યા આદિ અવશ્ય શીખવાં પડે છે, કારણ કે તે શીખ્યા શિવાય સત્ય અને અસત્યનો નિર્ણય, પતિ આદિને અનુકૂળ રહેવું, યથાયોગ્ય સન્તાનોત્પતિ કરવી, સન્તાનોને સુશિક્ષા આપવી, પાલન કરવું, વર્ધન કરવું, ઘરનાં સર્વ કાર્યો યોગ્ય રીતે કરવાં કરાવવાં, વૈદ્યક નિયમ પ્રમાણે ઔષધ માફક અન્નપાન બનાવવું, બનાવરાવવું, આદિ થઇ શક્તાં નથી. ઘરમાં રોગ ન પેસે માટે ઘરને કેમ સ્વચ્છ રાખવું ? ઘરના લોકોને કેમ આનન્દિત રાખવાં એ, વૈદ્યક જ્ઞાન વિના અશક્ય છે. શિલ્પ વિદ્યા જાણ્યા વિના ઘર બંધાવવું, વસ્ત્ર, આભૂષણ આદિ કરવાં કરાવવાં એ પણ અશક્ય છે. ગણિત ભણ્યા શિવાય હિસાબ રાખી શકાતો નથી, વેદાદિ શાસ્ત્ર ભણ્યા શિવાય ઇશ્વર અને ધર્મમાં અજ્ઞાન રહી અધર્મથી કદિ પણ બચી શકાતું નથી. માટે જે લોકો પોતાના

સંતાનોને ઉત્તમ શિક્ષા અને વિદ્યા આપી આત્મિક અને શારીરક દશામાં ઉન્નતિશાલી બનાવે છે, તે ધન્યવાદને પાત્ર છે. ઉત્તમ શિક્ષા આપવાથી સન્તાન માતા, પિતા, પતિ, સાસુ, શ્વશુર, રાજા, પ્રજા, પાડોશી અને મિત્રોની સાથે યોગ્ય વ્યવહાર કરતાં શીખે છે. ઉત્તમ વિદ્યા એજ એક અક્ષય (નહિ ખુટવાવાળો) કોશ છે. જેમ જેમ વ્યય થાય છે તેમ તેમ એ કોશ વધતોજ જાય છે; જ્યારે બીજા કોશો વ્યય કરવાથી ઘટવા માંડે છે. વિદ્યા રૂપી કોશમાં ભાગીદાર ભાગ પડાવી શકતો નથી, ચોર ચોરી કરી શકતો નથી. રાજા અને પ્રજા પણ એ કોશનો આદર કરે છે.

कन्यानां सम्प्रदानंच कुमाराणां च रक्षणम्   मनु० ७–१५२

રાજાનું એ કર્ત્તવ્ય છે કે–બાલક અને બાલિકાને ગુરૂકુળમાં રખાવી બ્રહ્મચર્યના નિયમ પૂર્વક વિદ્યાદાન અપાવવું. જે કોઇ માતા, પિતા, રાજાજ્ઞા ન માને તો તેનો દંડ કરવો. અર્થાત્ રાજ્યમાં આઠ વર્ષનો બાળક અથવા બાલિકા ઘેર રહેવાં ન જોઇએ કિન્તુ ગુરૂકુળમાંજ રહે, તથા જ્યાં સુધી સમાવર્તન સંસ્કાર ન થાય ત્યાં સુધી વિવાહ પણ ન કરી શકે.

सर्वेषामेव दानानां ब्रह्मदानं विशिष्यते।
वार्यन्नगोमहीवासस्तिलकाञ्चनसर्पिषाम् ॥ मनु० ४। २३३ ॥

જળ, અન્ન, પૃથ્વી, ગાય, વસ્ત્ર, તલ, સુવર્ણ અને ઘી આદિ જેટલાં સંસારમાં દાનો છે તે સર્વમાં વિદ્યા દાન અતિ શ્રેષ્ઠ છે. માટે તન, મન, અને ધન દઇ વિદ્યાવૃદ્ધિમાં અવશ્ય પ્રયત્ન જારી રાખવો. જે દેશમાં યથાયોગ્ય બ્રહ્મચર્ય અને વિદ્યાની વૃદ્ધિ હોય છે તેજ દેશ સૌભાગ્યવાન્ (સમૃદ્ધિમાન્) હોય છે. એ પ્રમાણે બ્રહ્મચર્યની શિક્ષા સંક્ષેપથી લખી છે. હવે આગળ ચોથા સમુલ્લાસમાં સમાવર્ત્તન (ગુરૂકુળમાંથી ભણીને પાછું આવવું તે) અને ગૃહાશ્રમની શિક્ષા લખવામાં આવશે.

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामिकृते सत्यार्थप्रकाशे
सुभाषाविभूषिते शिक्षाविषये तृतीयः
समुल्लासः सम्पूर्णः ॥ ३ ॥

अथ चतुर्थसमुल्लासारम्भः ॥

अथ समावर्त्तनविवाहगृहाश्रमविधिं वक्ष्यामः ॥

वेदानधीत्य वेदौ वा वेदं वापि यथाक्रमम् ।
अविप्लुतब्रह्मचर्यो गृहस्थाश्रममाविशेत् ॥ मनु० ३ । २ ॥

ગુરૂકુળમાં રહી બ્રહ્મચર્ય-વ્રત સહિત ચાર, ત્રણ, બે અથવા એક વેદનો અંગ-ઉપાંગ સહિત, પૂર્ણ અભ્યાસ કરી, અખંડિત બ્રહ્મચારી અથવા બ્રહ્મચારિણીએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો.

तं प्रतीतं स्वधर्मेण ब्रह्मदायहरं पितुः ।
स्रग्विणं तल्प आसीनमर्हयेत्प्रथमं गवा ॥ मनु० ३ । ३ ॥

બ્રહ્મચારીના ધર્મપાલન વડે પ્રસિદ્ધ થયેલ, પિતા અથવા ગુરૂની પાસેથી (દાય=ભાગ) વિદ્યારૂપ ભાગને ગ્રહણ કરી ચાલનાર, માળાને ધારણ કરી પલંગ ઉપર બેસનાર, બ્રહ્મચારીનો આચાર્ય પ્રથમ ગોદાન વડે સત્કાર કરે. તેમજ કન્યાનો પિતા પણ આવા ગુણયુક્ત વિદ્યાર્થીનો સત્કાર કરે.

गुरुणानुमतः स्नात्वा समावृत्तो यथाविधि ।
उद्वहेत द्विजो भार्यां सवर्णां लक्षणान्विताम् ॥ मनु० ३ । ४ ॥

ગુરૂની આજ્ઞાથી સ્નાન કરી વિધિ પ્રમાણે સમાવર્ત્તન સંસ્કાર કરી, (દ્વિજ) બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્યે પોતાના વર્ણને અનુકૂળ સારા લક્ષણવાળી કન્યા સાથે વિવાહ કરવો.

असपिण्डा च या मातुरसगोत्रा च या पितुः ।
सा प्रशस्ता द्विजातीनां दारकर्मणि मैथुने ॥ मनु० ३ । ५ ॥

જે કન્યા માતાના કુળની ૭ પેઢીની ન હોય, તથા પિતાના ગોત્રની ન હોય, તેની સાથે વિવાહ કરવો યોગ્ય છે. એનું પ્રયોજન એ છે કે—

परोक्षप्रिया इव हि देवाः प्रत्यक्षद्विषः । शतपथ.

પરોક્ષ પદાર્થમાં જેવી પ્રીતિ થાય છે, તેવી પ્રત્યક્ષ પદાર્થમાં થતી નથી એ વાત નિશ્ચિત છે. જેમ કોઇએ સાકર ખાધી ન હોય અને સાકરના ગુણો સાંભળ્યા હોય તો તેનું મન સાકરમાંજ લાગ્યું રહે છે; અથવા જેમ કોઇ પરોક્ષ વસ્તુની પ્રશંસા સાંભળી તેને મળવાની ઉત્કટ ઇચ્છા રહે છે, તેમ પોતાના ગોત્રની સાથે અથવા માતાના કુળની સાથે નિકટ સંબંધ ન ધરાવનાર કન્યાની સાથે વિવાહ કરવો જોઇએ.

સાથે રહેનાર બાળક અને બાલિકાનો પ્રેમ–જનક વિવાહ નથી નિવડતો, તેનાં કારણો.

(૧) ન્હાનપણથી પરસ્પર સાથે રમવું. (અતિ પરિચય પ્રેમને ન્યૂન કરનાર છે)

(૨) ન્હાનપણના ગુણ, દોષ અને સ્વાભાવનું ભાન થવું.

(૩) ન્હાનપણમાં એક બીજાની નગ્નાવસ્થાનું દર્શન.

સમાન ગોત્રની તથા માતાના કુળની છ પેઢીમાંની કન્યા લેવાથી ઉત્તમ સન્તાન ન થવાનું યુક્તિ–ગર્ભિત દૃષ્ટાન્ત.

(૧) પાણીમાં પાણી મળવાથી જેમ વિલક્ષણ (ઉત્તમ) ગુણ પેદા થતો નથી તેમ સમાન ગોત્રની અથવા માતૃપક્ષની છ પેઢીમાંની કન્યા સાથે વિવાહ થવાથી ઉત્તમ સંતાન પેદા થતું નથી, કારણ કે ધાતુનું યોગ્ય રીતે પરિવર્તન થતું નથી.

કન્યાનું ઘર સમીપ હોવાથી ગેરલાભ.

(૧) એક બીજાનું ઘર પાસે હોવાથી વિરોધ થવાનો સંભવ અને એક બીજાના સુખદુઃખનું ભાન.

(૨) દૂર દેશના સમાચાર તથા નવીન્ નવીન પદાર્થોની અપ્રાપ્તિ.

(૩) કન્યાના વારંવાર પિતાને ઘેર જવાથી પિતાએ અવશ્યમેવ કંઇને કંઇ આપવુંજ પડશે જેને લઇ પિતાના ઘરમાં દરિદ્રતાનો સંભવ.

(૪) કન્યાના મનમાં એ ગર્વ રહેવો સ્વાભાવિક છે કે મારી સહાયતા કરનારા મારા માતાપિતા આદિ નજીકમાં છે, જેથી સાધારણ કજીઓ થવાથી પણ કન્યા જલદી બાપને ઘેર ચાલી જશે. કારણ કે સ્ત્રીઓમાં તીક્ષ્ણતા અને મૃદુતા સ્વાભાવિક હોય છે, જેથી બન્ને પક્ષની નિન્દા થવી સંભવનીય છે.

ઇત્યાદિ કારણોથી સમાન ગોત્રની અથવા માતાના કુળની છ પેઢીમાંની કન્યા સાથે લગ્ન કરવું ઉત્તમ નથી, તેમજ સમીપ દેશમાં પણ લગ્ન થવું અયોગ્ય છે.

અસમાન ગોત્રની તથા માતૃપક્ષની છ પેઢીની બ્હારની કન્યા સાથે લગ્ન કરવાથી થતો લાભઃ—

(૧) દુધમાં સાકર તથા સુંઠ આદિ ઓસડીયાં નાંખવાથી જેમ ઉત્તમતા આવે છે, તેમ ઉક્ત પ્રકારની કન્યા સાથે લગ્ન કરવાથી ઉત્તમતા આવે છે.

દૂર દેશની કન્યા સાથે લગ્ન કરવાથી લાભઃ—

(૧) એક દેશમાંથી બીજા દેશમાં જઇ, હવા પાણી ખાનપાન આદિ બદલવાથી જેમ રોગી નિરોગી થાય છે, તેવા પ્રકારનો લાભ દૂર દેશની કન્યા સાથે લગ્ન કરવાથી લઇ શકાય છે.

(૨) દૂર દેશમાં લગ્ન કરવાથી પ્રેમની દોરી લંબાય છે.

(૩) દૂર દૂર દેશના નવીન નવીન સમાચાર તથા પદાર્થની પ્રાપ્તિ સહેલાઇથી થઇ શકે છે.

માટે

॥ दुहिता दुर्हिता दुरेहिता दोग्धेर्वा ॥ निरु० ३ । ४ ॥

કન્યાનું નામ દુહિતા આ કારણથી છે કે-એનો વિવાહ દૂર દેશમાં હોવાથી હિતકારી છે, સમીપમાં નહિ.

महान्त्यपि समृद्धानि गोऽजाविधनधान्यतः ।
स्त्रीसम्बन्धे दशैतानि कुलानि परिवर्जयेत् ॥ मनु० ३ । ६ ॥

નીચે લખેલા દોષવાળાં દશ કુળ જો કે ધન, ધાન્ય, ગાય, બકરી, હાથી, ઘોડા અને રાજ્ય લક્ષ્મી આદિથી સમૃદ્ધ હોય તોપણ તેમાંથી કન્યા લાવવી નહિ.

हीनक्रियं निष्पुरुषं निश्छन्दो रोमशार्शसम् ।
क्षय्यामयाव्यपस्मारिश्वित्रकुष्ठिकुलानि च ॥ मनु० ३ । ७ ॥

(૧) હીનક્રિય=સત્ક્રિયાથી રહિત, (૨) નિષ્પુરૂષ=સારા પુરૂષો જેમાં ન હોય, (૩) નિશ્છન્દ=જેમાં વેદનું અધ્યયન ન હોય, (૪) રોમશ=બહુ રોમ (વાળ) વાળું, (૫) આર્શસ=અર્શ-(હરસ) નામના રોગવાળું, (૬) ક્ષયિ=ક્ષય રોગવાળું, (૭) આમયાવિ=આમાક્ષય રોગવાળું, (૮) અપસ્મારિ=જેમાં વાઇ (મૃગી) નો રોગ હોય (૯) શ્વિત્ર[1]=સફેદ કોઢવાળું (૧૦) કુષ્ઠિ=ગલિત કોઢ (પત) વાળું. એ દશ કુળમાં વિવાહ ન કરવો. કારણકે એ કુળમાં જેટલા દુર્ગુણો અને રોગો છે તે બધા વિવાહ કરનારના કુળમાં પ્રવિષ્ટ થઇ જાય છે. માટે ઉત્તમ કુળની કન્યા સાથે ઉત્તમ કુળના કુમારનો વિવાહ થવો જોઇએ.

૧ નિર્ણય સાગરમાં ત્રીજીવાર છપાયલી મનુસ્મૃતિમાં “ શ્વિત્રિ ” એવો પાઠ છે.

नोद्वहेत्कपिलां कन्यां नाऽधिकाङ्गीं न रोगिणीम् ।
नालोमिकां नातिलोमां न वाचाटान्न पिङ्गलाम् ॥ मनु० ३ । ८ ॥

પીળા વર્ણવાળી, વધારે અંગવાળી, (કોઇ અંગ વધારે હોય અથવા વિવાહ પુરૂષથી ઉંચી, જાડી) રોગવાળી, બીલકુલ વાળ વગરની, બહુ લોમવાળી, બહુ બકવાદ કરનારી અને ભૂરા નેત્રવાળી કન્યાની સાથે લગ્ન કરવું નહિ.

नर्क्षवृक्षनदीनाम्नीं नान्त्यपर्वतनामिकाम् ।
न पक्ष्यहिप्रेष्यनाम्नीं न च भीषणनामिकाम् ॥ मनु० ३ । ९ ॥

અશ્વિની, ભરણી, રોહિણીબાઇ, રેવતીબાઇ, ચિત્રાબાઇ આદિ નક્ષત્ર નામવાળી, તુળસીબાઇ, ગેંદાબાઇ, ગુલાબીબાઇ, ચંપાબાઇ, ચંબેલીબાઇ આદિ વૃક્ષ નામવાળી, ગંગાબાઇ યમુનાબાઇ આદિ નદીઓના નામવાળી, ચાંડાલી આદિ અંત્યજના નામવાળી, વિન્ધ્યા, હિમાલયા, પાર્વતી આદિ પર્વતના નામવાળી, કોકીલા, મેનાં આદિ પક્ષી નામવાળી, નાગી ભુજંગા આદિ સર્પ નામવાળી, માધોદાસી, મીરાંદાસી, આદિ પ્રેષ્ય (દાસ) નામવાળી અને ભીમકુંવારી, ચંડિકા, કાળી આદિ ભયંકર નામવાળી કન્યાની સાથે વિવાહ કરવો ન જોઇએ કારણ એ બધાં નામો નિન્દનીય છે.

अव्यङ्गाङ्गीं सौम्यनाम्नीं हंसवारणगामिनीम् ।
तनुलोमकेशदशनां मृद्वङ्गीमुद्वहेत्स्त्रियम् ॥ मनु० ३ । १० ॥

જેનાં અંગ સરળ કોમલ અને સીધાં છે, યશોદા, સુખદા આદિ સુંદર નામ છે, હંસ અને હાથીની ચાલની માફક જેની ચાલ છે સૂક્ષ્મવાળ, કેશ અને દાંતવાળી હોય તેવી કન્યાની સાથે લગ્ન કરવું.

(**પ્રશ્ન**) વિવાહનો ઉત્તમ સમય કયો ?

(**ઉત્તર**) કન્યાનો ૧૬ મા વરસથી લઇ ૨૪ મા વરસ સુધીનો અને પુરૂષનો ૨૫ મા વરસથી લઇ ૪૮ વરસ સુધીનો લગ્ન સમય ઉત્તમ છે, સોળમે વરસે કન્યાનો અને પચ્ચીસમા વરસે પુરૂષનો જે લગ્ન સમય છે તે નિકૃષ્ટ છે. અઢાર વીસ વરસની કન્યાનો અને ત્રીશ, પાંત્રીશ અથવા ચાલીસ વરસનાં પુરૂષનો જે લગ્ન સમય છે તે મધ્યમ છે. ચોવીસ વરસની કન્યાનો અને અડતાળીસ વરસના પુરૂષનો જે લગ્ન સમય છે તે ઉત્તમ છે. જે દેશમાં એ પ્રમાણે ઉત્તમ વિવાહ, બ્રહ્મચર્ય અને વિદ્યાભ્યાસ અધિક હોય છે તે દેશ સુખી હોય છે અને જે દેશમાં યોગ્ય રીતે બ્રહ્મચર્ય પળાતું નથી, વિદ્યાભ્યાસ થતો નથી અને ઉક્ત પ્રકારના વિવાહો થતા નથી, તે દેશ દુઃખમાં ડુબી જાય છે. કારણ કે બ્રહ્મચર્ય અને વિદ્યાભ્યાસના સુધારાથીજ દેશનો સુધાર થાય છે, અને તેના બગાડથી દેશનો બગાડ થાય છે.

(પ્રશ્ન)

अष्टवर्षा भवेद् गौरी नववर्षा च रोहिणी ॥
दशवर्षा भवेत्कन्या तत ऊर्ध्वं रजस्वला ॥ १ ॥
माता चैव पिता तस्या ज्येष्ठो भ्राता तथैव च ॥
त्रयस्ते नरकं यान्ति दृष्ट्वा कन्यां रजस्वलाम् ॥ २ ॥

એ શ્લોકો પારાશરી તથા શીઘ્ર બોધમાં લખ્યા છે. અર્થ=કન્યાની આઠમે વરસે ગૌરી સંજ્ઞા (નામ) થાય છે. નવમે વરસે રોહિણી અને દસમે વરસે કન્યા થાય છે ત્યારબાદ રજસ્વલા સંજ્ઞા થાય છે. જો દસમા વરસ સુધીમાં વિવાહ ન કરે તો, કન્યાનો મ્હોટો ભાઇ, માતા અને પિતા નરકમાં જાય છે.

(ઉત્તર)

ब्रह्मोवाच ।

एकक्षणा भवेद् गौरी द्विक्षणेयन्तु रोहिणी ॥
त्रिक्षणा सा भवेत्कन्या ह्यत ऊर्ध्वं रजस्वला ॥ १ ॥
माता पिता तथा भ्राता मातुलो भगिनी स्वका ॥
सर्वे ते नरकं यान्ति दृष्ट्वा कन्यां रजस्वलाम् ॥ २ ॥

એ સદ્યોનિર્મિત પુરાણનું વચન છે. અર્થ—પરમાણુને ફરતાં જેટલો સમય થાય તેને ક્ષણ કહે છે. કન્યા જન્મતી વખતે પ્રથમ ક્ષણમાં ગૌરી, બીજા ક્ષણમાં રોહિણી ત્રીજા ક્ષણમાં કન્યા અને ચોથા ક્ષણમાં રજસ્વલા થાય છે. (૧) તે રજસ્વલા કન્યાને જોઇને માતા, પિતા, ભાઇ, મામા અને બ્હેન એ બધા નરકમાં જાય છે. (૨)

(પ્રશ્ન) એ શ્લોક પ્રમાણિક નથી. (ઉત્તર) પ્રમાણ કેમ નહિ. ? જો બ્રહ્માજીના શ્લોકો પ્રમાણ નથી તો તમારા પણ પ્રમાણ નથી. (પ્રશ્ન) વાહ વાહ, પરાશર અને કાશીનાથનું પણ પ્રમાણ નથી માનતા ! ! ! (ઉત્તર) જો તમે બ્રહ્માજીના વચનને પ્રમાણ નથી માનતા તો અમે પરાશર અને કાશીનાથના વચનને પણ પ્રમાણ નથી માનતા. (પ્રશ્ન) તમારા શ્લોકો અસંભવ હોવાથી પ્રમાણ નથી, કારણ જન્મતી વખતેજ હજારો ક્ષણ વ્યતીત થઇ જાય છે, તો પછી વિવાહ કેવી રીતે થઇ શકે અને તે વખતે વિવાહ કરવાનું કંઇ ફળ પણ દેખાતું નથી. (ઉત્તર) જો હમારા શ્લોકો અસંભવ છે તો તમારા પણ અસંભવ છે. કારણ કે આઠ, નવ અથવા દસમે વરસે વિવાહ કરવો નિષ્ફળ છે. કારણ કે સોળમા વરસથી લઇ પચ્ચીસમા વરસ સુધી પુરૂષનું વીર્ય પરિપક્વ થાય છે તથા શરીર બલિષ્ઠ બને છે. ગર્ભાશય પૂર્ણ અને શરીર બલયુક્ત થયા પછીજ ઉત્તમ સંતાન ઉત્પન્ન કરવાને લાયક બને છે.

ऊनषोडशवर्षायामप्राप्तः पञ्चविंशतिम् ॥
यद्याधत्ते पुमान् गर्भं कुक्षिस्थः स विपद्यते ॥ १ ॥
जातो वा न चिरञ्जीवेज्जीवेद्वा दुर्बलेन्द्रियः ॥
तस्मादत्यन्तबालायां गर्भाधानं न कारयेत् ॥ २ ॥

सुश्रुत शारीरस्थाने ॥ अ० १० । श्लो० ४७ । ४८ ॥

સોળ વરસથી કમ સ્ત્રીમાં પચ્ચીસ વરસથી કમ પુરૂષ જો ગર્ભાધાન કરે તો તે ગર્ભ પેટમાંજ નષ્ટ થઇ જાય છે. કદાચિત્ ઉત્પન્ન થાય તોપણ ચિરકાળ સુધી જીવી શકતો નથી. કદાચિત્ જીવે તો દુર્બલ ઇન્દ્રિયવાળો થાય, તે માટે અત્યન્ત બાલ્યાવસ્થામાં ગર્ભાધાન કરવું નહિ. માટે જેમ આઠ વરસની કન્યામાં સંતાનોત્પત્તિ થવી અસંભવનીય છે તેમ ગૌરી, રોહિણી આદિનામ રાખવાં પણ અયોગ્ય છે. બીજો દોષ એ છે કે ગૌરી મહાદેવની સ્ત્રીનું નામ, રોહિણી વાસુદેવની સ્ત્રીનું નામ છે; માટે તમે ગૌરી અને રોહિણીને માતા સમાન માનો છો, જ્યારે કન્યા માત્રમાં ગૌરી આદિની ભાવના કરો છો તો પછી માતા સમાન કન્યાની સાથે વિવાહ ધર્મયુક્ત કેવી રીતે ગણી શકાય ? માટે તમારા અને અમારા બન્ને શ્લોકો અસત્ય છે. કારણ અમે જેવી રીતે " **ब्रह्मोवाच** " કરી શ્લોકો બનાવી લીધા, તેવીજ રીતે તમારા શ્લોકો પણ પરાશર આદિનું નામ લઇ કોઇએ બનાવી લીધા છે, માટે એ બધાનું પ્રામાણ્ય દૂર કરી વેદોનુંજ પ્રમાણ્ય માનો. જુઓ મનુ શું બતાવે છે ?

त्रीणि वर्षाण्युदीक्षेत कुमार्यृतुमती सती ।
ऊर्ध्वं तु कालादेतस्माद्विंदेत सदृशं पतिम् ॥ मनु० ९ । ९० ॥

કન્યા રજસ્વલા થયા પછી ત્રણ વરસ યોગ્ય વરની પરીક્ષા કરતી રહે; ત્યારબાદ પોતાને યોગ્ય વર પ્રાપ્ત કરી લગ્ન કરી લે જો કન્યાને પ્રત્યેક માસે રજો દર્શન થાય તો ત્રણ વરસે છત્રીસ વાર રજસ્વલા થાય માટે છત્રીશ વાર રજસ્વલા થયા પછી લગ્ન કરવું યોગ્ય છે. તેની પૂર્વ નહિ.

काममामरणात्तिष्ठेद् गृहे कन्यर्त्तुमत्यपि ।
न चैवैनां प्रयच्छेत्तु गुण हीनाय कर्हिचित् ॥ मनु० ९ । ८९ ॥

ભલે પુત્ર, અથવા પુત્રી (રજસ્વલા થતી હોય તોપણ) મરણ સુધી કુંવારાં રહે પરંતુ એક બીજાના વિરૂધ્ધ સ્વભાવવાળાનો વિવાહ થવો ન જોઇએ. એથી સિદ્ધ એ થાય છે કે પૂર્વોક્ત સમયની પહેલાં તથા અસદશ વિવાહ થવો યોગ્ય નથી.

(**પ્રશ્ન**) વિવાહ માતા પિતાની મરજી પ્રમાણે થવો જોઇએ કે પુત્ર પુત્રીની મરજી પ્રમાણે.

(**ઉત્તર**) પુત્ર અને પુત્રીની મરજી પ્રમાણે. કદાચિત્ માતાપિતા સન્તાનોનો વિવાહ કરવા ઇચ્છે તોપણ સન્તાનોની સંમતિ અને પ્રસન્નતા વગર ન કરે. કારણ કે એક બીજાની પ્રસન્નતાથી થયેલ વિવાહમાં વિરોધ ઘણો ઓછો થાય છે અને સંતાન સારાં થવાનો સંભવ છે. વિવાહમાં વરકન્યાનું મુખ્ય પ્રયોજન હોય છે, માતા પિતાનું નહિ. જો ઉત્તમ વિવાહ થાય તો વર કન્યાને સુખ મળે છે અને ખરાબ થાય તો વરકન્યાનેજ દુઃખ થાય છે. માટે વર કન્યાની પ્રસન્નતાનો નાશ કરવો નહિ.

सन्तुष्टो भार्यया भर्त्ता भर्त्रा भार्य्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥ मनु० ३ । ६० ॥

જે ઘરમાં સ્ત્રીથી પતિ અને પતિથી સ્ત્રી સંતુષ્ટ રહે છે તેજ ઘરમાં આનન્દ, લક્ષ્મી અને કીર્તિ નિવાસ કરે છે, અને જ્યાં વિરોધ, કજીઓ થાય છે ત્યાં દુઃખ, દરિદ્રતા અને નિન્દાનો જ નિવાસ થાય છે; માટે જે સ્વયંવરની રીતિ આર્યાવર્ત્તમાં પરંપરાથી ચાલી આવે છે તેજ રીતિ વિવાહને માટે ઉત્તમ છે. જ્યારે કન્યા અથવા કુમાર વિવાહ કરવાને ઇચ્છે ત્યારે વિદ્યા, વિનય, રૂપ, આયુ, બલ, કુલ અને શરીરનું પરિમાણ આદિ યોગ્ય હોવું જોઇએ. જો એ ગુણો ઉભયમાં યથાયોગ્ય ન હોય તો વિવાહ સુખજનક થઇ શકતો નથી. બાલ્યાવસ્થામાં વિવાહ ન કરવો, તેમાં વેદનાં પ્રમાણોઃ—

युवा सुवासाः परिवीत आगात्स उ श्रेयान्भवति जायमानः ।
तं धीरासः कवय उन्नयन्ति स्वाध्यो३ मनसा देवयन्तः ॥१॥
ऋ० ॥ मं० ३ । सू० ८ । मं० ४ ॥

आधेनवो धुनयन्तामशिश्वीः सबर्दुघाः शशया अप्रदुग्धाः ।
नव्यानव्या युवतयो भवन्तीर्महद्देवानामसुरत्वमेकम् ॥ २ ॥
ऋ० ॥ मं० ३ । सू० ५५ । मं० १६ ॥

पूर्वीरहं शरदः शश्रमाणा दोषावस्तोरुषसो जरयन्तीः । मिनाति श्रियं जरिमा तनूनामप्यू नु पत्नीर्वृषणो जगम्युः ॥ ३ ॥
ऋ० ॥ मं० १ । सू० १७९ । मं० १ ॥

જે પુરૂષ (**परिवीतः**) યજ્ઞોપવીત, બ્રહ્મચર્ય, ઉત્તમશિક્ષા અને વિદ્યાથીયુક્ત

(**युवा**) પૂર્ણ યુવાન વિદ્યાગ્રહણ કરી ગૃહાશ્રમમાં (**आगात्**) આવે છે (**सउ**) તથા બીજા એટલે વિદ્યાજન્મમાં (**जायमानः**) પ્રસિદ્ધ થઇને (**श्रेयान्**) અતિશય શોભાયુક્ત મંગળકારી (**भवति**) થાય છે. (**स्वाध्यः**) સારી રીતે ધ્યાનયુક્ત (**मनसा**) વિજ્ઞાનથી (**देवयन्तः**) વિદ્યા વૃદ્ધિની ઇચ્છા સહિત (**धीरासः**) ધૈર્યવાળા (**कवयः**) વિદ્વાન લોકો (**तम्**) તે પુરૂષને (**उन्नयन्ति**) ઉન્નતિશીલ કરી પ્રતિષ્ઠિત કરે છે. અને જે બ્રહ્મચર્ય, ઉત્તમ શિક્ષા તથા વિદ્યા પ્રાપ્ત કર્યાં વગર બાલ્યાવસ્થામાં વિવાહ કરે છે તે સ્ત્રી અથવા પુરૂપ નષ્ટભ્રષ્ટ થઈ વિદ્વાનોમાં નિન્દાને પાત્ર થાય છે.

(**अप्रदुग्धाः**) કોઇએ નહિ દોહેલી એવી (**धेनवः**) ગાયોનીસમાન (**अशिश्वि:**) બાલ્ય અવસ્થાથી રહિત (**शबर्दुघाः**) સર્વ વ્યવહારોને ઉત્તમ વ્યવહારથી પૂર્ણ કરવાવાળી (**शशयाः**) કુમારાવસ્થાનું ઉલ્લંઘન કરનારી (**नव्या नव्या**) નવીન નવીન શિક્ષા અને અવસ્થાથી પૂર્ણ (**भवन्तीः**) વર્ત્તમાન (**युवतयः**) પૂર્ણ યુવાવસ્થા યુક્ત સ્ત્રીઓ (**देवानाम्**) બ્રહ્મચર્ય અને સુનિયમોથી પૂર્ણ વિદ્વાનોના (**एकम्**) અદ્વિતીય (**महत्**) મોટા (**असुरत्वम्**) શિક્ષાયુક્ત પ્રજ્ઞામાં આનન્દ પ્રાપ્ત કરતી, તત્વનું જ્ઞાન પ્રાપ્ત કરનારી, તરૂણ પાતઓને પ્રાપ્ત થઇ (**आधुनयन्ताम्**) ગર્ભ ધારણ કરે. ભૂલથી પણ બાલ્યાવસ્થામાં પતિનું ધ્યાન ન કરવું, કારણ બ્રહ્મચર્ય રૂપ કર્મજ આ લોક તથા પરલોકમાં સુખ આપનારૂં છે. બાલ્ય અવસ્થાના વિવાહથી જેટલો નાશ પુરૂષનો થાય છે તેના કરતાં વધારે સ્ત્રીનો નાશ થાય છે ॥ ૨ ॥

જેમ (**नु**) જલદી (**शश्रमाणाः**) અત્યન્ત પરિશ્રમ કરનાર (**वृषणः**) પ્રજોત્પત્તિ કરવાને સમર્થ યુવાન્ પુરૂષ (**पत्नीः**) હૃદય પ્રિય યુવતી સ્ત્રીને (**जगम्युः**) પ્રાપ્ત થઇને પૂર્ણ સો વરસ અથવા તેનાથી પણ વધારે વરસની ઉમ્મર પ્રાપ્ત કરી આનન્દ ભોગવતા પુત્ર પૌત્રાદિનું સુખ પ્રાપ્ત કરે છે તેવીજ રીતે સર્વ સ્ત્રી પુરૂષે વર્તવું જોઇએ (**पूर्वी**) પૂર્વ વર્તમાન (**शरदः**) શરદ્ ઋતુઓ અને (**जरयन्तीः**) વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત કરાવનાર (**उषसः**) પ્રાતઃકાળ (**दोषा**) રાત્રી (**वस्तोः**) અને દિવસ, (**तनुनाम्**) શરીરની (**श्रियम्**) શોભાને (**जरिमा**) જીર્ણ કરે છે. તેમ (**अहम्**) હું (સ્ત્રી અથવા પુરૂષ) (**उ**) સારી રીતે (**अपि**) નિશ્ચયથી બ્રહ્મચર્ય પાળી શરીરનો નાશ ન કરૂં પરન્તુ સારી શિક્ષા અને આત્મામાં બલ પ્રાપ્ત કરી વિવાહ કરૂં. જો એમ ન કરૂં તો વેદ વિરૂદ્ધ હોવાથી કદિ પણ બાળ વિવાહ સુખદાયક થઇ પડશે નહિ. જ્યાં સુધી એ પ્રમાણે સર્વ ઋષિ, મુનિ, રાજા મહારાજાઓ બ્રહ્મચર્ય પાળી સ્વયંવર વિવાહ કરતા હતા, ત્યાં સુધી આ દેશની ઉન્નતિ થતી રહી. જ્યારથી એ રીતિ બંધ થઇ અને સન્તાનોનો વિવાહ માતા પિતાને હાથ ગયો તથા બાલ વિવાહનાં અંકુરો ફુટવા લાગ્યાં, ત્યારથી આ આર્યાવર્ત્ત દેશ અધોગતિમાં આવવા લાગ્યો. પરન્તુ હવે પ્રત્યેક આર્ય સન્તાનો સમજી ગુણ કર્માનુસાર વર્ણ વ્યવસ્થા માની, બ્રહ્મચર્ય પાળી, શારીરીક અને માનસિક સ્થિતિ ઘણી મજબુત કરી, પોત પોતાના વર્ણમાં સ્વયંવર વિવાહ શરૂ કરે તો પૂર્વના જેવીજ આ દેશની ઉન્નત સ્થિતિ થાય.

પ્રશ્નઃ—જ્યારે તમે ગુણ, કર્મ અને સ્વભાવ પ્રમાણે વર્ણવ્યવસ્થા સ્વીકારો છો ત્યારે માતાપિતા ભિન્ન વર્ણના હોય અને પુત્રના ગુણ કર્મ બ્રાહ્મણ વર્ણને મળતા આવતા હોય તો તે શું બ્રાહ્મણ થઇ શકે ?

ઉત્તરઃ—હા, ઘણાયે થઇ ગયા, થાય છે અને થશે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં લખ્યું છે કે-જાબાલ ઋષિ અજ્ઞાત કુળના હતા પણ બ્રાહ્મણ કહેવાયા. મહાભારતમાં લખ્યું છે કે-વિશ્વામિત્ર ક્ષત્રિય વર્ણના હતા અને પછી બ્રાહ્મણ થયા. તેમજ માતંગ ઋષિ ચંડાળ કુળમાંથી બ્રાહ્મણ થયા. હાલમાં પણ જે ઉત્તમ વિદ્યા અને સ્વભાવવાળો છે તે બ્રાહ્મણ યોગ્ય છે અને જે મૂર્ખ છે તે શૂદ્રને યોગ્ય છે તથા આગળ પણ તેમજ થશે.

પ્રશ્નઃ—જરા વિચારો તો ખરા, જે રજવીર્યથી શરીર ઉત્પન્ન થયું છે તે શરીર બદલાઇ બીજા વર્ણનું કેવી રીતે થઇ શકે ?

ઉત્તરઃ—રજ અને વીર્ય વડે બ્રાહ્મણનું શરીર બનતું નથી પણઃ—

स्वाध्यायेन जपैर्होमैस्त्रैविद्येनेज्यया सुतैः ।
महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः ॥ मनु० २ । २८ ॥

એ શ્લોકનો અર્થ ત્રીજા સમુલ્લાસમાં કરી આપ્યો છે, તો પણ ટુંકમાં કહીએ છિયે. (**स्वाध्यायेन**) પઠન, પાઠનથી (**जपैः**) વિચાર કરવાથી તથા વિચાર કરાવવાથી, અનેક પ્રકારના નાના મોટા યજ્ઞો કરવાથી, સંપૂર્ણ વેદના શબ્દ, અર્થ અને સંબંધનું જ્ઞાન કરવાથી અને સ્વર સહિત ઉચ્ચારણ કરવાથી તથા કરાવવાથી, (**इज्यया**) પૌર્ણમાસી=પુનમને દિવસે યજ્ઞ કરવાથી તથા નિયમ પાળી (**सुतैः**) સારા સન્તાન પેદા કરવાથી (**महायज्ञैश्च**) પ્રથમ કહેલા બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, વૈશ્વદેવ યજ્ઞ અને અતિથિ યજ્ઞ (**यज्ञैश्च**) અગ્નિષ્ટોમ આદિ યજ્ઞો, વિદ્વાનોનો સંગ કરવાથી, સત્ય બોલવાથી, પરોપકાર આદિ ઉત્તમ કર્મ તથા શિલ્પવિદ્યા આદિ ભણી દુષ્ટ આચારનો ત્યાગ કરી શ્રેષ્ઠ આચાર ગ્રહણ કરવાથી (**इयम्**) આ (**तनुः**) શરીર (**ब्राह्मी**) બ્રાહ્મણનું (**क्रियते**) કરાય છે. એ શ્લોક શું તમે નથી માનતા ? (**ઉ.**) માનીએ છિયે, (**પ્ર.**) તો પછી શા માટે રજ અને વીર્યથી વર્ણવ્યવસ્થા માનો છો. (**ઉ.**) હું એકલો નથી માનતો પણ ઘણા લોકો પરંપરાથી એવીજ રીતે માનતા આવ્યા છે.

પ્રશ્ન—શું તમે પરંપરાનું પણ ખંડન કરશો ?

ઉત્તર—નહિ; પરન્તુ તમે પરંપરાને ઉલટી સમજી બેઠા છો માટે એવી ખોટી પરંપરાનું ખંડન કરવું પડે છે.

પ્રશ્ન—અમે પરંપરાને ઉલટી સમજ્યા અને તમે સુલટી સમજ્યા તેમાં શું પ્રમાણ ?

ઉત્તર—આજ પ્રમાણ છે કે તમે પાંચ સાત પેઢીથી ચાલતા વ્યવહારને સનાતન માની બેઠા છો અને અમે વેદ તથા સૃષ્ટિના આરંભથી ચાલતા વ્યવહારને સનાતન કહીએ છિયે. જુઓ જે પિતા શ્રેષ્ઠ હોય છે તેનો પુત્ર દુષ્ટ અને જેનો પુત્ર શ્રેષ્ઠ હોય છે તેનો પિતા

દુષ્ટ અને કોઇ જગ્યાપર બંન્ને શ્રેષ્ટ વા દુષ્ટ જોવામાં આવે છે. માટે બે ચાર પેઢીથી ચાલતા વ્યવહારને પરંપરા (સનાતન) માનવી ભૂલ છે. જુઓ મનુ મહારાજ શું કહે છે—

येनास्य पितरो याता येन याता पितामहः
तेन यायात्सतां मार्गं तेन गच्छन्न रिष्यते ॥ मनु० ४ । १७८ ॥

જે માર્ગમાં પિતા અને પિતામહ ચાલ્યા છે તેજ માર્ગમાં સન્તાનોએ ચાલવું, પરન્તુ (**सताम्**) જો સત્પુરૂષ પિતા પિતામહ હોય તો જ તેના માર્ગમાં ચાલવું અને જો દુષ્ટ હોય તો તેના માર્ગમાં ચાલવું નહિ. કારણુ ઉત્તમ ધર્માત્માના માર્ગમાં ચાલવાથી દુઃખી થવાતું નથી, માટે તેજ ધાર્મિક વિદ્વાન્ માતા પિતાના માર્ગમાં ચાલવું તે તમે માનો છો કે નહિ ? હા, હા, માનીએ છિએ.

વારૂ,

બીજું એ છે કે પરમેશ્વરે બનાવેલ વેદની જે જે વાતો છે તેજ સનાતન, અને તેનાથી વિરૂદ્ધ છે તે સનાતન નહિ, એમ સર્વ લોકોએ માનવું જોઇએ કે નહિ ?

અવશ્ય માનવું જોઇએ.

બસ, હવે જો ઉક્ત પ્રકારના વ્યવહારને સનાતન કોઇ માને તો, આપણે તેને કહી શકીએ કે જેનો પુત્ર ધનવાન્ હોય તેણે પોતાના પિતાની દરિદ્રતા જોઇ પોતાનું ધન ફેંકી દેવું કે કેમ ? પિતા જો આંધળો હોય તો પુત્રએ પોતાના પિતાની માફક આંધળા થવું કે કેમ ? પિતા ખરાબ ચાલનો હોય તો પુત્રે પણ ખરાબ ચાલના થવું કે કેમ ? જો ઉત્તર નકારમાં જ મળે તો સિદ્ધ છે કે કોઇ પણ પુરૂષના ઉત્તમ ગુણકર્મોજ ગ્રહણ કરવાં અને દુષ્ટ હોય તો ત્યાગ કરી દેવાં એ આવશ્યક છે.

આથી સિદ્ધ થાય છે કે વર્ણવ્યવસ્થા ગુણકર્મને અનુસરીને જ હોવી જોઇએ: ત કોઈ જન્મથી જ વર્ણવ્યવસ્થા માને તો તેને પૂછવું જોઇએ કે–કોઇ બ્રાહ્મણ પોતાના વર્ણને છોડી અન્ત્યજ, ક્રિશ્ચીયન અથવા મુસલમાન થઇ ગયો હોય, તેને બ્રાહ્મણ શા માટે નથી માનતા ? જ્યારે નથી માનતા તો સિદ્ધ થાય છે કે જે બ્રાહ્મણ આદિનાં કર્મો કરે તે જ બ્રાહ્મણ રહી શકે. તેવીજ રીતે નીચ કુલોત્પન્ન ઉત્તમ બ્રાહ્મણ આદિનાં કર્મો કરે તો તેને ઉત્તમ બ્રાહ્મણ આદિ માનવો તથા ઉત્તમ વર્ણનો થઇ નીચ કર્મો કરે તો તે ની વર્ણનો માનવો આવશ્યક છે.

(પ્રશ્ન)

ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः ।
ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥

આ યજુર્વેદના ૩૧ મા અધ્યાયનો ૧૧ મો મંત્ર છે એનો અર્થ–બ્રાહ્મણ ઇશ્વરનાં મુખમાંથી, ક્ષત્રિય બાહુમાંથી, વૈશ્ય ઊરૂમાંથી અને શૂદ્ર પગમાંથી ઉત્પન્ન થયા છે. માટે જેમ મુખ

બાહુ થઇ શકતું નથી અને બાહુ મુખ થઇ શકતા નથી, તેમ બ્રાહ્મણ ક્ષત્રિય થઇ શકે નહિ અને ક્ષત્રિય બ્રાહ્મણ થઇ શકતો નથી.

(ઉત્તર) એ મંત્રનો જે તમે અર્થ કર્યો છે તે ઠીક નથી. કારણ કે અહિંઆ પુરૂષ (નિરાકાર, વ્યાપક પરમાત્મા) ની અનુવૃત્તિ આવે છે. જ્યારે પરમાત્મા નિરાકાર છે તો પછી મુખ આદિ અંગો ક્યાંથી આવ્યાં ? અને જો મુખ આદિ અંગવાળો માનો તો તે "પુરૂષ" વ્યાપક નહિ રહી શકે, અને જે વ્યાપક નથી તે સર્વ શક્તિમાન્, જગતનો સ્રષ્ટા, ધર્ત્તા, પ્રલયકર્ત્તા, જીવોના પુણ્ય પાપોની વ્યવસ્થા કરનાર, સર્વજ્ઞ, અજન્મા અને મૃત્યુરહિત આદિ વિશેષણવાળો થઇ શકતો નથી, માટે તેનો અર્થ આ પ્રમાણે છે. (**अस्य**) પૂર્ણ વ્યાપક પરમાત્માની સૃષ્ટિમાં મુખ સમાન સર્વમાં જે મુખ્ય ઉત્તમ હોય તે (**ब्राह्मणः**) બ્રાહ્મણ (**बाहू**) " **बाहुर्वै बलम्** " " **बाहुर्वै वीर्यम्** " શતપથ બ્રાહ્મણમાં બલ અને વીર્યનું નામ બાહુ છે, માટે બલવીર્ય જેમાં વધારે હોય તેનું નામ (**राजन्यः**) ક્ષત્રિય, (**ऊरू**) કટિની નીચેના અને જાનુની ઉપરના ભાગનું નામ ઊરૂ છે. જે સર્વ દેશમાં ઊરૂના બળથી જાય આવે અને પ્રવેશ કરે તે (**वैश्यः**) વૈશ્ય અને (**पद्भ्याम्**) જે પગ (નીચેના અંગ) સદશ એટલે મૂર્ખત્વાદિ ગુણવાળો હોય તે શૂદ્ર છે. શતપથમાં બીજે ઠેકાણે પણ એ મંત્રનો એવોજ અર્થ કર્યો છે.

॥ यस्मादेते मुख्यास्तस्मान्मुखतोह्यसृज्यन्त ॥ इत्यादि

એ બ્રાહ્મણ મુખ્ય છે માટે " મુખથી ઉત્પન્ન થયા " એ કથન સંગત થાય છે. જેમ સર્વ અંગોમાં મુખ શ્રેષ્ઠ છે, તેમ મનુષ્ય જાતિમાં ઉત્તમ ગુણ કર્મ સ્વભાવવાળો બ્રાહ્મણ કહેવાય છે. જ્યારે પરમાત્મા નિરાકાર છે તો પછી મુખાદિ અંગો હોવાં એ વન્ધ્યાના પુત્રના વિવાહ માફક અસંભાવત છે. જો મુખ આદિ અંગોથી બ્રાહ્મણોની ઉત્પત્તિ હોત, તો ઉપાદાન કારણ તુલ્ય બ્રાહ્મણ આદિની આકૃતિ અવશ્ય હોત. જેમ મુખની આકૃતિ ગોળ છે તેવીજ રીતે બ્રાહ્મણ આદિનાં શરીરોની આકૃતિ મુખાકૃતિ સમાન ગોળ હોવી જોઇએ. ક્ષત્રિયોનું શરીર ભુજાની સદશ, વૈશ્યોનું ઊરૂ સમાન અને શૂદ્રોનું શરીર પગ સમાન હોવું જોઇએ. પરન્તુ એવું નથી—વળી તમને કોઇ કહેશે કે જે જે મુખમાંથી ઉત્પન્ન થયા હોય તેજ બ્રાહ્મણ—પણ તમારૂં નામ બ્રાહ્મણ નથી; કારણ કે જેમ બધા માણસ ગર્ભાશયમાંથી ઉત્પન્ન થાય છે તેમ તમે પણ ગર્ભાશયમાંથીજ ઉત્પન્ન થાવ છો—મુખમાંથી નહિ. માટે તમે જે બ્રાહ્મણ હોવાનું અભિમાન કરો છો તે વ્યર્થ છે. ઇત્યાદિ દોષ યુક્ત જે તમે અર્થ કર્યો તે અસત્ય છે અને જે અમે કર્યો છે તે સત્ય છે. મનુમાં પણ લખ્યું છે કે:—

शूद्रो ब्राह्मणतामेति ब्राह्मणश्चेति शूद्रताम् ।
क्षत्रियाज्जातमेवन्तु विद्याद्वैश्यात्तथैवच ॥ मनु० १० । ६५ ॥

શૂદ્ર કુળમાં ઉત્પન્ન થયેલો માણસ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની સમાન ગુણ કર્મ અને સ્વભાવવાળો હોય તો તે શૂદ્ર કુળમાં જન્મ લેનાર માણસ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય

થઇ જાય છે. તેવીજ રીતે બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થનાર, ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થનાર અથવા વૈશ્ય કુળમાં ઉત્પન્ન થનાર માણસ શૂદ્રના ગુણ, કર્મ, સ્વભાવવાળો હોય તો તે શૂદ્ર થઇ જાય છે અર્થાત ચારે વર્ણમાં જે જે વર્ણસમાન જે પુરૂષ અથવા સ્ત્રી હોય તેતે તેજ વર્ણમાં ગણાવા જોઇએ.

धर्मचर्य्यया जघन्यो वर्णः पूर्वं पूर्वं वर्णमापद्यते जातिपरिवृत्तौ ॥ १ ॥
अधर्मचर्यया पूर्वो वर्णो जघन्यं जघन्यं वर्णमापद्यते जातिपरिवृत्तौ ॥२॥

એ આપસ્તંબનાં સૂત્રો છે. ધર્માચરણથી નિકૃષ્ટ વર્ણવાળો માણસ ઉત્તમ ઉત્તમ વર્ણમાં જઇ શકે છે, અને તેજ વર્ણમાં તેની ગણતરી થવી જોઇએ, (૧)

તેવીજ રીતે અધર્માચરણથી ઉત્તમ વર્ણવાળો માણસ નિકૃષ્ટ વર્ણને પ્રાપ્ત થઇ જાય છે અને તેજ વર્ણમાં તેની ગણતરી થવી જોઇએ (૨) વર્ણ સંબંધી જે વ્યવસ્થા પુરૂષની છે તેજ વ્યવસ્થા સ્ત્રીની પણ સમજવી જોઇએ. આ પ્રમાણે વ્યવસ્થા થવાથી પ્રત્યેક વર્ણનો માણસ પોત પોતાના ગુણ કર્મ અને સ્વભાવયુક્ત થઇ, શુદ્ધતાપૂર્વક રહી શકે છે. એટલે બ્રાહ્મણ કુળમાં કોઇપણ ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્ર તુલ્ય રહેશે નહિ. તેવીજ રીતે ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પણ શુદ્ધ રહી શકશે; જેથી વર્ણસંકરતા પ્રાપ્ત થશે નહિ. આવી રીતે વર્ત્તવાથી કોઇ વર્ણની નિન્દા અથવા અયોગ્યતા પણ થશે નહિ.

(પ્રશ્ન) યદિ કોઇને એકજ પુત્ર અથવા પુત્રી હોય અને તે જો ગુણકર્માનુસાર બીજા વર્ણમાં જાય તો પછી માબાપની સેવા કોણ કરશે તથા વંશોચ્છેદન પણ થઇ જાય! માટે તેની વ્યવસ્થા શી કરવી ?

(ઉત્તર) કોઇની સેવાનો ભંગ તથા કોઇનું વંશોચ્છેદન નહિ થાય કારણ કે તેના પુત્ર અથવા પુત્રીને બદલે પોતાના વર્ણને યોગ્ય બીજો પુત્ર અથવા બીજી પુત્રી વિદ્યાસભા અને રાજ્યસભાની વ્યવસ્થાથી મળશે. માટે કોઇ પણ પ્રકારની અવ્યવસ્થા થશે નહિ. આ ગુણ કર્મની પરીક્ષા કન્યાના સોળમે વરસે અને પુત્રના પચ્ચીસમે વરસે નિયત થવી જોઇએ. આ વર્ણવ્યવસ્થા પ્રમાણે બ્રાહ્મણે બ્રાહ્મણીની સાથે, ક્ષત્રિએ ક્ષત્રિયાની સાથે, વૈશ્યે વૈશ્યાની સાથે અને શૂદ્રે શૂદ્રાની સાથે વિવાહ કરવો. તોજ પોતપોતાના વર્ણના કર્મો અને પરસ્પર પ્રીતિ યથાયોગ્ય રહેશે. એ ચાર વર્ણોના ગુણ અને કર્મઃ--

अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहश्चैव ब्राह्मणानामकल्पयत् ॥ १ ॥ मनु० १ । ८८ ॥
शमो दमस्तपः शौचं क्षान्तिरार्जमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥ २ ॥
भ० गी० अध्याय १८ । श्लोक ४२ ॥

ભણવું ભણાવવું, યજ્ઞ કરવો અને કરાવવો, દાન દેવું અને લેવું એ ૭ કર્મો બ્રાહ્મણ-નાં છે. પરન્તુ "**प्रतिग्रह प्रत्यवरः**" **मनु०** । પ્રતિગ્રહ કરવો એ અધમ કાર્ય છે. (**शमः**) મનથી ખરાબ કામની ઇચ્છા કદિ પણ કરવી નહિ તથા મનને ખરાબ કામમાં કદિ પણ જવા દેવું નહિ. (**दमः**) શ્રોત્ર અને ચક્ષુ આદિ ઇંદ્રિયોને અન્યાયાચરણથી રોકી ધર્મમાં ચલાવવી (**तपः**) સદા બ્રહ્મચારી જીતેન્દ્રિય થઇ ધર્માનુષ્ઠાન કરવું (**शौचः**):—

अद्भिर्गात्राणि शुध्यन्ति मनः सत्येन शुध्यति ।
विद्यातपोभ्यां भूतात्मा बुद्धिर्ज्ञानेन शुध्यति । मनु० ५ । १०९ ॥

જળથી બહારના અંગો, સત્યાચારથી મન, વિદ્યા અને ધર્માનુષ્ઠાનથી જીવાત્મા અને જ્ઞાન બુદ્ધિ પવિત્ર થાય છે. અન્દરના રાગ દ્વેષ આદિ દોષ તથા બહારનો મેલ દૂર કરવાથી (અર્થાત્ સત્યાસત્યના વિવેક પૂર્વક સત્યનું ગ્રહણ અને અસત્યનું વર્જન કરવાથી) જરૂર મનુષ્ય પવિત્ર થાય છે. (**क्षान्तिः**) નિન્દા, સ્તુતિ, ક્ષુધા, તૃષા, હાનિ, લાભ, સુખ, દુઃખ, શીત, ઉષ્ણ માન, અપમાન, આદિ સહન કરી હર્ષ અને શોકનો ત્યાગ કરી ધર્મમાં દૃઢ રહેવું; (**आर्जव**) કોમલતા, નિરભિમાન સરળતા રાખવી અને કુટિલતાનો ત્યાગ કરવો; (**ज्ञान**) વેદાદિ સર્વ સત્ય શાસ્ત્રનું અધ્યયન કરી ભણાવવાનું સામર્થ્ય, સત્યનો નિર્ણય-જડને જડ અને ચેતનને ચેતન માનવું; (**विज्ञान**) પૃથિવીથી લઇ પરમેશ્વર પર્યન્ત પદાર્થોને વિશેષતાથી જાણી તેનાથી યથાયોગ્ય ઉપયોગ લેવો; (**आस्तिक्य**) વેદ, ઇશ્વર, મુક્તિ પૂર્વ પર જન્મ, વિદ્યા સત્સંગ, માતા, પિતા, આચાર્ય અને અતિથિઓની સેવા કદિ પણ છોડવી નહિ તેમ નિન્દા પણ કરવી નહિ. એ પંદર ગુણ કર્મો બ્રાહ્મણ વર્ણસ્થ મનુષ્યમાં જરૂર હોવાં જોઇએ.

प्रजानां रक्षणं दानमिज्याध्ययनमेव च ।
विषयेष्वप्रसक्तिश्च क्षत्रियस्य समासतः ॥ १ ॥ मनु० १ । ८९ ॥
शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युध्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥ २ ॥
भ० गी० अध्याय १८ । श्लोक ४३ ॥

ન્યાયથી પૃથ્વીની રક્ષા અર્થાત્ પક્ષપાતનો ત્યાગ કરી શ્રેષ્ઠનું પાલન તથા દુષ્ટોનો તિરસ્કાર કરવો (**दान**) વિદ્યા અને ધર્મની પ્રવૃત્તિ તથા સુપાત્રમાં ધનનો વ્યય કરવો (**इज्या**) અગ્નિહોત્રાદિ યજ્ઞો કરવા, (**अध्ययन**) વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન, (**विषयेषु०**) વિષયોમાં આસક્તિ ન રાખવી; જિતેન્દ્રિય રહી સદા આત્મા અને શરીરને બલયુક્ત બનાવવા ॥ ૧ ॥

(**शौर्य**) હજારો લડવૈયાની સાથે પણ એકલાને લડવાનો ભય ન હોવો (**तेजः**) સદા તેજસ્વી અર્થાત્ દીનતા રહિત પ્રગલ્ભ-દૃઢ રહેવું, (**धृति**) ધૈર્યવાન્ હોવું, (**दाक्ष्य**)

રાજા અને પ્રજા સંબંધીના વ્યવહારમાં અને સર્વ શાસ્ત્રમાં નિપુણ થવું, (**युद्धे०**) યુદ્ધમાં પણ દ્રઢ રહી કદિપણુ પાછું ન હટવું અર્થાત્ એવી રીતે લડવું કે જેથી નિશ્ચિત વિજય જ થાય, જો ભાગવાથી અને શત્રુને છેતરવાથી પોતાની જીત થાય તો તેમ પણ કરવું. (**दान**) દાનશીલતા રાખવી, (**ईश्वरभावः**) પક્ષપાત રહીત થઇ સર્વની સાથે યથાયોગ્ય વર્ત્તવું, વિચારીને આપવું, પ્રતિજ્ઞા પૂરી કરવી તથા પ્રતિજ્ઞાનો ભંગ કદિપણુ કરવો નહિ. એ અગ્યાર કર્મો ક્ષત્રિય વર્ણનાં છે.

पशुनां रक्षणं दानमिज्याध्ययनमेव च ।

वणिक्पथं कुसीदं च वैश्यस्य कृषिमेव च ॥ मनु० १ । ९० ॥

(**पशुरक्षा**) ગાય આદિ પશુઓનું પાલન તથા વર્ધન કરવું, (**दान**) વિદ્યા અને ધર્મની વૃદ્ધિ કરવામાં ધનાદિનો વ્યય કરવો (**इज्या**) અગ્નિહોત્રાદિ યજ્ઞો કરવા (**अध्ययन**) વેદાદિ શાસ્ત્રનો અભ્યાસ કરવો (**वणिक्पथ**) સર્વ પ્રકારનો વ્યાપાર કરવો (**कुसीद**) એક સેંકડામાં ચાર, છ, આઠ, બાર, સોળ અથવા વીશ આનાથી અધિક વ્યાજ ન લેવું. તથા સો વર્ષે પણ મૂળ રકમથી બમણી લેવી તેનાથી વધારે ન લેવી તેમ ન દેવી (**कृषिः**) ખેતી કરવી એ વૈશ્યના ગુણ કર્મો છે.

एकमेव तु शूद्रस्य प्रभुः कर्म समादिशत् ।

एतेषामेव वर्णानां शुश्रूषामनसूयया ॥ मनु० १ । ९१ ॥

શૂદ્રને યોગ્ય છે કે નિન્દા, ઇર્ષા, અભિમાન આદિ દોષોનો ત્યાગ કરી, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની યથાયોગ્ય સેવા કરવી તેનાથીજ (સેવાથીજ) પોતાની જીવિકા ચલાવવી; એ એકજ શૂદ્રનું કર્મ છે. એ પ્રમાણે સંક્ષેપથી વર્ણોના ગુણ અને કર્મ લખ્યાં છે. જે જે પુરૂષમાં જે જે વર્ણના ગુણ કર્મો હોય તે તે વર્ણનો અધિકાર તેને આપવોઃ એવી વ્યવસ્થા રાખવાથી સર્વ મનુષ્યની ઉન્નતિ થાય છે. કારણ કે ઉત્તમ વર્ણને ભય રહેશે કે જો આપણાં સન્તાનો મૂર્ખત્વાદિ દોષવાળાં થશે તો શૂદ્ર થઇ જશે; અને સન્તાનો પણ ડરતા રહેશે કે જો આપણે સદાચાર તથા વિદ્યાવાન્ નહિ થઇએ તો શૂદ્ર થવું પડશે. અને નીચ વર્ણને ઉત્તમ વર્ણમાં આવવાની ઉત્કંઠા વધતી રહેશે. વિદ્યાનો અને ધર્મનો અધિકાર બ્રાહ્મણને આપવો કારણ કે તે પૂર્ણ વિદ્વાન્ અને ધાર્મિક હોવાથી તે કામને સારી રીતે કરી શકશે. ક્ષત્રિયોને રાજ્યનો અધિકાર આપવાથી કદિ પણ રાજ્યની હાનિ અથવા વિઘ્ન થશે નહિ. પશુપાલન આદિ કામ વૈશ્યોને આપવું, કારણ કે તે કામને તે સારી રીતે કરી શકશે. શૂદ્રને સેવાનો અધિકાર એ કારણથી છે કે તે વિદ્યા સંબંધી કામ જરાપણ કરી શકતો નથી, પરન્તુ શરીરનું સર્વ કામ કરી શકે છે. એ પ્રમાણે દરેક વર્ણને પોત પોતાના અધિકારમાં યોજવા એ રાજા તથા સભ્ય પુરૂષોનું કર્ત્તવ્ય છે.

વિવાહનાં લક્ષણો.

ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथाऽसुरः ।
गान्धर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोऽधमः ॥ मनु० ३ । २१॥

વિવાહ આઠ પ્રકારના હોય છે. (૧) બ્રાહ્મ, (૨) દૈવ, (૩) આર્ષ, (૪) પ્રાજાપત્ય, (૫) આસુર, (૬) ગાંધર્વ, (૭) રાક્ષસ, (૮) પૈશાચ. એ વિવાહોના અર્થ આ પ્રમાણે છે.

બ્રાહ્મ—વર અને કન્યાએ સારી રીતે બ્રહ્મચર્ય પાળી પૂર્ણ વિદ્યા પ્રાપ્ત કરી, સુશીલ થઇ, એક બીજાની પ્રસન્નતા પૂર્વક કરવામાં આવતો જે વિવાહ તે " બ્રાહ્મ વિવાહ " કહેવાય છે.

દૈવ—જેમાં ઋત્વિગ્ લોકો વિધિ પ્રમાણે કર્મો કરી રહ્યા છે તેવા મ્હોટા યજ્ઞમાં અલંકારોથી ભૂષિત થયેલી કન્યાનું જમાઇને દાન આપવું તે " દૈવ વિવાહ " કહેવાય છે.

આર્ષ—વરની પાસેથી કંઇ લઇને જે વિવાહ કરવામાં આવે છે તે " આર્ષ વિવાહ " કહેવામાં આવે છે.

પ્રાજાપત્ય—ધર્મની વૃદ્ધિને માટે, જે વર કન્યાનો વિવાહ કરાય છે તે " પ્રાજાપત્ય વિવાહ " કહેવાય છે.

આસુર—વર યા કન્યાને કંઇ આપી, જે વિવાહ થાય છે તે "આસુર વિવાહ" કહેવાય છે.

ગાન્ધર્વ—કોઇ પણ નિયમ વિના તથા કોઇ પણ નિશ્ચિત સમય વિના વર અને કન્યાની ઇચ્છા પ્રમાણે પરસ્પર જે અકસ્માત્ સંયોગ થવો તે " ગાન્ધર્વ વિવાહ " કહેવાય છે.

રાક્ષસ—લડાઇ કરી બલાત્કારથી અથવા કપટથી કન્યાનું હરણ કરી સંયોગ કરવો તે " રાક્ષસ વિવાહ " કહેવાય છે.

પૈશાચ—સુતેલી અથવા મદ્યાદિના પાનથી મત્ત (ગાંડી-બેભાન) બનેલી કન્યા સાથે બલાત્કારથી જે સંયોગ કરવો તે " પૈશાચ વિવાહ " કહેવાય છે.

એ આઠ પ્રકારના વિવાહોમાં બ્રાહ્મ સર્વથી ઉત્તમ, દૈવ અને પ્રાજાપત્ય મધ્યમ, આર્ષ, આસુર અને ગાન્ધર્વ નિકૃષ્ટ, રાક્ષસ અધમ અને પૈશાચ મહા ભ્રષ્ટ છે. આ વાત ધ્યાનમાં અવશ્ય રાખવી કે યુવવસ્થા ભોગવનાર સ્ત્રી અને પુરૂષનો એકાન્તવાસ વિવાહ થયા પહેલાં થવા દેવો નહિ. કારણ કે-યુવાન્ સ્ત્રી પુરૂષનો એકાન્તવાસ ઘણો દૂષણકારક છે. ગુરૂકુળમાં વસનારી કન્યાની બ્રહ્મચર્યાવસ્થા પૂરી થવાને એક વરસ અથવા છ માસ બાકી રહે ત્યારે કન્યાનો ફોટોગ્રાફ (પ્રતિકૃતિ) પડાવી બ્રહ્મચારીઓના અધ્યાપક પાસે મોકલાવી આપવો. તેવીજ રીતે બ્રહ્મચારીનો ફોટો પડાવી કન્યા ગુરૂકુળમાં કન્યાઓની અધ્યાપિકા પાસે મોકલાવી આપવો. પછી સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરતાં અધ્યાપિકાને જે બ્રહ્મચારીની જે બ્રહ્મચારિણી

સાથે આકૃતિ મળતી લાગે તે બન્નેનાં જન્મથી લઇ વિવાહના દિવસ સુધીના જીવનચરિત્રના પુસ્તકો (અથવા નોંધ) મંગાવી વાંચવાં, જો બન્નેના ગુણ કર્મ અને સ્વભાવ મળતા આવતા હોય તો, અધ્યાપકે બ્રહ્મચારીના હાથમાં પહેલો કન્યાનો ફોટો અને તેણીનું જીવન-ચરિત્ર આપવું, તેવીજ રીતે અધ્યાપિકાએ કન્યાના હાથમાં બ્રહ્મચારીનો ફોટો અને જીવન-ચરિત્ર આપવાં અને પછી પૂછવું કે આમાં જે અભિપ્રાય હોય તે કહો. જો એક બીજાનો એક બીજા ઉપર પ્રીતિ–સૂચક અભિપ્રાય મળે તો એકજ સમયમાં બન્નેનો સમાવર્તન સંસ્કાર કરવો. ત્યારબાદ અધ્યાપક અને અધ્યાપિકાની ઉપસ્થિતિમાં વરઅને કન્યાની વિવાહિત થવાની ઇચ્છા હોય તો ત્યાં, નહિ તો કન્યાના માતા પિતાને ઘેર ઉત્તમ ઉત્તમ વિદ્વાન્ તથા સદ્ગૃહ-સ્થોની દષ્ટિસીમાની અન્દર વિવાહ કરવો. પછી માતા પિતા અને ભદ્ર પુરૂષોની સમક્ષ વરકન્યાએ પરસ્પર વ્યાવહારિક અને પારમાર્થિક શાસ્ત્રીય વિષયોના પ્રશ્નોત્તરો કરવા, તે વખતે જો કોઇ ગુપ્ત વિષયના પ્રશ્નોત્તરો કરવા હોય તો સભા સમક્ષ પત્રમાં લખીને કરવા. વિવાહ કરતી વખતેજ બન્નેનો દઢ પ્રેમ થઇ ગયા પછી વર કન્યાએ ખાવા પીવાનો ઉત્તમ પ્રબન્ધ રાખવો, જેથી વિદ્યાધ્યયન રૂપ તપશ્ચર્યાથી ક્ષીણ થયેલું શરીર પ્રતિદિન ચંદ્રમાની કળાની માફક વધતું જાય. પછી સ્ત્રી રજસ્વલા થઇને જે દિવસ શુદ્ધ થાય તે દિવસે વેદિ અને મંડપ બનાવી અનેક સુગંધિ દ્રવ્યોનો હોમ અને વિદ્વાનોનો સત્કાર કરવો. પછી જે દિવસ ઋતુદાન દેવાને યોગ્ય હોય તે દિવસે સંસ્કારવિધિ પુસ્તકસ્થ ગર્ભાધાન સંસ્કારની વિધિ અનુસાર દરેક કર્મ કરી અર્ધી રાત્રિએ અથવા રાત્રિના દસ વાગે અતિ પ્રસન્નતાથી સર્વની સામે પાણિગ્રહણપૂર્વક વિવાહનો વિધિ પૂરો કરી એકાન્ત સેવન કરવું. જ્યાં સુધી બને ત્યાં સુધી વીર્યને વ્યર્થ જવા દેવું નહિ; કારણ કે તે રજ અને વીર્યથી સંતાનનું ઉત્તમ શરીર બને છે. જ્યારે વીર્ય ગર્ભાશયમાં પડવા આવે ત્યારે સ્ત્રીએ અને પતિએ સ્થિર રહેવું, અને નાસિકા સામે નાસિકા, નેત્રની સામે નેત્ર એક સીધી લીટીમાં બન્ને શરીર સ્થિર કરી જરા પણ કમ્પને અવકાશ ન આપી પતિએ પોતાના શરીરને ઢીલું મૂકવું અને સ્ત્રીએ વીર્યના ગ્રહણ વખતે અ-પાન વાયુને ઉપર ખેંચી, યોનિના ઉપર ભાગમાં સંકોચ કરી, વીર્યનું ઉપર આકર્ષણ કરી ગર્ભાશયમાં વીર્યને સ્થિર કરવું * પછી દંપતિએ શુદ્ધ જલવડે સ્નાન કરવું. વિદુષી સ્ત્રીને ગર્ભ રહ્યાનું જ્ઞાન તેજ વખતે થઇ જાય છે, પરન્તુ એનો વધારે નિશ્ચય એક માસ થયા પછી સ્ત્રી રજસ્વલા ન થાય ત્યારે સર્વને થાય છે. સંભોગ કર્યા પછી, સૂંઠ, કેસર, આસન, ન્હાની એલચી, સાલમ અને સાકર નાંખી ગરમ કરેલું દૂધ ઠંડુ કરી પોતાની રૂચિ પ્રમાણે પીવું. પછી અલગ અલગ પોત પોતાની શય્યા (પલંગ–અથવા–પથારી) માં શાન્તિથી સૂવું. જ્યારે જ્યારે ગર્ભાધાન કરે ત્યારે ત્યારે એ પ્રમાણે વિધિ કરવી. ગર્ભ રહી ગયો છે એવો જ્યારથી નિશ્ચય થાય ત્યારથી એક વરસ પર્યન્ત પતિ અને પત્નિએ સમાગમ કરવો નહિ. એવો વર્તાવ કરવાથી સંતાન ઉત્તમ થાય છે. બીજા સંતાનો પણ ઉકત વિધિનું પાલન કરવાથી ઉત્તમજ થાય છે. ઉપર કહેલ વિધિને ન અનુસરવાથી સ્ત્રી અને પુરૂષની આયુ ઘટી જાય છે, અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે ગર્ભવતી સ્ત્રી સાથે પ્રેમથી સંભાષણ આદિ વ્યવહાર જરૂર કરવો. પુરૂષે વીર્યની સ્થિતિ તથા

* આ વાત રહસ્યની હોવાથી વધારે લખવું ઉચિત નથી માટે આટલાથીજ બાકીવાત સમજી લેવી.

સ્ત્રીએ ગર્ભની રક્ષા, ભોજન, છાદન, એવા પ્રકારથી કરવા કે, જેથી પુરૂષનું વીર્ય સ્વપ્નમાં પણ નષ્ટ ન થાય અને ગર્ભમાં બાળકનું શરીર અત્યુત્તમ રૂપ, લાવણ્ય, પુષ્ટિ, બળ અને પરાક્રમ યુક્ત થઇ દસમે મહિને બાળકનો જન્મ થાય. ગર્ભની વિશેષ રક્ષા ચોથે મહિનેથી અને અતિવિશેષ રક્ષા આઠમે માસથી કરવી. ગર્ભવતી સ્ત્રીએ રેચક, રૂક્ષ, માદક, બુદ્ધિ બળ નાશક પદાર્થોનું સેવન કદિ પણ કરવું નહિ, અને ઘી, દુધ, ઉત્તમ ચોખા, ઘઉં, મગ, અડદ આદિનો ખોરાક રાખવો તથા દેશકાળનું પણ સેવન વિચારીને કરવું (એટલે ખરાબ હવાવાળી જગ્યામાં ન રહેતાં ઉત્તમ હવાવાળા, પ્રકાશવાળા સ્થાનમાં રહેવું) ગર્ભવતી સ્ત્રીના બે સંસ્કાર હોય છે (૧) ચોથે મહિને પુંસવન અને (૨) આઠમે મહિને સીમંતોન્નયન, એ બન્ને વિધિ પ્રમાણે કરવા. જ્યારે બાળકનો પ્રસવ થાય ત્યારે સ્ત્રીની અને બાળકની રક્ષા કરવામાં ઘણું સાવધાન રહેવું. સ્ત્રી પ્રસુતા થયા પહેલાં " શુંઠીપાક " બનાવી રાખવો. બાળકનો પ્રસવ થયા પછી સ્ત્રીને અને બાલકને સહેજ ગરમ પાણી વડે સ્નાન કરાવવું પછી નાડી છેદન કરવું–એટલે બાળકની નાભિના મૂળમાં નાળને કોમળ સુતરના દોરા વડે બાંધી ચાર આંગળને છોડી નાળને કાપી નાખવો. નાળને એવી રીતે બાંધવો કે શરીરમાંથી લોહીનું ટીપું પણ બ્હાર આવી શકે નહિ. ત્યાર બાદ તે સ્થાનને શુદ્ધ કરી દ્વારમાં સુગન્ધિ દ્રવ્યો અને ઉત્તમ ઘી વડે હોમ કરવો. ત્યારબાદ બાળકના કાનમાં " **वेदोऽसि** " તારૂં નામ વેદ છે એમ પિતાએ સંભળાવી ઘી અને મધને એક વાટકીમાં એકઠાં કરી સોનાની સળીથી બાળકની જીભ ઉપર "**ओ३म्**" શબ્દ લખી મધ અને ઘી સોનાની સળીથી બાળકને ચટાડવું. પછી બાળકને માતાના હાથમાં આપવું, જો બાળક દૂધ પીવાને ઇચ્છતો હોય તો માતાએ સ્તન પાન કરાવવું. જો માતાને દૂધ ન હોય તો કોઇ સારી સ્ત્રીની પરીક્ષા કરી તેનું સ્તનપાન કરાવવું. સારી હવાવાળી ઓરડીમાં પ્રસુતા સ્ત્રીનો ખાટલો રાખવો અને ત્યાં પ્રાતઃકાળે અને સાયંકાળે હોમ કરતાં રહેવું. પ્રથમ બાળકને છ દિવસ માતાનું દૂધ પીવરાવવું. બાળકની માતાએ પોતાના શરીરની પુષ્ટિ માટે અનેક પ્રકારનાં સારાં સારાં ભોજનો કરવાં તથા યોનિ સંકોચ આદિ પણ કરવું. છઠ્ઠે દિવસે સ્ત્રીએ બ્હાર નિકળવું. બાળકને દૂધ પીવરાવવાને જે ધાવ રાખી હોય તેને સારૂં સારૂં ભોજન આપવું. તેણીએ બાળકને નિયમસર દૂધ પાવું અને બાળકને રમાડવું. પાલનમાં કોઇ પ્રકારનો અનુચિત વ્યવહાર ન થાય માટે માતાએ પણ બરાબર તપાસ રાખવી. સ્તનના અગ્રભાગ ઉપર એવો લેપ કરવો કે જેથી દૂધનો સ્રાવ ન થાય. તેમજ ખાવા પીવામાં બરાબર ધ્યાન આપવું. ત્યારબાદ નામકરણ આદિ સંસ્કારો " સંસ્કાર વિધિ " માં લખેલી રીતિ પ્રમાણે યથાસમય કરતા રહેવું. જ્યારે સ્ત્રી પાછી રજસ્વલા થઇ શુદ્ધ થાય ત્યારે ઉપર બતાવેલી રીતિ પ્રમાણે ફરીથી ઋતુદાન કરવું.

ऋतुकालाभिगामी स्यात्स्वदारनिरतः सदा ।
पर्ववर्जं व्रजेच्चैनां तद्व्रतो रतिकाम्यया ॥ मनु० ३ । ४५ ॥

निन्द्यास्वष्टासु चान्यासु स्त्रियो रात्रिषु वर्जयन् ।
ब्रह्मचार्य्येव भवति यत्र तत्राश्रमे वसन् ॥ मनु० ३ । ५० ॥

જે પુરૂષ પોતાનીજ સ્ત્રીમાં પ્રસન્ન રહી, જે જે રાત્રિઓમાં સમાગમ કરવાનો નિષેધ કર્યો છે તે તે રાત્રિઓમાં સ્ત્રીથી અલગ રહી અને ઋતુગામી થાય છે, તે ગૃહસ્થ બ્રહ્મચારી સદશ છે.

सन्तुष्टो भार्यया भर्त्ता भर्त्रा भार्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥ १ ॥
यदि हि स्त्री न रोचेत पुमांसन्न प्रमोदयेत् ।
अप्रमोदात्पुनः पुंसः प्रजनं न प्रवर्त्तते ॥ २ ॥
स्त्रियां तु रोचमानायां सर्वं तद्रोचते कुलम् ।
तस्यां त्वरोचमानायां सर्वमेव न रोचते ॥ ३ ॥

मनु० ३ । श्लो० ६०-६२ ॥

જે કુળમાં પત્નીથી પતિ અને પતિથી પત્ની સંતુષ્ટ રહે છે, તેજ કુળમાં સર્વ સૌભાગ્ય અને ઐશ્વર્ય આવી સ્થિર થાય છે. જ્યાં કલેશ થાય છે ત્યાં દરિદ્રતા અને દૌર્ભાગ્યનો વાસ થાય છે. (૧) જો સ્ત્રી પતિની સાથે પ્રીતિ ન કરી પતિને પ્રસન્ન ન કરે તો પતિ અપ્રસન્ન રહેવાથી કામની ઉત્પત્તિ થતી નથી. (૨) સ્ત્રીની પ્રસન્નતામાં સર્વ કુળ પ્રસન્ન થાય છે અને સ્ત્રીની અપ્રસન્નતામાં સર્વ અપ્રસન્ન (દુઃખી) થઇ જાય છે.

पितृभिर्भ्रातृभिश्चैताः पतिभिर्देवरैस्तथा ।
पूज्या भूषयितव्याश्च बहुकल्याणमीप्सुभिः ॥ १ ॥
यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राऽफलाः क्रियाः ॥ २ ॥
शोचन्ति जामयो यत्र विनश्यत्याशु तत्कुलम् ।
न शोचन्ति तु यत्रैता वर्द्धते तद्धि सर्वदा ॥ ३ ॥
तस्मादेताः सदा पूज्या भूषणाच्छादनाशनैः ।
भूतिकामैर्नरैर्नित्यं सत्कारेषूत्सवेषु च ॥ ४ ॥

मनु० ३ । श्लो० ५५-५७-५९ ॥

બહુ કલ્યાણની ઇચ્છા રાખનાર પિતા, ભ્રાતા, પતિ અને દિયરે સ્ત્રીઓનો સત્કાર કરવો જોઇએ અને અલંકારોથી સંતુષ્ટ કરવી જોઇએ. (૧) જે ઘરમાં સ્ત્રીઓનો સત્કાર થાય છે તે ઘરમાં સારા વિદ્વાન્ પુરૂષો પેદા થઇ, દેવ નામને ધારણ કરનાર થઇ શકે છે અને સર્વ-ક્રિયા સફળ થાય છે, પરન્તુ જે ઘરમાં સ્ત્રીઓનો સત્કાર થતો નથી ત્યાં સર્વ ક્રિયાઓ નિષ્ફળ થાય છે (૨)

જે કુળમાં સ્ત્રીઓ શોકથી વ્યાકુળ રહી દુ:ખી થાય છે તે કુળ જલદી નષ્ટભ્રષ્ટ થઇ જાય છે, અને જે કુળમાં તેઓ આનન્દી અને ઉત્સાહી રહે છે તે કુળનો સદા અભ્યુદય થાય છે. (૩) માટે ઐશ્વર્યની વૃદ્ધિને ઇચ્છનાર મનુષ્યે યાદ રાખવું કે ઉત્સવ આદિ ઉત્તમ પ્રસંગમાં સ્ત્રીઓનો વસ્ત્ર અને આભૂષણો આદિથી સત્કાર કરવો. " **तस्मादेताः सदा पूज्याः** " " સ્ત્રીઓની સદા પૂજા કરવી. " સર્વત્ર એ ધ્યાનમાં રાખવું કે પૂજાનો અર્થ સત્કાર છે. જ્યારે દિવસમાં અથવા રાત્રિમાં પ્રથમ મળે ત્યારે એક બીજાએ " નમસ્તે " કહેવા.

सदा प्रहृष्टया भाव्यं गृहकार्येषु दक्षया ।
सुसंस्कृतोपस्करया व्यये चामुक्तहस्तया ॥ मनु० ५ । १५० ॥

સ્ત્રીઓએ સદા પ્રસન્ન રહી ઘરના કામમાં ચતુરાઇ રાખવી, ઘરના દરેક પદાર્થો સ્વચ્છ રાખવા, વ્યય કરવામાં ઉડાઉ ન બનવું, ઉપયોગી વસ્તુ જ લેવી, અને પાત્ર અપાત્રનો વિચાર કરીને આપવું. રસોઇ વખતસર અતિ સ્વચ્છતાથી બનાવવી, રાંધવામાં આવતા પદાર્થો ઓષધિરૂપ થઇ શરીરને નિરોગી રાખી પુષ્ટ કરનાર હોવા જોઇએ, ઘરનો લેણદેણનો હિસાબ રાખી પતિને બતાવવો, નોકર ચાકર પાસેથી બરાબર કામ લેવું, ઘરનું કોઇ પણ કામ બગડે નહિ તેમ કરવું.

स्त्रियो रत्नान्यथो विद्या सत्यं शौचं सुभाषितम् ।
विविधानि च शिल्पानि समादेयानि सर्वतः ॥ मनु० २ । २४० ॥

ઉત્તમ સ્ત્રી,જુદી જુદી જાતનાં રત્નો, વિદ્યા, સત્ય, પવિત્રતા, ઉત્તમ ભાષણ, અનેક પ્રકારની કારીગીરી એ સર્વ દેશમાંથી અને સર્વ માણસ પાસેથી શીખવાં.

सत्यं ब्रूयात् प्रियं ब्रूयान्न ब्रूयात् सत्यमप्रियम् ॥
प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ॥ १ ॥
भद्रं भद्रमिति ब्रूयाद्भद्रमित्येव वा वदेत् ।
शुष्कवैरं विवादं च न कुर्यात्केनचित्सह ॥ २ ॥
मनु० ४ ॥ १३८-१३९ ॥

સદા સત્ય બોલવું, બીજાને હિતકારક વચન કહેવું, પરન્તુ અપ્રિયસત્ય (એટલે કાણાને કાણો કહેવા જેવું) કદિ પણ બોલવું નહિ તથા બીજાને પ્રસન્ન કરવાને વાસ્તે પણ અસત્ય બોલવું નહિ (૧) સદા ભદ્ર હિતકારી-બોલવું, શુષ્ક (વિના કારણનું) વૈર ન કરવું, શ્રોતાને હિતકર હોય અને શ્રોતાને તે ખરાબ લાગતું હોય તોપણ કહ્યા વિના રહેવું નહિ.

पुरुषा बहवो राजन् सततं प्रियवादिनः ।
अप्रियस्य तु पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ॥ उद्योगपर्व विदुरनीति०

હે ધૃતરાષ્ટ્ર આ સંસારમાં બીજાને પ્રસન્ન રાખવા વાસ્તે પ્રિય બોલનાર પ્રશંસક લોકો ઘણા છે, પરન્તુ સાંભળનારને અપ્રિય લાગે પણ હિતકર હોય એવું બોલનારા તથા સાંભળનારા લોકો થોડાજ છે. મનુષ્યના દોષો તેની સામેજ કહેવા, પોતાના દોષો સાંભળવા અને જે ગુણ હોય તે પરોક્ષમાં કહેવા એ સત્પુરૂષનો સ્વભાવ છે; પરંતુ પ્રત્યક્ષમાં તો ગુણ કહેવા અને પરોક્ષમાં દોષો બતાવવા એ દુષ્ટ પુરૂષની રીતિ છે. જે મનુષ્યના દોષો હોય તે જ્યાં સુધી તેની સામે કહેવામાં ન આવે ત્યાં સુધી તે માણસ દોષોથી રહિત થઇ ગુણી થઇ શકતો નથી.

નિન્દા અને સ્તુતિનો અર્થ—"**गुणेषु दोषारोपणमसूया**" **अर्थात्** "**दोषेषु गुणारोपणमप्यसूया**" "**गुणेषु गुणारोपणं स्तुतिः**" ગુણોમાં દોષ અથવા દોષમાં ગુણ લગાવવો તેનું નામ નિન્દા અને ગુણોમાં ગુણનું અને દોષોમાં દોષનું કથન કરવું તેનું નામ "સ્તુતિ" છે; એટલે અસત્ય ભાષણનું નામ નિન્દા અને સત્ય ભાષણનું નામ સ્તુતિ છે.

बुद्धिवृद्धिकराण्याशु धन्यानि च हितानि च ।
नित्यं शास्त्राण्यवेक्षेत निगमांश्चैव वैदिकान् ॥ १ ॥
यथा यथा हि पुरुषः शास्त्रं समधिगच्छति ।
तथा तथा विजानाति विज्ञानं चास्य रोचते ॥ २ ॥

मनु० ४ ॥ १९ । २० ॥

બુદ્ધિ, ધન અને હિતની વૃદ્ધિ કરનાર વેદ અને શાસ્ત્રોનો નિત્ય અભ્યાસ કરે, બ્રહ્મચર્યાશ્રમમાં જે અધ્યયન સંપાદિત કર્યું હોય તેનો નિત્ય વિચાર કરવો તથા અધ્યાપન કરવું. (૧) જેમ જેમ મનુષ્ય ઉત્તમ ઉત્તમ શાસ્ત્રને જાણે છે તેમ તેમ તેનું વિજ્ઞાન વધતુંજ જાય છે તથા વાંચવામાં રુચિ અધિક થાય છે. (૨)

ऋषियज्ञं देवयज्ञं भूतयज्ञं च सर्वदा ।
नृयज्ञं पितृयज्ञं च यथाशक्ति न हापयेत् ॥ १ ॥ मनु० ४ । २१ ॥
अध्यापनं ब्रह्मयज्ञः पितृयज्ञस्तु तर्पणम् ।
होमो दैवो बलिर्भौतो नृयज्ञोऽतिथिपूजनम् ॥ २ ॥ मनु० ३ । ७० ॥
स्वाध्यायेनार्चयेदृषीन् होमैर्देवान् यथाविधि ।
पितॄन् श्राद्धैश्चनॄनन्नैर्भूतानि बलिकर्मणा ॥ ३ ॥ मनु० ३। ८१ ॥

બે યજ્ઞો કે જે બ્રહ્મચર્ય પ્રકરણમાં લખી આવ્યા છીએ તે અર્થાત્ વેદાદિ શાસ્ત્રોનું ભણવું અને ભણાવવું, સન્ધ્યોપાસન-યોગાભ્યાસ, બીજો દેવયજ્ઞ-વિદ્વાનોનો સંગ, સેવા, પવિત્રતા, દિવ્ય ગુણોનું ધારણ, દાતૃત્વ અને વિદ્યાની ઉન્નતિ કરવી. એ બે સાયંકાળે અને પ્રાતઃકાળે કરવા.

सायंसायं गृहपतिर्नो अग्निः प्रातःप्रातः सौमनसस्य दाता ॥ १ ॥
प्रातः प्रातर्गृहपतिर्नो अग्निः सायं सायं सौमनसस्य दाता ॥ २ ॥
अ० कां० १९ । अनु० ७ । मं० ३ । ४ ॥

तस्मादहोरात्रस्य संयोगे ब्राह्मणः सन्ध्यामुपासीत ।
उद्यन्तमस्तं यान्तमादित्यमभिध्यायन् ॥ ३ ॥
षड्विंशब्राह्मणे प्र० ४ । खं० ५ ॥

न तिष्ठति तु यः पूर्वां नोपास्ते यस्तु पश्चिमाम् ।
स शूद्रवद्बहिष्कार्यः सर्वस्माद् द्विजकर्मणः ॥ ४ ॥ मनु २।१०३ ॥

સાયંકાળના હોમમાં જે દ્રવ્યોનો હોમ કર્યો હોય તે દ્રવ્યો પ્રાતઃકાળ સુધી વાયુને શુદ્ધ રાખે છે, (૧) જે દ્રવ્યો વડે પ્રાતઃકાળે હોમ કર્યો હોય, તે દ્રવ્યો સાયંકાળ સુધી વાયુને શુદ્ધ રાખે છે, (૨) માટે દિવસ અને રાત્રિની સન્ધિમાં એટલે સૂર્યના ઉદય અને અસ્ત સમયમાં પરમેશ્વરનું ધ્યાન અને અગ્નિહોત્ર અવશ્ય કરવાં જોઇએ. જે માણસ સવાર અને સાંજે સન્ધ્યા અને અગ્નિહોત્ર નથી કરતો તેને સજ્જન પુરૂષોએ દ્વિજનાં કર્મોમાંથી શૂદ્ર ગણી બહાર કરવો જોઇએ. (**પ્રશ્ન**) ત્રિકાળ સંધ્યા કેમ ન કરવા ? (**ઉત્તર**) ત્રણ સમયમાં સંધિ થતી નથી, પ્રકાશ અને અંધકારની સંધિ સવારે અને સાંજેજ થાય છે. જો એ વાત ન માની મધ્યાન્હકાળ (બપોર) માં ત્રીજી સન્ધ્યા માનો તો મધ્ય રાત્રિમાં પણ સન્ધ્યા કેમ ન કરવી ? જો મધ્યરાત્રિમાં સન્ધ્યા કરવાનો સ્વીકાર કરો તો, પ્રહરે પ્રહરે, ઘડીએ ઘડીએ, પળે પળે અને ક્ષણે ક્ષણે સંધિ થાય છે. તો તેને સમયમાં સંધ્યોપાસન કરવું જોઇએ. જો તેનો પણ સ્વીકાર કરતા હો તો એમ બનવું અસંભવિત છે; વળી કોઇ પણ શાસ્ત્ર, મધ્યાન્હ સંધ્યા કરવાનો આદેશ પણ આપતું નથી. માટે બે જ કાળમાં સંધ્યોપાસન તથા અગ્નિહોત્ર કરવાં એજ યોગ્ય છે. અને જે ત્રણ કાળ થાય છે તે પણ ભૂત, ભવિષ્યત્ અને વર્ત્તમાનના ભેદથી-સંધ્યોપાસનના ભેદથી નહિ. ત્રીજો " પિતૃયજ્ઞ " જેનો અર્થ વિદ્વાન, ઋષિ, અધ્યાપક, માતા, પિતા આદિ જ્ઞાની અને પરમયોગીઓની સેવા કરવી-એ થાય છે. શ્રાદ્ધ અર્થાત્ શ્રત્ સત્યનું નામ છે " **श्रत् सत्यं दधाति यया क्रियया सा श्रद्धा श्रद्धया यत्क्रियते तच्छ्राद्धम्** " જે ક્રિયા વડે સત્યનું ગ્રહણ કરાય છે તેને શ્રદ્ધા કહે છે અને શ્રદ્ધાથી જે કર્મ કરાય છે તેને શ્રાદ્ધ કહે છે. તર્પણનો અર્થ—" **तृप्यन्ति तर्पयन्ति येन पितॄन् तत्तर्पणम्** " જે કર્મથી તૃપ્ત અર્થાત્ વિદ્યમાન માતા પિતાદિ પિતર્ પ્રસન્ન થાય છે અથવા જે કર્મથી પ્રસન્ન કરવામાં આવે છે તે " તર્પણ " કહેવાય છે ઉક્ત તર્પણ જીવિતને માટે છે-મૃતકને માટે નહિ.

ओं ब्रह्मादयो देवास्तृप्यन्ताम् । ब्रह्मादिदेवपत्न्यस्तृप्यन्ताम् ।
ब्रह्मादिदेवसुतास्तृप्यन्ताम् । ब्रह्मादिदेवगणास्तृप्यन्ताम् ।
इति देवतर्पणम् ॥

"विद्वा ᳀ हि देवा:" આ શતપથ બ્રાહ્મણનું વચન છે. જે વિદ્વાનો છે તેને દેવ કહે છે. જે સાંગોપાંગ ચાર વેદોને જાણે છે તે બ્રહ્મા કહેવાય છે. જે કંઇ ન્યુન જાણે છે તેનું નામ પણ દેવ એટલે વિદ્વાન્ છે. બ્રહ્માની સ્ત્રી પણ ચારે વેદોને જાણતી હોય તો તે બ્રાહ્મણી દેવી કહેવાય છે. તેમજ તેના સન્તાન, શિષ્યો જો તેવાજ વિદ્વાન્ હોય તો તેમની સેવા કરવી તેનું નામજ શ્રાદ્ધ અને તર્પણ છે.

अथर्षितर्प्पणम् ॥

ओं मरीच्यादय ऋषयस्तृप्यन्ताम् । मरीच्याद्यृषिपत्न्यस्तृप्यन्ताम् । मरीच्याद्यृषिसुतास्तृप्यन्ताम् । मरीच्याद्यृषिगणास्तृप्यन्ताम् । इति ऋषितर्प्पणम् ॥

જે બ્રહ્માના પ્રપૌત્ર મરીચિના જેવા વિદ્વાન્ થઇ લોકોને શિક્ષણ આપતા હોય તથા તેના જેવી તેની સ્ત્રીઓ કન્યાઓને વિદ્યાદાન આપતી હોય, તથા તેના વિદ્વાન પુત્ર અને શિષ્યો, તેમજ તેના ઉત્તમ સેવકો હોય તો તેઓનો સત્કાર કરવો તે ઋષિતર્પણ કહેવાય છે.

अथ पितृतर्प्पणम् ॥

ओं सोमसदः पितरस्तृप्यन्ताम् । अग्निष्वात्ताः पितरस्तृप्यन्ताम् । बर्हिषदः पितरस्तृप्यन्ताम् । सोमपाः पितरस्तृप्यन्ताम् । हविर्भुजः पितरस्तृप्यन्ताम् । आज्यपाः पितरस्तृप्यन्ताम् । सुकालिनः पितरस्तृप्यन्ताम् । यमादिभ्यो नमः यमादींस्तर्पयामि । पित्रे स्वधा नमः पितरं तर्पयामि । पितामहाय स्वधा नमः पितामहं तर्पयामि । प्रपितामहाय स्वधा नमः प्रपितामहं तर्पयामि । मात्रे स्वधा नमो मातरं तर्प्पयामि । पितामह्यै स्वधा नमः पितामहीं तर्प्पयामि । प्रपितामह्यै स्वधा नमः प्रपितामहीं तर्प्पयामि । स्वपत्न्यै स्वधा नमः स्वपत्नीं तर्प्पयामि । सम्बन्धिभ्यः स्वधा नमः सम्बन्धिनस्तर्प्पयामि । सगोत्रेभ्यः स्वधा नमः सगोत्रांस्तर्प्पयामि । इति पितृतर्प्पणम् ॥

"ये सोमे जगदीश्वरे पदार्थविद्यायां च सीदन्ति ते सोमसदः" જે પરમાત્મામાં અને પદાર્થ વિદ્યામાં નિપુણ છે તે સોમસદ કહેવાય છે. "यैरग्नेर्विद्युतो विद्या गृहीता ते अग्निष्वात्ताः" જે અગ્નિ, વિદ્યુત આદિ પદાર્થોને જાણે છે તે અગ્નિષ્વાત્ત કહેવાય છે. "ये बर्हिषि उत्तमे व्यवहारे सीदन्ति ते बर्हिषदः" જે ઉત્તમ વિદ્યા અને ઉત્તમ વ્યવહારમાં સ્થિત છે તે બર્હિષદ કહેવાય છે. "ये सोममैश्वर्यमोषधिरसं वा पान्ति पिबन्ति वा ते सोमपाः" જે ઐશ્વર્યનું રક્ષણ કરી ઉત્તમ ઓષધિઓનું પાન કરી નિરોગી રહી બીજાના ઐશ્વર્યના રક્ષક થઇ બીજાઓને ઔષધ આપી રોગોનો નાશ કરે છે તે સોમપા-

કહેવાય છે. " **ये हविर्होतुमत्तुमर्हं भुञ्जते भोजयन्ति वा ते हविर्भुजः** " જેઓ માદક અને હિંસાકારક દ્રવ્યોનો ત્યાગ કરી ભોજન કરે છે તે હવિભુજ કહેવાય છે. " **य आज्यं ज्ञातुं प्राप्तुं वा योग्यं रक्षन्ति वा पिबन्ति त आज्यपाः** " જે જાણવા યોગ્ય વસ્તુનું રક્ષણ કરે છે અને ઘી દૂધ આદિનો યોગ્ય ઉપયોગ કરે છે તે આજ્યપા કહેવાય છે. "**शोभनः कालो विद्यते येषां ते सुकालिनः**" જેને ઉત્તમ ધર્મ કરવાને સમય મળ્યો હોય તે સુકાલિન કહેવાય છે. " **ये दुष्टान् यच्छन्ति निगृह्णन्ति ते यमा न्यायाधीशाः** " જેઓ દુષ્ટોનો દંડ કરી શ્રેષ્ઠોનું પાલન કરે છે તે યમ કહેવાય છે ॥ **यः पाति स पिता** ॥ જેઓ સંતોનોનું અન્ન વિદ્યા આપી રક્ષણ કરે છે તથા જે ઉત્પન્ન કરે છે તે પિતા. ॥ **पितुः पिता स पितामहः पितामहस्य पिता प्रपितामहः** ॥ જે પિતાનો પિતા હોય તે પિતામહ અને જે પિતામહનો પિતા હોય તે પ્રતિતામહ, **या मानयति सा माता** જે અન્ન આદિથી સંતોનોનું રક્ષણ કરી માન આપે છે તે માતા. **या पितुर्माता सा पितामही पितामहस्य माता प्रपितामही** ॥ જે પિતાની માતા હોય તે પિતામહી અને જે પિતામહની માતા હોય તે પ્રપિતામહી. પોતાની સ્ત્રી, ભગિની, સંબંધી, પોતાના ગોત્રનો અથવા ભિન્ન ગોત્રનો જે ભદ્રપુરૂષ હોય અથવા વૃદ્ધ હોય તેઓને અત્યન્ત શ્રદ્ધાપૂર્વક ઉત્તમ વસ્ત્ર, સુન્દર અન્ન, પાન આદિ આપી સારી રીતે તૃપ્ત કરવા અથવા જે જે વસ્તુથી એઓનો આત્મા તૃપ્ત થાય અને શરીર સ્વસ્થ થાય તે તે વસ્તુ પ્રીતિપૂર્વક આપવી તે શ્રાદ્ધ અને તર્પણ કહેવાય છે.

ચોથો વૈશ્વદેવ—જ્યારે રસોઇ તૈયાર થઇ જાય ત્યારે તેમાંથી ખાટો એટલે જેમાં આમલી અથવા કોકમ આદિ પડયાં હોય તથા જેમાં મીઠું પડયું હોય તેવા પદાર્થોને છોડી ઘીં વાળા પદાર્થો લઇ ચુલામાંથી અગ્નિ બહાર કાઢી નિમ્ન લિખિત મનુ વાકયાનુસાર કરવું:—

वैश्वदेवस्य सिद्धस्य गृहेऽग्नौ विधिपूर्वकम् ।
आभ्यः कुर्याद्देवताभ्यो ब्राह्मणो होममन्वहम् ॥ मनु० ३।८४ ॥

પાકશાળામાં જે કંઇ બન્યું હોય તેમાંથી ખટાશ તથા મીઠાવાળા પદાર્થનો ત્યાગ કરી, દિવ્યગુણની પ્રાપ્તિને માટે પાકાગ્નિમાં (જે અગ્નિએ રસોઇ બની હોય તેમાં) નીચે લખેલા મંત્રોથી વિધિને અનુસરીને હોમ કરવો.

ओं अग्नये स्वाहा । सोमाय स्वाहा । अग्नीषोमाभ्यां स्वाहा । विश्वेभ्यो देवेभ्यः स्वाहा । धन्वन्तरये स्वाहा । कुह्वै स्वाहा । अनुमत्यै स्वाहा । प्रजापतये स्वाहा । सह द्यावापृथिवीभ्यां स्वाहा । स्विष्टकृते स्वाहा ॥

એ મંત્રો વડે પ્રજ્વલિત અગ્નિમાં એક એક મંત્ર વડે એક એક આહુતિ આપવી; પછી થાળીમાં અથવા ભૂમિ ઉપર પાંદડું રાખી પૂર્વદિશાના અનુક્રમે નીચે લખેલા મંત્રો બોલી એક એક ભાગ રાખવો.

ओं सानुगायेन्द्राय नमः । सानुगाय यमाय नमः । सानुगाय वरुणाय नमः । सानुगाय सोमाय नमः। मरुद्भ्यो नमः ।अद्भ्यो नमः।वनस्पतिभ्योनमः। श्रियै नमः । भद्रकाल्यै नमः। ब्रह्मपतये नमः। वास्तुपतये नमः। विश्वेभ्यो देवेभ्यो नमः। दिवाचरेभ्यो भूतेभ्यो नमः। नक्तञ्चारिभ्यो भूतेभ्यो नमः। सर्वात्मभूतये नमः॥

પછી એ ભાગો કોઇ અતિથિને ભોજન વાસ્તે આપી દેવા, અથવા અગ્નિમાં નાખી દેવા. ત્યાર બાદ લવણાન્ન એટલે દાળ, ભાત, શાક, રોટલી આદિ લઇ ૬ ભાગ કરી ભૂમિ ઉપર મૂકવાં. એમાં પ્રમાણ:—

शुनां च पतितानां च श्वपचां पापरोगिणाम् ॥
वायसानां कृमीणां च शनकैर्निर्वपेद्भुवि ॥ मनु० ३ । ९२ ॥

" **श्वभ्यो नमः , पतितेभ्यो नमः, श्वपग्भ्यो नमः, पापरोगिभ्यो नमः, वायसेभ्यो नमः, कृमिभ्यो नमः** " એ પ્રમાણે બોલી ૬ ભાગ મૂકી કોઇ દુઃખી ભૂખ્યાં પ્રાણિને અથવા કૂતરા કાગડાને ખવરાવી દેવા. અહીંઆ " **नमः** " નો અર્થ અન્ન છે. એટલે કૂતરા, પાપી, ચંડાલ, પાપરોગી, કાગડા, કૃમિ અને કીડી આદિને અન્ન આપવું એ મનુસ્મૃતિ આદિનું વિધાન છે. હવન કરવાનું પ્રયોજન એ છે કે વાયુનું શોધન તથા અજ્ઞાત અદ્રષ્ટ જીવોની જે હત્યા થાય છે તેનો પ્રત્યુપકાર કરવો.

પાંચમી અતિથિ સેવા—અતિથિ એને કહેવામાં આવે છે કે જેનો કોઇ તિથિ નિર્ણીત ન હોય પણ અકસ્માત કોઇ ધાર્મિક, સત્યોપદેશક, સર્વના ઉપકારને માટે દેશાટન કરનાર, પૂર્ણ વિદ્વાન, પરમયોગી સંન્યાસી, ગૃહસ્થને ઘેર આવે છે તે. આવો અતિથિ જ્યારે ઘેર આવે ત્યારે ગૃહસ્થે પ્રથમ ત્રણ પ્રકારનું જળ આપવું.(૧) પાદ્ય જળ (૨) અર્ઘ જળ (૩) આચમનીય જળ. ત્યારબાદ આસન ઉપર ઘણા આદરભાવથી બેસાડી, ઉત્તમ ભોજન આદિથી સેવા કરવી. જ્યારે જમીને પ્રસન્ન શાન્તિથી બેસે ત્યારે તેની પાસે એવો ઉપદેશ સાંભળે કે જેથી જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય. આવી રીતે સત્ય ઉપદેશદ્વારા પોતાનાં આચરણો સુધારવા માટે, અતિથી સેવા કરવી એ દરેક રાજાથી લઇ રંક ગૃહસ્થનું પરમ કર્ત્તવ્ય છે. પરન્તુ:—

पाषण्डिनो विकर्मस्थान् बैडालवृत्तिकान् शठान् ।
हैतुकान् बकवृत्तींश्च वाङ्मात्रेणापि नार्चयेत् ॥ मनु० ४ । ३० ॥

(**पाषंडी**) વેદ નિન્દક વેદ વિરૂદ્ધ આચરણ કરનાર (**विकर्मस्थ**) કુકર્મમાં પ્રીતિ કરનાર, અસત્યવાદી, જેમ બિલાડો સ્થિર રહી તાકતો તાકતો ઝટ દઇ ઉંદર આદિ પ્રાણીને મારી પોતાનું પેટ ભરી લેછે. એવી રીતે વર્ત્તનાર મનુષ્યને બૈડાલવૃત્તિક કહે છે. (**शठ**) હઠી,

દુરાગ્રહી, અભિમાની પોતે જાણે નહિ અને બીજાનું કથન માને નહિ એવો (**हैतुक**) કુતર્કી, વ્યર્થ બકવાદ કરનાર-જેમ આજકાલના વેદાન્તીઓ બકવાદ કરે છે કે અમેજ બ્રહ્મ છીએ, વેદાદિ શાસ્ત્ર અને ઇશ્વર પણ કલ્પિત છે એવી રીતે ગપોડા હાંકનાર (**बकवृत्ति**) જેમ બગલો એક પગે ઉપર ઉભો રહી ધ્યાનાવસ્થિત મુનિના જેવો થઇ ઝટ લઇ માછલીને પકડી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરે છે તેવાજ આજકાલના બાબી, વેરાગી આદિ હઠી દુરાગ્રહી અને વેદ વિરોધી છે. એવા લોકોનો વાણી માત્રથી પણ સત્કાર કરવો નહિ કારણકે એવા લોકોનો સત્કાર કરવાથી તેઓ બળવાન્ થઇ સંસારને ધર્મભ્રષ્ટ કરી નાંખે છે. પોતે અવિદ્યા રૂપ મહાસાગરમાં ડુબે છે અને સાથે રહેલા શિષ્ય આદિને પણ ડુબાવે છે. ઉપર્યોક્ત પાંચ મહાયજ્ઞો કરવાનાં ફળઃ-

(૧) બ્રહ્મયજ્ઞ કરવાથી વિદ્યા, શિક્ષા, ધર્મ અને સભ્યતા આદિ શુભ ગુણોના પ્રાપ્તિ.

(૨) અગ્નિહોત્ર કરવાથી વાયુ, વૃષ્ટિ અને જળની શુદ્ધિ થાય છે તેથી નિયમ પ્રમાણે વૃષ્ટિ થાય છે, જગતમાં પવિત્ર હવા ફેલાય છે જેથી લોકો નિરોગી થઇ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સાધનોનું બરાબર અનુષ્ઠાન કરી શકે છે, માટે વિદ્વાન્ લોકો તેને દેવયજ્ઞ પણ કહે છે.

(૩) પિતૃયજ્ઞ કરવાથી માતા પિતા અને જ્ઞાની મહાત્મા સંતુષ્ટ થઇ ઉત્તમ જ્ઞાન આપે છે તેથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે, જેથી સત્યાસત્યનો વિચાર કરી સત્યનું ગ્રહણ અને અસત્યનો પરિત્યાગ થઇ શકે છે. બીજું ફળ એ છે કે માતાપિતા અને આચાર્યે જે ઉપકાર કર્યો છે તેનો પ્રત્યુપકાર થવાથી કૃતજ્ઞતા સિદ્ધ થાયછે.

(૪) બલિ વૈશ્વદેવનું ફળ ઉપર કહ્યું છે.

(૫) અતિથિયજ્ઞ કરવાથી, સત્ય ઉપદેશ મળે છે. પાખંડની નિવૃત્તિ થાય છે, ગૃહસ્થોને સહેલથી વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે આત્મામાં એકજ સત્ય ધર્મ સ્થિર રહે છે. ઉત્તમ વિદ્વાન ધાર્મિક અતિથિના આગમન વિના સંદેહની નિવૃત્તિ થતી નથી અને સંદેહની નિવૃત્તિ વિના દૃઢ નિશ્ચય થતો નથી, દૃઢ નિશ્ચય વિના સુખની આશા પણ રાખી શકાતી નથી.

ब्राह्मे मुहूर्ते बुध्येत धर्मार्थौ चानुचिन्तयेत् ।
कायक्लेशाँश्च तन्मूलान् वेदतत्त्वार्थमेव च ॥ मनु० ४ । ९२ ॥

રાત્રિના ચોથા પ્રહરે (પહોરે) ઉઠી નિત્યના આવશ્યક શૌચાદિ કાર્યોથી પરવારી ધર્મ અર્થ, શરીરના રોગોનું કારણ, પરમાત્માનું ધ્યાન અને વેદાર્થનો વિચાર કરવો, કદિ પણ અધર્માચરણ કરવું નહિ. કારણકે—

नाधर्मश्चरितो लोके सद्यः फलति गौरिव ।
शनैरावर्त्तमानस्तु कर्त्तुर्मूलानि कृन्तति ॥ मनु० ४ । १७२ ॥

જે અધર્મ કરાય છે તે કદિ પણ નિષ્ફળ થતો નથી, પરન્તુ અધર્મ તરતજ

આપતો નથી માટે અજ્ઞાની લોકો અધર્મથી ભય પામતા નથી; પણ નિશ્ચય રાખજો કે તે અધર્મ તમારા સુખનાં મૂળીઆં કાપતો જાય છે.

अधर्मेणैधते तावत्ततो भद्राणि पश्यति ।
ततः सपत्नाञ्जयति समूलस्तु विनश्यति ॥ मनु० ४ । १७४ ॥

અધર્માત્મા મનુષ્ય ધર્મની મર્યાદાને (જેમ તળાવના બંધને તોડી જળ ચારે તરફ ફરી વળે છે તેમ) છોડી અસત્ય ભાષણ, કપટ, પાખંડ, વેદોનું ખંડન, વિશ્વાસઘાત તથા ધૂર્ત્તતા કરી, પહેલાં તો અભ્યુદય પ્રાપ્ત કરે છે, અન્યાયથી શત્રુઓને પણ જીતે છે, પણ પછી એકદમ નષ્ટ થાય છે. જેમ મૂળથી કપાયલ વૃક્ષ એકદમ નષ્ટ થાય છે તેમ અધર્મી પણ નષ્ટ થાય છે.

सत्यधर्मार्यवृत्तेषु शौचे चैवारमेत्सदा ।
शिष्यांश्च शिष्याद्धर्मेण वाग्बाहूदरसंयतः ॥ मनु० ४ । १७५ ॥

વિદ્વાન્, સત્યવાદી, અસ્વાર્થી, દુષ્ટપરિગ્રહથી રહિત થઇ, પવિત્ર વૈદિક ધર્મનું પાલન કરતો સત્યનું ગ્રહણ અને અસત્યનો પરિત્યાગ કરી શ્રેષ્ઠ આચરણમાં આનન્દી રહે અને શિષ્યોને ઉત્તમ ધર્મ સમજાવે.

ऋत्विक्पुरोहिताचार्य्यैर्मातुलातिथिसंश्रितैः ।
बालवृद्धातुरैर्वैद्यैर्ज्ञातिसम्बन्धिबान्धवैः ॥ १ ॥
मातापितृभ्यां यामीभिर्भ्रात्रा पुत्रेण भार्यया ।
दुहित्रा दासवर्गेण विवादं न समाचरेत् ॥ २ ॥
मनु० ४ । १७९ । १८० ॥

(**ऋत्विक्**) યજ્ઞ કરનાર (**पुरोहित**) સદાચારની શિક્ષા આપનાર (**आचार्य**) વિદ્યા ભણાવનાર, (**मातुल**) મામો (**अतिथि**) જેના આગમનની કોઇ નિશ્ચિત તિથિ ન હોય (**संश्रित**) આશ્રિત (**बाल**) બાળક (**वृद्ध**) ઘરડો (**आतुर**) પીડિત (**वैद्य**) આયુર્વેદનો જાણનાર (**ज्ञाति**) સ્વગોત્ર અથવા પોતાના વર્ણનો (**संबन्धी**) શ્વશુર આદિ (**बान्धव**) મિત્રાદિ (૧) (**माता**) મા (**पिता**) બાપ (**यामी**) બહેન (**भ्राता**) ભાઇ (**भार्या**) સ્ત્રી (**दुहिता**) પુત્રી અને સેવક લોકો એઓની સાથે કદિ પણ વિવાદ કરવો નહિ.

अतपास्त्वनधीयानः प्रतिग्रहरुचिर्द्विजः ।
अम्भस्यश्मप्लवेनेव सह तेनैव मज्जति ॥ मनु० ४ । १९० ॥

(૧) (**अतपाः**) બ્રહ્મચર્ય અને સત્યભાષણ આદિ તપથી રહિત.

(૨) (**अनधीयानः**) વેદાદિ નહિ ભણનાર.
(૩) (**प्रतिग्रहरुचिः**) બીજાની પાસેથી દાન લેવામાંજ જેની પ્રીતિ છે-એ ત્રણે પાણીમાં પત્થરની નૌકાની માફક દુઃખસાગરમાં ડુબી જાય છે-પોતે ડુબે છે અને બીજાને પણ ડુબાડે છે.

त्रिष्वप्येतेषु दत्तं हि विधिनाप्यर्जितं धनम्।
दातुर्भवत्यनर्थाय परत्रादातुरेव च ॥ मनु० ४ । १९३ ॥

ધર્મથી મેળવેલું ધન જો એ ત્રણને આપવામાં આવે, તો દાતા આ જન્મમાં નાશ (અધોગતિ) પામે છે અને લેનાર આગામી જન્મમાં નષ્ટ (દુઃખી) થાય છે.

यथा प्लवेनौपलेन निमज्जत्युदके तरन् ।
तथा निमज्जतोऽधस्तादज्ञौ दातृप्रतीच्छकौ । मनु० ४। १९४ ॥

પત્થરની નૌકામાં બેસી તરનાર જેમ પાણીમાં ડુબી જાય છે તેમ અજ્ઞાની દાતા અને અજ્ઞાન ગ્રહીતા બન્ને અધોગતિને પ્રાપ્ત થાય છે.

પાખંડીઓનાં લક્ષણો.

धर्मध्वजी सदालुब्धश्छाद्मिको लोकदम्भकः ।
बैडालव्रतिको ज्ञेयो हिंस्रः सर्वाभिसन्धकः ॥ १ ॥
अधोदृष्टिर्नैष्कृतिकः स्वार्थसाधनतत्परः ।
शठो मिथ्याविनीतश्च बकव्रतचरो द्विजः ॥ २ ॥
मनु० ४ ॥ १९५ । १९६ ॥

(**धर्मध्वजी**) ધર્મનું આચરણ જરા પણ ન કરે પરન્તુ બીજા લોકોને ઠગે, (**सदालुब्धः**) સર્વદા લોભ કરે, (**छाद्मिकः**) કપટી, (**लोकदम्भकः**) અજ્ઞાની લોકો સામે પોતાની ખોટી બડાઇ કર્યા કરે. (**हिंस्रः**) પ્રાણીઓનો વિનાશ કરનાર બીજાની સાથે વૈર બુદ્ધિ રાખનારો, (**सर्वाभिसंधकः**) સર્વ પ્રકારના લોકને બહેકાવનાર (૧) (**अधोदृष्टिः**) કીર્તિને માટે નીચે દ્રષ્ટિ રાખનાર, (**नैष्कृतिकः**) ઇર્ષ્યા રાખનાર, કોઇએ એક પૈસાનું નુકશાન કર્યું હોય તો તેનો પ્રાણ લેવાને પણ તૈયાર થનાર, (**स्वार्थसाधनतत्परः**) કપટ, અધર્મ અને વિશ્વાસઘાતથી પણ પોતાના સ્વાર્થને સિદ્ધ કરનાર (**शठः**) પોતાની અસત્ય વાતને પણ આગ્રહથી ન છોડનાર (**मिथ्याविनीतः**) ખોટો વિનય બતાવનાર (**बकव्रतः**) બગલાના જેવી વૃત્તિ રાખનાર, એવા લોકોને (**बैडालव्रतिक**) પાખંડી કહેવાય છે. માટે એવા લોકોનો વિશ્વાસ કદિ પણ કરવો નહિ તથા સેવા પણ કરવી નહિ.

धर्मं शनैः सञ्चिनुयाद् वल्मीकमिव पुत्तिकाः ।
परलोकसहायार्थं सर्वभूतान्यपीडयन् ॥ १ ॥

नामुत्र हि सहायार्थं पिता माता च तिष्ठतः ।
न पुत्रदारं न ज्ञातिर्धर्मस्तिष्ठति केवलः ॥ २ ॥
एकः प्रजायते जन्तुरेक एव प्रलीयते ।
एकोनुभुङ्क्ते सुकृतमेक एव च दुष्कृतम् ॥ ३ ॥
मनु० ४ ॥ २३८–२४० ॥

एकः पापानि कुरुते फलं भुङ्क्ते महाजनः ।
भोक्तारो विप्रमुच्यन्ते कर्त्ता दोषेण लिप्यते ॥ ४ ॥
महाभारते । उद्योगप० प्रजागरप० ॥ अ० ३२ ॥

मृतं शरीरमुत्सृज्य काष्ठलोष्ठसमं क्षितौ ।
विमुखा बान्धवा यान्ति धर्मस्तमनुगच्छति ॥ ५ ॥मनु० ५ । २४१॥

પુત્તિકા (ઉધાઇ) જેમ રાફડો બનાવે છે તેમ કોઇપણ જીવની હિંસા ન કરી ધીમે ધીમે ધર્મનો સંચય કરવો (૧) પરલોકમાં માતા, પિતા, પુત્ર, સ્ત્રી તથા જ્ઞાતિ સહાયતા કરી શકતા નથી. ત્યાં માત્ર ધર્મજ સહાય કરી શકે છે; માટે ધર્મનો અવશ્ય સંચય કરવો. (૨) પ્રાણી એકલુંજ જન્મે છે અને એકલુંજ મરે છે તેમજ સુખ અને દુઃખ પણ તે એકલુંજ ભોગવે છે. (૩) મનુષ્ય એકલોજ પાપ કરી પદાર્થો લાવે છે અને સર્વ કુટુંબ મળી ખાય છે તેમાં ખાનારા પાપના ભાગી થતા નથી-માત્ર પાપ કરનારજ દોષનો ભાગી બને છે. (૪) જ્યારે કોઇ સંબંધી મરી જાય છે ત્યારે મરનારના સંબંધીઓ ભૂમિમાં દાટી અથવા બાળીને પાછા ચાલ્યા આવે છે. મરનાર સાથે કોઇ પણ જતું નથી. યદિ કોઇ જતું હોય તો માત્ર ધર્મજ જાય છે. (૫)

तस्माद्धर्मं सहायार्थं नित्यं सञ्चिनुयाच्छनैः ।
धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरम् ॥ १ ॥
धर्मप्रधानं पुरुषं तपसा हतकिल्बिषम् ।
परलोकं नयत्याशु भास्वन्तं खशरीरिणम् ॥ २ ॥
मनु० ४ ॥ २४२ । २४३ ॥

પરલોકમાં માત્ર ધર્મજ સાહાયક હોવાથી તેની સહાયતા માટે ધીમે ધીમે ધર્મને ગ્રહણ કરવો, કારણ કે ધર્મની સહાયતાથીજ મોટા મોટા દુઃખસાગરો તરી શકાય છે. (૧) જે પુરૂષ ધર્મનેજ મુખ્ય માને છે અને જેણે ધર્મનાં આચરણો વડે પોતાનાં તમામ પાપ દૂર કર્યાં છે તે પુરૂષને, ધર્મ આકાશ સમાન વ્યાપક ચોતરફ પ્રકાશમાન પરમાત્મા પાસે જલદી લઇ જાય છે.

दृढकारी मृदुर्दान्तः क्रूराचारैरसंवसन् ।
अहिंस्रो दमदानाभ्यां जयेत्स्वर्गं तथाव्रतः ॥ १ ॥
वाच्यर्था नियताः सर्वे वाङ्मूला वाग्विनिःसृताः ।
तान्तु यः स्तेनयेद्वाचं स सर्वस्तेयकृन्नरः ॥ २ ॥
आचाराल्लभते ह्यायुराचारादीप्सिताः प्रजाः ।
आचाराद्धनमक्षय्यमाचारो हन्त्यलक्षणम् ॥ ३ ॥
मनु० ४। २४६ । २५६ । १५६ ॥

જે ધર્મનાં કઠિન કઠિન પણ કાર્યો કરી શકે છે, સ્વભાવે ઘણો સરલ છે, જિતેન્દ્રિય છે, હિંસક ક્રૂર અને દુષ્ટાચારી પુરૂષોથી અલગ રહેનાર છે, તેજ પવિત્ર નર ઇંદ્રિયોનું દમન કરી ઉત્તમ ઉત્તમ કાર્યોમાં દાન કરી ઉત્તમ સુખને પ્રાપ્ત કરી શકે છે. (૧) જેટલા સંસારમાં વ્યવહારો છે તે બધા વાણીમાંજ રહેલા છે–અર્થાત્ જેટલા દેશ પરદેશમાં વ્યવહારો થાય છે તે બધાનું મૂળ વાણી જ છે, તે વાણીને જે ચોરે છે–અર્થાત્ અસત્ય બોલે છે તે અધમતમ માણસે સર્વ પદાર્થની ચોરી કરી લીધી છે, અર્થાત્ અસત્યવાદી જ સર્વથી મ્હોટો ચોર છે. (૨) માટે અસત્ય વાક્યનો ત્યાગ કરી, ધાર્મિક આચારમાં પ્રવૃત્ત થઇ, ઇંદ્રિયોને નિયમમાં રાખી, ઉત્તમ સંતાન પેદા કરી, પૂર્ણ આયુષ્યને પ્રાપ્ત કરવું, પવિત્ર ધાર્મિક આચરણોજ સર્વ કુલક્ષણોનો નાશ કરે છે.

दुराचारो हि पुरुषो लोके भवति निन्दितः ।
दुःखभागी च सततं व्याधितोऽल्पायुरेव च ॥ मनु० ४ । १५७ ॥

દુષ્ટ પુરૂષ, મહાદુઃખી સર્વદા વ્યાધિગ્રસ્ત થઇ અલ્પાયુ બને છે અને સભ્ય મનુષ્યોમાં નિન્દાપાત્ર બને છે.

यद्यत्परवशं कर्म तत्तद्यत्नेन वर्जयेत् ।
यद्यदात्मवशं तु स्यात्तत्तत्सेवेत यत्नतः ॥ १ ॥
सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।
एतद्विद्यात्समासेन लक्षणं सुखदुःखयोः ॥ २ ॥
मनु० ४ ॥ १५९ । १६० ॥

જે જે પરાધીન કર્મ છે તેને પ્રયત્ન કરીને છોડવું જોઇએ અને જે જે સ્વાધીન કર્મ છે તેનું પ્રયત્નથી સેવન કરવું જોઇએ. (૧) કારણ કે જે પરાધીનતા છે તેજ દુઃખ છે અને જે સ્વાધીનતા છે તેજ સુખ છે, એજ ટુંકામાં દુઃખ અને સુખનું લક્ષણ છે. (૨) પરન્તુ જે વ્યવહાર પરસ્પરાશ્રયથીજ સુખ કરનાર હોય તેવા વ્યવહારને તેવીજ રીતે

કરવો-જેમકે સ્ત્રી પુરૂષનો વ્યવહાર, સ્ત્રીએ પુરૂષને અને પુરૂષે સ્ત્રીને અનુકૂળ જ રહેવું, વ્યભિચાર અથવા વિરોધ કદિ પણ કરવો નહિ, ઘરનાં તમામ કામ સ્ત્રીએ પુરૂષની આજ્ઞા માનીને કરવાં અને બહારનાં કામ પુરૂષે કરવાં. એક બીજાએ એક બીજાને દુષ્ટ કામથી રોકવા. એ નિશ્ચયથી સમજી લેવું કે વિવાહ વખતે સ્ત્રીની સાથે પુરૂષ અને પુરૂષની સાથે સ્ત્રી વેચાઇ ચુકી છે અર્થાત્ સ્ત્રીના સ્નેહ સૌંદર્યાદિ પતિને માટે છે. અને પુરૂષની પ્રજાજનકત્વાદિ શક્તિ સ્ત્રીને માટે છે. દંપતી એક બીજાની પ્રસન્નતા વિના કંઇ પણ ન કરે. વેશ્યાગમન તથા પર પુરૂષ ગમન મહા અનર્થકારી છે માટે એનો ત્યાગ કરી સ્ત્રીની સાથે પાત અને પતિની સાથે સ્ત્રી સદા પ્રસન્ન રહે. જો પતિ બ્રાહ્મણ હોય તો તેમણે બાળકોને ભણાવવાં અને તેમની સુશિક્ષિતા ધર્મપત્ની બ્રાહ્મણીએ બાલિકાઓને ભણાવવી, તથા નાના પ્રકારના ઉપદેશો આપી બાલક અને બાલિકાને વિદ્વાન્ બનાવવા. પત્નીનો પૂજનીય દેવ પતિ છે અને પતિની ઇષ્ટ દેવી સત્કારણીય પત્ની છે. બાળક અથવા બાલિકા જ્યાં સુધી ગુરૂકુલમાં રહે ત્યાં સુધી અધ્યાપક અને અધ્યાપિકાને પિતા તથા માતા તુલ્ય સમજે અને અધ્યાપકોએ પોતાના સંતાન સમાન શિષ્યોને સમજવા.

અધ્યાપક અને અધ્યાપિકાઓ કેવા હોવા જોઇએ તે વિષે મહાભારત ઉદ્યોગ પર્વ વિદુર પ્રજાગરના ૩૨ મા અધ્યાયમાં લખ્યું છે કે—

आत्मज्ञानं समारम्भस्तितिक्षा धर्मनित्यता ।
यमर्था नापकर्षन्ति स वै पण्डित उच्यते ॥ १ ॥
निषेवते प्रशस्तानि निन्दितानि न सेवते ।
अनास्तिकः श्रद्दधान एतत्पण्डितलक्षणम् ॥ २ ॥
क्षिप्रं विजानाति चिरं शृणोति, विज्ञाय चार्थं भजते न कामात् ।
नासम्पृष्टो ह्युपयुङ्क्ते परार्थे, तत्प्रज्ञानं प्रथमं पण्डितस्य ॥ ३ ॥
नाप्राप्यमभिवाञ्छन्ति नष्टं नेच्छन्ति शोचितुम् ।
आपत्सु च न मुह्यन्ति नराः पण्डितबुद्धयः ॥ ४ ॥
प्रवृत्तवाक् चित्रकथ ऊहवान् प्रतिभानवान् ।
आशु ग्रन्थस्य वक्ता च यः स पण्डित उच्यते ॥ ५ ॥
श्रुतं प्रज्ञानुगं यस्य प्रज्ञा चैव श्रुतानुगा ।
असंभिन्नार्यमर्यादः पण्डिताख्यां लभेत सः ॥ ६ ॥

જેનું જ્ઞાન આરંભ અર્થાત્ ક્રિયા વગરનું કદિ ન હોય, જે સુખ દુઃખ હાનિ લાભ માન અપમાન નિન્દા અને સ્તુતિમાં હર્ષ શોક ન કરતો હોય, જે ધર્મમાં દૃઢ હોય, જેના મનને વિષયી વસ્તુઓ ખેંચતી ન હોય તે પંડિત કહેવાય છે. (૧)

સદા ધાર્મિક કાર્યો કરતો હોય, અધાર્મિક કાર્યોનો ત્યાગ કરતો હોય. ઇશ્વર વેદ અને

સત્યાચારની નિન્દા ન કરતો હોય, ઇશ્વર આદિમાં અત્યન્ત શ્રદ્ધાવાન હોય,તેજ પંડિતનું કર્ત્તવ્ય અને અકર્તવ્ય છે. (૨)

કઠણુથી કઠણુ વિષયને પણુ જે શીઘ્ર જાણી શકતો હોય, લાંબા કાળ સુધી શાસ્ત્રોનો અભ્યાસી હોય, શ્રવણુ અને મનન કરતો હોય, પોતાના જ્ઞાનનો પરોપકારમાં ઉપયોગ કરતો હોય, સ્વાર્થમાંજ અન્ધ ન હોય, પૂછ્યા વિના તથા યોગ્ય સમજ્યા વિના સંમતિ ન આપતો હોય તે પંડિત કહેવાય છે. (૩)

જે અયોગ્ય પદાર્થની ઇચ્છા ન કરતો હોય, નાશ પામેલ પદાર્થનો જે શોક ન કરતો હોય, અને આપત્ કાળમાં જે મોહ ન પામતો હોય તેજ પંડિત કહેવાય છે. (૪)

જેની વાણી પ્રશ્નોનો ઉત્તર આપવામાં મધુર હોય, ચિત્ર વિચિત્ર શાસ્ત્રોને સારી રીતે સમજાવી શકતો હોય, સ્મૃતિમાન્ હોય, ગ્રન્થોનો યથાર્થ શીઘ્ર વક્તા હોય તે પંડિત કહેવાય છે. (૫)

જેની બુદ્ધિ સાંભળેલા સત્ય અર્થને અનુસરીને હોય, જે કંઇ સાંભળ્યું હોય તે બુદ્ધિમાં સ્થિર હોય, શ્રેષ્ઠ ધાર્મિક પુરૂષોની મર્યાદાનું ઉલ્લંઘન ન કરતો હોય તેજ પંડિત કહેવાય છે. (૬)

જ્યાં એવા સ્ત્રી-પુરૂષો ભણાવનારા હોય ત્યાં વિદ્યા, ધર્મ અને ઉત્તમ આચારની વૃદ્ધિ થઇ આનન્દ વધતો રહે છે.

ભણવામાં અસમર્થ અને મૂર્ખનાં લક્ષણો.

अश्रुतश्च समुन्नद्धो दरिद्रश्च महामनाः ।
अर्थांश्चाऽकर्मणा प्रेप्सुर्मूढ इत्युच्यते बुधैः ॥ १ ॥
अनाहूतः प्रविशति ह्यपृष्टो बहु भाषते ।
अविश्वस्ते विश्वसिति मूढचेता नराधमः ॥ २ ॥

એ શ્લોકો મહાભારત-ઉદ્યોગ પર્વના વિદુર પ્રજાગર ૩૨ મા અધ્યાયના છે. અર્થ:-જેણે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો ન હોય, અને ઘમંડી હોય, દરિદ્ર હોઇને મ્હોટા મ્હોટા મનોરથો કરતો હોય, મહેનત કર્યા વગર અર્થને ઇચ્છનાર હોય, તેવા માણસને પંડિત લોકો મૂઢ (મૂર્ખ) કહે છે. (૧)

બોલાવ્યા વિના સભામાં અથવા કોઇને ઘેર જઇ ઉચ્ચ આસન ઉપર બેસવાને ઇચ્છતો હોય, પૂછ્યા વિના સમાજમાં ઉભો થઇ અસંબદ્ધ બકવાદ કરવા માંડે, અવિશ્વસનીય કોઇ વસ્તુ અથવા મનુષ્યમાં વિશ્વાસ કરતો હોય તે મૂર્ખ અને અધમ ગણાય છે.

વિદ્યાર્થીઓનાં લક્ષણો.

आलस्यं मदमोहौ च चापलं गोष्ठिरेव च ।
स्तब्धता चाभिमानित्वं तथाऽत्यागित्वमेव च ।

एते वै सप्त दोषाः स्युः सदा विद्यार्थिनां मताः ॥ १ ॥
सुखार्थिनः कुतो विद्या कुतो विद्यार्थिनः सुखम् ।
सुखार्थी वा त्यजेद्विद्यां विद्यार्थी वा त्यजेत्सुखम् ॥ २ ॥

એ પણ વિદુર પ્રજાગરના ૩૯ મા અધ્યાયના શ્લોકો છે. (आलस्य) શરીર અને અને બુદ્ધિમાં અકર્મણ્યતા, નિશો, કોઇ વસ્તુમાં આસક્ત થવું, જ્યાં ત્યાં વ્યર્થ ભટકવું અભ્યાસ કરતાં કરાવતાં અટકી જવું (ગેર હાજરી કરવી) અભિમાન, વ્યસનોનો ત્યાગ ન કરવો એ સાત વિદ્યાર્થીઓના દોષો કહેવાય છે. (૧) જે ઉક્ત દોષયુક્ત છે તેને વિદ્યા પ્રાપ્ત થતી નથી, જે વિષયસુખાર્થી હોય તેને વિદ્યા મળી શકતી નથી અને વિદ્યાર્થી હોય છે તે વિષય-સુખ મેળવી શકતો નથી. માટે વિદ્યાર્થીઓએ વિષય સુખની ઇચ્છા પણ કરવી નહિ; જ્યાં સુધી એ પ્રમાણે વર્તવામાં ન આવે ત્યાં સુધી વિદ્યા પ્રાપ્ત થઇ શકતી નથી.

सत्ये रतानां सततं दान्तानामूर्ध्वरेतसाम् ।
ब्रह्मचर्यं दहेद्राजन् सर्वपापान्युपासितम् ॥

જે હમેશાં સદાચારી છે, જિતેન્દ્રિય છે, જેનું બ્રહ્મચર્ય કદિ ખંડિત થયું નથી, તેજ ખરો બ્રહ્મચારી છે અને તેજ વિદ્વાન્ થઇ શકે છે. માટે અધ્યાપક લોકોએ એવોજ પ્રયત્ન કરવો જોઇએ કે જેથી વિદ્યાર્થી સત્યવાદી, સત્યમાની, સત્યકારી, સભ્યતાગ્રહી, જિતેન્દ્રિયતા- શાલી અને સુશીલ થાય, ઉત્તમ ગુણોને ધારણ કરી શારીરક અને આત્મિક ઉન્નતિમાં પુષ્ટ થઇ વેદાદિ સત્ય શાસ્ત્રોમાં પૂર્ણ વિદ્વાન્ થાય, તથા વિદ્યાર્થીઓએ પણ એવાજ બની પૂર્ણ વિદ્વાન્ થવું. એ સર્વ અધ્યાપન આદિ બ્રાહ્મણોનાં કર્મો છે. ક્ષત્રિયોનાં કર્મો રાજપ્રકરણમાં કહીશું. વૈશ્યોનાં કર્મો બ્રહ્મચર્ય આદિ નિયમો પાળી વિદ્યાધ્યયન કરી, વિવાહ કરી, દેશ દેશની ભાષા તથા વ્યાપાર આદિ શીખી, દ્વિપ દ્વિપાન્તરમાં જવું આવવું, વ્યાપારના કામમાં ઉન્નતિ કરવી, પશુઓનું પાલન કરવું, ખેતીવાડી ઉત્તમ રીતે કરવી, ધનની વૃદ્ધિ કરી વિદ્યા અને ધર્મ પ્રચારને ઉત્તેજન આપવું, સત્યવાદી તથા નિષ્કપટી થઇ સર્વ વ્યવહારો કરવા, સર્વ વસ્તુઓની રક્ષા કરવી એ સર્વ કાર્યો વૈશ્યોનાં છે. શૂદ્રોએ સેવા તથા પાક આદિ બનાવવામાં ચતુર બનવું, સર્વની સાથે પ્રેમથી વર્ત્તવું, દ્વિજોના સેવા કરી તેમની પાસે પોતાની જીવિકા ચલાવવી અને દ્વિજ લોકોએ તેને ખાન, પાન, વસ્ત્ર, રહેવાને વાસ્તે ઘર તથા વિવાહ આદિમાં જે વ્યય થાય તે આપવો-અથવા અમુક માસિક પગાર આપવો. ચારે વર્ણોએ પરસ્પર પ્રેમ-ઉપકાર, સજ્જનતા, સુખ, દુઃખ, હાનિ લાભ આદિમાં એકમત થઇ રાજ્ય અને પ્રજાની ઉન્નતિમાં તન, મન અને ધનનો વ્યય કરવો. સ્ત્રી અને પુરૂષનો વિયોગ કદિ થવો ન જોઇએ.

पानं दुर्जनसंसर्गः पत्या च विरहोऽटनम् ।
स्वप्नोऽन्यगेहवासश्च नारीसन्दूषणानि ॥ मनु० ९ । १३ ॥

મદ્ય, ભાંગ, આદિ માદક દ્રવ્યોનું સેવન, દુષ્ટોનો સંગ, પતિનો વિયોગ એકલી થઇ જ્યાં ત્યાં પાખંડી આદિના દર્શનના મિષથી ફરતું રહેવું અને બીજાના ઘરમાં જઇ શયન કરવું અથવા વાસ કરવો એ છ સ્ત્રીઓમાં દૂષણો છે. તથા એ પુરૂષોનાં પણ દૂષણો છે. પતિ અને સ્ત્રીઓનો વિયોગ બે પ્રકારે થઇ શકે છે. એક તો વ્યાપાર આદિ કાર્યને માટે દેશાન્તરમાં જવું, અને બીજો બેમાંથી એકનું મરણ થવાથી. તેમાં પ્રથમ પ્રકારનો ઉપાય એ છે કે દૂર દેશમાં યાત્રાર્થે જવું પડે તો સ્ત્રીને સાથે લઇ જવી. એનો ભાવાર્થ એ છે કે ઘણા સમય સુધી સ્ત્રીનો વિયોગ ન રહેવો જોઇએ.

(**પ્રશ્ન**) સ્ત્રી અને પુરૂષના બહુ વિવાહ થવા યોગ્ય છે કે નહિ ?

(**ઉત્તર**) યુગપત્ નહિ અર્થાત્ એકજ સમયમાં નહિ.

(**પ્રશ્ન**) શુ ભિન્ન ભિન્ન સમયમાં અનેક વિવાહ થવા જોઇએ ?

(**ઉત્તર**) હા, જેમકે—

सा चेदक्षतयोनिः स्याद्गतप्रत्यागतापि वा ।
पौनर्भवेन भर्त्रा सा पुनः संस्कारमर्हति ॥ मनु० ९। १७६ ।

જે સ્ત્રી અથવા પુરૂષનો પાણિ ગ્રહણ સંસ્કાર થયો હોય અને સંયોગ ન થયો હોય એટલે અક્ષતયોનિ સ્ત્રી અને અક્ષત વીર્ય પુરૂષનો પુનર્વિવાહ થવો જોઇએ; પરન્તુ જો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈસ્ય વર્ણમાં ક્ષત વીર્ય પુરૂષ અથવા ક્ષતયોનિ સ્ત્રી હોય તો તેનો પુનર્વિવાહ ન થવો જોઇએ.

(**પ્રશ્ન**) પુનર્વિવાહમાં શો દોષ છે ?

(**ઉત્તર**) ૧ જ્યારે મરજીમાં આવે ત્યારે પુરૂષ સ્ત્રીને છોડી બીજી સ્ત્રી કરી શકે અને સ્ત્રી પણ એક પુરૂષને છોડી બીજા પુરૂષને કરી શકે, ત્યાં પરસ્પર પ્રેમ દૃઢ થઇ શકતો નથી.

૨ પતિના મરી જવા પછી પુનર્વિવાહ કરવા ઇચ્છનાર સ્ત્રી મૃતપતિનું સઘળું ધન ઉડાવી નાખશે, કુટુંબીઓની સાથે કજીયો કરશે.

૩ દેશ હિતકારી ભદ્ર પુરૂષનું નામ પણ નહિ રહે અને તેના બધા પદાર્થો છિન્ન ભિન્ન થઇ જશે.

૪ પાતિવ્રત્ય અને સ્ત્રી વ્રત ધર્મનો નાશ થઇ જશે. ઇત્યાદિ દોષોને લઇ પુનર્વિવાહ અથવા અનેક વિવાહ કદિ પણ ન થવા જોઇએ.

(**પ્રશ્ન**) જ્યારે વંશોચ્છેદન (નિર્વંશતા) થઇ જશે ત્યારે તેનું કુલ તો નષ્ટ થવાનુંજ. સ્ત્રી વ્યભિચાર આદિ દોષમાં પ્રવૃત્ત થઇ ગર્ભપાત આદિ દુષ્ટ કર્મ કરે તેના કરતાં પુનર્વિવાહ શું ખરાબ છે ?

(**ઉત્તર**) નહિ નહિ, જો સ્ત્રી અથવા પુરૂષ બ્રહ્મચર્ય પાલનમાં સ્થિર રહે તો કોઇ પણ ઉપદ્રવ થવાનો સંભવ નથી. કુળ પરંપરા ચલાવવાને પોતાની જાતિના

કોઇ છોકરાને દત્તક (ખોળે) લેવો તેથી કુલોચ્છેદ અથવા વ્યભિચાર નહિ થાય. જો બ્રહ્મચર્ય ન રાખી શકે તો નિયોગ કરી સંતાનોત્પત્તિ કરી લેવી.

(પ્રશ્ન) પુનર્વિવાહ અને નિયોગમાં શો ભેદ છે ?

(ઉત્તર) ૧ જેમ કન્યા વિવાહ થયા પછી પિતાના ઘરને છોડી પતિનેજ ઘેર રહે છે તેમ વિવાહિત વિધવા સ્ત્રીને વર્ત્તવું પડે છે, પણ નિયોગમાં તેમ હોતું નથી.

૨ વિવાહિત સ્ત્રીના પુત્રોજ વિવાહિત પતિના દાયભાગી થાય છે. નિયુક્ત પતિથી નિયુક્તા વિધવા સ્ત્રીમાં જે પુત્રો ઉત્પન્ન થાય છે, તે નિયુક્ત પતિના ન પુત્રો ગણાય, તેમ ન તેના ગોત્રના ગણાય, તથા નિયુક્ત પતિનું સ્વત્વ–આધકાર પણ પુત્રો ઉપર રહી શકતો નથી; પરંતુ તે પુત્રો મૃતપતિનાજ ગણાય છે અને તેનાજ ગોત્રના કહેવાય છે, તથા તેનાજ ધનના દાયભાગી બને છે.

૩ વિવાહિત સ્ત્રી અને પુરૂષે પરસ્પર સેવા કરવી આવશ્યક છે પણ નિ-યુક્તમાં તેવું કાંઇ નથી,

૪ વિવાહિત સ્ત્રી પુરૂષનો સંબંધ મરણ સુધી રહે છે. પણ નિયુક્ત સ્ત્રી પુરૂ-ષનો સંબંધ કાર્યપૂર્ણ થતાં સમાપ્ત થાય છે.

૫ વિવાહિત દંપતિએ પરસ્પર ગૃહકાર્યો કરવાનાં છે અને નિયુક્ત સ્ત્રીપુરૂષે પોતપોતાનાં ગૃહકાર્યો કરવાનાં છે.

(પ્રશ્ન) વિવાહ અને નિયોગના નિયમો એક રીતે છે અથવા ભિન્ન રીતે ?

(ઉત્તર) થોડોક ભેદ છે. તેમાં કેટલોક તો ઉપર કહેલો છે, બાકી આ પ્રમાણે છે. વિવાહિત સ્ત્રીપુરૂષ પરસ્પર મળી દશ સંતાન પેદા કરી શકે છે, જ્યારે નિયુક્ત સ્ત્રી અથવા પુરૂષ બે અથવા ચારથી વધારે ઉત્પન્ન કરી શકતા નથી. વિવાહ, કુમાર અને કુમારીનોજ થઇ શકે છે જ્યારે નિયોગ, મૃતપતિક સ્ત્રી અથવા મૃતપત્નીક પુરૂષનો થઇ શકે છે. વિવાહિત સ્ત્રીપુરૂષ સર્વદા સાથેજ રહે છે જ્યારે નિયુક્ત સ્ત્રીપુરૂષ ઋતુદાનના સમય વિના સાથે રહી શકતા નથી. નિયુક્ત સ્ત્રીએ બે ત્રણ વરસ સુધી બાળકને ઉછેરી પાળીપોષી નિયુક્ત પુરૂષને આપી દેવું. એક સ્ત્રીને દશ સન્તાન ઉત્પન્ન કરવાની આજ્ઞા વેદમાં છે, દશ સન્તાનોમાંથી બે સ્ત્રીને માટે અને બબ્બે ચાર નિયુક્ત પુરૂષને માટે છે. તેવીજ રીતે મૃતસ્ત્રીક પુરૂષ પણ દશ સન્તાન ઉત્પન્ન કરી શકે છે, તેમાંથી બે પોતાને માટે અને બબ્બે ચાર વિધવાઓને માટે, દશ સન્તાનો ઉત્પન્ન કરવાં તેમાં વેદનું પ્રમાણઃ—

इमां त्वमिन्द्र मीढ्वः सुपुत्रां सुभगां कृणु ।
दशास्यां पुत्रानाधेहि पतिमेकादशं कृधि ॥
ऋ० ॥ मं० १० । सू० ८५ । मं० ४५ ॥

હે (**मीढ्वः**) વીર્યવાન્ ઐશ્વર્યયુક્ત પુરૂષ ! તું આ વિવાહિત સ્ત્રી અથવા વિધવા સ્ત્રીઓને શ્રેષ્ઠ પુત્ર અને સૌભાગ્ય યુક્ત કર, અને આ વિવાહિત સ્ત્રીમાં દશ સંતાન ઉત્પન્ન કર- અને અગ્યારમી સ્ત્રી છે એમ સમજ. હે સ્ત્રી ! તું પણ વિવાહિત પુરૂષ અથવા નિયુક્ત પુરૂષોથી દશ સંતાન ઉત્પન્ન કર અને અગ્યારમો પતિ છે એમ સમજ. આ વૈદિક આજ્ઞાને સ્વીકારી બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય વર્ણસ્થ સ્ત્રી અને પુરૂષે દશ સંતાનોથી વધારે સંતાનો ઉત્પન્ન કરવાં નહિ, કારણ કે વધારે ઉત્પન્ન કરવાથી સંતાન નિર્બળ,નિર્બુદ્ધિ અને અલ્પાયુ થાય છે. સ્ત્રી અને પુરૂષ પણ નિર્બળ બને છે તથા રોગી થઇ વૃદ્ધાવસ્થામાં ઘણું દુઃખ પામે છે. (**પ્રશ્ન**) નિયોગની વાત વ્યભિચાર જેવી લાગે છે. (**ઉત્તર**) જેમ અવિવાહિત સ્ત્રી પુરૂષનો સંયોગ વ્યભિચાર કહેવાય છે તેમ અનિયુક્ત સ્ત્રી પુરૂષનોજ સંયોગ વ્યભિચાર કહેવાય છે. એથી સિદ્ધ એ થયું કે નિયમથી વિવાહ થયા પછી જેમ વ્યભિચાર કહેવાતો નથી, તેમ વેદ શાસ્ત્રોક્ત નિયોગ થયા પછી વ્યભિચાર, પાપ, અથવા લજ્જા માનવી જોઇએ નહિ. (**પ્રશ્ન**) છે તો ઠીક પણ એ કામ વેશ્યાના જેવું લાગે છે. (**ઉત્તર**) નહીં, કારણકે વેશ્યાના સમાગમમાં કોઇ નિશ્ચિત પુરૂષ નથી તેમ કોઇ નિયમ નથી, પરંતુ નિયોગમાં તો વિવાહની માફક નિયમ હોય છે. જેમ વિવાહની વિધિ પ્રમાણે જમાઇને કન્યાદાન આપ્યા પછી કન્યા અને જમાઇનો સમાગમ લજ્જાકારક નથી, તેમ નિયમ પ્રમાણે નિયોગ થયા પછી નિયુક્ત સ્ત્રીપુરૂષનો સમાગમ લજ્જાકારક ન હોવો જોઇએ. (**પ્રશ્ન**) અમને તો નિયોગ પાપજનક લાગે છે. (**ઉત્તર**) જો નિયોગ પાપ જનક લાગે છે તો વિવાહ કેમ નથી લાગતો ? ખરી રીતે જોતાં તો નિયોગ ન કરવાથીજ પાપ છે. કારણ કે ઇશ્વરીય સૃષ્ટિક્રમાનુસાર સ્ત્રીપુરૂષનો સ્વાભાવિક સંબંધ કદિ પણ રોકી શકાતોજ નથી. કામવેગ રોકવો એ પૂર્ણ વૈરાગ્યવાન્-પૂર્ણ વિદ્વાન્ યોગીઓનુંજ કામ છે. શું ગર્ભપાતન રૂપ ભ્રૂણહત્યા, વિધવા સ્ત્રી અને મૃતસ્ત્રીક પુરૂષના મહા સંતાપને પાપ નથી સમજતા ? સંતાન અને વિષયને ચાહનાર વિધુર યુવાન્ પુરૂષ અથવા વિધવા યુવતી સ્ત્રીને કોઇપણ રાજવ્યવહારથી અથવા જ્ઞાતિ વ્યવહારથી રોકવામાં આવ્યાથીજ ગુપ્ત કુકર્મી અને મહા દુરાચારી બને છે. એ વ્યભિચાર અને કુકર્મોને રોકવાને વાસ્તે એ (નિયોગ)જ એક શ્રેષ્ઠ ઉપાય છે. **પરન્તુ જે જિતેન્દ્રિય રહી શકે છે તેને નિયોગની અથવા વિવાહની પણ આવશ્યકતા નથી;** માટે અજિતેન્દ્રિય પુરૂષે વિવાહ અથવા **આપત્કાલમાં** નિયોગ અવશ્ય કરવો જોઇએ. એ પ્રમાણે ચાલવાથી વ્યભિચાર ન્યૂન થશે, પ્રેમથી સન્તાન પેદા થશે, ગર્ભહત્યા સર્વથા નાશ પામશે, નીચ પુરૂષોથી ઉત્તમ સ્ત્રીઓ સાથે અને નીચ સ્ત્રીઓનો ઉત્તમ પુરૂષો સાથે વ્યભિચાર રૂપ કુકર્મ, ઉત્તમ કુળમાં કલંક, વંશનો નાશ, સ્ત્રી પુરૂષોનો સંતાપ અને ગર્ભહત્યા આદિકુકર્મ વિવાહ અને નિયોગથી નાશ પામે છે માટે નિયોગની જરૂર છે. (**પ્રશ્ન**) નિયોગ કેવી રીતે કરવો ? (**ઉત્તર**) વિવાહ જેમ પ્રસિદ્ધ રીતે કરાય છે તેમ નિયોગ પણ પ્રસિદ્ધ રીતે થવો જોઇએ. વિવાહમાં જેમ ભદ્રપુરૂ-

ષોની અનુમતિ અને વરકન્યાની પ્રસન્નતા અપેક્ષિત છે તેમ નિયોગમાં પણ હોવી જોઇએ. પોતાના કુટુંબના પુરૂષો અને સ્ત્રીઓ સામે સ્પષ્ટ કહેવું કે અમે બન્ને સંતાનોત્પત્તિને માટે નિયોગ કરીએ છીએ. જ્યારે નિયોગનો નિયમ પુરો થશે ત્યારે અમે સંયોગ કરીશું નહિ. જો આ નિયમનો અમે ભંગ કરીએ તો અમે રાજદંડ તથા જાતિ દંડના ભાગી તથા મહા પાપી પણ છીએ. મહિનામાં એકજવાર ગર્ભાધાન કરવું. અને ગર્ભ રહ્યા પછી એક વરસ અલગ રહેવું. (**પ્રશ્ન**) નિયોગ પોતાના વર્ણમાં થવો જોઇએ અથવા ભિન્ન વર્ણમાં ? (**ઉત્તર**) પોતપોતાના વર્ણમાં અથવા ઉત્તમ વર્ણસ્થ પુરૂષની સાથે. અર્થાત્ વૈશ્યા, વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણની સાથે; ક્ષત્રિયા ક્ષત્રિય અને બ્રાહ્મણની સાથે અને બ્રાહ્મણી બ્રાહ્મણની સાથેજ નિયોગ કરે. એનું તાત્પર્ય એ છે કે સમાન વર્ણવાળા અથવા ઉત્તમ વર્ણવાળાનું વીર્ય હોવું જોઇએ. (**પ્રશ્ન**) પુરૂષે નિયોગ કરવાની શી જરૂર છે ? કારણકે તેતો પુનર્લગ્ન કરી શકે છે. (**ઉત્તર**) અમે ઉપર લખી આવ્યા છીએ કે દ્વિજોનો એકજ વાર વિવાહ થવો જોઇએ. ભલે પછી સ્ત્રી હોય કે પુરૂષ હોય. એજ પ્રમાણે વેદાદિ સત્ય શાસ્ત્રમાં લખ્યું છે. કુમાર કુમારીનો વિવાહ ન્યાય્યજ અને વિધવા સ્ત્રીનો કુમાર પુરૂષ સાથે અથવા મૃતસ્ત્રીક પુરૂષનો કુમારી સાથે જે વિવાહ થાય છે તે અન્યાય્ય છે-અધર્મ છે. વિધવા સ્ત્રીની સાથે જેમ પુરૂષ વિવાહ કરવા નથી ચાહાતો તેમજ વિવાહિત (જેણે સ્ત્રીની સાથે સમાગમ કર્યો છે) પુરૂષની સાથે કુમારી પણ જ્યારે ઇચ્છા નહિ કરે, જ્યારે વિધુર પુરૂષને કોઇ કન્યા, અને વિધવાને કોઇ કુમારપતિ નહિ મળે, ત્યારે નિયોગની આવશ્યકતા જણાઇ આવશે. યોગ્યની સાથે યોગ્યનો સંબંધ થવો એજ ધર્મ છે. (**પ્રશ્ન**) જેમ વિવાહમાં વેદાદિ શાસ્ત્રોનું પ્રમાણ છે તેમ નિયોગમાં છે કે નહિ ? (**ઉત્તર**) એમાં ઘણાં પ્રમાણો છે જુઓ.—

कुहस्विद्दोषा कुह वस्तोरश्विना कुहाभिपित्वं करतः कुहोषतुः ।
को वां शयुत्रा विधवेव देवरं मर्यं न योषा कृणुते सधस्थ आ ॥ १ ॥
ऋ० ॥ मं० १० । सू० ४० । मं० २ ॥

उदीर्ष्व नार्यभिजीवलोकं गतासुमेतमुप शेष एहि । हस्तग्राभस्य
दिधिषोस्तवेदं पत्युर्जनित्वमभि सं बभूथ ॥२॥
ऋ० ॥ मं० १० । सू० १८ । मं० ८ ॥

(૧) હે (**अश्विनौ**) સ્ત્રી પુરૂષો ! (**देवरं विधवेव**) જેમ વિધવા દિયરને અને (**योषामर्यम् न**) વિવાહિતા સ્ત્રી પોતાના પતિને પ્રાપ્ત થઇ (**सधस्थे**) એક ઠેકાણે એકજ શય્યામાં સંતાનોને (**आ, कृणुते**) ઉત્પન્ન કરે છે તેમ, તમે સ્ત્રી પુરૂષો (**कुहस्विद् दोषा**) રાત્રિમાં ક્યાં ? અને (**कुहवस्तः**) દિવસમાં ક્યાં હતા ? (**कुहाभिपित्वम्**) પદાર્થોની પ્રાપ્તિ ક્યાં (**करतः**) કરી ? અને (**कुहोषतुः**) કયે વખતે ક્યાં વાસ કરતા હતા ? (**कोवां शयुत्रा**) તમારૂં શયનસ્થાન ક્યાં છે ! કોણ છો ? કયા દેશના રહેવાવાળાં છો ?

એથી એ સિદ્ધ થાય છે કે દેશપરદેશમાં સ્ત્રીએ સાથેજ રહેવું. અને વિવાહિત પતિની માફક નિયુક્ત પતિને ગ્રહણ કરી વિધવા સ્ત્રી પણ સંતાનોત્પત્તિ કરી લે.

(**પ્રશ્ન**) યદિ કોઇને ન્હાનો ભાઇજ ન હોય તો વિધવાએ નિયોગ કોની સાથે કરવો ?

(**ઉત્તર**) દિયરની સાથે, પણ દિયરનો અર્થ જેવો તમે કરો છો તેવો નથી. જુઓ નિરૂક્તમાં.

देवरः कस्माद् द्वितीयो वर उच्यते ॥ निरु०॥ अ० ३ । खं० १५ ॥

વિધવાનો જે બીજો પતિ થાય છે તેને દિયર કહે છે, પછી ભલે તે ન્હાનો ભાઇ હો અથવા મ્હોટો ભાઇ, પોતાના વર્ણનો હોય અથવા અન્ય ઉત્તમ વર્ણનો હોય, જેની સાથે નિયોગ કરે તે દિયર કહેવાય છે.

(૨) હે (**नारि**) વિધવે ! તું (**एतं गतासुम्**) આ મૃત પતિની આશા છોડી (**शेष**) બાકી પુરૂષોમાંથી (**अभि जीवलोकम्**) બીજા જીવિત પતિને (**उपैहि**) પ્રાપ્ત થા, અને (**उदीर्ष्व**) આ વાત નિશ્ચયથી ધ્યાનમાં રાખ કે (**हस्त ग्राभस्य दिधिषोः**) તુજ વિધવાનું પાણિ ગ્રહણ કરનાર નિયુકત પતિના સંબંધ માટે નિયોગ થશે તો (**इदम्**) આ (**जनित्वम्**) ઉત્પન્ન થયેલું બાળક, તે નિયુકત (**पत्युः**) પતિનું ગણાશે અને જો તું પોતાને માટેજ નિયોગ કરીશ તો આ સન્તાન (**तव**) તારૂંજ ગણાશે એવા નિશ્ચયવાળી (**अभि. सम्, बभूथ**) થા અને પુરૂષે પણ એ નિશ્ચિત સમજી નિયમોનું પાલન કરવું.

अदेवृघ्न्यपतिघ्नी हैधि शिवा पशुभ्यः सुयमाः सुवर्चाः ।
प्रजावती वीरसूर्देवृकामा स्योनेममग्निं गार्हपत्यं सपर्य ॥
अथर्व० ॥ कां० १४ । अनु० २ । मं० १८ ॥

હે (**अदेवृघ्न्यपति घ्नी**) પતિ અને દિયરને દુઃખ ન આપનારી સ્ત્રી તું (**इह**) આ ગૃહાશ્રમમાં (**पशुभ्यः**) પશુઓને માટે (**शिवा**) કલ્યાણ કરનારી (**सुयमाः**) સારી રીતે નિયમ પાળનારી (**सुवर्चाः**) રૂપ અને સર્વ શાસ્ત્ર વિદ્યાયુક્ત (**प्रजावति**) ઉત્તમ પુત્રપૌત્રાદિ સહિત (**वीरस्**) શૂરવીર પુત્રોને ઉત્પન્ન કરનારી (**देवृकामा**) દિયરની ઇચ્છા કરનારી (**स्योना**) સુખ આપનારી થા (**इमम्**) આ (**गार्हपत्य**) ગૃહસ્થ સંબંધી (**अग्निम्**) અગ્નિહોત્રનું (**सपर्य**) સેવન કર.

तामनेन विधानेन निजो विन्देत देवरः ॥ मनु० ६ । ६६ ॥

અક્ષત યોનિ વિધવા સ્ત્રીની સાથે પતિનો ન્હાનો ભાઇ લગ્ન કરી શકે છે. (**પ્રશ્ન**) એક સ્ત્રી અથવા પુરૂષ કેટલા નિયોગો કરી શકે છે અને વિવાહિત નિયુક્ત પતિનાં નામો શાં હોય છે ?

(ઉત્તર)

सोमः प्रथमो विविदे गन्धर्वो विविद उत्तरः ।
तृतीयो अग्निष्टे पतिस्तुरीयस्ते मनुष्यजाः ॥
ऋ० ॥ मं० १० । सू० ८५ । मं० ४० ॥

હે સ્ત્રી ! જે (**ते**) તારો (**प्रथमः**) પહેલો વિવાહિત (**पतिः**) પતિ તને (**विविदे**) પ્રાપ્ત થાય છે તેનું નામ (**सोमः**) સુકુમારતાદિ ગુણવાળો હોવાથી "સોમ" કહેવાય છે. બીજો જે નિયોગથી (**विविदे**) પ્રાપ્ત થાય છે તે (**गन्धर्वः**) એક સ્ત્રીની સાથે સંભોગ કરવાથી "ગન્ધર્વ" કહેવાય છે. (**तृतीय उत्तरः**) ત્રીજો (**अग्निः**) અતિ શક્તિવાળો હોવાથી "અગ્નિ" નામવાળો થાય છે. અને જે (**ते**) તારો (**तुरीयः**) ચોથાથી લઇ અગ્યારમા સુધી પતિઓ છે તે (**मनुष्यजाः**) મનુષ્ય નામવાળા થાય છે. જેમ (**इमांत्वमिन्द्र**) એ મંત્રથી અગ્યારમા પુરૂષ સુધી સ્ત્રી નિયોગ કરી શકે છે તેમ પુરૂષ પણ અગ્યારમી સ્ત્રી સુધી નિયોગ કરી શકે છે. (પ્રશ્ન) "**एकादश**" શબ્દથી દશ પુત્રો અને અગ્યારમો પતિ, એમ કેમ ન ગણાય ? (ઉત્તર) જો એમ અર્થ કરશો તો, "**विधवेव देवरम्**" "**देवरः कस्माद् द्वितीयो वर उच्यते**" "**अदेवृघ्नि**" અને "**गन्धर्वो विविद उत्तरः**" ઇત્યાદિ વેદ પ્રમાણોથી વિરૂધ્ધ અર્થ થશે, કારણ તમારા અર્થથી બીજો પતિ પણ પ્રાપ્ત થતો નથી.

देवराद्वा सपिण्डाद्वा स्त्रिया सम्यङ् नियुक्तया ।
प्रजेप्सिताऽधिगन्तव्या सन्तानस्य परिक्षये ॥ १ ॥
ज्येष्ठो यवीयसो भार्य्यां यवीयान्वाग्रजस्त्रियम् ।
पतितौ भवतो गत्वा नियुक्तावप्यनापदि ॥ २ ॥
औरसः क्षेत्रजश्चैव ॥ ३ ॥ मनु० ९ ॥ ५९ । ५८ । १५९ ॥

ઇત્યાદિ મહર્ષિ મનુજીએ લખ્યું છે કે (**सपिंड**) પતિની છ પેઢીમાંનો, પતિથી ન્હાની ઉમરનો હોય અથવા મ્હોટી ઉમ્મરનો હોય, સ્વજાતીય હોય અથવા ઉત્તમ વર્ણવાળો હોય તેની સાથે વિધવાએ નિયોગ કરવો જોઇએ.

પરન્તુ એ ધ્યાનમાં રાખવું કે જ્યારે કોઇ પણ સન્તાન ન હોય, અને વિધુર તથા વિધવાને જો સન્તાનની ઇચ્છા હોય તોજ નિયોગ કરે. સંતાનોની ઇચ્છાએ મ્હોટા ભાઇની સ્ત્રી સાથે ન્હાના ભાઇનો અને ન્હાના ભાઇની સ્ત્રી સાથે મ્હોટા ભાઇનો નિયોગ થયો, અને સંતાનો પણ થયાં, પછી જો તે નિયુક્ત સ્ત્રીપુરૂષો સમાગમ કરે તો પાપી સમજવાં. એટલે બીજા પુત્રનો ગર્ભ રહે ત્યાં સુધીજ નિયોગની અવધિ છે, એ અવધિ પૂર્ણ થયા પછી સમાગમ કરવો નહિ, અને જો સ્ત્રીપુરૂષ બન્નેએ સન્તાનાર્થી થઇ નિયોગ કર્યો હોય તો ચોથા ગર્ભ સુધી અવધિ સમજવી. અથવા ઉપર કહેલી રીતિ પ્રમાણે દશ સન્તાન સુધી અવધિ માની શકાય છે. જો તેનાથી પણ આગળ વધે તો પછી વિષયાસક્તિ ગણાય છે. વિષયાસક્તિ

વાળો મનુષ્ય પતિત ગણાય છે. વિવાહિત સ્ત્રીપુરૂષે પણ દશ સન્તાનો થયા પછી સમાગમ ન કરવો. અધિક સમાગમ કરનાર માણસ પાપી અને નિન્દિત થાય છે. અર્થાત્ વિવાહ અને નિયોગ સન્તાનોને માટેજ કરાય છે, પશુઓની માફક ક્રીડાને વાસ્તે નહિં.

(**પ્રશ્ન**) પતિના મરણ પછીજ નિયોગ થાય છે કે પતિ જીવતાં છતાં પણ?

(**ઉત્તર**) પતિ જીવતો હોય તો પણ નિયોગ થઇ શકે છે—

अन्यमिच्छस्व सुभगे पतिं मत् ॥ ऋ० मं० १०। मं० १० ॥

જ્યારે પતિ સંતાનોત્પત્તિ કરવામાં અસમર્થ થાય ત્યારે પોતાની સ્ત્રીને આજ્ઞા આપવી કે હે સુભગે! સૌભાગ્યની ઇચ્છા કરનારી સ્ત્રી તું (**मत्**) મારાથી (**अन्यम्**) બીજા પતિની (**इच्छस्व**) ઇચ્છા કર. કારણકે હવે મારાથી સંતાનોત્પત્તિ નહિ થઇ શકે, ત્યારે સ્ત્રીએ બીજાની સાથે નિયોગ કરી સંતાનોત્પત્તિ કરી લેવી, પરન્તુ વિવાહિત પતિની સેવામાં તત્પર રહેવું. તેમજ સ્ત્રી પણ જ્યારે રોગાદિથી ગ્રસ્ત થઇ સન્તાન પેદા કરવાને અસમર્થ થાય ત્યારે પતિને આજ્ઞા આપવી કે હે સ્વામિન્ આપ મારાથી સંતાનોત્પત્તિની આશા છોડી કોઇ બીજી વિધવા સ્ત્રીની સાથે નિયોગ કરી સન્તાનોત્પત્તિ કરી લ્યો. જેમ પાંડુરાજાની સ્ત્રી કુન્તી અને માદ્રીએ નિયોગ કર્યો, તથા ચિત્રાંગદ અને વીચીત્રવીર્યના મરણ પછી તેની સ્ત્રીઓ સાથે વ્યાસજીએ નિયોગ કરી (અંબિકા) અંબામાં ધૃતરાષ્ટ્ર, અંબાલિકામાં પાંડુ અને દાસીમાં વિદુરને ઉત્પન્ન કર્યાં ઇત્યાદિ ઇતિહાસ પણ એ વાતમાં પ્રમાણ છે.

प्रोषितो धर्मकार्यार्थं प्रतीक्ष्योऽष्टौ नरः समाः ।
विद्यार्थं षड् यशोर्थं वा कामार्थं त्रींस्तु वत्सरान् ॥ १ ॥
वन्ध्याष्टमेऽधिवेद्याब्दे दशमे तु मृतप्रजा ।
एकादशे स्त्रीजननी सद्यस्त्वप्रियवादिनी । २ । मनु० ९।७९।८१॥

વિવાહિત પતિ ધર્મને માટે જો પ્રદેશ ગયો હોય તો આઠ વરસ સુધી, વિદ્યા અને કીર્તિને માટે ગયો હોય તો છ વરસ સુધી, ધનાદિને માટે ગયો હોય તો ત્રણ વરસ સુધી વાટ જોઇ સ્ત્રીએ નિયોગ કરી સન્તાન પેદા કરી લેવાં, જ્યારે વિવાહિત પતિ પાછો આવે ત્યારે નિયુક્ત પતિને રજા આપે. (૧) તેવીજ રીતે પુરૂષને માટે નિયમ છે. સ્ત્રી જો વન્ધ્યા હોય અર્થાત્ વિવાહ કર્યા પછી આઠ વરસ સુધીમાં ગર્ભવતી ન થાય, તો આઠમે વરસે; અથવા જે સ્ત્રીનાં સંતાનો જીવતાં ન રહેતાં હોય તેણીના પતિએ દશમે વરસે, અથવા જે સ્ત્રી કન્યાજ ઉત્પન્ન કરનારી હોય તેણીના પતિએ અથવા જે સ્ત્રી અપ્રિય બોલનારી હોય તો તેણીના પતિએ તરતજ ત્યાગ કરી બીજી સ્ત્રી સાથે નિયોગ કરી સન્તાનોત્પત્તિ કરી લેવી. (૨) તેવીજ રીતે જો પુરૂષ દુઃખદાયક હોય તો સ્ત્રીએ તરતજ પતિને છોડી બીજા પુરૂષની સાથે નિયોગ કરી સન્તાનોત્પત્તિ કરી લેવી અને સન્તાનોને વિવાહિત પતિના દાયભાગી બનાવવાં. ઇત્યાદિ પ્રમાણ અને યુક્તિ દ્વારા સ્વયંવર વિવાહ અને નિયોગથી પોતપોતાના કુળની ઉન્નતિ કરવી.

જેમ વિવાહિત પતિથી ઉત્પન્ન થનાર " ઔરસ " પુત્ર પિતાના ધનનો સ્વામી થાય છે તેમજ નિયોગથી ઉત્પન્ન થનાર " ક્ષેત્રજ " પુત્ર પણ મૃતપિતાના ધનનો ભાગીદાર થાય છે. આ ઉપરથી સ્ત્રી અને પુરૂષે ધ્યાનમાં રાખવું કે રજ અને વીર્ય અમૂલ્ય છે. જે કોઇ આ અમૂલ્ય પદાર્થને પરસ્ત્રી અથવા વેસ્યા અથવા દુષ્ટ પુરૂષોના સંગમાં નષ્ટ કરે છે. તેઓ મહામૂર્ખ છે. કારણ કે ખેડુત અને માળી મૂર્ખ હોઇને પણ પોતાના સાધારણ બીજોને પણ બીજાના ખેતરમાં વાવતા નથી. તો જે બીજથી સર્વોત્તમ શરીર બને છે તેને બીજાના ક્ષેત્રમાં વ્યર્થ ગુમાવનારને મહામૂર્ખ ન કહેવામાં આવે તો પછી બીજું શું કહેવું ?

બીજાના ક્ષેત્રમાં વાવેલ બીજનું ફળ પોતાને મળતું નથી. અને " **आत्मा वै जाय ते पुत्रः** " એ બ્રાહ્મણ ગ્રંથનું વચન છે.

अङ्गादङ्गात्सम्भवसि हृदयादधिजायसे ।
आत्मा वै पुत्रनामासि स जीव शरदः शतम् ॥ निरु० ३ । ४ ॥

હે પુત્ર તું મ્હારા પ્રત્યેક અંગમાંથી ઉત્પન્ન થનાર વીર્ય અને હૃદયથી ઉત્પન્ન થાય છે, માટે તું મ્હારો આત્મા છે; મ્હારાથી પહેલાં મૃત્યુને પ્રાપ્ત ન થા. સો વર્ષ સુધી સુખપૂર્વક જીવ. જેનાથી મ્હોટા મ્હોટા મહાત્માઓ પેદા થાય છે તે બીજને વેસ્યા આદિ દુષ્ટક્ષેત્રમાં વાવવું અથવા દુષ્ટ બીજ ઉત્તમ ક્ષેત્રમાં વાવવું એ મહાપાપ છે (**પ્રશ્ન**) વિવાહ શા માટે કરવો ? કારણ કે એનાથી સ્ત્રી–પુરૂષને બંધનમાં પડી ઘણો સંકોચ અને દુઃખો ભોગવવાં પડે છે માટે જેની સાથે જેની પ્રીતિ થાય તેણે તેની સાથે સંબંધ કરી લેવો અને પ્રીતિ જ્યારે છૂટી જાય, ત્યારે છોડી દેવો. (**ઉત્તર**) એ વ્યવહાર મનુષ્યોનો નથી પરંતુ પશુ પક્ષીઓનો છે. જો મનુષ્યોમાં વિવાહનો નિયમ ન હોય તો ગૃહસ્થાશ્રમના જેટલા ઉત્તમ ઉત્તમ વ્યવહારો છે તે બધા નષ્ટભ્રષ્ટ થઇ જાય. કોઇ કોઇની સેવા પણ ન કરે અને લોકો વ્યભિચારમાં પડી રોગી, નિર્બળ અને અલ્પાયુ થઇ શીઘ્ર નષ્ટ થઇ જાય. કોઇ કોઇના ધનનો માલીક અથવા દાયભાગી થઇ શકશે નહિ. લાંબાકાળ સુધી કોઇ કોઇના પદાર્થ ઉપર સ્વત્વ રાખી શકશે નહિ. ઇત્યાદિ દોષોના નિવારણને માટે વિવાહ કરવો એ યોગ્યજ છે. (**પ્રશ્ન**) જો એક વિવાહ હોય અને એક પુરૂષને એકજ સ્ત્રી હોય અને એક સ્ત્રીને એકજ પતિ હોય તેવી સ્થિતિમાં જો સ્ત્રી ગર્ભવતી હોય અથવા સ્થિર રોગિણી હોય અથવા પુરૂષ દીર્ઘ રોગી હોય અને બન્નેની યુવાવસ્થાને લઇને કામવેગ ન રોકી શકાતો હોય તો શું કરવું ? (**ઉત્તર**) એનો ઉત્તર નિયોગ વિષયમાં આપી દીધો છે. ગર્ભવતી સ્ત્રી સાથે એક વર્ષ સુધી સમાગમ ન કરવો. તે દરમીયાનમાં જો પુરૂષથી (જીતેંદ્રિય) ન જ રહી શકાય, તો નિયોગ કરી સંતાનોત્પાત કરી લેવી. તેમજ દીર્ઘ રોગી પુરૂષની સ્ત્રીએ પણ તેવા સંજોગમાં નિયોગ કરી લેવો. પરંતુ વેસ્યાગમન અથવા પરપુરૂષ ગમન કરી વ્યભિચાર કદિ પણ કરવો નહિ. જેમ બને તેમ અપ્રાપ્ત વસ્તુની ઇચ્છા, પ્રાપ્તની રક્ષા, રક્ષિતની વૃદ્ધિ, અને વૃદ્ધિ પામેલ ધનનો દેશોપકારક કાર્યોમાં સદા વ્યય કરતા રહેવું. પોતપોતાના વર્ણાનાં કર્મોને અત્યુત્સાહપૂર્વક તન, મન, ધનથી પરમાર્થને માટે કરવાં. પિતા, સાસુ, સ્વસુર આદિની શુશ્રૂષા (સેવા) કરવી. આડોસીપાડોશી સાથે કજિયો ન કરી તે-

અને સુધારવાનો પ્રયત્ન કરવો. રાજા, વિદ્વાન્, વૈદ્ય અને સત્પુરૂષની સાથે પ્રીત કરવી. દુષ્ટોને સુધારવાનો યત્ન કરવો. સન્તાનોને ભણાવવામાં પૈસાનો વ્યય કરવો જેથી સંતાનો પૂર્ણવિદ્વાન્ સુશિક્ષાયુક્ત, સદાચારિ, ધાર્મિક થઇ મોક્ષ સાધનોનું અનુષ્ઠાન કરી પરમાનન્દને પ્રાપ્ત કરે. જો સન્તાનોમાં ઉત્તમ વિવેક આવશે તો આવા શ્લોકો કદિ પણ માનશે નહિ જેમકેઃ—

पतितोपि द्विजः श्रेष्ठो न च शूद्रो जितेन्द्रियः ।
निर्दुग्धा चापि गौः पूज्या न च दुग्धवती खरी ॥
अश्वालम्भं गवालम्भं संन्यासं पलपैत्रिकम् ।
देवराच्च सुतोत्पत्तिं कलौ पञ्च विवर्जयेत् ॥
नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पञ्चस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥

એ કપોલ કલ્પિત પારાશરીના શ્લોકો છે. જો દુષ્ટકર્મકારી દ્વિજને શ્રેષ્ઠ અને શ્રેષ્ઠ કર્મકારી શૂદ્રને નીચ માને તો તેના જેવો પક્ષપાત, અન્યાય, અધર્મ બીજો શો હોઇ શકે ? દુધ આપનારી અથવા ન આપનારી ગાય જેમ ગોપાલને પાલનીય હોય છે તેમ ગધેડી શું કુંભારને પાલનીય નથી ? વળી એ દૃષ્ટાન્ત પણ વિષમ છે; કારણ કે દ્વિજ અને શૂદ્રની મનુષ્ય જાતિ છે અને ગાય અને ગધેડીની ભિન્ન જાતિ છે. કથમપિ પશુ જાતિથી દૃષ્ટાંતનો એક દેશ દાર્ષ્ટાન્તમાં મળી આવે તોપણ આનો (શ્લોકકારનો) આશય અયુક્ત હોવાથી વિદ્વાનોને માનવાલાયક નથી. (૧) જ્યારે " **अश्वालम्भ** " અર્થાત્ ઘોડાને મારીને " **गवालम्भं** " અર્થાત્ ગાયને મારીને હોમ કરવો એ વેદ–વિહિતજ નથી તો પછી કલિયુગમાં તેનો નિષેધ કરવો એ શું વેદ વિરૂદ્ધ નથી ? જો કલિયુગમાં એવાં દુષ્ટકર્મોનો નિષેધ મનાય તો અર્થાપત્તિથી ત્રેતાયુગમાં વિધિ મનાય જો ત્રેતાદિ પવિત્ર યુગોમાં એવાં દુષ્ટ કર્મો થાય તો તેમને શ્રેષ્ઠ યુગો માનવા એ સર્વથા અસંભવનીય છે. સંન્યાસનો વેદાદિ શાસ્ત્રોમાં વિધિ છે. માટે તેનો પણ નિષેધ કરવો એ નિર્મૂલ (પ્રમાણ વગરનો) છે. જો માંસનો નિષેધ છે તો સર્વદાને માટે છે. જો દિયરથી પુત્રોત્પત્તિ કરવી એ વેદમાં લખ્યું છે તો પછી એ શ્લોકોનો બનાવનાર શા માટે ભુંસી નાંખે છે.

(**પ્રશ્ન**)—" **नष्टे** " અર્થાત્ પતિ દેશ દેશાન્તરમાં ગયો હોય અને ઘરમાં સ્ત્રી નિયોગ કરી લે અને તેજ વખતે વિવાહિત પતિ આવી જાય તો તે સ્ત્રી કોની કહેવાય ? જો કોઇ કહે કે વિવાહિત પતિની. અમે માની લીધું, પણ એવી વ્યવસ્થા પારાશરીમાં નથી લખી.

(**ઉત્તર**) શું સ્ત્રીને પાંચજ આપત્કાળ છે ? રોગી પડયો હોય, લડાઇ થઇ ગઇ હોય, ઇત્યાદિ આપત્કાળ પાંચથી વધારે પણ છે માટે એવા શ્લોકોને કદિ પણ માનવા નહિ.

(**પ્રશ્ન**) શું તમે પારાશર મુનિના વચનને પણ નથી માનતા. ! ! !

(**ઉત્તર**) ગમે તેનું વચન હોય પરંતુ વેદ વિરૂદ્ધ હોવાથી હું નથી માનતો. એતો પારાશરનું વચન પણ નથી. કારણ કે " **ब्रह्मोवाच** " " **वशिष्ठ उवाच** " " **राम उवाच** " " **शिव उवाच** " " **विष्णु उवाच** " " **देव्युवाच** " ઇત્યાદિ શ્રેષ્ઠોનાં નામો લખી

અન્ય કુગ્રન્થ એ માટે કરે છે કે સર્વમાન્યના નામથી આ ગ્રંથોને સર્વ કોઇ માની લે અને તેમની પુષ્કળ આજીવિકા ચાલે માટે અનર્થગાથાવાળા ગ્રન્થો લખે છે. કોઇ કોઇ જગ્યાએ જે પ્રક્ષિપ્ત શ્લોકો છે તેનો ત્યાગ કરી માત્ર મનુસ્મૃતિજ વેદાનુકુળ માનવી, બીજી નહિં. તેવીજ રીતે બીજા જાળ ગ્રંથોની વ્યવસ્થા સમજવી.

(પ્રશ્ન) ગૃહાશ્રમ સવથી ન્હાનો છે કે મ્હોટો ?

(ઉત્તર) પોતપોતાના કર્તવ્ય કર્મોમાં સર્વે મ્હોટા છે. પરંતુ—

यथा नदीनदाः सर्वे सागरे यान्ति संस्थितिम् ।
तथैवाश्रमिणः सर्वे गृहस्थे यान्ति संस्थितिम् ॥१॥ मनु० ६।९० ॥
यथा वायुं समाश्रित्य वर्त्तन्ते सर्वजन्तवः ।
तथा गृहस्थमाश्रित्य वर्त्तन्ते सर्व आश्रमाः ॥ २ ॥
यस्मात्त्रयोप्याश्रमिणो दानेनान्नेन चान्वहम् ।
गृहस्थेनैव धार्य्यन्ते तस्माज्ज्येष्ठाश्रमो गृही ॥ ३ ॥
स संधार्य्यः प्रयत्नेन स्वर्गमक्षयमिच्छता ।
सुखं चेहेच्छता नित्यं योऽधार्यो दुर्बलेन्द्रियैः ॥ ४ ॥
मनु० ३ । ७७–७९ ॥

જેમ ન્હાની મ્હોટી નદીઓ ત્યાં સુધીજ ભટકયા કરે છે, કે જ્યાં સુધી તે સમુદ્રમાં નથી મળી, પણ જ્યારે સમુદ્રમાં મળી જાય છે ત્યારે શાન્ત થઇ જાય છે. તેમ ગૃહસ્થાશ્રમના આશ્રમથીજ સર્વ આશ્રમો સ્થિર રહે છે. ગૃહસ્થાશ્રમ વિના કોઇ પણ આશ્રમનો વ્યવહાર ચાલી શકતો નથી. બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસી એ ત્રણેને અન્ન આપી જીવાડનાર ગૃહસ્થાશ્રમજ છે. માટે ગૃહસ્થાશ્રમ જ્યેષ્ઠાશ્રમ (મ્હોટો આશ્રમ) છે—અર્થાત્ સર્વ આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ ધુરંધર છે. મોક્ષ અને સાંસારિક સુખને ઇચ્છનારે પ્રયત્નથી ગૃહસ્થાશ્રમને ધારણ કરવો. જે દુર્બલ અને બીરૂ છે તે ગૃહસ્થાશ્રમને માટે અયોગ્ય છે માટે દરેક બલવાન્ પુરૂષેજ નિયમથી ગૃહસ્થાશ્રમ ધારણ કરવો. સંસારમાં જેટલા વ્યવહારો છે તેમાંથી અર્ધા તો ગૃહસ્થાશ્રમમાંજ આવી જાય છે; જો ગૃહસ્થાશ્રમ ન હોત તો, સંતાનોત્પત્તિ ન થવાથી બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, અને સંન્યાસાશ્રમ ક્યાંથી થાત? જે કોઇ ગૃહસ્થાશ્રમની નિન્દા કરે છે તેજ નિન્દનીય છે, અને જે પ્રશંસા કરે છે તે પ્રશંસનીય છે. પરન્તુ ગૃહસ્થાશ્રમમાં સુખ ત્યારેજ મળી શકે છે કે જ્યારે સ્ત્રીપુરૂષ બન્ને પરસ્પર વિદ્વાન્ પુરૂષાર્થી અને સર્વ પ્રકારના વ્યવહારોને જાણતા હોય. માટે ગૃહાશ્રમના સુખનું મુખ્ય કારણ બ્રહ્મચર્ય અને પૂર્વોક્ત સ્વયંવર વિવાહ છે. એ પ્રમાણે સમાવર્તન, વિવાહ અને ગૃહાશ્રમના વિષયમાં સંક્ષેપથી શિક્ષા લખી છે. હવે પાંચમા સમુલ્લાસમાં વાનપ્રસ્થ અને સંન્યાસનો વિષય લખવામાં આવશે.

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामिकृते सत्यार्थप्रकाशे
सुभाषाविभूषिते समावर्त्तनविवाहगृहाश्रमविषये
चतुर्थः समुल्लासः सम्पूर्णः ॥ ४ ॥

अथ पञ्चमसमुल्लासारम्भः ॥

अथ वानप्रस्थसंन्यासविधिं वक्ष्यामः ॥

ब्रह्मचर्य्याश्रमं समाप्य गृही भवेत् गृही भूत्वा
वनी भवेद्वनी भूत्वा प्रव्रजेत् ॥ शत० कां० १४ ॥

બ્રહ્મચર્યાશ્રમ સંપૂર્ણ કરી ગૃહસ્થ થવું, ગૃહસ્થાશ્રમ નિયમ પ્રમાણે પાળી વાનપ્રસ્થ થવું, અને વાનપ્રસ્થાશ્રમ પૂર્ણ કરી સંન્યાસી થવું; એ પ્રમાણે મનુષ્યોને આશ્રમોનું વિધાન છે.

एवं गृहाश्रमे स्थित्वा विधिवत्स्नातको द्विजः ।
वने वसेत्तु नियतो यथावद्विजितेन्द्रियः ॥ १ ॥

गृहस्थस्तु यदा पश्येद्वलीपलितमात्मनः ।
अपत्यस्यैव चापत्यं तदारण्यं समाश्रयेत् ॥ २ ॥

संत्यज्य ग्राम्यमाहारं सर्वं चैव परिच्छदम् ।
पुत्रेषु भार्यां निःक्षिप्य वनं गच्छेत्सहैव वा ॥ ३ ॥

अग्निहोत्रं समादाय गृह्यं चाग्निपरिच्छदम् ।
ग्रामादरण्यं निःसृत्य निवसेन्नियतेन्द्रियः ॥ ४ ॥

मुन्यन्नैर्विविधैर्मेध्यैः शाकमूलफलेन वा ।
एतानेव महायज्ञान्निर्वपेद्विधिपूर्वकम् ॥ ५ ॥ मनु० ६ । १–५ ॥

એ પ્રમાણે સ્નાતક (બ્રહ્મચર્ય પાળ્યા પછી જેણે ગૃહસ્થાશ્રમ કર્યો છે તે) ગૃહસ્થ દ્વિજે ગૃહાશ્રમ પાળી, નિયમ પાળવામાં અપ્રમત્ત થઇ વાનપ્રસ્થાશ્રમમાં જિતેન્દ્ર થઇ રહેવું (૧)

વાળ ધોળા થઇ જાય, ચામડી ઉપર કરચલી પડી જાય, અને પુત્રના પણ પુત્ર થઇ જાય ત્યારે ગૃહસ્થે અરણ્યમાં જઇ રહેવું. (૨)

ગ્રામ્ય આહાર (ગામમાં બનાવવામાં આવતાં શિરો પુરી બાસુદી આદિ સ્વાદિષ્ટ પદાર્થો) ગામના દેખાવવાળો પહેરવેશ અને બીજા મોહક પદાર્થોનો ત્યાગ કરી સ્ત્રીને તેણીના પુત્રોને સ્વાધીન કરી અથવા સાથે લઇ વનમાં રહેવું (૩)

અગ્નિહોત્ર કરવાનાં સાધનો સાથે લઇ ઇંદ્રિયોને કાબુમાં રાખી અરણ્યમાં નિવાસ કરવો. (૪)

સામો (જંગલમાં ઉત્પન્ન થનારૂં એક જાતનું ધાન્ય) આદિ વન્ય ધાન્યો અને શુદ્ધ તાજાં શાક, ફળ, ફુલ અને કંદાદિ વડે પાંચમહાયજ્ઞો કરવા અને અતિથિઓનો પણ તેનાથીજ સત્કાર કરવો. (૫)

स्वाध्याये नित्ययुक्तः स्याद्दान्तो मैत्रः समाहितः ।
दाता नित्यमनादाता सर्वभूतानुकम्पकः ॥ १ ॥
अप्रयत्नः सुखार्थेषु ब्रह्मचारी धराश्रयः
शरणेष्वममश्चैव वृक्षमूलनिकेतनः ॥ २ ॥ मनु० । ६ । ८ । २६ ॥

(સ્વાધ્યાય) ભણવા ભણાવવામાં તત્પર રહેવું, ઇંદ્રિયોનું દમન કરવું, સર્વની સાથે મૈત્રી કરવી, નિત્ય પ્રાણાયામ કરવો, સર્વ પ્રાણી ઉપર દયા રાખવી અને કોઇની પાસેથી કાંઇ લેવું નહિ. (૧)

શરીરને વધારે સુખમાં નાખવા પ્રયત્ન કરવો નહિ, સ્ત્રી સાથે હોય તોપણ વિષયની ઇચ્છા પણ કરવી નહિ, દઢનિશ્ચયવાળા થઇ, સાથે રહેલા પદાર્થો ઉપર મમતા રાખવી નહિ, નિર્ભય સુંદર વૃક્ષનો આશ્રય કરી ભૂમી ઉપર સુવું. (૨)

तपःश्रद्धे ये ह्युपवसन्त्यरण्ये शान्ता विद्वांसो भैक्षचर्य्यां चरन्तः ।
सूर्य्यद्वारेण ते विरजाः प्रयान्ति यत्राऽमृतः स पुरुषो ह्यव्ययात्मा ॥
मुण्ड० ॥ खं० २ । मं० ११ ॥

જે શાન્ત વિદ્વાન્ લોકો તપ, ધર્માચરણ, અને સત્ય ઉપર શ્રદ્ધાવાન્ થઇ ભિક્ષાચરણ કરી વનમાં રહે છે, તેઓ નિર્મળ થઇ પ્રાણદ્વારથી અવિનાશી અવિકારી પરમાત્માને પ્રાપ્ત થઇ સદાનન્દને પ્રાપ્ત થાય છે.

अभ्यादधामि समिधमग्ने व्रतपते त्वयि ।
व्रतञ्च श्रद्धां चोपैमीन्धे त्वां दीक्षितो अहम् ॥
यजुर्वेदे ॥ अध्याय २० । मं० २४ ॥

હું અગ્નિમાં હોમ કરી દીક્ષિત થઇ વ્રત, સત્યાચરણ અને શ્રદ્ધાને પ્રાપ્ત કરૂં એવી ઇચ્છા કરી ગૃહસ્થે વાનપ્રસ્થ થવું, અને વાનપ્રસ્થાશ્રમમાં અનેક પ્રકારની તપશ્ચર્યા સત્સંગ, યોગાભ્યાસ અને પવિત્ર વિચાર વડે વિજ્ઞાનમાં પરિપકવ થઇ પવિત્રતા પ્રાપ્ત કરવી. ત્યારબાદ જ્યારે સંન્યાસ ગ્રહણ કરવાની ઇચ્છા થાય ત્યારે સ્ત્રીને પુત્ર પાસે મોકલી દઇ સંન્યાસ ગ્રહણ કરવું.

“ इति संक्षेपेण वानप्रस्थविधिः ॥

अथ संन्यासविधिः ॥

वनेषु च विहृत्यैवं तृतीयं भागमायुषः ।
चतुर्थमायुषो भागं त्यक्त्वा सङ्गान् परिव्रजेत् ॥ मनु० ६ । ३३ ॥

એ પ્રમાણે આયુષ્યનો ત્રીજો ભાગ (પચાસમા વર્ષથી લઇ પંચોતેરમા વર્ષ સુધી) વનમાં ગાળવો. ત્યારબાદ આયુષ્યના ચોથા ભાગમાં સર્વ સંગોને છોડી પરિવ્રાટ્-સંન્યાસી થવું.

(પ્રશ્ન) ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ ન પાળી જો સંન્યાસાશ્રમમાં પ્રવેશ કરે તો શું પાપ લાગે?

(ઉત્તર) લાગે છે અને નથી પણ લાગતું.

(પ્રશ્ન) એવી બે પ્રકારની વાત કેમ કહોછો?

(ઉત્તર) બે પ્રકારની વાત કહેવામાં વિરોધ આવતો નથી. સાંભળો, બાલ્યાવસ્થામાં વિરક્ત (સંન્યાસી) થઇ પાછો જો વિષયોમાં ફસાઇ જાય, તો, મહાપાપી થાય છે અને જો ન ફસે તો મહા પુણ્યાત્મા સત્પુરૂષ થાય છે. બ્રાહ્મણ ગ્રંથનું વચન છે કે:—

“ यदहरेव विरजेत्तदहरेव प्रव्रजेद्वनाद्वा गृहाद्वा ब्रह्मचर्यादेव प्रव्रजेत् ”

અર્થાત્ જે દિવસે વૈરાગ્ય ઉત્પન્ન થાય તેજ દિવસે ગૃહસ્થાશ્રમમાંથી અથવા વાનપ્રસ્થાશ્રમમાંથી સંન્યાસ ગ્રહણ કરવો પ્રથમ સન્યાસનો પક્ષક્રમ કહ્યો અને પછી વિકલ્પ કહ્યો–એટલે વાનપ્રસ્થાશ્રમમાંથી સંન્યાસ ગ્રહણ કરવો, ગ્રહસ્થાશ્રમમાંથી સંન્યાસ ગ્રહણ કરવો, અને ત્રીજો પક્ષ આ છે કે જે પુરૂષ પૂર્ણ વિદ્વાન્ જિતેંદ્રિય, વિષયભોગની ઇચ્છાથી રહિત અને પરોપકારાર્થી હોય તો તેણે બ્રહ્મચર્યાશ્રમમાંથીજ સંન્યાસ ગ્રહણ કરવો. વેદોમાં પણ કહ્યું છે કે “ यतयः ब्राह्मणस्य विजानतः ” વિદ્વાન્ પુરૂષ યતિ–સંન્યાસી થાય છે. ઇત્યાદિ પદોથી સંન્યાસનું વિધાન છે. પરંતુઃ—

नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः
नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात् ॥ कठ० । वल्ली २ । मं० २३ ॥

જે દુષ્ટાચારથી પાછો હઠયો નથી, જે શાન્ત નથી, જે સમાહિત (યોગી) નથી, જેનું મન સ્થિર થયું નથી તે સંન્યાસ લઇને પણ, માત્રજ્ઞાનથીજ પરમાત્માને પ્રાપ્ત થઇ શકતો નથી; માટે—

यच्छेद्वाङ्मनसी प्राज्ञस्तद्यच्छेद् ज्ञान आत्मनि ॥
ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि ॥

कठ० । वल्ली ३ । मं० १३ ॥

બુદ્ધિમાન્ સંન્યાસીએ અધર્મમાં જતાં વાણી અને મનને રોકી જ્ઞાન અને આત્મામાં લગાડવાં અને જ્ઞાનાધાર આત્માને પરમાત્મામાં લગાડવો અને તે વિજ્ઞાનને શાન્ત સ્વરૂપ આત્મામાં સ્થિર કરવું.

परीक्ष्य लोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायान्नास्त्यकृतः कृतेन ।
तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥

मुण्ड० खं २ । मं० १२ ॥

સર્વ લૌકિક ઉપભોગ, કર્મોથીજ સંચિત થયાં છે એમ સમજી બ્રાહ્મણ-સંન્યાસીએ વૈરાગ્યવાન્ થવું; કારણ અકૃત એટલે જે નથી કરવામાં આવ્યો તેવો (નિત્ય) પરમાત્મા, તે કૃત એટલે કેવળ કર્મથી પ્રાપ્ત થઇ શકતો નથી. માટે કાંઇ પણ અર્પણાર્થ (ગુરૂના સત્કાર માટે) હાથમાં કાંઇ લઇ પરમાત્માને જાણનાર વેદજ્ઞ ગુરૂની પાસે વિજ્ઞાન પ્રાપ્તિને માટે જવું અને સર્વ સંદેહોનું નિવર્ત્તન કરવું. પરંતુ સર્વદા તેમનો સંગ છોડી દેવો કે જેઓ:—

अविद्यायामन्तरे वर्त्तमानाः स्वयं धीराः पण्डितम्मन्यमानाः ।
जङ्घन्यमानाः परियन्ति मूढा अन्धेनैव नीयमाना यथान्धाः ॥ १ ॥
अविद्यायां बहुधा वर्त्तमाना वयं कृतार्था इत्यभिमन्यन्ति बालाः ।
यत्कर्मिणो न प्रवेदयन्ति रागात् तेनातुराः क्षीणलोकाश्च्यवन्ते ॥ २ ॥

मुण्ड० । खं० २ । मं० ८। ९ ॥

અવિદ્યાની અન્દર વર્ત્તમાન છે અને પોતાને ધીર અને પંડિત માની બેઠા છે તેઓ નીચ ગતિમાં જનારા મૂઢ છે. જેમ અન્ધની પાછળ જનાર અન્ધની દુર્દશા થાય છે તેમ એવા લોકોની પાછળ જનારા દુઃખિત થાય છે.

જેઓ અવિદ્યાની અન્દર અનેક પ્રકારથી રમણ કરી રહ્યા છે, અમે કૃતાર્થ છીએ એમ અલ્પ બુધ્ધિવાળા માને છે. રાગથી મુગ્ધ બનેલા કર્મકાંડી લોકો જેને જાણી શકતા નથી તેમ જણાવી શકતા નથી તેથી તે લોકો આતુર થઇ (ગભરાઇ) જન્મમરણરૂપ દુઃખમાં પડ્યા રહે છે. સંન્યાસીએ એવા લોકોનો સંગ સર્વદા ત્યાગ કરવો.

वेदान्तविज्ञानसुनिश्चितार्थाः संन्यासयोगाद्यतयः शुद्धसत्वाः ।
ते ब्रह्मलोकेषु परान्तकाले परामृताः परिमुच्यन्ति सर्वे ॥
मुण्ड० । खं० २ । मं० ६ ॥

જેઓ વેદાન્ત એટલે પરમેશ્વર બોધક વેદ મંત્રોના અર્થજ્ઞાનમાં અને પવિત્ર આચારમાં અવિચલ રહી સંન્યાસ વડે અન્તઃકરણને વિશુદ્ધ કરી સંન્યાસીઓ થાય છે, તેઓ પરમાત્મામાં મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે. અને જ્યારે મોક્ષ-સુખની અવધિ પૂરી થાય છે ત્યારે ત્યાંથી છૂટી પાછા સંસારમાં આવે છે.

મુક્તિ વિના દુઃખનો વિનાશ થતો નથી. કારણકે—

न वै सशरीरस्य सतः प्रियाप्रिययोरपहतिरस्त्यशरीरं वावसन्तं न प्रियाप्रिये स्पृशतः ॥ छान्दो० ॥ प्र० ८ । खं० १२ ॥

જે દેહધારી છે તે સુખ અથવા દુઃખ વગર કદિ પણ રહી શકતો નથી પરન્તુ જ્યારે મુક્ત શરીર રહિત જીવાત્મા સર્વવ્યાપક પરમેશ્વરની સાથે શુદ્ધ થઇ રહે છે ત્યારે તેને સાંસારિક સુખ દુઃખો પ્રાપ્ત થતાં નથી, માટેઃ—

पुत्रैषणायाश्च वित्तैषणायाश्च लोकैषणायाश्च व्युत्थायाथभिक्षाचर्यं चरन्ति ॥ शत० कां० १४ । प्र० ५ । ब्रा० २ । कं० १ ॥

સંન્યાસીઓએ લોકમાં પ્રતિષ્ઠાના લોભને ધનના લોભને અને માન પુત્રાદિના મોહને છોડી, ભિક્ષુક થઇ, દિન રાત મોક્ષના સાધનમાં તત્પર રહેવું.

प्रजापत्यां निरूप्येष्टिं तस्यां सर्ववेदसं हुत्वा ब्राह्मणः प्रव्रजेत् ॥ १ ॥
यजुर्वेदब्राह्मणे ॥

प्राजापत्यां निरूप्येष्टिं सर्ववेदसदक्षिणाम् ।
आत्मन्यग्नीन्समारोप्य ब्राह्मणः प्रव्रजेद् गृहात् ॥ २ ॥
यो दत्वा सर्वभूतेभ्यः प्रव्रजत्यभयं गृहात् ।
तस्य तेजोमया लोका भवन्ति ब्रह्मवादिनः ॥ ३ ॥
मनु० ६ ॥ ३८ । ३९ ॥

પ્રજાપતિ એટલે પરમેશ્વરની પ્રાપ્તિ માટે (इष्टिम्) યજ્ઞ કરી યજ્ઞોપવીત શિખા આદિ ચિન્હો યજ્ઞમાં નાંખી આહવનીય આદિ પાંચ અગ્નિઓને પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ પ્રાણોમાં આરોપિત કરી, બ્રહ્મવિત્ બ્રાહ્મણે ઘરમાંથી નિકળી સંન્યાસી થવું. જે સર્વ પ્રાણીઓને અભયદાન આપી ઘરમાંથી નિકળી સંન્યાસી થાય છે, તે બ્રહ્મવાદી

એટલે પરમેશ્વરે પ્રકાશિત કરેલા વૈદિક ધર્મને અને વિદ્યાદિનો ઉપદેશ કરનાર સંન્યાસી પ્રકાશમય એટલે આનંદ સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત થાય છે.

(**પ્રશ્ન**) સંન્યાસીઓનો ધર્મ શો છે ?

(**ઉત્તર**) ધર્મ તો ન્યાય્ય આચરણ, પક્ષપાતનો અભાવ, સત્યનું ગ્રહણ, અસત્યનો પરિત્યાગ, વેદોક્ત ઇશ્વરીય આજ્ઞાનું પાલન, પરોપકાર, સત્ય ભાષણ આદિ સર્વ આશ્રમીઓને (મનુષ્ય માત્રને) માટે સમાન છે. પરન્તુ સંન્યાસીઓનો વિશેષ ધર્મ આ પ્રમાણે છે.

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं जलं पिबेत् ।
सत्यपूतां वदेद्वाचं मनःपूतं समाचरेत् ॥ १ ॥

क्रुद्ध्यन्तं न प्रतिक्रुध्येदाक्रुष्टः कुशलं वदेत् ।
सप्तद्वारावकीर्णां च न वाचमनृतां वदेत् ॥ २ ॥

अध्यात्मरतिरासीनो निरपेक्षो निरामिषः ।
आत्मनैव सहायेन सुखार्थी विचरेदिह ॥ ३ ॥

क्लृप्तकेशनखश्मश्रुः पात्री दण्डी कुसुम्भवान् ।
विचरेन्नियतो नित्यं सर्वभूतान्यपीडयन् ॥ ४ ॥

इन्द्रियाणां निरोधेन रागद्वेषक्षयेण च ।
अहिंसया च भूतानाममृतत्वाय कल्पते ॥ ५ ॥

दूषितोऽपि चरेद्धर्मं यत्र तत्राश्रमे रतः ।
समः सर्वेषु भूतेषु न लिङ्गं धर्म्मकारणम् ॥ ६ ॥

फलं कतकवृक्षस्य यद्यप्यम्बुप्रसादकम् ।
न नामग्रहणादेव तस्य वारि प्रसीदति ॥ ७ ॥

प्राणायामा ब्राह्मणस्य त्रयोपि विधिवत्कृताः ।
व्याहृतिप्रणवैर्युक्ता विज्ञेयं परमन्तपः ॥ ८ ॥

दह्यन्ते ध्मायमानानां धातूनां हि यथा मलाः ।
तथेन्द्रियाणां दह्यन्ते दोषाः प्राणस्य निग्रहात् ॥ ९ ॥

प्राणायामैर्दहेद्दोषान् धारणाभिश्च किल्बिषम् ।
प्रत्याहारेण संसर्गान् ध्यानेनानीश्वरान् गुणान् ॥ १० ॥

उच्चावचे॰ भूतेषु दुर्ज्ञेयामकृतात्मभिः ।
ध्यानयोगेन संपश्येद् गतिमस्यान्तरात्मनः ॥ ११ ॥

अहिंसयेन्द्रियासङ्गैर्वैदिकैश्चैव कर्म्मभिः ।
तपसश्चरणैश्चोग्रैस्साधयन्तीह तत्पदम् ॥ १२ ॥

यदा भावेन भवति सर्वभावेषु निस्पृहः ।
तदा सुखमवाप्नोति प्रेत्य चेह च शाश्वतम् ॥ १३ ॥

चतुर्भिरपि चैवैतैर्नित्यमाश्रमिभिर्द्विजैः ।
दशलक्षणको धर्मः सेवितव्यः प्रयत्नतः ॥ १४ ॥

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥ १५ ॥

अनेन विधिना सर्वास्त्यक्त्वा संगाञ्छनैः शनैः ।
सर्वद्वन्द्वविनिर्मुक्तो ब्रह्मण्येवावतिष्ठते ॥ १६ ॥

मनु० अ० ६ । ४६ । ४८ । ४९ । ५२ । ६० । ६६ । ६७ ।
७०–७३ । ७५ । ८० । ९१ । ९२ । ८१ ॥

માર્ગમાં ચાલતી વખતે આડું અવળું જોવું નહિ, નીચે પૃથ્વી તરફ દ્રષ્ટિ રાખી ચાલવું, સર્વદા કપડાંથી ગાળીને પાણી પીવું, સર્વદા સત્ય બોલવું, મનથી પૂર્ણ વિચાર કરી સત્યનું ગ્રહણ અને અસત્યનો પરિત્યાગ કરવો. ૧

ઉપદેશ અથવા સંવાદ કરતી સમય, યદિ કોઇ, સંન્યાસી ઉપર ક્રોધ અથવા નિન્દા કરે તો સંન્યાસીએ સામો ક્રોધ અથવા નિન્દા ન કરવી એજ સંન્યાસીઓને યોગ્ય છે. સર્વના હિતાર્થ ઉપદેશ કરવો ૧ મુખ ૨ નાસિકા (નસકોરાં) ૨ આંખ અને ૨ કાન એ સાત છિદ્રમાં ફેલાયલી વાણીને કોઇ પણ કારણથી અસત્ય યુક્ત કરવી નહિ. ૨

પોતાના આત્મામાં અને પરમાત્મામાં સ્થિર થઇ કોઇની પણ અપેક્ષા નહિ કરી, (સ્વતંત્રતા પૂર્વક રહી) મદ્ય અને માંસ આદિનો ત્યાગ કરી, આત્માની સહાયતા વડેજ સુખાર્થી થઇ, આ સંસારમાં ધર્મ અને વિદ્યાની વૃદ્ધિને માટે ઉપદેશ આપતો ફરતો રહે. ૩

કેશ, નખ, દાઢી અને મૂછને (જ્યારે જ્યારે હજામત કરાવે ત્યારે ત્યારે) કપાવતો રહે સુંદર પાત્ર અને દંડ તથા કસુંબાના રંગથી રંગેલા વસ્ત્રોને ધારણ કરે; આત્માનો નિશ્ચય કરી કોઇ પણ પ્રાણીને દુઃખ નહિ દેતા વિચરતો રહે. ૪

ઇન્દ્રિયોને અધર્મ તરફ જવા દેવી નહિ, રાગદ્વેષનો ત્યાગ કરી સર્વ પ્રાણીઓની સાથે નિર્વૈરપણાથી વર્ત્તી મોક્ષ મેળવવાને માટે સામર્થ્ય વધારતા રહેવું. ૫

ક્રોધનાથી દૂષિત અથવા ભૂષિત થયો હોય અને ગમે તે આશ્રમમાં રહેતો હોય તોપણ, સર્વ પ્રાણી ઉપર દયા કરી પોતે ધર્માત્મા થાય અને બીજાને ધર્માત્મા થવાનો ઉપદેશ આપે. અને મનમાં આ નિશ્ચય રાખવો કે દંડ કમંડળ અને કષાયવસ્ત્ર આદિ ચિન્હોજ ધર્મનાં કારણ નથી સર્વ જીવોની ઉપદેશ તથા વિદ્યા આદિથી ઉન્નતિ કરવી એજ સંન્યાસીઓનું મુખ્ય કર્ત્તવ્ય છે. ૬

જો કે નિર્મળી ઝાડનાં ફળનું ચૂર્ણ કરી ગંદા પાણીમાં નાંખ્યુ હોય તો અવશ્ય જળનું શોધન થાય છે પરન્તુ તેમ જો ન કરે અને માત્ર તે ફળનું નામજ લીધા કરે તો તેથી કાંઇ જળ શુદ્ધ થતું નથી. ૭

માટે બ્રહ્મજ્ઞ સંન્યાસીએ પ્રથમ ઓંકારનો ઉચ્ચાર કરી સાત વ્યાહૃતિઓથી વિધિપ્રમાણે પોતાની શક્તિ હોય ત્યાં સુધી પ્રાણાયામ કરવો, પરન્તુ ત્રણ પ્રાણાયામોથી ઓછા પ્રાણાયામ કદિ પણ કરવા નહિ—એજ સંન્યાસીઓનું પરમ તપ છે. ૮

અગ્નિમાં તપાવવાથી અથવા ગાળવાથી જેમ ધાતુઓનો મેલ દુર થઇ જાય છે તેમ પ્રાણાયામ વડે મન અને ઇંદ્રિયોના દોષો બળીને ભસ્મ થઇ જાય છે. ૯

અતએવ સંન્યાસીઓએ પ્રતિદિન આત્માના અન્તઃકરણના અને ઇંદ્રિયોના દોષોને પ્રાણાયામ દ્વારા દૂર કરવા, ધારણાઓથી પાપને, પ્રત્યાહારથી સંગદોષને, ધ્યાનથી અનીશ્વર ગુણોને એટલે હર્ષ શોક અને અવિદ્યા આદિ દોષોને ભસ્મીભૂત કરવા. ૧૦

અયોગી અને અવિદ્વાનો જેને નથી જાણી શકતા એવી સર્વ પદાર્થમાં રહેલી પરમાત્માની વ્યાપ્તિને (સંબંધને) પોતાના આત્માની તથા પરમાત્માની ગતિને એજ ધ્યાન યોગથી જાણવી. ૧૧

સર્વ પ્રાણીઓમાં નિર્વૈરતાથી રહેવું, વિષયોનો ત્યાગ કરવો, વેદોક્ત કર્મોનું અનુષ્ઠાન કરવું, તથા મોક્ષપદની પ્રાપ્તિ કરવી એ ઉપર કહેલ સંન્યાસીઓથીજ બની શકે છે. ૧૨

જ્યારે સંન્યાસી સર્વ પદાર્થોમાં નિઃસ્પૃહી તથા બ્હારના અને અન્દરના વ્યવહારમાં ભાવથી પવિત્ર થાય છે ત્યારેજ ઐહિક અને પારલૌકિક સુખોની પ્રાપ્તિ કરી શકે છે. ૧૩

માટે બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસીઓએ દશ લક્ષણવાળો ધર્મ અવશ્ય પાળવો; જે દશ લક્ષણો આ પ્રમાણે છેઃ— ૧૪

ધૃતિઃ=સદા ધૈર્ય રાખવું.

ક્ષમા=નિન્દા, સ્તુતિ, માન, અપમાન, હાનિ, લાભ, આદિ દુઃખોમાં સહનશીલતા રાખવી.

દમઃ=મનને અધર્મમાંથી રોકી સદા ધર્મમાં પ્રવૃત્ત કરાવવું એટલે કદિ પણ અધર્મ કરવાની ઇચ્છા થવી જોઇએ નહિ.

અસ્તેયમ્=ચોરી કરવી નહિ. એટલે અજાણતાં કોઇની વસ્તુ લેવી, છળ અથવા વિશ્વાસઘાત કરવો, વેદ વિરૂદ્ધ ઉપદેશ કરી બીજાના પૈસા લેવા એ બધી ચોરી કહેવાય છે અને તેનો ત્યાગ કરવો એજ 'અસ્તેય' છે.

શૌચમ્=રાગ દ્વેષ અને પક્ષપાતને છોડી અન્દરની અને મૃત્તિકા માટી (સાબુ) આદિથી બ્હારની શુદ્ધિ રાખવી.

ઇન્દ્રિયનિગ્રહઃ=અધર્મમાં જતી ઇંદ્રિયોને રોકી ધર્મમાંજ ચલાવવી.

ધીઃ=બુદ્ધિનાશક-માદક દ્રવ્યનો ત્યાગ કરી તથા દુષ્ટ સંગ અને આળસને છોડી પવિત્ર પદાર્થોનું સેવન. સત્સંગથી અને યોગાભ્યાસથી બુદ્ધિની વૃદ્ધિ કરવી.

વિદ્યા=પૃથ્વીથી લઇ પરમાત્મા સુધીનું યથાર્થ જ્ઞાન અને તેનાથી યથાયોગ્ય ઉપકાર લેવો. જેવું મનમાં તેવું વાણીમાં, જેવું વાણીમાં તેવુંજ કર્મમાં લાવવું તેનું-નામ વિદ્યા અને તેનાથી વિરૂદ્ધ હોય તે અવિદ્યા.

સત્યમ્=જે પદાર્થ જેવો હોય તેવોજ માનવો, તેવુંજ બોલવું અને તેવુંજ કરવું.

અક્રોધઃ=ક્રોધાદિ દોષોને છોડી શાન્તિ આદિ ગુણોનું ગ્રહણ કરવું.

એ દશ લક્ષણયુક્ત ધર્મનું સેવન, પક્ષપાત છોડીને તથા ન્યાય્ય પૂર્વક ચારે આશ્રમીઓએ કરવું. વેદોક્ત ધર્મમાં ચાલવું અને બીજાને સમજાવી ચલાવવા એ સંન્યાસીઓને માટે વિશેષ ધર્મ છે. એ પ્રમાણે ધીમે ધીમે સર્વ સંગદોષોનો ત્યાગ કરી શોકાદિ સર્વ દ્વન્દ્વોથી વિમુક્ત થઇ, સંન્યાસી બ્રહ્મમાંજ અવસ્થિત થાય છે. સંન્યાસીઓનું મુખ્ય કાર્ય એજ છે કે સર્વ ગૃહસ્થાદિ આશ્રમીઓને સર્વ પ્રકારના વ્યવહારોના સત્યનો નિશ્ચય કરાવી અધાર્મિક વ્યવહારોથી દૂર કરવા અને સર્વ સંશયોને દૂર કરી સત્ય-ધાર્મિક વ્યવહાર માર્ગમાં લાવવા.

(**પ્રશ્ન**) સંન્યાસ-ગ્રહણ કરવું એ બ્રાહ્મણનું કામ છે કે ક્ષત્રિઓનું પણ ?

(**ઉત્તર**) બ્રાહ્મણોનોજ અધિકાર છે કારણ કે જેઓ સર્વ વર્ણમાં પૂર્ણ વિદ્વાન્ ધાર્મિક અને પરોપકાર પ્રિય છે તેઓનુંજ નામ બ્રાહ્મણ છે. પૂર્ણવિદ્યા, ધર્મ, પરમેશ્વર ઉપર સત્ય શ્રદ્ધા અને વૈરાગ્ય વગર સંન્યાસ ગ્રહણ કરવાથી સંસારનો કોઇ વિશેષ ઉપકાર થતો નથી માટે એવી લોકશ્રુતિ છે કે સંન્યાસનો અધિકાર બ્રાહ્મણનેજ છે-બીજાને નહિ.

એમાં મનુનું પ્રમાણ પણ છે.

एष वोऽभिहितो धर्मो ब्राह्मणस्य चतुर्विधः ।
पुण्योऽक्षयफलः प्रेत्य राजधर्मान् निबोधत ॥ मनु० ६ । ९७ ॥

હે ઋષિઓ ! બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ આશ્રમો પાળવા એ બ્રાહ્મણોનો ધર્મ છે. એ પવિત્ર સંન્યાસ જે આ લોકમાં સુખ આપી મુક્તિ સ્વરૂપ અક્ષય આનન્દ આપનાર છે. હવે રાજાઓનો ધર્મ સાંભળો. આથી એ સિદ્ધ થયું કે સંન્યાસનો અધિકાર મુખ્યતયા બ્રાહ્મણને છે અને બ્રહ્મચર્યાશ્રમ આદિનો અધિકાર ક્ષત્રિયાદિઓને છે.×

× આ વાક્યનું તાત્પર્ય ઉપરનો ઉત્તર બરાબર સમજવાથી જણાશે

(પ્રશ્ન) સંન્યાસ લેવાની શી આવશ્યક્તા છે?

(ઉત્તર) જેમ શરીરમાં માથાની જરૂર છે તેમ આશ્રમોમાં સંન્યાસાશ્રમની જરૂર છે; કારણ કે સંન્યાસાશ્રમ વિના, વિદ્યા અને ધર્મની વૃદ્ધિ કદિ પણ થઇ શકતો નથી. બીજા આશ્રમીઓને વિદ્યોપાર્જન, ગૃહકર્મ અને તપશ્ચર્યાદિ પાળવાના હોવાથી ઉપદેશ કરવાનો સમય ઘણોજ ઓછો મળે છે, તેમને પક્ષપાત છોડવો એ પણ કઠણ થઇ પડે છે; માટે સર્વ ત્યાગી સંન્યાસીઓજ પુષ્કળ નવરાશ લઇ, સતત્ ઉપદેશ આપી, વિદ્યા અને પદાર્થ વિજ્ઞાનની વિશેષ ઉન્નતિ કરી શકે છે. બ્રહ્મચર્યાશ્રમથી સંન્યાસ-ધારી પુરૂષ જેટલી જગતની ઉન્નતિ કરે છે તેટલી ગૃહસ્થાશ્રમથી અથવા વાનપ્રસ્થાશ્રમ પછી સંન્યાસ–ધારી કરી શકતો નથી.

(પ્રશ્ન) સંન્યાસ-ગ્રહણ કરવું એક ઇશ્વરના અભિપ્રાયથી વિરૂદ્ધ છે. ઇશ્વરનો અભિપ્રાય મનુષ્યોની વૃદ્ધિ કરવામાં છે. જો ગૃહાશ્રમ ન કરે તો સન્તાન નહિ થાય. સંન્યાસ મુખ્ય છે આવી બુદ્ધિથી જો પ્રત્યેક મનુષ્ય સંન્યાસ લેવા મંડી જાય તો મનુષ્યોનો મૂલોચ્છેદ થઈ જાય.

(ઉત્તર) ઠીક, ઘણા વિવાહિત મનુષ્યોને પણ સન્તાનો થતાં નથી–ઘણાઓને થઇને મરી જાય છે, તો તેઓ પણ તમારા મત પ્રમાણે ઇશ્વરના અભિપ્રાયથી વિરૂદ્ધ કરનારા થયા. જો કહો કે—“**यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः?** એ કોઇ કવિનું વચન છે–અર્થાત્ યત્ન કરવા છતાં પણ જો કાર્ય સિદ્ધ ન થાય તો આમાં શો દોષ? અર્થાત્ કશો પણ નહિ.” તો અમે તમને પૂછીએ છીએ કે—ગૃહાશ્રમ કરવાથી ઘણાં સંતાનો પેદા થઇ એક બીજાથી વિરૂદ્ધ ચાલી લડી મરે છે. એ હાનિ શું ઓછી છે? ગેર સમજથી લડાઇ ઘણી થાય છે એ ગેર સમજને સંન્યાસી જો વેદોક્ત ધર્મ સમજાવી દૂર કરે તો પરસ્પર પ્રીતિ ઉત્પન્ન થાય અને લાખો માણસોનો જીવ બચે. સહસ્રો ગૃહસ્થો સંતાન પેદા કરે છે, જ્યારે સંન્યાસીઓ પવિત્ર જ્ઞાન આપી તેમને પરસ્પર પ્રીતિ ઉપજાવી બચાવી શકે છે. અને સર્વ મનુષ્યો સંન્યાસ લઇ પણ શકતા નથી; કારણ કે સર્વેની વિષયાસક્તિ કદિ પણ છુટી શકતી નથી. સંન્યાસીઓના ઉપદેશથી જે જે મનુષ્યો ધાર્મિક થશે તે તે માનો કે સંન્યાસીઓના પુત્ર તુલ્ય છે.

(પ્રશ્ન) સંન્યાસી લોકો કહે છે કે, “અમારે કાંઈ કરવાનું નથી. અમારે તો અન્ન વસ્ત્ર લઇ આનન્દમાં રહેવું. અવિદ્યા–રૂપ સંસારની સાથે માથાફોડ કરવાની અમને શી જરૂર છે? અમે તો અમને બ્રહ્મ માની આનન્દમાં રહેનારા. અમને કોઇ આવીને પૂછે તો અમે તેને આજ ઉત્તર આપવાના, કે તું પણ બ્રહ્મ છે. તને પાપ અને પુણ્ય નથી લાગતાં, ઠંડી અને ગરમી

એ શરીરનો ધર્મ છે, ભૂખ અને તરસ એ પ્રાણનો ધર્મ છે, સુખ અને દુઃખ એ મનના ધર્મ છે, અને જગત્ ખોટું છે અને જગત્ વ્યવહારે પણ ખોટા છે; માટે એમાં ફસાવું એ બુદ્ધિમાનૂનું કામ નથી. જે કાંઇ પાપ અથવા પુણ્ય થાય છે તે દેહ અને ઇંદ્રિયોના ધર્મ છે. આત્માના નહિ ઈ." પણ તમે તો આજે કોઇ જુદોજ સંન્યાસ-ધર્મ બતાવ્યો. તે અમારે હવે કોનું સાચું માનવું અને કોનું જુઠું માનવું ?

(ઉત્તર) શું સંન્યાસીઓને સારાં કર્મો પણ કર્ત્તવ્ય નથી ? જુઓઃ—

वैदिकैश्चैव कर्मभिः* मनु० ६—७५.

પવિત્ર વૈદિક કર્મો સંન્યાસીઓએ પણ અવશ્ય કરવાં. શું ભોજન છાદન (વસ્ત્ર પ્હેરવાં તે) આદિ કર્મો તેઓ છોડી શકશે ? જો તે કર્મો નથી છૂટી શકતાં, તો ઉત્તમ કર્મ છોડવાથી તેઓ પાપભાગી થાય છે. જ્યારે તેઓ ગૃહસ્થ પાસેથી અન્ન વસ્ત્ર લે છે અને તેનો પ્રત્યુપકાર નથી કરતા તો શું તેથી તેઓ મહાપાપી નહિ થાય ? જો આંખથી દેખાય નહિ અને કાનથી સંભળાય નહિ તો આંખ કાનનું અસ્તિત્વ વ્યર્થ છે. તેવીજ રીતે સંન્યાસીઓ જો વેદાદિ સત્યશાસ્ત્રોનો વિચાર અને સત્ય ઉપદેશ દ્વારા પ્રચાર ન કરે તો તેઓ સંસારમાં નકામા ભાર રૂપ છે. અવિદ્યારૂપ સંસારમાં માથાફોડ શા માટે કરવી ? ઇત્યાદિ જેઓ કહે છે અને લખે છે તેઓજ મિથ્યાત્વી અને પાપને વધારનારા છે. શરીર આદિથી જે કાંઇ કર્મ કરવામાં આવે છે તે આત્માનુંજ છે અને તેના ફલનો ભોક્તા પણ આત્માજ છે. જેઓ જીવને બ્રહ્મ બતાવે છે તેઓ અવિદ્યા નિદ્રામાં સૂતા છે; કારણ કે જીવ અલ્પ અને અલ્પજ્ઞ છે જ્યારે, બ્રહ્મ સર્વવ્યાપક અને સર્વજ્ઞ છે. બ્રહ્મ શુદ્ધ, બુદ્ધ અને મુક્ત સ્વભાવ છે, જ્યારે જીવ કોઇ દિવસ બદ્ધ અને કોઇ દિવસ મુક્ત રહે છે. બ્રહ્મને સર્વવ્યાપકતા અને સર્વજ્ઞતા હોવાથી કદીપણ ભ્રમ અથવા અવિદ્યા થતી નથી; પરન્તુ જીવને કોઇ દિવસ વિદ્યા અને કોઇ દિવસ અવિદ્યા થાય છે. બ્રહ્મ જન્મ-મરણ અને દુઃખોને કદિ પણ પ્રાપ્ત થતો નથી પરંતુ જીવ તો પ્રાપ્ત થાય છે, માટે તેઓનો ઉપદેશ મિથ્યા છે.

(પ્રશ્ન) સર્વકર્મનો ત્યાગ કરનારા સંન્યાસીઓ (રાંધવા માટે) અગ્નિનો અને ધાતુઓ (દ્રવ્યાદિ) નો સ્પર્શ કરતા નથી એ વાત સાચી છે ?

(ઉત્તર) નહિ જે પુરૂષ બ્રહ્મને જાણે છે અનેઃ—

" सम्यङ् नित्यमास्ते यस्मिन् यद्वा सम्यङ् न्यस्यन्ति दुःखानि कर्माणि येन स संन्यासः सप्रशस्तो विद्यते यस्य स संन्यासी "

---

* अहिंसयेन्द्रियासङ्गैर्वैदिकैश्चैव कर्मभिः ।
तपसश्चरणैश्चोग्रैः साधयन्तीतत्पदम् ॥ मनु० ६.

અર્થાત્ જે વડે દુષ્ટકર્મોનો નાશ કરી શકાય એવો સ્વભાવ જેની અંદર હોય તે સંન્યાસી કહેવાય છે માટે જે સુકર્મોનો કરનાર અને દુષ્કર્મોનો નાશકર હોય તે સન્યાસી છે.*

(પ્રશ્ન) અધ્યાપન અને ઉપદેશ ગૃહસ્થો કર્યા કરે છે તો પછી સંન્યાસીનું શું પ્રયોજન છે?

(ઉત્તર) સર્વ આશ્રમીઓ સત્ય ઉપદેશ ભલે સાંભળે અને કરે પરન્તુ જેટલો અવકાશ અને પક્ષપાતનો અભાવ સંન્યાસીઓને હોય છે તેટલો ગૃહસ્થોને હોતો નથી; જો બ્રાહ્મણ દંપતિ ઉપદેશ આપતાં હોય તો ભલે પુરૂષ પુરૂષોને અને સ્ત્રી સ્ત્રીઓને ઉપદેશ કરે અને વિદ્યા ભણાવે. પરન્તુ ભ્રમણનો અવકાશ જેટલો સંન્યાસીઓને મળે છે તેટલો ગ્રહસ્થ બ્રાહ્મણ આદિને મળી શકતો નથી. જ્યારે બ્રાહ્મણ વેદ વિરૂદ્ધ વર્ત્તન કરે છે, ત્યારે તેનો નિયન્તા સંન્યાસી હોય છે, માટે સંન્યાસનું હોવું યોગ્ય છે.

(પ્રશ્ન) "**एक रात्रिं वसेद् ग्रामे**" ઇત્યાદિ વચનોથી સંન્યાસીઓએ એક જગ્યા પર એક રાતથી વધારે ન રહેવું જોઇએ ?

(ઉત્તર) એ વાત કેટલેક અંશે ઠીક છે; કારણ કે એક જગ્યા પર રહેવાથી જગતનો વધારે ઉપકાર થઇ શકતો નથી અને સ્થાનનું પણ અભિમાન થાય છે, રાગદ્વેષની પણ વૃદ્ધિ થાય છે; પરન્તુ જો એક જગ્યાએ રહેવાથી વધારે ઉપકાર થાય તો રહેવું. જેમ જનક રાજાને ત્યાં પંચશિખ આદિ ચાર ચાર માસ સુધી રહેતા હતા; તેમજ સંન્યાસીઓ પણ કેટલાએક વર્ષો સુધી રહેતા હતા " એક જગ્યાએ ન રહેવું એ વાત આજકાલના પાખંડી સાંપ્રદાયિકોએ બનાવી છે; કારણકે સંન્યાસીઓ જો એક જગ્યાએ રહેશે તો અમારૂં પાખંડ ખંડિત થઇ જશે અને આગળ ચાલશે નહિ."

---

* **काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयोविदुः । गीता० १८-२**

ફલની ઇચ્છા રાખીનેજ કામ કરવામાં આવે છે તેનો ત્યાગ કરવો તેનું નામ સંન્યાસ છે.

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।
यज्ञ दान तपः कर्म न त्याज्यं कार्यमेव तत् ॥ १८-३

[illegible] तु कर्माणि संङ्गं त्यक्त्वा फलानिच ।
[illegible] मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥ १८-६

દોષવાળાં કર્મોનો ત્યાગ કરવો એમ વિદ્વાનોએ કહ્યું છે. યજ્ઞ, દાન, તપ અને કર્મનો ત્યાગ ન જ કરવો. સંગને છોડીને ફળની ઇચ્છા રાખ્યા વગર તપ આદિ કર્મો તો કરવાંજ જોઇએ. હે પાર્થ એવું મારૂં માનવું છે. અનુવાદક.

(પ્રશ્ન)

यतीनां काञ्चनं दद्यात्ताम्बूलं ब्रह्मचारिणाम् ।
चौराणामभयं दद्यात्स नरो नरकं व्रजेत् ॥

ઇત્યાદિ વચનોનો અભિપ્રાય આ પ્રમાણે છે—સંન્યાસીઓને જો સુવર્ણ આદિનું દાન આપે તો દાતા નરકમાં જાય છે.

(ઉત્તર) એ વાત પણ વર્ણાશ્રમ-વિરોધી સંપ્રદાયી અને સ્વાર્થસાગર પૌરાણિકોની બનાવટી છે; કારણ કે જો સંન્યાસીને ધન મળશે તો તેઓ અમારૂં ખંડન ખૂબ કરશે જેથી અમારી હાનિ થશે તથા અમારે આધીન પણ તેઓ રહેશે નહિ; પણ જો ભિક્ષાદિ વ્યવહારે અમારે આધીન રહેશે તો બ્હીતા રહેશે. મૂર્ખ અને સ્વાર્થીઓને દાન દેવું યોગ્ય સમજોછો તો પછી વિદ્વાન્ પરોપકારી સંન્યાસીઓને દાન દેવામાં કોઇપણ પ્રકારનો દોષ નથી.

विविधानि च रत्नानि विविक्तेषूपपादयेत् ॥ *

નાના પ્રકારના રત્ન અને સુવર્ણાદિ ધન (**विविक्त**) સંન્યાસીઓને આપવાં. ઉપર જે તમે (**यतिनां॰**) શ્લોક કહ્યો તે ઠીક નથી કારણ કે સંન્યાસીઓને સુવર્ણ આપે તો યજમાન નરકમાં જાય તો શું ચાંદી મોતી હીરા આદિ આપવાથી સ્વર્ગમાં જશે ?

(પ્રશ્ન) આ પંડિતજી આનો પાઠ બોલતાં ભૂલી ગયા. આ પાઠ આવો છે કે "**यति हस्ते धनं दद्यात्**" જો સંન્યાસીઓના હાથમાં ધન આપે તો નરકમાં જાય છે.

(ઉત્તર) એ વચન પણ મૂર્ખોની કપોલકલ્પનાથી રચાયું છે; કારણ કે હાથમાં ધન આપવાથી દાતા જો નરકમાં જાય તો પગમાં ધરવાથી અથવા ગાંસડી બાંધીને આપવાથી શું સ્વર્ગમાં જશે? માટે એવી કલ્પના માનવા જેવી નથી. હા, એ વાત તો ઠીક છે કે જો સંન્યાસી જેટલાથી નિર્વાહ થઇ શકે તેટલાથી વધારે રાખે તો ચોર આદિથી પીડીત અને મોહિત પણ થઇ જાય. પરન્તુ જે વિદ્વાન છે તે અયુક્ત વ્યવહાર કદિપણ કરતો નથી તેમ મોહમાં પણ ફસાતો નથી; કારણ કે તે ગ્રહાશ્રમના અને બ્રહ્મચર્યના સર્વ ભોગો ભોગવી ચુકયો છે અને જે બ્રહ્મચર્યાશ્રમથી સંન્યાસી થાય છે તે પૂર્ણ વૈરાગ્યવાન્ હોવાથી કદિપણ ફસાતો નથી.

---

* મુંબઇમાં નિર્ણય સાગરમાં ત્રીજી આવૃતિની મનુસ્મૃતિમાં આ પ્રમાણે શ્લોક છે.

धनानि तु यथाशक्ति विप्रेषु प्रतिपादयेत्
वेदवित्सु विविक्तेषु प्रेत्य स्वर्गं समश्नुते ॥ ११-६

સંભવ છે કે સ્વામીજીને કોઇ જુદી પ્રતમાં એવો પાઠ મળ્યો હોય અથવા અન્યાંતરથી પ્રાપ્ત થયો હોય.

(પ્રશ્ન) લોકો કહે છે કે શ્રાધ્ધમાં સંન્યાસી આવે તો અથવા જમાડે તો પિતૃ ન્હાસી જઇ નરકમાં પડેછે.

(ઉત્તર) પ્રથમ તો મરેલા પિતૃઓનું આવવું તથા કરવામાં આવેલું શ્રાધ્ધ મૃતક પિતૃઓને પહોંચવુંજ અસંભવનિય છે, માટે વેદ અને શ્રુતિ વિરૂધ્ધ હોવાથી તે અસત્ય છે. માટે જ્યારે પિતૃ આવતાજ નથી તો ન્હાશી કોણ જશે ? ઇશ્વરીય વ્યવસ્થાવડે પોતાના પાપપુણ્યરૂપ હેતુથી, મરણ પછી જીવ જન્મ લે છે. તો પછી એઓનું આવવું કેવી રીતે બની શકે ? માટે એ વાત પણ ઉદરંભરિ પુરાણી અને વૈરાગીઓની બનાવટી છે. એ વાત તો ઠીક છે કે જ્યાં સંન્યાસીઓ જશે ત્યાં મૃતક શ્રાધ્ધ વેદાદિ શાસ્ત્રોથી વિરૂદ્ધ હોવાથી પાખંડ દૂર થશે.

(પ્રશ્ન) જો બ્રહ્મચર્યાશ્રમથીજ સંન્યાસ લેશે તો તેનો નિર્વાહ થવો મુસ્કીલ થઇ પડશે. કામને રોકવો પણ અતિ કઠિન છે માટે ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ કર્યા પછી વૃધ્ધાવસ્થામાં સંન્યાસ લેવો યોગ્ય છે.

(ઉત્તર) જે નિર્વાહ ન કરી શકે, ઇંદ્રિયોને ન રોકી શકે તેણે બ્રહ્મચર્યાશ્રમથી સંન્યાસ ન લેવો, પણ જે રોકી શકે છે તેણે શા માટે ન લેવો ? જે પુરૂષે વિષયોના દોષો અને વીર્ય સંરક્ષણના ગુણો જાણ્યા છે, તે વિષયાસક્ત કદિ પણ થઇ શકતો નથી અને તેનું વીર્ય વિચારરૂપ અગ્નિમાં ઇન્ધિનવત્ થઇ જાય છે એટલે વિચારમાંજ વીર્યનો વ્યય થાય છે. વૈદ્ય અને ઔષધિઓની આવશ્યકતા રોગીઓને હોય છે નિરોગીઓને નહિ. માટે જે પુરૂષને અથવા સ્ત્રીને વિદ્યા અને ધર્મની વૃદ્ધિ તથા સંસારમાં ઉપકાર કરવો એજ પરમ પ્રયોજન છે તેણે વિવાહ ન કરવો. જેમ પંચશિખ આદિ પુરૂષો તથા ગાર્ગી આદિ સ્ત્રીઓ અવિવાહિત રહ્યાં. માટે અધિકારીઓએ સંન્યાસી થવું ઉચિત છે; પણ જો અનધિકારી સંન્યાસ ગ્રહણ કરશે તો તે પોતે ડૂબશે અને બીજાને ડૂબાવશે. જેમ " **सम्राट्** " ચક્રવર્તી રાજા હોય છે તેમજ " **परिव्राट्** " સંન્યાસીઓ હોય છે. ઉલટો રાજા કરતાં સંન્યાસી વધારે માન્ય છે, કારણ કે રાજા પોતાના દેશમાં અને પોતાના સંબંધીઓમાંજ સત્કારપાત્ર હોય છે, પણ સંન્યાસી તો સર્વત્ર પૂજાય છે.

विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ॥

એ ચાણક્ય નીતિશાસ્ત્રનો શ્લોક છે. વિદ્વાન અને રાજા પરસ્પર કદિ પણ તુલ્ય થઇ શકતા નથી; કારણ કે રાજા પોતાના રાજ્યમાંજ માન અને સત્કાર પામે છે પણ વિદ્વાન સર્વત્ર માન અને પ્રતિષ્ઠાપાત્ર થાય છે; માટે વિદ્યા ભણવાને, સુશિક્ષા લેવાને બલવાન થવાને બ્રહ્મચર્યાશ્રમ; સર્વ પ્રકારના ઉત્તમ વ્યવહાર કરવાને માટે ગૃહસ્થાશ્રમ; વિજ્ઞાન, વિચાર, ધ્યાન

વધારવાને અને તપશ્ચર્યા કરવાને માટે વાનપ્રસ્થાશ્રમ અને વેદાદિ સત્ય શાસ્ત્રના પ્રચાર માટે ધાર્મિક-વ્યવહારના ગ્રહણ માટે, દુષ્ટ વ્યવહારના ત્યાગ માટે, સત્ય ઉપદેશ અને બધાને નિઃસંદેહ કરવાને માટે સંન્યાસાશ્રમ છે. પરંતુ જેઓ આ સંન્યાસના મુખ્ય ધર્મ અને સત્યોપદેશ આદિ નથી કરતા તેઓ પતિત થઇ નરકગામી થાય છે. માટે સંન્યાસીઓને ઉચિત છે કે સત્ય-ઉપદેશ, શંકાસમાધાન વેદાદિ સત્યશાસ્ત્રોનું અધ્યાપન અને વેદોક્ત ધર્મની વૃદ્ધિ પ્રયત્નથી કરી સંસારની ઉન્નતિ કર્યાં કરવી.

(પ્રશ્ન) જેઓ સંન્યાસીઓથી ભિન્ન સાધુ, વૈરાગી, ગુસાંઇ, ખાખી આદિ છે તેઓ સંન્યાસાશ્રમમાં ગણાય કે નહિ ?

(ઉત્તર) નહિ, કારણ કે એઓમાં સંન્યાસનું એક પણ લક્ષણ નથી. તેઓ વેદ વિરૂદ્ધ માર્ગમાં પ્રવૃત્ત થઇ પોતાના સંપ્રદાયના આચાર્યના વચનને વેદથી પણ વધારે માને છે અને પોતાનાજ મતની પ્રશંસા કરી ખોટા પ્રપંચમાં ફસાઇ જઈ, સ્વાર્થને માટે બીજાઓને પોતપોતાના મતમાં ફસાવે છે. સુધાર કરવો તો દુર રહ્યો પણ ઉલટું સંસારને બહેકાવી (ભ્રમમાં નાંખી) અધોગતિમાં પહોંચાડી પોતાનું પ્રયોજન સિધ્ધ કરે છે; માટે તેઓને સંન્યાસાશ્રમમાં ગણી શકતા નથી. પરંતુ તેઓ સ્વાર્થાશ્રમી તો પાકા છે તેમાં કોઇ પણ પ્રકારનો સંદેહ નથી. જેઓ પોતે ધર્મમાં ચાલે છે અને બીજાને ચલાવે છે, આ લોકમાં અને પરલોકમાં સુખ ભોગવે છે અને બીજાને ભોગવાવે છે-તેઓજ ધર્માત્માઓ, સંન્યાસીઓ અને મહાત્માઓ છે. એ પ્રમાણે સંક્ષેપથી સન્યાસાશ્રમની શિક્ષા લખી છે. હવે આગળ (છઠ્ઠા સમુલ્લાસમાં) રાજધર્મનો વિષય લખવામાં આવશે.

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामिकृते सत्यार्थप्रकाशे
सुभाषाविभूषिते वानप्रस्थसंन्यासाश्रमविषये
पञ्चमः समुल्लासः सम्पूर्णः ॥ ५ ॥

अथ षष्ठसमुल्लासारम्भः ॥

अथ राजधर्मान् व्याख्यास्यामः ॥

राजधर्मान् प्रवक्ष्यामि यथावृत्तो भवेन्नृपः ।
संभवश्च यथा तस्य सिद्धिश्च परमा यथा ॥ १ ॥
ब्राह्मं प्राप्तेन संस्कारं क्षत्रियेण यथाविधि ।
सर्वस्यास्य यथान्यायं कर्त्तव्यं परिरक्षणम् ॥ २ ॥ मनु० ७।१।२

મહારાજ મનુજી કહે છે કે, હે ઋષિઓ ! મેં તમને ચાર વર્ણો અને ચાર આશ્રમો પ્રકારસહિત કહી સમજાવ્યા. હવે રાજધર્મ કહું છું. રાજા કેવો હોવો જોઈએ ? અને તેની ઉત્પત્તિ શા માટે છે ? તથા તેને પરમ સિદ્ધિ કેવી રીતે મળી શકે છે ? એ બધું કહું છું. ૧

જેમ પરમ વિદ્વાન્ બ્રાહ્મણ વર્ત્તન કરે છે તેમ સુશિક્ષિત અને વિદ્વાન્ ક્ષત્રિયે આ સર્વ રાજ્યવ્યવસ્થાનું પાલન યથાયોગ્ય કરવું. ૨

રાજ્યવ્યવસ્થાનો પ્રકાર આ પ્રમાણે છે—

त्रीणि राजाना विदथे पुरूणि परि विश्वानि भूषथः
सदांसि ॥ ऋ० ॥ मं० ३ । सू० ३८ । मं० ६ ॥

ઈશ્વર ઉપદેશ આપે છે કે—(**राजाना**) રાજા, રાજપુરૂષ અને પ્રજા એ બધાયે મળીને (**विदथे**) સુખની પ્રાપ્તિને માટે, વિજ્ઞાનની વૃદ્ધિને માટે અને રાજા તથા પ્રજા વચ્ચેના પવિત્ર ચિરસ્થાયી સંબંધના રક્ષણને માટે (**त्रीणि सदांसि**) ત્રણ સભાઓ નિયત કરવી. એક વિદ્યાર્યસભા, બીજી ધર્માર્યસભા. અને ત્રીજી રાજાર્યસભા (**पुरूणि**) અને બહુ પ્રકારના (**विश्वानि**) સર્વ પ્રજાકીય મનુષ્યો તથા પ્રાણીઓને (**परिभूषथः**) સર્વ પ્રકારની વિદ્યા, સુશિક્ષા, ધાર્મિકશિક્ષા, અને યોગ્ય સ્વાતંત્ર્યની શિક્ષા આપી ધનાદિથી સુખી કરવા.

तं सभा च समितिश्च सेना च ॥ १ ॥ अथर्व० कां० १९ । अनु० २ । व० ९ । मं० २ ॥

सभ्य सभां मे पाहि ये च सभ्याः सभासदः ॥ २ ॥ अथर्व० कां० १९ । अनु० ७ । व० ५५ । मं० ६ ॥

(**तम्**)[1] તે રાજધર્મને (**सभा च**) ત્રણે સભાએ (**समितिश्च**) સંગ્રામાદિની વ્યવસ્થા અને (**सेना च**) સેનાએ મળી રક્ષિત કરવો. ૧

રાજાએ દરેક સભાસદ્‌ને આજ્ઞા કરવી કે (**सभ्य**) સભાને યોગ્ય હે મુખ્ય સભાસદ્ તું (**मे**) મ્હારી (**सभाम्**) સભાનું ધાર્મિક અને નૈતિક વ્યવસ્થા વડે (**पाहि**) રક્ષણ કર, અને (**येच**) જે (**सभ्याः**) સભાને લાયક (**सभासदः**) બીજા સભાસદો છે તે પણ વ્યવસ્થા વડે સભાનું પાલન કરે.૨

એનો અભિપ્રાય એ છે કે રાજ્યનો અધિકાર એકને આપવો નહિ. પરંતુ રાજા પ્રધાન અને પ્રજા એ ત્રણેને આધીન હોવો જોઇએ અને એ ત્રણેની વ્યવસ્થા આવા પ્રકારની હોવી જોઇએ. રાજાને આધીન પ્રધાન, પ્રધાનને આધીન રાજા. રાજા અને પ્રધાનને આધીન પ્રજા અને પ્રજાને આધીન રાજા અને પ્રધાન. જે આ પ્રમાણે રાખવામાં ન આવે તોઃ—

राष्ट्रमेव विश्याहन्ति तस्माद्राष्ट्री विशं घातुकः । विशमेव राष्ट्रायाद्यां करोति तस्माद्राष्ट्री विशमत्ति न पुष्टं पशुं मन्यत इति ॥ शत० कां० १३ । प्र० २ । ब्रा० ३ । कं० ७ । ८ ॥

જો રાજા, પ્રધાન મંડળ તથા પ્રજાને અનુકૂળ ન રહી સ્વતંત્ર રહે તો (**राष्ट्रमेव विश्याहन्ति**) સ્વતંત્ર થયેલા રાજા રાજ્યમાં પ્રવેશ કરી પ્રજાનો નાશ કરશે માટે સ્વાધીન ઉન્મત્ત રાજા (**राष्ट्री विशं घातुकः**) પ્રજાનો ઘાતક થાય છે અર્થાત્ (**विशमेव राष्ट्रायाद्यां करोति**) તે રાજા પ્રજાને ખાઇ જાય છે (અત્યન્ત પીડા કરે છે) માટે કોઇ એકને રાજ્યમાં સ્વતંત્ર બનાવવો નહિ. જેમ સિંહ અથવા માંસાહારી કોઇ બીજું પશુ ગરીબ પશુઓને મારીને ખાઇ જાય છે તેમ (**राष्ट्री विशमत्ति**) સ્વતંત્ર રાજા પ્રજાનો નાશ કરી નાંખે છે. અર્થાત્ કોઇને સમૃદ્ધિવાન થવા દેતો નથી. લક્ષ્મીવાનને લુંટી ઝુંટી દંડ લઇ પોતાનું પ્રયોજન સિદ્ધ કરે છે.

इन्द्रो जयाति न परा जयाता अधिराजो राजसु राजयातै । चर्कृत्य

---

૧ (**सभा च**) પ્રધાન આદિ મંડળે તથા (**समिति**) યુધ્ધ આદિની વ્યવસ્થા કરવાને વાસ્તે નિમવામાં આવેલી સભાએ અને (**सेना च**) લશ્કર એ ત્રણે મળી (**तम्**) તે રાજધર્મનું રક્ષણ કરવું. એવો શ્રી સ્વામિજીનો ભાવાર્થ લાગે છે.—અનુવાદક.

ईड्यो वन्द्यश्चोपसद्यो नमस्यो भवेह ॥ अथर्व० । कां० ६ । अनु० १० । व० ९८ । मं० १ ॥

હે મનુષ્યો જે (**इह**) આ મનુષ્ય સમુદાયમાં (**इन्द्रः**) પરમ ઐશ્વર્યનો કર્તા અને શત્રુઓને (**जयाति**) જીતી શકે, (**न पराजयाति**) શત્રુઓથી પરાજય પામનાર ન હોય, (**राजसु**) રાજાઓમાં સર્વોપરિ (**राजयातै**) પ્રકાશિત હોય, (**चर्कृत्यः**) સભાપતિ થવાને સુયોગ્ય હોય, (**ईड्यः**) પ્રશંસનીય ગુણ, કર્મ અને સ્વભાવથી યુક્ત હોય, (**वन्द्यः**) સત્કાર કરવાને યોગ્ય હોય, (**चोपसद्यः**) શરણુ લેવાને યોગ્ય હોય, (**नमस्यः**) સર્વને માન્ય (**भव**) હોય તેને જ રાજાએ સભાપતિ બનાવવો.

इमन्देवा असपत्न ँ सुवध्वं महते क्षत्राय महते ज्यैष्ठ्याय महते जानराज्यायेन्द्रस्येन्द्रियाय ॥ यजु० ॥ अ० ९ । मं० ४० ॥

હે (**देवा**) વિદ્વાનો રાજા અને પ્રજાજનો ! તમે (**इमम्**) આવા પ્રકારના પુરૂષને (**महते क्षत्राय**) મ્હોટા ચક્રવર્તી થવાને (**महतेज्यैष्ठ्याय**) સર્વથી મહાન્ થવાને (**महते जानराज्याय**) મ્હોટા મ્હોટા વિદ્વાનો યુક્ત રાજ્યનું પાલન કરવાને તથા (**इन्द्रस्येन्द्राय**) પરમૈશ્વર્ય–યુક્ત રાજ્યની વ્યવસ્થા કરવાને (**असपत्न ँ सुवध्वम्**) સંમતિ કરી સર્વાધીશ માનો અને એવા વિદ્યાવિનયસંપન્ન નિષ્પક્ષપાત પુરૂષની સહાયતા વડે સર્વ રાજ્યને શત્રુ રહિત કરો.

स्थिरा वः सन्त्वायुधा पराणुदे वीळू उत प्रतिष्कभे ।
युष्माकमस्तु तविषी पनीयसी मा मर्त्यस्य मायिनः ॥
ऋ० ॥ मं० १ । सू० ३९ । मं० २ ॥

ઇશ્વર ઉપદેશ આપે છે કે હે રાજપુરૂષો ! (**वः**) તમારાં (**आयुधा**) આગ્નેયાદિ અસ્ત્રો, શતઘ્ની (તોપ) ધનુષ, બાણુ, તલવાર આદિ હથિયારો શત્રુઓનો (**पराणुदे**) પરાજય કરવાને (**उत प्रतिष्कभे**) અને રક્ષણુ કરવાને (**वीळू**) પ્રશંસિત અને (**स्थिरा**) મજબૂત (**सन्तु**) રહેવા જોઇએ. અને (**युष्माकम्**) તમારી (**तविषी**) સેના (**पनीयसी**) પ્રશંસનીય (**अस्तु**) હોવી જોઇએ. જેથી તમે સદા વિજયી રહેશો પરન્તુ (**मा मर्त्यस्य मायिनः**) જે નિન્દિત અન્યાયરૂપ કામ કરે છે તેને માટે ઉપર કહેલી વસ્તુ ન રહેવી જોઇએ અર્થાત્ મનુષ્ય જ્યાં સુધી ધાર્મિક રહે છે ત્યાં સુધીજ રાજ્યની વૃદ્ધિ રહ્યા કરે છે અને જ્યારે દુષ્ટાચારી થાય છે ત્યારે નષ્ટભ્રષ્ટ થઇ જાય છે. મહાન્ વિદ્વાનને વિદ્યાસભાધિકારી, ધાર્મિક વિદ્વાનને ધર્મસભાધિકારી, પ્રશંસનીય ધાર્મિક પુરૂષને રાજસભાના સભાસદ અને જે એ બધામાં સર્વોત્તમ ગુણકર્મ સ્વભાવયુક્ત મહાપુરૂષ હોય તેને રાજસભાનું પ્રતિરૂપ (પ્રતિબિમ્બ) માની સર્વ પ્રકારથી ઉન્નતિ કરવી. ત્રણે સભાઓની સંમતિથી રાજનીતિના ઉત્તમ નિયમો બાંધવા અને તે નિયમોને આધીન સર્વ પ્રજાને ચલાવવી. સર્વના

હિતકારક કામોમાં સલાહ આપવી, સર્વનાં હિતકામ કરવાને માટે પરતંત્ર રહેવું અને પોતાનાજ હિતકામને માટે સ્વતંત્ર રહેવું. આવા પ્રકારના સભાપતિના ગુણો હોવા જોઇએ.

इन्द्राऽनिलयमार्काणामग्नेश्च वरुणस्य च ।
चन्द्रवित्तेशयोश्चैव मात्रा निर्हृत्य शाश्वतीः ॥ १ ॥
तपत्यादित्यवच्चैष चक्षूंषि च मनांसि च ।
नचैनं भुवि शक्नोति कश्चिदप्यभिवीक्षितुम् ॥ २ ॥
सोऽग्निर्भवति वायुश्च सोऽर्कः सोमः स धर्मराट् ।
स कुबेरः स वरुणः स महेन्द्रः प्रभावतः ॥ ३ ॥
मनु० ७ ॥ ४ । ६ । ७ ॥

તે સભાપતિ વિદ્યુત્‌ની માફક જલદી ઐશ્વર્યની વૃદ્ધિ કરનાર, વાયુની માફક સર્વને પ્રાણવત્‌ પ્રિય, હૃદયની વાતને જાણનાર પક્ષપાતરહિત ન્યાયાધીશની માફક વર્તન કરનાર, સૂર્યની માફક અવિદ્યા-અન્યાયરૂપ અન્ધકારને દૂર કરી ન્યાય અને વિદ્યાનો પ્રકાશક, અગ્નિની માફક દુષ્ટોને ભસ્મ કરનાર, વરૂણ અર્થાત્‌ બાંધનારની માફક દુષ્ટોને સર્વ પ્રકારથી બાંધનાર, ચંદ્રની માફક શ્રેષ્ઠ પવિત્ર પુરૂષોને આનન્દ આપનાર, ધનાધ્યક્ષની માફક કોશોને (ભંડાર અને તિજોરીઓ) પૂર્ણ રાખનાર, સભાપતિ હોવો જોઇએ. (૧)

જે સૂર્યની માફક પ્રતાપી સર્વના અંતઃકરણોને પોતાના તેજથી તપાવનાર, જેને કરડી નજરથી જોનાર જગતમાં કોઇ પણ ન હોય તે સભાપતિ થવાને લાયક છે. ૨

જે પોતાના પ્રભાવથી અગ્નિ વાયુ, સૂર્ય, ચંદ્ર, ધર્મરાજ, ધનવર્ધક, દુષ્ટોને બન્ધન કરનાર અને ઐશ્વર્યને વધારનાર છે તેજ સભાપતિ થવાને યોગ્ય છે. ૩

સાચો રાજા કોણ છે ?

स राजा पुरुषो दण्डः स नेता शासिता च सः ।
चतुर्णामाश्रमाणां च धर्मस्य प्रतिभूः स्मृतः ॥ १ ॥
दण्डः शास्ति प्रजाः सर्वा दण्ड एवाभिरक्षति ।
दण्डः सुप्तेषु जागर्त्ति दण्डं धर्मं विदुर्बुधाः ॥ २ ॥
समीक्ष्य स धृतः सम्यक् सर्वा रञ्जयति प्रजाः ।
असमीक्ष्य प्रणीतस्तु विनाशयति सर्वतः ॥ ३ ॥
दुष्येयुः सर्ववर्णाश्च भिद्येरन्सर्वसेतवः ।
सर्वलोक प्रकोपश्च भवेद्दण्डस्य विभ्रमात् ॥ ४ ॥
यत्र श्यामो लोहिताक्षो दण्डश्चरति पापहा ।

प्रजास्तत्र न मुह्यन्ति नेता चेत्साधु पश्यति ॥ ५ ॥
तस्याहुः संप्रणेतारं राजानं सत्यवादिनम् ।
समीक्ष्य कारिणं प्राज्ञं धर्मकामार्थकोविदम् ॥ ६ ॥
तं राजा प्रणयन्सम्यक् त्रिवर्गेणाभिवर्द्धते ।
कामात्मा विषमः क्षुद्रो दण्डेनैव निहन्यते ॥ ७ ॥
दण्डो हि सुमहत्तेजो दुर्धरश्चाकृतात्मभिः ।
धर्माद्विचलितं हन्ति नृपमेव सबान्धवम् ॥ ८ ॥
सोऽसहायेन मूढेन लुब्धेनाकृतबुद्धिना ।
न शक्यो न्यायतो नेतुं सक्तेन विषयेषु च ॥ ९ ॥
शुचिना सत्यसन्धेन यथा शास्त्रानुसारिणा ।
प्रणेतुं शक्यते दण्डः सुसहायेन धीमता ॥ १० ॥
मनु० ७ ॥ १७–१९ । २४–२८ । ३० । ३१ ॥

જે દંડ છે તેજ પુરૂષ, તેજ રાજા, તેજ ન્યાય કર્ત્તા, તેજ સર્વ ઉપર શાસન ચલાવનાર અને તેજ ચાર વર્ણાશ્રમ ધર્મનો જામિનગાર છે. ૧

તેજ પ્રજાનું શાસન કરનાર છે, તેજ પ્રજાનો રક્ષક છે, સુતેલી પ્રજામાં તેજ જાગે છે માટે બુદ્ધિમાન્ માણસો દંડનેજ ધર્મ કહે છે. ૨

જો દંડ સારી રીતે વિચારપૂર્વક કરવામાં આવે તો પ્રજાને આનન્દપ્રદ થઇ પડે છે પરન્તુ જો વગર વિચારે દંડ ચલાવવામાં આવે તો રાજાનો સર્વ પ્રકારથી વિનાશ થઈ જાય છે. ૩

દંડ વિના સર્વ વર્ણો દૂષિત થઇ જાય છે; સર્વ મર્યાદા છિન્નભિન્ન થઇ જાય છે; દંડ યથાયોગ્ય ન થવાથી ચોરી, સાહસ બીજાનો અપકાર આદિ પ્રજામાં સર્વત્ર ક્ષોભ ફેલાઇ જાય છે. ૪

જ્યાં કાળા, લાલ આંખવાળા ભયંકર પુરૂષની સમાન પાપોનો નાશ કરનાર દંડ પ્રચલિત છે, ત્યાંની પ્રજા અજ્ઞાનમાં ન રહી આનન્દિત થઇ જાય છે; પરન્તુ એ દંડનેતા પક્ષપાત રહિત હોય તોજ થઇ શકે છે. ૫

જે દંડનેતા સત્યવાદી મનસ્વી બુદ્ધિમાન ધર્મ અર્થ અને કામની સિદ્ધિ કરવામાં પંડિત હોય તેનેજ રાજા સમજવો. ૬

જે રાજા દંડને બરાબર ચલાવે છે તેજ ધર્મ અર્થ અને કામની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે; અને જે વિષયલંપટ, ઇર્ષ્યા કરનાર, આડે માર્ગે ચાલનાર, ક્ષુદ્ર નીચ બુદ્ધિ રાજા છે તે દંડથીજ માર્યો જાય છે. ૭

દંડ ચલાવવો ઘણોજ કઠણ છે માટે તેને અવિદ્વાન્ અધર્માત્મા ચલાવી શકતો નથી. જો અધર્મથી (અન્યાયથી) દંડ કરવામાં આવે તો રાજાનો નાશ થઇ જાય છે. ૮

જેની પાસે પવિત્ર સહાયકો નથી, જેણે સુશિક્ષા પ્રાપ્ત કરી નથી, વિષયમાં જે આસક્ત છે, તે ન્યાયથી દંડ કદી પણ ચલાવી શકતો નથી. ૯

જે પવિત્ર છે, જેને આપ્ત પુરૂષોની સહાયતા છે, જેને નીતિશાસ્ત્રનું પૂર્ણ જ્ઞાન છે અને તેજ પ્રમાણે ચાલે છે તે ઉત્તમ પુરૂષોની સહાયતાથી દંડ ચલાવી શકે છે. ૧૦

सैनापत्यं च राज्यं च दण्डनेतृत्वमेव च ।
सर्वलोकाधिपत्यं च वेदशास्त्रविदर्हति ॥ १ ॥
दशावरा वा परिषद्यं धर्मं परिकल्पयेत् ।
त्र्यवरा वापि वृत्तस्था तं धर्मं न विचालयेत् ।
त्रैविद्यो हैतुकस्तर्की नैरुक्तो धर्मपाठकः ।
त्रयश्चाश्रमिणः पूर्वे परिषत्स्याद्दशावरा ॥ ३ ॥
ऋग्वेदविद्यजुर्विच्च सामवेदविदेव च ।
त्र्यवरा परिषज्ज्ञेया धर्मसंशयनिर्णये ॥ ४ ॥
एकोपि वेदविद्धर्मं यं व्यवस्येद् द्विजोत्तमः ।
स विज्ञेयः परो धर्मो नाज्ञानामुदितोऽयुतैः ॥ ५ ॥
अव्रतानमन्त्राणां जातिमात्रोपजीविनाम् ।
सहस्रशः समेतानां परिषत्त्वं न विद्यते ॥ ६ ॥
यं वदन्ति तमोभूता मूर्खा धर्ममतद्विदः ।
तत्पापं शतधा भूत्वा तद्वक्तॄननुगच्छति ॥ ७ ॥
मनु० १२ ॥ १०० । ११०–११५ ॥

સેનાઓનો અધિકાર, રાજ્યનો અધિકાર, દંડ દેવાની વ્યવસ્થાનાં સર્વ કાર્યોનો અધિકાર, અને સર્વની ઉપર સર્વ રાજ્યનો સર્વાધીશ રાજ્યાધિકાર એ ચારે અધિકારોમાં સંપૂર્ણ, વેદશાસ્ત્રોમાં પ્રવીણ, પૂર્ણ વિદ્યાવાન, ધર્માત્મા, જિતેન્દ્રિય અને સુશીલ એવા મનુષ્યને નિયુક્ત કરવો. ૧

વધારામાં વધારે દશ વિદ્વાનોની સભાએ અથવા ઓછામાં ઓછા ત્રણ વિદ્વાનોની સભાએ જે વ્યવસ્થા કરી હોય તેનું ઉલ્લંઘન કરવું નહિ. ૨

એ સભામાં ચારે વેદ, ન્યાયશાસ્ત્ર, નિરૂક્ત, ધર્મશાસ્ત્ર આદિ ગ્રન્થોનો જાણનાર વિદ્વાન્ માણસ જ સભાસદ્ હોવો જોઇએ અને તે સભાસદ્ બ્રહ્મચારી ગૃહસ્થ અથવા વાનપ્રસ્થ હોવો જોઇએ. ૩

જે સભામાં ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણ વેદને જાણનારા ત્રણ સભાસદોએ જે વ્યવસ્થા કરી હોય તેનું પણ ઉલ્લંઘન કરવું નહિ. ૪

અથવા સર્વ વેદોને જાણનાર દ્વિજોમાં ઉત્તમ એકલા સંન્યાસીએ ધર્મની જે વ્યવસ્થા કરી હોય તેજ ધર્મ છે એમ સમજવું. પરંતુ લાખો અજ્ઞાનીઓની બનાવેલી વ્યવસ્થાને કોઇ પણ ધર્મ સમજવો નહિ. ૫

જેઓ બ્રહ્મચર્ય સત્યભાષણ આદિ વ્રત વેદવિદ્યા અને ઉત્તમ વિચારથી રહિત છે, જેઓ કેવળ શુદ્રજ છે તેવા હજારો મનુષ્યો એકત્રિત થાય તોપણ તેને સભા કહેવાતી નથી. ૬

અવિદ્વાન્-મૂર્ખ-વેદોને નહિ જાણનારા મનુષ્યો જેને ધર્મ કહે છે તેને કદિપણ ધર્મ માનવો નહિ. જેઓ મૂર્ખોના કહેલા માર્ગ ઉપર ચાલે છે તેમને સેંકડો દુઃખો ભોગવવાં પડે છે. ૭

માટે વિદ્યાસભા, ધર્મસભા અને રાજસભા એ ત્રણે સભામાં કદિપણ મૂર્ખને પેસવા દેવો નહિ. સર્વદા વિદ્વાન્ ધાર્મિક પુરૂષોનેજ સભાસદ્ બનાવવા.

त्रैविद्येभ्यस्त्रयीं विद्यां दण्डनीतिं च शाश्वतीम् ।
आन्वीक्षिकीं चात्मविद्यां वार्तारम्भांश्च लोकतः ॥ १ ॥
इन्द्रियाणां जये योगं समातिष्ठेद्दिवानिशम् ।
जितेन्द्रियो हि शक्नोति वशे स्थापयितुं प्रजाः ॥ २ ॥
दश कामसमुत्थानि तथाष्टौ क्रोधजानि च ।
व्यसनानि दुरन्तानि प्रयत्नेन विवर्जयेत् ॥ ३ ॥
कामजेषु प्रसक्तो हि व्यसनेषु महीपतिः ।
वियुज्यतेऽर्थधर्माभ्यां क्रोधजेष्वात्मनैव तु ॥ ४ ॥
मृगयाक्षो दिवास्वप्नः परीवादः स्त्रियो मदः ।
तौर्यत्रिकं वृथाट्या च कामजो दशको गणः ॥ ५ ॥
पैशुन्यं साहसं द्रोह ईर्ष्यासूयार्थदूषणम् ।
वाग्दण्डजं च पारुष्यं क्रोधजोऽपि गणोष्टकः ॥ ६ ॥
द्वयोरप्येतयोर्मूलं यं सर्वे कवयो विदुः ।
तं यत्नेन जयेल्लोभं तज्जावेतावुभौ गणौ ॥ ७ ॥
पानमक्षाः स्त्रियश्चैव मृगया च यथाक्रमम् ।
एतत्कष्टतमं विद्याच्चतुष्कं कामजे गणे ॥ ८ ॥
दण्डस्य पातनं चैव वाक्पारुष्यार्थदूषणे ।
क्रोधजेऽपि गणे विद्यात्कष्टमेतत्त्रिकं सदा ॥ ९ ॥
सप्तकस्यास्य वर्गस्य सर्वत्रैवानुषङ्गिणः ।
पूर्वं पूर्वं गुरुतरं विद्याद्व्यसनमात्मवान् ॥ १० ॥

व्यसनस्य च मृत्योश्च व्यसनं कष्टमुच्यते ।
व्यसन्यधोऽधो व्रजति स्वर्यात्यव्यसनी मृतः ॥ ११ ॥
मनु० ७ । ४३–५३ ॥

રાજા અને રાજસભાનો સભાસદ્ ત્યારે થઇ શકે છે કે જ્યારે વેદત્રયીના જાણનાર પાસેથી વૈદિક જ્ઞાન, કર્મ અને ઉપાસનાનું જ્ઞાન પ્રાપ્ત કરે, સનાતન દંડનીતિનો ન્યાયવિધાનો પૂર્ણ અભ્યાસી હોય, આત્માના ગુણ કર્મ અને સ્વભાવ તથા પરમાત્માના ગુણકર્મ સ્વભાવથી પૂર્ણતયા વાકેફ હોય અને લોકોની સાથે વાતચિત કરવામાં પૂર્ણ ચાલાક હોય. ૧

દરેક સભાસદ્નું અને સભાપતિનું એ મુખ્ય કર્ત્તવ્ય છે કે ઇંદ્રિયોને જીતી પોતાના વશમાં રાખવી, અધર્મને દૂર કરી ધર્મમાં સર્વદા પ્રવૃત્ત રહેવું, માટે રાત દિવસ યોગાભ્યાસ ચાલુ રાખવો. કારણ કે જે જિતેન્દ્રિય છે તેજ પોતાની પ્રજાને વશમાં રાખી શકે છે. ૨

દૃઢ ઉત્સાહી થઇ કામથી ઉત્પન્ન થનારાં દસ અને ક્રોધથી ઉત્પન્ન થનારાં આઠ મહા દુષ્ટ વ્યસનોને છોડવામાં પૂર્ણ પ્રયત્ન કરવો. ૩

કારણ કે જે મહીપતિ કામથી ઉત્પન્ન થનારાં દસ વ્યસનોમાં ફસાય છે તથા જે મહીપતિ ક્રોધથી ઉત્પન્ન થનારાં આઠ વ્યસનોમાં ફસાય છે તે ધર્મ અને અર્થથી રહિત થઇ જાય છે તથા શરીરથી પણ રહિત થઇ જાય છે. ૪

મૃગયા, (શીકાર) અક્ષ (સોગઠા બાજી અથવા જુગાર) દિવસમાં સુવું, બીજાની નિન્દા કરવી, સ્ત્રીઓનો વધારે સંગ, માદક (દારૂ ભાંગ આદિ) દ્રવ્યનું સેવન, નૃત્ય ગીત, વાદિત્રોનું સેવન, ફોગટનું જ્યાં ત્યાં ફરવું, એ દશ કામથી ઉત્પન્ન થનારાં વ્યસનો છે. ૫

(**पैशुन्य**) ચાડી ખાવી, કોઇની સ્ત્રી ઉપર વગર વિચારે બલાત્કાર કરવો, દ્રોહ કરવો, બીજાની ઉન્નતિ જોઇ આત્મામાં બળ્યા કરવું, દોષોમાં ગુણોનું આરોપણ અને ગુણોમાં દોષોનું આરોપણ, અધર્મમાં ધનનો વ્યય કરવો. કઠોર વચનનું બોલવું, અપરાધ વિના કોઇને ખરાબ વચન કહેવું અથવા વિશેષ દંડ કરવો એ આઠ ક્રોધથી ઉત્પન્ન થનારાં વ્યસનો છે. ૬

કામથી ઉત્પન્ન થનારાં વ્યસનો અને ક્રોધથી ઉત્પન્ન થનારાં વ્યસનોનું મૂળ જે વિદ્વાનો જાણે છે તે લોભ છે માટે લોભને જીતવાને વાસ્તે પૂર્ણ પ્રયત્ન કરવો; કારણ કે લોભથીજ કામજ અને ક્રોધજ વ્યસનો ઉત્પન્ન થાય છે. ૭

કામજ—(કામથી ઉત્પન્ન થનારાં) વ્યસનોમાં આ ચાર યથાક્રમ દુઃખદાયક છે. મદ્યાદિનું સેવન, જુગાર, સ્ત્રીઓનો વધારે સંગ અને શીકાર. ૮

ક્રોધજ—(ક્રોધથી ઉત્પન્ન થનારાં) પણ ત્રણ વ્યસનો દુઃખદાયક છે. અપરાધ વિના દંડ, કઠોર વચન બોલવું અને અન્યાયથી ધનાદિનો વ્યય કરવો. ૯

કામજ અને ક્રોધજમાં જે સાત દોષો બતાવવામાં આવ્યા છે, તેમાં ઉત્તરોત્તર વિશેષ દુષ્ટ છે એમ સમજવું–અર્થાત્ વ્યર્થ વ્યયથી કઠોર વચન, કઠોર વચનથી અન્યાય,

અન્યાયથી, વ્યર્થ દંડ કરવો, વ્યર્થ દંડથી શીકાર, શીકારથી સ્ત્રીઓનો સંગ, સ્ત્રી સંગથી જુગાર અને જુગારથી મદ્યનું સેવન ૧૦

દુષ્ટ વ્યસનમાં ફસાવું તેના કરતાં મરી જવું ઉત્તમ છે. કારણ કે દુષ્ટાચારી પુરૂષ વધારે જીવશે તો વધારે પાપ કરી વધારે અધોગતિમાં જશે. પરન્તુ જે સદાચારી પુરૂષ છે તે મર્યા પછી પણ વધારે ઉત્તમ ગતિને પ્રાપ્ત થશે માટે પ્રત્યેક મનુષ્યે અને વિશેષ કરી રાજાએ મૃગયા અને મદ્યપાનથી દૂર રહેવું. ધાર્મિક કાર્યોમાં ઉત્સાહ રાખી ઉત્તમ કાર્યો પ્રતિદિન કરતા રહેવાં. ૧૧

મંત્રી અને રાજ સભાસદ કેવા હોવા જોઇએ ?

मौलान् शास्त्रविदः शूराँल्लब्धलक्षान् कुलोद्गतान् ।
सचिवान्सप्त चाष्टौ वा प्रकुर्वीत परीक्षितान् ॥ १ ॥
अपि यत्सुकरं कर्म तदप्येकेन दुष्करम् ।
विशेषतोऽसहायेन किन्तु राज्यं महोदयम् ॥ २ ॥
तैः सार्द्धं चिन्तयेन्नित्यं सामान्यं सन्धिविग्रहम् ।
स्थानं समुदयं गुप्तिं लब्धप्रशमनानि च ॥ ३ ॥
तेषां स्वं स्वमभिप्रायमुपलभ्य पृथक् पृथक् ।
समस्तानाञ्च कार्य्येषु विदध्याद्धितमात्मनः ॥ ४ ॥
अन्यानपि प्रकुर्वीत शुचीन् प्राज्ञानवस्थितान् ।
सम्यगर्थसमाहर्तॄनमात्यान्सुपरीक्षितान् ॥ ५ ॥
निवर्त्तेतास्य यावद्भिरिति कर्त्तव्यता नृभिः ।
तावतोऽतन्द्रितान् दक्षान् प्रकुर्वीत विचक्षणान् ॥ ६ ॥
तेषामर्थे नियुञ्जीत शूरान् दक्षान् कुलोद्गतान् ।
शुचीनाकरकर्मान्ते भीरूनन्तर्निवेशने ॥ ७ ॥
दूतं चैव प्रकुर्वीत सर्वशास्त्रविशारदम् ।
इङ्गिताकारचेष्टज्ञं शुचिं दक्षं कुलोद्गतम् ॥ ८ ॥
अनुरक्तः शुचिर्दक्षः स्मृतिमान् देशकालवित् ।
वपुष्मान्वीतभीर्वाग्मी दूतो राज्ञः प्रशस्यते ॥ ९ ॥

मनु० ७ ।५४–५७ । ६०–६४ ॥

સ્વરાજ્ય અને સ્વદેશમાં ઉત્પન્ન થયેલ વેદાદિ શાસ્ત્રોને જાણનાર શૂરવીર, જેઓનો લક્ષ (વિચાર) કદિ પણ નિષ્ફળ ન થતો હોય, કુલીન હોય, સુપરીક્ષિત હોય એવા સાત અથવા આઠ ધાર્મિક બાહોશ મંત્રીઓ નિમવા. ૧

કારણકે એક સહેલું કાર્ય પણ એકલાથી થઇ શકતું નથી તો પછી મ્હોટું રાજ્યકાર્ય એકલાથી કેવી રીતે થઇ શકે? માટે એકલા રાજા ઉપર અથવા એકલા મંત્રી ઉપર રાજ્યનો નિર્ભર રાખવો નહિ. ૨

સભાપતિએ હંમેશાં રાજ્ય કર્મમાં કુશળ વિદ્વાન્ મંત્રીઓની સાથે સામાન્યતઃ કોઇની સાથે સન્ધિ, કોઇની સાથે લડાઇ (**स्थान**) સ્થિતિનો સમય જોઇને ચુપચાપ બેશી રહીને સ્વરાજ્યની રક્ષા કરવી (**समुदयम्**) જ્યારે પોતાનો ઉદય દેખાય ત્યારે બીજા ઉપર ચડાઇ કરવી, (**गुप्तिम्**) મૂળ રાજસેના અને કોશ આદિની રક્ષા કરવી, (**लब्ध प्रशमनानि**) જે જે દેશ પ્રાપ્ત કર્યા હોય તેમાં શાંતિ સ્થાપન કરવી; એ ૭ ગુણોનો પ્રતિદિન વિચાર કરવો. ૩–૪. પવિત્રાત્મા, બુધ્ધિમાન્, નિશ્ચયવાન્ પદાર્થોના સંગ્રહમાં અતિચતુર હોય તેવા બીજા પણ (આઠથી વધારે) મંત્રીઓ નિમવા. ૫

જેટલા મનુષ્યોથી કાર્ય સિદ્ધ થઇ શકે તેટલા પ્રમાદવિનાના ઘણા બાહોશ અધિકારીઓ નિમવા. ૬

શૂરવીર, પ્રવીણ, કુલીન અને પવિત્ર અધિકારીઓને સુવર્ણાદિની ખાણો ઉપર, અને ધાન્યાદિના સંગ્રહમાં નિમવા તથા જેઓ બ્હીકણ હોય તેઓને ભોજન શયન આદિ ઘરનાં કામોમાં નિમવા. ૭

જે સર્વ શાસ્ત્રમાં નિપુણ હોય, ઇંગિત, (શબ્દ–આદિ) આકાર અને ચેષ્ટાથી બીજાના હૃદયના ભાવને જાણનાર હોય. પ્રશંસિત કુળમાં ઉત્પન્ન થયેલો હોય, લોભ રહિત અને બાહોશ હોય તેને દૂત બનાવવો. ૮

જે રાજ્ય કાર્ય કરવામાં ઉત્સાહ અને પ્રીતિ રાખતો હોય, પવિત્ર, ચતુર, સારી સ્મરણશક્તિવાળો, દેશકાળને જાણનાર, સુંદર અને બળવાન્ શરીર-યુક્ત હોય, નિર્ભય અને પ્રગલ્ભ વક્તા હોય તેજ રાજાનો દૂત થવાને યોગ્ય છે.

अमात्ये दण्ड आयत्तो दण्डे वैनयिकी क्रिया ।
नृपतौ कोशराष्ट्रे च दूते सन्धिविपर्ययौ ॥ १ ॥
दूत एव हि संधत्ते भिनत्त्येव च संहतान् ।
दूतस्तत्कुरुते कर्म भिद्यन्ते येन वा न वा ॥ २ ॥
बुद्ध्वा च सर्वं तत्त्वेन परराजचिकीर्षितम् ।
तथा प्रयत्नमातिष्ठेद्यथात्मानं न पीडयेत् ॥ ३ ॥
धनुर्दुर्गं महीदुर्गमब्दुर्गं वार्क्षमेव वा ।
नृदुर्गं गिरिदुर्गं वा समाश्रित्य वसेत्पुरम् ॥ ४ ॥
एकः शतं योधयति प्राकारस्थो धनुर्धरः ।
शतं दश सहस्राणि तस्माद्दुर्गं विधीयते ॥ ५ ॥
तत्स्यादायुधसम्पन्नं धनधान्येन वाहनैः ।
ब्राह्मणैः शिल्पिभिर्यन्त्रैर्यवसेनोदकेन च ॥ ६ ॥

तस्य मध्ये सुपर्याप्तं कारयेद्गृहमात्मनः ।
गुप्तं सर्वर्त्तुकं शुभ्रं जलवृक्षसमान्वितम् ॥ ७ ॥
तदध्यास्योद्वहेद्भार्यां सवर्णां लक्षणान्विताम् ।
कुले महति सम्भूतां हृद्यां रूपगुणान्विताम् ॥ ८ ॥
पुरोहितं प्रकुर्वीत वृणुयादेव चर्त्विजम् ।
तेऽस्य गृह्याणि कर्माणि कुर्य्युर्वैतानि कानि च ॥ ९ ॥
मनु० ७ ॥ ६५ । ६६ । ६८ । ७० । ७४—७८ ॥

પ્રધાનને દંડ કરવાનો અધિકાર છે. અને દંડ ઉપર ન્યાય ક્રિયા હોવી જોઇએ. (અર્થાત્ કોઇને અન્યાય ન મળવો જોઇએ) રાજાને આધીન કોશ અને સર્વ રાજકાર્યો હોવાં જોઇએ અને સભાને આધીન સર્વ કાર્યો હોવાં જોઇએ. દૂતને આધીન સંધિ (સલાહ) અને વિરોધ હોવાં જોઇએ. ૧

કારણ કે જેઓની અન્દર ભેદ છે તેઓને સલાહ કરી આપનાર અને જેઓ સલાહથી ચાલે છે, તેઓમાં ભેદ પાડનાર દૂતજ સમર્થ છે. માટે દૂતજ શત્રુઓમાં ફૂટ પાડી શકે છે. ૨

સભાપતિઓએ દૂત દ્વારા વિરોધી રાજાનો ગુપ્તથી ગુપ્ત રાજવ્યવહાર અને તેનો અભિપ્રાય યથાર્થ રીતે જાણી લઇ તેવો પ્રયત્ન કરવો કે, જેથી પોતાને કશી પણ જાતની પીડા ન આવે. ૩

રાજાનું નગર દુર્ગ (જ્યાં ઘણા દુઃખથી જઇ શકાય તે) સ્થાનમાં હોવું જોઇએ.

(धनुर्दुर्गम्) નગરની ચોતરફ ધનુર્ધર પુરૂષો રાખવા. (કેટલાક धनुर्નો અર્થ નિર્જળ ભૂમિ કરે છે. એટલે નગરની ચોતરફ નિર્જળ ભૂમિ હોવી જોઇએ.)

(महीदुर्गम्) પત્થર, ઇંટ, અને માટીથી બાંધેલો નગરની ચોતરફ કોટ હોવો જોઇએ.

(जलदुर्गम्) નગરની ચોતરફ ગંભીર જળથી ભરેલી ખાઇ હોવી જોઇએ.

वार्क्षम्–નગરની ચારે બાજુ મ્હોટું વન હોવું જોઇએ.

नृदुर्गम्–નગરની ચારે બાજુ સૈન્ય ગોઠવેલું રાખવું.

गिरिदुर्गम्–નગરની ચારે બાજુ પહાડો હોવા જોઇએ.

નગરની ચારે બાજુ કોટ બનાવવો કારણ કે એક શસ્ત્રધારી વીરપુરૂષ કિલ્લા ઉપર ઉભો રહી સો યોધાની સાથે લડી શકે છે અને સો વીરપુરૂષો દસહજાર યોધાઓની સાથે લડી શકે છે માટે અવશ્ય કિલ્લો બનાવવો. ૫

તે કિલ્લો શસ્ત્ર, અસ્ત્ર, ધન, ધાન્ય, વાહન, ઉપદેશ કરનારા બ્રાહ્મણો, કારીગર, યંત્ર, નાનાપ્રકારની કળા, ઘાસ અને જળ આદિથી પરિપૂર્ણ રાખવો. ૬

તે દુર્ગની મધ્યમાં પોતાનું શ્વેત ગૃહ (બંગલો) બનાવવું. ગૃહની આસપાસ જળ યંત્રો રાખવાં. સુંદર પુષ્પ યુક્ત વૃક્ષો (બગીચો) રાખવા. ગૃહ એવું બનાવવું કે દરેક ઋતુમાં સુખદાયક થઇ પડે. અને સર્વ રાજકાર્યને અનુકૂળ થઇ પડે. તથા ચોતરફથી સુરાક્ષત રાખવું (રાત દિવસ રક્ષા કરવાને સીપાઇઓ રાખવા) ૭

બ્રહ્મચર્ય પાલન સહિત પૂર્ણ વિદ્યા પ્રાપ્ત કરી રાજકાર્યમાં નિપુણ થયા પછી, સુંદર, ગુણવતી પોતાના હૃદયને પ્રિયતમા થઇ પડનારી ઉત્તમ લક્ષણવાળી, વિદ્યાવતી, ક્ષત્રીય-કુળમાં ઉત્પન્ન થએલી, પોતાના ગુણકર્મ સ્વભાવને પૂર્ણતયા મળતી આવતી કન્યાની સાથે લગ્ન કરવું. બીજી સ્ત્રીઓને અગમ્ય સમજી કોઇ દિવસ કુદ્રષ્ટિથી જોવી પણ નહિ. ૮

રાજાએ એક પુરોહિત અને એક ઋત્વિજ રાખવો તે એને માટે કે સર્વદા અગ્નિહોત્ર અને પક્ષેષ્ટિયાગ તેઓને આધીન રહે તથા ગૃહનું કેટલુંક કાર્ય પણ તેઓને સોંપાય અને રાજાએ પોતે દરરોજ સન્ધ્યોપાસન કરી રાજકાર્યમાં પ્રવૃત્ત રહેવું. પ્રમાદ કરી કોઈપણ રાજકામ બગડવા દેવું નહિ. ૮

सांवत्सरिकमाप्तैश्च राष्ट्रादाहारयेद्बलिम् ।
स्याच्चाम्नायपरो लोके वर्त्तेत पितृवन्नृषु ॥ १ ॥
अध्यक्षान् विविधान् कुर्यात् तत्र तत्र विपश्चितः ।
तेऽस्य सर्वाण्यवेक्षेरन्नृणां कार्याणि कुर्वताम् ॥ २ ॥
आवृत्तानां गुरुकुलाद्विप्राणां पूजको भवेत् ।
नृपाणामक्षयो ह्येष निधिर्ब्राह्मो विधीयते ॥ ३ ॥
समोत्तमाधमै राजा त्वाहूतः पालयन् प्रजाः ।
न निवर्तेत संग्रामात् क्षात्रं धर्ममनुस्मरन् ॥ ४ ॥
आहवेषु मिथोऽन्योन्यं जिघांसन्तो महीक्षितः ।
युध्यमानाः परं शक्त्या स्वर्गं यान्त्यपराङ्मुखाः ॥ ५ ॥
न च हन्यात्स्थलारूढं न क्लीबं न कृताञ्जलिम् ।
न मुक्तकेशं नासीनं न तवास्मीति वादिनम् ॥ ६ ॥
न सुप्तं न विसन्नाहं न नग्नं न निरायुधम् ।
नायुध्यमानं पश्यन्तं न परेण समागतम् ॥ ७ ॥
नायुधव्यसनं प्राप्तं नार्त्तं नातिपरिक्षतम् ।
न भीतं न परावृत्तं सतां धर्ममनुस्मरन् ॥ ८ ॥
यस्तु भीतः परावृत्तः सङ्ग्रामे हन्यते परैः ।
भर्तुर्यद्दुष्कृतं किञ्चित्तत्सर्वं प्रतिपद्यते ॥ ९ ॥

यच्चास्य सुकृतं किंचिदमुत्रार्थमुपार्जितम् ।
भर्त्ता तत्सर्वमादत्ते परावृत्तहतस्य तु ॥ १० ॥
रथाश्वं हस्तिनं छत्रं धनं धान्यं पशून् स्त्रियः ।
सर्वद्रव्याणि कुप्यं च यो यज्जयति तस्य तत् ॥ ११ ॥
राज्ञश्च दद्युरुद्धारमित्येषा वैदिकी श्रुतिः ।
राज्ञा च सर्वयोधेभ्यो दातव्यमपृथग्जितम् ॥ १२ ॥
मनु० ७ ॥ ८०—८२ । ८७ । ८९ । ९१—९७ ॥

આમ (પ્રામાણિક) પુરૂષો દ્વારા પ્રજા પાસેથી કર લેવો. સભાપતિ રૂપ રાજા આદિએ મળી વેદાનુકૂળ ચાલી સર્વ પ્રજાની સાથે પિતા સમાન વર્ત્તાવ કરવો. ૧

રાજ્યકાર્યને માટે જુદા જુદા અધ્યક્ષોની સભા નિયત કરવી અને તેણે એવી વ્યવસ્થા કરવી કે જે જે કાર્યમાં જે જે પુરૂષને નિયત કરવામાં આવ્યો હોય તે બરાબર કામ કરતો હોવો જોઇએ. જો કરતો હોય તો તેનો સત્કાર કરવો અને જો ન કરતો હોય તો તેનો યથાયોગ્ય દંડ કરવો. ૨

રાજાઓનો વિચારવાનો અક્ષય કોષ વેદજ છે; માટે વેદપ્રચારને માટે જો કોઇ બ્રહ્મચારી વેદાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરી ગુરૂકુળમાંથી આવે તો તેનો રાજાએ તથા સભાએ યોગ્ય સત્કાર કરવો, તેમજ તે બ્રહ્મચારીના ગુરૂનો પણ સત્કાર કરવો. ૩

એમ કરવાથી રાજ્યમાં હમેશાં ઉન્નતિ થયાં કરે છે. પ્રજાનું પાલન કરનાર રાજાને યદિ કોઇ ન્હાનો અથવા મ્હોટો રાજા રણસંગ્રામમાં સહાયતાર્થ બોલાવે તો પોતાના ક્ષાત્રધર્મનું સ્મરણ કરી રણસંગ્રામમાં જવાને માટે ના પાડવી નહિ. ઘણી બહાદુરીથી લડી પોતાનો વિજયજ કરવો. ૪

રણસંગ્રામમાં એક બીજાને મારવાની ઇચ્છાથી લડાઇ કરનારા ક્ષત્રિયો ભયને દૂર કરી પીઠ નહિ બતાવી જો યુદ્ધ કરે તો સુખી થાય છે, માટે યુદ્ધજ્ઞોએ કદિપણ વિમુખ થવું નહિ, પરંતુ શત્રુને જીતવાને માટે તેના પાસેથી છુપાઇ જવાનો વખત આવે તો છુપાઇ જવું અને લાગ આવે ત્યારે અકસ્માત્ ટુટી પડવું અર્થાત્ શત્રુને જેમ જીતી શકાય તેમ પ્રયત્ન કરવો. પરંતુ જેમ સિંહ ક્રોધથી સામે આવી શસ્ત્રપ્રહાર રૂપ અગ્નિમાં ભસ્મ થઇ જાય છે તેમ ખોટી બડાઇની મૂર્ખતા કરી નષ્ટભ્રષ્ટ થવું નહિ. ૫

યુદ્ધ સમયમાં જે અહિં તહિં ઉભો રહેલ, જે નપુંશક હોય, જે હાથ જોડીને ઉભો રહ્યો હોય, જેના નિમાળા છૂટા પડી ગયા હોય, જે બેઠો હોય, “ હું તારે શરણે છું ” એમ બોલતો હોય. ૬

જે સુતેલો હોય, જેને મૂર્ચ્છા આવી ગઇ હોય, જેની પાસે આયુધો ન હોય, જે યુદ્ધને જોવાજ આવ્યો હોય, કોઇ બીજાની સાથે યુદ્ધ કરતો હોય:—૭

જેનાં આયુધો ભાગી ગયાં હોય, પુત્ર આદિનાં મરણથી જે શોકાવિષ્ટ હોય, જે અત્યન્ત ઘાયલ થઇ ગયો હોય, જેને ઘણોજ ભય લાગ્યો હોય, અને જે રણસંગ્રામમાંથી ભાગ્યો હોય, એવા પુરૂષોને વીર પુરૂષોએ સત્પુરૂષના ધર્મનું સ્મરણ કરી મારવા નહિ, પરંતુ

તેઓને પકડી જો સારા હોય તો બંદીગૃહ (કેદખાના) માં રાખવા અને જો ઘાયલ થયા હોય તો ઔષધોપચાર કરવા. તેઓને કદિ પણ ચીડાવવા નહિ, કદિ દુઃખ આપવું નહિ તેને યોગ્ય હોય તેવું કામ સોંપવું. તેઓની ઉપર બરાબર ધ્યાન રાખવું. સ્ત્રી, બાળક, રોગી અને શોકાવિષ્ટ ઉપર કદિ પણ શસ્ત્ર ચલાવવું નહિ. પકડાયલા મનુષ્યોનાં બાળ બચ્ચાંની પોતાના સંતાનના જેવી રક્ષા કરવી. તેમની સ્ત્રીઓને બ્હેનવત્ ગણી રક્ષણ કરવું. વિષયાસક્ત દ્રષ્ટિથી કદિ પણ તેઓની તરફ જોવું નહિ. જ્યારે રાજ્ય સારી રીતે ઉન્નત દશામાં આવી જાય ત્યારે યુદ્ધ કરશે એવી શંકા જેઓની ઉપર ન હોય તેઓનો સત્કાર કરી છોડી મૂકવા અને જેની ઉપર ભવિષ્યમાં યુદ્ધની શંકા હોય તેઓને હમેશને માટે કારાગ્રહમાં રાખવા. ૮

લડાઇમાંથી ભય પામીને ભાગેલો માણસ જો શત્રુઓ તરફથી મરાય તો તે મરનાર રાજાના જે કાંઈ દુષ્કૃત હોય છે તેને પ્રાપ્ત થાય છે.

અને તેવા પલાયન થઇ મરનારને પરલોકમાં જે સુખ મળવાનું હતું તે તેનો રાજા લઇ લે છે અને પલાયિત મરનાર જરા પણ સુખ મેળવી શકતો નથી, તેનું બધું પુણ્ય નષ્ટ થઈ જાય છે. તેની કીર્તિ અને પરલોકનું સુખ યથાર્થ લડનારોજ લઇ જાય છે. ૧૦ *

આ વ્યવસ્થા કદિ પણ તોડવી નહિ કે લડાઇમાં જે જે માણસ રથ, ઘોડા, હાથી, છત્ર, ધન, ધાન્ય, ગાય આદિ પશુઓ, સ્ત્રીઓ તથા અન્ય પ્રકારનું દ્રવ્ય, ઘી, તેલ તાંબુ આદિ જીતી લાવ્યો હોય તેજ તેનું ગ્રહણ કરે. ૧૧

પરન્તુ સૈનિકોએ જીતેલાનો સોળમો ભાગ રાજાને આપવો. અને રાજાએ પણ જો બધા મળીને માલ જીત્યો હોય તો બધાયને સોળમો સોળમો ભાગ આપવો. જો કોઇ યુદ્ધમાં મરી ગયો હોય તો મરનારની સ્ત્રીને અથવા તેના પુત્રોને સોળમો ભાગ આપવો. રાજાએ યુદ્ધમાં મરનારની સ્ત્રી તથા તેનાં અસમર્થ સંતાનોનું રક્ષણ કરવું. જ્યારે તેનાં સંતાનો સમર્થ થઇ જાય ત્યારે તેમને યોગ્ય અધિકાર આપવા. જે કોઇ પોતાના રાજ્યની વૃદ્ધિ, કીર્તિ, વિજય અને આનન્દની વૃદ્ધિ ઇચ્છતો હોય તેમણે એ વ્યવસ્થાનું ઉલ્લંઘન કદિ પણ કરવું નહિ. ૧૨

* સાતમા અધ્યાયના ૯૪ તથા ૯૫ એ બંન્ને શ્લોક **અર્થવાદ** પરક છે વાસ્તવમાં પરસ્પરના પાપ પુણ્ય એક બીજામાં કદી પણ સંક્રમણ કરી શકતા નથી. આ જ અધ્યાયના ૮૮ માં શ્લોકમાં લખ્યું છે કે સંગ્રામમાંથી પાછા ફરવું નહિ. પ્રજાનું પાલન કરવું તથા વિદ્વાન્ બ્રાહ્મણોની સેવા શુશ્રૂષા કરવી એ ક્ષત્રિયનાં મુખ્ય કર્ત્તવ્ય છે. તદનુસાર ૯૪ તથા ૯૫ એ બંન્ને શ્લોકોનો ભાવ એ છે કે જે સૈન્યનો સ્વામી એવું ચહાય કે હું અને મારૂં સૈન્ય શત્રુઓને જીતીએ યા અમે શત્રુઓ સાથે લડતાં થકાજ રણભૂમિમાં સાથેજ મરી જઇશું પરંતુ રણભૂમિમાંથી ડરીને પાછી પાની કદી પણ કરીશું નહિ. સ્વામીની એવી ઇચ્છા હોવા છતાં પણ તેના સૈનિક મરણના ભયથી પરાઙ્મુખ થઇને શત્રુઓથી માર્યા જાય. અને સૈનિકોના સંહારથી એકલાજ યા થોડા યોદ્ધાઓ સાથે રહીને યુદ્ધ કરવું વ્યર્થ સમજી નિરૂપાય થઇ તે સ્વામીને યુદ્ધ ભૂમિથી પાછું જવું પડે, તો તેવા સંજોગોમાં પીઠ ફેરવવાના પાપનો ભાગી સ્વામી ન ગણાઈ શકાય. પરંતુ જેના નિમિત્તથી, તેને રણભૂમિનો ત્યાગ કરવો પડયો તે મરણ ભયથી ભાગી જનાર મૃત સૈનિકજ પાપ ભાગી છે. સમર ભૂમિમાં શત્રુઓને જીતી અથવા યુદ્ધ કરતાંજ મરણ પ્રાપ્ત કરવામાં જે પુણ્ય, સૈનિક મેળવવાના હતા. એ પુણ્યના ભાગી રણભૂમિથી ન હઠવારૂપ પોતાના ઉચ્ચ ભાવના રાજા-સ્વામીજ છે. આજ અભિપ્રાયથી ઉક્ત બન્ને શ્લોકમાં લખાયું છે કે ' મરનાર ડરપોક સિપાઇ પોતાના સ્વામીનું પાપ લઈ જન્માંતરમાં જાય છે અને સિપાઇના પુણ્યનો ભાગી તેનો સ્વામી થાય છે. '

अलब्धं चैव लिप्सेत लब्धं रक्षेत्प्रयत्नतः ।
रक्षितं वर्द्धयेच्चैव वृद्धं पात्रेषु निःक्षिपेत् ॥ १ ॥
अलब्धमिच्छेद्दण्डेन लब्धं रक्षेदवेक्षया ।
रक्षितं वर्द्धयेद् वृद्धया वृद्धं दानेन निःक्षिपेत् ॥ २ ॥
अमाययैव वर्त्तेत न कथंचन मायया ।
बुध्येतारिप्रयुक्तां च मायान्नित्यं स्वसंवृतः॥ ३ ॥
नास्य छिद्रं परो विद्याच्छिद्रं विद्यात्परस्य तु ।
गूहेत्कूर्म इवाङ्गानि रक्षेद्विवरमात्मनः ॥ ४ ॥
बकवच्चिन्तयेदर्थान् सिंहवच्च पराक्रमेत् ।
वृकवच्चावलुम्पेत शशवच्च विनिष्पतेत् ॥ ५ ॥
एवं विजयमानस्य येऽस्य स्युः परिपन्थिनः ।
तानानयेद्वशं सर्वान् सामादिभिरुपक्रमैः ॥ ६ ॥
यथोद्धरति निर्दाता कक्षं धान्यं च रक्षति ।
तथा रक्षेन्नृपो राष्ट्रं हन्याच्च परिपन्थिनः ॥ ७ ॥
मोहाद्राजा स्वराष्ट्रं यः कर्षयत्यनवेक्षया ।
सोऽचिराद् भ्रश्यते राज्याज्जीविताच्च सबान्धवः ॥ ८ ॥
शरीरकर्षणात्प्राणाः क्षीयन्ते प्राणिनां यथा ।
तथा राज्ञामपि प्राणाः क्षीयन्ते राष्ट्रकर्षणात् ॥ ९ ॥
राष्ट्रस्य संग्रहे नित्यं विधानमिदमाचरेत् ।
सुसंगृहीतराष्ट्रो हि पार्थिवः सुखमेधते ॥ १० ॥
द्वयोस्त्रयाणां पञ्चानां मध्ये गुल्ममधिष्ठितम् ।
तथा ग्रामशतानां च कुर्य्याद्राष्ट्रस्य संग्रहम् ॥ ११ ॥
ग्रामस्याधिपतिं कुर्याद्दशग्रामपतिं तथा ।
विंशतीशं शतेशं च सहस्रपतिमेव च ॥ १२ ॥
ग्रामे दोषान्समुत्पन्नान् ग्रामिकः शनकैः स्वयम् ।
शंसेद् ग्रामदशेशाय दशेशो विंशतीशिनम् ॥ १३ ॥
विंशतीशस्तु तत्सर्वं शतेशाय निवेदयेत् ।
शंसेद् ग्रामशतेशस्तु सहस्रपतये स्वयम् ॥ १४ ॥
तेषां ग्राम्याणि कार्याणि पृथक्कार्याणि चैव हि ।

राज्ञोऽन्यः सचिवः स्निग्धस्तानि पश्येदतन्द्रितः ॥ १५ ॥
नगरे नगरे चैकं कुर्यात्सर्वार्थचिन्तकम् ।
उच्चैः स्थानं घोररूपं नक्षत्राणामिव ग्रहम् ॥ १६ ॥
स ताननुपरिक्रामेत्सर्वानेव सदा स्वयम् ।
तेषां वृत्तं परिणयेत्सम्यग्राष्ट्रेषु तच्चरैः ॥ १७ ॥
राज्ञो हि रक्षाधिकृताः परस्वादायिनः शठाः ।
भृत्या भवन्ति प्रायेण तेभ्यो रक्षेदिमाः प्रजाः ॥ १८ ॥
ये कार्यिकेभ्योऽर्थमेव गृह्णीयुः पापचेतसः ।
तेषां सर्वस्वमादाय राजा कुर्यात्प्रवासनम् ॥ १९ ॥
मनु० ७॥ ९९ । १०१ १०४–१०७ । ११०–११७। १२०–१२४॥

રાજાએ તથા રાજસભાએ અપ્રાપ્ત વસ્તુને મેળવવાની ઇચ્છા કરવી, પ્રાપ્ત થએલ વસ્તુની રક્ષા કરવી અને રક્ષિતની વૃદ્ધિ કરવી તથા વૃદ્ધિંગત ધનનો ધર્મપ્રચારમાં અને વિદ્યાપ્રચારમાં વ્યય કરવો. ૧

એ ચાર પ્રકારના પુરૂષાર્થના પ્રયોજનને સમજી, આલસ્ય આદિને દૂર કરી, હમેશાં કર્મ–પરાયણ થઇ દંડ વડે અપ્રાપ્ત ધનને પ્રાપ્ત કરવા ઇચ્છવું. પ્રાપ્ત થયેલાની વારંવાર નિરીક્ષણ વડે રક્ષા કરવી, રક્ષિતની વ્યાજ આદિવડે વૃદ્ધિ કરવી અને વધેલા ધનનો ઉત્તમ માર્ગમાં વ્યય કરવો. ૨

હમેશાં નિષ્કપટતાથી સર્વની સાથે વ્યવહાર કરવો, કોઇ દિવસ પણ કપટથી વર્તવું નહિ, હમેશાં પોતાની રક્ષા કરવી અને શત્રુ તરફથી કરવામાં આવેલું કપટ દૂર કરવું. ૩

પોતાનું છિદ્ર શત્રુને જ્ઞાત ન થવું જોઇએ અને પોતે શત્રુનાં છિદ્રો જાણતા રહેવું. જેમ કાચબો પોતાનાં અંગોને ગુપ્ત રાખે છે તેમ શત્રુને પ્રવેશ કરવાનાં છિદ્રો ગુપ્ત રાખવાં. ૪

જેમ બગલો ધ્યાનાવસ્થિતનો દેખાવ કરી માછલી પકડવાને તાકે છે, તેવીજ રીતે ધન એકત્રિત કરવાનો વિચાર કરવો, આર્થિક અને શારીરક શક્તિને મજબુત કરી શત્રુ જીતવાને સિંહની માફક પરાક્રમ કરવું, ચીત્તાની માફક ગુપ્ત રહી શત્રુને પકડવો. શત્ર જ્યારે સામો આવે ત્યારે જો પોતામાં નિર્બળતાનું ભાન થાય તો સસલાની માફક ભાગી જવું અને પછી શત્રુને કપટથી પકડવો. ૫

તેવીજ રીતે વિજયશાલી રાજાના રાજ્યમાં, જો લૂંટારા હોય તો તેઓને સામ, દામ, દંડ અને ભેદથી વશ કરી લેવા. તેમ છતાં જો વશ ન થાય તો અતિ કઠિન દંડદ્વારા વશ કરવા. ૬

જેમ ધાન્યને કાઢનાર ખેડુત લોકો છાલાંને અલગ કરી ધાન્યની રક્ષા કરે છે તેમજ ચોર લુંટારાથી રાજ્યની રક્ષા કરવી. ૭

જે રાજા મોહની જાળમાં સપડાઇ અવિચારથી પોતાના રાજ્યને દુર્બળ કરે છે, તે રાજા પોતાના કુટુંબ સહિત રાજ્યની સાથેજ નાશ પામે છે. ૮

જેવી રીતે આહાર નિદ્રા આદિને રોકવાથી પ્રાણીઓના પ્રાણો દુર્બળ થઇ જાય છે તેમજ પ્રજાને દુર્બળ કરવાથી રાજાના પ્રાણ અર્થાત્ બલ, બન્ધુ આદિ નષ્ટ થઇ જાય છે. ૯

માટે રાજાએ તથા રાજસભાએ એવો પ્રયત્ન કરવો કે જેથી રાજ્યકાર્ય બરાબર ચાલે અને રાજા રાજકાર્યમાં તત્પર થઇ સદા સુખી રહે. ૧૦

બે, ત્રણ. પાંચ અથવા સો ગામની વચ્ચે એક રાજસ્થાન બનાવવું. તેમાં કામદાર આદિ રાખી રાજ્યની બરાબર વ્યવસ્થા કરવી. ૧૧

દરેક ગામમાં એક એક મુખ્ય પુરૂષ રાખવો. દસ ગામ ઉપર એક બીજો ઓહ્દાદાર માણસ રાખવો. વીસ ગામો ઉપર એક ત્રીજો ઓહ્દાદાર માણસ રાખવો, સો ગામ ઉપર એક ચોથો ઓધ્ધાદાર માણસ રાખવો, તેવીજ રીતે એક હજાર ગામ ઉપર એક પાંચમો ઓહ્દાદાર માણસ રાખવો. જે આજકાલ એક ગામમાં એક પટેલ અને દશ ગામ ઉપર એક થાણું અને બે થાણા ઉપર એક મોટું થાણું અને પાંચ થાણા ઉપર એક તહસીલ (વહીવટ) તથા દસ તહસીલ ઉપર એક જીલ્લો નિયત કરવામાં આવે છે, તે મનુ આદિ ધર્મશાસ્ત્રમાં બતાવેલી રાજનીતિનો પ્રકાર છે. ૧૨

એવા પ્રકારનો પ્રબન્ધ કરી આજ્ઞા આપવી કે ગામના મુખ્ય પુરૂષે (પટેલે) ગામમાં જે કાંઇ દોષ થયો હોય તે ગુપ્ત રીતે દશ ગામના સ્વામીને જણાવવો અને દશ ગામના સ્વામીએ વીશ ગામના સ્વામીને જણાવવો. એ પ્રમાણે પોત પોતાના ઉપરીને હમેશાં પોત પોતાના ગામના વર્તમાન જણાવવા. ૧૩

વીશ ગામના સ્વામીએ વીશ ગામોના વર્ત્તમાનો સો ગામના સ્વામીને જણાવવા અને સો ગામના સ્વામીએ હજાર ગામના સ્વામીને સો સો ગામના વર્ત્તમાન જણાવવા અને વીશ વીશ ગામના અધિપતિએ સો ગામના અધ્યક્ષ અને તેણે હજાર ગામના સ્વામીને અને તેણે દશ હજાર ગામના સ્વામીને, તેણે લાખ ગામની રાજસભા અર્થાત્ સાર્વભૌમ ચક્રવર્તી મહા રાજસભામાં સર્વ ભૂગોળનાં વર્ત્તમાનો જણાવવા. ૧૪

અને એક એક દશ દશ હજાર ગામોની ઉપર બે સભાપતિ એવા રાખવા કે જેમાંનો એક રાજસભામાં અને બીજો અધ્યક્ષ ન્યાયાધીશ આદિનાં કાર્યો સદા દેખતો રહે. ૧૫

મોટાં મોટાં નગરોમાં એક એક વિચાર કરનારી સભાનું સુંદર ઉંચું વિશાળ ચંદ્રમા સમાન ગૃહ બનાવવું. એમાં મોટા મોટા વિદ્યાવૃદ્ધ પુરૂષો કે જેમણે વિદ્યા વડે સર્વ પ્રકારની પરીક્ષા કરી છે, તેઓએ બેશી એવા વિચારો કરવા કે જે નિયમોથી રાજા અને પ્રજાની સર્વ પ્રકારથી ઉન્નતિ થાય, તેવા નિયમો અને વિદ્યાનો પ્રકાશ કરવો. ૧૬

જે નિત્ય ફરનારો સભાપતિ હોય તેને આધીન ગુપ્તચરો રાખવા. જે રાજપુરૂષ અથવા બીજી જાતિના ગુપ્તચરો રાખ્યા હોય તેની પાસેથી રાજ્યના અને રાજપુરૂષોના ગુણ દોષ જાણતા રહેવું. જેનો અપરાધ હોય તેનો દંડ કરવો અને જેનો ગુણ જણાય તેની સર્વદા પ્રતિષ્ઠા કરતા રહેવું. ૧૭

રાજા અને પ્રજા-રક્ષાનો અધિકાર આપે તે ધાર્મિક, સુપરીક્ષિત, વિદ્વાન્ અને કુલીન હોવો જોઇએ. તેને આધીન ઘણે ભાગે શઠ અને બીજાનું ધન હરણ કર-

નારા ચોર લુંટારાને પણ નોકર રાખી તેમને દુષ્ટ કર્મોથી બચાવવા અને ચોર આદિથી પીડાતી પ્રજાનું રક્ષણ કરવું ૧૮

જે રાજપુરૂષ અન્યાયથી વાદી અથવા પ્રતીવાદી પાસેથી ધન લઇ પક્ષપાત કરી અન્યાય કરે તેનું સર્વસ્વ હરણ કરી યથાયોગ્ય દંડ કરી તેને એવા દેશમાં રાખવો કે પાછો આવી શકે નહિ; કારણ કે જો તેને દંડ ન દેવામાં આવે તો એને જોઇ બીજો રાજપુરૂષ પણ તેવુંજ કામ કરશે, પણ જો દંડ આપવામાં આવે તો એવા ગુન્હાથી બીજો બચતો રહેશે.

જેટલા ધન વડે રાજ પુરૂષોનો નિર્વાહ સારી રીતે ચાલી શકે તથા સાધારણ રીતે ધનાઢ્ય પણ થઇ શકે તેટલું ધન અથવા ભૂમિ રાજ્ય તરફથી તેઓને માસિક અથવા વાર્ષિક આપવાં, અને જો તે વૃદ્ધ હોય તો તેનાથી અર્ધું આપવું, પરન્તુ એટલું ધ્યાનમાં રાખવું કે તે જ્યાં સુધી જીવે ત્યાં સુધી તે આજીવિકા તેને મળતી રહેવી જોઇએ. મરણ પછી નહિ; પરંતુ તેના સંતાનોને સત્કાર અથવા નોકરી તેના ગુણકર્મને અનુસરીને જરૂર આપવી. જેનાં બાળકો અથવા સ્ત્રી જ્યાં સુધી સમર્થ થાય ત્યાં સુધી તેના નિર્વાહને માટે રાજ્ય તરફથી યોગ્ય સહાયતા મળતી રહેવી જોઇએ. પરંતુ જો સ્ત્રી અથવા બાળક કુકર્મી થઇ જાય તો કાંઇ પણ આપવું નહિ. રાજાએ એવી નીતિ બરાબર રાખવી.

यथा फलेन युज्येत राजा कर्त्ता च कर्मणाम् ।
तथावेक्ष्य नृपो राष्ट्रे कल्पयेत्सततं करान् ॥ १ ॥

यथाल्पाऽल्पमदन्त्याऽऽद्यं वार्य्योकोवत्सषट्पदाः ।
तथाऽल्पाऽल्पो ग्रहीतव्यो राष्ट्राद्राज्ञाब्दिकः करः ॥ २ ॥

नोच्छिन्द्यादात्मनो मूलं परेषां चातितृष्णया ।
उच्छिन्दन्ह्यात्मनो मूलमात्मानं तांश्च पीडयेत् ॥ ३ ॥

तीक्ष्णश्चैव मृदुश्च स्यात्कार्यं वीक्ष्य महीपतिः ।
तीक्ष्णश्चैव मृदुश्चैव राजा भवति सम्मतः ॥ ४ ॥

एवं सर्वं विधायेदमिति कर्त्तव्यमात्मनः ।
युक्तश्चैवाप्रमत्तश्च परिरक्षेदिमाः प्रजाः ॥ ५ ॥

विक्रोशन्त्यो यस्य राष्ट्राद्ध्रियन्ते दस्युभिः प्रजाः ।
सम्पश्यतः सभृत्यस्य मृतः स न तु जीवति ॥ ६ ॥

क्षत्रियस्य परो धर्मः प्रजानामेव पालनम् ।
निर्दिष्टफलभोक्ता हि राजा धर्मेण युज्यते ॥ ७ ॥

मनु० ७ ॥ १२८ । १२९ । १३९ । १४० । १४२–१४४ ॥

રાજા રાજપુરૂષ અને પ્રજાજન જેવી રીતે સુખી થાય, તેવી રીતે રાજા અને રાજ્ય સભાએ મળી રાજ્ય ઉપર કર નાંખવો. ૧

જેમ જલૌકા (જળો) વાછરડો અને ભમરા થોડા થોડા ભોગ્ય પદાર્થનું ગ્રહણુ કરે છે તેમ રાજાએ પ્રજા પાસેથી થોડો થોડો કર લેવો. ૨

અતિ લોભથી પોતાના સુખના અથવા બીજાના સુખના મુળનું ઉચ્છેદન કરવું નહિ. જે વ્યવહાર અને સુખના મૂળનો ઉચ્છેદ કરે છે તે પોતાને અને બીજાને પીડાપ્રદજ થાય છે. ૩

જે રાજા કાર્યને જોઇને તીક્ષ્ણુ અને કોમળ થાય છે તે દુષ્ટોની પ્રતિ તીક્ષ્ણુ અને શ્રેષ્ઠની પ્રતિ કોમળ થવાથી અતિ માનનીય થાય છે. ૪

આ પ્રકારથી સર્વ રાજ્યનો પ્રબન્ધ કરી હમેશાં રાજ્યમાં ઉધુક્ત થઇ, પ્રમાદરહિત થઇ, પોતાની પ્રજાનું પાલન કરવું. ૫

જે રાજાના રાજ્યમાં રાજપુરૂષના દેખતાં છતાં પ્રજાને ચોર અને લુટારાઓ નડે છે તથા તે રોતી કળકળતી પ્રાણુ પણુ વિનષ્ટ કરે છે, તે રાજા રાજપુરૂષ સહિત જીવતાં છતાં મરેલોજ છે એમ જાણુવું. ૬

માટે પ્રજાનું પાલન કરવું એજ રાજાના પરમ ધર્મ છે અને મનુસ્મૃતિના સાતમા અધ્યાયમાં જે કર લેવાને લખ્યો છે તથા સભા તરફથી જે કર નિયત કરવામાં આવે, તેનો ભોક્તા રાજા ધાર્મિક થઇ સુખી થાય છે, એનાથી જે વિરૂદ્ધ ચાલે છે તે દુઃખી થાય છે. ૭

उत्थाय पश्चिमे यामे कृतशौचः समाहृतः ।
हुताग्निर्ब्राह्मणांश्चार्च्च्य प्रविशेत्स शुभां सभाम् ॥ १ ॥
तत्र स्थिताः प्रजाः सर्वाः प्रतिनन्द्य विसर्जयेत् ।
विसृज्य च प्रजाः सर्वा मन्त्रयेत्सह मन्त्रिभिः ॥ २ ॥
गिरिपृष्ठं समारुह्य प्रासादं वा रहोगतः ।
अरण्ये निःशलाके वा मन्त्रयेदविभावितः ॥ ३ ॥
यस्य मन्त्रं न जानन्ति समागम्य पृथग्जनाः ।
स कृत्स्नां पृथिवीं भुङ्क्ते कोशहीनोऽपि पार्थिवः ॥ ४ ॥
मनु० ७ । १४५–१४८ ॥

રાત્રિના પાછલા પહોરમાં ઉઠી શૌચ-આદિથી નિવૃત્ત થઇ સાવધાન-ચિત્તથી પરમેશ્વરનું ધ્યાન, અગ્નિહોત્ર અને વિદ્વાનોનો સત્કાર કરી ભોજન કરવું; પછી સભામાં પ્રવેશ કરવો. ૧

ત્યાં ઉભા રહી જે પ્રજાજન ઉપસ્થિત હોય તેઓને માન આપવું, તત્પશ્ચાત્ મુખ્ય મંત્રી સાથે રાજ્ય-વ્યવસ્થાનો વિચાર કરવો ૨

ત્યાર પછી મંત્રી સાથે ફરવા જવું; પર્વતના શિખર ઉપર, એકાન્ત ઘરમાં, વા નિર્જન જંગલમાં બેસી વિરૂદ્ધ ભાવનાનો ત્યાગ કરી વિચાર કરવો. ૩

જે રાજાનો ગૂઢ વિચાર બીજાઓ જાણી શકતા નથી અર્થાત્ જેનો ગંભીર, પરોપકારાર્થે વિચાર હમેશાં ગુપ્ત રહે છે, તે રાજા ધનહીન હોય તોપણ, પૃથ્વીનું રાજ્ય કરવાને સમર્થ થાય છે. સભાસદોની અનુમતિ શિવાય પોતાના મનથી એક પણ કાર્ય કરવું નહિ. ૪

आसनं चैव यानं च संधिं विग्रहमेव च ।
कार्यं वीक्ष्य प्रयुञ्जीत द्वैधं संश्रयमेव च ॥ १ ॥
संधिं तु द्विविधं विद्याद्राजा विग्रहमेव च ।
उभे यानासने चैव द्विविधः संश्रयः स्मृतः ॥ २ ॥
समानयानकर्मा च विपरीतस्तथैव च ।
तथा त्वायति संयुक्तः संधिर्ज्ञेयो द्विलक्षणः ॥ ३ ॥
स्वयंकृतश्च कार्यार्थमकाले काल एव वा ।
मित्रस्य चैवापकृते द्विविधो विग्रहः स्मृतः ॥ ४ ॥
एकाकिनश्चात्ययिके कार्ये प्राप्ते यदृच्छया ।
संहतस्य च मित्रेण द्विविधं यानमुच्यते ॥ ५ ॥
क्षीणस्य चैव क्रमशो दैवात्पूर्वकृतेन वा ।
मित्रस्य चानुरोधेन द्विविधं स्मृतमासनम् ॥ ६ ॥
बलस्य स्वामिनश्चैव स्थितिः कार्यार्थसिद्धये ।
द्विविधं कीर्त्यते द्वैधं षाड्गुण्यगुणवेदिभिः ॥ ७ ॥
अर्थसंपादनार्थं च पीड्यमानः स शत्रुभिः ।
साधुषु व्यपदेशार्थं द्विविधः संश्रयः स्मृतः ॥ ८ ॥
यदावगच्छेदायत्यामाधिक्यं ध्रुवमात्मनः ।
तदात्वे चाल्पिकां पीडां तदा सन्धिं समाश्रयेत् ॥ ९ ॥
यदा प्रहृष्टा मन्येत सर्वास्तु प्रकृतीर्भृशम् ।
अत्युच्छ्रितं तथात्मानं तदा कुर्वीत विग्रहम् ॥ १० ॥
यदा मन्येत भावेन हृष्टं पुष्टं बलं स्वकम् ।
परस्य विपरीतं च तदा यायाद्रिपुं प्रति ॥ ११ ॥
यदा तु स्यात्परिक्षीणो वाहनेन बलेन च ।
तदासीत प्रयत्नेन शनकैः सांत्वयन्नरीन् ॥ १२ ॥

यदा राजा सर्वथा बलवत्तरम् ।
तदा द्विधा बलं कृत्वा साधयेत्कार्य्यमात्मनः ॥ १३ ॥
यदा प बलानां तु गमनीयतमो भवेत् ।
तदा तु संश्रयेत् क्षिप्रं धार्मिकं बलिनं नृपम् ॥ १४ ॥
निग्रहं प्रकृतीनां च यो ध्योरिबलस्य च ।
उपसेवेत तं नित्यं सर्वयत्नैर्गुरुं यथा ॥ १५ ॥
यदि तत्रापि संपश्ये ेषं संश्रयकारित ।
सु द्धमेव तत्राऽपि निर्विशंकः समाचरेत् ॥ १६ ॥
मनु० ७ । १६१-१७६ ॥

રાજા તથા રાજપુરૂષોએ એ વાત ધ્યાનમાં રાખવી કે (**आसन**) સ્થિરતા (**यान**) શત્રુ સાથે લડવા જવું, (**संधि**) તેની સાથે સલાહ કરવી, (**विग्रहः**) દુષ્ટ શત્રુઓની સાથે લડાઇ કરવી, (**द्वैध**) સેનાના બે વિભાગ કરી વિજય કરી લેવો અને (**संश्रय**) પોતાની નિર્બલતાવસ્થામાં પ્રબળ શત્રુનો આશ્રય કરી લેવો એ ૭ પ્રકારનાં કર્મોનો નિત્ય વિચાર કરવો; અને જેમાં પોતાનો ઉદય લાગે તેમાં હમેશાં ઉદ્યુક્ત રહેવું. ૧

સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સંશ્રય એ બધાં બે બે પ્રકારનાં છે માટે તેને સારી પેઠે જાણતા રહેવું. ૨

(**संधि**)* શત્રુની સાથે સલાહ અથવા તેનાથી વિપરીતતા કરવી પરન્તુ એટલું તો જરૂર ધ્યાનમાં રાખવું કે વર્ત્તમાન અને ભવિષ્યમાં કરવાનાં કામો બરાબર કરતાં રહેવું એ બે પ્રકારની સંધિ છે. ૩

(**विग्रह**) વિગ્રહ બે પ્રકારનો છે. પોતાના કાર્યની સિદ્ધિને માટે યોગ્ય અથવા અયોગ્ય સમયમાં (શત્રુને કોઇ પણ સંકટ હોય તે વખતે) વિગ્રહ કરવો. અને બીજો મિત્રનો અપરાધ કરનારની સાથે જે વિગ્રહ કરવામાં આવે છે તે. ૪

(**यान**) બે પ્રકારનું યાન—એક તો અકસ્માત્ કોઇ પણ જરૂરનું કામ પ્રાપ્ત થવા પછી પોતે એકલાએ શત્રુ ઉપર ચડાઇ કરવી અને બીજું પોતાના મિત્રો સાથે મળીને ચડાઇ કરવી. ૫

(**आसन**) બે પ્રકારનું આસનઃ-

---

* સંધિ બે પ્રકારની હોય છે. (૧) સમાન યાન કર્મા (૨) અસમાન યાન કર્મા.
સમાન યાન કર્મા—જે શત્રુની સાથે સંધિ કરી હોય તેને સાથે લઈ બીજા શત્રુ તરફ ચડાઈ કરવી.
અસમાન યાન કર્મા—પોતે પૃથક્ ચડાઇ કરવી અને જેની સાથે સલાહ કરી છે. તેને પણ પૃથક્ ચડાઈ કરાવવી.

એ સંધિનું ફળ કોઇ તાત્કાલિક હોય છે અને ઔત્તરકાલિક હોય છે એ મૂળ શ્લોકનું તાત્પર્ય છે.
અનુવાદક.

(૧) કોઈ પણ કારણથી પોતાની થયેલી નિર્બલતા પરત્વે લક્ષ આપી લડાઇની ઉપેક્ષા કરવી.

(૨) પોતે સમૃદ્ધ અને બળવાન્ હોય પરન્તુ મિત્રોના કહેવાથી લડાઇની ઉપેક્ષા કરવી. ૬

(**દ્વૈધ**) બે પ્રકારનું દ્વૈધ:-

પોતાનું કાર્ય સિદ્ધ થાય તેને માટે સેનાના બે વિભાગ કરવા, અને પોતાનો વિજય કરી લેવો.[1] ૭

(**સંશ્રય**) બે પ્રકારનો સંશ્રય:-

કોઇ પણ અર્થની સિદ્ધિને માટે (શત્રુઓથી પીડિત થઇ) કોઇ કોઈ બલવાન્ રાજાનો આશ્રય કરવો અથવા ભવિષ્યમાં શત્રુ તરફથી પીડા ન આવે એવી બુદ્ધિથી કોઇ પણ મહાત્માનો આશ્રય કરવો. ૮

જ્યારે એવું જાણવામાં આવે કે આ વખતે યુદ્ધ કરવાથી હાનિ થશે અને અમુક વખત પછી કરવાથી લાભ થશે ત્યારે શત્રુની સાથે સલાહ કરી સમય આવે ત્યાં સુધી ધૈર્ય ધારણ કરવું. ૯

જ્યારે પોતાનું સૈન્ય બલિષ્ઠ અને પ્રજા ધન ધાન્યથી પૂર્ણ જોવામાં આવે તથા પોતે પણ અતિ પ્રસન્ન ચિત્ત હોય ત્યારેજ શત્રુની સાથે લડાઇ કરવી. ૧૦

જ્યારે પોતાનું સૈન્ય હૃષ્ટ પુષ્ટ અને પ્રસન્ન જોવામાં આવે અને શત્રુનું સૈન્ય તેનાથી વિપરીત એટલે નિર્બળ જોવામાં આવે ત્યારે શત્રુ ઉપર ચડાઈ કરવી. ૧૧

જ્યારે લશ્કર અને વાહન (હસ્તિ અશ્વાદિ) ક્ષીણ થઇ જાય ત્યારે ધીમે ધીમે શત્રુઓને શાન્ત કરવા અને પોતાના રાજ્યમાં બેશી રહેવું. ૧૨

જ્યારે શત્રુ અત્યન્ત બલવાન્ જોવામાં આવે ત્યારે બે પ્રકારની સેના બનાવી પોતાનું કાર્ય સિદ્ધ કરી લેવું. (જુઓ શ્લોક ૭) ૧૩

જ્યારે પોતાને ચોક્કસ રીતે જણાઇ આવે કે હવે શત્રુની ચડાઇ મારા ઉપર જલદી આવશે, ત્યારે કોઇ ધાર્મિક બળવાન્ રાજાનો આશ્રય જલદી લઇ લેવો. ૧૪

જે પ્રજાના કોઇ પણ જાતના દોષથી રાજા ઉપર વિપત્તિ આવી હોય અને જે શત્રુ સૈન્યથી મ્હોટો ભય ઉત્પન્ન થયો હોય તે બન્નેનો જે નિગ્રહ કરે તે રાજાની યત્નથી ગુરૂની માફક સેવા કરવી. ૧૫

જે પુરૂષનો આશ્રય કરે તે પુરૂષનો કોઇ પણ જાતનો દોષ (કપટ) જોવામાં આવે તો ત્યાં તેજ વખતે નિર્ભય થઈ સારી રીતે લડાઇ કરવી. ૧૬

જે ધાર્મિક રાજા હોય તેની સાથે કોઇ દિવસ વિરોધ કરવો નહિ. હમેશાં મળીને ચાલવું અને જે પ્રબલ દુષ્ટ રાજા હોય તો તેને જીતવાને વાસ્તે ઉપર બતાવેલી યુક્તિ વાપરવી. ૧૭

---

[1] એક સૈન્ય શત્રુના ઉપદ્રવનું નિવારણ કરવા માટે શત્રુ સામે મોકલવું અને બીજું કિલ્લામાં રાખવું.

सर्वोपायैस्तथा कुर्यान्नीतिज्ञः पृथिवीपतिः ।
यथास्याभ्यधिका न स्युर्मित्रोदासीनशत्रवः ॥ १ ॥
आयतिं सर्वकार्याणां तदात्वं च विचारयेत् ।
अतीतानां च सर्वेषां गुणदोषौ च तत्त्वतः ॥ २ ॥
आयत्यां गुणदोषज्ञस्तदात्वे क्षिप्रनिश्चयः ।
अतीते कार्य्यशेषज्ञः शत्रुभिर्नाभिभूयते ॥ ३ ॥
यथैनं नाभिसंदध्युर्मित्रोदासीनशत्रवः ।
तथा सर्वं संविदध्यादेष सामासिको नयः ॥४॥मनु० ७ । १७७–१८० ॥

નીતિજ્ઞ પૃથ્વીપતી રાજાએ સામ દામ આદિ ઉપાયથી એવો વર્તાવ કરવો કે પોતાના વધારે મિત્રો શત્રુઓ ને ઉદાસીનો ન થાય. ૧

ભૂતકાળમાં જે જે કામો કર્યાં હોય, વર્ત્તમાનમાં જે જે કામો કરતો હોય અને ભવિષ્યમાં જે જે કામો કરવાનાં હોય, તે બધાંના ગુણદોષ ઉપર વિચાર કરવો. ૨

દોષોના નિવારણ માટે અને ગુણોના સ્થૈર્યને માટે પૂર્ણ યત્ન કરવો. જે રાજા આગામિ કાર્યોના ગુણદોષો જાણે છે, પ્રાપ્ત કાર્યને કેમ કરવું તેનો જલદી નિશ્ચય કરવાવાળો અને થઇ ગયેલાં કાર્યનું જે શેષ હોય તેને જાણનાર હોય, તે શત્રુઓ વડે કદિપણ પરાજિત થતો નથી. ૩

રાજપુરૂષે, સભાપતિએ અને રાજાએ એવો પ્રયત્ન કરવો કે, મિત્ર ઉદાસીન અને શત્રુઓ રાજા સાથે ખરાબ વર્તાવ ન કરે. રાજા આદિએ કદિ પણ મોહમાં સપડાવવું નહિ. એજ ટુંકમાં રાજનીતિ કહેવામાં આવે છે. ૪

कृत्वा विधानं मूले तु यात्रिकं च यथाविधि ।
उपगृह्यास्पदं चैव चारान् सम्यग्विधाय च ॥ १ ॥
संशोध्य त्रिविधं मार्गं षड्विधं च बलं स्वकम् ।
सांपरायिककल्पेन यायादरिपुरं शनैः ॥ २ ॥
शत्रुसेविनि मित्रे च गूढे युक्ततरो भवेत् ।
गतप्रत्यागते चैव स हि कष्टतरो रिपुः ॥ ३ ॥
दण्डव्यूहेन तन्मार्गं यायात्तु शकटेन वा ।
वराहमकराभ्यां वा सूच्या वा गरुडेन वा ॥ ४ ॥
यतश्च भयमाशंकेत्ततो विस्तारयेद् बलम् ।
पद्मेन चैव व्यूहेन निविशेत सदा स्वयम् ॥ ५ ॥

सेनापतिबलाध्यक्षौ सर्वदिक्षु निवेशयेत् ।
यतश्च भयमाशङ्केत् प्राचीं तां कल्पयेद्दिशम् ॥ ६ ॥
गुल्मांश्च स्थापयेदाप्तान् कृतसंज्ञान् समन्ततः ।
स्थाने युद्धे च कुशलानभीरूनविकारिणः ॥ ७ ॥
संहतान् योधयेदल्पान् कामं विस्तारयेद् बहून् ।
सूच्या वज्रेण चैवैतान् व्यूहेन व्यूह्य योधयेत् ॥ ८ ॥
स्यन्दनाश्वैः समे युध्येदनूपे नौद्विपैस्तथा ।
वृक्षगुल्मावृते चापैरसिचर्मायुधैः स्थले ॥ ९ ॥
प्रहर्षयेद् बलं व्यूह्य तांश्च सम्यक् परीक्षयेत् ।
चेष्टाश्चैव विजानीयादरीन् योधयतामपि ॥ १० ॥
उपरुध्यारिमासीत राष्ट्रं चास्योपपीडयेत् ।
दूषयेच्चास्य सततं यवसान्नोदकेन्धनम् ॥ ११ ॥
भिन्द्याच्चैव तडागानि प्राकारपरिखास्तथा ।
समवस्कन्दयेच्चैनं रात्रौ वित्रासयेत्तथा ॥ १२ ॥
प्रमाणानि च कुर्वीत तेषां धर्म्यान्यथोदितान् ।
रत्नैश्च पूजयेदेनं प्रधानपुरुषैः सह ॥ १३ ॥
आदानमप्रियकरं दानञ्च प्रियकारकम् ।
अभीप्सितानामर्थानां काले युक्तं प्रशस्यते ॥ १४ ॥
मनु० ७ । १८४–१९२ । १९४–१९६ । २०३ । २०४ ॥

જ્યારે રાજા શત્રુની સાથે યુદ્ધ કરવા જાય, ત્યારે પોતાના રાજ્યની રક્ષાને માટે પ્રબન્ધ કરી, લડવા જવાની તૈયારી કરવી. સર્વત્ર ગુપ્ત રીતે પોતાના ગુપ્તચરો (ખાનગી રીતે સમાચાર આપનારા ડીટેકટીવો) રાખવા અને પછી યાન, વાહન, શસ્ત્રાસ્ત્રાદિથી પૂર્ણ સેનાને લઇ શત્રુઓ તરફ યુદ્ધ કરવાને જવું. ૧

• ત્રણ પ્રકારનો માર્ગ છે. સ્થલ (ભુમિ), જલ (સમુદ્ર નદી આદિ) અને આકાશ એ ત્રણે માર્ગોને શુદ્ધ કરી જો સ્થલ માર્ગે જવું હોય તો રથ, અશ્વ અને હાથીઓને લેવા. જો જળ માર્ગે જવું હોય તો નૌકા આદિ સાથે લેવા અને આકાશ માર્ગે જવું હોય તો વિમાન આદિ સાથે લેવાં. પાયદળ, રથ, હાથી ઘોડાઓ શસ્ત્ર અસ્ત્ર ભોજનાદિની સામગ્રી સાથે લઇ લશ્કરને બલિષ્ઠ બનાવી કોઇ એક નિમિત્તને પ્રસિદ્ધ કરી શત્રુના નગર તરફ ધીમે ધીમે જવું. ૨

જે અન્દર તો શત્રુતા રાખતો હોય અને બ્હાર મિત્રતા બતાવતો હોય, પોતાનો ભેદ

શત્રુને કહી દેતો હોય, તેના જવા આવવા ઉપર અને તેની સાથે વાતચિત કરવામાં સાવધાન રહેવું. કારણ કે જે અન્દર શત્રુ છે અને બ્હાર મિત્ર છે તેજ મોટો શત્રુ છે. ૩

સર્વ રાજપુરૂષોને યુદ્ધવિદ્યા શીખવવી અને પોતે શીખવી તથા પ્રજાઓને પણ યુદ્ધવિદ્યાનું શિક્ષણ આપવું. જેઓ પ્રથમ યુદ્ધવિદ્યા શિખ્યા છે તેઓજ સારી રીતે લડી શકે છે. જ્યારે શિક્ષા આપે ત્યારે (**दंडव्यूह**) દંડની માફક સેનાને ચલાવવી, (**शकटव्यूह**) ગાડાની પેઠે ચલાવવી, (**वराहव्यूह**) જેમ ડુક્કર એકપછી એક દોડે છે અને કોઇ વખતે સાથે મળીને ચાલે છે તેમ સેનાને ચલાવવી, (**मकरव्यूह**) જેમ મગર પાણીમાં ચાલે છે તેમ સેનાને ચલાવવી, (**सूचीव्यूह**) જેમ સોય અગ્રભાગમાં સૂક્ષ્મ અને પશ્ચાત્ ભાગમાં સ્થૂલ તથા તેનાથી સ્થૂલ દોરો હોય છે તેમ સેનાને ચલાવવી. (**गरुडव्यूह**) જેમ ગરૂડ ઉપર અને નીચે ઝાપટ મારે છે તેવા પ્રકારની સેના ગોઠવી લડાવવી. ૪

જે તરફ ભય હોય તે તરફ સેનાને ફેલાવવી. સેનાની ચારે તરફ પાયદળો રાખવાં. (**पद्मव्यूह**) ચારે તરફ સેનાને પક્ષાકાર બનાવી પોતે મધ્યમાં રહેવું. ૫

સેનાપતિ અને બલાધ્યક્ષ એટલે સેનાને આજ્ઞા આપનાર લડવા લડાવવામાં પ્રવીણ વીરોને આઠે દિશામાં રાખવાં. જે તરફ લડાઇ થતી હોય તે તરફ સેનાનું મુખ રાખવું, બીજી તરફ પણ પાકો બંદોબસ્ત રાખવો, નહિ તો પાછળથી શત્રુનો મારો થવો સંભવિત છે. ૬

જેઓ ગુલ્મ એટલે *સ્તમ્ભતુલ્ય હોય, સારી રીતે યુદ્ધવિદ્યાને જાણતા હોય, ધાર્મિક, સ્થિર, યુદ્ધ કરવામાં નિપુણ, નિર્ભય, મનમાં કોઇ પણ વિકારથી શૂન્ય હોય એવા પુરૂષોને સેનાની ચારે બાજુ રાખવા. ૭

જો થોડા પુરૂષોએ ઘણા પુરૂષોની સાથે યુદ્ધ કરવું હોય તો બધાને એકત્રિત કરી લડાવવા. કારણ કે જો કામ પડે તો તેનેજ ફેલાવી દેવાય. જો નગરમાં દુર્ગમાં (કીલ્લામાં) અથવા શત્રુની સેનામાં પ્રવેશ કરી લડવું હોય તો સૂચીવ્યૂહ અથવા વજ્રવ્યૂહ એટલે જેમ બે ધારવાળી તલવાર બન્ને તરફ કાપે છે. તે પ્રમાણે યુદ્ધ કરતા કરતા આગળ વધવું. એવી રીતે અનેક પ્રકારના વ્યૂહો બનાવી સેનાને લડાવવી. જો સામે તોપો અથવા બન્દુકો છૂટતી હોય તો (**सर्पव्यूह**) માફક સૂતાં સૂતાં જવું. જ્યારે તોપોની પાસે પહોંચી જાય ત્યારે તેઓની ઉપર મારો ચલાવવો અને તોપોનાં મુખો શત્રુઓ તરફ ફેરવી નાંખવાં અને તેજ તોપો તથા બંદુકોથી શત્રુઓને મારવા અથવા તોપોની આગળ ઘોડેસ્વાર વૃધ્ધ પુરૂષોને દોડાવવા અને મધ્યમાં સારા સ્વાર રાખી એક વખત મારો ચલાવી શત્રુની સેનાને છિન્ન-ભિન્ન કરી પકડી લેવી અથવા નસાડી મૂકવી. ૮

જો સમભૂમિમાં લડવું હોય તો રથ, ઘોડા, અને પાયદળોથી; સમુદ્રમાં યુદ્ધ કરવું હોય તો નૌકા આદિથી; થોડા જળમાં યુદ્ધ કરવું હોય તો હાથીઓ વડે અને વૃક્ષ તથા ઝાડીમાં યુદ્ધ કરવું હોય તો બાણો વડે અને સ્થુલ વાલુકાવાળા સ્થલમાં યુદ્ધ કરવું હોય તો તલવાર અને ઢાલો વડે સેનાને લડાવવી. ૯

૧. લડવામાં પાછી પાની ન કરનારા.

જે વખતે યુધ્ધ થતું હોય તે વખતે લડવૈયાઓને ઉત્સાહિત કરવા. જ્યારે યુદ્ધ બંધ થાય ત્યારે શૌર્ય અને ઉત્સાહ વધે તેવી વક્તૃતા કરી સર્વને ખાનપાન અસ્ત્રશસ્ત્ર સહાયતા આદિ વડે પ્રસન્ન કરવા. જે વખતે સેના લડતી હોય તે વખતે સેના ઉપર ધ્યાન રાખવું કે શું તે બરાબર લડે છે કે કંઇ કપટ કરે છે. ૧૦

કોઇ વખત લાગ આવે તો શત્રુને ચારે તરફથી ઘેરી લઇ તેના રાજ્યને પીડિત કરવું. શત્રુઓનાં ઘાસ, અન્ન, જળ, ઇન્ધન આદિ નષ્ટ કરવાં. ૧૧

શત્રુનું તળાવ, નગરનો કિલ્લો, ખાઇ આદિ તોડી ફોડી નાંખવાં; રાત્રિમાં ત્રાસ આપવો અને જીતવાનો ઉપાય કરવો. ૧૨

જીતી લઇ તેની પાસે પ્રતિજ્ઞા લખાવી લેવી અને જો યોગ્ય લાગે તો તેના વંશના કોઇને રાજ્યાસન ઉપર બેસાડવો. અને લખાવી લેવું કે તમારે અમારી આજ્ઞાનુસાર વર્ત્તવું પડશે, ધર્મથી રાજનીતિ ચલાવી પ્રજાનું પાલન કરવું પડશે, એ પ્રમાણે ઉપદેશ આપી એવો પુરૂષ તેની પાસે રાખવો કે ફરીથી તે ઉપદ્રવ ન કરે અને જેનો પરાજય થાય તેનો પ્રધાન આદિ પુરૂષોએ મળી રત્નાદિ આપી સત્કાર કરવો. પણ એમ ન કરવું કે જેથી તેને ખાવા પીવાનું પણ ન મળે; તેને કારાગૃહમાં રાખવો પડે તોપણ તેનો યોગ્ય સત્કાર કરવો, જેથી તે પરાજયથી ઉત્પન્ન થતા શોકને દૂર કરી આનંદમાં રહે. ૧૩

કારણ કે સંસારમાં બીજાના પદાર્થોને છીનવી લેવા એ અપ્રીતિનું કારણ છે, કોઇ સારા સમયમાં પરાજિત પુરૂષનું મનોવાંછિત પૂરૂં કરવું એ ઘણુંજ ઉત્તમ છે. તેને કોઇ દિવસ ચીડાવવો નહિ. ઠઠ્ઠા મશ્કરી કરવી નહિ. તેની સામે અમે તમને હરાવ્યા એમ પણ કહેવું નહિ પરંતુ તમે અમારા ભાઇ છો એવી રીતે હમેશાં સાંત્વન કરવું.

हिरण्यभूमिसंप्राप्त्या पार्थिवो न तथैधते ।
यथा मित्रं ध्रुवं लब्ध्वा कृशमप्यायतिक्षमम् ॥ १ ॥
धर्मज्ञं च कृतज्ञं तुष्टप्रकृतिमेव च ।
अनुरक्तं स्थिरारम्भं लघुमित्रं प्रशस्यते ॥ २ ॥
प्राज्ञं कुलीनं शूरं च दक्षं दातारमेव च ।
कृतज्ञं धृतिमन्तश्च कष्टमाहुरारिं बुधाः ॥ ३ ॥
आर्य्यता पुरुषज्ञानं शौर्य्यं करुणवेदिता ।
स्थौललक्ष्यं च सततमुदासीनगुणोदयः ॥ ४ ॥ मनु० ७ । २०८-२११॥

અત્યન્ત પ્રેમી, ભાવિ કાર્યો ઉપર પૂર્ણ વિચાર કરનાર, કાર્યને સિધ્ધ કરનાર, સમર્થ મિત્રની પ્રાપ્તિથી રાજાનો જેવો ઉદય થાય છે, તેવો ઉદય સુવર્ણાદિ ધનથી અથવા ભૂમિ મળવાથી થતો નથી. ૧

ધર્મજ્ઞ, કૃતજ્ઞ અર્થાત્ ઉપકારને નહિ ભૂલનાર, પ્રસન્ન સ્વભાવ, અનુરાગી, સ્થિરારંભી, એવો ન્હાનો મિત્ર હોય તોપણ તે પ્રશંસિત ગણાય છે. ૨

પ્રાજ્ઞ, કુલીન, શૂર, કુશળ, દાતક (દાન આપનાર) કૃતજ્ઞ, ધૈર્યવાન પુરૂષને કદિપણ શત્રુ કરવો નહિ, કારણ જે મનુષ્ય એવા પુરૂષને શત્રુ કરે છે તે સદા દુઃખી થાય છે. ૩

ઉદાસીનનું લક્ષણ જેમાં પ્રશંસનીય ગુણો હોય, સારા અથવા ખરાબ મનુષ્યને જાણવાની જેમાં શક્તિ હોય, જેમાં શૂરવીરતા હોય, જેમાં કરૂણા હોય, સ્થૌલલક્ષ્ય અર્થાત્ જે ઉપરની વાતો હમેશાં સંભળાવ્યા કરે (જેમાં બહુ દાન આપવાનો ગુણ હોય, એવો પણ કેટલાકો અર્થ કરે છે અને કેટલાક લોકો અર્થમાં અસૂક્ષ્મદર્શિતા પણ કરે છે) તેને ઉદાસીન જાણવો. ૪

एवं सर्वमिदं राजा सह संमन्त्र्य मन्त्रिभिः ।
व्यायाम्याप्लुत्यमध्याह्ने भोक्तमन्तःपुरं विशेत् ॥ मनु० ७ । २१६ ॥

સ્હવારમાં વહેલા ઉઠી શૌચ, સ્નાન, સન્ધ્યોપાસન અગ્નિહોત્ર આદી કરી, મંત્રીઓની સાથે વિચાર કરી સૈનિક, ભૃત્ય તથા સેનાધ્યક્ષોને પ્રસન્ન કરી નાના પ્રકારના વ્યૂહ (કવાયત) કરાવી, હાથી ઘોડા અને ગાય આદિનાં સ્થાનો તથા અસ્ત્રશસ્ત્રોનાં સ્થાનો, કોશ અને વૈદ્યાલય (દવાખાનું.) તપાસવાં અને તેમાં કોઇ જાતનો દોષ હોય તે દૂર કરવો. વ્યાયામ શાળામાં વ્યાયામ કરી મધ્યાન્હ સમયમાં ભોજનને માટે અન્તઃપુરમાં (પત્નીગૃહમાં) જવું, ત્યાં ભોજનની સારી રીતે પરીક્ષા કરવી અને જે બલબુદ્ધિને વધારનારૂં, રોગનો નાશ કરનારૂં, ઉત્સાહને વધારનારૂં અન્ન હોય તે ભોજનમાં લેવું, તથા અનેક પ્રકારનાં સુગન્ધિ સ્વાદિષ્ટ વ્યંજન એટલે શાક અથાણાં વિગેરે ભોજનમાં લેવાં. જેમ સુખી રહેવાય તેમ સર્વ રાજ્યનાં કાર્યોમાં ઉન્નતિ કરવી.

પ્રજા પાસેથી કર લેવાનો પ્રકારઃ—

पञ्चाशद्भाग आदेयो राज्ञा पशुहिरण्ययोः ।
धान्यानामष्टमो भागः षष्ठो द्वादश एव वा ॥ मनु० ७ । १३० ॥

વ્યાપારી અને કારીગરોને સુવર્ણ ચાંદીનો જેટલો લાભ થાય તેમાંથી પચ્ચાસમો ભાગ, ચોખા આદિ અનાજમાં છઠ્ઠો ભાગ, આઠમો અથવા બારમો ભાગ લેવો અને જો ધન લેવું હોય તો પણ તેજ પ્રકારે લેવું; કારણ કે એમ કરવાથી ખેડુતો ધનહીન થઇ દુઃખી થશે નહિ. જો પ્રજા ધનાઢ્ય, આરોગ્યવતી અને ખાવા પીવાથી સુખી હશે તોજ રાજાની ઉન્નતિ થશે. પ્રજાને પોતાના સંતાનની માફક સુખ આપવું અને પ્રજાએ રાજાને તથા રાજપુરૂષોને પોતાના પિતા સમાન જાણવા. ખેડુતો પરિશ્રમ કરનારા છે અને રાજા તેઓનો રક્ષક છે. જો પ્રજા ન હોય તો રાજા કોનો અને રાજા ન હોય તો પ્રજા કોની ? માટે બન્નેએ પોત પોતાના કામમાં સ્વતંત્ર રહી એક બીજાની સાથે પ્રેમ રાખી બન્નેનો ઉદય કરનારાં કામોમાં પરતંત્ર રહેવું. રાજાએ તથા રાજપુરૂષોએ પ્રજાની સાધારણ સંમતિ વિરૂદ્ધ ન જવું. તેમજ રાજાની આજ્ઞા વિરૂદ્ધ રાજપુરૂષ તથા પ્રજાએ ન જવું, આ રાજાનું રાજકીય કામ જેને " પોલિટિકલ " કહે છે, તે સંક્ષેપથી કહી જણાવ્યું–અને જે વધારે

જાણવાને ઇચ્છતા હોય તેમણે ચારે વેદ, મનુસ્મૃતિ, શુક્રનીતિ, મહાભારત આદિ જોઇ નિશ્ચય કરી લેવો. પ્રજાનો ન્યાય કેમ કરવો તે મનુસ્મૃતિના આઠમા અધ્યાયમાં બતાવ્યું છે માટે ત્યાં જોઇ લેવું. સંક્ષેપથી અહિં પણ લખીએ છીએ:—

प्रत्यहं देशदृष्टैश्च शास्त्रदृष्टैश्च हेतुभिः ।
अष्टादशसु मार्गेषु निबद्धानि पृथक् पृथक् ॥ १ ॥
तेषामाद्यमृणादानं निक्षेपोऽस्वामिविक्रयः ।
संभूय च समुत्थानं दत्तस्यानपकर्म च ॥ २ ॥
वेतनस्यैव चादानं संविदश्च व्यतिक्रमः ।
क्रयविक्रयानुशयो विवादः स्वामिपालयोः ॥ ३ ॥
सीमाविवादधर्मश्च पारुष्ये दण्डवाचिके ।
स्तेयं च साहसं चैव स्त्रीसङ्ग्रहणमेव च ॥ ४ ।
स्त्रीपुंधर्मो विभागश्च द्यूतमाह्वय एव च ।
पदान्यष्टादशैतानि व्यवहारस्थिताविह ॥ ५ ॥
एषु स्थानेषु भूयिष्ठं विवादं चरतां नृणाम् ।
धर्मं शाश्वतमाश्रित्य कुर्यात्कार्यविनिर्णयम् ॥ ६ ॥
धर्मो विद्धस्त्वधर्मेण सभां यत्रोपतिष्ठते ।
शल्यं चास्य न कृन्तन्ति विद्धास्तत्र सभासदः ॥ ७ ॥
सभां वा न प्रवेष्टव्या वक्तव्यं वासमंजसम् ।
अब्रुवन्विब्रुवन्वापि नरो भवति किल्विषी ॥ ८ ॥
यत्र धर्मो ह्यधर्मेण सत्यं यत्रानृतेन च ।
हन्यते प्रेक्षमाणानां हतास्तत्र सभासदः ॥ ९ ॥
धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ।
तस्माद्धर्मो न हन्तव्यो मा नो धर्मो हतोऽवधीत् ॥ १० ॥
वृषो हि भगवान् धर्मस्तस्य यः कुरुते ह्यलम् ।
वृषलं तं विदुर्देवास्तस्माद्धर्मं न लोपयेत् ॥ ११ ॥
एक एव सुहृद्धर्मो निधनेप्यनुयाति यः ।
शरीरेण समन्नाशं सर्वमन्यद्धि गच्छति ॥ १२ ॥
पादोधर्मस्य कर्त्तारं पादः साक्षिणमृच्छाति ।
पादः सभासदः सर्वान् पादो राजानमृच्छति ॥ १३ ॥

राजा भवत्यनेनास्तु मुच्यन्ते च सभासदः ।
एनो गच्छति कर्त्तारं निन्दार्हो यत्र निन्द्यते ॥ १४ ॥

मनु० ८ । ३–८ । १२–१९ ॥

પ્રધાન આદિ રાજપુરૂષો સાથે રાજાએ દેશાચાર તથા શાસ્ત્રમાં કહેલા નિયમોને ધ્યાનમાં લઇ આ અરાઢ વિવાદાસ્પદ માર્ગોમાં વિવાદયુક્ત કર્મોનો નિર્ણય હમેશાં કરવો. અને જે જે નિયમો શાસ્ત્રોમાં જોવામાં ન આવે અને તે તે નિયમોની આવશ્યકતા જણાય તો ઉત્તમ રીતે સર્વ સંજોગોપર દૃષ્ટિ રાખી નિયમો બાંધવા અને રાજા તથા પ્રજાની ઉન્નતિ કરવી, ૧ તે અરાઢ માર્ગો આ પ્રમાણે છે:—

(**ऋणादान**) ઋણ લેવા દેવાનો વિવાદ.

(**निक्षेप**) [1]ગિરો મુકવું અર્થાત્ કોઇને ત્યાં કોઇ પદાર્થ મૂકયો હોય અને માગે ત્યારે ન આપવો.

(**अस्वामिविक्रय**) બીજાનો પદાર્થ બીજાએ વેચી નાંખવો.

(**संभूयच समुत्थानम्**) બધાએ મળીને કોઇની ઉપર અત્યાચાર કરવો.

(**दत्तस्व अनपकर्मच**) આપેલ પદાર્થને પાછો ન આપવો. (૨)

(**वेतनस्यैव चादानम्**) વેતન (નોકરીના પૈસા) ન આપવું અથવા ઓછું આપવું.

(**प्रतिज्ञा**) પ્રતિજ્ઞાથી વિરૂદ્ધ ચાલવું.

(**क्रयाविक्रयानुशय**) લેણ દેણમાં ઝગડો કરવો.

(**विवादः स्वामिपालयोः**) પશુસ્વામી અને પશુ પાલકનો ઝગડો. (૩)

(**सीमाविवाद धर्मश्च**) સીમાનો વિવાદ.

(**पारुष्ये**) કઠોર દંડ આપવો.

(**दंडवाचिके**) કઠોર વાણી બોલવી (કોઇને ગાળ આદિ ખરાબ શબ્દ કહેવો.)

(**स्तेयम्**) ચોરી, ધાડ પાડવી.

(**साहसम्**) કોઇના કામને બલાત્કારથી કરવું.

(**स्त्रीसंग्रहणम्**) કોઇ સ્ત્રી અથવા પુરૂષનો વ્યભિચાર થવો.

(**स्त्रीपुंधर्मः**) * સ્ત્રી અને પુરૂષના ધર્મમાં વ્યતિક્રમ થવો.

(**विभागः**) દાય ભાગમાં વાંધો ઉઠાવવો.

(**द्यूतमाह्वय**) જડ અથવા ચેતન પદાર્થને હોડમાં મૂકી જુગાર રમવો. એ અરાઢ પરસ્પર વિરૂદ્ધ વ્યવહારના વિષયો છે. ૫

સનાતન ધર્મનો આશ્રય કરી, પક્ષપાતનો ત્યાગ કરી ઉપર કહેલા વિષયોમાં વિવાદ કરનાર પુરૂષોનો ન્યાય કરવો. ૬

---

૧ કોઇને ત્યાં ગિરો મૂકવું તેટલોજ અર્થ નિક્ષેપનો છે. પાછું ન દેવું એતો વિવાદનો વિષય છે.

* સ્ત્રીની સાથે જે પુરૂષનો ધર્મ છે તેની વ્યવસ્થા એવો પણ કેટલાક વિદ્વાનો અર્થ કરે છે—અનુવાદક

જે સભામાં અધર્મથી ઘાયલ થયેલો ધર્મ ઉપસ્થિત થાય છે અને શલ્ય અર્થાત તીરના જેવા ધર્મમાંથી કલંક તથા અધર્મનું છેદન જેઓ નથી કરતા એટલે જેઓ ધર્માત્માનું માન અને અધર્માત્માનો દંડ નથી કરતા તેઓ સભાની અન્દર ઘાયલ જેવાજ સમજવા. ૭

ધાર્મિક મનુષ્યે સભાની અંદર પ્રવેશ કરવો નહિ અને જો પ્રવેશ કરવો તો સત્યજ બોલવું, કોઇ સભાની અંદર અધર્મ થતો હોય તો બોલવું નહિ અથવા સત્યનો પક્ષ કરી બોલવું કારણ કે ન્યાય વિરૂદ્ધ બોલવાથી મનુષ્ય મહાપાપી થાય છે. ૮ (ન બોલવાનું કારણ એ છે કે કદાચિત પોતાની અજ્ઞાનતાને લઇ ન્યાય વિરૂદ્ધ બોલી જવાય. અનુવાદક)

જે સભામાં સભાસદોના દેખતાં અધર્મથી ધર્મ અને અસત્યથી સત્ય હણાય છે તે સભામાં બેસનારા સભાસદો બધા મૃતક જેવાજ છે. કોઇ પણ જીવતો નથી એમ સમજવું. ૯

હણાયલો ધર્મ હણનારનો નાશ કરે છે અને રક્ષિત થયલ ધર્મ, રક્ષણ કરનારનું રક્ષણ કરે છે માટે ધર્મનું હનન કદિપણ કરવું નહિ. હણાયલો ધર્મ અમને ન હણે (એવી બ્હીક હમેશાં રાખવી. અ. વા.) ૧૦

જે સર્વ ઐશ્વર્યોને તથા સુખોને આપનાર છે તેનો જે વિનાશ કરે છે તેને વિદ્વાન્ લોક 'વૃષલ' એટલે નીચ-શૂદ્ર કહે છે, માટે કોઇ પણ માણસે ધર્મનો વિનાશ કરવો નહિ.૧૧

આ સંસારમાં સાચો મિત્ર ધર્મજ છે કે જે મરણની પછી પણ સાથેજ આવે છે. બાકી બીજા બધા પદાર્થો શરીરની સાથેજ નાશ પામે છે એટલે મરણ વખતે તેઓનો સંગ છૂટી જાય છે.૧૨

જે સભામાં અન્યાય થાય છે ત્યાં અન્યાય રૂપે અધર્મના ચાર વિભાગો થાય છે. તેમાંનો એક ભાગ અન્યાયકર્ત્તાને, બીજો ભાગ સાક્ષીને, ત્રીજો ભાગ સભાસદોને અને ચોથો ભાગ સભાપતિ અર્થાત્ રાજાને મળે છે.૧૩

જે સભામાં નિન્દ્યની નિન્દા, સ્તુત્યની સ્તુતિ, દંડનીયનો દંડ અને માન્યનું માન થાય છે, તે સભામાં રાજા અને સર્વ સભાસદો પવિત્ર થાય છે અને પાપ કર્ત્તાનેજ પાપ લાગે છે.૧૪

आप्ताः सर्वेषु वर्णेषु कार्य्याः कार्येषु साक्षिणः ।
सर्वधर्मविदोऽलुब्धा विपरीतांस्तु वर्जयेत् ॥ १ ॥
स्त्रीणां साक्ष्यं स्त्रियः कुर्युर्द्विजानां सदृशा द्विजाः ।
शूद्राश्च सन्तः शूद्राणामन्त्यानामन्त्ययोनयः ॥ २ ॥
साहसेषु च सर्वेषु स्तेयसङ्ग्रहणेषु च ।
वाग्दण्डयोश्च पारुष्ये न परीक्षेत साक्षिणः ॥ ३ ॥

बहुत्वं परिगृह्णीयात्साक्षिद्वैधे नराधिपः ।
समेषु तु गुणोत्कृष्टान् गुणद्वैधे द्विजोत्तमान् ॥ ४ ॥
समक्षदर्शनात्साक्ष्यं श्रवणाच्चैव सिध्यति ।
तत्र सत्यं ब्रुवन्साक्षी धर्मार्थाभ्यां न हीयते ॥ ५ ॥
साक्षी दृष्टश्रुतादन्याद्विब्रुवन्नार्य्यसंसदि ।
अवाङ्नरकमभ्येति प्रेत्य स्वर्गाच्च हीयते ॥ ६ ॥
स्वभावेनैव यद् ब्रूयुस्तद् ग्राह्यं व्यावहारिकम् ।
अतो यदन्यद्विब्रूयुर्धर्मार्थं तदपार्थकम् ॥ ७ ॥
सभान्तः साक्षिणः प्राप्तानर्थिप्रत्यर्थिसन्निधौ ।
प्राड्विवाकोऽनुयुञ्जीत विधिनाऽनेन सान्त्वयन् ॥ ८ ॥
यद् द्वयोरनयोर्वेत्थ कार्येऽस्मिन् चेष्टितं मिथः ।
तद् ब्रूत सर्वं सत्येन युष्माकं ह्यत्र साक्षिता ॥ ९ ॥
सत्यं साक्ष्ये ब्रुवन्साक्षी लोकानाप्नोति पुष्कलान् ।
इह चानुत्तमां कीर्तिं वागेषा ब्रह्मपूजिता ॥ १० ॥
सत्येन पूयते साक्षी धर्मः सत्येन वर्द्धते ।
तस्मात्सत्यं हि वक्तव्यं सर्ववर्णेषु साक्षिभिः ॥ ११ ॥
आत्मैव ह्यात्मनः साक्षी गतिरात्मा तथात्मनः ।
मावमंस्थाः स्वमात्मानं नृणां साक्षिणमुत्तमम् ॥ १२ ॥
यस्य विद्वान् हि वदतः क्षेत्रज्ञो नाभिशङ्कते ।
तस्मान्न देवाः श्रेयांसं लोकेऽन्यं पुरुषं विदुः ॥ १३ ॥
एकोऽहमस्मीत्यात्मानं यत्त्वं कल्याण मन्यसे ।
नित्यं स्थितस्ये हृद्येष पुण्यपापेक्षिता मुनिः ॥ १४ ॥
मनु० ८ ॥ ६३ । ६८ । ७२–७५ । ७८–८१ । ८३ । ८४ । ९६ । ९१ ॥

ગમે તે વર્ણના હોય પરન્તુ જેઓ ધાર્મિક, વિદ્વાન્, નિષ્કપટી, સર્વ પ્રકારના ધર્મને જાણનારા, લોભરહિત અને સત્યવાદી હોય તેઓને ન્યાયની વ્યવસ્થા કરવામાં સાક્ષી કરવા તેનાથી વિપરીત નહિ. ૧

સ્ત્રીઓનો સાક્ષી સ્ત્રી, દ્વિજોનો દ્વિજ, શૂદ્રોનો શૂદ્ર અને અન્ત્યજનો અન્ત્યજ સાક્ષી હોવો જોઇએ. ૨

ચોરી (લૂંટ) વ્યભિચાર, કઠોર વચન, દંડનિપાત આદિ જે બલાત્કારો છે તેમાં સાક્ષીઓની પરીક્ષા કરવી નહિ, એ કામ ગુપ્ત હોવાથી તેમાં સાક્ષીની આવશ્યકતા નથી. ૩

બે પક્ષમાંના જે પક્ષમાં વધારે સાક્ષી હોય તેને અનુસરીને, જો બન્ને પક્ષમાં સરખા સાક્ષીઓ હોય તો ઉત્તમ ગુણવાન્ પુરૂષની સાક્ષ્યને અનુસરીને જો બન્ને પક્ષમાં ઉત્તમ ગુણવાન્ સાક્ષી હોય તો દ્વિજોત્તમ ઋષિ મહર્ષિ યતિઓની સાક્ષ્યને અનુસરીને ન્યાય કરવો. ૪

સાક્ષી બે પ્રકારના હોય છે; એક તો જેણે પ્રત્યક્ષ જોયું હોય તે, અને બીજો જેણે સાંભળ્યું હોય તે, સાક્ષીને જ્યારે સભામાં પૂછવામાં આવે ત્યારે સાક્ષીએ સત્ય બોલવું. સત્યવાદી સાક્ષી ધર્મહીનતાને તથા દંડને પ્રાપ્ત થતો નથી અને મિથ્યાવાદી દંડનીય થાય છે. ૫

રાજસભામાં અથવા ઉત્તમ પુરૂષોની સભામાં જો સાક્ષી દૃષ્ટ અથવા શ્રુતથી વિરૂદ્ધ બોલે તો (**अवाङ्नरक**) જીભ કાપવાથી ઉત્પન્ન થતા દુઃખરૂપ નરકને આ જ લોકમાં પામે છે અને મરણ પછી પણ સુખથી રહિત થાય છે. ૬

સાક્ષી જે સ્વભાવથીજ (ભય આદિથી નહિ) બોલે તેજ વ્યવહાર નિર્ણયને માટે માનવું અને કોઇના (વકીલ આદિના) શીખવ્યાથી બોલે તે, ન્યાયાધીશે અસત્ય સમજવું. ૭

જ્યારે સભામાં અર્થી (વાદી) પ્રત્યર્થી (પ્રતિવાદી) આવે ત્યારે ન્યાયાધીશે અને પ્રાડ્વિવાક એટલે વકીલ અથવા બારીસ્ટરે શાન્તિથી આ પ્રમાણે પૂછવું:—૮

સાક્ષીઓ ! આ બન્નેના કર્મમાં જે તમે જાણતા હો, તે સત્ય કહો કારણકે ત્હમારી આ કાર્યમાં સાક્ષ્ય છે. ૯

જે સાક્ષીઓ સત્ય બોલે છે તે બીજા જન્મમાં ઉત્તમ લોકને પ્રાપ્ત થાય છે. આ જન્મ તથા પરજન્મમાં ઉત્તમ કીર્તિ મેળવે છે; કારણ કે વાણી, વેદોમાં સત્કરણીય અને તિરસ્કરણીય બન્ને છે, માટે સત્યવાદી સાક્ષી પ્રતિષ્ઠિત થાય છે અને મિથ્યાવાદી સાક્ષી નિન્દિત થાય છે. ૧૦

સત્ય બોલવાથી સાક્ષી પવિત્ર થાય છે. સત્ય બોલવાથી ધર્મની વૃદ્ધિ થાય છે માટે સર્વ વર્ણોમાંના સાક્ષીએ સત્યજ બોલવું જોઇએ. ૧૧

આત્માનો સાક્ષી આત્મા અને આત્માની ગતિ આત્માજ છે માટે હે મનુષ્ય તું ઉત્તમ સાક્ષી થઇ અસત્ય બોલી ત્હારા આત્માનું અપમાન ન કર. જે ત્હારા આત્મામાં અને મનમાં છે તેજ જો વાણીમાં આવે તો સત્ય છે અને જો વિરૂદ્ધ આવે તો તે મિથ્યાભાષણ છે. ૧૨

બોલતી વખતે જે વક્તાનો શરીરજ્ઞ અન્તરાત્મા શંકિત થતો નથી, તે વક્તા (પુરૂષ) થી કોઈ બીજો પ્રશસ્તર નથી એમ વિદ્વાન્ લોકો જાણે છે. ૧૩

હે કલ્યાણેચ્છુ પુરૂષ ? " હું એકલો છું " એમ સમજી તું મિથ્યા બોલે છે તે ઠીક નથી; કારણ કે ત્હારા હૃદયમાં એક બીજો સર્વાન્તરર્યામી પરમેશ્વર પાપ પુણ્યનો જોનારો મુનિ વિદ્યમાન છે માટે તે પરમાત્માથી ડરીને સાચું બોલ. ૧૪

लोभान्मोहाद्भयान्मैत्रात्कामात् क्रोधात्तथैव च ।
अज्ञानाद्बालभावाच्च साक्ष्यं वितथमुच्यते ॥ १ ॥

एषामन्यतमे स्थाने यः साक्ष्यमनृतं वदेत् ।
तस्य दण्डविशेषांस्तु प्रवक्ष्याम्यनुपूर्वशः ॥ २ ॥
लोभात्सहस्रंदण्ड्यस्तु मोहात्पूर्वन्तु साहसम् ।
भयाद्द्वौ मध्यमौ दण्ड्यौ मैत्रात्पूर्वं चतुर्गुणम् ॥ ३ ॥
कामाद्दशगुणं पूर्वं क्रोधात्तु त्रिगुणं परम् ।
अज्ञानाद्द्वे शते पूर्णे बालिश्याच्छतमेव तु ॥ ४ ॥
उपस्थमुदरं जिह्वा हस्तौ पादौ च पञ्चमम् ।
चक्षुर्नासा च कर्णौ च धनं देहस्तथैव च ॥ ५ ॥
अनुबन्धं परिज्ञाय देशकालौ च तत्त्वतः ।
साराऽपराधौ चालोक्य दण्डं दण्ड्येषु पातयेत् ॥ ६ ॥
अधर्मदण्डनं लोके यशोघ्नं कीर्त्तिनाशनम् ।
अस्वर्ग्यश्च परत्रापि तस्मात्तत्परिवर्जयेत् ॥ ७ ॥
अदण्ड्यान्दण्डयन् राजा दण्ड्यांश्चैवाप्यदण्डयन् ।
अयशो महदाप्नोति नरकं चैव गच्छति ॥ ८ ॥
वाग्दण्डं प्रथमं कुर्याद्धिग्दण्डं तदनन्तरम् ।
तृतीयं धनदण्डं तु वधदण्डमतः परम् ॥ ९ ॥
मनु० ८ । ११८-१२१ । १२५-१२९ ॥

જે લોભથી, મોહથી, મિત્રતાથી, કામથી, ક્રોધથી, અજ્ઞાનથી અને બાળકપણાથી સાક્ષ્ય આપે છે તે બધી અસત્ય સમજવી. ૧

ઉપર કહેલા કોઇ પણ કારણથી જો સાક્ષી અસત્ય બોલે તો તેનો નીચે પ્રમાણે દંડ કરવો. ૨

જો લોભથી અસત્ય બોલે તો રૂ. ૧૫-૧૦-૦, અને જો મોહથી અસત્ય બોલે તો રૂ. ૩-૨-૦, ભયથી અસત્ય બોલે તો રૂ. ૬-૪-૦, મિત્રતાથી અસત્ય બોલે તો રૂ. ૧૨-૮-૦. ૩

જો [1]કામનાથી અસત્ય બોલે તો રૂ. ૨૫-૦-૦, જો ક્રોધથી અસત્ય બોલે તો રૂ. ૪૬-૧૪-૦, જો અજ્ઞાનતાથી અસત્ય બોલે તો રૂ. ૬-૦-૦, અને જો બાલકપણાથી અસત્ય બોલે તો રૂ. ૧-૯-૦. ૪

ઉપસ્થ ઇંદ્રિય, ઉદર, જીભ, હાથ, પગ, આંખ, નાક, કાન, ધન અને શરીર એ દસ દંડ દેવાનાં સ્થાનો છે. ૫

૧ સ્ત્રી સંભોગ આદિની ઇચ્છા.

જે દંડ ઉપર લખ્યો છે અને આગળ લખવામાં આવશે-જેમકે ઉપર લખ્યો છે કે લોભથી અસત્યવાદીનો રૂ. ૧૫-૧૦-૦ દંડ લેવો-પણ જો અત્યન્ત નિર્ધન હોય તો ઓછો લેવો અને જો ધનાઢ્ય હોય તો દ્વિગુણ, ત્રિગુણ અને ચતુર્ગુણ સુધી પણ લેવો અર્થાત્ દેશ, કાળ, અને પુરૂષને ધ્યાન રાખી જેવો અપરાધ તેવો દંડ કરવો. ૬

જો અધર્મથી દંડ કરવામાં આવે તો ભૂત વર્ત્તમાન અને ભાવિની કીર્તિનો નાશ થાય છે. બીજા જન્મમાં થનાર કીર્તિનો પણ નાશ થાય છે અને પરજન્મમાં અનેક પ્રકારનું દુઃખ થાય છે માટે અધર્મથી દંડ કદિ પણ કરવો નહિ. ૭

જે રાજા અદંડનીયનો દંડ કરે છે અને દંડનીયનો દંડ નથી કરતો તે પોતાના જીવનમાં ઘણીજ નિન્દા પામે છે અને મરણ પછી પણ અનેક પ્રકારનું કષ્ટ ભોગવે છે માટે અપરાધીને અવશ્ય દંડ આપવો અને નિરપરાધીને મુક્ત કરવો. ૮

પ્રથમ વાણીથી દંડ કરવો અર્થાત્ તેની નિન્દા કરવી. બીજો " ધિગ્દંડ " અર્થાત્ તેં આવું કામ કર્યું માટે તને ધિક્કાર છે. ત્રીજો ધનનો દંડ અને ચોથો " વધદંડ " એટલે ચાબુકથી અથવા નેતરની સોટીઓથી તેને મારવો, અથવા શિરચ્છેદ કરવો. ૯

येन येन यथाङ्गेन स्तेनो नृषु विचेष्टते ।
तत्तदेव हरेदस्य प्रत्यादेशाय पार्थिवः ॥ १ ॥
पिताचार्य्यः सुहृन्माता भार्य्या पुत्रः पुरोहितः ।
नादण्ड्यो नाम राज्ञोऽस्ति यः स्वधर्मे न तिष्ठति ॥ २ ॥
कार्षापणं भवेद्दण्ड्यो यत्रान्यः प्राकृतो जनः ।
तत्र राजा भवेद्दण्ड्यः सहस्रमिति धारणा ॥ ३ ॥
अष्टापाद्यन्तु शूद्रस्य स्तेये भवति किल्बिषम् ।
षोडशैव तु वैश्यस्य द्वात्रिंशत् क्षत्रियस्य च ॥ ४ ॥
ब्राह्मणस्य चतुःषष्टिः पूर्णं वापि शतं भवेत् ।
द्विगुणा वा चतुःषष्टिस्तद्दोषगुणविद्धि सः ॥ ५ ॥
ऐन्द्रं स्थानमभिप्रेप्सुर्यशश्चाक्षयमव्ययम् ।
नोपेक्षेत क्षणमपि राजा साहसिकं नरम् ॥ ६ ॥
वाग्दुष्टात्तस्कराच्चैव दण्डेनैव च हिंसतः ।
साहसस्य नरः कर्त्ता विज्ञेयः पापकृत्तमः ॥ ७ ॥
साहसे वर्त्तमानन्तु यो मर्षयति पार्थिवः ।
स विनाशं व्रजत्याशु विद्वेषं चाधिगच्छति ॥ ८ ॥

न मित्रकारणाद्राजा विपुलाद्वा धनागमात् ।
समुत्सृजेत् साहसिकान्सर्वभूतभयावहान् ॥ ९ ॥
गुरुं वा बालवृद्धौ वा ब्राह्मणं वा बहुश्रुतम् ।
आततायिनमायान्तं हन्यादेवाविचारयन् ॥ १० ॥
नाततायिवधे दोषो हन्तुर्भवति कश्चन ।
प्रकाशं वाऽप्रकाशं वा मन्युस्तन्मन्युमृच्छति ॥ ११ ॥
यस्य स्तेनः पुरे नास्ति नान्यस्त्रीगो न दुष्टवाक् ।
न साहसिकदण्डघ्नौ स राजा शक्रलोकभाक् ॥ १२ ॥
मनु० ८ । ३३४–३३८ । ३४४–३४७ । ३५० । ३५१ । ३८६ ॥

ચોર જે જે અંગથી મનુષ્યોમાં ખરાબ ચેષ્ટા (ધન હરણ આદિ) કરે તે તે અંગ રાજાએ મનુષ્યોમાં ધડો બેસાડવા માટે કાપી નાંખવું. ૧

પિતા, આચાર્ય, મિત્ર, સ્ત્રી, પુત્ર અથવા પુરોહિત ગમે તે હોય પણ જો સ્વધર્મમાં ન રહે તો તે રાજાનો અદંડ્ય નથી, અર્થાત્ રાજાએ ન્યાયાસન ઉપર બેસી પક્ષપાતનો ત્યાગ કરી યોગ્ય રીતે દંડ કરવો. ૨

જે અપરાધમાં સાધારણ માણસ એક પૈસાનો દંડ ભાગી છે, તેજ અપરાધમાં જો રાજા આવ્યો હોય તો તે હજાર પૈસાનો દંડ ભાગી થાય છે અર્થાત સાધારણ મનુષ્યની અપેક્ષા રાજાનો હજારગણો દંડ થાય છે; અને મંત્રી (દીવાન) નો આઠસોગણો દંડ થાય છે; અને ઓછામાં ઓછો સાતસો અથવા તો છસો સમજવો. એ પ્રમાણે ઉત્તરોત્તર અન્ત્યભૃત્ય ચપરાસી (ન્હાનો સીપાઇ) છે તેનો આઠગણાથી ઓછો દંડ ન થવો જોઇએ. જો પ્રજા–પુરૂષોની અપેક્ષા રાજપુરૂષોનો દંડ વધારે ન હોય તો રાજપુરૂષો, પ્રજાપુરૂષોનો નાશ કરી નાંખે. જેમ સિંહ વધારે દંડથી અને બકરી ઓછા દંડથી વશ થાય છે. (તેવીજ રીતિ પ્રજાજન અને રાજજનમાં સમજવી.) માટે રાજાથી લઇ ન્હાનાથી ન્હાના અપરાધી ચાકરને પ્રજાજન કરતાં વધારે દંડ હોવો જોઇએ. ૩

તેવીજ રીતે થોડો વિવેકી શૂદ્ર ચોરી કરે તો આઠગણો દંડ, વૈશ્યનો સોળગણો દંડ અને ક્ષત્રિયનો વીશગણો દંડ. ૪

બ્રાહ્મણનો ચોસઠગણો દંડ અથવા એકસોઅઠ્ઠાવીગણો હોવો જોઇએ. અર્થાત્ જેને વધારે જ્ઞાન હોય અથવા પ્રતિષ્ટા હોય તેને અપરાધમાં વધારે દંડ હોવો જોઇએ. ૫

રાજ્યાધિકારી ધર્મ અને ઐશ્વર્યની ઇચ્છા કરનાર રાજાએ બલાત્કાર કરનારાઓ લૂંટારા તથા ચોરોને દંડ આપવામાં એક ક્ષણ પણ વિલંબ કરવો નહિ. ૬

સાહસિક પુરૂષનાં લક્ષણો:—

દુષ્ટ વચન બોલનાર, ચોરી કરનાર, અપરાધ વગર દંડ આપનાર પુરૂષ કરતાં સાહસ કરનાર પુરુષ વધારે પાપી છે. ૭

જે રાજા સાહસિક પુરૂષનો દંડ નથી કરતો તે અધોગતિને પ્રાપ્ત થાય છે અને પ્રજાજનનો દ્વેષણીય થાય છે. ૮

પ્રાણિઓને દુઃખ આપનાર સાહસિક મનુષ્યને મિત્રતાથી અથવા પુષ્કળ ધનની લાલચથી મુકત કરવો નહિ. જરૂર બંધન છેદન આદિ યોગ્ય દંડ આપવો. ૯

ધર્મનો ત્યાગ કરી જે અધર્મમાં વર્ત્તમાન છે. અપરાધ વિના બીજાનું ખુન કરે છે તે હિંસક મનુષ્ય-પછી તે ગુરૂ, પુત્ર, બાળક, પિતા આદિ વૃદ્ધ, બ્રાહ્મણ, બહુશ્રુત આદિ ગમે તે હોય તોપણ-તેને પ્રાણાન્ત શિક્ષા કરવી, અને એવી શિક્ષા કર્યા પછી પશ્ચાત્તાપ (અફસોસ) કરવો નહિ. ૧૦

દુષ્ટ પુરૂષોને પ્રસિદ્ધ અથવા અપ્રસિદ્ધ રીતે મારવામાં, મારનારને પાપ થતું નથી કારણ કે ક્રોધીને ક્રોધથી મારવો એ જાણો કે ક્રોધની સાથે ક્રોધનીજ લડાઇ છે. ૧૧

જે રાજાના રાજ્યમાં ચોર, પરદારાગામી, દુષ્ટ વચન બોલનાર, સાહસિક, લુંટારો અને દંડઘ્ન અર્થાત્ રાજાજ્ઞાનો ભંગ કરનાર કોઇ પણ પુરૂષ નથી તે રાજા ઘણોજ શ્રેષ્ઠ છે. ૧૨

भर्त्तारं लंघयेद्या स्त्री स्वज्ञातिगुणदर्पिता ।
तां श्वभिः खादयेद्राजा संस्थाने बहुसंस्थिते ॥ १ ॥
पुमांसं दाहयेत्पापं शयने तप्त आयसे ।
अभ्यादध्युश्च काष्ठानि तत्र दह्येत पापकृत् ॥ २ ॥
दीर्घाध्वनि यथादेशं यथाकालङ्करो भवेत् ।
नदीतीरेषु तद्विद्यात्समुद्रे नास्ति लक्षणम् ॥ ३ ॥
अहन्यहन्यवेक्षेत कर्मान्तान्वाहनानि च ।
आयव्ययौ च नियतावाकरान्कोषमेव च ॥ ४ ॥
एवं सर्वानिमान्राजा व्यवहारान्समापयन् ।
व्यपोह्य किल्बिषं सर्वं प्राप्नोति परमां गतिम् ॥ ५ ॥
मनु० ८ । ३७१ । ३७२ । ४०६ । ४१९ । ४२० ॥

જે સ્ત્રી પોતાની જાતિ તથા ગુણનો ઘમંડ કરી પતિનો ત્યાગ કરી વ્યભિચાર કરે તેણીને સ્ત્રીઓ અને પુરૂષોના સમુદાય વચ્ચે કૂતરાઓ વડે ખવાવી નાંખવી. ૧

તેવીજ રીતે પુરૂષ જો પોતાની સ્ત્રીનો ત્યાગ કરી પર સ્ત્રી અથવા વેશ્યા ગમન કરે તો તે પાપી પુરૂષને તપાવી લાલ કરેલા લોઢાના પલંગ ઉપર સુવાડી જન સમુદાય વચ્ચે બાળી નાંખવો. ૨

(પ્રશ્ન) જો રાજા અથવા રાણી ન્યાયાધીશ અથવા ન્યાયાધીશની સ્ત્રી વ્યભિચાર કરે તો તેઓનો કોણ દંડ કરે ?

(ઉત્તર) સભા. તેઓને તો રાજપુરૂષોથી પણ વધારે દંડ આપવો.

(પ્રશ્ન) રાજા આદિ તેનાથી (સભાથી) કેવી રીતે દંડ ગ્રહણ કરશે ?

(ઉત્તર) રાજા પણ એક પુણ્યાત્મા ભાગ્યશાલી પુરૂષ છે. જો તેને દંડ ન દેવામાં આવે અથવા રાજાદિ દંડ ન લે તો પછી બીજાઓ દંડને કેવી રીતે માનશે ? અને જો સર્વ પ્રજા રાજપુરૂષો તથા સભા, ધાર્મિકતાથી દંડ આપે તો એકલો રાજા શું કરશે. જો એ પ્રમાણે વ્યવસ્થા ન રાખે તો રાજા, પ્રધાન તથા બીજા શિષ્ટ પુરૂષો અન્યાયથી ધર્મને ડુબાવી સર્વ પ્રજાનો નાશ કરી અને પોતે પણ નષ્ટ થઇ જશે. પૂર્વ કહેલા શ્લોક-નો અર્થ ધ્યાનમાં લ્યો કે જે ન્યાયયુક્ત છે તેજ રાજા છે અને ધર્મ પણ તેજ છે. જે તેનો (ન્યાયનો) લોપ કરે છે તેનાથી અધમ બીજો કોણ હશે.

(પ્રશ્ન) ઉપર જણાવેલો દંડ ઘણોજ સખ્ત છે. કોઇપણ અંગનો બનાવનાર અથવા જીવાડનાર મનુષ્ય નથી માટે એવો દંડ ન કરવો જોઇએ.

(ઉત્તર) જે એને સખ્ત દંડ સમજે છે તે રાજનીતિ જાણતોજ નથી; કારણ કે એક પુરૂષને એવો દંડ કરવાથી બધા લોકો ડરીને ખરાબ કામથી દૂર રહેશે અને ધાર્મિક માર્ગમાં પ્રવૃત્ત થશે. ખરી રીતે કહીએ તો એક રાઇના દાણા જેટલો પણ એ દંડ બધાને ભાગ આવી શકશે નહિ. જો સહેલો દંડ આપવામાં આવે તો દુષ્ટ કામો ઘણા પ્રમાણમાં થવા માંડે. માટે જેને તમે સુગમ દંડ કહો છો તે કરોડો ગુણો વધી કરોડો ગુણો અધિક થાય છે; કારણ કે ઘણા માણસો દુષ્ટ કામો કરશે તેઓને થોડો થોડો સુગમ દંડ આપવોજ પડશે. કલ્પના કરો કે એક માણસને એક મણ દંડ આપ્યો અને બીજાઓને પાશેર પાશેર કરીને મણ આપ્યો તો તે દુષ્ટ માણસોને પાશેર એટલે (બંગાળી) વીસ રૂપિયાભાર શા હિસાબ-માં ? જેમકે એકને એક મણ દંડ આપ્યો અને બીજા હજાર માણસને પાશેર પાશેર આપ્યો તો હજારવાળાનો દંડ ૬। (સવા છ) મણ થશે માટે જે સુગમ દંડ છે, તેજ કડક દંડ છેઃ કારણ કે મનુષ્યજાતિ ઉપર એક મણની અપેક્ષા સવા છ મણ દંડ પડે છે, માટે કડક દંડજ સુગમ અને ન્યૂન છે. સમુદ્રની ખાડી મોટી મોટી નદીઓ અને નદો આદિ લાંબા રસ્તાઓમાં જેટલા દેશ હોય તેટલો કર નાંખી શકાય છે; પણ મહા સમુદ્રમાં નિશ્ચિત કર નાંખી શકાતો નથી. નાવ ચલાવનાર તથા રાજાઓને જેમ અનુકૂળતા થઇ પડે તે પ્રમાણે કર નાંખવો પડે છે; પરન્તુ એટલું ધ્યાનમાં રાખવું કે જેઓ કહે છે કે પહેલાં આગબોટ આદિ ચાલતાં ન હતાં તે અસત્ય વાત છે. માટે દેશ દેશાન્તરમાં દ્વીપ દ્વીપાન્તરમાં નૌકા આદિ સાધનવડે જઇ પોતાની પ્રજાનું સર્વત્ર રક્ષણ કરી કોઇપણ પ્રકારનું દુઃખ આપવું નહિ. ૨

રાજાએ હમેશાં બધાં કામોમાંથી પરવારીને હાથી ઘોડા આદિનો નિયત આવક અને ખરચ, તથા " આકર " રત્નાદિની ખાણુ તથા કોષોને તપાસવા. ૪

જો એ પ્રમાણે સર્વ વ્યવહારોને રાજા પૂર્ણ કરે તથા કરાવે તો સર્વ પાપોથી મુક્ત થઇ પરમગતિ એટલે મોક્ષને પ્રાપ્ત થાય છે. ૫

(**પ્રશ્ન**) સંસ્કૃત વિદ્યામાં પૂરેપૂરી રાજવિદ્યા છે કે અધૂરી ?

(**ઉત્તર**) પૂરી. કારણુ ભૂગોળમાં જે જે રાજનીતિ ચાલી છે અને ચાલશે તે બધી સંસ્કૃતમાંથી ચાલી છે અને ચાલશે, જેના પ્રત્યક્ષ લેખો નથી તેને માટે.

प्रत्यहं लोकदृष्टैश्च शास्त्रदृष्टैश्च हेतुभिः ॥ मनु० ८ । ३ ॥

પૂર્ણ વિદ્વાનોની રાજસભાએ, રાજાને તથા પ્રજાને હિતકારક અને ધર્મયુક્ત નિયમો બાંધવા. પરન્તુ એટલું ધ્યાનમાં રાખવું કે બને ત્યાં સુધી બાલ્યાવસ્થામાં વિવાહ કરવા ન દેવો. યુવાવસ્થામાં પણુ વરકન્યાની પ્રસન્નતા વિના ન થવા દેવો. યોગ્ય રીતે બ્રહ્મચર્યનું સેવન કરાવવું. વ્યભિચાર તથા બહુ વિવાહોને બંધ કરાવવા જેથી શરીર અને આત્મા સદા બલવાન્ રહે. કારણુ કેવળ આત્મિકબળ એટલે વિદ્યા આદિ વધારવામાં આવે તો એક શારીરિક બલવાન્ માણુસ સેંકડો વિદ્વાનોને જીતી જશે. અને જો કેવળ શારીરિક બળ વધારવામાં આવે તો વિદ્યા વિના રાજ્યની ઉત્તમ વ્યવસ્થા થઇ શકશે નહિ. ઉત્તમ વ્યવસ્થા વિના પરસ્પર ફૂટ થઇ વિરોધ, લડાઇ ઝગડો જાગશે અને બધું નષ્ટભ્રષ્ટ થઇ જશે. માટે શરીર અને આત્મા બલથી પુષ્ટ કરવા જોઇએ. બલ અને બુદ્ધિના વિનાશક, જેવા વ્યભિચાર અને અતિ વિષયાસકિત છે તેવા બીજા કોઇ નથી. વિશેષ કરી ક્ષત્રિયે દઢાંગ અને બલિષ્ઠ રહેવું જોઇએ; કારણુકે જો તે વિષયાસકત થશે તો રાજ્યધર્મજ નષ્ટ થઇ જશે અને એ વાત પર ધ્યાન રાખવું કે '**यथा राजा तथा प्रजा**' જેવો રાજા હોય છે તેવીજ તેની પ્રજા હોય છે માટે રાજાએ તથા રાજપુરૂષોએ ધ્યાન રાખવું કે કદિપણુ દુષ્ટાચાર ન કરવો. હંમેશાં ન્યાય રીતે ચાલી સુધારણામાં દૃષ્ટાન્ત રૂપ બનવું.

આ સંક્ષેપથી રાજ ધર્મનું વર્ણુન કર્યું છે. વિશેષ વેદમાં, મનુસ્મૃતિના સાતમા અને આઠમા અધ્યાયમાં, શુક્રનીતિમાં, વિદુર પ્રજાગરમાં, મહાભારતના શાંતિ પર્વમાં, રાજધર્મ તથા આપદ્ધર્મ આદિ પુસ્તકોમાં જોઇ, પૂર્ણ રાજનીતિ ધારણુ કરી માંડલિક અથા ચક્રવર્તી રાજ્ય ચલાવવું; અને સમજવું કે " **वयं प्रजापतेः प्रजा अभूम** " આ યજુર્વેદનું વચન છે 'અમે પરમેશ્વરની પ્રજા અને પરમેશ્વર અમારો રાજા છે' તે (પરમેશ્વર) નાં અમે ભૃત્યજેવા છીએ તે કૃપા કરી પોતાની સૃષ્ટિમાં અમને રાજ્યાધિકારી કરે અને અમારે હાથે પોતાના સત્ય ન્યાયની પ્રવૃત્તિ કરાવે. હવે આગળ ઇશ્વર અને વેદ વિષયમાં લખવામાં આવશે.

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामीकृते सत्यार्थप्रकाशे

सुभाषाविभूषिते राजधर्मविषये षष्ठः

समुल्लासः सम्पूर्णः ॥ ६ ॥

अथ सप्तमसमुल्लासारम्भः ॥

अथेश्वरवेदविषयं व्याख्यास्यामः ॥

ऋचो अक्षरे परमे व्योमन्यस्मिन् देवा अधि विश्वे निषेदुः । यस्तन्न वेद किमृचा करिष्यति य इत्तद्विदुस्त इमे समासते ॥ १ ॥ ऋ० ॥ मं० १ । सू० १६४ । मं० ३९ ॥

ईशा वास्यमिदꣳसर्वं यत्किञ्च जगत्यां जगत् । तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्य स्विद्धनम् ॥ २ ॥ यजु० ॥ अ० ४० । मं० १ ॥

अहम्भुवं वसुनः पूर्व्यस्पतिरहं धनानि संजयामि शश्वतः । मां हवन्ते पितरं न जन्तवोऽहं दाशुषे विभजामि भोजनम् ॥ ३ ॥ अहमिन्द्रो न परा जिग्य इद्धनं न मृत्यवेऽवतस्थे कदाचन । सोममिन्मा सुन्वन्तो याचता वसु न मे पूरवः सख्ये रिषाथन ॥ ४ ॥ ऋ० ॥ मं. १० । सू० ४८ । मं० १ । ५ ॥

(ऋचो अक्षरे) એ મંત્રનો અર્થ બ્રહ્મચર્યની શિક્ષામાં લખેલોજ છે. અર્થાત્ જે સર્વ દિવ્યગુણ કર્મસ્વભાવયુક્ત, જેમાં પૃથ્વી સૂર્યાદિ લોકો સ્થિત છે અને જે આકાશની માફક વ્યાપક છે, તે સર્વ દેવાધિદેવ પરમાત્મા છે, તેને જે લોકો નથી જાણતા, નથી માનતા, નથી ધ્યાન કરતા તે મન્દમતિ નાસ્તિક સર્વદા દુઃખ સાગરમાં નિમગ્ન રહે છે અને જેઓ જાણે છે તેઓ હંમેશાં સુખી રહે છે.

(પ્રશ્ન) વેદમાં અનેક ઇશ્વર છે એ વાત તમે માનો છો કે નહિ ?

(ઉત્તર) નહિ, કારણ કે, ચારે વેદોમાં એવું ક્યાંય પણ લખ્યું નથી કે જેથી અનેક ઇશ્વરની સિદ્ધિ થાય-સર્વત્ર એક ઇશ્વર બોધકજ લેખ છે.

(**પ્રશ્ન**) વેદોમાં અનેક દેવતાઓ લખ્યા છે તેનો શો અભિપ્રાય છે ?

(**ઉત્તર**) જેમાં દિવ્ય-ગુણો છે તેને દેવતા કહે છે જેમકે પૃથિવી; પરન્તુ એને (પૃથિવીને) કોઈ ઠેકાણે ઇશ્વર અથવા ઉપાસનીયપણાથી માની નથી. જુઓ આ જ મંત્રમાં—જેમાં સર્વ દેવો રહ્યા છે તેજ ઉપાસનીયપણાથી જાણવા યોગ્ય ઇશ્વર છે. જેઓ દેવતા શબ્દથી ઇશ્વરને જ સમજે છે તેઓની ભૂલ છે. પરમાત્મા સર્વ દેવોનો દેવ હોવાથી મહાદેવ કહેવાય છે. કારણકે તે સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનાર છે. તે ન્યાયાધીશ અને અધિષ્ઠાતા છે.

" त्रयस्त्रिंश त्रिंशता० "

ઇત્યાદિ વેદોમાં પ્રમાણ છે. તેની વ્યાખ્યા શતપથમાં કરી છે. તે આ પ્રમાણે છે.

૧ પૃથિવી	૫ આકાશ.
૨ જળ.	૬ ચંદ્રમા.
૩ અગ્નિ.	૭ સૂર્ય.
૪ વાયુ.	૮ નક્ષત્ર.

એ બધા સૃષ્ટિનાં (પદાર્થોના) નિવાસ સ્થાનો હોવાથી તેઓને "વસુ" કહે છે.

અગ્યાર રૂદ્રો છે તે આ છે—

૧ પ્રાણ.	૫ સમાન.	૯ દેવદત્ત,
૨ અપાન.	૬ નાગ.	૧૦ દેવદત્ત.
૩ વ્યાન.	૭ કૂર્મ.	૧૧ જીવાત્મા.
૪ ઉદાન.	૮ કૃકલ.	

એ બધા જ્યારે શરીર છોડે છે ત્યારે રોદન કરાવે છે માટે તેઓને "રૂદ્ર" કહે છે.

બાર આદિત્યો છે. વર્ષના બાર મહિનાઓને આદિત્ય કહે છે,

૧ કાર્તિક	૫ ફાલ્ગુન	૯ અષાઢ
૨ માર્ગશીર્ષ	૬ ચૈત્ર	૧૦ શ્રાવણ
૩ પૌષ	૭ વૈશાખ	૧૧ ભાદ્રપદ
૪ માઘ	૮ જ્યેષ્ઠ	૧૨ આશ્વિન.

એઓને આદિત્યો એને માટે કહે છે કે એ બધા આયુષનું ગ્રહણ કરે છે.

૧ વિદ્યુત્-એને ઇંદ્ર કહે છે. કારણ કે તે પરમ ઐશ્વર્યનું કારણ છે.

૧ યજ્ઞ, એને પ્રજાપતિ કહે છે કારણકે એથી વાયુ, વૃષ્ટિ, જળ, અને ઔષધિની શુદ્ધિ, વિદ્વાનોનો સત્કાર, નાના પ્રકારની શિલ્પવિદ્યા અને પ્રજાનું પાલન થાય છે.

એ તેત્રીશ પૂર્વોકત ગુણવાળા હોવાથી 'દેવ' કહેવાય છે.

એ બધાનો સ્વામી અને મ્હોટો હોવાથી ચોત્રીશમો પરમાત્મા ઉપાસ્ય દેવ છે. એ શતપથના ચૌદમા કાંડમાં સ્પષ્ટ લખ્યું છે. એજ પ્રમાણે બીજે ઠેકાણે પણ લખ્યું છે. જેઓએ એ શાસ્ત્રો જોયાં હોય તેઓ વેદોમાં અનેક ઇશ્વર છે એવી ભ્રમજાળમાં કેવી રીતે પડે ? (૧)

હે મનુષ્ય ! આ સંસારમાં જે કંઇ જગત્ (ગતિવાળું) છે તે બધામાં જે વ્યાપક થઇ નિયન્તા છે તે ઇશ્વર કહેવાય છે. તેનાથી ડરીને તું અન્યાયથી કોઇના ધનની આકાંક્ષા કર નહિ. અન્યાયનો ત્યાગ કરી ન્યાય્ય આચરણ રૂપ ધર્મથી આનન્દનો ઉપભોગ કર. ૨

ઇશ્વર બધાને ઉપદેશ આપે છે કે હે મનુષ્યો ! હું (ઇશ્વર) સર્વ જગતની પૂર્વથીજ વિદ્યમાન છું, સર્વ જગતનો સ્વામી છું, જગતનું સનાતન કારણ છું, સર્વ ધનનો વિજય કરનાર છું,દાતાર્છું, સંતાનો જેમ પિતાને પુકારે છે તેમ સર્વ જીવો મ્હને જ પુકારે છે, હું સર્વને સુખ આપનાર છું, જગતને માટે નાના પ્રકારનાં ભોજનોનો વિભાગ કરનાર હુંછું. ૩

હું પરમ ઐશ્વર્યવાન્ સૂર્યસમાન સર્વ જગતનો પ્રકાશક છું, હું કદિ પણ પરાજયને પ્રાપ્ત થતો નથી. મ્હનેજ જગતનો ઉત્પાદક સમજો. હું કદિપણ મરણને પ્રાપ્ત થતો નથી. જગતરૂપ ધનનો નિર્માતા છું, હે ઐશ્વર્યની ઇચ્છા કરનારા પ્રયત્નશીલ મનુષ્ય તમે મ્હારી પાસેથીજ વિજ્ઞાન આદિ ધન માગો. મ્હારી મિત્રતાથી અલગ ન રહો. હે મનુષ્યો! સત્ય ભાષણ અને સત્ય સ્તુતિ કરનારને હું જ્ઞાન આદિ ધન આપું છું, હું બ્રહ્મ એટલે વેદને બનાવનાર છું, વેદજ મ્હને યથાર્થ રીતે વર્ણવે છે. તેનાથી (વેદથી) હું સર્વના જ્ઞાનની વૃદ્ધિ કરૂં છું, સત્પુરૂષનો પ્રેરક (ઉત્પાદક) હું છું; યજ્ઞ કરનારને ફલ આપનાર હું છું; તથા આ સંસારમાં જે કાંઇ કાર્ય છે તેનો રચનાર અને ધારણ કરનાર હુંજ છું; માટે મ્હને છોડી મ્હારા સ્થાનમાં બીજાને પૂજવો, માનવો અથવા જાણવો નહિ. ૪

हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।
स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥

यजु० । अ० १३ । ४ ॥

આ યજૂર્વેદનો મંત્ર છે—હે મનુષ્યો ! સૂર્યાદિને ઉત્પન્ન કરી ધારણ કરનાર ભૂત, વર્ત્તમાન અને ભાવિ પદાર્થોનો જે સર્વદા સ્વામી છે, તે સુખ સ્વરૂપ પરમાત્માની જેમ અમે ભક્તિ કરીએ છીએ તેમ તમે પણ કર્યા કરો.

(**પ્રશ્ન**) આપ ઇશ્વર ઇશ્વર કહો છો પરન્તુ તેની સિદ્ધિ કેવા પ્રકારથી કરો છો ?

(**ઉત્તર**) સર્વ પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી.

(**પ્રશ્ન**) ઇશ્વરમાં પ્રત્યક્ષાદિ પ્રમાણો કદિપણ ઘટી શકતાં નથી.

(**ઉત્તર**)

इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम् ॥

न्याय० अ० १ । सू० ४ ॥

આ ગોતમ મહર્ષિ કૃત ન્યાયદર્શનનું સુત્ર છે. શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ અને મનનો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ, સુખ અને દુઃખ આદિ વિષયોની સાથે સંબંધ થવાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને પ્રત્યક્ષ કહે છે. પરન્તુ તે જ્ઞાન નિર્ભ્રમ હોવું જોઇએ. હવે

વિચારવું જોઇએ કે, ઇંદ્રિયો અને મનથી ગુણોનું પ્રત્યક્ષ થાય છે; ગુણીનું નહિ. તથાપિ જેમ ત્વચા આદિ ઇંદ્રિયોથી સ્પર્શ, રૂપ, રસ, અને ગન્ધનું જ્ઞાન થવાથી ગુણી પૃથિવી આદિનું જ્ઞાન આત્મસંયુક્ત મનથી થાય છે તેમ આ પ્રત્યક્ષ સૃષ્ટિમાં રચનાવિશેષ જોઇ જ્ઞાનાદિ ગુણોનું અનુમાન થવાથી (તત્સંબદ્ધ) પરમાત્માનું પણ જ્ઞાન થાય છે.

જ્યારે જીવાત્મા મન અને ઇંદ્રિયોને કોઇ ચોરી આદિ ખરાબ કામમાં અથવા પરોપકાર આદિ સારા વિષયમાં લગાવે છે ત્યારે ખરાબ કામ કરવાથી જીવાત્માને જે ભય શંકા અને લજ્જા થાય છે અને ઉત્તમ કામ કરવાથી જે અભય નિઃશંકતા અને આનન્દોત્સાહ થાય છે, તે જીવાત્મા તરફથી નહિ પણ પરમાત્મા તરફથી થાય છે.

જ્યારે કોઇપણ જીવાત્મા શુદ્ધ થઇ પરમાત્માનો વિચાર કરવા તત્પર થાય છે ત્યારે તેને તેજ વખતે બન્નેનું પ્રત્યક્ષ થાય છે તોપછી પરમેશ્વરનું અનુમાનાદિ જ્ઞાન થવામાં શો સંદેહ છે ? કારણ કે કાર્યને જોઇને કારણનું અનુમાન થાય છે.

પ્રશ્ન) ઇશ્વર વ્યાપક છે અથવા કોઇ દેશવિશેષમાં રહે છે ?

ઉત્તર) વ્યાપક, કારણ કે જો એક દેશમાં હોય તો સર્વાન્તર્યામી, સર્વજ્ઞ, સર્વનિયન્તા, સર્વનો સ્રષ્ટા, સર્વનો ધર્ત્તા અને પ્રલય કર્તા થઇ શકે નાહ. જે દેશમાં કર્ત્તા નથી તે દેશમાં ક્રિયા થવી અસંભવિત છે.

(**પ્રશ્ન**) પરમાત્મા દયાળુ અને ન્યાયકારી છે કે નહિ ?

(**ઉત્તર**) છે.

(**પ્રશ્ન**) એ બન્ને ગુણો પરસ્પર વિરૂદ્ધ છે માટે જો ન્યાય કરે તો દયા ન રહે અને દયા કરે તો ન્યાય ન રહે; કારણ કે ન્યાય તેને કહે છે કે જ્યાં કર્માનુસાર ન્યૂનાધિકતા રહિત ફળ અપાય, અને દયા તેને કહે છે કે અપરાધીને દંડ આપ્યા વિના મુક્ત કરવો.

(**ઉત્તર**) ન્યાય અને દયામાં નામમાત્રનોજ ભેદ[1] છે. જે પ્રયોજન ન્યાયથી સિદ્ધ થાય છે તેજ પ્રયોજન દયાથી સિદ્ધ થાય છે. દંડ દેવાનું પ્રયોજન એ કે મનુષ્ય અપરાધ કરવાથી દૂર રહી દુઃખી ન થાય, તેજ પ્રયોજન દયાનું છે. ન્યાય અને દયાનું પ્રયોજન બીજાના દુઃખને દૂર કરવું તેજ છે.

વળી ન્યાય અને દયાનો જે અર્થ તમે કર્યો છે તે ઠીક નથી.કારણકે જેણે જેટલો અને જેવો અપરાધ કર્યો હોય તેને તેટલો અપરાધાનુસાર દંડ આપવો તેનું નામ ન્યાય છે. અને જો અપરાધીને દંડ ન આપવામાં આવે તો દયાનો નાશ થઇ જાય. એક અપરાધી લૂટારાને છોડી મૂકવો એ હજારો ધર્માત્માઓને દુઃખ દેવા જેવું છે. જ્યારે એકને છોડવાથી હજારો મનુષ્યોને દુઃખ થાય છે તો પછી એનું નામ દયા કેવી રીતે ?

એક લૂંટારાને કારાગારમાં રાખી પાપથી બચાવવામાં આવે તો લૂંટારા ઉપર અને એક લૂંટારાને મારી નાંખવાથી હજારો મનુષ્યો ઉપર દયા અભિવ્યક્ત થાય છે.

---

૧ અર્થાત્ બન્ને એકાર્થવાચી છે એવો સ્વામીજીનો અભિપ્રાય પ્રતીત થાય છે.

(પ્રશ્ન) તો પછી બે શબ્દો કેમ થયા ? જ્યારે ન્યાય અને દયા એ બન્ને શબ્દોનો એકજ અર્થ છે તો પછી એક અર્થના બે શબ્દો હોવા વ્યર્થ છે એક અર્થને માટે એકજ શબ્દ હોવો જોઇએ; માટે બે શબ્દોના બે અર્થો હોવા જોઇએ. એથી એ સિદ્ધ થાય છે કે ન્યાય અને દયાનું એક પ્રયોજન નથી,

(ઉત્તર) શું એક અર્થના અનેક નામો અને એક નામના અનેક અર્થો નથી હોતા !

(પ્રશ્ન) થાય છે.

(ઉત્તર) તોપછી તમને શંકા કેમ થઇ ?

(પ્રશ્ન) સંસારમાં સાંભળીએ છીએ માટે.

(ઉત્તર) સંસારમાં તો સાચું અને ખોટું બન્ને સાંભળવામાં આવે છે; પરન્તુ તેનો વિચાર કરી નિશ્ચય કરવો એ પોતાનું કામ છે. જુઓ ઇશ્વરની દયા તો આ છે કે તેણે પ્રાણીઓનાં પ્રયોજન સિધ્ધ થવાને માટે સંસારમાં બધા પદાર્થો ઉત્પન્ન કર્યા છે. એનાથી બીજી મ્હોટી દયા શી હોઇ શકે ? કોઇને અધિક સુખ અને કોઇને ન્યૂન સુખ તથા કોઇને અધિક દુઃખ અને કોઇને ન્યૂન દુઃખ, એવા પ્રકારની જે વ્યવસ્થા જોવામાં આવે છે તેજ ન્યાયનું પ્રત્યક્ષ ફળ છે. એ બન્નેમાં એટલોજ ભેદ છે કે સર્વને સુખી કરવાની તથા દુઃખથી વિમુક્ત કરવાની જે ક્રિયા મનમાં થાય છે તે દયા કહેવાય છે અને જે બાહ્ય ક્રિયા એટલે બંધન, છેદન આદિ જે યોગ્ય દંડ અપાય છે તે ન્યાય કહેવાય છે. એ બન્નેનું પ્રયોજન તો એજ છે કે સર્વને પાપ અને દુઃખથી વિમુક્ત કરવા.

(પ્રશ્ન) ઇશ્વર સાકાર છે કે નિરાકાર ?

(ઉત્તર) નિરાકાર

કારણ કે જો સાકાર હોત તો સર્વવ્યાપક ન હોત અને જો વ્યાપક ન હોત તો સર્વજ્ઞત્વાદિ ગુણો પણ ઇશ્વરમાં ઘટી શકત નહિ. કારણ કે પરિમિત વસ્તુમાં ગુણ કર્મ સ્વભાવ પણ પરિમિત હોય છે તથા જો ઇશ્વર સાકાર હોત તો શીતોષ્ણ, ક્ષુધા, તૃષા. રાગ, દ્વેષ, છેદન ભેદનથી પણ રહીત થઇ શકત નહિ; માટે નિશ્ચયથી ઇશ્વર નિરાકાર છે.

જો ઇશ્વર સાકાર હોય તો તેનાં નાક, કાન, આંખ, આદિ અવયવોનો બનાવનાર કોઇ બીજોજ હોવો જોઇએ કારણ કે જે સંયોગથી ઉત્પન્ન થાય છે તેને સંયુક્ત કરનાર કોઇ નિરાકાર ચેતન અવસ્ય હોવો જોઇએ.

યદિ કોઇ એમ કહે કે, ઇશ્વરે પોતાની ઇચ્છાથીજ પોતાનું શરીર બનાવી લીધું ! તો પણ એ સિદ્ધ થાય છે કે શરીર બનાવ્યા પહેલાં ઇશ્વર નિરાકાર હતો માટે ઇશ્વર કદિ પણ શરીર ધારણ કરતો નથી; નિરાકાર હોઇનેજ સૂક્ષ્મ કારણોથી સ્થૂલાકાર જગત્ બનાવે છે.

(પ્રશ્ન) ઇશ્વર સર્વશક્તિમાન્ છે કે નહિ ?

(ઉત્તર) છે. પરન્તુ જેવો તમે સર્વ શક્તિમાન્નો અર્થ સમજો છો તેવો નથી. ઇશ્વરીય કાર્ય એટલે જગતની ઉત્પત્તિ, પાલન અને પ્રલય કરવામાં તથા

સર્વ જીવોના પાપ પુણ્યોની વ્યવસ્થા કરવામાં શક્તિમાન્ છે. કોઇપણ પુરૂષાન્તરની જરા પણ સહાયતા લેતો નથી. પોતાના અનન્ત સામર્થ્ય વડેજ પોતાનું કર્ત્તવ્ય પૂર્ણ કરે છે માટે ઇશ્વર સર્વ શક્તિમાન્ છે.

(પ્રશ્ન) અમે તો એવું માનીએ છીએ કે ઇશ્વર ગમે તે કરે છે કારણ કે એની ઉપર બીજો કોઇ નથી.

(ઉત્તર) તે (ઇશ્વર) શું ઇચ્છે છે ? જો તમે કહો કે તે બધું ઇચ્છે છે તો અહિંઆં પ્રશ્ન ઉભો એ થાય છે કે, શું પરમેશ્વર પોતાનો વિનાશ કરી અનેક ઇશ્વર બનાવી શકે છે ? તથા પોતે મૂર્ખ થઇ ચોરી વ્યભિચાર આદિ કુકર્મો કરી દુઃખી પણ થઇ શકે છે શું ?

જેમ એ કામ ઇશ્વરના ગુણ, કર્મ અને સ્વભાવથી વિરૂદ્ધ છે, તેમ તમારૂં જે કથન છે કે ઇશ્વર બધું કરી શકે છે તે પણ વિરૂધ્ધ છે; માટે સર્વ શક્તિમાન્નો જે અમે અર્થ કર્યો તેજ ઠીક છે.

(પ્રશ્ન) પરમેશ્વર સાદિ (આદિવાળો) છે કે અનાદિ ?

(ઉત્તર) અનાદિ–એટલે જેનો આદિ કોઇ પણ કારણમાં અથવા સમયમાં ન હોય તે અનાદિ કહેવાય છે એનો સંપૂર્ણ અર્થ પ્રથમ સમુલ્લાસમાં આપ્યો છે માટે ત્યાં જોઇ લેવો.

(પ્રશ્ન) પરમાત્મા શું ઇચ્છે છે ?

(ઉત્તર) સર્વનું ભલું અને સર્વને માટે સુખ. અતએવ પરમેશ્વર સ્વતંત્ર હોવા છતાં કોઇને પાપવિના પરાધીન (દુઃખી) કરતો નથી.

(પ્રશ્ન) પરમાત્માની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના કરવી જોઇએ કે નહિ ?

(ઉત્તર) કરવી જોઇએ.

(પ્રશ્ન) શું સ્તુતિ આદિ કરવાથી ઇશ્વર પોતાના નિયમને છોડી સ્તાવક આદિને પાપથી મુક્ત કરશે ?

(ઉત્તર) નહિ.

(પ્રશ્ન) તો પછી શામાટે સ્તુતિ પ્રાર્થના કરવી ?

(ઉત્તર) તે કરવાથી બીજું ફળ મળે છે.

(પ્રશ્ન) શું ?

(ઉત્તર) સ્તુતિ કરવાથી ઇશ્વરમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે અને તેથી ઇશ્વરીય ગુણ, કર્મ, સ્વભાવાનુસાર પોતાના ગુણ કર્મ સ્વભાવનો સુધાર થાય છે. પ્રાર્થના કરવાથી નિરભિમાનતા ઉત્સાહિતા અને સહાયતા મળે છે; અને ઉપાસનાથી પરબ્રહ્મ સાથે મેળાપ અને તેનો સાક્ષાત્કાર થાય છે.

(પ્રશ્ન) તેને સ્પષ્ટ કરી સમજાવો.

स पर्य॑गाच्छु॒क्रम॑का॒यम॑व्र॒णम॑स्ना॒वि॒रꣳ शु॒द्धमपा॑पविद्धम्। क॒विर्म॑नी॒षी प॑रि॒भूः स्व॑य॒म्भूर्या॑थातथ्य॒तोऽर्था॒न् व्य॑दधाच्छाश्व॒तीभ्यः॒ समा॑भ्यः ॥ यजु० ॥ अ० ४० । मं० ८ ॥

(ઇશ્વરની સ્તુતિ) સર્વવ્યાપક, શીઘ્રકારી, અનન્ત બલવાન્, શુદ્ધ, સર્વજ્ઞ, સર્વાન્તર્યામી, સર્વોપરિ વિરાજમાન, સનાતન, સ્વયંસિદ્ધ તે પરમાત્મા પોતાની જીવ રૂપ સનાતન પ્રજાને પોતાની સનાતન વિદ્યાથી વેદદ્વારા યોગ્ય પદાર્થોનું જ્ઞાન કરાવે છે. એ સગુણ સ્તુતિ કહેવાય છે એટલે જે ગુણને લઇ પરમાત્માની સ્તુતિ કરાય છે, તદ્ગુણવાન્ પરમાત્માની જે સ્તુતિ કરાય છે તે સગુણ સ્તુતિ કહેવાય છે.

(**अकायम्**) જે કોઇ દિવસ પણ શરીર ધારણ કરતો નથી અતએવ તે છિદ્ર તથા નાડીઆદિના બન્ધનથી રહિત છે. તે કોઇ દિવસ પાપાચરણ પણ કરતો નથી માટે કલેશ, દુઃખ અને અજ્ઞાન આદિ ગુણોથી રહિત છે, ઇત્યાદિ ગુણોથી રહિત સમજી જે ઇશ્વરની સ્તુતિ કરવામાં આવે છે તે નિર્ગુણ કહેવાય છે.

એનું ફળ એ છે કે પરમાત્મા જેમ ન્યાયકારી પવિત્ર ગુણકર્મ સ્વભાવવાન્ છે તેમ પોતે થવું પરન્તુ જેઓ ભાટની માફક પરમેશ્વરનું ગુણ કીર્ત્તન કરે છે અને પોતાના ચરિત્ર પવિત્ર નથી કરતા તેઓની સ્તુતિ કેવળ વ્યર્થ છે.

यां मेधां देवगणाः पितरश्चोपासते । तया मामद्य मेधयाऽग्ने मेधाविनं कुरु स्वाहा ॥ १ ॥ यजु० । अ. ३२ । मं० १४ ॥

तेजोऽसि तेजो मयि धेहि । वीर्यमसि वीर्यं मयि धेहि । बलमसि बलं मयि धेहि । ओजोऽस्योजो मयि धेहि । मन्युरसि मन्युं मयि धेहि । सहोऽसि सहो मयि धेहि ॥ २ ॥ यजु० । अ० १९ । मं० ९ ॥

यज्जाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवैति । दूरङ्गमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ३ ॥

येन कर्माण्यपसो मनीषिणो यज्ञे कृण्वन्ति विदथेषु धीराः । यदपूर्वं यक्षमन्तः प्रजानां तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ४ ॥

यत्प्रज्ञानमुत चेतो धृतिश्च यज्ज्योतिरन्तरमृतं प्रजासु । यस्मान्न ऋते किंचन कर्म क्रियते तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ५ ॥

येनेदं भूतं भुवनं भविष्यत्परिगृहीतममृतेन सर्वम् । येन यज्ञस्तायते सप्त होता तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ६ ॥

यस्मिन्नृचः साम यजूंषि यस्मिन्प्रतिष्ठिता रथनाभाविवाराः । यस्मिंश्चित्तꣳ सर्वमोतं प्रजानां तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ७ ॥

सुषारथिरश्वानिव यन्मनुष्यान्नेनीयतेऽभीशुभिर्वाजिनऽइव । हृत्प्रतिष्ठं यदजिरं जविष्ठं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ८ ॥

यजु० ॥ अ० ३४ । मं० १ । २ । ३ । ४ । ५ । ६ ॥

હે અગ્ને ! એટલે પ્રકાશસ્વરૂપ પરમેશ્વર, વિદ્વાન્ જ્ઞાનિ યોગીઓ જે બુદ્ધિની ઉપાસના કરે છે, તે કૃપા કરી તે બુદ્ધિથી આજ સમયમાં અમને બુદ્ધિમાન કરો. ૧

આપ પ્રકાશસ્વરૂપ છો માટે કૃપા કરી મારામાં પ્રકાશ સ્થાપિત કરો, આપ પરાક્રમી છો કૃપા કરી મારામાં પરાક્રમ સ્થાપિત કરો; આપ અનન્ત બળવાન્ છો માટે મને બલવાન્ કરો, આપ અનન્ત સામર્થ્યવાન્ છો માટે મને સમર્થ કરો. આપ દુષ્ટ કામો ઉપર અને દુષ્ટો ઉપર ક્રોધકારી છો માટે મારામાં તેવાજ પ્રકારનો ક્રોધ મૂકો, આપ નિન્દા, સ્તુતિ અને સ્વાપરાધીઓના સહન કર્ત્તા છો માટે આપ મને તેવોજ સહનશીલ બનાવો. ૨

હે દયાનિધે દિવ્યગુણયુક્ત, સર્વ પ્રકાશક (ઇંદ્રિયો) નું પ્રકાશક મારૂં મન આપની કૃપાથી જગતમાં દૂર દૂર ભટક્યા કરે છે અને જ્યારે હું સુઇ જાઉં છું ત્યારે સુષુપ્તિને પ્રાપ્ત થાય છે. અથવા સ્વપ્નાવસ્થામાં જાણે દૂર દૂર ભાગતું હોય એવું જણાય છે. તે મારૂં મન બીજાને માટે કલ્યાણ સંકલ્પ કરનારૂં થાય. કદિપણ કોઇને હાનિ કરનારૂં ન થાય. ૩

હે સર્વાન્તર્યામિન્ ! કર્મકર ધૈર્યવાન્ વિદ્વાન્ લોકો યજ્ઞમાં અને યુદ્ધમાં જે વડે કાર્ય કરે છે અને જે અપૂર્વ સામર્થ્યવાળું પૂજનીય અને પૂજાની અન્દર રહેવાવાળું છે તે મારૂં મન ધર્મમાં તત્પર થઇ અધર્મને સર્વથા છોડી દે. ૪

જે પ્રકૃષ્ટજ્ઞાનસાધક, ચેતવનાર નિશ્ચયાત્મકવૃત્તિ (એટલે જેનાથી નિશ્ચય થઇ શકે છે. અનુ૦) જે પ્રજાઓની અન્દર પ્રકાશ આપનારૂં અને અવિનાશી છે. જેના શિવાય કંઇ પણ કામ થઇ શકતું નથી તે મારૂં મન પવિત્ર ગુણોમાં પ્રવૃત થઇ દુષ્ટગુણોથી દૂર રહે. ૫

હે જગદીશ્વર ! જેનાથી સર્વ યોગી લોકો ભૂત ભવિષ્યત્ અને વર્ત્તમાન વ્યવહારોને જાણે છે, જે પરમાત્મા સાથે મળી જીવાત્માને ત્રિકાલજ્ઞ કરે છે ! ઇંદ્રિય પંચક, બુદ્ધિ, ક્રિયા અને જીવાત્મા જેમાં શાન્ત રહે છે તે યોગ રૂપ યજ્ઞ જેમાં વૃદ્ધિંગત થાય છે તે મારૂં મન વિજ્ઞાન સાધક થઇ અવિદ્યા આદિ ક્લેશોથી દૂર રહે. ૬

હે પરમ વિદ્વાન્ પરમેશ્વર ! રથ મધ્યસ્થ ધુરામાં જેમ આરા લાગેલા હોય છે તેમ આપની કૃપાથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ જેમાં પ્રતિષ્ઠિત થાય છે અને જેમાં સર્વપ્રજા-સાક્ષી, સર્વવ્યાપક, ચિત્તજ્ઞ વિદિત થાય છે તે મારૂં મન અવિદ્યાનો અભાવ કરી વિદ્યાપ્રિય થાય. ૭

હે સર્વનિયન્તા ઇશ્વર ! જેમ સારો સારથિ બાગ-લગામ વડે ઘણા વેગવાળા ઘોડાઓને અહિં તહિં ચલાવે છે તેમ જે મન મનુષ્યોને અહિં તહિં ભમાવે છે, જે હૃદયમાં પ્રતિષ્ઠિત છે, જે ગતિવાળું છે, જે અત્યન્ત વેગવાળું છે તે મારૂં મન અધર્મ માર્ગમાં જતી સર્વ ઇંદ્રિયોને રોકી હમેશાં ધર્મ માર્ગમાં ચલાવ્યા કરે એવી મારા ઉપર કૃપા કરો. ૮

अग्ने नय॑ सु॒पथा॑ रा॒येऽअ॒स्मान् विश्वा॑नि देव व॒युना॑नि वि॒द्वान्। यु॒यो॒ध्य॒स्मज्जु॑हुरा॒णमेनो॒ भूयि॑ष्ठां ते॒ नम॑ उक्तिं विधेम यजु० ॥ अ० ४० । मं० १६॥

હે સુખદાતા સ્વપ્રકાશ સ્વરૂપ સર્વજ્ઞ ! આપ અમને ઉત્તમ માર્ગ વડે સંપૂર્ણ ઉત્તમ જ્ઞાનને આપો અને જે અમારામાં કુટિલ પાપાચરણો છે તેઓને દુર કરો એ માટે અમે નમ્રતાપૂર્વક આપની ઘણી સ્તુતિ કરીએ છીએ આપ અમને પવિત્ર કરો.

मा नो॑ म॒हान्त॑मु॒त मा नो॑ऽअर्भ॒कं मा न॒ उक्ष॑न्तमु॒त मा न॑ उक्षि॒तम्। मा नो॑ वधीः पि॒तरं॒ मोत मा॒तरं॑ मा नः॑ प्रि॒यास्त॒न्वो॑ रुद्र रीरिषः ॥ यजुः० ॥ अ० १६। मं० १५ ॥

હે રૂદ્ર ! (દુષ્ટોને પાપનું દુઃખરૂપ ફળ આપનાર પરમેશ્વર) આપ અમારા ન્હાનાં મોટાં માણસો, ગર્ભ, માતા, પિતા, પ્રિય, બન્ધુવર્ગ અને શરીરોનું હનન કરવાને વાસ્તે પ્રેરીત ન કરો. એવા માર્ગથી અમને ચલાવો કે જેથી અમે દંડનીય ન થઇએ.

असतो मा सद् गमय तमसो मा ज्योतिर्गमय मृत्योर्माऽमृतं गमयेति ॥ शतपथब्रा० १४ । ३ । १ । ३० ॥

હે પરમ ગુરૂ પરમાત્મન્ ! આપ અમને અસત્ય માર્ગથી અલગ કરી સન્માર્ગમાં પ્રવૃત્ત કરો, અવિદ્યારૂપ અન્ધકારથી દુર કરી વિદ્યારૂપ સૂર્યને પ્રાપ્ત કરાવો અને મૃત્યુ (રોગ) થી અલગ કરી મોક્ષાનન્દ રૂપ અમૃતને પ્રાપ્ત કરાવો.

જે જે દોષ (દુર્ગુણ) થી પરમાત્મા રહિત છે તે તે દોષથી પોતે રહિત થવાને જે પ્રાર્થના કરવામાં આવે છે તે સ્તુતિ, નિષેધમુખ સ્તુતિ છે એને નિર્ગુણ સ્તુતિ કરે છે.

જે જે ગુણો પરમાત્મામાં છે તે તે ગુણોની પ્રાપ્તિ કરવાને જે પ્રાર્થના કરવામાં આવે છે તે વિધિમુખ સ્તુતિ છે એને સગુણ સ્તુતિ કહે છે.

જે મનુષ્ય જેની પ્રાર્થના કરે છે તેણે તે પ્રમાણે ચાલવું જોઇએ; જેમકે સર્વોત્તમ બુદ્ધિની પ્રાપ્તિ કરવાને માટે પરમેશ્વરની પ્રાર્થના કરવામાં આવે છે તો તેને માટે પોતાથી બને તેટલો પ્રયત્ન કરવો અથવા પોતાના પુરૂષાર્થ ઉપરાંત પ્રાર્થના કરવી યોગ્ય છે. પરન્તુ આવી પ્રાર્થના કદિપણ કરવી નહિ; જેમકે "હે પરમેશ્વર ! આપ મારા શત્રુનો નાશ કરો, મ્હને સર્વથી મ્હોટો કરો, મ્હારીજ કીર્તિ થાય અને મ્હારે આધીન બધા થઇ જાય;" એવી પ્રાર્થના પરમેશ્વર સ્વીકારતો નથી કારણ કે બન્ને શત્રુ એક બીજાના નાશને માટે પ્રાર્થના કરે તો શું પરમેશ્વરે બન્નેનો નાશ કરવો ? યદિ કોઇ કહે કે જેને ઇશ્વર ઉપર વધારે ભક્તિ હશે તેની પ્રાર્થના સફલ થશે, તો જેને ઇશ્વર ઉપર ન્યૂનભક્તિ છે તેનો ન્યૂન નાશ થવો જોઇએ એમ પણ કહી શકાય. જો એવી મૂર્ખતાભરેલી પ્રાર્થના કરવા માંડે તો કોઇ એવી

પણ કરવા માંડશે કે "હે પરમેશ્વર ! આપ અમને રસોઇ કરીને જમાડો, મારા ઘરમાંથી સંજવારી (વાસીદું) કાઢો, કપડાં ધોઇ આપો અને ખેતીવાડી આદિનું પણ કામ કરી આપો." આ પ્રમાણે જે કોઇ પરમેશ્વરને ભરોસે આળસુ થઇ બેશી રહે, તો તે મહામૂર્ખ છે એમ જાણવું કારણ કે પરમેશ્વરની આજ્ઞા છે કે પુરૂષાર્થ કરો, એ આજ્ઞાને જો કોઇ તોડે તો તે કદીપણ સુખી થાય નહિ. જુઓઃ—

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतꣳ समाः ॥ यजु० ॥

अ० ४० । मं० २ ॥

પરમેશ્વર આજ્ઞા આપે છે. મનુષ્ય સો વર્ષ સુધી અર્થાત્ જ્યાં સુધી જીવે ત્યાં સુધી કર્મ કરતોજ જીવવાની ઇચ્છા કરે, આળસુ કદિ પણ ન રહે. જુઓ સંસારમાં જેટલા પ્રાણી અને અપ્રાણી છે તે તે પોતપોતાના કામમાં યત્ન કરી રહ્યાં છે.

જેમકે કીડી આદિ સર્વ પ્રાણી ફર્યા કરે છે તથા પૃથિવી આદિ જડ પદાર્થો પણ ફર્યા કરે છે; તેમજ વૃક્ષ આદિ સર્વે વૃદ્ધિ હ્રાસ પામ્યા કરે છે; એ દૃષ્ટાંત મનુષ્યોએ પણ લેવું યોગ્ય છે. પુરૂષાર્થી મનુષ્યોને બીજા પણ સાહાય્યકારક થાય છે. ધાર્મિક પુરૂષાર્થીને ઇશ્વર પણ સહાય થાય છે. મહેનતુ માણસનેજ નોકરી મળી શકે છે, આળસુને નહિ. દિદૃક્ષા રાખનાર નેત્રવાન્ પુરૂષ જ જોઈ શકે છે પણ આંધળો જોઇ શકતો નથી. એજ પ્રમાણે "હું સંસારમાં ઉપકાર કરૂં" એવી ઇચ્છાથી પ્રાર્થના કરનાર પુરૂષને ઇશ્વર સહાય થાય છે. પણ અયોગ્ય કાર્યમાં ઇશ્વર સહાય થતો નથી. ગોળ ગોળ કહેવાથી ગોળ મળતો નથી પણ જો તેને માટે પ્રયત્ન કરવામાં આવે તો જ વહેલા મ્હોડા મેળવી શકાય છે.

ઉપાસના.

समाधिनिर्धूतमलस्य चेतसो निवेशितस्यात्मनि यत्सुखं भवेत् । न शक्यते वर्णयितुं गिरा तदा स्वयन्तदन्तःकरणेन गृह्यते ॥

આ ઉપનિષદનું વચન છે—સમાધિ યોગથી જે પુરૂષનો અવિદ્યા રૂપ મેલ ધોવાઇ ગયો છે તથા આત્મસ્થ થઇ જેણે પરમાત્મામાં મન લગાવ્યું છે તેને પરમાત્માના સંબંધથી જે આનન્દ થાય છે તે વાણી વડે વર્ણવાને અશકય છે, એવો આનન્દ તે જીવાત્મા પોતાના અન્તઃકરણથી ભોગવે છે. ઉપાસના શબ્દનો અર્થ "પાસે જવું" થાય છે અષ્ટાંગ યોગથી પરમાત્માની પાસે જઇ શકાય છે તથા સર્વવ્યાપી અને સર્વાન્તર્યામીરૂપ ઇશ્વર તેથી પ્રત્યક્ષ કરી શકાય છે.

तत्राऽहिंसासत्यास्तेय ब्रह्मचर्य परिग्रहायमाः सू० ३० ॥

એ પાતંજલ યોગ શાસ્ત્રનું સૂત્ર છે. ઉપાસના કરવાવાળે આ નિયમો અવશ્ય ધારણ કરવા કોઇની સાથે વેર રાખવું નહિં, બધાની સાથે પ્રેમથી વર્ત્તાવ કરવો, હમેશાં સત્યજ બોલવું કદિપણ અસત્ય બોલવું નહિ, ચોરી કરવી નહિ, હમેશાં સત્યથીજ વ્યવહાર કરવો જીતેન્દ્રિય રહેવું, અભિમાન રાખવો નહિ વિષયાસક્તિ રાખવી નહિ એ પાંચ પ્રકારના યમો છે, એ યમ (ઉપાસના) યોગનું પ્રથમ અંગ છે.

शौचसन्तोषतपः स्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ॥
योगशा० साधनपादे । सू० ३२ ॥

રાગદ્વેષનો ત્યાગ કરી અન્દરથી, અને જળસ્નાન આદિ વડે બહારથી પવિત્ર રહેવું, ધર્મથી પુરૂષાર્થ કરવો, લાભમાં પ્રસન્નતા અને હાનિમાં અપ્રસન્નતા ન રાખવી. કદિપણ પ્રમાદી થવું નહિ, સુખ દુઃખોનાં દ્વન્દ્વો સહન કરી ધર્મનું આચરણ કરવું, સર્વ સત્યશાસ્ત્રોનું અધ્યયન અને અધ્યાપન રાખવું, "**ओ३म्**" એ પરમાત્માના નામનો વિચાર અને જપ કરવો, પોતાના આત્માને પરમાત્માની આજ્ઞામાં સમર્પિત કરવો. એ પાંચ નિયમો (ઉપાસના) યોગનું બીજું અંગ છે. બીજાં અવશિષ્ટ ૬ અંગો યોગશાસ્ત્રમાં અથવા ઋગ્વેદાદિભાષ્યભૂમિકાના ઉપાસના વિષયમાં જોઇ લેવાં.

જ્યારે ઉપાસના (ધ્યાન) કરવી હોય ત્યારે એકાન્ત શુદ્ધ દેશમાં જઇ આસન બાંધી બહિર્મુખવાળી ઇંદ્રિયોને અન્તર્મુખવાળી કરી, પ્રાણાયામ કરી મનને નાભિ પ્રદેશમાં, હૃદયમાં, કંઠ, નેત્ર, શિખા અથવા પીઠના મધ્યભાગમાંના કોઇપણ સ્થાનમાં સ્થિર કરી આત્મા અને પરમાત્માનું વિવેચન કરી પરમાત્મામાં તલ્લીન થવાથી પુરૂષ સંયમી થાય છે.

જ્યારે એ સાધનો કરવા માંડે છે ત્યારે મનુષ્યનો આત્મા પવિત્ર થાય છે. અન્તઃકરણ નિર્મળ થઇ સત્યથી પૂર્ણ થાય છે. દિનપ્રતિદિન જ્ઞાન વિજ્ઞાનને વધારી મુક્તિ સુધી પહોંચી જાય છે. આઠ પ્રહરમાં એક ઘડી સુધી જો મનુષ્ય ઇશ્વરનું ધ્યાન કરે તો જરૂર ઉન્નતિને પ્રાપ્ત થાય છે.

સર્વજ્ઞત્વાદિ ગુણોની સાથે ઇશ્વરની ઉપાસના કરવી તે સગુણ ઉપાસના કહેવાય છે.

રાગ, દ્વેષ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શાદિ ગુણોથી ઇશ્વરને પૃથક્ માની આત્મામાં સર્વનો વ્યાપક અતિસૂક્ષ્મ પરમેશ્વરમાં દ્રઢતાથી સ્થિર થઇ જવું, તેનું નામ નિર્ગુણોપાસના છે.

એનું ફળ જેમ શીતથી પીડિત થયેલો મનુષ્ય અગ્નિ પાસે જવાથી શીતથી રહિત થાય છે તેમ ઉપાસક પુરૂષ પરમાત્મા પાસે જવાથી સર્વ દુઃખોથી વિમુક્ત થાય છે. માટે પરમેશ્વરની સ્તુતિ પ્રાર્થના અને ઉપાસના જરૂર કરવી જોઇએ, આથી એનું ફળ પૃથક્ થશે પરંતુ ઉપાસના કરવાથી આત્માનું બળ એટલું બધું વધે છે કે પર્વત સમાન દુઃખ પ્રાપ્ત થયું હોય તોપણ ઉપાસક જરા પણ ગભરાતો નથી. સર્વને સહન કરી શકે છે તોપછી ન્હાનાં દુઃખોની તો વાતજ શી ? જે માણસ પરમેશ્વરની ઉપાસના નથી કરતો તે કૃતઘ્ન અને મહા મૂર્ખ છે કારણ કે જે પરમાત્માએ સંસારમાં સર્વ પદાર્થો જીવોના સુખને માટે બનાવ્યા છે, એ ગુણને ભૂલી જવો ! ઇશ્વર ન માનવો એ કૃતઘ્નતા અને મૂર્ખતાજ છે.

(પ્રશ્ન) જ્યારે પરમેશ્વરને આંખ, કાન આદિ ઇંદ્રિયો નથી તો પછી તે ઇંદ્રિયોનું કામ કેવી રીતે કરી શકે છે?

(ઉત્તર)

अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥
श्वेताश्वतर उपनिषद् अ० ३ । मं० १९ ॥

પરમાત્માને હાથ નથી પણ પોતાની શક્તિરૂપ હાથ વડે બધાને બનાવે છે અને બધાનું ગ્રહણ કરે છે. પગ નથી પણ વ્યાપક હોવાથી બધા કરતાં વધારે વેગવાળો છે, આંખના ગોલક નથી પરન્તુ સર્વને બરાબર જુએ છે, શ્રોત્ર નથી પણ બધું સાંભળે છે, અન્તઃકરણ નથી પણ સંપૂર્ણ જગત્‌ને જાણે છે અને પરમાત્માને પૂર્ણ રીતે જાણનાર કોઇ પણ નથી. સર્વ પદાર્થમાં તે પૂર્ણ હોવાથી શ્રેષ્ઠ સનાતન પુરૂષ કહેવાય છે. ભાવાર્થ એ છે કે પરમાત્માને ઇંદ્રિયો અને અન્તઃકરણ નથી છતાં તે પોતાના સામર્થ્યથી સર્વકામ કરેછે.

(**પ્રશ્ન**) એને કેટલાક લોકો નિષ્ક્રિય અને નિર્ગુણ કહે છે.

(ઉત્તર)

न तस्य कार्य्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते ।
परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥
श्वेताश्वतर उपनिषद् अ० ६ । मं० ८ ॥

પરમાત્માનું કોઈ પણ તદ્રુપ (એટલે પરમાત્મસ્વરૂપ) કાર્ય નથી. તથા કરણ[1] (સાધકતમ) નથી, પરમાત્માની તુલ્ય અથવા અધિક કોઇ નથી, પરમાત્મા સર્વોત્તમશક્તિમાન્ છે, એટલે અનન્ત જ્ઞાન, અનન્ત બળ અને અનન્ત ક્રિયાવાળો છે. પરમાત્મામાં સ્વાભાવિક શક્તિ છે, જો પરમાત્મા નિષ્ક્રિય એટલે ક્રિયા રહિત હોત તો જગત્‌ની ઉત્પત્તિ સ્થિતિ અને લય કેમ કરી શકત ? માટે પરમાત્મા વિભુ અને ચેતન હોવા છતાં પણ ક્રિયાવાન્ છે.

(**પ્રશ્ન**) જ્યારે પરમાત્મા ક્રિયા કરે છે ત્યારે અન્તવાળી કરે છે કે અનન્ત ?

(**ઉત્તર**) જેટલા દેશમાં અને જેટલા કાળમાં જેટલી ક્રિયા કરવી તે યોગ્ય સમજે છે તેટલા દેશકાળમાં ન્યુનાધિકતાથી રહિત ક્રિયા કરે છે કારણ તે વિદ્વાન્ છે.

(**પ્રશ્ન**) પરમાત્મા પોતાનો અન્ત જાણે છે કે નહિ ?

(**ઉત્તર**) પરમાત્મા પૂર્ણ જ્ઞાની છે. કારણકે જ્ઞાન એને કહે છે કે જે પદાર્થ જેવો હોય તેને તેવોજ સમજવો, માટે પરમાત્મા અનન્ત છે તો પરમાત્મા પોતાને અનન્તજ સમજે છે. અનન્તને સાન્ત જાણવું અને સાન્તને અનન્ત જાણવું એ ભ્રમ કહેવાય છે.

---

૧ જેમ ઘટરૂપ કાર્ય બનાવવામાં હાથ કારણ છે તેવું કાંઇ કારણ નથી ક્રિયામાં જે અત્યન્ત ઉપયોગી કારણ હોય તેને કરણ કહે છે. અનુવાદક.

" यथार्थ दर्शनं ज्ञानमिति "

જે પદાર્થમાં જેવા ગુણ કર્મ સ્વભાવ હોય તેને તેજ ગુણ કર્મ સ્વભાવથી જાણવો તેને જ્ઞાન અને વિજ્ઞાન કહેવાય છે. તેનાથી ઉલટું જે હોય તે અજ્ઞાન કહેવાય છે.

क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ॥
योग सू० । समाधिपादे सू० २४ ॥

જે અવિદ્યા આદિ (પાંચ) કલેશો કુશલ (ઇષ્ટ) અકુશલ (અનિષ્ટ) અને મિશ્ર ફલ-દાયક કર્મોથી રહિત છે તે સર્વ જીવોથી વિશેષ (શ્રેષ્ઠ) ઇશ્વર કહેવાય છે.

(પ્રશ્ન)

इश्वरासिद्धेः ॥ १ ॥ सां० अ० १ सू० १२ ॥

प्रमाणाभावान्न तत्सिद्धिः ॥ २ ॥ सां० अ० ५ । सू० १० ॥

सम्बन्धाभावान्नानुमानम् ॥ ३ ॥ सां० अ० ५ । सू० ११ ॥

ઇશ્વરની અસિદ્ધિ હોવાથી ઇશ્વરનું પ્રત્યક્ષ હોવું અસંભવિત છે. ૧

પ્રત્યક્ષ પ્રમાણ વડે ઇશ્વરની સિદ્ધિ થઇ શકતી નથી. ૨

*વ્યાપ્તિ રૂપ સંબંધ ન હોવાથી અનુમાન પ્રમાણ પણ ઇશ્વરી સિધ્ધિનું સાધક નથી. ઇશ્વર સાધક પ્રત્યક્ષ અને અનુમાન ન હોવાથી શબ્દ આદિ પ્રમાણે પણ ઇશ્વર સાધક થઇ શકતા નથી માટે ઇશ્વરની સિદ્ધિ થઇ શકતી નથી. ૩

(ઉત્તર) અહિંઆ ઇશ્વરસિદ્ધિ વિષયક પ્રત્યક્ષ પ્રમાણનો નિષેધ નથી (અર્થાત્ **प्रमाणाभावान्नतत्सिद्धिः** એ સૂત્ર ઇશ્વરસિદ્ધિમાં પ્રમાણ નથી—એમ નથી કહેતું).

ઇશ્વર જગત્‌નું ઉપાદાન કારણ નથી.

સર્વત્ર પરિપૂર્ણ હોવાથી ઇશ્વરનું નામ પુરૂષ છે. શરીરમાં શયન કરવાથી જીવનું નામ પણ પુરૂષ છે.

પરમેશ્વર જગત્‌નું ઉપાદાન કારણ નથી તેમાં પ્રમાણઃ—

प्रधानशक्तियोगाच्चेत्सङ्गापत्तिः ॥ १ ॥ सत्तामात्राच्चेत्सर्वैश्वर्य्यम् ॥ २ ॥ श्रुतिरपि प्रधानकार्य्यत्वस्य ॥ ३ ॥ सां० अ० ५ । सू० ८ । ९ । १२ ॥

જો પુરૂષ (પરમેશ્વર)માં પ્રધાન શકિતનો યોગ (પ્રકૃતિમાં જે જગત ઉત્પન્ન કરવાની શક્તિ છે તે શક્તિનો ઇશ્વરમાં સંબંધ) હોય તો પુરૂષમાં સંગાપત્તિ થઇ જાય; એ-

* વ્યાપ્તિ હોવામાં પ્રત્યક્ષ પ્રમાણ અપેક્ષિત છે, માટે પ્રત્યક્ષ ન હોવાથી વ્યાપ્તિ નહિ અને વ્યાપ્તિ ન હોવાથી અનુમાન નહિ. —અનુવાદક

ટક્ષે જેમ સૂક્ષ્મ પ્રકૃતિ મળીને કાર્યાકાર (સ્થૂલ) થઇ છે તેમ પરમેશ્વર પણ સ્થૂલ થઇ જાય, માટે પરમેશ્વર જગતનું ઉપાદાન કારણ નથી કિન્તુ નિમિત્ત કારણ છે ૧

જો ચેતન (પરમેશ્વર) થી જગતની ઉત્પત્તિ હોય તો જેમ પરમેશ્વર સંપૂર્ણ ઐશ્વર્યવાન્ છે તેમ સંસારમાં સર્વને સર્વૈશ્વર્યનો સંબંધ હોવો જોઇએ પરન્તુ તે જોવામાં આવતું નથી, માટે પરમેશ્વર જગત્‌નું ઉપાદાન કારણ નથી કિન્તુ નિમિત્ત કારણ છે. ૨

ઉપનિષદ્ પણ પ્રધાનનેજ જગત્‌નું ઉપાદાન કારણ કહે છે.

अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृजमानां स्वरूपाः ॥
श्वेताश्वतर उपनिषद् अ० ४ । मं० ५ ॥

જે જન્મ રહિત સત્વ, રજ અને તમોગુણ રૂપ પ્રકૃતિ છે તે જ સમાનરૂપથી બહુધા કાર્ય રૂપમાં આવી જાય છે. અર્થાત્ પ્રકૃતિ પરિણામિની હોવાથી અવસ્થાન્તરમાં આવે છે પણ પુરૂષ અપરિણામી હોવાથી અવસ્થાન્તરમાં આવી શકતો નથી. પુરૂષ તો સદા કૂટસ્થ (નિર્વિકાર) રહે છે. માટે જે કોઇ કપિલાચાર્યને અનીશ્વરવાદી કહે છે તે કહેનાર પોતેજ અનીશ્વરવાદી છે કપિલાચાર્ય નહિ; તથા ધર્મ અને ધર્મી પદાર્થ માનવાથી મીમાંસા, ઇશ્વર પદાર્થ માનવાથી વૈશેષિક અને આત્મપદાર્થ માનવાથી નૈયાયિક અનીશ્વરવાદી નથી, કારણ કે સર્વજ્ઞત્વાદિ ધર્મયુક્ત અને "**अतति सर्वत्र व्याप्नोतीत्यात्मा**" જે સર્વત્ર વ્યાપક, સર્વજ્ઞત્વાદિ ધર્મયુક્ત અને સર્વ જીવોનો જે આત્મા છે તેને મીમાંસા વૈશેષિક અને ન્યાય ઇશ્વર માને છે.

(પ્રશ્ન) ઇશ્વર અવતાર લે **છે** કે નહિ ?

(ઉત્તર) નહિ, કારણ કે "**अज एकपात्**" "**सपर्यगाच्छुक्रमकायम्**" એ યજુર્વેદનાં વચનો છે એનાથી સિદ્ધ થાય છે કે પરમેશ્વર જન્મ લેતો નથી.

(પ્રશ્ન)

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
भ० गी० अ० ४ । श्लो० ७ ॥

શ્રીકૃષ્ણજી કહે છે કે જ્યારે જ્યારે ધર્મનો લોપ થાય છે ત્યારે ત્યારે હું શરીર ધારણ કરૂં છું.

(ઉત્તર) એ વાત વેદ વિરૂદ્ધ હોવાથી પ્રમાણ નથી, પરંતુ શ્રીકૃષ્ણ ધર્માત્મા અને ધર્મની રક્ષા કરનારા હતા તેથી જો એમ હોય કે હું યુગ યુગમાં જન્મ લઇ શ્રેષ્ઠોની રક્ષા અને દુષ્ટોનો વિનાશ કરૂં તો કોઇ દોષ નથી. કારણ કે "**परोपकाराय सतां विभूतयः ॥** અર્થાત્ પરોપકારને માટે સત્પુરૂષોનાં તન મન અને ધન હોય છે તોપણ શ્રીકૃષ્ણ ઇશ્વર થઇ શકતા નથી.

(પ્રશ્ન) જો એમ હોય તો સંસારમાં ઇશ્વરના ચોવીશ અવતારોને લોકો કેમ માને છે?

(ઉત્તર) વેદનો અર્થ ન જાણવાથી, સાંપ્રદાયિક લોકોના ભમાવ્યાથી અને પોતે અવિદ્વાન્ હોવાથી ભ્રમજાળમાં પડી એવી એવી અપ્રમાણિક વાતો કરે છે અને માને છે.

(પ્રશ્ન) જો ઇશ્વર અવતાર ન લે તો કંસ રાવણુ આદિ દુષ્ટોનો નાશ કેવી રીતે થઇ શકે ?

(ઉત્તર) જે જન્મ્યા છે તે અવશ્ય નાશ પામે છે, પરમાત્મા અવતાર અને શરીર નહિ ધારણુ કરીને જ્યારે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે તો પછી કંસ રાવણુ આદિ તો એક કીડી સમાન પણુ નથી. તે સર્વ-વ્યાપક હોવાથી કંસ રાવણુ આદિના શરીરમાં પરિપૂર્ણ થઇને રહ્યો છે માટે જ્યારે ઇચ્છે ત્યારે મર્મચ્છેદન કરી નાશ કરી શકે છે.

જે અનન્ત ગુણુ કર્મ સ્વભાવયુક્ત પરમાત્માને એક ક્ષુદ્ર જીવને માર-વાને વાસ્તે જન્મ મરણુવાળો માને છે તેને મૂર્ખ શિવાય બીજી શી ઉપમા મળી શકે ?

જો કોઇ કહે કે ભક્ત જનોનો ઉદ્ધાર કરવાને વાસ્તે ઇશ્વર અવતાર લે છે તો પણુ તે સત્ય નથી, કારણુકે ઇશ્વરીય આજ્ઞા પ્રમાણે ચાલનાર ભક્ત જનો-નો ઉદ્ધાર કરવાને ઇશ્વરમાં પૂર્ણ સામર્થ્ય છે.

પૃથ્વી, સૂર્ય, ચંદ્ર આદિ જગત્‌નું રચન, ધારણુ અને પ્રલય કરવો તેના કરતાં કંસ રાવણુ આદિનો વધ, ગોવર્ધન પર્વતને ઉપાડવો આદિ કર્મો શું કઠણુ છે ?

યદિ કોઇ આ સૃષ્ટિનો વિચાર કરે તો " **न भूतो न भविष्यति** " ઇશ્વર સમાન કોઇ નથી થયો અને નથી થનાર.

ઇશ્વરનો જન્મ યુક્તિથી પણુ સિદ્ધ થતો નથી. જવા આવવા રૂપ ગતિશૂન્ય આકા-શને કોઇ કહે કે આકાશ ગર્ભમાં આવ્યું અથવા મૂઠીમાં લઇ લીધું તો તે કહેવું અસત્ય છે, તેવીજ રીતે ઉક્ત પ્રકારની ગતિશૂન્ય અનન્ત સર્વવ્યાપક પરમાત્મા જન્મ લે છે એ કહેવું પણુ અસત્ય છે. જ્યાં જે ન હોય ત્યાં તેનું જવું આવવું થઇ શકે છે તો શું પરમેશ્વર ગર્ભમાં ન હતો ? કે જેથી તેને અમુક સ્થાનપરથી ગર્ભમાં આવવું પડયું ? અથવા શું બહાર ન હતો ? કે જેથી તેને અન્દરથી બહાર આવવું પડયું ! માટે ઇશ્વરના વિષયમાં (જન્મ લે છે) એમ કહેનાર અથવા માનનાર વિદ્યાહીન શિવાય કોણુ હોઇ શકે ? અતએવ સિદ્ધ થાય છે કે ઇશ્વરનાં ગમન આગમન જન્મ અને મરણુ થઇ શકતાં નથી. એથી એ પણુ સમજી લેવું કે " ઇસા " આદિ પણુ ઇશ્વરના અવતારો ન હતા; કારણુ કે એ પણુ રાગ, દ્વેષ, ક્ષુધા, તૃષા, ભય, શોક, દુઃખ, સુખ, જન્મ અને મરણુ આદિ ગુણુ યુક્ત હોવાથી મનુષ્યોજ હતા.

(પ્રશ્ન) ઇશ્વર પોતાના ભક્તોનાં પાપોને ક્ષમા કરે છે કે નહિ ?

(ઉત્તર) નહિ. કારણુ કે જો પાપ ક્ષમા કરે તો તેનો ન્યાય નષ્ટ થઈ જાય અને બધાં મનુષ્યો પાપી થઇ જાય; કારણુ કે પાપ-ક્ષમાની વાત સાંભળતાંજ પાપીઓને નિર્ભયતા અને પાપકર્મમાં ઉત્સાહ થાય છે. જેમકે કોઇ રાજા અપરાધીઓના અપરાધો ક્ષમા કરતો રહે તો તેના રાજ્યમાં અપરાધીઓ

વધારે વધારે મ્હોટા મ્હોટા અપરાધો કરવા માંડશે કારણ કે એઓને એ વાતનો નિશ્ચય હોય છે કે રાજા ક્ષમાશીલ છે માટે હાથ જોડી જેમ તેમ કરી અપરાધ ક્ષમા કરાવી લઇશું. આવી બુદ્ધિથી જેઓ અપરાધ નહિ કરતા હોય તેઓ પણ અપરાધ કરી પાપમાં પ્રવૃત્ત થઇ જશે. માટે કર્મનું યોગ્ય ફળ આપવું એજ ઇશ્વરનું કર્ત્તવ્ય છે. ક્ષમા કરવી એ નહિ.

(પ્રશ્ન) જીવ સ્વતંત્ર છે કે પરતંત્ર ?

(ઉત્તર) પોતાના કર્તવ્ય કર્મોમાં સ્વતંત્ર અને ઇશ્વરીય વ્યવસ્થામાં પરતંત્ર. " **स्वतंत्रः कर्त्ता** " આ પ્રાણિનીય વ્યાકરણનું સૂત્ર છે અર્થ—જે સ્વતંત્ર એટલે સ્વાધીન છે તેજ કર્ત્તા છે.

(પ્રશ્ન) સ્વતંત્ર કોને કહે છે ?

(ઉત્તર) જેને આધીન શરીર, પ્રાણ, ઇંદ્રિય અને અન્તઃકરણ આદિ છે, જે સ્વતંત્ર ન હોય તે પાપના ફલોનો ભોકતા પણ ન હોવો જોઇએ; કારણ કે જેમ સ્વામીની આજ્ઞાથી સેવક, સેનાધ્યક્ષની આજ્ઞાથી સેના રણસંગ્રામમાં અનેક પુરૂષોને મારી નાંખે છે પણ તે અપરાધી થતા નથી તેમ પરમેશ્વરની પ્રેરણાથી જો જીવ કામ કરતો હોય તો જીવને પાપ પુણ્ય ન લાગવાં જોઇએ અને નરક સ્વર્ગ એટલે સુખ દુઃખ, પ્રેરક પરમાત્માને જ મળવાં જોઇએ. કોઇ મનુષ્ય કોઇને શસ્ત્રવતી મારી નાંખે તો મારનાર જ પકડાય છે અને દંડ ભાગી થાય છે, શસ્ત્ર નહિ. તેવીજ રીતે પરાધીન જીવ પાપ પુણ્યનો ભાગી થઇ શકતો નથી: માટે પોતાના સામર્થ્યાનુસાર કર્મ કરવામાં જીવ સ્વતંત્ર છે અને કર્મ કરી ચૂકે છે ત્યારે ઇશ્વરની વ્યવસ્થામાં પરાધીન થઇ પાપનું ફળ ભોગવે છે. અર્થાત્ કર્મ કરવામાં જીવ સ્વતંત્ર છે અને પાપ રૂપ ફળ ભોગવવામાં પરતંત્ર છે.

(પ્રશ્ન) જો પરમેશ્વર જીવને ન બનાવત તથા સામર્થ્ય ન આપત તો જીવ કંઇ પણ ન કરી શકત માટે ઇશ્વરની પ્રેરણાથી જ જીવ કર્મ કરે છે.

(ઉત્તર) જીવ કદિ પણ ઉત્પન્ન થતો નથી. કારણ કે જેમ ઇશ્વર અને જગત્‌નું ઉપાદાન કારણ (પ્રકૃતિ) અનાદિ છે તેમ જીવ અનાદિ છે. જીવનાં શરીર ઇન્દ્રિઓ પરમેશ્વરે બનાવ્યાં છે પણ તે બધા જીવોને આધીન છે માટે જે કોઇ મન વાણીથી પુણ્ય પાપ કર્મ કરે છે તેનો ભોકતા તે જ થાય છે, ઇશ્વર નહિ. જેમ કોઇએ પર્વતમાંથી લોઢું કાઢી કોઇ વ્યાપારીને આપ્યું, વ્યાપારીએ લુવારને આપ્યું લુવારે તરવાર બનાવી કોઇ સીપાઇને આપી અને સીપાઇએ તે તરવારથી કોઇને મારી નાંખ્યો. તો અહિંઆ લોઢાનો લાવનાર, વ્યાપારી અથવા લુહાર દંડ ભાગી થતા નથી કિન્તુ મારનારજ થાય છે.

જો ઇશ્વર કર્મ કરાવતો હોત તો જીવ પાપ ન કરત કારણ કે ઇશ્વર પવિત્ર અને ધાર્મિક હોવાથીં કોઈ જીવને પાપ કરવાને પ્રેરણા ન કરત. માટે જીવ સ્વકર્મમાં સ્વતંત્ર છે તેમ પરમેશ્વર પણ પોતાનાં કર્મો કરવામાં સ્વતંત્ર છે.

(**પ્રશ્ન**) જીવ અને ઇશ્વરનાં સ્વરૂપ ગુણ, કર્મ અને સ્વભાવ કેવાં છે ?

(**ઉત્તર**) બન્ને ચેતન છે. બન્નેનો સ્વભાવ પવિત્ર, અવિનાશી અને ધાર્મિકતા આદિ છે, પરમેશ્વરનાં કર્મો સૃષ્ટિને ઉત્પન્ન કરવી, સ્થિતિમાં રાખવી, પ્રલય કરવો, સર્વને નિયમમાં રાખવા, ધર્માનુસાર જીવોને પાપપુણ્યનાં ફલો આપવાં-એ છે; જ્યારે જીવનાં કર્મો સન્તાનોત્પતિ કરવી, સંતાનોનું પાલન કરવું તથા શિલ્પ વિદ્યાદિની શિક્ષા ગ્રહણ કરવી એ છે,

ઇશ્વરના ગુણો નિત્યજ્ઞાન નિત્ય આનન્દ અને અન્નત બળ આદિ છે. જ્યારે જીવના ગુણોઃ-

इच्छाद्वेषप्रयत्नसुखदुःखज्ञानान्यात्मनो लिङ्गमिति ॥

न्यायद० अ० १ । आ० १ । सू० १० ॥

प्राणापाननिमेषोन्मेषमनोगतीन्द्रियान्तरविकाराः सुखदुःखेच्छाद्वेषौ प्रयत्नाश्चात्मनो लिङ्गानि ॥ वैशेषिक द० अ० ३ । आ० २ सू० ४ ॥

ઇચ્છા=પદાર્થો પ્રાપ્ત કરવાનો અભિલાષ.
દ્વેષ=દુઃખાદિની અનિચ્છા પ્રયુક્ત વૈર.
પ્રયત્ન=પુરૂષાર્થ અથવા બળ.
સુખ=આનન્દ.
દુઃખ=વિલાપ અથવા અપ્રસન્નતા.
જ્ઞાન=વિવેક અથવા ઓળખાણ.

એ ન્યાય દર્શનમાં છે. પરન્તુ વૈશેષિકમાંઃ—

પ્રાણ=બ્હારના વાયુને અન્દર લેવો તે.
અપાન=પ્રાણ વાયુને બહાર કાઢવો તે.
નિમેષ=આંખને મીંચવી તે.
ઉન્મેષ=આંખને ઉઘાડવી તે.
મન=નિશ્ચય, સ્મરણ અને અંહકાર કરવો.×
ગતિ=ચાલવું.
ઇંદ્રિઓ=સર્વ ઇંદ્રિયોને ચલાવવી.
અન્તર્વિકાર=ભિન્ન ભિન્ન ક્ષુધા, તૃષા હર્ષ શોક આદિથી યુક્ત થવું.

એ જીવાત્માના ગુણો પરમાત્માના ગુણોથી ભિન્ન છે. એનાથીજ આત્માની પ્રતીતિ (અનુમાન) થાય છે કારણ કે આત્મા સ્થૂલ નથી (માટે આંખનો વિષય થઇ શકતો

× નિશ્ચય આદિ કરવાનું સાધનઃ-અનુવાદક.

નથી.) જીવ જ્યાં સુધી શરીરમાં રહે છે ત્યાં સુધીજ એ ગુણો પ્રકાશિત રહે છે અને જ્યારે શરીર છોડી ચાલ્યો જાય છે ત્યારે ઉકતો ગુણો શરીરમાં રહેતા નથી. માટે જેના રહેવાથી જે ગુણો રહે અને ન રહેવાથી ન રહે તે ગુણો તેના સમજવા. જેમ દીપક અને સૂર્યના હોવાથી પ્રકાશ રહે છે અને ન હોવાથી નથી રહેતો, માટે પ્રકાશ, દીપક અને સૂર્યના ગુણ છે; તેમજ ઉકત ગુણો જીવના છે. જીવ અને પરમાત્માનું જ્ઞાન ગુણોદ્વારા થાય છે.

(પ્રશ્ન) પરમેશ્વર ત્રિકાળદર્શી છે. તો ભવિષ્યની વાતો પણ જાણેજ છે. અત એવ ઇશ્વર જેવો નિશ્ચય કરે છે તે પ્રમાણે જ જીવ કામ કરે છે માટે જીવ સ્વતંત્ર નથી. ઇશ્વરીય નિશ્ચય પ્રમાણે જીવ કામ કરતો હોવાથી ઇશ્વર જીવને દંડ પણ આપી શકતો નથી (કારણ કે ઇશ્વરે જેવો નિશ્ચય કર્યો હોય છે તેજ પ્રમાણે જીવ કરે છે).

(ઉત્તર) ઇશ્વરને ત્રિકાળદર્શી કહેવો એ મૂર્ખતાનુંજ પરિણામ છે. કારણ જે થઇને ન રહે તે ભૂતકાળ અને જે ન હોયને થાય તે ભવિષ્યકાળ. તો શું ઇશ્વરને કોઇ જ્ઞાન થઇને નથી રહેતું તથા પહેલું ન હતું અને પછીથી થયું ? પરમાત્માનું જ્ઞાન તો સદા એકરસ અખંડિત વર્ત્તમાન છે. ભૂત ભવિષ્યત્ તો જીવોને માટે છે. યદિ જીવોની અપેક્ષા પરમાત્મામાં ત્રિકાલજ્ઞતા માનો તો ઠીક છે. પરંતુ ઇશ્વરમાં સતઃ ત્રિકાલજ્ઞતા નથી. જીવ જેમ સ્વતંત્રતાથી કરે છે તેવીજ રીતે ઇશ્વર સર્વજ્ઞતાથી જાણે છે. ઇશ્વર જાણે છે તેમ જીવાત્મા કરે છે એટલે ભૂત ભવિષ્યત્ અને વર્ત્તમાનનું જ્ઞાન અને ફળ આપવામાં ઇશ્વર સ્વતંત્ર છે અને જીવ (કિંચિત્ વર્ત્તમાન અને મૂલ) કર્મ કરવામાં સ્વતંત્ર છે. ઇશ્વરને જેમ કર્મનું જ્ઞાન અનાદિ છે તેમ દંડ દેવાનું જ્ઞાન પણ અનાદિ છે. બન્ને જ્ઞાનો સત્ય છે. શું કર્મનું જ્ઞાન સત્ય અને દંડ દેવાનું જ્ઞાન મિથ્યા કદિ પણ થઇ શકે ? માટે એમાં કોઇ પણ દોષ નથી.

(પ્રશ્ન) જીવ શરીર વિભુ છે કે પરિચ્છિન્ન ?

(ઉત્તર) પરિચ્છિન્ન,

જો વિભુ હોય તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, મરણ, જન્મ, સંયોગ, વિભાગ જવું અને આવવું એ કદિ પણ બની શકે નહિ માટે જીવનું સ્વરૂપ સૂક્ષ્મ (પરિચ્છિન્ન) છે.

પરમેશ્વર સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, અનન્ત અને સર્વ વ્યાપક છે માટે જીવ અને ઇશ્વરનો વ્યાપ્યવ્યાપક સંબંધ છે.

(પ્રશ્ન) જ્યાં એક વસ્તુ રહે છે ત્યાં બીજી વસ્તુ રહી શકતી નથી માટે જીવ અને ઇશ્વરનો સંયોગ સંબંધ થઇ શકે છે વ્યાપ્યવ્યાપક સંબંધ નહિ.

(**ઉત્તર**) એ નિયમ સમાનાકારવાળામાં ઘટી શકે છે. અસમાન આકારવાળામાં નહિ. જેમ લોઢું સ્થૂલ અને અગ્નિ સૂક્ષ્મ હોય છે માટે લોઢામાં અગ્નિ વ્યાપક થઇને એકજ સ્થાનમાં બન્ને રહે છે તેવીજ રીતે જીવ પરમેશ્વરથી સ્થૂલ અને પરમેશ્વર જીવથી સૂક્ષ્મ હોવાથી પરમેશ્વર વ્યાપક અને જીવ વ્યાપ્ય છે. જેમ જીવ અને ઇશ્વરનો વ્યાપ્યવ્યાપક સંબંધ છે તેવીજ રીતે સેવ્ય સેવક, આધારાધેય, સ્વામિભૃત્ય, રાજા પ્રજા અને પિતાપુત્રાદિ પણ સંબંધ છે.

(**પ્રશ્ન**) જો જીવ અને ઇશ્વરને પૃથક્ માનતા હો તો

प्रज्ञानं ब्रह्म ॥ १ ॥ अहं ब्रह्मास्मि ॥ २ ॥

तत्त्वमसि ॥ ३ ॥ अयमात्मा ब्रह्म ॥ ४ ॥

એ વેદોના મહાવાક્યોનો શો અર્થ કરો છો ?

(**ઉત્તર**) એ વેદ વાક્યો નથી પણ બ્રાહ્મણ ગ્રન્થોનાં છે અને એ મહાન વાક્યો છે એવું સત્ય શાસ્ત્રોમાં લખ્યું નથી.

એનો અર્થ આ પ્રમાણે છેઃ (**अहम्**) હું, (**ब्रह्म**) બ્રહ્મમાં રહેનારો, (**अस्मि**) છું. અહિંઆ " તાત્સ્થ્યોપાધિ " છે; જેમકે " **मञ्चाः क्रोशन्ति** " માંચડાઓ બોલે છે. માંચડાઓ જડ હોવાથી તે બોલી શકતા નથી માટે માંચડાઓ ઉપર બેઠેલા માણસો બોલે છે એમ માનવું પડે છે, તેવીજ રીતે અહિંઆ સમજવું. કોઇ કહે કે બધાય પદાર્થો બ્રહ્મસ્થ (બ્રહ્મમાં) છે તો પછી જીવ બ્રહ્મસ્થ હોવામાં શું વિશેષ છે ? એનો ઉત્તર એ છે કે સર્વ પદાર્થો બ્રહ્મસ્થ છે પરંતુ જીવ જેટલો બ્રહ્મનો સમાન ધર્મવાળો સમીપસ્થ (પાસે રહેનાર) છે તેટલા બીજા પદાર્થો નથી. બ્રહ્મજ્ઞાની જીવને મુક્તિમાં બ્રહ્મનો સાક્ષાત્સંબંધ થાય છે માટે બ્રહ્મની સાથે જીવનું તાત્સ્થ્ય (બ્રહ્મમાં રહેનારપણું) છે અથવા સહચરિતોપાધિ (સહચારી) છે. માટે જીવ અને બ્રહ્મ એક નથી. જેમ કોઇ કહે કે " હું અને આ એક છીએ " તો ત્યાં બન્ને અવિરોધી છે એમ સમજાય છે તેવીજ રીતે જે જીવ પરમેશ્વરમાં પ્રેમબદ્ધ હોઇ સમાધિસ્થ થાય છે તે કહી શકે છે કે હું અને બ્રહ્મ એક છીએ. (પરન્તુ એનો અર્થ અવિરોધી થાય છે.) જે જીવ, પરમેશ્વરના ગુણકર્મ સ્વભાવ પ્રમાણે પોતાના ગુણકર્મો અને સ્વભાવ બનાવે છે તેજ સાધર્મ્યથી બ્રહ્મની સાથે એકતા કરી શકે છે.

(**પ્રશ્ન**) ઠીક, " **तत्त्वमसि** " નો અર્થ શો કરો છો ? કારણકે તેનો અર્થ તો (**तत्**) તે બ્રહ્મ (**त्वम्**) તું જીવ (**असि**) છે.
અથવા
હે જીવ ! (**त्वम्**) તું (**तत्**) તે બ્રહ્મ (**असि**) છે.

(**ઉત્તર**) તમે " **तत्** " શબ્દનો શો અર્થ કરો છો ? જો કહો કે " બ્રહ્મ ", તો બ્રહ્મ પદની અનુવૃત્તિ ક્યાંથી લાવ્યા ?

सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयं ब्रह्म ॥

એ વાકયમાંથી

તમે એક છાન્દોગ્ય ઉપનિષદ્‌નું દર્શન પણ કર્યું નથી. જો જોયું હોય તો આવું અસત્ય કહેત નહિ. જુઓ છાન્દોગ્ય ઉપનિષદ્‌નો પાઠ,

सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् ॥
छां० प्र० ६ । खं० २ । मं० १ ॥

અહિંઆ કયાં બ્રહ્મ શબ્દ છે ?

(**પ્રશ્ન**) ત્યારે તમે "**तत्**" શબ્દનો શો અર્થ કરો છો ?

(**ઉત્તર**)

स य एषोणिमा ॥ ऐतदात्म्यमिदꣳ सर्वं तत्सत्यꣳस आत्मा तत्त्वमसि श्वेतकेतो इति ॥ छान्दो० प्र० ६ । खं० ८ । मं० ६ । ७ ॥

તે પરમાત્મા જાણવા યોગ્ય છે કે જે અત્યન્ત સૂક્ષ્મ છે અને આ સર્વ જગત્ અને જીવનો આત્મા છે તેજ સત્ય સ્વરૂપ પોતાનો આત્મા પણ પોતેજ છે. હે શ્વેતકેતો=પ્રિય પુત્ર ! "**तदात्मकस्तदन्तर्यामी त्वमसि**" અર્થાત્ તે અન્તર્યામી પરમાત્મા સાથે તું યુકત છે.

य आत्मनि तिष्ठन्नात्मनोन्तरोयमात्मा न वेद यस्यात्मा शरीरम् । आत्मनोन्तरोयमयति स त आत्मान्तर्याम्यमृतः ॥

આ બૃહદારણ્યક ઉપનિષદ્‌નું વચન છે. મહર્ષિ યાજ્ઞવલકય પોતાની સ્ત્રી મૈત્રેયીને કહે છે કે જે પરમાત્મા આત્મામાં (જીવમાં) સ્થિત છે, જીવથી ભિન્ન છે, જેને મૂઢ જીવાત્મા જાણતો નથી કે મારામાં પરમાત્મા વ્યાપક છે. જીવાત્મા પરમાત્માનું શરીર છે એટલે જેમ શરીરમાં જીવ રહે છે તેવીજ રીતે જીવમાં પરમાત્મા વ્યાપક છે. જીવથી ભિન્ન રહી, પુણ્ય પાપનો સાક્ષી થઇ, તેનાં ફળો જીવોને આપી નિયમમાં રાખે છે તેજ અવિનાશી તારો પણ અન્તર્યામી આત્મા એટલે તારી અન્દર વ્યાપક છે તેને તું જાણ.

ઇત્યાદિ વચનોનો અર્થ અન્યથા કોણ કરી શકે છે ?

"**अयमात्माब्रह्म.**"

અર્થાત્ સમાધિ દશામાં જ્યારે યોગી પરમેશ્વરને પ્રત્યક્ષ કરી લે છે ત્યારે કહે છે કે જે મારામાં વ્યાપક બ્રહ્મ છે તેજ સર્વત્ર વ્યાપક છે માટે જે આધુનિક વેદાંતીઓ જીવ બ્રહ્મની એકતા કરે છે તેઓ વેદાન્ત શાસ્ત્રને જાણતા નથી.

(પ્રશ્ન)

अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति ।
छां० प्र० ६ । खं० ३ । मं० २ ॥

तत्सृष्ट्वा तदेवानुप्राविशत् । तैत्तिरीय० ब्रह्मानं० अनु० ६ ॥

પરમેશ્વર કહે છે કે હું જગત્ અને શરીર બનાવી જગત્માં વ્યાપક થઇ જીવરૂપે શરીરમાં પ્રવેશ કરી નામ અને રૂપની વ્યાખ્યા કરૂં.

પરમાત્માએ જગત્ અને શરીરને બનાવી તેમાં પોતેજ પ્રવિષ્ટ થયા ઇત્યાદિ શ્રુતિઓના અર્થો ઉલટા કેમ થઇ શકે ?

(ઉત્તર) જો તમે પદ પદાર્થ જાણતા હોત તો એવો અનર્થ કદિ પણ કરત નહિ ! કારણકે અહિંઆ એક પ્રવેશ છે અને બીજો અનુપ્રવેશ (પછીથી પ્રવેશ) છે એટલે શરીરમાં પ્રવિષ્ટ થયેલા જીવોની સાથે પરમેશ્વર પણ અનુપ્રવિષ્ટ થયેલા જેવા થઇને વેદદ્વારા સંપૂર્ણ નામ[1] રૂપ[2] આદિ વિદ્યાને પ્રકટ કરે છે. શરીરમાં જીવને પ્રવેશ કરાવી પોતે જીવની અન્દર અનુપ્રવિષ્ટ થઇ રહ્યો છે જો તમે અનુ શબ્દનો અર્થ જાણતા હોત તો એવો ખોટો અર્થ કરત નહિ.

(પ્રશ્ન)

सोऽयं देवदत्तो य उष्णकाले काश्यां दृष्टः ।
स इदानीं प्रावृट्समये मथुरायां दृष्यते ॥

અર્થાત્ જે દેવદત્તને મેં ઉષ્ણકાળ (ઉન્હાળા) માં કાશીમાં જોયા હતા તેનેજ હું વર્ષાકાળમાં મથુરામાં જોઉં છું. અહિંઆ કાશી દેશ અને ઉષ્ણકાળને છોડીને શરીર માત્રને લક્ષ્ય કરી દેવદત્ત લક્ષિત થાય છે. તેવી રીતે આ ભાગત્યાગ-રૂપ-લક્ષણાથી ઇશ્વરમાં પરીક્ષત્વ, દેશ, કાલ, માયા અને ઉપાધિનો ત્યાગ કરો તથા જીવમાં અમુક દેશ, કાળ, અવિદ્યા અને અલ્પજ્ઞતા રૂપ ઉપાધિનો ત્યાગ કરો અને કેવળ ચેતન માત્રને લક્ષ્ય કરો તો એકજ બ્રહ્મ બન્નેમાં (જીવ અને ઇશ્વરમાં) લક્ષિત થાય છે.

ભાગ-ત્યાગ-લક્ષણા એટલે અમુક ભાગ ગ્રહણ કરવો અને અમુક ભાગનો ત્યાગ કરવો; જેમકે સર્વજ્ઞત્વ વાચ્યાર્થ ઇશ્વરનો અને અલ્પજ્ઞત્વ વાચ્યાર્થ જીવનો કરવામાં આવે તો ચેતન માત્રજ લક્ષ્યાર્થ થાય છે.

માટે એ ભાગ-ત્યાગરૂપ લક્ષણાથી અદ્વૈત સિદ્ધ થાય છે.

(ઉત્તર) પ્રથમ તમે એ કહો કે જીવ અને ઇશ્વર નિત્ય છે કે અનિત્ય ?

(પ્રશ્ન) એ બન્ને ઉપાધિજન્ય હોવાથી અમે અનિત્ય માનીએ છીએ.

---

૧ પદ, ૨ પદાર્થ.

(ઉત્તર) એ ઉપાધિને નિત્ય માનો છો કે અનિત્ય.

(પ્રશ્ન) અમારા મત પ્રમાણે તો

जीवेशौ च विशुद्धाचिद्विभेदस्तु तयोर्द्वयोः ।
अविद्या तच्चितोर्योगः षडस्माकमनादयः ॥
कार्य्योपाधिरयं जीवः कारणोपाधिरीश्वरः ।
कार्य्यकारणतां हित्वा पूर्णबोधोऽवशिष्यते ॥

આ " સંક્ષેપ શારીરક " અને " શારીરક ભાષ્ય " કારિકા છે. અર્થઃ—

૧ જીવ	૪ જીવ ઇશ્વરનો વિશેષ ભેદ
૨ ઇશ્વર	૫ અવિદ્યા
૩ બ્રહ્મ	૬ અવિદ્યા અને ચેતનનો યોગ

એ (૬) છ પદાર્થો વેદાન્તીઓના મતમાં અનાદિ છે. એમાંથી બ્રહ્મ અનાદિ અનન્ત છે અને બીજા પાંચ અનાદિ સાન્ત છે. જેમકે " પ્રાગભાવ " (પ્રાગભાવ અનાદિ સાન્ત છે). જ્યાં સુધી અવિદ્યા રહે છે ત્યાં સુધી એ (બ્રહ્મ શિવાય) પાંચ રહે છે અને એ પાંચનો આદિ જાણવામાં નથી આવતો માટે અનાદિ છે, જ્યારે જ્ઞાન થાય છે ત્યારે બ્રહ્મ ભિન્ન પાંચ નષ્ટ થાય છે માટે તે પાંચ સાન્ત (નાશવાળા) છે.

(**ઉત્તર**) એ તમારા બન્ને શ્લોકો અશુદ્ધ છે કારણ કે અવિદ્યાના યોગ વગર જીવ અને માયાના યોગ વગર ઇશ્વર તમારા મતમાં સિદ્ધ થઇ શકતા નથી માટે " **तच्चितोर्योगः**" જે એ છઠ્ઠો પદાર્થ ગણ્યો છે તે ન રહ્યો. કારણકે અવિદ્યા માયા અને જીવ ઇશ્વરમાં ચરિતાર્થ થાય છે અને બ્રહ્મ, માયા તથા [૧] અવિદ્યાના સંબંધ વગર ઇશ્વિર બની શકતો નથી તો પછી અવિદ્યા અને બ્રહ્મથી ઇશ્વરને ભિન્ન ગણવો વ્યર્થ છે માટે તમારા મતમાં બ્રહ્મ અને અવિદ્યા એજ પદાર્થો સિદ્ધ થાય છે. છ નહિ.

તમારા કાર્યોપાધિથી જીવ અને કારણોપાધિથી ઇશ્વર સિદ્ધ કરવા ત્યારે બની શકે છે કે જ્યારે તમે અનન્ત શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવ સર્વ વ્યાપક બ્રહ્મમાં અજ્ઞાન સિદ્ધ કરી આપો, પરન્તુ એમ કરવામાં પ્રશ્ન એ ઉભો થાય છે કે બ્રહ્મમાં જે તમે અજ્ઞાન માનો છો તે સ્વાશ્રય સ્વવિષયક (બ્રહ્મમાં રહેનાર અને બ્રહ્મને વિષય કરનાર) અનાદિ અજ્ઞાન સર્વત્ર માનો છો કે એક દેશમાં ? જો સર્વત્ર માનો તો બ્રહ્મ શુદ્ધ રહી શકતો નથી અને જો એક દેશમાં માનો તો (અજ્ઞાન) પરિચ્છિન્ન થઇ જવાથી અહિં તહિં જતું આવતું રહેસે માટે જ્યાં તે જશે ત્યાં બ્રહ્મ અજ્ઞાની અને જ્યાંથી જશે ત્યાં બ્રહ્મ જ્ઞાની થશે.

બ્રહ્મ અજ્ઞાનની મર્યાદામાં હોવાથી અજ્ઞાનને જાણશે અને (અજ્ઞાનથી) બાહ્ય અને

૧ વિદ્યા એવો પાઠ દશમી આવૃત્તિના હિન્દી સત્યાર્થ પ્રકાશમાં છે.—અનુ૦

આન્તર બ્રહ્મના વિભાગ થઇ જશે. યદિ કહો કે ભલે વિભાગ રહે શી હાનિ છે ? તો બ્રહ્મ અખંડ નહિ રહે અને અખંડ છે તો અજ્ઞાની નહિ.

જ્ઞાનનો અભાવ તથા વિપરીત જ્ઞાન પણ ગુણજ છે અને ગુણ હોવાથી કોઇ પણ દ્રવ્યમાં નિત્ય સંબંધ કરીનેજ રહેશે અને તે સંબંધ સમવાયસંબંધ હોવાથી કદિ પણ અનિત્ય થનાર નથી. તથા જેમ શરીરના એક દેશમાં ફોડલો થવાથી સર્વત્ર દુઃખ ફેલાઇ જાય છે તેવીજ રીતે બ્રહ્મના એક દેશમાં રહેલા અજ્ઞાનથી સુખ દુઃખ આદિ ક્લેશોની ઉપલબ્ધિ થવાથી સંપૂર્ણ બ્રહ્મ દુઃખાદિનો અનુભવિતા થશે માટે, કાર્યોપાધિ એટલે અન્તઃકરણની ઉપાધિના સંબંધથી બ્રહ્મને પણ માનશો તો અમે પૂછીએ છીએ કે બ્રહ્મ વ્યાપક છે કે પરિચ્છિન્ન ? જો કહો કે બ્રહ્મ વ્યાપક છે અને ઉપાધિ પરિચ્છિન્ન (એક દેશી) છે અને પૃથક્ છે, તો શું અન્તઃકરણ હરે ફરે છે.

(**ઉત્તર**) હરે ફરે છે.

(**પ્રશ્ન**) અન્તઃકરણની સાથે બ્રહ્મ પણ હરે ફરે છે કે સ્થિર છે ?

(**ઉત્તર**) સ્થિર રહે છે.

(**પ્રશ્ન**) તો પછી અન્તઃકરણ જે જે દેશને છોડે છે તે તે દેશનો બ્રહ્મ અજ્ઞાન રહિત અને જે જે દેશમાં પ્રાપ્ત થાય છે તે તે દેશનો શુદ્ધ બ્રહ્મ અજ્ઞાની થતો હશે, એ રીત પ્રમાણે તો ક્ષણ ક્ષણમાં બ્રહ્મ જ્ઞાની અને અજ્ઞાની બનતો રહેશે અને એ પ્રમાણે મોક્ષ અને બંધ પણ ક્ષણભંગુર થશે ?

જેમ અન્યનું જોયેલું અન્યના સ્મરણમાં આવી શકતું નથી તેમ કાલે જે વસ્તુ જોવામાં તથા સાંભળવામાં આવી છે તેનું સ્મરણ પણ થઇ શકશે નહિ કારણ કે જે કાલમાં અને દેશમાં અનુભવ કર્યો હતો તેનાથી ભિન્ન દેશ કાલ સ્મરણના છે.

જો કહો કે બ્રહ્મ એક છે માટે સર્વજ્ઞ કેમ નહિ? અન્તઃકરણ ભિન્ન છે માટે તેજ ભિન્ન ભિન્ન થઇ જતા હશે, એમ હોવું અશક્ય છે; કારણ કે અન્તઃકરણ જડ છે માટે તેમાં જ્ઞાન થઇ શકતું નથી.

જો કહો કે કેવળ બ્રહ્મ અથવા કેવળ અન્તઃકરણને જ્ઞાન થઇ શકતું નથી પરન્તુ અન્તઃકરણમાં રહેલ ચિદાભાસને જ્ઞાન થાય છે તો પણ અન્તઃકરણ દ્વારા ચેતનનેજ જ્ઞાન થયું. માટે (ઇંદ્રીયજન્ય જ્ઞાન થવાથી) તે નેત્રદ્વારા અલ્પ અને અલ્પજ્ઞ કેમ નહિ ? માટે તમે કારણોપાધિ અને કાર્યોપાધિથી બ્રહ્મને જીવ અને ઇશ્વર બનાવી શકશો નહિ તેથી ઇશ્વર નામ બ્રહ્મનું છે અને અનુત્પન્ન (અનાદિ) અમૃત સ્વરૂપ (મરણ રહિત) જીવ બ્રહ્મથી ભિન્ન છે. જો તમે કહો કે ચિદાભાસનું નામ જીવ છે અને તે ક્ષણભંગુર હોવાથી નષ્ટ થઇ જશે તો પ્રશ્ન એ છે કે મોક્ષનું સુખ કોણ ભોગવશે ? માટે જીવ, બ્રહ્મ અને બ્રહ્મ, જીવ ન હતો, નથી અને થશે પણ નહિ,

(**પ્રશ્ન**) તો " **सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्** " **छान्दोग्य०** (એથી) અદ્વૈત સિદ્ધિ કેવી રીતે થશે ? અમારા મતમાં તો બ્રહ્મથી ભિન્ન કોઇ સજાતીય વિજાતીય નથી તથા સ્વગત (બ્રહ્મસ્થ) અવયવોનો ભેદ ન હોવાથી બ્રહ્મજ સિદ્ધ થાય છે. પરન્તુ જો જીવને અલગ માનવામાં આવે તો અદ્વૈત સિધ્ધ કેવી રીતે થઇ શકે ?

(**ઉત્તર**) એવા ભ્રમમાં શા માટે પડો છો ? વિશેષ્ય વિશેષણને સમજો. વિશેષણનું શું ફલ છે ? યદિ કહો કે "**व्यावर्त्तकं विशेषणं भवतीति**" અર્થાત્ વિશેષણ ભેદકારક હોય છે. તો આટલો અર્થ વધારે સ્વીકારો કે " **प्रवर्त्तकमपि विशेषणं भवतीति** " અર્થાત્ વિશેષણ પ્રવર્ત્તક અને પ્રકાશક પણ થાય છે માટે અદ્વૈત એ બ્રહ્મનું વિશેષણ સમજો તેમાં વ્યાવર્ત્તક ધર્મ એ છે કે જે અનેક જડ પદાર્થો અને જીવો છે તેનાથી અદ્વૈત એ વિશેષણ બ્રહ્મને અલગ કરે છે. અને વિશેષણનો પ્રકાશક ધર્મ એ છે કે બ્રહ્મ એક છે એવી પ્રવૃત્તિ કરાવે છે. જેમકે " **अस्मिन्नगरेऽद्वितीयो धनाढ्यो देवदत्तः** " " **अस्यांसेनायामद्वितीयः शूरवीरो विक्रमसिंहः** " કોઇએ અમુક માણસને કહ્યું કે આ નગરમાં અદ્વિતીય ધનાઢ્ય દેવદત્ત અને આ સેનામાં અદ્વિતીય શૂરવીર વિક્રમસિંહ છે, એથી એ સિદ્ધ થયું કે આ નગરમાં દેવદત્ત જેવો કોઇ ધનવાન્ નથી અને વિક્રમસિંહ જેવો કોઇ શૂરવીર નથી અર્થાત્ ન્યૂનતા છે તથા અદ્વિતીય વિશેષણ દેવદત્તને આપવાથી પૃથિવી આદિ જડ પદાર્થ પશુ આદિ પ્રાણીઓ તથા વૃક્ષાદિનો નિષેધ થઇ શકતો નથી. તેવીજ રીતે બ્રહ્મની સમાન જીવ અથવા પ્રકૃતિ નથી અર્થાત્ ન્યૂન છે, એથી એ સિદ્ધ થાય છે કે બ્રહ્મ સદા એક છે અને જીવ તથા પ્રકૃતિસ્થ સત્વ અનેક છે. એ જીવ પ્રાકૃત પદાર્થોથી બ્રહ્મને ભિન્ન કરવાને વાસ્તે તથા બ્રહ્મનું એકત્વ સિદ્ધ કરવાને માટે અદ્વૈત અથવા અદ્વિતીય એ વિશેષણ બ્રહ્મને લગાડવામાં આવે છે; માટે જીવ તથા પ્રકૃતિના કાર્યમય જગતનો અભાવ (અથવા નિષેધ) થઇ શકતો નથી. અર્થાત્ એ બધું છે પરંતુ બ્રહ્મની સમાન કોઇ નથી માટે ગભરાટમાં નહિ પડી વિચાર કરો.

પ્રશ્ન) બ્રહ્મની સત્ ચિત્ અને આનંદથી તથા જીવની અસ્તિ ભાતિ પ્રિયરૂપથી એકતા સિદ્ધ થાય છે તો પછી શા માટે ખંડન કરો છો ?

(**ઉત્તર**) થોડું ઘણું સાધર્મ્ય મળવાથી એકતા સિધ્ધ થતી નથી. જેમ પૃથિવી જડ અને દ્રશ્ય છે તેવીજ રીતે જળ અને અગ્નિ આદિ પદાર્થો પણ જડ અને દ્રશ્ય છે પરંતુ એટલાથી એકતા સિધ્ધ થતી નથી. કારણ કે એમાં વૈધર્મ્ય (ભેદક ગુણ) પણ છે જેમકે પૃથિવીમાં ગન્ધ, કાઠિન્ય અને રૂક્ષતા આદિ ગુણો, જળમાં રસ, દ્રવત્વ અને કોમલત્વાદિ ગુણો. અને અગ્નિમાં રૂપ અને દાહકત્વાદિ ગુણો. એ ભેદક ધર્મને લઇ વસ્તુઓની એકતા થતી નથી. તથા મનુષ્ય અને કીડી આંખથી દેખે છે મુખથી ખાય છે અને પગથી ચાલે છે તો પણ

મનુષ્યની આકૃતિ બે પગવાળી અને કીડીની આકૃતિ અનેક પગવાળી હોવાથી એકતા થતી નથી તેવીજ રીતે પરમેશ્વરને અનન્ત જ્ઞાન, અનન્ત આનન્દ અનન્ત બળ, અનન્ત ક્રિયા નિર્ભ્રાન્તત્વ અને વ્યાપકતા હોવાથી પરમેશ્વર જીવથી ભિન્ન છે અને અલ્પજ્ઞાન, અલ્પબલ, અલ્પ સ્વરૂપ, ભ્રાન્તત્વ અને પરિચ્છિન્નતા આદિ ગુણોને લઇ જીવ પણ બ્રહ્મથી ભિન્ન થાય છે. (પરમેશ્વરનું રૂપ અતિ સૂક્ષ્મ છે અને જીવનું સ્વરૂપ એનાથી સ્થૂલ છે) માટે સ્વરૂપ પણ બન્નેનાં ભિન્ન છે.

(પ્રશ્ન)

अथोदरमन्तरंकुरुते । अथतस्य भयं भवतिद्वितीयाद्वै भयं भवति ॥

આ બૃહદારણ્યકનું વચન છે. જે બ્રહ્મ અને જીવમાં થોડો પણ ભેદ માને છે તેને ભય પ્રાપ્ત થાય છે કારણકે બીજાથી ભય હોય છે.

(ઉત્તર) એનો અર્થ એ નથી. પણ આ પ્રમાણે છે કે જે જીવ પરમેશ્વરનો નિષેધ (અભાવ) કરે છે અથવા અમુક દેશમાં અથવા અમુક કાળમાં છે તથા પરિચ્છિન્ન છે અથવા જે એની આજ્ઞા ગુણ કર્મ અને સ્વભાવથી વિરૂદ્ધ ચાલે છે અથવા બીજા મનુષ્યથી જે વૈર કરે છે તેને ભય થાય છે. કારણ કે દ્વિતીય બુધ્ધિ એટલે ઇશ્વરની સાથે મારો કશો સંબંધ નથી. અથવા કોઇ અમુક મનુષ્યને કહે કે હું તમને કાંઇ સમજતો નથી. તું મારૂં કાંઇ પણ કરી શકે તેમ નથી. અથવા કોઇની હાનિ અથવા કોઇને દુઃખ આપે તો ભય પ્રાપ્ત થાય છે. અને કોઇ પણ પ્રકારથી વિરોધ ન હોય તો તે એક કહેવાય છે. વ્યવહારમાં એમ કહેવાય છે દેવદત્ત, યજ્ઞદત્ત, અને વિષ્ણુમિત્ર એક છે એટલે અવિરૂધ્ધ છે. વિરોધ ન હોવાથી સુખ થાય છે અને વિરોધ હોવાથી દુઃખ થાય છે.

(પ્રશ્ન) બ્રહ્મ અને જીવની હમેશાં અનેકતા રહે છે કે કોઇ વખત એકતા પણ થાય છે ?

(ઉત્તર) હમણાં આનો કેટલોક ઉત્તર ઉપર આપી આવ્યા છીએ. અને વિશેષ આ પ્રમાણે છે; સાધર્મ્યના અન્વય ભાવથી (સમાન ધર્મના સંબંધથી) એકતા થાય છે- જેમકે આકાશની સાથે મૂર્ત્ત દ્રવ્યની જડત્ત્વ અને સદા સંબંધત્ત્વ આદિ ગુણોથી એકતા થાય છે અને આકાશના વિભુત્ત્વ, સૂક્ષ્મત્ત્વ, અરૂપત્ત્વ, અનન્તત્ત્વ ગુણોને લઇ પરિચ્છિન્ન દશ્ય મૂર્ત્ત દ્રવ્યનો ભેદ પણ આકાશમાં રહે છે. અર્થાત્ પૃથિવ આદિ દ્રવ્યો આકાશની સાથે સદા અન્વય (સંબંધ) ભોગવે છે અને વ્યતિરેક એટલે સ્વરૂપથી ભિન્ન હોવાથી પૃથક્ પણ છે. તેવીજ રીતે બ્રહ્મ વ્યાપક હોવાથી જીવ અને પૃથ્વી આદિ દ્રવ્યોથી અલગ નથી રહેતો અને સ્વરૂપથી એક પણ થતો નથી. જેમ ઘર બનાવ્યા પહેલાં ભિન્ન ભિન્ન દેશમાં રહેતાં માટી, લાકડાં અને લોઢું આદિ આકાશમાંજ રહેતા હતા અને જ્યારે ઘર બનાવવામાં આવ્યું ત્યારે પણ

આકાશમાંજ છે અને નષ્ટ થઇ ગયું ત્યારે પણ તેના અવયવો ભિન્ન ભિન્ન સ્થળમાં રહેલા આકાશમાંજ છે અર્થાત્ ત્રણે કાળમાં આકાશથી ભિન્ન થઇ શકતા નથી તોપણ સ્વરૂપથી ભિન્ન હોવાથી કાલત્રયમાં પણ એક થતા નથી એજ પ્રમાણે જીવ અને સંસારના સર્વ પદાર્થો પરમેશ્વરમાં વ્યાપ્ય હોવાથી ત્રણે કાળમાં પરમાત્માની સાથે સંબંધ છે અને સ્વરૂપથી ભિન્ન હોવાથી કદિપણ એક થતા નથી.

આધુનિક વેદાન્તીઓની દ્રષ્ટિ કાણા પુરૂષની માફક કેવળ અન્વયદર્શિની થઇ વ્યતિરેક ભાવથી વિરૂદ્ધ થઇ ગઇ છે. સંસારમાં કોઇ પણ એવી વસ્તુ નથી કે જેમાં સગુણ, નિર્ગુણતા, અન્વય, વ્યતિરેક, સાધર્મ્ય, વૈધર્મ્ય અને વિશેષણ ન હોય.

(**પ્રશ્ન**) પરમેશ્વર સગુણ છે કે નિર્ગુણ ?

(**ઉત્તર**) બન્ને પ્રકારનો છે.

(**પ્રશ્ન**) એક મ્યાનમાં બે તલવાર કદિ રહી શકે ખરી ? એક પદાર્થમાં સગુણતા અને નિર્ગુણતા કેવી રીતે રહી શકે ?

(**ઉત્તર**) જેમ જડમાં રૂપાદિ ગુણ અને ચેતનના જ્ઞાનાદિ ગુણો નથી તેવીજ રીતે ચેતનમાં ઇચ્છાદિ ગુણો છે અને જડના રૂપાદિ ગુણો નથી માટે **यद् गुणैः सह वर्त्तमानं तत्सगुणम्** " " **गुणेभ्यो यन्निर्गतं पृथग्भूतं तन्निर्गुणम्** " અર્થાત્ જે ગુણો સહિત છે તે સગુણ કહેવાય છે અને જે ગુણોથી રહિત છે તે નિર્ગુણ કહેવાય છે પોત પોતાના સ્વાભાવિક ગુણો સહિત અને વિરોધી ગુણોથી રહિત હોવાથી સર્વ પદાર્થ સગુણ અને નિર્ગુણ કહેવાય છે. કોઇપણ એવો પદાર્થ નથી કે જેમાં કેવળ સગુણતા અને કેવળ નિર્ગુણતા હોય. એકજ પદાર્થમાં સગુણતા અને નિર્ગુણતા રહી શકે છે તેવીજ રીતે પરમેશ્વર, પોતાના અનન્ત જ્ઞાનબલ આદિ ગુણો હોવાથી સગુણ અને જડના રૂપાદિ તથા જીવના દ્વેષાદિ ગુણોથી રહિત હોવાથી નિર્ગુણ કહેવાય છે.

(**પ્રશ્ન**) સંસારમાં નિરાકારને નિર્ગુણ અને સાકારને સગુણ કહેવામાં આવે છે અર્થાત્ પરમાત્મા જ્યારે જન્મ નથી લેતો ત્યારે નિર્ગુણ અને જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે સગુણ કહેવાય છે.

(**ઉત્તર**) એ કલ્પના કેવળ અજ્ઞાનીઓની છે. જેને વિદ્યા નથી હોતી તે પશુની માફક જેમ તેમ બરાડે છે. જેમ સન્નિપાત–જ્વરયુક્ત મનુષ્ય અંડ બંડ બકે છે તેવીજ રીતે અવિદ્વાનનું કહેલું અને લખેલું સમજવું.

(**પ્રશ્ન**) પરમેશ્વર રાગી છે કે વિરક્ત ?

(**ઉત્તર**) રાગી પણ નહિ તેમ વિરક્ત પણ નહિ; કારણકે રાગ એમાં થાય છે કે જે પદાર્થ પોતાથી ઉત્તમ હોય પરન્તુ પરમાત્માથી કોઇ મ્હોટો અથવા પૃથક્ (દૂર) નથી. માટે પરમાત્મામાં રાગનો સંભવ નથી. અને જે પ્રાપ્તનો ત્યાગ કરે છે તે વિરક્ત કહેવાય છે પરન્તુ પરમાત્મા વ્યાપક હોવાથી કોઇ પણ પદાર્થનો ત્યાગ કરી શકતો નથી માટે વિરક્ત પણ નથી.

(**પ્રશ્ન**) ઇશ્વરને ઇચ્છા છે કે નહિ ?

(**ઉત્તર**) અપ્રાપ્ત ઉત્તમ પદાર્થની અથવા જેની પ્રાપ્તિમાં અધિક સુખ થાય તેવા પદાર્થની ઇચ્છા થાય છે, તો એવી ઇચ્છા ઇશ્વરમાં નથી કારણકે ઇશ્વરને કોઇ અપ્રાપ્ત નથી તથા તેનાથી કોઇ ઉત્તમ પણ નથી તથા પરમેશ્વર સંપૂર્ણ સુખયુક્ત હોવાથી સુખનો અભિલાપી પણ નથી.

પરન્તુ ઇક્ષણ એટલે સર્વ વિદ્યાનું બતાવવું તથા સર્વ સૃષ્ટિનું રચન જેને લઇને થાય છે તે છે ઇત્યાદિ સંક્ષિપ્ત (ટુંકમાં) વિષયોને સજ્જન મનુષ્ય ઘણા વિસ્તારથી સમજી લેશે.

એ પ્રમાણે સંક્ષેપથી ઇશ્વરનો વિષય લખી વેદનો વિષય લખવામાં આવે છે.

यस्मादृचो अपातक्षन् यजुर्यस्मादपाकषन् । सामानि यस्य लोमान्यथर्वाङ्गिरसो मुखम् । स्कम्भन्तं ब्रूहि कतमः स्विदेव सः । अथर्व० कां० १० । प्रपा० २३ । अनु० ४ । मं. २० ॥

(**પ્રશ્ન**) જે પરમાત્માથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ પ્રકાશિત થયા છે તે કયો દેવ છે ?

(**ઉત્તર**) જે સર્વને ઉત્પન્ન કરી ધારણ કરી રહ્યો છે તે પરમાત્મા છે.

स्वयम्भूर्याथातथ्यतोऽर्थान् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥ यजु० अ० ४० । मं० ८ ॥

જે સ્વયંભૂ, સર્વવ્યાપક, શુધ્ધ, સનાતન, નિરાકાર પરમેશ્વર છે તે સનાતન જીવરૂપ પ્રજાના કલ્યાણને માટે યોગ્ય રીતે વેદદ્વારા સર્વ વિદ્યાનો ઉપદેશ કરે છે.

(**પ્રશ્ન**) પરમેશ્વરને તમે સાકાર માનો છો કે નિરાકાર ?

(**ઉત્તર**) નિરાકાર.

(**પ્રશ્ન**) જો નિરાકાર છે તો વેદ વિદ્યાનો ઉપદેશ મુખ શિવાય કેવી રીતે કરી શકે ? કારણ કે વર્ણોચ્ચારણમાં તાલુ આદિ સ્થાનો તથા જીભના પ્રયત્નો અવશ્ય હોવા જોઇએ

(**ઉત્તર**) પરમેશ્વર સર્વ શક્તિમાન્ અને સર્વવ્યાપક હોવાથી જીવોની સાથે પોતાની વ્યાપ્તિ

(સંબંધ) હોવાથી વેદ વિદ્યાના ઉપદેશ કરવામાં મુખ આદિની અપેક્ષા રહેતી નથી કારણકે મુખ અને જીભથી વર્ણોચ્ચારણ પોતાનાથી ભિન્નને બોધ કરવાને માટે અપેક્ષિત છે, પોતાને માટે નહિ; કારણકે જીવ્હાદિના વ્યાપાર શિવાય મનમાં અનેક વ્યવહારોના વિચારો તથા શબ્દોચ્ચારણો થતા રહે છે. કાનને આંગળાંઓથી બંધ કરી જુઓ, સાંભળો કે મૂખ જીવ્હા અને તાલુ આદિ સ્થાનો શિવાય કેવી રીતે શબ્દ હોય છે ? તેવીજ રીતે જીવોને અન્તર્યામી રૂપ પરમાત્માએ ઉપદેશ આપ્યો છે. બીજાને સમજાવવાને માટે શબ્દોચ્ચારણની જરૂર છે. નિરાકાર સર્વવ્યાપક પરમાત્મા જીવસ્થ પોતાના સ્વરૂપ વડે સંપૂર્ણ વેદ વિદ્યાનો ઉપદેશ જીવોને કરે છે અને પછી મનુષ્ય શબ્દોચ્ચારણદ્વારા બીજાને સંભળાવે છે માટે ઇશ્વરમાં એ દોષ આવી શકતો નથી.

(પ્રશ્ન) કોના આત્મામાં ક્યારે વેદો પ્રકાશિત કર્યા ?

(ઉત્તર)

अग्नेर्ऋग्वेदो वायोर्यजुर्वेदः सूर्य्यात्सामवेदः । शत० ११ । ४ । २ । ३ ॥

સૃષ્ટિની આદિમાં પરમાત્માએ અગ્નિ, વાયુ, આદિત્ય તથા અંગિરા ઋષિઓના આત્મામાં એક એક વેદનો પ્રકાશ કર્યો.

(પ્રશ્ન)

यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ॥
श्वेता श्व० अ० ६ । मं० १८ ॥

એ વચનથી તો બ્રહ્માના હૃદયમાં વેદોના પ્રકાશ કર્યોછે એવું સિધ્ધ થામ છે તો પછી અગ્નિ આદિ ઋષિઓના આત્મામાં પ્રકાશ કર્યો એ કેવી રીતે ?

(ઉત્તર) બ્રહ્માના આત્મામાં અગ્નિ આદિના દ્વારા સ્થાપિત કરાવ્યા. જુઓ મનુમાં શું લખ્યું છે:—

अग्निवायुरविभ्यस्तु त्रयं ब्रह्म सनातनम् ।
दुदोह यज्ञसिद्ध्यर्थमृग्यजुः सामलक्षणम् ॥ मनु० १ । २३ ॥

પરમાત્માએ સૃષ્ટિની આદિમાં મનુષ્યોને ઉત્પન્ન કરી અગ્નિ આદિ ચાર મહર્ષિઓદ્વારા ચારે વેદો બ્રહ્માને પ્રાપ્ત કરાવ્યા અને બ્રહ્માએ અગ્નિ, વાયુ, આદિત્ય અને અંગિરા પાસેથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદનું ગ્રહણ કર્યું.

(પ્રશ્ન) એ ચારેમાં વેદોનો પ્રકાશ કર્યો અને બીજામાં નહિ એથી ઇશ્વર પક્ષપાતી પણ ઠરે છે.

(ઉત્તર) તે ચારજ સર્વ જીવો કરતાં અધિક પવિત્ર હતા બીજા એમના જેવા નહિ હતા, માટે પવિત્ર વિદ્યાનો પ્રકાશ એમનામાંજ કર્યો.

(**પ્રશ્ન**) અમુક દેશની ભાષામાં વેદોનો પ્રકાશ ન કરતાં સંસ્કૃતમાંજ કેમ કર્યો ?

(**ઉત્તર**) જો કોઇ દેશ ભાષામાં પ્રકાશ કરત તો ઇશ્વર પક્ષપાતી થઇ જાત કારણ કે જે દેશની ભાષામાં વેદ પ્રકાશિત થાત તે દેશના લોકોને વેદ સુગમ થાત અને વિદેશીઓને દુર્ગમ થાત માટે સંસ્કૃતમાં જ પ્રકાશ કર્યો કે જે કોઇ પણ દેશની ભાષા નથી અને વેદભાષા સર્વ ભાષાનું મૂળ છે માટે એમાંજ વેદોનો પ્રકાશ કર્યો. જેમ ઇશ્વરની પૃથ્વી આદિ સર્વ સૃષ્ટિ સર્વ દેશના લોકો માટે છે અને સર્વ શિલ્પવિદ્યાનું કારણ છે તેવીજ રીતે પરમેશ્વરીય વિદ્યાની ભાષા સર્વસમાન હોવી જોઇએ કે જેથી વેદ ભણવા ભણાવવામાં સર્વને સમાન પરિશ્રમ પડે અને ઇશ્વર પક્ષપાતી ન રહે.

(**પ્રશ્ન**) વેદ ઇશ્વર કૃત છે અને અન્ય ઇશ્વરકૃત નથી એમાં શું પ્રમાણો છે ?

(**ઉત્તર**) જેવો ઇશ્વર પવિત્ર સર્વવિદ્વાન્, શુધ્ધ ગુણકર્મ સ્વભાવ, ન્યાયકારી દયાલુ આદિ ગુણવાળો છે તેવીજ રીતે જે પુસ્તકમાં ઇશ્વરના ગુણ કર્મ અને સ્વભાવને અનુકૂળ કથન હોય તેજ ઇશ્વરકૃત છે અન્ય નહિ. અને જેમાં સૃષ્ટિક્રમથી પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અને આપ્ત એટલે પવિત્ર પુરૂષોના વ્યવહારથી વિરૂદ્ધ વાતો ન હોય તે ઇસ્વરોક્ત. જેમ ઇસ્વરનું જ્ઞાન ભ્રમતત્વ રહિત છે તેવીજ રીતે જે પુસ્તકમાં ભ્રમતત્ર રહિત જ્ઞાન પ્રતિપાદિત હોય તે પુસ્તક ઇશ્વિરોક્ત છે. જેવો ઇશ્વર છે, જેવો સૃષ્ટિક્રમ છે તેવોજ ઇશ્વર અને સૃષ્ટિક્રમ, તથા જગદાદિનું કારણ અને જીવોનું પદાર્થજ્ઞાન જે પુસ્તકમાં પ્રતિપાદિત છે તેજ પરમેશ્વરોક્ત કહેવાય છે. પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અવિરૂધ્ધ વિષયોનું તથા શુધ્ધાત્માનું જેમાં વર્ણન હોય તે પુસ્તક પરમેશ્વરોક્ત કહેવાય છે એવું પુસ્તક વેદ જ છે. (ઉપરના કારણોના અભાવને લઇને) બાઇબલ કુરાન આદિ ઇસ્વરોક્ત નથી. આની વધારે વ્યાખ્યા બાઇબલ અને કુરાનના પ્રકરણમાં એટલે તેરમા અને ચૌદમા સમુલ્લાસમાં કરીશું.

(**પ્રશ્ન**) વેદ ઇશ્વરીય હોવાની કોઇ પણ આવશ્યકતા નથી કારણકે મનુષ્ય ક્રમથી જ્ઞાન વધારી પુસ્તક પણ બનાવી લેશે.

(**ઉત્તર**) કદિ પણ બનાવી શકશે નહિ. કારણ કે કારણ વિના કાર્યજન્મ અસંભવ છે. જંગલી મનુષ્યો સૃષ્ટિને જોઇ વિદ્વાન્ થતા નથી. પરન્તુ જ્યારે તેને શિક્ષા આપવામાં આવે છે ત્યારેજ વિદ્વાન્ થાય છે. કોઇ મનુષ્ય શિક્ષા લીધા વગર વિદ્વાન્ થઇ શકતો નથી માટે જો પરમાત્મા સૃષ્ટિની આદિમાં ઋષિઓને વેદ વિદ્યા ન ભણાવત તથા તે (ઋષિઓ) બીજાઓને ન ભણાવત તો સર્વ લોકો અવિદ્વાન્ રહી જાત.

યદિ કોઇ બાળકને જન્મથી એકાન્ત દેશમાં, અવિદ્વાનોના સંગમાં અથવા પશુઓના સંગમાં રાખવામાં આવે તો તે જેવો સંગ તેવોજ થાય છે. આનું વધારે જ્ઞાન મેળવવું હોય તો જંગલી ભીલ ઉપર નજર કરો. જ્યાંસુધી આર્યાવર્ત્ત દેશમાંથી અન્યદેશમાં શિક્ષા

નહોતી ગઇ ત્યાં સુધી મિશ્ર, (ઇજીપ્ત) યૂનાન, યુરોપ આદિ દેશના લોકોમાં કશી પણ વિદ્યા ન હતી. અને ઇંગ્લંડના કોલંબસ આદિ પુરૂષો અમેરિકામાં નહોતા ગયા ત્યાં સુધી તે લોકો પણ કરોડો વર્ષોથી મૂર્ખ હતા પછીથી સારી શિક્ષા પ્રાપ્ત કરી વિદ્વાન્ થઇ ગયા. માટે સૃષ્ટિની આદિમાં પરમાત્મા તરફથી વિદ્યા મળ્યા પછી ઉત્તરોત્તર કાળમાં વિદ્વાનો થવા લાગ્યા.

स पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात् ॥ योग सू० समाधिपादे सू० २६॥

જેમ આજ કાલ આપણે અધ્યાપકો પાસે ભણીને વિદ્વાન્ થઇએ છીએ તેમ સૃષ્ટિના આરંભમાં ઉત્પન્ન થયેલા અગ્નિ આદિ ઋષિઓના ગુરૂ પરમાત્માજ હતા. સુષુપ્તિ અને પ્રલયકાળમાં જેમ જીવ જ્ઞાન રહિત હોય છે તે પરમાત્મા કદિ પણ જ્ઞાન રહિત હોતો નથી. કારણ પરમાત્માનું જ્ઞાન નિત્ય છે માટે એ નિશ્ચય જાણવું કે નૈમિત્તિક પદાર્થ નિમિત્ત શિવાય થઇ શકતો નથી.

(**પ્રશ્ન**) વેદ સંસ્કૃત ભાષામાં પ્રકાશિત થયા અને અગ્નિ આદિ ઋષિઓ તો સંસ્કૃત ભાષા જાણતા ન હતા તો પછી તેઓ વેદના અર્થો કેવી રીતે સમજ્યા.

(**ઉત્તર**) પરમેશ્વરે જણાવ્યા.

ધર્માત્મા યોગી મહર્ષિ લોકો જ્યારે અમુક અમુક મંત્રના અર્થના જિજ્ઞાસુ થઇ ધ્યાનાવસ્થિત એટલે પરમાત્માના સ્વરૂપમાં સમાહિત થયા ત્યારે પરમાત્માએ તેના અભીષ્ટ મંત્રોના અર્થ જણાવ્યા. જ્યારે ઘણા મહાત્માઓને વેદોના અર્થો જાણવામાં આવ્યા ત્યારે તે અર્થ સહ મુનિઓના ઇતિહાસગર્ભિત ગ્રન્થ બનાવ્યા. એનું નામ બ્રાહ્મણ એટલે બ્રહ્મ (વેદ)ની વ્યાખ્યા કરનાર ગ્રન્થ.

ऋषयो (मन्त्रदृष्टयः)........मन्त्रान्सम्प्रादुः ॥ निरु० १ । २० ॥

જે જે મંત્રના અર્થના પ્રથમ દ્રષ્ટા જે જે ઋષિઓ થયા તથા બીજાઓને ભણાવ્યા તે તે મંત્ર સાથે તે તે ઋષિનું સ્મારક નામ અદ્યાવધિ લખવામાં આવે છે. માટે યદિ કોઇ ઋષિઓને મંત્ર કર્ત્તા તરીકે બતાવે તો તે મિથ્યાવાદી છે એમ સમજવું કારણ કે ઋષિઓ તો મંત્રના અર્થના પ્રકાશક હતા.

(**પ્રશ્ન**) વેદ એ નામ કયા ગ્રન્થનું છે?

(**ઉત્તર**) ઋક્, યજુઃ, સામ અને અથર્વ (મંત્રોની સંહિતાઓ)નું, બીજા ગ્રન્થોનું નહિ.

(**પ્રશ્ન**)

" मंत्रब्राह्मणयो र्वेद नामधेयम् "

ઇત્યાદિ કાત્યાયનાદિ કૃત પ્રતિજ્ઞાસૂત્રાદિનો શો અર્થ કરશો?

(**ઉત્તર**) જુઓ, સંહિતા-પુસ્તકના આરંભમાં તથા અધ્યાયની સમાપ્તિમાં વેદ એવું નામ હમેશાંથી લખવામાં આવે છે. પરન્તુ બ્રાહ્મણ ગ્રન્થમાં આરંભમાં અથવા

અધ્યાયની સમાપ્તિમાં વેદ એવું નામ લખવામાં આવતું નથી. તથા જુઓ નિરૂક્ત.

इत्यपि निगमो भवति । इति ब्राह्मणम् । नि० अ० ५ । खं० ३ । ४ ॥

छन्दोब्राह्मणानि च तद्विषयाणि ॥ अष्टाध्या० ४ । २ । ६६ ॥

એથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે વેદ એ મંત્ર-ભાગ અને બ્રાહ્મણ એ વ્યાખ્યા-ભાગ છે; આમાં જો કોઇને વિશેષ જોવું હોય તો તેણે મ્હારી બનાવેલી " **ऋग्वेदादिभाष्य भूमिका** " માં જોઇ લેવું ત્યાં અનેક પ્રમાણો આપી સિદ્ધ કરવામાં આવ્યું છે કે (**मंत्र ब्राह्मणयोर्वेदनामधेयम्**) એ વાક્ય વિરોધ હોવાથી કાત્યાયનનું નથી.

યદિ મંત્ર અને બ્રાહ્મણ ગ્રન્થને વેદ માનમાં આવે તો વેદો સનાતન રહી શકતા નથી કારણ કે બ્રાહ્મણ ગ્રન્થોમાં કેટલાએક ઋષિ મહર્ષિ અને રાજાઓનો ઇતિહાસ લખવામાં આવ્યો છે. અને ઇતિહાસ જન્મની પછીજ લખાય છે માટે ઇતિહાસબોધક ગ્રન્થ પણ જન્મ પછીજ લખાય છે માટે ઐતિહાસિક ગ્રન્થમાં નિત્યતા નષ્ટ થાય છે.

વેદમાં (મંત્ર ભાગમાં) કોઇનો ઇતિહાસ નથી. જે જે શબ્દથી વિશેષ બોધ થાય તે તે શબ્દનો પ્રયોગ કર્યો છે પરન્તુ કોઇ મનુષ્યની સંજ્ઞા અથવા કથાનો પ્રસંગ (સંબંધ) વેદમાં નથી.

(**પ્રશ્ન**) વેદની કેટલી શાખાઓ છે ?

(**ઉત્તર**) અગ્યારસો સત્તાવીશ.

(**પ્રશ્ન**) શાખા એટલે શું ?

(**ઉત્તર**) વ્યાખ્યાનને શાખા કહે છે.

(**પ્રશ્ન**) સંસારમાં વિદ્વાન્ લોક વેદના અવયવભૂત વિભાગોને શાખા કહે છે.

(**ઉત્તર**) થોડોક વિચાર કરો તો સારૂં. કારણ કે જેટલી શાખાઓ છે તે આશ્વલાયન આદિ ઋષિઓના નામથી પ્રસિદ્ધ છે અને મંત્રસંહિતા પરમેશ્વરના નામથી પ્રસિદ્ધ છે. જેમ ચારે વેદ પરમેશ્વર કૃત માનવામાં આવે છે તેમ આશ્વલાયની આદિ શાખાઓ તે તે ઋષિના નામથી પ્રસિદ્ધ છે. આમ દરેક શાખામાં મંત્રોની પ્રતીક રાખી વ્યાખ્યા કરે છે. જેમકે તૈત્તિરીય શાખામાં " **इषेत्त्वोर्जेत्वेति** " ઇત્યાદિ પ્રતીક રાખી વ્યાખ્યા કરી છે અને વેદ-સંહિતામાં કોઇની પ્રતીક રાખવામાં આવી નથી. માટે પરમેશ્વર કૃત મૂળ ચાર વેદ વૃક્ષ અને આશ્વલાયની આદિ શાખા ઋષિ મુનિ કૃત છે. આ વિષયની વિશેષ વ્યાખ્યા " **ऋग्वेदादिभाष्य भूमिका** " માં જોઇ લેવી. જેમ માતા પિતા સન્તાનો ઉપર કૃપા કરી ઉન્નતિ ઇચ્છે છે તેવીજ રીતે પરમાત્માએ મનુષ્યો ઉપર કૃપા કરી ઉન્નતિને માટે વેદોને પ્રકાશિત કર્યાં છે. જેથી અવિદ્યાન્ધકારક (ભ્રમજાળ) માંથી મુક્ત થઇ વિદ્યા વિજ્ઞાન રૂપ સૂર્યને પ્રાપ્ત થઇ અત્યાનન્દમાં રહે અને વિદ્યા તથા સુખોની વૃદ્ધિ કરે.

(**પ્રશ્ન**) વેદ નિત્ય છે કે અનિત્ય ?

(ઉત્તર) નિત્ય, કારણ કે પરમેશ્વર નિત્ય હોવાથી તેના જ્ઞાન આદિ ગુણ પણ નિત્ય છે. જે પદાર્થ નિત્ય છે તેના ગુણ કર્મ સ્વભાવ પણ નિત્ય હોય છે અને અનિત્ય દ્રવ્યના અનિત્ય છે.

(પ્રશ્ન) શું એ પુસ્તક પણ નિત્ય છે ?

(ઉત્તર) નહિ, કારણ કે પુસ્તક તો પત્ર અને શાહીનું બનેલું છે તે નિત્ય કેવી રીતે થઇ શકે ? માટે જે શબ્દ અર્થ અને સંબંધ છે તે જ નિત્ય છે.

(પ્રશ્ન) ઇશ્વરે તે ઋષિઓને જ્ઞાન આપ્યું હશે અને તે ઋષિઓએ વેદ બનાવી લીધા હશે. (એમ માનવામાં આવે તો ?)

(ઉત્તર) જ્ઞેય શિવાય જ્ઞાન થઇ શકતું નથી. ગાયત્ર્યાદિ છન્દો ષડ્જ આદિ તથા ઉદાત્ત અનુદાત્ત આદિ સ્વરના જ્ઞાનપૂર્વક રચવામાં આવ્યા છે માટે એ પ્રમાણેનું નિર્માણ સર્વજ્ઞ સિવાય અશક્ય છે.

વ્યાકરણ, નિરૂક્ત અને છન્દ આદિ ગ્રન્થો ઋષિ મુનિઓએ વિદ્યાના પ્રકાશને માટે બનાવ્યા છે પરન્તુ જો ઇશ્વર વેદોનો પ્રકાશ ન કરે તો કોઇ કંઇ પણ બનાવી શકે નહિ, માટે વેદ પરમેશ્વરોક્ત છે. અને એ (વેદાજ્ઞા) પ્રમાણે સર્વ લોકોએ વ્યવહાર કરવો જોઇએ. યદિ કોઇ પૂછે કે ત્હમારો શો મત છે તો ઉત્તર આપવો કે અમારો મત વેદ છે અર્થાત્ વેદોમાં જે કાંઇ કહ્યું છે તે અમે માનીએ છીએ.

હવે આનાથી આગળ સૃષ્ટિનો વિષય લખવામાં આવશે અને ઇશ્વરનો તથા વેદનો વિષય સંક્ષેપથી આ સમુલ્લાસમાં લખ્યો છે. ૭

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामिकृते सत्यार्थ-
प्रकाशे सुभाषाविभूषितईश्वरवेदविषये
सप्तमः समुल्लासः सम्पूर्णः॥ ७ ॥

अथाष्टमसमुल्लासारम्भः ॥

अथ सृष्ट्युत्पत्तिस्थितिप्रलयविषयान् व्याख्यास्यामः ।

इयं विसृष्टिर्यत आ बभूव यदि वा दधे यदि वा न ।
यो अस्याध्यक्षः परमे व्योमन्त्सो अङ्ग वेद यदि वा न वेद ॥ १ ॥

तम आसीत्तमसा गूढमग्रे प्रकेतं सलिलं सर्वमा इदम् ।
तुच्छ्येनाभ्वपिहितं यदासीत्तपसस्तन्महिना जायतैकम् ॥ २ ॥

ऋ० मं० १० । सू० १२९ । मं० ७ । ३ ॥

हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।
स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥ ३ ॥

ऋ० मं० १० । सू० १२१ मं० १ ॥

पुरुष एवेदꣳ सर्वं यद्भूतं यच्च भाव्यम् । उतामृतत्वस्येशानो
यदन्नेनातिरोहति ॥ ४ ॥ यजुः अ० ३१ । मं० २ ॥

यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति । यत्प्रयन्त्यभिसंविशन्ति तद्विजिज्ञासस्व तद्ब्रह्म ॥ ५ ॥ तैत्तिरीयोपनि० भृगुवल्ली । अनु० १ ॥

હે (अङ्ग) મનુષ્ય ! જેનાથી આ વિવિધ સૃષ્ટિ પ્રકાશિત થઈ છે. જે ધારણ અને પ્રલય કરે છે, જે આ જગત્‌નો સ્વામી છે, જે વ્યાપકમાં આ જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે, તે પરમાત્મા છે તેને તું સમજ અને બીજાને સૃષ્ટિ-કર્ત્તા માન નહિ. ૧

આ સર્વ જગત્ સૃષ્ટિની પહેલાં અન્ધકારથી આવૃત અને રાત્રિ સ્વરૂપમાં હોવાથી જાણવાને અયોગ્ય હતું. તથા તુચ્છ એટલે અનન્ત પરમેશ્વરની સન્મુખ એકદેશી હતું પછી પરમાત્માએ પોતાના સામર્થ્ય વડે કારણ-રૂપ જગતને કાર્ય રૂપ બનાવ્યું. ૨

હે મનુષ્યો ! જે પરમાત્મા સર્વ સૂર્યાદિ તેજસ્વી પદાર્થોનો આધાર છે અને જે આ વર્તમાન તથા ભવિષ્યત્ જગતનો અદ્વિતીય પતિ છે તેજ જગતની ઉત્પત્તિની પહેલાં વિદ્યમાન હતો અને તેણેજ પૃથિવીથી લઇ સૂર્ય પર્યન્ત પદાર્થો રચ્યા છે માટે તેજ પરમાત્મદેવની પ્રેમથી ભક્તિ કર્યા કરો. ૩

હે મનુષ્યો જે પુરૂષ (સર્વમાં પરિપૂર્ણ) અવિનાશી કારણ (પ્રકૃતિ) અને જીવોનો સ્વામી છે તથા પ્રકૃતિ અને જીવથી ભિન્ન છે તેજ ત્રૈકાલિક જગતનો બનાવનાર છે. ૪

જે પરમાત્માની રચનાથી સર્વ પૃથિવ્યાદિ ભૂત ઉત્પન્ન થાય છે, જીવે છે અને પ્રલીન થાય છે તે બ્રહ્મ છે તેને જાણવાની ઇચ્છા કરો. ૫

जन्माद्यस्य यतः ॥ शारीरिक सू० अ० १ । पा० १ । सू० २॥

જેનાથી આ જગતનો જન્મ સ્થિતિ અને પ્રલય થાય છે તેજ બ્રહ્મ છે માટે તે જાણવાને યોગ્ય છે.

(**પ્રશ્ન**) આ જગત્ પરમેશ્વરથી ઉત્પન્ન થયું છે કે કોઇ બીજાથી ?

(**ઉત્તર**) પરમાત્માથી ઉત્પન્ન થયું છે પરન્તુ તે નિમિત્ત કારણ છે અને પ્રકૃતિ ઉપાદાન કારણ છે.

(**પ્રશ્ન**) શું પ્રકૃતિ પરમેશ્વરથી ઉત્પન્ન નથી થઇ ?

(**ઉત્તર**) નહિ, તે તો અનાદિ છે.

(**પ્રશ્ન**) અનાદિ કોને કહો છો અને કેટલા પદાર્થો અનાદિ છે ?

(**ઉત્તર**) ઇશ્વર, જીવ, અને જગતનું કારણ એ ત્રણ અનાદિ છે.×

(**પ્રશ્ન**) એમાં શું પ્રમાણ છે ?

(**ઉત્તર**)

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।

तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभि चाकशीति ॥ १ ॥

ऋ० मं० १ । सू० १६४ । मं० २० ॥

शाश्वतीभ्यः समाभ्यः ॥२॥ यजुः० अ० ४० । मं० ८ ॥

(**द्वा**) બ્રહ્મ અને જીવ (**सुपर्णा**) ચેતનતા અને પાલનાદિ ગુણોને લઇ સદશ (**सयुजा**) વ્યાપ્ય-વ્યાપકભાવથી સંયુક્ત (**सखाया**) પરસ્પર હમેશાં મિત્રતાવાળા છે. તેવીજ રીતે (**वृक्षम्**) અનાદિ મૂળ કારણ=પ્રકૃતિ કાર્ય રૂપ શાખાવાળું સ્થૂલ થઇને પ્રલય

× જેનો આદિ નથી તે અનાદિ છે અનુ૦.

કાળમાં છિન્નભિન્ન થાય છે એવો એ ત્રીજો અનાદિ પદાર્થ છે. એ ત્રણેના ગુણ કર્મ અને સ્વભાવ પણ અનાદિ છે. એ ત્રણમાંથી જીવ વૃક્ષરૂપ સંસારમાં પાપ પુણ્યનાં ફળોને (**स्वाद्वत्ति**) સારી રીતે ભોગવે છે અને પરમાત્મા કર્મોનાં ફળોનો અભોક્તા થઇ ચારે તરફ અન્દર અને બ્હાર પ્રકાશમાન થઇ રહ્યો છે. જીવથી ઇશ્વર અને ઇશ્વરથી જીવ ભિન્ન છે અને એ બન્નેથી પ્રકૃતિ પણ ભિન્નસ્વરૂપવાળી છે; એ ત્રણે અનાદિ છે. ૧

(शाश्वती) અનાદિ સનાતન જીવરૂપ પ્રજાને માટે પરમાત્માએ વેદદ્વારા સર્વ પદાર્થોનો બોધ કર્યો છે. ૨

अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृजमानां स्वरूपाः ।
अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः ॥
श्वेताश्वतरोपनिषदि । अ० ४ । मं० ५ ॥

પ્રકૃતિ જીવ અને પરમાત્મા એ ત્રણે 'અજ' એટલે જન્મ રહિત છે. એ ત્રણજ સર્વ જગત્‌નું કારણ છે અને એ ત્રણેનું કોઇપણ કારણ નથી. અનાદિ જીવ જ અનાદિ પ્રકૃતિનો ભોગ કરતો બદ્ધ થાય છે, પરમાત્મા ભોગ નથી કરતો માટે બદ્ધ થતો નથી. ઇશ્વર અને જીવનાં લક્ષણ ઇશ્વર વિષયમાં કહ્યાં છે માટે હવે પ્રકૃતિનું લક્ષણ લખવામાં આવે છે.

सत्वरजस्तमसां साम्यावस्था प्रकृतिः प्रकृतेर्महान् महतोऽहङ्कारोऽहङ्कारात् पञ्चतन्मात्राण्युभयमिन्द्रियं पञ्चतन्मात्रेभ्यः स्थूलभूतानि पुरुष इति पञ्चविंशतिर्गणः॥
साङ्ख्यसू० अ० १। सू० ६१ ॥

(सत्व) શુદ્ધ **(रज)** મધ્ય **(तमः)**=જડતા એ ત્રણ વસ્તુ મળી એક સંઘાત થાય છે એનું નામ પ્રકૃતિ છે. એનાથી મહત્તત્ત્વ બુદ્ધિ થાય છે મહત્તત્ત્વથી અહંકાર, અહંકારથી પાંચ તન્માત્રા, મન સહિત અગ્યાર ઇંદ્રિયો પંચતન્માત્ર જન્ય પાંચ ભૂતો (પૃથિવી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ) એ ચોવીસ અને પચ્ચીસમો પુરૂષ (એટલે જીવ અને ઇશ્વર) છે એમાં પ્રકૃતિ અવિકારિણી છે અને મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રા એ પ્રકૃતિનાં કાર્યો છે અને દશ ઇંદ્રિયો એ, એક મન અને પાંચ સ્થૂલ ભૂતોનાં કારણો છે અને પુરૂષ કોઇનું ઉપાદાન કારણ નથી તેમ કોઇનું કાર્ય પણ નથી.

सदेव सोम्येदमग्र आसीत् ॥१॥ छान्दो० । प्र० ६ । खं० २ ॥
असद्वा इदमग्र आसीत् ॥२॥ तैत्तिरीयोपनि० । ब्रह्मानन्दव० अनु० ७॥
आत्मैवेदमग्र आसीत् ॥३॥ बृह० अ० १। ब्रा० ४। मं० १॥
ब्रह्म वा इदमग्र आसीत् ॥ ४ ॥ शत० ११ । १ । ११ । १ ।

હે શ્વેતકેતો ! આ જગત્ ઉત્પત્તિ પહેલાં સત્ ૧; અસત્ ૨; આત્મા ૩; અને બ્રહ્મ હતાં ૪; પછી—

तदैक्षत बहुः स्यां प्रजायेयेति। सोऽकामयत बहुः स्यां प्रजायेयेति ॥
तैत्तिरीयोपनि० ब्रह्मानंदवल्ली । अनु० ६ ।

તે જ પરમાત્મા પોતાની ઇચ્છાથી બહુરૂપ થઇ ગયો છે.

सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥

આ પણ ઉપનિષદ્‌નું વચન છે. જે આ જગત્ છે તે નિશ્ચયથી બ્રહ્મ છે. એમાં બીજા નાના પ્રકારના (અનેક પ્રકારના) પદાર્થો કોઇ નથી કિન્તુ સર્વે બ્રહ્મ રૂપજ છે.
(ઉત્તર) શા માટે એ વચનોનો અનર્થ કરો છો? કારણ કે એજ ઉપનિષદ્‌માં:—

एवमेव खलु सोम्यान्नेन शुङ्गेनापो मूलमन्विच्छाद्भिस्सोम्य शुङ्गेन तेजोमूलमन्विच्छ तेजसा सोम्य शुङ्गेन सन्मूलमन्विच्छ सन्मूलाः सोम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः ॥
छान्दो० प्र० ६ । खं० ८ । मं० ४ ॥

હે શ્વેતકેતો ! અન્નરૂપ પાર્થિવ કાર્યવડે જળરૂપ મૂળ કારણને તું જાણ, કાર્યરૂપ જળવડે તેજ રૂપ મૂળ કારણને જાણ, અને તેજ રૂપ કાર્યવડે સદ્રૂપ કારણ એટલે પ્રકૃતિને જાણ. આ જ સત્ય સ્વરૂપવતી પ્રકૃતિ સર્વ જગત્‌નું મૂળ ઘર અને સ્થિતિનો આધાર છે. આ સર્વ જગત્ સૃષ્ટિ (રચના) ની પહેલાં અસત્ સમાન જીવાત્મા બ્રહ્મ અને પ્રકૃતિમાં લીન હતું. વાસ્તવમાં જગતનો અભાવ ન હતો.

(**सर्वं खलु**) એ વચન એવું છે કે જેમ " કહીંની ઇંટ અને કહીનાં રોડાં ભાનુમતિએ કડવાં જોડયાં " એવી લીલાનું છે; કારણ કે—

सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत ॥
छान्दो० प्र० ३ । खं० १४ । मं० १ ॥
नेह नानास्ति किंचन । कठोपनि० अ० २ । वल्ली० ४। मं० ११॥

શરીરના અવયવો જ્યાં સુધી શરીરની સાથે રહે છે ત્યાં સુધીજ કાર્ય કરવાને લાયક રહે છે અને અલગ થયા પછી નાલાયક થાય છે તેવીજ રીતે પ્રકરણ વાકયજ સાર્થક થઇ શકે છે પરન્તુ જો એક પ્રકરણમાંથી વાક્યને અલગ કરી પ્રકરણાન્તરમાં જોડવામાં આવે તો તે નિરર્થક થઇ જાય છે. સાંભળો એ વાકયોનો અર્થ–હે જીવ ! તું બ્રહ્મની ઉપાસના કર. જે બ્રહ્મથી જગતની ઉત્પત્તિ અને સ્થિતિ (જીવન) થાય છે જેની રચના અને ધારક શક્તિથી આ જગત્ વર્ત્તમાન છે (અથવા બ્રહ્મ સહચરિત છે) તેને છોડી બીજાની ઉપાસના કરવી નહિ. આ ચેતન માત્ર અખંડૈકરસ બ્રહ્મસ્વરૂપમાં અનેક વસ્તુની મેળવણી નથી પરન્તુ એ બધી વસ્તુઓ પરમેશ્વર રૂપ આધારમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે સ્થિત છે.

(પ્રશ્ન) જગતનાં કેટલાં કારણો છે ?

(ઉત્તર) ત્રણ. ૧ નિમિત્ત, ૨ ઉપાદાન, ૩ સાધારણ. નિમિત્ત કારણ એ કહેવામાં આવે છે કે જેના બનાવવાથી વસ્તુ બને અને ન બનાવવાથી ન બને. પોતે બને નહિ (અર્થાત્ પોતે રૂપાન્તરમાં ન આવે. અનુ.) અને બીજાને રૂપાન્તરમાં લાવે. બીજું ઉપાદાન કારણ એ કહેવામાં આવે છે કે-જેના વિના કશુંએ ન બને અને પોતેજ રૂપાન્તરમાં આવી કાર્ય રૂપે થઇ જાય અને પોતાના બગડવાથી કાર્ય પણ બગડે. ત્રીજું સાધારણ કારણ એ કહેવામાં આવે છે કે જે બનાવવામાં હોય અને સાધારણ નિમિત હોય.

નિમિત્ત કારણ બે પ્રકારનું છે તેમાં એક તો સર્વ સૃષ્ટિને કારણમાંથી બનાવી સ્થિતિ કરવામાં પ્રલય કરવામાં સંપૂર્ણ વ્યવસ્થા રાખનાર મુખ્ય કારણ પરમાત્મા છે.
બીજું નિમિત્ત કારણ-પરમેશ્વરની સૃષ્ટિમાંથી પદાર્થોને લઇ અનેકવિધ કાર્ય બનાવનાર સાધારણ નિમિત્ત કારણ જીવ છે.

ઉપાદાન કારણ પ્રકૃતિ છે જેને પરમાણુ અથવા સર્વ જગત્ બનાવવાની સામગ્રી કહે છે, તે જડ હોવાથી પોતાની મેળે બનતી તથા બગડી શકતી નથી. બીજાના બનાવવાથી બને છે અને બગાડવાથી બગડે છે. કહીં કહીં જડના પરસ્પર સંયોગથી જડ પણ બને છે અને બગડે છે જેમકે પરમાત્મરચિત સૃષ્ટિમાં પડેલું બીજ જળાદિના સંયોગથી વૃક્ષાકાર બની જાય છે. અને અગ્નિ આદિ જડ પદાર્થના સંયોગથી બળી પણ જાય છે; પરન્તુ એનું નિયમપૂર્વક બનવું અને બગડવું ઇશ્વર અને જીવને આધીન છે. જ્યારે કોઇ પણ વસ્તુ બનાવવામાં આવે છે ત્યારે જ્ઞાન, દર્શન, બળ, હાથ, અનેક પ્રકારનાં સાધન, દિશા, કાળ, અને આકાશ આદિ સાધારણ કારણની જરૂર પડે છે: જેમકે, એક ઘડો બનાવવો હોય તેમાં નિમિત્ત કારણ કુંભાર, ઉપાદાન કારણ માટી, દંડ, ચક્ર આદિ સામાન્ય નિમિત્ત અને દિશા, કાળ, આકાશ, પ્રકાશ, આંખ, હાથ, જ્ઞાન, ક્રિયા આદિ સાધારણ નિમિત્ત કારણની જરૂર પડે છે. એ ત્રણ કારણ શિવાય કોઇ પણ વસ્તુ બની શકતી નથી તેમ બગડી પણ શકતી નથી.

(પ્રશ્ન) નવીન વેદાન્તીઓ કેવળ પરમેશ્વરને જ અભિન્નનિમિત્તોપાદાન કારણ માને છે.

यथोर्णनाभिः सृजते गृह्णते च ॥ मुण्डकोपनि० मुं० १। खं० १। मं० ७॥

આ ઉપનિષદ્નું વચન છે જેમ કરોળીઓ બહારથી કોઇ પદાર્થ લેતો નથી. પોતામાંથી જન્તુઓ કાઢી તેના વતી જાળ બનાવી અને પોતેજ તેમાં રમે છે તેવીજ રીતે બ્રહ્મ પોતામાંથી જગત્ બનાવી એટલે પોતેજ જગદાકાર થઇ પોતે જ ક્રીડા કરી રહ્યો છે તે બ્રહ્મ કામયમાન થયો કે હું બહુરૂપ એટલે જગદાકાર થઇ જાઉં. માત્ર સંકલ્પથીજ બ્રહ્મ જગદ્રૂપ થઇ ગયો; કારણ કે—

आदावन्ते च यन्नास्ति वर्त्तमानेऽपि तत्तथा ॥ गौड़पादीयकारिका श्लोक ३१॥
(वैतथ्य प्रकरणमां श्लोक ६)

આ માંડૂક્ય ઉપનિષદ્ ઉપર કારિકા છે. જે પ્રથમ ન હોય અને અન્તમાં પણ ન રહે તે વર્ત્તમાનમાં પણ નથી. માટે સૃષ્ટિની આદિમાં જગત્ ન હતું પરન્તુ બ્રહ્મ હતો અને અંતમાં પણ જગત્ નહિ રહે પણ બ્રહ્મ રહેશે, તો પછી વર્ત્તમાનમાં પણ જગત્ બ્રહ્મ કેમ નહિ?

(ઉત્તર) જો તમારા કહેવા પ્રમાણે જગતનું ઉપાદાન કારણ બ્રહ્મ માનવામાં આવે તો બ્રહ્મ પરિણામી અવસ્થાન્તર યુક્ત અને વિકારી થઇ જાય કારણ કે કારણના ગુણ કર્મ અને સ્વભાવ કાર્યમાં દેખાય છે.

कारणगुणपूर्वकः कार्य्यगुणो दृष्टः ॥ वैशेषिक अ० २ । आ० १। सू० २४॥

ઉપાદાન કારણના ગુણ જેવા ગુણો કાર્યમાં હોય છે. હવે જો બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ હોય તો બ્રહ્મ જેવું જગત્ હોવું જોઇએ; પરન્તુ બ્રહ્મ સચ્ચિદાનન્દ સ્વરૂપ છે જ્યારે જગત્ કાર્યરૂપ જડ અને આનન્દ રહિત છે. બ્રહ્મ અજ છે જ્યારે જગત્ ઉત્પન્ન છે, બ્રહ્મ અદૃશ્ય છે અને જગત્ દ્રશ્ય છે, બ્રહ્મ અખંડ અને જગત્ ખંડ રૂપ છે. જો બ્રહ્મથી પૃથિવ્યાદિ કાર્યો ઉત્પન્ન થયાં હોય તો પૃથિવી આદિમાં રહેલા જડત્વાદિ ગુણો બ્રહ્મમાં પણ હોવા જોઇએ. જો એમ માનવામાં આવે તો જેમ પૃથિવી આદિ જડ છે તેમ બ્રહ્મ પણ જડ હોવો જોઇએ અથવા જેમ પરમાત્મા ચેતન છે તેમ પૃથિવી આદિ પણ ચેતન હોવાં જોઇએ. તમે જે કરોળીઆનું દ્રષ્ટાન્ત આપ્યું તે પણ તમારા મતનું સાધક નથી પણ બાધક થાય છે. કારણ કે તન્તુનું ઉપાદાન કારણ જડ શરીર છે અને નિમિત્ત કારણ જીવાત્મા છે. અને એ પણ પરમેશ્વરની અદ્ભુત રચનાનો પ્રભાવ છે કે બીજા જન્તુનાં શરીરમાંથી જીવ તન્તુ કાઢી શકતો નથી.

વ્યાપક બ્રહ્મ પણ કરોળીયાંની પેઠે પોતામાં વ્યાપ્ત પ્રકૃતિ=પરમાણુ રૂપ કારણમાંથી સ્થૂલરૂપ જગત્ બનાવી પોતે તેમાં વ્યાપક થઇ આનન્દમય થઇ રહ્યો છે.

પરમાત્માએ ઇક્ષણ કર્યું એટલે દર્શન, વિચાર અને કામના કરી કે હું જગત્ બનાવી પ્રસિદ્ધ થાઉં એટલે જ્યારે જગત્ ઉત્પન્ન થાય છે ત્યારે જીવોના વિચારમાં ધ્યાનમાં જ્ઞાનમાં ઉપદેશમાં અને શ્રવણમાં પરમેશ્વર પ્રસિદ્ધ થાય છે; અને સર્વ સ્થૂલ પદાર્થોની સાથે વર્ત્તમાન થાય છે જ્યારે પ્રલય થાય છે ત્યારે એને મુક્ત જીવો શિવાય કોઇ પણ જાણી શકતું નથી. ઉપર કહેલી કારિકા પણ ભ્રમમૂલક છે. કારણ કે જ્યારે સૃષ્ટિ નથી રચાતી ત્યારે જગત્ પ્રસિદ્ધ હોતું નથી અને અન્તમાં એટલે પ્રલયના આરંભથી લઇને જ્યાં સુધી સૃષ્ટિ ફરીવાર નથી રચાતી ત્યાં સુધી જગત્ કારણ રૂપે સૂક્ષ્મ થઇ અપ્રસિદ્ધ રહે છે.

तम आसीत्तमसा गूढमग्रे ॥ ऋ० मं० १० । सू० १२९ । मं० ३॥

आसीदिदं तमोभूतमप्रज्ञातलक्षणम् ।
अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः ॥ मनु० १।५

આ સર્વ જગત્ પહેલાં એટલે પ્રલયકાળમાં અંધકારથી ઢંકાયલું હતું તે સમયમાં કોઇપણ ઇંદ્રિય વડે જાણવાને શકય નહોતું એનું અનુમાપક પ્રસિદ્ધ ચિન્હ પણ ન હતું તથા તર્કમાં આવવાને પણ અશક્ય હતું માટે જગત્ સ્થિતિ કાળમાંજ જગત્ જાણવામાં આવે છે. પ્રસિદ્ધ અનુમાપક ચિહ્નોથી પણ અનુમતિ થઇ શકે છે તથા યથાવત્ ઉપલબ્ધ પણ થાય છે માટે ઉક્ત કારિકાકારે વર્તમાનમાં પણ જે જગત્નો અભાવ લખ્યો છે તે સર્વથા અપ્રમાણિક છે કારણકે પ્રમાતા જેને પ્રમાણોથી જાણે છે અને પ્રાપ્ત કરે છે તે કદિ પણ ઉલટું થઇ શકતું નથી.

(પ્રશ્ન) જગત્ બનાવવામાં પરમાત્માને શું પ્રયોજન છે?

(ઉત્તર) નહિ બનાવવામાં શું પ્રયોજન છે?

(પ્રશ્ન) જો ન બનાવત તો આનન્દમાં રહેત અને જીવોને પણ સુખ દુઃખ પ્રાપ્ત ન થાત.

(ઉત્તર) એ કામ આળસુ અને દરિદ્ર લોકોનું છે-પુરૂષાર્થીનું નથી. પ્રલયસ્થ સુખ દુઃખ વગરના જીવો કરતાં દુઃખ મિશ્રિત સુખ ભોગવનાર સંસારસ્થ જીવો ઉત્તમ છે. સંસારસ્થ જીવોને બીજો એ લાભ છે કે કેટલાક પવિત્રાત્માઓ મોક્ષનાં સાધનો મેળવી મોક્ષના આનન્દને પણ પ્રાપ્ત કરે છે; માટે સુષુપ્તિની માફક પ્રલયમાં નકામા પડયા રહેવું સારૂં નથી. તથા જો પરમાત્મા સૃષ્ટિ ન બનાવત તો પ્રલય પહેલાંની સૃષ્ટિમાં કરેલાં જીવાત્માઓનાં કર્મોનું ફળ ઇશ્વર કેવી રીતે આપી શકત અને જીવો કેવી રીતે ભોગવી શકત?

જો તમને કોઇ પૂછે કે આંખ હોવાનું શું પ્રયોજન છે! તો તમે એજ ઉત્તર આપશો કે "જોવું" એજ પ્રયોજન છે, તો તેજ પ્રમાણે ઇશ્વરમાં જે જગત્ રચવાનું સામાર્થ્ય અને જ્ઞાન છે તેનું પણ જગત્ રચવા શિવાય શું પ્રયોજન હોઇ શકે? જગત્ બનાવવાથીજ ઇશ્વરના ન્યાય દયા આદિ ગુણો પણ સાર્થક થઇ શકે છે. જગત્ના ઉત્પત્તિ સ્થિતિ પ્રલયો કરવાથીજ ઇશ્વરનું અનન્ત સામર્થ્ય સફલ થાય છે. માટે જેમ આંખનો સ્વાભાવિક ગુણ "જોવું" છે તેવીજ રીતે ઇશ્વરનો સ્વાભાવિક ગુણ જગત્ની ઉત્પત્તિ કરી સર્વ જીવોને અસંખ્ય પદાર્થો આપી પરોપકાર કરવો એ છે.

(પ્રશ્ન) બીજ પહેલું કે ફળ?

(ઉત્તર) બીજ, કારણ કે બીજ, હેતુ, નિદાન, નિમિત્ત અને કારણ ઇત્યાદિ શબ્દો એકાર્થવાચક છે અને કારણ હમેશાં કાર્યની પહેલાંજ હોય છે.

(પ્રશ્ન) જો ઇશ્વર સર્વ શક્તિમાન્ છે તો કારણ અને જીવને પણ ઉત્પન્ન કરતો હોવો જોઇએ; નહિ તો તે સર્વ શક્તિમાન્ ન હોવો જોઇએ.

(ઉત્તર) સર્વશકિતમાન્ શબ્દનો અર્થ પહેલાં લખી આપ્યો છે. શું સર્વશકિતમાન્ તે હોઇ શકે કે જે અસંભવનીયનો પણ કર્ત્તા માનવામાં આવે? જો અસંભવનીય કાર્યનો કર્ત્તા ઇશ્વર માનવામાં આવે તો અમે પૂછીએ છીએ કે ઇશ્વર બીજા

ઇશ્વરને પેદા કરી પોતે મરી શકે છે કે નહિ ? તથા પોતે જડ, દુઃખી, અન્યાયકારી, અપવિત્ર અને કુકર્મી આદિ પણ થઇ શકે છે કે નહિ ? અગ્નિ જળ અને પૃથિવીના ઉષ્ણત્વ શીતત્ત્વ અને કઠિનત્વાદિ સ્વાભાવિક ગુણોને ઇશ્વર પણ ઉલટા કરી શકતો નથી તથા ઇશ્વરના નિયમો સત્ય અને પરિપૂર્ણ હોવાથી પરિવર્તિત પણ થઇ શકતા નથી. માટે સર્વશક્તિમાન્‌નો અર્થ એટલોજ છે કે ઇશ્વર કોઇની (બીજા કર્ત્તાની) પણ સહાયતા લીધા વિના પોતાનાં સર્વ કાર્યો કરી શકે છે.

(પ્રશ્ન) ઇશ્વર સાકાર છે કે નિરાકાર ? જો નિરાકાર માનવામાં આવે તો હાથ આદિ સાધનો શિવાય ઇશ્વર જગત્ બનાવી શકે નહિં. અને જો સાકાર માનવામાં આવે તો કોઇ પણ જાતનો દોષ આવતો નથી.

(ઉત્તર) ઇશ્વર નિરાકાર છે. જે સાકાર હોય તે ઇશ્વર થઇ શકે નહિ કારણ કે સાકાર હમેશાં પરિમિતશક્તિયુક્ત, દેશ, અને કાળવડે પરિછિન્ન તથા ક્ષુધા, તૃષા, છેદન, ભેદન, શીતોષ્ણ જ્વર આદિની પીડાસહિત હોય છે. જેમ આપણે સાકાર એટલે શરીરધારી હોઇ ત્રસરેણુ અણુ પરમાણુને વશમાં લઇ શકતા નથી તેવીજ રીતે જો ઇશ્વર સ્થૂલ દેહધારી હોય તો ઉક્ત સૂક્ષ્મ પદાર્થોને વશમાં લઇ સ્થૂલ જગત બનાવી શકે નહિ. પરમાત્મા નિરાકાર હોવા છતાં પોતાની અનન્ત શક્તિ વડે એવું મ્હોટું કામ કરે છે કે જે જીવ અને પ્રકૃતિથી સર્વથા અશક્ય છે. પરમાત્મા નિરાકાર છે તેથીજ પ્રકૃતિમાં પણ વ્યાપક હોઈ તેને જગદાકાર બનાવે છે.

(પ્રશ્ન) મનુષ્યાદિના માતા પિતા સાકાર છે તો જ મનુષ્યો સાકાર થઇ શકે છે અને જો નિરાકાર હોત તો તેનાં સંતાનો પણ નિરાકાર જ થાત તેવી જ રીતે નિરાકાર ઇશ્વરે બનાવેલું જગત્ પણ નિરાકારજ હોવું જોઇએ.

(ઉત્તર) એ તમારો પ્રશ્ન બાળકના જેવો છે કારણ કે અમે ઉપર જણાવ્યું છે કે ઇશ્વર જગત્‌નું ઉપાદાન કારણ નહિ પરંતુ નિમિત્ત કારણ છે. ઉપાદાન કારણ તો પરમાણુઓ છે અને તે પરમાણુઓ નિરાકાર નથી અને કાર્યવસ્તુ કરતાં સૂક્ષ્મ આકાર વાળાં છે.

(પ્રશ્ન) શું કારણ વિના પરમેશ્વર કાર્ય નથી બનાવી શકતો ?

(ઉત્તર) નહિ. કારણકે જેનો સર્વથા અભાવ છે તેનો ભાવ થઇ શકતો નથી. કોઇ કહે કે મેં વન્ધ્યાના પુત્ર અને પુત્રીનો વિવાહ જોયો. પુત્રે નરશૃંગનું ધનુષ્ ધારણ કર્યું હતું. બન્નેએ આકાશપુષ્પોની માળા પહેરી હતી અને મૃગતૃષ્ણિકાના જળમાં સ્નાન કરી ગન્ધર્વ નગર (ધુમસ) રહેતાં હતાં. ત્યાં વૃષ્ટિ વગર અને પૃથિવી વગર દરેક જાતનાં ધાન્યો પેદા થાય છે ! એ સઘળું જેમ અસંભવનીય છે તેમ કારણ વગરનું કાર્ય હોવું અસંભવિત છે. તથા જેમ કોઇ કહે કે **मम माता पितरौ न स्तोऽहमेवमेवजातः । मम मुखे जिह्वानास्ति वदामि च ।** મારા માતા પિતા નથી હું એમજ થઇ ગયો. મારા મોઢામાં જીભ નથી પણ હું બોલું છું દરમાં સર્પ ન હતો પણ

નિકળી આવ્યો. હું ક્યાંય પણ ન હતો અને આપણ ક્યાંય ન હતો અને અમે બધા આવ્યા એ બધી અસંભવિત વાતો પ્રમત્તગીત એટલે ગાંડા મનુષ્યોની છે.

(પ્રશ્ન) જો કારણ વિના કાર્ય નથી થતું તો કારણનું કારણ શું છે ?

(ઉત્તર) જે કેવળ કારણ રૂપજ છે તેનું કોઇનું કાર્ય હોતું નથી. જે કોઇનું કારણ રૂપ અને કોઇનું કાર્યરૂપ હોય તે બીજું કહેવાય છે. જેમકે પૃથ્વી ઘરનું તો કારણ છે અને જલનું કાર્ય છે પરન્તુ પ્રકૃતિ તો આદિ કારણ છે માટે અનાદિ છે.

मूले मूला भावादमूलं मूलम् ॥ सांख्य द. अ. १ सू. ६७

મૂળનું મૂળ એટલે કારણનું કારણ હોતું નથી માટે અકારણજ સર્વનું કારણ હોય છે; કારણ કે કોઇ પણ કાર્ય બનાવવામાં ત્રણ કારણની આવશ્યકતા પડેજ છે જેમકે એક કપડું બનાવવું છે તો તેમાં વણકર, સૂતર અને નલિકા આદિ પહેલાં હોવાંજ જોઇએ; તેવીજ રીતે જગતની ઉત્પત્તિ પહેલાં પરમેશ્વર, પ્રકૃતિ, કાળ, આકાશ અને જીવો હોવાંજ જોઇએ, જો એમાંથી એક પણ ન હોય તો જગત્ કદિ પણ બની શકે નહિ.

अत्र नास्तिका आहुः—शून्यं तत्त्वं भावो विनश्यति वस्तुधर्मत्वाद्विनाशस्य ॥ १ ॥ सांख्यद० अ० १ । सू० ४४ ॥
अभावात्भावोत्पत्तिर्नानुपमृद्य प्रादुर्भावात् ॥ २ ॥
ईश्वरः कारणं पुरुषकर्माफल्यदर्शनात् ॥ ३ ॥
अनिमित्ततो भावोत्पत्तिः कण्टकतैक्ष्ण्यादिदर्शनात् ॥ ४ ॥
सर्वमनित्यमुत्पत्तिविनाशधर्मकत्वात् ॥ ५ ॥
सर्वं नित्यं पञ्चभूतनित्यत्वात् ॥ ६ ॥
सर्वं पृथग् भावलक्षणपृथक्त्वात् ॥ ७ ॥
सर्वमभावो भावेष्वितरेतराभावसिद्धेः ॥८॥ न्यायसू० अ० ४ । आ०१॥

અહિંઆં નાસ્તિક લોકો એમ કહે છે કે શૂન્યજ બધા પદાર્થોનું કારણ છે કારણ કે સૃષ્ટિ પહેલાં શૂન્ય હતું, છેવટેમાં પણ શૂન્ય થઇ જશે અને વર્ત્તમાન પદાર્થો પણ શૂન્યજ છે.

(ઉત્તર) શૂન્ય એટલે શું ? કારણ કે આકાશ, અદૃશ્ય, અવકાશ અને બિન્દુઓનો વાચક શૂન્ય શબ્દ છે. સર્વ પદાર્થો શૂન્ય છે એનો અર્થ એજ થાય છે કે સર્વ પદાર્થો અદૃશ્ય છે. શૂન્યથી જગત્ બને છે તેનો અર્થ એજ છે; જેમકે શૂન્ય એટલે બિન્દુમાંથી રેખા અને રેખામાંથી વર્તુલાકાર થાય છે તેમજ ઇશ્વરની રચનાથી શૂન્ય એટલે અદૃશ્ય પ્રકૃતિમાંથી ભૂમિ પર્વત આદિ બધું બને છે. પણ જો શૂન્ય એટલે

અભાવજ કહેવામાં આવતો હોય તો " સર્વ શૂન્ય છે " એ વાક્ય બોલનાર શૂન્ય ન હોવાથી અસત્ય છે. ૧

બીજો નાસ્તિક એમ કહે છે કે અભાવથી ભાવની ઉત્પત્તિ થાય છે. જેમકે બીજનું મર્દન કરીનેજ અંકુર પેદા થાય છે પરન્તુ જો બીજ તોડીને જોવામાં આવે તો તેમાં અંકુરનો અભાવજ છે માટે ઉત્પત્તિનું કારણ અભાવજ છે.

(ઉત્તર) જે બીજનું ઉપમર્દન કરે છે તે બીજમાં પહેલીથી જ હોવો જોઇએ કારણકે જો ઉપમર્દક ન હોત તો ઉપમર્દન થઇ શકત નહિ અને તેના શિવાય અંકુર પણ ઉત્પન્ન થઇ શકત નહિ.

ત્રીજો નાસ્તિક એમ કહે છે કે કર્મોનું ફળ મનુષ્યને કર્મ કરવાથી મળતું નથી કારણકે કેટલાંક કર્મો નિષ્ફળ પણ જોવામાં આવે છે એથી અનુમાન કરવામાં આવે છે માટે અનુમાન કરવામાં આવે છે કે ફળ મળવું એ ઇશ્વરાધીન છે. જે કર્મનું ફળ ઇશ્વર આપવાને ઇચ્છે છે તેનું ફળ આપે છે અને જેનું ફળ આપવા નથી ઇચ્છતો તેનું નથી આપતો એ કારણથી કર્મનું ફળ ઇશ્વરને આધીન છે.

(ઉત્તર) જો કર્મનું ફળ ઇશ્વરાધીન હોય તો કર્મ વિના ફળ કેમ નથી આપતો ! માટે ઇશ્વર સ્વતંત્ર થઇ કર્મ ફળ આપતો નથી પણ જીવ જેવું કર્મ કરે છે તેવું ફળ આપે છે.

ચોથો નાસ્તિક એમ કહે છે કે નિમિત્ત શિવાય પદાર્થોની ઉત્પત્તિ થાય છે. જેમકે બાવળ આદિ ઝાડના કાંટાઓ તીક્ષ્ણ અણીવાળા થાય છે. માટે એમ અનુમાન થાય છે કે જ્યારે જ્યારે સૃષ્ટિ ઉત્પન્ન થાય છે ત્યારે ત્યારે શરીર આદિ પદાર્થો નિમિત્ત શિવાય પેદા થાય છે.

(ઉત્તર) જેનાથી વસ્તુ ઉત્પન્ન થાય છે તેજ તેનું નિમિત્ત છે જો એમ ન હોય તો કાંટા વિનાના ઝાડને કાંટા કેમ નથી ઉત્પન્ન થતા.

પાંચમો નાસ્તિક એમ કહે છે કે, દરેક વસ્તુ ઉત્પત્તિ અને વિનાશવાળી છે માટે સર્વ વસ્તુઓ અનિત્ય છે.

श्लोकार्द्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थ कोटिभिः ।
ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ॥

આ કોઇ ગ્રન્થનો શ્લોક છે. નવીન વેદાન્તીઓ પાંચમી નાસ્તિક કોટીમાં છે કારણકે તેઓ કહે છે કે બ્રહ્મજ સત્ય છે અને જગત્ મિથ્યા છે. જીવ પણ બ્રહ્મથી અલગ નથી.

(ઉત્તર) જો સર્વની અનિત્યતા નિત્ય છે તો " સર્વ અનિત્ય છે. " એ બની શકતું નથી.

(પ્રશ્ન) સર્વની અનિત્યતા પણ અનિત્ય છે જેમકે અગ્નિ સર્વ કાષ્ઠોને બાળીને પોતે પણ વિનષ્ટ થાય છે.

(ઉત્તર) જે વસ્તુ જે કાળમાં વિદ્યમાનતાથી ખરોખર જાણવામાં આવે છે તે વસ્તુનો તે કાળમાં વિનાશ માનવો, તથા પરમસૂક્ષ્મ કારણને અનિત્ય કહેવું એ પણ નથી.

વેદાન્તી લોકો બ્રહ્મથી જગત્‌ની ઉત્પત્તિ માને છે અને બ્રહ્મને સત્ય માને છે માટે સત્યબ્રહ્મનું કાર્ય કદિપણુ અસત્ય થઇ શકે નહિ. જો સ્વપ્ન રજ્જુ-સર્પાદિની માફક કલ્પિત કહે તો પણુ બની શકતું નથી, કારણુ કે કલ્પના ગુણુ છે અને ગુણુથી દ્રવ્ય બની શકતું નથી. દ્રવ્યથી ગુણો અલગ પણુ રહી શકતા નથી. જો કલ્પનાનો કરનાર નિત્ય છે તો કલ્પના પણુ નિત્ય હોવી જોઇએ, નહિતો કલ્પકને પણુ અનિત્ય માનવો જોઇએ. જેમ અદૃષ્ટ અને અશ્રુત પદાર્થો સ્વપ્નમાં આવતા નથી, કિન્તુ જાગૃદવસ્થામાં સત્ય પદાર્થના સંબંધથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેનો સંસ્કાર એટલે વાસનારૂપ જ્ઞાન આત્મામાં સ્થિર થાય છે, તેજ પદાર્થો સ્વપ્નમાં દેખવામાં આવે છે; તથા સુષુપ્તિદશામાં બાહ્ય પદાર્થોનું જ્ઞાન ન હોવા છતાં બાહ્ય પદાર્થોની વિદ્યમાનતા હોય છે તેમ પ્રલય કાળમાં કારણુ-દ્રવ્ય વિદ્યમાન રહે છે. જો સંસ્કાર શિવાય સ્વપ્ન આવતું હોય તો જન્માન્ધને પણુ રૂપનું સ્વપ્ન આવવું જોઈએ માટે ત્યાં (સ્વપ્નદશામાં) જ્ઞાન માત્ર રહે છે અને પદાર્થો બધા બ્હાર વિદ્યમાન્ રહે છે.

પ્રશ્ન—જેમ જાગૃત્ અવસ્થાના પદાર્થો સ્વપ્નમાં અને સ્વપ્ન તથા જાગૃત્ અવસ્થાના પદાર્થો સુષુપ્તિમાં અનિત્ય થાય છે, તેવીજ રીતે જાગૃત્ દશાના પદાર્થોને પણુ સ્વપ્નના પદાર્થો જેવા માનવા જોઇએ.

ઉત્તર—એમ કદિપણુ માની શકાતું નથી; કારણુ કે સ્વપ્ન અને સુષુપ્તિમાં બાહ્ય પદાર્થોનું અજ્ઞાન માત્ર રહે છે; તેથી બાહ્ય પદાર્થોનો અભાવ માની શકાતો નથી. વ્યવહિત ઘણા પદાર્થો અદૃષ્ટ રહે છે એથી કાંઇ તે પદાર્થોનો અભાવ માની શકાતો નથી. માટે જે ઉપર કહેવામાં આવ્યું છે કે બ્રહ્મ જીવ અને જગત્‌નું કારણુ એ અનાદિ છે તેજ સત્ય છે.

છઠ્ઠો નાસ્તિક એમ કહે છે કે—પાંચ ભૂતો નિત્ય હોવાથી બધું જગત્ નિત્ય છે.

ઉત્તર—એ કથન ઠીક નથી; કારણુકે જે પદાર્થનાં ઉત્પત્તિ અને વિનાશનાં કારણો જોવામાં આવે છે તે પણુ જો નિત્ય માનવામાં આવે તો સર્વ સ્થૂલ શરીર, ઘટ પટાદિની ઉત્પત્તિ તથા વિનાશ દેખવામાં ન આવવા જોઇએ. માટે ઉત્પન્ન અને વિનષ્ટ પદાર્થોને નિત્ય માની શકાતા નથી.

સાતમો નાસ્તિક એમ કહે છે કે— બધું અલગ અલગ છે કોઇ એક પદાર્થ નથી. જે જે પદાર્થ આપણે જોઇએ છીએ, તે એક નથી.

ઉત્તર—અવયવોમાં અવયવી, વર્તમાન કાળ, આકાશ, પરમાત્મા અને જાતિ એક છે; પૃથક્ પૃથક્ પદાર્થોના સમૂહમાં તે એકત્વથી રહે છે એમાં સ્વાવધિક પૃથકત્વ નથી (પોતાનું પૃથકત્વ પોતામાં નથી) સ્વરૂપથી તે પૃથક્ છે અને પૃથક્ પૃથક્ પદાર્થોમાં તે એક છે.

આઠમો નાસ્તિક એમ કહે છે કે— દરેક વસ્તુમાં ઇતરેતર અભાવની સિધ્ધિ થવાથી બધું અભાવ રૂપ છે. જેમકે- "अनश्वो गौः" "अगौरश्वः" ગાય ઘોડો નથી અને ઘોડો ગાય નથી. માટે સર્વ અભાવ રૂપ માનવુ જોઇએ.

ઉત્તર—સર્વ પદાર્થોમાં ઇતરેતરાભાવ રહો પરન્તુ "**गवि गौः अश्वे अश्वः इति भावो वर्त्तत एवं**" ગાયમાં ગાયનો અને ઘોડામાં ઘોડાનો ભાવ જ છે. અભાવ કદી નથી હોતો. જો પદાર્થનો ભાવજ ન હોય તો ઇતરેતરાભાવ શામાં કહેવાય !

નવમો નાસ્તિક કહે છે કે-સ્વભાવથી જગતની ઉત્પત્તિ થાય છે, જેમ કે પાણી અને અન્ન એકત્રિત થઇ સડવાથી કૃમિ ઉત્પન્ન થાય છે, બીજ પૃથિવી અને જળના મળવાથી જેમ ઘાસ, વૃક્ષ અને પાષાણાદિ ઉત્પન્ન થાય છે, સમુદ્ર અને વાયુના સંબંધથી જેમ તરંગ અને તરંગથી ફીણ, તથા ચૂનો, હળદર અને લીંબુનો રસ મળવાથી જેમ રોરી (લાલરંગ) ઉત્પન્ન થાય છે, તેવીજ રીતે જગત્, તત્ત્વોના સ્વાભાવિક ગુણોથી ઉત્પન્ન થયું છે-એનો બનાવનાર કોઇ નથી.

ઉત્તર—જગતની ઉત્પત્તિ જો સ્વભાવથી હોય તો વિનાશ ન થવો જોઇએ અને વિનાશ સ્વભાવથી હોય તો ઉત્પત્તિ ન થવી જોઇએ. જો બન્નેનો સ્વભાવ એકજ સમયમાં માનવામાં આવે તો ઉત્પત્તિ અને વિનાશની વ્યવસ્થા કદિપણ બની શકશે નહિ. જો નિમિત્તથી ઉત્પત્તિ વિનાશ માનવામાં આવે તો તેને ઉત્પાદ અને વિનાશવાળા દ્રવ્યોથી ભિન્ન માનવું પડશે. જો સ્વભાવથીજ ઉત્પત્તિ અને વિનાશ થતા હોય, તો અમુક સમયમાંજ ઉત્પત્તિ અને વિનાશનું હોવું અસંભવિત છે અને જો સ્વભાવથીજ બધું ઉત્પન્ન થતું હોય, તો આ ભૂગોળની પાસે બીજાં ભૂગોળ, ચંદ્ર અને સૂર્ય કેમ ઉત્પન્ન થતા નથી ?

જેના જેના સંબંધથી જે જે ઉત્પન્ન થાય છે તે તે ઇશ્વરે બનાવેલા છે. બીજ અન્ન અને જળના મળવાથી ઘાસ, વૃક્ષ અને કૃમિ ઉત્પન્ન થાય છે, તેના મળ્યા શિવાય ઉત્પન્ન થતા નથી, ભિન્ન ભિન્ન સ્થાનસ્થ હળદર, ચૂનો અને લીંબુનો રસ એ આપોઆપ એક જગ્યાપર મળતા નથી, કોઇના મેળવવાથી મળે છે; તેમાં પણ યોગ્ય રીતે મેળવવાથીજ રોરી (લાલરંગ) બને છે; વધારે અથવા ઓછા પ્રમાણમાં મેળવવાથી નહિ-તેવીજ રીતે જ્ઞાન અને યુક્તિ વડે પરમાત્માના મેળાવ્યા શિવાય જડ પરમાણુઓ સ્વયં એકત્રિત થઇ કોઇ વિશેષ કાર્યાન્તર બની શકતાં નથી; માટે સ્વભાવથી સૃષ્ટિ નથી બનતી, પરન્તુ પરમાત્માની રચનાથી બને છે.

પ્રશ્ન—આ જગતનો કર્ત્તા કોઇ ન હતો, વર્ત્તમાનમાં પણ નથી અને ભવિષ્યમાં પણ કોઇ થનાર નથી; અનાદિ કાળથી આ જેવુંને તેવુંજ છે, આની કદિપણ ઉત્પત્તિ થઇ નથી અને વિનાશ પણ થશે નહિ.

ઉત્તર—કર્ત્તા વગર કોઇ પણ ક્રિયા અથવા ક્રિયાજન્ય પદાર્થ બની શકતો નથી. જે સંયોગથી બને છે તે સંયોગ પહેલાં હોતું નથી અને વિયોગ પછી પણ રહેતું નથી; આ વાત જો તમે ન માનો તો કઠણથી કઠણ પત્થર હીરો અથવા પોલાદને તોડી કટકા કરી અગ્નિમાં ગાળી ભસ્મ કરી જુઓ કે એમાં પૃથક્ પૃથક્ પરમાણુઓ મળ્યાં છે કે નહિ, જો મળેલાં છે તો કોઇ પણ સમયમાં જરૂર અલગ અલગ થઇ જશે.

પ્રશ્ન—અનાદિ ઇશ્વર કોઇ નથી કિન્તુ જે યોગાભ્યાસથી અણિમાદિ ઐશ્વર્યને પ્રાપ્ત કરી સર્વજ્ઞત્વાદિ ગુણ યુક્ત થઇ કેવળજ્ઞાની થાય છે તે જ જીવ પરમેશ્વર કહેવાય છે.

ઉત્તર-જો અનાદિ ઇશ્વિર જગત્‌નો બનાવનાર ન હોય, તો સાધનોથી સિદ્ધ થનાર જીવોના આધારભૂત અને જીવનરૂપ જગત્, શરીર અને ઇંદ્રિયોના ગોલક કેવી રીતે બનત ! અને એના વિના જીવ સાધન કરી શકતો નથી, અને જો સાધન જ નથી તો પછી સિદ્ધ ક્યાંથી થઈ શકે ? જીવ ગમે તેવાં સાધનો મેળવી સિદ્ધ થાય, પરન્તુ ઇશ્વિરની જે સ્વયં સનાતન અનાદિ સિદ્ધિ છે કે જેમાં અનન્ત સિદ્ધઓ છે એવા ઇશ્વરની તુલ્ય કોઇ જીવ થઇ શકતો નથી, કારણ કે જીવનું ગમે તેટલું જ્ઞાન વધે તોપણ પરિમિત જ છે, અને જીવ અલ્પસામર્થ્યવાન્ છે; અનન્તજ્ઞાન અને અનન્ત સામર્થ્યવાન્ જીવ કદિપણ થઇ શકતો નથી. જુઓ કોઈપણ યોગી અદ્યાવધિ ઇશ્વિરકૃત સૃષ્ટિક્રમને અન્યથા કરનાર થયો નથી, વર્તમાનમાં નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ. અનાદિ સિદ્ધ પરમાત્માએ આંખનો, જોવાનો અને કાનનો સાંભળવાનો નિયમ બાંધ્યો છે, તેને કોઇ પણ યોગી બદલી શકતો નથી, માટે જીવ કદિપણ ઇશ્વર બની શકતો નથી.

પ્રશ્ન-ઇશ્વર કલ્પ કલ્પાન્તરમાં સૃષ્ટિ વિલક્ષણ વિલક્ષણ બનાવે છે કે એક જ પ્રકારની ?

ઉત્તર-જેવી આજ કાલ છે તેવીજ પહેલાં હતી અને આગળ પણ તેવીજ થશે-ભેદવાળી નહિ.

सूर्याचन्द्रमसौ धाता यथा पूर्वमकल्पयत् । दिवं च पृथिवीं
चान्तरिक्षमथो स्वः ॥ ऋ० ॥ मं० १० । सू० १९० । मं० ३ ॥

(धाता) પરમેશ્વરે પૂર્વ કલ્પમાં જેવા સૂર્ય, ચંદ્ર, વિદ્યુત્, પૃથિવી અને અન્તરિક્ષ આદિને બનાવ્યાં હતાં, તેવાંજ આ વખતે બનાવ્યાં છે અને આગળ પણ તેવાંજ બનાવશે. પરમાત્માના કામો ભૂલ ચૂક વિનાના હોવાથી હમેશાં એકજ પ્રકારનાં છે. જે અલ્પજ્ઞ છે અને જેના જ્ઞાનમાં વૃદ્ધિ ક્ષય થયા કરે છે તેના કામમાં જ ભૂલ ચૂક થાય છે, ઇશ્વરના કામમાં નહિ.

પ્રશ્ન-સૃષ્ટિ વિષયમાં વેદાદિ શાસ્ત્રોનો અવિરોધ છે, કે વિરોધ ?

ઉત્તર-અવિરોધ છે.

પ્રશ્ન-જો અવિરોધ છે તો—

तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः । आकाशाद्वायुः ।
वायोरग्निः । अग्नेरापः । अद्भ्यः पृथिवीः । पृथिव्या ओषधयः ।
ओषधिभ्योऽन्नम् । अन्नाद्रेतः । रेतसः पुरुषः । स वा एष
पुरुषोऽन्नरसमयः ॥ तैत्तिरीयोपनि० ब्रह्मानन्दव० अनु० १ ॥

પરમેશ્વર અને પ્રકૃતિથી આકાશ અર્થાત્ કારણરૂપ દ્રવ્ય જે ચોતરફ ફેલાઇ રહ્યું હતું, તેને એકઠું કરવાથી અવકાશ જેવું ઉત્પન્ન થયું, વાસ્તવમાં આકાશની ઉત્પત્તિ થતી નથી, કારણ કે જો આકાશ ન હોય તો પ્રકૃતિ પરિમાણુઓ કયાં રહે ! આકાશ પછી વાયુ, વાયુ પછી અગ્નિ, અગ્નિ પછી જળ, જળ પછી પૃથિવી, પૃથિવી પછી ઓષધિ, ઓષધિઓથી અન્ન,

અન્નથી, વીર્ય અને વીર્યથી પુરૂષ એટલે શરીર ઉત્પન્ન થાય છે. અહિંઆ આકાશાદિ ક્રમથી સૃષ્ટિની ઉત્પત્તિ બતાવી છે.

છાન્દોગ્યોપનિષદ્‌માં અગ્ન્યાદિથી, ઐતરેયમાં જલાદિ ક્રમથી; વેદોમાં કોઈ સ્થળે હિરણ્યગર્ભથી અને કોઇ સ્થળે પુરૂષાદિથી, મીમાંસામાં કર્મથી, વૈશેષિકમાં કાળથી, ન્યાયમાં પરમાણુઓથી, યોગમાં પુરૂષાર્થથી, સાંખ્યમાં પ્રકૃતિથી અને વેદાન્તમાં બ્રહ્મથી બતાવી છે. એમાં કોનું સત્ય માનવું અને કોનું અસત્ય માનવું ?

ઉત્તર–એ બધા સત્ય છે–કોઇ અસત્ય નથી. વિપરીત (ઉલટું) સમજનાર જ જૂઠો છે, કારણ કે પરમેશ્વર જગતનું નિમિત્તકારણ અને પ્રકૃતિ ઉપાદાનકારણ છે. મહાપ્રલય થયા પછી જ્યારે સૃષ્ટિનો આરંભ થાય છે, ત્યારે આકાશાદિ ક્રમથી; જ્યારે આકાશ અને વાયુનો પ્રલય નથી થતો, અને અગ્ન્યાદિનો થાય છે ત્યારે અગ્ન્યાદિ ક્રમથી સૃષ્ટિ બને છે. જ્યારે વિદ્યુત્ અગ્નિનો નાશ નથી થતો ત્યારે જલ આદિ ક્રમથી સૃષ્ટિ બને છે અર્થાત્ જે જે પ્રલયમાં જ્યાં જ્યાં સુધી પ્રલય થાય છે ત્યાં ત્યાંથી સૃષ્ટિની ઉત્પત્તિનો આરંભ થાય છે. પુરૂષ અને હિરણ્યગર્ભનો અર્થ પ્રથમ સમુલ્લાસમાં કરી દીધો છે, અર્થાત્ એ બધા નામ પરમેશ્વરના છે. વિરોધ ત્યાં કહેવાય છે કે જ્યાં એક જ વિષયમાં વિરૂદ્ધવાદ હોય, શાસ્ત્રોમાં પણ વિરોધ નીચે પ્રમાણે નથી:—

મીમાંસા–એવું કોઇ પણ કાર્ય જગતમાં નથી કે જે બનાવવામાં ક્રિયા ન કરવી પડે.

વૈશેષિક–સમય લાગ્યા વગર કોઇપણ કાર્ય બની શકતું નથી.

ન્યાય–ઉપાદાન શિવાય કંઈ પણ બની શકતું નથી.

યોગ–વિદ્યા, જ્ઞાન અને વિચાર કર્યા વિના કંઇ પણ બની શકતું નથી.

સાંખ્ય–તત્ત્વોના સંયોગ વિના કંઈ પણ બની શકતું નથી.

વેદાન્ત–બનાવનાર ન હોય તો કંઇ પણ બની શકતું નથી.

એ પ્રમાણે સૃષ્ટિ છ કારણોથી બને છે અને છ શાસ્ત્રોમાંના એક એક શાસ્ત્રમાં એક એક કારણથી વ્યાખ્યા છે; માટે એમાં કશો પણ વિરોધ નથી. જેમ છ માણસ મળી એક છાપરાને ઉપાડી ભીંત ઉપર ચડાવે છે તેમ સૃષ્ટિરૂપ કાર્યની વ્યાખ્યા છ શાસ્ત્રકારોએ મળી કરી છે.

જેમ પાંચ આંધળા તથા એક ઝાંખી નજરવાળાને કોઇએ હાથીનો અલગ અલગ એક એક ભાગ બતાવ્યો, અને પછી પૂછયું કે હાથી કેવો છે! એકે ઉત્તર આપ્યો કે થાંભલા જેવો, બીજાએ કહ્યું કે સૂપડા જેવો, ત્રીજાએ કહ્યું કે સાંબેલા જેવો, ચોથાએ કહ્યું કે ઝાડુ (સાવરણી) જેવો, પાંચમાએ કહ્યું કે ચોતરા (ઓટલા) જેવો અને છઠ્ઠાએ કહ્યું કે કાળા કાળા ચાર થાંભલા અને ઉપર કંઇ પાડા જેવું છે ! તેવીજ રીતે આજકાલ ઋષિપ્રણીત ગ્રન્થો નહિ ભણવાથી અને અનાર્ષ નવીન ક્ષુદ્રબુદ્ધિવાળાઓએ બનાવેલા તથા ભાષાના ગ્રન્થો ભણવાથી એક બીજાની નિન્દામાં તત્પર થઇ ખોટો ઝગડો મચાવ્યો છે, બુદ્ધિમાન્ માણસોએ એઓનું કથન

નહિ માનવું જોઇએ, કારણ કે જો આંધળાની પાછળ જવામાં આવે તો દુઃખ શિવાય બીજું શું મળે ! તેવીજ રીતે આજ કાલના થોડી વિદ્યાવાળા, સ્વાર્થી અને ઇંદ્રિયોના પોષણમાં આરામ માનનારા પુરૂષોની લીલા, સંસારનો નાશ કરી રહી છે.

પ્રશ્ન—જો કારણ વિના કાર્ય નથી બનતું તો કારણનું કારણ કેમ નથી.

ઉત્તર—અરે ભોળા ભાઇઓ તમારી થોડી બુધ્ધિને તો ઉપયોગમાં લાવો ! જુઓ, સંસારમાં બેજ પદાર્થો છે એક કારણ અને બીજું કાર્ય. જે સમયમાં જે કારણ છે તે સમયમાં તે કાર્ય નથી અને જે સમયમાં જે કાર્ય છે તે સમયમાં તે કારણ નથી. જ્યાં સુધી માણસ સૃષ્ટિને બરોબર નથી જાણતો ત્યાં સુધી તેને બરોબર જ્ઞાન થતું નથીઃ—

नित्यायाः सत्त्वरजस्तमसां साम्यावस्थायाः प्रकृतेरुत्पन्नानां परमसूक्ष्माणां पृथक् पृथग्वर्त्तमानानां तत्त्वपरमाणूनां प्रथमः संयोगारम्भः संयोगविशेषादवस्थान्तरस्य स्थूलाकारप्राप्तिः सृष्टिरुच्यते ॥

અનાદિ, નિત્યસ્વરૂપ સત્ત્વ, રજ અને તમોગુણની એકાવસ્થારૂપ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા પરમસૂક્ષ્મ, પૃથક્ પૃથક્ વિદ્યમાન તત્ત્વાવયવોનો જે પ્રાથમિક સંયોગ અને એ સંયોગથી બીજી અવસ્થા, એ પ્રમાણે સૂક્ષ્મથી સ્થૂલ અને સ્થૂલથી સ્થૂલાન્તર એમ બનતાં બનતાં જે વિચિત્રરૂપ બન્યું છે, તે સંસર્ગરૂપ હોવાથી સૃષ્ટિ કહેવાય છે. પ્રાથમિક સંયોગનો જે આધાર છે અને જેનો વિભાગ કદિપણ થઈ શકતો નથી, તે મૂળકારણ કહેવાય છે. જે સંયોગ પછી બને છે અને વિયોગ પછી રહેતું નથી, તે કાર્ય કહેવાય છે. માટે જે (મૂળ) કારણનું કારણ, (અન્તિમ) કાર્યનું કાર્ય, કર્ત્તાનો કર્ત્તા, સાધનનું સાધન અને સાધ્યનું સાધ્ય કહે છે, તે દેખતો છતાં અન્ધ, સાંભળતો છતાં બહેરો અને જાણતા છતાં મૂઢ છે. શું આંખની આંખ, દીપકનો દીપક અને સૂર્યનો સૂર્ય (પ્રકાશ કરવાને) કદિપણ હોઇ શકે ? જેનાથી ઉત્પન્ન થાય છે તે કારણ, જે ઉત્પન્ન થાય છે તે કાર્ય અને જે કારણને કાર્યરૂપ બનાવે છે, તે કર્ત્તા કહેવાય છે.

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥
भगवद्गीता० अ० २ । १६ ॥

અસત્‌નો ભાવ અને સત્‌નો અભાવ કદિપણ થતો નથી, એ બન્નેનો નિર્ણય તત્ત્વદર્શી લોકોએ જાણ્યો છે. બીજા પક્ષપાતી, આગ્રહી મલીનાત્મા, અવિદ્વાન્ લોક એ વાતને સહેલાઇથી કેવી રીતે જાણી શકે ? માટે જે મનુષ્ય વિદ્વાન્ અને સત્સંગી થઇ પૂરો વિચાર નથી કરતો, તે હમેશાં ભ્રમજાળમાં પડયો રહે છે. જે સર્વ વિદ્યાના સિધ્ધાન્તોને જાણે છે અને જાણીને નિષ્કપટતાથી બીજાને જણાવવા પરિશ્રમ કરે છે તેને ધન્ય છે. માટે જે કારણ વિના સૃષ્ટિ માને છે તે કશું પણ જાણતો નથી.

જ્યારે સૃષ્ટિનો સમય આવે છે ત્યારે પરમાત્મા તે સૂક્ષ્મ પદાર્થોને એકત્રિત કરે છે, પરમ સૂક્ષ્મરૂપ પ્રકૃતિકારણથી સ્થૂલાવસ્થાનું નામ મહત્તત્ત્વ છે. મહત્તત્ત્વથી સ્થૂલાવસ્થાનું નામ અહંકાર છે. અહંકારથી સ્થૂલાવસ્થાનું નામ પાંચ ભૂતો, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને અગ્યારમું મન છે અને પાંચ તન્માત્રાથી અનેક સ્થૂલાવસ્થા થતી થતી પાંચ સ્થૂલ ભૂતો બને છે-કે જે આપણી દૃષ્ટિ ગોચર થાય છે. તેનાથી અનેક પ્રકારની ઓષધીઓ, વૃક્ષો આદિ બને છે. ઓષધિ આદિથી અન્ન, અન્નથી વીર્ય અને વીર્યથી શરીર બને છે.

આદિ સૃષ્ટિ મૈથુની નથી હોતી પણ જ્યારે પરમાત્મા સ્ત્રી પુરૂષોનાં શરીરો બનાવી એમાં જીવોને સંયુક્ત કરે છે, ત્યાર પછી મૈથુની સૃષ્ટિ થાય છે.

જુઓ શરીરમાં કેવા પ્રકારની જ્ઞાનપૂર્વક સૃષ્ટિ છે, કે વિદ્વાન્ લોકો જેને જોઇ આશ્ચય પામે છે ! અન્દર હાડકાની ગોઠવણ, નાડીઓનું બન્ધન, માંસનું લેપન, ચામડીનું ઢાંકણ, પ્લીહા, યકૃત, ફેફસા, પંખાકળાનું સ્થાપન, જીવનું સંયોજન, શિરોરૂપ મૂળરચન, લોમ નખાદિનું નિર્માણ, આંખની અતિ સૂક્ષ્મશિરાનું તાર જેવું ગ્રન્થન, ઇંદ્રિયોના માર્ગોનું પ્રકાશન, જીવની જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાના સ્થાન વિશેષોનું નિર્માણ, સર્વ ધાતુઓનું પૃથક્કરણ, કલા અને કૌશલાદિનું સ્થાપન ઇત્યાદિ સૃષ્ટિ પરમેશ્વર શિવાય કોણ બનાવી શકે !

એના શિવાય અનેક પ્રકારનાં રત્નો, ધાતુ-જડિત ભૂમિ, વિવિધ પ્રકારનાં વડલા આદિ વૃક્ષોનાં બીજોમાં અતિ સૂક્ષ્મ રચના, અસંખ્ય હરિત, શ્વેત, પીત, કૃષ્ણ, ચિત્રામણાં રૂપવાળાં પત્ર, પુષ્પ, ફળ અને મૂળોનું નિર્માણ, મિષ્ટ, ખારા, કડવા, તુરા, તીખા, ખાટા આદિ વિવિધ રસો અને સુગન્ધવાળા પત્ર, પુષ્પ, ફળ અને મૂળ આદિનું રચન, અનેકાનેક કરોડો ભૂગોળ, સૂર્ય, ચંદ્રાદિ લોકોનું નિર્માણ, ધારણ, ભ્રામણ, નિયમન ઇત્યાદિ પરમેશ્વર શિવાય કોઇ પણ કરી શકે નહિ.

કોઈ મનુષ્ય જ્યારે અમુક પદાર્થને જુએ છે ત્યારે તેને બે પ્રકારનું જ્ઞાન થાય છે; એકતો તે પદાર્થ જેવો છે તેવું અને બીજું તે પદાર્થની રચના જોઇને તેના બનાવનારનું જ્ઞાન. જેમકે કોઇ પુરૂષને જંગલમાં સુંદર આભૂષણ મળ્યું અને સારી રીતે જોવાથી જ્ઞાન થયું કે આ સુવર્ણનું છે અને કોઇ બુધિમાન્ કારીગરે બનાવ્યું છે, તે જ પ્રમાણે સૃષ્ટિની વિવિધ રચના પરમેશ્વરને સિધ્ધ કરે છે.

પ્રશ્ન—મનુષ્યની સૃષ્ટિ પહેલાં થઇ કે પૃથિવી આદિની ?

ઉત્તર-પૃથિવી આદિની; કારણ કે પૃથિવી આદિની સૃષ્ટિ વિના મનુષ્ય આદિ પ્રાણીઓનું પાલન થઇ શકે નહિ.

પ્રશ્ન-સૃષ્ટિની આદિમાં એક મનુષ્ય ઉત્પન્ન થયું હતું કે અનેક થયાં હતાં ?

ઉત્તર—અનેક. આદ્ય ઇશ્વરીય સૃષ્ટિમાં ઉત્પન્ન થવાને જે જીવોનાં કર્મો હતાં તે જીવોને આદિ સૃષ્ટિમાં ઇશ્વરે જન્મ આપ્યો કારણ કે "**मनुष्या ऋषयश्च ये**" "**ततो मनुष्या अजायन्त**"

એ યજુર્વેદ તથા બ્રાહ્મણ ગ્રન્થનું વચન છે; એનાથી સ્પષ્ટ જણાય છે કે સૃષ્ટિની આદિમાં સેંકડો અને કરોડો માણસો ઉત્પન્ન થયાં, સૃષ્ટિ જોવાથી પણ એ નિશ્ચિય થાય છે (મનુષ્ય અનેક માબાપોના સંતાનો છે)

પ્રશ્ન–આદિ સૃષ્ટિમાં મનુષ્યો બાલ્યાદિમાંની કોઇ એક અવસ્થામાં ઉત્પન્ન થયાં કે ત્રણે અવસ્થામાં ?

ઉત્તર–યુવાવસ્થામાં; કારણ કે જો બાલ્યાવસ્થામાં ઉત્પન્ન થાય તો તેના સંરક્ષણને માટે બીજા મનુષ્યોની જરૂર પડે અને જો વૃદ્ધાવસ્થામાં ઉત્પન્ન થાય તો મથુની સૃષ્ટિ ઉત્પન્ન થઇ શકે નહિ, માટે યુવાવસ્થામાંજ ઉત્પન્ન થયા.

પ્રશ્ન–કદિપણ સૃષ્ટિનો આરંભ છે કે નહિ ?

ઉત્તર–નહિ, જેમ દિવસ પહેલા રાત અને રાત પહેલાં દિવસ. દિવસ, પછી રાત અને રાત પછી દિવસ બરાબર ચાલ્યા આવે છે, એજ પ્રમાણે સૃષ્ટિ પહેલાં પ્રલય અને પ્રલય પહેલાં સૃષ્ટિ તથા સૃષ્ટિ પછી પ્રલય અને પ્રલય પછી સૃષ્ટિ, એવું ચક્ર અનાદિ કાળથી ચાલ્યું આવે છે; એનો આદિ અને અન્ત કદિપણ નથી; છતાં જેમ દિવસ અને રાતનો અન્ત જોવામાં આવે છે તેવીજ રીતે સૃષ્ટિનો આદિ અને અન્ત થતો રહે છે. જેમ પરમાત્મા જીવ અને જગતનું કારણ અનાદિ છે, તેમ જગત્ ઉત્પત્તિ અને સ્થિતિ અનાદિ છે. જેમ નદીનો પ્રવાહ કદિ અસ્તિત્વમાં આવે છે અને કદિ સૂકાઈ જાય છે, પાછો વર્ષાકાળમાં દેખવામાં આવે છે અને ઉષ્ણકાળમાં સૂકાઇ જાય છે, એવા પ્રકારની સ્થિતિને પ્રવાહ કહેવામાં આવે છે. જેમ પરમેશ્વરનાં ગુણ કર્મ અને સ્વભાવ અનાદિ છે તેમ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય અનાદિ છે. જેમ ઇશ્વરનાં ગુણ કર્મ સ્વભાવનાં આદિ અને અન્ત નથી તેમ તેનાં કર્તવ્ય કર્મોનો પણ આદિ અન્ત નથી.

પ્રશ્ન–ઇશ્વરે કોઈ જીવોને મનુષ્યનો જન્મ, કોઇને ક્રૂર સિંહાદિનો જન્મ, કોઇને હરિણ ગાય આદિ પશુઓનો જન્મ અને કોઇને વૃક્ષાદિ, કૃમિ, કીટ અને પતંગાદિનો જન્મ આપ્યો છે તેથી ઇશ્વરમાં પક્ષપાત આવે છે.

ઉત્તર–પક્ષપાત નથી આવતો; કારણ કે એ વ્યવસ્થા પૂર્વ સૃષ્ટિસ્થ જીવોનાં કર્મોને અનુસરીને છે. જો ઇશ્વરે કર્મ વિના જન્મો આપ્યા હોત તો પક્ષપાત આવત.

પ્રશ્ન–મનુષ્યોની આદિ સૃષ્ટિ કયા સ્થળમાં થઇ ?

ઉત્તર–ત્રિવિષ્ટપમાં એટલે ટિબેટમાં,

પ્રશ્ન–આદિ સૃષ્ટિમાં એક જાતિ હતી કે અનેક ?

ઉત્તર–એક મનુષ્ય જાતિ હતી. પછી " विजानीह्यार्यान् ये च दस्य वः " આ ઋગ્વેદનું વચન છે. શ્રેષ્ઠનું નામ આર્ય, વિદ્વાન્ અને દેવ છે અને દુષ્ટનું નામ દસ્યુ એ બે નામ હતાં. " उत शूद्रे उतार्ये એ અથર્વ વેદનું વચન છે, આર્યોમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર ભેદ થયા, દ્વિજોનું નામ આર્ય અને મુર્ખોનું નામ શૂદ્ર અનાર્ય અને અનાડી થયું.

પ્રશ્ન-પછી તે અહિઆં કેવી રીતે આવ્યા ?

ઉત્તર-આર્ય અને દસ્યુમાં એટલે વિદ્વાન્ અને અવિદ્વાન્ (અસુર) માં હમેશાં લડાઇ ઝઘડો આદિ થયાં કરતાં હતાં; જ્યારે ઘણોજ ઉપદ્રવ થવા લાગ્યો ત્યારે આર્ય લોકોએ સર્વ ભૂગોળમાં આ ભૂમિખંડને ઉત્તમ સમજી આવી નિવાસ કર્યો, એથી આ દેશનું નામ આર્યાવર્ત્ત પડ્યું.

પ્રશ્ન-આર્યાવર્તની અવધિ ક્યાં સુધી છે ?

ઉત્તર-

आसमुद्रात्तु वै पूर्वादासमुद्रात्तु पश्चिमात् ।
तयोरेवान्तरं गिर्योराय्र्यावर्त्तं विदुर्बुधाः ॥
सरस्वतीदृषद्वत्योर्देवनद्योर्यदन्तरम् ।
तं देवनिर्मितं देशमार्यावर्त्तं प्रचक्षते ॥

मनु० २ । २२ । १७ ॥

ઉત્તરમાં હિમાલય, દક્ષિણમાં વિન્ધ્યાચલ, પૂર્વ અને પશ્ચિમમાં સમુદ્ર, તથા સરસ્વતી (એટલે) પશ્ચિમમાં અટક નદી પૂર્વમાં દૃષદ્વતી કે જે નેપાળના પૂર્વભાગસ્થ પર્વતમાંથી નીકળી બંગાળાનાં આસામ પ્રાન્તની અને બ્રહ્મદેશની પશ્ચિમ બાજુમાં થઇને દક્ષિણના સમુદ્રમાં મળે છે જેને બ્રહ્મપુત્રા કહે છે, અને અટક દક્ષિણના પર્વતોમાંથી નીકળી દક્ષિણ સમુદ્રની ખાડીમાં મળી છે. હિમાચલની મધ્યરેખા અને દક્ષિણના પહાડોની અન્દર તથા રામેશ્વર સુધી વિન્ધ્યાચલની અન્દર જેટલો દેશ છે તેને આર્યાવર્ત્ત કહે છે એ આર્યાવર્ત્ત દેવનિર્મિત કહેવાય છે, કારણ કે દેવ એટલે વિદ્વાનોએ વસાવ્યો છે અને આર્ય જનોનો નિવાસ હોવાથી આર્યાવર્ત્ત કહેવામાં આવ્યો છે.

પ્રશ્ન-પ્રથમ આ દેશનું નામ શું હતું અને આમાં કોણ રહેતું હતું ?

ઉત્તર—એની પહેલાં આ દેશનું નામ કંઇ પણ ન હતું અને આર્યોની પહેલાં કોઈ રહેતું પણ ન હતું; કારણ કે સૃષ્ટિની ઉત્પત્તિ પછી થોડા જ કાળમાં આર્ય લોકો સીધા આ દેશમાં આવીને વસ્યા હતા.

પ્રશ્ન-કોઈ કહે છે કે એ લોકો ઇરાનથી આવ્યા માટે એનું નામ આર્ય પડ્યું છે. એની પહેલાં અહિઆં જંગલી લોકો રહેતા હતા જેને અસુર અને રાક્ષસ કહેતા હતા. આર્ય લોકો પોતાને દેવતા બતાવતા હતા અને એઓનો જે સંગ્રામ થયો તે દેવાસુર સંગ્રામ તરીકે કથામાં ઓળખાવવામાં આવ્યો !

ઉત્તર-એ કથન સર્વથા ખોટું છે.

वि॒जानी॒ह्यार्या॒न्ये च॒ दस्य॑वो ब॒र्हिष्म॑ते रन्धया॒ शास॑दव्र॒तान् ।

ऋ० मं० १ । सू० ५१ । मं० । ८ ॥

उ॒त शूद्रे उतार्यै ॥ अथर्व० कां० १६ । व० ६२ ॥

ધાર્મિક, વિદ્વાન્ અને આપ્ત પુરૂષોનું નામ આર્ય અને એનાથી વિપરીત મનુષ્યોનું નામ દસ્યુ એટલે ચોર, દુષ્ટ, અધાર્મિક અને અવિદ્વાનોનું છે; તથા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનું નામ આર્ય અને શૂદ્રનું નામ અનાર્ય અને અનાડી છે, એ ઉપર લખવામાં આવ્યું છે. જ્યારે વેદ જ એમ કહે છે ત્યારે વિદેશીઓની અસત્ય કલ્પનાને બુદ્ધિમાન્ લોક કદિપણ માની શકે નહિ.

હિમાલય પર્વતમાં આર્યોની સાથે દસ્યુ, મ્લેચ્છ અને અસુરોનું જે યુદ્ધ થતું હતું તે " દેવાસુરસંગ્રામ "-જેમાં આર્યાવર્ત્તમાં ઉત્પન્ન થનાર અર્જુન તથા મહારાજા દશરથ આદિ, દેવો (આર્યો)ની રક્ષા અને અસુરોનો પરાભવ કરવાને સહાયક હતા, એથી એ સિદ્ધ થાય છે કે આર્યાવર્તની બહાર ચોર અને હિમાલયના, પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય અને ઇશાન તરફના દેશોમાં મનુષ્યો રહેતા હતા. એઓનું અસુર એ નામ સિદ્ધ થાય છે, કારણ કે જ્યારે જ્યારે હિમાલય પ્રદેશસ્થ આર્યો ઉપર તેઓ ચડાઇ કરતા હતા ત્યારે ત્યારે અહિંના રાજા મહારાજાઓ એ ઉત્તરના દેશોમાં સહાયક થતા હતા. વળી જે શ્રીરામચંદ્રજીનું દક્ષિણમાં યુદ્ધ થયું તેનું નામ દેવાસુર-સંગ્રામ નથી, પરન્તુ તે રામરાવણનું યુદ્ધ અથવા આર્ય અને રાક્ષસોનો સંગ્રામ કહેવાય છે. કોઈ પણ સંસ્કૃત ગ્રન્થ અથવા ઇતિહાસમાં એવું નથી લખ્યું કે આર્યો ઇરાનમાંથી આવ્યા અને આ દેશના જંગલીઓ સાથે લડી, જય મેળવી, તેમને કાઢી મૂકી, આ દેશના રાજા થયા, તો પછી વિદેશીયોનો લેખ માનનીય કેમ થઇ શકે !

म्लेच्छवाचश्चार्यवाचः सर्वे ते दस्यवः स्मृताः । मनु० १० । ४५ ।

म्लच्छदेशस्त्वतः परः ॥ मनु० २ । २३ ॥

આર્યાવર્ત્તથી જે ભિન્ન દેશ છે તે દસ્યુ અને મ્લેચ્છ દેશ કહેવામાં આવે છે. એથી પણ સિદ્ધ થાય છે કે આર્યાવર્ત્તથી ભિન્ન, પૂર્વ દેશને લઇ ઇશાન, ઉત્તર, વાયવ્ય અને પશ્ચિમ દિશામાં રહેનારા દસ્યુ, મ્લેચ્છ અને અસુર કહેવાતા હતા અને નૈઋત્ય, દક્ષિણ અને આગ્નેય દિશામાં આર્યાવર્ત્તથી ભિન્ન દેશમાં રહેનારા લોકો રાક્ષસ કહેવાતા હતા. હાલમાં પણ હબશી લોકોનું ભયંકર સ્વરૂપ, જેવું રાક્ષસનું સ્વરૂપ વર્ણિત કર્યું છે તેવું જોવામાં આવે છે. આર્યાવર્ત્તથી સીધો નીચે જે દેશ છે તે નાગ એટલે પાતાલ કહેવાય છે; કારણ કે તે દેશ આર્યાવર્ત્તીય મનુષ્યોના પગ નીચે છે; ત્યાં નાગવંશી (નાગ નામવાળા પુરૂષોના વંશના) રાજા થતા હતા, તેમની ઉલૂપી નામની રાજ કન્યા સાથે અર્જુનનો વિવાહ થયો હતો. ઇસ્વાકુ રાજાથી લઈ પાંડવો સુધીના સમયમાં આર્યોનું સર્વ ભૂગોળમાં રાજ્ય હતું અને આર્યાવર્ત્તથી અતિરિક્ત દેશોમાં વેદોનો થોડો થોડો પ્રચાર હતો. એમાં એ પ્રમાણ છે કે [1]બ્રહ્માનો પુત્ર વિરાટ્, [2]વિરાટ્નો મનુ, [3]મનુના મરીચિ આદિ દશ અને એના [4]સ્વાયંભ્વાદિ સાત અને

१ स विराजमसृजत्प्रभुः । मनु० १–३२.

२ तपस्तप्त्वासृजद्यंतु स स्वयं पूरुषोविराट्.

तं मां वित्तास्य सर्वस्य स्रष्टारं द्विजसत्तमाः मनु० १–३३.

એનો પુત્ર ઇક્ષ્વાકુ આદિ આર્યાવર્ત્તના પ્રથમ રાજાઓ થયા કે જેમણે આર્યવર્ત્ત વસાવ્યો. આજકાલ અભાગ્યના ઉદયથી, આર્યોનાં આલસ્ય (પ્રમાદ) અને પરસ્પર વિરોધથી, બીજા દેશનાં રાજ્ય કરવાની તો કથાજ શી કરવી; પરન્તુ આર્યાવર્ત્તમાં પણ આર્યોનું અખંડ સ્વતંત્ર સ્વાધીન નિર્ભય રાજ્ય નથી, જે કંઈ છે તે પણ વિદેશીયોના પાદથી આક્રાન્ત થઈ રહ્યું છે. થોડા રાજાઓ સ્વતંત્ર છે. જ્યારે દુર્દિન આવે છે, ત્યારે દેશવાસીઓને અનેક પ્રકારના દુઃખો ભોગવવા પડે છે. કોઈ ગમે તેટલું કરે પરંતુ જે સ્વદેશીય રાજ્ય હોય છે, તે સર્વોપરિ ઉત્તમ હોય છે. મત મતાન્તરના આગ્રહ રહિત સ્વ-પર-પક્ષપાત શૂન્ય, માતા પિતા સમાન કૃપા, ન્યાય અને દયા રાખનારૂં વિદેશીયોનું રાજ્ય પણ પૂર્ણ સુખદાયક નથી. અલગ અલગ ભાષા, અલગ અલગ શિક્ષા, અલગ અલગ વ્યવહારનો વિરોધ છૂટવો અતિ દુષ્કર છે; અને એના છૂટયા શિવાય એક બીજા ઉપર પૂરેપૂરો ઉપકાર અને અભિપ્રાય સિદ્ધ થવો કઠણ છે. માટે જે કંઇ વેદાદિશાસ્ત્રોમાં વ્યવસ્થા અને ઇતિહાસ લખવામાં આવ્યો છે તેનું માન કરવું ભદ્ર પુરૂષોનું કામ છે.

પ્રશ્ન-જગતની ઉત્પત્તિ થયાં કેટલાં વર્ષો વ્યતીત થયાં ?

ઉત્તર-એક અબજ સત્તાણુ ક્રોડ કેટલાક લાખ કેટલાક હજારો વર્ષો જગતની ઉત્પત્તિ અને વેદોનો પ્રકાશ થવામાં થઇ ગયાં છે એની સ્પષ્ટ વ્યાખ્યા મારી બનાવેલી *ભૂમિકામાં લખી છે. માટે ત્યાં જોઈ લેવું.

ઇત્યાદિ પ્રકાર સૃષ્ટિના બનવામાં તથા બનાવવામાં થયો છે. જે સર્વથી સૂક્ષ્મ કે જેનો વિભાગ થઈ શકતો નથી તે કટકાનું નામ પરમાણું છે. સાઠ મળેલાં પરમાણુઓનું નામ અણુ, બે અણુઓનું એક દ્વ્યણુક, ત્રણ દ્વ્યણુકનો અગ્નિ, ચાર દ્વ્યણુકનું જળ અને પાંચ દ્વ્યણુકની પૃથિવી, અર્થાત્ ત્રણ દ્વયણુકનું એક ત્રસરેણુ અને તેનાથી બમણું (બે ત્રસરેણુ) થવાથી પૃથિવી આદિ દૃશ્ય પદાર્થો થાય છે. પરમાત્માએ એ ક્રમથી ભૂગોલાદિ બનાવ્યાં છે.

પ્રશ્ન-આ (પૃથિવી) નું ધારણ કોણ કરે છે, કોઇ કહે છે કે શેષ એટલે સહસ્ર ફેણ-વાળા સર્પના માથા ઉપર પૃથિવી રહી છે, કોઈ કહે છે કે બળદના શીંગ ઉપર છે, કોઇ કહે છે

---

३ मरीचिमत्र्यङ्गिरसौ पुलस्त्यं पुलहं क्रतुम् ।
प्रचेतसं वसिष्ठं च भृगुं नारदमेव च ॥ मनु० १-३५.

४ स्वारोचिश्चोत्तमश्च तामसो रैवतस्तथा ।
चाक्षुषश्च महातेजा विवस्वत्सुत एवच ॥ मनु० १-६२.
स्वायं भुवाद्या सप्तैते ॥ मनु० १-६३.

* ઋગ્વેદાદિ ભાષ્યભૂમિકાના વેદોત્પત્તિ વિષયમાં જુઓ. તે પ્રમાણે સં. ૧૯૭૧ માં ૧,૯૭,૨૯,૪૯,૦૧૪ થાય છે.

કે કોઈ ઉપર નથી, કોઇ કહે છે કે વાયુના આધારે છે, કોઇ કહે છે કે સૂર્યના આકર્ષણથી ખેંચાઇ પોતાના સ્થાન ઉપર સ્થિર છે, કોઇ કહે છે કે પૃથ્વી ભારે હોવાથી નીચે નીચે આકાશમાં ચાલી ચાલી જાય છે. ઇત્યાદિ કથનોમાં કોનું કથન સત્ય માનવું ?

ઉત્તર—જે શેષનાગના માથા ઉપર અને બળદના શીંગ ઉપર રહેલી પૃથિવીને માને છે તેને પૂછવું જોઇએ કે શેષનાગ અને બળદના માબાપના જન્મ વખતે પૃથિવી શાના ઉપર હતી ? તથા શેષ નાગ અને બળદ શાના ઉપર છે ? બળદના શીંગ ઉપર માનનારા મુસલમાનો તો ચુપ થઇ જશે પરન્તુ શેષનાગ ઉપર માનનારા કહેશે કે શેષનાગ કૂર્મ ઉપર, કૂર્મ જળ ઉપર, જળ અગ્નિ ઉપર, અગ્નિ વાયુ ઉપર અને વાયુ આકાશમાં રહેલ છે. પરન્તુ એને એમ પૂછવું જોઇએ કે એ બધા કોની ઉપર છે, તો તે અવશ્ય કહેશે કે પરમેશ્વર ઉપર. જ્યારે એઓને કોઇ પૂછશે કે શેષ અને બળદ કોના બચ્ચાં છે ? તો તે કહેશે કે, શેષ કસ્ય અને કદ્રૂનું અને બળદ ગાયનું.

કશ્યપ મરીચિનો, મરીચિ મનુનો, મનુ વિરાટ્નો અને વિરાટ્ બ્રહ્માનો, બ્રહ્મા આદિ સૃષ્ટિમાં હતો, શેષનો જન્મ થયાં પહેલાં પાંચ પેઢી થઇ ચૂકી હતી તે દરમિયાનમાં પૃથ્વીને કોણે ધારણ કરી હતી ! એટલે કશ્યપના સમયમાં પૃથિવી કોના ઉપર હતી ! એ પ્રશ્નના ઉત્તરમાં તો " તારી પણ ચુપ અને મારી પણ ચુપ " કરી ઉલટા લડવા મંડી જશે. પરંતુ એનો સત્ય અભિપ્રાય એ છે કે જે બાકી રહે છે તેને શેષ કહેવામાં આવે છે તેથી કોઇ કવિએ " शेषाधारा पृथिवी " इत्युक्तम् શેષના આધાર ઉપર પૃથિવી છે એમ કહ્યું, બીજાએ એનો અભિપ્રાય નહિ સમજી સર્પની કલ્પના કરી લીધી, પરન્તુ ખરૂં એ છે કે ઉત્પત્તિ અને પ્રલયથી બાકી પરમેશ્વર રહે છે માટે પરમાત્મા શેષ કહેવામાં આવે છે અને એનાજ આધારે પૃથિવી છે.

सत्येनोत्तभिता भूमिः ॥ अथर्व० कां० १४ । व० १ । मं० १ ॥

(सत्य) ત્રૈકાલ્યાબાધ્ય જેનો કદિપણ નાશ થતો નથી તે પરમાત્માએ ભૂમિ, સૂર્ય અને સર્વ લોકોને ધારણ કર્યા છે.

उक्षा दाधार पृथिवीमुत द्याम् ॥

આ ઋગ્વેદનું વચન છે–અહિંઆ (उक्षा) શબ્દને જોઇ કોઇએ બળદનું ગ્રહણ કર્યું હશે, કારણ ઉક્ષા બળદનું પણ નામ છે; પરન્તુ તે મૂર્ખ એમ ન સમજ્યો કે આટલા મોટા ભૂગોળને ધારણ કરવાની શક્તિ બળદમાં કયાંથી આવી ! સૂર્ય વૃષ્ટિદ્વારા ભૂગોળમાં સેચન કરે છે માટે ઉક્ષા એ નામ સૂર્યનું છે. સૂર્યે પોતાના આકર્ષણથી પૃથિવીને ધારણ કરી છે, પરન્તુ સૂર્યાદિને ધારણ કરનાર પરમેશ્વર શિવાય બીજો કોઈ પણ નથી.

પ્રશ્ન–આટલાં મોટાં ભૂગોળોને ઇશ્વર કેમ ધારણ કરી શકતો હશે ?

ઉત્તર–જેમ અનન્ત આકાશ સામે મોટા ભૂગોળો, સમુદ્ર સામે જલબિન્દુનાં કણ તુલ્ય પણ નથી, તેમ અનન્ત પરમેશ્વર સામે અસંખ્યાત લોકો પણ એક પરમાણુ તુલ્ય પણ કહી શકાય

નહિ ! તે અન્દર બહાર સર્વત્ર વ્યાપક અર્થાત્ " विभुः प्रजासु " એ યજુર્વેદનું વચન છે તે પરમાત્મા સર્વમાં વ્યાપક થઇ સર્વ પ્રજાને ધારણ કરી રહ્યો છે. જો ઇસાઇ મુસલમાન અને પૌરાણિકોના કથનાનુસાર તે વિભુ ન હોત, તો આ સર્વ સૃષ્ટિને કદિપણ ધારણ કરી શકત નહિ. યદિ કોઈ કહે કે આ સર્વ લોક એક બીજાના આકર્ષણથી હશે તો પછી પરમેશ્વરને ધારણ કરવાની શી જરૂર છે ? એને એ ઉત્તર આપવો કે સૃષ્ટિ અનન્ત છે કે સાન્ત ! એ અનન્ત કહે તો ઠીક નથી, કારણ કે આકારવાળી વસ્તુ કદિપણ અનન્ત થઈ શકે નહિં અને જો સાન્ત કહે તો જેના ઉપર ભાગ સીમા અર્થાત્ જેના પછી બીજો લોક નથી ત્યાં કોના આકર્ષણથી ધારણ હશે ?

જેમ સમષ્ટિ (જ્યારે સર્વ સમુદાયનું નામ ' વન ' રાખવામાં આવે છે ત્યારે સમષ્ટિ કહેવાય છે.)

વ્યષ્ટિ (વૃક્ષ આદિને ભિન્ન ભિન્ન ગણવામાં આવે તો વ્યષ્ટિ કહેવામાં આવે છે)

તે પ્રમાણે સર્વ ભૂગોળને સમષ્ટિ રૂપ ગણી જગત્ કહેવામાં આવે તો જગતનું ધારણ અને આકર્ષણ પરમાત્મા શિવાય કોઇ પણ કરી શકે નહિ. માટે જગત્નો કર્ત્તા તે જ છે.

स दाधार पृथिवीं द्यामुतेमाम् ॥ यजु० अ० १३ । मं० ४ ॥

જે પૃથિવી આદિ પ્રકાશ-રહિત લોક લોકાન્તરનું તથા સૂર્યાદિના પ્રકાશ સહિત લોકોનું ધારણ અને રચન કરે છે અને જે સર્વમાં વ્યાપક છે, તે જ સર્વ જગત્નો કર્ત્તા ધર્ત્તા પરમાત્મા છે.

પ્રશ્ન-પૃથિવી આદિ લોકો ફરે છે કે સ્થિર છે ?

ઉત્તર-ફરે છે,

પ્રશ્ન-કેટલાક લોકો કહે છે કે સૂર્ય ફરે છે અને પૃથિવી સ્થિર છે અને કેટલાક કહે છે કે પૃથિવી ફરે છે અને સૂર્ય સ્થિર છે-એમાં સાચું કોનું માનવું ?

ઉત્તર-એ બન્ને અર્ધા અસત્ય છે કારણ કે વેદમાં લખ્યું છે કેઃ-

आयं गौः पृश्निरक्रमीदसदन्मातरं पुरः । पितरं च प्रयन्त्स्वः ।
यजु० अ० ३ । मं० ६ ॥

અર્થાત્ આ ભૂગોળ જળની સાથે સૂર્યની ચારે તરફ ફરે છે, માટે પૃથિવી ફરે છે.

आकृष्णेन रजसा वर्त्तमानो निवेशयन्नमृतं मर्त्यं च ।
हिरण्ययेन सविता रथेना देवो याति भुवनानि पश्यन् ॥
यजु० अ० ३३ । मं० ४३ ॥

ઘરસ આદિનો બનાવનાર પ્રકાશ સ્વરૂપ, તેજોમય, રમણીય સ્વરૂપવાળો અમૃતરૂપ વૃષ્ટિ દ્વારા અથવા કિરણદ્વારા સર્વ પ્રાણીઓમાં અમૃતનો પ્રવેશ કરાવનાર, સર્વ મૂર્તદ્રવ્યોને દૃષ્ટિ ગોચરમાં મૂકનાર અને આકર્ષણ રૂપ કર્મ વિશિષ્ટ સૂર્ય, સર્વ લોકોની સાથે પોતાની પરિધિમાં ફરે છે પરન્તુ કોઇ લોકની ચારે તરફ ફરતો નથી. તેવીજ રીતે પ્રત્યેક બ્રહ્માંડમાં એક સૂર્ય પ્રકાશક અને બીજા બધા લોકો પ્રકાસ્ય છે જેમકેઃ—

दिवि सोमो अधि श्रितः ॥ अथ० कां० १४ । अनु० १ । मं० १ ॥

જેમ આ ચંદ્ર (લોક) સૂર્યથી પ્રકાશિત છે તેવીજ રીતે પૃથિવી આદિ લોક પણ સૂર્યથી પ્રકાશિત છે. રાત અને દિવસનું અસ્તિત્વ હર વખત છે, કારણ કે ભ્રમણ કરનારા પૃથિવી આદિનો જેટલો ભાગ સૂર્ય સામે આવે છે તેટલામાં દિવસ કહેવાય છે, અને જેટલો ભાગ પૃષ્ઠમાં (આડમાં) આવે છે તેટલામાં રાત્રિ અર્થાત્ ઉદય, અસ્ત, સંધ્યા, મધ્યાહ્ન અને મધ્ય રાત્રિ આદિ જેટલા કાલના અવયવો છે તે બધા દેશ દેશાન્તરોમાં વર્તમાન રહે છે. જ્યારે આર્યાવર્ત્તમાં સૂર્યનો ઉદય થાય છે ત્યારે "પાતાલ" એટલે અમેરિકામાં અસ્ત થાય છે, જ્યારે આર્યાવર્ત્તમાં સૂર્ય અસ્ત થાય છે ત્યારે પાતાલમાં ઉદય પામે છે. અને જ્યારે આર્યાવર્ત્તમાં મધ્યદિન અને મધ્યરાત્રિ થાય છે ત્યારે ત્યારે પાતાલમાં મધ્યરાત્રિ અને મધ્યદિન થાય છે. જે લોકો કહે છે કે સૂર્ય ફરે છે અને પૃથિવી નથી ફરતી તે બધા અજ્ઞ છે. કારણ કે જો એમના કહેવા પ્રમાણે માનવામાં આવે તો કેટલાએક વર્ષનો દિવસ અને રાત્રિ હોવી જોઇએ. સૂર્યનું નામ બ્રધ્ન છે. કારણ કે તે પૃથિવીથી લાખ ગણો મોટો અને ક્રોડો ગાઉ દૂર છે. જેમ રાઇના દાણા સામે પર્વતને ફરતાં ઘણો સમય લાગે છે અને પર્વત સામે રાઇના દાણાને ફરતાં થોડો સમય લાગે છે, તેવીજ રીતે પૃથિવી ફરવાથી ઠીક ઠીક રાત્રિ અને દિવસ થઈ શકે છે પરન્તુ સૂર્યના ફરવાથી યોગ્ય રીતે રાત દિવસ થઇ શકે નહિ. અને જે લોકો સૂર્યને સ્થિર માને છે તે પણ જ્યોતિષ્ શાસ્ત્રને જાણતા નથી, કારણ કે જો સૂર્ય ન ફરતો હોય તો એક રાશિ સ્થાનમાંથી બીજા રાશિ સ્થાનમાં ન જવો જોઇએ, અને જે પદાર્થ ગુરૂ છે તે ફર્યા વિના આકાશમાં સ્થિર રહી શકતો નથી.

જૈનીઓ કહે છે કે પૃથિવી ફરતી નથી પરન્તુ નીચે નીચે ચાલી જાય છે તથા બે સૂર્ય અને બે ચંદ્રમા કેવળ જંબૂદ્વીપમાં છે ! તેઓ તો ગંભીર ભાંગના નશામાં છે, કારણ કે જો નીચે નીચે ચાલી જાતી હોય તો ચારે તરફ વાયુનું ચક્ર ન બનવાથી છિન્ન ભિન્ન થઇ ગઇ હોત, તથા ઉપરના સ્થલમાં રહેનારાઓને વાયુનો સ્પર્શ ન થવો જોઇએ અને નીચે રહેનારને અધિક થવો જોઇએ. વાયુની ગતિ એક જ પ્રકારની હોવી જોઇએ. જો બે સૂર્ય અને બે ચંદ્રમા હોય તો રાત્રિ અને કૃષ્ણ પક્ષ થવાં જ ન જોઇએ, માટે એક ભૂમિ પાસે એક ચંદ્રમા અને અનેક ભૂમિઓની મધ્યમાં એક સૂર્ય રહે છે.

પ્રશ્ન–સૂર્ય, ચંદ્ર અને તારાઓ શી વસ્તુ છે અને તેમાં મનુષ્ય આદિ રહે છે કે નહિ.

ઉત્તર–એ બધા ગોળાઓ લોક (કહેવાય) છે અને તેમાં મનુષ્ય આદિ પ્રજા પણ રહે છે કારણ કેઃ–

एतेषु हीदꣳ सर्वं वसु हितमेते हीदꣳ सर्वं वासयन्ते तद्यदिदꣳ सर्वं वासयन्ते तस्माद्वसव इति ॥ शत० कां० कां० १४। प्र० ६। ब्रा० ७। कं० ४॥

પૃથિવી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, ચંદ્ર, નક્ષત્ર અને સૂર્ય એઓનું નામ વસુ એ માટે રાખવામાં આવ્યું છે કે એમાં સર્વ પદાર્થ અને પ્રજા રહે છે અને એ પૃથિવી આદિ સર્વને વસાવે છે (એમાં રહી શકાય છે) માટે તે વસુ કહેવામાં આવે છે. જ્યારે પૃથિવીની માફક સૂર્ય, ચંદ્ર અને નક્ષત્ર વસુ છે તો પછી પૃથિવી માફક તેમાં પ્રજા હોવામાં શો સંદેહ છે?

પરમાત્માનો આ ન્હાનો લોક (ભૂમિ) મનુષ્યાદિ સૃષ્ટિથી પૂર્ણ છે તો શું તે બધા ભૂગોળો શૂન્ય હશે? પરમેશ્વરનું કોઇપણ કામ નિષ્પ્રયોજન હોતું નથી તો એ અસંખ્ય લોકો (સૂર્યાદિ) માં મનુષ્ય આદિની સૃષ્ટિ ન હોય તો શું એ કદિપણ સફળ થઈ શકે? માટે સર્વ ઠેકાણે મનુષ્યાદિ સૃષ્ટિ છે.

પ્રશ્ન–જેવી આ દેશમાં મનુષ્યાદિની આકૃતિ તથા અવયવો છે તેવાં જ બીજા લોકોમાં છે કે વિપરીત (જૂદી જાતના)?

ઉત્તર–આકૃતિમાં થોડો ઘણો ભેદ હોવાનો સંભવ છે. જેમ આ લોકમાં ચીન, હબસ (એબીસીનીઆ) આર્યાવર્ત્ત અને યૂરોપના લોકોમાં રંગ રૂપ અને આકૃતિમાં થોડો ભેદ છે તેજ પ્રમાણે લોક લોકાંન્તરોમાં પણ ભેદ હોય છે. પરન્તુ જે જાતિની જેવી સૃષ્ટિ આ દેશમાં છે, તે જાતિની તેવી સૃષ્ટિ અન્ય લોકમાં પણ છે, આ લોકમાં શરીરના જે જે પ્રદેશમાં આંખ આદિ અંગ છે તેમ લોક લોકાન્તરમાં પણ તે જાતિના અવયવો પણ તેવાજ થાય છે કારણ કેઃ—

सूर्याचन्द्रमसौ धाता यथा पूर्वमकल्पयत्। दिवं च पृथिवीं चान्तरिक्षमथो स्वः॥ ऋ० मं० १०। सू० १९०॥

(धाता) પરમાત્માએ સૂર્ય, ચંદ્ર, દ્યો, ભૂમિ, અન્તરિક્ષ અને તત્રસ્થ સુખદાયક પદાર્થો જે પ્રકારથી પૂર્વકલ્પ અર્થાત્ પૂર્વ સૃષ્ટિમાં રચ્યા હતા તેવી જ રીતે આ કલ્પમાં પણ લોક લોકાન્તર બનાવ્યા છે જરા પણ ભેદ નથી.

પ્રશ્ન—જે વેદોનો પ્રચાર આ લોકમાં છે તે જ વેદોનો પ્રચાર અન્ય લોકમાં છે કે નહિ?

ઉત્તર–એનો જ પ્રચાર છે, જેમ એક રાજાની રાજ્ય વ્યવસ્થા અને નીતિ તેના સર્વ દેશોમાં સમાન હોય છે. તેવીજ રીતે રાજરાજેશ્વર પરમાત્માની વેદોક્ત નીતિ સર્વ સૃષ્ટિરૂપ રાજ્યમાં એક પ્રકારની છે.

પ્રશ્ન—જો જીવ અને પ્રકૃતિ અનાદિ હોય તો ઇશ્વરે ન બનાવ્યાં હોવા જોઇએ અને જો એમ જ હોય તો ઇશ્વરનો અધિકાર તેના ઉપર ન હોવો જોઇએ, કારણ કે બધા સ્વતંત્ર (અનાદિ) છે.

ઉત્તર—જેમ રાજા અને પ્રજા સમાન કાલમાં થાય છે, છતાં રાજાને આધીન પ્રજા હોય છે, તેમ જીવ અને પ્રકૃતિ પરમેશ્વરને આધીન છે. જ્યારે પરમાત્મા સર્વ સૃષ્ટિનો બનાવનાર, જીવોને કર્મોનાં ફળો આપનાર સર્વનો યથાયોગ્ય રક્ષક અને અનન્ત સામર્થ્યવાળો છે, તો જીવ અને જડ પદાર્થો એને આધીન કેમ ન હોય ? માટે જીવ કર્મ કરવામાં સ્વતંત્ર પરન્તુ કર્મનાં ફળો ભોગવવામાં ઇશ્વરની વ્યવસ્થાથી પરતંત્ર છે—માટે સૃષ્ટિનો ઉત્પાદક, પાલક અને સંહારક સર્વશક્તિમાન્ પરમાત્મા જ છે.

હવે આગળ (નવમા સમુલ્લાસમાં) અવિદ્યા, બન્ધ અને મોક્ષના વિષયમાં લખવામાં આવશે.

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामिकृते सत्यार्थप्रकाशे
सुभाषाविभूषिते सृष्ट्युत्पत्तिस्थितिप्रलयवि-
षयेऽष्टमः समुल्लासः सम्पूर्णः ॥ ८ ॥

अथ नवमसमुल्लासारम्भः

अथ विद्याऽविद्याबन्धमोक्षविषया-व्याख्यास्यामः ॥

विद्यां चाऽविद्यां च यस्तद्वेदोभयँ सह । अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥ यजु० ॥ अ० ४० । मं० १४ ॥

જે મનુષ્ય વિદ્યા અને અવિદ્યાને જાણે છે તે અવિદ્યા એટલે કર્મોપાસનાથી મૃત્યુને તરી, વિદ્યા એટલે યથાર્થ જ્ઞાનથી મોક્ષ પામે છે.

અવિદ્યાનું લક્ષણ:—

अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या । पातं० द० साधनपादे सू० ५ ॥

આ યોગશાસ્ત્રનું સૂત્ર છે. અનિત્ય સંસાર અને દેહાદિમાં નિત્ય બુદ્ધિ અર્થાત્ જે આ કાર્યજગત્ દેખવામાં તથા સાંભળવામાં આવે છે તે હમેશાં રહેશે અને હમેશાંથી છે, એવી જે વિપરીત બુદ્ધિ છે તે અવિદ્યાનો પ્રથમ ભાગ છે.

અશુચિ અર્થાત્ મળમય સ્ત્રીઆદિ તથા મિથ્યા ભાષણ અને ચોરી આદિ અપવિત્રમાં પવિત્ર બુદ્ધિ એ બીજો ભાગ.

અત્યન્ત વિષયસેવનરૂપ દુઃખમાં સુખબુદ્ધિ એ ત્રીજો ભાગ.

અનાત્મામાં આત્મબુદ્ધિ કરવી એ ચોથો ભાગ.

એ ચાર પ્રકારના વિપરીતજ્ઞાનને અવિદ્યા કહે છે. એનાથી વિપરીત અર્થાત્ અનિત્યમાં અનિત્ય, નિત્યમાં નિત્ય, અપવિત્રમાં અપવિત્ર, પવિત્રમાં પવિત્ર, દુઃખમાં દુઃખ, સુખમાં સુખ, અનાત્મામાં અનાત્મા અને આત્મામાં આત્મારૂપ જે જ્ઞાન છે તેને વિદ્યા કહે છે-અર્થાત્ वेत्ति यथावत्तत्वस्वरूपं यया सा विद्या, यया तत्त्वस्वरूपं न जानाति, भ्रमादन्यस्मिन्नन्यान्निश्चिनोति यया सा अविद्या। જેનાથી પદાર્થસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તે વિદ્યા, અને જેનાથી તત્ત્વસ્વરૂપ જાણવામાં ન આવે-અન્યમાં અન્ય બુદ્ધિ થાય તે અવિદ્યા, કર્મ અને ઉપાસના ને અવિદ્યા એટલા માટે કહેવામાં આવે છે કે તે બાહ્ય અને આન્તર ક્રિયા વિશેષરૂપ છે-ન કે જ્ઞાન વિશેષ સ્વરૂપ. માટે મંત્રમાં કહેવામાં આવ્યું છે કે શુદ્ધકર્મ અને પરમેશ્વરની ઉપાસના વિના મૃત્યુરૂપ દુઃખથી પાર ઉતરી શકાતુ નથી, અર્થાત્ પવિત્ર કર્મ, પવિત્ર ઉપાસના અને પવિત્ર જ્ઞાનથી મુક્તિ; અને અપવિત્ર મિથ્યા ભાષણ આદિ કર્મ, પાષાણ આદિ મૂર્તિની ઉપાસના અને મિથ્યા જ્ઞાનથી બન્ધ થાય છે. કોઈપણ મનુષ્ય ક્ષણ માત્ર પણ કર્મ ઉપાસના અને જ્ઞાન રહિત થઇ શકતો નથી, માટે ધર્મ યુક્ત, સત્ય ભાષણ આદિ કર્મો કરવાં, મિથ્યા ભાષણ આદિ અજ્ઞાનનો ત્યાગ કરવો, એ જ મુક્તિસાધક છે.

પ્રશ્ન-મુક્તિ કોને મળતી નથી ?

ઉત્તર-જે બદ્ધ છે તેને.

પ્રશ્ન-બદ્ધ કોણ છે ?

ઉત્તર-જે જીવ અધર્મ અને અજ્ઞાનમાં ફસાયલો છે તે.

પ્રશ્ન-બંધન અને મોક્ષ સ્વભાવથી છે કે નિમિત્તથી ?

ઉત્તર-નિમિત્તથી, કારણ કે જો સ્વભાવથી હોત તો બન્ધ અને મુક્તિની નિવૃત્તિ કદિ પણ થાત નહિ.

પ્રશ્ન--**न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः।**
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥
गौडपादीयकारिका ॥ प्र० २ । कां० ३२ ॥

આ શ્લોક માંડૂક્ય ઉપનિષદ્ ઉપર (માંડૂક્ય ઉપનિષદ્ ઉપર રચવામાં આવેલી કારિકામાંનો) છે. જીવ બ્રહ્મ હોવાથી વાસ્તવમાં જીવનો નિરોધ નથી અર્થાત્ જીવ કદિપણ આવરણ (અવિદ્યા) માં આવ્યો નથી, કદિપણ જન્મ લેતો નથી, તેમ તેને બન્ધ પણ નથી, સાધક નથી એટલે કશી સાધના કરનાર નથી, છૂટવાની ઇચ્છા કરતો નથી, તેમ મુક્ત પણ કદિ નથી, કારણ કે જ્યારે વાસ્તવિક બન્ધ જ નથી તો પછી મુક્તિ શાની ?

ઉત્તર–એ નવીનવેદાન્તીઓનું કહેવું સત્ય નથી. કારણ કે જીવનું સ્વરૂપ અલ્પ હોવાથી (અલ્પજ્ઞ) આવરણમાં આવે છે. શરીરની સાથે પ્રકટ થવારૂપ જન્મ પણ લે છે. દુષ્ટ કર્મોના ભોગરૂપ બન્ધન (ફલ) માં ફસાય છે. તે બન્ધન દૂર કરવાને સાધન કરે છે, દુઃખમાંથી છૂટવાની ઇચ્છા પણ કરે છે, અને દુઃખમાંથી છૂટી પરમાનન્દ પરમેશ્વરને પ્રાપ્ત થઇ મુક્તિને પણ ભોગવે છે.

પ્રશ્ન–એ બધા દેહ અને અન્તઃકરણના ધર્મો છે, જીવના નથી, કારણ કે જીવ તો પાપ પુણ્યથી રહિત સાક્ષી માત્ર છે, શીતોષ્ણાદિ શરીરના ધર્મ છે આત્મા તો નિર્લેપ છે.

ઉત્તર–દેહ અને અન્તઃકરણ જડ છે તેને શીતોષ્ણ અને ભોગની પ્રાપ્તિ નથી. સ્પર્શ કરનાર ચેતન પ્રાણીને જ શીતોષ્ણનું ભાન અને ભોગ થાય છે. પ્રાણ પણ જડ છે માટે તેને પણ ભૂખ તરશ લાગતી નથી, પરન્તુ પ્રાણવાળા જીવને ભૂખ તરશ લાગે છે. મન પણ જડ છે માટે તેને પણ હર્ષ શોક આદિ થતાં નથી, પરન્તુ મનથી હર્ષ, શોક, દુઃખ અને સુખ આદિનો ભોગ જીવાત્મા કરે છે. જેમ બાહ્યકરણ (શ્રોત્રાદિ ઇંદ્રિયો) થી વરિષ્ઠ, કનિષ્ઠ શબ્દાદિ વિષયોને ગ્રહણ કરી જીવ સુખી દુઃખી થાય છે, તેમ અન્તઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) થી સંકલ્પ, વિકલ્પ, નિશ્ચય, સ્મરણ અને અભિમાનનો કરનાર જ દંડ અને માનનો ભાગી થાય છે. જેમ તલવારથી મારનાર જ દંડનીય થાય છે–તલવાર નહિ, તેમ દેહેન્દ્રિય અન્તઃકરણ અને પ્રાણરૂપ સાધનથી ઉત્તમ–અધમ કર્મનો કર્ત્તા જીવ જ સુખ દુઃખનો ભોક્તા છે. જીવ કર્મોનો સાક્ષી નથી પણ કર્ત્તા અને ભોક્તા છે. કર્મનો સાક્ષી તો એક અદ્વિતીય પરમાત્મા જ છે. જે કર્મનો કર્ત્તા છે તે કર્મમાં લિપ્ત થાય છે માટે તે (જીવ) ઇશ્વર અને સાક્ષી થઇ શકતો નથી.

પ્રશ્ન–જીવ બ્રહ્મનું પ્રતિબિંબ છે, જેમ દર્પણના ફૂટવાથી પ્રતિબિંબને કશી પણ હાનિ થતી નથી, તેમ અન્તઃકરણમાં બ્રહ્મનું પ્રતિબિંબ જીવ છે, જ્યાં સુધી અન્તઃકરણોપાધિ છે ત્યાંસુધી તેમાં જીવ રહે છે, પણ જ્યારે અન્તઃકરણ ઉપાધિ નષ્ટ થાય છે ત્યારે જીવ મુક્ત છે.

ઉત્તર–એ બાળકપણાની વાત છે, કારણ કે પ્રતિબિંબ સાકારનું સાકારમાં પડી શકે છે; જેમ મુખ અને દર્પણ સાકાર છે અને પૃથક્ પણ છે–જો પૃથક્ ન હોય તોપણ પ્રતિબિંબ પડતું નથી, માટે બ્રહ્મ નિરાકાર અને સર્વવ્યાપક હોવાથી એનું પ્રતિબિંબ જ પડી શકતું નથી.

પ્રશ્ન–જુઓ, ગંભીર જળાશયમાં નિરાકાર અને આકાશનો આભાસ પડે છે, તેમ જ સ્વચ્છ અન્તઃકરણમાં પરમાત્માનો આભાસ પડે છે માટે † એને ચિદાભાસ કહે છે.

ઉત્તર–એ બાળકબુદ્ધિવાળાઓનો મિથ્યા પ્રલાપ છે, કારણ કે આકાશ દૃશ્ય (આંખનો વિષય) નથી માટે એને આંખથી કોઇપણ જોઇ શકતો નથી. આકાશથી સ્થૂલ વાયુને જ્યારે આંખથી જોઇ શકાતો નથી તોપછી આકાશને તો કેવી રીતે જોઇ શકાય !

પ્રશ્ન–ઉપર જે આ ભૂરૂં ધૂમાડા જેવું દેખાય છે તે આકાશ છે કે નહિ ?

† જીવને. અનુ.

ઉત્તર-નહિ.

પ્રશ્ન-ત્યારે તે શું છે.

ઉત્તર-પૃથ્વી, જળ અને અગ્નિના ભિન્ન ભિન્ન ત્રસરેણું જોવામાં આવે છે, જે નીલત જોવામાં આવે છે તે જ વરસે છે અને જે ધૂમાડા જેવું દેખાય છે તે પૃથિવીમાંથી ઉડેલી ધૂળ વાયુમાં ફરતી દેખાય છે, અને તેનુ પ્રતિબિંબ જળમાં અથવા દર્પણમાં દેખાય છે-આકાશનું નહિ

પ્રશ્ન-જેમ ઘટાકાશ, મઠાકાશ, મેઘાકાશ અને મહદાકાશ એ ભેદ વ્યવહારમાં થાય છે અને જ્યારે ઘટાદિ નષ્ટ થઇ જાય છે, ત્યારે મહાકાશ જ રહે છે, તેમ બ્રહ્મને બ્રહ્માંડ અને અન્તઃકરણરૂપ ઉપાધિના ભેદ હોવાથી (બ્રહ્મ જ) ઇશ્વર અને જીવ થાય છે.

ઉત્તર-એ પણ વાત અવિદ્વાનોની છે, કારણ કે આકાશ કદિપણ છિન્ન ભિન્ન થતું નથી વ્યવહારમાં પણ " ઘડો લાવો " ઇત્યાદિ વ્યવહાર થાય છે, કોઇ એમ નથી કહેતું કે ઘડાનુ આકાશ લાવો, માટે ઉપર કહેવામાં આવેલું કથન ઠીક નથી.

પ્રશ્ન-જેમ સમુદ્રમાં માછલીઓ અને કીડાઓ અને જેમ આકાશમાં પક્ષિઓ ફર્યા કરે છે, તેમ ચિદાકાશ બ્રહ્મમાં સર્વ અન્તઃકરણો ફરે છે. જો કે અન્તઃકરણો પોતે જડ છે, તોપણ જેમ અગ્નિથી તપેલું લોઢું (અગ્નિ જેવું દેખાય છે) તેમ પરમાત્માની સત્તાથી તેઓ ચેતન થઈ રહ્યાં છે. જેમ તે (અન્તઃકરણો) હરે ફરે છે અને આકાશ તથા બ્રહ્મ નિશ્ચલ છે, તેમ જીવને બ્રહ્મ માનવામાં કોઇપણ જાતનો દોષ આવતો નથી.

ઉત્તર-તમારૂં એ પણ દ્રષ્ટાન્ત ઠીક નથી, કારણ કે જો સર્વવ્યાપક પરમાત્મા અન્તઃકરણમાં પ્રકાશમાન જીવ થતો હોય, તો તેમાં (જીવમાં) સર્વજ્ઞત્વાદિ ગુણો છે કે નહિ ? જો કહો કે આવરણ (અવિદ્યારૂપ) હોવાથી સર્વજ્ઞત્વ નથી, તો કહો કે બ્રહ્મ આવૃત અને ખંડિત છે અખંડિત નહિ. જો કહો કે અખંડિત છે તો વચમાં કોઇપણ પડદો ન હોવો જોઇએ અને જો પડદો નથી તો સર્વજ્ઞતા કેમ નહિ ? જો કહો કે પોતાના સ્વરૂપને ભૂલી (બ્રહ્મ) અન્તઃકરણ સાથે ચાલતા જેવો દેખાય છે-સ્વરૂપથી તે ચાલતો નથી ! યદિ સ્વરૂપથી બ્રહ્મ નથી ચાલતો તો અન્તઃકરણ જેટલા જેટલા પૂર્વ પ્રાપ્ત દેશને છોડતું આગળ આગળ સરકતું જશે તેટલા તેટલા ત્યક્તાંશમાં જ્ઞાની, પવિત્ર અને મુક્ત થશે, અને ગૃહીતાંશમાં ભ્રાન્ત-અજ્ઞાની થશે. એ પ્રમાણે સર્વત્ર સૃષ્ટિસ્થ બ્રહ્મને અન્તઃકરણ બગાડયા કરશે, અને બન્ધ તથા મુક્તિ પણ ક્ષણે ક્ષણે થયા કરશે ! જો તમારા કહેવા પ્રમાણે એમ હોય તો કોઇપણ જીવને શ્રુતપૂર્વ અથવા દૃષ્ટપૂર્વ પદાર્થનું સ્મરણ ન થવું જોઇએ, કારણ કે જે બ્રહ્મે જોયું તે બ્રહ્મ રહેતો નથી, માટે જીવ બ્રહ્મ અને બ્રહ્મ જીવ કદિપણ થતા નથી-સર્વદા પૃથક્ પૃથક્ જ છે.

પ્રશ્ન-આ બધું અધ્યારોપ માત્ર છે, " અન્ય વસ્તુનું અન્યમાં સ્થાપન કરવું તેનું નામ અધ્યારોપ છે " બ્રહ્મમાં સર્વ જગતનો અને તેના વ્યવહારનો અધ્યારોપ કરવાથી જીજ્ઞાસુને બોધ કરી શકાય છે-બાકી વાસ્તવમાં તો સર્વ બ્રહ્મ જ છે.

ઉત્તર દાતાના પ્રશ્ન—અધ્યારોપ કરનાર કોણ છે ?

ઉત્તર—જીવ.

પ્રશ્ન—જીવ કોને કહેવામાં આવે છે ?

ઉત્તર—અન્તઃકરણાવચ્છિન્ન ચેતનને.

પ્રશ્ન—એ ચેતન કોઇ બીજું છે કે બ્રહ્મ જ ?

ઉત્તર—તે જ બ્રહ્મ છે.

પ્રશ્ન—તો શું બ્રહ્મે જ પોતામાં જગતની અસત્ય કલ્પના કરી લીધી ?

ઉત્તર—હા, એમાં બ્રહ્મને શી હાનિ છે ?

પ્રશ્ન—જે ખોટી કલ્પના કરે છે તે ખોટો નથી થતો ?

ઉત્તર—નહિ, કારણ કે જે મનવાણીથી કલ્પિત અથવા કથિત છે તે અસત્ય છે.

પ્રશ્ન—તો પછી મન અને વાણીથી અસત્ય કલ્પના કરનાર અને અસત્ય બોલનાર બ્રહ્મ કલ્પિત અને મિથ્યાવાદી થયો કે નહિ ?

ઉત્તર—થાઓ, અમને ઇષ્ટાપત્તિ છે.

વાહરે અસત્ય વેદાન્તીઓ ! તમે સત્યસ્વરૂપ, સત્યકામ, અને સત્યસંકલ્પ પરમાત્માને મિથ્યાચારી કરી દીધા. શું એ તમારી દુર્ગતિનું કારણ નથી ? કયા ઉપનિષદ્‌માં કયા સૂત્રમાં અથવા કયા વેદમાં લખ્યું છે કે પરમાત્મા મિથ્યાસંકલ્પ અને મિથ્યાવાદી છે? માટે તમારૂં કથન જેમ કોઇ ચોરે કોટવાળને દંડયો અર્થાત્ " ઉલટો ચોર કોટવાળને દંડે " એવું થયું. ચોર કોટવાળને દંડે એ વાત જેમ વિપરીત (ઉલટી) છે તેમ તમે મિથ્યાવાદી અને મિથ્યાસંકલ્પ કરનારા થઇ પોતાનો દોષ બ્રહ્મમાં વ્યર્થ લગાવો છો. જો બ્રહ્મ મિથ્યાજ્ઞાની, મિથ્યાવાદી અને મિથ્યાકારી હોય તો અનન્ત બ્રહ્મ તેવો જ થઇ જાય, કારણ કે તે એકરસ છે, માટે બ્રહ્મ તો સત્યસ્વરૂપ, સત્ય માની, સત્યવાદી અને સત્યકારી છે. ઉક્ત સર્વ દોષો તમારામાં જ છે, બ્રહ્મમાં નથી. જેને તમે વિદ્યા કહો છો તે અવિદ્યા છે, તમારો અધ્યારોપ પણ ખોટો છે. કારણ કે પોતે બ્રહ્મ ન હોવા છતાં પોતાને બ્રહ્મ, અને બ્રહ્મને જીવ માનવો એ મિથ્યાજ્ઞાન નહિ તો શું ? જે સર્વવ્યાપક છે તે પરિચ્છિન્ન થતો નથી, તેમ અજ્ઞાન અને બન્ધમાં પણ કદિ પડતો નથી, માટે અજ્ઞાની, પરિચ્છિન્ન, એકદેશી, અલ્પ અને અલ્પજ્ઞ જીવ છે, સર્વજ્ઞ અને સર્વવ્યાપી બ્રહ્મ નહિ.

हवे मुक्ति अने ब्रह्मनुं वर्णन करीए छीए.

પ્રશ્ન—મુક્તિ કોને કહે છે ?

ઉત્તર—" मुञ्चन्ति पृथग्भवन्ति जना यस्यां सा मुक्तिः " જેમાં માણસો છૂટા થાય છે, તે મુક્તિ.

પ્રશ્ન—કોનાથી છૂટી જવું ?

ઉત્તર—જેનાથી સર્વજીવો છૂટવાની ઇચ્છા કરે છે તેથી.

પ્રશ્ન—કોનાથી છૂટવાની ઇચ્છા કરે છે?

ઉત્તર—દુઃખથી.

પ્રશ્ન-છૂટીને કોને પ્રાપ્ત થાય છે અને કયાં રહે છે?

ઉત્તર-સુખને પ્રાપ્ત થાય છે અને બ્રહ્મમાં રહે છે,

પ્રશ્ન-મુક્તિ અને બન્ધ કયા કયા કારણોથી થાય છે?

ઉત્તર-પરમેશ્વરની આજ્ઞા પાળવાથી, અધર્મ, અવિદ્યા, કુસંગ, કુસંસ્કાર અને ખરાબ વ્યસનોથી દૂર રહેવાથી; સત્ય ભાષણ, પરોપકાર, વિદ્યા, પક્ષપાત રહિત ન્યાય અને ધર્મની વૃદ્ધિ કરવાથી, વિદ્યા ભણવાથી, ભણાવવાથી, ધાર્મિક પુરૂષાર્થ કરી જ્ઞાનની ઉન્નતિ કરવાથી, સર્વોત્તમ સાધનો કરવાથી અને બીજું જે કાંઇ કામ કરવું હોય તે ન્યાય અને ધર્મ પ્રમાણે જ કરવાથી મુક્તિ મળે છે, અને એનાથી વિપરીત એટલે ઇશ્વરાજ્ઞા ભંગ આદિ કરવાથી બંધ થાય છે.

પ્રશ્ન-મુક્તિમાં જીવનો લય થાય છે કે વિદ્યમાન રહે છે?

ઉત્તર-વિદ્યમાન રહે છે.

પ્રશ્ન-કયાં રહે છે?

ઉત્તર-બ્રહ્મમાં.

પ્રશ્ન-બ્રહ્મ કયાં છે, અને તે મુક્ત જીવ એક ઠેકાણે રહે છે કે સ્વેચ્છાચારી થઇ સર્વત્ર વિચરે છે?

ઉત્તર-બ્રહ્મ સર્વત્ર પૂર્ણ છે. એમાં મુક્ત જીવ અવ્યાહત ગતિ એટલે પ્રતિબન્ધ રહિત, વિજ્ઞાન અને આનન્દની સાથે સ્વતંત્ર વિચરે છે.

પ્રશ્ન-મુક્ત જીવને સ્થૂલ શરીર હોય છે કે નહિ?

ઉત્તર-નહિ.

પ્રશ્ન-તો પછી એ સુખ આનન્દનો ભોગ કેવી રીતે કરે છે?

ઉત્તર-એના (જીવના) સત્ય સંકલ્પ આદિ સ્વાભાવિક બધા ગુણો અને સામર્થ્ય રહે છે, પણ ભૌતિક સંગ રહેતો નથી.

शृण्वन् श्रोत्रं भवति, स्पर्शयन् त्वग्भवति, पश्यन् चक्षुर्भवति, रसयन् रसना भवति, जिघ्रन् घ्राणं भवति, मन्वानो मनो भवति, बोधयन् बुद्धिर्भवति। चेतयंश्चित्तम्भवत्यहङ्कुर्वाणोऽहङ्कारो भवति॥ शतपथ० कां० १४॥

મોક્ષમાં શરીર અથવા ઇન્દ્રિયોના ગોલક જીવાત્માની સાથે રહેતા નથી કિન્તુ પોતાના (જીવના) સ્વાભાવિક શુદ્ધ ગુણો રહે છે. સાંભળવાને ઇચ્છે છે ત્યારે શ્રોત્ર, સ્પર્શ કરવાને ઇચ્છે છે ત્યારે ત્વક્, જોવાની ઇચ્છા કરે છે ત્યારે આંખ, સ્વાદ લેવાની ઇચ્છા કરે છે ત્યારે રસના, સુંઘવાની ઇચ્છા કરે છે ત્યારે ઘ્રાણ, સંકલ્પ વિકલ્પ કરવાને મન, નિશ્ચય કરવાને બુદ્ધિ અને અહંકાર કરવાને અહંકાર, પોતાની શક્તિથી જીવાત્માને થાય છે. અને સંકલ્પ માત્રથી શરીર થાય છે. જેમ શરીરને આધારે રહેલી ઇંદ્રિયોવડે જીવ પોતાનું કાર્ય કરે છે તેમ પોતાની શક્તિથી જીવાત્મા મુક્તિમાં સર્વ આનન્દ ભોગવે છે.

પ્રશ્ન—એની શક્તિ કેટલા પ્રકારની અને કેટલી છે ?

ઉત્તર—મુખ્ય તો એક પ્રકારની છે પરન્તુ બળ, પરાક્રમ, આકર્ષણ, પ્રેરણા, ગતિ, ભીષણ, વિવેચન, ક્રિયા, ઉત્સાહ, સ્મરણ, નિશ્ચય, ઇચ્છા, પ્રેમ, દ્વેષ, સંયોગ, વિભાગ, સંયોજક, શ્રવણ, સ્પર્શન, દર્શન, સ્વાદન, ગન્ધગ્રહણ અને જ્ઞાન એ ચોવીસ (અવાન્તર) પ્રકારની શક્તિવાળો જીવ છે. એનાથી મુક્તિમાં પણ આનન્દનો ભોગ કરે છે, જો મુક્તિમાં જીવનો લય થાય તો મુક્તિનું સુખ કોણ ભોગવે ? અને જે જીવના નાશને જ મુક્તિ સમજે છે તે મહા મૂર્ખ છે, કારણ કે જીવની મુક્તિ એને કહેવામાં આવે છે કે સર્વ દુઃખોથી અલગ રહી આનન્દ સ્વરૂપ સર્વવ્યાપક અનન્ત પરમેશ્વરમાં જીવે આનન્દમાં રહેવું.

જુઓ વેદાન્ત શારીરક સૂત્રો.

अभावं बादरिराह ह्येवम् ॥ वेदान्तद० ४ । ४ । १० ॥

વ્યાસજીના પિતા બાદરિ જીવનો અને તેની સાથે મનનો ભાવ માને છે, અર્થાત્ જીવ અને મનનો લય પરાશરજી માનતા નથી. *

તેવીજ રીતે--

भावं जैमिनिर्विकल्पामननात् ॥ वेदान्तद० ४ । ४ । ११ ॥

જૈમિનિ આચાર્ય મુક્ત પુરૂષ સાથે મન, સૂક્ષ્મ શરીર, ઇંદ્રિય અને પ્રાણને વિદ્યમાન માને છે, (અભાવ નહિ).

द्वादशाहवदुभयविधं बादरायणोऽतः ॥ वेदान्तद० ४ । ४ । १२ ॥

વ્યાસમુનિ મુક્તિમાં ભાવ અને અભાવ બન્ને માને છે, અર્થાત્ શુદ્ધ સામર્થ્યયુક્ત જીવ મુક્તિમાં રહે છે, અને અપવિત્રતા પાપચરણ દુઃખ અને અજ્ઞાન આદિનો અભાવ માને છે.

* જેને આ સૂત્રનો વિશેષ અર્થ સમજવો હોય તેણે વેદાન્તશાસ્ત્ર જોવું. (અનુ.)

यदा पञ्चावतिष्ठन्ते ज्ञानानि मनसा सह ।
बुद्धिश्च न विचेष्टते तामाहुः परमां गतिम् ॥
कठो० अ० २ । व० ६ । मं० १० ॥

જ્યારે શુદ્ધ મન સાથે પાંચ ઇંદ્રિયો રહે છે, અને બુદ્ધિનો નિશ્ચય સ્થિર થાય છે, ત્યારે તેને પરમગતિ એટલે મોક્ષ કહે છે.

य आत्मा अपहतपाप्मा विजरो विमृत्युर्विशोकोऽविजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसङ्कल्पः सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामान् यस्तमात्मानमनुविद्य विजानातीति ।
छान्दो० प्र० ८ । खं० ७ । मं० १ ॥

स वा एष एतेन दैवेन चक्षुषा मनसैतान् कामान् पश्यन् रमते ॥
य एते ब्रह्मलोके तं वा एतं देवा आत्मानमुपासते तस्मात्तेषाᳬं सर्वे च लोका आत्ताः सर्वे च कामाः स सर्वाᳬंश्च लोकानाप्नोति सर्वाᳬंश्च कामान्यस्तमात्मानमनुविद्य विजानातीति ॥
छान्दो० प्र० ८ । खं० १२ । मं ५ । ६ ॥

मघवन्मर्त्यं वा इदᳬंशरीरमात्तं मृत्युना तदस्याऽमृतस्याशरीरस्यात्मनोधिष्ठानमात्तो वै सशरीरः प्रियाप्रियाभ्यां न वै सशरीरस्य सतः प्रियाप्रियोरपहतिरस्त्यशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः ।
छान्दो० प्र० ८ । खं० १२ । मं० १ ॥

જે પરમાત્મા અપહતપાપ્મા એટલે સર્વ પાપ રહિત જરા, મૃત્યુ, શોક, ક્ષુધા અને પિપાસાથી રહિત, સત્ય કામ અને સત્ય સંકલ્પ છે તેનીજ અન્વેષણા (શોધ) અને તેને જ જાણવાની ઇચ્છા કરવી જોઇએ. જે પરમાત્માના સંબંધમાં મુક્ત જીવ સર્વ લોક અને સર્વ ઇચ્છાને મેળવે છે, જે પરમાત્માને જાણી મોક્ષનાં સાધનો મેળવી પોતાના આત્માને શુદ્ધ કરતાં જાણે છે તે મુક્તિને પ્રાપ્ત થઈ દિવ્ય નેત્ર અને શુદ્ધ મનથી સર્વ ઇચ્છાને પૂર્ણ કરતો આનન્દ કરે છે. ૧

જે આ બ્રહ્મ લોક અર્થાત્ દર્શનીય (જ્ઞાતવ્ય) પરમાત્મામાં સ્થિત થઇ મોક્ષ સુખને ભોગવે છે અને મુમુક્ષુ લોકો જે પરમાત્માની ઉપાસના કરે છે, તેનાથી (તે પરમાત્માથી) તેને (મુક્ત જીવને) સર્વ લોક અને સર્વ ઇચ્છા સિદ્ધ થાય છે; અર્થાત્ જેનો જેનો સંકલ્પ અને ઇચ્છા કરે છે તેતે મુક્ત જીવને મળે છે. મુક્ત જીવ સ્થૂલ શરીરને છોડી સંકલ્પમય શરીર વડે પરમાત્મામાં વિચરે છે. ૨

કારણ કે જેઓ શરીરી છે તેઓ સાંસારિક દુઃખોથી રહિત થઇ શકતા નથી. જેમકે પ્રજાપતિએ ઇંદ્રને કહ્યું છે કે હે પરમ પૂજિત ધનવાન્ પુરૂષ! આ શરીર મરણધર્મા (મરણ પામનારૂં) છે, જેમ સિંહના મુખમાં બકરી હોય છે તેમ આ શરીર મૃત્યુના મુખમાં છે. મરણશીલ શરીર, શરીરરહિત જીવાત્માનું નિવાસસ્થાન છે, માટે આ જીવ સુખ અને દુઃખથી હમેશાં ગ્રસ્ત રહે છે. જીવને સાંસારિક પ્રસન્નતા (સુખ) ની નિવૃત્તિ થાય જ છે. શરીર રહિત મુક્ત જીવ બ્રહ્મમાં રહે છે તેને સાંસારિક સુખ દુઃખોનો સ્પર્શ પણ થતો નથી. કિન્તુ હમેશાં આનન્દમાં રહે છે.

પ્રશ્ન–જીવ મુક્તિને પ્રાપ્ત થઇ પાછો જન્મ મરણ રૂપ દુઃખમાં આવેછે કે નહિ? કારણ કેઃ–

न च पुनरावर्त्तते न च पुनरावर्त्तते इति । छान्दो० प्र० ८ ॥ खं० १५ ॥

अनावृत्तिः शब्दादनावृत्तिः शब्दात् ॥ वेदान्त द० । अ० ४ । पा० ४ । सू० ३३ ।

यद् गत्वा न निवर्त्तन्ते तद्धाम परमं मम । भगवद्गीतां० ॥

ઇત્યાદિ વચનોથી વિદિત થાય છે કે મુક્તિ તે જ છે કે જ્યાંથી ફરી સંસારમાં આવવું પડતું નથી.

ઉત્તર–એ વાત ઠીક નથી, કારણ કે વેદમાં એ વાતનો નિષેધ કર્યો છે.

कस्य॑ नू॒नं क॑त॒मस्या॒मृता॑नां॒ मना॑महे॒ चारु॑ दे॒वस्य॒ नाम॑ ।
को नो॑ म॒ह्या अदि॑तये॒ पुन॑र्दात् पि॒तरं॑ च दृ॒शेयं॑ मा॒तरं॑ च ॥ १ ॥
अ॒ग्नेर्व॒यं प्र॑थ॒मस्या॒मृता॑नां॒ मना॑महे॒ चारु॑ दे॒वस्य॒ नाम॑ ।
स नो॑ म॒ह्या अदि॑तये॒ पुन॑र्दात् पि॒तरं॑ च दृ॒शेयं॑ मा॒तरं॑ च ॥ २ ॥
ऋ० ॥ मं० १ । सू० २४ । मं० १ । २ ॥

इदानीमिव सर्वत्र नात्यन्तोच्छेदः ॥ ३ ॥ सांख्य० अ० १ । सू० १५९ ॥

પ્રશ્ન–અમે કોનું નામ પવિત્ર સમજીએ! કોણ નિવાસી પદાર્થોમાં સદા વર્તમાન દેવ છે. અમને મુક્તિનું સુખ ભોગવાવી ફરીથી આ સંસારમાં કોણ જન્મ આપે છે અને માતા પિતાનું દર્શન કરાવે છે. ૧

ઉત્તર–આપણે તે સ્વ પ્રકાશ સ્વરૂપ અનાદિ સદા મુક્ત પરમાત્માનું નામ પવિત્ર સમજીએ કે જે આપણને મુક્તિમાં આનન્દ ભોગવાવી પૃથિવીમાં ફરીથી માતા પિતાનો સંબંધ આપી, માત પિતાનું દર્શન કરાવે છે. તેજ પરમાત્મા મુક્તિની વ્યવસ્થા કરે છે અને સર્વનો સ્વામી છે. ૨

જેમ વર્તમાન સમયમાં જીવ બદ્ધ અને મુક્ત છે તેવી રીતે સર્વદા રહે છે, બન્ધ અને મુક્તિનો અત્યન્ત વિચ્છેદ (નાશ) કદિપણ થતો નથી, માટે બન્ધ અને મુક્તિ હમેશાં રહે છે. ૩

પ્રશ્ન— **तदत्यन्तविमोक्षोऽपवर्गः ।**

दुःखजन्मप्रवृत्तिदोषमिथ्याज्ञानानामुत्तरोत्तरापाये तदनन्तरापायादपवर्गः ॥

न्यायद० अ० १ । सू० २२ । २ ॥

દુ:ખનો જે અત્યન્ત વિચ્છેદ છે તે જ મુક્તિ કહેવાય છે, કારણ કે મિથ્યાજ્ઞાન (અવિદ્યા) લોભ દ્વેષ આદિ વિષય, દુષ્ટ વ્યસનોમાં પ્રવૃત્તિ જન્મ અને દુ:ખ એ ઉત્તરોત્તર છૂટવાથી પૂર્વ પૂર્વની નિવૃત્તિ થાય છે અને એ બધા નિવૃત્ત થયા પછી મોક્ષ થાય છે કે જે હમેશાં રહે છે.

ઉત્તર—અત્યન્ત શબ્દ અત્યન્તાભાવનો વાચક હોય એ આવશ્યક નથી. જેમકે:- " अत्यंतं दुःखमत्यन्तं सुखं चास्य वर्त्तते " આ મનુષ્યને બહુ દુ:ખ અને બહુ સુખ છે. એથી વિદિત થાય છે કે જેમ એ ઠેકાણે અત્યન્તનો અર્થ બહુ થાય છે તેમ અહીંઆ (अत्यन्तविमोक्षोऽपवर्गः) માં પણ અત્યન્ત શબ્દનો અર્થ બહુ સમજવો.

પ્રશ્ન—જો મુક્તિમાંથી પણ જીવ પાછો આવે છે તો તે મુક્તિમાં કેટલો સમય રહે છે.

ઉત્તર— ते ब्रह्मलोकेषु परान्तकाले परामृताः परिमुच्यन्ति सर्वे ।

मुण्डक ३ । खं० २ । मं० ६ ॥

મુક્ત જીવ બ્રહ્મમાં મહાકલ્પ પર્યન્ત આનન્દ ભોગવી પછી મુક્તિ સુખને છોડી પાછો સંસારમાં આવે છે. એની સંખ્યા આ પ્રમાણે છે:-તેંતાળી લાખ વીસ હજાર વરસોની એક ચતુર્યુગી થાય છે, બે હજાર ચતુર્યુગીઓનો એક અહોરાત્ર; એવા ત્રીશ અહોરાત્રનો એક મહિનો, એવા બાર મહિનાનું એક વર્ષ અને એવા સો વર્ષનો એક પરાન્ત કાળ થાય છે. એને ગણિતની રીતે બરાબર સમજી લ્યો. એટલો સમય મુક્તિમાં સુખ ભોગવવા માટે છે.

પ્રશ્ન-સર્વ સંસાર અને ગ્રન્થકારોનો એવો મત છે કે જ્યાંથી ફરી જન્મ મરણ કદિપણ થતાં નથી. (તે મુક્તિ)

ઉત્તર-એ કથન ઠીક નથી. કારણ કે જીવના સામર્થ્ય, શરીર આદિ પદાર્થો અને સાધન પરિમિત છે; તો પછી એનું ફળ અનન્ત કેમ થઈ શકે ? અનન્ત આનન્દ ભોગવાનું સામર્થ્ય, કર્મ અને સાધન જીવમાં નથી; માટે અનન્ત સુખ ભોગવી શકતો નથી. જેનું સાધન અનિત્ય છે, તેનું ફળ નિત્ય કદિ થઇ શકતું નથી અને મુક્તિમાંથી કોઇ પણ જીવ પાછો સંસારમાં ન આવે તો સંસારનો ઉચ્છેદ એટલે સંસાર જીવ રહિત થઇ જાય.

પ્રશ્ન-જેટલા જીવ મુક્ત થાય છે, તેટલા બીજા નવા ઉત્પન્ન કરી ઇશ્વર સંસારમાં મૂકે છે માટે સંસાર જીવ રહિત થતો નથી.

ઉત્તર—જો એમ હોય તો જીવ અનિત્ય થઇ જાય, કારણ કે જેની ઉત્પત્તિ થાય છે તેનો નાશ અવશ્ય થાય છે, માટે મુક્તિમાં ગયેલા જીવોનો પણ તમારા મત પ્રમાણેનાશ થવો જોઇએ (કારણ કે જીવો તમારા મત પ્રમાણે ઉત્પત્તિવાળા છે) અને જો એમ માનવામાં આવે તો મુક્તિ અનિત્ય થઇ એમ સ્વીકારવું પડશે. અને *મુક્તિમાં ભીડ પણ ઘણી જ હોવી જોઇએ કારણ કે ત્યાં આગમ ઘણો છે અને વ્યય બીલકુલ નથી, માટે ત્યાં વૃદ્ધિનો પારાવાર રહેશે નહિ. બીજું એ છે કે દુઃખના અનુભવ વિના સુખ કંઈ છેજ નહિ; જેમ કે જો કડવું ન હોય તો મધુર શું અને મધુર ન હોય તો કડવું શું ? કારણ કે એક સ્વાદથી બીજો સ્વાદ અને એક રસથી બીજો રસ વિરૂદ્ધ હોય, તો જ તેની પરીક્ષા થઇ શકે છે. એક માણસ જો મધુર મધુર જ ખાતો રહે તો તેને તેવો સ્વાદ નહિ મળે કે જેવો પહેલા સર્વ રસના ભોક્તાને મળે છે. વળી પણ પરમાત્મા જો અન્તવાળા કર્મ કરનારને અનન્ત ફળ આપે તો તેનો ન્યાય પણ નષ્ટ થઈ જાય. જે પ્રાણી જેટલો ભાર ઉપાડી શકે તે પ્રાણી ઉપર તેટલો ભાર મૂકવો એ બુદ્ધિમાનનું કામ છે, જેમ કે એક મણ ભાર ઉપાડનારની ઉપર દશ મણ ભાર રાખનારની નિન્દા થાય છે તેમ અલ્પજ્ઞ અને અલ્પ સામર્થ્યવાન્ જીવ ઉપર અનન્ત સુખનો બોજો નાંખવો એ ઇશ્વરને માટે યોગ્ય નથી. જો ઇશ્વર નવા જીવો બનાવતો હોય તો જેમાંથી જીવો બનાવે છે તે કારણ (અમુક કાળે) ખૂટી જવું જોઇએ. કારણ કે ગમે તેટલો ધનકોષ હોય પરન્તુ જેમાં વ્યય જ છે–આય બીલકુલ નથી, તેનું અવશ્ય દેવાળું નીકળી જશે; માટે એજ વ્યવસ્થા ઠીક છે કે મુક્તિમાં જવું અને ત્યાંથી પાછા આવવું. શું અમુક સમય સુધી બંદીખાના કરતાં જન્મ પર્યન્ત બંદીખાનાને અથવા ફાંસીને કોઇ સારી માનશે ? જો મુક્તિમાંથી પાછા આવવું જ ન હોય તો જન્મકેદ અને મુક્તિમાં એટલોજ ફેર છે કે જન્મકેદીને મજુરી કરવી પડે છે અને મુક્ત જીવને કરવી પડતી નથી. અને જે બ્રહ્મમાં લયને જ મુક્તિ માને છે તે તો સમુદ્રમાં ડુબી મર્યા જેવું છે.

પ્રશ્ન—જેમ પરમેશ્વર નિત્યમુક્ત અને સુખી છે, તેવી જ રીતે જો જીવ પણ નિત્યમુક્ત અને સુખી રહે તો કોઇ પણ દોષ આવે નહિ.

ઉત્તર—પરમેશ્વર તો અનન્ત સામર્થ્ય અને અનન્ત ગુણ કર્મવાળો હોવાથી અવિદ્યા અને દુઃખમાં પડતો નથી પરન્તુ જીવ તો મુક્ત થયા પછી પણ શુદ્ધ સ્વરૂપ, અલ્પજ્ઞ અને પરિમિત ગુણ કર્મ સ્વભાવવાળો રહે છે માટે પરમેશ્વર તુલ્ય કદિ થતો નથી.

પ્રશ્ન—જો એમ હોય તો મુક્તિ પણ જન્મ મરણ જેવીજ થઇ, તો પછી તેને માટે પરિશ્રમ કરવો વ્યર્થ છે.

ઉત્તર—મુક્તિ જન્મ મરણ જેવી નથી, કારણ કે ૩૬૦૦૦ (છત્રીશ હજાર) વાર ઉત્પત્તિ અને પ્રલય જેટલા સમયમાં થાય છે, તેટલા સમય સુધી જીવોને મુક્તિના આનન્દમાં રહેવું–દુઃખનો સ્પર્શ પણ ન હોવો, શું એ થોડી વાત છે ! આજ ખાવ પીવો છો અને કાલ પાછી ભૂખ લાગવાની જ છે, તો પછી તેને માટે પ્રયત્ન શા માટે કરો છો ? જ્યારે ક્ષુધા (નિવૃત્તિ), તૃષા

* જો નાશ ન માનો તો. અનુ.

(નિવૃત્તિ), ક્ષુદ્ર ધન, રાજ્ય, પ્રતિષ્ઠા, સ્ત્રી અને સંતાન આદિને માટે પરિશ્રમ કરવો આવશ્યક છે તો મુક્તિને માટે કેમ ન કરવો ? મરવું જરૂર છે, તોપણ જીવવાનો ઉપાય કરવામાં આવે છે, તેમ મુક્તિમાંથી પાછું જન્મમાં આવવું છે તોપણ તેને માટે ઉપાય કરવો એ આવશ્યક છે.

પ્રશ્ન—મુક્તિનાં શાં સાધનો છે ?

ઉત્તર—કેટલાંક સાધનો ઉપર લખવામાં આવ્યાં છે અને જે બાકી વિશેષ છે તે આ છે:-મુમુક્ષુએ દુઃખફલક મિથ્યાભાષણ આદિ પાપ કર્મોનો ત્યાગ કરી સુખફલક સત્યભાષણ આદિ જરૂર આચરવાં. દુઃખ જિહાસુ અને સુખ લિપ્સુએ અધર્મનો ત્યાગ કરી ધર્મનું આચરણ કરવું, કારણ કે દુઃખનું કારણ પાપાચરણ અને સુખનું કારણ ધર્માચરણ છે. સત્પુરૂષોના સંગથી સત્યાસત્ય, ધર્માધર્મ, કર્ત્તવ્યાકર્ત્તવ્યનો વિવેકપૂર્વક નિશ્ચય કરવો, શરીર, જીવ અને પાંચ કોષોને જાણવાં. **પાંચ કોષો**—

અન્નમય—ત્વચાથી લઇ અસ્થિ (હાડકાં) સુધીનો જે સમુદાય છે તે પૃથિવીમય (પૃથિવીનો વિકાર) છે.

પ્રાણમય-બહારના વાયુને અન્દર લેવો તે 'પ્રાણ,' અન્દરના વાયુને (મલવાહક ઇન્દ્રિયદ્વારા) બહાર કાઢવો તે 'અપાન,' જે નાભિમાં રહેતો વાયુ સંપૂર્ણ શરીરમાં રસ પહોંચાડે છે તે 'સમાન,' કંઠસ્થ અન્ન પાન જેનાથી ખેંચાય છે (અને બલપરાક્રમ થાય છે) તે 'ઉદાન' અને જેનાથી જીવ શરીરમાં સર્વ પ્રકારની ચેષ્ટા કરે છે તે 'વ્યાન' (એ પાંચ વાયુઓને પ્રાણમય કોષ કહે છે).

મનોમય-મન, અહંકાર, વાક્, પાદ, પાણિ (હાથ), પાયુ ગુદા અને ઉપસ્થ એ પાંચ કર્મેન્દ્રિયો.

વિજ્ઞાનમય-બુદ્ધિ, ચિત્ત, શ્રોત્ર, ત્વચા, નેત્ર, જિવ્હા અને નાસિકા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો કે જેનાથી જીવ જ્ઞાનાદિનો વ્યવહાર કરી શકે છે.

આનન્દમય-જેમાં પ્રીતિ, પ્રસન્નતા, ન્યૂન આનન્દ, અધિક આનન્દ અને જે આધાર કારણ રૂપ પ્રકૃતિ છે તે.

એ પાંચ કોષો કહેવાય છે, એનાથી જ જીવ સર્વ પ્રકારનાં કર્મો ઉપાસના અને જ્ઞાનાદિ વ્યવહાર કરે છે.

ત્રણ અવસ્થા હોય છે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ.

ચાર શરીર હોય છે. ૧ જે આ સ્થૂલ દૃશ્યમાન છે તે, ૨ બીજું પાંચ પ્રાણ. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ સૂક્ષ્મ ભૂત, મન અને બુદ્ધિ એ સત્તરનો સમુદાય. એને સૂક્ષ્મ શરીર કહે છે; એના બે ભેદ છે એક તો ભૌતિક એટલે જે સૂક્ષ્મ ભૂતોના અંશોથી બન્યું છે અને બીજું સ્વાભાવિક કે જે જીવના સ્વાભાવિક ગુણ સ્વરૂપ છે, એ બીજું અને ભૌતિક શરીર મુક્તિમાં પણ રહે છે અને એનાથી જ મુક્તિમાં જીવ સુખનો ઉપભોગ કરે છે.

૩ ત્રીજું કારણ શરીર જેમાં સુષુપ્તિ એટલે ગાઢ નિદ્રા થાય છે તે પ્રકૃતિ રૂપ હોવાથી સર્વત્ર વિભુ અને સર્વ જીવોને માટે એક છે.

૪ ચોથું તુરીય શરીર કહેવાય છે કે જેમાં જીવ સમાધિવડે પરમાત્માના આનન્દ સ્વરૂપમાં મગ્ન થાય છે. આ જ સમાધિના સંસ્કારથી ઉત્પન્ન થનાર શરીરનું પરાક્રમ મુક્તિમાં પણ યોગ્ય સહાયક થાય છે. એ સર્વ કોષાદિ અવસ્થાઓથી જીવ ભિન્ન છે, કારણ કે એ સર્વને ખબર છે કે જીવ અવસ્થાઓથી અલગ છે, જ્યારે મૃત્યુ થાય છે ત્યારે સર્વ કોઇ કહે છે કે જીવ નીકળી ગયો, એ જ જીવ સર્વ (દેહ ઇંદ્રિયાદિ) નો પ્રેરક, ધર્ત્તા, સાક્ષી, કર્ત્તા અને ભોક્તા કહેવાય છે. જો કોઇ કહે કે જીવ કર્ત્તા ભોક્તા નથી તો તેને અજ્ઞાની અને અવિવેકી સમજવો, કારણ કે જીવથી અતિરિક્ત જડ પદાર્થને સુખ દુઃખનો ભોગ અને પાપ પુણ્યનું કર્તૃત્વ હોઇ શકતું નથી. જડના સંબંધથી જીવ જ પાપ પુણ્યનો કર્ત્તા અને સુખ દુઃખનો ભોક્તા છે. જ્યારે ઇંદ્રિયો અર્થોથી, મન ઇંદ્રિયોથી અને આત્મા મનથી સંયુક્ત (ભેગાં) થઇ પ્રાણોને પ્રેરણા કરી ઉત્તમ અથવા અધમ કર્મમાં જોડાય છે, ત્યારે (જીવાત્મા) બહિર્મુખ (વિષયાભિમુખ) કહેવાય છે, તે વખતે (ઉત્તમ કર્મ કરતી વખતે) અન્દરથી (જીવાત્માને) જે આનન્દ, ઉત્સાહ અને નિર્ભયતા થાય છે, તથા અધર્મ કર્મ કરવાથી જે ભય, શંકા અને લજ્જા ઉત્પન્ન થાય છે, તે અન્તર્યામી પરમાત્માની શિક્ષા છે; જે કોઇ એ શિક્ષાને અનુકૂળ ચાલે છે તેને મુક્તિ-જન્ય સુખની પ્રાપ્તિ થાય છે અને જે વિપરીતતાથી વર્તે છે તે બન્ધજન્ય દુઃખ ભોગવે છે.

બીજું સાધન વૈરાગ્ય છે, એટલે વિવેકથી જે સત્યાસત્ય જાણવામાં આવ્યું હોય તેમાંથી સત્યનું ગ્રહણ અને અસત્યનું હાન (છોડવું) કરવું. પૃથિવીથી લઇ પરમેશ્વર પર્યન્ત નિખિલ પદાર્થોના ગુણ, કર્મ અને સ્વભાવો જાણવા, ઇશ્વિરીય આજ્ઞાનું પાલન અને પરમેશ્વરની ઉપાસનામાં તત્પર રહેવું, એનાથી વિરૂદ્ધ ન ચાલવું, સૃષ્ટિથી ઉપકાર કરતાં શીખવું, એ વિવેક કહેવાય છે.

ત્રીજું સાધન પટ્ સંપત્તિ છે-અર્થાત્ શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન.

૧-શમ-આત્મા તથા અન્તઃકરણને અધર્માચરણથી દૂર કરી ધર્માચરણમાં સદા પ્રવૃત્ત રાખવાં.

૨-દમ-શ્રોત્રાદિ ઇન્દ્રિયો અને શરીરને વ્યભિચાર આદિ ખરાબ કામમાંથી દૂર કરી જિતેન્દ્રિયત્વાદિ શુભ કર્મમાં પ્રવૃત્ત કરવાં.

૩-ઉપરતિ-દુરાચારી પુરૂષોથી સદા દૂર રહેવું.

૪ તિતિક્ષા-નિન્દા, સ્તુતિ, હાનિ અને લાભ ગમે તેટલાં હોય તોપણ તે સંબંધી હર્ષ અને શોકને છોડી મુક્તિના સાધનમાં મંડયા રહેવું.

૫ શ્રદ્ધા-વેદાદિ સત્યશાસ્ત્ર અને તેના બોધથી પૂર્ણ થયેલા આપ્ત, વિદ્વાન્ અને સત્યોપદેશક મહાશયોના વચનો ઉપર વિશ્વાસ રાખવો.

૬ **સમાધાન**-ચિત્તની એકાગ્રતા. એ ૭ મળી એક ત્રીજું સાધન કહેવાય છે.

ચોથું સાધન મુમુક્ષુત્ત્વ છે અર્થાત્ જેમ ક્ષુધાતુર માણસને અન્ન જળ શિવાય કંઇ પણ સારૂં લાગતું નથી તેમ મુક્તિના સાધનોથી અતિરિક્ત કોઇપણ પદાર્થમાં ઇચ્છા ન થવી.

એ ચાર સાધનો છે, અને બીજા ચાર અનુબંધો હોય છે-તેમાંથી પ્રથમ અધિકારી છે.

અધિકારી-ઉપર કહેવામાં આવેલાં ચાર સાધનોથી યુક્ત જે પુરૂષ હોય છે; તે અધિકારી કહેવાય છે.

સંબંધ-બ્રહ્મપ્રાપ્તિરૂપ મુક્તિ પ્રતિપાદક વેદાદિ શાસ્ત્રોને બરાબર સમજી અન્વિત (બુદ્ધિમાં સ્થિર) કરવાં.

વિષયી—સર્વશાસ્ત્ર-પ્રતિપાદ્ય બ્રહ્મરૂપ વિષયની પ્રાપ્તિ કરવામાં તન્મય બનેલા પુરૂષનું નામ વિષયી છે.

પ્રયોજન—સર્વ દુઃખોની નિવૃત્તિ કરી પરમાનન્દને પ્રાપ્ત થઇ મુક્તિ સુખનું મળવું, એ ચાર અનુબન્ધ કહેવાય છે. તદનન્તર " શ્રવણચતુષ્ટય " (અર્થાત્ ચાર શ્રવણ છે.)

શ્રવણ—જ્યારે કોઇ વિદ્વાન્ ઉપદેશક ઉપદેશ કરે, ત્યારે શાન્તિથી ધ્યાન દઇને સાંભળવું. વિશેષ કરીને બ્રહ્મવિદ્યામાં વધારે ધ્યાન આપવું; કારણ કે એ વિદ્યા સર્વ વિદ્યા કરતાં વધારે સૂક્ષ્મ છે.

મનન—એકાન્ત દેશમાં શાન્તિથી બેસી શ્રુત અર્થનો વિચાર કરવો. જે જે અંશમાં શંકા હોય, તે તે અંશ ફરીથી વિદ્વાન્ ગુરૂ આદિને પૂછવો. વક્તાને અને શ્રોતાને યોગ્ય લાગે તો સાંભળતી વખતે જ પ્રશ્ન અને સમાધાન કરવાં.

નિદિધ્યાસન—જ્યારે શ્રવણમાં (શ્રુત અર્થમાં) અને મનનમાં (મત-અર્થમાં) સંદેહ ન રહે, ત્યારે સમાધિસ્થ થઇ યોગદ્વારા જોવું કે જે સાંભળ્યું હતું, અને જેનું મનન કર્યું હતું, તે તેવું જ છે કે કેમ ?

સાક્ષાત્કાર—જે પદાર્થ જેવા ગુણ કર્મ અને સ્વભાવવાળો હોય, તેનું તેવું જ યાથાતથ્ય ભાન થવું.

એ ચાર " શ્રવણચતુષ્ટય " કહેવાય છે. તમોગુણ એટલે ક્રોધ, મલિનતા, આલસ્ય અને પ્રમાદ આદિ; રજોગુણ એટલે ઇર્ષ્યા, દ્વેષ, કામ, અભિમાન અને વિક્ષેપ આદિ દોષો-એ બધાને દૂર કરી શાન્ત પ્રકૃતિ, પવિત્રતા, વિદ્યા અને વિચાર આદિ ગુણોને ધારણ કરવા.

મૈત્રી—સુખી જનોની સાથે મિત્રતા, (કરૂણા) દુઃખી મનુષ્યો ઉપર દયા, (મુદિતા) પુણ્યાત્માઓને જોઈ હર્ષ અને (ઉપેક્ષા) દુષ્ટાત્માઓની સાથે ન પ્રીતિ તથા ન વૈર (એ ચાર કર્મને હમેશાં ધારણ કરવાં એ ચારને શાસ્ત્રમાં પરિકર્મ કહેલ છે)

મુમુક્ષુ માણસે હમેશાં ન્યૂનથી ન્યૂન બે કલાક તો અવશ્ય ધ્યાન કરવું કે જેથીઅન્દરના મન આદિ પદાર્થનો સાક્ષાત્કાર થાય. જુઓ ! આત્મા ચેતનસ્વરૂપ છે, માટે જ જ્ઞાતા છે અને મન આદિનો સાક્ષી છે. જ્યારે મન શાન્ત, ચંચલ, આનન્દિત અથવા વિવાદી થાય છે ત્યારે તેને યથાવત્ જુએ છે. તેમજ તે ઇન્દ્રિયોનો અને પ્રાણ આદિનો પણ જ્ઞાતા છે. પૂર્વ દૃષ્ટ વસ્તુનો સ્મરણ કર્ત્તા છે, એક કાળમાં અનેક પદાર્થનો જાણનાર છે, ધારણ આકર્ષણનો કર્ત્તા છે, સર્વથી પૃથક્ છે. જો પૃથક્ ન હોત તો સ્વતંત્ર કર્ત્તા અને મન આદિનો પ્રેરક અધિષ્ઠાતા કદિપણ ન થઇ શકત.

अविद्याऽस्मितारागद्वेषाभिनिवेशाः पञ्च क्लेशाः ॥

योगशास्त्रे पादे २ । सू० ३ ॥

એ સૂત્રમાં જે પાંચ પદાર્થો કહેવામાં આવ્યા છે તેમાંથી પ્રથમ અવિદ્યાનું સ્વરૂપ કહેવામાં આવી ગયું છે (અસ્મિતા) અલગ રહેનારી બુદ્ધિને આત્માથી ભિન્ન ન સમજવી, (રાગ) સુખમાં પ્રીતિ (દ્વેષ) દુઃખમાં અપ્રતિ અને (અભિનિવેશ) હું સર્વદા શરીરસ્થ રહું, કદિપણ મરૂં નહિ એવા પ્રકારનો મૃત્યુ-દુઃખથી જે ત્રાસ છે તે.

એ પાંચ પ્રકારના કલેશોને યોગાભ્યાસ અને વિજ્ઞાનદ્વારા દૂર કરી બ્રહ્મને પ્રાપ્ત થઈ મુક્તિના પરમ આનન્દને ભોગવવો જોઇએ.

પ્રશ્ન-જેવી મુક્તિ આપ માનો છો એવી કોઈ માનતા નથી. જુઓ ! જૈન લોકો મોક્ષ-શિલા શિવપુરમાં જઇ ચુપ ચાપ બેશી રહેવાને, ઇસાઇ લોકો ચોથા આસમાનમાં કે જ્યાં વિવાહ, લડાઇ, વાદિત્ર, ગાયન અને વસ્ત્ર ધારણથી આનન્દ ભોગવાય તેને. તેવીજ રીતે મુસલમાન સાતમા આસમાનમાં, વામમાર્ગી શ્રીપુરમાં, શૈવ લોકો કૈલાસમાં, વૈષ્ણવ વૈકુંઠમાં અને ગોકલિયા ગોંસાઈ ગોલોક આદિમાં જઇ ઉત્તમ સ્ત્રી, અન્ન, પાન, વસ્ત્ર અને સ્થાન આદિને પ્રાપ્ત કરી આનન્દમાં રહેવું, એને મુક્તિ માને છે. પૌરાણિક લોકો (સાલોક્ય) ઇશ્વરના લોકમાં નિવાસ, (સાનુજ્ય) ન્હાના ભાઇની માફક ઇશ્વર સાથે રહેવું, (સારૂપ્ય) ઉપાસનીય દેવની જેવી આકૃતિ છે, તેવું બની જવું અને (સાયુજ્ય) ઇશ્વરની સાથે સંયુક્ત થઇ જવું. એ ચાર પ્રકારની મુક્તિ માને છે, વેદાન્તી લોકો બ્રહ્મમાં લય થવો તેને મુક્તિ સમજે છે.

ઉત્તર-જૈન લોકોનો મુક્તિ આદિ વિષય (૧૨) બારમા સમુલ્લાસમાં, ઇસાઇનો (૧૩) તેરમા સમુલ્લાસમાં અને મુસલમાનનો (૧૪) ચૌદમા સમુલ્લાસમાં લખવામાં આવશે. વામમાર્ગી શ્રીપુરમાં જઇ લક્ષ્મીજેવી સ્ત્રીઓ સાથે માંસ મદ્યાદિના ખાન, પાન, રંગ અને રાગ આદિના ઉપભોગને મુક્તિ માને છે તે અહીંથી કાંઇ વિશેષ નથી. મહાદેવ અને વિષ્ણુ જેવા થઇ પાર્વતી અને લક્ષ્મી જેવી સ્ત્રી સાથે થઈ આનન્દને ભોગવવો એ અહીંના ધનાઢ્ય અને રાજાઓથી એટલીજ તે વધારે બતાવે છે કે ત્યાં રોગ થતો નથી અને સદા યુવાવસ્થા બની રહે છે-પરન્તુ એ કથન મિથ્યા છે, કારણ કે જ્યાં ભોગ ત્યાં રોગ અને જ્યાં રોગ ત્યાં વૃદ્ધાવસ્થા જરૂર થાય છે.

પૌરાણિકોને કહેવું જોઇએ કે તમારી જે ચાર પ્રકારની મુક્તિ છે તેતો કૃમિ કીટ પતંગ અને પશ્વાદિને પણ સ્વતઃ સિદ્ધ છે, કારણ કે આ જેટલા લોકો છે તે બધા ઇશ્વરના છે અને એમાંજ બધા જીવો રહે છે માટે "સાલોક્ય" મુક્તિ અનાયાસ પ્રાપ્તજ છે. ઇશ્વર સર્વત્ર વ્યાપક હોવાથી બધું ઇશ્વરની સમીપ જ છે માટે "સામીપ્ય" મુક્તિ પણ સિદ્ધ જ છે. ઇશ્વિરથી બધા જીવો ન્હાના (અને ચેતન) હોવાથી દરેક જીવો ઇશ્વિરના અનુજ હોવાથી "સાનુજ્ય" પણ વગર પ્રયત્ને સિદ્ધ જ છે. અને સર્વવ્યાપક પરમાત્મામાં સર્વ જીવ વ્યાપ્ય હોવાથી સંયુક્ત છે માટે સાયુજ્ય મુક્તિ પણ સિદ્ધ જ છે.

જે નાસ્તિક લોકો કહે છે કે મર્યા પછી તત્ત્વોમાં તત્ત્વોનું મળી જવું એજ મુક્તિ છે, તેતો કુતરાં ગધેડાં આદિને પણ પ્રાપ્ત છે માટે એ મુક્તિ નથી પણ એક પ્રકારનું બંધન છે. કારણ કે જે લોકો શિવપુર, મોક્ષ શિલા. ચોથું આસમાન, સાતમું આસમાન, શ્રીપુર, કૈલાસ, ગોલોક અને વૈકુંઠ ને અમુક દેશમાં માને છે, તેમાં જો મુક્ત જીવો તે સ્થાનથી પૃથક્ થઇ જાય તો તેની મુક્તિ છૂટી જાય, જેમ ૧૨ † બાર પત્થરની અન્દર દૃષ્ટિ બંધ થાય છે તેની માફક બન્ધનમાં હશે મુક્તિ તો એ છે કે જ્યાં કોઇપણ જાતના પ્રતિબંધ શિવાય ઇચ્છા પૂર્વક વિહાર થઇ શકે, જ્યાં ભય, શંકા અને દુઃખ ન હોય જે જન્મ છે તેને ઉત્પત્તિ અને જે મરણ છે તેને પ્રલય કહે છે.

પ્રશ્ન—જન્મ એક છે કે અનેક !

ઉત્તર—અનેક.

પ્રશ્ન—જો અનેક છે તો પૂર્વ જન્મની અને મરણની વાત યાદ કેમ નથી આવતી ?

ઉત્તર—જીવ અલ્પજ્ઞ છે, ત્રિકાળદર્શી નથી માટે સ્મરણ થતું નથી અને જીવ જે મનથી જાણે છે તે મન પણ એક સમયમાં બે જ્ઞાન પ્રાપ્ત કરી શકતું નથી. પૂર્વ જન્મ તો દૂર રહયો પરન્તુ આ જ દેહમાં ગર્ભાગમનથી લઇ પાંચ વર્ષની અન્દરની જીવની જે સ્થિતિ હતી તેનું જ્ઞાન કેમ થતું નથી ? તથા જાગૃત અને સ્વપ્ન દશામાં અનેક વ્યવહારોને પ્રત્યક્ષ કરી જ્યારે જીવ સુષુપ્તિ દશાને પ્રાપ્ત થાય છે ત્યારે જાગૃત આદિ દશાના વ્યવહારોનું સ્મરણ કેમ થતું નથી ? જો કોઇ તમને પૂછે કે આજથી બાર વર્ષની પહેલાં તેરમા વર્ષના પાંચમા મહિનાના નવમા દિવસે દશ વાગ્યાથી પહેલી મીનિટે તમે શું કર્યું હતું ? તમારૂં મોઢું, હાથ, કાન, નેત્ર અને શરીર કઇ તરફ અને કેવાં હતાં ? અને મનમાં શો વિચાર હતો ? જ્યારે આ જ શરીરમાં એમ છે તો પછી પૂર્વ જન્મની વાતોનું સ્મરણ કેમ નથી થતું ! એવી શંકા કરવી એ બાળકપણું છે. એથી તો જીવ સુખી છે–નહિ તો સર્વ જન્મનાં દુઃખો જોઇ જોઇ જીવ દુઃખિત થઈ મરી જાય. જો કોઇ પૂર્વ જન્મના વૃત્તાંતો જાણવા માગે તોપણ જાણી શકતો નથી કારણ કે જીવનું જ્ઞાન અને સ્વરૂપ અલ્પ છે એ વાત તો ઇશ્વરને જાણવા યોગ્ય છે.

---

† **નજરકેદ**, " **बारह पत्थरके भीतर बन्ध करदिया** " એવી હિન્દુસ્તાની ભાષામાં કહેવત છે, તેનો અર્થ નજરકેદ થાય છે.

પ્રશ્ન—જ્યારે જીવને પૂર્વ જન્મનું જ્ઞાન નથી તો પછી ઇશ્વર જે જીવને દંડ આપે છે, તેનાથી જીવનો સુધાર થવો અશક્ય છે કારણ કે જો એને જ્ઞાન થાય કે મેં અમુક કામ કર્યું હતું તેનું આ ફલ છે તો જ તે પાપ કર્મોથી બચે.

ઉત્તર—તમે જ્ઞાન કેટલા પ્રકારનું માનો છો !

પ્રશ્ન—પ્રત્યક્ષાદિ પ્રમાણોથી આઠ પ્રકારનું.

ઉત્તર—ત્યારે તમે જન્મથી લઇ હરેક સમયમાં રાજા, ધન, વિદ્યા, દારિદ્રય, નિર્બુદ્ધિ, મૂર્ખતા, સુખ અને દુઃખ સંસારમાં જોતા આવ્યા છો તેને ધ્યાનમાં લઇ પૂર્વ જન્મનું જ્ઞાન કેમ નથી કરી લેતા ? જેમ કોઇ વૈદ્ય અથવા અવૈદ્યને રોગ થાય છે ત્યારે વૈદ્ય રોગનું નિદાન જાણી લે છે અવૈદ્ય જાણી શકતો નથી, કારણ કે પહેલાએ વૈદ્યક શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે અને બીજાએ નથી કર્યો; તોપણ જ્વર આદિ રોગથી અવૈદ્ય પણ એટલું તો જાણી શકે છે કે કોઇ કુપથ્ય જરૂર થઇ ગયું છે કે જેનાથી આ રોગ થયો, તેવીજ રીતે સંસારમાં વિચિત્રતા સુખ દુઃખની ઉન્નતિ અને અવનતિ જોઇ પૂર્વ જન્મનું અનુમાન કેમ નથી કરી લેતા ? જો પૂર્વ જન્મ ન માનવામાં આવે તો ઇશ્વર પક્ષપાતી થઇ જાય, કારણ કે પાપ વિના અમુક જીવને દારિદ્રયાદિ દુઃખ, અમુક જીવને પૂર્વ સંચિત પુણ્યાદિ વિના રાજ્ય અને ધનાઢ્યતા તથા અમુકને નિર્બુદ્ધિતા શા માટે આપી ? માટે જો પૂર્વ જન્મના પાપ-પુણ્યાનુસાર દુઃખ સુખ આપે તો જ ઇશ્વર ન્યાયકારી થઇ શકે છે.

પ્રશ્ન—એક જન્મ હોય તોપણ ઇશ્વર ન્યાયકારી થઇ શકે છે. જેમ સર્વનો અધિષ્ઠાતા રાજા જે કરે તે ન્યાય્ય જેમ માળી પોતાના બગીચામાં ન્હાનાં મોટાં વૃક્ષો લગાવે છે, કોઇને કાપી નાંખે છે કોઇને ઉખેડી નાંખે છે અને કોઇની રક્ષા કરે છે. જેની જે વસ્તુ છે તેને તે ગમે તેમ કરે, તેની ઉપર બીજો કોઈ પણ ન્યાયકર્ત્તા નથી કે જે તેને (વસ્તુના સ્વામીને) દંડ આપે, તેવીજ રીતે ઇશ્વર ઉપર કોઇ ન્યાયકર્ત્તા તથા ભયપ્રદાતા નથી માટે તે જે કરે તે ન્યાય્ય.

ઉત્તર—પરમાત્મા ન્યાય જ કરે છે અન્યાય નહિ. માટે જ મહાન્ પૂજનીય છે. જો ન્યાય વિરૂદ્ધ કરે તો તે ઇશ્વર જ નહિ. જેમ માળી માર્ગમાં અથવા અયોગ્ય ભૂમિમાં વૃક્ષ રોપવાથી, નહિકાપવાયોગ્યને કાપવાથી, નહિ વધારવા યોગ્યને વધારવાથી દૂષિત થાય છે, તેવીજ રીતે કારણ વિના ફળ આપવાથી ઇશ્વરને દોષ લાગે છે. ન્યાય્ય કામ કરવું એ પરમાત્મની ઉપર જરૂરનું છે કારણ કે તે સ્વભાથી પવિત્ર અને ન્યાય કારી છે, જો ઉન્મત્તની માફક કામ કરે તો જગત્‌માં ઉતમ ન્યાયાધીશ કરતાં ન્યૂન અને અપ્રતિષ્ઠિત થઇ જાય ! શું આ જગત્‌માં ઉત્તમ કામ નહિ કરનાર અયોગ્ય માણસને પ્રતિષ્ટા (સત્કાર) આપનાર અને અદુષ્ટ કામ કરનારને દંડ આપનાર નિન્દનીય અને અપ્રતિષ્ઠિત નથી થતો ? ઇશ્વર અન્યાય નથી કરતો માટે જ ભય પામતો નથી.

પ્રશ્ન-પરમાત્માએ પ્રથમથી જ જેને જેટલું આપવાને વિચાર્યું છે તેને તેટલું જ આપે છે અને જેટલું કરવાનું હોય છે તેટલું જ કરે છે.

ઉત્તર—એનો વિચાર જીવોનાં કર્મ પ્રમાણે થાય છે, બીજાને આધારે નહિ; જો બીજાને આધારે કરવામાં આવે તો જ તે અપરાધી અને અન્યાયી થઇ જાય.

પ્રશ્ન—ન્હાના અને મ્હોટાને એક જ પ્રકારનું સુખ દુઃખ થાય છે. ન્હાનાને ન્હાની ચિન્તા અને મ્હોટાને મોટી; જેમકે કોઇ શાહુકાર એક લાખ રૂપિયાના વિવાદના નિર્ણય માટે ઘેરથી પાલખીમાં બેસી બજારે થઇ કોર્ટમાં જાય છે ત્યારે બજારના અજ્ઞાની લોકો કહે છે કે જુઓ, પુણ્ય પાપનું ફળ. એક પાલખીમાં આનન્દથી બેઠો છે જ્યારે બીજાઓ જોડા પહેર્યા શિવાય ઉપરની અને નીચેની (તપેલી ભૂમિની) ગરમી સહન કરતા પાલખી ઉઠાવી લઈ જાય છે. પરન્તુ બુદ્ધિમાન્ લોકો કહે છે કે શાહુકાર જેમ જેમ કોર્ટ પાસે જાય છે તેમ તેમ શોક અને સન્દેહમાં ડુબતો જાય છે; જ્યારે ભોઇ લોકોને આનન્દ થતો જાય છે, કોર્ટમાં પહોંચ્યા પછી પેલો શાહુકાર અહીં તહીં જવાને વાસ્તે વિચાર કરે છે. 'વકીલ પાસે જાઉં કે શિરસ્તેદાર (કોર્ટનો મુખ્ય કારકુન-અધિકારી, અથવા જેઓ અરજી વાંચવાનું અને જુબાની લેવાનું કામ કરે છે તે) પાસે જાઉં, આજે હારીશ કે જીતીશ, શું થશે કંઇ સમજાતું નથી'! જ્યારે ભોઇ લોકો (પાલખી ઉપાડનાર) તંબાકુ પીતા એક બીજા સાથે વાતચિત કરતા આનન્દથી સુઇ જાય છે. શેઠ જો જીતે તો કંઈ સુખ અને જો હારે તો મહા દુઃખ સાગરમાં ડૂબી જાય છે પરન્તુ ભોઇ લોકો તો તેવાને તેવાજ (આનન્દમાં) રહે છે; તેવીજ રીતે સુંદર કોમળ શય્યામાં સૂતેલા રાજાને જલદી નિદ્રા આવતી નથી જ્યારે મજુર લોકો કાંકરાવાળી ખડબચડી જમીન પર સુવે છે તોપણ જલદી નિદ્રા આવી જાય છે. એવીજ રીતે સર્વત્ર સમજો.

ઉત્તર—એ સમજ અજ્ઞાનીઓની છે, કારણ કે યદિ કોઇ શાહુકારને કહે તમે ભોઇ બની જાવ તો શું શાહુકાર ભોઇ બનવાને ખુશી બતાવશે ? કદિ નહિ, પરન્તુ ભોઇ લોકોને કહેવામાં આવે કે તું શાહુકાર બની જા તો તે ખુશીથી સ્વીકારશે. જો સુખ અને દુઃખ સર્વત્ર બરાબર હોય તો પોત પોતાની અવસ્થા છોડી ઉચ્ચ સ્થિતિમાં જવાને કોઇ ઇચ્છત નહિ. જુઓ એક પુણ્યાત્મા જીવ શ્રીમાન્ રાજાની રાણીના ગર્ભમાં આવે છે અને બીજો મહાદરિદ્ર મજુરના ગર્ભમાં આવે છે; એકને તો ગર્ભથી લઈ સર્વથા સુખ અને બીજાને સર્વ પ્રકારનું દુઃખ મળે છે. એક જ્યારે જન્મે છે ત્યારે સુગન્ધિ જળથી સ્નાન, અને યુક્તિથી નાડી છેદન યોગ્ય રીતે થાય છે, જ્યારે તે દૂધ પીવાને ઇચ્છે છે ત્યારે સાકર મેળવેલું સારૂં દૂધ મળે છે, એને પ્રસન્ન રાખવાને માટે નોકર, ચાકર, રમકડાં અને સ્વારી આદિ ઉત્તમ આનન્દોત્પાદક સ્થાન મળે છે. જ્યારે બીજાનો જન્મ જંગલમાં થાય છે સ્નાનને માટે જળ પણ નથી મળતું. જ્યારે દૂધ પીવાને ઇચ્છે છે, ત્યારે દૂધને બદલે ઠોંસા લપાટો આદિ મળે છે અત્યન્ત આર્ત્ત સ્વરથી રૂવે છે, કોઇ પૂછતું નથી. ઇત્યાદિ પાપપુણ્ય વિના જો જીવોને દુઃખ સુખ મળે તો પરમેશ્વર ઉપર દોષ આવે છે. જો કર્મ કર્યા શિવાય સુખ દુઃખ મળતાં હોય તો આગળ નરક અને સ્વર્ગ પણ ન મળવાં જોઇએ; કારણ કે જેમ પરમેશ્વરે આ વખતે અકૃત કર્મ-જીવોને સુખ દુઃખ આપ્યું છે તેવીજ રીતે મર્યા પછી પણ મરજીમાં આવે તેમ ઇશ્વર કોઇને સ્વર્ગમાં મોકલશે અને કોઇને નરકમાં મોકલશે. જો એમ હોય તો સવ જીવો અધર્માત્મા થઇ જાય-શા માટે ધર્મ કરે ? કારણ કે ધર્મના ફળની પ્રાપ્તિમાં તો સંદેહ છે, તે તો પરમેશ્વરના હાથમાં છે, જેવી

તેની મરજી તેવું કરશે-આવી સમજથી સર્વ લોક પાપકર્મ કરવામાં ભય રહિત થશે અને સંસારમાં પાપની વૃદ્ધિ અને ધર્મનો ક્ષય થઈ જશે. માટે પૂર્વ જન્મનાં પુણ્ય પાપને અનુસરી વર્ત્તમાન જન્મ છે અને વર્ત્તમાન અવસ્થા પણ પૂર્વ જન્મનાં કર્મને અનુસરીને છે, તથા વર્તમાન કર્મને અનુસરીને જ ભવિષ્યત્ જન્મ થશે.

પ્રશ્ન—મનુષ્ય અને પશ્વાદિના શરીરમાં એકજાતીય જીવો છે કે ભિન્નજાતીય ?

ઉત્તર—જીવ બધા એક જાતીય છે પરન્તુ કર્મના સંબંધથી મલિન અને પવિત્ર બને છે.

પ્રશ્ન—મનુષ્યનો જીવ પશુનાં શરીરમાં અને પશુનો જીવ મનુષ્યનાં શરીરમાં, સ્ત્રીનો જીવ પુરૂષમાં અને પુરૂષનો જીવ સ્ત્રીમાં જાય આવે છે કે નહિ ?

ઉત્તર—હા, જાય આવે છે, જ્યારે પાપ અધિક અને પુણ્ય ન્યૂન થાય છે ત્યારે મનુષ્યનો જીવ પશ્વાદિના શરીરમાં જાય છે અને જ્યારે ધર્મ અધિક અને અધર્મ ન્યૂન થાય છે ત્યારે દેવ એટલે વિદ્વાનોનું શરીર પામે છે. જ્યારે પુણ્ય અને પાપ બરાબર (સમકક્ષામાં) થાય છે ત્યારે સાધારણ મનુષ્યનું શરીર મળે છે, એમાં પણ પુણ્ય પાપની ઉત્તમતા, મધ્યમતા અને કનિષ્ઠતા વડે મનુષ્ય શરીરમાં પણ ઉત્તમતા, મધ્યમતા અને કનિષ્ઠતા મળે છે. જ્યારે અધિક પાપનું ફળ પશુ આદિના શરીરમાં ભોગવી લે છે અને પુણ્ય પાપ સમાન થાય છે, ત્યારે પાછો મનુષ્ય શરીરમાં આવે છે; ત્યાં પુણ્યનું ફળ ભોગવી મધ્યસ્થ મનુષ્યના શરીરમાં આવે છે. જીવનુ શરીરમાંથી જે નિર્ગમન થાય છે તેને " મૃત્યુ " કહેવામાં આવે છે અને શરીરની સાથે જે સંયોગ થાય છે તે " જન્મ " કહેવામાં આવે છે કારણ કે " यमेन वायुना " એવું વેદમાં લખ્યું છે. યમ એ નામ વાયુનું છે. ગરૂડ-પુરાણનો કલ્પિત યમ આ ઠેકાણે લેવાનો નથી! એનું વધારે ખંડન મંડન અગ્યારમા સમુલ્લાસમાં કરવામાં આવશે. પછી ધર્મરાજ એટલે પરમેશ્વર જીવને પાપ પુણ્યાનુસાર જન્મ આપે છે. તે વાયુ (જીવ) અન્ન, જળ અથવા શરીરનાં છિદ્રોદ્વારા શરીરમાં ઇશ્વિરની પ્રેરણાથી પ્રવિષ્ટ થઇ, ક્રમશઃ વીર્યમાં અને વીર્યમાંથી ગર્ભાશયમાં સ્થિત થાય છે. પછી શરીર ધારણ કરી બહાર આવે છે. જો સ્ત્રી શરીર ધારણ કરવાને યોગ્ય કર્મ હોય તો સ્ત્રી શરીરમાં અને પુરૂષ શરીર ધારણ કરવાને યોગ્ય કર્મ હોય તો પુરૂષ શરીરમાં પ્રવિષ્ટ થાય છે, સ્ત્રી અને પુરૂષના સંબંધથી તુલ્ય રજ અને વીર્ય વડે ગર્ભની સ્થિતિ થઇ હોય તો નપુંસક થાય છે. એવી રીતે જ્યાંસુધી ઉત્તમ કર્મ-ઉપાસના અને જ્ઞાન મેળવી જીવ મુક્ત નથી થતો ત્યાં સુધી જન્મ અને મરણના ચક્રમાં પડયો રહે છે. મુક્તિમાં મહાકલ્પપર્યન્ત જન્મ મરણના દુઃખોથી રહિત થઇ આનન્દમાં રહે છે.

પ્રશ્ન—મુક્તિ એક જન્મમાં થાય છે કે અનેક જન્મમાં ?

ઉત્તર—અનેક જન્મમાં. કારણ કે:—

भिद्यन्ते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे पराऽवरे ॥
मुण्डक २ । खं० २ । मं० ८ ॥

જ્યારે આ જીવના હૃદયની અવિદ્યા (અજ્ઞાન રૂપ) ગાંઠ છૂટી જાય છે, જ્યારે સંશય છિન્ન થઇ જાય છે અને દુષ્ટ કર્મનો ક્ષય થાય છે, ત્યારે અન્તર અને બહાર વ્યાપક પરમાત્મામાં જીવ નિવાસ કરે છે.

પ્રશ્ન—મુક્તિમાં જીવ પરમેશ્વર સાથે એક થાય છે કે પૃથક્ રહે છે ?

ઉત્તર--પૃથક્ રહે છે, કારણ કે જો એક થઇ જાય તો મુક્તિનું સુખ કોણ ભોગવે ? અને મુક્તિને માટે જે જે સાધનો મેળવ્યાં હતાં તે બધાં નિષ્ફળ થઇ જાય; તે (એકતા) મુક્તિ નથી પણ જીવનો પ્રલય સમજવો જોઇએ. જીવ જ્યારે પરમેશ્વરીય આજ્ઞાનું પાલન, ઉત્તમ કર્મ, સત્સંગ, યોગાભ્યાસ અને પૂર્વોક્ત સર્વ સાધનો પ્રાપ્ત કરે છે ત્યારે મુક્તિ પામે છે.

सत्यं ज्ञानमनन्तं ब्रह्म यो वेद निहितं गुहायां परमे व्योमन् ।
सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चितेति ॥
तैत्तिरी० । आनन्दवल्ली । अनु० १ ॥

જે જીવ પોતાની બુદ્ધિમાં અને આત્મામાં સ્થિત સત્ય અનન્તઆનન્દસ્વરૂપ પરમાત્માને જાણે છે, તે જ સર્વવ્યાપક બ્રહ્મમાં સ્થિત થઇને તે " વિપશ્ચિત " અનન્તવિદ્યા-યુક્ત બ્રહ્મની સાથે સર્વ ઇચ્છાને સફળ કરે છે અર્થાત્ જે જે આનન્દને ઇચ્છે છે તે તે આનન્દ મળે છે-એજ મુક્તિ કહેવાય છે.

પ્રશ્ન---જેમ શરીરવિના સાંસારિક સુખ ભોગવી શકાતું નથી, તેમ શરીર વિના આનન્દ કેવી રીતે ભોગવી શકાય ?

ઉત્તર---એનું સમાધાન પૂર્વે કરવામાં આવ્યું છે. છતાં આટલું વધારે સાંભળો-જેમ સાંસારિક સુખ શરીરના આધારથી ભોગવાય છે તેમ મુક્તિનો આનન્દ પરમાત્માના આધારથી ભોગવાય છે. તે મુક્ત જીવ અનન્ત વ્યાપક બ્રહ્મમાં સ્વચ્છન્દતાથી ફરે છે, શુદ્ધ જ્ઞાનથી સર્વ સૃષ્ટિ જુએ છે, બીજા મુક્ત જીવોની સાથે મળે છે, સર્વ સૃષ્ટિની વિદ્યાને ક્રમથી જોતો સર્વ લોક લોકાન્તર અર્થાત્ જે લોક દૃષ્ટ છે અને જે અદૃષ્ટ છે તે બધામાં ફરે છે, તેના જ્ઞાનના વિષયીભૂત સર્વ પદાર્થને અનુભવે છે, જેને જેટલું જ્ઞાન વધારે થાય છે તેને તેટલો વધારે આનન્દ મળે છે, મુક્તિમાં જીવાત્મા નિર્મળ હોવાથી પૂર્ણ જ્ઞાની હોય છે. સમીપવર્તી સર્વ પદાર્થનું અવ્યભિચારી જ્ઞાન થાય છે, સુખ વિશેષને સ્વર્ગ કહેવાય છે અને વિષયતૃષ્ણામાં ફસાવાથી દુ:ખ વિશેષનો જે ભોગ થાય છે તે નરક કહેવાય છે. " स्व " એ સુખનું નામ છે, " स्वः सुखं गच्छति यस्मिन् स स्वर्गः " " अतो विपरीतो दुःखभोगो नरक इति " । જે સાંસારિક સુખ છે તે સામાન્ય સ્વર્ગ અને પરમેશ્વરની પ્રાપ્તિથી જે આનન્દ મળે છે તે વિશેષ સ્વર્ગ કહેવાય છે. સર્વ જીવ સ્વભાવથીજ સુખની પ્રાપ્તિ અને દુ:ખનો વિયુક્તિ (વિયોગ) ઇચ્છે છે. પરન્તુ જ્યાંસુધી ધર્મ નથી કરતો અને પાપ નથી છોડતો ત્યાંસુધી તે સુખને મેળવી શકતો નથી અને દુ:ખને છોડી શકતો નથી. કારણ કે જેનું મૂળ (કારણ) વિદ્યમાન છે તે કદાપિ નષ્ટ થતું નથી. જેમકે:—

" छिन्ने मूले वृक्षो नश्यति तथा पापे क्षीणे दुःखं नश्यति "

જેમ મૂળ નષ્ટ થવાથી વૃક્ષ નષ્ટ થાય છે તેમ પાપ નષ્ટ થવાથી દુઃખ નષ્ટ થાય છે. જુઓ મનુસ્મૃતિમાં પાપ અને પુણ્યથી થતી અનેક ગતિઓ.

मानसं मनसैवायमुपभुङ्क्ते शुभाऽशुभम् ।
वाचा वाचाकृतं कर्म कायेनैव च कायिकम् ॥ १ ॥
शरीरजैः कर्मदोषैर्याति स्थावरतां नरः ।
वाचिकैः पक्षिमृगतां मानसैरन्त्यजातिताम् ॥ २ ॥
यो यदैषां गुणो देहे साकल्येनातिरिच्यते ।
स तदा तद्गुणप्रायं तं करोति शरीरिणम् ॥ ३ ॥
सत्त्वं ज्ञानं तमोऽज्ञानं रागद्वेषौ रजःस्मृतम् ।
एतद् व्याप्तिमदेतेषां सर्वभूताश्रितं वपुः ॥ ४ ॥
तत्र यत्प्रीतिसंयुक्तं किञ्चिदात्मनि लक्षयेत् ।
प्रशान्तमिव शुद्धाभं सत्त्वं तदुपधारयेत् ॥ ५ ॥
यत्तु दुःखसमायुक्तमप्रीतिकरमात्मनः ।
तद्रजोऽप्रतिपं विद्यात्सततं हारि देहिनाम् ॥ ६ ॥
यत्तु स्यान्मोहसंयुक्तमव्यक्तं विषयात्मकम् ।
अप्रतर्क्यमविज्ञेयं तमस्तदुपधारयेत् ॥ ७ ॥
त्रयाणामपि चैतेषां गुणानां यः फलोदयः
अग्र्यो मध्यो जघन्यश्च तं प्रवक्ष्याम्यशेषतः ॥ ८ ॥
वेदाभ्यासस्तपो ज्ञानं शौचमिन्द्रियनिग्रहः ।
धर्मक्रियात्माचिन्ता च सात्त्विकं गुणलक्षणम् ॥ ९ ॥
आरम्भरुचिताऽधैर्यमसत्कार्यपरिग्रहः ।
विषयोपसेवा चाजस्रं राजसं गुणलक्षणम् ॥ १० ॥
लोभः स्वप्नो धृतिः क्रौर्यं नास्तिक्यं भिन्नवृत्तिता ।
याचिष्णुता प्रमादश्च तामसं गुणलक्षणम् ॥ ११ ॥
यत्कर्म कृत्वा कुर्वंश्च करिष्यँश्चैव लज्जति ।
तज्ज्ञेयं विदुषा सर्वं तामसं गुणलक्षणम् ॥ १२ ॥

येनास्मिन्कर्मणा लोके ख्यातिमिच्छति पुष्कलाम् ।
न च शोचत्यसम्पत्तौ तद्विज्ञेयं तु राजसम् ॥ १३ ॥
यत्सर्वेणेच्छति ज्ञातुं यन्न लज्जति चाचरन् ।
येन तुष्यति चात्मास्य तत्सत्त्वगुणलक्षणम् ॥ १४ ॥
तमसो लक्षणं कामो रजसस्त्वर्थ उच्यते ।
सत्त्वस्य लक्षणं धर्मः श्रैष्ठ्यमेषां यथोत्तरम् ॥ १५ ॥
मनु० अ० १२ ॥ श्लो० ८ । ९।२५–३३ । ३५–३८ ॥

મનુષ્ય આ પ્રમાણે પોતાના શ્રેષ્ઠ મધ્યમ અને કનિષ્ઠ સ્વભાવને જાણી ઉત્તમ સ્વભાવનું ગ્રહણ કરે અને મધ્યમ કનિષ્ઠનો ત્યાગ કરે. એ નિશ્ચય જાણવું કે જે જીવ મનથી સારૂં અથવા ખરાબ કામ કરે છે તેને મનથી, વાણીથી કરે છે તેનું વાણીથી અને શરીરથી કરે છે તેને શરીરથી સુખ દુઃખ થાય છે. ૧

જે માણસ ચોરી પરસ્ત્રીગમન અને શ્રેષ્ટનું હનન આદિ શારીર કર્મ કરે છે તેને સ્થાવરનો જન્મ, વાણીથી પાપ કરનારને પક્ષી તથા મૃગ આદિનાં જન્મ અને મનથી દુષ્ટકર્મ કરનારને ચાંડાળ આદિનું શરીર મળે છે. ૨

જીવના શરીરમાં જે ગુણ અધિક હોય તે ગુણ તે જીવને પોતાની સમાન કરી દે છે. ૩

જ્યારે આત્મામાં જ્ઞાન હોય ત્યારે સત્ત્વગુણ, જ્યારે અજ્ઞાન હોય ત્યારે તમો ગુણ અને રાગ દ્વેષ હોય ત્યારે રજો ગુણ જાણવો. એ ત્રણ પ્રકૃતિગુણોવડે સર્વ સાંસારિક પદાર્થો વ્યાપ્તછે. ૪

એનો વિવેક આ પ્રમાણે કરવો જોઇએઃ–જ્યારે આત્મામાં પ્રસન્નતા, મન પણ પ્રશાન્ત શુદ્ધભાવયુક્ત હોય ત્યારે સમજવું કે સત્ત્વ ગુણ પ્રધાન છે અને રજોગુણ તથા તમો ગુણ અપ્રધાન છે. ૫.

જ્યારે આત્મામાં દુઃખ, મન પ્રસન્નતા રહિત, વિષયમાં જ્યાં ત્યાં ગમનાગમન કરે ત્યારે જાણવું કે રજો ગુણ પ્રધાન છે અને સત્વ તથા તમો ગુણ અપ્રધાન છે. ૬

જ્યારે મોહ એટલે સાંસારિક પદાર્થમાં ફસાયલો આત્મા અને મન હોય, જ્યારે આત્મામાં અને મનમાં કોઇપણ જાતનો વિવેક ન રહે, તર્ક વિતર્કથી રહિત અને વિષયમાં આસક્ત હોય, ત્યારે જાણવું કે તમો ગુણ પ્રધાન છે અને સત્વ ગુણ તથા રજોગુણ અપ્રધાન છે. ૭

હવે એ ત્રણ ગુણોનો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ફલોદય થાય છે તેને પૂર્ણ ભાવથી કહે છેઃ— ૮

જે વેદોનો અભ્યાસ, ધર્માનુષ્ઠાન, જ્ઞાનની વૃદ્ધિ, પવિત્રતાની ઇચ્છા, ઇન્દ્રિયોનો નિગ્રહ, ધર્મક્રિયા અને આત્મચિન્તન છે તે સત્ત્વગુણનું લક્ષણ છે, ૯

આરંભમાં રૂચિ, ધૈર્યત્યાગ, અસત્કર્મોનું ગ્રહણ અને વિષયોમાં નિરન્તર પ્રીતિ જ્યારે થાય છે ત્યારે સમજવું કે મારામાં રજો ગુણ પ્રધાન છે. ૧૦

જ્યારે લોભ (જેનાથી પાપનું મૂળ વધે છે) અત્યન્ત આલસ્ય, નિદ્રા. ધૈર્ય નાશ, ક્રૂરતા, નાસ્તિકતા અર્થાત્ વેદ તથા ઇશ્વર ઉપર શ્રદ્ધા ન રહેવી, અન્તઃકરણની ભિન્નભિન્નવૃત્તિઓ, એકાગ્રતાનો અભાવ અને કોઇ પણ વ્યસનમાં ફસાવું થાય છે, ત્યારે તમો ગુણનું લક્ષણ ઉદય પામ્યું એમ વિદ્વાન્ લોકો કહે છે. ૧૧

જ્યારે કામ કરીને અથવા કરતી વખતે અથવા કામ કરવાની ઇચ્છા વખતે આત્મામાં લજ્જા, શંકા અને ભય થાય છે ત્યારે જ સમજવું કે મારામાં તમોગુણ વધ્યો છે. ૧૨

જીવાત્મા જે કર્મથી આ લોકમાં પુષ્કળ પ્રસિદ્ધિ ઇચ્છે છે, દરિદ્ર થવા છતાં પણ ચારણ ભાટ આદિને આપવું નથી છોડતો ત્યારે સમજવું કે મારામાં રજો ગુણ પ્રબળ છે. ૧૩

જ્યારે મનુષ્ય સર્વ પાસેથી જાણવા માગતો હોય, ગુણગ્રાહી હોય, પવિત્ર કર્મમાં લજ્જા રહિત હોય, જે કર્મથી આત્મા પ્રસન્ન રહે અર્થાત્ ધર્માચરણ જ પ્રિય લાગતું હોય, ત્યારે તેણે સમજવું કે મારામાં સત્વગુણ પ્રબળ છે. ૧૪

તમોગુણનું લક્ષણ કામ, રજોગુણનું લક્ષણ ધન સંગ્રહની ઇચ્છા, સત્ત્વગુણનું લક્ષણ ધાર્મિક સેવા છે. રજોગુણ અને તમોગુણ કરતાં સત્ત્વગુણ ઉત્તમ છે. ૧૫

હવે જે જે ગુણથી જે જે ગતિમાં જીવ જાય છે તે લખવામાં આવે છે.

देवत्वं सात्त्विका यान्ति मनुष्यत्वञ्च राजसाः ।
तिर्यक्त्वं तामसा नित्यमित्येषा त्रिविधा गतिः ॥ १ ॥
स्थावराः कृमिकीटाश्च मत्स्याः सर्पाश्च कच्छपाः ।
पशवश्च मृगाश्चैव जघन्या तामसी गतिः ॥ २ ॥
हस्तिनश्च तुरङ्गाश्च शूद्रा म्लेच्छाश्च गर्हिताः ।
सिंहा व्याघ्रा वराहाश्च मध्यमा तामसी गतिः ॥ ३ ॥
चारणाश्च सुपर्णाश्च पुरुषाश्चैव दाम्भिकाः ।
रक्षांसि च पिशाचाश्च तामसीषूत्तमा गतिः ॥ ४ ॥
भल्ला मल्ला नटाश्चैव पुरुषाः शस्त्रवृत्तयः ।
द्यूतपानप्रसक्ताश्च जघन्या राजसी गतिः ॥ ५ ॥
राजानः क्षत्रियाश्चैव राज्ञां चैव पुरोहिताः ।
वादयुद्धप्रधानाश्च मध्यमा राजसी गतिः ॥ ६ ॥

गन्धर्वा गुह्यका यक्षा विबुधानुचराश्च ये ।
तथैवाप्सरसः सर्वा राजसीषूत्तमा गतिः ॥ ७ ॥
तापसा यतयो विप्रा ये च वैमानिका गणाः ।
नक्षत्राणि च दैत्याश्च प्रथमा सात्त्विकी गतिः ॥ ८ ॥
यज्वान ऋषयो देवा वेदा ज्योतींषि वत्सराः ।
पितरश्चैव साध्याश्च द्वितीया सात्त्विकी गतिः ॥ ९ ॥
ब्रह्मा विश्वसृजो धर्म्मो महानव्यक्तमेव च ।
उत्तमां सात्त्विकीमेतां गतिमाहुर्मनीषिणः ॥ १० ॥
इन्द्रियाणां प्रसंगेन धर्मस्यासेवनेन च ।
पापान्संयान्ति संसारानविद्वांसो नराधमाः ॥ ११ ॥
मनु० अ० १२ । श्लो० ४० । ४२–५० । ५२ ॥

જે મનુષ્ય સાત્વિક છે તે દેવ એટલે વિદ્વાન્, જે રજોગુણી છે તે મધ્યમ મનુષ્ય અને જે તમોગુણી છે નીચ ગતિને પ્રાપ્ત થાય છે. ૧

જે અત્યન્ત તમોગુણી છે તે સ્થાવર વૃક્ષાદિ, કૃમિ, કીટ, મત્સ્ય. સર્પ, કચ્છપ, પશુ અને મૃગ આદિના જન્મને પ્રાપ્ત થાય છે. ૨

જે મધ્યમ તમોગુણી છે તે હાથી, ઘોડા, શૂદ્ર, મ્લેચ્છ, નિન્દિત-કર્મ કરનાર સિંહ, વ્યાઘ્ર અને વરાહ આદિના જન્મને પ્રાપ્ત થાય છે. ૩

જે ઉત્તમ તમોગુણી છે તે ચારણ એટલે ઉત્તમ કવિત દોહા આદિ બનાવી મનુષ્યને આનન્દિત કરનાર, સુંદર પક્ષી, દાંભિક એટલે પોતાના સુખને માટે પોતાની પ્રશંસા કરનાર, રાક્ષસ (હિંસક) અને પિશાચ (અનાચારી મદ્ય માંસ આદિ ખાનાર મલિન) થાય છે. ૪

જે ઉત્તમ રજો ગુણી છે તે (ભાલા આદિથી મારનાર કોદાળીઆદિથી ખોદનાર) મલ્લા (નૌકા આદિ ચલાવનાર) નટ (જે વાંસ દોરડા આદિની કસરત કરી પેટ ભરે છે તે) શસ્ત્રધારી ભૃત્ય (નોકર) મદ્યપાનમાં આસક્ત થાય છે. ૫

જે મધ્યમ રજોગુણી છે તે રાજા ક્ષત્રિયવર્ણસ્થ, રાજાનો પુરોહિત, વાદવિવાદ કરનાર દૂત પ્રાડ્વિવાક (વકીલ બારિષ્ટર) અને યુદ્ધ વિભાગનો અધ્યક્ષ થાય છે. ૬

જે ઉત્તમ રજોગુણી છે તે ગન્ધર્વ (ગાનાર) ગુહ્યક (વાદિત્ર વગાડનાર) યક્ષ (ધનાઢ્ય) વિદ્વાનોનો સેવક અને અપસરા (ઉત્તમ રૂપવાળી સ્ત્રી) થાય છે. ૭

જે તપસ્વી, યતિ, સંન્યાસી, વેદપાઠી, વિમાનને ચલાવનાર, જ્યોતિષી અને દૈત્ય એટલે દેહ-પોષક મનુષ્ય થાય છે જે પ્રથમ સત્વ ગુણનું ફળ છે. ૮

જે મધ્યમ સત્ત્વગુણી છે તે જીવ યજ્ઞકર્ત્તા, વેદાર્થવિત્, વિદ્વાન્, વિદ્યુત્ આદિ વિદ્યાને જાણનાર, રક્ષક, જ્ઞાની અને સાધ્ય (કાર્ય સિદ્ધિને માટે સેવવા લાયક) અધ્યાપક થાય છે. ૯

જે ઉત્તમ સત્ત્વગુણી હોય છે તે બ્રહ્મા (ચારે વેદને જાણનાર) વિશ્વસૃજ-સર્વ સૃષ્ટિ વિદ્યાને જાણી વિમાનાદિ યાનોનો બનાવનાર ધાર્મિક, સર્વોત્તમ બુદ્ધિયુક્ત, અવ્યક્ત જન્મ અને પ્રકાશિત્વ વશિત્વ આદિ સિદ્ધિઓને પ્રાપ્ત કરનાર થાય છે. ૧૦

જે લોકો ઇન્દ્રિયોને આધીન થઈ, ધર્મનો ત્યાગ કરી અધર્મનું સેવન કરનાર છે. વિષયી હોય છે, તે મૂર્ખ નરાધમ અત્યન્ત ખરાબ યોનિમાં જન્મ પામે છે. ૧૧

એ પ્રમાણે સત્વ, રજ અને તમોગુણના વેગથી જીવ જેવાં જેવાં કર્મ છે તેવાં તેવાં ફળને પ્રાપ્ત થાય છે, માટે જે જે મુમુક્ષુ હોય તેણે ગુણાતીત થઇ, રાજસ તામસ આદિ ગુણોમાં નહિ ફસાઇ મુક્તિનાં સાધનો પ્રાપ્ત કરવાં કારણ કેઃ—

योगश्चित्तवृत्तिनिरोधः ॥ १ ॥ पा० १ । ३ ॥

तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ॥ २ ॥ पा० १ । २ ॥

આ પાતંજલ યોગશાસ્ત્રનાં સૂત્રો છે. રજોગુણ અને તમોગુણથી મનને દૂર કરી શુદ્ધ સત્વગુણવાળાં કર્મોથી પણ દૂર કરી શુદ્ધ સત્વગુણવાળા થવું. પછી નિરૂદ્ધ એટલે મનની સર્વ વૃતિઓને રોકવી. ૧

જયારે ચિત્ત નિરૂદ્ધ થઇ એકાગ્ર થાય છે ત્યારે દ્રષ્ટા એટલે ઇશ્વરના સ્વરૂપમાં જીવની સ્થિતિ થાય છે. ૨ ઈત્યાદિ સાધનો મુક્તિને માટે કરવાં.

अथ त्रिविधदुःखात्यन्तनिवृत्तिरत्यन्तपुरुषार्थः ।

सांख्ये अ० १ । सू० १ ॥

આધ્યાત્મિક–શરીર સંબંધી પીડા, આધિભૌતિક–બીજા પ્રાણીઓથી દુઃખી થવું, અને આધિદૈવિક–અતિ વૃષ્ટિ, અતિ તાપ, અતિશીત અને મન આદિની ચંચલતાથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તે, એ ત્રણ દુઃખથી મુક્ત થઇ મુક્તિ પામવી એ અત્યન્ત પુરૂષાર્થ છે.

હવે આની પછી (દશમા સમુલ્લાસમાં) આચાર, અનાચાર, ભક્ષ્ય અને અભક્ષ્યનો વિષય લખવામાં આવશે.

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामिनिर्मिते सत्यार्थप्रकाशे सुभाषाविभूषिते विद्याऽविद्याबन्धमोक्षविषये नवमः समुल्लासः सम्पूर्णः ॥ ९ ॥

अथ दशमसमुल्लासारम्भः

अथाऽऽचाराऽनाचाराभक्ष्याऽभक्ष्यविषयान् व्याख्यास्यामः ।

હવે આચાર અને અનાચાર વિષયમાં લખવામાં આવે છે. ધાર્મિક કર્મનું આચરણ, સુશીલતા, સત્પુરૂષની સંગતિ અને સદ્વિદ્યાના ગ્રહણમાં અભિલાષ, એ આચાર કહેવાય છે અને તેનાથી જે વિપરીત છે તે અનાચાર કહેવાય છે.

विद्वद्भिः सेवितः सद्भिर्नित्यमद्वेषरागिभिः ।
हृदयेनाभ्यनुज्ञातो यो धर्मस्तन्निबोधत ॥ १ ॥
कामात्मता न प्रशस्ता न चैवेहास्त्यकामता ।
काम्यो हि वेदाधिगमः कर्मयोगश्च वैदिकः ॥ २ ॥
सङ्कल्पमूलः कामो वै यज्ञाः सङ्कल्पसम्भवाः ।
व्रतानि यमधर्माश्च सर्वे सङ्कल्पजाः स्मृताः ॥ ३ ॥
अकामस्य क्रिया काचिद् दृश्यते नेह कर्हिचित् ।
यद्यद्धि कुरुते किञ्चित् तत्तत्कामस्य चेष्टितम् ॥ ४ ॥
वेदोऽखिलो धर्ममूलं स्मृतिशीले च तद्विदाम् ।
आचारश्चैव साधूनामात्मनस्तुष्टिरेव च ॥ ५ ॥
सर्वन्तु समवेक्ष्येदं निखिलं ज्ञानचक्षुषा ।
श्रुतिप्रामाण्यतो विद्वान् स्वधर्मे निविशेत वै ॥ ६ ॥
श्रुतिस्मृत्युदितं धर्ममनुतिष्ठन् हि मानवः ।

इह कीर्तिमवाप्नोति प्रेत्य चानुत्तमं सुखम् ॥ ७ ॥
योऽवमन्येत ते मूले हेतुशास्त्राश्रयाद् द्विजः ।
स साधुभिर्बहिष्कार्यो नास्तिको वेदनिन्दकः ॥ ८ ॥
वेदः स्मृतिः सदाचारः स्वस्य च प्रियमात्मनः ।
एतच्चतुर्विधं प्राहुः साक्षाद्धर्मस्य लक्षणम् ॥ ९ ॥
अर्थकामेष्वसक्तानां धर्मज्ञानं विधीयते ।
धर्मं जिज्ञासमानानां प्रमाणं परमं श्रुतिः ॥ १० ॥
वैदिकैः कर्मभिः पुण्यैर्निषेकादिर्द्विजन्मनाम् ।
कार्य्यः शरीरसंस्कारः पावनः प्रेत्य चेह च ॥ ११ ॥
केशान्तः षोडशे वर्षे ब्राह्मणस्य विधीयते ।
राजन्यबन्धोर्द्वाविंशे वैश्यस्य द्व्यधिके ततः ॥ १२ ॥
मनु० अ० २ । श्लो० १–४ । ६ । ८ । ९ । ११–१३।२६।६५॥

જે રાગ દ્વેષ રહિત ઉત્તમ વિદ્વાનો વડે સેવાયલો, હૃદયથી જાણવામાં આવેલો (સંશયશૂન્ય) તે જ માનનીય અને કરણીય ધર્મ છે, એ મનુષ્યોએ સર્વદા ધ્યાનમાં રાખવું. ૧

કારણ કે, આ સંસારમાં અત્યન્ત કામાત્મતા (ફલાભિલાષીપણું) અને નિષ્કામતા (બીલકુલ અભિલાષ ન રાખવો) સારાં નથી (વાસ્તવમાં તો નિષ્કામતા છે જ નહિ) કારણ કે વેદાર્થ જ્ઞાન અને વેદોક્ત કર્મ કામનાથી જ સિદ્ધ થાય છે. ૨

જો કોઈ કહે કે હું નિષ્કામ થઇ જાઉં તો તે કદિપણ બની શકતું નથી, કારણ જેટલાં કામ અર્થાત્ યજ્ઞ, સત્ય ભાષણાદિ વ્રત, યમ નિયમરૂપ ધર્મ આદિ છે, તે સંકલ્પથી જ થાય છે. ૩

કારણ કે હસ્ત, પાદ, નેત્ર અને મન આદિમાં જે જે ક્રિયા થાય છે તે બધી કામનાથી જ થાય છે. જો ઇચ્છા ન હોય તો આંખનું ઉઘાડવું અને બંધ કરવું પણ ન બની શકે. ૪

માટે સંપૂર્ણ વેદ મનુસ્મૃતિ તથા ઋષિ પ્રણીત શાસ્ત્રો, સત્પુરૂષનો આચાર અને જે કાર્ય કરવામાં આત્મા પ્રસન્ન રહે અર્થાત્ જે કામ કરવામાં ભય શંકા અને લજ્જા ન થાય તે કામ કરવું યોગ્ય છે. જુઓ, જ્યારે કોઇ મનુષ્ય અસત્ય બોલવાની અથવા ચોરી કરવાની ઇચ્છા કરે છે તે જ વખતે તેના આત્મામાં ભય, શંકા અને લજ્જા જરૂર થાય છે, માટે તે કાર્ય યોગ્ય નથી. ૫

સર્વ શાસ્ત્રો, સત્પુરૂષનો આચાર અને જે પોતાના આત્માને અવિરૂદ્ધ હોય તે બધાનો જ્ઞાનરૂપ નેત્રવડે, વેદ પ્રમાણથી (વેદની સહાયતા લઇને) પૂર્ણ વિચાર કરવો અને પછી આત્માને હિતકારક જે ધર્મ હોય તેમાં પ્રવેશ કરવો. ૬

કારણ કે જે માણુસ વેદોક્ત અને વેદાનુકૂલ સ્મૃતિમાં કહેલા ધર્મનું અનુષ્ઠાન કરે છે તે આ લોકમાં ઉત્તમ કીર્તિ પામી મર્યા પછી સર્વોત્તમ સુખને મેળવે છે. ૭

શ્રુતિને વેદ અને ધર્મ શાસ્ત્રને સ્મૃતિ કહેવામાં આવે છે; એ બેથી કર્ત્તવ્ય અને અકર્ત્તવ્યનો નિશ્ચય કરવો. જો કોઈ માણુસ વેદ અને વેદાનુકૂલ આપ્ત ગ્રન્થોનું અપમાન કરે તો તેને શ્રેષ્ઠ પુરૂષોએ બાહ્ય કરવો કારણ કે વેદની નિન્દા કરનાર નાસ્તિક છે. ૮

માટે વેદ, સ્મૃતિ, સદાચાર અને આત્મિક જ્ઞાનને અનુકૂલ પ્રિયાચરણ એ ચાર ધર્મના લક્ષણ એટલે એ ચારથી જ ધર્મ સમજાય છે. ૯

જે માણુસ ધનનો લોભી નથી અને વિષયની અન્દર આસક્ત નથી, તેને જ ધર્મનું જ્ઞાન થાય છે, જે ધર્મને જાણવાની ઇચ્છા કરે તેને માટે વેદજ પ્રમાણ છે. ૧૦

માટે સર્વ મનુષ્યને યોગ્ય છે કે વૈદિક પવિત્ર કર્મોવડે બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યે પોતાના સંતાનના નિષેકાદિ સંસ્કારો કરાવવા કે જે આ જન્મમાં અને પર જન્મમાં પવિત્ર કરનાર છે. ૧૧

બ્રાહ્મણનો સોળમે વરશે, ક્ષત્રિયનો બાવીશમે વરશે અને વૈશ્યનો ચોવીશમે વર્ષે કેશાન્ત (ક્ષૌર મુંડન) સંસ્કાર કરવો જોઇએ અર્થાત્ એ વિધિ થયા પછી કેવળ શિખા રાખી ડાઢી મૂછ અને માથાના વાળ કઢાવી નાંખવા જોઇએ ફરી રખાવવા નહિ. પરન્તુ શીતપ્રધાનમાં (જયાં ટાઢ વિશેષ પડતી હોય ત્યાં) કામચાર-ઇચ્છા મુજબ છે અર્થાત્ મરજી પડે તેટલા કેશ રખાવવા, અને ઉષ્ણ દેશ હોય તો શિખા સહિત સર્વનું મુંડન કરાવી નાંખવું, કારણ કે માથામાં વાળ રહેવાથી ગરમી વધારે થાય છે તેથી બુદ્ધિ મન્દ પડી જાય છે. ડાઢી મૂછ હોવાથી ખાન પાન પણ સારી રીતે થતું નથી વાળમાં ઉચ્છિષ્ટ પણ રહી જાય છે. ૧૨

इन्द्रियाणां विचरतां विषयेष्वपहारिषु ।
संयमे यत्नमातिष्ठेद्विद्वान् यन्तेव वाजिनाम् ॥ १ ॥
इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम् ।
सन्नियम्य तु तान्येव ततः सिद्धिं नियच्छति ॥ २ ॥
न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्द्धते ॥ ३ ॥
वेदास्त्यागश्च यज्ञाश्च नियमाश्च तपांसि च ।
न विप्रदुष्टभावस्य सिद्धिं गच्छन्ति कर्हिचित् ॥ ४ ॥
वशे कृत्वेन्द्रियग्रामं संयम्य च मनस्तथा ।
सर्वान् संसाधयेदर्थानाक्षिण्वन् योगतस्तनुम् ॥ ५ ॥

श्रुत्वा स्पृष्ट्वा च दृष्ट्वा च भुक्त्वा घ्रात्वा च यो नरः ।
न हृष्यति ग्लायति वा स विज्ञेयो जितेन्द्रियः ॥ ६ ॥
नापृष्टः कस्यचिद् ब्रूयान्न चान्यान्येन पृच्छतः ।
जानन्नपि हि मेधावी जडवल्लोक आचरेत् ॥ ७ ॥
वित्तं बन्धुर्वयः कर्म विद्या भवति पञ्चमी ।
एतानि मान्यस्थानानि गरीयो यद्यदुत्तरम् ॥ ८ ॥
अज्ञो भवति वै बालः पिता भवति मन्त्रदः ।
अज्ञं हि बालमित्याहुः पितेत्येव तु मन्त्रदम् ॥ ९ ॥
न हायनैर्न पलितैर्न वित्तेन न बन्धुभिः ।
ऋषयश्चक्रिरे धर्मं योऽनूचानः स नो महान् ॥ १० ॥
विप्राणां ज्ञानतो ज्यैष्ठ्यं क्षत्रियाणान्तु वीर्यतः ।
वैश्यानां धान्यधनतः शूद्राणामेव जन्मतः ॥ ११ ॥
न तेन वृद्धो भवति येनास्य पलितं शिरः ।
यो वै युवाप्यधीयानस्तं देवाः स्थविरं विदुः ॥ १२ ॥
यथा काष्ठमयो हस्ती यथा चर्ममयो मृगः ।
यश्च विप्रोऽनधीयानस्त्रयस्ते नाम बिभ्रति ॥ १३ ॥
अहिंसयैव भूतानां कार्यं श्रेयोऽनुशासनम् ।
वाक् चैव मधुरा श्लक्ष्णा प्रयोज्या धर्ममिच्छता ॥ १४ ॥
मनु० अ० २ ॥ श्लो० ८८ । ९३ । ९४ । ९७ । १०० ।
९८ । ११० । १३६ । १५३–१५७ । १५९ ॥

મનુષ્યનો મુખ્ય એ આચાર છે કે જેમ સારથિ ઘોડાઓને શુદ્ધ માર્ગમાં ચલાવે છે તેમ આકર્ષક વિષયોમાં જનાર ચિત્ત અને ઇંદ્રિયોને રોકીને વિદ્વાન્ પુરૂષોએ સદા ધર્મ માર્ગમાં ચિત્ત અને ઇંદ્રિયોને પ્રવર્તાવવી ૧

કારણ કે એ નિશ્ચિત છે કે ઇંદ્રિયોને વિષયાસક્તિમાં અને અધર્મ માર્ગમાં ચલાવ્યાથી મનુષ્ય દોષને પાત્ર થાય છે અને જ્યારે એને જીતીને ધર્મ માર્ગમાં ચલાવે છે ત્યારે અભીષ્ટ સિદ્ધિને પ્રાપ્ત થાય છે. ૨

જેમ અગ્નિમાં ઇન્ધન (બળતણ) અને ઘી નાંખવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે તેમ કામના ઉપભોગથી કામ શાન્ત નહિ થતાં ઉલટો વધે છે. માટે મનુષ્યે વિષયાસક્તિ કદિપણ કરવી નહિ. ૩

જે પુરૂષ અજિતેન્દ્રિય છે તેને વિપ્રદુષ્ટ કહે છે. વિપ્રદુષ્ટત્વવાળા મનુષ્યને વેદજ્ઞાન, ત્યાગ, યજ્ઞ, નિયમ અને ધર્માચરણ સિદ્ધ થતાં નથી, કારણ કે એ બધાં જિતેન્દ્રિયને મળે છે. ૪

પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગ્યારમું મન એ બધાંને પોતાના વશમાં કરી યુક્ત આહાર વિહાર આદિ યોગ (ઉપાય) થી શરીરની રક્ષા કરતા થકા સર્વ અર્થોને પ્રાપ્ત કરવા. ૫

જિતેન્દ્રિય એને કહેવામાં આવે છે કે જે સ્તુતિ સાંભળી હર્ષ ન પામે, નિન્દા સાંભળી શોક ન કરે, સુન્દર સ્પર્શ પામી સુખ ન ગણે, દુષ્ટ સ્પર્શ પામી દુઃખ ન ગણે, સુન્દર રૂપ જોઈ પ્રસન્ન ન થાય, દુષ્ટ રૂપ જોઇ અપ્રસન્ન ન થાય, ઉત્તમ ભોજન કરી આનન્દિત ન થાય, નિકૃષ્ટ ભોજન કરી દુઃખિત ન થાય, સુગન્ધિમાં રૂચિ ન કરે અને દુર્ગન્ધિમાં અરૂચિ ન કરે. ૬

કોઇએ પૂછ્યું ન હોય તો, અથવા કોઇએ અન્યાય (કપટ) થી પૂછ્યું હોય તો, તેને ઉત્તર આપવો નહિ, એવા પાસે તો પોતે મેધાવી હોય તો પણ જડની માફક રહેવું, પરન્તુ જે નિષ્કપટ અને જિજ્ઞાસુ માણસ છે તેને તો વગર પૂછ્યે ઉપદેશ આપવો. ૭

ધન, બન્ધુ, (કુટુમ્બ-કુળ) અવસ્થા, ઉત્તમ કર્મ અને વિદ્યા એ પાંચ માન્ય સ્થાન છે; પરન્તુ ધનથી ઉત્તમ, બન્ધુ, બન્ધુથી ઉત્તમ અવસ્થા, અવસ્થાથી ઉત્તમ શ્રેષ્ઠકર્મ અને શ્રેષ્ઠકર્મથી ઉત્તમ પવિત્ર વિદ્યા છે, માટે ઉત્તરોત્તર માનનીય છે. ૮

ભલે મનુષ્ય સો વર્ષનો હોય પરન્તુ જો તે વિદ્યા અને વિજ્ઞાનથી રહિત હોય, તો તે બાળક જ છે અને જે વિદ્યા, અને વિજ્ઞાનને આપનાર છે તે બાળક હોય તોપણ વૃદ્ધ સમજવો જોઇએ, કારણ કે સર્વ શાસ્ત્ર અને આપ્ત વિદ્વાનો અજ્ઞાનીને બાળક અને જ્ઞાનીને પિતા કહે છે. ૯

ઘણાં વર્ષો થવાથી, ધોળા વાળ થવાથી, ઘણું ધન હોવાથી અને બહોળું કુટુમ્બ હોવાથી મનુષ્ય વૃદ્ધ થતો નથી. કારણ કે ઋષિ મહાત્માઓનો એ નિશ્ચય છે કે જે અમારામાં વિદ્યા અને વિજ્ઞાનમાં અધિક છે તે જ વૃદ્ધ પુરૂષ કહેવાય છે. ૧૦

બ્રાહ્મણ જ્ઞાનથી, ક્ષત્રિય બળથી, વૈશ્ય ધનધાન્યથી અને શૂદ્ર જન્મથી, એટલે ઘણી ઉમ્મર હોવાથી, વૃદ્ધ થાય છે. ૧૧

માથાના નિમાળા સફેદ થવાથી મનુષ્ય વૃદ્ધ થતો નથી પણ જે યુવાન્ હોય પણ વિદ્યા ભણેલો હોય તેને વિદ્વાન્ લોકો સ્થવિર (મ્હોટો) કહે છે. ૧૨

જે માણસ વિદ્યા નથી ભણતો તે કાષ્ટના હાથી જેવો અને ચામડાના મૃગ જેવો છે. એવો અવિદ્વાન્ માણસ કેવળ નામથી જ માણસ છે. ૧૩

માટે વિદ્વાન્ અને ધર્માત્મા થઈ નિર્વૈરતાને ધારણ કરી સર્વ પ્રાણીને હિતાવહ ઉપદેશ કરવો, ઉપદેશમાં વાણી મધુર અને કોમળ રાખવી; જે પુરૂષ સત્યોપદેશથી ધર્મની વૃદ્ધિ અને અધર્મનો નાશ કરે છે તે પુરૂષ ધન્યવાદાર્હ છે. ૧૪

નિત્ય સ્નાન અને વસ્ત્ર, અન્ન, પાન, સ્થાન એ બધાં શુદ્ધ રાખવાં; કારણ કે એની શુદ્ધિ રાખવાથી ચિત્તની શુદ્ધિ અને આરોગ્ય પ્રાપ્ત થઇ પુરૂષાર્થ વધે છે. શૌચ (શુદ્ધિ) એટલું કરવું યોગ્ય છે કે જેટલાથી દુર્ગન્ધ દૂર થઇ જાય.

आचारः प्रथमो धर्मः श्रुत्युक्तः स्मार्त्त एव च ॥
मनु० अ० १ । १०८ ॥

જે સત્ય ભાષણ અને સત્ય કર્મ રૂપ આચરણ છે તે જ વેદ અને સ્મૃતિમાં આચાર કહ્યો છે.

मा नो वधीः पितरं मोत मातरम् ॥ यजु० । अ० १६ । मं० १५ ॥
आचार्यो ब्रह्मचर्येण ब्रह्मचारिणमिच्छते ॥ अथर्व० कां० ११ । व० १५। मं० १७॥
मातृदेवो भव । पितृदेवो भव आचार्यदेवो भव ।
अतिथिदेवो भव ॥ तैत्तिरीयारण्यके ॥ प्र० ७ । अनु० ११ ॥

માતા, પિતા, આચાર્ય અને અતિથિની સેવા કરવી એ દેવ પૂજા કહેવાય છે જે જે કર્મથી જગત્‌નો ઉપકાર થાય તે તે કર્મ કરવાં અને જેનાથી હાનિ થાય તેનો ત્યાગ કરવો, એજ મનુષ્યનું મુખ્ય કર્ત્તવ્ય છે. કદિપણ નાસ્તિક, વિષયલમ્પટ, વિશ્વાસઘાતી, મિથ્યાવાદી, સ્વાર્થી, કપટી અને છલી આદિ દુષ્ટ મનુષ્યનો સંગ કરવો નહિ, આપ્ત એટલે જે સત્યવાદી ધર્માત્મા અને પરોપકારપ્રિય માણસ છે તેનો સંગ કરવો એજ શ્રેષ્ઠ આચાર છે.

પ્રશ્ન—આર્યાવર્ત્ત નિવાસી લોકો જો આર્યાવર્ત્તથી ભિન્ન દેશમાં જાય તો તેનો આચાર નષ્ટ થાય છે કે નહિ ?

ઉત્તર-એ કથન ખોટું છે, કારણ કે જે આન્તરિક અને બાહ્ય પવિત્રતા તથા સત્ય ભાષણ આદિ આચરણ છે તે ગમે ત્યાં કરી શકાય છે, કેવળ પરદેશમાં જવાથી આચાર-ભ્રષ્ટ અથવા ધર્મ-ભ્રષ્ટ થવાતું નથી. આર્યાવર્ત્તમાં રહીને પણ જો કોઇ દુષ્ટાચાર કરે તો તે ધર્મ-ભ્રષ્ટ અને આચાર-ભ્રષ્ટ કહેવાય છે. જો એમ ન હોય તોઃ—

मेरोर्हरेश्च द्वे वर्षे वर्षं हैमवतं ततः ॥
क्रमेणैव व्यतिक्रम्य भारतं वर्षमासदत् ॥
स देशान् विविधान् पश्यंश्चीनहूणनिषेवितान् ॥
महाभारत शान्ति० मोक्षध० । अ० ३२७ ॥

આ શ્લોક મહાભારત-શાન્તિ પર્વ મોક્ષ ધર્મમાં વ્યાસ અને શુકના સંવાદ વિષયનો છે, અર્થાત્ એક વખત વ્યાસજી પોતાના શિષ્યો અને પુત્ર શુકની સાથે પાતાલમાં (જેને આજ કાલ અમેરિકા કહે છે, તેમાં) રહેતા હતા, શુકાચાર્યે પિતાજીને એક પ્રશ્ન પૂછ્યો કે આત્મવિદ્યા આટલીજ છે કે વધારે ? વ્યાસજીએ જાણી જોઇને એ વાતનો ઉત્તર આપ્યો નહિ, કારણ કે

એ વિષયનો ઉપદેશ કરી ચૂકયા હતા, પરન્તુ બીજાને વિદિત થાય એવા હેતુથી સ્વપુત્રને કહ્યું કે હે પુત્ર ! તું મિથિલાપુરીમાં જઈ આ પ્રશ્ન જનક રાજાને કર એ તને બરાબર ઉત્તર આપશે. પિતાજીનું વચન સાંભળી શુક્રાચાર્ય પાતાલથી મિથિલા તરફ ચાલ્યા. પ્રથમ મેરૂ એટલે હિમાલયના ઇશાન ખૂણામાં અને વાયવ્ય ખૂણામાં જે દેશ છે તેનું નામ હરિવર્ષ હતું (હરિ એટલે વાનર એ દેશના માણસો હાલમાં પણ લાલમુખવાળા અને વાનરના જેવા ભૂરા નેત્રવાળા છે.) જે આજ કાલ "યૂરોપ" નામથી પ્રસિદ્ધ છે. તેને જ સંસ્કૃત *હરિવર્ષમાં કહેતા હતા. એ દેશને જોતા હૂણ-†યહુદી (જુડીઆ) દેશને જોઇ ચીનમાં થઇ હિમાલયમાં આવ્યા અને હિમાલયથી મિથિલાપુરીમાં આવ્યા. તથા શ્રીકૃષ્ણ અને અર્જુન અશ્વતરી (અગ્નિયાન-આગબોટ) માં બેસી પાતાલ ગયા હતા અને ત્યાંથી મહારાજ યુધિષ્ઠિરના યજ્ઞમાં ઉદ્દાલક ઋષિને તેડી લાવ્યા હતા. ધૃતરાષ્ટ્રનો વિવાહ ગાન્ધાર એટલે કંદહારના રાજાની પુત્રી સાથે થયો હતો. પાંડુની સ્ત્રી માદ્રી ઇરાનના રાજાની પુત્રી હતી. પાતાલ એટલે અમેરિકાના રાજાની પુત્રી ઉલૂપીની સાથે અર્જુનનો વિવાહ થયો હતો.

જો આર્યો દેશદેશાન્તર અને દ્વીપ – દ્વીપાન્તરમાં ન જતા હોત, તો ઉપરની સર્વ હકીકત કેવી રીતે બની શકત ? મનુસ્મૃતિમાં જે સમુદ્રમાં જનારી નૌકા ઉપર કર લેવાને લખ્યું છે તે પણ આર્યાવર્ત્તનિવાસીઓને દ્વીપાન્તર ગમનનું સૂચક છે.

જ્યારે મહારાજ યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો હતો ત્યારે સવ ભૂગોળના રાજાને નિમંત્રણ કરવા ભીમ, અર્જુન, નિકુલ અને સહદેવ ચારે દિશામાં ગયા હતા. જો તેઓ પરદેશ જવામાં દોષ માનતા હોત તો તો કદિ પણ જાત નહિ, પહેલાં આર્યાવર્ત્ત નિવાસી લોકો વ્યાપાર, રાજકાર્ય અને ભ્રમણને માટે સર્વ ભૂગોળમાં ફરતા હતા, આજ કાલ જે આભડછેટ અને ધર્મભ્રષ્ટ થવાની શંકા છે, તે મૂર્ખ લોકોના વચન ઉપર વિશ્વાસ રાખવાથી અને અજ્ઞાનથી વૃદ્ધિ થવાથી જ છે. જે માણસ દેશદેશાન્તર અને દ્વીપદ્વોપાન્તરમાં જવાને શંકા નથી કરતો તે દેશાન્તરમાં જઇ અનેક પ્રકારના માણસોના સમાગમમાં આવી અનેક પ્રકારના રીતિ રીવાજો જોઇ સ્વરાજ્ય અને વ્યવહારની વૃદ્ધિમાં નિર્ભય થઇ શૌર્યાદિ ગુણની પ્રાપ્તિ કરી મહત્ ઐશ્વર્યને મેળવે છે.

મહાભ્રષ્ટ મ્લેચ્છ કુલમાં ઉત્પન્ન થનાર વેશ્યા આદિના સમાગમમાં આચાર ભ્રષ્ટતા અને ધર્મ હીનતા થતી નથી અને દેશાન્તરમાં પવિત્ર પુરૂષના સમાગમમાં આભડ છેટ અને દોષ લાગે છે !!! એ કેવળ મૂર્ખતાની વાત નહિ તો બીજું શું ?

હા, એ કારણ ઠીક છે કે માંસાહારી અને મદ્યપાન કરનાઓનાં શરીર અને વીર્યાદિ ધાતુઓ દુર્ગન્ધને લઈ દુષ્ટ હોવાથી, તેઓનો સંગ કરવાથી આર્યને પણ એ કુટેવ ન પડી જાય એ ધ્યાનમાં રાખવુ, પણ એઓની સાથે વ્યવહાર કરી ગુણ ગ્રહણ કરવામાં કોઇ પણ દોષ નથી.

* હરિવર્ષ અર્થાત્ હરિ (કૃષ્ણના ભાઇ બલરામ જેમને ગ્રીક લોકો હરકયુલીસ કહેતા) તેમનું વર્ષ=નિવાસસ્થાન એમ પણ ઘટાવી શકાય છે.

† હનલોક એટલે હંગરીના પણ હન લોકો કહેવાય.

માટે એનામાં જે મદ્યપાનાદિ દોષો છે તેનો ત્યાગ કરી ગુણોનું ગ્રહણ કરવુ. પરન્તુ જ્યારે મૂર્ખ લોકો એના દર્શનમાં અને સ્પર્શનમાં જ પાપ માને છે તો તેની સાથે યુદ્ધ તો કયાંથી જ કરે કારણ કે યુદ્ધમાં તેઓનું દર્શન અને સ્પર્શન અવશ્ય થાય છે.

રાગ, દ્વેષ, અન્યાય અને મિથ્યા ભાષણ આદિનો ત્યાગ કરી સર્વની સાથે નિર્વૈરતાથી અને પ્રીતિથી વર્તી પરોપકાર અને સજ્જનતાદિ ગુણોને ધારણ કરવા એ ઉત્તમ આચાર છે, એ વાત ધ્યાનમાં રાખવી કે ધર્મ અમારાં આત્મામાં અમારાં કર્તવ્યોની સાથેજ છે, જો અમે દેશાન્તરમાં અથવા દ્વીપાન્તરમાં પણ પવિત્ર જ કાર્યો કરીએ છીએ તો પછી દોષ શાનો ? દોષ તો દુષ્ટ કામો કરવાથી લાગે છે.

પોતાને કોઇ અસત્ય નિશ્ચય ન કરાવે તેને માટે વેદોક્ત ધર્મનું નિશ્ચય જ્ઞાન અને પાંખડ મતના ખંડન પ્રકારનું જ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરી લેવું.

દેશ દેશાન્તર અને દ્વીપદ્વીપાન્તરમાં રાજ્ય અને વ્યાપાર કર્યા શિવાય શું સ્વદેશની ઉન્નતિ કદિપણ થઇ શકે ? સ્વદેશમાં જ વ્યાપારાદિ વ્યવહાર કરે અને પરદેશી લોકો આપણા દેશમાં પણ વ્યાપારાદિ કરે એવી સ્થિતિમાં સ્વદેશમાં દારિદ્રય અને દુઃખ શિવાય બીજુ કશું પણ હોઇ શકે નહિ.

પાખંડી લોક આમ સમજે છે કે જો આપણે એઓને ભણાવીશું અથવા દેશાન્તરમાં જવાની આજ્ઞા આપીશું તો, એ લોકો બુદ્ધિમાન્ થઈ જશે જેથી આપણી પાખંડજાળમાં નહિ ફસી, આપણી પ્રતિષ્ટા અને જીવિકાના નાશ કરવામાં કારણભૂત થશે, એવી સમજને લઇ તેઓ ભોજન આદિમાં બખેડા નાંખે છે કે જેથી પરદેશમાં ન જઇ શકાય. હા, એટલું તો જરૂર હોવું જોઇએ કે મદ્ય માસનું ગ્રહણ ભૂલથી પણ કદાપિ કરવું નહિ.

શું બુદ્ધિમાનોએ નિશ્ચય નથી કર્યો કે લડાઇમાં ચોકો કરી રસોઇ બનાવીને ખાવી એ પરાજયનો જ હેતુ છે ? લડાઇમાં તો એક હાથે રોટલો ખાતાં અને પાણી પીતાં અને બીજે હાથે શત્રુઓના હાથી ઘોડા આદિનો સંહાર કરતાં મારો ચાલુ રાખી વિજય પ્રાપ્ત કરી લેવો એજ ક્ષત્રિઓનો આચાર છે અને પરાજય પામવો એ અનાચાર છે, પરન્તુ એ લોકોએ પોતાની મૂઢતાથી ચોકો લગાવતાં લગાવતાં અને પરસ્પર વિરોધ કરતાં કરાવતાં સર્વ સ્વાતંત્ર્ય, આનન્દ, ધન, રાજ્ય, વિદ્યા અને પુરૂષાર્થ ઉપર ચોકો કરી મુકયો છે, અને તેઓ હાથ ઉપરહાથ રાખી બેઠા છે કે કાંઇ મળે તો રાંધીને ખાઇએ, પરન્તુ એ આશા સફળ ન થવાથી સંપૂર્ણ આર્યાવર્ત્ત ઉપર ચોકો થઈ ગયો અને સર્વ નષ્ટ – ભ્રષ્ટ થઇ ગયું. હા, એટલું જરૂર કરવું જોઇએ કે જે ઠેકાણે રસોઇ કરવામાં આવે તે જગ્યા ધોઇ, લીંપી અને સાવરણીવતી કચરો કાઢી સાફ રાખવી. મુસલમાન અને ઇસાઇની માફક ભ્રષ્ટ પાકશાળા રાખવી નહિ.

પ્રશ્ન—સખરી (કાચી) નિખરી (પાકી) એ શું છે.

ઉત્તર—પાણીમાં જે અન્ન રાંધવામાં આવે છે તે સખરી (કાચી રસોઇ) અને ઘી દૂધમાં જે પકાવવામાં આવે છે તે નિખરી એટલે ચોખ્ખી. એ પણ એ ધૂર્તોનું ચલાવેલું

પાંખડ છે, કારણ કે ઘી દૂધવાળા પદાર્થોમાં સ્વાદ હોય છે તેથી ઉદરમાં ચીકણો (તત્વાળો) પદાર્થ વધારે જાય એને માટે તે પ્રપંચ રચવામાં આવ્યો છે, નહિ તો અગ્નિથી અથવા સમયથી જે પદાર્થ પાકયો છે તે પાકો અને જે નથી પાકયો તે કાચો. પાકું ખાવું અને કાચું ન ખાવું એ પણ સર્વથા ઠીક નથી, કારણ કે ચણા આદિ કાચા પણ ખવાય છે.

પ્રશ્ન—દ્વિજ પોતાને હાથે રસોઇ બનાવેલી ખાય કે શૂદ્રના હાથે બનાવેલી !

ઉત્તર—શૂદ્રના હાથે બનાવેલી, કારણ કે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈસ્યવર્ણસ્થ સ્ત્રી અને પુરૂષે અધ્યાપનમાં, રાજ્ય પાલનમાં અને ખેતી વ્યાપાર આદિ કામમાં તત્પર રહેવું જોઇએ. પરન્તુ શૂદ્રના પાત્રમાં તથા એના ઘરનું રાંધેલું અન્ન આપત્કાળ વિના ખાવું નહિ. જુઓ એમાં પ્રમાણઃ-

आर्याधिष्ठिता वा शूद्राः संस्कर्त्तारः स्युः ।
आपस्तम्ब धर्मसूत्र । प्रपाठक २ पटल २ खण्ड २ सूत्र० ४ ॥

આર્યોનાં ઘરમાં શૂદ્ર એટલે મૂર્ખ સ્ત્રી અથવા પુરૂષ રસોઇ કરે, પરન્તુ તેઓએ શરીર અને વસ્ત્ર આદિથી પવિત્ર રહેવું. આર્યોનાં ઘરમાં જ્યારે રસોઇ બનાવે ત્યારે મોઢું બાંધીને બનાવે જેથી તેનાં મોંઢામાંથી નિકળેલું ઉચ્છિષ્ટ અને શ્વાસ અન્નમાં ન જાય. આઠમે દિવસે ક્ષૌર (હજામત) અને નખ છેદન કરાવવું. સ્નાન કરીને રસોઇ બનાવવી, આર્યોને ખવરાવીને ખાવું.

પ્રશ્ન—શૂદ્રથી સ્પૃષ્ટ થયેલું પાકું અન્ન ખાવામાં જ્યારે દોષ ગણવામાં આવે છે, તો પછી તેના હાથનું રાંધેલું તો કેમ જ ખવાય ?

ઉત્તર—એ વાત કપોલકલ્પિત (અસત્ય) છે. કારણ કે જેણે ગોળ, ખાંડ, ઘી, દૂધ, (બજારનો) લોટ, શાક, ફળ, અને મૂળ (કંદ) ખાધાં છે, તેણે સંપૂર્ણ જગત્‌ના હાથનું બનાવેલું અને ઉચ્છિષ્ટ ખાધું એમ માનવું પડશે, કારણ કે જ્યારે શૂદ્ર, ચમાર, ભંગી, મુસલમાન અને ઇસાઇ આદિ લોકો ખેતરમાંથી શેરડીને કાપી, છોલી અને પીલીને રસ કાઢે છે ત્યારે તે લોકો મળમૂત્ર કરી હાથને સાફ કર્યાવિના શેરડીને અડે છે, અર્ધો સાંઠો ચૂસી બાકીનો અર્ધો સાંઠો પીલવા નાંખી દે છે. રસ પકાવતી વખતે તેમાં રોટલા પણ પકાવી ખાય છે.

જ્યારે ખાંડ બનાવે છે ત્યારે જેમાં વિષ્ટા, મૂત્ર, ધૂળ અને છાણ આદિ લાગેલાં હોય એવા જુના જોડાવતી તેને ઘસે છે, દૂધમાં પણ પોતાના ઘરના ઉચ્છિષ્ટ પાત્રમાંથી પાણી નાંખે છે. ઘી પણ ઉચ્છિષ્ટ વાસણમાં નાંખે છે. લોટમાં તો દળનારનો પરસેવો પણ પડે છે. ફળ, મૂળ, કંદ આદિમાં પણ એવી જ લીલા છે. માટે એ વસ્તુઓ ખાનારે બધાના હાથનું ખાધું એમ કહેવામાં ખોટું શું ?

પ્રશ્ન—ફળ, મૂળ, કંદ અને રસ ઇત્યાદિ અદષ્ટ વસ્તુઓમાં દોષ માનવામાં આવતો નથી.

ઉત્તર—વાહ જી વાહ ! બરાબર, જો એવો ઉત્તર ન આપો તો શું ધુળ રાખ ખાય, ગોળ સાકર આદિ તો ગળ્યાં લાગે અને દૂધ પણ પુષ્ટિકારક છે માટે જ એ બધો સ્વાર્થસમુદ્ર

રચવામાં આવ્યો છે. ઠીક છે જો અદૃષ્ટમાં દોષ નથી લાગતો તો પછી ભંગી મુસલમાન પોતાને ઘેર કોઇ ન દેખે એવે સ્થળે પોતાને હાથે રાંધી તમને આપે તો તમે ખાવ કે નહિ? જો ના કહો તો અદૃષ્ટમાં પણ દોષ છે એમ સ્વીકારવું પડશે. મુસલમાન ઇસાઇ આદિ મદ્ય માંસાહારીઓના હાથનું ખાવામાં આર્યોને મદ્ય માંસાદિ ખાવાનો અપરાધ લાગુ પડે છે પરન્તુ આર્યોનું પરસ્પર એકત્ર સહભોજન થવામાં કોઇ પણ દોષ જોવામાં આવતો નથી. એક બીજાને થતાં હાનિ, લાભ, સુખ અને દુઃખ આદિ સમાન ન માનવામાં આવે ત્યાં સુધી ઉન્નતિ થવી કઠણ છે, પરન્તુ એ ધ્યાનમાં લેવું કે કેવળ ખાવા પીવામાં જ ઐક્ય મેળવવાથી સુધારો થઇ શકતો નથી; માટે જ્યાં સુધી ખરાબ આચરણનો ત્યાગ અને શ્રેષ્ટાચરણનું ગ્રહણ નહિ કરવામાં આવે ત્યાં સુધી ઉન્નતિને બદલે અવનતિજ થવાની. પરસ્પર ફૂટ, મતભેદ, બ્રહ્મચર્યનો વિનાશ, વિદ્યાના અધ્યયન અને અધ્યાપનનો વિલોપ, બાલ્યાવસ્થામાં અસ્વયંવર વિવાહ, વિષયાસક્તિ, મિથ્યાભાષણાદિ કુલક્ષણ અને વેદ વિદ્યાનો અપ્રચાર ઇત્યાદિ-વિદેશીઓનું આર્યાવર્ત્તમાં રાજ્ય હોવાનું કારણ છે. ભાઇઓમાં એક બીજા સાથે જ્યારે ટંટો થાય છે, ત્યારે જ ત્રીજો વિદેશી આવી પંચ થઇ બેસે છે. પાંચ હજાર વર્ષ પહેલાં થયલી મહાભારતની વાત તમે શું ભૂલી ગયા? જુઓ મહાભારત–તેમાં સ્પષ્ટ લખ્યું છે કે સર્વ લડવૈયાલોકો સ્વારી ઉપર ખાતા પીતા હતા, પરસ્પરની ફૂટને લઇ કૌરવ પાંડવ અને યાદવોનો સત્યાનાશ થઇ ગયો! તોપણ હજી તેનો તે જ રોગ પાછળ પડ્યો છે; એ ભયંકર રાક્ષસ ક્યારે છૂટશે તે સમજી શકાતું નથી. એ રોગ આર્યોને સર્વ સુખથી અલગ કરી દુઃખ સાગરમાં ડુબાવી મારી નાંખશે. તે દુષ્ટ, ગોત્રવિઘાતક, સ્વદેશ વિનાશક, નીચ દુર્યોધનના માર્ગમાં આર્ય લોકો અદ્યાવધિ ચાલી દુઃખની વૃદ્ધિ કર્યે જાય છે. પરમેશ્વર કૃપા કરે કે જેથી એ રાજરોગ અમ આર્યોમાંથી નષ્ટ થઇ જાય.

ભક્ષ્યાભક્ષ્ય બે પ્રકારનાં હોય છે, એક ધર્મશાસ્ત્રોક્ત અને બીજું વૈદ્યક શાસ્ત્રોક્તઃ— ધર્મશાસ્ત્ર પ્રમાણે–

अभक्ष्याणि द्विजातीनाममेध्यप्रभवाणिच ।

मनु० ५ । ५ ॥

દ્વિજ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યે મલિન એટલે મળ મૂત્રાદિના સંસર્ગથી ઉત્પન્ન શાક, ફળ મૂળ આદિ ન ખાવા.

वर्जयेन्मधुमांसं च ॥ मनु० २ । १७७ ॥

તથા અનેક પ્રકારનાં મદ્ય, ગાંજો, ભાંગ અને અફીણ આદિ પણ ત્યાજ્ય કરવાં.

बुद्धिं लुम्पति यद्द्रव्यं मदकारि तदुच्यते ॥

शार्ङ्गधर अ० ४ । श्लोक० २१ ॥

જે જે વસ્તુ બુદ્ધિનો નાશ કરે છે તે તે " મદકારિ " કહેવાય છે. એવી વસ્તુનું કદિ પણ સેવન કરવું નહિ. સડેલું, દુર્ગંધવાળું અને સારી રીતે નહિ પકાવવામાં આવેલું અન્ન ખાવું નહિ, તથા મદ્ય માંસાહારી અને દુર્ગન્ધ મારતા શરીરવાળા મ્લેચ્છ લોકોના હાથનું પણ ખાવું નહિ.

ઉપકારક ગાય આદિ પશુઓને મારવાં નહિ અને મારવાની આજ્ઞા પણ દેવી નહિ, કારણ કે એક ગાય પોતાની (ગાયની) એક પેઢીમાં ૪૭૫૬૦૦ ચાર લાખ પંચોતેર હજાર અને છસો મનુષ્યોને એકવાર દૂધ આપી શકે છે.

કલ્પના કરો કે એક ગાય પ્રતિદિન વીશ શેર દૂધ આપે છે અને બીજી બશેર આપે છે તો પ્રત્યેક ગાય દીઠ અગ્યાર શેર દૂધની રાસ થઈ, તેમજ કોઇ ગાય ૧૮ અરાઢ મહિના અને કોઈ ગાય ૬ છ મહિના દોવા દે છે, તો તેની રાસ પ્રત્યેક ગાય દીઠ બાર બાર મહિનાં થાય છે. એ પ્રમાણે એક ગાયના જન્મ પર્યન્ત દૂધથી ૨૪૯૬૦ ચોવીસ હજાર નવસો સાઠ માણસો એકવાર તૃપ્ત થાય છે. તથા એક ગાયને ૬ છ વાછડા અને છ વાછડીઓ હોય છે, તેમાંથી કદાચિત્ બે મરી જાય તોપણ દશ બાકી રહે, તેમાંની પાંચ વાછડીઓના જન્મ પર્યન્ત દૂધથી ૧૨૪૮૦૦ એક લાખ ચોવીશ હજાર અને આઠસો માણસો એકવાર તૃપ્ત થઇ શકે છે. બાકી રહ્યા પાંચ બળદ તે મરણ સુધીમાં ૫૦૦૦ પાંચ હજાર મણ અન્ન ઓછામાં ઓછું પેદા કરી શકે છે, એમાંથી દરેક માણસ યદિ દોઢ શેર અનાજ ખાય તોપણ અઢી લાખ માણસોની તૃપ્તિ એક વાર થાય છે, દૂધ અને અન્ન મેળવવાથી ૩૭૪૮૦૦ ત્રણ લાખ ચુવોંત્તેર હજાર અને આઠસો માણસો એકવાર તૃપ્ત થાય છે, અને બે ગાય ૪૭૫૬૦૦ ચાર લાખ પંચોતેર અને છસો માણસોનું પાલન કરી શકે છે. તેવીજ રીતે પેઢીપર પેઢીનું લેખું કરવામાં આવે તો અસંખ્યાત મનુષ્યોનું પાલન થઇ શકે છે એવું જ્ઞાન સ્પષ્ટ થશે. તે શિવાય બળદગાડી ભાર વહન આદિથી એ પ્રાણીઓ મનુષ્યને અત્યન્ત ઉપયોગી થઇ પડે છે. જેમ ગાય દૂધ આપવાથી ઘણી ઉપકારક છે, તેવીજ રીતે ભેંસ પણ છે. ભેંસના દૂધ કરતાં ગાયનું દૂધ આર્ય લોકોએ વધારે ઉત્તમ ગણ્યું છે, કારણ કે તેમાં બુદ્ધિ વર્ધકત્વાદિ ગુણો સમાયલા છે. બકરીના દૂધથી ૨૫૯૨૦ પચ્ચીસ હજાર નવસો વીશ માણસોનું પાલન થાય છે. તેવીજ રીતે હાથી, ઘોડા, ઉંટ, મેંઢાં અને ગધેડાં આદિથી પણ મોટો ઉપકાર થાય છે. આ પશુઓ મારનાર માનો મનુષ્યનો જ નાશ કરનાર છે.*

જુઓ જ્યારે આર્યોનું રાજ્ય હતું ત્યારે એ મહોપકારક ગાય આદિ પશુઓ મારવામાં આવતાં ન હતાં. ત્યારે આર્યાવર્ત્ત નિવાસી તથા અન્ય દેશનિવાસી લોકો ઘણા આનન્દમાં રહેતા હતા. કારણ કે તે વખતે દૂધ, ઘી અને બળદ આદિ પશુઓની વૃદ્ધિ હોવાથી અન્ન રસ પુષ્કળ થતાં હતાં; પરન્તુ જ્યારથી વિદેશીય, માંસાહારી અને ગોઘાતક લોકો આ દેશમાં આવી રાજ્યાધિકારી થયા ત્યારથી ક્રમવાર દુઃખની વૃદ્ધિ થતી જાય છે. કારણ કેઃ—

* આની વિશેષ વ્યાખ્યા ' ગોકરૂણાનિધિ ' માં કરી છે.

नष्टे मूले नैव फलं न पुष्पम् ।
वृद्धचाणक्य, अ० १०-१३

જો વૃક્ષને મૂળથી જ કાપવામાં આવે તો ફળ મૂળ કયાંથી થાય ?

પ્રશ્ન—જો બધા અહિંસક થઇ જાય તો વ્યાઘ્રાદિ એટલા વધી જાય કે તેઓ ગાય વિગેરે પશુઓને મારી ખાય, જેથી તમારો બધો પુરૂષાર્થ વ્યર્થ થઇ જાય.

ઉત્તર—એ રાજ પુરૂષોનું કામ છે, કે હાનિકારક પશુ તથા માણસોને દંડ આપવો. અને યોગ્ય લાગે તો પ્રાણથી પણ વિયુકત કરી નાંખવાં.

પ્રશ્ન—તોપછી શું તેનું માંસ નાંખી દેવું ?

ઉત્તર—ચાહ્ય નાંખી દે અથવા કૂતરાં આદિ માંસાહારીઓને ખવરાવી દે. જો કોઇ માંસાહારી ખાય તોપણ સંસારની તેમાં કશી હાનિ નથી, પરન્તુ તેથી તે મનુષ્યનો સ્વભાવ માંસાહારી થવાથી તે મનુષ્ય હિંસક થઇ શકે છે.

હિંસા, ચોરી, વિશ્વાસઘાત, છળ અને કપટ આદિને ધારણ કરી જે જે વસ્તુનો ભોગ કરવામાં આવે છે તે તે અભક્ષ્ય છે, અને અહિંસા આદિ ધાર્મિક કર્મોને ધારણ કરી જેનો ઉપભોગ કરવામાં આવે છે તે તે ભક્ષ્ય છે.

જે પદાર્થોથી સ્વાસ્થ્ય, નૈરોગ્ય, બુધ્ધિ, બળ, પરાક્રમ અને આયુની વૃધ્ધિ થાય છે, એવા જે ચોકખા, ઘઉં, ફળ, મૂળ, કંદ, દૂધ, ઘી, ઉત્તમ મીઠાઇ અને ઉત્તમ પાક ભક્ષ્ય છે અને પદાર્થોનો યોગ્ય રીતે સમયાનુકૂલ મિતાહાર કરવો.

જેટલા પદાર્થો પોતાના સ્વભાવને પ્રતિકૂલ હોય, અને વિકારક હોય તો તેનો ત્યાગકરવો, અને જે પદાર્થો શાસ્ત્રોમાં વિહિત છે તેનું ગ્રહણ કરવું એ પણ ભક્ષ્ય છે.

પ્રશ્ન—એક સાથે ખાવાથી દોષ છે કે નહિ ?

ઉત્તર—દોષ છે, કારણ કે એકની સાથે બીજાનો સ્વભાવ મળતો નથી, કોઢીયા મનુષ્યની સાથે ખાવાથી સારા મનુષ્યનું પણ લોહી બગડે છે, તેવી જ રીતે બીજાની સાથે ખાવામાં પણ કંઇ ને કંઇ બગાડ જ થાય છે. (સુધાર નહિ.) માટે

नोच्छिष्टं कस्यचिद्दद्यान्नाद्याच्चैव तथान्तरा ।
न चैवात्यशनं कुर्यान्नचोच्छिष्टः क्वचिद् व्रजेत् ॥ मनु० ॥ २।५६॥

એંઠું કોઇને આપવું નહિ. કોઇના ભોજનની વચમાં † ખાવુંનહિ. વધારે ખાવું નહિ અને એંઠે હાથે તથા એંઠે મોઢે કયાંઇ પણ જવું નહિ.

---

† આ બીજા પાદનો અર્થ કેટલાક વિદ્વાનો એવો કરે છે કે अन्तरा એટલે સાંજ અને સવારની વચમાં ન જમવું અર્થાત્ બેવાર ભોજન કરવું ત્રીજી વાર નહિ. અનુ.

પ્રશ્ન—" गुरो रुच्छिष्ट भोजनम् " એ વાકયનો શો અર્થ હશે ?

ઉત્તર—એ વાકયનો અર્થ આવો છે કે ગુરૂએ જમી લીધા પછી પૃથક્ રહેલું શુદ્ધ અન્ન જમવું, ભાવાર્થ આ છે કે શિષ્યે ગુરૂને જમાડયા પછી જમવું.

પ્રશ્ન—જો ઉચ્છિષ્ટ માત્રનો નિષેધ હોય તો માખીઓનું એંઠું મધ, વાછડાનું એંઠું દૂધ અને એક ગ્રાસ (કોળીઓ) ખાધા પછી પોતાનું પણ એંઠું છે તોપછી તેપણ નહિ ખાવું જોઇએ.

ઉત્તર--મધ તો કથન માત્ર જ એંઠું છે પણ બહુ ઔષધીઓનો સાર હોવાથી ગ્રાહ્ય છે, વાછડો પોતાની માનું બ્હારનું દૂધ પીએ છે અન્દરનું નહિ. એટલે અન્દર દૂધ એંઠું થતું નથી. તોપણ જ્યારે વાછડો ધાવી લે ત્યારે ગાયના સ્તનને પાણીથી ધોઈ પવિત્ર વાસણમાં દોવું જોઇએ. ત્રીજાનો ઉત્તર આ છે કે પોતાનુ એંઠું પોતાને વિકારક હોતું નથી, પોતાના મુખ, નાક, આંખ, ઉપસ્થ, ગુદેન્દ્રિય અને મળ મૂત્રાદિનો સ્પર્શ પોતાને ઘૃણા (સૂગ) જનક થતો નથી, પરન્તુ બીજાના મળમૂત્રાદિનો સ્પર્શ ઘૃણા-જનક થાય છે. માટે એ વાત સ્વભાવ સિદ્ધ છે કે બીજાનું એંઠું ખાવું નહિ. માટે કોઈ પણ મનુષ્યે કોઇનું એંઠું ખાવું નહિ કારણ કે એ વ્યવહાર સૃષ્ટિક્રમથી વિરૂદ્ધ છે.

પ્રશ્ન—સ્ત્રી પુરૂષે પરસ્પર એંઠું ખાવું કે નહિ ?

ઉત્તર--નહિ, કારણ કે એઓના શરીરનો સ્વભાવ પણ ભિન્ન ભિન્ન છે.

પ્રશ્ન—મનુષ્ય માત્રના હાથે બનાવેલી રસોઇ ખાવામાં શો દોષ છે ? કારણ કે બ્રાહ્મણથી ચાંડાલ પર્યંતના શરીર હાડ માંસ ચામડાના છે અને જેવું લોહી બ્રાહ્મણમાં છે તેવું ચાંડાલાદિના શરીરમાં પણ છે, તો પછી કોઈપણ મનુષ્યના હાથનું ખાવામાં શો દોષ ?

ઉત્તર—દોષ છે, કારણ કે ઉત્તમ પદાર્થ ખાવાથી બ્રાહ્મણ અને બ્રાહ્મણીના શરીરમાં જેવું વીર્ય અને રજ બને છે તેવું ચાંડાલ અને ચાંડાલીના શરીરમાં બનતું નથી. કારણ કે ચાંડાલનું શરીર દુર્ગન્ધ-પરમાણુઓથી ભર્યું હોય છે, માટે બ્રાહ્મણાદિ ઉત્તમ વર્ણનાજ હાથનું ખાવું જોઇએ; ચાંડાલ, નીચ, ભંગી અને ચમાર આદિના હાથનું કદિપણ ખાવું નહિ. જો તમને કોઇ પૂછે કે માતા શ્વશૂર (સાસુ) બ્હેન, કન્યા અને પુત્રવધૂનુ જેવું ચામડાનું શરીર છે તેવું જ પોતાની સ્ત્રીનું છે તો શું તેથી માતા આદિમાં પોતાની સ્ત્રીની માફક વર્ત્તાવ કરવો ? તો તે વખતે તમારે સંકુચિત થઇ ચુપ રહેવું પડશે. જેમ હાથથી અને મુખથી ઉત્તમ અન્ન લઈ ખવાય છે તેમ દુર્ગન્ધ પદાર્થ પણ લઇને ખાઇ શકાય, પણ શું તેથી મળ આદિ કોઇ ખાય છે ? શું આવી વાત કોઇ કહી શકે !

પ્રશ્ન—જો ગાયના છાણથી ચોકો કરો છો તો તો પોતાના છાણથી (વિષ્ટાથી) કેમ નથી કરતા ! અને છાણ ચોકામાં જવાથી ચોકો અશુદ્ધ કેમ નથી થતો ?

ઉત્તર-ગાયના છાણમાં તેવી દુર્ગન્ધ હોતી નથી કે જેવી મનુષ્યના મળમાં હોય છે. છાણ ચીકણું હોવાથી જલદી ઉખડતું નથી. કપડું તેનાથી મેલું થતું નથી, તેમ બગડતું પણ નથી. જેમ ધૂળથી મેલ ચડે છે તેમ સૂકા છાણથી ચડતો નથી. માટી અને છાણથી જે સ્થાન લીંપવામાં આવે છે તે સ્થાન અતિ સુંદર દેખાય છે. જે સ્થાનમાં રસોઇ તથા ભોજન થાય છે ત્યાં ઘી, ગળી વસ્તુ અને એંઠું પડે છે, તેથી માખીઓ અને કીડીઓ બહુ આવે છે, માટે જો એવું મલીન સ્થાન હમેશાં વાળી અને લીંપવામાં ન આવે તો તેનો દેખાવ પાયખાના જેવો થઈ જાય. માટે હમેશાં એ સ્થાને ઝાડુ કાઢી છાણવતી ચોકા કરવો. જો તે સ્થાન પાકું (છોબન્ધ) હોય તો પાણી વતી ધોઇ સાફ રાખવું. જો એમ કરવામાં આવે તો ઉપરોક્ત દોષ પાકશાળામાં રહે નહિ.

મીંયાજીનું રસોઇ સ્થાન જુઓ તો કયાંય કોયલા, કયાંય રાખ, કયાંય લાકડું, કયાંય ફૂટેલી હાંડલી, કયાંય એંઠી રકાબી, કયાંય હાડકું અને પીંછાઆદિ પડયાં હોય છે, માખીઓનું તો કહેવું જ શું ? એ સ્થાન એવું તો ખરાબ લાગે છે કે જો ત્યાં કોઇ સારો માણસ જઇ બેસે તો વખતે ઉલટી થઇ જાય. એની ઉપમા તો તે દુર્ગન્ધ સ્થાન જ છે. મીંયાજીને પૂછવામાં આવે કે જો તમે છાણવતી ચોકો કરવામાં દોષ માનતા હોતો ચુલામાં છાણા બાળવાથી, તેના દેવતાવડે તંબાકુ પીવાથી અને ઘરની ભીંત છાણવતી લીંપવાથી તમારો ચોકો ભ્રષ્ટ થવામાં તમને કોઇ પણ સંદેહ નહિ હોય.

પ્રશ્ન--ચોકામાં બેસીને ભોજન કરવું એ સારૂં છે કે બહાર બેસીને ?

ઉત્તર--જ્યાં ઉત્તમતા, રમણીયતા અને સુંદરતા જોવામાં આવે ત્યાં ભોજન કરવું, પરન્તુ યુદ્ધ આદિ પ્રસંગે ઘોડા આદિ ઉપર બેસીને અથવા ઉભા ઉભા ખાવામાં અત્યન્ત યોગ્યતા છે.

પ્રશ્ન--શું પોતાના હાથનું ખાવું અને બીજાના હાથનું નહિ ?

ઉત્તર—કોઈ પણ આર્ય શુદ્ધતાથી બનાવે તો તેના હાથનું ખાવામાં કશી પણ હાનિ નથી, કારણ કે બ્રાહ્મણાદિ વર્ણસ્થ સ્ત્રી પુરૂષ રસોઇ બનાવવાના, ચોકો કરવાના અને વાસણ માંજવા આદિના બખેડામાં પડી જાય તો વિદ્યા આદિ શુભ ગુણોની વૃદ્ધિ કદિપણ થઇ શકે નહિ. જુઓ, મહારાજ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ભૂગોળના રાજાઓ અને ઋષિ મહર્ષિઓ આવ્યા હતા અને એકજ પાકશાળામાં ભોજન કરતા હતા; જ્યારથી ઇસાઇ અને મુસલમાન આદિના મતમતાન્તરો ચાલ્યા, પરસ્પર વિરોધ થયો અને એનાથી જ મદ્યપાન અને ગોમાંસ ખાવાનું થયું ત્યારથી ભોજન આદિમાં બખેડો થઇ ગયો.

જુઓ, કાબુલ, કંદહાર, ઇરાન, અમેરિકા અને યૂરોપ આદિ દેશોના રાજાની ગાન્ધારી, માદ્રી અને ઉલૂપી આદિ કન્યાઓ સાથે આર્યાવર્ત્તના રાજાઓ વિવાહ આદિ વ્યવહાર કરતા હતા. શકુનિ આદિ કૌરવ પાંડવોની સાથે ખાતા પીતા હતા કોઇ પણ જાતનો વિરોધ ન હોતો, કારણ કે તે વખતે સર્વ ભૂગોળમાં વેદોક્ત મત હતો. એજ મતમાં સર્વની શ્રદ્ધા હતી અને એક બીજાના સુખ દુઃખ અને હાનિ લાભમાં પોતાના સુખ દુઃખ અને હાનિ લાભ સમજતા હતા. તેજ વખતે

ભૂગોળમાં સર્વત્ર સુખ હતુ, આજ કાલ તો અનેક મતવાળા હોવાથી અનેક પ્રકારનું દુઃખ ' વિરોધ વધી પડયો છે; એનું નિવારણ કરવું એ બુધ્ધિમાનોનું કામ છે, પરમાત્મા સર્વના મ- સત્ય મતના એવાં અંકુરો નાંખે કે જેથી મિથ્યા મત શીઘ્ર નષ્ટ થઇ જાય. એમાં સર્વ વિ લોકો વિચાર કરી વિરોધનો ત્યાગ કરી આનન્દની વૃધ્ધિ કરે.

આ દસમા સમુલ્લાસમાં આચાર અનાચાર અને ભક્ષ્યાભક્ષ્યનો થોડોક વિષય લખી ' કરવામાં આવે છે અને એની જ સાથે આ ગ્રન્થનો પૂર્વાર્ધ પણ પૂર્ણ થાય છે.

ઉક્ત દસ સમુલ્લાસમાં વિશેષ ખંડન મંડન કરવામાં આવ્યું નથી કારણ કે જ્યાં સ્ સત્યાસત્ય વિચારમાં બુધ્ધિ પરિપકવ ન થાય ત્યાંસુધી સ્થૂલ સૂક્ષ્મ ખંડનનો અભિપ્રાય સમ શકાય નહિ, માટે ઉક્ત સમુલ્લાસોમાં સર્વને સત્ય શિક્ષાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ઉત્તરાર્ધ્ધ (અગ્યાર, બાર, તેર, ચૌદ એ ચાર સમુલ્લાસ) માં વિશેષ ખંડન મંડન લખવામાં આ

આ ચાર સમુલ્લાસમાંના પ્રથમ સમુલ્લાસમાં આર્યાવર્ત્તીય મત મતાન્તરોના, બ સમુલ્લાસમાં જૈનીઓના મતના, ત્રીજા સમુલ્લાસમાં ઇસાઇ મતના અને ચોથા સમુલ્લાસમાં મુ માનના મતના ખંડન મંડનના વિષયમાં લખવામાં આવશે. ત્યાર પછી અન્તમાં સ્વમત બતાવવ આવશે. જેને વધારે ખંડન મંડન જોવાની ઇચ્છા હોય તેણે આ ચાર સમુલ્લાસો જોવા.

ગત દસ સમુલ્લાસમાં પણ સામાન્યરૂપે અમુક અમુક ઠેકાણે કિંચિત્ ખંડન મં કરવામાં આવ્યું છે.

જે માણસ આ ચાર સમુલ્લાસોને પક્ષપાત છોડી ન્યાયદૃષ્ટિથી વાંચશે તેને સત્ય અ પ્રકાશિત થવાથી આનન્દ થશે. જે હઠ, દુરાગ્રહ અને ઇર્ષ્યાથી વાંચશે અથવા સાંભળશે તેને ગ્રન્થનો યથાર્થ અભિપ્રાય ધ્યાનમાં આવવો ઘણોજ કઠણ થઇ પડશે.

યદિ કોઈ માણસ આ ગ્રંથનો બરાબર વિચાર નહિ કરે તો ખરો અભિપ્રાય શો છે ? તે ન મેળવી શકવાથી સંસારમાં ગોથાં ખાધાં કરશે. જે ગુણ-ગ્રાહક વિદ્વાન્ પુરૂષો સત્યાસત્ય નિર્ણય કરી સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ કરે છે, તેજ પુરૂષો ધર્મ, અર્થ, કામ ર મોક્ષને મેળવી પ્રસન્ન રહે છે.

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामिकृते सत्यार्थप्रकाशे
सुभाषाविभूषित आचाराऽनाचारभक्ष्याऽभक्ष्यविषये
दशमः समुल्लासः सम्पूर्णः ॥ १० ॥

પૂર્વાર્ધ સંપૂર્ણ.

उत्तरार्द्धः

अनुभूमिका ।

પાંચ હજાર વર્ષ પહેલાં વૈદિકમતથી અતિરિક્ત કોઇ મત ન હતો એ વાત સિદ્ધ છે. વેદમાં જે જે કહેવામાં આવ્યું છે તે તે વિદ્યાને અનુકૂળ છે. પરન્તુ મહાભારતના યુદ્ધ થયા પછી વૈદિક પ્રચાર અતિમન્દ પડયો અને તેની મન્દતાને લઇ જનસમાજમાં અન્ધકાર ફેલાયો, જેથી મનુષ્યની બુદ્ધિ વસ્તુનું સત્યસ્વરૂપ જાણવાને અસમર્થ થઇ, તેથી જેના મનમાં જેવું આવ્યું તે પ્રમાણે મતો ચલાવ્યા. જેટલા મતો ચાલ્યા છે તેઓમાં મૂખ્ય વેદ વિરૂદ્ધ પુરાણી, જૈની, કુરાની, અને કિરાની એ ચાર છે. એઓની ઉત્પત્તિ પહેલો, બીજો, ત્રીજો અને ચોથો એ પ્રમાણે ક્રમવાર છે. હાલમાં એ ચારેની શાખાઓ એક હજારથી ન્યૂન નથી. એ મતના વાદીઓને, તેના શિષ્યોને અને બીજા લોકોને સત્ય અને અસત્યના વિચારમાં અધિક પરિશ્રમ ન પડે તેને માટે આ ગ્રન્થ લખવામાં આવ્યો છે.

આ ગ્રન્થમાં સત્યમતનું મંડન અને અસત્યમતનું ખંડન કરવામાં આવ્યું છે, તે બધાને જણાવવું એજ આ ગ્રન્થનું પ્રયોજન સમજવામાં-આવ્યું છે.

ઉક્ત ચાર મતોના જેટલા ગ્રન્થો મારા વાંચવામાં આવ્યા છે અને તેનાથી મારી બુદ્ધિ અને વિદ્યા પ્રમાણે મને જેટલો બોધ થયો છે, તે જન સમાજને નિવેદિત કરી દેવો એ હું ઉત્તમ સમજ્યો છું. કારણ કે ગયેલું વિજ્ઞાન પાછું મળવું સહજ નથી. જો પક્ષપાત છોડીને આ ગ્રન્થ વાંચવામાં આવશે તો સર્વને સત્યાસત્યનું જ્ઞાન થશે. પછી પોતાની બુદ્ધિ પ્રમાણે સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ કરવો સુગમ થઇ જશે.

અગ્યારમા સમુલ્લાસમાં પુરાણાદિ ગ્રન્થો દ્વારા આર્યાવર્ત્તમાં જે શાખા શાખાન્તરરૂપ મતો પ્રચલિત થયા છે તેઓના સંક્ષેપથી ગુણ-દોષો વર્ણવવામાં આવ્યા છે. મારાં એ કર્મથી યદિ કોઇને ઉપકાર માનવો યોગ્ય ન લાગે તો વિરોધ પણ કરવો અયોગ્ય છે. કારણ કે કોઇની હાનિમાં અથવા કોઇની સાથે વિરોધમાં મારૂં તાત્પર્ય નથી, સત્યાસત્યનો નિર્ણય થાય એમાંજ મારૂં તાત્પર્ય છે. મનુષ્યનો જન્મ સત્યાસત્યનો નિર્ણય કરવા માટે જ છે, વિવાદ કે વિરોધને માટે નહિ. ઉક્ત મતમતાન્તરોથી જગત્‌માં અનિષ્ટ ફળ થયું છે અને થશે, એ વાત નિષ્પક્ષપાતી વિદ્વાન્ લોકો જાણી શકે છે. જ્યાં સુધી મતમતાન્તરનો વિરૂદ્ધ વાદ નષ્ટ નહિ થાય ત્યાંસુધી પરસ્પર આનન્દ થવો અશક્ય છે. જો આપણે વિદ્વાન્ તથા અવિદ્વાન્ સર્વ ભાઇઓ ઈર્ષ્યા દ્વેષનો ત્યાગ કરી, સત્યાસત્યનો નિર્ણય કરી સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ કરવા ઇચ્છીએ, તો તે આપણે માટે કાંઇ અશક્ય નથી. વિદ્વાનોની વિરોધજાળે જ બધાને ફસાવી રાખ્યા છે. જો એ લોકો પોતાના સ્વાર્થને વશ ન થાય અને સર્વના પ્રયોજનની સિદ્ધિ કરવા ઇચ્છે તો એકદમ બધા મતોનું ઐકય થઇ જાય. પરન્તુ એ કેમ થાય તે આ ગ્રન્થની પૂર્તિમાં લખવામાં આવશે.

સર્વ શક્તિમાન્ પરમાત્મા મતૈકયકરવાની પ્રવૃત્તિમાં મનુષ્યોને ઉત્સાહ આપે.

अलमतिविस्तरेण विपश्चिद्वरशिरोमणिषु ।

॥ उत्तरार्द्धः ॥

अथैकादशसमुल्लासारम्भः

अथाऽऽर्य्यावर्त्तीयमतखण्डनमण्डने विधास्यामः ॥

હવે આર્યાવર્ત્ત-નિવાસી આર્ય લોકોના મતનું ખંડન મંડન લખવામાં આવશે. આર્યાવર્ત્ત દેશ એવો છે કે જેના સમાન ભૂગોળમાં બીજો કોઈ પણ દેશ નથી, માટે આ ભૂમિનું નામ સુવર્ણ ભૂમિ છે; કારણ કે આ જ સુવર્ણાદિ રત્નોને પેદા કરે છે. અતએવ સૃષ્ટિની આદિમાં આર્ય લોકો આ દેશમાં આવીને રહ્યા એ વિષય સૃષ્ટિપ્રકરણમાં લખવામાં આવી ગયો છે.

" આર્ય " નામ ઉત્તમ પુરૂષનું છે અને આર્યથી ઇતરનું નામ " દસ્યુ " છે. ભૂગોળમાં જેટલા દેશો છે તે બધા આ દેશની પ્રશંસા કરે છે અને માને છે કે પારસમણિ પત્થરની જે વાત સાંભળવામાં આવે છે તે તો ખોટી છે. પરન્તુ આર્યાવર્ત્ત દેશ જ પારસમણિ છે કે જેને લોહરૂપ દરિદ્ર દેશો સ્પૃષ્ટ થતાં જ સુવર્ણ અર્થાત્ ધનાઢ્ય બની જાય છે.

एतद्देशप्रसूतस्य सकाशादग्रजन्मनः ।
स्वं स्वं चरित्रंशिक्षेरन् पृथिव्यां सर्वमानवाः ॥

मनुः । २ । २० ॥

સૃષ્ટિના આરંભથી લઇ આજથી પાંચ હજાર વર્ષ પૂર્વનો જે સમય હતો, તે સમયમાં આર્યોનું સાર્વભૌમ-ચક્રવર્ત્તી રાજ્ય હતું. અન્ય ભિન્ન ભિન્ન દેશોમાં માંડલિક રાજાઓ હતા. અહિંના રાજ્યમાં તથા રાજશાસનમાં સર્વ ભૂગોળનો રાજવર્ગ તથા પ્રજાવર્ગ ચાલતો હતો,

એવો પ્રબન્ધ કૌરવ પાંડવ સુધી રહ્યો હતો; એ કથનમાં સૃષ્ટિના આરંભમાં રચાયલી મનુસ્મૃતિનું ઉક્ત પ્રમાણ છે. એનો અર્થ એ છે કે " આ દેશમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણ એટલે વિદ્વાનો પાસેથી દેશાન્તરનિવાસી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, દસ્યુ અને મ્લેચ્છ આદિ લોકો વિદ્યાભ્યાસ શીખે, અને ચરિત્ર (સંસારમાં કેમ વર્તવું તે) નું જ્ઞાન મેળવે. " મહાભારતના યુદ્ધપર્યન્ત આર્યોનું સાર્વભૌમ રાજ્ય હોવામાં મહારાજા યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ પણ પ્રમાણ છે. કારણ કે એ રાજસૂય યજ્ઞમાં ચીનનો ભગદત્ત, અમેરિકાનો બભ્રુવાહન, યૂરોપનો બિડાલાક્ષ, (બિલાડાંના નેત્ર સમાન નેત્રવાળો) યવન, (જેને યૂનાન કહે છે) અને ઇરાનનો શલ્ય આદિ રાજાઓ ઉપસ્થિત હતા. અને તેઓ મહાભારતના યુદ્ધમાં મહારાજાની આજ્ઞાનુસાર આવ્યા હતા.

જ્યારે રઘુવંશી રાજાઓ હતા ત્યારે રાવણ પણ એ રાજાઓને આધીન હતો; પણ રામચંદ્રજીના સમયમાં જ્યારે વિરૂદ્ધ થઈ ગયો ત્યારે રામચંદ્રજીએ તેને રાજ્યચ્યુત કરી દેહાંત દંડ આપ્યો અને તેના ભાઇ વિભીષણને તેની ગાદીએ બેસાડ્યો. સ્વાયંભવ રાજાથી લઇ પાંડવ સુધી આર્યોનું ચક્રવર્ત્તી રાજ્ય રહ્યું; ત્યારપછીના રાજાઓ પારસ્પરિક વિરોધથી લડી નષ્ટ થઈ ગયા. પરમાત્માની સૃષ્ટિમાં અભિમાની, અન્યાયકારી અને અવિદ્વાન્ લોકોનું રાજ્ય ચિરકાળ ચાલતું નથી. સંસારની આ એક સ્વાભાવિક પ્રવૃત્તિ છે કે જ્યારે પ્રયોજન (ઉપયોગ) કરતાં ધન ઘણું વધી જાય છે ત્યારે આલસ્ય, પુરૂષાર્થહીનતા, ઈર્ષ્યા, દ્વેષ અને વિષયાસક્તિ વધે છે, એથી દેશમાં સુશિક્ષાનો લોપ થાય છે અને દુર્ગુણ તથા દુષ્ટ વ્યસન વધે છે. મદ્યમાંસેત્યાદિનું સેવન, બાલ્યાવસ્થામાં વિવાહ અને સ્વેચ્છાચાર આદિ દૂર્ગુણો પણ વધે છે. જ્યારે યુદ્ધ વિભાગમાં યુદ્ધવિદ્યા કૌશલ્ય, ભૂગોળના સમસ્તશત્રુધસ્મરા સેના અને નિષ્પ્રતિપક્ષતા વધી જાય છે ત્યારે રાજા પક્ષપાત, અભિમાન અને અન્યાયમાં ઝુકી જાય છે; જ્યારે એ દોષ રાજામાં આવી જાય છે ત્યારે પારસ્પરિક વિરોધ વૃદ્ધિંગત થાય છે. તે વખતે તેનાથી અધિક ન્હાના કુળમાંથી પણ કોઈ એવો સમર્થ પુરૂષ નીકળે છે કે જે એવા અનાચારી રાજાને પરાજિત કરે છે. જેમકે મુસલમાની બાદશાહી સામે શિવાજી અને ગોવિન્દસિંહ થઇ મુસલમાનોના રાજ્યને વિલૂનશીર્ણ (છિન્નભિન્ન) કરી દીધું.

अथ किमेतैर्वापरेऽन्येमहाधनुर्धराश्चक्रवर्तिनः केचित् सुद्युम्नभूरिद्युम्नेन्द्रद्युम्नकुवलयाश्वयौवनाश्ववद्ध्यूश्वाश्वपतिशशबिन्दुहरिश्चन्द्राऽम्बरीषननक्तुसर्यातिययात्यनरण्याक्षसेनादयः। अथ मरुत्तभरतप्रभृतयो राजानः। मैत्र्युपनि० प्र० १। खं० ४॥

ઇત્યાદિ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે સૃષ્ટિના જન્મથી લઇ મહાભારત પર્યન્ત જેટલા ચક્રવર્ત્તી રાજાઓ થયા તે બધા આર્ય કુળમાં જ થયા હતા. હાલમાં એનાં સન્તાનો અભાગ્યોદયથી રાજ્યચ્યુત થઈ વિદેશીયોના પાદાક્રાન્ત થઇ રહ્યા છે. અહિંઆ જેમ સાર્વભૌમ ચક્રવર્ત્તી, સુદ્યુમ્ન, ભૂરિદ્યુમ્ન, યૌવનાશ્વ, વદ્ધ્યૂશ્વ, અશ્વપતિ, શશબિન્દુ હરિશ્ચન્દ્ર, અમ્બરીષ, નનક્તુ, શર્યાતિ, યયાતિ, અનરણ્ય, અક્ષસેન, મરૂત્ત અને ભરત રાજાઓનાં નામો લખ્યાં છે. તેમ

સ્વાયંભવાદિ ચક્રવર્તી રાજાઓનાં નામો મનુસ્મૃતિ તથા મહાભારત આદિ ગ્રન્થોમાં સ્પષ્ટ લખ્ય છે. એને મિથ્યા કરવાં એ અજ્ઞાની અને પક્ષપાતીઓનું કામ છે.

(પ્રશ્ન) જે આગ્નેયાસ્ત્ર આદિ વિદ્યા લખી છે તે સત્ય છે કે નહિ ? તથા તો અને બંદૂકો એ વખતમાં હતી કે નહિ ?

(ઉત્તર) એ વાત સાચી છે અને શસ્ત્રો પણ હતાં. કારણ કે પદાર્થજ્ઞાનથી એન ઉત્પત્તિ છે.

(પ્રશ્ન) શું એ દેવતાઓના મંત્રોથી સિદ્ધ થતાં હતાં ?

(ઉત્તર) નહિ, એ બધાં અસ્ત્ર શસ્ત્રો જેનાથી પેદા થતાં હતાં, તે મંત્ર એટલે વિચારથી બનાવતા હતા. જે મંત્ર શબ્દમય છે તેનાથી કોઇપણ દ્રવ્ય ઉત્પન્ન થતું નથી. જો કોઇ કહે કે મંત્રથી અગ્નિ પેદા થાય છે તો તેને કહેવું કે મંત્રના જપ કરનારની જીભ કેમ બળી જતી નથી ? જો મંત્રથી દેવતા ઉત્પન્ન થાય તો શત્રુને મારતાં પહેલાં મંત્ર જાપક જ મરી જાય માટે મંત્ર નામ વિચારનું છે. "રાજમંત્રી" એટલે રાજકાર્યોનો વિચાર કરનાર

મંત્ર અર્થાત્ વિચારથી પ્રથમ સર્વ સૃષ્ટિના પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરી પછી તદનુસાર ક્રિયા કરવાથી અનેક પ્રકારના પદાર્થો તથા ક્રિયા કૌશલ્ય ઉત્પન્ન થાય છે. જેમકે કોઇ એવા પદાર્થો અન્દર ભરીને લોઢાનો ગોળો અથવા બાણ બનાવવામાં આવે કે જે અગ્નિની સાથે સંબંધ પામતાં જ વાયુમાં ધૂમાડો ફેલાઇ જાય અને સૂર્ય કિરણ અને વાયુનો સ્પર્શ મળતા અગ્નિ સળગી ઉઠે તેનું નામ "આગ્નેયાસ્ત્ર" છે. એની શાન્તિને માટે "વરૂણાસ્ત્ર" હોય છે, તે કોઇ એવા પદાર્થોથી બનાવવામાં આવ્યું હોય કે જેનો ધૂમાડો વાયુ સાથે સ્પર્શ પામતાં જ વાદળાં થઇ વરસવા માંડે અને અને આગ્નેયાસ્ત્રને હોલવી નાંખે. શત્રુની ઉપર છોડવામાં આવેલું જે બાણ શત્રુનાં અંગોને જકડીને બાંધી લે તે "નાગપાશ બાણ" કહેવાય છે. જેમાં નીસાની ચીજો નાખવાથી જેનો ધૂમાડો શત્રુસેનાને ગળામાં લાગવાથી શત્રુસેના નિદ્રાવશ એટલે મૂર્છિત થઇ જાય તેને "મોહનાસ્ત્ર" કહેવાય છે. એ પ્રમાણે સર્વ શસ્ત્રાસ્ત્ર થતાં હતાં. એક તારમાંથી, અથવા સીસામાંથી અથવા કોઈ અન્ય પદાર્થમાંથી વિદ્યુત્ ઉત્પન્ન થઇ શત્રુ સેનાનો નાશ કરી નાંખે તેને પણ આગ્નેયાસ્ત્ર અથવા પાશુપતાસ્ત્ર કહે છે. તોપ અને બંદૂક એ નામ અન્ય ભાષાનાં છે. સંસ્કૃતમાં તો તોપનું નામ "શતઘ્ની" અને બન્દૂકનું નામ "ભુશંડી" છે. જેને સંસ્કૃત-વિદ્યાનું જ્ઞાન નથી તે કંઇનું કંઇ લખે છે અને કંઇનું કંઇ બકે છે. એનું વચન બુદ્ધિમાન્ લોકોને પ્રમાણ હોતું નથી. સંસારમાં જેટલી વિદ્યા ફેલાયલી છે તે બધી આર્યાવર્ત્ત દેશમાંથી ફેલાઇ છે. આર્યાવર્ત્ત દેશમાંથી મિશ્રદેશમાં, મિશ્રદેશમાંથી યૂનાનમાં, યૂનાનથી રૂમમાં, રૂમથી યૂરોપમાં, યૂરોપથી અમેરિકા આદિ દેશોમાં ફેલાઇ છે. અદ્યાપિ સંસ્કૃત વિદ્યાનો જેટલો પ્રચાર આર્યાવર્ત્તમાં છે, તેટલો કોઇ અન્ય દેશમાં નથી. કોઈ કહે છે કે જર્મની દેશમાં સંસ્કૃતનો પ્રચાર ઘણો છે, અને મોક્ષમૂલર જેટલું સંસ્કૃત ભણ્યો હતો

એટલું બીજું કોઇ ભણ્યું ન હતું. એ તો કથન માત્ર છે. કારણ કે:—" निरस्तपादपे देशे एरण्डोऽपि द्रुमायते " અર્થાત્ જે દેશમાં કોઇ મ્હોટું વૃક્ષ નથી હોતું ત્યાં " એરંડો " જ મ્હોટું વૃક્ષ માનવામાં આવે છે. તેવીજ રીતે યૂરોપ દેશમાં સંસ્કૃત વિદ્યાનો પ્રચાર ન હોવાથી જર્મન્ લોકોનું અને મોક્ષમૂલરનું અલ્પ સંસ્કૃત અધ્યયન પણ એ દેશને આટે અધિક થઇ ગયું. પરન્તુ આર્યાવર્ત્ત દેશની અપેક્ષા તેઓ ઘણા ન્યૂન છે. કારણ કે જર્મની-નિવાસી એક " પ્રીન્સીપાલ " ના પત્રદ્વારા મને વિદિત થયું કે જર્મની દેશમાં સંસ્કૃત પત્રિકાનો અર્થ કરનાર પણ ઘણા ન્યૂન છે. મોક્ષમૂલર સાહેબનું સંસ્કૃત સાહિત્ય કિંચિત્ વેદની વ્યાખ્યા જોઇ મેં જાણ્યું કે મોક્ષમૂલર સાહેબે આર્યાવર્ત્તીય લોકોએ કરેલી વ્યાખ્યાને જોઇ થોડું થોડું જેમ તેમ લખ્યું છે. જેમકે:—" युञ्जन्ति ब्रध्नमरुषं चरन्तं परितस्थुषः । राचन्ते रोचना दिवि " એ મંત્રનો અર્થ ઘોડાપરક કર્યો છે. એના કરતાં તો સાયણાચાર્યે સૂર્ય અર્થ કર્યો તે સારો છે. પરન્તુ એનો ઠીક અર્થ પરમાત્મા છે. એનો અર્થ મારી બનાવેલી " ઋગ્વેદાદિ ભાષ્યભૂમિકામાં " જોઈ લ્યો, એટલેથી જ જાણી લ્યો કે જર્મની દેશનું અને મોક્ષમૂલરનું કેટલું પાંડિત્ય હતું. આર્યાવર્ત્તમાંથી સર્વ વિદ્યા અન્ય દેશમાં પ્રચલિત થઇ છે એનું બીજું પ્રમાણ– ફ્રાંસ નિવાસી જેકાલયટ " બાયબલ ઇનિ ઇન્ડીયા " નામના ગ્રન્થમાં લખે છે કે " સર્વ વિદ્યા અને ભલાઇનો ભંડાર આર્યાવર્ત્ત દેશ જ છે, અને જેટલી વિદ્યા તથા મતો છે તે એજ દેશમાંથી નીકળ્યા છે. " તેઓ પ્રાર્થના કરે છે કે જેવી પૂર્વકાળમાં આર્યાવર્ત્તની ઉન્નતિ હતી તેવી અમારા દેશમાં કરો. " દારાશિકોહ " બાદશાહે પણ આજ નિશ્ચય કર્યો હતો કે જેવી પૂર્ણ વિદ્યા સંસ્કૃતમાં છે તેવી કોઇ અન્ય ભાષામાં નથી. તે ઉપનિષદ્‌ના ભાષાન્તરમાં લખે છે કે " હું અરબી આદિ ઘણી ભાષા ભણ્યો પરન્તુ મ્હારા મનના સંદેહથી હું મુક્ત થઈ આનન્દિત થયો નહિ, પરન્તુ જ્યારે સંસ્કૃત સાંભળ્યું અને જોયું ત્યારે હું નિઃસંદેહ થઇ આનન્દિત થયો. "

જુઓ, કાશીના " માનમન્દિરમાં " શિશુમાર ચક્ર જો કે તે સારી રીતે રક્ષિત નથી રહ્યું, તોપણ તે કેટલું ઉત્તમ છે. જેમાં અદ્યાવધિ ખગોળનું કેટલુંક વૃત્તાન્ત વિદિત થાય છે. જો " સવાઇ જયપુરાધીશ " એની સારી સંભાળ રાખે અને તૂટ્યા ફૂટયાને બનાવ્યા કરે તો ઘણું સારૂં થશે. આવા શિરોમણિ દેશને મહાભારતના યુદ્ધે એવો ધક્કો માર્યો કે અદ્યાવધિ અપિ પોતાની પૂર્વ દશામાં આવ્યો નહિ. જ્યાં ભાઇ ભાઇને મારવા મંડે ત્યાં નાશ હોવામાં શો સંદેહ !

विनाशकाले विपरीतबुद्धिः ॥ वृद्धचाणक्य.

अ. १६ । १७ ॥

જ્યારે નાશ થવાનો સમય નજીક આવે છે ત્યારે ઉલટી બુદ્ધિ થાય છે અને ઉલટાં કામ કરાય છે. સીધી સમજણ ઉલટી સમજાય છે અને ઉલટી સીધી સમજાય છે. મહાભારતના

યુદ્ધમાં મ્હોટા રાજાઓ, મહારાજાઓ, ઋષિઓ અને મહર્ષિઓ માર્યા ગયા, ત્યારથી વિદ્યા અને વેદોક્ત ધર્મનો પ્રચાર નષ્ટ થતો ચાલ્યો, પરસ્પર ઇર્ષ્યા, દ્વેષ અને અભિમાન થવા માંડ્યાં. જે બલવાન્ થયો તે દેશને દબાવીને રાજા થઈ પડયો. તે પ્રમાણે આર્યાવર્ત્તમાં સર્વ ઠેકાણે રાજ્ય ખંડ ખંડ થઇ ગયું, તો પછી દ્વીપદ્વીપાન્તરના રાજ્યની વ્યવસ્થા તો કોણ જ કરે ! જ્યારે બ્રાહ્મણ લોકો જ વિદ્યાહીન થયા તો પછી ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર અવિદ્વાન્ રહે તેમાં તો નવાઇ જ શી ! વેદાદિ શાસ્ત્રોની જે અર્થ સહિત ભણવાની પ્રણાલી હતી તે ટૂટી ગઈ. બ્રાહ્મણો કેવળ જીવિકાને માટે પાઠમાત્ર ભણતા રહ્યા, તે પણ ક્ષત્રિયાદિઓને ભણાવ્યા નહિ. જ્યારે ગુરૂ અવિદ્વાન્ થયા ત્યારે તેમાં છળ, કપટ અધર્મ આદિ વધતાં ગયાં. બ્રાહ્મણોએ વિચાર્યું કે હવે આપણે આપણી જીવિકા બાંધવી જોઇએ. બધા સંમત થઇ ક્ષત્રિય, આદિને ઉપદેશ કરવા મંડ્યા કે " અમે તમારા પૂજ્ય દેવો છીએ. અમારી સેવા વિના સ્વર્ગ અથવા મુક્તિ મળશે નહિ. જો તમે અમારી સેવા નહિ કરો તો ઘોર નરકમાં પડશો. " પૂર્ણ વિદ્યાવાન્ ધાર્મિક જનનું જે " બ્રાહ્મણ " નામ હતું અને જે વેદ તથા ઋષિ મુનિઓના શાસ્ત્રમાં બ્રાહ્મણની પ્રશંસા લખી છે તેને મૂર્ખ વિષયી કપટી અને લમ્પટ લોકો ધારણ કરવા લાગ્યા. આમ વિદ્વાનોનું લક્ષણ એ મૂર્ખોમાં ક્યાંથી ઘટી શકે ! પરન્તુ ક્ષત્રિય આદિ સંસ્કૃત વિદ્યાથી રહિત થયા ત્યારે તેમની પાસે જે જે ગપ્પા માર્યા તે તે તે બિચારાઓએ માની લીધા. ત્યારે તો તે નામધારી બ્રાહ્મણોનું ચાલવા માંડયું. બધાને પોતાની વચનજાળમાં બાંધી પોતાને આધીન કરી લીધા, અને કહેવા લાગ્યા કેઃ—

ब्रह्मवाक्यं जनार्दनः ॥ पाण्डवगीता

અર્થાત્ જે કંઇ બ્રાહ્મણના મુખમાંથી નીકળે છે, તે સાક્ષાત્ ભગવાનના મુખમાંથી નીકળે છે એમ માનો. જ્યારે " આંખના અંધા અને ગાંઠના પૂરા " (જેને ધન ઘણુ હોય અને વિદ્યારૂપ આંખ ફૂટેલી હોય તે) ક્ષત્રિયાદિ તેઓના ચેલા થયા ત્યારે તો તે કેવળ નામધારી બ્રાહ્મણોને વિષયાનન્દનો બગીચો મળી ગયો. પૃથ્વીમાં જે કંઇ ઉત્તમ ઉત્તમ પદાર્થો છે તે બધા બ્રાહ્મણોને માટે છે એ વાત પણ તે લોકોએ ફેલાવી, એટલે ગુણ-કર્મ-સ્વભાવ-ઘટિત વર્ણવ્યવસ્થા પણ નષ્ટ કરી જન્માનુસાર વર્ણવ્યવસ્થા બાંધી. યજમાન પાસેથી મૃતક પછવાડે કરવામાં આવતું દાન પણ લેવા મંડ્યા. જેવી પોતાની ઇચ્છા થઇ તે પ્રમાણે કરતા ચાલ્યા. "અમે ભૂદેવ છીએ અમારી સેવા સિવાય કોઇને દેવલોક મળતો નથી" એ પણ ચલાવ્યું, પરન્તુ એઓને પૂછવું જોઇએ કે તમે કયા લોકમાં સિધાવશો ? તમારાં કામ તો ઘોર નરક ભોગવવાને માટે છે. કૃમિ કીટ પતંગાદિ બનશો. ત્યારે તો તે ક્રોધિત થઇને કહે છે કે- " અમે શાપ દેઈશું તો તમારો નાશ થઇ જશે. લખ્યું છે કેઃ— " ब्रह्मद्रोही विनश्यति" બ્રાહ્મણનો દ્રોહ કરનાર નષ્ટ થાય છે " આ વાત સાચી છે કે જે વેદજ્ઞ, બ્રહ્મજ્ઞ અને જગદુપકાર પરાયણ છે તેનો દ્વેષ કરનાર નષ્ટ થાય છે, પરન્તુ જે વાસ્તવમાં બ્રાહ્મણ નથી અને બ્રાહ્મણનું માત્ર નામ જ ધારણ કરે તેનો [1]દ્વેષ્ટા નષ્ટ થતો નથી, એવા નામધારીઓની સેવા પણ ન કરવી જોઇએ.

૧ દ્વેષ્ટાનો અર્થ અત્ર તેઓને સત્ય કહેનાર છે.

(**પ્રશ્ન**) ત્યારે અમે કોણ છીએ ?

(**ઉત્તર**) તમે પોપ છો.

(**પ્રશ્ન**) પોપ કોને કહે છે ?

(**ઉત્તર**) એનો **અર્થ** રોમન ભાષામાં તો " મ્હોટા " અને " પિતા " **થાય છે**, પરન્તુ અહિંઆ તો " છલથી બીજાને ઠગી સ્વપ્રયોજન સિદ્ધ કરનાર " **છે.**

પ્રશ્ન— અમે તો બ્રાહ્મણ અને સાધુ છીએ, કારણ કે અમારો પિતા બ્રાહ્મણ અને અમારી માતા બ્રાહ્મણી છે તથા અમે અમુક સાધુના ચેલા છીએ

ઉત્તર— એ ઠીક છે, પરન્તુ ભાઇ જરા સાંભળો, માતા પિતા બ્રાહ્મણ હોવાથી અથવા અમુક સાધુના શિષ્ય થવાથી બ્રાહ્મણ અથવા સાધુ થવાતું નથી, પરન્તુ ઉત્તમ ગુણ કર્મ અને પરોપકાર ધારણ કરવાથી બ્રાહ્મણ થવાય છે. સાંભળવામાં આવે છે કે " પોપો પોતાના ચેલાઓને કહેતા હતા કે તમે તમારાં પાપો અમને કહો, અમારી સેવા તથા આજ્ઞા સિવાય કોઇપણ સ્વર્ગમાં જઇ શકતો નથી, માટે જેટલા રૂપિયા તમે અમારી પાસે જમા કરશો તેટલા રૂપિયાની સામગ્રી તમને સ્વર્ગમાં મળશે. એવું સાંભળી યદિ કોઇ " આંખના અંધા અને ગાંઠના પૂરા " લોકો સ્વર્ગેચ્છુ થઇ પોપજીને યથેષ્ટ ધન આપતા હતા. ત્યારે તે પોપજી ઇસા અને મરીયમની મૂર્તિ સામે ઉભા થઈ આવા પ્રકારની હુંડી લખી આપતો હતો, " હે ખુદાવિન્દ, ઇસામસીહ ! અમુક માણસે સ્વર્ગમાં આવવાની ઇચ્છાથી તારા નામ ઉપર એક લાખ રૂપિયા અમારી પાસે જમા કર્યા છે, માટે જ્યારે તે સ્વર્ગમાં આવે ત્યારે તું તારા પિતાના સ્વર્ગીય રાજ્યમાં એને પચ્ચીસ હજાર રૂપિયામાં બાગબગીચા અને મકાન, પચ્ચીસ હજારમાં સ્વારી શીકારી, અને નોકર ચાકર, પચ્ચીસ હજારમાં ખાનપાન અને લુગડાં લત્તાં અને પચ્ચીસ હજારમાં ઇષ્ટમિત્ર અને ભાઇ બન્ધુઓને (जियाफत) મીજબાનીને માટે અપાવજે. "

પછી પોપજી તે હુંડી નીચે પોતાની સહી કરી તેના હાથમાં આપી કહેતો હતો કે " જ્યારે તું મરે ત્યારે આ હુંડીને કબરમાં તારા માથા નીચે રાખવા કુટુમ્બીઓને કહી રાખજે પછી તને લઇ જવાને માટે ફિરસ્તા આવશે. પછી તને અને તારી પાસેની હુંડીને સ્વર્ગમાં લઇ જશે, અને હુંડીમાં લખ્યા પ્રમાણે તને બધી ચીજો અપાવશે. " જુઓ, જાણે પોપજીએ તો સ્વર્ગનો ઠેકો લીધો છે ! ! યૂરોપ દેશમાં જ્યાં સુધી મૂર્ખતા હતી ત્યાં સુધી પોપજીની લીલા ચાલી. પરન્તુ હાલમાં વિદ્યાનો પ્રચાર થવાથી પોપજીની અસત્ય લીલાનો વધારે પ્રચાર નથી. તેવીજ રીતે આર્યાવર્ત્તમાં જાણે લાખો પોપોએ જન્મ લઇ પોપ લીલા ફેલાવી હોય એમ લાગે છે. કારણ કે વિદ્યાધ્યયન ન કરવા દેવું, સત્સમાગમ ન કરવા દેવો અને દિનરાત છેતરવા સિવાય બીજી વાત જ ન કરવી; ઇત્યાદિ બધી પોપલીલા છે. માટે

છલ કપટ આદિથી કુત્સિત વ્યવહાર કરનાર સ્વાર્થીઓનું જ નામ "પોપ" છે. જેઓ ધાર્મિક, વિદ્વાન્ અને પરોપકારી છે તેઓજ સાચા બ્રાહ્મણો અને સાધુઓ છે. જો કોઇ ઉત્તમ બ્રાહ્મણ અથવા સાધુ ન હોત તો વેદાદિ સત્યશાસ્ત્રોનું સ્વર સહિત પઠન પાઠન કોણ કરત? જૈન, મુસલમાન અને ઇસાઇ આદિની જાળમાંથી કોણ બચાવત ? વેદાદિ સત્યશાસ્ત્રમાં પ્રીતિ અને વર્ણાશ્રમોનું રક્ષણ કોણ કરત ? પોપલીલા અને જૈન આદિ મતોથી આર્યોનું બચી રહેવું એ આર્યોમાં "**विषादप्यमृतं ग्राह्यम्**" ના જેવો ગુણ છે એમ સમજવું જોઇએ.

જ્યારે યજમાન વિદ્યાહીન થયા અને પોતે કંઇક પાઠપૂજા કરી અભિમાની થયા, ત્યારે બધાએ પરસ્પર સંમતિ કરી રાજા આદિને કહ્યું કે "બ્રાહ્મણ અને સાધુ અદંડ્ય છે." જુઓ "**ब्राह्मणो न हन्तव्यः**" "**साधुर्न हन्तव्यः**" એવાં એવાં વાક્યો જે સત્યબ્રાહ્મણો અને સાધુઓના વિષયમાં હતાં, તે બધાં પોપજીઓએ પોતાની ઉપર ઘટાવી લીધાં; તથા બીજા અસત્ય વચન યુક્ત ગ્રન્થો રચી એના કર્ત્તા તરીકે ઋષિ મુનિઓના નામ દઇ એ ગ્રન્થો લોકોને સંભળાવતા રહ્યા. એવી યુક્તિથી પોતાના ઉપરની દંડવ્યવસ્થાને કઢાવી નાંખી. પછી મરજીમાં આવ્યું તેમ વર્ત્તવા માંડયા. યજમાન રાજા પ્રજા આદિ એ પોપો ઉપર એટલા શ્રદ્ધાળુ થયા કે એ પોપોની આજ્ઞા સિવાય બેસવું, ઉઠવું, જવું આવવું, ખાવું અને પીવું આદિ પણ કરી શકતા ન હતા. રાજાઓને એવો નિશ્ચય થઇ ગયો કે એ નામધારી બ્રાહ્મણ સાધુઓ ગમે તેમ કરે, તોપણ એઓનો દંડ કરવો નહિ. અર્થાત્ એઓને દંડ દેવાની ઇચ્છા પણ કરવી નહિ. એ મૂર્ખતાના સમયમાં પોપ લોકો યથેષ્ટ સ્વચ્છંદાચારી થયા. એ બગાડ મહાભારત યુદ્ધ પહેલાં એક હજાર વર્ષે પ્રવૃત્ત થયો હતો. કારણ કે એ સમયમાં ઋષિ મુનિઓ હોવા છતાં કિંચિત્ આલસ્ય, ઈર્ષ્યા અને દ્વેષના અંકુરો ઉગી નિકળ્યાં હતાં. તે ઉત્તરોત્તર વૃદ્ધિંગત થતાં ચાલ્યાં જ્યારે સત્યોપદેશ ન રહ્યો ત્યારે અવિદ્યા ફેલાઇ અને પરસ્પર લડાઇ કરવા મંડ્યા. કારણ કે:—

उपदेश्योपदेष्टृत्वात् तत्सिद्धिः, इतरथान्धपरम्परा ।

सांख्य. अ० ३ । सू० ७९ । ८१

અર્થાત્ ઉત્તમ ઉપદેશક જ્યાંસુધી રહે છે ત્યાંસુધી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ યથાર્થ રીતે અનુષ્ઠેય થાય છે, પણ જ્યારે ઉત્તમ ઉપદેશક અને ઉપદેશ્ય (શ્રોતા) નથી હોતા, ત્યારે અન્ધની પરંપરા ચાલે છે. એ અંધપરંપરા જ્યારે ઉત્તમ ઉપદેશકના ઉત્તમ ઉપદેશો પ્રચલિત થાય છે ત્યારે જ નષ્ટ થાય છે અને પ્રકાશની પરંપરા ચાલે છે.

પછી એ પોપ લોકો પોતાના ચરણોની પૂજા કરાવવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે "આમાંજ તમારૂં કલ્યાણ છે" જ્યારે એ લોકો પોપ લોકોના વશવર્ત્તી થઇ ગયા, ત્યારે તે પોપલોકો પ્રમાદ અને વિષયાસક્તિમાં લીન થઈ ગયા. ગાડરિયા પ્રવાહની પેઠે વિતથ જૂઠા ગુરૂ અને ચેલાઓ ફસાયા. વિદ્યા, બુદ્ધિ, પરાક્રમ અને શૂરવીરત્વાદિથી રહિત થતા ચાલ્યા, ત્યાર પછી તે વિષયી લોકો મદ્ય અને માંસનું સેવન નિગૂઢ રીતે કરવા લાગ્યા. એઓમાંથી એક

"વામમાર્ગ" નિકળ્યો. તેણે "शिव उवाच" "पार्वती उवाच" "भैरव उवाच" ઇત્યાદિ નામ લખી તે ગ્રન્થનું નામ તંત્ર રાખ્યું. એમાં એવી એવી વિચિત્ર લીલાની વાત લખી છે કેઃ—

मद्यं मांसं च मीनं च मुद्रा मैथुनमेव च ।
एते पञ्च मकाराः स्युर्मोक्षदा हि युगे युगे ॥
काली तंत्रादि० ।

प्रवृत्ते भैरवीचक्रे सर्वे वर्णा द्विजातयः ।
निवृत्ते भैरवीचक्रे सर्वे वर्णाः पृथक् पृथक् ॥
कुलार्णव तन्त्र ॥

पीत्वा पीत्वा पुनः पीत्वा यावत्पतति भूतले ।
पुनरुत्थाय वै पीत्वा पुनर्जन्म न विद्यते ॥
महानिर्माण तन्त्र ॥

मातृयोनिं परित्यज्य विहरेत् सर्वयोनिषु ।
वेदशास्त्रपुराणानि सामान्यगणिका इव ॥
एकैव शाम्भवी मुद्रा गुप्ता कुलवधूरिव ।
ज्ञानसंकलनी तन्त्र ॥

જુઓ ! એ ગપ્પગંડ પોપલોકોની પોપલીલા ! જે વેદવિરૂદ્ધ અને મહા અધર્મ છે, તેને વામમાર્ગીઓએ શ્રેષ્ઠ માન્યાં છે. મદ્ય, માંસ, મીન, મુદ્રા (એટલે પૂરી, કચોરી, મોટી રોટલી, આદિ ચર્વણ યોનિ પાત્રાધાર એ મુદ્રા) અને પાંચમું મૈથુન અર્થાત્ પુરૂષ બધા શિવસમાન અને સ્ત્રી બધી પાર્વતીસમાન માનીઃ—

अहं भैरवस्त्वं भैरवी ह्यावयोरस्तु संगमः ।

ગમે તે પુરૂષ અથવા સ્ત્રી હોય પણ ઉટપટાંગ વચન બોલીને સમાગમ કરવામાં તે વામમાર્ગીઓ પાપ માનતા નથી. જે સ્ત્રી સર્વથા અસ્પૃશ્ય છે તે વામમાર્ગીઓએ અતિપવિત્ર માની છે. શાસ્ત્રમાં રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ નિષિધ્ધ છે; પણ વામમાર્ગીઓ અતિપવિત્ર માને છે. જુઓ એઓનો અંડબંડ શ્લોકઃ—

रजस्वला पुष्पकरं तीर्थं चाण्डाली तु स्वयं काशी चर्मकारी
प्रयागः स्याद्रजकी मथुरा मता । अयोध्या पुक्कसी प्रोक्ता ।
रुद्रयामल तन्त्र ॥

રજસ્વલા સાથે સમાગમ કરવો, એ પુષ્કરસ્નાન સમાન છે, ચાંડાલી સાથે સમાગમ કરવો એ કાશીયાત્રા સમાન છે, ચમારી સાથે સમાગમ કરવો એ પ્રયાગસ્નાન સમાન છે, ધોબીની સ્ત્રી સાથે સમાગમ કરવો એ મથુરાયાત્રા સમાન છે, પુક્કસી (વેશ્યા) સાથે લીલા કરવી એ અયોધ્યા તીર્થ સમાન છે. એ લોકોએ મદ્ય આદિના એવાં નામ રાખ્યાં છે કે જે નામો બીજાને અજ્ઞેય થઇ પડ્યાં છે. જેમકેઃ—

મદ્ય=તીર્થ.
માંસ=શુદ્ધિ અને પુષ્પ.
મત્સ્ય=તૃતીયા અને જલતુંબિકા.
મુદ્રા=ચતુર્થી.
મૈથુન=પંચમી.

બીજા ન જાણી શકે તેને માટે જ એવાં નામો રાખવામાં આવ્યાં છે. પોતાનાં નામો, કૌલ, આર્દ્રવીર, શાંભવ અને ગણ આદિ રાખવામાં આવ્યાં છે.

વામમાર્ગથી ભિન્નોનાં નામો, કંટક, વિમુખ, અને શુસ્કપશુ આદિ રાખવામાં આવ્યાં છે. એઓ કહે છે કે જ્યારે ભૈરવચક્ર થાય છે ત્યારે બ્રાહ્મણથી ચાંડાલ સુધી બધા મનુષ્યો દ્વિજ થઇ જાય છે, અને જ્યારે ભૈરવચક્રથી અલગ થઇ જાય છે ત્યારે સ્વસ્વર્ણસ્થ થઇ જાય. ભૈરવચક્રમાં વામમાર્ગીઓ ભૂમિ અથવા પાટલા ઉપર એક ત્રિકોણચતુષ્કોણ અથવા વર્તુલાકાર ચિહ્ન બનાવે છે અને તેની ઉપર મદ્યનો ઘડો રાખી, એની (ઘડાની) પૂજા કરે છે. પૂજા કરતી વખતે મંત્ર બોલે છે કેઃ—

ब्रह्मशापं विमोचय.

હે મદ્ય ! તું બ્રહ્મઆદિના શાપથી રહિત છે. પછી જ્યાં વામમાર્ગીય સિવાય બીજો કોઇ ન જઇ શકે એવા ગુપ્તસ્થાનમાં સ્ત્રી અને પુરૂષો એકત્રિત થાય છે. ત્યાં એક સ્ત્રીને નાગી કરીને પૂજે છે, અને સ્ત્રીઓ કોઇએક પુરૂષને નગ્ન કરીને પૂજે છે. ત્યાં તત્રસ્થ પુરૂષોમાંના કોઇકની સ્ત્રી, કોઇની કન્યા, કોઇની માતા, કોઇની ભગિની અને કોઇની પુત્રવધૂ આદિ આવે છે. પછી એક પાત્રમાં મદ્ય ભરી અને બીજા પાત્રમાં (થાળીમાં) માંસ અને વડાં રાખે છે, પછી એઓમાં જે આચાર્ય હોય છે તે મદ્યના પ્યાલાને હાથમાં લઇને બોલે છે કેઃ—

" भैरवोऽहम् " " शिवोऽहम् "

" હું ભૈરવ છું અથવા શિવ છું " એમ બોલી પી જાય છે. એ એઠાં પાત્રમાં પછી બધા પીએ છે. પછી કોઇની સ્ત્રીને અથવા વેશ્યાને નગ્ન કરી અથવા કોઇ પુરૂષને નગ્ન કરી હાથમાં તરવાર આપે છે. જો તે સ્ત્રી હોય તો " દેવી " નામ રાખે છે, અને પુરૂષ હોય તો " મહાદેવ " નામ રાખે છે. એની ઉપસ્થેંદ્રિયની પૂજા કરે છે. તે વખતે તે દેવી અથવા મહાદેવને મદ્યના પ્યાલા પાય છે, અને પછી તે જ એંઠા પ્યાલામાં બધા એક એક પ્યાલો

પીએ છે, એ પ્રમાણે વારંવાર મદ્ય પીએ છે. પછી ઉન્મત્ત બની ગમે તેની બ્હેન, કન્યા અથવા માતાની સાથે સ્વચ્છન્દતઃ કુકર્મ કરે છે, કોઇ કોઇ વખતે નીશો વધારે ચ્હડવાથી પરસ્પર મુષ્ટામુષ્ટિ અને કેશાકેશિ યુદ્ધ થાય છે. કોઇ કોઇને તો ત્યાં જ વમન થાય છે. તેઓમાં જે અઘોરી હોય છે, તે સિદ્ધ ગણવામાં આવે છે. તે વાન્ત (જે વસ્તુની ઉલટી થઇ હોય તે) વસ્તુને પણ ખાઇ જાય છે ! ! અર્થાત્ એઓમાં જે મહાસિદ્ધ પુરૂષ મનાય તેનું આ કામ છે. કે—

हालां पिबति दीक्षितस्य मन्दिरे
सुप्तो निशायां गणिकागृहेषु ।
विराजते कौलवचक्रवर्त्ती ॥

જે દીક્ષિત એટલે કલાલને ઘેર જઈ મદ્યની બૉટલ ઉપર બૉટલ ચડાવે, રાંડોના ઘરમાં જઇ કુકર્મો કરી સુવે, ઇત્યાદિ કર્મો કરવામાં જેને લજ્જા અથવા શંકા ન હોય તે વામમાર્ગીઓમાં સર્વોપરિ મુખ્ય ચક્રવર્તી રાજા સમાન ગણાય છે. ભાવાર્થ એ છે કે જે મહાકુકર્મી છે તે જ તેનામાં મ્હોટો, અને ખરાબ કામોથી ડરી સારાં કામ કરે તે તેનામાં ન્હાનો ગણાય છે. કારણ કેઃ—

पाशबद्धो भवेज्जीवः पाशमुक्तः सदाशिवः ॥
ज्ञानसंकलनी तन्त्र । श्लोक ४३ ॥

જે લોકલજ્જામાં, શાસ્ત્રલજ્જામાં કુલલજ્જામાં અને દેશલજ્જામાં બંધાયલ છે તે “ જીવ ” છે અને જે નિર્લજ્જ થઇ મહાકુકર્મકારી હોય છે તે સદાશિવ છે.

ઉડ્ડીસ તંત્રાદિમાં એક પ્રયોગ લખ્યો છે કે એક ઘર એવું હોવું જોઇએ કે જેમાં ચાર આલય હોય, અને એ ચારે આલયમાં મદ્યના શીશા ભરી રાખવા. એક આલયમાં મદ્યનો શીશો પીને બીજા આલયમાં જવું, ત્યાં પીને ત્રીજા આલયમાં જવું, ત્રીજામાં પીને ચોથા આલયમાં જવું. ઉભા ઉભા ત્યાંસુધી મદ્ય પીવો કે જ્યાંસુધી તે માણસ લાકડીની માફક પૃથિવી ઉપર ન પડે. જ્યારે નીશો ઉતરી જાય ત્યારે ફરીથી પણ તે પ્રમાણે મદ્ય પીને પૃથિવી ઉપર પડે. તેવીજ રીતે ત્રીજી વાર પણ પડીને ઉઠે. જો એ પ્રમાણે કરે તો તેમને પુનર્જન્મ મળતો નથી. ખરી વાત તો આ છે કે એવા માણસને ફરીથી મનુષ્ય જન્મ મળવો કઠણ છે ! એવા મનુષ્યને બહુ કાળ પર્યન્ત નીચ યોનિ ભોગવવી પડશે. એ વામીઓના તન્ત્ર ગ્રન્થોમાં આ નિયમ લખ્યો છે કે માતાને છોડી કોઇ પણ સ્ત્રીને છોડવી નહિ. ભલે પછી કન્યા હો અથવા ભગિની હો, સર્વની સાથે સંગમ કરવો જોઇએ. વામમાર્ગીઓમાં દસ મહાવિદ્યા પ્રસિદ્ધ છે. તેમાંથી એક માતંગી વિદ્યાવાળો તો કહે છે કેઃ—

मातरमपि न त्यजेत् ।

અર્થાત્ માતાને પણ સમાગમ કર્યા સિવાય છોડવી નહિ. સ્ત્રી પુરૂષ સમાગમ કરતી વખતે મંત્ર ભણે છે કે અમને સિદ્ધિ પ્રાપ્તિ થઇ જાય. એવા પાગલ, મહામૂર્ખ મનુષ્ય સંસારમાં ઘણા ઓછા હશે. જે મનુષ્ય અસત્યનો પ્રચારક હોય છે તે સત્યની નિન્દા અવશ્ય કરે છે. જુઓ ! વામમાર્ગી શું કહે છે, " વેદ, શાસ્ત્ર અને પુરાણ એ બધાં સામાન્ય વેશ્યાઓ સમાન છે, અને જે આ શાંભવી વામમાર્ગની મુદ્રા છે તે ગુપ્તકુલની સ્ત્રી સમાન છે." આમ એ લોકોએ કેવળ વેદ વિરૂદ્ધ મત ઉભો કર્યો છે. જ્યારે એ લોકોનો પ્રચાર વિશેષ પ્રમાણમાં થવા લાગ્યો, ત્યારે ધૂર્તતાથી વેદોના નામથી પણ વામમાર્ગની લીલા ચલાવી. અર્થાત્-

सौत्रामण्यां सुरां पिबेत् । प्रोक्षितं भक्षयेन्मांसम् ।
वैदिकी हिंसा हिंसा न भवति ।
न मांसभक्षणे दोषो न मद्ये न च मैथुने ।
प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु महाफला ॥
मनु० अ० ५ । ५६ ॥

સૌત્રામણિ યજ્ઞમાં મદ્ય પીએ. (સત્ય અર્થ એ છે કે સૌત્રામણિ યજ્ઞમાં સોમરસ એટલે સોમવલ્લીનો રસ પીએ.)

પ્રોક્ષિત અર્થાત યજ્ઞમાં માંસ ખાવામાં દોષ નથી.
વૈદિકીહિંસા હિંસા થતી નથી.

એવી પામરપણાની વાત વામમાર્ગીએ ચલાવી છે. એને પૂછવું જોઇએ કે જો વૈદિકી હિંસા હિંસા ન હોય તો તને અને તારા કુટુંબને મારી હોમ કરવામાં આવે તો શી ચિન્તા છે ? માંસભક્ષણ કરવામાં, મદ્ય પીવામાં, પરસ્ત્રીગમન કરવામાં દોષ નથી એમ કહેવું એ બાલિશતા છે. કારણ કે પ્રાણીઓને પીડા આપ્યા શિવાય માંસ મળતું નથી, અને અપરાધ વિના પીડા દેવી એ અધમ છે. મદ્યપાનનો તો સર્વથા નિષેધ જ છે, કારણ કે વામમાર્ગીય સિવાય કોઇપણ ગ્રન્થમાં મદ્યપાનની આજ્ઞા નથી. કિન્તુ સર્વત્ર નિષેધ જ છે. વિવાહિત થયાં પહેલાં મૈથુન પણ દૂષિત છે. એને નિર્દોષ બતાવનાર સદોષ છે. એવાં એવાં વચનો ઋષિઓનાં ગ્રન્થમાં નાંખી કેટલાએક ગ્રન્થો ઋષિ મુનિઓનાં નામ દઇ બનાવ્યા. ગોમેધ અને અશ્વમેધ યજ્ઞો પણ કરાવવા લાગ્યા હતા. પશુઓને મારી હોમ કરવો એવો તેનો અર્થ કરતા હતા. એ યજ્ઞ કરવાથી યજમાન તથા મારવામાં આવતું પશુ સ્વર્ગમાં જાય છે એમ સમજાવતા. બ્રાહ્મણ ગ્રન્થોમાં ગોમેધ, અશ્વમેધ અને નરમેધ આદિ શબ્દો છે, પણ એનો ખરો અર્થ એ લોકોએ જાણ્યો નથી. કારણ કે જો ખરા અર્થનું ભાન કર્યું હોત તો એવો અનર્થ કરત નહિ.

પ્રશ્ન— ગોમેધ, અશ્વમેધ અને નરમેધ આદિ શબ્દનો અર્થ શો થાય છે ?

ઉત્તર— એનો અર્થ આ પ્રમાણે છે.

राष्ट्रं वा अश्वमेधः शत० १३ । १ । ६ । ३ ॥
अन्नꣳ हि गौः । शत० ४ । ३ । १ । २५ ॥
अग्निर्वा अश्वः आज्यं वा मेधः । शतपथब्राह्मणे

રાજાએ ન્યાયથી અને ધર્મથી પાલન કરવું. વિદ્યાપ્રદાતા યજમાન, અને અગ્નિમાં ઘૃતાદિનો હોમ કરવો એ અશ્વમેધ કહેવાય છે. અન્ન, ઇંદ્રિય, કિરણ અને પૃથિવી આદિને પવિત્ર રાખવાં એ " ગોમેધ " કહેવાય છે. મનુષ્ય જ્યારે મરી જાય છે ત્યારે તેના શરીરનો વિધિપૂર્વક દાહ કરવો એ " નરમેધ " કહેવાય છે.

પ્રશ્ન— યજ્ઞ કરનારાઓ કહે છે કે યજ્ઞ કરવાથી યજમાન તથા મ્રિયમાણ પશુ સ્વર્ગગામી થાય છે, અને યજ્ઞ કરનારાઓ મૃત પશુને સજીવ કરે છે એ વાત સત્ય છે કે અસત્ય ?

ઉત્તર— નહિ, જો મૃત સ્વર્ગે જતો હોય તો એવી વાત કરનારને મારી હોમ કરી સ્વર્ગમાં પહોંચાડવો જોઇએ. મૃત સ્વર્ગમાં જાય છે, એ સિદ્ધાન્ત-પ્રવર્ત્તક મનુષ્યો પોતાના માતા, પિતા, સ્ત્રી અને પુત્રાદિને મારી હોમ કરી સ્વર્ગમાં શામાટે નથી પહોંચાડતા ? અથવા મૃતને તરત જ વેદીમાં સજીવ કેમ નથી કરતા ?

પ્રશ્ન— જ્યારે યજ્ઞ કરે છે ત્યારે યજ્ઞ કરનારાઓ તે મંત્ર બોલે છે. જો વેદોમાં એ મંત્રો ન હોત તો તેઓ કયાંથી બોલત ?

ઉત્તર— મંત્ર કોઇને બોલવાની નાપાડતો નથી કારણ કે તે એક શબ્દ છે, પરન્તુ એનો અર્થ એવો નથી કે પશુને મારી હોમવું. " अग्नये स्वाहा " નો અર્થ:- અગ્નિગત હવિ પુષ્ટિસમ્પાદક છે, અગ્નિગત ઘૃતાદિ ઉત્તમ પદાર્થો વાયુ જળનાં શોધક છે, તેથી જગત્‌ને સુખકારક છે. પરન્તુ એ સત્ય અર્થને એ મૂઢ લોકો સમજતા નહતા. કારણ કે એ લોકોની બુદ્ધિ સ્વાર્થમાં હતી, તેથી તે લોકો સ્વાર્થ સંપાદન સિવાય બીજું કંઇપણ જાણી શકતા નહોતા.

એવા પ્રકારનો અનાચાર તથા મૃતકને તૃપ્તિજનક તર્પણ તથા શ્રાદ્ધાદિ છે, એવી માન્યતા વૃદ્ધિંગત થઈ ત્યારે તે જોઈ વેદાદિ શાસ્ત્રોનો મહાભયંકર નિન્દક બૌદ્ધ વા જૈન મત પ્રચલિત થયો છે. સાંભળવામાં આવે છે કે આ જ દેશમાં ગોરખપુરના રાજાએ એ પોપો પાસે યજ્ઞ કરાવ્યો હતો, અને તેની પ્રિય રાણીનો ઘોડા સાથે સમાગમ કરાવ્યો તેથી તે રાણી મરી ગઇ. એ બનાવથી એ રાજા વૈરાગ્યવાન્ થયો, અને પુત્રને રાજ્ય સોંપી પોતે સાધુ થઇ પોપોની પોલ કાઢવા મંડયો. એની જ શાખારૂપ ચાર્વાક અને આભાણક મત પણ થયો એ લોકોએ આ પ્રમાણે શ્લોકો બનાવ્યા છે.

पशुश्चेन्निहतःस्वर्गं ज्योतिष्टोमे गमिष्यति ।
स्वपिता यजमानेन तत्र कस्मान्न हिंस्यते ॥
मृतानामिह जन्तूनां श्राद्धंचेत्तृप्तिकारणम् ।
गच्छतामिह जन्तूनां व्यर्थं पाथेय कल्पनम् ॥

પશુને મારી હોમ કરવાથી એ મૃત પશુ સ્વર્ગમાં જતું હોય તો યજમાન પોતાના પિતા આદિને મારી સ્વર્ગમાં શામાટે નથી મોકલતો ? મરેલા માણુસોને તૃપ્તિજનક જો શ્રાદ્ધ હોય, તો વિદેશમાં જનાર માણુસ માટે ભાતું બાંધવું વ્યર્થ છે. કારણ કે જ્યારે મૃતકને શ્રાદ્ધ તર્પણ આદિથી અન્ન જળ પહોંચે છે તો પછી પરદેશમાં રહેનાર તથા માર્ગમાં ચાલનારાઓને ઘરમાં બનેલી રસોઈની થાળી પીરસી પાણીનો લોટો ભરી એના નામ ઉપર રાખવાથી કેમ ન પહોંચે ? અર્થાત્ જ્યારે જીવિત, પરદેશમાં અથવા દસ હાથને છેટે દૂર બેઠેલને એ પ્રમાણે આપેલું અનાજ પહોંચતું નથી, તો પછી મરેલાને કેવી રીતે પહોંચે ? અર્થાત્ કોઇપણ પ્રકારથી પહોંચી શકે નહિ. જ્યારે એઓનો એવો યુક્તિસિદ્ધ ઉપદેશ લોકો માનવા લાગ્યા ત્યારે તેઓનો મત વધવા લાગ્યો. ઘણા રાજાઓ તથા ભૂપતિઓ તેના મતમાં સંમીલિત થયા. પોપજી પણ તેની તરફ ઝુકયા, કારણ કે તેઓને તો જ્યાં માલ મળે ત્યાં જ ચાલ્યા જવાનું હોય છે. એકદમ જૈન બનવા લાગ્યા, જૈનોની પણ ઔર પ્રકારની લીલા ઘણીજ છે–તે બારમા સમુલ્લાસમાં લખીશું. ઘણા લોકોએ એઓનો મત સ્વીકાર્યો, પરન્તુ પર્વત, કાશી, કનોજ પશ્ચિમ અને દક્ષિણ આદિ દેશવાળાઓમાં ઘણા લોકોએ એ મતનો સ્વીકાર કર્યો નહોતો. વેદાર્થ નહિ જાણનારા જૈની લોકો વેદ બાહ્ય પોપલીલાને ભ્રમથી વેદમાં માની લઇ વેદોની નિન્દા કરવા માંડ્યા. પઠન પાઠન યજ્ઞોપવીત તથા બ્રહ્મચર્ય આદિ નિયમોનો નાશ કરી દીધો. જ્યાં જ્યાં જેટલાં વૈદિક પુસ્તકો મળ્યાં ત્યાં ત્યાં તેટલાં નષ્ટ કર્યાં, આર્યો ઉપર રાજસત્તા પણ ચલાવી દુઃખ આપ્યું. જ્યારે એ લોકોને ભય અને શંકા ન રહ્યાં ત્યારે સ્વમતસ્થ ગૃહસ્થ અને સાધુઓની પ્રતિષ્ઠા અને વેદાનુયાયીઓનું અપમાન કરવા લાગ્યા. પક્ષપાતથી દંડ પણ દેવા લાગ્યા. આત્મસુખારામ તથા ઘમંડી બની ફૂલી ફૂલી ફરવા લાગ્યા ઋષભદેવથી લઇ મહાવીર પર્યન્ત પોતાના તીર્થંકરોની મ્હોટી મ્હોટી મૂર્ત્તિઓ બનાવી પૂજવા લાગ્યા. પાષાણાદિ મૂર્ત્તિઓની પૂજા જૈનીઓથી શરૂ થઇ અને પરમેશ્વરની માન્યતા ન્યૂન થઇ. એ પ્રમાણે ત્રણસો વર્ષ સુધી જૈનીઓનું રાજ્ય આર્યાવર્ત્તમાં રહ્યું. ઘણે ભાગે લોકો વેદાર્થજ્ઞાનથી શૂન્ય થઇ ગયા હતા, એ વાતને લગભગ અઢી હજાર વર્ષ થયાં, એવું અનુમાન થાય છે.

બાવીસસો વર્ષ પહેલાં દ્રાવિડ દેશોત્પન્ન એક બ્રાહ્મણ નામે શંકરાચાર્ય વિચારવા લાગ્યો કે " અહહ ! સત્ય આસ્તિક વેદમતનું છૂટવું અને નાસ્તિક જૈન મતનું ચાલવું એ ઘણી હાનિસૂચક વાત થઇ છે. માટે એને કોઇ પણ પ્રકારથી દૂર કરવો જોઇએ. " શંકરાચાર્ય શાસ્ત્રવિત્ હોવા ઉપરાન્ત જૈનમતનાં પુસ્તકો પણ ભણ્યા હતા. એમની યુક્તિઓ પ્રબળ હતી. એમણે વિચાર્યું કે ઉપદેશ તથા શાસ્ત્રાર્થ કરવાથી જૈન લોકો દૂર કરી શકાશે, એમ વિચારી ઉજ્જૈન નગરીમાં આવ્યા. ત્યાં સુધન્વા રાજ્ય કરતો હતો. એ રાજાએ જૈનમતનાં પુસ્તકોનો

તથા કિંચિત્ સંસ્કૃતનો પણ અભ્યાસ કર્યો હતો. શંકરાચાર્ય એ નગરીમાં ઉપદેશ કરવા લાગ્યા અને રાજાને મળી કહ્યું કે " આપ સંસ્કૃતજ્ઞ તથા જૈનમતના ગ્રન્થોનું પણ જ્ઞાન ધરાવો છો તથા જૈનમતના અવલંબી પણ છો, માટે જૈનમતના પંડિતો સાથે મારો શાસ્ત્રાર્થ કરાવો. શાસ્ત્રાર્થમાં એ પ્રતિજ્ઞા હોવી જોઇએ કે હારનાર જિતનારના મતનો સ્વીકાર કરે, અને આપે પણ તે જ વિજેતાના મતનો સ્વીકાર કરવો." સુધન્વા રાજા જૈનમતાવલંબી હોવા છતાં સંસ્કૃત વિદ્યાના અભ્યાસથી એની બુદ્ધિમાં થોડો ઘણો વિદ્યાનો પ્રકાશ પણ હતો. માટે એનાં મતમાં વિશેષ પશુતા નહતી. કારણ કે જે વિદ્વાન્ હોય છે તે સત્યાસત્યનો વિવેક કરી સત્યનું ગ્રહણ કરી અસત્યને છોડી દેછે. સુધન્વા રાજાને મહાન્ વિદ્વાન્ ઉપદેશક નહોતો મળ્યો ત્યાંસુધી પોતે સંશયશીલ હતો કે આમાં શું સત્ય છે અને શું અસત્ય છે. પરન્તુ જ્યારે શંકરાચાર્ય મળ્યા અને શાસ્ત્રાર્થની વાત સાંભળી ત્યારે તે ઘણી પ્રસન્નતાપૂર્વક બોલ્યો કે " હું શાસ્ત્રાર્થ કરાવી સત્યાસત્યનો નિર્ણય જરૂર કરાવીશ. દૂર દૂર દેશમાંથી જૈન પંડિતોને બોલાવ્યા, અને સભા કરાવી શાસ્ત્રાર્થ શરૂ કરાવ્યો. એમાં શંકરાચાર્યનો વેદમત હતો અને જૈનીઓનો વેદવિરૂદ્ધ મત હતો. અર્થાત્ શંકરાચાર્ય વૈદિક મતનું સ્થાપન કરતા હતા, અને જૈન લોકો તે સ્થાપનનું ખંડન કરતા હતા. જૈનીઓનો પક્ષ વૈદિક મતનું ખંડન કરી પોતાના મતનું સ્થાપન કરવું એ હતો. શાસ્ત્રાર્થ ઘણા દિવસ ચાલ્યો. જૈનીઓ કહેતા હતા કે સૃષ્ટિનો કર્ત્તા અનાદિ ઇશ્વર કોઇ નથી જગત્ અને જીવ અનાદિ છે, એ બન્નેની ઉત્પત્તિ અને નાશ કદિપણ નથી. એનાથી વિરૂદ્ધ શંકરાચાર્યનો મત હતો કે અનાદિસિદ્ધ પરમાત્મા જ જગત્નો કર્ત્તા છે. આ જગત્ અને જીવ મિથ્યા છે. કારણ કે પરમાત્માએ પોતાની માયાથી જ જગત્ બનાવ્યું છે, અને ધર્ત્તા તથા પ્રલયકર્ત્તા પણ તેજ છે. જીવ તથા આ બધો પ્રપંચ સ્વપ્નવત્ છે. પરમાત્મા પોતે જ જગત્રૂપ થઇ લીલા કરી રહ્યો છે. એ પ્રમાણે ઘણા દિવસ શાસ્ત્રાર્થ થયા પછી અન્તમાં યુક્તિ અને પ્રમાણદ્વારા જૈનમતનું ખંડન થયું અને શંકરાચાર્યનો મત અખંડિત રહ્યો. ત્યારબાદ તે જૈન પંડિતોએ અને સુધન્વા રાજાએ વેદમતનો સ્વીકાર કરી જૈનમતને છોડી દીધો ત્યારપછી સર્વત્ર ઘણો ખળભળાટ થયો. સુધન્વા રાજાએ પોતાના ઇષ્ટ મિત્ર રાજાઓને લખ્યું કે શંકરાચાર્ય સાથે શાસ્ત્ર કરાવો, તે પ્રમાણે જૈનીઓ સાથે શાસ્ત્રાર્થ થતો ચાલ્યો, અને જૈનીઓના પરાજય થવાથી તેઓ પરાજિત થતા ચાલ્યા, પછી આર્યાવર્ત્ત દેશમાં સર્વત્ર ફરવાને માટે શંકરાચાર્યને સુધન્વા પ્રજાએ પ્રબન્ધ કરી આપ્યો. અને શંકરાચાર્યની રક્ષા માટે નોકર ચાકર પણ આપ્યા તે સમયથી યજ્ઞોપવીત થવાં લાગ્યાં, વેદોનું પઠન પાઠન પણ શરૂ થયું, દસ વર્ષમાં આર્યાવર્ત્તદેશમાં ફરી ફરી જૈનમતનું ખંડન અને વેદનું મંડન કર્યું. આજ કાલ કહિં કહિં જૈનીઓની ખંડિત મૂર્તિઓ તથા ક્યાંય ક્યાંય અખંડિત મૂર્તિઓ નિકળે છે તે તે જૈનમતવિધ્વંસ સમયમાં જૈન લોકોએ ભૂમિમાં દાટેલી હતી તે છે, મૂર્તિ ખંડિત ન થાય એવા વિચારથી કોઇ કોઇ ઠેકાણે આખીને આખી દાટી દેતા હતા.

શંકરાચાર્યના વખતમાં થોડો ઘણો શૈવ મત પણ પ્રચલિત હતો. તેનું પણ ખંડન કર્યું સાથે વામ માર્ગનું પણ ખંડન કર્યું. એ વખત દેશમાં ધન ઘણું હતું. અને સ્વદેશભક્તિ

પણ હતી. જૈનીઓના મન્દિરો શંકરાચાર્ય અને સુધન્વા રાજાએ તોડાવ્યાં નહતાં કારણ કે એમાં વૈદિક પાઠશાળા કરવાની ઇચ્છા હતી. વેદમત સ્થાપિત થઇ ચુક્યો હતો અને વિદ્યા પ્રચારનો વિચાર કરતાજ હતા. એટલામાં બે જૈન કે જે ઉપરથી કથનમાત્ર વૈદિક મતાનુયાયી અને અન્દરથી પાકા જૈન અર્થાત્ કપટ વેષધારી હતા. એમના ઉપર શંકરાચાર્ય અતિ પ્રસન્ન હતા. એ બન્નેએ સમયનો લાગ જોઇ શંકરાચાર્યને એવી વિષયુકત વસ્તુ ખવરાવી કે એની ક્ષુધા મન્દ થઇ ગઇ અને શરીરમાં ફોડા આદિ થયા અને છેવટે છ માસમાં શરીરથી વિયુકત થયા. તે વખતે બધા નિરૂત્સાહી થઇ ગયા, ભાવિ વિદ્યાપ્રચાર બન્ધ થઇ ગયો. એમણે જે શારીરક ભાષ્ય બનાવ્યું હતું, તેનો પ્રચાર શંકરાચાર્યના શિષ્યો કરવા મંડયા. જૈનીઓના મતના ખંડન વાસ્તે જે બ્રહ્મ સત્ય, જગત્ મિથ્યા અને જીવ બ્રહ્મની એકતા, કથનમાત્ર જ હતી તેનો ઉપદેશ કરવા લાગ્યા. દક્ષિણમાં શૃંગેરી મઠ, પૂર્વમાં ભૂગોવર્ધન, ઉત્તરમાં જોશી અને દ્વારિકામાં શારદા મઠ બાંધી શંકરાચાર્યના શિષ્યો મહન્ત બની અને શ્રીમાન્ થઇ આનન્દ કરવા લાગ્યા. કારણ કે શંકરાચાર્ય પછી એમના શિષ્યોની ઘણી પ્રતિષ્ઠા થવા લાગી.

જીવ બ્રહ્મની એકતા અને જગત્ મિથ્યા એ વાદ જો શંકરાચાર્યના ખાસ હોય તો ઠીક નથી પરન્તુ જો જૈનમત ખંડનને માટે જ એ વાદનો સ્વીકાર કર્યો હોય તો કંઇક ઠીક છે. નવીન વેદાન્તીઓનો મત આ પ્રમાણે છે.

(**નવીન વેદાન્તીનો પ્રશ્ન**) રજ્જુમાં સર્પ બુદ્ધિ, છિપમાં રજત બુદ્ધિ (રૂપુ છે એવી બુદ્ધિ) મૃગતૃષ્ણિકામાં જળબુદ્ધિ અને ગન્ધર્વ નગરમાં નગર બુદ્ધિ તથા ઇંદ્ર જાળની માફક સંસાર મિથ્યા છે માત્ર બ્રહ્મ જ સત્ય છે.

(**સિદ્ધાન્તી**) તમે મિથ્યા કોને કહો છો ?

(**નવીન વે.**) જે વસ્તુ નથી અને પ્રતીત (જ્ઞાન ગોચર) થાય છે તે.

(**સિ૦**) જ્યારે વસ્તુજ નથી તો પછી પ્રતીતિ કેવી રીતે થાય છે?

(**ન૦**) અધ્યારોપથી.

(**સિ૦**) અધ્યારોપ કોને કહો છો ?

(**ન૦**) "वस्तुन्यवस्त्वारोपणमध्यासः" "अध्यारोपापवादाभ्यां निष्प्रपंचं प्रपंच्यते" એક વસ્તુમાં બીજી વસ્તુનું આરોપણ કરવું તેનું નામ અધ્યાસ એટલે અધ્યારોપ કહેવાય છે. અધ્યારોપનું નિરાકરણ કરવું તેનું નામ અપવાદ છે. એ બેથી નિષ્પ્રપંચ બ્રહ્મમાં પ્રપંચાત્મક જગત્નો વિસ્તાર કરાય છે.

(**સિ૦**) તમે રજ્જુને સર્પ અને સર્પને રજ્જુ માની એવી ભ્રમજાળમાં પડયા છો. શું સર્પ વસ્તુ નથી ? જો કહો કે રજ્જુ એ સર્પ નથી પણ તેથી શું થયું, દેશાન્તરમાં તો છે, અને દેશાન્તરમાં દૃષ્ટ સર્પનો સંસ્કાર હૃદયમાં છે. માટે સર્પ એ અવસ્તુ નથી. બસ એજ પ્રકારે છીપમાં ચાંદિ અને

સ્થાણુમાં પુરૂષ આદિની વ્યવસ્થા સમજી લેવી. સ્વપ્નમાં પણ જે વસ્તુનું ભાન થાય છે, તેપણ દેશાન્તરમાં અવશ્ય છે અને તેનો સંસ્કાર આત્મામાં છે. માટે સ્વપ્નમાં પણ વસ્તુમાં અવસ્તુના આરોપ પ્રમાણે નથી

(ન૦) જે કદિપણ જોયું ન હોય તેમ સાંભળ્યું પણ ન હોય તે સાચું કેવી રીતે મનાય. જેમકે–સ્વપ્નમાં પોતાનું શિર કપાયલું જોઇ પોતે રડે છે. જળની ધારા ઉપર ચાલી જતી જોવી, ઇત્યાદિ.

(સિ૦) એ દૃષ્ટાન્ત પણ તમારા મતનું પોષક નથી, કારણ કે અદૃષ્ટ અને અશ્રુતનો સંસ્કાર થતો નથી અને સંસ્કાર વિના સ્મૃતિ થતી નથી. કોઇ વખત કોઇનું પણ શિર કપાયેલું જોયું હોવું જોઇએ તથા લડાઇમાં ભાઈ, બાપ, દાદા આદિને રોતા પ્રત્યક્ષ સાંભળ્યા હોવા જોઈએ. ફુવારાનું જળ ઉપર ચડતાં દેખ્યું હોવું જોઇએ. જે પુરૂષે જોયું અથવા સાંભળ્યું હોય તેને જ સંસ્કાર થાય છે. જ્યારે પુરૂષ જાગ્રદવસ્થામાંથી નિકળી અન્યાવસ્થાસ્થ થઈ જુએ છે, ત્યારે જે દૃષ્ટ અથવા શ્રુત પદાર્થ હોય તેજ દેખાય છે; માટે પોતાનું કપાયલું શિર જોઇ રોવું, જળધારાનું ઉદ્ર્ધ્વગમન આદિ વસ્તુમાં અવસ્તુના આરોપણ સમાન નથી. જેમ નકશો ચિતરનાર પૂર્વ દૃષ્ટ અથવા શ્રુતને જ ચિત્રે છે, પ્રતિબિમ્બનો ઉતારનારો બિમ્બને જોઇને જ પ્રતિબિમ્બ બનાવે છે, તેમજ દૃષ્ટ અથવા શ્રુતનું સ્મરણ અથવા સ્વપ્ન થાય છે. સ્વપ્નમાં કોઇ કોઇ વખત સ્મરણયુકત પ્રતીતિ થાય છે. જેમકે સ્વપ્નમાં અધ્યાપકનું દર્શન થવું, જે મેં દેખ્યું હતું અથવા સાંભળ્યું હતું તેનું સ્મરણ કરૂંછું એવું ક્રમબદ્ધ સ્વપ્નમાં હોતું નથી. જન્માન્ધ પુરૂષને રૂપનું સ્વપ્ન આવતું નથી માટે તમારા અધ્યાસનું અને અધ્યારોપનું લક્ષણ ખોટું છે. માટે જે વેદાન્તીઓ વિવર્તવાદ (એટલે રજ્જુમાં સર્પનું ભાન થવું એ દૃષ્ટાન્ત) બ્રહ્મમાં જગતનું ભાન થવામાં આપે છે તે પણ ઠીક નથી.

(ન૦) અધિષ્ઠાન વિના અધ્યસ્તની પ્રતીતિ થતી નથી. જો રજ્જુરૂપ અધિષ્ઠાન ન હોય તો સર્પરૂપ અધ્યસ્તનું ભાન થાય નહિ. રજ્જુ એ સર્પ કદાપિ નથી પણ અન્ધકાર અને વિરલ વિરલ પ્રકાશના સંમેલનથી અકસ્માત્ રજ્જુને સર્પ જોઈ ભયથી દ્રષ્ટા કમ્પે છે, જ્યારે દીપક આદિથી એને સારી રીતે જુએ છે ત્યારે એ ભ્રમ જતો રહે છે, તેવીજ રીતે બ્રહ્મમાં જગત્‌ની મિથ્યાપ્રતીતિ બ્રહ્મસાક્ષાત્કાર થવાથી નિવૃત્ત થાય છે.

(સિ૦) બ્રહ્મમાં જગત્‌નું ભાન કોને થયું ?

(ન૦) જીવને.

(સિ૦) જીવ કયાંથી થયો ?

(ન૦) અજ્ઞાનથી.

(સિ૦) અજ્ઞાન કયાંથી થયું અને કયાં રહે છે ?

(ન૦) અજ્ઞાન અનાદી છે અને બ્રહ્મમાં રહે છે,

(સિ૦) બ્રહ્મમાં બ્રહ્મનું અજ્ઞાન થયું કે કોઇ બીજાનું ? અને અજ્ઞાન કોને થયું ?

(ન૦) ચિદાભાસને.

(સિ૦) ચિદાભાસનું સ્વરૂપ શું છે ?

(ન૦) બ્રહ્મ, બ્રહ્મનું અજ્ઞાન બ્રહ્મને જ થયું અર્થાત્ પોતે જ પોતાને ભૂલી જાય છે.

(સિ૦) ભૂલવાનું કારણુ શું છે?

(ન૦) અવિદ્યા.

(સિ૦) અવિદ્યા એ સર્વવ્યાપી સર્વજ્ઞનો ગુણુ છે કે અલ્પજ્ઞનો ?

(ન૦) અલ્પજ્ઞનો.

(સિ૦) તમારા મતમાં અનન્ત સર્વજ્ઞ ચેતન શિવાય બીજો કોઈ પદાર્થ નથી, તો પછી અલ્પજ્ઞ કયાંથી આવ્યો ? જો બ્રહ્મમાં કોઇ અમુક ઠેકાણે સ્વરૂપનું અજ્ઞાન માનો તો તે અજ્ઞાન સર્વત્ર ફેલાઇ જશે. જેમ શરીરના અમુક ભાગમાં ફોડલો થવાથી તેની પીડા સંપૂર્ણ શરીરના અવયવોમાં ફેલાઇ જઇ શરીરને નિષ્કર્મ કરી નાંખે છે, તેમ તે વિસ્તાર પામેલું અજ્ઞાન બ્રહ્મને અજ્ઞાની બનાવી કલેશ યુકત કરી દેશે. માટે બ્રહ્મ પણુ અજ્ઞાની અને દુઃખી થઇ જશે.

(ન૦) એ બધા ઉપાધીના ધર્મ છે, બ્રહ્મના નહિ.

(સિ૦) ઉપાધિ જડ છે કે ચેતન ? સત્ય છે કે અસત્ય ?

(ન૦) અનિર્વચનીય છે અર્થાત્ જે જડ કે ચેતન કહી શકાય નહિ.

(સિ૦) એ તમારૂં કહેવું " वदतो व्याघातः " સમાન છે. કારણુ કે તમે કહો જ છોકે અવિદ્યા છે અને વળી જડ, ચેતન, સત્ કે અસત્ કહી શકાતી નથી. એ કથન તો આના જેવું થયું કે સોનાની સાથે પીત્તળ મેળવી કોઇ શરાફની દુકાને પરિક્ષા કરાવવા કોઇ લઇ જાય અને તેને કહે કે આ સોનું છે કે પીત્તળ ? ત્યારે તે કહેશે કે આ સોનું પણુ નથી અને પીત્તળ પણુ નથી, કારણુ કે આમાં બન્ને ધાતુ મળેલી છે.

(ન૦) આકાશ એક હોવા છતાં ઘટાકાશ, મઠાકાશ અને મેઘાકાશ આદિથી વિભક્ત છે, ઘટ, મઠ અને મેઘ આદિ આકાશને ઉપાધીઓ છે. તેવીજ રીતે માયા,

અવિદ્યા, સમષ્ટિ, વ્યષ્ટિ, અને અન્તઃકરણોની ઉપાધીઓથી બ્રહ્મ અજ્ઞાનીઓને પૃથક્ પૃથક્ પ્રતીત થાયછે. વાસ્તવમાં બ્રહ્મ એક જ છે. જુઓ નીચેનું પ્રમાણ–

अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥
कठ० उ० वल्ली ५ । मं ९ ॥

જેમ અગ્નિ કોઈપણ આકારવાળા પદાર્થમાં વ્યાપક થઈ તદાકાર થયેલો જોવામાં આવે છે, તેમ સર્વવ્યાપક પરમાત્મા અન્તઃકરણોમાં વ્યાપક થઈ અન્તઃકરણાકાર થઇ રહ્યો છે, પરન્તુ વાસ્તવમાં તે અલગ છે.

(**સિ૦**) તેપણ તમારૂં કહેવું ખોટું છે કારણ કે, જેમ ઘટ, મઠ અને મેઘ આદિને આકાશથી ભિન્ન માનો છો તેમ કાર્યકારણરૂપ જગત્ અને જીવને બ્રહ્મથી ભિન્ન માનો.

(**ન૦**) જેમ અગ્નિ સર્વમાં પ્રવિષ્ટ થઇ તદાકાર દેખાય છે. તેમ પરમાત્મા જડ અને જીવમાં વ્યાપક થયેલો અજ્ઞાનીઓને આકારવાળો દેખાય છે. વાસ્તવમાં બ્રહ્મ જડ નથી, તેમ જીવ પણ નથી. જેમ હજાર જળના કુંડામાં સૂર્યનાં હજાર પ્રતિબિમ્બ પડે છે, પરન્તુ સૂર્ય તો એક જ છે. કુંડાના ફુટયાથી, જળના ચાલવાથી અથવા જળના ફેલાવાથી સૂર્ય નષ્ટ થતો નથી; અન્તઃકરણોમાં બ્રહ્મનો જે આભાસ પડે છે તેને "ચિદાભાસ" કહે છે. જ્યાંસુધી અન્તઃકરણ છે ત્યાંસુધી જીવ છે. જ્યારે જ્ઞાનદ્વારા અન્તઃકરણ નષ્ટ થાય છે. ત્યારે જીવ બ્રહ્મસ્વરૂપ થઇ જાય છે. તે જ ચિદાભાસને બ્રહ્મસ્વરૂપનું અજ્ઞાન છે અને તે જ કર્ત્તા, ભોકતા, સુખી, દુઃખી, પાપી, પુણ્યાત્મા અને જન્મમરણાન્વિત આરોપથી થાય છે. જ્યાંસુધી એ આરોપિત કર્તૃત્વાદિ ધર્માનુરાગી છે ત્યાંસુધી સંસારના બંધનોથી છુટતો નથી.

(**સિ૦**) તમારૂં એ દૃષ્ટાન્ત ખોટું છે, કારણ કે સૂર્ય આકારવાળો છે કુંડસ્થ જળ પણ સાકાર છે, જળકુંડથી ભિન્ન છે, ત્યારે જ પ્રતિબિમ્બ પડે છે, સાકારનું પ્રતિબિમ્બ સાકારમાં પડી શકે છે. પરન્તુ પરમાત્મા નિરાકાર હોવાથી તેનું પ્રતિબિમ્બ પડી શકતું નથી. આકાશવત સર્વત્ર વ્યાપક પરમાત્માથી કોઇપણ પદાર્થ અલગ નથી. પરમાત્મા અને ઇતર પદાર્થોનો વ્યાપ્યવ્યાપકભાવ સંબંધ હોવાથી તે બેનું ઐકય પણ થઈ શકતું નથી. અન્વય અને વ્યતિરેકથી જોવામાં આવે છે કે વ્યાપ્યવ્યાપક ભાવથી સંબંદ્ધ પદાર્થો હમેશાં પૃથક્ હોય છે. એક વસ્તુમાં વ્યાપ્યવ્યાપકભાવ સંબંધ કદિપણ થઇ શકતો નથી. બૃહદારણ્યકના 'અન્તર્યામી બ્રાહ્મણ'માં

સ્પષ્ટ લખ્યું છે કે બ્રહ્મનો આભાસ પડી શકતો નથી. કારણ કે નિરાકારનો આભાસ હોવો અસંભવનીય છે. તમે જે અન્તઃકરણોપાધિથી બ્રહ્મને જીવ માનો છો તે તમારી બાલિશતા છે, કારણ કે અન્તઃકરણ ચલાયમાન છે, અને બ્રહ્મ અચલ અને અખંડ છે. જો તમે બ્રહ્મ અને જીવનું ભિન્નત્વ ન માનો તો આનો ઉત્તર આપોઃ—જ્યાં અન્તઃકરણ સંબદ્ધ થયું છે ત્યાંના બ્રહ્મને અજ્ઞાની અને જ્યાંથી અન્તઃકરણ છુટયું છે ત્યાંના બ્રહ્મને જ્ઞાની કરશે કે નહિ. જેમ છત્રી પ્રકાશમાં જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં પ્રકાશને આવરણયુકત કરી નાંખે છે, અને જ્યાંથી જ્યાંથી ચાલતી જાય છે ત્યાં ત્યાં પ્રકાશને આવરણ રહિત કરે છે તેમ અન્તઃકરણ બ્રહ્મને ક્ષણક્ષણમાં જ્ઞાની, અજ્ઞાની, બદ્ધ અને મુકત કરતું રહેશે. અખંડ બ્રહ્મના એક દેશમાં રહેતું આવરણ સર્વદેશમાં બ્રહ્મને અજ્ઞાની બનાવી દેશે. કારણ કે બ્રહ્મ ચેતન છે. મથુરામાં જે અન્તઃકરણસ્થ બ્રહ્મે જે વસ્તુ જોઇ, તેનું સ્મરણ તેજ અન્તઃકરણસ્થ બ્રહ્મને કાશીમાં નહિ થાય. કારણ કેઃ—

अन्यदृष्टमन्यो न स्मरति इति न्यायात्

એકના અનુભૂત અર્થનું સ્મરણ બીજાને થતું નથી. મથુરામાં જે ચિદાભાસે જોયું તે ચિદાભાસ કાશીમાં ન રહ્યો. જે મથુરાસ્થ અન્તઃકરણના પ્રકાશક છે, તે કાશીસ્થ બ્રહ્મ નથી. જો જીવ જ બ્રહ્મ હોય તો બ્રહ્મ સર્વજ્ઞ હોવાથી જીવ પણ સર્વજ્ઞ હોવો જોઇએ. જો બ્રહ્મનું પ્રતિબિમ્બ પૃથક્ હોય તો પ્રત્યભિજ્ઞા (પૂર્વ દૃષ્ટનું સ્મરણ) કોઇને ન થવી જોઇએ. જો કહો કે બ્રહ્મ એક છે, માટે સ્મરણ થાય છે. તો એક ઠેકાણે અજ્ઞાન અથવા દુઃખ હોવાથી સર્વ બ્રહ્મ અજ્ઞાની અથવા દુઃખી થવો જોઈએ. માટે એવા એવા દૃષ્ટાન્તોથી તમે શુદ્ધ, બુદ્ધ, મુકત સ્વભાવ બ્રહ્મને અશુદ્ધ, અજ્ઞાની અને બદ્ધ કરી દીધો—અખંડને ખંડ ખંડ કરી દીધો!

(ન૦) નિરાકારનો પણ આભાસ પડે છે. આકાશ નિરાકાર હોવા છતાં દર્પણ અથવા પાણીમાં કાળો અથવા ગંભીર જેવો આભાસ પડે છે.

(સિ૦) આકાશમાં રૂપનો જ અભાવ હોવાથી આંખથી જોઇ શકાતું નથી જે પદાર્થમાં દૃશ્યતાજ નથી તે જળમાં દૃશ્ય કેવી રીતે થઇ શકે ? ગંભીર જેવું જે કંઇ જળમાં દેખાય છે. તે વસ્તુ સાકાર છે. નિરાકાર નહિ.

(ન૦) ત્યારે ઉપર આ કાળા જેવું જે દેખાય છે તે કયો પદાર્થ છે ! કારણ કે તેજ જળ આદિમાં આભાસજનક છે.

(સિ૦) તે જળ પૃથિવી અને અગ્નિનાં ત્રસરેણુઓ છે. જ્યાંથી વૃષ્ટિ થાય છે. જો ત્યાં જળ ન હોય તો વૃષ્ટિ કયાંથી થાય, માટે જે દૂર દૂર તમ્બુના આકારમાં દેખાય છે. તે જળનું ચક્ર છે. જેમ ધૂમસ દૂરથી ઘનાકાર દેખાય છે અને પાસે જવાથી ઝાંખો અથવા તંબુ જેવો દેખાય છે. તે રીતે આકાશમાં જળ દેખાય છે.

(ન૦) ત્યારે શું અમે આપેલાં રજ્જુ, કાર્ય અને સ્વપ્ન આદિ દૃષ્ટાન્તો ખોટાં છે?

(સિ૦) નહિ, તમારી સમજ અવળી છે તે અમે પૂર્વ બતાવી આપ્યું છે. ભલા, એતો કહો કે પ્રથમ અજ્ઞાન કોને થાય છે ?

(ન૦) બ્રહ્મને.

(સિ૦) બ્રહ્મ અલ્પજ્ઞ છે કે સર્વજ્ઞ ?

(ન૦) સર્વજ્ઞ નહિ તેમ અલ્પજ્ઞ પણ નહિ કારણ કે સર્વજ્ઞતા અને અલ્પજ્ઞતા સોપાધિકમાં રહે છે.

(સિ૦) ઉપાધિ સહિત કોણ છે !

(ન૦) બ્રહ્મ.

(સિ૦) તો પછી બ્રહ્મજ સર્વજ્ઞ અને અલ્પજ્ઞ થયો. તો પછી તમે બ્રહ્મમાં સર્વજ્ઞત્વ અને અલ્પજ્ઞત્વનો નિષેધ કેમ કરો છો ! યદિ કહો કે ઉપાધિ કલ્પિત એટલે મિથ્યા છે. ત્યારે કહો કે કલ્પક એટલે કલ્પના કરનાર કોણ છે.

(ન૦) જીવ બ્રહ્મ છે કે કોઈ બીજો ?

(સિ૦) જીવ ભિન્ન છે. જો જીવને બ્રહ્મસ્વરૂપ માનવામાં આવે તો તે ખોટું છે. કારણ કે મિથ્યા કલ્પના કરનાર કદિપણ બ્રહ્મ થઇ શકે નહિ. જેની કલ્પના ખોટી છે તે સત્ય કેમ કહી શકાય ?

(ન૦) અમે સત્ય અને અસત્યને ખોટાં માનીએ છીએ અને વાણીથી બોલવું તે પણ મિથ્યા જ છે.

(સિ૦) જ્યારે તમે મિથ્યા કહેનારા અને માનનારા છો તો પછી તમે મિથ્યાવાદી એટલું ખોટું બોલનારા કેમ નહિ !

(ન૦) રહો. સાચું અને ખોટું અમારામાં કલ્પિત છે. અમે એ બન્નેના સાક્ષી છીએ.

(સિ૦) જ્યારે તમે સત્ય અને અસત્યના આધાર છો તો પછી તમે શાહૂકાર અને ચોર જેવા થયા માટે તમે પ્રામાણિક નથી. પ્રામાણિક તે હોઇ શકે કે જે સર્વદા સત્યજ મનન, કથન અને કર્ત્તવ્ય કરે અને અસત્યથી સદૈવ દૂર રહે. તમે પોતે જ તમને ખોટા ઠરાવો છો માટે તમે પોતે જ મિથ્યાવાદી છો.

(ન૦) બ્રહ્માશ્રિત અને બ્રહ્મને આવૃત કરનારી અનાદિ માયાને માનો છો કે નહિ!

(સિ૦) નહિ, કારણ તમે માયા એને કહો છો કે જે વસ્તુ ન હોય અને ભાસ થાય તો એવી વાત તો તે માનશે કે જેનું હૃદય ફુટ્યું હોય. કારણ કે જે વસ્તુ જ નથી તેનો ભાસ થવો સર્વથા અસંભવ છે. વન્ધ્યાના પુત્રનું પ્રતિબિમ્બ કદિ પણ પડી શકતું નથી. માટે એ તમારૂં કહેવું ખોટું છે અને ઉપનિષદ્‌ના વચનોથી પણ વિરૂદ્ધ છે. જુઓ.–

सन्मूलाः सोम्येमाः प्रजाः । छान्दोग्य–उप०

(ન૦) શું તમે વસિષ્ટ, શંકરાચાર્ય આદિથી લઇ નિશ્ચલદાસ પર્યન્ત વિદ્વાનો કરતાં વધારે વિદ્વાન્ થયા છો ! કે, જેથી એઓએ જે લખ્યું છે તેનું ખંડન કરો છો ? અમે તો વસિષ્ટ, શંકરાચાર્ય અને નિશ્ચલદાસ આદિને અધિક વિદ્વાન્ સમજીએ છીએ.

(સિ૦) તમે વિદ્વાન્ છો કે અવિદ્વાન્ ?

(ન૦) અમે પણ કંઇક વિદ્વાન્ છીએ.

(સિ૦) ઠીક છે. ત્યારે વસિષ્ટ, શંકરાચાર્ય અને નિશ્ચલદાસ આદિના પક્ષને અમારી સમક્ષ સ્થાપિત કરો. વિચાર કરતાં જે પક્ષ સિદ્ધ થાય તે ખરો. તેઓનો અને તમારો પક્ષ જો અખંડનીય છે, તો તેઓની યુકિતદ્વારા અમારા પક્ષનું ખંડન કેમ નથી કરી શકતા. જો અમારા પક્ષનું ખંડન કરી તમારા પક્ષને યુકિત યુક્ત કરી આપો તો તમારો પક્ષ માનનીય થાય. સ્વામી શંકરાચાર્ય આદિએ તો જૈનમતના નિરાસને માટે જ એ મત સ્વીકાર્યો હોય એવું અનુમાન સંભવનીય છે. કારણ કે દેશકાળને અનુસરી સ્વપક્ષ સિધ્ધ્યર્થ કતિપય સ્વાર્થી વિદ્વાન્ લોકો આત્મીય જ્ઞાનથી વિરૂદ્ધ કરે છે. જીવ અને ઇશ્વરની એકતા, જગતનું મિથ્યાત્ત્વ અને વ્યવહારનું કલ્પિતત્ત્વ જો એ લોકો ન માનત તો એઓનો પક્ષ સિદ્ધ થાત નહિ.

હવે નિશ્ચલદાસનું પાંડિત્ય જુઓ " जीवो ब्रह्माभिन्ना चेतनत्त्वात् " वृत्ति प्रभाकर જીવ ચેતન હોવાથી બ્રહ્મથી અભિન્ન છે. પરન્તુ એ કથન અત્યલ્પમતિ પુરૂષનું છે. કારણ કે ગમે તે સાધર્મ્યથી વિભિન્ન વસ્તુની એકતા થતી નથી. કેમકે તેમાં ભેદક વૈધર્મ્ય રહે છે. યદિ કોઇ કહે કે:–

पृथिवी जलाभिन्ना जडत्त्वात् ।

ઉભય સાધારણ જડત્વરૂપ હેતુથી પૃથિવી જળથી અભિન્ન છે, તો એ વાકય જેમ સંગ થઇ શકતું નથી તેમ નિશ્ચલદાસનું પણ લક્ષણ વ્યર્થ છે. જેમ ગન્ધવત્ત્વ અને કઠિનત્ત્વાદિ પૃથિવીના ધર્મ અને રસવત્ત્વ અને દ્રવત્ત્વ આદિ જલના ધર્મને લઇ પૃથિવી અને જળની એકતા થઇ શકતી નથી તેમ અલ્પજ્ઞત્ત્વ અને ભ્રાન્તત્ત્વાદિ જીવના ધર્મ અને સર્વગતત્ત્વ, સર્વત્ત્વ અને નિર્ભ્રાન્તિ આદિ ધર્મને લઇ જીવ અને બ્રહ્મની પણ એકતા થઇ શકતી નથી. બસ એટલાથીજ સમજી લો કે નિશ્ચલદાસનું કેટલું પાંડિત્ય હતું.

જે યોગવાસિષ્ઠ છે, તેના રચનાર વાલ્મીકિ, વસિષ્ટ અથવા રામચંદ્ર ન હતા પરન્તુ આધુનિક કોઈ વેદાન્તી છે. કારણ કે વાલ્મીકિ પ્રભૃતિ બધા વેદાનુયાયી હતા માટે તેઓ વેદ વિરૂદ્ધ લખી શકે નહિ,

(પ્રશ્ન) વ્યાસજીએ જે શારીરિક સૂત્રો બનાવ્યાં છે તેમાં પણ જીવ અને બ્રહ્મની એકતા જોવામાં આવે છે. જુઓ.-

सम्पाद्याविर्भावः स्वेन शब्दात् ॥ १ ॥
ब्राह्मेण जैमिनिरुपन्यासादिभ्यः ॥ २ ॥
चितितन्मात्रेण तदात्मकत्वादित्यौडुलोमिः ॥ ३ ॥
एवमप्युपन्यासात् पूर्वभावादविरोधं बादरायणः ॥ ४ ॥
अतएव चानन्याधिपतिः ॥ ५ ॥
वेदान्त द० अ० ४ । पा० ४ । सू० १ । ५-७ । ९ ॥

જીવ પૂર્વે જે બ્રહ્મસ્વરૂપમાં હતો તે બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થઈ પ્રકટ થાય છે. કારણ કે " स्व " શબ્દથી બ્રહ્મસ્વરૂપનું ગ્રહણ થાય છે. ૧

अयमात्मा अपहतपाप्मा " ઇત્યાદિ ઉપન્યાસ ઐશ્વર્ય પ્રાપ્તિ પર્યન્ત હેતુઓથી જીવ બ્રહ્મ સ્વરૂપવાળો સિદ્ધ થાય છે એવો જૈમિનિ આચાર્યનો મત છે. ૨

ચૈતન્ય માત્ર સ્વરૂપે જીવ મુક્તિમાં રહે છે કારણ કે તદાત્મકત્વ સ્વરૂપ નિરૂપક હેતુઓ બ્રહદારણ્યકમાં છે. એવો ઔડુલોમિ આચાર્યનો મત છે. ૩

પૂર્વોક્ત ઉપન્યાસાદિ ઐશ્વર્ય પ્રાપ્તિરૂપ હેતુઓથી જીવનું બ્રહ્મસ્વરૂપ હોવામાં વ્યાસજી અવિરોધ માને છે. ૪.

યોગી ઐશ્વર્ય સહિત પોતાના બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત કરી અન્ય અધિપતિથી રહિત એટલે પોતે જ પોતાનો અને બીજાઓનો અધિપતિ થઇ બ્રહ્મસ્વરૂપે મુક્તિમાં રહે છે. ૫

(ઉત્તર) એ સૂત્રોનો અર્થ એ પ્રમાણે નથી. કિન્તુ આ પ્રમાણે છે. સાંભળોઃ-જ્યાં-સુધી જીવ પોતાના શુદ્ધ સ્વરૂપમાં મળેલા સર્વ મલોથી રહિત થઇ પવિત્ર થતો નથી, ત્યાંસુધી યોગસાધ્ય ઐશ્વર્યને પ્રાપ્ત થઇ અન્તર્યામિ બ્રહ્માનન્દમાં સ્થિત થઈ શકતો નથી. ૧

પાપાદિથી રહિત થઇ યોગી સર્વૈશ્વર્યયુક્ત થાય છે, ત્યારે જ બ્રહ્મમાં મુક્તિના આનન્દને ભોગવી શકે છે. એવો જૈમિનિ આચાર્યનો મત છે, ૨.

જ્યારે જીવ અવિદ્યાદિ દોષોથી રહિત થઇ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે સ્થિર થાય છે ત્યારે " तदात्मकत्व " અર્થાત્ બ્રહ્મસ્વરૂપ સાથે સંબદ્ધ થાય છે. ૩

૧. " संपद्य " વેદાન્તદર્શન શ્રીભાષ્ય.

જ્યારે જીવ શુદ્ધ વિજ્ઞાનવાળો થઇ જીવનમુક્ત થાય છે ત્યારે પોતાના નિર્મળ પૂર્વ સ્વરૂપને પ્રાપ્ત થઈ આનન્દિત થાય છે. એવો વ્યાસમુનીજીનો મત છે. ૪

જ્યારે યોગી સત્ય સંકલ્પ થાય છે ત્યારે પોતે પરમેશ્વરને પ્રાપ્ત થઇ મુક્તિ સુખને મેળવે છે અને ત્યાં સ્વતંત્ર રહે છે. જેમ સંસારમાં એક પ્રધાન અને બીજો અપ્રધાન રહે છે તેમ મુક્તિમાં હોતું નથી સર્વ મુક્ત જીવો એક સરખા હોય છે. ૫

જો એમ ન હોય તો.–

नेतरोऽनुपपत्तेः ॥ १ । १ । १६ ॥
भेदव्यपदेशाच्च ॥ १ । १ । १७ ॥
विशेषणभेदव्यपदेशाभ्यां च नेतरौ ॥ १ । २ । २२ ॥
अस्मिन्नस्य च तद्योगं शास्ति ॥ १ । १ । १९ ॥
अन्तस्तद्धर्मोपदेशात् । १ । १ । २० ॥
भेदव्यपदेशाच्चान्यः ॥ १ । १ । २१ ॥
गुहां प्रविष्टावात्मानौ हि तद्दर्शनात् ॥ १ । २ । ११ ॥
अनुपपत्तेस्तु न शारीरः ॥ १ । २ । ३ ॥
अन्तर्याम्यधिदैवादिषु तद्धर्मव्यपदेशात् ॥ १ । २ । १८ ॥
शारीरश्चोभयेऽपि हि भेदेनैनमधीयते ॥ १ । २ । २० ॥
व्यासमुनिकृतवेदान्तसूत्राणि ॥

બ્રહ્મથી અતિરિક્ત જીવ સૃષ્ટિકર્ત્તા નથી. કારણ કે અલ્પજ્ઞ અને અલ્પ સામર્થ્યવાળા જીવમાં સૃષ્ટિ કર્તૃત્વ ઘટી શકે નહિ, માટે બ્રહ્મ જીવ નથી. " **रसंह्येवायं लब्ध्वानन्दी भवति** " એ ઉપનિષદનુ વચન છે. જીવ અને બ્રહ્મ ભિન્ન છે કારણ કે એ બન્નેના ભેદનું પ્રતિપાદન કર્યું છે કારણ કે જો એમ ન હોય તો રસ એટલે આનન્દસ્વરૂપ બ્રહ્મને પ્રાપ્ત થઇ જીવ આનન્દસ્વરૂપ રહેત. પ્રાપ્તિનો વિષય (પ્રાપ્ય) બ્રહ્મ અને પ્રાપ્ત થનાર જીવ એ બન્નેનું નિરૂપણ ભેદ વિના ઘટી શકે નહિ માટે જીવ અને બ્રહ્મ એક નથી.

दिव्यो ह्यमूर्त्तः पुरुषः स बाह्याभ्यन्तरो ह्यजः ।
अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात्परतः परः ॥
मुण्डकोपनिषदि मुं० २ । खं० १ । मं० २ ॥

દિવ્ય=શુદ્ધ મૂર્તિમત્ત્વ રહિત સર્વત્ર પૂર્ણ બહાર અને અન્દર નિરન્તર વ્યાપક અજ-જન્મરહિત, શ્વાસ, પ્રશ્વાસ, શરીર અને મનના સંબંધથી રહિત અને પ્રકાશ સ્વરૂપ, ઇત્યાદિ પરમાત્માના વિશેષણો હોવાથી અક્ષર એટલે અવિનાશિની પ્રકૃતિથી દૂર અર્થાત્ સૂક્ષ્મ જીવથી પણ બ્રહ્મ અતિ સૂક્ષ્મ છે, પ્રકૃતિથી અને જીવથી બ્રહ્મના ભેદપ્રતિપાદક હેતુઓથી પ્રકૃતિ, જીવ અને બ્રહ્મ પરસ્પર ભિન્ન ભિન્ન છે.

વ્યાપક બ્રહ્મમાં જીવનો યોગ અને જીવમાં બ્રહ્મનો યોગ (સંબંધ) પ્રતિપાદિત હોવાથી જીવ અને બ્રહ્મ પરસ્પર ભિન્ન છે. કારણ કે ભિન્ન પદાર્થોનો જ યોગ થાય છે.

બ્રહ્મના અન્તર્યામિત્વાદિ ધર્મો કથિત કર્યા છે. જીવની અન્દર બ્રહ્મ હોવાથી બ્રહ્મ વ્યાપક અને જીવ વ્યાપ્ય છે, વ્યાપ્ય વ્યાપકભાવસંબંધભેદ ઘટિત હોવાથી જીવ અને બ્રહ્મ ભિન્ન છે.

જેમ પરમાત્મા જીવથી ભિન્ન છે તેમ ઇન્દ્રિય, અન્તઃકરણ પૃથિવી આદિ ભૂત, દિશા, વાયુ અને સૂર્યાદિ તથા દિવ્ય ગુણોના સંબંધથી દેવતા પદ વાચ્ય વિદ્વાનોથી પણ પરમાત્મા ભિન્ન છે.

" गुहां प्रविष्टौ सुकृतस्य लोके " ઇત્યાદિ ઉપનિષદ્ના વચનથી જીવ અને પરમાત્મા ભિન્ન છે. એજ પ્રમાણે ઉપનીષદ્માં ઘણે ઠેકાણે બતાવવામાં આવેલ છે.

" शारीरे भव: शारीर: " શરીરધારી જીવ બ્રહ્મ નથી કારણ કે બ્રહ્મના ગુણ, કર્મ અને સ્વભાવ જીવમાં ઘટી શકતાં નથી.

" अधिदैव " મન અને ઇંદ્રિય આદિ દિવ્ય પદાર્થો " अधिभूत " પૃથિવી આદિ ભૂત " अध्यात्म " સર્વ જીવોમાં પરમાત્મા વ્યાપકત્વાદિ ધર્મો ઇશ્વરમાં વર્ણિત છે.

ઇત્યાદિ શારીરક સૂત્રોથી પણ બ્રહ્મ અને જીવનો ભેદ સિદ્ધ થાય છે. ઉપર પ્રમાણે અર્થ કરવાથી વેદાન્તીઓનો ઉપક્રમ અને ઉપસંહાર પણ ઘટી શકે છે. ઉપક્રમ એટલે આરંભ બ્રહ્મથી થાય છે અને ઉપસંહાર એટલે સમાપ્તિ પણ બ્રહ્મમાં જ થાય છે. જો બ્રહ્માતિરિક્ત કોઈ વસ્તુ માનવામાં ન આવે તો ઉત્પત્તિ અને પ્રલય પણ બ્રહ્મના ધર્મ થઈ જાય અને વેદાદિ સત્યશાસ્ત્રમાં તો બ્રહ્મને ઉત્પત્તિ અને વિનાશથી રહિત વર્ણવ્યો છે, માટે એ સિદ્ધાન્ત નવીન વેદાન્તીઓ ઉપર કોપ કરશે. કારણ કે નિર્વિકાર, અપરિણામિત્ત્વ, શુદ્ધત્ત્વ, સનાતનત્ત્વ અને નિર્ભ્રાન્તત્ત્વાદિ વિશેષણવાળા બ્રહ્મમાં વિકાર, ઉત્પત્તિ અને અજ્ઞાન આદિનો સંભવ કથમપિ થઈ શકે નહિ. ઉપસંહાર–પ્રલય થવા પછી પણ બ્રહ્મ, કારણાત્મક જડ (પ્રકૃતિ) અને જીવ બરાબર રહે છે, માટે ઉપસંહાર અને ઉપક્રમરૂપ જે વેદાન્તીઓની કલ્પના છે તે પણ ખોટી છે. બીજી એવી ઘણી એઓની અશુદ્ધ વાતો છે કે જે શાસ્ત્ર અને પ્રત્યક્ષાદિ પ્રમાણોથી વિરૂદ્ધ છે.

એના પછી જૈનોના અને શંકરાચાર્યના અનુયાયીઓના ઉપદેશના સંસ્કારો આર્યાવર્ત્તમાં ફેલાયા હતા. અને પરસ્પર ખંડમંડન પણ ચાલતું હતું. શંકરાચાર્યને થયા ત્રણસો વરસ થયાં પછી ઉજ્જૈન નગરમાં વિક્રમાદિત્ય રાજા કંઇક પ્રતાપી થયો, જેણે રાજાઓમાં ચાલતી લડાઇને બંધ કરી શાન્તિ સ્થાપિત કરી. ત્યારપછી કાવ્યાદિ શાસ્ત્રમાં સાધારણ નિપુણ ભર્તૃહરિ રાજા

થયો. એણે વૈરાગ્યવાન્ થઈ રાજ્ય છોડી દીધું. વિક્રમાદિત્યથી પાંચસો વર્ષને અન્તરે ભોજ રાજા ઉત્પન્ન થયો. એણે વ્યાકરણ અને કાવ્યાદિ અલંકારને એટલો પ્રચાર કર્યો કે એના રાજ્યમાં કાલિદાસ કે જે બકરી ચારનાર હતો, તેપણ રઘુવંશાદિ કાવ્યને નિર્માતા થયો. રાજા ભોજની પાસે કોઇ પણ માણસ સારો શ્લોક બનાવીને જતો તો તેને ઘણું ધન આપી પ્રતિષ્ઠા વધારતો હતો. ત્યારપછી રાજાઓએ અને શ્રીમાનોએ ભણવું જ છોડી દીધું. યદ્યપિ શંકરાચાર્ય પહેલાં વામમાર્ગ અને શૈવ સમ્પ્રદાયસ્થ લોકો હતા, પણ તેઓનો પ્રચાર ઘણો ન્યૂન હતો. મહારાજા વિક્રમાદિત્ય પછી શૈવોનું બળ વધતું ચાલ્યું. વામમાર્ગીઓની જેમ મહાવિદ્યાદિ દશ શાખાઓ છે, તેમ શૈવ મતમાં પણ પાશુપતાદિ ઘણી શાખાઓ છે. શંકરાચાર્યને લોકોએ શિવનો અવતાર ઠરાવ્યો, એમના અનુયાયી સંન્યાસીઓ પણ શૈવમતમાં પ્રવૃત્ત થઈ ગયા, વામમાર્ગીઓને પણ મેળવતા ગયા, વામમાર્ગીઓ શિવની પત્ની દેવીના ઉપાસક થયા અને શૈવ લોકો મહાદેવના ઉપાસક થયા. ઉભયપક્ષાવલંબી રૂદ્રાક્ષ અને ભસ્મ અદ્યાવધિ ધારણ કરે છે, પરન્તુ જેટલા વામમાર્ગીઓ વેદના વિરોધી છે તેટલા શૈવ નથી.

धिक् धिक् कपालं भस्मरुद्राक्षविहीनम् ॥ १ ॥
रुद्राक्षान् कण्ठदेशे दशनपरिमितान्मस्तके विंशती द्वे।
षट् षट् कर्णप्रदेशे करयुगलगतान् द्वादशान्द्वादशैव ॥
बाह्वोरिन्दोः कलाभिः पृथगिति गदितमेकमेवं शिखायाम् ।
वक्षस्यष्टाऽधिकं यः कलयति शतकं स स्वयं नीलकण्ठः ॥ २ ॥

ઇત્યાદિ અનેક પ્રકારના શ્લોકો એ લોકોએ બનાવ્યા છે, અને કહેવા લાગ્યા કે જેના કપાળમાં ભસ્મ અને કંઠમાં રૂદ્રાક્ષ નથી તેને ધિક્કાર છે. " तं त्यजेदन्त्यजं यथा " એને ચાંડાલવત્ ત્યાજ્ય કરવો જોઇએ ॥ ૧ ॥

કંઠમાં ૩૨, માથામાં ૪૦, છ છ કાનોમાં, બાર બાર હાથમાં, સોળ સોળ ભુજામાં, ૧ શિખામાં અને એક હૃદયમાં, બધામળી ૧૦૮ રૂદ્રાક્ષ જે ધારણ કરે છે તે સાક્ષાત્ મહાદેવ છે. ૨.

એ પ્રમાણે શાક્ત લોકો પણ માને છે. ત્યારપછી વામમાર્ગી અને શૈવોએ સંમતિ કરી ભગ લિંગનું સ્થાપન કર્યું-જેને જલાધારી અને લિંગ કહે છે. એની પૂજા કરવા મંડયા. એ નિર્લજ્જોને જરાપણ લજ્જા થઈ નહિ કે આ બધું પામરપણાનું કામ છે. કોઈ કવિએ કહ્યું છે કે " स्वार्थी दोषं न पश्यति " સ્વાર્થી લોકો સ્વાર્થસિદ્ધિ કરવામાં દુષ્ટ કાર્યોને શ્રેષ્ઠ માની દોષ સમજતા નથી. એ જ પાષાણનિર્મિત ભગ-લિંગની પૂજામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આદિની સિદ્ધિ માનવા માંડયા. ભોજ રાજાની પછી જૈન લોકોએ પોતાના મન્દિરમાં મૂર્તિ સ્થાપન કરી અને ત્યાં દર્શનસ્પર્શનને માટે જવા માંડયા ત્યારે એ પોપોના ચેલાઓ પણ ત્યાં જવા લાગ્યા. એક તરફ આર્યાવર્ત્તમાં યવન લોકો પણ આવ્યા હતા ત્યારે એ પોપલોકોએ આ શ્લોક બનાવ્યો.

न वदेद्यावनीं भाषां प्राणैः कण्ठगतैरपि ।
हस्तिना ताड्यमानोऽपि नगच्छेज्जैनमन्दिरम् ॥

પ્રાણુકંઠ ગત થાય તોપણુ યાવની એટલે મ્લેચ્છ ભાષા બોલવી નહિ. ગાંડો હાથી સામો આવતો હોય અને જૈનમન્દિરમાં જવાથી પ્રાણનો બચાવ થતો હોય, તોપણુ જૈનમન્દિરમાં જવું નહિ. અર્થાત્ જૈનમન્દિરમાં જવા કરતાં મરવું સારૂં છે. એવો એવો ઉપદેશ પોતાના ચેલાઓને કરવા માંડયા. જ્યારે કોઈ તેઓને કહેતા હતા કે તમારી પાસે કોઇ માનનીય ગ્રન્થ છે? ત્યારે તેઓ " હા " કહી શિવપુરાણુ અથવા માર્કણ્ડેય પુરાણુ વાંચી સંભળાવતા હતા. જેવું કે દુર્ગાપાઠમાં દુર્ગાદેવીનું વર્ણન છે. ભોજ રાજાના વખતમાં કોઇએ શિવપુરાણુ અને માર્કણ્ડેય વ્યાસજીના નામથી બનાવ્યું હતું, જેના સમાચાર રાજા ભોજને થયા હતા. તેથી રાજા ભોજે તે પણ્ડિતોને હસ્તચ્છેદન આદિ દંડ આપ્યો હતો, અને તેણે સર્વને જણાવ્યું હતું કે જે કોઈ કાવ્યાદિ ગ્રન્થો બનાવે તેણે પોતાના નામથી બનાવવા ઋષિ મુનિઓના નામથી કોઇએ બનાવવા નહિ. એ વાત રાજા ભોજે બનાવેલા " સંજીવની " ગ્રન્થમાં લખી છે. એ ગ્રન્થ ગ્વાલીયરના રાજ્યમાં " ભિંડ " નગરમાં ત્રવાડી બ્રાહ્મણોના ઘરમાં છે. લખુનાના રાવસાહેબ તથા તેના ગુમાસ્તા રામદયાલે એ ગ્રન્થ જોયો છે. એમાં સ્પષ્ટ લખ્યું છે કે વ્યાસજીએ ૪૪૦૦ ચાર હજાર ચારસો અને તેના શિષ્યોએ ૫૬૦૦ પાંચ હજાર છસો એટલે ૧૦૦૦૦ દશ હજાર શ્લોકવાળું મહાભારત બનાવ્યું હતું. એ મહાભારત મહારાજા વિક્રમાદિત્યના વખતમાં ૨૦૦૦૦ વીશહજાર શ્લોકવાળું થઈ ગયું. મહારાજ ભોજ કહે છે કે મારા પિતાજીના વખતમાં પચ્ચીસહજાર શ્લોકસંમિત અને મારી ઉમ્મરમાં ૩૦૦૦૦ ત્રીશ હજાર શ્લોકસંમિત મહાભારત પુસ્તક મળે છે. જો આવી રીતે ઉત્તરોત્તર વધતું જ જશે તો મહાભારત એ ઊંટના બોજા જેટલું થઈ જશે. જો આ પ્રમાણે ઋષિ મુનિઓના નામથી પુરાણાદિ બનાવનાર હશે તો આર્યાવર્ત્તના લોકો ભ્રમજાળમાં પડી વૈદિકધર્મવિહીન થઈ ભ્રષ્ટ થઈ જશે. એ ઉપરથી જણાય છે કે રાજા ભોજને કિંચિત કિંચિત્ વૈદિક સંસ્કારો હતા. એના ભોજ પ્રબન્ધમાં લખ્યું છે કેઃ—

घट्यैकया क्रोशदशैकमश्वः सुकृत्रिमो गच्छति चारुगत्या ।
वायुं ददाति व्यजनं सुपुष्कलं विना मनुष्येण चलत्यजस्रम् ॥

રાજા ભોજના વખતમાં એવા એવા શિલ્પિલોકો હતા કે જેઓએ એક એવો ઘોડો બનાવ્યો હતો, કે જે એક કાચી ઘડીમાં અગ્યાર કોશ ચાલતો હતો, અને એક કલાકમાં સાડીસત્તાવીશ કોશ ચાલતો હતો.

એક બીજો એવો પંખો બનાવ્યો હતો કે જે મનુષ્યના ચલાવ્યા સિવાય સંચાના બળથી હમેશાં ફર્યા કરતો હતો, અને પુષ્કળ વાયુ આપતો હતો. જો એ બે વસ્તુ અદ્યાવધિ હોત તો યૂરોપીયન લોકો આટલાબધા ગર્વિષ્ઠ થાત નહિ.

પોપલોકો પોતાના ચેલાઓને જૈનમન્દિરમાં ન જવા માટે ઉપદેશ આપ્યા છતાં રોકી શક્યા નહિ, ઉલટા તેના ચેલાઓ જૈનની કથામાં પણુ જવા માંડયા. જૈનપોપલોકો, પૈરાણિક

પોપલોકોના ચેલાઓને જ્યારે વંચિત કરવા માંડયા, ત્યારે પૌરાણિકોએ વિચાર્યું કે હવે કોઈ ઉપાય શોધવો જોઇએ, નહિ તો આપણા ચેલાઓ જૈન બની જશે. ત્યારપછી સર્વ પૌરાણિક પોપોએ સંમતિ કરી કે જૈનોની માફક આપણે પણ અવતાર, મન્દિર, મૂર્ત્તિ અને કથાના ગ્રન્થો બનાવવા જોઇએ. ત્યારપછી જૈનના ચોવીસ તીર્થંકરની માફક ચોવીસ અવતાર, મન્દિર અને મૂર્ત્તિઓ બનાવી. જેવા જૈનોના આદિ અને ઉત્તર પુરાણ છે તેવાં અઢાર પુરાણ બનાવ્યાં.

રાજા ભોજની પછી દોઢસો વરસે વૈષ્ણવ મતનો આરંભ થયો. કંજરવર્ણ ગામમાં શઠકોપ નામનો માણસ ઉત્પન્ન થયો તેણે તે ધર્મ થોડો ઘણો ચલાવ્યો. ત્યારપછી ભંગીકુળમાં મુનિવાહન થયો. ત્યારપછી યાવનાચાર્ય યવનકુળમાં ઉત્પન્ન થયો. ત્યારપછી ચોથો રામાનુજ બ્રાહ્મણકુળમાં પેદા થયો તેણે પોતાનો મત ફેલાવ્યો. શૈવોએ શિવપુરાણ, શાકતોએ દેવીભાગવતાદિ અને વૈષ્ણવોએ વિષ્ણુપુરાણ આદિ બનાવ્યા. એના રચયિતાએ પોતાનું નામ આ હેતુથી જ ન રાખ્યું કે જો આપણા નામથી ગ્રન્થ બનાવવામાં આવશે તો કોઈ પ્રમાણ કરશે નહિ. માટે વ્યાસ આદિ ઋષિ મુનીઓના નામ રાખી પુરાણો બનાવ્યાં. વાસ્તવમાં એઓનું નામ નવીન રાખવું જોઇતું હતું. પણ યદિ કોઈ દરિદ્ર પોતાના પુત્રનું નામ મહારાજાધિરાજ રાખે અને આધુનિકનું નામ સનાતન રાખે તો આશ્ચર્ય શું ? જેવા એ લોકોના પરસ્પર ઝઘડા છે તેવા જ પુરાણોમાં પણ રાખ્યા છે.

જુઓ ભાગવતમાં "શ્રીઃ" નામ એક દેવીનું રાખ્યું છે અને તે શ્રીપુરની સ્વામિની છે એમ લખ્યું છે. તેણીએ જ આ બધું જગત્ બનાવ્યું છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવને પણ તેણીએ જ બનાવ્યા. એ દેવીને જ્યારે ઇચ્છા થઈ ત્યારે તેણીએ હાથ ઘસ્યા તેથી હાથમાં છાલું થયું, તેનાથી બ્રહ્મા ઉત્પન્ન થયા. દેવીએ બ્રહ્માને કહ્યું કે તું મારી સાથે વિવાહ કર. બ્રહ્માએ ઉત્તર આપ્યો કે તમે મારી માતા છો, માટે હું તમારી સાથે વિવાહ કરી શકતો નથી. એ સાંભળી માતાને ક્રોધ ચઢયો જેથી તે બાળકને બાળી ભસ્મ કરી નાંખ્યું. ફરીથી હાથ ઘસી બીજું બાળક પેદા કર્યું તેનું નામ વિષ્ણુ રાખ્યું. તેણે પણ એ જ પ્રમાણે કહ્યું, બાળકે ઉત્તર નકારમાં આપ્યો તેથી તેને પણ બાળી ભસ્મ કરી નાંખ્યું. ત્રીજીવાર તેજ પ્રમાણે ત્રીજું બાળક બનાવ્યું તેનું નામ મહાદેવ રાખ્યું. મહાદેવને કહ્યુ કે તું મારી સાથે વિવાહ કર. મહાદેવે ઉત્તર આપ્યો કે હું તારી સાથે વિવાહ કરી શકું નહિ, માટે તું બીજી સ્ત્રીનું શરીર ધારણ કર. દેવીએ તે પ્રમાણે કર્યું, ત્યારે મહાદેવે કહ્યું કે આ રાખ જેવું શું પડયું છે? દેવીએ ઉત્તર આપ્યો કે એ બન્ને તારા ભાઇઓ છે. એણે મારી આજ્ઞા ન માની માટે બાળીને ભસ્મ કરી નાંખ્યા છે. મહાદેવે કહ્યું કે હું એકલો શું કરૂં ? એ બન્નેને જીવતા કર. અને બે સ્ત્રીઓ ઉત્પન્ન કર જેથી ત્રણે વિવાહિત થાય, દેવીએ એ પ્રમાણે જ કર્યું અને ત્રણે વિવાહિત થયા ! વાહરે ! માતાની સાથે વિવાહ ન કર્યો તો બ્હેનની સાથે વિવાહ કર્યો ? શું એને યોગ્ય સમજવું જોઇએ ? ત્યારબાદ ઇંદ્રાદિને ઉત્પન્ન કર્યા. બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર અને ઇંદ્રને પોતાની પાલખી ઉઠાવનારા ભોઈ બનાવ્યા ઇત્યાદિ લાંબા લાંબા ગપ્પાં માર્યાં છે. પણ એઓને પૂછવું જોઇએ કે દેવીનું શરીર બનાવનાર, શ્રીપુરનો બનાવનાર તથા દેવીના માતાપિતા કોણ હતાં ? જો કહે કે અનાદિ છે તો તે ખોટું છે. કારણ કે સંયોગ-

જન્ય વસ્તુ અનાદિ થઈ શકે નહિ. જો પુત્રને માતાની સાથે વિવાહ કરતાં ભય લાગ્યો તો ભાઇને બ્હેનની સાથે વિવાહ કરતાં કેમ ભય ન લાગ્યો ? જેમ દેવી ભાગવતમાં મહાદેવ, વિષ્ણુ અને બ્રહ્માની ક્ષુદ્રતા અને દેવીની લડાઈ લખી છે, તેજ પ્રમાણે શિવપુરાણમાં દેવી આદિની ક્ષુદ્રતા લખી છે. અર્થાત એ બધા મહાદેવના દાસ છે અને મહાદેવ સર્વના ઇશ્વર છે. રૂદ્રાક્ષ (એક વૃક્ષના ફળની ગોટલી) અને રાખ ધારણ કરવાથી મુક્તિ માનવામાં આવેલ છે. પણ જો એમ હોય તો રાખમાં આળોટનાર ગધેડા તથા ચણોઠી આદિને ધારણ કરનાર ભીલ કંજર આદિને પણ મુક્તિ કેમ ન મળે ? ભૂડ, કૂતરાં, ગધેડા આદિ પશુઓ કે જે રાખમાં આળોટનારાં છે તેને મુક્તિ કેમ નથી મળતી ?

(**પ્રશ્ન**) " કાલાગ્નિ રૂદ્રોપનિષદ " માં ભસ્મ લગાવવાનું વિધાન લખ્યું છે, અને " **त्र्यायुषं जमदग्नेः** " ઇત્યાદિ યુજુર્વેદનું વચન છે. ઇત્યાદિ વેદમંત્રથી પણ ભસ્મ ધારણ વિહિત છે. રૂદ્રની આંખમાંથી અશ્રુપાત થવાથી જે વૃક્ષ થયું છે. તેનું નામ રૂદ્રાક્ષ છે. એમ પુરાણમાં લખ્યું છે. એના ધારણ કરવામાં પુણ્ય લખ્યું છે. યદિ એક રૂદ્રાક્ષ ધારણ કરવામાં આવે તો સર્વ પાપથી મુકત થવાય છે. યમરાજ અને નરકનો ભય દૂર થાય છે.

(**ઉત્તર**) " કાલાગ્નિરૂદ્રોપનિષદ્ " કોઇ રાખોડીઆએ (રાખ ચોળનારે) બનાવ્યું છે. કારણ કે " **यस्य प्रथमा रेखा सा भूर्लोकः** " ઇત્યાદિ વચન એમાં અનર્થક છે. જે દરરોજ હાથથી બનાવવામાં આવતી રેખા ભૂલોક કેવી રીતે થઈ શકે ? અથવા એનો વાચક પણ કેવી રીતે થઈ શકે ? અને " **त्र्यायुषं जमदग्नेः** " ઇત્યાદિ મંત્ર ભસ્મ અથવા ત્રિપુંડ ધારણ સૂચક નથી. કિન્તુ " **चक्षुर्वै जमदग्निः** " શતપથ. હે પરમાત્મન્ મારા નેત્રની જ્યોતિ **त्र्यायुषं** અર્થાત્ ત્રિગુણી એટલે ત્રણસો વર્ષ પર્યન્ત રહે. હું પણ એવા કામો કરૂં કે જેથી મારી દૃષ્ટિનો નાશ ન થાય. આંખના અશ્રુપાતથી વૃક્ષ થયું એ કહેવું એ કેટલી બધી મૂર્ખતાની વાત છે. શું સૃષ્ટિક્રમને કોઈ બદલાવી શકે છે ? પરમાત્માએ જે વૃક્ષનું જે બીજ બનાવ્યું છે, તે બીજથી તે ઝાડ ઉત્પન્ન થઈ શકે છે ઉલટું થઇ શકતું નથી. રૂદ્રાક્ષ, ભસ્મ, તુળશી, કમલાક્ષ, ઘાસ અને ચંદન આદિ ધારણ કરવું એ જંગલી પશુ જેવા મનુષ્યોનું કામ છે. વામમાર્ગી અને શૈવ મિથ્યાચારી, વિરોધી અને કર્ત્તવ્યથી પરાંગમુખ છે. એમાં જે કોઈ સારો માણસ છે તે ઉપર કહેવામાં આવેલી વાતો ઉપર વિશ્વાસ નહિ કરી સત્કર્મ કરે છે. જો રૂદ્રાક્ષ અને ભસ્મ ધારણ કરવાથી યમરાજના દૂતો ડરતા હોય તો પોલીસના સીપાઈ પણ ડરતા હોવા જોઇએ. પણ રૂદ્રાક્ષધારી અને ભસ્મધારીથી કૂતરાં, સિંહ, સર્પ, વીંછી, માંખી અને મચ્છર આદિ નથી ડરતાં તો પછી ન્યાયાધીશના ગણો કેમ ડરે ?

(**પ્રશ્ન**) વામમાર્ગી અને શૈવ તો ઠીક નથી પણ વૈષ્ણવ મત તો ઠીક છે ને ?

(ઉત્તર) તે પણ વેદ વિરોધી હોવાથી એના કરતાં પણ વધારે ખરાબ છે.

(પ્રશ્ન) **" नमस्ते रुद्र मन्यवे "** **" वैष्णवमसि "** **" वामनाय च "** **" गणानां त्वा गणपतिं हवामहे "** **" भगवती भूयाः "** **" सूर्य आत्मा जगतस्तस्थुषश्च "** ઇત્યાદિ વેદ મંત્રોથી શૈવાદિ મત સિદ્ધ થાય છે. તો પછી શામાટે ખંડન કરો છો ?

(ઉત્તર) એ વચનોથી શૈવાદિ સમ્પ્રદાય કાંઈ સિદ્ધ થતા નથી. " રૂદ્ર " પરમેશ્વર, પ્રાણાદિ વાયુ, જીવ, અગ્નિ, આદિનું નામ છે. જે ક્રોધકર્ત્તા દુષ્ટોને રોવરાવનાર છે તે રૂદ્ર અર્થાત પરમાત્માને નમસ્કાર કરવો. પ્રાણ અને જઠરાગ્નિને અન્ન આપવું **(नम इति अन्ननाम–निघं०** ૨ ૭) જે મંગલકારી સર્વ સંસારનું અત્યન્ત કલ્યાણ કરનાર છે તે પરમાત્માને નમસ્કાર કરવો જોઇએ. **" शिवस्य परमेश्वरस्यायं भक्तः शैवः " विष्णोः परमात्मनोऽयं भक्तो वैष्णवः " " गणपतेः सकलजगत्स्वामिनोऽयं सेवको गाणपतः " भगवत्या वाण्या अयं सेवकः भागवतः " सूर्यस्य चराचरात्मनोऽयं सेवकः सौरः "** એ સર્વ રૂદ્ર, શિવ, વિષ્ણુ, ગણપતિ અને સૂર્યાદિ પરમેશ્વરના અને ભગવતી સત્યવાણીનાં નામ છે. એ લોકોએ સમજ્યા વિના ઝગડા મચાવ્યા છે. તેનું એક આ દૃષ્ટાન્ત છેઃ–

કોઈ એક વૈરાગીને બે ચેલા હતા. તે બન્ને ગુરૂના હમેશાં પગ દાબ્યા કરતા હતા. એક જમણો પગ દાબતો અને બીજો ડાબો પગ દાબતો–એમ વહેંચણી કરી લીધી હતી. એક દિવસ એક શિષ્ય બજારમાં લોટ લેવા ગયો. બીજો શિષ્ય ગુરૂનો પોતાને સેવ્ય પગ દાબતો હતો. એટલામાં ગુરૂજીએ પાસું ફેરવ્યું એટલે ગુરૂજીનો બીજો પગ કે જે ગુરૂભાઇનો સેવ્ય હતો તે પોતે જે પગ દાબતો હતો તેના ઉપર પડ્યો. પેલે શિષ્યે એકદમ તે પગ ઉપર લાકડી મારી. ગુરૂજીએ કહ્યુ કે અરે દુષ્ટ ! તેં આ શું કર્યું ? શિષ્યે કહ્યુ કે જે પગની હું સેવા કરી રહયો છું તે પગ ઉપર આ પગ શા માટે આવ્યો ? એટલામાં બીજો ચેલો પણ બજારમાંથી લોટ લઈ આવી ગયો અને પોતાના સેવ્ય પગની સેવા કરવા માંડ્યો. પરંતુ પગ સૂજેલો હતો ત્યારે તેણે ગુરૂજીને કહ્યું કે આ (જેની હું સેવા કરૂં છું) પગને શું થયું ? ગુરૂએ બધી બનેલી હકીકત કહી જણાવી. બસ એ મૂર્ખ ચેલો ન બોલ્યો અને ન ચાલ્યો એકદમ હાથમાં લાકડી લઈ ગુરૂજીના બીજા પગમાં જોરથી મારી. ગુરૂએ ઉચ્ચે સ્વરથી બૂમ પાડી ત્યારે બન્ને ચેલાઓ હાથમાં લાકડી લઈ ગુરૂના પગમાં મારવા મંડ્યા. ત્યારે તો ઘણોજ કોલાહલ થઈ ગયો. લોકો બૂમો સાંભળી આવ્યા અને કહેવા લાગ્યા કે સાધુજી શું થયું ? એમાંથી કોઈ

બુદ્ધિમાન્ માણસે સાધુને છોડાવ્યા. પછી એ બન્ને મૂર્ખ ચેલાઓને ઉપદેશ આપ્યો કે એ બન્ને પગ તમારા ગુરૂજીના છે. એ બન્ને પગની સેવા કરવાથી એજ ગુરૂને સુખ મળે છે. અને દુઃખ દેવાથી પણ એનેજ દુઃખ થાય છે.

જેમ એક ગુરૂની સેવામાં બે ચેલાએ લીલા કરી એજ પ્રમાણે અખંડ સચ્ચિદાનન્દાનન્તસ્વરૂપ પરમાત્માના વિષ્ણુ રૂદ્રાદિ આદિ અનેક નામોમાં આધુનિક સામ્પ્રદાયિક લોકોએ કરી છે. વિષ્ણુ રૂદ્રાદિ નામોનો અર્થ પ્રથમ સમુલ્લાસમાં કરી આવ્યા છીએ. એ પ્રમાણે સત્યાર્થ નહિ સમજી શૈવ, શાકત અને વૈષ્ણવાદિ સામ્પ્રદાયિક લોકો પરસ્પર એક બીજાની નિન્દા કર્યા કરે છે. એ મન્દ બુદ્ધિઓ જરા પણ વિચાર નથી કરતા કે વિષ્ણુ, રૂદ્ર અને શિવાદિ નામો એક અદ્વિતીય સર્વ નિયન્તા સર્વાન્તર્યામી જગદીશ્વરના અનેક ગુણ કર્મ સ્વભાવના વાચક છે. શું એવા લોકો ઉપર ઇશ્વિરનો કોપ નહિ થાય. જુઓ, ચક્રાંકિત વૈષ્ણવોની અદ્દભૂત માયાઃ—

तापः पुण्ड्रं तथा नाम माला मन्त्रस्तथैव च ।
अमी हि पञ्च संस्काराः परमैकान्तहेतवः ॥
अतप्ततनूर्न तदामो अश्नुते । इति श्रुतेः ॥
रामानुजपटलपद्धतौ ॥

અર્થ-શંખ, ચક્ર, ગદા અને પદ્મના ચિન્હોને અગ્નિમાં તપાવી ભુજાના મૂળમાં ડામ દઇ પછી દૂધવાળા પાણિમાં ડુબાવે છે અને કોઈ એ દૂધને પણ પી જાય છે. એ દૂધમાં મનુષ્યના માંસનો સ્વાદ પણ સ્પષ્ટ આવતો હોવો જોઇએ. એવા એવા કર્મોથી પરમેશ્વરને પ્રાપ્ત થવાની આશા રાખે છે. તેઓ કહે છે કે શંખ ચક્રાદિથી શરીર તપાવ્યા શિવાય જીવ પરમાત્માને પ્રાપ્ત થઈ શકતો નથી. કારણ કે-(आमः) અર્થાત્ તે કાચો છે. જેમ રાજ્યના સીલ, પટો આદિ જાણી રાજ પુરૂષને સમજી તેનાથી સર્વ લોકો ડરે છે. તેમ વિષ્ણુના શંખ ચક્રાદિ આયુધોના ચિન્હો જોઇ યમરાજા અને તેના ગણો ડરે છે. અને કહે છે કે-

दोहाः—बाना बडा दयालका, तिलक छाप और माल ।
यम डरपै काल्रू कहे, भय माने भूपाल ॥

ભગવાનનું ભાતું તિલક, છાપ અને માળાનું ધારણ કરવું તે છે. જેનાથી યમરાજ અને રાજા પણ ભય પામે છે. (पुण्ड्रम्) ત્રિશૂળના જેવું કપાળમાં ચિત્ર કાઢવું (नाम) નારાયણદાસ, વિષ્ણુદાસ આદિ અર્થાત્ દાસ શબ્દાન્ત નામ રાખવું (माला) કમલગટ્ટાની માળા રાખવી અને પાંચમો મંત્ર, જેવો કે-

ओं नमो नारायणाय

એ મંત્ર સાધારણ મનુષ્યોને માટે બનાવ્યો છે તથાઃ—

श्रीमन्नारायणचरणं शरणं प्रपद्ये, श्रीमते नारायणाय नमः
श्रीमते रामानुजाय नमः ।

ઇત્યાદિ મંત્ર ધનાઢ્ય અને માન્ય પુરૂષોને માટે બનાવી રાખ્યા છે. જુઓ, એ પણ એક દુકાન જ થઈ ! જેવું મ્હોટું એવું તિલક ! ચક્રાંકિત લોકો એ પાંચ સંસ્કારોને મુકિતનો હેતુ માને છે. એ મંત્રોના અર્થો આ પ્રમાણે છે.

હું નારાયણને નમસ્કાર કરૂં છું.

હું લક્ષ્મી યુકત નારાયણના ચરણારવિન્દના શરણને પ્રાપ્ત થાઉં છું.

હું શ્રીયુકત નારાયણને નમસ્કાર કરૂં છું (શોભાવાળા નારાયણને નમસ્કાર હો). જેમ વામમાર્ગીઓ પાંચ મકાર માને છે તેમ ચક્રાંકિત લોકો પાંચ સંસ્કાર માને છે. શંખ, ચક્રથી ડામ દેવામાં જે વેદ મંત્ર એ લોકોએ પ્રમાણિત કર્યો છે તે આ પ્રમાણે છે:—

पवित्रं ते विततं ब्रह्मणस्पते प्रभुर्गात्राणि पर्येषि विश्वतः ।
अतप्ततनूर्न तदामो अश्नुते शृतास इद्वहन्तस्तत्समाशत ॥ १ ॥
तपोष्पवित्रं विततं दिवस्पदे ॥ २ ॥

ऋ० मं९ सू० ८३ । मन्त्र १ । २ ॥

હે બ્રહ્માંડ અને વેદોના પાલન કરનાર પ્રભો, સર્વસામર્થ્ય યુકત, સર્વશકિતમાન્ આપે સંસારના સર્વ અવયવોને વ્યાપ્ત કરી રાખ્યા છે. આપ વ્યાપક અને પવિત્ર સ્વરૂપ છો બ્રહ્મચર્ય સત્ય ભાષણ, શમ, દમ, યોગાભ્યાસ, જિતેન્દ્રિયત્ત્વ, સત્સંગ અને તપશ્ચર્યાથી રહિત અપરિપકવ જેનો આત્મા છે, તે તારા સ્વરૂપને પ્રાપ્ત થઈ શકતો નથી, તારા શુદ્ધ સ્વરૂપને, પૂર્વોકત તપોથી જેનો આત્મા પવિત્ર થયો છે તેજ, તપ અને સદાચરણથી પ્રાપ્ત થઈ શકે છે, ૧

પ્રકાશ સ્વરૂપ પરમાત્માની સૃષ્ટિમાં જે પવિત્રાચરણ રૂપ તપ કરે છે તેજ પરમાત્માને પ્રાપ્ત થવા યોગ્ય છે. ૨

હવે વિચારવું જોઇએ કે રામાનુજીય લોકો એ મંત્રથી ચક્રાંકિત થવું કેવી રીતે સિદ્ધ કરે છે ! કહો તો ખરા, એ લોકો વિદ્વાન્ હતા કે અવિદ્વાન્ ? જો કહો કે વિદ્વાન્ હતા, તો એ મંત્રનો અસંભવિત અર્થ કેમ કર્યો, ! એ મંત્રમાં " अतप्ततनूः " શબ્દ છે પણ " अतप्तभूजैकदेशः " નથી, " अतप्ततनूः " નખ શિખાગ્રપર્યન્ત સમુદાયનો વાચક છે જો એજ પ્રમાણથી ચક્રાંકિત લોકો અગ્નિથી તપાવવું સિદ્ધ કરતા હોય તો ભાડભુંજાની ભાડમાં (ભઠ્ઠીમાં) પોતાના શરીરને બાળી ભસ્મ કરે તો પણ એ મંત્રથી વિરૂદ્ધ છે, કારણ કે એ મંત્રમાં તપઃ પદ વાચ્ય સત્ય ભાષણાદિ પવિત્ર કર્મ છે.

ऋतं तपः सत्यं तपः श्रुतं तपः शान्तं तपो दमस्तपः ॥
तैत्तिरी० प्र० १० । अ० ८ ॥

ઇત્યાદિને તપ કહેલ છે. (ऋतं तपः) યથાર્થ શુદ્ધ ભાવ, સત્ય માનવું, સત્ય બોલવું, સત્ય કરવું, મનને અધર્મમાં જવા ન દેવું, બાહ્યેન્દ્રિયોને અધર્મમાં જતી રોકવી, શરીર ઇંદ્રિયો અને મનથી શુભ કર્મો આચરવાં, વેદાદિ સત્ય શાસ્ત્રોનું પઠન પાઠન કરવું, વેદાનુકૂળ આચરણ કરવું ઇત્યાદિ ધાર્મિક કર્મોનું નામ તપ છે. ધાતુને તપાવી ચામડીને બાળવી એનું નામ તપ નથી. જુઓ ચક્રાંકિત લોકો પોતાને મ્હોટા વૈષ્ણવ માને છે. પરંતુ પોતાની પરમ્પરા અને કુકર્મ ઉપર ધ્યાન આપતા નથી. એનો મૂળ પુરૂષ " શઠકોપ " થયો છે. ચક્રાંકિતનો ભક્તમાળ નામનો ગ્રન્થ છે. જેનો બનાવનાર " નાભો ડૂમ છે[1] " તેમાં લખ્યું છે કેઃ-

विक्रीय शूर्पं विचचार योगी ॥

શઠકોપયોગી સુપડાં બનાવી વેચતો હતો. અર્થાત્ તે કંજર જાતિમાં ઉત્પન્ન થયો હતો. જ્યારે એણે બ્રાહ્મણો પાસે ભણવા ઇચ્છયું હશે ત્યારે બ્રાહ્મણોએ એનો તિરસ્કાર કર્યો હશે. જેથી તેણે બ્રાહ્મણોથી વિરૂદ્ધ સામ્પ્રદાયિક તિલક ચક્રાંકિત આદિ શાસ્ત્ર વિરૂદ્ધ મનમાની વાતો ચલાવી હશે. એનો ચેલો " મુનિવાહન " થયો, જે ચાંડાલવર્ણમાં ઉત્પન્ન થયો હતો, એનો ચેલો " યાવનાચાર્ય " થયો. જે યવનકુળમાં ઉત્પન્ન થયો હતો, એનું બીજું નામ " યામુનાચાર્ય " પણ કહેવાય છે. ત્યારપછી " રામાનુજ " ઉત્પન્ન થયો, જે બ્રાહ્મણ કુલોત્પન્ન હોઇ ચક્રાંકિત થયો, એની પહેલાં થોડા ઘણા ભાષામાં ગ્રન્થો રચાયા હતા, તેને રામાનુજે સંસ્કૃતનો અભ્યાસ કરી સંસ્કૃત શ્લોકબદ્ધ કર્યા, અને શારીરક સૂત્ર ઉપર તથા ઉપનિષદ્ ઉપર શંકરાચાર્યની વિરૂદ્ધ ટીકા લખી. એણે શંકરાચાર્યની ઘણી નિન્દા કરી, શંકરાચાર્યનો મત એવોછે કે જીવ અને બ્રહ્મ એક છે બીજી કોઇ વાસ્તવિક વસ્તુ નથી જગત્ પ્રપંચાત્મક મિથ્યા એટલે માયારૂપ અનિત્ય છે.

રામાનુજ એનાથી વિરૂદ્ધજ કહે છે જેમકે જીવ, બ્રહ્મ અને માયા એ ત્રણે નિત્ય છે, બ્રહ્માતિરિક્ત જીવ અને કારણ વસ્તુ ન માનવી એ જેમ શંકરાચાર્યનો મત ઠીક નથી, તેમજ રામાનુજનો વિશિષ્ટાદ્વૈત અર્થાત્ જીવ અને માયા સહિત ઇશ્વર એક છે-એ પ્રમાણે ત્રણ વસ્તુ માનવી અને અદ્વૈત કહેવું સર્વથા વ્યર્થ છે. ઇશ્વરને આધીન જીવને સર્વથા માનવો, તિલક, માળા, મૂર્તિપૂજનાદિ પાખંડ મત ચલાવવા ઇત્યાદિ ખરાબ વાતો ચક્રાંકિતમાં છે. જેવા ચક્રાંકિત વેદ વિરોધી છે, એવા શંકરાચાર્યના મતાનુયાયીઓ વિરોધી નથી.

(પ્રશ્ન) મૂર્તિપૂજા કયાંથી ચાલી ?

(ઉત્તર) જૈનોથી.

---

૧ ડૂમનો અર્થ ભંગી થાય છે.

(પ્રશ્ન) જૈનોએ ક્યાંથી ચલાવી ?

(ઉત્તર) પોતાની મૂર્ખતાથી.

(પ્રશ્ન) જૈન લોકો કહે છે કે શાન્ત ધ્યાનાવસ્થિત બેઠેલી મૂર્તિને જોઈ જીવનું એવું જ શુભ પરિણામ થાય છે,

(ઉત્તર) જીવ ચેતન છે અને મૂર્તિ જડ છે તો શું મૂર્તિની માફક જીવ પણ જડ થઈ જશે ? મૂર્તિપૂજા કેવળ પાખંડ છે, અને જૈનોએ ચલાવી છે માટે તેનું ખંડન બારમા સમુલ્લાસમાં કરવામાં આવશે.

(પ્રશ્ન) શાક્ત આદિઓની મૂર્તિમાં જૈનોનું અનુકરણ નથી. કારણ કે જૈનોની મૂર્તિ સદૃશ શાક્ત આદિની મૂર્તિઓ નથી.

(ઉત્તર) ઠીક છે. જો જૈનોની મૂર્તિ સમાન બનાવત તો જૈન મતમાં મળી જાત માટે જૈનોની મૂર્તિઓથી વિલક્ષણ બનાવી, જૈનોથી વિરૂધ્ધ કરવું એ એઓનું કામ હતું, જૈનોએ મૂર્તિઓ નગ્ન ધ્યાનાવસ્થિત અને વિરક્ત મનુષ્યાકાર બનાવી તો એનાથી વિરૂધ્ધ વૈષ્ણવોએ યથેષ્ટ શૃંગારિત સ્ત્રીસહિત રંગ, રાગ, ભોગ અને વિષયાસક્તિવાળી ઉભી અને કોઇ ઠેકાણે બેઠેલી બનાવી. જૈન લોકો શંખ અને ઘંટ આદિ વાજાં નથી વગાડતા જ્યારે એ લોકો મ્હોટો કોલાહલ કરી મૂકે છે. એવી લીલા કરવાથીજ વેષ્ણવાદિ સામ્પ્રદાયિક પોપોના ચેલાઓ જૈનોની જાળમાંથી બચી એ લીલામાં આવી ફસ્યા, અને વ્યાસ આદિ મહર્ષિઓના નામથી મન માન્યા અસંભવિત ગાથા-યુક્ત ગ્રન્થો બનાવ્યા. એનું નામ પુરાણ રાખી કથા કરવા માંડયા. ત્યારબાદ એવી એવી વિલક્ષણ માયા રચવા માંડયા કે પાષાણ આદિની મૂર્તિઓ બનાવી પહાડ અથવા જંગલમાં ગુપ્ત રીતે ડાટી આવ્યા. પછી પોતાના ચેલાઓમાં પ્રસિધ્ધ કર્યું કે મને રાતમાં મહાદેવ, પાર્વતી, રાધા, કૃષ્ણ, સીતા, રામ, લક્ષ્મી, નારાયણ, ભૈરવ અથવા હનુમાન્ આદિએ કહ્યું છે કે હું અમુક ઠેકાણે છું, મને ત્યાંથી લાવી મન્દિરમાં સ્થાપના કર, અને તુંજ મ્હારો પૂજારી થા તો હુ મનોવાંછિત ફળ આપીશ. જ્યારે આંખના આંધળા અને ગાંઠના પૂરા, લોકોએ પોપજીની લીલા સાંભળી ત્યારે તો સાચીજ માની લીધી. એવી મૂર્તિ ક્યાં છે, લોકોએ પૂછ્યું. ત્યારે એ પોપજીએ કહ્યું કે અમુક પહાડમાં અથવા જંગલમાં છે. ચાલો મારી સાથે હું બતાવું. ત્યારે એ આંધળાઓ એ ધૂર્તની સાથે ચાલ્યા અને ત્યાં જઈ ને જ્યારે જોયું ત્યારે તો તે લોકો આશ્ચર્યિત થઈ પોપોના પગમાં પડી કહેવા લાગ્યા કે આપની ઉપર આ દેવતાની મહતી કૃપા છે. ચાલો અમે મન્દિર બનાવી આપીએ છીએ, આપ એમાં સ્થાપના કરો અને આપજ પૂજારી બનો, અમે પણ આ પ્રતાપી દેવતાના

દર્શન સ્પર્શન કરી મનોવાંછિત ફળ મેળવીશું. જ્યારે એકે આવી લીલા રચી ત્યારે તેને જોઈ બીજા ચોપ લોકોએ પણ પોતાની જીવિકાને માટે છલકપટથી મૂર્તિઓ સ્થાપિત કરવા માંડી.

(પ્રશ્ન) પરમેશ્વર નિરાકાર છે તે ધ્યાનમાં આવી શકતો નથી, માટે મૂર્તિ અવશ્ય હોવી જોઇએ. કંઈપણ ન કરે તેના કરતાં મૂર્તિ સામે હાથ જોડી પરમેશ્વરનું સ્મરણ કરે તો એમાં શી હાનિ છે?

(ઉત્તર) જ્યારે પરમાત્મા નિરાકાર અને સર્વવ્યાપક છે તો પછી તેની મૂર્તિ બની શકે નહિ. જો મૂર્તિને જોઈ પરમાત્માનું સ્મરણ થતું હોય તો જેનાથી મનુષ્યકૃત મૂર્તિઓ બને છે એવા અદ્ભુત રચનાયુક્ત પરમાત્માએ બનાવેલા પૃથ્વી પહાડ આદિને જોઈ શું પરમેશ્વરનું સ્મરણ નથી થઈ શકતું? જો તમે કહો કે મૂર્તિ જોવાથી પરમેશ્વરનું સ્મરણ થાય છે તો એ તમારૂં કહેવું સર્વથા અસત્ય છે. કારણ કે એકાંતમાં મૂર્તિને ન જોવાથી ઈશ્વરનું સ્મરણ નહિ થાય તેથી મનુષ્ય ચોરી, જારકર્મ આદિ કુકર્મ કરવામાં પ્રવૃત્ત થઈ જશે. કારણ કે તે સમજશે કે અત્યારે આ ઠેકાણે મને કોઈ દેખતું નથી એમ સમજી જરૂર પાપ કરવા મંડી જશે. ઈત્યાદિ પાષાણાદિ મૂર્તિ પૂજવામાં અનેક દોષો છે. પરન્તુ જો પાષાણાદિ મૂર્તિ ન માનવામાં આવે અને સર્વ-વ્યાપક, સર્વાન્તર્યામી, ન્યાયકારી પરમાત્માને સર્વદા સર્વત્ર પોતાની સમીપ શુભાશુભ કર્મનો દ્રષ્ટા જો માનવામાં આવે તો પાપ કરવું તો દૂર રહ્યું, કિન્તુ ખરાબ વિચાર પણ કરી શકે નહિ. જો હું મન અને વચનથી પાપ કરીશ તો સર્વન્તર્યામીના ન્યાય્યદંડ ભોગવ્યા શિવાય કદિપણ છૂટીશ નહિ એમ તે નક્કી સમજે છે. સાકર સાકર કરવાથી જેમ મ્હોં મીઠું થતું નથી, તથા લીમડો લીમડો કહેવાથી મ્હોં કડવું થતું નથી—ચાખવાથી જ મીઠાશ અને કડવાશની ખબર પડે છે. તેમ ઈશ્વરનાં કેવળ નામસ્મરણથી કશું પણ ફળ મળતું નથી.

(પ્રશ્ન) શું નામ લેવું સર્વથા મિથ્યા છે? નામસ્મરણનું તો સર્વ પુરાણોમાં ઘણું માહાત્મ્ય વર્ણવ્યું છે.

(ઉત્તર) તમારી નામ લેવાની રીતિ સારી નથી, જે રીતે તમે નામસ્મરણ કરો છો તે રીતિ ખોટી છે.

(પ્રશ્ન) અમારી રીતિ કેવી છે?

(ઉત્તર) વેદ–વિરૂધ્ધ.

(પ્રશ્ન) ત્યારે તમે હવે વેદોક્ત નામસ્મરણની રીતિ બતાવો.

(ઉત્તર) નામ સ્મરણ એવા પ્રકારથી કરવું જોઈએ કે. જેમ ઈશ્વરનું નામ 'ન્યાયકારી' છે તો એ નામનો જે અર્થ થાય છે "જેમકે પરમાત્મા સર્વનો યથાવત્ ન્યાય કરે છે" તે અર્થનું ગ્રહણ કરી સર્વદા ન્યાય્ય વ્યવહાર કરવો અન્યાય કદિપણ ન કરવો. જો એ પ્રમાણે નામસ્મરણ થાય તોજ મનુષ્યનું કલ્યાણ થઈ શકે છે.

(પ્રશ્ન) અમે પણ જાણીએ છીએ કે પરમાત્મા નિરાકારછે પણ એમણે શિવ, વિષ્ણુ, સૂર્ય, અને દેવી આદિનું શરીર ધારણ કરી રામકૃષ્ણાદિનો અવતાર લીધો, માટે એમની મૂર્તિ થાય છે. શું એ વાત ખોટી છે?

(ઉત્તર) હા, ખોટી છે કારણ કે "अज एकपात्" "अकायम्" ઈત્યાદિ વિશેષણોથી વેદોમાં જન્મ મરણાદિથી રહિત વર્ણવ્યો છે. યુક્તિથી પણ સિધ્ધ થાય છે કે ઈશ્વર કદિ પણ અવતાર લેતો નથી, જે આકાશવત્ સર્વત્ર વ્યાપક અનન્ત અને સુખદુઃખથી રહિત છે. તે ન્હાનકડા વીર્ય અને ગર્ભાશયમાં કેવી રીતે આવીશકે? જે એકદેશીય હોય તેનુંજ આવવું જવું થઈ શકે છે. જે અચલ અને અદૃશ્ય છે, જેના શિવાય પરમાણુ જેટલી પણ જગ્યા ખાલી નથી એનો અવતાર વન્ધ્યાના પુત્રનો વિવાહ કરી તેના પૌત્રનુ દર્શન કરવા બરાબર છે.

(પ્રશ્ન) જ્યારે પરમાત્મા વ્યાપક છે. તો મૂર્તિમાં પણ છે તોપછી ગમે તે પદાર્થમાં ઈશ્વર ભાવના કરી પૂજવામાં આવે તો એમાં ખોટું શું ? જુઓઃ—

न काष्ठे विद्यते देवो न पाषाणे न मृण्मये ।
भावे हि विद्यते देवस्तस्माद् भावो हि कारणम् ॥

પરમાત્મા લાકડામાં, પાષાણમાં કે માટીથી બનાવેલા પદાર્થોમાં નથી, પણ ભાવનામાં છે, માટે જ્યાં ભાવના કરીએ ત્યાં પરમાત્મા સિધ્ધ થાય છે.

(ઉત્તર) જ્યારે પરમાત્મા સર્વત્ર વ્યાપક છે તો પછી અમુક વસ્તુમાંજ ભાવના કરવી અને અમુકમાં ન કરવી એ ચક્રવર્ત્તી રાજાની સર્વ સત્તા ખેંચી લઈ તેને એક ન્હાની ઝુંપડીનો સ્વામી બનાવ્યા જેવું થાય છે. એ કેટલું બધું અપમાન છે!! માટે એમ કરવાથી તમે પરમાત્માનું ઘણું અપમાન કરો છો. જો તમે પરમાત્માને સર્વવ્યાપક માનોછો તો પછી વાડીમાંથી ફુલ અને પત્ર તોડી શા માટે ચડાવો છો ? ચંદન ઘસીને શા માટે લગાવો છો ? ધૂપને શા માટે બાળો છો ? ઘંટ, ઝાંઝ, પખાજ આદિને લાકડીવતી શામાટે વગાડો છો ? માથામાં પરમાત્મા તો છે તો પછી શામાટે માથું નમાવો છો ? અન્ન, જળ આદિમાં પણ છે તો પછી નૈવેદ્ય શામાટે ધરો છો ? તમે વ્યાપકની પૂજા કરો છો કે વ્યાપ્યની ? જો વ્યાપકની કરતા હોતો પાષાણ

અને લાકડી આદિ ઉપર ચન્દન પુષ્પાદિ શામાટે ચડાવો છે? જો વ્યાપ્યની પૂજા કરતા હોતો " અમે પરમેશ્વરની પૂજા કરીએ છીએ " એમ ખોટું શા માટે બોલો છે? "અમે પાષાણુ આદિના પૂજારી છીએ," એમ સાચું શા માટે બોલતા નથી?

કહો, " ભાવ " સાચો છે કે ખોટો? જો કહો કે સાચો, તો પરમેશ્વર તમારા ભાવને આધીન હોવાથી બદ્ધ થઈ જશે. જો ભાવ સાચો હોય તો મૃત્તિકામાં સુવર્ણ, રજત્ આદિની, પાષાણુમાં હીરા પન્ના–પરવાળાં આદિની, સમુદ્રના ફીણુમાં મોતી આદિની, પાણીમાં ઘી, દૂધ અને દહીં આદિની અને ધૂળમાં મેંદો તથા સાકર આદિની ભાવના કરી મૃત્તિકા આદિને સુવર્ણાદિ શા માટે બનાવતા નથી. તમે લોકો દુઃખની ભાવના તો કદિપણુ કરતા નથી તો પછી એ કેમ થાય છે? સુખની ભાવના તો સદૈવ કરો છો તે કેમ મળતું નથી? આંધળો માણુસ નેત્રની ભાવના કરી શામાટે દેખતો નથી? મરવાની ભાવના તો કોઈ નથી કરતું શામાટે મરી જાય છે? માટે તમારી ભાવના સાચી નથી. જે પદાર્થ જેવો હોય તે પદાર્થને તેવો માનવો એ ભાવના કહેવાય છે. જળને જળ માનવું, અગ્નિને અગ્નિ માનવો તેનું નામ ભાવના છે અને જળને અગ્નિ અને અગ્નિને જળ માનવું એ અભાવના છે, માટે તમે ભાવનાને અભાવના અને અભાવનાને ભાવના કહો છો.

(પ્રશ્ન) વેદમંત્રથી જ્યાં સુધી આવાહન કરવામાં નથી આવતું ત્યાંસુધી દેવતા આવતા નથી. પણુ જ્યારે વેદમંત્રથી આવાહન કરવામાં આવે છે ત્યારે દેવ હાજર થાય છે, અને વિસર્જન કરવાથી ચાલ્યા જાય છે.

(ઉત્તર) જો મન્ત્ર ભણી આવાહન કરવાથી દેવતા આવે છે તો પછી મૂર્ત્તિ ચેતન કેમ થતી નથી? વિસર્જન કરવાથી પાછા ચાલ્યા કેમ નથી જતા? દેવતા કયાંથી આવે છે અને કયાં જાય છે? પરમાત્મા સર્વત્ર પૂર્ણ હોવાથી નથી આવતો અને નથી જતો. જો તમે મંત્ર બળથી પરમેશ્વરને બોલાવતા હો તો એજ મંત્રોથી તમારા મરેલા પુત્ર આદિના શરીરમાં એ જીવને શામાટે નથી બોલાવતા? શત્રુના શરીરમાં જીવાત્માનું વિસર્જન કરી શત્રુઓને શામાટે નથી મારી નાંખતા? અરે ભોળા ભાઇઓ! એ પોપ લોકો તમને ઠગીને પોતાનું પ્રયોજન સિદ્ધ કરે છે. વેદોમાં પાષાણાદિની મૂર્ત્તિપૂજા તથા પરમેશ્વરના આવાહન અને વિસર્જન બોધક એક અક્ષર પણુ નથી.

(પ્રશ્ન)

प्राणा इहागच्छन्तु सुखं चिरं तिष्ठन्तु स्वाहा ।
आत्मेहागच्छतु सुखं चिरं तिष्ठतु स्वाहा ।
इन्द्रियाणीहागच्छन्तु सुखं चिरं तिष्ठन्तु स्वाहा ॥

ઇત્યાદિ મંત્રો હોવા છતાં કેમ કહો છો કે નથી ?

(ઉત્તર) અરે ભોળા ભાઈઓ બુદ્ધિનો થોડો તો ઉપયોગ કરો, એ વેદ મંત્ર નથી પણ કપોલ કલ્પિત વામ માર્ગીઓના વેદ વિરૂધ્ધ તંત્ર ગ્રન્થોની પંક્તિઓ છે.

(પ્રશ્ન) શું તન્ત્રો ખોટાં છે ?

(ઉત્તર) હા, સર્વથા ખોટાં છે. આવાહન, પ્રતિષ્ઠાપનાદિ અને પાષાણાદિ મૂર્તિપૂજા વિષયક એક મંત્ર પણ વેદમાં નથી. " **स्नानं समर्पयामि** " ઇત્યાદિ વચનો પણ નથી કિંબહુના આટલું પણ વેદમાં નથી કે " **पाषाणादिमूर्तिं रचयित्वा मन्दिरेषु संस्थाप्य गन्धादिभिरर्चयेत्** ॥ પાષાણાદિની મૂર્તિપૂજા બનાવી, મન્દિરોમાં સ્થાપિત કરી અને ચંદન અક્ષત આદિથી પૂજવી.

(પ્રશ્ન) જો વેદમાં વિધિ નથી તો ખંડન પણ ન હોવું જોઇએ કારણ કે " **प्राप्तौ सत्यां निषेधः** ॥ મૂર્તિનું વિધાન હોય તોજ ખંડન થઈ શકે છે.

(ઉત્તર) વિધિ તો નથી પણ પરમેશ્વરને બદલે કોઈ બીજાને ન પૂજવો, ન માનવો ઇત્યાદિ નિષેધો તો છે. શું અપૂર્વ વિધિ થતો નથી? સાંભળો

अन्धन्तमः प्रविशन्ति येऽसम्भूतिमुपासते ।
ततो भूय इव ते तमो य उ सम्भूत्याँ रताः । १ ॥ यजु० ॥ अ० ४० ।
मं० ९ ॥ न तस्य प्रतिमा अस्ति ॥ २ ॥ यजु० ॥ अ० ३२ ।

यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ३ ॥
यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ४ ॥
यच्चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यन्ति ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ५ ॥
यच्छ्रोत्रेण न शृणोति येन श्रोत्रमिदँ श्रुतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ६ ॥
यत्प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ७ ॥ केनोपनि० ॥

જે અસંભૂતિ એટલે અનાદિ પ્રકૃતિને બ્રહ્મના સ્થાનમાં માની ઉપાસના કરે છે, તે અન્ધકાર એટલે અજ્ઞાન અને દુઃખ સાગરમાં ડુબી જાય છે. અને જે પ્રકૃતિજન્ય પૃથ્વીઆદિ

ભૂત, પાષાણ, વૃક્ષ અને મનુષ્યના શરીરની ઉપાસના બ્રહ્મના સ્થાનમાં કરે છે, તેઓ તો તેના કરતાં પણ વધારે ઘોર દુઃખ રૂપ નરકમાં પડી મહાન્ ક્લેશ ભોગવે છે. ૧

જે સર્વવ્યાપક નિરાકાર પરમાત્મા છે, તેની પ્રતિમા (પરિમાણ, સાદૃશ્ય અથવા મૂર્ત્તિ) નથી. ૨

જે વાણીનો વિષય નથી (આ જળ છે, લ્યો; એવો વિષય નથી) પણ જેની સત્તાથી વાણીની પ્રવૃત્તિ થાય છે. તેને તું બ્રહ્મ સમજ અને તેનીજ ઉપાસના કર, તેનાથી જે ભિન્ન છે તે ઉપાસનીય નથી. ૩

જે મનથી સંપૂર્ણ રીતે મનનગોચર થઈ શકતો નથી અને જે મનને જાણે છે તેનેજ તું બ્રહ્મસમજ અને તેનીજ ઉપાસના કર. તેનાથી ભિન્ન જીવ અને અન્તઃકરણને બ્રહ્મના સ્થાનમાં ઉપાસના કર. ૪

જેને આંખ જોઈ શકતી નથી પણ જેની સત્તાથી આંખ જોઈ શકે છે તેને તું બ્રહ્મ સમજ, અને તેનીજ ઉપાસના કર, તેનાથી ભિન્ન સૂર્ય, અગ્નિ અને વિદ્યુત્ આદિ જડ પદાર્થોની બ્રહ્મના સ્થાનમાં ઉપાસના ન કર. ૫

જે કાનથી સંભળાતો નથી પણ કાન જેની સત્તાથી સાંભળે છે તેનેજ તું બ્રહ્મ સમજ અને તેનીજ ઉપાસના કર, તેનાથી ભિન્ન શબ્દાદિને બ્રહ્મના સ્થાનમાં માની ઉપાસ નહિ. ૬

જે પ્રાણોથી ચલાયમાન થતો નથી પણ જેનાથી પ્રાણ ચાલી શકે છે તેનેજ તું બ્રહ્મ સમજ અને તેનીજ ઉપાસના કર, તેનાથી ભિન્ન વાયુ આદિને તેના સ્થાનમાં માની ઉપાસ નહિ. ઇત્યાદિ ઘણા નિષેધો છે. નિષેધ જેમ પ્રાપ્તનો થાય છે, તેમ અપ્રાપ્તનો પણ થાય છે. " પ્રાપ્ત નિષેધ " એટલે જેમ કોઈ અમુક સ્થાને બેઠો તેને ત્યાંથી ઉઠાડી મૂકવો, " અપ્રાપ્ત નિષેધ " જેમકે હે પુત્ર ! તું કદીપણ ચોરી કરીશ નહિ, કુવામાં પડીશ નહિ, દુષ્ટોનો સંગ કરીશ નહિ અને વિદ્યાહીન રહીશ નહિ. ઇત્યાદિ અપ્રાપ્ત નિષેધ કહેવાય છે. માટે મનુષ્યના જ્ઞાનમાં અપ્રાપ્ત, ઇશ્વરના જ્ઞાનમાં પ્રાપ્તનો નિષેધ કરવામાં આવે છે. માટે પાષાણાદિ મૂર્ત્તિપૂજા અત્યન્ત નિષિદ્ધ છે.

(પ્રશ્ન) જો મૂર્ત્તિપૂજાથી પુણ્ય નથી તો પાપ પણ નથી.

(ઉત્તર) કર્મ બે પ્રકારનાં છે, એક તો વિહિત્ અર્થાત્ જે વેદમાં કર્તવ્ય તથા પ્રતિપાદિત છે. જેમ કે સત્ય ભાષણ આદિ, બીજુ નિષિદ્ધ એટલે જેમ વિહિતનું અનુષ્ઠાન કરવુ અને ન કરવાથી પાપ છે. તેમ નિષિદ્ધનું અનુષ્ઠાન ન કરવું એ ધર્મ છે, જ્યારે વેદમાં નિષિદ્ધ મૂર્ત્તિપૂજા આદિ કર્મો કરો છો તો પાપ કેમ નહિ ?

(પ્રશ્ન) વેદ અનાદિ છે માટે પહેલાં મૂર્ત્તિનું કામ પડતું ન હોતું કારણ કે તે વખતે દેવતા પ્રત્યક્ષ હતા. મૂર્ત્તિપૂજા તો પછીથી તન્ત્ર અને પુરાણને આધારે ચાલી છે. જ્યારે મનુષ્યો

અલ્પ સામર્થ્યવાળા થઈગયા, પરમાત્માનું ધ્યાન ન કરી શક્યા ત્યારે મૂર્ત્તિનું ધ્યાન કરવા લાગ્યા માટે મૂર્ત્તિ તો અજ્ઞાનીઓને વાસ્તે છે, પગથીએ પગથીએ જો ચડવામાં આવે તો માળા ઉપર ચડી શકાય પણ જો પગથીઆ ઉપર ચડ્યા શિવાય ઉપર જવાને ઇચ્છવામાં આવે તો તો કદિપણ જઈશકાતું નથી. માટે મૂર્ત્તિપૂજા એ પ્રથમ પગથીયું છે. મૂર્ત્તિ પૂજતાં પૂજતાં જ્યારે જ્ઞાન થશે અને અન્તઃકરણ શુદ્ધ થશે ત્યારે પરમાત્માનું ધ્યાન કરી શકાશે. જેમ લક્ષ્યવેધી પહેલાં સ્થૂલ લક્ષ્યમાં તીર અથવા ગોળી મારે છે. અને પછી ધીરે ધીરે સૂક્ષ્મ લક્ષ્યને પણ વીંધે છે. તેમ મનુષ્ય સ્થૂલ મૂર્ત્તિની પૂજા કરતો કરતો સૂક્ષ્મ બ્રહ્મને પણ પહોંચી શકશે. છોકરીઓ ઢીંગલી ઢીંગલાની રમત ત્યાંસુધી કરે છે કે જ્યાં સુધી સાચા પતિને પ્રાપ્ત થતી નથી. એવા પ્રકારથી મૂર્ત્તિપૂજા કરવી એ કોઇ દુષ્ટ કામ નથી.

(ઉત્તર) જે જે વેદવિહિત છે, તે ધર્મ છે અને જે જે વેદ નિષિદ્ધ છે તે તે અધર્મ છે તમારા કહેવાથીજ મૂર્ત્તિપૂજા કરવી એ અધર્મ ઠરે છે. જે જે ગ્રન્થ વેદ વિરૂદ્ધ છે તેને પ્રમાણ તરીકે માનવા એ પણ નાસ્તિકપણું છે. સાંભળો.

नास्तिको वेदनिन्दकः ॥ १ ॥ मनु० २ । ११ ॥
या वेदबाह्याः स्मृतयो याश्च काश्च कुदृष्टयः ।
सर्वास्ता निष्फलाः प्रेत्य तमोनिष्ठा हि ताः स्मृताः ॥ २ ॥
उत्पद्यन्ते च्यवन्ते च यान्यतोन्यानि कानिचित् ।
तान्यर्वाक्कालिकतया निष्फलान्यनृतानि च ॥ ३ ॥
मनु० अ० १२ । ९५ । ९६ ॥

મનુજી કહે છે કે જે વેદોની નિન્દા કરે છે, વેદોનું અપમાન, ત્યાગ અથવા વેદ વિરૂદ્ધ કામ કરે છે, તે નાસ્તિક કહેવાય છે. ૧

જે ગ્રન્થો વેદબાહ્ય છે, જે ગ્રન્થો કુત્સિત પુરૂષોએ બનાવ્યા છે, જે ગ્રન્થો મનુષ્યોને તથા સંસારને દુઃખદ છે તે બધા નિષ્ફળ, અસત્ય અને અન્ધકાર રૂપ છે. આ લોક તથા પરલોકમાં દુઃખદાયક છે. ૨

જે ગ્રન્થો વેદવિરૂદ્ધ છે તે આધુનિક હોવાથી શીઘ્ર નષ્ટ થઈ જાય છે. માટે તે નિષ્ફળ, અસત્ય અને અમાનનીય છે. ૩

એ પ્રમાણે બ્રહ્માથી લઇ મહર્ષિ જૈમિનિ પર્યન્તનો મત છે કે વેદ વિરૂદ્ધ ન માનવું. જે વેદાનુકૂળ છે તેજ ધર્મ છે તેનેજ અનુસરીને ચાલવું. વેદ સત્યજ અર્થનું પ્રતિપાદન કરે છે. તંત્ર અને પુરાણ વેદવિરૂદ્ધ હોવાથી ત્યાજ્ય છે. વેદવિરૂદ્ધ પુસ્તકોમાં લખેલી મૂર્ત્તિપૂજા પણ અધર્મરૂપ છે. મૂર્ત્તિપૂજા કરવાથી મનુષ્યનું જ્ઞાન વધવાને બદલે ઘટી જાય છે. જ્ઞાનવૃદ્ધિનો ઉપાય તો જ્ઞાની પુરૂષોની સેવા અને સંગ છે. શું કોઈ પાષાણાદિ

મૂર્ત્તિપૂજા કરતો પરમેશ્વરને ધ્યાનમાં લાવી શકે છે? માટે મૂર્ત્તિપૂજા પગથીયું છેજ નહિ. મૂર્ત્તિપૂજા એક મ્હોટો ખાડો છે કે જેમાં પડવાથી મનુષ્યના ભુક્કા નિકળી જાય છે. એ ખાડામાં પડેલો માણસ કદીપણ નીકળી શકતો નથી કિન્તુ તેમાંજ મરી જાય છે. જેમ માળ ઉપર ચડવાને નિસરણી હોય છે તેમ ઇશ્વરને પ્રાપ્ત કરવાને સાધારણ વિદ્વાનથી લઇ પરમવિદ્વાન્ યોગીઓનો સત્સંગ, સદ્વિદ્યા અને સત્યભાષણ આદિ છે. મૂર્ત્તિપૂજા કરતાં કરતાં કોઇ જ્ઞાની થયો નથી ઉલટાં મૂર્ત્તિપૂજકો અજ્ઞાની રહી મનુષ્ય જીવનને વ્યર્થ ગુમાવી મરી ગયા છે. વર્ત્તમાન અને ભાવી મૂર્ત્તિપૂજકોની પણ એજ દશા છે. મૂર્ત્તિપૂજકો મનુષ્યજન્મ સાધ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ફળોથી રહિત રહે છે. મૂર્ત્તિપૂજા બ્રહ્મપ્રાપ્તિને માટે સ્થૂલ લક્ષ્યરૂપ નથી કિન્તુ ધાર્મિક વિદ્વાન્ અને સૃષ્ટિવિદ્યા છે. સૃષ્ટિવિદ્યાને વધારતાં વધારતાં મનુષ્ય બ્રહ્મને પ્રાપ્ત કરી શકે છે. મૂર્ત્તિપૂજા એ ઢીંગલીના ખેલ જેવી પણ નથી. કિન્તુ પ્રથમાક્ષરાભ્યાસથી લઈ સુશિક્ષા પ્રાપ્ત કરવી એજ બ્રહ્મની પ્રાપ્તિમાં ઢીંગલીના ખેલ જેવું છે. જ્યારે સત્ય શિક્ષા અને વિદ્યાને પ્રાપ્ત કરશે ત્યારેજ મનુષ્ય સત્યસ્વામી પરમાત્માને પ્રાપ્ત કરી શકશે.

(પ્રશ્ન) નિરાકારમાં મન સ્થિર થવું કઠણ હોવાથી સાકાર મૂર્ત્તિની પૂજા કરવી એ યોગ્ય છે.

(ઉત્તર) સાકારમાં મન સ્થિર કદિપણ થતું નથી. કારણ કે મન સાકાર વસ્તુને ગ્રહણ કરી તેના એક અવયવમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ દોડયા કરે છે. પરન્તુ નિરાકાર પરમાત્મા અનન્ત હોવાથી મન પોતાના સામર્થ્યાનુસાર દોડે છે પણ અન્ત પામી શકતું નથી. પરમાત્મા નિરવયવ હોવાથી મન ચંચલ પણ થતું નથી, તેમના ગુણ કર્મ સ્વભાવમાં ફરી ફરી આનન્દમાં મગ્ન થઇ સ્થિર થઈ જાય છે. જો મન સાકારમાં સ્થિર થતું હોત તો સમ્પૂર્ણ જગતસ્થ પ્રાણીઓનાં મન સ્થિર થઇ જાત. શા માટે મનુષ્ય સ્ત્રીમાં, પુત્રમાં, ધનમાં અને મિત્રાદિ સાકાર પદાર્થમાં ફસ્યો રહે છે. માટે માલુમ પડે છે કે જ્યાં સુધી નિરાકારમાં મન ન લગાડવામાં આવે ત્યાં સુધી મન શાન્ત થતું નથી. અતએવ મૂર્ત્તિપૂજા અધર્મ છે.

૨ મૂર્ત્તિપૂજા નિમિત્તે મન્દિરોમાં કરોડો રૂપીઆનો વ્યય કરી માણસો દરિદ્ર બને છે. અને પ્રમાદી થાય છે.

૩ સ્ત્રી અને પુરૂષો મન્દિરોમાં ભેગાં થાય છે તેથી વ્યભિચાર અને લડાઈ બખેડા થાયછે. અને રોગાદિ પણ ઉત્પન્ન થાય છે.

૪ એનેજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સાધન માની મનુષ્ય પુરૂષાર્થ રહિત થઇ માનવ જન્મ વ્યર્થ ગુમાવે છે.

૫ અનેક પ્રકારના રૂપવાળી અને દુષ્ટ ચરિત્રવાળી મૂર્ત્તિઓના પુજારીઓના એક મન થતાં નથી તેથી વિરૂદ્ધ માર્ગમાં ચાલી પરસ્પર ફુટ કરી દેશનો નાશ કરી નાંખે છે.

૬ મૂર્ત્તિના ભરોસે શત્રુનો પરાભવ અને પોતાનો વિજય માની બેસે છે. તેથી તે મૂર્ત્તિ-વિશ્વાસક પરાજય પામી રાજ્ય અને ધન સહિત શત્રુ સ્વાધીન થાયછે. શત્રુને આધીન

થઈ પોતે ભડીયારાના ઘોડા તથા કુંભારના ગધેડાની માફક અનેક વિધ દુઃખ ઉઠાવે છે.

૭ જ્યારે કોઈ માણસ કોઈ બીજા માણસને કહે કે હું તારા આસન ઉપર અને તારા નામ ઉપર પત્થરો ફેંકું છું તો તે માણસ ક્રોધિત થઈ સામા માણસને મારે છે. અથવા ગાળી દે છે, તો પછી જે લોકો પરમેશ્વરની ઉપાસનાને ઠેકાણે પાષાણાદિ મૂર્તિઓ રાખે છે તે દુષ્ટ બુદ્ધિવાળા લોકોનું પરમાત્મા સત્યાનાશ કેમ ન કરે ?

૮ માણસો ભ્રાન્ત થઈ મન્દિર મન્દિરમાં અને દેશ દેશાન્તરમાં ભટકતા ફરેછે, દુઃખ પામે છે, ધાર્મિક, સાંસારિક અને પારમાર્થિક કામોને નષ્ટ કરેછે. ચોર આદિથી પીડાયછે અને ઠગાય છે.

૯ જે દુષ્ટ પુજારીઓને ધન આપવામાં આવે છે તે ધન વેશ્યામાં, પરસ્ત્રીગમનમાં, મદ્યમાં, માંસાહારમાં અને લડાઈ ટંટામાં વ્યયિત થાય છે.

૧૦ માતા પિતા આદિ માનનીયોનું અપમાન અને પાષાણાદિ મૂર્તિઓનું માન કરી કૃતઘ્ન થાય છે.

૧૧ એ મૂર્તિઓને કોઇ તોડી નાંખે છે અથવા તો ચોરીને લઇ જાય છે ત્યારે હાય હાય કરી રોતા રહે છે.

૧૨ પૂજારી પરસ્ત્રીઓનો સંગ કરે છે અને પુજારણ પરપુરૂષોનો સંગ કરે છે અને પરસ્પર દુષિત થઈ સ્ત્રીપુરૂષના પ્રેમને ખોઈ બેસે છે.

૧૩ સ્વામી સેવક ભાવ આજ્ઞાના ઉલ્લંઘનથી બરાબર રહેતો નથી એથી પરસ્પર વિરોધ કરી નષ્ટ ભ્રષ્ટ થઈ જાય છે.

૧૪ જડનું ધ્યાન કરનારનો આત્મા પણ જડબુદ્ધિવાળો થઈ જાય છે. કારણ કે ધ્યેયનો જે જડત્વ ધર્મ છે. તે અન્તઃકરણ દ્વારા આત્મામાં અવશ્ય પ્રવિષ્ટ થઇ જાય છે.

૧૫ પરમાત્માએ સુગન્ધિ પુષ્પાદિ પદાર્થો વાયુ અને જળની દુર્ગન્ધનું નિવારણ કરી આરોગ્યતા આપે તે માટે બનાવ્યા છે, પુજારીઓ તેને તોડી નાંખે છે, એ પુષ્પો સુગન્ધિ વડે જળ અને વાયુની કેટલી શુદ્ધિ કરત ? તેનો ખ્યાલ તે લોકોને આવતો નથી. તે વચમાં નાશ પામેલાં પુષ્પો કાદવ આદિમાં મળી સડી ઉલટાં દુર્ગન્ધ ફેલાવે છે. શું પરમાત્માએ પત્થર પર ચડાવવાને વાસ્તે પુષ્પાદિ પદાર્થોને સુગન્ધિત બનાવ્યા છે ?

૧૬ મૂર્ત્તિ ઉપર ચડેલાં પુષ્પ, ચંદન, અક્ષત અને જળ આદિ બધું ભેગું થઇ સડી જાય છે અને તે બધું જ્યાં ભેગું થઇ કિચડ મચ્યો હોય છે ત્યાં એટલી બધી દુર્ગન્ધ મારે છે કે જાણે મનુષ્યનો મળ દુર્ગન્ધ મારતો હોય, એમ જણાય છે, એ બધી દુર્ગન્ધ

વાયુ દ્વારા બહુ જગ્યામાં ફેલાઇ જાય છે અને તેથી હજારો જીવો સડી સડીને મરી જાય છે. ઇત્યાદિ કારણોથી મૂર્ત્તિપૂજા સજ્જનોએ છોડવી જોઇએ. જે લોકોએ પાષાણાદિ મૂર્ત્તિની પૂજા કરી છે તે લોકો ઉપર કહેલા દોષોથી બચ્યા નથી. વર્તમાન તથા ભાવી મૂર્ત્તિપૂજકો પણ એ દોષથી બચવાના નથી.

(પ્રશ્ન) અસ્તુ; સર્વથા મૂર્ત્તિપૂજા ત્યક્તવ્ય રહો, પણ આર્યાવર્ત્તમાં "પંચ દેવપૂજા" એ શબ્દ પ્રાચીન અને લાંબા કાળથી પ્રચારમાં છે એની પૂજા કરવી એ "પંચાયતનપૂજા" કહેવાય છે; તો શિવ, વિષ્ણુ, અમ્બિકા, ગણેશ અને સૂર્યની મૂર્ત્તિ બનાવી પંચાયતનપૂજા કરવી કે નહિ?

(ઉત્તર) મૂર્ત્તિ કોઇની પણ બનાવવી નહિં પરન્તુ મૂર્ત્તિમાન્ કે જે નીચે કહેવામાં આવે છે તેની પૂજા એટલે સત્કાર કરવો "પંચદેવપૂજા" અને "પંચાયતનપૂજા" એ શબ્દો ઘણા સારા અર્થોના બોધક છે પરન્તુ બુદ્ધિહીન મૂઢ માણસોએ ઉત્તમ અર્થ છોડી દઈ નિકૃષ્ટ અર્થ લીધો છે. આજકાલની શિવઆદિની મૂર્ત્તિ બનાવી પૂજવી એનું તો ખંડન કરી આવ્યા છીએ. પરન્તુ હવે વેદોક્ત પંચાયતનપૂજા, દેવપૂજા અને મૂર્ત્તિપૂજા આ છે સાંભળોઃ—

मा नो वधीः पितरं मोत मातरम् ॥ यजु० । अ० १६ । मं० १५ ॥

आचार्य्यो ब्रह्मचर्येण ब्रह्मचारिणमिच्छते ॥ अथर्व० । कां० ११ । व० ५ । मं० १७ ॥

अतिथिर्गृहानागच्छेत् । अथर्व० ॥ कां १५ । व० १३ । मं० ६ ॥

अर्चत प्रार्चत प्रियमेधासो अर्चत ॥ ऋग्वेदे ॥

त्वमेव प्रत्यक्षं ब्रह्मासि त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि ॥ तैत्तिरीयोपनि० ॥ वल्ली० १ । अनु० १ ॥

कतम एको देव इति स ब्रह्म त्यदित्याचक्षते ॥ शतपथ० ॥ कां० १४ । प्रपाठ० ६ । ब्राह्म० ७ । कंडिका १० ॥

मातृदेवो भव पितृदेवो भव आचार्यदेवो भव अतिथिदेवो भव ॥ तैत्तिरीयोपनि० ॥ व० । अनु० ११ ॥

पितृभिर्भ्रातृभिश्चैताः पतिभिर्देवरैस्तथा ।
पूज्या भूषयितव्याश्च बहुकल्याणमीप्सुभिः ॥
मनु० अ० ३ । ५५ ॥

उपचर्यः स्त्रिया साध्व्या सततं देववत्पतिः ॥ मनुस्मृतौ ॥

૧ માતા એ મૂર્તિમતી સાક્ષાત્ પૂજનીય દેવતા છે. સન્તાનોએ માતાની તન મન ધનથી સેવા કરવી. હિંસા અર્થાત્ માતાને કદિપણ દુઃખ દેવું નહિં.

૨ પિતા એ દેવ છે માટે માતાની માફક તે પણ પૂજનીય છે.

૩ આચાર્ય એ દેવ છે તેની પણ તન મન ધનથી સેવા કરવી.

૪ વિદ્વાન્ ધાર્મિક નિષ્કપટી સર્વની ઉન્નતિ ઇચ્છનાર જે અતિથિ છે તે પણ દેવ છે તે જગત્માં ભ્રમણ કરતો સત્ય ઉપદેશદ્વારા સર્વને સુખી કરે છે. અત એવ તે પણ સેવનીય છે.

૫ સ્ત્રીને માટે પતિ દેવ છે અને પતિને માટે સ્ત્રીપણ દેવતા છે. અતઃ એપણ પરસ્પર પૂજનીય છે.

એ પાંચ મુર્તિમાન્ દેવ છે એના સંગથી મનુષ્ય દેહની ઉત્પત્તિ, પાલન, સત્યશિક્ષા, વિદ્યા અને સત્ય ઉપદેશની પ્રાપ્તિ થાય છે. એજ પરમાત્માને પ્રાપ્ત કરવાનાં પગથીયાં છે. જે લોકો એની સેવા નહિં કરી પાષાણાદિ મૂર્તિને પૂજે છે તે અતીવ વેદવિરોધી છે.

(પ્રશ્ન) માતા પિતા આદિની સેવા કરી જો મૂર્તિપૂજા કરવામાં આવે તો કોઇપણ દોષ નથી.

(ઉત્તર) પાષાણાદિ મૂર્તિપૂજાનો સર્વથા ત્યાગ કરી માતા પિતા આદિ મૂર્તિમાન્નીજ સેવા કરવામાં કલ્યાણ છે. ઘણા અનર્થની વાત છે કે માતા પિતા આદિ સાક્ષાત્ સુખદાયક દેવોને છોડી પાષાણ આદિ અદેવને માથું નમાવવું લોકોને પસંદ પડે છે. પાષાણાદિને લોકોએ દેવ એને માટે માન્યા છે કે જો માતા પિતા પાસે નૈવેદ્ય અથવા ભેટ પૂજા ધરીશું તો તે પોતે ખાઇ જશે અને ભેટ પૂજા પણ લઇ લેશે. અમારા હાથમાં અથવા મુખમાં કંઇ પણ આવશે નહિં, માટે પાષાણાદિની મૂર્તિ બનાવી તેની આગળ નૈવેદ્ય ધરી ઘંટાનાદ ટંટં અને પૂં પૂં કરી શંખ વગાડી કોલાહલ કરી તેને અંગુઠો બતાવી માલ ખાઇ જવાની યુક્તિ રચીછે!

त्वमङ्गुष्ठं गृहाण भोजनं पदार्थं वा अहं ग्रहीष्यामि

જેમ કોઇ માણસ અમુક માણસને ચીડવે કે તું અંગુઠો લે અને હું તારી પાસેથી બધો માલ ગટ કરી જઇશ-બસ એવીજ રીત પૂજારીઓએ કરી છે, પૂજારી શબ્દનો અર્થઃ પૂજા+અરિ=પૂજારિ પૂજા એટલે સત્કર્મના "અરિ" એટલે જે શત્રુ છે તે પૂજારી છે, ચટકતી મટકતી ચળકતી ઝળકતી મૂર્તિઓ બનાવી ઠાઠ માઠ કરી ઠગ બની એ લોકો બિચારા નિર્બુધ્ધિ અનાથોનો માલ લૂંટી મોજ ઉડાવે છે. આ વખતમાં જો કોઇ ધાર્મિક રાજા હોત તો એ પાષાણ-પ્રિય લોકોને પત્થર તોડવાના. ઘડવાના, ઘર બનાવવાના કામમાં લગાવી ખાવા પીવાનું આપી નિર્વાહ કરાવત.

(પ્રશ્ન) જેમ પાષાણ આદિની બનાવેલી સ્ત્રી આદિની મૂત્તિ જોઇ કામોત્પત્તિ થાય છે તેમ વીતરાગ અને શાન્ત મૂર્ત્તિને જોઇ વૈરાગ્ય અને શાન્તિ પ્રાપ્ત કેમ ન થાય?

(ઉત્તર) નથી થઇ શકતી, કારણ કે મૂર્ત્તિનો જડત્વ ધર્મ આત્મામાં આવવાથી વિચારશક્તિ ઘટી જાય છે, વિચાર વગર વિવેક, વિવેક વિના વૈરાગ્ય, વૈરાગ્ય વિના વિજ્ઞાન અને વિજ્ઞાન વિના શાન્તિ મળી શકતી નથી, જે કંઇ થાય છે તે સંગથી તથા ઉપદેશ અને ઇતિહાસના શ્રવણથી થાય છે. જેના ગુણ દોષની ખબર ન હોય તેની માત્ર મૂર્ત્તિ દેખવાથી તેના ઉપર પ્રીતિ થતી નથી; પ્રીતિનું કારણ ગુણનું જ્ઞાન છે, મૂર્ત્તિ પૂજા આદિ ખરાબ કામોથી આર્યાવર્ત્તમાં આળસુ અને પુરૂષાર્થ રહિત કરોડો ભિક્ષુક અને પૂજારીઓ થયા છે. એ લોકોએ સંસારમાં મૂઢતા, વંચકતા અને અસત્ય-વીદિતા બહુ ફેલાવી છે.

(પ્રશ્ન) કાશીમાં "લાટભૈરવ" આદિએ ઔરંગજેબ બાદશાહને મ્હોટા મ્હોટા ચમત્કારો બતાવ્યા હતા, તેમાંનો આ એક છે. જ્યારે મુસલમાનો એને તોડવા ગયા અને એ લોકોએ જ્યારે તોપોના ગોળા છોડવા માંડયા ત્યારે મ્હોટા મ્હોટા ભમરાઓ નિકળી સર્વ સેનાને વ્યાકુળ કરી ભગાવી દીધી.

(ઉત્તર) એ પાષાણનો ચમત્કાર નથી, કિન્તુ ત્યાં ભમરાઓ છત્તો ને લાગી રહ્યા હશે. ભમરાઓ નો સ્વભાવ જ ક્રૂર છે જ્યારે તેને છેડવામાં આવે છે ત્યારે કરડવા દોડે છે, અને જે દૂધની ધારાનો ચમત્કાર થયો હતો, તે તો પૂજારીની લીલા હતી.

(પ્રશ્ન) મ્લેચ્છને દર્શન ન દેવા માટે મહાદેવ કુવામાં સંતાઇ ગયા અને વેણીમાધવ બ્રાહ્મણના ઘરમાં સંતાઇ ગયા–શું એ ચમત્કાર નથી?

(ઉત્તર) જેના કોટપાલ (કિલ્લાના રક્ષકો) કાલભૈરવ અને લાટભૈરવ આદિ છે, અને જેના ભૂત પ્રેત અને ગરૂડ આદિ ગણ છે, તેઓએ મુસલમાનોને કેમ ન હરાવ્યા? પુરાણોમાં મહાદેવ અને વિષ્ણુની કથા છે કે એઓએ ત્રિપુરાસુર આદિ મહાભયંકર દુષ્ટોને ભસ્મ કરી નાંખ્યા, તો મુસલમાનોને કેમ ભસ્મ ન કર્યા? એથી એ સિદ્ધ થાય છે, કે તે બિચારા પત્થરાઓ શું લડી શકવાના હતા. જે વખતે મુસલમાનો મૂર્ત્તિઓ અને મન્દિરોને તોડતા તોડતાં કાશીની નજદીક આવ્યા ત્યારે પૂજારીઓએ પાષાણના લિંગને કુવામાં સંતાડયું અને વેણીમાધવને બ્રાહ્મણના ઘરમાં સંતાડયા. જો કાશીમાં કાલભૈરવના ભયથી યમદૂતો આવતા ન હોય અને પ્રલય વખતે પણ કાશીનો નાશ થતો ન હોય, તો કાલભૈરવે મુસલમાનોને કેમ ન ડરાવ્યા? અને શામાટે પોતાના રાજાના મન્દિરનો નાશ થવા દીધો? માટે એ બધી પોપ માયા છે.

(પ્રશ્ન) ગયામાં શ્રાદ્ધ કરવાથી પિતૃગણ પાપથી મુક્ત થઈ ત્યાંના શ્રાદ્ધ પ્રભાવથી સ્વર્ગમાં જાય છે. ત્યાં પિતૃઓ પોતાના હાથ લાંબાં કરી પિંડ લે છે શું એ વાત ખોટી છે?

(ઉત્તર) સર્વથા ખોટી છે. જો પિંડ દેવાનો એ પ્રભાવ હોય તો પિતૃને સુખ થાય એના હેતુથી પિંડ નિમિત્તે લાખો રૂપિયા આપવામાં આવે છે, જે ધનનો વ્યય ગયાનિવાસી પંડાઓ વેસ્યાગમનાદિ પાપકર્મમાં કરે છે તે પાપ કેમ છૂટતું નથી ? પંડાના હાથ શિવાય આજ કાલ બીજા કોઇનો હાથ નિકળતો દેખાતો નથી. હાથ નીકળવો એ પણ કોઇ ધૂર્ત્તની આ પ્રમાણે લીલા હશે. કોઈ માણસને ગુફા ખોદાવી પૂર્યો હશે અને ઉપર ડાભ ઇત્યાદિ કંઈ પાથર્યું હશે પછી ગુફાનિવાસી કપટીએ હાથ લાંબો કરી પિંડ લઈ લીધા હશે. એટલે કોઈ " આંખનો આંધળો અને ગાંઠનો પૂરો " આશ્ચર્યિત થયો હશે અને ઠગાયો હશે. એ પ્રમાણે " રાવણ વૈજનાથને લાવ્યો " એ પણ મિથ્યા વાત છે,

(પ્રશ્ન) જુઓ, કલકત્તાની કાળી અને કામાક્ષા આદિ દેવીઓને લાખો મનુષ્યો માને છે. શું એ ચમત્કાર નથી ?

(ઉત્તર) જરા પણ નહિ. એ આંધળા લોકો એક પછી એક ગાડરની પેઠે ચાલે છે અને કુવામાં અથવા ખાડામાં પડે છે. પાછા ફરી શકતા નથી. તેવીજ રીતે એક મૂર્ખમૂર્ત્તિ-પૂજકની પછવાડે બીજાઓ ચાલી મૂર્ત્તિ પૂજારૂપ ખાડામાં ફસાઈ દુઃખ પામે છે.

(પ્રશ્ન) અસ્તુ, જવાદો બધી વાત, પણ જગન્નાથજીમાં તો પ્રત્યક્ષ ચમત્કાર છે. શરીર બદલવાને વખતે સમુદ્રમાંથી ચંદનના લાકડા આપોઆપ આવે છે. ચૂલા ઉપર ઉપરાઉપરિ ભાતના સાત (હાંડા) દેગો મુકવામાં આવે છે અને ઉપર ઉપરની પહેલી પહેલી પાકે છે ! ! અને ત્યાં જો કોઈ જગન્નાથની પ્રસાદી ન ખાય તો તે કોઢીયો થઈ જાય છે ! ! રથ આપોઆપ ચાલે છે ! ! પાપીને દર્શન થતું નથી ! ! ઇન્દ્રિદમનના રાજ્યમાં દેવતાઓએ મન્દિરો બંધાવ્યાં છે. કલેવર બદલતી વખતે એક રાજા, એક પંડો અને એક સુતાર (મૂર્તિ કરનારો) મરી જાય છે ! ! ઇત્યાદિ ચમત્કારોને તમે ખોટા ઠરાવી શકશો નહિ.

(ઉત્તર) જેણે બાર વરસ સુધી જગન્નાથજીની પૂજા કરી હતી, તે માણસ વિરક્ત થઈ મથુરામાં આવ્યો હતો. હું તેને મળ્યો હતો. મેં ઉક્ત બધી વાતનો ઉત્તર પૂછયો હતો. એણે બધી વાત ખોટી બતાવી. અને કહ્યું કે ખરી વાત આ પ્રમાણે છે કે જ્યારે કલેવર બદલવાનો વખત આવે છે ત્યારે હોડીયામાં ચંદનના લાકડાં ભરી સમુદ્રમાં નાંખી દે છે. તે સમુદ્રની લહેરોથી કિનારા સુધી આવી જાય છે. એ લાકડાને લઇ સુતાર લોકો મૂર્ત્તિઓ બનાવે છે. જ્યાં રસોઈ થાય છે ત્યાં કોઇને જવા દેતા નથી. જે ઠેકાણે રસોઇ થાય છે ત્યાં ચારે તરફ ચુલા હોય છે અને એક વચમાં ચક્રના જેવો ચુલ્લો હોય છે. જે હાંડા ચુલ્લા ઉપર ચડાવવાના હોય છે તેને ઘી, માટી અને રાખનો પાખો દે છે અને પછી તેમાં છ ચુલા ઉપર ચોખા રાંધે છે પછી હાંડાનાં તળીયાં સાફ કરી નાંખે છે અને વચલા હાંડામાં ચોખા નાંખી દઈ હાંડા-

ઓને ઉપરા ઉપરી ચડાવી દે છે. બીજા ચુલાઓનાં મોઢાં લોઢાના તવાવતી બંધ કરી દે છે, પછી પૈસાદાર દર્શન કરનારાઓને બોલાવી ઉપર ઉપરનાં હાંડામાંથી પાકેલા ચોખા બતાવે છે અને નીચેના હાંડામાંથી કાચા ચોખા બતાવે છે. અને એ દેખાવ બતાવ્યા પછી કહે છે કે હાંડાને માટે કંઈ મુકો. પછી એ આંખના આંધળાં અને ગાંઠના પુરા રૂપીઆ અથવા અશર્ફી (એક જાતનો સિક્કો) મુકે છે. અને કેટલાંક તો માસિક બાંધી આપે છે. શૂદ્ર અને નીચ લોકો મન્દિરમાં નૈવેદ્ય લાવી ધરે છે, જ્યારે નૈવેદ્ય ધરાઇ રહે છે ત્યારે તે શૂદ્ર લોકો ઉચ્છિષ્ટ કરી રૂપિયા આપનારને ઘેર પહોંચાડે છે. ત્યાર પછી ગરીબ માણસથી લઈ સાધુ સન્ત અને અન્ત્યજ પર્યન્ત બધા લોકો એક પક્તિમાં બેસી એક બીજાનું ઉચ્છિષ્ટ ખાય છે. જ્યારે તે પંક્તિ જમી રહે છે, ત્યારે તેજ એંઠી પતરાવળીઓમાં બીજાને જમાડે છે. એ મહા અનાચાર છે, પરન્તુ કેટલાએક લોકો એંઠું ન ખાતાં પોતાના હાથે બનાવી ખાઈ ચાલ્યા આવે છે. પરન્તુ તેથી એઓને કુષ્ઠાદિ રોગ કંઈ થતો નથી તથા એજ જગન્નાથપુરીમાં કેટલાએક લોકો પ્રસાદી લેતા નથી તેને પણ કુષ્ઠ (કોઢ) નો રોગ થતો નથી. જગન્નાથપુરીમાં ઘણાએક કોઢીઆઓ છે અને હમેશાં એંઠું ખાય છે પણ તેઓને કોઢનો રોગ તો કંઈ મટતો નથી. એ જગન્નાથપુરીમાં વામ માર્ગીઓએ ભૈરવીચક્ર બનાવ્યું છે, કારણ કે સુભદ્રા જે શ્રીકૃષ્ણ અને બલભદ્રની બ્હેન થાય, તેણીનેજ બન્ને ભાઇઓની વચમાં સ્ત્રી અને માતાને સ્થાને બેસાડી છે. જો ભૈરવી ચક્ર ન હોત તો એમ કદિ પણ હોત નહિ.

રથના પૈડાસાથે એક કળ બનાવી છે જ્યારે તેને સીધી ફેરવવામાં આવે છે ત્યારે ચાલે છે. જ્યારે તે રથ મેળાની વચમાં આવે છે ત્યારે પેલી કળને ઉલટી ફેરવે છે એટલે રથ ઉભો રહે છે, પૂજારી લોકો મોટેથી બૂમો પાડે છે કે "દાન કરો, પુણ્ય કરો," જેથી જગન્નાથ મહારાજ પ્રસન્ન થઇ રથ ચલાવે અને આપણો ધર્મ રહે. જ્યાંસુધી ભેટ આવે છે ત્યાંસુધી એ પ્રમાણે બૂમો પાડયા કરે છે. જ્યારે ભેટ આવતી બંધ થાય છે ત્યારે સારા કપડાં અને દુશાલા ઓઢી સામો ઉભો રહી હાથ જોડી સ્તુતિ કરે છે કે "**हे जगन्नाथ स्वामिन्**" આપ કૃપા કરી રથને ચલાવો અને અમારો ધર્મ રાખો, ઈત્યાદિ બોલી સાક્ષાત્ દંડવત્પ્રણામ કરી રથ ઉપર રહે છે તે વખતે કળને સીધી ફેરવી જય જય શબ્દ બોલે છે, પછી હજારો મનુષ્યો દોરડાને ખેંચી રથ ચલાવે છે.

ત્યાંનું મન્દિર એટલું મ્હોટું છે કે જ્યાં દિવસે પણ દીવા કરવા પડે છે એટલું અંધારૂં હોય છે. એ મૂર્ત્તિઓની આગળ ખેંચીને બંધ કરવાના પડદા બન્ને તરફ હોય છે. જ્યારે લોકો દર્શન કરવા જાય છે ત્યારે પૂજારી પંડાઓ અંદર રહે છે. એક તરફવાળાએ પડદો ખેંચ્યો કે તરત મૂર્તિ પડદાની આડમાં આવી જાય છે ત્યારે બધા પંડા અને પૂજારીઓ પોકારવા માંડે છે કે તમે ભેટ ધરો તો તમારાં પાપ છૂટે અને દર્શન જલદી થાય. એ બીચારા

ભોળા માણસો ધૂર્તોના હાથથી લૂંટાઈ જાય છે. પછી બીજો પંડો તરત બીજો પડદો ખેંચે છે એટલે તરત દર્શન થાય છે પછી જય શબ્દ બોલી, પ્રસન્ન થઈ, ધક્કા ખાઇ અને તિરસ્કૃત થઈ, દર્શન કરનાર પાછો ચાલ્યો આવે છે.

ઇન્દ્રદમન તેજ છે કે જેના કુળના માણસો અદ્યાવધિ કલકત્તામાં છે. તે ધનાઢ્ય રાજા હતો અને દેવીનો ઉપાસક હતો. એણે લાખો રૂપીયા ખર્ચી મન્દિરો બંધાવ્યાં છે. એનો વિચાર હતો કે આ રીતિથી આર્યાવર્ત્તમાંથી ભોજનનો બખેડો દૂર થશે. પણ એ મૂર્ખો ક્યાં છોડવાના હતા? જો દેવ માનતા હોતો એ દેવળ બનાવનારને માનો. કલેવર બદલતી વખતે કોઈ રાજા અથવા પંડો અથવા બઢઇ (મૂર્ત્તિ કરનારો) મરતો નથી, પણ પહેલાં કોઈ વખત એ લોકો ન્હાના લોકોને દુઃખ દેતા હશે, તેથી દેવાલયમાં રહેનારા લોકોએ સંમતિ કરી એઓને મારી નાંખ્યા હશે અને તે આ પ્રમાણે બનાવ બન્યો હશે,

મૂર્ત્તિનું હૃદય પોલું હોય છે, તેમાં સોનાના સંપુટમાં (પાત્રમાં) શાલગ્રામ રાખેલો હોય છે. એને ધોઈ હમેશાં ચરણામૃત બનાવે છે, કલેવર બદલતી વખતે એ રાજાદિલોકો ત્યાં મુખ્યતયા રહે છે એટલે તે વખતે રાત્રિ-શયનની આર્ત્તીવેળાએ શાલગ્રામ ઉપર વિષનો તેજાબ લગાવી રાખ્યો હશે અને પછી તેને ધોઈ એ લોકોને પાયું હશે જેથી તેઓ મરી ગયા હશે, બસ એજ પ્રકારે એ ભોજનભટ્ટોએ પ્રસિદ્ધ કર્યું હશે કે જગન્નાથજી શરીર બદલતી વેળાએ પોતાની સાથે પોતાના ત્રણ ભક્તોને પણ લઇ જાય છે, એવી ખોટી વાતો બીજાનું ધન ઠગવા માટે ઘણાં પ્રકારની થયા કરેછે.

(પ્રશ્ન) રામેશ્વરને ગંગોત્તરીનું જળ ચઢાવવાથી લિંગ વધી જાયછે. શું એ વાત પણ ખોટીછે?

(ઉત્તર) ખોટી છે. કારણ કે, મન્દિરમાં દિવસે પણ અંધારૂં રહે છે. દીવો રાત અને દિવસ બળ્યા કરે છે. જ્યારે પાણીની ધારા કરવામાં આવે છે. ત્યારે એ પાણીની ધારામાં વિજળીના જેવું દીપકનું પ્રતિબિંબ પડે છે. બીજું કંઈ હોતું નથી પાષાણ વધતો નથી તેમ ઘટતો પણ નથી જેવડો પત્થર હોયછે તેવડો જ રહેછે. એવી લીલા કરી બિચારા બુદ્ધિહીન માણસોનું ધન હરી લે છે.

(પ્રશ્ન) રામેશ્વરને રામચંદ્રજીએ સ્થાપિત કર્યા છે. જો મૂર્તિપૂજા વેદ વિરૂદ્ધ હોત તો રામચંદ્ર મૂર્તિ સ્થાપન કેવી રાતે કરત? અને વાલ્મીકિજી રામાયણમાં કેમ લખત?

(ઉત્તર) રામચંદ્રજીના વખતમાં એ લિંગનું અથવા એ મન્દિરનું નામ નિશાન પણ નહતું. પણ એ વાત સંભવનીય છે કે દક્ષિણ દેશમાં કોઈ રામનામક રાજાએ મન્દિર બનાવી લિંગનું નામ રામેશ્વર રાખ્યું હશે. જયારે રામચંદ્રજી સીતાજીને લઈ હનુમાન્ આદિ સાથે વિમાનમાં બેશી આકાશ માર્ગે ચાલતા અયોધ્યા જતા હતા ત્યારે રામચંદ્રજીએ સીતાજીને કહ્યું કેઃ-

अत्रपूर्वं महादेवः प्रसादमकरोद्विभुः ।
सेतुबन्ध इतिख्यातम् ॥ वाल्मीकि रा०
लङ्का कां० सर्ग १२५ श्लोक २०

હે સીતા! ત્હારા વિયોગથી વ્યાકુળ થઈ અમે અહિં તહિં ભટકતા હતા અને આ ઠેકાણે ચાતુર્માસ્ય કર્યું હતું. પરમેશ્વરની ઉપાસના અને ધ્યાનપણ કરતા હતા, તેજ વિભુ અર્થાત્ વ્યાપક દેવોના પણ દેવ એટલે મહાદેવ છે. એનીજ કૃપાથી અમને બધી સામગ્રી આ ઠેકાણે મળી હતી. જો, આ સેતુને અમે બાંધ્યો અને લંકામાં આવી, રાવણને મારી તને લઈ આવ્યા. બસ એથી વધારે વાલ્મીકિજીએ કંઈપણ લખ્યું નથી.

(પ્રશ્ન)

“ रङ्ग है कालियाकन्तको जिसने हुक्का पिलाया सन्तको ”

દક્ષિણમાં એક કાલિયાકન્તની મૂર્ત્તિ છે તે આજપર્યન્ત હોકો પીધા કરે છે. જો મૂર્ત્તિપૂજા ખોટી હોય તો એ ચમત્કાર પણ ખોટો થઇ જાય,

(ઉત્તર) ખોટું, એ બધી પોપલીલા છે. કારણ કે મૂર્ત્તિનું મ્હોઢું પોલું હશે, અને તે મૂર્ત્તિને ભીંતની સાથે એવી રીતે ગોઠવી હશે કે ભીંતનું અને મૂર્ત્તિના પાછળના ભાગનું છિદ્ર એકજ સીધી લાઇનમાં આવી ગયું હશે. અને પછી તેમાં એક લાંબી નળી રાખી હશે, જ્યારે પૂજારી હોકો ભરી પેચ લગાવી મૂર્ત્તિના મ્હોઢામાં નળી ગોઠવી, પડદો નાંખી બ્હાર આવતો હશે. પછી ભીંતની પાછળ રહેલો માણસ ઘુંટ લેતો હશે ત્યારે હોકકો ગડગડ બોલતો હશે, મૂર્ત્તિના મ્હોઢામાં એક એવું છિદ્ર હશે કે જેનો સંબંધ નાકની સાથે હશે તેમાં પાછી ફૂંક મારતો હશે કે જેથી ધૂમાડા મૂર્ત્તિના મ્હોઢામાંથી અને નાકમાંથી નીકળતા હશે, તે વખતે ઘણાં મૂઢ લોકો પાસેથી ધન લઇ તેઓને ધનહીન કરી મુકતા હશે.

(પ્રશ્ન) જુઓ, ડાકોરજીની મૂર્ત્તિ દ્વારકામાંથી એક ભગતની સાથે ચાલી આવી અને સવા રત્તી સોનામાં કેટલાએક મણુની મૂર્ત્તિ તોળાઇ!! શું એ પણ ચમત્કાર નથી?

(ઉત્તર) નહિ, તે ભક્ત મૂર્ત્તિને ચોરી લાવ્યો હશે અને સવા રત્તી સોનાની સાથે મૂર્ત્તિની તુલના કોઇ ભાંગ પીનારે ગપ્પ મારી હશે.

(પ્રશ્ન) જુઓ, સોમનાથજી પૃથ્વી ઉપર અધર રહેતા હતા. એ મ્હોટો ચમત્કાર હતો શું એ વાત પણ ખોટી છે!

ઉત્તર) હા, ખોટી છે, સાંભળો, ઉપર અને નીચે લોહ ચુંબક રાખ્યાં હશે તેના આધારથી મૂર્ત્તિ અધર રહેતી હશે. જ્યારે મહમૂદ ગિજની આવી લડયો ત્યારે આ પ્રમાણે ચમત્કાર થયો, મંદિર તોડી નાંખ્યું. પૂજારી અને ભકતોની દુર્દશા થઈ. દશ હજાર

સૈનિકોથી લાખો સૈનિકો માર્યા ગયા, પોપ પુજારી. પૂજા, પુરશ્ચરણ સ્તુતિ અને પ્રાર્થના આ પ્રમાણે કરતા હતા કે, " હે મહાદેવ ! તું આ મ્લેચ્છને મારી નાંખ અને અમારી રક્ષા કર. " પૂજારી લોકો પોતાના શિષ્ય રાજાઓને આશ્વાસન આપતા હતા, કે આપ નિશ્ચિન્ત રહો. મહાદેવજી ભૈરવને અથવા વીરભદ્રને મોકલી આપશે, તે સર્વ મ્લેચ્છોને મારી નાંખશે અથવા આંધળા કરી મૂકશે. હમણા અમારા દેવતાઓ પ્રસિદ્ધ થાય છે, હનુમાન્ ભૈરવ અને દુર્ગા અમારા સ્વપ્નમાં આવ્યાં હતાં. તેઓએ કહ્યું કે અમે બધું કામ કરી આપીશું. એ બિચારા ભોળા રાજાઓ તથા બીજા ક્ષત્રિઓ પોપોની બહકાવટ ઉપર વિશ્વાસુ થયા. કેટલાક જ્યોતિષી પોપોએ કહ્યું કે હાલમાં તમારી ચઢાઇનું મુહૂર્ત્ત નથી. એકે આઠમો ચંદ્રમા બતાવ્યો, બીજાએ સામે યોગિની આવે છે એમ બતાવ્યું ઇત્યાદિ બહકાવટમાં પડયા રહ્યા. જ્યારે મ્લેચ્છોની ફોજોએ આવી ઘેરો નાંખ્યો ત્યારે દુર્દશાથી ભાગવા માંડયાં. કેટલાએક પોપ પૂજારી તથા તેમના ચેલાઓ પકડાયા. પુજારીઓએ હાથ જોડીને કહ્યું કે ત્રણ કરોડ રૂપિયા લ્યો પરન્તુ મૂર્ત્તિ અને મન્દિર ન તોડો, મુસલમાનોએ કહ્યું કે અમે " બુતપરસ્ત " મૂર્ત્તિપૂજક નથી પણ " બુતશિકન " મૂર્ત્તિ ભંજક છીએ. છેવટે મંદિર તોડી નાંખ્યું. જ્યારે મન્દિરના ઉપરનું છત તોડયું ત્યારે લોહચુંબક ઉપર ન રહેવાથી મૂર્ત્તિ નીચે પડી. જે વખતે મૂર્ત્તિ તોડવામાં આવી ત્યારે અઢાર કરોડ રૂપીઆના રત્નો નીકળ્યાં ! એમ સાંભળવામાં આવેછે. પુજારીઓ ઉપર કોરડાનો માર પડયો ત્યારે તેઓ રોવા લાગ્યા મુસલમાનોએ કહ્યું કે બતાવો ખજાનો કયાં છે ! મારના માર્યા જલદી બતાવી આપ્યો ત્યારે સર્વ ખજાનો લૂંટી લીધો. પોપ અને તેના ચેલાઓને ગુલામ બનાવ્યા તેઓની પાસે દળણું દળાવ્યું, ઘાસ ખોદાવ્યું, મળમૂત્રાદિ ઉઠાવવાનું પણ કામ સોંપ્યું, અને ખાવાને વાસ્તે ચણા આપ્યા !!! હાય, પત્થરની મૂર્ત્તિ પુજી સત્યાનાશ વાળી દીધું. પરંતુ પરમેશ્વરની ભકિત કરી હોત તો એ મ્લેચ્છોના દાંત તોડી નાંખત. જેટલી મૂર્ત્તિઓ હતી તેના સ્થાનમાં જો શૂરવીરોને પૂજ્યા હોત તો પણ કેટલી બધી રક્ષા થાત, પુજારીઓએ એ પાષાણોની બહુ ભકિત કરી પરંતુ એક મૂર્ત્તિ પણ ઉડી શત્રુના માથા ઉપર વાગી નહિ. કદિ જો એક શૂરવીરની ભક્તિ કરી હોત તો તે જરૂર પોતાના સેવકોની યથાશક્તિ રક્ષા કરત અને શત્રુઓને મારત.

(પ્રશ્ન) દ્વારકાજીના રણછોડજી કે જેણે નરસિંહ મહેતાને હુંડી મોકલી આપી અને તેને ઋણથી મુકત કરાવ્યો શું એ વાત ખોટી છે ?

(ઉત્તર) કોઇ શાહુકારે રૂપીઆ આપ્યા હશે, અને કોઇએ ખોટું નામ ઉડાવ્યું હશે કે શ્રીકૃષ્ણજીએ હુંડી મોકલી આપી.

જ્યારે સં. ૧૯૧૪ માં અંગ્રેજોએ તોપોના ગોળાથી મૂર્ત્તિઓ અને મન્દિરો ભાંગી નાંખ્યાં હતાં તે વખતે મૂર્ત્તિ કયાં ગઇ હતી ? વાધેર લોકોએ શૂરવીરતા ધારણ

કરી શત્રુઓને માર્યા. પરન્તુ મૂર્ત્તિ તો એક માખીનો પગ પણ તોડવા સમર્થ થઇ નહિ. જો કોઇ શ્રીકૃષ્ણ જેવો તે વખતે હાજર હોત તો શત્રુ સૈન્યના ભુક્કા કાઢી નાંખત. જ્યાં રક્ષક માર્યો જાય ત્યાં રક્ષ્યની તો વાતજ શી હોય?

(પ્રશ્ન) જ્વાળામુખી તો પ્રત્યક્ષ દેવી છે, સર્વને ખાઇ જાય છે અને જો ભક્ષ્ય પદાર્થ ધરવામાં આવે તો અર્ધો ખાય છે અર્ધો છોડી દે છે. મુસલમાન બાદશાહે એના ઉપર પાણીની નહેર છોડાવી હતી અને લોઢાના તવા પણ જડાવ્યા હતા તોપણ જ્વાળા શાન્ત થઇ નહિ.

તેવીજ રીતે હિંગળાજ પણ અર્ધી રાતે સ્વારી કરી પહાડ ઉપર દેખાય છે અને ગર્જના કરી પહાડને ગજાવી મુકે છે. ચંદ્રકૂપ બોલે છે, યોનિયંત્રમાંથી નીકળવાથી પુનર્જન્મ થતો નથી; ઠુમરા બાંધવાથી પૂર્ણ મહાપુરૂષ કહેવાય છે. હિંગળાજ ન જઇ આવે ત્યાંસુધી મનુષ્ય અર્ધો મહાપુરૂષ ગણાય છે, ઇત્યાદિ વાતો શું માનવા યોગ્ય નથી!

(ઉત્તર) નહિ; કારણ કે જ્વાળામુખી પર્વતમાંથી જે અગ્નિ નીકળે છે તેમાં પુજારીઓની વિચિત્ર લીલા છે, જેમ ચમચામાં રહેલાં વઘારના ઘીમાં જ્વાળા નીકળે છે અને ફૂંક મારવાથી હોલાય છે તથા થોડાક ઘીને ખાઇ જાય છે. તેની માફક ત્યાં પણ છે, જેમ ચુલાના અગ્નિમાં જે નાંખીએ છીએ તે બધું બળીને ભસ્મ થઇ જાય છે. તથા જેમ ઘરમાં લાગેલો અથવા જંગલનો અગ્નિ બધું ખાઇ જાય છે, તેમ ત્યાં પણ થાય છે એમાં શી નવાઇ છે?

હિંગળાજમાં એક મન્દિર, એક કુંડ અને નળની રચના શિવાય કોઇ સ્વારી નથી અને જે કંઇ થાય છે, તે પૂજારીઓની લીલા છે. બીજું કંઇ નથી. એક પાંણીનો અને કીચડકુંડ બનાવી રાખ્યો છે જેની નીચેથી પરપોટા નીકળે છે. ત્યાં જવાથી યાત્રા સફળ થઈ એમ મૂઢ લોકો માને છે. યોનિનું યંત્ર એ લોકોએ ધન લેવા માટે બનાવી રાખ્યું છે. ઠુમરાની પણ એ પ્રકારેજ પોપ લીલા છે જો ઠુમરા પહેરવાથી મહાપુરૂષ થઇ જતો હોય તો એક પશુ ઉપર ઠુમરાનો બોજો રાખવામાં આવે તો શું તે પણ મહાપુરૂષ થઇ શકે? મહાપુરૂષ તો ઉત્તમ ધાર્મિક કાર્યને માટે પુરૂષાર્થ કરવાથી થાય છે.

(પ્રશ્ન) અમૃતસર તળાવ અમૃતરૂપ છે. એક મરેઠીનું ફળ અર્ધું મીઠું રહે છે. એક ભીંત કે જે નમે છે પણ પડતી નથી. રેવાલસરમાં બેડાં તરે છે, અમરનાથમાં આપો આપ લિંગ બની જાય છે, હિમાલયમાંથી કબૂતરનુ જોડું આવી બધાને દર્શન આપી ચાલ્યું જાય છે શું એ પણ માનવા યોગ્ય નથી!

(ઉત્તર) નહિં, એ તળાવનું નામજ અમૃતસર છે, જ્યારે કોઇ વખતમાં ત્યાં જંગલ હશે ત્યારે તેનું જળ સારૂં હશે માટે તેનું નામ અમૃતસર રાખ્યું હશે. જો અમૃત હોત તો પૌરાણિક માન્યતાનુસાર ત્યાનું કોઈ પણ મરવું ન જોઇએ.

ભીંતની એવી કોઇ બનાવટ હશે જેથી નમતી હશે. પણ પડતી નહિ હોય. મરેડીમાં બીજા વૃક્ષની કલમ હશે અથવા ગપો પણ હશે.

રેવાલસરમાં બેડા તરે છે એમાં કંઇ કારીગરી હશે.

અમરનાથમાં જળના પહાડ બને છે, તો જળ જામી જઇ ન્હાનું લિંગ બનવું એમાં શું મ્હોટું આશ્ચર્ય છે.

કબૂતર પાળેલાં હશે પહાડની ઓથમાંથી કોઇ છોડી મુકતો હશે અને પૈસા ઠગતો હશે.

(પ્રશ્ન) હરિદ્વાર સ્વર્ગનું દ્વાર છે, હરની પેઢીમાં સ્નાન કરવાથી બધાં પાપ છૂટી જાય છે. તપોવનમાં રહેવાથી તપસ્વી થવાય છે. દેવ પ્રયાગમાં ગંગોતરીના મુખમાં, ઉત્તર કાશીમાં, ગુપ્ત કાશીમાં અને ત્રિયુગીમાં નારાયણનાં દર્શન થાય છે.

કેદાર અને બદ્રીનારાયણની પુજા ૭ માસ મનુષ્ય અને ૭ માસ દેવતાઓ કરે છે. મહાદેવનું મુખ નેપાળમાં પશુપતિ છે. ઉપલુંધડ કેદારમાં; જાનુ (ઘુંટણ) તુંગનાથમાં અને પગ અમરનાથમાં છે એના દર્શન અને સ્પર્શન કરવાથી મુક્તિ મળે છે. કેદાર અને બદ્રીમાંથી સ્વર્ગમાં જઈ શકાય છે.

(ઉત્તર) હરદ્વારની ઉત્તર પહાડોમાં જવાનો એક માર્ગનો આરંભ થાય છે. હરની પેઢીમાં સ્નાન કરવાને માટે કુંડમાં પગથીયાં બનાવ્યાં છે. ખરૂં પુછો તો તે "હાડપેઢી" છે કારણ કે એમાં દેશ દેશાન્તરમાં મરેલાંના હાડકાં પડયા કરે છે. કર્મના ફળ ભોગવ્યા શિવાય પાપ કદિ પણ છૂટી શકતાં નથી.

તપોવન તો જે વખતે હશે તે વખતે હશે, હાલ તો "ભિક્ષુકવન" છે, તપોવનમાં માત્ર જવાથીજ તપ થઇ શકતું નથી. તપ તો કરવાથી થાય છે કારણ કે ત્યાં ઘણા જુઠું બોલનારા દુકાનદારો રહે છે.

"हिमवतः प्रभवति गंगा"

પહાડ ઉપરથી પાણી પડે છે. ગાયના મુખનો આકાર પૈસા ધૂતનાર કોઇએ બનાવ્યો હશે. તેજ પહાડ પોપ લોકોનું સ્વર્ગ છે.

ઉત્તર કાશી આદિ સ્થાનો ધ્યાનીઓને માટે સારાં છે પણ દુકાનદારોને માટે ત્યાં દુકાનદારી પણ છે.

દેવ પ્રયાગ આદિ પુરાણના ગપોડાંની લીલા છે.

અલખનન્દા અને ગંગા જ્યાં મળે છે ત્યાં દેવતાઓ વસે છે, જો એવાં ગપ્પાં ન મારે તો ત્યાં કોણ જાય? અને કોણ ટકા આપે? ગુપ્ત કાશી નથી તે તો પ્રસિદ્ધ કાશી છે.

ત્રણ યુગની ધૂની તો નથી દેખાતી પણ પોપોની દશ પેઢીની ધૂની હશે જેવી કે ખાખીઓની ધૂની અને પારસીઓની અગ્યારીમાં હમેશાં આગ બળતી રહે છે.

જે તપ્તકુંડ છે તે પણ પહાડની અંન્દરની ગરમીથી તપ્ત રહે છે. બીજો કુંડ કે જે ઠંડો છે તેમાં ઉપરથી પાણી આવતું હશે અથવા જ્યાં ગરમી નહિ હોય ત્યાંનું પાણી આવતું હશે તેથી ઠંડો રહેછે. કેદારનું સ્થાન છે તે ભૂમિ ઘણી સારી છે. પરન્તુ ત્યાં પણ જામી ગયેલા પત્થર ઉપર પુજારીઓએ તથા ચેલાઓએ મંદિર બંધાવી રાખ્યું છે. ત્યાં રહેનારા મહન્ત, પુજારીઓ અને પંડા લોકો "આંખના આંધળા અને ગાંઠના પુરા" લોકો પાસેથી માલ લઇ વિષયાનન્દ ભોગવે છે, તેવીજ રીતે બદ્રીનારાયણમાં ઠગ વિદ્યાવાળા ઘણા લોકો રહે છે. ત્યાં "રાવલજી" મુખ્ય છે. એક સ્ત્રીને બદલે અનેક સ્ત્રીઓ કરીને રહ્યાછે. પશુપતિનું એક મન્દિર છે તેમાં એક પંચ-મુખી નામની મૂર્તિ સ્થાપિત કરી છે, જ્યારે કોઇ પૂચ્છનાર ન હોય ત્યારેજ એવી બલવતી લીલા થાય છે. જેવા તીર્થના લોકો ઠગારા અને ધન હરણ કરનારા હોય છે, તેવા પહાડમાં રહેનારા લોકો હોતા નથી, ત્યાંની ભુમિ ઘણી રમણીય અને પવિત્ર છે.

(પ્રશ્ન) વિંધ્યાચલમાં કાલી, વિન્ધ્યેશ્વરી અને અષ્ટભુજી દેવી પ્રત્યક્ષ સત્ય છે. વિન્ધ્યેશ્વરી ત્રણ વખતમાં ત્રણ રૂપ બદલે છે. તેના વાડામાં એક પણ માખી રહેતી નથી. પ્રયાગ એ તીર્થરાજ છે ત્યાં માથું મુંડાવ્યાથી સિદ્ધિ મળે છે. ગંગા અને યમુનાના સંગમમાં સ્નાન કરવાથી ઇચ્છા સફળ થાય છે, તેવી જ રીતે અયોધ્યા કેટલીક વાર વસ્તીને લઇ સ્વર્ગમાં ચાલી ગઈ છે. મથુરા બધાં તીર્થો કરતાં અધિક છે. વૃન્દાવન લીલાસ્થાન છે. ગોર્વધનની યાત્રા તો મ્હોટું ભાગ્ય હોય તોજ થઇ શકે છે. જ્યારે સૂર્ય ગ્રહણ થાય છે ત્યારે ત્યાં લાખો માણસોનો મેળો ભરાય છે, શું એ બધી વાત ખોટી છે?

(ઉત્તર) આંખથી પ્રત્યક્ષ દેખાય છે કે પાષાણની ત્રણ મૂર્તિઓ છે. વિન્ધ્યેશ્વરીનાં ત્રણ વખતે ત્રણ રૂપ બદલવાં તે પૂજારી લોકની વસ્ત્રઆભૂષણ આદિ પહેરાવાની ચતુરાઇ છે. માખીઓ તો લાખો હોય છે. એ મેં મ્હારી આંખેથી જોયું છે. પ્રયાગમાં મુંડન કરાવવાથી સિદ્ધિ થાય છે, એ તો કોઇ નાવિએ (હજામે) તે શ્લોક બનાવ્યો હશે, અથવા કોઈ પોપજીને ધન આપી બનાવી લીધો હશે. જો પ્રયાગમાં સ્નાન કરવાથી સ્વર્ગમાં જવાતું હોત તો કોઇપણ સ્નાન કરી

ઘેર ન આવવો જોઇએ, સીધો સ્વર્ગમાંજ ચાલ્યો જવો જોઇએ. પરન્તુ જ્યારે સ્નાન કરી લોકો ઘેર આવતા જોવાય છે તેથી સિદ્ધ થાય છે કે સ્નાન કરી કોઈ સ્વર્ગમાં જતું નથી. જે કોઇ ત્યાં ડુબી મરતો હશે તે જીવ પણ આકાશમાં વાયુ સાથે ઘૂમી ફરી જન્મ લેતો હશે. "તીર્થરાજ" એ નામ ટકા લેનાર લોકોએ પાડયું હશે. જડ પદાર્થમાં રાજત્વ તથા પ્રજાત્વ હોતું નથી. આ વાત ઘણી જ અસંભવીત છે કે અયોધ્યા નગરી ત્રણ વખત પ્રજા, કૂતરાં, ગધેડાં, ભંગીઆ, ચમાર, પાયખાના આદિ સહિત સ્વર્ગમાં ગઈ. સ્વર્ગમાં તો નથી ગઇ. જ્યાં છે ત્યાંજ છે. પરન્તુ પોપજીનાં મુખમાંથી નિકળતા ગપોડારૂપ સ્વર્ગમાં અયોધ્યા ઉડી ગઈ એ ચોક્સ છે. પોપજીના એ ગપોડામય શબ્દો ઉડયાજ કરે છે. તેવીજ રીતે નૈમિષારણ્ય આદિની જે વાત છે તેપણ એ પોપજીની લીલા જ સમજવી. "મથુરા ત્રણ લોકથી ભિન્ન" તો નથી પણ એમાં ત્રણ જન્તુ વિલક્ષણ લીલાધારી રહે છે. જેને લઈ જળમાં સ્થળમાં અને ઝાડ તથા ઘરની ઉપર પ્રાણીઓને સુખ મળતું નથી.

૧ પ્રથમ તો ચોબા કે જે સ્નાનાર્થ આવેલા મનુષ્ય પાસે પોતાના કર લેવાને ઉભા થઈ બકે છે કે હે યજમાન! લાવો, ભાંગ, મર્ચી અને લાડવા ખાઈ પીને યજમાનની જય મનાવીએ.

૨ જળમાં મ્હોટા મ્હોટા કાચબા હોય છે, જેથી ઘાટ ઉપર સ્નાન કરવું ઘણુંજ કઠણ થઇ પડે છે.

૩ ઉપર લાલ મ્હોંવાળા વાંદરા કે જે પાઘડી, ટોપી, ઘરેણાં, અને જોડા પણ છોડતા નથી. કરડે છે અને વખતે ધક્કો મારી પાડી દેછે. બસ એ ત્રણ પોપજી અને પોપજીના ચેલાના પૂજનીય છે.

કાચબાઓની ચણાથી, વાંદરાઓની ચણા અને ગોળથી અને ચોબાની દક્ષિણા અને લાડવાથી એના સેવકો પૂજા કર્યા કરે છે.

વૃન્દાવન તો જ્યારે હતું ત્યારે હતું, હાલ તો વેશ્યાવન છે. લલ્લા લલ્લી અને ગુરૂચેલાની લીલા ફેલાઇ રહી છે. તેવો જ દીપમાલિકાનો મેળો છે.

ગોવર્ધન અને વ્રજયાત્રામાં પોપોને ફાવ્યું છે. કુરૂક્ષેત્રમાં પણ તેજ જીવિકાની લીલા સમજી લ્યો. જે કોઇ પણ ધાર્મિક પરોપકારી પુરૂષ છે, તેજ એ પોપલીલાથી અલગ રહે છે.

(પ્રશ્ન) મૂર્તિપૂજા અને એ તીર્થો સનાતનથી ચાલ્યાં આવે છે તે ખોટાં કેમ થઈ શકે?

(ઉત્તર) તમે સનાતન કોને કહો છો? જો કહો કે જે હમેશાંથી ચાલ્યું આવતું હોય તે તો વેદ અને ઋષિમુનિકૃત બ્રાહ્મણાદિ ગ્રન્થોમાં એનું નામ કેમ નથી?

મૂર્ત્તિપૂજા અઢી ત્રણ હજાર વરસની અન્દર વામમાર્ગી અને જૈનોએ ચલાવી છે. તે પહેલાં આર્યાવર્ત્તમાં મૂર્ત્તિપૂજા અને ઉપર બતાવવામાં આવેલાં તીર્થો ન હતાં. જ્યારે જૈનોએ, ગિરિનાર, પાલીતાણા, શિખર, શત્રુંજય અને આબુ આદિ સ્થળે તીર્થો બનાવ્યાં ત્યારે તેને અનુસરી આ તરફના લોકોએ પણ બનાવી લીધાં! કોઇએ પણ તેના આરંભની પરીક્ષા કરવી હોય તેણે પંડાઓની જુનામાં જુની વહી જોવી, અને તાંબાના પત્રના લેખો પણ જોવા, તો નિશ્ચય થશે કે આ બધાં તીર્થો પાંચસો અથવા હજાર વર્ષની અન્દરજ બન્યાં છે. હજાર વર્ષ પછીનો લેખ કોઈની પાસે નથી. માટે એ બધાં મૂર્ત્તિપૂજા અને તીર્થો આધુનિક છે.

(પ્રશ્ન) જે જે તીર્થનું માહાત્મ્ય છે જેમકે "अन्यक्षेत्रे कृतं पापं काशीक्षेत्रे विनश्यति" ઈત્યાદિ બાબત સાચી છે કે ખોટી?

(ઉત્તર) ખોટી છે, કારણકે જો પાપ છૂટી જતાં હોત તો દરિદ્રોને ધન અને રાજપાટ મળી જાત, આંધળાને આંખ મળી જાત અને કોઢીઆનો કોઢ દૂર થાત, પણ જ્યારે એમ નથી થતું માટે કોઈનાં પાપ છૂટતાં નથી.

પ્રશ્ન)

गङ्गागङ्गेति यो ब्रूयाद् योजनानां शतैरपि ।
मुच्यते सर्वपापेभ्यो विष्णुलोकं स गच्छति ॥ १ ॥
हरिर्हरति पापानि हरिरित्यक्षरद्वयम् ॥ २ ॥
प्रातःकाले शिवं दृष्ट्वा निशिपापं विनश्यति ।
आजन्मकृतं मध्याह्ने सायाह्ने सप्तजन्मनाम् ॥ ३ ॥

ઇત્યાદિ શ્લોકો પોપ પુરાણના છે. જો માણસ હજારો ગાઉથી ગંગા ગંગા કહે તો તે સર્વ પાપથી મુક્ત થઈ વૈકુંઠમાં જાય છે. ૧

॥ હરિ ॥ એ બે અક્ષરનું નામોચ્ચારણ સર્વ પાપને હરી લેછે. એવીજ રીતે રામ, કૃષ્ણ, શિવ અને ભગવતી આદિ નામોનું માહાત્મ્ય છે. ૨

જે મનુષ્ય પ્રાતઃકાળમાં શિવનું અથવા શિવલિંગ દર્શન કરે છે તેનું રાત્રિનું પાપ, મધ્યાહ્નમાં દર્શન કરે તો આખા જન્મનું પાપ અને સાયંકાળે કરે તો સાત જન્મનું પાપ નષ્ટ થાય છે, એ દર્શનનું માહાત્મ્ય છે. ૩ શું એ ખોટું થઈ જશે?

(ઉત્તર) ખોટું થવામાં શી શંકા છે? કારણકે ગંગા ગંગા, હરે, રામ, કૃષ્ણ, નારાયણ, શિવ અને ભગવતીના નામસ્મરણ કદિપણ પાપ છૂટતું નથી. જો પાપ છૂટી

જતું હોય તો કોઇપિણ દુઃખી રહે નહિ અને પાપ કરવાથી કોઈ ડરે પણ નહિ. આજકાલ મૂર્ખલોકો પોપજાળમાં ફસી પાપ વધારે ને વધારે કરતા જાય છે, કારણકે એઓને વિશ્વાસ છે કે અમે નામ સ્મરણથી અથવા તીર્થયાત્રા કરી પાપને નષ્ટ કરી દઇશું એ વિશ્વાસપર રહી પાપ કરી આ લોકથી તથા પરલોકથી ભ્રષ્ટ થાય છે. કરેલા પાપનું ફળ તો અવશ્ય ભોગવવું પડે છે.

(પ્રશ્ન) તો શું તીર્થ અને નામ સ્મરણ સત્ય નથી ?

(ઉત્તર) વેદાદિ સત્ય શાસ્ત્રોને અભ્યાસ, અધ્યયન, ધાર્મિક વિદ્વાનનો સંગ પરોપકાર, ધર્માનુષ્ઠાન, યોગાભ્યાસ, નિર્વૈરતા, નિષ્કપટતા, સત્યવાદિતા, સત્યમાન્યતા, સત્યકાર્યતા, બ્રહ્મચર્યસેવન, આચાર્ય, અતિથિ, માતા અને પિતાનું સેવન, પરમેશ્વરની સ્તુતિ પ્રાર્થના અને ઉપાસના, શાન્તતા, સુશીલતા, ધાર્મિકપુરૂષાર્થતા, જ્ઞાન અને વિજ્ઞાન આદિ ગુણોનું ધારણ ઇત્યાદિ દુઃખમાંથી તારનાર હોવાથી એ બધાં તીર્થોછે. પરન્તુ જે જળ અને સ્થળ છે તે કદિપણ તીર્થ થઇ શકતાં નથી, કારણકે

" जनाः यैस्तरन्ति तानि तीर्थानि "

માણસ દુઃખમાંથી જેના વડે તરી શકે છે તે તીર્થ કહેવાય છે. જલ અને સ્થલ તારક નથી પણ ડુબાવીને મારી નાંખનાર છે. સ્ટીમર વહાણ આદિનું નામ તીર્થ થઈ શકે છે કારણ કે તેના વડે સમુદ્ર આદિ તરાય છે.

समानतीर्थ वासी ॥ अ० ४ पा० ४ । १०८ ॥
नमस्तीर्थ्याय च ॥ यजुः ॥ अ० १६ ॥

જે બ્રહ્મચારીઓના અધ્યાપક એકજ આચાર્ય હોય છે, અથવા એકજ શાસ્ત્ર જેઓ ભણે છે તે બધા સતીર્થ્ય એટલે સમાનતીર્થસેવી કહેવાય છે. જે વેદાદિ શાસ્ત્રસંપન્ન, સત્યવાદી અને ધાર્મિક લક્ષણયુક્ત છે તે સાધુ કહેવાય છે. એમને અન્નાદિ પદાર્થો આપી વિદ્યા ગ્રહણ કરવી, માટે એવા સાધુઓ તીર્થ કહેવાય છે, અને નામ સ્મરણ પણ આને કહે છે.

यस्य नाम महद्यशः । यजु० । अ० ३२ । मं. ३ ॥

મહદ્યશ એટલે ધાર્મિક કાર્યનું અનુષ્ઠાન કરવું, એજ પરમાત્માનું નામ છે. બ્રહ્મ, પરમેશ્વર, ઇશ્વર, ન્યાયકારી, દયાળુ અને સર્વશક્તિમાન્ આદિ નામો પરમાત્માના ગુણ કર્માનુસારી છે. અર્થાત્:—

પરમાત્મા જેમ બ્રહ્મ એટલે સર્વથી મ્હોટો છે તેમ પોતે પણ સર્વ મહાપુરૂષોમાંના એક મહાપુરૂષ બનવું.

પરમાત્મા જેમ પરમેશ્વર એટલે ઈશ્વરનો પણ ઇશ્વર અને સામર્થ્યવાન્ છે તેમ પોતે પણ સમર્થપુરૂષોમાંના એક સમર્થ થવું અને પ્રતિદિન સામર્થ્યની વૃદ્ધિ કરતા રહેવું.

પરમાત્મા જેમ સર્વશક્તિમાન્ એટલે પોતાના સામર્થ્યથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે તેમ પોતે પણ દરેક ઉપાયોને મજબુત કરવા, શિલ્પ વિદ્યાથી અનેક પદાર્થો બનાવવા; પરમાત્મા જેમ ન્યાયકારી એટલે અન્યાય કદિપણ કરતો નથી તેમ પોતે પણ સર્વદા ન્યાયપરાયણ બનવું.

પરમાત્મા જેમ દયાળુ એટલે સર્વની ઉપર દયા રાખનાર છે તેમ પોતે પણ દયાળુ બની સર્વ ઉપર દયા રાખવી.

પરમાત્મા જેમ વિષ્ણુ એટલે સર્વમાં વ્યાપક થઈ રક્ષા કરે છે તેમ પોતે પણ પોતાના આત્માની માફક સંસારમાં સર્વ ચેતનમાં સુખ દુ:ખની લાગણી રાખવી. પરમાત્મા જેમ મહાદેવ એટલે દેવનો પણ દેવ છે તેમ પોતે પણ વિદ્વાન્ થવું. (દેવ એટલે વિદ્વાન્)

પરમાત્મા જેમ રૂદ્ર એટલે પ્રલય કરનાર છે તેમ પોતે પણ દુષ્ટ કર્મ કરનાર તથા દુષ્ટ કર્મ કરાવનારને દંડ આપી સજ્જનની રક્ષા કરવી.

એ પ્રમાણે પરમેશ્વરના નામોનો અર્થ સમજી પરમેશ્વરના ગુણકર્માનુસાર પોતાના ગુણકર્મસ્વભાવોને બનાવવા એજ પરમાત્માનું નામસ્મરણ છે.

(પ્રશ્ન)

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु र्गुरुर्देवो महेश्वरः ।
गुरुरेव परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

ઇત્યાદિ ગુરૂમાહાત્મ્ય તો સાચું છે કે? ગુરૂના પગ ધોઇને પીવા. જેવી ગુરૂજી આજ્ઞા કરે તેવી પાળવી, ગુરૂ લોભી હોય તો વામન જેવા માનવા, ક્રોધી હોય તો નરસિંહ જેવા માનવા, મોહી હોય તો રામ જેવા માનવા અને કામી હોય તો કૃષ્ણ જેવા માનવા. ગુરૂજી ગમે તેવું પાપ કરે તોપણ તેમના ઉપર અશ્રદ્ધા કરવી નહિ. સન્ત અથવા ગુરૂજીના દર્શન કરવાજનારને પગલે પગલે અશ્વમેધનું ફળ મળે છે. એ બધી વાત ઠીક છે કે નહિ?

(ઉત્તર) ઠીક નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને પરબ્રહ્મ એ પરમેશ્વરનાં નામ છે એના સમાન ગુરૂ કદિપણ થઈ શકતા નથી. એ ગુરૂમાહાત્મ્ય "ગુરૂગીતા" નું છે. "ગુરૂગીતા" પણ મ્હોટી પોપલીલા છે. ગુરૂ તો માતા, પિતા, આચાર્ય અને અતિથિ છે–તેઓજ સેવનીય છે. એમની પાસેથી વિદ્યા અને શિક્ષા લેવી જોઇએ.

જો ગુરૂ લોભી, ક્રોધી મોહી અને કામી હોય તો તેમનો એકદમ ત્યાગ કરવો, અથવા શિક્ષા કરવી; જો થોડી શિક્ષાથી ન માને તો અર્ધ્ય અને પાદ્ય એટલે તાડના કરવી, અતિ દુરાચારી હોય તો પ્રાણ હરણ કરવામાં પણ કશો દોષ નથી. જેમાં વિદ્યાદિ સદ્દગુણો નથી અને કંઇ તિલક આદિથી કરી અસત્ય વેદવિરૂદ્ધ ઉપદેશદાતૃત્વ છે તેમાં ગુરૂત્વજ નથી અર્થાત્ તે ગુરૂજ નથી. કિન્તુ તે તો ભરવાડ જેવાજ છે. જેમ ભરવાડ ગાડર અને બકરી પાસેથી દૂધ લઇ પોતાનું પ્રયોજન સિદ્ધ કરે છે તેમ તે લોકો શિષ્ય અને શિષ્યાઓ પાસેથી ધન હરી પોતાનું પ્રયોજન સિધ્ધ કરે છે.

दो०—लोभी गुरू लालची चेला दोनों खेलें दाव ।
भवसागरमें डूबते बैठ पथरकी नाव ॥

ગુરૂ સમજે છે કે ચેલો અથવા ચેલી કંઇને કંઈ આપશેજ અને ચેલો સમજે છે કે ખોટા સોગન ખાવાથી ગુરૂ આપણને પાપથી મુક્ત કરશે. એવી ખોટી લાલચોથી બન્ને કપટમુનિઓ ભવસાગરના દુઃખમાં એવી રીતે ડૂબે છે કે જેમ પત્થરની નૌકા ઉપર બેસનાર સમુદ્રમાં ડૂબી જાય છે. એવા ગુરૂ ચેલાઓનાં મોઢામાં ધૂળ પડે. એની પાસે કોઇએ પણ ઉભા રહેવું નહિ અને જે ઉભા રહેશે તે જરૂર દુઃખસાગરમાં ગોથા ખાશે.

જેવી પૌરાણિક પૂજારીઓએ લીલા ચલાવી છે તેવીજ રીતે એ ભરવાડ ગુરૂઓએ ચલાવી છે. એ બધું કામ સ્વાર્થી લોકોનું છે. પરન્તુ જે લોકો પરમાર્થી છે તે તો પોતે દુઃખ વેઠીને પણ જગતનું કલ્યાણ કરે છે. એજ કુકર્મી ગુરૂ લોકોએ "ગુરૂગીતા" અને "ગુરૂમાહાત્મ્ય" આદિ બનાવ્યાં છે.

પ્રશ્ન)

अष्टादशपुराणानां कर्त्ता सत्यवतीसुतः ॥ १ ॥
इतिहासपुराणाभ्यां वेदार्थमुपबृंहयेत् ॥ २ ॥ महाभारते ॥
पुराणान्यखिलानि च ॥ ३ ॥ मनु० ॥
इतिहासपुराणं पंचमं वेदानां वेदः ॥ ४ ॥
छान्दोग्य० । प्र० ७ । खं० १ ॥
दशमेऽहनि किंचित्पुराणमाचक्षीत ॥ ५ ॥
पुराणविद्या वेदः ॥ ६ ॥ सूत्रम् ॥

અઢાર પુરાણોના કર્ત્તા વ્યાસજી છે. વ્યાસજીના વચનનું પ્રામાણ્ય અવશ્ય માનવું જોઇએ. ૧ મહાભારત આદિ ઇતિહાસ અને પુરાણોદ્વારા વેદોના અર્થો ભણવા અને ભણાવવા, ઇતિહાસ અને પુરાણો વેદોના અર્થને અનુકૂળ છે. ૨

પિતૃકર્મમાં પુરાણો અને હરિવંશની કથા સાંભળવી. ૩
અશ્વમેધની સમાપ્તિમાં દશમે દિવસે થોડીક પુરાણોની કથા સાંભળવી. ૪
વેદાર્થ જાણવાથી પુરાણવિદ્યા વેદ છે એમ જ્ઞાન થાય છે. ૫

ઇત્યાદિ પ્રમાણોથી પુરાણોનું પ્રામાણ્ય સ્થિર થાય છે, અને પ્રમાણભૂત પુરાણોના કથનથી મૂર્તિપૂજા અને તીર્થો પણ પ્રામાણિક છે.

(ઉત્તર) જો અરાઢ પુરાણ વ્યાસજી મહારાજે બનાવ્યા હોત તો એમાં એટલા બધા ગપોડા ન હોત, કારણકે શારીરક–સૂત્રો અને યોગ ભાષ્ય જોતાં માલુમ પડે છે કે વ્યાસજી મહારાજ મહાવિદ્વાન્, સત્યવાદી, ધાર્મિક અને યોગી હતા. માટે તેઓ એવી ખોટી કથા કદિપણ લખે નહિ, માટે ભાગવતાદિ નવીન કપોલ કલ્પિત ગ્રન્થો સાંમ્પ્રદાયિક લોકોએ બનાવ્યા છે. એ ગ્રન્થોમાં વ્યાસજીના ગુણોનો લેશ પણ નથી. વેદશાસ્ત્ર વિરૂદ્ધ અસત્ય કથાઓ લખવી એ વ્યાસજી જેવા વિદ્વાનોનું કામ નહિ. એ કામ તો સ્વાર્થી અવિદ્વાન્ વિરોધી લોકોનું છે.

ઇતિહાસ અને પુરાણ એ નામ શિવપુરાણાદિનું નથી. કિન્તુ

ब्राह्मणानीतिहासान् पुराणानि कल्पान् गाथानाराशंसीरिति ॥

એ બ્રાહ્મણ અને સૂત્રગ્રન્થોનું વચન છે. ઇતિહાસ, પુરાણ, કલ્પ, ગાથા અને નારાશંસી એ પાંચ નામો ઐતરેય, શતપથ, સામ અને ગોપથ બ્રાહ્મણ ગ્રન્થોનાં છે.

ઇતિહાસ=જેવો કે જનક અને યાજ્ઞવલ્ક્યનો સંવાદ.

પુરાણ=જગત્‌ની ઉત્પત્તિ આદિનું વર્ણન.

કલ્પ=વૈદિક શબ્દોની શક્તિનું વર્ણન અને અર્થ નિરૂપણ કરવું.

ગાથા=કોઈનું દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્ત રૂપ કથાનો પ્રસંગ વર્ણિત કરવો.

નારાશંસી=મનુષ્યના પ્રશંસનીય અથવા અપ્રશંસનીય કર્મોનું વર્ણન કરવું.

એનાથીજ વેદાર્થનો બોધ થાય છે. પિતૃકર્મ એટલે જ્ઞાનીઓની પ્રશંસામાં કંઈ સાંભળવું. અશ્વમેધની સમાપ્તિમાં પણ એજ સાંભળવાનું લખ્યું છે. કારણ કે વ્યાસજીકૃત ગ્રંન્થોનું શ્રવણ અથવા શ્રાવણ વ્યાસજીના જન્મ પછી થઈ શકે છે–પહેલાં નહિ; કારણ કે વ્યાસજીના જન્મ પહેલાં પણ વેદોનું અધ્યયન અને અધ્યાપન થતું હતું, માટે પ્રાચીન બ્રાહ્મણ ગ્રન્થોમાંજ એ બધી વાત ઘટી શકે છે. નવીન કપોલકલ્પિત શ્રીમદ્‌ભાગવત શિવપુરાણ આદિ મિથ્યા અને દૂષિત ગ્રન્થોમાં એ વાત ઘટી શકતી નથી.

વ્યાસજી એ વેદાધ્યયન કર્યું અને પછી વેદાર્થનો પ્રચાર કર્યો તેથીજ તેનું નામ "વેદવ્યાસ" કહેવાયું, આરપારની જે મધ્ય રેખા હોય છે તે "વ્યાસ" કહેવાય છે. તે મહર્ષિ ઋગ્વેદના આરંભથી લઈ અથર્વવેદ પર્યન્ત ચારે વેદો ભણ્યા હતા અને શુકદેવ તથા જૈમિનિ આદિ શિષ્યોને ભણાવ્યા હતા, તેથી એમનું નામ વ્યાસ પડયું; બાકી ખરૂં નામ તો **કૃષ્ણદ્વૈપાયન** હતું, જો કોઈ કહે કે ચારે વેદ વ્યાસજીએ એકઠા (સંગ્રહીત) કર્યા છે, તો તે વાત તદ્દન ખોટી છે કારણ કે વ્યાસજીના પિતા, પિતામહ, પ્રપિતામહ, પરાશર, શક્તિ અને વશિષ્ઠ ચારે વેદ ભણ્યા હતા જો વ્યાસજીએ એજ વેદોનો સંગ્રહ કર્યો હોય તો એ લોકોનું વેદાધ્યયન થઈ શકે નહિ.

(પ્રશ્ન) પુરાણોમાં બધી વાત ખોટી છે કે કોઈ સાચી પણ છે.

(ઉત્તર) ઘણી વાત ખોટી છે અને ઘુણાક્ષર ન્યાયથી કોઇ સાચી પણ છે. જે વાત સાચી છે, તેને વેદનો આધાર છે અને જે ખોટી છે તે પોપોના પુરાણરૂપ ઘરની છે. શિવપુરાણમાં શૈવોએ શિવને પરમેશ્વર માની વિષ્ણુ, બ્રહ્મા, ઇન્દ્ર, ગણેશ, અને સૂર્ય આદિને તેના દાસ ઠરાવ્યા છે. વૈષ્ણવ લોકોએ વિષ્ણુપુરાણમાં વિષ્ણુને પરમેશ્વર માની શિવ આદિને દાસ ઠરાવ્યા છે. દેવીભાગવતમાં દેવીને પરમેશ્વરી માની શિવ વિષ્ણુ આદિને દાસ બનાવ્યા છે. ગણેશખંડમાં ગણેશને ઈશ્વર માની બાકી બધાને દાસ બનાવ્યા છે. એ બધી વાત જો એ સાંપ્રદાયિક લોકોની ન હોય તો કોની હોય? એક સાધારણ રચયિતાના ગ્રન્થમાં એવી પરસ્પર વિરૂદ્ધ વાત હોતી નથી તો વિદ્વાનના ગ્રન્થમાં તો ક્યાંથીજ હોય? એમાં જો એકની વાત સાચી માનવામાં આવે તો બીજાની ખોટી, બીજાની સાચી માનવામાં આવે તો ત્રીજાની ખોટી અને જો ત્રીજાની સાચી માનવામાં આવે તો અવશિષ્ટ બધી ખોટી પડે છે.

શિવપુરાણકારે શિવનેજ, વિષ્ણુપુરાણકારે વિષ્ણુનેજ, દેવીપુરાણકારે દેવીનેજ, ગણેશખંડકારે ગણેશનેજ, સૂર્યપુરાણકારે સૂર્યને જ અને વાયુપુરાણકારે વાયુને જ સૃષ્ટિના ઉપાદાનત્વેન જનક પાલક અને પ્રલયકારક માન્યા છે. પરન્તુ જો એને પૂછવામાં આવે કે જે જેનાથી ઉત્પન્ન થાય છે તે તેનું કારણ કેમ થઈ શકે? તો તેઓને મૌનાવલંબન કર્યા શિવાય કોઇ પણ ઉપાય રહેતો નથી. જ્યારે તે તે દેવો તે તે શરીરોના ઉપાદાન હોવાથી પરિછિન્ન થયા તો પછી જે પરિછિન્ન હોય તે સંસારનો ઉત્પાદક કેમ થઇ શકે? વળી જગતની ઉત્પત્તિ પણ વિલક્ષણ પ્રકારથી માની છે જે સર્વથા અસંભિત છે.

શિવપુરાણમાં લખ્યું છે કે "શિવે ઇચ્છા કરી કે હું સૃષ્ટિ બનાવું" પછી જળાશયમાં નારાયણને ઉત્પન્ન કર્યા. નારાયણની નાભિમાં કમળ હતું, એ કમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા. બ્રહ્માએ જોયું કે આ તો બધું જળમય છે, પછી તેણે જળની એક અંજળી ભરી

પાણીમાં નાંખી દીધી તેથી પાણીમાં પરપોટો થયો, એ પરપોટામાં એક પુરૂષ ઉત્પન્ન થયો, તેણે બ્રહ્માને કહ્યું કે હે પુત્ર! સૃષ્ટિ પેદા કર. બ્રહ્માએ તેને કહ્યું કે હું ત્હારો પુત્ર નથી કિન્તુ તું મ્હારો પુત્ર છે. એ પ્રમાણે તે બન્નેની વચ્ચે એક હજાર દિવ્ય વરસ સુધી વાદવિવાદ ચાલ્યો. ત્યારે મહાદેવે વિચાર કર્યો કે જેને મેં સૃષ્ટિ ઉત્પન્ન કરવા મોકલ્યા છે તે તો પરસ્પર લડ્યા કરે છે. પછી તે બન્નેની વચ્ચે એક તેજોમય લિંગ ઉત્પન્ન થઈ જલદી આકાશમાં ખૂબ વધી ગયું. એ જોઈ બન્નેએ આશ્ચર્યિત થઈ વિચાર્યું કે આ (લિંગ) નો આદિ અને અન્ત શોધવો જોઇએ. જે આદિ અથવા અન્ત લઈ જલદી આવે તે પિતા જે પછી આવે અથવા છેડો લીધા શિવાય આવે તે પુત્ર. વિષ્ણુ કૂર્મનું રૂપ ધારણ કરી સમુદ્રની નીચે ચાલ્યા ગયા, અને બ્રહ્મા હંસનું રૂપ ધારણ કરી મનોવેગે ઉપર ઉડ્યા, હજાર દિવ્ય-વર્ષ સુધી બન્ને ચાલતા જ રહ્યા, તોપણ એમાંથી એકકેને છેડો મળ્યો નહિ, પછી નીચે વિષ્ણુએ વિચાર્યું કે આનો તે છેડો છે કે નહિ!! ઉપર બ્રહ્માએ વિચાર્યું કે જો વિષ્ણુ છેડો લઇ આવ્યો હશે તો મારે પુત્ર બનવું પડશે. એ વિચાર ચાલુ જ હતો એટલામાં એક ગાય અને એક કેતકીનું ઝાડ દૃષ્ટિગોચર થયાં. બ્રહ્માએ તેઓને પૂછ્યું કે તમે ક્યાંથી આવો છો? એઓએ જવાબ આપ્યો. અમે હજારો વર્ષો થયાં આ લિંગને આધારે ફર્યા કરીએ છીએ. બ્રહ્માએ પૂછ્યું કે આ લિંગનો ક્યાંય પણ અન્ત છે કે નહિ? એઓએ ઉત્તર આપ્યો– નહિ. બ્રહ્માએ કહ્યું કે તમે મારી સાથે ચાલો, અને સાક્ષી આપો કે હું આ લિંગ ઉપર દૂધની વર્ષા કરતી હતી, અને વૃક્ષ કહે કે હું ફુલોની વર્ષા કરતું હતું. જો એમ કરો તો હું તમને ઠેકાણે લઇ જાઉં. ગાયે અને વૃક્ષે કહ્યું, અમે ખોટી સાક્ષી નહિ આપીએ. બ્રહ્માએ કહ્યું; હું તમને બાળી નાંખીશ, ત્યારે તેઓ બન્ને બોલ્યાં કે જેમ તમે કહેશો એમ અમે સાક્ષી આપીશું. ત્યાર પછી ત્રણે નીચે ઉતર્યા. વિષ્ણુ તો પ્રથમથી જ આવી ગયા હતા. બ્રહ્માએ વિષ્ણુને પૂછ્યું કે શું તમે છેડો લાવ્યા? વિષ્ણુએ કહ્યું, આનો છેડો મને મળ્યો નથી. બ્રહ્માએ કહ્યું કે હું તો અન્ત લઇ આવ્યો. વિષ્ણુએ કહ્યું, કોઇ સાક્ષી છે? ગાયે અને વૃક્ષે સાક્ષી આપી કે અમે ઉપર હતાં–એટલામાં લિંગમાંથી શબ્દ નિકળ્યો અને વૃક્ષને શાપ દીધો કે તું અસત્ય બોલ્યું તેથી તારાં ફુલો મને અથવા બીજા કોઇપણ દેવને ચ્હડશે નહિ, અને જે ચ્હડાવશે તેનું સત્યાનાશ થઈ જશે. ગાયને શાપ દીધો કે તું જે મ્હોંથી જુઠું બોલી તે મ્હોંથી વિષ્ઠા ખાધા કરીશ, ત્હારા મુખની પૂજા કોઇપણ નહિ કરે પણ પૂંછડાની કરશે. પછી બન્નેએ લિંગની સ્તુતિ કરી પ્રસન્ન કર્યું, તેથી લિંગમાંથી એક જટાજૂટ મૂર્ત્તિ નીકળી તેણે કહ્યું કે મેં તમને સૃષ્ટિ બનાવવા મોકલ્યા હતા, અને આ ઝઘડો શું માંડી બેઠા છો? બ્રહ્મા અને વિષ્ણુએ કહ્યું કે અમે સામગ્રી શિવાય કેવી રીતે સૃષ્ટિ બનાવીએ. પછી મહાદેવે પોતાની જટામાંથી એક ભસ્મનો ગોળો કહાડી આપી કહ્યું કે જાઓ આમાંથી સૃષ્ટિ બનાવો ઇત્યાદિ.

ભલા, એ પુરાણ બનાવનારાઓને કોઈ પૂછે કે જ્યારે સૃષ્ટિ અને પંચમહાભૂતો ન હતાં ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવનાં શરીરો, જળ, કમળ, લિંગ, ગાય, કેતકીનું ઝાડ અને ભસ્મનો ગોળો એ બધાં શું તમારાં દાદાના ઘરમાંથી આવી પડ્યાં?

તેજ પ્રમાણે ભાગવત પુરાણમાં લખ્યું છે કેઃ–વિષ્ણુની નાભિમાંથી કમળ, કમળમાંથી બ્રહ્મા, બ્રહ્માના જમણા પગના અંગુઠામાંથી સ્વાયંભુવ, ડાબા પગના અંગુઠામાંથી સત્યરૂપા રાણી, લલાટમાંથી રૂદ્ર અને મરીચિ આદિ દસ પુત્રો, એનાથી દસ પ્રજાપતિઓ, અને એની તેર છોકરીઓ. એ તેર છોકરીઓનો વિવાહ કાશ્યપની સાથે થયો. તેમાંની દિતિથી દૈત્ય, દનુથી દાનવ, અદિતિથી આદિત્ય, વનિતાથી પક્ષીઓ, કદ્રૂથી સર્પો, સરમાથી કૂતરાંઓ, અને બીજી સ્ત્રીઓથી હાથી, ઘોડા, ઉંટો, ગધેડાંઓ, ભેંશો, ઘાસ અને બાવળ આદિ કાંટાવાળા વૃક્ષો ઉત્પન્ન થયાં.

વાહરે વાહ ! ભાગવતના બનાવનાર લાલબુજક્કડ ! શું ત્હને કહેવું, એવી ખોટી વાતો લખવામાં ત્હને જરા પણ શરમ ન આવી ! કેવળ આંધળો જ બની ગયો.

સ્ત્રી અને પુરૂષના રજવીર્યના સંબંધથી તો મનુષ્યો બને જ છે, પરન્તુ પરમાત્માની સૃષ્ટિથી વિરૂદ્ધ પશુ, પક્ષી અને સર્પ આદિ તો માનુષીય રજવીર્યથી કદિપણ બનતાં નથી. હાથી, ઉંટ, સિંહ, કૂતરાં, ગધેડાં અને વૃક્ષ આદિને સ્ત્રીના ગર્ભાશયમાં રહેવાની જગ્યા ક્યાંથી આવી ? સિંહ આદિ ઉત્પન્ન થઇ પોતાના માબાપને કેમ ન ખાઈ ગયાં ? મનુષ્યના શરીરથી પશુ, પક્ષી અને વૃક્ષ આદિનો જન્મ થવો એ કેવી રીતે સંભવિત હોઈ શકે ? એ લોકોએ બનાવેલી મહા અસંભવ લીલા ઉપર શોક છે કે જેણે અદ્યાવધિ સંસારને ભ્રમમાં ભમાવી રાખ્યો છે. એ આંધળા પોપો અને અન્દરની અને બહારની ફૂટેલી આંખવાળા એના ચેલાઓ સાંભળે છે અને માનેછે એજ મહા આશ્ચર્યની વાત છે. ઘણું આશ્ચર્ય થાય છે કે એ. લોકો મનુષ્ય છે અથવા કોઈ બીજા છે ! ! ! એ ભાગવત આદિ પુરાણોના બનાવનારા કેમ ગર્ભમાં નષ્ટ ન થઇ ગયા ? અથવા જન્મતી વખતે જ કેમ ન મરી ગયા ? કારણ કે જો એ પોપોથી આર્યાવર્ત્ત બચત તો સમસ્ત દુઃખમાંથી બચી જાત.

(પ્રશ્ન) એ બાબતમાં કશો વિરોધ નથી કારણ કે “ જેનો વિવાહ તેનું ગીત ” જ્યારે વિષ્ણુની સ્તુતિ કરવા લાગ્યા ત્યારે વિષ્ણુને પરમેશ્વર બનાવી બીજાને દાસ બનાવ્યા, જ્યારે શિવના ગુણ ગાવા માંડયા ત્યારે શિવને પરમાત્મા માની બીજાને દાસ બનાવ્યા. પરમેશ્વરની માયામાં બધું બની શકે છે. પશ્વાદિની ઉત્પત્તિ મનુષ્યથી પરમેશ્વર બનાવી શકે છે. જુઓ ! પરમાત્માએ પોતાની માયાથી કારણ વિના સૃષ્ટિ ઉત્પન્ન કરી, એમાં શું અઘટીત છે ? પરમાત્મા જે કરવા ધારે તે કરી શકે છે.

(ઉત્તર) અરે ભોળા લોકો ! વિવાહમાં જેના ગીત ગવાય છે તે બધાનો બાપ તો કહેવામાં નથી આવતો ? એજ મ્હોટો અને પ્રશસ્ય છે, અને બીજા ન્હાના અને નિન્દનીય તો નથી કહેવાતા ? કહો પોપજી મહારાજ ! તમે ભાટ અને ખુશામતીઆ ચારણોથી વધારે ગપ્પાં હાંકનારા છો કે નહિ ? જેની પાછળ પડો છો તેને સઉથી મ્હોટો બનાવો છો અને જેનો વિરોધ કરો છો તેને સઉથી

નીચ ઠરાવો છો. તમારે ધર્મ સાથે શું પ્રયોજન છે? તમે તો તમારા સ્વાર્થના જ સગા છો. માયા મનુષ્યમાં જ હોઇ શકે છે કારણ કે છળી અથવા કપટી હોય છે, તેને માયાવી કહે છે. પરન્તુ પરમાત્મામાં છળ કપટ આદિ દોષો ન હોવાથી તેને માયાવી કહેવો અશકય છે. જો આદિ સૃષ્ટિમાં કસ્યપ અને કસ્યપની સ્ત્રીઓથી પશુ, પક્ષી, સર્પ, અને વૃક્ષાદિ થતા હતા તો આજકાલ પણ એવાં સન્તાનો કેમ નથી થતાં? માટે સૃષ્ટિક્રમ તો અમે જે પ્રથમ લખી આવ્યા છીએ તેજ ઠીક છે. અનુમાન થાય છે કે પોપજી આ ઠેકાણે ભૂલ ખાઇને બક્યા હશે.

तस्मात् काश्यप्यः इमाः प्रजाः ॥ श० ७ । ५ । १ । ५ ॥

શતપથમાં એ લખ્યું છે કે આ બધી સૃષ્ટિ કાસ્યપે બનાવી છે.

काश्यपः कस्मात् पश्यको भवतीति ॥ निरु० अ० २ । खं० २ ॥

સૃષ્ટિકર્ત્તા પરમેશ્વરનું નામ કસ્યપ છે. કારણ કે पश्यक અર્થાત્ " पश्यतीति पश्यः पश्य एव पश्यकः "

જે નિર્ભ્રમ થઈ ચરાચર જગત્, સર્વ જીવ અને તેના કર્મોને અને સકળ વિદ્યાઓને યથાવત્ જુએ છે તે પશ્યક છે, અને પછી

आद्यन्तविपर्ययश्च

એ મહાભાષ્યના વચનથી આદિનો અક્ષર અન્તે અને અન્તનો અક્ષર આદિમાં આવવાથી પશ્યકને બદલે કસ્યપ બની ગયો. એ પ્રમાણે અર્થ સમજ્યા વગર સૃષ્ટિવિરુદ્ધ કથન કરી પોતાના જન્મને નષ્ટ કર્યો.

માર્કંડેયપુરાણના દુર્ગાપાઠમાં લખ્યું છે કે દેવોના શરીરમાંથી તેજ નીકળી એક દેવી બની. તેણે મહિષાસુરને માર્યો. રક્તબીજના શરીરમાંથી એક લોહીના બિન્દુનું ભૂમિ ઉપર પડવાથી એટલા રક્તબીજો ઉત્પન્ન થયાં કે બધું જગત્ રક્તબીજોથી ભરાઇ ગયું, લોહીની નદીઓ ચાલી. ઇત્યાદિ ઘણાં ગપોડાં માર્યાં છે. જ્યારે રક્તબીજથી બધું જગત્ ભરાઇ ગયું હતું ત્યારે દેવી, દેવીનો સિંહ, અને દેવીનું બધું લશ્કર ક્યાં ગયું હતું? જો કહો કે રક્તબીજો દેવીથી દૂર હતા, તો સર્વ જગત્ રક્તબીજોથી ભરાયું નહોતું એમ માનવું પડશે. જો ભરાઇ ગયું હોત તો પશુ, પક્ષી, મનુષ્યાદિ પ્રાણીઓ, જળ, સ્થળ, મગર, મચ્છ, કચ્છપ, મત્સ્યાદિ અને વનસ્પતિ આદિ વૃક્ષો ક્યાં રહ્યાં હતાં? અહીંઆં એ નિશ્ચય જાણવું જોઇએ કે એ બધાં દુર્ગાપાઠ બનાવનારના ઘરમાં ભાગી ગયાં હશે. જુઓ! કેવો ગપોડો ભાંગની લહરીમાં લખી માર્યો છે કે જેનું કંઇ ઠામ ઠેકાણું નથી.

હવે જે " श्रीमद्भागवत " કહેવાય છે, તેની લીલા સાંભળો, નારાયણે બ્રહ્માને " ચતુઃશ્લોકી ભાગવત " નો ઉપદેશ કર્યો કેઃ—

ज्ञानं परमगुह्यं मे यद्विज्ञानसमन्वितम् ।
सरहस्यं तदङ्गंच गृहाण गदितं मया ॥
भा० स्कं० २ । अ० ९ । श्लोक ३० ॥

હે બ્રહ્માજી ! વિજ્ઞાન અને રહસ્ય સહિત, ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું અંગ એવું જે મારૂં પરમ ગુહ્ય જ્ઞાન છે તે તું મારી પાસેથી લે.

જ્યારે વિજ્ઞાનયુક્ત જ્ઞાન કહ્યું તો પછી પરમ એ વિશેષણ વ્યર્થ થઈ જાય છે. ગુહ્ય વિશેષણથી રહસ્ય વિશેષણ પણ પુનરૂક્ત થઇ જાય છે. એ પ્રમાણે જ્યારે મૂળ શ્લોક જ અનર્થક છે તો પછી ગ્રન્થ અનર્થક કેમ ન હોય. બ્રહ્માને વરદાન આપ્યું કેઃ—

" भवान् कल्पविकल्पेषु न विमुह्यति कर्हिचित् "
भाग० स्कं० २ । अ० ९ । श्लोक ३६ ॥

આપ કલ્પ એટલે સૃષ્ટિ અને વિકલ્પ એટલે પ્રલયમાં પણ મોહ પામશો નહિ, એમ લખી આગળ દસમા સ્કંધમાં મોહિત થઇ વત્સ હરણ કર્યું એમ લખ્યું છે, એથી એક વાત સાચી અને બીજી ખોટી–એમ થવાથી બન્ને ખોટી પડે છે. જ્યારે વૈકુંઠમાં રાગ, દ્વેષ, ક્રોધ, ઈર્ષ્યા અને દુઃખ નથી તો પછી સનકાદિકને વૈકુંઠના બારણામાં ક્રોધ ક્યાંથી આવ્યો ? જ્યારે ક્રોધ થયો તો પછી તે સ્વર્ગ જ નહિ. જય અને વિજય દ્વારપાળ હતા, સ્વામીની આજ્ઞા અવશ્ય પાલનીય હતી માટે સનકાદિકનો તેઓએ એમાં શો અપરાધ કર્યો? અપરાધ વિના એને શાપ જ લાગી શકતો નથી. જ્યારે શાપ આપ્યો કે " તમે પૃથિવી ઉપર પડો " એ કહેવાથી એ સિદ્ધ થાય છે કે ત્યાં પૃથિવી નહિ હશે, કિન્તુ આકાશ, વાયુ, અગ્નિ, અને જળ હશે, તો પછી એ દ્વાર અને મન્દિર કોને આધારે હશે? પછી જ્યારે જય અને વિજયે સનકાદિકની સ્તુતિ કરી કે હે મહારાજ ! અમે વૈકુંઠમાં પાછા ક્યારે આવીશું ? ત્યારે તેણે કહ્યું કે જો પ્રેમથી નારાયણની ભક્તિ કરશો તો સાતમે જન્મે, અને જો વિરોધથી ભક્તિ કરશો તો ત્રીજે જન્મે વૈકુંઠમાં આવશો.

એમાં આ વિચારણીય છે કે જય અને વિજય એ નારાયણના નોકરો હતા, માટે એની રક્ષા કરવી એ નારાયણનું કર્ત્તવ્ય હતું. જે પોતાના નોકરને અપરાધ વિના દુઃખ આપે તેને જો શેઠ દંડ ન દે તો તેના નોકરોની દુર્દશા સર્વ કોઈ કરી નાંખે. નારાયણે આમ કરવું ઉચિત હતું કે જય અને વિજયનો સત્કાર કરી સનકાદિકને ખૂબ દંડ દેવો. કારણ કે એમણે અન્દર આવવાની હઠ શામાટે કરી ? શામાટે તેઓ નોકરો સાથે લડ્યા ? શાપ આપનાર સનકાદિકને પૃથિવી ઉપર ઉતારી મૂકવા એ નારાયણને ઉચિત હતું. જ્યારે નારાયણના ઘરમાં જ એટલું બધું અંધારૂં છે તો પછી એના સેવકો કે જેઓ વૈષ્ણવો કહેવાય છે એમની દુર્દશા થાય એમાં નવાઇ શી ? અર્થાત્ જેટલી થાય તેટલી ઓછી જ છે. પછી તે જય અને વિજય

હિરણ્યાક્ષ અને હિરણ્યકસ્યપ થયા, એમાંથી "હિરણ્યાક્ષને વરાહે માર્યો, જેની કથા આ પ્રમાણે લખવામાં આવી છે. હિરણ્યાક્ષ પૃથિવીને સાદડીની માફક સંકેલી ઓશીકું બનાવી સૂઇ ગયો. વિષ્ણુએ વરાહનો અવતાર લઈ તેના માથા નીચેથી પૃથિવી-ઓશીકાને મુખમાં લઈ લીધું. હિરણ્યાક્ષ ઉઠયો અને બન્નેની લડાઈ થઇ. વરાહે હિરણ્યાક્ષને મારી નાંખ્યો." એ વાત લખનારને પૂછવું જોઇએ કે પૃથિવી ગોળ છે કે સાદડીના જેવી! પરન્તુ તેઓ કશો પણ ઉત્તર આપી શકશે નહિ, કારણ કે પૌરાણિક લોકો ભૂગોળના શત્રુ હોય છે. ભલા જો પૃથિવીને સાદડીની પેઠે સંકેલી ઓશીકું બનાવી માથા નીચે મૂકી દીધી તો પછી તે શાની ઉપર સૂતો હતો? વરાહ શાના ઉપર પગ મૂકી દોડી આવ્યો! પૃથિવીને તો વરાહજીએ મુખમાં રાખી હતી તો પછી બન્ને શાની ઉપર ઉભા રહી લડ્યા? ત્યાં તો કોઇપણ ઉભા રહેવાની જગ્યા ન હતી પરન્તુ ભાગવતાદિ પુરાણ બનાવનારની છાતી ઉપર ઉભા રહી લડ્યા હશે? પરન્તુ એ પોપજી શાની ઉપર સૂતા હશે? એ બધી વાત આ પ્રકારની છે. યથા "गप्पी के घर गप्पी आये बोले गप्पीजी" મિથ્યાવાદીઓને ઘેર જ્યારે ગપ્પીઓ આવે છે તો પછી ગપ્પાં મારવામાં શી ખોટ રહે? હવે હિરણ્યકસ્યપની કથા આ પ્રમાણે છે—

"હિરણ્યકસ્યપ પ્રહ્લાદનો પિતા હતો, પ્રહ્લાદ ભક્ત હતો. જ્યારે પિતા તેને પાઠશાળામાં મોકલતો હતો ત્યારે તે અધ્યાપકને કહેતો હતો કે મ્હારી પાટીમાં "રામ રામ" લખી આપો. એ વાતની તેના પિતાને ખબર પડી ત્યારે તેણે કહ્યું કે તું અમારા શત્રુઓનું ભજન શામાટે કરે છે? જ્યારે છોકરાએ ન માન્યું ત્યારે તેણે તેને બાંધી પર્વત ઉપરથી પછાડયો. કૂવામાં નાંખ્યો, પરન્તુ એને કશીપણ ઇજા થઈ નહિ, ત્યારપછી તેણે અગ્નિમાં એક સ્તંભ ધગાવી પ્રહ્લાદને કહ્યું કે જો ત્હારો ઇષ્ટદેવ રામ સાચો હોય તો આને પકડ! પ્રહ્લાદ પકડવા તો ચાલ્યો પણ મનમાં શંકા થઇ, કે હું બળવાથી બચીશ કે નહિ? નારાયણે એ સ્તંભ ઉપર ન્હાની ન્હાની કીડીઓની હાર ચલાવી, ત્યારે પ્રહ્લાદની શંકા દૂર થઇ અને એકદમ સ્તંભને પકડયો. સ્તંભ ફાટયો અને તેમાંથી "નૃસિંહ" નિકળ્યો અને પ્રહ્લાદના પિતા હિરણ્યકસ્યપને પકડી પેટ ફાડી નાંખ્યું, પછી પ્રહ્લાદને ચાટવા લાગ્યા, અને કહ્યું કે તું વરદાન માગ. પ્રહ્લાદે પોતાના પિતાની સદ્ગતિ માગી. નૃસિંહે વરદાન આપ્યું કે ત્હારા એકવીશ પુરૂષો સદ્ગતિમાં ગયા."

જુઓ! એ પણ એક ગપોડાનો ભાઇ જ છે. કોઇ ભાગવતના વાંચનાર અથવા સાંભળનારને પકડી પહાડ ઉપરથી પાડવામાં આવે તો તેને કોઇપણ બચાવશે નહિ ચુરેચુરા થઇ મરણ શરણ થશે. પ્રહ્લાદનો પિતા પ્રહ્લાદને નિશાળે મોકલતો હતો, એમાં ખોટું શું હતું? પ્રહ્લાદ પણ મહામૂર્ખ દેખાય છે કે જે ભણવાનું છોડી વૈરાગ્યને ઇચ્છિતો હતો. "તપાવેલા સ્તંભ ઉપર કીડીની હાર ચાલી અને પ્રહ્લાદે તેને બાથ ભરી પણ બળ્યો નહિ," એ વાત જે સાચી માનતો હોય તેને તપાવેલા થાંભલા સાથે બાથ ભરાવવી. જો એ ન બળે તો સમજવું કે તેપણ બળ્યો નહિ હોય. નૃસિંહ પણ કેમ ન બળ્યો? "ત્રીજે જન્મે પાછું વૈકુંઠમાં આવવું"

એવો સનકાદિકનો અનુગ્રહ હતો, એને શું તમારો નારાયણ ભૂલી ગયો ? ભાગવતની રીતે બ્રહ્મા, પ્રજાપતિ, હરણ્યકસ્યપ અને હિરણ્યાક્ષ) હિરણ્યાક્ષ ચોથી પેઢીએ થાય છે. પ્રહ્લાદની એકવીસ પેઢી પણ થઈ ન હતી અને કહેવું કે ત્હારી એકવીસ પેઢી સદ્ગતિમાં ગઈ એ કેટલી બધી ભૂલ છે ! તે જ હિરણ્યાક્ષ અને હિરણ્યકસ્યપ રાવણ અને કુંભકરણ થયા, અને પછી શિશુપાલ અને દંતવક્ર થયા. હવે વિચારવું જોઇએ કે નૃસિંહનું વરદાન કયાં ગયું ? એવી પ્રામાદિક વાતો પ્રમાદી પુરૂષો કરે છે વિદ્વાન્ નહિ.

હવે પૂતના અને અક્રૂરજીના વિષયમાં જુઓ.

रथेन वायुवेगेन ॥ भा० स्कं० १० । अ० ३९ । श्लोक ३८ ॥
जगाम गोकुलं प्रति ॥ भा० स्कं० १० । पू० अ० ३८ । श्लोक २४ ॥

કંસે મોકલેલ વાયુવેગી ઘોડાવાળા રથમાં અક્રૂરજી બેસી દિવસ ઉગ્યે ચાલ્યા અને ચાર મૈલને છેટે ગોકુળમાં દિવસ અસ્ત થતાં પહોંચી ગયા.

ઘોડાઓ ભાગવત બનાવનારની પરિક્રમા કરતા રહ્યા હશે. અથવા ઘોડા હાંકનારા ગોકુળનો માર્ગ ભૂલી ભાગવત બનાવનારના ઘરમાં આવી સૂતા હશે.

પૂતનાનું શરીર ૬ ગાઉ પહોળું અને લાંબું પણ ઘણું લખ્યું છે. શ્રીકૃષ્ણે એને મારી ગોકુળ અને મથુરા વચ્ચે નાંખી દીધી. જો એ બધી વાત સાચી હોય તો ગોકુળ, મથુરા અને પોપજીના ઘરો દટાઈ જવા જોઇએ.

અજામેલની કથા ઉટપટાંગ લખી છે. " તેણે (અજામેલે) નારદના કહેવાથી પોતાના પુત્રનું નામ નારાયણ રાખ્યું. મરણ વખતે તેણે પોતાના પુત્રને બોલાવ્યો, પરન્તુ વચમાં નારાયણ કૂદી પડ્યા. " શું નારાયણ એના અન્તઃકરણનો ભાવ સમજતા ન હતા ? કે એ તો પોતાના પુત્રને બોલાવે છે મને નહિ.

જો નામનું એવું જ માહાત્મ્ય હોય તો આજકાલ પણ નારાયણનામ સ્મરનારને નારાયણ દુઃખથી છૂટા કરવા કેમ નથી આવતા ?

" સુમેરૂ " પર્વતનું પરિમાણ પણ એજ પ્રમાણે ખોટું લખ્યું છે કે જે જ્યોતિષ શાસ્ત્રથી તદ્દન વિરૂદ્ધ છે.

" પ્રિયવ્રત " રાજાના રથના ચક્રના લસરકાથી સમુદ્ર થયા ! !

૪૯૦૦૦૦૦૦૦ ઓગણપચ્ચાસ કોટિ યોજન વિસ્તૃત પૃથિવી લખી છે. *

ઇત્યાદિ ગપોડા ભાગવતમાં એટલા બધા લખ્યા છે જેનો કોઈ પારાવાર નથી.

---

* " शतार्द्धकोटिविस्तारा पृथिवी कृत्स्नशः स्मृता "
મત્સ્ય પુરાણ. અ૦ ૧૨૪-૧૨

ભાગવતનો બનાવનાર તે બોપદેવ હતો કે, જેના ભાઈ જયદેવે " गीतगोविन्द " લખ્યું છે. બોપદેવ પ્રણીત હિમાદ્રિનામક ગ્રન્થમાં બોપદેવ પોતે જ લખે છે કે શ્રીમદ્ ભાગવત મેં બનાવ્યું છે. એ લેખના ત્રણ પત્રો મારી પાસે હતા. એમાંથી એક ખોવાઈ ગયું. એ પત્રમાં જે આશય હતો તેને અનુસરી મેં બે શ્લોક નીચે પ્રમાણે લખ્યા છે. જેને જોવું હોય તે હિમાદ્રિ ગ્રન્થમાં જોઈ લે.

हिमाद्रेः सचिवस्यार्थे सूचना क्रियतेऽधुना ।
स्कन्धाध्यायकथानां च यत्प्रमाणं समासतः ॥ १ ॥
श्रीमद्भागवतं नाम पुराणं च मयेरितम् ।
विदुषा बोपदेवेन श्रीकृष्णस्य यशोऽन्वितम् ॥ २ ॥

ગુમ થયેલા કાગળમાં ઉક્તભાવના શ્લોકો હતા. હિમાદ્રિએ બોપદેવ પંડિતને કહ્યું કે તમે બનાવેલું ભાગવત સાંભળવા મને પૂર્ણ અવકાશ નથી, માટે તમે સંક્ષેપમાં શ્લોકબદ્ધ સૂચીપત્ર લખો જે વાંચી હું સંક્ષેપથી શ્રીમદ્ભાગવતની કથાનો વિષય સમજી શકું. પછી નીચે પ્રમાણે બોપદેવે શ્લોકો બનાવ્યા. અગ્યારમાં શ્લોકથી લખવામાં આવે છે. (કારણ એક પત્ર ખોવાઈગયું છે) આ બધા શ્લોકો બોપદેવે બનાવ્યા છેઃ—

बोधन्तीति हि प्राहुः श्रीमद्भागवतं पुनः ।
पञ्च प्रश्नाः शौनकस्य सूतस्यात्रोत्तरं त्रिषु ॥ ११ ॥
प्रश्नावतारयोश्चैव व्यासस्य निर्वृतिः कृतात् ।
नारदस्यात्र हेतूक्तिः प्रतीत्यर्थं स्वजन्म च ॥ १२ ॥
सुप्तघ्नं द्रौण्यभिभवस्तद्स्त्रात्पाण्डवा वनम् ।
भीष्मस्य स्वपदप्राप्तिः कृष्णस्य द्वारिकागमः ॥ १३ ॥
श्रोतुः परीक्षितो जन्म धृतराष्ट्रस्य निर्गमः ।
कृष्णमर्त्यत्यागसूचा ततः पार्थमहापथः ॥ १४ ॥
इत्यष्टादशभिः पादैरध्यायार्थः क्रमात् स्मृतः ।
स्वपरप्रतिबन्धोनं स्फीतं राज्यं जहौ नृपः ॥ १५ ॥
इति वैराग्ये दार्ढ्योक्तौ प्रोक्ता द्रौणिजयादयः ।
इति प्रथमः स्कन्धः ॥ १ ॥

એ પ્રમાણે બોપદેવ પંડિતે બાર સ્કન્ધોનું સૂચીપત્ર બનાવી હિમાદ્રિ સચીવને આપ્યું. જેને વિસ્તારપૂર્વક જોવું હોય તેણે હિમાદ્રિ ગ્રન્થ વાંચી જવો. એવી જ બીજા પુરાણોની પણ લીલા છે. પરન્તુ ઓગણીસમું, વીસમું અને એકવીસમું એક બીજાથી ચઢીયાતાં છે.

શ્રીકૃષ્ણનું ચરિત્ર મહાભારતમાં અત્યુત્તમ વર્ણવ્યું છે. એના ગુણ, કર્મ, સ્વભાવ અને ...ત્ર આપ્ત પુરૂષોનાં જેવાં હતાં. શ્રીકૃષ્ણનું જન્મથી લઈ મરણ પર્યન્ત કોઇપણ આચરણ ...ગ્ય હોય એવું મહાભારતમાં કોઇપણ સ્થળે દેખાતું નથી. પરન્તુ ભાગવતકારે અનુચિત ...માન્યા એ મહાત્મા શ્રીકૃષ્ણ ઉપર દોષો લગાવ્યા છે. દૂધ, દહીં, માખણ આદિની ચોરી, સ્ત્રીઓની સાથે રાસલીલા આદિ મિથ્યા દોષો લગાવ્યા છે.

ભાગવતના પઠન પાઠન, શ્રવણ શ્રાવણથી અન્ય મતાવલંબીઓ શ્રીકૃષ્ણની ઘણી જ ...દા કરે છે. જો એ ભાગવત ન હોત તો શ્રીકૃષ્ણ જેવા મહાત્મા નિન્દનીય ગણાત નહિ.

શિવપુરાણમાં બાર જ્યોતિર્લિંગ લખ્યાં છે. કે જેમાં પ્રકાશનો લેશ પણ નથી. રાત્રિએ ...ધારામાં દિવો કર્યા સિવાય એ લિંગ દેખાતાં નથી. એ બધી લીલા પોપજી મહારાજોની છે.

પ્રશ્ન) વેદ ભણવાની શક્તિ ન રહી ત્યારે સ્મૃતિઓ બનાવી, જ્યારે સ્મૃતિઓ ભણવાનું સામર્થ્ય ન રહ્યું ત્યારે શાસ્ત્રો બનાવ્યાં અને જ્યારે શાસ્ત્રો ભણવાનું સામર્થ્ય ન રહ્યું ત્યારે પુરાણો બનાવ્યાં. સ્ત્રી અને શૂદ્રોને વેદોમાં અધિકાર નથી.

ઉત્તર) એ બધી વાત ખોટી છે. કારણ કે ભણવાનું સામર્થ્ય પઠન પાઠનથી જ આવે છે. વેદ ભણવાનો તથા સાંભળવાનો અધિકાર બધાને છે, જુઓ છાન્દોગ્ય ઉપનિષદ્, ગાર્ગી આદિ સ્ત્રીઓ વેદજ્ઞા હતી એમ સ્પષ્ટ જણાશે. જાનશ્રુતિ શૂદ્ર પણ રૈક્ય મુનિ પાસે વેદ ભણ્યો હતો.

યજુર્વેદના છવ્વીસમા અધ્યાયના બીજા મંત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે વેદ ભણવાનો અધિકાર મનુષ્યમાત્રને છે.

ઇત્યાદિ પ્રમાણો વિદ્યમાન હોવા છતાં જે લોકો એવા એવા મિથ્યા ગ્રંથો બનાવી, ...કોને સત્ય ગ્રન્થોથી વિમુખ રાખી, જાળમાં ફસાવી પોતાનું પ્રયોજન સિદ્ધ કરે છે તેઓ ... મહાપાપી નથી ?

ગ્રહોનું એવું ચક્ર ચલાવ્યું છે કે જેણે વિદ્યાહીન મનુષ્યોને ગ્રસ્ત કરી રાખ્યા છે.

૧	સૂર્યનો	મંત્ર	आकृष्णेन रजसा० ઇત્યાદિ..
૨	ચંદ્રનો	મંત્ર	इमं देवा असपत्न ँ सुवध्वम्० ઇત્યાદિ.
૩	મંગળનો	મંત્ર	अग्निमूर्द्धा दिवः ककुत्पतिः० ઇત્યાદિ.
૪	બુધનો	મંત્ર	उद्बुध्यस्वाग्ने० ઇત્યાદિ.
૫	બૃહસ્પતિનો	મંત્ર	बृहस्पते अतियदर्यो० ઇત્યાદિ.
૬	શુક્રનો	મંત્ર	शुक्रमन्धसः ઇત્યાદિ.
૭	શનિનો	મંત્ર	शन्नोदेवीरभिष्टये० ઇત્યાદિ.
૮	રાહુનો	મંત્ર	कया नश्चित्र आभुव० ઇત્યાદિ.
૯	કેતુનો	મંત્ર	कृण्वन्न केतवे० ઇત્યાદિ. (એને કેતુની કંડિકા પણ કહે છે.)

ખરી રીતે એ મંત્રો ગ્રહોના વાચક નથી કિન્તુઃ—

પ્રથમ જે आकृष्णेन ઇત્યાદિ મંત્ર છે તે તે સૂર્ય અને ભૂમિના આકર્ષણ વિષયનો છે.

બીજો—રાજગુણ વિધાયક છે.

ત્રીજો—અગ્નિ સંબંધી છે.

ચોથો—યજમાન વિષયક છે.

પાંચમો—વિદ્વદ્વિષયક છે.

છઠ્ઠો—વીર્ય અને અન્ન વિષયક છે.

સાતમો—જળ, પ્રાણ અને પરમેશ્વર વિષયનો છે.

આઠમો—મિત્ર વિષયક છે.

નવમો—જ્ઞાન પ્રાપ્તિ વિષયનો છે.

ખરો અર્થ ન સમજવાથી લોકો ભ્રમજાળમાં પડે છે.

(પ્રશ્ન) ગ્રહોનું ફળ થાય છે કે નહિ?

(ઉત્તર) પોપ લોકો જેવું કહે છે તેવું નહિ. પોપ લોકો આ પ્રમાણે કહે છે " મહારાજ શેઠજી યજમાન! તમારે આજ આઠમો ચંદ્ર અથવા સૂર્યાદિ ક્રૂર ઘરમાં પડ્યા છે, અઢી વરસનો શનૈશ્વર પગમાં આવ્યો છે. તમને મ્હોટું વિઘ્ન આવશે. ઘરબાર છોડાવી પરદેશમાં ભમાવશે, મારે જો તમારે એ દુઃખથી બચવું હોય તો ગ્રહોનું દાન કરો, જપ, પાઠ, પૂજા કરાવો."

હવે એ લોકને પૂછવું જોઇએ કે તમારો અને ગ્રહોનો શો સંબંધ છે? ગ્રહ શી વસ્તુ છે?

વાસ્તવમાં ગ્રહોનું ફળ આ પ્રમાણે છે.—સૂર્ય અને ચંદ્રમા સ્વસ્વ કિરણદ્વારા ઉષ્ણતા અને શીતતા આપે છે, તથા ઋતુ પ્રમાણે મનુષ્યોને ગરમીથી અથવા ઠંડીથી જે સુખ દુઃખ થાય છે તેના નિમિત્ત થાય છે.

પોપજી—

दैवाधीनं जगत्सर्वं मन्त्राधीनाश्च देवताः ।
ते मन्त्रा ब्राह्मणाधीनास्तस्माद्ब्राह्मणदैवतम् ॥

જુઓ! કેવું પ્રમાણ છે! દેવતાઓને આધીન સર્વ જગત્, મંત્રોને આધીન દેવતાઓ અને તે મંત્રો બ્રાહ્મણોને આધીન છે, માટે બ્રાહ્મણ દેવતાઓ કહેવાય છે. ઇષ્ટ દેવતાઓને બોલાવી તેમને પ્રસન્ન કરી ઇષ્ટાર્થ સિદ્ધ કરવો એમાં બ્રાહ્મણોનો જ અધિકાર છે. યદિ એમ બ્રાહ્મણોમાં મંત્રશક્તિ ન હોત તો તમારા જેવા નાસ્તિકો અમને સંસારમાં રહેવા દેત નહિ.

સત્યવાદી—ચોર, લૂંટારા અને કુકર્મી લોકો પણ તમારા દેવતાઓને આધીન હશે. દેવતાઓ જ એને દુષ્ટ કર્મો કરાવતા હશે, જો એમજ હોય તો તમારા દેવતાઓમાં અને

રાક્ષસોમાં કશો પણ ભેદ નથી. જો મંત્રો તમારે આધીન હોય અને તેનાથી તમે ગમે તે કરવાની શક્તિ ધરાવતા હો તો તે મંત્રો દ્વારા દેવતાઓને વશ કરી રાજાઓના ખજાનાઓ ઉપડાવી તમારા ઘરમાં લાવી બેઠા બેઠા કેમ આનન્દ ભોગવતા નથી ? શનૈશ્ચર આદિના તેલ આદિનું છાયાદાન લેવા માટે ઘેર ઘેર માર્યા માર્યા શામાટે ભટકો છો ? જેને તમે કૂબેર માનો છો તેને વશમાં કરી જેટલું જોઇએ તેટલું ધન લીધા કરો. બિચારા ગરીબોને શામાટે લૂંટો છો ? તમને દાન આપવાથી ગ્રહો પ્રસન્ન રહે છે અને ન આપવાથી અપ્રસન્ન રહે છે તો શું તમો ગ્રહોની પ્રસન્નતા અને અપ્રસન્નતા અમને પ્રત્યક્ષ કરાવી શકો છો ? જેને સૂર્ય અથવા ચંદ્ર આઠમો હોય તેને અને જેને ત્રાજો હોય તેને જ્યેષ્ઠ માસમાં ઉઘાડે પગે સંતપ્ત ભૂમિ ઉપર એક સાથે ચલાવો, જેના ઉપર ગ્રહ પ્રસન્ન હશે તેને પગે નહિ બળવા દે અને જેના ઉપર ક્રૂર હશે તેને બળવા દેશે. પોષ માસની પૂર્ણિમાની રાત્રિએ પણ એ બન્નેને આખી રાત ખુલ્લે શરીરે મેદાનમાં રાખો એકને ઠંડી લાગશે અને બીજાને નહિ લાગે. જો એમ થાય તો માની શકાય કે ગ્રહો ક્રૂર દૃષ્ટિવાળા અને સૌમ્યદૃષ્ટિવાળા છે.

ગ્રહો તમારા શું સંબંધી છે ? તમારે અને ગ્રહોને કાગળ અથવા તાર આદિનો વ્યવહાર છે ? જો તમારામાં મંત્રશક્તિ છે તો તમે પોતે રાજા અથવા ધનાઢ્ય શામાટે થતા નથી ? શત્રુઓને વશમાં કેમ નથી કરતા ?

નાસ્તિક તો તે કહેવાય છે કે જે વેદની અને ઇશ્વરની આજ્ઞા ન માને, તથા પોપ-લીલા ચલાવે. જો તમને ગ્રહનું દાન ન આપવામાં આવે અને જેના ઉપર છે તેજ ગ્રહદાનનો ઉપભોગ કરે તો શી હાનિ ? જો કહો કે તે તો અમને આપવાથા જ પ્રસન્ન થાય છે, તો શું તમે ગ્રહોનો ઇજારો લીધો છે ? જો ઇજારો લીધો હોય તો સૂર્યાદિને તમારા ઘરમાં બોલાવી બળી મરો.

સત્ય વાત તો એ છે કે સૂર્યાદિ ગ્રહો જડ છે, તે કોઇને સુખ અથવા દુઃખ આપ-વાની ચેષ્ટા કરી શકતા નથી; કિન્તુ ગ્રહોના બહાનાથી જીવિકા ચલાવનારા તમે જ ગ્રહરૂપ છો. કારણ કે ગ્રહનો અર્થઃ—

ये गृह्णन्ति ते ग्रहाः

જે ગ્રહણ કરે છે તે ગ્રહો કહેવાય છે. તમારા પગલાં જ્યાંસુધી શેઠ શાહૂકાર અને રાજાને ત્યાં થતા નથી ત્યાંસુધી તો તેઓ કોઇને પણ નવ ગ્રહનું ભાન થતું નથી. પણ જ્યારે તમે પોતે જ સૂર્ય શનૈશ્ચરાદિ સાક્ષાત્ મૂર્તિમાન્ ગ્રહો તેની ઉપર જઇ ચડો છો ત્યારે તો ગ્રહણ કર્યા શિવાય છોડતા નથી. જો તમારી પાસે કોઇ ન આવે તો તમે તેને નાસ્તિક આદિ શબ્દોથી નિન્દો છો.

પોપજી — જુઓ જ્યોતિષનું પ્રત્યક્ષ ફળ, આકાશસ્થ સૂર્ય, ચંદ્ર, રાહુ અને કેતુના સંયોગથી થતું ગ્રહણ પ્રથમથી જ કહી આપે છે. માટે જેમ ગ્રહણ પ્રત્યક્ષ થાય છે તેમ ગ્રહોનું ફળ પણ પ્રત્યક્ષ થાય છે. ધનાઢ્ય, દરિદ્ર, રાજા, અને રંક એ બધા ગ્રહોથી જ સુખી અને દુઃખી થાય છે.

સત્યવાદી—જે ગ્રહણરૂપ પ્રત્યક્ષ ફળ છે તે તો ગણિત વિદ્યાનું છે. ફલિતનું નહિ. જે ગણિત વિદ્યા છે તે સાચી છે અને ફલિત વિદ્યા (સ્વાભાવિક સંબંધ શિવાય) ખોટી છે. અનુલોમ અને પ્રતિલોમ ફરનાર પૃથિવી અને ચંદ્રનાં ગણિતથી સ્પષ્ટ થાય છે કે અમુક સમયમાં અમુક દેશમાં અને અમુક અવયવમાં સૂર્યનું અથવા ચંદ્રનું ગ્રહણ થશે.

छादयत्यर्कमिन्दुर्विधुं भूमिभाः ।

આ ગ્રહલાઘવનો ચોથા અધ્યાયનો ચોથો શ્લોક છે અને એજ પ્રમાણે **સિદ્ધાન્તશિરોમણિ** અને **સૂર્યસિદ્ધાન્ત**માં પણ છે. જ્યારે સૂર્ય અને ભૂમિની વચ્ચે ચંદ્રમા આવે છે ત્યારે સૂર્યગ્રહણ થાય છે, અને જ્યારે સૂર્ય અને ચંદ્રની વચ્ચે ભૂમિ આવે છે ત્યારે ચંદ્રગ્રહણ થાય છે. અર્થાત્ ચંદ્રની છાયા ભૂમિ ઉપર અને ભૂમિની છાયા ચંદ્ર ઉપર પડે છે. સૂર્ય પ્રકાશરૂપ હોવાથી એના ઉપર કોઇની છાયા પડતી નથી. જેમ દીવાથી શરીર આદિની છાયા ઉલટી જાય છે તેમ ગ્રહણમાં સમજવું. જે ધનાઢ્ય, દરિદ્ર અને રાજા તથા પ્રજા રંક થાય છે તે પોતપોતાના કર્મનું ફળ છે. ઘણા જ્યોતિષીઓ પોતાના પુત્ર તથા પુત્રીઓનો વિવાહ ગ્રહોની ગણિતવિદ્યાને અનુસરીને કરે છે, તથાપિ એમાં વિઘ્ન આવે છે, અથવા પુત્રી વખતે વિધવા થાય છે. પુરૂષ પણ વખતે મૃત સ્ત્રીક થઇ જાય છે. જો ફળ સાચું હોય તો એમ કેમ થાય છે ? માટે કર્મની ગતિ સાચી છે. ગ્રહો સુખદુઃખમાં કારણભૂત નથી. ગ્રહો અને પૃથિવી આકાશમાં ઘણાજ દૂર દૂરને અન્તરે છે એનો સંબંધ કર્તાના કર્મ સાથે નથી. કર્મનો કર્ત્તા અને કર્મફળનો ભોક્તા જીવ છે. કર્મ ફળનો ભોગવાવનાર પરમાત્મા છે. જો તમે ગ્રહોનું ફળ માનતા હો તો આનો ઉત્તર આપો, કે જે ક્ષણમાં જે બાળકનો જન્મ થાય છે અને તેનું તમે ધ્રુવા અને ત્રુટિ માની જન્મપત્ર બનાવો છો તેજ વખતે ભૂગોળમાં બીજાનો જન્મ થાય છે કે નહિ. જો કહો કે નહિ તો તે કથન ખોટું છે, અને જો કહો કે થાય છે તો એક ચક્રવર્તી સમાન પૃથિવીમાં બીજો ચક્રવર્ત્તી રાજા કેમ થતો નથી ? જો તે વખતે તમે આટલું જ કહો કે એ બધી લીલા અમારા પેટ ભરવાને વાસ્તે છે તો તો કોઇ માની પણ શકે.

(**પ્રશ્ન**) શું ગરૂડ પુરાણ ખોટું છે ?

(**ઉત્તર**) હા, ખોટું છે.

(**પ્રશ્ન**) ત્યારે મરેલા જીવની શી ગતિ થાય છે ?

(**ઉત્તર**) જેવાં તેનાં કર્મો.

(પ્રશ્ન) યમરાજા, તેનો મંત્રી ચંદ્રગુપ્ત તેના કાજળના જેવા ભયંકર ગણો, તેઓ શરીરધારી જીવોને પકડીને લઇ જાય છે, પછી પાપ પુણ્યાનુસાર સ્વર્ગ અને નરકમાં નાંખે છે, માટે દાન, પુણ્ય, શ્રાદ્ધ અને તર્પણ કરવું-શું એ બધી વાત ખોટી છે?

(ઉત્તર) એ બધી વાત પોપલીલાના ગપોડા છે. અન્યસ્થાનનાં જીવોને ત્યાં બોલાવી ધર્મરાજ તથા ચિત્રગુપ્ત ન્યાય કરે છે, ત્યારે યમલોકસ્થ જીવોના ન્યાયને માટે બીજો યમલોક માનવો કે ત્યાંનો ન્યાયાધીશ જ તેનો ન્યાય કરે? જો યમના ગણોનાં શરીર પર્વત સમાન છે તો દેખાતા કેમ નથી? મરનાર જીવને લેવા આવનાર તે ગણોની એક આંગળી પણ ન્હાના દ્વારમાં આવી શકે નહિ. તેઓ સડક અને ગલીમાં કેમ અટકી જતા નથી? જો કહો કે તેઓ સૂક્ષ્મ શરીર પણ ધારણ કરી શકે છે, તો પ્રથમ જે પર્વત જેવડાં હાડપીંજરો હતાં. તે પોપજીએ પોતાના ઘર શિવાય બીજે ક્યાં મૂક્યાં હોય? જ્યારે જંગલમાં આગ લાગે છે ત્યારે અસંખ્ય કીડીઓના જીવો શરીરને છોડે છે, ત્યારે તેને પકડવા અસંખ્ય યમ ગણો દોડતા હશે. તે વખતે કદાચિત્ ઠોકર પણ ખાતા હશે તો તે વખતે જેમ પહાડનાં મ્હોટાં મ્હોટાં શિખરો તુટી પૃથિવી ઉપર પડે છે, તેમ તેના શરીરના મ્હોટાં મ્હોટાં અવયવો ગરૂડ પુરાણના વાંચનાર તથા સાંભળનારના આંગણામાં પડતા હશે, તે વખતે તેઓ દબાઈ મરતા હશે. ઘરનાં દ્વાર અને સડક બંધ થઇ જતા હશે, તે વખતે લોકો બિચારા કેવી રીતે નીકળી અને ચાલી શકતા હશે!

શ્રાદ્ધ અને પિંડદાન મૃતજીવને તો નથી પહોંચતાં પણ મૃતકોના પ્રતિનિધિ પોપજીના ઘરમાં, ઉદરમાં અને હાથમાં પહોંચે છે. જે વૈતરણી તરવા માટે ગૌદાન દેવામાં આવે છે તે તો પોપજીને ઘેર અથવા કસાઇને ઘેર પહોંચે છે. વૈતરણી નદીએ તો ગાય જાતી નથી, તો પછી કોનું પૂંછડું પકડી બિચારો ગૌદાતા વૈતરણીને તરશે? હાથ તો અહિંઆ જ બાળવામાં અથવા દાટવામાં આવે છે તો પછી કેવી રીતે પકડશે? આ ઠેકાણે એક દૃષ્ટાન્ત ઉક્ત વિષયને લાગુ પડે છે તે આ પ્રમાણે છે—

એક જાટ હતો, એને એક ઘણી સારી ગાય હતી કે જે વીશ શેર દૂધ આપતી હતી. એનું દૂધ ઘણું જ મીઠું હતું કોઈ કોઇ વખતે પોપજીને પણ મળતું હતું. તે જાટનો પુરોહિત આશા જ કરી રહ્યો હતો કે જ્યારે આ જાટનો ઘરડો ડોસો મરણ પથારીએ પડશે ત્યારે આ ગાયનો સંકલ્પ કરાવી લઇશ. થોડા દિવસ પછી દૈવયોગથી ડોસાનો મરણ વખત પણ આવ્યો. જીભ બંધ થઈ ગઇ. ખાટલા ઉપરથી ભોંય લીધો, જીવ નીકળવાનો વખત આવી પહોંચ્યો, તે વખતે જાટના ઇષ્ટમિત્રો અને સંબંધીઓ ભેગા થયા. ત્યારે પોપજીએ કહ્યું કે યજમાન! હવે તમે આ ડોસાને હાથે ગૌદાન કરાવો, પેલે જાટે રૂ. ૧૭

કાઢી પિતાના હાથમાં મૂકી કહ્યું કે બોલો સંકલ્પ. પોપજી બોલ્યા કે વાહ વાહ! શું બાપ વારંવાર મરે છે? આ વખતે તો સાક્ષાત્ ગાય લાવો કે જે ગાય દૂધ આપતી હોય, ઘરડી ન હોય, સર્વ પ્રકારથી ઉત્તમ હોય એવી ગાયનું દાન કરાવવું જોઇએ.

જાટ— મારી પાસે તો એક જ ગાય છે, એ ગાય શિવાય મારાં બાળકોનો નિર્વાહ થઇ શકે તેમ નથી માટે તે તો હું આપી શકીશ નહિ. લ્યો રૂ. ૨૦) કરો સંકલ્પ; આ રૂપીઆની બીજી દૂઝણી ગાય લેજો.

પોપજી— વાહજી વાહ! શું તમે તમારા બાપથી પણ ગાયને વધારે ગણો છો? શું તમે તમારા બાપને વૈતરણીમાં ડુબાવી દુઃખ દેવા માંગો છો! તમે ખરા સુપુત્ર થયા!

પછી તો પોપજી તરફ બધું કુટુંબ થઈ ગયું. કારણ કે બધાને પ્રથમથી જ પોપજીએ બહેકાવી રાખ્યા હતા, અને આ વખતે પણ ઇસારો કરી દીધો. બધાએ મળી એ ગાયનું દાન એજ પોપજીને અપાવી દીધું. તે વખતે તો જાટ કશું પણ બોલ્યો નહિ. એનો બાપ મરી ગયો. પોપજી વાછડા સાથે ગાય અને તાંબડી લઇ ઘેર આવ્યા. ગાયને બાંધી તાંબડી મૂકી પાછા જાટને ઘેર આવી મૃતકની સાથે શ્મશાન ભૂમિમાં જઈ દાહકર્મ કરાવ્યું. ત્યાં પણ મરજી પ્રમાણે પોપલીલા ચલાવી. પછી દશ ગાત્ર અને સપિંડી કરાવવામાં પણ તેને મૂંડયો. મહાબ્રાહ્મણોએ પણ લૂંટયો. ભૂખડાઓએ પણ ઘણો માલ પેટમાં ભર્યો. ક્રિયા પૂરી થઇ ત્યાંસુધી જાટે જ્યાં ત્યાંથી દૂધ માગી ભીખી નિર્વાહ કર્યો, પણ ચૌદમે દિવસે પ્રાતઃકાળે ઉઠી જાટ પોપજીને ઘેર ગયો, અને જુએ છે તો પોપજી ગાય દોહી રહ્યા હતા, અને ઉઠવાની તૈયારીમાં હતા. જાટને જોઇ પોપજી બોલ્યા-આવો યજમાન બેસો.

જાટ— પુરોહિતજી તમે પણ અહિંઆ આવો.

પોપજી— ઠીક, દૂધ મૂકીને આવુંછું.

જાટ— નહિ નહિ, દૂધની તાંબડી અહિંઆ લાવો.

પોપજી બિચારા જઈ બેઠા અને દૂધની તાંબડી સામે મૂકી.

જાટ— તમે ઘણા જુઠા છો.

પોપજી— શું જુઠું કર્યું?

જાટ— કહો, તમને ગાય શામાટે આપી છે?

પોપજી— તમારા પિતાને વૈતરણી નદી ઉતારવાને.

જાટ— ઠીક, તો તમે વૈતરણી નદીના કીનારા ઉપર ગાયને કેમ ન પહોંચાડી? હું તો તમારા ભરોસા ઉપર રહ્યો, અને તમે તો ઘેર બાંધી બેઠા છો. અરેરે મારા બાપાએ વૈતરણીમાં કોણ જાણે કેટલાં ગોથાં ખાધાં હશે?

પોપજી— નહિ નહિ, આ દાનના પુણ્યપ્રભાવથી ત્યાં બીજી ગાય બની તમારા પિતાને ઉતારી દીધા હશે.

જાટ— વૈતરણી નદી અહિંથી કેટલી દૂર છે? ક્યાં અને કઇ તરફ છે?

પોપજી— અનુમાન છે કે લગભગ ત્રીશ ક્રોડ ગાઉ દૂર છે. કારણ કે ઓગણપચ્ચાસ ક્રોડ યોજનમાં પૃથિવી છે, અને નૈઋત્ય ખુણામાં વૈતરણી નદી છે.

જાટ— એટલે બધે દૂર તમે જે ચીઠ્ઠી અથવા તાર મોકલ્યો હોય અને તેનો જે ઉત્તર આવ્યો હોય તે બતાવો, કે જેમાં લખ્યું હોય કે "અહિંઆ પુણ્યથી ગાય બની અમુકના પિતાને પાર ઉતારી દીધા છે."

પોપજી— અમારી પાસે ગરૂડ પુરાણ સિવાય તારબાર કંઇ નથી.

જાટ— એ ગરૂડ પુરાણને હું કેમ સાચું માનું?

પોપજી— જેમ બધા માને છે તેમ.

જાટ— એ પુસ્તક તમારા બાપદાદાએ તમારી જીવિકા માટે બનાવ્યું છે. પિતાને પુત્ર સિવાય બીજું કંઇ પણ પ્રિય હોતું નથી. જ્યારે મારા પિતા મને ચીઠ્ઠી કે તાર મોકલશે ત્યારે હું વૈતરણીના કાંઠા ઉપર ગાયને મોકલી આપીશ અને એને પાર ઉતારી ગાયને પાછી ઘેર લાવીશ. હું અને મારાં બચ્ચાંઓ દૂધ પીધા કરીશું. લાવો દૂધની ભરેલી તાંબડી, ગાય અને વાછડો.

એ બધું લઈ જાટ ઘેર ચાલ્યો.

પોપજી— તું દાન લઈ પાછું લે છે. માટે તારૂં સત્યાનાશ થઇ જશે.

જાટ— ચૂપ રહો, નહીં તો તેર દિવસ સુધી દૂધ વિના અમે જેટલું દુઃખ વેઠ્યું છે તે બધાનો બંગ વાળી નાંખીશ.

ત્યારે પોપજી મહારાજ ચૂપ રહ્યા, અને જાટ ગાય અને વાછડો લઇ પોતાને ઘેર ગયો.

જો ઉક્ત જાટ જેવા લોકો દેશમાં હોય તો પોપલીલાને ચાલવાનું સ્થાન રહે નહિ. એ લોકો જે કહે છે કે દશગાત્રના પિંડથી દશ અંગ સપિંડી કરવાથી જીવનો શરીર સાથે સંબંધ થઇ અંગુષ્ઠ માત્ર શરીર બને છે અને પછી યમલોકમાં જાય છે. જો એમ હોય તો મરણ વખતે યમદૂતોનું આવવું વ્યર્થ છે. ખરી રીતે ત્રયોદશાહ પછી આવવું જોઇએ. જો શરીરી બની જતો હોય તો પોતાની સ્ત્રી, સન્તાન અને ઇષ્ટમિત્રો તરફના મોહને લઇ પાછો કેમ નથી આવતો?

(પ્રશ્ન) સ્વર્ગમાં કંઇ મળતું નથી પરન્તુ જે અહિંઆ દાન કરવામાં આવે છે તે જ ત્યાં મળે છે, માટે દાન કરવું જોઇએ.

(ઉત્તર) તમારા સ્વર્ગ કરતાં આ જ લોક ઘણો સારો છે, જેમાં ધર્મશાળા તો છે. લોકો દાન પણ આપે છે, ઇષ્ટમિત્ર અને જ્ઞાતિ તરફથી પણ નિમંત્રણો હરવખત આવે છે, સારાં વસ્ત્રો પણ મળે છે. જો તમારા કહેવા પ્રમાણે સ્વર્ગમાં કશું પણ ન મળતું હોય તો એવા નિર્દય કૃપણ સ્વર્ગમાં ભલે પોપલોકો જઈ ખરાબ થાય. એવી જગ્યા ઉપર સારા માણસનું કાંઇ પણ કામ નથી.

(પ્રશ્ન) તમે કહો છો કે યમ અથવા યમલોક નથી તો પછી મર્યા બાદ જીવ ક્યાં જાય છે? અને એનો ન્યાય કોણ કરે છે?

(ઉત્તર) તમારૂં ગરૂડપુરાણ જેને યમ અથવા યમલોક કહે છે તે અમને માન્ય નથી, પણ વેદ જેને યમ અને યમલોક કહે છે તે અમને માન્ય છે. જુઓ—

"यमेन वायुना सत्यराजन्"

ઇત્યાદિ પ્રમાણોથી નિશ્ચિત છે કે "यम" નામ વાયુનું છે. શરીરનો ત્યાગ કર્યા બાદ જીવ વાયુ સાથે અન્તરિક્ષમાં રહે છે. સત્યકર્ત્તા પક્ષપાતશૂન્ય જે પરમાત્મા છે તે જ યમ એટલે ધર્મરાજ છે, અને તે જ બધાનો ન્યાય કરે છે.

(પ્રશ્ન) તમારા કહેવા પ્રમાણે તો કોઇને ગોદાન ન આપવું જોઇએ, તથા કંઇ દાન પુણ્ય પણ ન કરવું જોઇએ એમ સિદ્ધ થાય છે.

(ઉત્તર) તમારૂં કહેવું તદ્દન ખોટું છે, કારણ કે સુપાત્ર અને પરોપકારી માણસને પરોપકારને માટે સોનું, ચાંદી, હીરા, મોતી, માણેક, અન્ન, જળ, સ્થાન અને વસ્ત્રાદિનું દાન અવશ્ય કરવું જોઇએ. પરન્તુ કુપાત્રને કદિપણ આપવું નહિ એવો મારો મત છે.

(પ્રશ્ન) કુપાત્ર અને સુપાત્રનું શું લક્ષણ છે?

(ઉત્તર) છલિત્વ, કપટિત્વ, સ્વાર્થિત્વ, વિષયિત્વ, કામિત્વ, ક્રોધિત્વ, લોભિત્વ, પરહાનિકારિત્વ, મિથ્યાવાદિત્વ, વિદ્યાવિરહિત્વ, કુસંગિત્વ, અલસત્વ, દાતાની પાસે વારંવાર યાચના કરવી, ના કહ્યા છતાં હઠથી માગવું, અસંતોષ રાખવો, ન આપનારની નિન્દા કરવી, શાપ દેવો, ગાલિપ્રદાન કરવું, અનેકવાર સેવા કરનાર સેવકે જો એકવાર પણ ભૂલ કરી હોય તો તેના શત્રુ થવું, સાધુનો વેષ ધારણ કરી જનસમાજની વંચના કરવી, પોતાની પાસે પદાર્થ હોવા છતાં મારી પાસે નથી એમ ખોટું બોલવું, બીજાને છેતરી સ્વાર્થ સિદ્ધ કરવો, રાત્રિદિવસ ભિક્ષાવૃત્તિથી જ જીવવું, નિમંત્રણ આપનારને ઘેર ખૂબ ભાંગ આદિ માદક દ્રવ્ય ખાઇ પીને બીજાના ખૂબ માલમલિદા ખાવા, વારંવાર ઉન્મત્ત બની પ્રમાદી થવું, સત્યમાર્ગનો વિરોધ કરી ખોટા માર્ગમાં પોતાની સ્વાર્થસિદ્ધિને માટે ચાલવું અને પોતાના શિષ્યોને ચલાવવા, શિષ્યને પોતાની જ સેવા કરવાને ઉપદેશ આપવો

અન્ય યોગ્ય પુરૂષોની સેવાથી વિમુખ રાખવા, સદ્વિદ્યાના પ્રચારને અટકાવવો, સ્ત્રી, પુરૂષ, માતા, પિતા, સંતાન, રાજા, પ્રજા અને ઇષ્ટમિત્રોની ઉપર અપ્રીતિ કરાવવી, જગતનો બધો વ્યવહાર મિથ્યા છે અને જગત્ પણ મિથ્યા છે એવો ખોટો ઉપદેશ આપવો, એ બધાં કુપાત્રનાં લક્ષણો છે.

બ્રહ્મચર્ય ધારણ કરવું, જિતેન્દ્રિયત્ત્વ ધારણ કરવું, વેદાદિવિદ્યાનું અધ્યયન અને અધ્યાપન કરવું, સુશીલત્ત્વ ધારણ કરવું, સત્યવાદિત્ત્વ ધારણ કરવું, પરોપકારપ્રિયત્ત્વ ધારણ કરવું, પુરૂષાર્થી બનવું, ઉદારતા ધારણ કરવી, વિદ્યા અને ધર્મની નિરન્તર ઉન્નતિ કરવી, ધર્માત્મત્ત્વ અને શાન્તત્ત્વ ધારણ કરવું, નિન્દા અને સ્તુતિમાં શોક અને હર્ષ ન કરવો, નિર્ભયત્ત્વ, ઉત્સાહિત્ત્વ, યોગિત્ત્વ, અને જ્ઞાનિત્ત્વ ધારણ કરવાં, સૃષ્ટિક્રમ, વેદાજ્ઞા અને ઇશ્વરીય ગુણ કર્મો પ્રમાણે વર્તવું, ન્યાયથી અને નિષ્પક્ષપાતથી સત્ય ઉપદેશ કરવો, સત્યશાસ્ત્રના અધ્યેતા અને અધ્યાપિતાના પરીક્ષક થવું, માખણીઆ ન થવું, અને એવા ઉપર ધ્યાન પણ ન દેવું, પ્રશ્નોનું યથાર્થ સમાધાન કરવું, આત્મવત્ સર્વને સુખ દુઃખની અને હાનિ લાભની લાગણી સમજવી, અવિદ્યાદિ જે પાંચ ક્લેશો યોગશાસ્ત્રમાં કહ્યા છે તેનાથી દૂર રહેવું, હઠ, દુરાગ્રહ અને અભિમાનનો ત્યાગ કરવો, અપમાનને અમૃતવત્ અને માનને વિષવત્ સમજવું, સંતોષ ધારણ કરવો, પ્રીતિથી જે આપ્યું હોય તેનાથી સંતુષ્ટ રહેવું, આપત્કાળમાં એકવાર માગ્યા છતાં જો તિરસ્કાર થાય તો દુઃખ ન લગાડવું તથા ખરાબ ચેષ્ટા ન કરવી, ના કહેનાર પાસેથી તુરત પાછા ફરવું, તેની નિન્દા ન કરવી, સુખી સાથે મિત્રતા, દુઃખીઓ ઉપર કરૂણા, પુણ્યાત્માને જોઈ આનન્દ પામવો, પાપીઓ ઉપર ઉપેક્ષા રાખવી, ગંભીર આશયવાળા થવું, દુષ્ટાચારનો ત્યાગ કરવો, તન, મન, અને ધનને પરોપકારમાં લગાવવાં, પરકીય સુખને માટે સ્વકીય પ્રાણનો પણ ત્યાગ કરવો ઇત્યાદિ સુપાત્રનાં લક્ષણો છે.

પરન્તુ દુર્ભિક્ષઆદિ આપત્કાળમાં અન્ન, જળ, વસ્ત્ર, ઔષધી, પથ્ય અને સ્થાનના અધિકારી પ્રાણી માત્ર છે.

(પ્રશ્ન) દાતા કેટલા પ્રકારના છે ?

(ઉત્તર) ત્રણ પ્રકારના. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ.

દેશ, કાળ અને પાત્રને ધ્યાનમાં લઇ ધર્મ અને પરોપકારને અર્થે સત્યવિદ્યાનું જે દાન આપે છે તે " ઉત્તમદાતા " કહેવાય છે.

કીર્તિ અને સ્વાર્થને માટે જે દાન આપે છે તે " મધ્યમ દાતા " કહેવાય છે.

દાન આપતી વખતે તિરસ્કાર અને કુચેષ્ટા કરનાર, પાત્ર અને કુપાત્રનો ભેદ નહિ સમજનાર, " બધું અન્ન બાર પાંચશેરી " વેચનાર જેવો વિવાદ

અને કલહકર્ત્તા, ધર્માત્માને દુઃખ દઈ પોતે સુખી થવા ઇચ્છિનાર, સ્વ અને પરનું કલ્યાણ નહિ સમજી વેશ્યા અને ભાંડ આદિને જે આપે છે તે "કનિષ્ઠદાતા" કહેવાય છે. અર્થાત્ જે વિદ્વાન્ અને ધર્માત્મા હોઈ પરીક્ષાપૂર્વક દાતા છે તે "ઉત્તમ દાતા" છે. પરીક્ષાની ઉપેક્ષા કરી સ્વકીય પ્રશંસાને માટે જ જે દાન આપે છે તે "મધ્યમ દાતા" કહેવાય છે. અંધાધુંધ પરીક્ષાશૂન્ય અને કેવળ નિષ્ફળ દાન જે આપે છે તે "અધમ દાતા" કહેવાય છે.

(પ્રશ્ન) દાનનું ફળ અહિંઆ મળે છે કે પરલોકમાં ?

(ઉત્તર) સર્વત્ર મળે છે.

(પ્રશ્ન) સ્વયં મળે છે કે કોઇ આપનાર છે ?

(ઉત્તર) ફળ આપનાર ઈશ્વર છે. જેમ ચોર અથવા લુંટારૂ માણસ કારાગૃહમાં જવાને અનિચ્છુ હોવા છતાં રાજા આદિ તેને પરાણે ન્યાય્ય રીતે મોકલે છે, તેમ પુણ્ય પાપના સુખદુઃખરૂપ ફળ આપનાર ઇશ્વર છે.

(પ્રશ્ન) ગરૂડ પુરાણ આદિ ગ્રન્થો વેદોને પુષ્ટિ આપનારાં છે કે નહિ ?

(ઉત્તર) નહિ. તે તો ઉલટા વેદના વિરોધી છે. તંત્રાદિ ગ્રન્થો પણ એવા જ છે. જેમ અમુક માણસ અમુકનો જ મિત્ર થઈ બાકીના બધાનો શત્રુ થાય છે તેમ પુરાણ અને તંત્રાદિ ગ્રન્થોનો માનનારો થાય છે. કારણ એ ગ્રન્થો એકબીજા સાથે વિરોધ ઉત્પન્ન કરાવનારા છે. એ ગ્રન્થોને માનવા એ કોઈ વિદ્વાન્ માણસનું કામ નથી. પ્રત્યુત એને માનવાથી અવિદ્વત્તા પ્રતીત થાય છે. શિવપુરાણમાં ત્રયોદશી અને સોમવાર, આદિત્યપુરાણમાં રવિવાર, ચંદ્રખંડમાં સોમગૃહવાળા–મંગળ, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનિ, રાહુ, કેતુની વૈષ્ણવ-એકાદશી, વામનદ્વાદશી, નૃસિંહ અથવા અનન્ત ચતુર્દશી, ચંદ્રમાની પૌર્ણમાસી, દિક્પાલોની દશમી, દુર્ગાની નવમી, વસુઓની અષ્ટમી, મુનિઓની સપ્તમી, સ્વામી કાર્તિકેયની ષષ્ઠી, નાગની પંચમી, ગણેશની ચતુર્થી, ગૌરીની તૃતીયા, અશ્વિની કુમારની દ્વિતીયા, આદ્યા દેવીની પ્રતિપત્ અને પિતરોની અમાવસ્યા. એ બધા દિવસો પુરાણની રીતિ પ્રમાણે ઉપવાસ કરવાના દિવસો છે, અને તે તે પુરાણોમાં લખ્યું છે કે જે માણસ ઉક્ત વારમાં અથવા ઉક્ત તિથિઓમાં અન્નપાન ગ્રહણ કરશે તે નરકમાં જશે.

હવે પોપજીએ અને પોપજીના ચેલાઓએ કોઇપણ વારમાં અથવા કોઇપણ તિથિમાં ભોજન કરવું નહિ. કારણ કે તે તે વારમાં અને તે તે તિથિમાં ભોજનકર્ત્તા માણસ પુરાણની રીતિ પ્રમાણે નરકગામી થાય છે.

નિર્ણયસિન્ધુ, ધર્મસિન્ધુ, અને વ્રતાર્ક આદિ ગ્રન્થો કે જે પ્રમાદી લોકોએ બનાવ્યા છે, એ ગ્રન્થમાં એકએક વ્રતને માટે વ્યર્થ વિવાદ કર્યો છે. જેમકે–

" એકાદશીએ શૈવ દશમી વિદ્ધા અને કોઇ દ્વાદશીમાં પણ એકાદશીવ્રત કરે છે.

વાહ વાહ ! શી લીલા રચી છે !! ભૂખ્યા મરવામાં પણ વાદવિવાદ !!! એકાદશી વ્રતમાં એ લોકોનો સ્વાર્થ સમાયલો છે. વ્રતનિરૂપણ કરવામાં એ લોકોએ જરાપણ દયા વાપરી નથી. તેઓ કહે છે કેઃ—

एकादश्यामन्ने पापानि वसन्ति

જેટલાં પાપો છે તે બધાં એકાદશીને દિવસે અન્નમાં રહે છે, એ પોપજીને પૂછવું જોઇએ કે કોનાં પાપ એમાં રહે છે ? તારાં કે તારા બાપનાં ? જો બધાં પાપો એકાદશીને દિવસે અન્નમાં રહેતાં હોય, તો તે દિવસે કોઇપણ દુઃખી ન રહેવું જોઇએ. પણ એમ બનતું નથી ઉલટું તે દિવસે તો ભૂખ્યા રહેવાથી દુઃખ અધિક થાય છે. દુઃખ એ પાપનું ફળ છે માટે ભૂખે મરવું એ પાપ છે. એનું મ્હોટું માહાત્મ્ય એ માટે લખ્યું છે કે એ માહાત્મ્ય વાંચવાથી ઘણા લોકોને ઠગી શકાય. એમાં એક કથા છે કેઃ—

બ્રહ્મલોકમાં એક વેશ્યા હતી, તેણે અમુક અપરાધ કર્યો તેથી તેને શાપ મળ્યો કે તું પૃથિવી ઉપર પડ. વેશ્યાએ સ્તુતિ કરી કે હવે હું ફરીથી સ્વર્ગમાં કેવી રીતે આવીશ ? શાપદાતાએ કહ્યું કે જ્યારે તને કોઇ એકાદશીવ્રતનું ફળ આપશે ત્યારે તું સ્વર્ગમાં આવીશ. ત્યાર પછી તેણી વિમાન ઉપર બેસી એકાએક એક નગરમાં ઉતરી પડી. ત્યાંના રાજાએ તેણીને પૂછયું કે તું કોણ છે ? તેણીએ પોતાનો બધો વૃત્તાન્ત સંભળાવી દીધો. ત્યાર પછી તેણીએ કહ્યું કે જો કોઇ મને એકાદશીનું ફળ આપે તો હું પાછી સ્વર્ગમાં જાઉં. રાજાએ નગરમાં અન્વેષણા કરાવી પણ કોઇ એકાદશીવ્રત કરનારૂં મળ્યું નહિ, પછી એક દિવસ શૂદ્રને ઘેર સ્ત્રી અને પતિમાં કલહ થયો તેથી ક્રોધની મારી તે સ્ત્રી રાતદિવસ ભૂખી રહી હતી. દૈવયોગથી એજ દિવસ એકાદશી હતી. રાજાના નોકરોએ તેણીને પૂછયું. તેણીએ ઉત્તર આપ્યો કે હું એકાદશી સમજીને ભૂખી રહી નથી, પણ અકસ્માત્ એ દિવસ ભૂખી રહી હતી. નોકરો તેણીને રાજા પાસે લઇ ગયા. રાજાએ તેણીને કહ્યું કે તું આ વિમાનનો સ્પર્શ કર. તેણે સ્પર્શ કર્યો કે તરત જ વિમાન ઉપર ઉડી ગયું. એ તો અજાણતા કરેલી એકાદશીનું ફળ હતું, પણ જો જાણીને કરે તો તો ફળનો કોઈ પારાવાર જ રહે નહિ !!!

વાહ રે વાહ આંખના આંધળા લોકો ! જો એ વાત સાચી હોય તો અમે એક પાનની પટ્ટી કે જે સ્વર્ગમાં મળતી નથી તે મોકલવા ઇચ્છીએ છીએ. બધા એકાદશીવ્રતના અનુષ્ઠાયકો ! તમે બધા પોતપોતાના એકાદશીના વ્રતનું ફળ આપી દ્યો. જો એ પાનની પટ્ટી ઉપર ચાલી જશે તો પછી લાખો અને કરોડો પાન ત્યાં મોકલ્યા કરીશું, અને અમે પણ એકાદશીનું વ્રત કર્યા કરીશું. પણ જો એમ નહિ થાય તો તમને ભૂખે મરવારૂપ આપત્કાળમાંથી બચાવીશું.

ચોવીસ એકાદશીના નામો પણ ભિન્ન ભિન્ન રાખ્યાં છે. કોઇનું નામ **ધનદા,** કોઇનું નામ **કામદા,** કોઈનું નામ **પુત્રદા,** કોઇનું નામ **નિર્જલા !** ઘણા કામીઓ અને ઘણા

નિર્વંશી લોકો એકાદશી કરતાં કરતાં ઘરડા થઇ મરી ગયા, પણ ધન, કામ અને પુત્ર પ્રાપ્તિ થઇ નહિ.

જ્યેષ્ઠ માસના શુક્લ પક્ષ કે જે વખતે એક ઘડીક પણ જો મનુષ્યને પાણી ન મળે તો અકળાઈ જાય છે, એમાં **નિર્જલા** એકાદશી આવે છે. તે વખતે વ્રત કરનારાઓને ઘણું દુઃખ થાય છે. ઘણે ભાગે બંગાળામાં બધી વિધવા સ્ત્રીઓની એ એકાદશીને દિવસે ઘણી દુર્દશા થાય છે. એ નિર્દય કસાઇને લખતી વેળા મનમાં જરાપણ દયા ન આવી !!! નહિતો નિર્જલાનું નામ સજલા રાખત અને પોષ માસના શુક્લ પક્ષની એકાદશીનું નામ નિર્જલા રાખત. પણ એ પોપને દયાની સાથે શું કામ હોય!!! કોઇ મરો અથવા કોઇ જીવો પણ પોપજીનું પેટ ભરો!!

ગર્ભવતી સ્ત્રીએ, સદ્યોવિવાહિતા સ્ત્રીએ, બાળકોએ તથા યુવાન્ પુરૂષોએ કદિપણ ઉપવાસ કરવો નહિ. યદિ ઉપવાસ કોઇને કરવો હોય તો જે દિવસ અજીર્ણ થાય અથવા ભૂખ ન લાગે તે દિવસે શર્કરાવત્ એટલે સરબત અથવા દૂધ પીને રહેવું. જે ભૂખ લાગ્યા છતાં ખાતો નથી અથવા ભૂખ લાગ્યા શિવાય ખાય છે તે બન્ને **રોગસાગરમાં** ગોથાં ખાય છે. માટે એ પ્રમાદીઓનું કથન અથવા લેખન કોઇએ પણ પ્રમાણ માનવું નહિ.

હવે ગુરૂ શિષ્યોના મંત્રોપદેશનું અને મતમતાન્તરનાં ચરિત્રોનું વર્ણન લખવામાં આવે છે. મૂર્ત્તિપૂજક સાંપ્રદાયિક લોકો પ્રશ્ન કરે છે કે વેદ અનન્ત છે. ઋગ્વેદની ૨૧, યજુર્વેદની ૧૨૧, સામવેદની ૧૦૦૦ અને અથર્વવેદની ૯ શાખાઓ છે. એમાંથી થોડીક જ શાખાઓ મળે છે, અને શેષ શાખાઓનો લોપ થઈ ગયો છે. માટે લુપ્ત શાખાઓમાં મૂર્ત્તિપૂજાનું અને તીર્થોનું પ્રમાણ હશે. જો ન હોય તો પુરાણોમાં ક્યાંથી આવે? જ્યારે કાર્યને જોઇ કારણનું અનુમાન થાય છે તો પછી પુરાણોને જોઇ મૂર્ત્તિપૂજાનું અનુમાન કેમ ન કરવું?

(ઉત્તર) જે વૃક્ષની જે શાખા હોય છે તે શાખા તે વૃક્ષને અનુરૂપ હોય છે. પ્રતિરૂપ હોતી નથી. શાખાઓ ભલે ન્હાની મ્હોટી હોય, પણ એમાં વિરોધ હોતો નથી. માટે વેદની જેટલી શાખાઓ મળે છે એમાં કયાંય પણ પાષાણાદિ મૂર્ત્તિપૂજાનું તેમ જળ અથવા સ્થળ તીર્થનું પ્રમાણ મળતું નથી. તો પછી એજ અનુમાન કરવું યોગ્ય છે કે લુપ્તશાખાઓમાં પણ નહિ હોય. ચાર વેદો તો સંપૂર્ણ મળે છે તો પછી એથી વિરૂદ્ધ શાખાઓ કદિપણ હોઈ શકે નહિ અને વિરૂદ્ધ હોય તો એને શાખારૂપે કોઇપણ સિદ્ધ કરી શકે નહિ.

જો વાત આમ છે તો પુરાણો વેદની શાખાઓ નથી પણ સંપ્રદાયી લોકોએ પરસ્પર વિરૂદ્ધ ગ્રન્થો બનાવી રાખ્યા છે. જો તમે પરમેશ્વરકૃત વેદને માનતા હો તો આશ્વલાયનાદિ ઋષિમુનિઓના નામથી પ્રસિદ્ધ ગ્રન્થોને વેદ શામાટે માનો છો? જેમ ડાળી અને પાંદડાંને જોઈ પીપળો, આંબો અને વડ આદિ ઝાડ જાણી

શકાય છે, તેમ ઋષિમુનિઓએ બનાવેલાં વેદાંગ, ચાર બ્રાહ્મણગ્રન્થો, અંગ, ઉપાંગ અને ઉપવેદ આદિ ગ્રન્થોનો અભ્યાસ કરી વેદોનો અર્થ સમજી શકાય છે. માટે એ ગ્રન્થોને શાખા માનવામાં આવી છે.

વેદ વિરૂદ્ધ ગ્રન્થોને પ્રમાણ માનવા અને વેદાનુકૂળ ગ્રન્થોને અપ્રમાણ માનવા એ બની શકે નહિ.

જો તમે લુપ્તશાખાઓમાં મૂર્ત્તિના પ્રમાણની કલ્પના કરશો તો કોઈ એવી પણ કલ્પના કરશે કે લુપ્તશાખાઓમાં વર્ણાશ્રમની વ્યવસ્થા ઉલટી છે. અર્થાત્–અન્ત્યજ અને શૂદ્ર નામ બ્રાહ્મણ હશે, અને બ્રાહ્મણોનું નામ અન્ત્યજાદિ હશે. અગમ્યાગમન, અકર્ત્તવ્યને કર્ત્તવ્ય, મિથ્યા ભાષણને ધર્મ, અને સત્ય ભાષણને અધર્મ આદિ લખ્યું હશે. તે વખતે તેને તમે આ પ્રમાણે જ ઉત્તર આપશો કે ઉપલબ્ધ વેદ અને પ્રસિદ્ધ શાખાઓમાં યદ્ગુણવિશિષ્ટને બ્રાહ્મણ અને યદ્ગુણવિશિષ્ટને શૂદ્ર કહેવામાં આવ્યા છે, તેને અનુસરીને જ લુપ્તશાખાઓમાં પણ કલ્પના કરવી એ જ ન્યાય છે, અન્યથા સર્વ વર્ણાશ્રમ વ્યવસ્થાનો ક્રમ નષ્ટ થઈ જશે. જૈમિનિ, વ્યાસ, અને પતંજલિ ઋષિઓના અસ્તિત્વ પર્યન્ત સર્વ શાખાઓ વિદ્યમાન હતી કે નહિ? જો કહો કે હતી તો તમે એ શાખાઓ નથી એમ કહી શકો નહિ, અને જો કહો કે ન હતી તો પછી એ શાખાઓ હતી એમાં શું પ્રમાણ છે?

જુઓ! મહર્ષિ જૈમિનિએ કર્મકાંડને માટે મીમાંસાશાસ્ત્ર, મહર્ષિ પતંજલિએ ઉપાસનાકાંડને માટે યોગશાસ્ત્ર, અને મહર્ષિ વ્યાસજીએ જ્ઞાનકાંડને માટે શારીરિક સૂત્રો, વેદાનુકૂળ લખ્યાં છે. એમાં પાષાણાદિ મૂર્ત્તિની પૂજા અને પ્રયાગ આદિ તીર્થોનું નામ પણ લખ્યું નથી. ક્યાંથી લખે? ક્યાંય પણ હોય તો લખેને! જો હોય તો લખ્યા શિવાય રહે નહિ. માટે મૂર્ત્તિપૂજાના અસ્તિત્ત્વનું અનુમાન લુપ્તશાખાઓમાં કરવું એ તદ્દન ખોટું છે.

શાખાઓ વેદ નથી, કારણ કે એમાં (શાખામાં) ઇશ્વરકૃત વેદોની પ્રતીક લઇને વ્યાખ્યા કરી છે. તથા મનુષ્યોના ઇતિહાસ આદિ લખ્યા છે. માટે શાખા કદિપણ વેદ થઇ શકતી નથી. વેદોમાં તો કેવળ મનુષ્યને વિદ્યાનો ઉપદેશ આપ્યો છે. મનુષ્યનું તો વિશેષરૂપે નામ પણ નથી, માટે મૂર્ત્તિપૂજા સર્વથા અવૈદિક જ છે.

જુઓ! મૂર્ત્તિપૂજાથી તો શ્રીમાન્ રામચંદ્ર, શ્રીકૃષ્ણ, નારાયણ અને શિવ આદિની નિંદા અને ઉપહાસ થાય છે. સર્વકોઇ જાણે છે કે તે મ્હોટા મહારાજા હતા અને તેમની સ્ત્રીઓ કે જે સીતા, રૂક્મિણી, લક્ષ્મી અને પાર્વતી હતાં. તેઓ તો મહારાણીઓ હતી; પરન્તુ પૂજારી લોકો મંદિર બનાવી એની અંદર મૂર્ત્તિઓ સ્થાપિત કરી, અને એઓના નામથી ભીખ માગે છે. અર્થાત્ એઓને ભીખારી બનાવે છે.

આ પ્રમાણે એ લોકો ભીખ માગે છે કે આવો મહારાજ! આવો શેઠજી! દર્શન કરો.

બેસો, ચરણામૃત લ્યો, કંઇ દેવને ભ્હડાવો. મહારાજ ! સીતારામ, કૃષ્ણ અને રૂકમણી, રાધા અને કૃષ્ણ, લક્ષ્મીનારાયણ તથા મહાદેવ અને પાર્વતીજીને બાળભોગ અથવા રાજભોગ જળપાન અથવા ખાનપાન કશું મળ્યું નથી. સીતાજીને નથ નથી, આપ અથવા રાણીજી બનાવી આપો. અન્ન આદિ કંઇ મોકલો તો ભોગ ધરીએ. જુઓને વસ્ત્ર બધાં ફાટી ગયાં છે, મંદિરના બધા ખુણા પડી ગયા છે. ઉપરથી ચુવે છે. દુષ્ટ ચોર લોકો બધું લઇ ગયા છે. બાકી જે કંઇ રહ્યું હતું તે ઉંદરોએ કરડી ખાધું છે. જુઓને એક દિવસ ઉંદરોએ અનર્થ કર્યો ને મૂર્ત્તિની આંખ પણ કાઢી ગયા ! ! ! હવે અમે ચાંદીની આંખ ક્યાંથી બેસાડીએ, માટે કોડીની આંખ ચ્હોંટાડી છે." રામલીલા અને રાસલીલા પણ કરાવે છે. સીતા અને રામ, રાધા અને કૃષ્ણ નાચે છે, અને એના સેવકો રાજા અને મહન્ત આદિ આનન્દથી જુએ છે. મંદિરમાં સીતા અને રામ ઉભાં છે અને પૂજારીઓ અને મહન્તજી આસન અથવા ગાદી તકીઓ લગાવી બેસે છે. ઉન્હાળામાં તાળું લગાવી અંદર પૂરી રાખે છે, અને પોતે બહાર સુંદર હવામાં પલંગ પાથરી સૂએ છે. ઘણા પૂજારીઓ તો પોતાના નારાયણને ડબીમાં પૂરી ઉપરથી કપડા આદિથી બાંધી ગળામાં વાંદરી જેમ પોતાના બચ્ચાંને લટકાવે છે તેમ લટકાવી રાખે છે. જ્યારે કોઈ મૂર્ત્તિને તોડી નાંખે છે ત્યારે હાય ! ! હાય ! ! કરતાં છાતી કૂટે છે અને બકવા માંડે છે કે સીતારામજીને, રાધાકૃષ્ણજીને અને શિવ પાર્વતીજીને દુષ્ટોએ તોડી નાંખ્યાં ! ! ! હવે બીજી મૂર્ત્તિ કે જે સારા શિલ્પીએ સંગેમરમર (આરસપત્થર) ની બનાવી હોય તેનું સ્થાપન કરી પૂજવી જોઇએ. નારાયણને ઘી શિવાય ભોગ ધરી શકાય નહિ, માટે થોડું ઘી તો અવશ્ય મોકલાવી આપવું જોઇએ. ઇત્યાદિ વાતો એવે બહાને બનાવે છે. રાસમંડળ અને રામલીલા થઇ રહ્યા પછી સીતા રામ અથવા રાધા કૃષ્ણ પાસે ભીખ મંગાવે છે. જ્યાં મેળો થાય છે ત્યાં છોકરાના શીર ઉપર મુકુટ મૂકી કન્હૈયો બનાવે છે, અને માર્ગમાં બેસાડી ભીખ મંગાવે છે. ઇત્યાદિ વાતો તમે પોતે જ વિચારો કે કેટલી બધી ખેદજનક છે. ભલા કહો તો ખરા, શું સીતા રામ આદિ એવાં દરિદ્ર હતાં ? આ બધી એમની નિન્દા અને ઉપહાસ નહિ તો બીજું શું ? એવી એવી વાતોથી આપણા માનનીય મહાપુરૂષોની નિન્દા થાય છે. જે વખતે એ મહાત્માઓ વિદ્યમાન હતા, તે વખતે આ પૂજારીઓ સીતાને, રૂકિમણીને, લક્ષ્મીને અને પાર્વતીને સડક ઉપર અથવા કોઇપણ મંદિરમાં ઉભાં રાખી ભીખ માગતા હોય અને કહેતા હોય કે આવો સીતા આદિનાં દર્શન કરો અને ભેટ ધરો તો સીતા રામ આદિ એ દુષ્ટ લોકોને દંડ આપ્યા વિના રહે નહિ અને ફરીથી કદિપણ એમ કરવા દેત નહિ. પરન્તુ જ્યારે એ મહાત્મા પાસેથી દંડ ન મળ્યો ત્યારે મૂર્ત્તિભંજકો પાસે પૂજારીઓને કુકર્મના બદલારૂપ પ્રસાદી અપાવી અને હજી પણ મળ્યા કરે છે. અને જ્યાં સુધી એવાં કુકર્મો નહિ છોડે ત્યાંસુધી બરાબર મળ્યા કરશે. એમાં શું ખોટું છે કે આર્યાવર્ત્તમાં જે મ્હોટી હાનિ થતી રહી છે તથા પાષાણાદિ મૂર્ત્તિપૂજકોનો જે પરાજય થયો છે તે એ જ કુકર્મોથી થયો છે. કારણ કે પાપનું ફળ દુઃખ હોય છે. એ જ પાષાણાદિ મૂર્ત્તિના વિશ્વાસથી ઘણી હાનિ થઇ છે, અને જો નહિ છોડે તો ઉત્તરોત્તર અધિકને અધિક થતી જશે. એ બધામાં વામમાર્ગી ઘણા મ્હોટા અપરાધી છે. જ્યારે તે લોકો ચેલા કરે છે ત્યારે સર્વ સાધારણને—

दं दुर्गायै नमः ।
भं भैरवाय नमः ।
ऐं ह्रीं क्लीं चामुण्डायै विच्चे ।

ઇત્યાદિ મન્ત્રોનો ઉપદેશ આપે છે, અને બંગાળામાં વિશેષ કરીને એકાક્ષરી મંત્રનો ઉપદેશ કરે છે. જેવા કેઃ—

ह्रीं ।
श्रीं ।
क्लीं ।

शावरतं. बं. प्रकी० प्र० ४४ ॥

ઇત્યાદિ. અને ધનાઢ્યોનો પૂર્ણાભિષેક કરે છે. એજ પ્રમાણે દસ મહાવિદ્યાનો મંત્ર,

ह्रीं ह्रीँ ह्रुं बगलामुख्यै फट् स्वाहा ।

शा० प्रकी० प्र० ४१ ॥

ક્યાંય ક્યાંય

हूं फट् स्वाहा ॥ कामरत्न तंत्र बीज मंत्र ४ ॥

અને મારણ, મોહન, ઉચ્ચાટન, વિદ્વેષણ, વશીકરણ આદિ પ્રયોગો કરે છે. તે મંત્રથી તો કંઇ થતું નથી કિન્તુ ક્રિયાથી બધું થાય છે. જ્યારે કોઇને મારવાનો પ્રયોગ કરે છે ત્યારે એ પ્રયોગ કરાવનાર પાસેથી ધન લઇ જેને તે મારવા ઇચ્છે છે તેનું લોટનું અથવા માટીનું પૂતળું બનાવે છે પછી પૂતળાની છાતીમાં, નાભિમાં, અને કંઠમાં છરા ઘોંચે છે. આંખમાં, હાથમાં, અને પગમાં ખીલા ઠોકે છે. એના ઉપર ભૈરવની અથવા દુર્ગાની મૂર્ત્તિ બનાવી હાથમાં ત્રિશૂળ આપી પૂતળાના હૃદય ઉપર લગાવે છે. વેદી બનાવી માંસ આદિનો હોમ કરવા માંડે છે. એક તરફ તે માણસને દૂત આદિદ્વારા વિષ આદિ દઇ મારવાનો પ્રયત્ન ચાલે છે. જો પોતાના પુરશ્ચરણમાં એને મારી નંખાય તો પોતાને ભૈરવ અથવા દેવી સિદ્ધ બતાવે છે. "भैरवो भूतनाथश्च" ઇત્યાદિનો પાઠ કરે છે.

मारय मारय, उच्चाटय उच्चाटय, विद्वेषय विद्वेषय, छिन्धि छिन्धि, भिन्धि भिन्धि वशीकुरु वशीकुरु, खादय खादय, भक्षय भक्षय, त्रोटय त्रोटय, नाशय नाशय, मम शत्रून् वशीकुरु २, हुं फट् स्वाहा

कामरत्न तन्त्र उच्चाटन प्रकरण मं. ५–७.

ઈત્યાદિ મન્ત્રોનો જપ કરે છે. મદ્ય માંસ યથેષ્ટ ખાય છે. ભ્રકુટીની વચ્ચે સિન્દૂરની રેખા તાણે છે. કોઈ કોઇ વખત કાળી આદિને માટે કોઇએક આદમીને પકડી મારી હોમ કરી તેનું થોડું થોડું માંસ ખાય છે. જો કોઈ ભૈરવીચક્રમાં જઇ માંસ મદ્યનું ખાનપાન ન કરે, તો તેને મારીને હોમ કરી દે છે. એમાં જે અઘોરી હોય છે તે મૃત માણસનું પણ માંસ ખાય છે. અજરી વજરી કરનારા તો વિષ્ઠા અને મૂત્ર પણ ખાય પીએ છે !

એક ચોલીમાર્ગી અને બીજો બીજમાર્ગી પણ હોય છે. ચોલીમાર્ગવાળા એક એકાન્ત સ્થાનમાં અથવા ભૂમિગૃહ (ભોંયરા) માં સ્ત્રી, પુરૂષ, બાલક, બાલિકા, બ્હેન, માતા અને પુત્રવધૂ આદિ એકઠાં થાય છે. ત્યાં બધાં ભેગા થઇ મદ્ય પીએ છે અને માંસ ખાય છે. એક સ્ત્રીને નગ્ન કરી બધા પુરૂષો તે સ્ત્રીની ગુપ્ત ઇંદ્રિયની પૂજા કરે છે, એનું નામ દુર્ગાદેવી રાખે છે. એક પુરૂષને નગ્ન કરી તેની ગુપ્તેન્દ્રિયની પૂજા બધી સ્ત્રીઓ કરે છે. મદ્ય પી પીને બધા ઉન્મત્ત બની જાય છે. પછી બધી સ્ત્રીઓનાં છાતીના વસ્ત્રો જેને ચોળીઓ કહેવામાં આવે છે તે બધાંને એક માટીના બનાવેલ માટલામાં નાંખે છે. પછી એક પછી એક પુરૂષ તે માટલામાં હાથ નાંખી એક એક ચોળી કાઢે છે. જેની ચોળી જેના હાથમાં આવી-પછી ભલે માતાની હોય, બ્હેનની હોય, કન્યાની હોય, અથવા પુત્રવધૂની હોય, પણ તે વખતે તે સ્ત્રી તે પુરૂષની તે વખતને માટે સ્ત્રી બની જાય છે. પરસ્પર કુકર્મ કરવા માંડે છે. ઘણો નિશો ચ્હડવાથી પરસ્પર જોડાંવતી લડવા પણ માંડે છે !

જ્યારે પ્રાતઃકાળે એટલે થોડું થોડું અંધારૂં હોય છે તે વખતે પોતપોતાને ઘેર જાય છે ત્યારે માતા માતા થઈ જાય છે, કન્યા કન્યા થઈ જાય છે, બ્હેન બ્હેન થઈ જાય છે અને પુત્ર વધૂ પુત્ર વધૂ થઈ જાય છે.

બીજમાર્ગી લોકો સ્ત્રી પુરૂષ પરસ્પર સમાગમ કરી પાણીમાં વીર્ય મેળવી પીએ છે. એવા કુકર્મોને મુક્તિનું સાધન માને છે ! ! વિદ્યાથી, વિચારથી અને સજ્જનતાથી રહીત થાય છે.

(પ્રશ્ન) શૈવમતવાળા તો સારા હોય છે ને ?

(ઉત્તર) સારા ક્યાંથી હોય, જેવો પ્રેતનાથ તેવો ભૂતનાથ ! જેમ વામમાર્ગીઓ મંત્રોપદેશથી ધન હરે છે તેમ શૈવ લોકો પણ " **ओ३म् नमः शिवाय** " ઇત્યાદિ પંચાક્ષરાદિ મંત્રોનો ઉપદેશ કરે છે, રૂદ્રાક્ષ અને ભસ્મ ધારણ કરે છે, માટીના પાષાણના લિંગો બનાવી પૂજે છે અને હર હર, બં બં અને બકરાના શબ્દની પેઠે બડ બડ બડ મુખથી શબ્દ કરે છે. એનું કારણ તે આ પ્રમાણે બતાવે છે, કે તાળી વગાડવાથી અને બં બં શબ્દ બોલવાથી પાર્વતી પ્રસન્ન અને મહાદેવ અપ્રસન્ન થાય છે કારણ કે જ્યારે ભસ્માસુર પાસેથી મહાદેવ ભાગ્યા હતા ત્યારે બં બં અને ઠઠ્ઠાની તાળીઓ પડી હતી. અને ગાલ વગાડવાથી પાર્વતી અપ્રસન્ન અને મહાદેવ પ્રસન્ન થાય છે. કારણ કે પાર્વતીના પિતા દક્ષ પ્રજાપતિનું શિર કાપી અગ્નિમાં નાંખી એના ધડ ઉપર બકરાનું માથું મૂકી દીધું હતું, માટે ગાલ વગાડવાથી તે બકરાના શબ્દનું અનુકરણ થાય છે.

શિવરાત્રિના પ્રદોષનું વ્રત કરવું આદિ મુક્તિનાં સાધનો માને છે. માટે જેમ વામમાર્ગી ભ્રાન્ત છે તેમ શૈવ પણ ભ્રાન્ત છે. એમાં વિશેષ કરી કાનફટા, નાથ, ગિરી, પુરી, વન, આરણ્ય, પર્વત અને સાગર તથા ગૃહસ્થ પણ શૈવ થાય છે. કોઈ કોઇ વખત બન્ને ઘોડા ઉપર ચ્હડે છે અર્થાત્ વામમત અને શૈવમત બન્ને માને છે. અને કેટલાક વૈષ્ણવ પણ રહે છે.

अन्तः शाक्ता बहिश्शैवाः सभामध्ये च वैष्णवाः ।
नानारूपधराः कौला विचरन्ति महीतले ॥

આ તંત્રગ્રન્થનો શ્લોક છે અન્દર તો શાક્ત એટલે વામમાર્ગી હોય છે, પણ શૈવ એટલે રૂદ્રાક્ષ અને ભસ્મ ધારણ કરે છે. અને સભામાં પોતાને વૈષ્ણવ કહે છે. એવા અનેક રૂપ ધારણ કરી વામમાર્ગીઓ પૃથિવી ઉપર ફરે છે.

(પ્રશ્ન) વૈષ્ણવ તો સારા છે કે?

(ઉત્તર) શું ધૂળ સારા છે! જેવા તે તેવા એ. સાંભળો વૈષ્ણવની લીલા. વૈષ્ણવ લોકો પોતાને વિષ્ણુના દાસ સમજે છે. એમાં શ્રીવૈષ્ણવ કે જે ચક્રાંકિત હોય છે તેઓ પોતાને સર્વોપરિ માને છે, તે પણ કંઇ નથી.

(પ્રશ્ન) કેમ કંઈ નથી? જુઓ બધું છે. લલાટમાં નારાયણના ચરણારવિન્દ જેવું તિલક, વચમાં પીળી રેખા એ "શ્રી" કહેવાય છે. માટે અમે શ્રીવૈષ્ણવ કહેવાઇએ છીએ. નારાયણ શિવાય બીજા કોઇને પણ માનતા નથી. મહાદેવના લિંગનાં દર્શન પણ નથી કરતા, કારણ કે અમારા લલાટમાં "શ્રી" વિરાજ માન છે માટે એ (લીંગ)ના દર્શન કરવાથી "શ્રી" લજ્જિત થાય છે. "આલમન્દારાદિ" સ્તોત્રોનો પાઠ કરીએ છીએ. નારાયણની મંત્રપૂર્વક પૂજા કરીએ છીએ. માંસ અને મદ્યનું સેવન કરતા નથી, તો પછી અમે કેમ સારા નહિ?

(ઉત્તર) આ તમારા તિલકને હરિના ચરણની આકૃતિ અને પીળી રેખાને શ્રી માનવી એ વ્યર્થ છે. કારણ કે આ તો હાથની કારીગરી છે અને લલાટનું ચિત્ર છે. જેમ હાથીનું લલાટ ચિત્રવિચિત્ર કરવામાં આવે છે, તેમ તમારા લલાટમાં વિષ્ણુના પગનું ચિન્હ ક્યાંથી આવ્યું. શું કોઇ વૈકુંઠમાં જઈ વિષ્ણુના પગનું ચિન્હ લલાટમાં કરી આવ્યા છે?

વિવેકી— શ્રી જડ કે ચેતન?

વૈષ્ણવ— ચેતન છે.

વિવેકી— તો આ રેખા જડ છે માટે શ્રી નથી.

અમે પૂછીએ છીએ કે "શ્રી" બનાવેલી છે કે બનાવેલી નથી? અર્થાત્ સ્વયંસિદ્ધ છે. જો કહો કે બનાવેલી નથી અર્થાત્ સ્વયંસિદ્ધ છે તો આ શ્રી

થઈ શકતી નથી કારણ કે આને તમે રોજ તમારા હાથથી બનાવો છો, જો તમારા લલાટમાં શ્રી હોય તો કેટલાક વૈષ્ણવોના ખરાબ મ્હોઢાઓ શોભાહીન કેમ દેખાય છે. જ્યારે લલાટમાં શ્રી છે તો પછી ઘેર ઘેર ભીખ માગી અને સદાવર્ત્ત લઈ શામાટે પેટ ભરો છો. આ વાત દુરાગ્રહી અને નિર્લજ્જોની છે કે-કપાળમાં તો શ્રી અને મહાદરિદ્રોનું કામ કરવું.

વૈષ્ણવમતમાં એક " પરિકાલ " નામનો ભક્ત હતો. તે ચોરી, લૂટ, અને મારામારી કરી તથા છળ કપટ કરી બીજાનું ધન હરી લઇ વૈષ્ણવોને ધરી પ્રસન્ન થતો હતો. એક વખત ચોરીમાં તેને કશો પણ પદાર્થ મળ્યો નહિ, કંઇ લૂંટ પણ મળી નહિ, માટે વ્યાકુળ થઇ ફરતો હતો. નારાયણે વિચાર કર્યો કે મ્હારો ભક્ત દુઃખી થાય છે, માટે નારાયણે પોતે શેઠજીનું સ્વરૂપ ધારણ કરી હાથમાં વીંટી આદિ આભૂષણો પ્હેરી રથમાં બેશી પરિકાલ પાસે આવ્યા. પરિકાલ રથની પાસે ગયો અને કહ્યું કે શેઠજી ! બધી વસ્તુ જલદી ઉતારી આપો, નહિ તો મારી નાંખીશ. શેઠ ઉતારવા લાગ્યા, વીંટી ઉતારતાં જરા વાર લાગી એટલે પરિકાલે શેઠ (નારાયણ) ની આંગળી કાપી વીંટી લઇ લીધી. તેથી નારાયણ ઘણા પ્રસન્ન થયા ! ચતુર્ભુજ શરીર બનાવી દર્શન દીધું, અને કહ્યું કે તું મ્હારો પ્રિય ભક્ત છે. કારણ કે ચોરી તથા લૂંટ આદિથી મળેલા ધનથી વૈષ્ણવોની સેવા કરે છે માટે તું ધન્ય છે. પછી તેણે વૈષ્ણવ પાસે જઇ બધાં ઘરેણાં ધર્યાં !

એક વખત કોઇ સાહૂકારે પરિકાલને નોકર રાખી એક વહાણમાં સાથે લીધો અને તે શાહૂકાર સાથે દેશાન્તરમાં ગયો. વહાણમાં સોપારી ભરી હતી. પરિકાલે એક સોપારી લઇ બે કકડા કર્યા. પરિકાલે અર્ધી સોપારી લઇ શેઠને કહ્યું કે આ અર્ધી સોપારી વહાણમાં મૂકી દો અને લખી આપો કે " અર્ધી સોપારી પરિકાલની " વાણીઆએ કહ્યું કે એમાં શું, જોઇએ તો હજારો સોપારી લઈ લેજો. પરિકાલે કહ્યું કે હું અધર્મી નથી, કે જેથી હું અસત્ય બોલું, મ્હારે તો અર્ધી સોપારી જોઇએ. વાણીઓ બિચારો ભોળો હતો. માટે તેમ લખી આપ્યું. જ્યારે પોતાના દેશમાં બંદર ઉપર વહાણ આવ્યું અને સોપારી ઉતારવાની તૈયારી થઈ, ત્યારે પરિકાલે કહ્યું કે " અમારી અર્ધી સોપારી આપો. " વાણીઓ તે જ અર્ધી સોપારી આપવા લાગ્યો. ત્યારે પરિકાલ કજીઓ કરવા મંડયો કે મારી તો અર્ધી સોપારી છે, માટે વહાણમાંથી અર્ધી સોપારી વહેંચી આપો. ઝઘડો વધી પડયો, છેવટ રાજપુરૂષ સુધી ઝઘડો પહોંચ્યો. પરિકાલે વાણીએ લખી આપેલો લેખ બતાવ્યો. એમાં ' અર્ધી સોપારી ' આપવા લખ્યું હતું. વાણીઆએ ઘણુંયે કહ્યું પણ માનવામાં ન આવ્યું. પરિકાલે અર્ધી સોપારી લઈ વૈષ્ણવોને અર્પણ કરી. ત્યારે વૈષ્ણવો ઘણા પ્રસન્ન થયા. અદ્યાવધિ એ લૂંટારા ચોર પરિકાલની મૂર્ત્તિ મંદિરોમાં રાખે છે. એ કથા ભક્તમાળમાં લખી છે એથી બુદ્ધિમાન્ લોકો સમજી લે કે વૈષ્ણવ અને તેના સેવકો તથા નારાયણ એ ત્રિપુટી (ત્રણની મંડળી) ચોરની મંડળી છે કે નહિ ! જો કે મતમતાન્તરોમાં થોડોક ભાગ સારો પણ હોય છે, પણ એ મતમાં રહેવું એ સર્વથા ઠીક નથી.

હવે જુઓ વૈષ્ણવોમાં ફૂટફાટ. એ લોકો ભિન્ન ભિન્ન તિલક અને કંઠી ધારણ કરે છે. રામાનન્દી લોકો બેઉ બાજુ ગોપીચંદન અને વચમાં લાલ રેખા કહાડે છે. નીમાવત લોકો બેઉ બાજુ પાતળી રેખા અને વચમાં કાળું બિન્દુ કરે છે. માધવ લોકો કાળી રેખા કરે છે. ગૌડ અને બંગાળી લોકો કટારી જેવું કરે છે. રામપ્રસાદવાળા બે રેખાની વચ્ચે બે ગોળ ચાંલ્લા કરે છે, ઇત્યાદિ.

એ લોકોનું કથન પણ ભિન્ન ભિન્ન છે. રામાનન્દી લોકો નારાયણના હૃદયમાં લાલ રેખામાં લક્ષ્મીનું ચિન્હ માને છે, અને ગોંસાઇ લોકો શ્રીકૃષ્ણચંદ્રજીના હૃદયમાં રાધા વિરાજમાન છે એમ કહે છે.

ભક્તમાળમાં એક આ પ્રમાણે કથા લખી છે:—એક માણસ વૃક્ષ નીચે સૂતો હતો. સૂતા સૂતા જ મરી ગયો. તેના ઉપર કાગડે વિષ્ઠા કરી હતી, તે તેના લલાટ ઉપર તિલકાકાર થઇ ગઈ. ત્યાં તેને યમના દૂતો લેવા આવ્યા. એટલામાં વિષ્ણુના દૂતો પણ પહોંચી ગયા. બન્ને પક્ષના દૂતો વિવાદ કરતા હતા એક પક્ષના કહેતા હતા કે અમારા સ્વામીની આજ્ઞા છે માટે અમે એને યમલોકમાં લઇ જઇશું. વિષ્ણુના દૂતો કહેતા હતા કે જુઓ આના લલાટમાં વૈષ્ણવિ તિલક છે, તમે કેવી રીતે લઇ જશો? ત્યારે તો યમદૂતો ચૂપ થઇ ચાલ્યા ગયા. પછી વિષ્ણુના દૂતો એને સુખેથી વૈકુંઠમાં લઈ ગયા. જ્યારે અકસ્માત તિલક બની જવામાં એટલું બધું માહાત્મ્ય છે, તો પછી જે લોકો પોતાને હાથે પ્રેમથી તિલક કરે છે તેઓ નરકમાં જતા અટકી વૈકુંઠમાં જાય એમાં શું આશ્ચર્ય છે?

અમે પૂછીએ છીએ કે જ્યારે ન્હાનું તિલક કરવાથી વૈકુંઠમાં જાય છે તો સંપૂર્ણ મુખ ઉપર લેપ કરવાથી, કાળું મ્હોં કરવાથી અથવા શરીર ઉપર લેપન કરવાથી વૈકુંઠ કરતાં દૂર જાય છે કે નહિ? વાસ્તવમાં એ બધી વાતો ખોટી છે.

એમાંના કેટલાક ખાખી લોકો લાકડાની લંગોટી લગાવી, ધુણી તપાવી, જટા વધારી સિદ્ધનો વેષ ધારણ કરે છે. બગલાની માફક ધ્યાનાવસ્થિત થાય છે. ગાંજાનો, ભાંગનો અને ચરસનો દમ લગાવી આંખ લાલ બનાવી રાખે છે. બધાની પાસે ચપટી ચપટી અન્ન, લોટ, કોડી અને પૈસા માગતા ફરે છે. ગૃહસ્થોના છોકરાઓને બહકાવી ચેલા બનાવી લે છે. ઘણે ભાગે એમાં મજુર લોકો હોય છે, જો કોઈ વિદ્યા ભણવાને ઇચ્છતો હોય, તો તેને ભણવા દેતા નથી, અને ઉલટું સમજાવે છે કે—"पठितव्यं तदपि मर्त्तव्यं दन्तकटाकटेति किं कर्त्तव्यम्॥

સન્તોને વિદ્યા ભણવાથી શું કામ છે? કારણ કે વિદ્યા ભણનારા પણ મરી જાય છે તો પછી દંત કટાકટ શામાટે કરવું? સાધુઓએ ચાર ધામ ફરી આવવાં, સંતોની સેવા કરવી અને રામજીનું ભજન કરવું.

જો કોઇએ અવિદ્યાની મૂર્ત્તિ મૂર્ખને ન જોયા હોય તેણે ખાખાજીનાં દર્શન કરી લેવા. એની પાસે જે જાય છે તેને બચ્ચા, બચ્ચી કહે છે, ભલે પછી તે ખાખીજીનો બાપ હોય અથવા મા તુલ્ય હોય.

રૂખંડ, સૂખંડ, ગોદડીઆ, જમાતવાળા, સુતરેસાંઈ, અકાલી, કાનફ્ટા, જોગી અને ઓઘડ એ બધા એક જ પ્રકારના છે.

એક ખાખીનો ચેલો હતો તે "**श्रीगणेशाय नमः**" ગોખતો ગોખતો કુવા ઉપર પાણી ભરવા ગયો, ત્યાં એક પંડિત બેઠો હતો. તેણે તે ચેલાને "**स्री गनेसाजन में**" પાઠ કરતો જોયો. પંડિત બોલ્યો, અરે સાધુ તું અશુદ્ધ ગોખે છે, "**श्री गणेशाय नमः**" એમ ગોખ. સાધુ પાણીનો લોટો ભરી ઝટ ગુરૂજીની પાસે ગયો અને કહ્યું કે "એક બમ્મન મેરે ગોખને કો અશુદ્ધ કહતા હે." એ સાંભળી ખાખીજી ઝટ ઉઠી કુવા ઉપર જઈ પંડિતને કહ્યું કે "તૂં મેરે ચેલેકો બહકાતા હે ? તૂં ગુરૂ કી લંડી ક્યા પઢા હે ? દેખ તૂં એક પ્રકારકા પાઠ જાનતા હેં હમ તીન પ્રકારકા જાનતા હેં "**स्रीगनेसाजन्न मे**" "**स्रीगनेसायन्नमें**" **श्री गनेसायनमें.**"

પંડિત— સાંભળો સાધુજી, વિદ્યાનો વિષય ઘણો કઠિન છે. ભણ્યા શિવાય તે સમજી શકાતો નથી.

ખાખી— ચલ બે, સબ વિદ્વાન્ કો હમને રગડ મારે, જો ભાંગ મેં ઘોટ એકદમ સબ ઉડા દિયે. સંતો કા ઘર બડા હે તૂં બામ્હુડા ક્યા જાને.

પંડિત— જુઓ સાધુજી, જો તમે વિદ્યા ભણ્યા હોત તો એવો અપશબ્દ બોલત નહિ, તમને સર્વપ્રકારનું જ્ઞાન હોત.

ખાખી— અબે તૂં હમારા ગુરૂ બનતા હે, તેરા ઉપદેશ હમ નહિ સુનતે.

પંડિત— ક્યાંથી સાંભળો, બુદ્ધિ જ નથી તેને ઉપદેશ સાંભળવાને તથા સમજવાની પણ બુદ્ધિ જોઇએ.

ખાખી— જો સબ વેદ શાસ્ત્ર પઢે, સંતોકો ન માને તો જાનો કિ વહ કુચ્છ નહિ પઢા.

પંડિત— અમે સંતોની સેવા કરીએ છીએ, પણ તમારા જેવા હુર્દંગોની નથી કરતા, કારણ કે સન્ત એને કહે છે કે જે સજ્જન, વિદ્વાન્, ધાર્મિક અને પરોપકારી છે.

ખાખી— દેખ હમ રાત દિન નંગે રહતે હેં, ધૂની તાપતે હેં, ગાંજા ચરસકે સેંકડો દમ લગાતે હેં, તીન તીન લોટા ભાંગ પીતે હેં ઔર ગાંજા, ભાંગ ઔર ધત્તૂરા કે પત્ત કી ભાજી બનાતે હેં, સંખિયા ઔર અફીમ ભી ચટ નિગલ જાતે હેં, નશામેં ગર્ક રાત દિન બેગમ રહતે હેં. દુનિયાં કો કુચ્છ નહિ સમજતે. ભીખ માંગકર ટિક્કડ બનાકર ખાતે હેં, રાતભર ઐસી ખાંસી આતી હે જો પાસમેં સોવે ઉસકો ભી નીંદ કભી ન આવે ઇત્યાદિ સિદ્ધિયાં ઔર સાધુપન હમમેં હેં, ફિર તૂ હમારી નિન્દા ક્યોં કરતા હેં ? ચેત્ બાબૂડે જો હમકો દિક્ક કરેગા હમ તુમકો ભસમ કર ડાલેંગે.

પંડિત— એ બધાં લક્ષણ અસાધુ, મૂર્ખ અને ગબડગંડોનાં છે સાધુઓનાં નહિ. સાંભળો, " साघ्नोति पराणि धर्मकार्याणि स साधुः " જે ઉત્તમ ધાર્મિક કાર્ય કરે, હમેશાં પરોપકારમાં પ્રવૃત્ત રહે, જેમાં કોઇપણ દુર્ગુણ ન હોય, વિદ્વાન્ હોય અને સત્યોપદેશથી સર્વનો ઉપકાર કરે તે સાધુ કહેવાય છે.

ખાખી— ચલ બે, તૂ સાધુ કે કર્મ ક્યા જાને, સન્તોકા ઘર બડા હૈ, સન્તસે અટકના નહિ, નહિ તો દેખ એક ચીમટા ઉઠાકર મારેગા કપાલ ફુડ ડાલેગા.

પંડિત— ઠીક, ખાખી જાવ તમારા આસન ઉપર, મ્હારી સાથે વધારે ગુસ્સે ન થાવ. જાણો છો રાજ્ય કેવું છે? કોઇને મારશો તો પકડાઇ જશો. કેદખાનું ભોગવવું પડશે. નેતર સોટી ખાશો અથવા તમને કોઇ મારી બેસશે તો શું કરશો? એ સાધુનું લક્ષણ નથી.

ખાખી— ચલ બે ચેલે, કિસ રાક્ષસકા મુખ દિખલાયા.

પંડિત— તમે કદિપણ કોઇ મહાત્માનો સંગ કર્યો નથી, નહિ તો આવા જડ મૂર્ખ ન રહ્યા હોત.

ખાખી— હમ આપહી મહાત્મા હૈ હમકો કિસી દૂસરેકી ગર્જ નહિ.

પંડિત— જેનું ભાગ્ય ખરાબ હોય છે ત્હેને જ તમારા જેવી બુદ્ધિ અને અભિમાન થાય છે.

ખાખી ચાલ્યો ગયો અને પંડિત પણ ઘેર ગયો. સાંજે જ્યારે સંધ્યા આર્તી થઇ રહી ત્યારે ઘણા ખાખીઓ એ ખાખીને વૃદ્ધ સમજી "ડંડોત ડંડોત" કહેતા સાષ્ટાંગ કરી બેઠા. પેલા વૃદ્ધ ખાખીએ પૂછ્યું—"અબે રામદાસિયા! તૂ ક્યા પઢા હૈ?"

રામદાસ— મહારાજ મૈંને "વેસ્નુસહસરનામ" પઢા હૈ.

ખાખી— અબે ગોવિન્દદાસિયા! તૂ ક્યા પઢા હૈ?

ગોવિન્દદાસિયા— મૈંને "રામસતવરાજં" પઢા હૈ, અમુક ખાખીજી કે પાસસે.

ત્યારે રામદાસ બોલ્યો કે "મહારાજ આપ ક્યા પઢે હૈ?

ખાખીજી—હમ ગીતા પઢે હૈં?

રામદાસ—કિસકે પાસ?

ખાખીજી—ચલબે છોકરે, હમ કિસીકો ગુરૂ નહિ કરતે. દેખ હમ પરાગરાજમેં રહેતે થે હમકો અક્ખર નહીં આતા થા, જબ કિસી લમ્બી ધોતીવાલા પંડિત કો દેખતા થા, તબ ગીતાકે ગોટકે મેં પૂછતા થા, કિ ઇસ કલંગીવાલે અક્ખર કા ક્યા નામ હૈ? ઐસે પૂછતા પૂછતા અઢારા અધ્યાય ગીતા રગડ મારી ગુરૂ એક ભી નહિ કીયા."

ભલા એવા વિદ્યાના શત્રુઓમાં અવિદ્યા ઘર કરી ન રહે તો કયાં જાય ?

એ લોકો નશો, પ્રમાદ, લડવું, ખાવું, સૂવું, ઝાંઝ પીટવાં, ઘંટા, ઘડીઆળ અને શંખ વગાડવા, ધુણી અને ચિતા રાખવી, ન્હાવું, ધોવું અને બધી દિશામાં વ્યર્થ ફર્યા કરવું એ શિવાય કંઇપણ કામ કરતા નથી. કોઇ પત્થરને પણ પીગળાવી નાંખે પણ એ ખાખીઓને બોધ કરવો કઠણ છે. કારણ કે એ લોકો બહુધા શૂદ્ર, મજુર, કિસાન, (ખેડુત) કહાર (વાંસણ માંજનારા-ધાટી) આદિ, મજુરીને છોડી, શરીરે રાખ ચોળી વેરાગી ખાખી બની જાય છે. એઓને વિદ્યાનું તથા સત્સંગનું માહાત્મ્ય ધ્યાનમાં આવતું નથી. એઓમાં 'નાથ' લોક હોય છે તેઓનો મંત્ર આ પ્રમાણે છેઃ—

" नमः शिवाय "

ખાખીઓનો મંત્ર—

" नृसिंहाय नमः । "

રામાવતોનો મંત્ર—

" श्रीरामचन्द्राय नमः । " અથવા **" सीतारामाभ्यां नमः "**

કૃષ્ણોપાસકોનો મંત્ર—

" श्रीराधाकृष्णाभ्यां नमः " " नमो भगवते वासुदेवाय "

બંગાળીઓનો મંત્ર—

" गोविन्दाय नमः "

એ મંત્રો કાનમાં ફૂકી-બોલી શિષ્ય કરી લે છે. અને એવી એવી શિક્ષા આપે છે કે, " બચ્ચે તૂંબેકા મંત્ર પઢ લે. "

जलपवितर सथल पवितर और पवितर कुआ ।
शिव कहे सुन पार्वती तूंबा पवितर हुआ ॥"

ભલા એ લોકોની, સાધુ અથવા વિદ્વાન્ થવાની અથવા જગત્ ઉપર ઉપકાર કરવાની યોગ્યતા હોઇ શકે ખરી ? ખાખી લોકો રાત દિવસ લાકડાં અને છાણા બાળ્યા કરે છે. એક માસમાં કેટલાએક રૂપીઆનાં લાકડાં બાળી નાંખે છે. જો એક માસના લાકડાની કીંમતનો એક કામળો અથવા કંઇ બીજું વસ્ત્ર લઇ લે તો શતાંશ ધનથી આનન્દમાં રહે. પણ એ લોકોને એટલી બુધ્ધિ ક્યાંથી આવે ? વળી પોતાનું નામ એજ ધુણીમાં તાપવાથી " તપસ્વી " રાખ્યું છે ! જો એ પ્રકારે તપસ્વી થવાતું હોય, તો જંગલી મનુષ્યો એના કરતાં પણ વધારે તપસ્વી થઇ જાય. જો જટા વધારવાથી, રાખ લગાવાથી અને તિલક

કરવાથી તપસ્વી થવાતું હોય તો સર્વ કોઈ એમ કરી તપસ્વી થઇ જાય એ લોકો ઉપરથી ત્યાગસ્વરૂપ બતાવે છે પણ અંદરખાને મહાસંગ્રહી હોય છે.

(પ્રશ્ન) કબીરપન્થી તો સારા છે ને ?

(ઉત્તર) નહિ.

(પ્રશ્ન) કેમ સારા નહિ? એઓતો પાષાણાદિ મૂર્તિપૂજાનું ખંડન કરે છે. કબીર સાહેબ ફુલમાંથી ઉત્પન્ન થયા, અને અંતમાં ફુલ થઇ ગયા. જ્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવનો જન્મ નહિ હતો ત્યારે પણ કબીર સાહેબ હતા એવા મ્હોટા સિદ્ધ હતા કે જે વિષયને વેદ અને પુરાણ પણ નથી જાણી શકતા, તેને પણ કબીર જાણે છે. જે સાચો રસ્તો છે તે કબીરે બતાવ્યો છે. એનો મંત્ર " सत्य नाम कबीर " આદિ છે.

(ઉત્તર) પાષાણ આદિને છોડી, પલંગ, ગાદી, તકીઆ, ચાખડીઓ અને જ્યોતિ એટલે દીપ આદિને પૂજવું, એ પાષાણાદિ મૂર્તિથી ન્યૂન નથી. શું કબીર સાહેબ ભમરા હતા કે કળી હતા. કે જેથી ફુલથી ઉત્પન્ન થયા ! અને અંતમાં ફુલ થઇ ગયા ! આ વિષયમાં નીચેની કથા સંભળાય છે તેજ વાસ્તવિક હશે.

" કોઇ એક વણકર કાશીમાં રહેતો હતો, એને પુત્ર વા પુત્રી નહિ હતાં. એક વખતે થોડી રાત્રિ બાકી હતી તે વખતે તે વણકર એક ગલીમાં ચાલ્યો જતો હતો. ચાલતાં ચાલતાં તેણે સડક ઉપર જોયું, તો સડકની એક બાજુ ફુલથી ભરેલી ટોપલીમાં એ જ રાત્રિનું જન્મેલું બાળક હતું. તેને લઇ વણકર ઘેર પોતાની સ્ત્રીને એ બાળક આપ્યું, તેણે તેનું પાલન કર્યું. જ્યારે તે મ્હોટો થયો ત્યારે તે વણકરનું કામ કરતો હતો. એક વખત તે કોઇ પંડિતની પાસે સંસ્કૃત ભણવાને ગયો પણ પંડિતે તેનું અપમાન કર્યું, અને કહ્યું કે–' અમે વણકરને નથી ભણાવતા ' એ પ્રમાણે કેટલાએક પંડિતો પાસે ગયો પરન્તુ કોઇએ ભણાવ્યો નહિ, ત્યારે તે ઉટપટાંગ ભાષા બનાવી વણકર આદિ નીચ લોકોને સમજાવવા લાગ્યો. તૂંબર લઇને ગાતો હતો અને ભજન બનાવતો હતો વિશેષતઃ પંડિતોની અને વેદશાસ્ત્રોની નિંદા કર્યા કરતો હતો. કેટલાક મૂર્ખ લોકો એની જાળમાં ફસાઇ ગયા. જ્યારે એ મરી ગયો ત્યારે લોકોએ એને સિદ્ધ બનાવી દીધો. એણે જે જે બનાવ્યું હતું, તે એના ચેલાઓ ભણતા હતા. કાન બંધ કર્યા પછી જે શબ્દ સંભળાય છે એને " અનહત શબ્દ " સિદ્ધાન્તરૂપે ઠરાવ્યો છે. મનની વૃત્તિને " સુરતી " કહે છે. એને (સુરતીને) એ શબ્દમાં (અનહત શબ્દમાં) લગાવવી એને સન્ત અને પરમેશ્વરનું ધ્યાન કહે છે. ત્યાં કાળ પહોંચતો નથી. બરછીના જેવું તિલક અને ચંદનાદિ લાકડાના ગાંઠા બાંધે છે. ભલા વિચારી જુઓ કે એમાં આત્માની ઉન્નતિ શી છે અને એનાથી કઇ જ્ઞાનની વૃદ્ધિ થાય છે ! એ તો માત્ર બાળકોની રમતના જેવી રમત છે.

(પ્રશ્ન) પંજાબદેશમાં નાનકજીએ એક માર્ગ ચલાવ્યો છે, તે પણ મૂર્ત્તિનું ખંડન કરે છે. તેણે માણસોને મુસલમાન થતા અટકાવ્યા છે. એ લોકો સાધુ નહિ થતાં ગૃહસ્થ જ બની રહ્યા છે. જુઓ એમણે આ મંત્રનો ઉપદેશ કર્યો છે, એથી વિદિત થાય છે કે એમનો આશય ઉમદા છે.

ओं सत्यनाम कर्ता पुरुष निर्भो निर्वैर अकालमूर्त अजोनि सहभंगुरु प्रसाद जप आदि सच जुगादि सच है भी सच नानक होसी भी सच ॥ जपजी पौड़ी ॥ १ ॥

અર્થ:—

(ઓ૩મ્) જેનું નામ સત્ય છે. તે પુરૂષ કર્ત્તા છે નિર્ભય અને વૈરરહિત છે. કાળરહિત છે. અમૂર્ત્ત છે, યોનિમાં આવતો નથી, પ્રકાશમાન છે. એનો જપ ગુરૂની કૃપાથી કર. આદિમાં જે સાચો હતો. યુગોની આદિમાં જે સાચો હતો, વર્ત્તમાનમાં જે સાચો છે અને ભવિષ્યમાં પણ સાચો જ રહેશે.

(ઉત્તર) નાનકજીનો આશય તો સારો હતો, પણ વિદ્યા જરાપણ નહતી. હા, એ દેશના ગામોની જે ભાષા હતી તેને જાણતા હતા. વેદાદિ શાસ્ત્રો તથા સંસ્કૃત કાંઇપણ જાણતા નહતા. કારણ કે જો જાણતા હોત તો "નિર્ભય" શબ્દને "નિર્ભો" લખત નહિ. એનું દૃષ્ટાન્ત એમણે બનાવેલું સંસ્કૃતિસ્તોત્ર છે. એ ઇચ્છતા હતા કે સંસ્કૃતમાં પણ પગ લગાવું. પરન્તુ ભણ્યા શિવાય સંસ્કૃત કયાંથી આવડે ? હા, એ ગ્રામીણો કે જે સંસ્કૃત જરા પણ જાણતા નહતા અને જેણે કદિ સાંભળ્યું પણ નહતું, એઓની સામે સંસ્કૃતિ બનાવી સંસ્કૃતમાં પણ પંડિત બની ગયા હશે. એ વાત પોતાની માનપ્રતિષ્ઠાની ઇચ્છા સિવાય તથા પ્રખ્યાતિકામના સિવાય કદિપણ બની શકે નહિ. એમને માનપ્રતિષ્ઠાની ઇચ્છા અવશ્ય હતી. નહિંતો જેવી ભાષા પોતે બોલતા હતા તેવીજ બોલ્યા કરત અને લખ્યા કરત અને આમપણ કહી દેવું ઉચિત હતું કે હું સંસ્કૃત જાણતો નથી. જ્યારે થોડુઘણું અભિમાન હતું ત્યારે તો માનપ્રતિષ્ઠાને માટે દંભ પણ કર્યો હશે. એથીજ એમના ગ્રન્થમાં જ્યાં ત્યાં વેદોની નિંદા અને સ્તુતિ છે. કારણ કે જો એમ ન કરતે તો કોઇ તેમની પાસે આવી વેદનો અર્થ પૂછત અને જો ન આવડત તો પ્રતિષ્ઠા નષ્ટ થઈ જાત. માટે પ્રથમથી જ પોતાના શિષ્યો પાસે કંઇ કંઇ વેદોથી વિરૂદ્ધ બોલતા હતા. અને કંઇ કંઇ વેદને માટે સારૂં બોલતા હતા! કારણકે જો એમ ન કહેત તો લોકો તેમને નાસ્તિક બનાવત.

જેમકે-

वेद पढ़त ब्रह्मा मरे चारों वेद कहानि।
साधकी महिमा वेद न जाने ॥
सुखमनी पौड़ी ७। चौ० ८॥
नानक ब्रह्मज्ञानी आप परमेश्वर ॥ सु० पौ० ८। चौं० ६॥

શું વેદ ભણનારા મરી ગયા! અને નાનકજી આદિ પોતાને અમર સમજતા હતા? શું તે નથી મરી ગયા? વેદ તો સર્વ વિદ્યાનો ભંડાર છે. પણ જે ચારો વેદને કહાણી કહે છે તેની બધી વાત કહાણી છે. જે મૂર્ખ લોકો સાધુ થાય છે તે વેદનો મહિમા જરાપણ જાણતા નથી. જો નાનકજી વેદને જ માન આપત તો એમનો સંપ્રદાય કદિપણ ચાલત નહિ અને તેથી તે ગુરૂ પણ બની શકત નહિ. કારણ કે તે સંસ્કૃત વિદ્યા તો ભણ્યા જ નહોતા કે જેથી બીજાને ભણાવીને શિષ્ય બનાવી શકે.

એ વાત સાચી છે કે જે વખત નાનકજી પંજાબમાં થયા હતા તે વખતે પંજાબ સંસ્કૃતવિદ્યાથી રહિત હતો અને મુસલમાનોથી પીડિત હતો; એ વખતે એમણે કેટલાક લોકોને બચાવ્યા હતા. નાનકજીના અસ્તિત્વમાં એમનો સંપ્રદાય કંઇ વિસ્તૃત ન હતો તથા શિષ્યો પણ વધારે ન હતા. પરન્તુ અવિદ્વાનોની એક એવી રીત છે કે મર્યા પછી મરનારને સિદ્ધ બનાવી દેવો. પછીથી ઘણું માહાત્મ્ય વધારી ઇશ્વર સમાન માની લેવો. નાનકજી મ્હોટા ધનાઢ્ય અથવા ગરાસદાર નહિ હતા, પરન્તુ એમના ચેલાઓએ "નાનકચન્દ્રોદય" અને "જન્મશાખી" આદિમાં મહાસિદ્ધ અને મહાઐશ્વર્યવાન્ લખ્યા છે. લખ્યું છે કે-નાનકજી બ્રહ્મા આદિને મળ્યા. વાતચીત કરી. બધાએ એમનું માન્ય રાખ્યું. નાનકજીના વિવાહમાં અનેક હાથી, ઘોડા, રથ, સોનું, ચાંદી, મોતી, પરવાળા, રત્નજડિત દાગીના હતા અને અમૂલ્ય રત્નોનો તો કોઇ પારાવાર ન હતો, એમ લખ્યું છે. ભલા એ ગપોડા નથી તો બીજું શું છે? એ લખવામાં એના ચેલાનો દોષ છે નાનકજીનો નહિ. એમની પછી એમના પુત્રોથી ઉદાસી ચેલાઓ અને રામદાસ આદિથી નિર્મળા સાધુઓ થયા. કેટલાએક ગાદીવાળાઓએ ભાષાનાછંદો બનાવી 'ગ્રંથ' માં મેળવ્યા છે. ગુરૂ ગોવિંદસિંહજી દસમા થયા. એના પછી એના ગ્રન્થમાં કોઇએ ભાષા મેળવી નથી. તેના વખતમાં ન્હાના મ્હોટા જેટલા ગ્રન્થો હતા તે બધા એકઠા કરી બધાંને પૂઠાં બંધાવી દીધા. એ લોકોએ નાનકજીની પછી બહુધા ભાષા બનાવી. કેટલાકે તો પુરાણોની માફક મિથ્યા કથા બનાવી દીધી. પરન્તુ "બ્રહ્મજ્ઞાની આપ પરમેશ્વર" એ કથન ઉપર એમના શિષ્યો ઝુકી પડ્યા અને કર્મોપાસનાનો ત્યાગ કરી દીધો. એ લોકોએ ઘણું બગાડી નાંખ્યું છે. નાનકજીએ જે ઇશ્વિરમાં વિશેષ ભક્તિ લખી છે તે પ્રમાણે જો ચાલ્યા આવ્યા હોત તો ઠીક હતું.

હવે ઉદાસી કહે છે કે અમે મ્હોટા, નિર્મળા કહે છે કે અમે મ્હોટા, અકાળિયા સુતરહસાઇ કહે છે કે અમે સર્વોપરિ છીએ. એ બધામાં ગોવિંદસિંહજી શૂરવીર થયા હતા. મુસલમાન લોકોએ એના માણસોને ઘણું દુઃખ આપ્યું હતું માટે તે મુસલમાનો સાથે તેનું

વૈર લેવા ઇચ્છતા હતા પરન્તુ એમની પાસે સામગ્રી કશી ન હતી. મુસલમાની બાદશાહી પ્રજ્વલિત હતી. ગોવિંદસિંહે એક પુરશ્ચરણ કરાવી એવી પ્રસિદ્ધિ કરાવી કે દેવીએ મ્હને એક તલવાર આપી છે. અને કહ્યું છે કે ત્હમે મુસલમાન સાથે લડો, ત્હમારો વિજય થશે. તેથી ઘણા લોકો તેમની તરફ થઇ ગયા.

જેમ વામમાર્ગીઓએ "પંચમકાર" અને ચક્રાંકિતોએ "પંચસંસ્કાર" ચલાવ્યા છે તેમ તેમણે "પંચકકાર ચલાવ્યા છે. એ પંચકકારો યુદ્ધોપયોગી હતા.

૧ **કેશ**—એ હેતુથી રાખવામાં આવતા હતા કે યુદ્ધમાં શિર ઉપર તલવાર અથવા લાકડી પડે તો થોડો ઘણો બચાવ થાય.

૨ **કંગણ**—કંકણ-જે માથા ઉપર પાઘડીમાં અકાલી લોકો રાખે છે.

૩ **કડા**—કડું-જેનાથી હાથ અને માથું બચી શકે.

૪ **કાછ**—કચ્છ-ઘુટણની ઉપરસુધી જાંઘીઓ (તંગીઓ) જે દોડવામાં અને કૂદવામાં અનુકૂળ છે. ઘણું કરીને અખાડાના મલ્લ અને નટલોકો પણ એ હેતુથી જ તંગીઓ પ્હેરે છે, તંગીઆથી મર્મસ્થાન બચી શકે છે અને પ્રતિરોધ પણ થાય છે.

કંગા—દાંતીઓ, જેનાથી કેશનો સુધાર થાય છે.

કર્દ—છરો જે શત્રુની સાથે ભટંભટા થાય ત્યારે ઉપયોગી છે.

ગોવિંદસિંહે એ રીતિ પોતાની બુદ્ધિમત્તાથી તે વખતે ઉપયોગમાં લીધી હતી. પણ આ વખતે એ રાખવાં ઉપયોગી નથી. જે સાધનો યુદ્ધપ્રયોજનાર્થ હતાં તે આજ ધર્મપ્રયોજનાર્થ માની લીધાં છે.

એ લોકો મૂર્તિપૂજા તો નથી કરતા પણ તેથી વિશેષ ગ્રન્થની પૂજા કરે છે-શું એ એ મૂર્તિપૂજા નથી? કોઇ જડ પદાર્થને માથું નમાવવું અથવા એની પૂજા કરવી એ બધી મૂર્તિપૂજા જ છે. જેમ મૂર્તિપૂજકોએ પોતાની દુકાન જમાવી આજીવિકા ઉભી કરી છે તેમ એ લોકોએ પણ કર્યું છે. જેમ પૂજારી લોકો મૂર્ત્તિનું દર્શન કરાવે છે અને ભેટ મૂકાવે છે તેમ નાનકપન્થી લોકો પણ ગ્રન્થની પૂજા કરે છે-કરાવે છે અને ભેટ મૂકાવે છે.

મૂર્તિપૂજક લોકો જેટલો વેદનો આદર કરે છે તેટલો ગ્રન્થસાહેબવાળા કરતા નથી. એ લોકોએ વેદો સાંભળ્યા નથી તેમ જોયા પણ નથી. શુ કરે! જો વેદ સાંભળવામાં અથવા જોવામાં આવે તો અહઠી અને અદુરાગ્રહી લોક સમ્પ્રદાયને છોડી વેદમતાવલંબી થઇ જાય.

એ લોકોએ ભોજનનો ઝઘડો ઘણો દૂર કર્યો છે. જેમ ભોજનનો ઝઘડો દૂર કર્યો છે તેમ વિષયાસક્તિ અને દુરભિમાનને દૂર કરી વેદમતની ઉન્નતિ કરે તો ઘણું સારું થાય.

(**પ્રશ્ન**) દાદુપન્થીઓનો માર્ગ તો સારો છે ને?

(ઉત્તર) સારો તો વેદમાર્ગ છે. જો પકડી શકાય તો પકડો નહિ તો સર્વદા ગોથાં ખાતા રહેશો.

એના મતમાં-દાદુજીનો જન્મ ગુજરાતમાં થયો હતો પછી તે જયપુરની પાસે "આમેર" માં રહેતા હતા. તેલ વેચવાનું કામ કરતા હતા, ઇશ્વરની સૃષ્ટિ વિચિત્ર લીલાવાળી છે કે જેમાં દાદુજી પણ પૂજાવા લાગ્યા. વેદશાસ્ત્રની બધી વાતનો ત્યાગ કરી કેટલાએક લોકોએ "દાદુરામ દાદુરામ" માં જ મુક્તિ માની લીધી. જ્યારે સત્ય ઉપદેશક નથી હોતા ત્યારે એવા એવા બખેડા ચાલ્યા કરે છે.

થોડા વખત ઉપર "રામસનેહી" મત શાહપુરાથી નીકળ્યો છે એ લોકોએ વેદોક્તધર્મનો ત્યાગ કરી "રામ રામ" પોકારવું સારૂં માની લીધું છે. એમાં જ જ્ઞાન, ધ્યાન અને મુક્તિ માને છે, પણ જ્યારે ભૂખ લાગે છે ત્યારે "રામનામ" માંથી રોટલી શાક નીકળતાં નથી. કારણકે ખાનપાન તો ગૃહસ્થોના ઘરમાંથી જ નીકળે છે. તે લોકો પણ મૂર્તિપૂજાને ધિક્કારે છે. પણ પોતે જ મૂર્તિ થઇ રહ્યા છે. સ્ત્રીઓના સંગમાં બહુ રહે છે. કારણ કે રામજીને રામકી વિના આનન્દ નથી મળતો.

એક રામચરણ નામે સાધુ હતો. જેનો મત મુખ્યતયા શાહપુરાથી મેવાડ સુધી ચાલ્યો છે. તે "રામ રામ" કહેવાને જ પરમમંત્ર અને એને જ સિધ્ધાન્ત માને છે. એનો એક ગ્રન્થ છે કે જેમાં સંતદાસજી આદિની વાણી છે એમાં લખે છે કે–

भरम रोग तबही मिथ्या, रथ्या निरञ्जन राइ ।
तब जम का कागज फरया कट्या करम तब जाइ
साखी ॥ ६ ॥

હવે બુદ્ધિમાન્ લોકો વિચારી જુએ કે "રામ રામ" કહેવાથી ભ્રમ એટલે અજ્ઞાન, યમરાજનું પાપનું ફળ આપનારૂં શાસન અને કરેલા કર્મો શું છૂટી જશે? એ મનુષ્યોને પોપમાં ફસાવવાનો ઉપાય છે. મનુષ્ય જન્મને નષ્ટ કરવાનો ઉપાય છે.

એના મુખ્ય ગુરૂ રામચરણ થઇ ગયા છે તેનું વચન.

महमा नांव प्रताप की, सुणौ सरवण चित्त लाइ ।
रामचरण रसना रटौ, क्रम सकल झड़ जाइ ॥
जिन जिन सुमरया नांव कूं, सो सब उतरया पार ।
रामचरण जो वीसर्या, सोही जमके द्वार ॥
राम बिना सब झूठ बतायो ॥
राम भजत छूट्या सब क्रम्मा । चंद अरु सूर देह परकम्मा ।

राम कहे तिन कूं भै नाहीं । तीन लोक में कीरति गाहीं ॥
राम रटत जम जोर न लागै ॥
राम नाम लिख पथर तराई । भगति हेति औतार ही धरही ॥
ऊंच नीच कुल भेद बिचारै । सो तो जनम आपणो हारै ॥
संता कै कुल दीसै नांहीं । राम राम कह राम सम्हांहीं ॥
ऐसो कुण जो कीरति गावै । हरि हरि जन की पार न पावै ॥
राम सतां अन्त न आवै । आप आपकी बुद्धि सम गावै ॥

રામચરણના ગ્રન્થો જોવાથી માલુમ પડે છે કે એ એક સાધારણ ગ્રામીણ માણસ હતો; તે કંઇ પણ ભણ્યો ન હતો કારણ કે જો ભણ્યો હોત તો એવી ગપડચોથ લખત નહિ. 'રામ રામ' કહેવાથી કર્મ છૂટી જાય છે એ એનું માનવું ભ્રમયુક્ત છે, એવી માન્યતાથી એ લોકો પોતાનો અને બીજાનો જન્મ વ્યર્થ નષ્ટ કરે છે.

ભયંકર જમના ભયનું દૂર થવું તો દૂર રહ્યું પણ રાજસિપાઇ, ચોર, લુંટારા, વ્યાઘ્ર, સર્પ, વીંછી અને મચ્છર આદિનો ભય પણ કેવળ 'રામ રામ' કહેવાથી દૂર થતો નથી. જેમ "સાકર સાકર" કહેવાથી મુખ મીઠું થતું નથી તેમ સત્યભાષણ આદિ કર્મ કર્યા સિવાય "રામ રામ" કહેવાથી કશું પણ થતું નથી. જ્યારે (બે વખત) રામ રામ કહેવાથી એનો રામ નથી સાંભળતો તોપછી આખી જીંદગી સુધી "રામ રામ" કહેવું વ્યર્થ છે.

એ લોકોએ પોતાનું પેટ ભરવાને અને બીજાના જન્મ નષ્ટ કરવાને એ પાખંડ ઊભું કર્યું છે. એ લોકોમાં આ એક અમને મ્હોટું આશ્ચર્ય લાગે છે કે નામતો રાખ્યું "રામસનેહી" અને કામતો કરે છે રાંડસનેહીનું! જ્યાં જુઓ ત્યાં સંતોને ઘેર રાંડ રાંડ ને રાંડ જ ભરી છે. ખરેખર જો એવું પાખંડ ન ચાલત તો આર્યાવર્ત્તની દુર્દશા થાત નહિ. એ લોકો પોતાના શિષ્યોને ઉચ્છિષ્ટ ખવરાવે છે અને સ્ત્રીઓ પણ લાંબી થઇ દંડવત્પ્રણામ કરે છે. એકાન્તમાં પણ સ્ત્રીઓ અને સાધુઓની બેઠક થાય છે.

એ લોકોની બીજી શાખા મારવાડમાં "ખેડાપા" ગામમાંથી નીકળી છે. એનો ઇતિહાસ આ પ્રમાણે છેઃ—

ઢેડ જાતિમાં ઉત્પન્ન થયેલો રામદાસ નામનો એક માણસ ઘણો ચાલાક હતો. એને બે સ્ત્રીઓ હતી. તે ઓઘડ બની ઘણા દિવસ સુધી કૂતરાંની સાથે ખાતો રહ્યો. પછી તે વામી કુડાપંથી થયો અને પછી "[1]કામડીઓ" થયો. પોતાની બન્ને સ્ત્રીઓની સાથે ગાતો હતો. એ ફરતો ફરતો એક દિવસ "[2]સીથલ" માં આવ્યો. તે ગામમાં ઢેડોનો ગુરૂ રામદાસ રેહેતો

૧ રાજપૂતાનામાં ચમાર લોકો ભગવા વસ્ત્ર પ્હેરી રામદેવ આદિના ગીતો (જેને એ લોકો શબ્દ કહે છે) ચમારોને અને બીજી જાતિઓને પણ સંભળાવે છે તે "કામડીઆ" કહેવાયછે.

૨ જોધપુરના રાજ્યમાં એક મ્હોટું ગામ છે.

હતો તેને મળ્યો. રામદાસે તેને રામદેવનો પંથ બતાવી પોતાનો ચેલો બનાવી લીધો. રામદાસે ખેડાપા ગામમાં જઈ જગ્યા બનાવી. ત્યાં તેનો મત ચાલ્યો અને શાહપુરમાં રામચરણનો મત ચાલ્યો, એનો પણ ઇતિહાસ આ પ્રમાણે છે.

રામચરણ જાતે વાણીઓ હતો. દાંતડા નામના ગામમાં તેણે સાધુનો વેશ ધારણ કર્યો અને એને (રામદાસને) ગુરૂ કર્યો. પછી શાહપુરમાં આવી મત જમાવ્યો. ભોળા માણસો પાખંડમાં જલદી ફસાઇ જાય છે. માટે એ લોકો ત્યાં ફાવી ગયા. ઉપર કહેલા રામચરણના વચનને પ્રમાણ ગણી એ લોકો ઉચ્ચ નીચનો ભેદ રાખતા નથી. બ્રાહ્મણથી લઇ અન્ત્યજ પર્યન્ત એ લોકોમાં ચેલા બને છે, એ લોકો કુંડાપંથીમાંથી જ નીકળ્યા છે કારણ કે એ લોકો માટીના કુંડામાં ખાય છે અને સાધુલોકો એંઠું ખાય છે. બાળકોને વૈદિક ધર્મથી, માતાપિતાથી અને સાંસારિક વ્યવહારોથી અલગ કરી ચેલાઓ બનાવી લે છે. રામનામને મ્હોટો મંત્ર માને છે અને એને "[1]છુચ્છમ વેદ પણ કહે છે. રામ રામ કહેવાથી અનંત જન્મોનાં પાપો છૂટી જાય છે, એના વિના કોઇની પણ મુક્તિ થતી નથી. જે શ્વાસ અને પ્રશ્વાસ સાથે "રામ રામ" કહેવું બતાવે છે તેને સત્યગુરૂ કહે છે. અને સત્યગુરૂને પરમેશ્વરથી પણ મહાન્ માને છે. અને એની મૂર્ત્તિનું ધ્યાન કરે છે. સાધુઓના ચરણ ધોઇને પીએ છે. જ્યારે ચેલો ગુરૂ પાસેથી જુદો પડે છે ત્યારે ચેલા ગુરૂનાં નખ અને દાઢી પોતાની પાસે રાખી લે છે. એનું હમેશાં ચરણામૃત લે છે. રામદાસ અને હરરામદાસની વાણીને વેદથી પણ અધિક માન આપે છે. એની પરિક્રમા કરે છે અને આઠ દંડવત્પ્રણામ કરે છે. સ્ત્રી અને પુરૂષ બન્નેને "રામ રામ" એ એક સરખો જ મંત્રોપદેશ કરે છે અને નામ સ્મરણથી જ કલ્યાણ માને છે. અને ભણવામાં પાપ સમજે છે.

साखीः—पंडिताई पाने पडी ओ पूरब लो पाप ।
राम राम सुमर्या विना रइग्यो रीतो आप
वेद पुराण पढे पढगीता राम भजन रइ गये रीता ॥

એવાં એવાં પુસ્તકો બનાવ્યા છે. સ્ત્રીને પતિસેવામાં પાપ અને ગુરૂસેવામાં ધર્મ બતાવ્યો છે. વર્ણાશ્રમને માનતા નથી. જે બ્રાહ્મણ રામસ્નેહી ન હોય તેને નીચ અને ચાંડાલ અને રામસ્નેહી હોય તો ઉત્તમ સમજે છે. એ લોકો ઇશ્વરનો અવતાર માનતા નથી અને રામચરણનું વચન છે કે-

भगति हेति औतार ही धरही ॥

ભક્તિ અને સંતોના હિતને અર્થે અવતાર પણ ધારણ કરે છે. એ વચનથી અવતાર પણ માને છે. ઇત્યાદિ જેટલાં એ લોકોનાં પાખંડ છે તે બધાં આર્યાવર્ત્તને હાનિ કરનારાં છે. એટલાથી જ બુધ્ધિમાન્ માણસ બહુ સમજી લેશે.

---

૧ છુચ્છમ=સૂક્ષ્મ.

(પ્રશ્ન) ગોકુળીઆ ગુસાંઇનો મત તો ઘણો સારો છે, જુઓ કેવું ઐશ્વર્ય ભોગવે છે? શું એ ઇશ્વરીય લીલા વિના થઈ શકે ખરૂં?

(ઉત્તર) એ ઐશ્વર્ય ગૃહસ્થ લોકોનું છે, ગુસાંઇઓનું જરા પણ નથી.

(પ્રશ્ન) વાહ વાહ! એ બધું ગુસાંઇઓના પ્રતાપથી છે નહિ તો બીજાને ઐશ્વર્ય કેમ નથી?

(ઉત્તર) જો છળ પ્રપંચ રચે તો બીજાઓને પણ મળી શકે એમાં શો સંદેહ છે? અને જો એનાથી વધારે ધૂર્ત્તતા કરે તો વધારે પણ ઐશ્વર્ય મેળવી શકે છે.

(પ્રશ્ન) વાહજી વાહ! એમાં વળી ધૂર્ત્તતા શી છે? એ તો બધી ગોલોકની લીલાછે.

(ઉત્તર) ગોલોકની લીલા નથી પણ ગોકુળીઆ ગુસાંઇની લીલા છે. અને જો ગોલોકની લીલા હોય તો ગોલોક પણ એવોજ હશે. એ મત તૈલંગ દેશમાંથી નીકળ્યો છે. તૈલંગ દેશમાં એક લક્ષ્મણ ભટ્ટ નામે બ્રાહ્મણ હતો, તે વિવાહિત થયા પછી કોઇપણ કારણને લીધે માતા પિતા અને સ્ત્રીનો ત્યાગ કરી કાશીમાં ગયો, ત્યાં તે સંન્યાસી થઇ ગયો. એના માતાપિતા અને સ્ત્રી પણ પછી કાશીએ ગયાં, અને ત્યાં જે સંન્યાસીએ એને દીક્ષા આપી હતી તેને પૂછ્યું કે તમે આને સંન્યાસી શામાટે બનાવ્યો? જુઓ આને યુવતી સ્ત્રી છે; અને એની સ્ત્રીએ પણ કહ્યું કે જો આપ મ્હારા પતિને મ્હારી સાથે કરવા ન ઇચ્છતા હો તો મ્હને પણ સંન્યાસદીક્ષા આપો. ત્યારે તે સંન્યાસીએ તેને બોલાવીને પૂછ્યું કે તું મહા મિથ્યાવાદી છે. સંન્યાસ છોડી ગૃહસ્થાશ્રમ કર; કારણ કે તેં ખોટું બોલી સંન્યાસ લીધો છે. તેણે પણ સંન્યાસીના કહેવા પ્રમાણે જ કર્યું, અર્થાત્ સંન્યાસનો ત્યાગ કરી સ્ત્રીસાથે થઈ ગયો. જુઓ એ મતનું મૂળ જ કપટથી રચાયું છે! જ્યારે એ તૈલંગમાં ગયો ત્યારે તેને જ્ઞાતિવાળાએ જ્ઞાતિમાં લીધો નહિ, ત્યારે તે ત્યાંથી નીકળી ફરવા લાગ્યો. અને ફરતાં ફરતાં કાશીપાસે ચરણાર્ગઢ સમીપ ચંપારણ્ય નામના જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં કોઇ એક છોકરાને મૂકી અને ચોતરફ અગ્નિ સળગાવી ચાલ્યું ગયું હતું, કારણકે અગ્નિ સળગાવનાર સમજ્યો હશે કે જો અગ્નિ નહિ સળગાવું તો કોઇ હિંસ્ર જીવ એને મારી નાંખશે. લક્ષ્મણ ભટ્ટ અને તેની સ્ત્રીએ તેને લઇ લીધો અને પુત્ર તરીકે માની લીધો. પછી તે બન્ને કાશીમાં જઇ વસ્યા. જ્યારે એ છોકરો મ્હોટો થયો ત્યારે તેના માબાપ મરી ગયાં. એ છોકરો બાલ્યાવસ્થાથી લઇ યુવાવસ્થા સુધી અભ્યાસ કરતો રહ્યો, પછી ત્યાંથી નીકળી કોઇ વિષ્ણુસ્વામીના મંદિરમાં ચેલો થઇ ગયો. પણ ત્યાં કંઇ ખટપટ થવાથી ફરીથી કાશીમાં જતો રહ્યો, અને સંન્યાસી થઇ ગયો. કાશીમાં પણ તેના જેવો જે કોઈ જ્ઞાતિબહિષ્કૃત રહેતો હતો, તેણે આ નવીન સંન્યાસીને કહ્યું કે તું સંન્યાસનો ત્યાગ કરી મ્હારી પુત્રી સાથે વિવાહ કરી લે. તેણે પણ તેમજ કર્યું. બાપ તેવા બેટા

અર્થાત્ જેવું બાપે કામ કર્યું તેવું જ તેણે કામ કર્યું !! એ સ્ત્રીને સાથે લઈ પાછો તે જ વિષ્ણુસ્વામીના મંદિરમાં ગયો પણ આ વખતે તે વિવાહિત હોવાથી ત્યાંથી તેને કહાડી મૂક્યો. પછી ત્યાંથી તે વ્રજદેશમાં ગયો કે જ્યાં અવિદ્યાએ ઘર કરી રાખ્યું છે. ત્યાં જઇ અનેક પ્રકારના છળ કપટ કરી અનેકવિધ પ્રપંચ ફેલાવવા મંડ્યો, મિથ્યા વાતોને પ્રસિદ્ધ કરવા લાગ્યો- જેવી કે શ્રીકૃષ્ણજી મ્હને મળ્યા અને મ્હને કહ્યું કે ગોલોકમાંથી "દૈવીજીવ" મર્ત્યલોકમાં આવ્યા છે, એમને બ્રહ્મસંબંધ આદિથી પવિત્ર કરી ગોલોકમાં મોકલો. ઇત્યાદિ મૂર્ખાને પ્રલોભનની વાતો સંભળાવી ધીમે ધીમે ૮૪ ચોરાશી વૈષ્ણવો બનાવ્યા, અને નીચે પ્રમાણે મંત્ર પણ બનાવી લીધો અને એમાં પણ ભેદ રાખ્યો.

श्रीकृष्णः शरणं मम । क्लीं कृष्णाय गोपीजन वल्लभाय स्वाहा ।। गोपालसहस्रनाम ।।

એ બન્ને સાધારણ મંત્ર છે પરન્તુ આ મંત્ર બ્રહ્મસંબંધ અને સમર્પણ કરાવવાને માટે છે:—

श्रीकृष्णः शरणं मम सहस्रपरिवत्सरमितकाल जातकृष्णवियोगजनिततापक्लेशानन्ततिरोभावोऽहं भगवते कृष्णाय देहेन्द्रियप्राणान्तःकरणतद्धर्मांश्च दारागारपुत्राप्त वित्तेह पराण्यात्मना सह समर्पयामि दासोऽहं कृष्ण तवास्मि ।।

એ મંત્રનો ઉપદેશ કરી શિષ્ય અને શિષ્યાઓ પાસે સમર્પણ કરાવે છે. "क्लीं कृष्णाय—આ ક્લીં" તંત્ર ગ્રન્થનો શબ્દ છે. એથી માલુમ થાય છે કે વલ્લભ મત પણ વામમાર્ગનો ભેદ છે. એથી જ ગુસાંઈ લોકો સ્ત્રીસંગ વધારે કરે છે. "गोपीजनवल्लभेति" શું કૃષ્ણ ગોપીઓનેજ પ્રિય હતો બીજાને નહિ ? જે સ્ત્રૈણ અર્થાત્ સ્ત્રીભોગમાં ફસાયલો હોય તે જ સ્ત્રીઓને પ્રિય હોય છે. તો શું કૃષ્ણજી એવા હતા? "सहस्रपरिमित वत्सरेति" અહિંઆ સહસ્ત્ર વર્ષોની ગણના વ્યર્થ છે કારણ કે વલ્લભ અથવા એના શિષ્યો કંઈ સર્વજ્ઞ ન હતા. શું કૃષ્ણનો વિયોગ હજાર વર્ષથી થયો છે? આજસુધી અર્થાત્ વલ્લભમતની પહેલાં અથવા વલ્લભના જન્મ પહેલાં દૈવી જીવોનો ઉદ્ધાર કરવા કેમ ન આવ્યા ? તાપ અને ક્લેશ બન્ને પર્યાયવાચી છે. માટે એ બેમાંથી એકનું ગ્રહણ કરવું યોગ્ય હતું. અનન્ત શબ્દનો વિન્યાસ પણ વ્યર્થ છે, કારણ કે જો અનન્ત શબ્દ રાખો તો "સહસ્ત્ર" શબ્દનો વિન્યાસ દૂર કરવો અને સહસ્ત્ર શબ્દ રાખો તો અનન્ત શબ્દ દૂર કરો કારણ કે બન્ને પર્યાયવાચી શબ્દો છે. જે અનન્તકાલથી તિરોહિત છે. તેની મુક્તિને માટે વલ્લભનો આવિર્ભાવ થવો વ્યર્થ છે. કારણ કે અનંતનો અંત હોતો નથી.

દેહ, ઇંદ્રિય, પ્રાણ, અંતઃકરણ અને તેના ધર્મો, સ્ત્રી, પુત્ર, ધન આદિનું અર્પણ કૃષ્ણને શામાટે કરવું ? કૃષ્ણ પૂર્ણકામ હોવાથી કોઇના પણ દેહ આદિની ઇચ્છા કરતા નથી, અને

દેહાદિનું અર્પણ પણ થઈ શકતું નથી, કારણ કે નખથી લઇ શિખા પર્યન્ત દેહ કહેવાય છે; તો તેમાં મલમૂત્રાદિ પણ આવી ગયું-તો ત્હેનું અર્પણ કેમ થઇ શકે ? પાપપુણ્યરૂપ કર્મનું પણ જો કૃષ્ણાર્પણ કરશે તો એનાં ફળના ભાગીદાર કૃષ્ણને બનવું પડશે. ખરી વાત તો એ છે કે કૃષ્ણનું તો નામજ લેવું અને સમર્પણ તો પોતાનેજ કરાવે છે. દેહમાં જે મળમૂત્રાદિ છે ત્હેનું પણ અર્પણ ગુસાંઇઓને શામાટે નથી કરતા ! અર્થાત્ "મીઠું મીઠું ખાઇ જવું અને કડવું કડવું થુ." એ લોકોએ એમ પણ લખ્યું છે કે જે કંઈ અર્પણ કરવું હોય તે ગુસાંઇજીને જ અર્પણ કરવું બીજાને નહિ-એ બધું સ્વાર્થસાગરનું સૂચન કરે છે, બીજાનું ધન કેમ હરી લેવું અને વેદોક્ત ધર્મનો કેમ નાશ કરવો એને માટેજ બધી લીલા રચી છે. જુઓઃ—

श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥ १ ॥
ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः ।
सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधाः स्मृताः ॥ २ ॥
सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ।
संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कदाच न ॥ ३ ॥
अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथंच न ।
असमर्पितवस्तूनां तस्मात् वर्जनमाचरेत् ॥ ४ ॥
निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ।
न मतं देवदेवस्य स्वामिभुक्तिसमर्पणम् ॥ ५ ॥
तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ।
दत्तापहारवचनं तथाच सकलं हरेः ॥ ६ ॥
न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ।
सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यति ॥ ७ ॥
तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ।
गंगात्वे गुणदोषाणां गुणदोषादिवर्णनम् ॥ ८ ॥

ઇત્યાદિ શ્લોકો ગુસાંઇના સિદ્ધાન્ત રહસ્યાદિ ગ્રન્થોમાં લખ્યા છે. એજ ગુસાંઇના મતનું મૂળ છે. એ લોકોને પૂછવું જોઇએ કે કૃષ્ણના દેહાન્ત થયા લગભગ પાંચ હજાર વર્ષ થઇ ગયાં છે તો તે વલ્લભને શ્રાવણ માસની અર્ધી રાત્રિએ ક્યાંથી મળ્યા. ? ૧

જે ગુસાંઇના ચેલા થઈ જાય છે તથા તેને જ બધા પદાર્થોનું સમર્પણ કરી દે છે એના શારીર અને માનસ દોષો નિવૃત્ત થાય છે, એ વલ્લભનો મૂર્ખોને બહકાવી પોતાના મતમાં ફસાવવાનો પ્રપંચ છે. જો ગુસાંઇના ચેલા અને ચેલીઓના દોષો નિવૃત્ત થઈ જતા હોય તો તે લોકો રોગોથી પીડિત શામાટે રહે છે ? તે દોષો પાંચ પ્રકારના છે ૨

૧ **સહજ દોષ**—અર્થાત્ સ્વાભાવિક કામક્રોધજન્ય.

૨ **દૈશિક અને કાલિક દોષ**—જે અમુક દેશમાં અથવા અમુક કાળમાં કરવામાં આવ્યા હોય તે.

૩ **ભક્ષ્યાભક્ષ્યજ દોષ**—અને મિથ્યા ભાષણજ દોષ.

૪ **સંયોગજ દોષ**—ચોર, જાર આદિના સંગથી જે દોષો પેદા થાય છે તે, અને માતૃગામિત્વ ભગિનીગામિત્વ, કન્યાગામિત્વ, પુત્રવધૂગામિત્વ અને ગુરૂપત્નીગામિત્વાદિ.

૫ **સ્પર્શજ દોષ**—અસ્પૃશ્યનો સ્પર્શ કરવો તે.

એ પાંચ પ્રકારના દોષોને ગુસાંઈ લોકોએ અને તેના મતવાળાઓએ કદિપણ માનવા નહિ અર્થાત્ યથેષ્ટ વર્તાવ કરવો. ૩

ગુસાંઇજીના મત સિવાય દોષોને નાશ કરવાનો બીજો કોઇ પણ ઉપાય નથી, માટે સમપણ કર્યા સિવાય ગુસાંઇના ચેલાઓએ કોઇપણ પદાર્થોનો ઉપભોગ કરવો નહિ--તેથીજ એના ચેલાઓ પોતાની સ્ત્રી, કન્યા પુત્રવધૂ અને ધનાદિ પદાર્થોનું પણ સમર્પણ કરે છે. સમર્પણનો નિયમ એટલો બધો છે કે જ્યાંસુધી નવવિવાહિત ચેલો પોતાની સ્ત્રીને ગુસાંઇજીના ચરણમાં સમર્પિત ન કરે ત્યાંસુધી એ સ્વામી પોતાની સ્ત્રીનો સ્પર્શ પણ ન કરી શકે!! ૪

માટે ગુસાંઇના ચેલાઓ સમર્પણ કર્યા પછી જ પોતપોતાના પદાર્થોનો ઉપભોગ કરે છે. કારણ કે સ્વામીએ ભોગવ્યા પછી ભુકત પદાર્થનું સમર્પણ થઈ શકતું નથી!! ૫

માટે પ્રથમ સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું. ગુસાંઇઓને ભાર્યાદિનું સમર્પણ કરી પછીથી ગ્રહણ કરવું. તેવી જ રીતે હરીને બધા પદાર્થોનું સમર્પણ કરવું અને પછી તેનું ગ્રહણ કરવું. ૬

ગુસાંઇના મતથી અતિરિક્ત જેટલા માર્ગ છે તેને ગુસાંઇના ચેલા અને ચેલીઓ કદિ પણ સાંભળે નહિ તેમ ગ્રહણ પણ કરે નહિ એજ એના શિષ્યોનો પ્રસિદ્ધ વ્યવહાર છે. ૭

બધી વસ્તુનું સમર્પણ કરી તેમાં બ્રહ્મબુદ્ધિ કરવી, તેથી જેમ ગંગામાં બીજું પાણી મળી ગંગારવરૂપ બની જાય છે, તેમ આપણા મતમાં બધા ગુણો જ રહે છે, અને બીજાના મતમાં બધા દોષો રહે છે, માટે આપણા મતમાં ગુણોનું વર્ણન કર્યું છે. ૮

હવે જુઓ! ગુસાંઇઓનો મત, બધા મત કરતાં અધિક સ્વપ્રયોજન સિદ્ધ કરનારો છે ગુસાંઇઓને પૂછવુ જોઇએ કે તમે બ્રહ્મનું એકપણ લક્ષણ જાણુતા નથી, તો પછી બ્રહ્મસંબંધ કેવી રીતે કરાવી શકો છો ? જો કહો કે અમે જ બ્રહ્મ છીએ માટે અમારી સાથે સંબંધ

થવાથી બ્રહ્મસંબંધ થઇ જાય છે, તો તમારામાં તો એક પણ બ્રહ્મનું લક્ષણ નથી. ત્યારે શું તમે કેવળ ભોગવિલાસને માટે જ બ્રહ્મ બની બેઠા છો? શિષ્ય અને શિષ્યાઓને તો તમે પોતાને સમર્પિત કરાવી શુદ્ધ કરી લ્યો છો, પણ તમે, ત્હમારી સ્ત્રી, ત્હમારી કન્યા અને ત્હમારી પુત્રવધૂ અસમર્પિત રહી જવાથી અશુદ્ધ છો કે નહિ? અને ત્હમે અસમર્પિત વસ્તુને અશુદ્ધ માનો છો તો અશુધ્ધોથી ઉત્પન્ન થયેલા ત્હમે અશુદ્ધ કેમ નહિ? માટે ત્હમે પણ પોતાને, ત્હમારી સ્ત્રીને, ત્હમારી કન્યાને અને ત્હમારી પુત્રવધૂ કોઈ અન્યમતવાળાને સમર્પિત કરાવ્યા કરો તો ઠીક થશે. જો કહો કે નહિ નહિ એમ કેમ બની શકે? તો ત્હમે પણ બીજાઓનું સમર્પણ કરાવવું છોડી દો. અત્યાર સુધી જે થયું તે થયું પણ હવે એવી મિથ્યા પ્રપંચ ભરેલી બુરાઈ છોડી દો, અને ઇશ્વિરોક્ત હિતાવહ વેદવિહિત સુમાર્ગમાં પ્રવૃત્ત થઈ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુષ્ટયનાં સાધનો પ્રાપ્ત કરી માનવજન્મને સફળ કરો અને સદા આનંદમાં રહો.

એ ગુસાંઇ લોકો પોતાના મતને "પુષ્ટિ" માર્ગ કહે છે, પરન્તુ જ્યારે ભગંદર આદિ દુઃખદાયી રોગોથી ગ્રસ્ત થઈ ઝુરી ઝુરી મરે છે ત્યારે તે વેદના પણ એ લોકો જ જાણતા હશે. ખરી રીતે પૂછતા હો તો એ પુષ્ટિ માર્ગ નથી પણ 'કુષ્ઠી' માર્ગ છે. જેમ કોઢીઆના શરીરમાંથી બધી ધાતુઓ પીગળી પીગળી નીકળી જાય છે અને કોઢીઓ વિલાપ કરતો કરતો મરણ પામે છે, તેવી જ એ લોકોની લીલા જોવામાં આવે છે. જો કોઇ નરકમાર્ગ હોય તો એજ છે. કારણ દુઃખનું નામ નરક અને સુખનું નામ સ્વર્ગ છે, એવી રીતે ખોટી જાળ ફેલાવી બિચારા ભોળા માણસોને ફસાવી અને પોતે પોતાને શ્રીકૃષ્ણ માની બધાના સ્વામી થઈ બેસે છે.

એ લોકો કહે છે કે જેટલા દૈવી જીવ છે તે બધા ગોલોકમાંથી આવ્યા છે, અને એઓનો ઉદ્ધાર કરવાને વાસ્તે અમે લીલા પુરૂષોત્તમ જન્મ્યા છીએ, માટે જ્યાં સુધી અમ્હારો ઉપદેશ નહિ ગ્રહણ કરે ત્યાંસુધી ગોલોકની પ્રાપ્તિ થશે નહિ. ગોલોકમાં પુરૂષ કેવળ શ્રીકૃષ્ણ જ છે અને બાકી બધી સ્ત્રીઓ જ છે!!

વાહરે વાહ!! શું ત્હમારો મત!!! ગુસાંઇના જેટલા ચેલાઓ છે તે બધા સ્ત્રીઓ બની જશે!! હવે વિચારવું જોઇએ કે જે પુરૂષને બે સ્ત્રીઓ હોય છે ત્હેને જે દુઃખ પડે છે તે તેજ જાણે છે, ત્યારે જ્યાં એક જ પુરૂષ અને કરોડો સ્ત્રીઓ છે ત્હેનાં દુઃખોનો તો પારાવાર ક્યાંથી જ હોય? જો કહો કે શ્રીકૃષ્ણમાં અત્યન્ત શક્તિ હોવાથી બધાઓને પ્રસન્ન રાખી શકે છે, તો ત્હેની સ્ત્રી કે જેને સ્વામિનીજી કહે છે, ત્હેમાં પણ શ્રીકૃષ્ણના જેટલુંજ સામર્થ્ય હશે, કારણ કે તે ત્હેની અર્દ્ધાંગી છે. જેમ અહીંઆ પુરૂષની માફક અથવા પુરૂષ કરતાં સ્ત્રીને કામાવેશ વધારે હોય છે તો ગોલોકમાં પણ અવશ્ય એ પ્રમાણે હોવું જોઇએ. જો એમ હોય તો બીજી સ્ત્રીઓની સાથે સ્વામિનીજીની ઘણી લડાઇ થતી હોવી જોઇએ, કારણ કે સપત્નીભાવ ઘણો ખરાબ હોય છે; તો પછી ગોલોક સ્વર્ગને બદલે નરક જ હોવું જોઇએ. જેમ આલોકમાં બહુસ્ત્રીગામી પુરૂષ ભગંદરાદિ રોગોથી પીડિત થાય છે તેમ ગોલોકમાં પણ હોવું જોઇએ. છી! છી!! છી!!! એવા ગોલોક કરતાં મનુષ્યસંસાર ઘણોજ સારો છે.

ગુસાંઇઓ અહિંઆ પણ પોતાને શ્રીકૃષ્ણ માને છે અને ઘણી સ્ત્રીઓની સાથે લીલા કરી ભગંદર તથા પ્રમેહ આદિ રોગોથી પીડિત થઈ મહાદુઃખ ભોગવે છે.

હવે કહો કે જે (શ્રીકૃષ્ણ)નું સ્વરૂપ ગુસાંઇ, અહિંઆ પીડિત થાય છે તો ગોલોકમાં એનો સ્વામી શ્રીકૃષ્ણ એ રોગોથી પીડિત કેમ ન હોય ? જો શ્રીકૃષ્ણ એ રોગોથી પીડિત ન થતા હોય તો એનું સ્વરૂપ ગુસાંઇજી શામાટે પીડિત થાય છે ?

(પ્રશ્ન) મર્ત્યલોકમાં લીલાવતાર ધારણ કરવાથી રોગદોષ થાય છે, પણ ગોલોકમાં થતા નથી, કારણ કે ત્યાં રોગદોષ હોતા જ નથી.

(ઉત્તર) " **भोगे रोगभयम्** " જ્યાં ભોગ ત્યાં રોગ અવસ્ય હોય જ છે.

શ્રીકૃષ્ણને કરોડો સ્ત્રીઓ છે. એ સ્ત્રીઓને સંતાન થાય છે કે નહિ ? જો થતાં હોય તો બધા છોકરા થાય છે કે છોકરીઓ થાય છે અથવા છોકરા છોકરી બન્ને થાય છે ? જો કહો કે બધી છોકરીઓ જ પેદા થાય છે તો એનો વિવાહ કોની સાથે થાય છે ? કારણ કે ત્યાં શ્રીકૃષ્ણ સિવાય બીજો કોઈ પુરૂષ નથી. અને જો બીજા પુરૂષો હોય તો ત્હમારી પ્રતિજ્ઞા નષ્ટ થાય છે. કારણ કે " ગોલોકમાં પુરૂષ શ્રીકૃષ્ણ એક જ છે " એ ત્હમારી પ્રતિજ્ઞા છે. જો કહો કે બધા છોકરા જ પેદા થાય છે તોપણ ઉપરનો દોષ જ આવે છે. અર્થાત્ વિવાહ કોની સાથે થાય છે ? અથવા શું ઘરમાં જ ગડબડ કરી લે છે ! અથવા બીજા કોઇના પુત્ર પુત્રીઓ છે. જો એમ હોય તો ત્હમારી ઉક્ત પ્રતિજ્ઞા નષ્ટ થાય છે. જો કહો કે સંતાન થતાં જ નથી તો શ્રીકૃષ્ણમાં નપુંસકતાનો અને સ્ત્રીઓમાં વંધ્યાત્વનો દોષ આવે છે. ભલા એ ગોલોક ક્યાં રહ્યો, એ તો દિલ્હીના બાદશાહની બીબીઓની સેના થઇ !

ગુસાંઇ લોકો શિષ્ય અને શિષ્યા પાસે તન, મન અને ધનનું જે સમર્પણ કરાવે છે તે જરાપણ ઠીક નથી. કારણ કે વિવાહ વખતે સ્ત્રીનું શરીર પતિને આધીન અને પતિનું શરીર સ્ત્રીને આધીન થઇ જાય છે, તેમજ મન પણ પતિ અને પત્નીનાં વિનિમયિત થઇ જાય છે. કારણ કે મન વગર તનનું જે સમર્પણ છે તે વ્યભિચાર છે. જ્યારે પતિનું અથવા સ્ત્રીનું મન જ એકબીજાને પરસ્પર સમર્પિત થઈ ચુક્યું છે તો ધનનું સમર્પણ કેવી રીતે થઇ શકે. કારણ કે જેને મન સમર્પિત કર્યું છે તેને જ ધન પણ સમર્પિત કરેલું હોય છે.

ગુસાંઈ લોકોનો આ અભિપ્રાય હોય છે કે કમાય તો અમ્હારા ચેલાઓ અને આનંદ લૂંટીએ અમ્હે.

જેટલા વલ્લભસંપ્રદાયસ્થ ગુસાંઈ લોકો છે તેઓ હજી પણ તૈલંગ જ્ઞાતિમાં નથી, અને જો કોઇ એ લોકોને ભૂલથી દીકરી આપે છે તો તે પણ જ્ઞાતિબહિષ્કૃત થાય છે, કારણ કે એમને જ્ઞાતિબહિષ્કૃત કરવામાં આવ્યા છે. એ લોકો વિદ્યાશૂન્ય હોઇ સર્વદા પ્રમાદમાં પડ્યા રહે છે.

જ્યારે કોઇ ગુસાંઇની પધરામણી કરે છે ત્યારે તે તેને ઘેર જઈ લાકડાની પૂતળીની માફક ગુપચુપ થઇ બેશી રહે છે, કશું પણ ઉપદેશ પરત્વે બોલતા નથી. બિચારા શું બોલે ! જો બોલે તો મૂર્ખ ગણાઈ જાય.

मूर्खाणां बलम् मौनम्

મૂર્ખનું મૌન એજ બળ હોય છે, જો બોલે તો તો બધી પોલ નીકળી જાય. જ્યારે એ લોકો બેઠા હોય છે ત્યારે સ્ત્રીઓ સામું એકીટશે જોતા રહે છે. જેણીની તરફ ગુસાંઇજી જુએ છે તેણી પોતાના મનમાં પોતાને ભાગ્યશાલિની સ્હમજે છે. તેણીના પતિ, ભાઇ, માતા અને પિતા મૂર્ખતાને લઈ ઘણા પ્રસન્ન થાય છે. બધી સ્ત્રી ગુસાંઇજિના ચરણસ્પર્શ કરે છે. જેણીના ઉપર ગુસાંઇજી પ્રસન્ન થાય છે તેણીની આંગળી પગેથી દબાવી દે છે. ત્યારે તે સ્ત્રી અને તેણીના બંધુઓ પોતાને મહા ભાગ્યવાન્ સ્હમજે છે. એ સ્ત્રીને તેના પતિ આદિ કહેવા લાગે છે કે તું ગુસાંઇજીની ચરણસેવામાં જા. યદિ કોઈ ઠેકાણે એ સ્ત્રીના પતિ આદિ પ્રસન્ન નથી ત્યાં કુટ્ટિની આદિથી કામ સિદ્ધ કરી લે છે. એવા લોકો જ એના મંદિરમાં અને એની સેવામાં રહે છે.

એ લોકોનો દક્ષિણાનો પ્રકાર આ પ્રમાણે છે. જ્યારે કોઇની પાસે દક્ષિણા માગે છે ત્યારે કહે છે કે લાવો ગુસાંઇજીની ભેટ, વહૂજીની ભેટ, લાલજીની ભેટ, બેટીજીની ભેટ, મુખ્યાજીની ભેટ, બાહિરયાજીની (દ્વારપાળ) ભેટ, ગવૈયાજીની ભેટ અને ઠાકુરજીની ભેટ એ સર્વ દ્વારથી યથેષ્ટ માલ પડાવે છે. જ્યારે ગુસાંઇજીનો કોઈ શિષ્ય મરવા પડે છે ત્યારે ત્હેની છાતી ઉપર ગુંસાઈ પગ મૂકે છે, અને જે કંઇ મળે છે તે ગુસાંઇજી ગડપ કરી જાય છે. શું એ કામ મહાબ્રાહ્મણ (ચાંડાલ) ના જેવું, કર્ટિયા (કારટીઆ) મડદાવલીના જેવું નથી ?

કોઈ ચેલો તો વિવાહમાં ગુસાંઇજિને બોલાવી ત્હેને હાથે બાળક અને બાળકીનું પાણિગ્રહણ કરાવે છે. કેટલાક સેવક તો ગુસાંઇને કેશરીઆ સ્નાન કરાવે છે અર્થાત્ ગુસાંઇને શરીરે સ્ત્રી પુરૂષ બન્ને મળી કેશર ચોળી પછી એક મ્હોટા વાસણમાં પાટલો મૂકી સ્નાન કરાવે છે. પરંતુ ઘણે ભાગે તો સ્ત્રીઓ જ સ્નાન કરાવે છે. જ્યારે ગુસાંઈ સ્નાત થઈ ધોતીયું તેજ વાસણમાં મૂકી ચાખડી ઉપર ચ્હડી બ્હાર આવે છે ત્યારે તે જળનું બધા સેવકો આચમન કરે છે !! પછી અનેકવિધ મસાલાવાળી પાનની પટ્ટી બનાવી ગુસાંઇને આપે છે. ગુસાંઇ તે પાનને થોડુંઘણું ચાવી ગળે ઉતારી દે છે, અને બાકી રૂપાના કટોરામાં થૂકી કહાડે છે, અને તે કટોરાને સેવકો આગળ મૂકે છે એમાં પીચકારી કરે છે એની પણ પ્રસાદી વ્હેંચવામાં આવે છે !!! એને ખાસ પ્રસાદી કહે છે !

બંધુઓ, વિચારો તો ખરા કે એ મનુષ્ય કેવા પ્રકારના છે. મનુષ્યમાં મૂર્ખત્ત્વની જો સીમા હોય તો બસ એટલી જ હશે, અને અનાચારની પણ હદ હશે તોપણ એટલી જ હશે.

ઘણા લોકો સમર્પણ લે છે એમાં કેટલાક વૈષ્ણવો તો વૈષ્ણવોના હાથનું જ ખાય છે. બીજાના હાથનું નહિ; અને કેટલાક તો વૈષ્ણવોના હાથનું પણ ખાતા નથી. લાકડાંને ધોઇ

ધોઈને લે છે, પરન્તુ હતભાગ્ય એના કે લોટ, ગોળ, ખાંડ, સાકર અને ઘી ધોયા વગર ખાય છે. શું કરે બીચારા જો એ વસ્તુઓ ધોવા જાય તો ઠામુકી વસ્તુઓ જ ખોઈ બેસે.

એ લોકો કહે છે અમ્હે ઠાકોરજીના રંગ, રાગ અને ભોગમાં બહુ પૈસો વ્યતિત કરીએ છીએ, પરંતુ ખરી રીતે એ રંગ, રાગ અને ભોગ પોતે જ ભોગવે છે. ખરૂં પૂછો તો મહાન્ અનર્થ થાય છે. હોળીને દીવસે પીચકારીઓ ભરી સ્ત્રીઓના અસ્પૃશ્ય અવયવો ઉપર અને ગુપ્તસ્થાનમાં મારે છે. બ્રાહ્મણને નિષિદ્ધ રસવિક્રય પણ એ લોકો જ કરે છે.

(પ્રશ્ન) ગુસાંઇજી પોતે તો હાટમાં બેસી રોટલી, દાળ, ભાત, કઢી અને શાક તો નથી વેચતા ને? નોકર લોકોને પતરાવળી વ્હેંચી દેવામાં આવે છે એ લોકો વેચે છે, કાંઈ ગુસાંઇ થોડાક જ વેચવા બેસે છે!

(ઉત્તર) પણ એ ગુસાંઇ લોકો નોકરોને માસિક પગાર આપે તો એ પતરાવળી શામાટે લે? ગુસાંઇજિ તો નોકરોને પગારને બદલે દાળભાત આદિની પતરાવળીઓ આપે છે, તેથી એ લોકો લઇ જઈ બજારમાં વેચે છે. જો ગુસાંઇ પોતે જ બજારમાં જઈ દાળ, ભાત આદિ વેચી નોકરોને માસિક પગાર આપતા હોય તો બીચારા નોકર લોકો તો રસવિક્રયમાંથી મુક્ત રહે, એકલા ગુસાંઈ જ પાપના ભાગી બનત. પરન્તુ આતો પોતે પ્રથમ પાપમાં ડૂબે છે અને પછી બીજાને પાપમાં ડૂબાડે છે,

કોઈ કોઈ નાથદ્વાર આદિમાં તો ગુસાંઇજી સ્વયં વેચે છે, રસવિક્રિય કરવો એ નીચનું કામ છે, ઉત્તમનું નહિ. એવા એવા માણસોએજ આર્યાવર્ત્તની અધોગતિ કરી નાંખી છે.

(પ્રશ્ન) સ્વામીનારાયણનો મત કેવો છે?

(ઉત્તર) " यादृशी शीतला देवी तादृशो वाहनः खरः "

ગુસાંઇઓની ધનહરણ કરવાની જેવી વિચિત્ર લીલા છે તેવી જ સ્વામીનારાયણની પણ છે. એ મતનું ઉત્થાન આ પ્રમાણે છે—

અયોધ્યા પાસેના ગામમાં એક સહજાનંદ નામનો માણસ જન્મ્યો હતો. તે બ્રહ્મચારી રહી, ગુજરાત, કાઠીઆવાડ, કચ્છભુજ આદિ દેશોમાં ફરતો હતો. એણે જોયું કે આ દેશમાં ભોળા અને મૂર્ખ લોકો રહે છે, ગમે તેમ કરી આ લોકોને મ્હારા મતમાં ફસાવી શકીશ, આ લોકો જરૂર ફસી જશે; પછી તેણે ત્યાં બે ત્રણ શિષ્યો બનાવ્યા. એ લોકોએ પરસ્પર મસલત કરી બ્હાર પાડયું કે સહજાનંદ નારાયણના અવતાર છે અને મ્હોટા સિદ્ધ છે, ભક્તોને ચતુર્ભુજ મૂર્ત્તિ ધારણ કરી દર્શન આપે છે.

કાઠીઆવાડમાં ગઢડા નામના ગામમાં દાદાખાચર નામનો જમીનદાર કાઠી રહેતો હતો. ત્હેની પાસે સહજાનંદના શિષ્યો ગયા અને કહ્યું કે જો ત્હમે ચતુર્ભુજ મૂર્ત્તિનાં દર્શન કરવા

ઇચ્છિતા હો તો અમ્હે સહજાનંદજીને પ્રાર્થના કરીએ. તેણે કહ્યું કે બહુ સારૂં. કારણ કે તે તદ્દન ભોળો માણસ હતો. પછી સહજાનંદને મુકુટ પ્હેરાવી એક હાથમાં શંખ અને બીજા હાથમાં ચક્ર આપી એક ઓરડીમાં બેસાડયો, અને એક બીજો માણસ પોતાના એક હાથમાં ગદા અને બીજા હાથમાં પદ્મ લઈ સહજાનંદની પાછળ ઉભો રહી સહજાનંદની બગલમાંથી હાથ આગળ કહાડી ચતુર્ભુજના જેવો દેખાવ કર્યો. પછી સહજાનંદના શિષ્યોએ દાદાખાચર પાસે જઇને કહ્યું કે એક વાર આંખ ઉઘાડી, જોઇ અને તરત જ મીચી દેજો અને એકદમ આ તરફ ચાલ્યા આવજો, જો વધારે વખત જોશો તો નારાયણ કોપ કરશે. ચેલાઓના મનમાં ખરી વાત તો આ હતી કે જો વધારે વાર જોશે તો કપટ જણાઈ આવશે.

ચેલાઓ દાદાખાચરને લઈ ઓરડીએ ગયા. ઓરડીમાં ચોતરફ અંધારૂં હતું. એની અંદર સહજાનંદ જરીનાં ચળકતાં રેશમી કપડાં પ્હેરી બેઠો હતો. ચેલાઓએ એકદમ સહજાનંદ ઉપર દીવાનો પ્રકાશ પાડયો અને દાદાખાચરે એકદમ ચતુર્ભુજ મૂર્ત્તિ જોઈ પછી એકદમ દીવાને ભીંત આડો કરી દીધો અને તે બધા નીચે પડી નમસ્કાર કરી બીજી તરફ ચાલ્યા ગયા. પછી બધા પરસ્પર વાતો કરવા મંડયા કે ધન્ય છે તહમારાં ભાગ્ય, હવે તો તહમે મહારાજના ચેલા થઇ જાઓ. તેણે કહ્યું કે બહુ સારૂં. એમ વાતો કરતા કરતા જ્યાં બીજા સ્થાન ઉપર આવે છે તે પહેલાં તો સહજાનંદ વસ્ત્રને બદલી બીજા સ્થાન ઉપર આવી ગાદી ઉપર બેસી ગયો. ચેલા સહિત દાદા ખાચરે સહજાનંદને જોયો. ત્યારે ચેલાઓ કહેવા મંડયા કે જુઓ ! હવે બીજું સ્વરૂપ ધારણ કરી અહિંઆ વિરાજમાન છે. બસ, દાદાખાચર એની જાળમાં સપડાઈ ગયો, અને એ લોકોના મતની ત્યાં જડ જામી. એ કાઠી એક મ્હોટો જમીનદાર હતો તેથી એ લોકોએ ત્યાં જ પોતાનો મત જમાવ્યો. તે સહજાનંદ આસપાસ ફરવા મંડયો, અને ઉપદેશ કરવા મંડયો, અને ઘણાને સાધુઓ બનાવવા લાગ્યો. કોઈ કોઇને તો ગળાની નસ મસળી મૂર્છિત કરી દઇને કહેતો હતો કે મેં આજે સમાધિ ચ્હડાવી દીધી છે. એવી એવી ધૂર્ત્તતાથી કાઠીઆવાડના ભોળા ભોળા માણસો એની જાળમાં સપડાઇ ગયા.

જ્યારે એ મરી ગયો ત્યારે એના ચેલાઓએ ઘણું પાખંડ ફેલાવ્યું. એમાં આ એક દૃષ્ટાન્ત ઘણું ઉપયોગી છે.

કોઇ માણસ ચોરી કરતાં પકડાઇ ગયો હતો, ન્યાયાધીશે એનાં નાક અને કાન કાપવાની શિક્ષા કરી. જ્યારે એનું નાક કાપવામાં આવ્યું ત્યારે તે ઘણો નાચવા અને કૂદવા લાગ્યો અને ઘણોજ હસવા લાગ્યો. માણસોએ તેને પૂછ્યું કે તું શામાટે હસે છે ? એણે કહ્યું કે કંઈ વાત જ કરો મા ! ! લોકોએ ફરીથી પૂછ્યું કે ભાઇ કહે તો ખરો શી વાત છે ! તેણે કહ્યું મ્હોટું આશ્ચર્ય છે, મ્હેં કદિપણ આવું જોયું નહોતું. લોકોએ કહ્યું પણ કહેતો ખરા શી વાત છે. તેણે કહ્યું મ્હારી સામે સાક્ષાત્ ચતુર્ભુજ નારાયણ ઉભા છે. આ મૂર્ત્તિને જોઇ મ્હને આનન્દ ક્યાંય માતો નથી, માટે આજે હર્ષ ઘેલો બની નાચી કૂદી મ્હારાં ભાગ્યને ધન્યવાદ આપી રહ્યો છું. આજે હું સાક્ષાત્ નારાયણનાં દર્શન કરી રહ્યો છું. લોકોએ કહ્યું કે અમ્હને કેમ દર્શન થતાં નથી ? તે ધૂર્ત્ત બોલ્યો કે નાક આડું આવે છે ! જો નાક કપાવી નાંખો

તો હમણાં નારાયણ દેખાવા લાગે, નહિ તો નહિ. એમાંના કોઇ મૂર્ખે વિચાર્યું કે નાક જાય તો ભલે જાય પણ નારાયણનાં દર્શન તો કરવાં. પછી એણે કહ્યું કે લ્યો ત્યારે મ્હારૂં નાક કાપો અને નારાયણ બતાવો. એ ધૂર્ત્તે ત્હેનું નાક કાપ્યું અને કાનમાં ફૂંક મારી કે તું મારી માફક કર, નહિ તો ત્હારી અને મ્હારી મશ્કરી થશે. એણે વિચાર્યું કે હવે નાક કપાયું એ તો પાછું આવવાનું નથી માટે એમજ કરવું ઠીક છે. તે પણ એની માફક ત્યાં જ નાચવા કૂદવા મંડી પડ્યો અને ગાવા વગાડવા લાગ્યો, અને કહેવા લાગ્યો કે મ્હને નારાયણ દેખાય છે. બસ એમ કરતાં કરતાં એક હજાર માણસનું ટોળું થઈ ગયું, અને પછી મહાન્ કોલાહલ મચાવી દીધો, અને પોતાના સંપ્રદાયનું નામ 'નારાયણદર્શી' રાખ્યું. એ વાત ધીમે ધીમે રાજાએ સાંભળી, અને રાજાએ એઓને બોલાવ્યા. જ્યારે રાજા પાસે ગયા ત્યારે તો બહુ જ નાચવા કૂદવા લાગ્યા અને કોઇ હસવા લાગ્યા. ત્યારે રાજાએ પૂછ્યું કે આ બધું શું છે ? નારાયણદર્શીએ કહ્યું કે અમ્હને સાક્ષાત્ નારાયણ દેખાય છે.

રાજા— મ્હને કેમ દેખાતા નથી ?

નારાયણદર્શી— જ્યાં સુધી નાક છે ત્યાં સુધી નહિ દેખાય, જ્યારે નાક કપાવી નાંખશો ત્યારે જ નારાયણ પ્રત્યક્ષ દેખાશે.

રાજાએ વિચાર્યું કે વાત તો ઠીક છે. બસ જ્યોતિષીજી પાસે જ બેઠા હતા. રાજાએ કહ્યું કે જ્યોતિષીજી ! મુહૂર્ત્ત જુઓ ! નાક ક્યારે કપાવવું. જ્યોતિષીજીએ કહ્યું કે જેવો હુકમ. અન્નદાતા દશમીને દિવસે સ્હવારે આઠ વાગે નાક કપાવવાનું અને નારાયણનાં દર્શન કરવાનું શુભ મુહૂર્ત્ત છે.

વાહરે વાહ !! પોપજી !!! ત્હમારી પોથીમાં તો નાક કપાવવાનું પણ મુહૂર્ત્ત લખ્યું છેને શું !!

રાજા ઘણો ખુશી થયો. હજારો નકટાઓને સીધાં બાંધી આપ્યાં. ત્યારે તો એ નકટાઓ ઘણા પ્રસન્ન થયા અને બહુ જ નાચવા, કૂદવા અને ગાવા લાગ્યા. એ વાત રાજાના દીવાનને તથા બીજા સારા સારા માણસોને સારી લાગી નહિ. રાજાનો ચાર પેઢીનો જુનો ૯૦ વરસનો વૃદ્ધ દીવાન હતો ત્હેને એ બધી વાત તેના પુત્રના પુત્રે કહી સંભળાવી. તે છોકરો તે વખતે દીવાન હતો. એ વૃદ્ધ ડોસાએ કહ્યું કે એ બધા નકટાઓ ધૂર્ત્ત છે. તું મ્હને રાજા પાસે લઈ જા. એ એને રાજા પાસે લઇ ગયો. જ્યારે એ દીવાન રાજા પાસે બેઠો ત્યારે રાજાએ નકટાઓની વાત ઘણા હર્ષથી સંભળાવી. દીવાને કહ્યું કે મહારાજ એટલી બધી ઉતાવળ ન કરવી જોઇએ જો પરીક્ષા કર્યા વગર કામ કરીએ તો પાછળથી પસ્તાવું પડે છે.

રાજા— શું આ હજારો માણસો ખોટું બોલે છે !

દીવાન— સાચું બોલે છે કે ખોટું બોલે છે એ પરીક્ષા કર્યા વગર કેમ ખબર પડે.

રાજા— પરીક્ષા કેવી રીતે કરાય ?

દીવાન— વિદ્યાથી, સૃષ્ટિના ક્રમથી અને પ્રત્યક્ષાદિ પ્રમાણોથી.

રાજા— પણ જે ન ભણ્યો હોય તે કેવી રીતે પરીક્ષા કરે ?

દીવાન— વિદ્વાનોના સંગથી જ્ઞાનની વૃદ્ધિ કરીને.

રાજા— જો વિદ્વાન્ ન મળે તો ?

દીવાન— પુરૂષાર્થ કરનારને કશું દુર્લભ નથી.

રાજા— ત્યારે આપ જ કહો, શું કરવું જોઇએ.

દીવાન— હું ઘરડો થયો છું અને ઘરમાં જ બેશી રહું છું અને હવે થોડાક જ દિવસ જીવીશ. માટે પ્રથમ હું જ પરીક્ષા કરી જોઉં, અને પછી જેમ તમને યોગ્ય લાગે તેમ કરજો.

રાજા— ઘણી સારી વાત છે. રાજાએ જ્યોતિષીજીને કહ્યું કે દિવાનજીને માટે મુહૂર્ત્ત જુઓ.

જ્યોતિષજી—જેવી મહારાજની આજ્ઞા. આવતી શુક્લ પંચમીને દિવસે ૧૦ વાગે મુહૂર્ત્ત શુભ છે.

જ્યારે પંચમી આવી ત્યારે એ બુઢ્ઢો આઠ વાગે રાજા પાસે આવ્યો, અને રાજાને કહ્યું કે હજાર બે હજાર સેના લઇને જવું જોઇએ.

રાજા— ત્યાં સેનાનું શું કામ છે ?

દીવાન— આપને રાજવ્યવસ્થાની બરાબર ખબર નથી માટે જેમ હું કહું છું તેમ કરો.

રાજા— ઠીક, જાઓ ભાઇ સેના તૈયાર કરો.

સાડાનવ વાગે સ્વારી કરી રાજા ત્હેને ત્યાં ગયો, એને જોઇ તે નકટાઓ નાચવા અને ગાવા લાગ્યા. ત્યાં જઇ બેઠા પછી રાજાએ એ મહન્ત–કે જેનું નાક પ્રથમ કાપવામાં આવ્યું હતું અને જેણે એ મત પ્રથમ ચલાવ્યો હતો–તેને કહ્યું કે આજ અમ્હારા દીવાનજીને નારાયણનાં દર્શન કરાવો. તેણે કહ્યું કે ઘણું સારૂ. જ્યારે દસ વાગતાનો સમય થયો, ત્યારે એક માણસે દીવાનના નાક નીચે થાળી પકડી રાખી, અને તે મહન્તે તીક્ષ્ણ ચપ્પુ લઈ નાક કાપી થાળીમાં મૂકી દીધું. દીવાનજીના નાકમાંથી લોહીની ધારા નીકળવા લાગી, દીવાનજીનું મ્હોઢું મલીન થઈ ગયું. પછી એ ધૂર્ત્તે દીવાનજીને કાનમાં મંત્રોપદેશ કર્યો કે આપ પણ હસીને બધાને કહો કે મ્હને પણ નારાયણ દેખાય છે. નાક કપાયું તે પાછું મળવાનું નથી, જો નહિ કહો તો ત્હમારી મશ્કરી થશે. બધા લોકો હસવા માંડશે. એટલું કહી તે દૂર ગયો. દીવાનજીએ હાથમાં રૂમાલ લઈ નાક આડો દઇ દીધો. જ્યારે રાજાએ દીવાનજીને પૂછ્યું કે કહો નારાયણ દેખાય છે કે નહિ ? દીવાનજીએ રાજાને કાનમાં કહ્યું કે કશું પણ દેખાતું નથી, વ્યર્થ આ ધૂર્તે હજારો માણસોનાં નાક કાપ્યાં છે. રાજાએ દીવાનને પૂછયું કે હવે શું કરવું જોઇએ ? દીવાને કહ્યું કે એમને પકડી કઠણ દંડ આપવો જોઇએ. જ્યાં સુધી જીવે ત્યાં સુધી કેદખાનામાં રાખવા જોઇએ, અને જેણે આ બધાને બગાડયા છે ત્હેને ગધેડા ઉપર ચ્હડાવી ઘણી દુર્દશા કરી મારી નાંખવો જોઇએ. રાજા અને દીવાન કાનમાં વાતો કરે છે

એટલામાં પેલા લોકોએ ડરના માર્યા ભાગવાની તૈયારી કરી, પરન્તુ ચોતરફ સેના ઉભેલી હતી તેથી ભાગી શક્યા નહિ. રાજાએ આજ્ઞા કરી કે આ બધાને પકડીને કેદખાનામાં નાંખી ધો, અને આ દુષ્ટનું મ્હોં કાળું કરી, અને એને ગધેડા ઉપર બેસાડી, ગળામાં ફાટલા જુના જોડાઓના હાર પ્હેરાવી, બધે ઠેકાણે ફેરવી, છોકરાઓ પાસે ધૂળ અને રાખ નંખાવી, શેરી શેરીમાં જોડાવતી માર મરાવી, કૂતરાંઓ પાસે કરડાવી અને મરાવી નાંખવો જોઇએ. જો એમ નહિ કરવામાં આવે તો ફરીથી બીજાઓ પણ એવું કામ કરતા બ્હીશે નહિ.

જ્યારે એ પ્રમાણે કરવામાં આવ્યું ત્યારે નકટાઓનો સંપ્રદાય બંધ થયો.

એજ પ્રમાણે જેટલા વેદવિરોધી મતો છે તે બધા બીજાઓનું ધન હરણ કરવામાં ચતુર છે. એજ સંપ્રદાયોની લીલા છે.

સ્વામીનારાયણના મતવાળા પણ ધનહરનારા છે તેથી છળ કપટવાળાં કામો કરે છે. મૂર્ખોને બહેકાવવાને માટે મરતી વખતે એ લોકો કહે છે કે સફેદ ઘોડા ઉપર બેસી સહજાનંદજી મુક્તિમાં લઈ જવા સારૂ આવ્યા છે, અને હમેશાં દિવસમાં એકવાર આ મંદિરમાં આવ્યા કરે છે. જ્યારે મેળો થાય છે ત્યારે મંદિરની અંદર પૂજારીઓ રહે છે, અને બ્હાર દુકાન લગાવી રાખે છે. મંદિરમાંથી દુકાનમાં જવાનું દ્વાર રાખે છે. જે નાળીએર ચ્હડાવે છે તે નાળીએર દુકાનમાં ફેંકી દેછે. એ પ્રમાણે એક નાળીએર દિવસમાં હજાર વાર વેચાય છે. એજ પ્રમાણે બધા પદાર્થો વેચે છે. જે જાતનો સાધુ હોય છે તેની પાસે તેવું કામ લેછે. જો હજામ હોય તો હજામનું કામ કરાવે છે, કુંભાર હોય તો કુંભારનું, શિલ્પી હોય તો શિલ્પીનું, વાણીઓ હોય તો વાણીઆનું અને શૂદ્ર હોય તો શૂદ્રનું, પોતાના ચેલાઓ ઉપર કર કરી મુકયો છે. એ પ્રમાણે ધૂતી ધૂતી કરોડો રૂપીઆ એકત્રિત કર્યા છે, અને કર્યા જાય છે.

જે ગાદી ઉપર બેસે છે તે વિવાહ કરી ગૃહસ્થ થાય છે. આભૂષણ આદિ પ્હેરે છે, જ્યાં ક્યાંય પધરામણી થાય છે ત્યાં ગોકળીઆ ગુસાંઇની માફક વહુજી આદિની ભેટ પૂજા લે છે. પોતાને સત્સંગી કહે છે અને બીજાને કુસંગી કહે છે. પોતાનાથી બીજો ગમે તેટલો વિદ્વાન્ અને ધાર્મિક હોય તોપણ ત્હેનું માન અને સેવન કરતા નથી. બીજા મતવાળાની સેવા કરવામાં પાપ સ્હમજે છે. એ લોકોના સાધુઓ પ્રસિદ્ધ રીતે સ્ત્રીઓનાં મુખ જોતા નથી, પરંતુ ગુપ્ત કોણ જાણે શી લીલા થાય છે. એની કીર્તિ ન્યૂન થઈ છે. કોઈ કોઇ ઠેકાણે તો સાધુઓનું પરદારાગમન પ્રસિદ્ધ થઈ ગયું છે.

એ લોકોમાં જ્યારે જ્યારે મ્હોટા મ્હોટાઓ મરણ પામે છે ત્યારે ત્હેને ગુપ્ત કૂવામાં ફેંકી દે છે, અને પછી પ્રસિદ્ધ કરે છે કે અમુક મહારાજ શરીરસહિત વૈકુંઠમાં ગયા. સહજાનંદજી આવી એને લઇ ગયા. અમ્હેં ઘણી પ્રાર્થના કરી કે મહારાજ, આને ન લઈ જાઓ; કારણ કે જો આ મહાત્મા અહિંઆ રહેશે તો ઘણું કામ કરશે. પણ સહજાનંદજીએ કહ્યું કે આની વૈકુંઠમાં ઘણી આવશ્યકતા છે, માટે જરૂર લઈ જવા પડશે. અમ્હેં અમ્હારી આંખથી સહજાનંદજીને જોયા, વિમાનને જોયું. મરનાર મહાત્માને વિમાન ઉપર બેસાડયા અને ઉપર લઇ ગયા. પુષ્પોનો વરસાદ પાડતા ગયા.

જ્યારે કોઇ સાધુ બીમાર પડે છે, અને ચોક્કસ નિર્ણય થઇ જાય છે કે હવે હું બચું એમ નથી, ત્યારે કહે છે કે હું કાલે રાત્રિએ વૈકુંઠમાં જઇશ, અને પ્રતિજ્ઞાત રાત્રિએ એ ન મરી ગયો હોય--માત્ર જોઓ જ આવ્યો હોય, તોપણ એને કૂવામાં ફેંકી દે છે. કારણ કે જો એ રાત્રિએ ન ફેંકી દે તો ખોટા પડે છે, માટે એ પ્રમાણે કરે છે એમ સાંભળ્યું છે.

જ્યારે ગોકુળીઆ ગુસાંઇઓ મરે છે ત્યારે ત્હેના ચેલાઓ પણ એમ જ કરે છે. એ લોકો કહે છે કે " ગુસાંઇજી લીલાવિસ્તાર કરી ગયા. "

ગુસાંઇ અને સ્વામીનારાયણનો ઉપદેશ કરવામાં મંત્ર એક જ છે. અને તે આ છેઃ—

श्रीकृष्णः शरणं मम ॥

એનો અર્થ એવો કરે છે કે શ્રીકૃષ્ણ મ્હારૂં શરણ છે. અર્થાત્ હું શ્રીકૃષ્ણને શરણાગત છું, પરન્તુ એનો અથ બીજો પણ થઇ શકે છે. અર્થાત્ શ્રીકૃષ્ણ મારા શરણને પ્રાપ્ત એટલે કે શ્રીકૃષ્ણ મ્હારા શરણાગત થાય !

એ બધા વેદવિરૂદ્ધ જેટલા મતો છે તે બધા ઉટપટાંગ શાસ્ત્રવિરૂદ્ધ વાક્ય રચના કરે છે. કારણ કે એ લોકો વિદ્યાવિરહિત હોવાથી વિદ્યાના નિયમોથી અનભિજ્ઞ હોય છે.

(પ્રશ્ન) માધ્વ મત કેવો છે ?

(ઉત્તર) જેવા બીજા મતો છે તેવો માધ્વ મત પણ છે કારણ કે એ લોકો પણ ચક્રાંકિત થાય છે. ચક્રાંકિત અને એનામાં આટલો ફેર છે કે રામાનુજાચાર્યીઓ એક વાર ચક્રાંકિત થાય છે, અને માધ્વ લોકો પ્રતિવર્ષ--વારંવાર--ચક્રાંકિત થાય છે, ચક્રાંકિત લોકો કપાળમાં પીળી રેખા કરે છે. માધ્વ લોકો કાળી રેખા કરે છે.

એક માધ્વ પંડિતની સાથે કોઇ એક મહાત્માનો શાસ્ત્રાર્થ થયો હતો.

મહાત્મા— ત્હમેં આ કાળી રેખા અને ચાંદલો શામાટે કર્યો છે ?

મા૦ પં.— એ લગાડવાથી અમ્હેં વૈકુંઠમાં જઇશું. શ્રીકૃષ્ણ મહારાજનું શરીર કાળું હતું માટે અમે પણ કાળું તિલક કરીએ છીએ.

મહાત્મા— જો કાળી રેખા અને ચાંદલો કરવાથી વૈકુંઠમાં જઇ શકાતું હોય તો સંપૂર્ણ મુખ કાળું કરી લેવામાં આવે તો ક્યાં જવાય ? શું વૈકુંઠથી પણ પરે જઇ શકાય ? શ્રીકૃષ્ણનું શરીર કાળું હતું માટે તમે પણ બધું શરીર કાળું કરતા રહો ત્યારે જ શ્રીકૃષ્ણનું બરાબર સાદૃશ્ય થશે.

માટે એ માધ્વ મત પણ ઉપરના મતોમાંનો એકમત છે.

(પ્રશ્ન) લિંગાંકિતનો મત કેવો છે ?

(ઉત્તર) જેવો ચક્રાંકિતનો છે તેવો.

ચક્રાંકિતો ચક્રથી દઝાડવામાં આવે છે, અને નારાયણ સિવાય બીજા કોઇને માનતા નથી. તેમજ લિંગાંકિત લિંગાકૃતિથી દઝાડવામાં આવે છે, અને મહાદેવ સિવાય બીજા કોઇને માનતા નથી.

એ બેમાં વિશેષ ભેદ આટલો જ છે કે લિંગાંકિત લોકો પત્થરના લિંગને સોનાથી અથવા ચાંદીથી મઢાવી ગળામાં લટકાવી રાખે છે, જ્યારે પાણી પીએ છે ત્યારે એને બતાવીને પીએ છે.

એનો પણ મંત્ર શૈવના જેવો જ છે.

ब्राह्मसमाज अने प्रार्थनासमाज.

(પ્રશ્ન) બ્રાહ્મસમાજ અને પ્રાર્થનાસમાજ તો સારા છે ને ?

(ઉત્તર) કેટલીક વાતો ઠીક છે અને કેટલી વાતો અગ્રાહ્ય છે.

(પ્રશ્ન) બ્રાહ્મસમાજ અને પ્રાર્થનાસમાજ તો સર્વથી ઉત્તમ છે. કારણ કે એના નિયમો ઘણા સારા છે.

(ઉત્તર) જેટલા નિયમો છે તે બધા સર્વાંશમાં સત્ય નથી. કારણ કે વેદવિદ્યાવિહીન લોકોની કલ્પના સર્વથા સત્ય કેવી રીતે થઇ શકે ? બ્રાહ્મસમાજ અને પ્રાર્થના-સમાજે જેટલા અંશમાં માણસોને ઇસાઇમતમાં જતા અટકાવ્યા છે, પાષાણાદિ મૂર્ત્તિપૂજાથી વિમુખ કર્યા છે અને જાળગ્રન્થમાં પડતા બચાવ્યા છે, તેટલા અંશમાં તો ઠીક છે, પરન્તુ એ લોકોમાં સ્વદેશભક્તિ ઘણી જ ન્યૂન છે. ઇસાઇઓનાં ઘણાં આચરણ લીધા છે. ખાવા પીવાના તથા વિવાહ આદિના નિયમો બદલાવી નાંખ્યા છે.

૨ પોતાના દેશની પ્રશંસા અને પૂર્વજોની મહત્તા કહેવી તો દૂર રહી, પણ ઉલટી પેટભરીને નિંદા કરે છે. વ્યાખ્યાન આદિમાં ઇસાઇઓની અને અંગ્રેજોની પ્રશંસા પેટભરીને કરે છે. બ્રહ્માદિ મહર્ષિઓનું તો નામ પણ લેતા નથી. પ્રત્યુત એમ કહે છે કે અંગ્રેજ સિવાય અદ્યાવધિ કોઇ વિદ્વાન્ થયા જ નથી. આર્યાવર્ત્તના લોકો હમેશાંથી મૂર્ખ જ થતા આવ્યા છે, એની ઉન્નતિ કદિપણ થઈ નથી.

૩ વેદોની પ્રશંસા તો દૂર રહી, પણ ઉલટી નિંદા કરે છે. બ્રાહ્મસમાજના ઉદ્દેશના પુસ્તકમાં જ્યાં સાધુઓની ગણના કરી છે, ત્યાં "ઇસા" "મૂસા" "મુહમદ" "નાનક" અને "ચૈતન્ય" નાં નામો લખ્યાં છે, કોઈ ઋષિ મહર્ષિનું નામ પણ લખ્યું નથી, એથી એ માલુમ પડે છે કે એ લોકોએ જેનાં નામ લખ્યાં છે તેના જ મતના અનુસારી છે.

એ લોકો આર્યાવર્ત્તમાં જ ઉત્પન્ન થયા છે, અને આ જ દેશનાં અન્ન જળથી પુષ્ટ થયા છે અને હજી પણ થતા જાય છે, એમ હોવા છતાં પોતાના માતા,

પિતા અને પિતામહના માર્ગનો ત્યાગ કરી વિદેશીય મતો ઉપર વધારે ઝુકવું એ ઉન્નતિકારક કેવી રીતે હોઈ શકે ?

બ્રાહ્મસમાજ અને પ્રાર્થનાસમાજ એતદ્દેશસ્થ સંસ્કૃતવિદ્યાથી અનભિજ્ઞ રહી પોતાને વિદ્વાન્ બતાવે છે. ઇંગ્લીશ વિદ્યા ભણી પંડિતાભિમાની બની સહસા એક મત ચલાવવામાં પ્રવૃત્ત થઈ ગયા છે, એ વૃદ્ધિકારક કાર્ય કેવી રીતે હોઈ શકે ?

૪ એ લોકોએ અંગ્રેજ, યવન અને અન્ત્યજોની સાથે ખાવા પીવામાં ભેદ રાખ્યો નથી. એ લોકો એમ સમજ્યા હશે કે ખાવા પીવામાં અને જાતિભેદ તોડવામાં જ અમારા દેશનો સુધાર છે, પરંતુ એવી બાબતોમાં સુધાર ક્યાં છે ? ઉલટો બગાડ થાય છે.

૫ (**પ્રશ્ન**) જાતિ–ભેદ ઈશ્વરકૃત છે કે મનુષ્યકૃત ?

(**ઉત્તર**) ઇશ્વરકૃત છે અને મનુષ્યકૃત પણ છે.

(**પ્રશ્ન**) કઇ ઇશ્વરકૃત જાતિ અને કઈ મનુષ્યકૃત ?

(**ઉત્તર**) જાતિ બે પ્રકારની છે. એક સામાન્યજાતિ અને બીજી વિશેષજાતિ.

સામાન્ય જાતિ — મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ અને જળજંત્વાદિ જાતિઓ.

વિશેષ જાતિ —
પશુઓમાં— ગાય, અશ્વ, અને હસ્તી (હાથી) આદિ.
વૃક્ષોમાં— પીપળો, વડલો, અને આંબો આદિ.
પક્ષીઓમાં—હંસ, કાગડા અને બગલા આદિ.
જળજંતુઓમાં— મત્સ્ય, (માછલાં) અને મકર (મગર) આદિ જાતિઓ તે બધી ઇશ્વરકૃત છે.

પરંતુ મનુષ્ય સામાન્યજાતિમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, અને અન્ત્યજ આદિ વિશેષ જાતિભેદો તે મનુષ્યકૃત છે.

જે પ્રમાણે પૂર્વોક્ત વર્ણાશ્રમવ્યવસ્થા લખી દીધી છે તે પ્રમાણે જ વર્ણવ્યવસ્થા માનવી આવશ્યક છે. પૂર્વોક્ત ગુણ, કર્મ અને સ્વભાવાનુસાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રાદિની પરીક્ષા કરવી એ રાજા અને વિદ્વાનોનું કામ છે.

ભોજનભેદ પણ ઇશ્વરકૃત અને મનુષ્યકૃત છે. સિંહ, માંસાહારી અને બળદ ઘાસાહારી છે, એ વ્યવસ્થા ઇશ્વરકૃત છે, અને દેશકાળ જોઈ ભેદ કરવો એ મનુષ્યકૃત ભેદ છે.

(પ્રશ્ન) જુઓ ! યૂરોપીયન લોકો બૂટ જોડા, કોટ પાટલૂન, પહેરે છે અને હૉટલમાં બધા ભેગા બેશીને ખાય છે તેથી એ લોકોની ઉન્નતિ થયાં કરે છે.

(ઉત્તર) એ ત્હમારી ભૂલ છે. કારણુ કે મુસલમાન અને અન્ત્યજ બધાના હાથનું ખાય છે તોપણુ એમની ઉન્નતિ કેમ થતી નથી ? એ લોકોની ઉન્નતિ થવાનાં કારણો તો–" બાલ્યાવસ્થામાં વિવાહ નહિ કરી બાલક અને બાલિકાને સુશિક્ષિત બનાવવાં, સ્વયંવર વિવાહ હોવો, દુષ્ટ પુરૂષનો ઉપદેશ ન સાંભળવો, વિદ્વાન્ થઈ પાખંડ મતમાં ન ફસાવું, જે કંઈ કરવું તેની પહેલા ત્હેને માટે પૂર્ણ વિચાર કરવો. અને સભાની સંમતિ લઇ કાર્યમાં પ્રવૃત્ત થવું, પોતાની જાતિની ઉન્નતિને માટે તન, મન અને ધનનો વ્યય કરવો, આળસનો ત્યાગ કરી હમેશાં ઉદ્યોગ કરવો. જેણે પોતાના દેશમાં (યૂરોપમાં) બનેલા જોડા પહેર્યાં હોય છે તેને જ ઓફીસમાં અને કોર્ટમાં જવા દે છે. બસ એટલાથી સ્હમજી લ્યો કે એ લોકો પોતાના દેશમાં બનેલા જોડાનું પણુ કેટલું બધું માન રાખે છે. જેટલું સ્વદેશમાં બનેલા જોડાનું માન રાખે છે તેટલું અન્ય દેશસ્થ મનુષ્યોનું પણુ માન રાખતા નથી. યૂરોપીયનોને આ દેશમાં આવ્યા લગભગ સો વર્ષ થયાં છે, પણુ હજી સુધી જાડાં કપડાં પહેરે છે. એ લોકોએ પોતાના દેશનો ચાલ છોડયો નથી, પરંતુ તમે તો ઘણાઓએ એ લોકોનું અનુકરણુ કરી લીધું છે. એટલેજ નિશ્ચય થાય છે કે ત્હમે નિર્બુદ્ધિ છો, અને એ બુદ્ધિમાન્ છે. અનુકરણુ કરવું એ બુદ્ધિમાન્ માણસનું કામ નથી. જેને જે કામ ઉપર નિયત કર્યો હોય છે તે તે કામ બરાબર કરે છે. આજ્ઞાપાલક બરાબર છે, પોતાના દેશનિવાસીઓને વ્યાપારમાં સહાયતા આપે છે. " ઈત્યાદિ કારણોથી ત્હેમની ઉન્નતિ છે.

સારાં સારાં કર્મો કરવાથી ઉન્નતિ થાય છે. કેવળ બૂટ જોડા, પાટલૂન પહેરવાથી અને સાથે મળી હોટલમાં ખાવાથી ઉન્નતિ થતી નથી. ખરાબ કામ કરવાથી અથવા સાધારણુ કામ કરવાથી ઉન્નતિ થતી નથી.

એ લોકોમાં જાતિ-ભેદ પણુ છે. જુઓ ! જ્યારે કોઇ યૂરોપીયન અન્યદેશસ્થ (ભલે ગમે તેટલો મ્હોટો અધિકારી હોય) માણુસની કન્યા લાવે છે અથવા પોતાની કન્યા બીજા દેશવાળાને આપી દે છે ત્યારે ત્હેની સાથે બેસી ભોજન કરવાનો વ્યવહાર બંધ કરવામાં આવે છે, એ જાતિભેદ નહિ તો બીજું શું ?

ત્હમને ભોળા માણુસોને એ લોકો બહેકાવે છે કે અમ્હારામાં જાતિભેદ નથી, ત્હમે ત્હમારી મૂર્ખતાથી માની પણુ લ્યો છો, માટે જે કંઇ કરવું તે ખૂબ વિચારીને કરવું, કે જેથી ફરીથી પસ્તાવું ન પડે.

વૈદ્ય અને ઔષધીની આવશ્યક્તા રોગીને હોય છે નીરોગીને નહિ. વિદ્યાવાન્ નીરોગી રહે છે, અને વિદ્યાહીન અવિદ્યારૂપી રોગથી ગ્રસ્ત રહે છે, એ રોગને દૂર કરવાનો ઉપાય

સત્યવિદ્યા અને સત્ય ઉપદેશ છે. આર્યાવર્ત્તને અવિદ્યાથી એજ રોગ લાગુ પડયો છે કે ખાવા પીવામાં જ ધર્મ રહે છે. જ્યારે કોઇને ખાવા પીવામાં અનાચાર કરતો જુએ છે, ત્યારે તે કહે છે અને સ્હમજે છે કે તે ધર્મભ્રષ્ટ થઇ ગયો, પછી એની વાત સાંભળતા નથી, અને એની પાસે બેસતા નથી—એવી આર્યાવર્ત્તના લોકોની દશા છે. હવે તમે કહો કે ત્હમારી વિદ્યા સ્વાર્થને માટે છે કે પરમાર્થને માટે. પરમાર્થને માટે તો ત્યારે જ કહી શકાય કે જ્યારે ત્હમારી વિદ્યાથી એ અજ્ઞાનીઓને કંઇ પણ લાભ પહોંચે. જો કહો કે એ લોકો લાભ લેતા નથી અમે શું કરીએ. પણ એ દોષ એનો નથી પણ તમારો છે કારણ કે જો ત્હમારાં આચરણ સારાં રાખ્યાં હોત તો એ લોકો ત્હમારા ઉપર પ્રેમ રાખી ઉપકૃત થાત, પરંતુ ત્હમે હજારોના ઉપકારને નષ્ટ કરી પોતાનું જ સુખ ઇચ્છયું તેથી એ ત્હમારી ઉપર મ્હોટો અપરાધ છે. પરોપકાર કરવો એ ધર્મ છે, અને પરહાનિ કરવી એ અધર્મ છે. વિદ્વાનોએ તો યથાયોગ્ય વ્યવહાર કરી અજ્ઞાનીઓને તારવાને માટે નૌકા રૂપ બનવું જોઇએ. સર્વથા મૂર્ખોની માફક કર્મ ન કરવાં જોઇએ. જેમાં એ લોકોની અને પોતાની ઉન્નતિ થતી હોય એવાં કર્મ કરવાં જ ઉચિત છે.

(પ્રશ્ન) અમે કોઇપણ પુસ્તકને ઇશ્વર પ્રણીત માનતા નથી, તેમ કોઇપણ પુસ્તક સર્વાંશમાં સત્ય પણ માનતા નથી. કારણ કે માણસની બુદ્ધિ ભ્રમરહિત હોતી નથી, માટે એ લોકોએ બનાવેલા ગ્રન્થમાં ભ્રમ હોવો જ જોઇએ. આથી અમે બધેથી સત્ય ગ્રહણ કરીએ છીએ, અને અસત્ય છોડી દઇએ છીએ. વેદમાં, બાઇબલમાં અને કુરાનમાં ગમે તે ઠેકાણે હો, પણ જો સત્ય હોય તો—અમને ગ્રાહ્ય છે, અસત્ય નહિ.

(ઉત્તર) જે બાબતથી તમે સત્યગ્રાહી થવા માગો છો, તેજ બાબતથી અસત્યવાદી ઠરો છો. કારણ કે જ્યારે કોઇપણ માણસ ભ્રાન્તિ રહિત થઇ શકતો નથી, તો તમે પણ માણસ હોવાથી ભ્રાન્તિ સહિત જ છો, અને જ્યારે ભ્રાન્તિવાળા માણસનું સર્વાંશમાં સત્ય નથી માનતા તો પછી તમારૂં સર્વથા સત્ય કેમ માની શકાય ? માટે તમારૂં વચન પણ સર્વથા વિશ્વાસનીય નહિ થઇ શકે. વિષવાળાં અન્નની માફક ત્યાજ્ય થઇ જશે, તોપછી ત્હમે બનાવેલાં પુસ્તકો પણ કોઇને પણ માન્ય ન થવાં જોઇએ.

ચતુર્વેદી ચાલ્યા થવા જ્યાં છવેદી,
બન્યા ખોઇને ગાંઠના ત્યાં દ્વિવેદી.

જેમ બીજા માણસો સર્વજ્ઞ નથી તેમ ત્હમે પણ સર્વજ્ઞ નથી. કદાચિત્ ત્હમે પણ સત્યને બદલે અસત્યનું અને અસત્યને બદલે સત્યનું ગ્રહણ કરતા હશો, માટે સર્વજ્ઞ પરમાત્માના વચનની સહાયતા અમ અલ્પજ્ઞોને હોવી જ જોઇએ. માટે જે પ્રમાણે વેદમાં લખ્યું છે તે પ્રમાણે ત્હમારે પણ અવશ્ય માનવું જોઇએ, નહિતો अतोभ्रष्टस्ततोभ्रष्टः થઇ જશો. જ્યારે વેદમાં બધું સત્ય જ છે—

અસત્યનો લેશ માત્ર પણ નથી, તો પછી એના ગ્રહણમાં શંકા કરવી એ સ્વ અને પરની હાનિ કર્યા જેવું છે. એજ કારણથી ત્હમે આર્યાવર્ત્તીય લોકોને પોતાના સ્હમજતા નથી, અને એજ કારણથી ત્હમે આર્યાવર્ત્તની ઉન્નતિના કારણ પણ થઈ શકતા નથી. કારણ ત્હમે બધાના ઘરના ભિક્ષુક છો. ત્હમે સ્હમજ્યા છો કે આ કારણથી અમે સ્વ-પરનું કલ્યાણ કરી શકીશું, પણ યાદ રાખજો કે કંઇપણ કરી શકશો નહિ. જેમ કોઇ માતપિતા આખા સંસારના બાળકોનું પાલણ પોષણ કરવા ઇચ્છે તો બધાનું પાલણ પોષણ કરવું તો દૂર રહ્યું, પણ પોતાના બાળકોનું પણ પાલણ પોષણ કરી શકતાં નથી; તેવી જ ગતિ ત્હમારી છે. વેદાદિ સત્યશાસ્ત્રોને માન્યા સિવાય ત્હમે ત્હમારા વચનની સત્યતા અથવા અસત્યતાની પરીક્ષા કેવી રીતે કરી શકશો, અને આર્યાવર્ત્તની ઉન્નતિ કેવી રીતે કરી શકશો? જે દેશને જે રોગ થયો છે તે દેશની તે ઔષધી ત્હમારી પાસે નથી. યૂરોપીયન લોકો ત્હમારી અપેક્ષા કરતા નથી, અને આર્યાવર્ત્તના લોકો ત્હમને અન્યમતસ્થના જેવા માને છે. હજી પણ સ્હમજી જાઓ, અને વેદાદિશાસ્ત્રોને માન આપી દેશોન્નતિ કરવા મંડો તો સારૂં છે.

ત્હમે કહો છો કે બધું સત્ય પરમાત્માએ પ્રકાશિત કર્યું છે, તો પછી ઋષિઓના આત્મામાં પ્રકાશિત થયેલા સત્યાર્થ વેદોને કેમ માનતા નથી? ત્હમે લોકો વેદો ભણતા નથી અને ભણવાની ઈચ્છા પણ કરતા નથી, તો ત્હમને વેદોક્ત જ્ઞાન કેવી રીતે મળી શકે?

૬ ત્હમે ઈસાઈ અને મુસલમાનની માફક જે ઉપાદાન કારણ સિવાય જગતૂની ઉત્પત્તિ અને જીવની પણ ઉત્પત્તિ માનો છો એનો ઉત્તર સૃષ્ટ્યુત્પત્તિ વિષયમાં અને જીવેશ્વરની વ્યાખ્યામાં જોઇ લ્યો. કારણ વિના કાર્ય થવું એ અસંભવિત છે, અને ઉત્પન્ન થયેલી વસ્તુનો નાશ ન થવો એ પણ અસંભવિત છે.

૭ ત્હમારામાં એક મ્હોટો દોષ છે કે પશ્ચાત્તાપ અને પ્રાર્થનાથી પાપની નિવૃત્તિ માનો છો; એજ કારણથી જગત્માં ઘણાં પાપ વધી ગયાં છે. પૌરાણિક લોકો તીર્થાદિ યાત્રા કરવાથી, જૈન લોકો નવકારમંત્રનો જપ કરવાથી અને તીર્થાદિની યાત્રા કરવાથી, ઇસાઈ લોકો ઇસા ઉપર વિશ્વાસ રાખવાથી અને મુસલમાન લોકો "તોબા" કરવાથી પાપની નિવૃત્તિ માને છે, એથી પાપમાં નિર્ભય થઈ પાપની પ્રવૃત્તિ બહુધા વધી ગઈ છે. એ વાતમાં તો બ્રાહ્મસમાજ અને પ્રાર્થનાસમાજ પૌરાણિક જેવાજ છે. જો વેદોનું શ્રવણ કર્યું હોત તો ભોગ વિના પાપની નિવૃત્તિ માનત નહિ, અને પાપનો ભય રાખી હમેશાં ધર્મમાં પ્રવૃત્ત રહેત. જો ભોગ વિના પાપની નિવૃત્તિ થઇ જાય તો ઈશ્વર અન્યાયકારી થઈ જાય.

૮ ત્હમે જીવની જે અનંત ઉન્નતિ માનો છો તે કદિપણ થઈ શક્તી નથી. કારણ કે જીવના સસીમ ગુણ, કર્મ અને સ્વભાવનું ફળ પણ સસીમ હોવું જોઇએ.

(પ્રશ્ન) પરમાત્મા દયાળુ છે, માટે સસીમ કર્મોનું ફળ અનંત આપી દેશે.

(ઉત્તર) જો એમ કરે તો ઇશ્વરનો ન્યાય નષ્ટ થઇ જાય, અને સત્કર્મની ઉન્નતિ પણ કદિપણ થઈ શકે નહિ. કારણ કે થોડા જ સત્કર્મોનું અનંત ફળ ઇશ્વર આપી દેશે. પશ્ચાત્તાપ અને પ્રાર્થના કરવાથી જેટલાં પાપ હશે તે બધાં છૂટી જશે, એવી વાતોથી ધર્મની હાની અને પાપની વૃદ્ધિ થાય છે.

(પ્રશ્ન) અમે સ્વાભાવિક જ્ઞાનને વેદ કરતાં પણ વધારે માનીએ છીએ. નૈમિતિક જ્ઞાનને વિશેષ માન આપતા નથી. કારણ કે જો પરમેશ્વરદત્ત સ્વાભાવિક જ્ઞાન અમારામાં ન હોત તો વેદોનું અધ્યયન અને અધ્યાપન કેવી રીતે કરી શકત? માટે અમારૂં માનવું ઘણું ઉત્તમ છે.

(ઉત્તર) એ ત્હમારૂં માનવું નિરર્થક છે, કારણ કે જે કોઇએ આપેલું જ્ઞાન હોય છે, તે સ્વાભાવિક થઇ શકતું નથી. જે સ્વાભાવિક જ્ઞાન હોય છે તે સહજ જ્ઞાન હોય છે, તે જ્ઞાન વધી તેમ ઘટી શકતું નથી. એનાથી કોઇપણ ઉન્નતિ કરી શકતું નથી. જંગલી માણસોમાં પણ સ્વાભાવિક જ્ઞાન છે, તોપણ તેઓ ઉન્નતિ કરી શકતા નથી. જે નૈમિત્તિક જ્ઞાન છે, તેજ ઉન્નતિનું કારણ છે. જુઓ! તમે અને અમે બાલ્યાવસ્થામાં કર્ત્તવ્યાકર્ત્તવ્ય અને ધર્માધર્મ જરાપણ સ્હમજી શકતા નહોતા, જ્યારે આપણે વિદ્વાનો પાસે અભ્યાસ કર્યો ત્યારે જ ધર્માધર્મ અને કર્ત્તવ્યાકર્ત્તવ્ય સ્હમજવા લાગ્યા, માટે સ્વાભાવિક જ્ઞાનને સર્વોપરિ માનવું ઠીક નથી.

૯ ત્હમે જે પૂર્વજન્મ નથી માનતા તે પણ ઈસાઈ અને મુસલમાન પાસેથી લીધું છે, પરંતુ એનો ઉત્તર પૂર્વોક્ત પુનર્જન્મ વ્યાખ્યામાં સ્હમજી લ્યો. આટલું તો સ્હમજો કે જીવ નિત્ય છે, અને એનાં કર્મ પણ પ્રવાહરૂપથી નિત્ય છે. કર્મ અને કર્મવાનનો સંબંધ પણ નિત્ય હોય છે. શું જીવ ક્યાંય પણ નિષ્કર્મા થઇને બેસી રહો હતો? અથવા બેસી રહેશે? ત્હમારા કહેવાથી તો પરમાત્મા પણ નિષ્કર્મા ઠરે છે. પૂર્વજન્મ ન માનવાથી કૃતહાનિ, અકૃતાભ્યાગમ, નૈર્ઘૃણ્યં અને વૈષમ્ય દોષ આવે છે, કારણ જો પુનર્જન્મ ન હોય, તો કરેલાં પાપ અને પુણ્યનું ફળ નષ્ટ થઇ જાય, કારણ કે શરીર ધારણ કર્યા વગર પાપ અને પુણ્યનું ફળ ભોગવી શકાતું નથી. અકૃતાભ્યાગમ એટલે પૂર્વજન્મના પાપ અને પુણ્ય સિવાય સુખ અને દુઃખની પ્રાપ્તિ આ જન્મમાં ક્યાંથી આવી? જો ઐહિક સુખ દુઃખ, પુણ્ય અને પાપકર્માનુસાર ન હોય, તો ઇશ્વર અન્યાયકારી થઈ જાય, માટે એ વાત પણ ત્હમારી ઠીક નથી.

૧૦ ઇશ્વર સિવાય બીજા દિવ્યગુણવાળા પદાર્થોને અને વિદ્વાનોને દેવ ન માનવા, એ પણ ત્હમારી વાત ઠીક નથી. કારણ કે પરમેશ્વર મહાદેવ છે. જો બીજા દેવો ન હોય, તો સર્વ દેવોનો સ્વામી=મહાદેવ કેમ થઈ શકે?

૧૧ અગ્નિહોત્રાદિ પરોપકારક કર્મો ન સ્હમજવાં એ પણ ઠીક નથી.

૧૨ ઋષિ મહર્ષિઓને નહિ માની ઇસા આદિની પાછળ ઝુકી પડવું એ પણ સારૂં નથી.

૧૩ સર્વવિદ્યાનું કારણભૂત વેદોને નહિ માની તત્કાર્યભૂત વિદ્યાઓની પ્રવૃત્તિ માનવી એ સર્વથા અસંભવિત છે.

૧૪ વિદ્યાનાં ચિહ્ન યજ્ઞોપવીત અને શિખા આદિનો ત્યાગ કરી મુસલમાન અને ઇસાઇની માફક થઇ જવું એ પણ વ્યર્થ છે. જ્યારે પાટલૂન આદિ વસ્ત્ર પહેરો છો અને "તમગો" (ચાંદ Medals) ની ઇચ્છા કરો છો ત્યારે શું યજ્ઞોપવીત આદિનો બહુ મ્હોટો ભાર થઇ જાય છે ?

૧૫ બ્રહ્માથી લઇ જે જે આર્યાવર્ત્તમાં મ્હોટા મ્હોટા વિદ્વાનો થઈ ગયા છે ત્હેની પ્રશંસા નહિ કરી યૂરોપીયનની જ સ્તુતિમાં ઉતરી પડવું, એ પક્ષપાત અને ખુશામદ સિવાય બીજું શું કહેવાય ?

૧૬ બીજાંકુરની માફક જડ અને ચેતનના સંબંધથી જીવની ઉત્પત્તિ માનવી, ઉત્પત્તિની પહેલાં જીવતત્ત્વ ન માનવું, અને ઉત્પન્ન થયેલાનો નાશ ન માનવો એ પરસ્પર વિરૂદ્ધ છે. જો ઉત્પત્તિ પહેલાં ચેતન અને જડ વસ્તુ ન હતી તો જીવ ક્યાંથી આવ્યો ? અને સંયોગ કોનો થયો ? જો એ બન્નેને સનાતન માનતા હો તો ઠીક છે. અને જો સૃષ્ટિ પહેલાં ઇશ્વર સિવાય બીજું કોઇપણ તત્ત્વ ન માનતા હો તો એ ત્હમારો પક્ષ વ્યર્થ છે. માટે જો ઉન્નતિ કરવા માગતા હો તો આર્યસમાજ સાથે મળી જાઓ, અને મળીને એના ઉદ્દેશ પ્રમાણે કાય કરવા મંડી જાઓ, અને જો એ પ્રમાણે નહિ કરો તો હાથમાં કંઇ પણ આવશે નહિ. આપણે માટે આ ઉચિત છે કે જે દેશના પદાર્થોથી આપણું શરીર બન્યું છે, બનતું જાય છે અને આગળ પણ બનશે, એની ઉન્નતિ તન, મન અને ધનથી કરવી; માટે આવો આપણે બધા પ્રેમપૂર્વક મળી દેશની ઉન્નતિ કરીએ. જેવી આર્યસમાજ દેશની ઉન્નતિનું કારણ છે, એવી બીજી કોઇપણ સંસ્થા નથી. માટે જો એ સમાજને યથાર્થ સહાયતા કરીએ તો ઘણી સારી વાત છે. કારણ કે સમાજનું સૌભાગ્ય વધારવું એ સમુદાયનું કામ છે, કોઇ એક જ વ્યક્તિનું કામ નથી.

(પ્રશ્ન) તમે બધા મતનું ખંડન કરો છો, પણ પોતપોતાના ધર્મમાં બધા સારા છે. કોઇનું ખંડન ન કરવું જોઇએ, અને જો કરો છો, તો તમે એનાથી વિશેષ શું બતાવો છો ? અને જો બતાવતા હો તો શું તમારાથી અધિક અથવા તમારા જેવું કોઇ બીજું થયું નથી, અને હાલમાં પણ નથી ? તમારે અભિમાન કરવું યોગ્ય નથી. કારણ કે પરમાત્માની સૃષ્ટિમાં એક એકથી અધિક અને ન્યૂન ઘણા હોય છે તથા સમાન પણ હોય છે. કોઇએ ઘમંડ કરવો સારો નથી.

(ઉત્તર) ધર્મ બધાને માટે એક છે કે અનેક ? જો કહો કે અનેક હોય છે, તો તે એક બીજાથી વિરૂદ્ધ હોય છે કે અવિરૂદ્ધ ? જો કહો કે વિરૂદ્ધ હોય છે તો એકને છોડી બીજો ધર્મ થઈ શકતો નથી, અને જો કહો કે અવિરૂદ્ધ હોય છે તો અલગ અલગ હોવા વ્યર્થ છે. માટે ધર્મ પણ એક જ છે, અને અધર્મ પણ એક જ છે–અનેક નહિ.

હું એ જ વિશેષ કહું છું કે જો કોઈ રાજા બધા ધર્મના ઉપદેશોને એકઠા કરે તો એક હજારથી ન્યૂન થાય નહિ, પણ જો એના મુખ્ય ભાગ જુઓ તો જૈની, પુરાણી, કિરાની અને કુરાની એ ચાર જ છે. કારણ કે એ ચારેમાં બધાનો સમાવેશ થઇ જાય છે. રાજા એ બધાની સભા કરી જિજ્ઞાસુ થઇ પ્રથમ વામમાર્ગીને પૂછે કે મહારાજ ! મ્હેં આજ સુધી કોઇને ગુરૂ કર્યો નથી તેમ કોઇ ધર્મ પણ ગ્રહણ કર્યો નથી, માટે કહો કે બધા ધર્મોમાં ઉત્તમ ધર્મ કયો છે ? કે જેને હું ગ્રહણ કરૂં !

વામમાર્ગી–અમારો ધર્મ ઉત્તમ છે.

જિજ્ઞાસુ— આ બીજા નવસો નવાણું કેવા છે ?

વામમાર્ગી–બધા ખોટા છે, નરકગામી છે. કારણ કેઃ—

कौलात् परतरं नास्ति

એ વચનના પ્રામાણ્યથી અમારા ધર્મથી કોઇપણ ધર્મ ઉત્તમ નથી.

જિજ્ઞાસુ— આપનો શો ધર્મ છે ?

વામમાર્ગી–ભગવતીને માનવી, મદ્ય, માંસાદિ પાંચ મકારોનું સેવન કરવું, અને રૂદ્રયામલ આદિ ચોસઠ તંત્રોને માનવાં, માટે જો તું મુક્તિની ઇચ્છા કરતો હો તો અમારો ચેલો થઇ જા.

જિજ્ઞાસુ— ઠીક છે, પણ બીજા મહાત્માઓનાં દર્શન કરી પૂછી આવીશ. પછી મારી જેમાં શ્રદ્ધા અને પ્રીતિ થશે એનો ચેલો થઇ જઇશ.

વામમાર્ગી–અરે ! શામાટે ભ્રમમાં પડે છે ? એ લોકો તને બ્હેકાવી પોતાની જાળમાં ફસાવી લેશે, માટે જેની તેની પાસે જવું રહેવા દે અને અમારે શરણાગત થઇ જા, નહિ તો પશ્ચાત્તાપ કરીશ. જો ! અમારા મતમાં ભોગ અને મોક્ષ બન્ને છે.

જિજ્ઞાસુ— ઠીક છે, જોઇ તો આવું.

આગળ જઇ શૈવની પાસે ગયો, અને પૂછ્યું તો એણે પણ એવો જ ઉત્તર આપ્યો. માત્ર આટલું વિશેષ કહ્યું કે શૈવ થયા વિના, રૂદ્રાક્ષ ભસ્મ ધારણ કર્યા વિના અને લિંગાર્ચન કર્યા વિના મુક્તિ કદિપણ મળી શકતી નથી. તે તેને છોડી નવીન વેદાન્તી પાસે ગયો.

જિજ્ઞાસુ— કહો મહારાજ ! આપનો શો ધર્મ છે ?

વેદાન્તી— અમે ધર્માધર્મ કશું પણ માનતા નથી, અમે પોતે જ સાક્ષાત્ બ્રહ્મ છીએ. અમારામાં ધર્માધર્મ ક્યાં છે? આ બધું જગત્ મિથ્યા છે. જો તું જ્ઞાની અને શુદ્ધ ચેતન થવા માગતો હોય તો પોતાને બ્રહ્મ માન અને જીવભાવ છોડી દે-તેથી નિત્યમુક્ત થઇ જઇશ.

જિજ્ઞાસુ— જ્યારે તમે નિત્યમુક્ત બ્રહ્મ છો, તો બ્રહ્મના ગુણકર્મ સ્વભાવ તમારામાં કેમ નથી? અને શરીરમાં શામાટે બંધાયા છો ?

વેદાન્તી— તને શરીર દેખાય છે, માટે તું ભ્રાન્ત છું, અમને તો બ્રહ્મ શિવાય કશું પણ દેખાતું નથી.

જિજ્ઞાસુ— તમે જોનારા કોણ છો ? અને કોને જુઓ છો ?

વેદાન્તી— જોનારો બ્રહ્મ છે, અને બ્રહ્મને જુએ છે.

જિજ્ઞાસુ— શું બે બ્રહ્મ છે ?

વેદાન્તી— નહિ, પોતે પોતાને જુએ છે.

જિજ્ઞાસુ— શું કોઇ પોતાના ખભા ઉપર ચ્હડી શકે છે ? તમારી વાત તો કેવળ ગાંડા માણુસના જેવી લાગે છે.

જિજ્ઞાસુએ આગળ ચાલી જૈનને પૂછ્યું. તેણે પણ એવો જ ઉત્તર આપ્યો; માત્ર આટલું વિશેષ કહ્યું કે, " જિનધર્મ " સિવાય બધા ધર્મ ખોટા છે. જગત્‌નો કર્તા કોઇ અનાદિ ઇશ્વર નથી, જગત્ અનાદિ કાળથી જેવુંને તેવુંજ બન્યું છે, અને એવું જ બન્યું રહેશે. આવ ! તું અમારો ચેલો થઇ જા. કારણ કે અમે સમ્યક્ત્વી છીએ, અને બધા પ્રકારથી સારા છીએ. સારી વાતોને માનીએ છીએ, જૈનેતર બધા મિથ્યાત્વી છે.

જિજ્ઞાસુએ આગળ ચાલી ઇસાઇને પૂછ્યું, ત્યાં વામમાર્ગીના જેવા જ ઉત્તર મળ્યા. માત્ર આટલું વિશેષ બતાવ્યું કે બધા માણુસો પાપી છે, પોતાના સામર્થ્યથી પાપ છૂટતાં નથી. ઇસા ઉપર વિશ્વાસ રાખ્યા સિવાય પવિત્ર થવાતું નથી અને મુક્તિ પણ મેળવી શકાતી નથી. ઇસાએ બધાના પ્રાયશ્ચિત્તને માટે પોતાના પ્રાણુનો નાશ કરી દયા પ્રકટ કરી છે, માટે તું અમારો ચેલો થઇ જા.

જિજ્ઞાસુ એ સાંભળી આગળ મૌલવી સાહેબ પાસે ગયો. ત્યાં પણ એવાજ પ્રશ્નોત્તર થયા. વિશેષ માત્ર આટલું કહ્યું કે " લાશરીક ખુદા અને એના પેગમ્બર અને કુરાન શરીફ માન્યા સિવાય નિજાત (મુક્તિ) મળી શકતી નથી. " જે આ મઝ્‌હબને નથી માનતો તે દોઝ્‌ખી (નરકગામી) કાફિર અને વાજીબુલ્ક કતલ કરવા યોગ્ય છે.

જિજ્ઞાસુ એ સાંભળી વૈષ્ણુવ પાસે ગયો. ત્યાંપણુ એવો જ સંવાદ થયો. આટલું માત્ર વિશેષ કહ્યું કે " અમારાં તિલક, છાપને જોઇ યમરાજ બ્હીએ છે " જિજ્ઞાસુ મનમાં

સ્હમજ્યો કે જ્યારે એ તિલકાદિ જોઇ મચ્છર, માખી, પોલીસના સીપાઇ, ચોર લુંટારા અને શત્રુઓ નથી ડરતા તો યમરાજ કેવી રીતે ડરતો હશે ?

પછી ત્યાંથી આગળ ચાલ્યો. બધાએ પોતપોતાના મતને જ સાચા બતાવ્યા. કોઇએ કહ્યું કે અમારો કબીર સાચો છે, કોઇએ કહ્યું કે નાનક સાચો છે, કોઇએ કહ્યું કે દાદૂ સાચો છે, કોઇએ કહ્યું કે વલ્લભ સાચો છે, કોઇએ કહ્યું કે સહજાનંદ સાચો છે, કોઇએ માધ્વ સાચો કહ્યો, બધાએ પોતપોતાના આચાર્યને અવતાર તરીકે સ્હમજાવ્યા. એ પ્રમાણે હજાર પાસેથી સાંભળી લીધું. બધા એકબીજાથી વિરૂદ્ધ માલુમ પડ્યા. પછી નિશ્ચય કર્યો કે આમાં કોઇ પણ ગુરૂ કરવા લાયક નથી. કારણ કે એક એકને ખોટો સિદ્ધ કરવામાં નવસો નવાણું સાક્ષીઓ છે. જેમ દુકાનદાર, વેશ્યા આદિ પોતપોતાની વસ્તુની બડાઈ કરે છે અને બીજાની વસ્તુની બુરાઇ બતાવે છે, તેવી જ રીતે એ બધા છે એમ સ્હમજો—

तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् ।
समित्पाणिः श्रोत्रियम् ब्रह्मनिष्ठम् ॥ १ ॥
तस्मै स विद्वान्उपसन्नाय सम्यक्-
प्रशान्तचित्ताय शमन्विताय ।
येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच
तां तत्त्वतो ब्रह्मविद्याम् ॥ ॥ २ ॥
मुण्डक १ खं० २ मं० १२ । १३ ॥

તે સત્ય (બ્રહ્મ) જાણવાને માટે તેણે (જિજ્ઞાસુએ) હાથમાં સમિધ્ લઈ વેદજ્ઞ બ્રહ્મનિષ્ઠ ગુરૂની પાસે જવું જોઇએ. એ પાખંડીઓની જાળમાં ફસાવું નહિ.

જ્યારે એવો જિજ્ઞાસુ ગુરૂની પાસે જાય, ત્યારે ગુરૂએ જો તે જિજ્ઞાસુ જિતેન્દ્રિય અને શાન્તચિત્તવાળો હોય, તો તેને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવો. ઉપદેશ એવો કરવો કે જેથી તે (જિજ્ઞાસુ) ધર્મ, અર્થ અને કામને પ્રાપ્ત કરી અવિનાશી બ્રહ્મને જાણી મોક્ષને પ્રાપ્ત કરે.

જિજ્ઞાસુ સત્ય ગુરૂની પાસે જઇને કહે છે કે મહારાજ ! હવે આ સંપ્રદાયોના બખેડાથી મ્હારૂં ચિત્ત ભ્રાન્ત થઇ ગયું છે. કારણ કે જો હું એ બધામાંથી કોઇએકનો ચેલો થઇ જાઉં તો નવસો નવાણું શત્રુઓ છે અને એક જ મિત્ર છે, તો સુખ કેવી રીતે મળી શકે ? માટે આપ મ્હને યથાર્થ ઉપદેશ કરો કે જેને હું ગ્રહણ કરી સુખી થાઉં.

આપ્તવિદ્વાન—એ બધા મતો અવિદ્યાથી ઉત્પન્ન થયા છે, અને તે પરસ્પર વિરોધી છે. જે લોકો મૂર્ખ હોય છે તેને તેઓ બ્હેકાવી પોતાની જાળમાં ફસાવી લે છે, અને પોતાનું પ્રયોજન સિદ્ધ કરે છે. અને તે બિચારા પોતાના મનુષ્ય જન્મનું ફળ મેળવી શકતા નથી. મનુષ્ય જન્મ વ્યર્થ ગુમાવે છે.

એ બધા મતોનું જેમાં ઐક્ય છે એવો વેદ મત જ ગ્રાહ્ય છે, અને જેમાં પરસ્પર વિરોધ આવતો હોય તે કલ્પિત, અસત્ય અને અગ્રાહ્ય છે.

જિજ્ઞાસુ-એની પરીક્ષા કેવી રીતે કરવી ?

આપ્ત-તું એ મતવાળાઓ પાસે જા, અને આ પ્રમાણે પૂછ. પછી એ જિજ્ઞાસુ એ હજારની મંડળીમાં ગયો અને ઉભો થઇને બોલ્યો કે ભાઇઓ ! સાંભળો, સત્ય બોલવામાં ધર્મ છે કે મિથ્યા બોલવામાં, બધા એક સ્વરથી બોલ્યા કે સત્ય બોલવામાં ધર્મ છે. અને અસત્ય બોલવામાં અધર્મ છે.

એજ પ્રમાણે વિદ્યા ભણવાના, બ્રહ્મચર્ય પાળવાના, યૌવનાવસ્થામાં વિવાહ કરવાના સત્સંગ અને પુરૂષાર્થ કરવાના, સત્ય વ્યવહાર કરવાના પ્રશ્નો પૂછ્યા બધાએ કહ્યું કે વિદ્યા ભણવા આદિમાં જ ધર્મ છે.

તેવીજ રીતે આ પણ પૂછ્યું કે વિદ્યા નહિ ભણવામાં બ્રહ્મચર્ય નહિ પાળવામાં વ્યભિચાર કરવામાં, કુસંગ અને અસત્ય વ્યવહાર કરવામાં, છળ, કપટ, હિંસા અને પરહાનિ કરવામાં ધર્મ છે કે અધર્મ ?

બધાએ એક સ્વરે ઉત્તર આપ્યો કે વિદ્યા નહિ ભણવા આદિમાં અધર્મ છે. જિજ્ઞાસુએ પૂછ્યું કે તમે બધા એક મત થઈ સત્ય ધર્મની ઉન્નતિ અને મિથ્યા માર્ગની હાનિ શા માટે નથી કરતા ?

બધાએ ઉત્તર આપ્યો કે જો અમે એમ કરીએ તો અમને કોણ પૂછે ? અમારા ચેલાઓ અમારી આજ્ઞામાં રહે નહિ. તેથી અમારી જીવિકા નષ્ટ થઇ જાય, અને જીવિકા નષ્ટ થવાથી જે અમે આનંદ ભોગવી રહ્યા છીએ, તે બધો નષ્ટ થઇ જાય, માટે અમે જાણીએ છીએ છતાં સ્વ-સ્વમતનો ઉપદેશ કરીએ છીએ અને આગ્રહ પણ કરીએ છીએ. કારણ કે—

રોટી ખાઇએ સાકરથી,
દુનીઆ ઠગીએ મક્કર (જાળ) થી.

જુઓ ! સંસારમાં સાદા અને સાચા માણસને કોઇ પણ પૂછતું નથી જે કોઇ ઢોંગ અને ધૂર્તતા કરે છે તે જ માલ ઉડાવે છે.

જિજ્ઞાસુ- ત્હમે એવી રીતે ધૂર્તતા અને પાખંડ ચલાવી માણસોને ઠગો છો છતાં રાજા ત્હમને દંડ કેમ નથી આપતા ?

મતવાળા- અમે રાજાને પણ ચેલા બનાવી રાખ્યા છે, અમે એવો પાકો પ્રબંધ કર્યો છે કે તે છૂટે એમ નથી.

જિજ્ઞાસુ- તમે છળ કપટ કરી માણસોને ઠગી તેમની હાનિ કરો છો પણ જ્યારે પરમાત્મા તમને પૂછશે ત્યારે શું ઉત્તર આપશો ? ખરેખર ઘોર નરકમાં પડશો, ટુંક જીવનને માટે એવડો મ્હોટો અપરાધ શા માટે કરો છો ?

મતવાળા– જ્યારે એમ થશે ત્યારે જોઇ લેવાશે. નરક અને પરમેશ્વરનો દંડ તો જ્યારે થાય ત્યારે ખરો, પણ હમણાં તો આનંદ ભોગવીએ છીએ. એ લોકો અમને ખુશીથી ધન આપે છે, કંઇ બલાત્કાર નથી કરતા; તો પછી રાજા શા માટે દંડ આપે ?

જિજ્ઞાસુ– જે કોઇ ન્હાનાં બાળકોને ફોસલાવી ધનાદિ પદાર્થ લઇ લે છે અને તેને જેમ રાજા દંડ આપે છે તેમ તમને પણ રાજા શા માટે દંડ નથી આપતા ? કારણ કે

अज्ञो भवति वै बालः पिता भवति मंत्रदः ॥

मनु० अ० २ । श्लो० ५३

જે જ્ઞાન રહિત હોય છે. તે બાળક કહેવાય છે અને જ્ઞાન આપનાર પિતા કહેવાય છે,

જે બુદ્ધિમાન્ અને વિદ્વાન્ છે તે તો તમારી જાળમાં ફસાતા નથી, કિન્તુ જેઓ અજ્ઞાની બાળક જેવા છે તેઓને જ તમે ઠગો છો. માટે તમને રાજા તરફથી દંડ મળવો જ જોઇએ.

મતવાળા– જ્યારે રાજા અને પ્રજા બધા અમારા આધીન છે તો પછી અમને કોણ દંડ આપનાર છે ? જ્યારે રાજાઓ અમને દંડ આપનારા થશે એમ અમને લાગશે ત્યારે આ કપટને છોડી કોઇ બીજી વ્યવસ્થા કરીશું.

જિજ્ઞાસુ– તમે બેઠા બેઠા વ્યર્થ માલ ઉડાવો છો તેના કરતાં વિદ્યાભ્યાસ કરી ગૃહસ્થી બની બાળક અને બાલિકાઓને ભણાવો તો તમારૂં કેવું કલ્યાણ થઇ જાય ?

મતવાળા– એ વાત તો ત્યારે બની શકે કે જ્યારે અમે બાલ્યાવસ્થાથી લઇ યુવાવસ્થા સુધી અભ્યાસ કરીએ અને પછી ઉપદેશ કરીએ, પણ એટલો બધો પરિશ્રમ અમે શા માટે કરીએ; કારણ કે અમને તો ભણ્યા વગર અને ઉપદેશક થયા શિવાય એમને એમ લાખો રૂપીઆ મળી જાય છે અને આનંદ ઉડાવીએ છીએ; તો એ આનંદને છોડી પરિશ્રમ શા માટે કરીએ ?

જિજ્ઞાસુ– એનું પરિણામ તો તમને ખરાબ મળે છે. જુઓ ! તમને કેવા મહા ભયંકર રોગો થાય છે ? અને જલદી મરી જાઓ છો. બુદ્ધિમાન્ માણસોમાં નિંદિત થાઓ છો. એટલું બધું થવા છતાં તમે શા માટે સમજતા નથી ?

મતવાળા– અરે ભાઇ !

टका धर्मष्टका कर्म टका हि परमं पदम् ।
यस्य गृहे टका नास्ति हा ! टका टकटकायते ॥ १ ॥
आना अंशकलाः प्रोक्ता रूप्योऽसौ भगवान् स्वयम्
अतस्तं सर्व इच्छन्ति रूप्यं हि गुणवत्तमम् ॥ २ ॥

તું બાળક છે, સંસારની વાત જાણતો નથી. જો, ટકા વિના ધર્મ ટકા વિના પરમપદ નથી. જેના ઘરમાં ટકા નથી તે હાય ટકા, હાય ટકા કરતો કરતો સારા સારા પદાર્થોને ટગર ટગર જોયા કરે છે, અને મનમાં ધારે છે કે જો મારી પાસે પણ ટકા હોત તો હું સારા સારા પદાર્થોનો ઉપભોગ કરત ૧

સોળ કળાવાળા ભગવાનનું તો કથન માત્ર છે કારણ કે તે દેખાતા નથી, પણ સોળ આના વાળા રૂપીઆનું તો પ્રત્યક્ષ દર્શન થાય છે, તે જ ભગવાન્ છે. માટે બધાએ રૂપીઆ મેળવવા મંડી પડયા છે, કારણ કે બધાં કામ રૂપીઆથીજ થાય છે. ૨

જિજ્ઞાસુ– ઠીક છે. તમારી અંદરની લીલા બ્હાર આવી ગઇ; ત્હમે જેટલાં પાખંડ કર્યાં છે તે બધાં સ્વસુખને માટે જ કર્યાં છે; પરંતુ એમાં જગત્‌નો નાશ થાય છે. જેમ સત્ય ઉપદેશ જગત્‌ને લાભ પહોંચાડે છે, તેમ અસત્ય ઉપદેશ હાનિ પહોંચાડે છે. જ્યારે ત્હમને ધનનીજ જરૂર છે તો નોકરી અને વ્યાપાર આદિ કરી ધન શા માટે મેળવતા નથી ?

મતવાળા– એમાં ઘણો પરિશ્રમ પડે છે અને હાનિ પણ થાય છે; પરંતુ આ અમારી લીલામાં હાનિ કદિ પણ થતી જ નથી હમેશાં લાભ લાભને લાભ જ થાય છે. જુઓ ! તુલસી પત્ર નાંખી ચરણામૃત આપી કંઠી બાંધી અને ચેલો મુડી લઇએ છીએ પછી એ જીવતાં સુધી પશુ જેવો થઇ જાય છે, પછી અમે જેમ ચલાવીએ તેમ ચાલી શકે છે.

જિજ્ઞાસુ–એ લોકો ત્હમને એટલું બધું ધન શામાટે આપે છે !

મતવાળા– ધર્મ, અર્થ અને મુક્તિને માટે.

જિજ્ઞાસુ– જ્યારે તમે પોતેજ મુક્ત નથી તથા મુક્તિનું સ્વરૂપ અથવા સાધન પણ જાણતા નથી તો પછી તમારી સેવા કરનારને શું મળશે ?

મતવાળા– શું આ લોકોમાં કાંઇ થોડું જ ફળ છે ? એ તો પરલોકમાં મળે છે. એ લોકો જેટલું અમને આપે છે, અને અમારી સેવા કરે છે એનું ફળ એ લોકોને પરલોકમાં મળશે.

જિજ્ઞાસુ– એ આપનારને તમને આપેલનું ફળ મળે છે કે નહિ એ વાત તો દૂર જવા દો પણ તમે લેનારને શું મળશે ! નરક મળશે કે કંઇ બીજું ?

મતવાળા– અમે ભજન કર્યાં કરીએ છીએ એનું ફળ અમને મળશે.

જિજ્ઞાસુ– ત્હમારૂં ભજન તો ટકાને માટે જ છે, પણ એ બધા ટકા તો અહિંઆં જ પડયા રહેવાના છે અને જે માંસના પિંડ (શરીર) ને પોષો છો તે પણ અહિંઆં જ બળીને ભસ્મ થઇ જશે.

જો તમે પરમાત્માનું ભજન કરતા હોત તો તમારો આત્મા પવિત્ર હોત.

મતવાળા–શું અમે અશુદ્ધ છીએ !

જિજ્ઞાસુ– અંદરથી ઘણા મેલા છો.

મતવાળા– તમે કેવી રીતે અમને મેલા જાણ્યા !

જિજ્ઞાસુ– તમારી ચાલ ચલગતથી.

મતવાળા– મહાત્માનો વ્યવહાર હાથીના દાંત જેવો હોય છે; જેમ હાથીના દાંત ખાવાના જુદા અને દેખાડવા જુદા હોય છે, તેવીજ રીતે અમે અંદરથી તો પવિત્ર જ છીએ અને બ્હાર તો આ લીલા માત્ર જ કરીએ છીએ.

જિજ્ઞાસુ– જો તમે અંદરથી પવિત્ર હોત તો તમારા બાહ્ય કામો પણ પવિત્ર હોત, માટે અંદરથી પણ તમે મેલા છો.

મતવાળા– અમે ગમે તેવા હોઇએ પણ અમારા ચેલા તો સારા છે ને !

જિજ્ઞાસુ– જેવા તમે ગુરૂ છો એવા તમારા ચેલાઓ પણ હશે.

મતવાળા– એક મત કદિ પણ થઈ શકશે નહિ કારણ કે મનુષ્યોના ગુણ કર્મ અને સ્વભાવ ભિન્ન ભિન્ન છે.

જિજ્ઞાસુ– જો ન્હાનપણથી એકજ પ્રકારની શિક્ષા મળી હોય, સત્ય ધર્મનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ કરતા શીખ્યા હોય તો એક મત જરૂર થઇ જાય.

બે મત અર્થાત્ ધર્માત્મા અને અધર્માત્મા હમેશાં રહેતા હોય તો ભલે રહે, પણ ધર્માત્મા અધિક થવાથી અને અધર્માત્મા ન્યુન થવાથી સંસારમાં સુખની વૃદ્ધિ થાય છે. અને જ્યારે અધર્માત્માઓ વધી જાય છે, ત્યારે દુઃખ વધે છે. જો બધા વિદ્વાનો ભેગા થઇ એક પ્રકારનો ઉપદેશ કરે તો એક મત થવામાં જરા પણ સંદેહ નથી.

મતવાળા– આજ કાલ કલિયુગ છે. તમારી તો સત્યયુગની વાત છે માટે સત્યયુગની વાત ઇચ્છવી મૂકી દો.

જિજ્ઞાસુ– કલિયુગ એ નામ સમય વિશેષનું છે. સમય નિષ્ક્રિય હોવાથી ધર્મમાં સાધક બાધક હોતો નથી,

કલિયુગની મૂર્તિઓ તો તમે છો, જો મનુષ્યજ સત્યયુગ અને કલિયુગ ન હોય તો સંસારમાં કોઇ પણ ધર્માત્મા થઇ શકે નહિ એ બધા સંગના ગુણ દોષો છે સ્વાભાવિક નથી.

જિજ્ઞાસુ–મતવાળાઓને એટલું કહી આપ્તપુરૂષ પાસે ચાલ્યો ગયો અને આપ્તગુરૂને કહ્યું કે મહારાજ તમે મારો ઉદ્ધાર કર્યો, નહિ તો હું કોઇ એક જાળમાં ફસાઇ નષ્ટ–ભ્રષ્ટ થઇ જાત. હવે હું પણ એ પાખંડીઓનું ખંડન અને વેદોક્ત સત્ય મતનું મંડન કર્યા કરીશ.

આપ્ત— બધા મનુષ્યોનું અને વિશેષ કરી વિદ્વાન્ અને સન્યાસીનું એજ કામ છે કે બધા માણસને સત્યમતનું મંડન અને અસત્યમતનું ખંડન કરતાં શીખવાડવું, અને સત્ય ઉપદેશ દ્વારા બધાને ઉપકાર પહોંચાડવો.

(પ્રશ્ન) જે બ્રહ્મચારી અને સંન્યાસી છે તે તો ઠીક છે ને ?

(ઉત્તર) એ આશ્રમ તો સારા છે, પરંતુ આજકાલ એમાં ઘણી ગડબડ મચી રહી છે. કેટલાકો બ્રહ્મચારીનું નામ ધારણ કરી વ્યર્થ જટા વધારી સિદ્ધાઇ કરે છે, અને જપ અને પુરશ્ચરણમાં ફસ્યા રહે છે, વિદ્યા ભણવાનું નામ પણ લેતા નથી. જે હેતુથી બ્રહ્મચારી નામ છે, તે હેતુ અર્થાત્ બ્રહ્મ એટલે વેદ ભણવામાં જરાપણ પરિશ્રમ કરતા નથી, એવા બ્રહ્મચારીઓ બકરીના ગળાના સ્તન જેવા છે, અને તેવા જ સંન્યાસી છે. સંન્યાસીઓ પણ વિદ્યાહીન રહી હાથમાં કમંડલ અને ભિક્ષાપાત્ર લઇ ફર્યા કરે છે.

જેઓ જરાપણ વેદની ઉન્નતિ કરતા નથી, ન્હાનપણથી સંન્યાસ લઇ અહીં તહીં ફર્યા કરે છે, વિદ્યાભ્યાસને જલાંજલી આપે છે, એવા બ્રહ્મચારી અને સંન્યાસીઓ અહીં તહીં જળ, સ્થળ અને પાષાણાદિ મૂર્તિઓનાં દર્શન, સ્પર્શન અને પૂજન કરતા ફરે છે.

કેટલાક વિદ્વાને જાણીને પણ મૌન રહે છે. એકાન્ત દેશમાં યથેષ્ટખાઇ પીઇને સૂઇ રહે છે, ઇર્ષ્યા અને દ્વેષમાં ફસાઈ નિંદા અને કુચેષ્ટાઓ કરી નિર્વાહ કરે છે. કાષાય વસ્ત્ર અને દંડગ્રહણ કરવાથી જ પોતાને કૃતકૃત્ય સ્હમજીને પણ ઉત્તમ કામ કરતા નથી, એવા સંન્યાસીઓ જગત્માં વ્યર્થ છે.

જેઓ સર્વ જગતનું હિત સાધે છે તે તો અલબત સારા જ છે.

(પ્રશ્ન) ગિરી, પુરી અને ભારતી આદિ ગુસાંઇ લોકો તો સારા છે ને ? કારણ કે તેતો એક ટોળું ભેગું કરી અહીં તહીં ફર્યા કરે છે, સેંકડો સાધુઓને આનંદ પમાડે છે, બધે અદ્વૈત મતનો ઉપદેશ કરે છે, અને થોડું ઘણું ભણે પણ છે, માટે એતો સારા હશે ?

(ઉત્તર) એ દસ નામ પાછળથી કલ્પિત થયા છે સનાતન નથી. એ લોકોનાં ટોળાં કેવળ ભોજનને માટે જ છે. ઘણાક સાધુઓ ભોજનને માટે જ મંડળીઓમાં ફર્યા કરે છે. તેપણ દંભી છે. કારણ કે એ લોકો પોતામાંથી એકને મહંત બનાવે છે. સાયંકાળે એ મહન્ત ગાદી ઉપર બેસી જાય છે, પછી બધા બ્રાહ્મણ અને સાધુઓ ઉભા થઇ હાથમાં ફુલ લઇ—

नारायणं पद्मभवं वसिष्ठं शक्तिं च ।
तत्पुत्रपराशरं च । व्यासं शुकं गौड़पदं महन्तम् ॥

ઇત્યાદિ બોલી " હર હર " કરી એના ઉપર પુષ્પની વૃષ્ટિ કરી સાષ્ટાંગ નમસ્કાર કરે છે. જો કોઈ એમ ન કરે, તો તેને ત્યાં રહેવું મુશ્કેલ થઈ પડે છે. સંસારને બતાવવાને માટે જ એ દંભ છે. જગત્‌માં પ્રતિષ્ઠા થાય અને માલમલીદા ખૂબ મળે, એને માટે એવો દંભ કરે છે.

કેટલાક તો મહસ્થ ગૃહસ્થ થઇ સંન્યાસનું કેવળ અભિમાન જ કરે છે, જરાપણુ સંન્યાસાનુકૂળ કર્મ કરતા નથી. સંન્યાસનાં કર્મ પાંચમા સમુલ્લાસમાં લખ્યાં છે, એ પ્રમાણે નહિ વર્તી વ્યર્થ સમયનો વ્યય કરે છે.

કોઇ ઉત્તમ ઉપદેશ આપે તો તેના પણ વિરોધી બની જાય છે. એ લોકો બહુધા ભસ્મ અને રૂદ્રાક્ષ ધારણ કરે છે. કોઇ શૈવસંપ્રદાયનું અભિમાન કરે છે, કેટલાક ચક્રાંકિત આદિનાં ખંડનમાં પ્રવૃત્ત રહે છે. કોઈ કોઈ વખત શાસ્ત્રાર્થ કરે છે, ત્યારે પોતાના મતને શંકરાચાર્યોક્તત્ત્વેન સ્થાપિત કરે છે, પણ વેદમાર્ગની ઉન્નતિ અને સંપૂર્ણ પાખંડમતોનું ખંડન કરતા નથી.

સંન્યાસી લોક સમજે છે કે અમારે ખંડન મંડનથી શું પ્રયોજન છે ? અમે તો મહાત્મા છીએ. એવા લોકો પણ સંસારમાં ભારરૂપ છે. એવા લોકોના ઉદ્‌ભવથી જ વેદવિરોધી વામમાર્ગ આદિ સંપ્રદાય, ઇસાઇ, મુસલમાન અને જૈન આદિ વધી પડ્યા છે, અને હજી પણ વધ્યા જ જાય છે અને એ લોકોનો નાશ થતો જાય છે. હજી પણ એ લોકની આંખ ઉઘડતી નથી ! ક્યાંથી ઉઘડે ? એ લોકોમાં પરોપકાર કરવામાં અને કર્ત્તવ્યકર્મ કરવાનાં અંકુરો ફૂટ્યાં હોય તો ને ?

એ લોકો પોતાની પ્રતિષ્ઠા ખાવા પીવાથી અતિરિક્ત કશામાં જરાય સમજતા નથી. સંસારની નિંદાથી બહુ ભય પામે છે.

લોકૈષણા—લોકમાં પ્રતિષ્ઠા.

વિત્તૈષણા—ધનની વૃદ્ધિ કરવી, સાંસારિક વિષયોમાં ફસાવું.

પુત્રૈષણા— પુત્રની માફક શિષ્યોમાં મુગ્ધ થવું.

એ એષણાત્રયનો ત્યાગ કરવો સંન્યાસીને ઉચિત છે. જે એષણાત્રયનો ત્યાગ નથી કરી શકતો તેને સંન્યાસ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે !

નિષ્પક્ષપાત થઈ અહર્નિશ જગતના કલ્યાણુને અર્થે ઉપદેશ કરવો, એ સંન્યાસીઓનું કર્ત્તવ્ય છે.

જો પોતપોતાના અધિકાર પ્રમાણે કામ ન થઇ શકતું હોય તો સંન્યાસ આદિ નામ રાખવાં વ્યર્થ છે. જેમ ગૃહસ્થ વ્યવહાર અને સ્વાર્થને માટે પરિશ્રમ કરે છે, તેમ સંન્યાસીઓએ અધિકતયા પરોપકારમાં પ્રવૃત્ત રહેવું જોઇએ; ત્યારે જ બધા આશ્રમો ઉન્નતિયુકત થશે.

જુઓ ! તમારી નજર આગળ પાખંડીમત વધતા જાય છે, ઇસાઇ અને મુસલમાન

પણ થઇ જાય છે. તમારાથી જરાપણ તમારા ઘરની રક્ષા થઇ શકતી નથી, અને બીજાને પોતામાં મેળવી શકતા નથી ! જો તમે કરવાને ઇચ્છો તો એ બનવું અશક્ય નથી–જ્યાંસુધી તમે ઉન્નતિશીલ નહિ બનો ત્યાંસુધી આર્યાવતની ઉન્નતિ થશે નહિ. જ્યારે અભ્યુદયનાં સાધન સત્યશાસ્ત્રોનું પઠનપાઠન અને બ્રહ્મચર્યાદિનું સેવન, વર્ણાશ્રમોનું યથાવત્ પાલન અને સત્યોપદેશ અનવચ્છિન્ન થાય છે ત્યારે જ ઉન્નતિ થાય છે.

કોઈ સાધુ તો દુકાનદાર જેવો બની પુત્રઆદિનું ફળ બતાવે છે. ઘણી સ્ત્રીઓ એવા સાધુ પાસે જાય છે, અને હાથ જોડી પુત્ર માગે છે. બાબાજી બધીઓને " પુત્ર થશે " એવો આશીર્વાદ આપે છે. ભાગ્યયોગે જેને જેને પુત્ર થાય છે તે એમ સમજે છે કે બાબાજીના વચનથી પુત્ર થયો છે; પણ તેઓએ સમજવું જોઇએ કે ડુકરી, ગધેડી અને કુકડી આદિને કયા બાબાજીએ બચ્ચાં આપ્યાં ?

જો કહો કે હું બાળકને જીવતો રાખી શકું છું, તો વિચારવું જોઇએ કે એ બાવો જ શામાટે મરી જાય છે ?

કેટલાકો તો ધનસારીના ઠગની માયા રચે છે કે જેમાં બુદ્ધિમાન્ માણસો પણ ઠગાય છે. પાંચ સાત માણસો મળી દૂર દૂર દેશમાં ચાલ્યા જાય છે એમાં જેનું શરીર દેખાવ સારૂં હોય છે તેને સિદ્ધ બનાવી લે છે. જે ગામમાં ધનાઢ્ય માણસો વધારે રહેતા હોય છે તે ગામના જંગલમાં સિદ્ધને બેસાડી સાધક ચેલાઓ નગરમાં જાય છે અને અજાણ્યા થઈ જેને તેને પૂછતા રહે છે કે તમે આવા આવા પ્રકારના મહાત્માને જોયા છે કે નહિ, માણસો તેને પૂછવા માંડે છે. એવા મહાત્મા કોણ છે કે અને કેવા પ્રભાવવાળા છે ? સાધક કહે છે કે એ મહાત્મા તો મહા સિદ્ધ પુરૂષ છે મનની વાતો કહી દેખાડે છે અને મુખથી જે કાંઇ કહે છે તે થઇ જાય છે. મહાયોગિરાજ છે. એ મહાત્માનાં દર્શન કરવા માટે તો અમે ઘરબાર છોડી રખડતા ફરીએ છીએ, અમે કોઇની પાસેથી સાંભળ્યું કે એ મહાત્મા આ તરફ આવ્યા છે, ત્યારે તે ગૃહસ્થ કહે છે કે જ્યારે તમને એ મહાત્મા મળે ત્યારે અમને ખબર આપજો, અમે પણ દર્શન કરીશું અને મનની વાતો પૂછીશું. એ પ્રમાણે આખા દિવસ નગરમાં ફર્યા કરે છે, પછી રાત્રિએ સિદ્ધ પાસે જઈ બધી વાત કહી દે છે અને પછી બધા સાથે બેસી ખાઈ પી સૂઇ રહે છે. સવારે વળી પાછા નગરમાં જાય છે એમ બે ત્રણ દિવસ સુધી જાય છે અને કહેતા ફરે છે, પછી ચાર સાધક એક ધનાઢ્યને કહે છે કે તે મહાત્મા અમને મળી ગયા, તમારે દર્શન કરવા હોય તો ચાલો. જ્યારે એ બધા તૈયાર થાય છે ત્યારે સાધક એને પૂછે છે કે તમે એને શું પૂછવા ઇચ્છો છો ? જે ઇચ્છતા હો તે અમને કહો. ત્યારે કોઈ પુત્રની ઇચ્છા બતાવે છે, અને કોઈ શત્રુને જીતવાની ઇચ્છા બતાવે છે. પછી તે સાધકો એઓને સિદ્ધની પાસે લઇ જાય છે. સિદ્ધ અને સાધકે પ્રથમથીજ સંકેત કરી રાખ્યો હોય છે. કે જેને ધનની ઇચ્છા હોય તેને જમણી બાજુથી લાવવો. જેને પુત્રની ઇચ્છા હોય તેને સામેથી લાવવો, જેને રોગનિવારણની ઇચ્છા હોય તેને ડાબી બાજુએથી લાવવો અને જેને શત્રુ જીતવાની ઇચ્છા હોય તેને પાછળથી લાવી સમીપસ્થ બેઠેલા માણસોની વચમાં બેસાડવો, જ્યારે એ બધા નમસ્કાર

કરે છે ત્યારે એ સિદ્ધ ઉચ્ચ સ્વરથી દમામથી કહે છે કે શું અમારી પાસે પુત્રો રાખી મૂકયા છે? કે જેથી તું પુત્રની ઇચ્છિા કરીને આવ્યો છે. એ પ્રમાણે ધનની ઇચ્છાવાળાને કહે છે કે શું મારી પાસે ધનની કોથળીઓ રાખી મૂકી છે! કે જેથી તું ધનની ઇચ્છા કરીને આવ્યો છે, ફકીરોની પાસે ધન કયાં રાખી મૂકયું છે રોગીને કહે છે? કે શું અમે વૈદ્ય છીએ? કે જેથી તું રોગ છોડાવવાની ઇચ્છા કરી મારી પાસે આવ્યો છે. જો રોગ દૂર કરાવવો હોય તો કોઇ વૈદ્ય પાસે જા. જો પૂછનારનો પિતા રોગી હોય તો સાધક અંગુઠો ઉંચો કરે છે, માતા રોગી હોય તો તર્જની આંગળી ઉંચી કરે છે, ભાઇ રોગી હોય તો મધ્યમા આંગળી ઉંચી કરે છે, સ્ત્રી રોગી હોય તો અનામિકા આંગળી ઉંચી કરે છે, અને કન્યા રોગી હોય તો કનિષ્ઠિકા આંગળી ઉંચી કરે છે. એ સંકેતો જોઇ સિદ્ધ કહેવા માંડે છે કે તારો બાપ રોગી છે, તારી મા રોગી છે, તારો ભાઇ રોગી છે. તારી સ્ત્રી રોગી, તારી કન્યા રોગી છે, એ સાંભળી નગરવાસીઓ મોહિત થઇ જાય છે. પછી સાધકો એ નાગર લોકોને કહે છે કે જુઓ! અમે જેવું કહ્યું હતું તેવાજ છે કે નહિ? ગૃહસ્થો કહે છે કે હા, જેવું તમે કહ્યું તેવાજ છે. તમે અમારી ઉપર મહાન્ ઉપકાર કર્યો. અને અમારૂં મહાભાગ્ય હશે કે જેથી આવા મહાત્માનાં દર્શન થયાં અને અમે કૃતાર્થ થયા. પછી સાધક કહે છે કે ભાઇઓ! આ મહાત્મા મનોગામી છે. અહીંઆ વધારે દિવસ રહેશે નહિ. જો એ મહાત્માના આશીર્વાદ લેવા ઇચ્છતા હો તો પોતપોતાના સામર્થ્ય પ્રમાણે તન મન અને ધનથી સેવા કરો. કારણ કે- " સેવાથી મેવા મળે છે " જો કોઈના ઉપર પ્રસન્ન થઇ ગયા તો ન જાણે શુંએ વરદાન આપી દેશે કારણ કે-- " સંતોની ગતિ અપાર છે " ગૃહસ્થ લોકો એવી લલ્લાપતા–વડાઇની વાત સાંભળી ઘણા રાજી થઇ એમની પ્રશંસા કરવા માંડે છે, ઘેર આવે છે. ત્યારે સાધક પણ એ વાત ઉઘાડી ન પડે એ હેતુથી તેમની સાથેજ આવે છે. ધનાઢય લોકો જ્યારે જ્યારે પોતાના મિત્રો મળે છે ત્યારે ત્યારે એ મહાત્માની પ્રશંસા કરે છે. સાધક લોકો નગરની બધી ચર્ચા સાંજે સિદ્ધને કહી દે છે. એમ કરતાં કરતાં નગરમાં મહાન્ કોલાહલ મચી રહે છે. અમુક ઠેકાણે મોટો સિદ્ધ આવ્યો છે, ચાલો આપણે એમની પાસે જઇએ. જ્યારે ટોળાં ને ટોળાં એની પાસે જાય છે અને પૂછવા માંડે છે કે મહારાજ! મારા મનનું વૃત્તાંત કહો-ત્યારે તો વ્યવસ્થા બગડી જાય છે. મહાત્મા મૌન પકડી ચુપ ચાપ બેસી જાય છે, અને કહે છે કે અમને વધારે સતાવો નહિ. એટલે ઝટ લઈ પેલા સાધક કહેવા લાગી જાય છે કે તમે એમને બહુ સતાવશો તો એઓ ચાલ્યા જશે!

જે કોઇ ધનાઢય હોય છે તે સાધકને અલગ લઇ જઇને કહે છે કે જો મારા મનની વાત કહેવરાવી દ્યો તો હું સાચું માનું. સાધક કહે છે કે શી ઇચ્છિા છે ધનાઢય એને કહી દે છે, પછી તેને નિશ્ચિત સંકેત પ્રમાણે લઈ જઈ બેસાડે છે. સિદ્ધ એ સંકેતને જોઇ જલદી કહી દે છે. તે વખતે તો આખા મેળામાં આશ્ચર્ય આશ્ચર્ય થઇ જાય છે. મહા સિદ્ધ છે એમ બધાને લાગે છે. પછી તો કોઈ મીઠાઇ, કોઈ પૈસા, કોઇ રૂપીઆ, કોઈ અશર્ફી (એક જાતનો સોનાનો સિક્કો) કોઇ કપડાં અને કોઈ સીધાં લાવી ભેટ કરે છે. જ્યાંસુધી એવી માનતા ચાલે છે ત્યાંસુધી યથેષ્ટ માલ લૂટે છે. કોઈ કોઈ " આંખના આંધળા અને ગાંઠના પૂરા " ને પુત્ર થવાનો

આશીર્વાદ આપે છે. અને રાખની ચપટી ભરી આપીને અને કહી દે છે કે જો તારી સાંચી ભક્તિ હશે તો પુત્ર થશે.

એ પ્રમાણે ઘણા પ્રકારના ઠગ લોકો હોય છે, એવા બહાદુર ઠગ હોય છે કે જેની વિદ્વાન્ લોકો જ પરીક્ષા કરી શકે છે, એ ધૂર્ત્તતાથી બચવાને માટે જ વેદ વિદ્યાના અભ્યાસ અને સત્સંગની જરૂર છે. જ્યારે સત્સંગ પૂર્વક વેદ વિદ્યા પ્રાપ્ત થાય છે. ત્યારે તે કોઇનાથી ઠગાતો નથી અને બીજાઓને કપટ જાળમાંથી બચાવી શકે છે.

માણસનું ખરૂં નેત્ર વિદ્યા જ છે કારણ કે વિદ્યા અને શિક્ષણ વિના ઉત્તમ જ્ઞાન મળી શકતું નથી, જે ન્હાનપણથી જ વિદ્યાનો અભ્યાસ કરે છે તે જ વિદ્વાન્ થઇ શકે છે, જે માણસ કુસંગી હોય છે તે દુષ્ટ અને મહામૂર્ખ બની દુઃખ ભોગવે છે. માટે જ જ્ઞાનને ઉત્તમ ગણવામાં આવ્યું છે. કારણ કે જે માણસ જેને જાણે છે તે જ તેની કદર કરી શકે છે.

न वेत्ति यो यस्य गुणप्रकर्ष स तस्य निन्दां सततं करोति ।
यथा किराती करिकुम्भजाता मुक्ताः परित्यज्य बिभर्ति गुञ्जाः ॥
वृ० चा० अ० ११ । श्लो० १२ ॥

જે જેનો ગુણ નથી જાણતો તે તેની હમેશાં નિંદા કર્યા કરે છે. જંગલી ભીલ ગજ મુક્તાઓનો ત્યાગ કરી ગુંજા (ચણોઠી) નો હાર પહેરી લે છે. તેજ પ્રમાણે જે વિદ્વાન, જ્ઞાની, ધાર્મિક, સત્સંગી, યોગી, પુરૂષાર્થી જિતેન્દ્રિય અને સુશીલ હોય છે તે જ ધર્મ, અર્થ અને મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

એ પ્રમાણે આર્યાવર્તીય મનુષ્યોના મત વિશે સંક્ષેપથી લખવામાં આવ્યું છે.

અથ આર્યાવર્ત્તીય રાજાઓનો જેટલો ઇતિહાસ મને મળ્યો છે. તેટલો સજ્જનોને વિદિત થાય એ હેતુથી પ્રકાશિત કરૂં છુ.

શ્રીમાન્ મહારાજ " સ્વાયંભુવ " મનુથી લઈ મહારાજ " યુધિષ્ઠિર " પર્યન્ત ઇતિહાસ મહાભારતમાં લખ્યો છે. સજ્જન પુરૂષોને આ લેખથી મહારાજ યુધિષ્ઠિર પછીનો ઇતિહાસ થોડો ઘણો વિદિત થશે.

આ લેખ મ્હેં વિદ્યાર્થી સંમીલિત " હરિશ્ચંદ્ર ચંદ્રિકા " અને " મોહનચંદ્રિકા " (એ બે પાક્ષિક પત્ર જે નાથદ્વારમાંથી નિકળતાં હતાં—જે રાજપૂતાના દેશાન્તર્ગત મેવાડરાજ ઉદયપુર ચિતોડ ગઢમાં છે તે બધાને વિદિત છે) તેમાંથી અનુવાદિત કર્યો છે,

જો એ પ્રમાણે આપણા સજ્જન આર્ય બંધુઓ ઇતિહાસ અને વિદ્યાના પુસ્તકો શોધી પ્રકાશિત કર્યા કરશે તો દેશને ઘણો લાભ થશે,

ઉક્ત પત્રિકાના સંપાદક મહાશયે પોતાના મિત્ર પાસેથી એક પ્રાચીન પુસ્તક—કે જે વિક્રમ સંવત્ ૧૭૮૨ (સત્તારસો બ્યાશી) નું લખેલું હતું, તે લઇ પોતાના સંવત્ ૧૯૩૯ માર્ગશીર્ષ શુકલપક્ષ ૧૯–૨૦ કિરણ અર્થાત્ બે પાક્ષિક પત્રમાં છપાવ્યું છે. તે આ પ્રમાણે છે,

आर्यावर्त्तीय राजवंशावली.

ઇંદ્રપ્રસ્થમાં શ્રીમાન્ મહારાજ "યશપાલ" પર્યંત રાજાઓએ રાજ્ય કર્યું. શ્રીમાન્ મહારાજ યુધિષ્ઠિરથી લઈ મહારાજ "યશપાલ" સુધીમાં ૧૨૪ પેઢી અનુમિત થાય છે અને વર્ષ ૪૧૫૭ માસ ૯ દિવસ ૧૪ થયાં છે, તેની વિગતઃ—

રાજા	શાક	વર્ષ	માસ	દિવસ
આર્યરાજાઓ	૧૨૪	૪૧૫૭	૯	૧૪

મહારાજ યુધિષ્ઠિરનો વંશ અનુમિત પેઢી ૩૦, વર્ષ ૧૭૭૦, માસ ૧૧, દિવસ ૧૦. તેનો અનુક્રમઃ—

આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ	આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ
૧ યુધિષ્ઠિર	૩૬	૮	૨૫	૧૬ સુચિરથ	૪૨	૧૧	૨
૨ પરીક્ષિત્	૬૦	૦	૦	૧૭ શૂરસેન (બીજો)	૫૮	૧૦	૮
૩ જન્મેજય	૮૪	૭	૨૩	૧૮ પર્વતસેન	૫૫	૮	૧૦
૪ અશ્વમેધ	૮૨	૮	૨૨	૧૯ મેધાવી	૫૨	૧૦	૧૦
૫ દ્વિતીયરામ	૮૮	૨	૮	૨૦ સોનચીર	૫૦	૮	૨૧
૬ છત્રમલ	૮૧	૧૧	૨૭	૨૧ ભીમદેવ	૪૭	૯	૨૦
૭ ચિત્રરથ	૭૫	૩	૧૮	૨૨ નૃહરિદેવ	૪૫	૧૧	૨૩
૮ દુષ્ટશૈલ્ય	૭૫	૧૦	૨૪	૨૩ પૂર્ણમલ	૪૪	૮	૭
૯ રાજા ઉગ્રસેન	૭૮	૭	૨૧	૨૪ કરદવી	૪૪	૧૦	૮
૧૦ રાજા શૂરસેન	૭૮	૭	૨૧	૨૫ અલંમિક	૫૦	૧૧	૮
૧૧ ભુવનપતિ	૬૯	૫	૫	૨૬ ઉદયપાલ	૩૮	૯	૦
૧૨ રણજિત્	૬૫	૧૦	૪	૨૭ દુવનપાલ	૪૦	૧૦	૨૬
૧૩ ઋક્ષક	૬૪	૭	૪	૨૮ દમાત	૩૨	૦	૦
૧૪ સુખદેવ	૬૨	૦	૨૪	૨૯ ભીમપાલ	૫૮	૫	૮
૧૫ નરહરિદેવ	૫૧	૧૦	૨	૩૦ ક્ષેમક	૪૮	૧૧	૨૧

ક્ષેમક રાજાના પ્રધાન વિશ્રવાએ ક્ષેમકને મારી પોતે રાજ્ય કર્યું, તેની પેઢીઓ ૧૪, વર્ષ ૫૦૦, માસ ૩, દિવસ ૧૭. એનો વિસ્તારઃ—

આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ	આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ
૧ વિશ્રવા	૧૭	૩	૨૯	૮ કકુત	૪૨	૯	૨૪
૨ પુરસેની	૪૨	૮	૨૧	૯ સર્જી	૩૨	૨	૧૪
૩ વીરસેની	૫૨	૧૦	૭	૧૦ અમરચૂડ	૨૭	૩	૧૬
૪ અનંગશાયી	૪૭	૮	૨૩	૧૧ અમીપાલ	૨૨	૧૧	૨૫
૫ હરિજિત્	૩૫	૯	૧૭	૧૨ દશરથ	૨૫	૪	૧૨
૬ પરમસેની	૪૪	૨	૨૩	૧૩ વીરસાલ	૩૧	૮	૧૪
૭ સુખપાતાલ	૩૦	૨	૨૧	૧૪ વીરસાલસેન	૪૭	૦	૮

રાજા વીરસાલસેનને પ્રધાન વીરમહાએ મારી રાજ્ય કર્યું તેની પેઢીઓ ૧૬, વર્ષ ૪૪૫, માસ ૫, દિવસ ૩. એનો વિસ્તાર:—

આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ	આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ
૧ રાજા વીરમહા	૩૫	૧૦	૮	૯ તેજપાલ	૨૮	૧૧	૧૦
૨ અજિતસિંહ	૨૭	૭	૧૯	૧૦ માણેકચંદ	૩૭	૭	૨૧
૩ સર્વદત્ત	૨૮	૩	૧૦	૧૧ કામસેની	૪૨	૫	૧૦
૪ ભુવનપતિ	૧૫	૪	૧૦	૧૨ શત્રુમર્દન	૮	૧૧	૧૩
૫ વીરસેન	૨૧	૨	૧૩	૧૩ જીવનલોક	૨૮	૯	૧૭
૬ મહીપાલ	૪૦	૮	૭	૧૪ હરિરાવ	૨૬	૧૦	૨૯
૭ શત્રુપાલ	૨૬	૪	૩	૧૫ વીરસેન (બીજો)	૩૫	૨	૧૦
૮ સંઘરાજ	૧૭	૨	૧૦	૧૬ આદિત્યકેતુ	૨૩	૧૧	૧૩

મગધ દેશના રાજા આદિત્યકેતુને પ્રયાગના રાજા ધંધરે મારી રાજ્ય કર્યું. એની પેઢી ૯ વર્ષ ૩૭૪ માસ ૧૧ દિવસ ૨૬ એનો વિસ્તાર–

આર્ય રાજાઓ	વર્ષ	માસ	દિવસ	આર્ય રાજાઓ	વર્ષ	માસ	દિવસ
૧ ધંધર	૪૨	૭	૨૪	૬ જીવનરાજ	૪૫	૨	૫
૨ મહર્ષી	૪૧	૨	૨૯	૭ રૂદ્રસેન	૪૭	૪	૨૮
૩ સનરચ્ચી	૫૦	૧૦	૧૯	૮ આરીલક	૫૨	૧૦	૮
૪ મહાયુદ્ધ	૩૦	૩	૮	૯ રાજપાલ	૩૬	૦	૦
૫ દુરનાથ	૨૮	૫	૨૫				

રાજા રાજપાલને સામંત મહાનપાલે મારી રાજ્ય કર્યું પેઢી ૧ વર્ષ ૧૪ માસ ૦ દિવસ ૦ એનો વિસ્તાર આગળ ચાલ્યો નથી.

અવન્તિકા (ઉજ્જૈન) ના રાજા વિક્રમાદિત્યે રાજા મહાનપાલ ઉપર ચડાઈ કરી તેને મારી રાજ્ય કર્યું તેની પેઢી ૧ વર્ષ ૯૩ માસ ૦ દિવસ ૦ એનો વિસ્તાર આગળ ચાલ્યો નથી.

શાલિવાહનનો પૈઠણ વાસી ઉમરાવ સમુદ્રપાલ યોગીએ વિક્રમાદિત્યને મારી રાજ્ય કર્યું. તેની પેઢી ૧૬ વર્ષ ૩૭૨ માસ ૪ દિવસ ૨૭ એનો વિસ્તાર.--

આર્ય રાજાઓ	વર્ષ	માસ	દિવસ	આર્ય રાજાઓ	વર્ષ	માસ	દિવસ
૧ સમુદ્રપાલ	૫૪	૨	૨૦	૯ અમૃતપાલ	૨૬	૧૦	૧૩
૨ ચંદ્રપાલ	૩૬	૫	૪	૧૦ બલીપાલ	૧૨	૫	૨૭
૩ સહાયપાલ	૧૧	૪	૧૧	૧૧ મહીપાલ	૧૩	૮	૪
૪ દેવપાલ	૨૭	૧	૨૮	૧૨ હરીપાલ	૧૪	૮	૪
૫ નરસિંહપાલ	૧૮	૦	૨૦	૧૩ સીસપાલ +	૧૧	૧૦	૧૭
૬ સામપાલ	૨૭	૧	૧૭	૧૪ મદનપાલ	૧૭	૧૦	૧૯
૭ રઘુપાલ	૨૨	૩	૨૫	૧૫ કર્મપાલ	૧૬	૨	૨
૮ ગોવિંદપાલ	૨૭	૧	૧૭	૧૬ વિક્રમપાલ	૨૪	૧૧	૧૩

+ કોઈ ઇતિહાસમાં ભીમપાલ પણ લખેલ છે.

રાજા વિક્રમપાલે પશ્ચિમ દિશાના રાજા (મલુખચંદ વોહરા) ઉપર ચડાઇ કરી મેદાનમાં લડાઇ કરી એમાં મલુખચંદે વિક્રમપાલને મારી ઇંદ્રપ્રસ્થનું રાજ્ય કર્યું. તેની પેઢી ૧૦ વર્ષ ૧૯૧ માસ ૧ દિવસ ૧૬ તેનો વિસ્તારઃ—

આર્ય રાજાઓ	વર્ષ	માસ	દિવસ	આર્ય રાજાઓ	વર્ષ	માસ	દિવસ
૧ મલુખચંદ	૫૪	૨	૧૦	૬ કલ્યાણચંદ	૧૦	૫	૪
૨ વિક્રમચંદ	૧૨	૭	૧૨	૭ ભીમચંદ	૧૬	૨	૯
૩ અમીનચંદ ×	૧૦	૦	૫	૮ લવચંદ	૨૬	૩	૨૨
૪ રામચંદ	૧૩	૧૧	૮	૯ ગોવિંદચંદ	૩૧	૭	૧૨
૫ હરીચંદ	૧૪	૯	૨૪	૧૦ રાણી પદ્માવતી *	૧	૦	૦

રાણી પદ્માવતી નિષ્પુત્રા હોવાથી તેણીના મરણ પછી બધા મુત્સદીઓ ભેગા થઇ સલાહ કરી હરિપ્રેમ વૈરાગીને ગાદીએ બેસાડ્યો. અને મુત્સદીઓ રાજ્ય કરવા લાગ્યા, તેની પેઢી ૪ વર્ષ ૫૦ માસ ૦ દિવસ ૨૧ તેનો વિસ્તાર--

આર્ય રાજાઓ	વર્ષ	માસ	દિવસ	આર્ય રાજાઓ	વર્ષ	માસ	દિવસ
૧ હરિપ્રેમ	૭	૫	૧૬	૩ ગોપાલપ્રેમ	૧૫	૭	૨૮
૨ ગોવિંદપ્રેમ	૨૦	૨	૮	૪ મહાબાહુ	૬	૮	૨૯

રાજા મહાબાહુ રાજ્યનો ત્યાગ કરી વનમાં તપશ્ચર્યા કરવા ગયો એ વાત બંગાળના રાજા આધીનસેને સાંભળી તેથી તે ઇંદ્રપ્રસ્થમાં આવી રાજ્ય કરવા લાગ્યો. તેની પેઢી ૧૨ વર્ષ ૧૫૧ માસ ૧૧ દિવસ ૨ એનો વિસ્તાર—

આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ	આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ
૧ રાજા આધીનસેન	૧૮	૫	૨૧	૭ કલ્યાણસેન	૪	૮	૨૧
૨ વિલાવલસેન	૧૨	૪	૨	૮ હરીસેન	૧૨	૦	૨૫
૩ કેશવસેન	૧૫	૭	૧૨	૯ ક્ષેમસેન	૮	૧૧	૧૫
૪ માધસેન	૧૨	૪	૨	૧૦ નારાયણસેન	૨	૨	૨૯
૫ મયૂરસેન	૨૦	૧૧	૨૭	૧૧ લક્ષ્મીસેન	૨૬	૧૦	૦
૬ ભીમસેન	૫	૧૦	૯	૧૨ દામોદરસેન	૧૧	૫	૧૧

રાજા દામોદરસેને પોતાના ઉમરાવોને ઘણું દુઃખ આપ્યું, તેથી ઉમરાવોમાંના દીપસિંહ નામના ઉમરાવે સેના એકત્રિત કરી લડાઇ કરી એ લડાઇમાં દીપસિંહે રાજાને મારી રાજ્ય લીધું. અને દીપસિંહ પોતે રાજ્ય કરવા લાગ્યો. એની પેઢી ૬ વર્ષ ૧૦૭ માસ ૬ દિવસ ૨૨ એનો વિસ્તારઃ—

આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ	આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ
૧ દીપસિંહ	૧૭	૧	૨૬	૪ નરસિંહ	૪૫	૦	૧૫
૨ રાજસિંહ	૧૪	૫	૦	૫ હરિસિંહ	૧૩	૨	૨૯
૩ રણસિંહ	૯	૮	૧૧	૬ જીવનસિંહ	૮	૦	૧

× આનું નામ કોઇ ઠેકાણે માણેકચંદ પણ લખ્યું છે.
* આ પદ્માવતી ગોવિંદચંદની રાણી હતી.

રાજા જીવનસિંહે કોઈ પણ કારણને લઈ પોતાની બધી સેના ઉત્તર દિશામાં મોકલી. આપી, એ વાત વૈરાટના રાજા પૃથ્વીરાજ ચોહાણે સાંભળી અને જીવનસિંહ ઉપર ચડાઇ કરી અને લડાઇમાં જીવનસિંહને મારી ઇંદ્રપ્રસ્થનું રાજ્ય કર્યું.* એની પેઢી ૫ વર્ષ ૮૬ દિવસ ૨૦. એનો વિસ્તાર—

આર્ય રાજાઓ	વર્ષ	માસ	દિવસ	આર્યરાજાઓ	વર્ષ	માસ	દિવસ.
૧ પૃથ્વીરાજ	૧૨	૨	૧૯	૪ ઉદયપાલ	૧૧	૭	૩
૨ અભયપાલ	૧૪	૫	૧૭	૫ યશપાલ	૩૬	૪	૨૭
૩ દુર્જનપાલ	૧૧	૪	૧૪				

એટ ગજનીથી સુલતાન શાહબુદિન ઘોરીએ યશપાલ ઉપર ચડાઇ કરી અને પ્રયાગના કિલ્લામાં સંવત ૧૨૪૯ માં યશપાલને પકડી કેદ કર્યા પછી ઇંદ્રપ્રસ્થ દિલ્લીનું રાજ્ય શાહબુદીન ઘોરી કરવા લાગ્યો. પેઢી ૫૩ વર્ષ ૭૫૪ માસ ૧ દિવસ ૧૭ સુધી એનો વિસ્તાર ચાલ્યો ઘણા ઐતિહાસિક પુસ્તકમાં એ બાબત લખી છે.

હવે આગળ બોદ્ધ અને જૈન મત વિષે લખવામાં આવશે.

इति श्रीमद्दयानन्दसरस्वतीस्वामिनिर्मिते सत्यार्थप्रकाशे
सुभाषाविभूषिते आर्य्यावर्त्तीयमतखण्डन-
मण्डनविषये एकादशः समुल्लासः
सम्पूर्णः ॥ ११ ॥

* આની આગળ બીજા ઇતિહાસમાં આ પ્રમાણે લખ્યું છે કે— મહારાજા પૃથ્વીરાજા ઉપર શાહબુદીન ઘોરીએ ચડાઇ કરી પણ ઘણીવાર હાર ખાઇ તેને પાછા જવું પડયું હતું. છેવટ સંવત્ ૧૨૪૯ પોત પોતામાં ફુટ થવાથી મહારાજ પૃથ્વીરાજે હાર ખાધી, શાહબુદીને મહારાજને આંધળા કરી તેમને પોતાના દેશમાં લઈ ગયો. પછી ઇંદ્રપ્રસ્થ (દીલ્હી) નું રાજ્ય પોતે કરવા લાગ્યો. મુસલમાનોની રાજ્ય પેઢી ૪૫ વર્ષ ૫૧૩ રહી.

अनुभूमिका.

જ્યારથી આર્યાવર્ત્ત નિવાસી લોકો પાસેથી સત્ય અને અસત્યનો નિર્ણય કરાવનારી વિદ્યા છૂટી થઈ છે, ત્યારથી ભારતવર્ષમાં અવિદ્યા વિસ્તીર્ણ થતી આવી છે અને ત્યારથી જ મતમતાંતરો એક પછી એક ઉદ્‌ભવતા આવ્યા છે. એ કારણને લઇને જ વેદ વિરોધી જૈનાદિ મતો પેદા થયા છે.

વાલ્મીકીય રામાયણ તથા મહાભારત આદિ ગ્રન્થોમાં જૈનોનું નામમાત્ર પણ લખવામાં આવ્યું નથી, પરંતુ જૈન ગ્રન્થોમાં વાલ્મીકીય રામાયણ અને મહાભારતમાં વર્ણિત રામ કૃષ્ણ આદિની ગાથાઓ સવિસ્તર લખવામાં આવી છે, એથી સિદ્ધ થાય છે કે રામાયણ અને મહાભારત લખાયા પછી જૈન મત ઉત્પન્ન થયો છે.

જૈનોના કહેવા પ્રમાણે જો એમનો મત અતિપ્રાચીન હોય તો વાલ્મીકીય રામાયણ આદિ ગ્રન્થોમાં એમનું વૃત્તાંત અવશ્ય હોવું જોઇએ.

જો જૈન તરફથી શંકા કરવામાં આવે કે જૈન ગ્રન્થોમાંથી કથા લઇ વાલ્મીકીય રામાયણ આદિ ગ્રન્થો બન્યા હશે. પરંતુ જો એમ હોય તો વાલ્મીકીય આદિ ગ્રન્થોમાં જૈનોનું નામ નિશાન પણ કેમ નથી ? અને જૈન ગ્રન્થોમાં એઓનું નામ કેમ છે ? પિતાના જન્મનું દર્શન પુત્ર કરી શકે ખરો કે ? કદિ નહિ. ઉક્ત વાતથી સિદ્ધ થાય છે કે જૈન, બૌદ્ધ અને શાક્તાદિ ગ્રન્થો પાછળથી શરૂ થયા છે.

હવે બારમા સમુલ્લાસમાં જૈનમત સંબંધી જે કંઇ લખવામાં આવશે, તે તેમના ગ્રન્થોનું પ્રમાણ દઇ લખવામાં આવશે. એમાં જૈન લોકોએ ખોટું લગાડવાનું નથી, કારણ કે અમે એમના મત સંબંધી જે કંઇ લખીશું તે કેવળ સત્યાસત્યના નિર્ણય માટેજ લખીશું કોઇની હાનિ કરવી અથવા કોઈ સાથે વિરોધ કરવો એ અમારૂં પ્રયોજન નથી. જૈન, બૌદ્ધ અથવા બીજો કોઇ માણસ જ્યારે આ લેખ વાંચશે ત્યારે તેને સાચા ખોટાનો નિર્ણય કરવાને તક મળશે, ને તેથી ખરો બોધ મળશે.

વાદી પ્રતિવાદી બની પ્રીતિપૂર્વક જ્યાંસુધી સંવાદ કરવામાં નહિ આવે ત્યાંસુધી સાચા ખોટાનો નિર્ણય થઇ શકતો નથી અને જ્યાંસુધી એ નિર્ણય વિદ્વાન્ લોકોમાં નથી, ત્યાં સુધી મૂર્ખ લોકો અંધકારમાં રહે છે. એ અંધકાર ભયંકર દુઃખનું કારણ છેઃ માટે સત્યના જય માટે અને અસત્યના ક્ષય માટે મિત્રતાથી સંવાદ કરવો અને લેખો લખવા-એ મનુષ્ય માત્રે પોતાનું કર્ત્તવ્ય સમજવું જોઇએ. જ્યાંસુધી એ પ્રમાણે કરવામાં નહિ આવે ત્યાંસુધી ઉન્નતિ થવી અશક્ય છે.

જૈન બૌદ્ધ અને તેનાથી ભિન્ન માણસોને પણ આ લેખ ઉત્તમ બોધદાયક નીવડશે, કારણ કે એ લોકો બીજા મતવાળાઓને પોતાના ગ્રન્થો અભ્યાસ કરવા અથવા વાંચવા આપતા

નથી. મને એમના ગ્રન્થો ઘણા પરિશ્રમથી મળ્યા છે. એ ગ્રન્થો મેળવી આપવામાં ઘણે ભાગે મુંબઈ આર્ય સમાજના મંત્રી શેઠ સેવકલાલનો પુરૂષાર્થ ઘણો માનાર્હ છે.

કાશીસ્થ " જૈન પ્રભાકર યંત્રાલય. "માં જૈન ગ્રન્થો છપાવવાથી અને મુંબઇમાં પ્રકરણ રત્નાકર ગ્રન્થ છપાવવાથી જૈનમત જાણવાને ઘણી અનુકૂળતા થઈ પડી છે.

પોતાના ગ્રન્થો પોતેજ વાંચવા બીજાને વાંચવા પણ ન આપવા એ શું વિદ્વાનોનું કર્ત્તવ્ય છે ? એમ કરવાથી તો વિદિત થાય છે કે એ ગ્રન્થના રચનારને પહેલેથી જ શંકા હતી કે આ ગ્રન્થોમાં અમે ઘણી અસંભવિત વાતો લખી છે અને તે જો બીજા લોકો જાણશે તો ખંડન કરશે. અને અમારા અનુયાયીઓ જો બીજાના ગ્રન્થો વાંચશે તો અમારા મતમાં એઓની શ્રદ્ધા રહેશે નહિ. અસ્તુ-જે હોય તે.

ઘણા મનુષ્યો એવા હોય છે કે જેઓ પોતાના દોષો જોઇ શકતા નથી, અને બીજાના દોષો જોવાને ઘણા ઉતાવળા હોય છે, પરંતુ એ ન્યાય-આચરણ નથી. પ્રથમ પોતાના દોષો જોવા અને પછી બીજાના દોષો જોવા. પ્રથમ પોતાના દોષો દૂર કરવા પછી બીજાના દોષો દૂર કરવા.

હવે બૌદ્ધ અને જૈનના મતના સિદ્ધાન્તો સર્વ સજ્જનોની સામે મૂકું છું આશા છે કે સર્વ કોઇ તેનો યથાર્થ વિચાર કરશે.

॥ किमधिकलेखेन बुद्धिमद्वर्य्येषु ॥

अथ द्वादशसमुल्लासारम्भः

अथ नास्तिकमतान्तर्गत चार्वाक बौद्धजैनमतखण्डन विषयान् व्याख्यास्यामः ॥

કોઈ એક બૃહસ્પતિ નામે પુરૂષ થયો હતો, તે વેદ ઈશ્વર અને યજ્ઞાદિ કર્મોને પણ માનતો ન હતો. એનો મત આ પ્રમાણે છેઃ-

यावज्जीवं सुखं जीवेन्नास्ति मृत्योरगोचरः ।
भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥

મનુષ્યાદિ કોઇ પણ પ્રાણી મૃત્યુના વિષય બહાર નથી. અર્થાત્ સર્વ કોઇને મરવું છે માટે શરીરમાં જ્યાંસુધી જીવ છે ત્યાં સુધી સુખેથી રહેવું. જો કોઈ કહે કે ધર્માચરણમાં ઘણું કષ્ટ થાય છે, અને જો ધર્માચરણનો ત્યાગ કરવામાં આવે તો પુનર્જન્મમાં ઘણું દુઃખ વેઠવું પડે છે. એનો ઉત્તર ચાર્વાક આ પ્રમાણે આપે છેઃ—

અરે ભોળા ભાઇઓ ! જેણે ખાધું પીધું છે એવું જે આ શરીર મર્યાબાદ ભસ્મ થઇ જાય છે; તે પાછું સંસારમાં આવશે નહિ માટે જેમ બને તેમ આનન્દ લેવો. લોકમાં માત્ર નીતિથી ચાલો. ઐશ્વર્યને વધારો અને એ ઐશ્વર્યથી ઇષ્ટ ઉપભોગ કરો. આ જ લોક છે પરલોક છે જ નહિ. જુઓ ! પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ એ ચાર ભૂતોના પરિણામથી આ શરીર બને છે. અને

શરીરમાં એ ભૂતોના સંબંધથી ચૈતન્ય પેદા થાય છે. જેમ માદક દ્રવ્ય ખાવા પીવાથી મદ (નિશો) ઉત્પન્ન થાય છે તેમ જીવ શરીરની સાથે ઉત્પન્ન થઇ શરીર સાથે જ પાછો નાશ પામે છે તો પછી પાપ અને પુણ્યનું ફળ કોને મળવાનું છે ?

तच्चैतन्यविशिष्टदेह एव आत्मा देहातिरिक्त आत्मनि प्रमाणाभावात् ॥

આ શરીરમાં ચાર ભૂતોના સંયોગથી જીવાત્મા ઉત્પન્ન થાય છે અને શરીરના વિયોગ સાથે વિનષ્ટ થાય છે, કારણ કે મર્યાબાદ કોઇ પણ જીવસ્વરૂપ વસ્તુ પાર્થક્યેન પ્રત્યક્ષ જોવામાં આવતી નથી. અને પ્રત્યક્ષ સિવાય અનુમાન પણ થઈ શકતું નથી; માટે મુખ્ય પ્રત્યક્ષ પ્રમાણની દૃષ્ટિએ અનુમાનાદિ પ્રમાણો ગૌણ હોવાથી એઓનું ગ્રહણ કરવામાં આવતું નથી. સુંદર સ્ત્રી સાથે આશ્લેષ કરવો એ પુરૂષાર્થનું ફળ છે.

(ઉત્તર) પૃથ્વી આદિ ભૂતો જડ હોવાથી ચેતનની ઉત્પત્તિ તેનાથી થઇ શકતી નથી જેમ આજકાલ માતા પિતાના સંયોગથી જ શરીરની ઉત્પત્તિ થાય છે, તેમ સૃષ્ટિની આદિમાં મનુષ્યાદિ શરીરની આકૃતિ પરમેશ્વર સિવાય થઈ શકતી નથી.

મદની માફક ચેતનની ઉત્પત્તિ અને વિનાશ થઇ શકતો નથી. કારણ કે મદ ચેતનને થાય છે જડને નહિ. પદાર્થો નષ્ટ થાય છે; એટલે અદૃશ્ય થાય છે. પરન્તુ અભાવ કોઇ પણ પદાર્થનો થતો નથી, અતએવ અદૃશ્યત્વ હેતુથી જીવનો પણ અભાવ માની શકાતો નથી.

જ્યારે જીવ સદેહ થાય છે ત્યારે જ એવી પ્રકટતા થાય છે; જ્યારે જીવ શરીરનો ત્યાગ કરે છે ત્યારે શરીર ચેતનયુક્ત શરીરના જેવું રહેતું નથી. એ જ વાત બ્રહદારણ્યકમાં કહી છે.

" नाहं मोहं ब्रवीमि अनुच्छित्तिधर्मायमात्मा "

યાજ્ઞવલ્કય કહે છે કે હે મૈત્રેયિ ! હું ખોટી વાત કહેતો નથી. આ આત્મા અવિનાશી છે. આત્માના સંયોગથી જ શરીર ચેષ્ટા કરે છે. જ્યારે જીવ શરીરથી પૃથક્ થાય છે, ત્યારે શરીરમાં જરા પણ જ્ઞાન રહેતું નથી. માટે જેના સંયોગથી શરીરમાં ચેતનતા અને જડતા આવે છે, તે પદાર્થ શરીરથી ભિન્ન છે.

જેમ આંખ બધાને જોઇ શકે છે પણ પોતાને જોઈ શકતી નથી તેમ પ્રત્યક્ષ કરનાર પોતાને ઇંદ્રિયપ્રત્યક્ષ કરી શકતો નથી. જેમ આંખ દ્વારા સર્વ ઘટ પટાદિ પદાર્થો જીવ જુએ છે, તેમ આંખને પણ જ્ઞાન દ્વારા જુએ છે. જે દ્રષ્ટા છે તે દ્રષ્ટા જ રહે છે દૃસ્ય કદિપણ થઈ શકતો નથી. જેમ આધાર વિના આધેય, કારણ વિના કાર્ય, અવયવી વિના અવયવ અને કર્તા વિના કર્મ નથી બની શકતા તેમ કર્તા વિના પ્રત્યક્ષ પણ બની શકતું નથી. જો સુંદર સ્ત્રીના સમાગમનેજ પુરૂષાર્થનું ફળ માનતા, હો તો તેનાથી ક્ષણિક સુખ થાય છે. અને પછી દુઃખ થાય છે. તો તે દુઃખ પણ તમારા મત પ્રમાણે પુરૂષાર્થનું ફળ હોવું જોઇએ જો એમ હોય તો સ્વર્ગની હાનિ

થશે અને દુઃખ ભોગવવું પડશે. જો કહો કે દુઃખનો ત્યાગ કરવામાં અને સુખની વૃદ્ધિ કરવામાં સતત પ્રયત્ન કરવો જોઇએ તો મુક્તિસુખની હાનિ થશે માટે તે પુરૂષાર્થનું ફળ નથી.

ચાર્વાક:—જેઓ દુઃખ સંમિશ્રિત સુખનો ત્યાગ કરે છે, તેઓ મૂર્ખ છે; જેમ ધાન્યાર્થી ધાન્યનું ગ્રહણ કરી છોલાં છોતરાંનો ત્યાગ કરે છે તેમ બુદ્ધિમાન્ માણસે સુખનું ગ્રહણ કરી દુઃખનો ત્યાગ કરવો. અનુપસ્થિત સ્વર્ગની ઇચ્છા કરી જે લોકો ધૂર્ત-કથિત વેદોક્ત અગ્નિ હોત્રાદિ કર્મ, ઉપાસના અને જ્ઞાનકાંડનું અનુષ્ઠાન પરલોકને માટે કરે છે તેઓ અજ્ઞાની છે. પરલોક જ નથી તો પછી તેની આશા કરવી એ મૂર્ખતાનું પરિણામ છે. કારણ કે—

अग्निहोत्रं त्रयो वेदास्त्रिदण्डं भस्मगुण्ठनम् ।
बुद्धिपौरुषहीनानां जीविकेति बृहस्पतिः ॥

ચાર્વાક-મત-પ્રવર્તક બૃહસ્પતિ કહે છે કે અગ્નિહોત્ર, ત્રણ વેદો ત્રણ દંડો અને ભસ્મ લગાવવી તે એ બધા બુદ્ધિ અને પૌરૂષથી રહિત માણસોની આજીવિકા છે. કાંટો લાગવાથી જે દુઃખ ઉત્પન્ન થાય છે, તેનું નામ નરક, લોકસિદ્ધ જે રાજા છે તે જ પરમેશ્વર છે અને શરીરનો નાશ થવો, તેનું નામ મોક્ષ છે. બીજુ કંઇ નથી.

ઉત્તર— વિષયરૂપ સુખ માત્રને પુરૂષાર્થનું ફળ માની વિષય દુઃખના નિવારણમાં જ કૃતકૃત્યતા અને સ્વર્ગ માનવું એ મૂર્ખતા છે, અગ્નિહોત્રાદિથી વાયુ, વૃષ્ટિ અને જળની શુદ્ધિ થાય છે; તેથા આરોગ્ય થાય છે. તેથી ધર્મ, અર્થ કામ અને મોક્ષ પ્રાપ્ત થાય છે એ બધી વાત નહિ સમજી વેદની, ઇશ્વરની, અને વેદોક્ત ધર્મની નિંદા કરવી એ ધૂર્તતાનું કામ છે.

ત્રિદંડ ધારણનું અને ભસ્મ લગાવવાનું ખંડન ઠીક છે. કંટક જન્ય દુઃખનું નામ જો નરક હોય તો મહારોગાદિ જન્ય દુઃખોનું નામ નરક કેમ નહિ ?

ઐશ્વર્યવાન્ હોવાથી તથા પ્રજાપાલનમાં સમર્થ હોવાથી જો રાજા સર્વશ્રેષ્ઠ માનવામાં આવે તો ઠીક છે; પરન્તુ અન્યાયકારી પાપી રાજાને પણ પરમેશ્વરવત્ માનવામાં આવતો હોય તો તમારા જેવો બીજો કોઈ પણ મૂર્ખ નથી.

જો શરીર વિચ્છેદને જ મોક્ષ માનવામાં આવે તો ગધેડાં અને કૂતરાં આદિમાં અને તમારામાં શો ભેદ રહ્યો! કેવળ આકૃતિ જ ભિન્ન માનવી પડશે.

ચાર્વાક:—

अग्निरुष्णो जलं शीतं शीतस्पर्शस्तथाऽनिलः ।
केनेदं चित्रितं तस्मात्स्वभावात्तद्व्यवस्थितिः ॥ १ ॥

न स्वर्गो नाऽपवर्गो वा नैवात्मा पारलौकिकः ।
नैव वर्णाश्रमादीनां क्रियाश्च फलदायिकाः ॥ २ ॥
पशुश्चेन्निहतः स्वर्गं ज्योतिष्टोमे गमिष्यति ।
स्वपिता यजमानेन तत्र कस्मान्न हिंस्यते ॥ ३ ॥
मृतानामपि जन्तूनां श्राद्धं चेत्तृप्तिकारणम् ।
गच्छतामिह जन्तूनां व्यर्थं पाथेयकल्पनम् ॥ ४ ॥
स्वर्गस्थिता यदा तृप्तिं गच्छेयुस्तत्र दानतः ।
प्रासादस्योपरिस्थानामत्र कस्मान्न दीयते ॥ ५ ॥
यावज्जीवेत्सुखं जीवेदृणं कृत्वा घृतं पिबेत् ।
भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥ ६ ॥
यदि गच्छेत्परं लोकं देहादेष विनिर्गतः ।
कस्माद्भूयो न चायाति बन्धुस्नेहसमाकुलः ॥ ७ ॥
ततश्च जीवनोपायो ब्राह्मणैर्विहितस्त्विह ।
मृतानां प्रेतकार्याणि न त्वन्यद्विद्यते क्वचित् ॥ ८ ॥
त्रयो वेदस्य कर्त्तारो भण्डधूर्तनिशाचराः ।
जर्फरीतुर्फरीत्यादि पण्डितानां वचः स्मृतम् ॥ ९ ॥
अश्वस्यात्र हि शिश्नन्तु पत्नीग्राह्यं प्रकीर्त्तितम् ।
भण्डैस्तद्वत्परं चैव ग्राह्यजातं प्रकीर्त्तितम् ॥ १० ॥
मांसानां खादनं तद्वन्निशाचरसमीरितम् ॥ ११ ॥

ચાર્વાક, આભાણક, બૌદ્ધ અને જૈન આ લોકો જગત્‌ની ઉત્પત્તિ સ્વાભાવિક માને છે. સ્વાભાવિક ગુણસંયુકત દ્રવ્યો જોડાઇને બધા પદાર્થો બને છે. જગત્‌નો કોઈ કર્ત્તા નથી. ૧. બૌદ્ધ અને જૈન લોકો પરલોક અને જીવાત્માને માને છે. પણ ચાર્વાક તે પણ માનતો નથી. એ ત્રણેનો મત કોઇ કોઇ વિષયમાં મળતો આવે છે.

ચાર્વાક--કોઇ સ્વર્ગ નથી કોઇ નરક નથી પરલોકમાં જનાર કોઈ આત્મા નથી. ૨

યજ્ઞમાં મારવામાં આવેલા પશુનો હોમ કરવાથી મૃતપશુ જો સ્વર્ગમાં જતું હોય તો યજમાન પોતાના પિતાને મારી હોમ કરી સ્વર્ગમાં કેમ નથી મોકલતો. ૩

દેહમાંથી વિનિર્ગત જીવને જો શ્રાદ્ધ તૃપ્તિકારક હોય તો પરદેશમાં જનાર માણસે નિર્વાહને માટે અન્ન વસ્ત્રાદિ સાથે લેવા વ્યર્થ છે, કારણ કે દેશવિનિર્ગત જીવના નામથી અર્પણ

કરેલો પદાર્થ તેને મળે છે; તેમ દેશાન્તર્ગત આણસના નામથી અર્પણ કરી દેશાન્તરમાં પહોચાડી દેવું. જો આ નથી પહોંચતું તો પછી દેહવિનિર્ગત જીવને કેવી રીતે પહોંચશે ? ૪

જો મર્ત્યલોકમાં દાન કરવાથી સ્વર્ગમાં રહેનારા જીવોને તૃપ્તિ થતી હોય તો નીચે દાન કરવાથી ઘર ઉપર બેઠેલા માણસને તૃપ્તિ કેમ થતી નથી ? ૫

માટે જ્યાં સુધી જીવવું ત્યાંસુધી સુખથી જીવવું, ઘરમાં ન હોય તો માથે ઋણ (દેવું) કરીને પણ આનંદ કરવો. ઋણ પાછું આપવું પડશે નહિ. કારણ કે જે શરીરમાં જીવે ખાધું પીધું છે તે બન્ને* પાછા આવશે નહિ. પછી કોણ માગશે અને કોણ આપશે. ૬

જે લોકો કહે છે કે મૃત્યુ વખતે જીવ શરીરમાંથી નિકળી પરલોકમાં જાય છે તે વાત ખોટી છે, કારણ કે જો એમ હોય તો કુટુંબના મોહમાં બંધાઈ પાછો ઘરમાં કેમ નથી આવતો ? માટે એ બધા બ્રાહ્મણોએ પોતાની આજીવિકાના ઉપાયો રચ્યા છે, અને જે દશગાત્રાદિ મૃતક ક્રિયા છે, તે પણ એ લોકોની જીવિકાર્થ લીલા છે. ૮

વેદના બનાવનારા ભાંડ, ધૂર્ત્ત અને નિશાચર એ ત્રણ હતા, અને જર્ફરી તુર્ફરી ઇત્યાદિ પંડિતોના ધૂર્ત્તતાયુક્ત વચનો છે. ૯

જુઓ એ ધૂર્ત્તતાનો નમુનો, અશ્વના લિંગને સ્ત્રી ગ્રહણ કરે, અને એની સાથે તે યજમાનની સ્ત્રીને સમાગમ કરાવવો અને કન્યાએ મશ્કરી કરવી એ બધી વાતો ધૂર્ત્તો સિવાય કોણ લખી શકે ? ૧૦

અને જેમાં માંસનું ભોજન લખ્યું છે તે વેદ ભાગ રાક્ષસોના બનાવેલો છે. ૧૧.

(ઉત્તર) ચેતન નિર્માતા પરમેશ્વર સિવાય જડ પદાર્થો આપોઆપ નિયમપૂર્વક ભેગા થઈ ઉત્પન્ન થઇ શકતા નથી. જો સ્વભાવથી જ પદાર્થો બનતા હોય તો બીજા સૂર્ય, ચંદ્ર, પૃથ્વી અને નક્ષત્ર આદિ આપોઆપ કેમ બનતા નથી ? ૧

સુખોપભોગનું નામ સ્વર્ગ, અને દુઃખોપભોગનું નામ નરક છે. જો જીવાત્મા ન હોય તો સુખ દુઃખનો ઉપભોક્તા કોણ થાય? જેમ આ વખતે સુખ દુઃખનો ભોક્તા જીવ છે, તેમ પરજન્મમાં પણ છે. શું સત્યભાષણ અને પરોપકાર પણ વર્ણાશ્રમીઓને માટે પણ નિષ્ફળ છે ? કદિ પણ નહિ. ૨

પશુ મારીને હોમ કરવો એવું વેદાદિ સત્યશાસ્ત્રોમાં ક્યાંયપણ લખ્યું નથી, તેમજ મૃતકોનું શ્રાદ્ધ તર્પણ આદિ કરવું તેપણ કપોલકલ્પિત છે, કારણ કે તે વેદાદિ સત્યશાસ્ત્રોથી વિરૂદ્ધ હોવાથી ભાગવતાદિ પુરાણકારોના મત છે, માટે એ વિષયનું ખંડન અખંડનીય છે. ૩-૪-૫

* બન્ને=જીવ અને શરીર,

વિદ્યમાન વસ્તુનો અભાવ કદિપણ થઇ શકતો નથી; અતએવ વિદ્યમાન જીવનો પણ અભાવ થઈ શકતો નથી. દેહ ભસ્મ થાય છે, જીવ નહિ. જીવ તો બીજા શરીરમાં જાય છે, માટે જે લોકો ઋણ લઇ ઉપભોગ કરી ઋણ પાછું નથી આપતા, તેઓ અવશ્ય પાપભાગી બને છે, તેથી બીજા જન્મમાં દુઃખરૂપ નરકને ભોગવે છે, એમાં જરાપણ સંદેહ નથી. ૬

બ્રાહ્મણોએ પ્રેતકર્મ પોતાની જીવિકાને માટે બનાવી રાખ્યું છે, અતએવ તે વેદોક્ત ન હોવાથી ખંડનીય છે. ૭

ચાર્વાકે જો વેદાદિ સત્યશાસ્ત્રો જોયાં હોત અથવા સાંભળ્યા હોત તો તે વેદોની નિંદા કદિપણ કરત નહિ. "વેદો, ભાંડ, ધૂર્ત્ત અને નિશાચર જેવા પુરૂષોએ બનાવ્યા છે" એમ કદિપણ કહેત નહિ. હા, ભાંડ, ધૂર્ત્ત અને નિશાચર જેવા મહીધર આદિ ટીકાકારો થયા હતા, જે ધૂર્ત્તતા છે તે એ લોકોની છે વેદોની નહિ. ૮

ચાર્વાક, આભાણક, બૌદ્ધ અને જૈનો ઉપર શોક થાય છે કે એ લોકોએ વેદોની સંહિતાઓ પણ સાંભળી નહિ, તેમ દૃષ્ટિગોચર પણ કરી નહિ, તેમ કોઈ વિદ્વાન્ પાસે એ ગ્રન્થોનો અભ્યાસ પણ કર્યો નહિ. એજ કારણથી એ લોકો વેદોની ઉટપટાંગ નિંદા કરવા લાગ્યા. દુષ્ટ વામમાર્ગીઓની પ્રમાણશૂન્ય કપોલકલ્પિત ટીકા જોઈ વેદોથી વિરૂદ્ધ થઈ અવિદ્યા-રૂપ અગાધ સમુદ્રમાં પડી ગયા. ૯

સ્ત્રી પાસે અશ્વનું લીંગ ગ્રહણ કરાવી, અને પછી તેની સાથે સમાગમ કરાવવો તથા યજમાનની કન્યાદ્વારા મશ્કરી કરાવવી એવું વામમાર્ગીઓ સિવાય બીજો કોઈ લખી શકે નહિ. મહાપાપી વામમાર્ગીઓ સિવાય બીજો કોઇ પણ વેદોના વિપરીત ભ્રષ્ટ અને અશુદ્ધ અર્થો કરે નહિ. વિશેષ શોક તો ચાર્વાક આદિ ઉપર છે, કે વિચાર કર્યા સિવાય એ લોકો વેદોની નિંદા કરવા મંડી જાય છે, જરાપણ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતા નથી. શું કરે બિચારા, એ લોકોમાં એટલી બુદ્ધિ જ ન હતી કે જેથી સત્યાસત્યનો વિચાર કરી સત્યનું મંડન અને અસત્યનું ખંડન કરે. ૧૦

અને જે માંસ ખાવાનું લખ્યું છે તે પણ વામમાર્ગીઓની લીલા છે, માટે એ લોકોને રાક્ષસ કહેવા યોગ્ય છે, પરન્તુ વેદોમાં ક્યાંય પણ માંસ ખાવાનું લખ્યું નથી, માટે એવી મિથ્યા વાતો લખવાનું પાપ એ ટીકાકારોના શિર ઉપર છે. તથા જે લોકો વેદોને સાંભળ્યા તથા સમજ્યા સિવાય નિંદાપરાયણ થયા છે, તેઓ પણ નિસ્સંદેહ પાપભાગી છે. ખરૂં છે કે જે લોકો વેદનો વિરોધ કરે છે તથા કરશે, તે બધા અવિદ્યારૂપ અંધકારમાં પડી સુખને બદલે દારૂણ દુઃખને જેટલું ભોગવે તેટલું જ ઓછું છે. માટે મનુષ્ય માત્રે વેદાનુકૂળ ચાલવું યોગ્ય છે, ૧૧,

વામમાર્ગી લોકોએ જે મિથ્યા કપોલકલ્પના કરી વેદોના નામથી યથેષ્ટ મદ્યપાન, માંસભોજન, અને પરસ્ત્રીગમન આદિ દુષ્ટપ્રવૃત્તિરૂપ પોતાના પ્રયોજનને માટે વેદોમાં કલંક લગાવ્યું છે. તે જ જોઇને ચાર્વાક, બૌદ્ધ અને જૈન લોકો વેદોની નિંદા કરવા લાગ્યા, અને વેદવિરૂદ્ધ

એક જુદો જ અનીશ્વરવાદી નાસ્તિક વાદ ચલાવ્યો. જો ચાર્વાક આદિ લોકોએ વેદોના મૂળ અર્થનો વિચાર કર્યો હોત તો એવી ખોટી ટીકા જોઇ સત્યવેદોક્ત મતથી હાથ ધોઇ નાંખ્યા ન હોત. શું કરે બિચારા ! " विनाशकाले विपरीत बुद्धिः " જ્યારે નષ્ટ ભ્રષ્ટ થવાનો વખત આવે છે, ત્યારે મનુષ્યની બુધ્ધિ ઉલટી થઈ જાય છે.

હવે જે ચાર્વાક આદિમાં ભેદ છે, તે લખવામાં આવે છે. ચાર્વાક આદિ લોકો ઘણી ખરી વાતોમાં મળતા થાય છે. ચાર્વાકનો મતઃ—

૧ શરીરની ઉત્પત્તિ સાથે જીવની ઉત્પત્તિ અને શરીરના નાશ સાથે જ જીવનો નાશ.
૨ પુનર્જન્મ અને પરલોક નથી.
૩ એક જ પ્રત્યક્ષ પ્રમાણુ છે, અનુમાન આદિ નહિ.

ચાર્વાક શબ્દનો અર્થ જે બોલવામાં પ્રગલ્ભ (બેધડક) હોય, અને વિશેષ કરી વૈતંડિક હોય તે.

બૌદ્ધ અને જૈનનો મતઃ—

૧ પ્રત્યક્ષાદિ ચારે પ્રમાણુ છે.
૨ જીવ અનાદિ છે.
૩ પુનર્જન્મ, પરલોક અને મુક્તિ પણુ છે.

બૌદ્ધ અને જૈન ચાર્વાકથી ભિન્ન છે પણુ નાસ્તિકતામાં, વેદની અને ઇશ્વરની નિંદા કરવાથી, પરમતનો દ્વેષ કરવાથી, છ યતના (છકર્મ) અને જગતનો કોઈ કર્તા નથી, એ હેતુથી એક છે–એ વાતમાં એ બધા મળતા છે. એ પ્રમાણે ચાર્વાકનો મત સંક્ષેપથી બતાવવામાં આવ્યો છે,

હવે બૌધ્ધના મતના વિષયમાં સંક્ષેપથી લખવામાં આવે છે.

कार्यकारणभावाद्वा स्वभावाद्वा नियामकात् ।
अविनाभावनियमो दर्शनान्तरदर्शनात् ॥

કાર્યકારણુભાવ આદિ હેતુઓથી અવિનાભાવ અર્થાત્ વ્યાપ્તિને સિધ્ધ કરી વ્યાપ્તિવિશિષ્ટ હેતુદ્વારા અનુમાન થાય છે. અનુમાન પ્રમાણુ માન્યા સિવાય પ્રાણીઓના સંપૂર્ણ વ્યવહારો સિધ્ધ થઇ શકતા નથી. ઈત્યાદિ પ્રમાણોથી બૌધ્ધ લોકોએ અનુમાનપ્રમાણુ દૃઢ કર્યું, અને પછી ચાર્વાકથી એક ભિન્ન બૌધ્ધરૂપ શાખા ઉત્પન્ન કરી.

બૌધ્ધના ચાર ભેદો છે. ૧ માધ્યમિક બૌધ્ધ. ૨ યોગાચાર બૌધ્ધ. ૩ સૌત્રાન્તિક બૌધ્ધ. ૪ વૈભાષિક બૌધ્ધ.

" बुद्धया निर्वर्त्तते स बौद्धः " જે બુધ્ધિથી સિધ્ધ થાય છે તે, અર્થાત્ જે જે વિષય પોતાની બુધ્ધિથી સમજાય તે તે માનવા અને બીજા ન માનવા.

પ્રથમ જે “ માધ્યમિક બૌધ્ધ ” છે તે સર્વશૂન્યવાદી છે, અર્થાત્ જેટલા પદાર્થો છે તે બધા શૂન્ય છે– એટલેકે પહેલા ન હતા અને પછીથી પણ નહિ રહે. મધ્યકાળમાં જે પ્રતીત થાય છે તેપણ પ્રતીત સમયમાં જ રહે છે, અને પછી શૂન્ય થઈ જાય છે; જેમકે ઉત્પત્તિ પહેલાં “ ઘટ ” ન હતો અને પ્રધ્વંસ થયા પછી નથી રહેતો, પરન્તુ ઘટજ્ઞાન સમયમાં ઘટ ભાસે છે. પદાર્થાન્તરવિષયક જ્ઞાન થવાથી ઘટજ્ઞાન નષ્ટ થાય છે, માટે શૂન્ય જ એક તત્ત્વ છે.

બીજો “ યોગાચાર બૌધ્ધ ” બાહ્ય વસ્તુસમૂહને શૂન્ય માને છે, અર્થાત્ પદાથ સાથે આન્તરજ્ઞાનમાં જ ભાસે છે, બહાર નહિ. ઘટજ્ઞાન આત્મામાં જ્યારે હોય છે, ત્યારે જ મનુષ્ય કહે છે કે આ ઘટ છે; પણ જો અન્દર ઘટજ્ઞાન ન હોય, તો કદિપણ કહી શકતો નથી.

ત્રીજો “ સૌત્રાન્તિક બૌધ્ધ ” બાહ્ય સર્વ પદાર્થોને અનુમાનગમ્ય માને છે, કારણ કે બ્હારનો કોઇપિણ પદાર્થ સાંગોપાંગ દેખાતો નથી, પરન્તુ એક ભાગનું પ્રત્યક્ષ થાય છે, જ્યારે બીજા ભાગનું અનુમાન કરવું પડે છે.

ચોથો “ વૈભાષિક બૌધ્ધ ” બાહ્ય પદાર્થને પ્રત્યક્ષ માને છે, પણ આન્તર પદાર્થને પ્રત્યક્ષ માનતો નથી. જેમ “ अयं नीलो घटः ” એ પ્રતીતિમાં નીલયુક્ત ઘટાકૃતિ બ્હાર પ્રતીત થાય છે.

યદ્યપિ એ બધાનો આચાર્ય એક જ બુધ્ધ છે, પણ શિષ્યોની ભિન્ન ભિન્ન બુદ્ધિથી ચાર પ્રકારની ઉક્ત શાખા ઉત્પન્ન થઇ છે. જેમ સૂર્ય અસ્ત થવા પછી જાર પુરૂષ પરસ્ત્રીગમન કરે છે. તથા વિદ્વાન્ માણસ સત્ય ભાષણ તથા અન્યધાર્મિક કાર્યમાં પ્રવૃત્ત થાય છે, તેવીજ રીતે બુદ્ધની ગેરહાજરીમાં બૌદ્ધ ધર્મની દશા થઇ. સમય એક હોય છે પરંતુ માણસો પોત પોતાની બુદ્ધિ પ્રમાણે ભિન્ન ભિન્ન ચેષ્ટા કરે છે. ઉક્ત ચાર પ્રકારના બૌધ્ધ ભેદોમાં જે માધ્યમિક બૌધ્ધ છે તે સર્વને ક્ષણિક માને છે, કારણ કે બુધ્ધિનો ક્ષણ ક્ષણમાં પરિણામ થાય છે. જે વસ્તુ પૂર્વ ક્ષણમાં જાત થાય છે, તે વસ્તુ ઉત્તર ક્ષણમાં રહેતી નથી. માટે બધાને ક્ષણિક માનવું જોઇએ. બીજો યોગાચાર એમ માને છે કે જેટલી પ્રવૃત્તિઓ છે તે બધી દુઃખ સ્વરૂપ છે, કારણ કે પ્રાપ્તિમાં કોઈ પણ પુરૂષ સંતુષ્ટ રહી શકતો નથી, કારણકે એકની પ્રાપ્તિ થઇ એટલે બીજીની પ્રાપ્તિમાં ઇચ્છા થાય છે. ત્રીજો સોત્રાન્તિક કહે છે કે બધા પદાર્થો પોતપોતાના લક્ષણોથી લક્ષિત થાય છે, જેમ ગાયના ચિન્હોથી ગાય અને ઘોડાના ચિન્હોથી ઘોડો લક્ષિત થાય છે. તેવાજ લક્ષણો હમેશાં લક્ષ્યમાં રહે છે. ચોથો વૈભાષિક શૂન્યને જ પદાર્થ માને છે: પહેલાં માધ્યમિક બધાને શૂન્ય માનતો હતો, તેજ પક્ષ વૈભાષિકનો છે. ઇત્યાદિ બૌધ્ધમાં પરસ્પર ઘણા વિષયો વિવાદાસ્પદ છે. એ પ્રમાણે ચાર પ્રકારની ભાવના માને છે.

ઉત્તર—જો બધું શૂન્ય છે એમ કહેવામાં આવે તો એ ઠીક નથી, કારણ કે શૂન્ય જાણનારો શૂન્ય નથી. જો બધાને શૂન્યજ માનવામાં આવે તો શૂન્ય શૂન્યને કદિ પણ જાણી શકે નહિ. માટે એક શૂન્યને જાણનાર અને બીજો જ્ઞેય એટલે જે જાણમાં આવે છે તે, એવા બે પદાર્થો સિધ્ધ થાય છે. અને જે યોગાચાર બાહ્ય

શૂન્ય માને છે તો બાહ્ય પર્વત એની અંદર હોવો જોઇએ; જો કહે કે પર્વત અંદર છે તો પર્વત સમાય તેટલો અવકાશ તેના હૃદયમાં કયાં છે ? માટે પર્વત બહાર રહે છે. અને પર્વતનું જ્ઞાન આત્મામાં રહે છે. સૌત્રાન્તિક કોઇ પણ પદાર્થને પ્રત્યક્ષ માનતો નથી, તો પછી તે પોતે અને એનું વચન પણ અનુમેય હોવું જોઇએ. જો પ્રત્યક્ષજ કોઇ વસ્તુ ન હોય તો " अयं घटः " " આ ઘડો " એવો પ્રયોગ જ ન થવો જોઇએ. પરન્તુ ' अयं घटैकदेशः ' " આ ઘડાનો એક દેશ છે. " અને એક દેશનું અનુમાન થાય છે, એવો પ્રયોગ થવો જોઇએ. ઘડાના એક દેશનું નામ ઘડો નથી પણ સમુદાયનું નામ ઘડો છે. માટે " આ ઘટ છે " એ પ્રયોગ પ્રત્યક્ષનો જ સાધક છે, અનુમેયનો નહિ; કારણ કે અવયવોમાં અવયવી એક છે. ચોથો વૈભાષિક બાહ્ય પદાર્થોનેજ પ્રત્યક્ષ માને છે તે પણ ઠીક નથી, કારણ કે જયાં જ્ઞાતા અને જ્ઞાન હોય છે ત્યાં જ પ્રત્યક્ષ થાય છે. જો કે પ્રત્યક્ષનો વિષય બહાર હોય છે, પણ તદાકારીય જ્ઞાન આત્મામાં થાય છે. તેવીજ રીતે જો સર્વ પદાર્થો ક્ષણિક હોય તો " પ્રત્યભિજ્ઞા " એટલે " મેં તે વાત કરી હતી " એવું સ્મરણ ન થવું જોઇએ પરન્તુ પૂર્વ દૃષ્ટનું સ્મરણ થાય છે; માટે ક્ષણિકવાદ પણ ઠીક નથી. જો બધું દુઃખ જ હોય અને સુખ જરા પણ નહોય તો સુખની અપેક્ષા સિવાય દુઃખ સિધ્ધ થઈ શકે નહિ. જેમ રાત્રિની અપેક્ષા દિવસ અને દિવસની અપેક્ષા રાત્રિ હોય છે, તેમ સાપેક્ષક દુઃખ, સુખ સિવાય બની શકે નહિ. જો એ લોકો સ્વલક્ષણ જ માનતા હોય તો નેત્ર એ રૂપનું લક્ષણ છે અને લક્ષ્ય ઘટનું રૂપ છે. આ ઠેકાણે ઘટનું રૂપ લક્ષણભૂત ચક્ષુમાં કેમ નથી રહેતું ? ત્યાં લક્ષ્ય અને લક્ષણ કેમ જુદા પડે છે ? અને ગન્ધ પૃથિવીથી ભિન્ન છે માટે ભિન્નાભિન્ન લક્ષણ માનવું જોઇએ. શૂન્યનો ઉત્તર ઉપર જે આપવામાં આવ્યો છે. તે અર્થાત્ શૂન્યજ્ઞ શૂન્યથી ભિન્ન થાય છે.

सर्वस्य संसारस्य दुःखात्मकत्त्वं सर्वतीर्थकरसंमतम् ॥

સર્વ તીર્થંકરો આ સંસારને દુઃખયુક્ત માને છે.

જેઓને બૌધ્ધો તીર્થંકર માને છે તેઓનેજ જૈનો પણ માને છે, માટે તે બન્ને એકજ છે. પૂર્વ કહેવામાં આવેલી ચાર ભાવનાઓથી સકલ વાસનાની નિવૃત્તિ થાય છે અને તેથી શૂન્ય રૂપ નિર્વાણ એટલે મુક્તિ થાય છે એમ માને છે. પોતાના શિષ્યોને યોગનો અને આચારનો ઉપદેશ આપે છે ગુરૂના વચનને પ્રમાણ માનવું, અનાદિ બુધ્ધિમાં વાસના હોવાથી બુધ્ધિ જ અનેકાકાર ભાસે છે. બૌધ્ધ લોકો પાંચ સ્કંધ માને છે.

પ્રથમ સ્કંધ—ઇંદ્રિયોથી જે રૂપાદિ વિષયો ગ્રહણ કરવામાં આવે છે તે " રૂપ સ્કંધ " કહેવાય છે.

બીજો સ્કંધ—આલય વિજ્ઞાન પ્રવૃત્તિને જાણવા રૂપ જે વ્યવહાર છે. તે " વિજ્ઞાનસ્કંધ " કહેવાય છે.

ત્રીજો સ્કંધ—રૂપ સ્કંધ અને વિજ્ઞાન સ્કંધથી ઉત્પન્ન થયેલાં સુખ દુઃખોની પ્રતીતિરૂપ જે વ્યવહાર છે તે " વેદના સ્કંધ " કહેવાય છે.

ચોથો સ્કંધ—ગો આદિ સંજ્ઞાનો સંબંધ, નામી અર્થાત્ વિષયની સાથે માનવો-તદ્રૂપ વ્યવહાર " સંજ્ઞા સ્કંધ " કહેવાય છે.

પાંચમો સ્કંધ—વેદના સ્કંધથી ઉત્પન્ન થતા રાગ, દ્વેષ, કલેશ, ક્ષુધા, તૃષા, ઉપકલેશ, મદ. પ્રમાદ, અભિમાન, ધર્મ અને અધર્મરૂપ વ્યવહાર " સંસ્કાર સ્કંધ " કહેવાય છે.

સંસારમાં બધું દુઃખરૂપ છે, સંસાર દુઃખનું સાધન છે, એવી ભાવના કરી સંસારથી છૂટા થવું. ચાર્વાક લોકો મુક્તિ તથા અનુમાનને માનતા નથી, જ્યારે બૌદ્ધ લોકો એ બે પદાર્થોને માને છે.

देशना लोकानाथानां सत्वाशयवशानुगाः ।
भिद्यन्ते बहुधा लोके उपायैर्बहुभिः किल ॥ १ ॥
गम्भीरोत्तानभेदेन क्वचिच्चोभयलक्षणा ।
भिन्ना हि देशना भिन्ना शून्यताद्वयलक्षणा ॥ २ ॥
अर्थानुपार्ज्य बहुशो द्वादशायतनानि वै ।
परितः पूजनीयानि किमन्यैरिह पूजितैः ॥ ३ ॥
ज्ञानेन्द्रियाणि पंचैव तथा कर्मेन्द्रियाणि च ।
मनो बुद्धिरिति प्रोक्तं द्वादशायतनं बुधैः ॥ ४ ॥

અર્થાત્ જ્ઞાની, વિરક્ત, જીવનમુક્ત એવા જે લોકનાથ બુદ્ધાદિ તીર્થંકરોની દેશના કે જે પદાર્થના સ્વરૂપને બતાવનારી છે, જેમાં ભિન્ન ભિન્ન પદાર્થો ઉપદિશ્યમાન છે, અને બહુ ભેદોથી અને ઉપાયોથી કહેવામાં આવી છે તેને માનવી. ૧

અતિગંભીર અને પ્રસિધ્ધ ભેદથી ભિન્ન કોઇ કોઇ ઠેકાણે ગુપ્ત અને પ્રકટતાથી ભિન્ન ભિન્ન ગુરૂઓના ઉપદેશ કે જે પૂર્વોક્ત શૂન્યતા લક્ષણયુક્ત છે તેને માનવા. ૨

જે દ્વાદશાયતન પૂજા છે, તે જ મોક્ષ આપનારી છે. એ પૂજાને માટે ઘણા દ્રવ્યો એકઠાં કરી દ્વાદશાયતન પૂજા એટલે બાર પ્રકારની પૂજા કરવી. ૩

એ લોકોની દ્વાદશાયતનપૂજા આ પ્રમાણે છે:—

પાંચ જ્ઞાનેન્દ્રિયો-એટલે શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, જીવ્હા અને નાસિકા.

પાંચ કર્મેન્દ્રિયો-એટલે વાક, હસ્ત, પાદ, ગુહ્ય (મલવિસર્જનેન્દ્રિય) અને ઉપસ્થ. એ દસ ઇન્દ્રિયો તથા મન અને બુધ્ધિ એ બાર સાધનોને આનંદમાં-પ્રવૃત્ત રાખવાં એ ઉપર કહેલી પૂજા છે.

(ઉત્તર) જો સર્વ સંસાર દુઃખમય જ હોત તો તેમાં કોઇપણ જીવની પ્રવૃત્તિ થાત નહિ, પરન્તુ સંસારમાં જીવોની પ્રવૃત્તિ પ્રત્યક્ષ જોવામાં આવે છે, માટે એ સિધ્ધ થાય છે કે સર્વ સંસાર દુઃખ રૂપ નથી, સંસારમાં સુખ અને દુઃખ બન્ને છે; જો બૌદ્ધની ઉક્ત માન્યતા બૌધ્ધો સાચી માનતા હોય તો એ લોકોએ ખાવા પીવામાં પથ્યમાં ઓષધ્યાદિના સેવનમાં અને શરીર સંરક્ષણમાં પ્રવૃત્ત ન થવું જોઇએ. અને શા માટે સુખબુધ્ધિથી એમાં પ્રવૃત્ત થાય છે? જો કહે કે અમે પ્રવૃત્ત તો થઇએ છીએ પણ એને દુઃખ જ માનીએ છીએ, તો એ કથન સંભવિત નથી; કારણ જીવ સુખ માનીને પ્રવૃત્ત થાય છે, અને દુઃખ માની ને નિવૃત્ત થાય છે.

સંસારમાં ધાર્મિક ક્રિયા, સત્સંગ અને શ્રેષ્ઠ વ્યવહાર આદિ સુખકારક છે. એને બૌદ્ધ સિવાય કોઈ પણ વિદ્વાન્ દુઃખ સાધન માનતો નથી.

જે પાંચ સ્કંધો તે લોકોએ માન્યા છે તે પણ બહુ અપૂર્ણ છે; કારણ કે જો એવા એવા સ્કંધો ગણવામાં આવે તો અનેકાનેક ભેદો થઇ શકે છે.

એ લોકો જેઓને તીર્થંકરો અને લોકનાથો માને છે અને જે નાથોનો પણ નાથ અનાદિ પરમાત્માને નથી માનતા, તો પ્રશ્ન ઉભો થાય છે કે એ તીર્થંકરોએ કોની પાસેથી ઉપદેશ લીધો ? જો કહે કે સ્વયં તેઓને ઉપદેશ પ્રાપ્ત થયો છે; તો એ કથન સંભવિત નથી. કારણ કે કારણ વિના કાર્ય થઇ શકતું નથી. અગર જો એ લોકોનું સત્ય માનવામાં આવે, તો આજ કાલ પણ એ લોકોમાં અભ્યાસ કર્યા વિના, કશું પણ સાંભળ્યા વિના અને જ્ઞાનીઓનો સત્સંગ કર્યા વિના જ્ઞાની કેમ થતા નથી ? જ્યારે આજ કાલ નથી થતા તો એવું માનવું સર્વથા નિર્મૂલ, યુક્તિ શૂન્ય અને સન્નિપાતી મનુષ્યના બરાડા સમાન છે.

" શૂન્ય એજ એક જ તત્વ છે " જો એવો બૌધ્ધનો ઉપદેશ, ઉપદેશ હોય તો તો એ તદ્દન ખોટું છે; કારણ કે વિદ્યમાન વસ્તુ શૂન્યરૂપ કદિ પણ થઇ શકતી નથી. વસ્તુની પ્રલય દશામાં વસ્તુ કારણ રૂપ થઈ જાય છે. માટે એ બૌધ્ધનું કથન મિથ્યા છે. જો દ્રવ્યોપાર્જન દ્વારા પૂર્વોક્ત દ્વાદશાયતન પૂજા મોક્ષનું સાધન હોય તો દશ પ્રાણ અને અગ્યારમા જીવાત્માની પૂજા કેમ ન કરવી ?જો ઇંદ્રિયોની અને અંતઃકરણની પૂજા પણ મોક્ષપ્રદ હોય તો એ બૌધ્ધ અને વિષયી માણસમાં શો ભેદ રહયો ? જો એનાથી એ બૌધ્ધો નથી બચી શકતા તો પછી મુક્તિ પણ કયાં રહી ? જ્યાં એવી એવી વાતો છે ત્યાં મુક્તિનું શું કામ ? એ લોકોએ શી પોતાની અવિદ્યાની ઉન્નતિ કરી છે ? એનું સાદૃશ્ય એના શિવાય બીજામાં ઘટી શકતું નથી. નિર્ણય તો એજ લાગે છે, કે એ લોકોએ વેદ અને ઇશ્વર સાથે વિરોધ કર્યો, તેથી તેનું તેઓને ફળ મળ્યું છે. પ્રથમ તો સર્વ સંસારને દુઃખરૂપ ભાવનામાં ગણવો અને પછી દ્વાદશાયતન પૂજા પણ લગાવી દીધી ! શું એ લોકોની દ્વાદશાયતન પૂજા સાંસારિક પદાર્થોની બ્હાર છે ! કે જે પૂજા મુક્તિદાત્રી થઇ શકે. કોઇ માણસ આંખ મીંચીને રત્નની શોધ કરવા મંડી જાય તો શું તેને રત્ન પ્રાપ્તિ થશે ? વેદ અને ઇશ્વર ન માનવાથી એ લોકોની એવી લીલા થઈ છે. હજી પણ જો એ લોકોને સુખની

આશા હોય તો વેદ અને ઇશ્વરનો આશ્રય કરી જન્મ સફળ કરે. " વિવેક વિલાસ " નામના ગ્રન્થમાં બૌદ્ધોનો મત આ પ્રમાણે લખ્યો છેઃ—

बौद्धानां सुगतो देवो विश्वं च क्षणभंगुरम् ।
आर्य्यसत्त्वाख्यया तत्त्वचतुष्टयमिदं क्रमात् ॥ १ ॥
दुःखमायतनं चैव ततः समुदयो मतः ।
मार्गश्चेत्यस्य च व्याख्या क्रमेण श्रूयतामतः ॥ २ ॥
दुःखसंसारिणस्कन्धास्ते च पञ्च प्रकीर्त्तिताः ।
विज्ञानं वेदनासंज्ञा संस्कारो रूपमेव च ॥ ३ ॥
पञ्चेन्द्रियाणि शब्दा वा विषयाः पञ्च मानसम् ।
धर्मायतनमेतानि द्वादशायतनानि तु ॥ ४ ॥
रागादीनां गणो यः स्यात्समुदेति नृणां हृदि ।
आत्मात्मीयस्वभावाख्यः स स्यात्समुदयः पुनः ॥ ५ ॥
क्षणिकाः सर्वसंस्कारा इति या वासना स्थिरा ।
स मार्ग इति विज्ञेयः स च मोक्षोऽभिधीयते ॥ ६ ॥
प्रत्यक्षानुमानं च प्रमाणं द्वितयं तथा ।
चतुः प्रस्थानिका बौद्धाः ख्याता वैभाषिकादयः ॥ ७ ॥
अथो ज्ञानान्वितो वैभाषिकेण बहु मन्यते ।
सौत्रान्तिकेन प्रत्यक्षग्राह्योऽर्थो न बहिर्मतः ॥ ८ ॥
आकारसहिता बुद्धिर्योगाचारस्य संमता ।
केवलां संविदां स्वस्थां मन्यन्ते मध्यमाः पुनः ॥ ९ ॥
रागादि ज्ञानसन्तानवासनाच्छेदसम्भवा ।
चतुर्णामपि बौद्धानां मुक्तिरेषा प्रकीर्त्तिता ॥ १० ॥
कृत्तिः कमण्डलुर्मौण्ड्यं चीरं पूर्वाह्णभोजनम् ।
संघो रक्ताम्बरत्वं च शिश्रिये बौद्धभिक्षुभिः ॥ ११ ॥

બૌદ્ધોને સુગતદેવ અર્થાત્ ભગવાન્ બુદ્ધ પૂજનીય દેવ છે, સંસાર બધો ક્ષણભંગુર છે. આર્ય પુરૂષ તથા આર્યા સ્ત્રી, તથા તત્ત્વોની આખ્યા, એ ચાર પદાર્થો બૌદ્ધોના મન્તવ્ય છે. ૧

આ સંસારને દુઃખનું ઘર સમજવું. ત્યાર બાદ સમુદય એટલે ઉન્નતિ થાય છે. એ (સમુદય) વ્યાખ્યા ક્રમથી સાંભળો. ૨

સંસારમાં દુઃખ જ છે. ઉપર કહેવામાં આવેલાં પાંચ સ્કન્ધોને સમજો. ૩

પાંચ ઇંદ્રિયો, પાંચ તેના વિષયો, મન અને બુધ્ધિ (અંતઃકરણ) એ બાર ધર્મના સ્થાન છે. ૪

મનુષ્યના હૃદયમાં જે રાગદ્વેષાદિ સમૂહ ઉત્પન્ન થાય છે તે સમુદય કહેવાય છે. આત્મા, આત્મસંબંધી અને સ્વભાવ તે આખ્યા કહેવાય છે, તેનાથી સમુદય ઉત્પન્ન થાય છે. ૫

બધા સંસ્કારો ક્ષણિક છે, માત્ર વાસના સ્થિર રહે છે. એ બૌધ્ધોનો માર્ગ છે, અને તે જ શૂન્યતત્ત્વ શૂન્યરૂપે થઇ જવું તેનું નામ મોક્ષ છે. ૬

બૌધ્ધ લોકો પ્રત્યક્ષ અને અનુમાન બેજ પ્રમાણ માને છે; એ લોકોમાં ચાર ભેદો છે. વૈભાષિક, સૌત્રાન્તિક, યોગાચાર અને માધ્યમિક. વૈભાષિક લોકો જ્ઞાનસ્થ અર્થોને માને છે, કારણ કે જે અર્થ જ્ઞાનસ્થ નથી, તેનું અસ્તિત્વ જ સિધ્ધ પુરૂષો માનતા નથી. અને સૌત્રાન્તિક લોકો પદાર્થોનું આન્તર પ્રત્યક્ષ માને છે બાહ્ય પ્રત્યક્ષ નહિ.

યોગાચાર લોકો આકાર સહિત વિજ્ઞાનયુકત બુધ્ધને માને છે અને માધ્યમિક લોકો કેવળ પોતામાં પદાથોનું જ્ઞાન માત્ર માને છે; પદાર્થોને માનતા નથી. ૯

રાગાદિનો તથા જ્ઞાન આદિનો જે પ્રવાહ છે તેની વાસનાનો નાશ થયાથી મુક્તિ મળે છે એમ ચારે બૌધ્ધ લોકો માને છે ૧૦

મૃગ આદિનું ચામડું. કમંડળુ, મુંડિત મસ્તક, વલ્કલ વસ્ત્ર, પૂર્વાહ્ણ એટલે નવ વાગ્યા પહેલાં ભોજન કરવું, એકાકી ન રહેવું અને રક્ત વસ્ત્ર ધારણ કરવું-એ બૌધ્ધ સાધુઓનો વેષ છે. ૧૧.

(ઉત્તર) જો બૌધ્ધોનો સુગત બુદ્ધ જ દેવ છે તો એનો ગુરૂ કોણ હતો ? જો વિશ્વ ક્ષણભંગુર હોય તો ચિરદષ્ટ પદાર્થનું " આ તેજ છે " એનું સ્મરણ ન થવું જોઇએ. કારણ જો ક્ષણભંગુર હોય તો તેજ પદાર્થ રહી શકે નહિ, તો પછી સ્મરણ કોનું થાય ? જો બૌધ્ધોનો ક્ષણિક વાદ જ હોય તો એનો મોક્ષ પણ ક્ષણિક જ હોવો જોઇએ. જો જ્ઞાનસ્થ જડ દ્રવ્ય હોય તો જડ દ્રવ્યમાં પણ જ્ઞાન હોવું જોઇએ, અને તે ચલનાદિ ક્રિયા કોના ઉપર કરે છે ? જે બ્હાર દેખાય છે તે મિથ્યા કેમ થઇ શકે ? જો આકાશની સાથે બુદ્ધિ હોય તો તે દૃશ્ય હોવી જોઇએ. જો કેવળજ્ઞાન જ આત્મસ્થ હૃદયમાં માનવામાં આવે અને બાહ્ય પદાર્થોને કેવળ જ્ઞાન જ માનવામાં આવે તો જ્ઞેય પદાર્થ સિવાય જ્ઞાન કેમ થઇ શકે ? અર્થાત્ વિષય વિના જ્ઞાન થઇ શકતું નથી. જો વાસનોચ્છેદ જ મુક્તિ માનવામાં

આવે તો સુષુપ્તિમાં પણ મુક્તિ માનવી જોઇએ. એવી રીતે માનવું એ વિદ્યા વિરૂધ્ધ હોવાથી તિરસ્કરણીય છે. ઈત્યાદિ બૌધ્ધમતના મન્તવ્ય વિષયો સંક્ષેપથી પ્રદર્શિત કરી આપ્યા છે. બુધ્ધિમાન્ વિચારશીલ પુરૂષો એનું અવલોકન કરી જાણી શકશે કે એ લોકોની કેવી વિદ્યા અને કેવો મત છે. એને જૈન લોકો પણ માને છે.

હવે જૈનમતનું વર્ણન લખવામાં આવે છે.

પ્રકરણ રત્નાકર ભા. ૧ નયચક્રસારમાં નીચે લખેલા વિષયો લખ્યા છેઃ—

બૌધ્ધ લોકો સમય સમયમાં નવીનપણાથી, (૧) આકાશ, (૨) કાલ, (૩) જીવ, (૪) પુદ્ગલ એ ચાર દ્રવ્ય માને છે. જૈન લોકો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યો માને છે. એમાં કાળને અસ્તિકાય નથી માનતા. કારણ કે કાલ ઔપચારિક દ્રવ્ય છે. વાસ્તવમાં તે દ્રવ્ય નથી.

ધર્માસ્તિકાય= ગતિપરિણામીપણાથી પરિણામ પામેલા જીવ અને પુદ્ગલોની ગતિને રોકવામાં જે હેતુ છે તે ધર્માસ્તિકાય, તે અસંખ્ય પ્રદેશપરિણામી છે અને વ્યાપક છે.

અધર્માસ્તિકાય=સ્થિરતાથી પરિણામી થયેલા જીવ અને પુદ્ગલની સ્થિતિને આશ્રય આપવામાં જે હેતુ છે તે.

આકાશાસ્તિકાય= જે સર્વદ્રવ્યોનો આધાર છે, જેમાં અવગાહન નિર્ગમ અને પ્રવેશ આદિ ક્રિયા કરનાર જીવ અને પુદ્ગલોને અવગાહન આપવામાં હેતુ છે, અને જે સર્વવ્યાપી છે તે.

પુદ્ગલાસ્તિકાય=જે કારણરૂપ સૂક્ષ્મ છે, નિત્ય છે, એકરસ છે; રસ, વર્ણ, ગંધ અને સ્પર્શરૂપ કાર્યનું લિંગ (હેતુ) છે તથા જેનો પૂરણ થવા (પૂરવા) નો અને ગળવાનો સ્વભાવ છે, તે પુદ્ગલાસ્તિકાય.

જીવાસ્તિકાય=જે ચેતન લક્ષણ, જ્ઞાનદર્શનમાં ઉપયુક્ત, અનન્ત પર્યાયોવડે પરિણામી, કર્ત્તા અને ભોક્તા છે, તે જીવાસ્તિકાય છે.

કાલ= પૂર્વોક્ત પંચાસ્તિકાયોના પરત્વ અને અપરત્વ, નવીનત્વ અને પ્રાચીનત્વમાં હેતુ છે તથા પ્રસિધ્ધ વર્ત્તમાન પર્યાયો સાથે જોડાયલો છે તે કાળ કહેવાય છે.

સમીક્ષક-ઉત્તર-બૌધ્ધોએ જે ચાર દ્રવ્યો પ્રતિસમય નવીન નવીન માન્યા છે તે ખોટા છે, કારણ કે આકાશ, કાળ, જીવ અને પરમાણુ એ નવા અથવા જુના કદિપણ થઇ શકતા નથી; કારણ કે તે અનાદિ અને કારણરૂપ હોવાથી અવિનાશી છે. એમાં નવીનતા અને પુરાણતા કેમ ઘટી શકે ?

જૈનોનું માનવું પણ ઠીક નથી. કારણ કે ધર્મ અને અધર્મ એ દ્રવ્ય નથી, કિન્તુ ગુણ છે. એ બન્ને જીવાસ્તિકાયમાં આવી જાય છે; માટે જો

આકાશ, પરમાણુ, જીવ અને કાળ એ ચાર જ માયા હોત તો ઠીક થાત. વૈશેષિક શાસ્ત્રમાં જે નવ દ્રવ્યો માન્યાં છે તે જ ઠીક છે. કારણ કે પૃથિવ્યાદિ પાંચ તત્ત્વો, તથા કાળ, દિશા, આત્મા અને મન એ નવ દ્રવ્યો નિર્ણીત છે. એક જીવને ચેતન માની ઇશ્વરને ન માનવો એ જૈન બૌદ્ધોનો મિથ્યા પક્ષપાત છે.

હવે બૌદ્ધ અને જૈન લોકો જે સપ્તભંગી અને સ્યાદ્વાદ માને છે, તે આ પ્રમાણે છે:—

सन् घटः= એ પ્રથમ ભંગ છે. કારણ કે ઘટ પોતાની વર્તમાનતાથી યુક્ત છે, અર્થાત્ " ઘડો છે " એ વાક્યે અભાવનો વિરોધ કર્યો છે.

असन् घटः= " ઘડો નથી " એ બીજો ભંગ છે, કારણ કે પ્રથમ ઘડાના ભાવથી આ ઘડાનો અસદ્ભાવ છે.

सन्नसन्न घटः= આ ઘડો છે પણ પટ નથી, કારણ કે એ બન્નેથી પૃથક્ થઈ ગયો છે, માટે તૃતીય ભંગ છે.

घटोऽघटः= એ ચોથો ભંગ છે-અર્થાત્ જેમ अघटः पटः બીજા પટના અભાવની અપેક્ષાએ ઘટ અઘટ કહેવાય છે. યુગપત્ અર્થાત્ એક સાથ તેની ઘટ અને અઘટ એવી બે સંજ્ઞા છે.

પાંચમો ભંગ આ પ્રમાણે છે કે-ઘટને પટ કહેવો અયોગ્ય છે. અર્થાત્ એમાં ઘટત્વ વક્તવ્ય છે, અને પટત્વ અવક્તવ્ય છે.

છઠ્ઠો ભંગ આ પ્રમાણે છે કે જે ઘટ નથી તે કહેવાને યોગ્ય પણ નથી, અને તે છે, અને કહેવાને યોગ્ય પણ છે.

સાતમો ભંગ આ પ્રમાણે છે કે જે કહેવાને ઇષ્ટ હોય પરન્તુ તે નથી, અને કહેવાને યોગ્ય પણ ઘટ નથી.

એ પ્રમાણે સપ્તભંગ કહેવાય છે. એજ પ્રમાણે:—

स्यादस्ति जीवोऽयं प्रथमो भंगः ॥ १ ॥ स्यान्नास्ति जीवो द्वितियो भंगः ॥ २ ॥ स्यादवक्तव्यो जीवस्तृतीयो भंगः ॥ ३ ॥ स्यादस्ति नास्ति नास्तिरूपो जीवश्चतुर्थो भंगः ॥ ४ ॥ स्यादस्ति अवक्तव्यो जीवः पंचमो भंगः ॥ ५ ॥ स्यान्नास्ति अवक्तव्यो जीवः षष्ठो भंगः ॥ ६ ॥ स्यादस्ति नास्ति अवक्तव्यो जीव इति सप्तमो भंगः ॥ ७ ॥

અર્થાત્ " છે જીવ " જો એવું કથન હોય તો જીવના વિરોધી જડ પદાર્થોનો જીવમાં અભાવ સિદ્ધ થાય છે, તે પ્રથમ ભંગ કહેવાય છે.

" નથી જીવ " જડ પદાર્થોમાં એવું કથન થાય છે; એ બીજો ભંગ કહેવાય છે.

" જીવ કહેવા યોગ્ય નથી " એ ત્રીજો ભંગ કહેવાય છે.

" જ્યારે જીવ શરીર ધારણ કરે છે ત્યારે પ્રસિદ્ધ હોય છે, અને જ્યારે શરીર ધારણ નથી કરતો ત્યારે અપ્રસિદ્ધ હોય છે " એ ચોથો ભંગ કહેવાય છે.

" જીવ છે પણ કહેવા યોગ્ય નથી " એ પાંચમો ભંગ કહેવાય છે.

" જીવ પ્રત્યક્ષ પ્રમાણથી કહેવામાં નથી આવતો, માટે તે ચક્ષુઃપ્રત્યક્ષ નથી " જે એ વ્યવહાર છે તે છઠ્ઠો ભંગ કહેવાય છે.

" એક જ સમયમાં અનુમાન પ્રમાણથી જીવનું અસ્તિત્ત્વ તે જ સમયમાં અદૃશ્યપણાથી અનસ્તિત્ત્વ તથા જીવ એકરૂપ ન હોય, ક્ષણ ક્ષણમાં પરિણામી થતો રહે છે, માટે અસ્તિ નાસ્તિ વ્યવહાર થતો નથી તેમ નાસ્તિ અસ્તિ વ્યવહાર પણ થતો નથી " એ સાતમો ભંગ કહેવાય છે.

એ પ્રમાણે નિત્યત્ત્વ સપ્તભંગી, અનિત્યત્ત્વ સપ્તભંગી, સામાન્ય ધર્મમાં, વિશેષ ધર્મમાં, ગુણમાં અને પર્યાયમાં ઇત્યાદિ પ્રત્યેકમાં સપ્તભંગી થાય છે. દ્રવ્ય, ગુણ, કર્મ, સ્વભાવ અને પર્યાયો અનંત હોવાથી સપ્તભંગી પણ અનંત થાય છે. એ પ્રમાણે બૌદ્ધ તથા જૈનોનો " સ્યાદ્વાદ " તથા " સપ્તભંગી ન્યાય " કહેવાય છે.

સમીક્ષકઃ—

ઉપરનું બધું કહેવું અન્યોઽન્યાભાવમાં, સાધર્મ્યમાં અને વૈધર્મ્યમાં ચરિતાર્થ થાય છે. એવું સરલ પ્રકરણ છોડી કઠણ જાળ બાંધવી એ અજ્ઞાનીઓને ફસાવવાને માટે હોય છે.

જુઓ ! જીવનો અજીવમાં અને અજીવનો જીવમાં અભાવ રહે છે. જીવમાં અને જડત્ત્વમાં વર્ત્તમાનત્ત્વરૂપ ધર્મ સાધર્મ્ય છે તથા ચેતનમાં જડત્ત્વ અને જડમાં ચેતનત્વ ન હોવાથી બન્નેમાં અન્યોન્ય નિરૂપિત વૈધર્મ્ય છે. અર્થાત્ જીવમાં ચેતનત્ત્વ (अस्ति) છે, અને જડત્ત્વ (नास्ति) નથી. એજ પ્રમાણે જડમાં જડત્ત્વ છે અને ચેતનત્વ નથી, માટે ગુણ કર્મ અને સ્વભાવના સમાનધર્મનો અને વિરૂદ્ધધર્મનો વિચાર કરવાથી એ લોકોનો સપ્તભંગીન્યાય અને સ્યાદ્વાદ સહજતાથી સમજમાં આવી જાય છે, તો પછી આટલો બધો પ્રપંચ વધારવો એ શા કામનો છે ? એમાં બૌદ્ધ અને જૈનોનો એકમત છે. જૈન અને બૌદ્ધનો પૃથગ્ભાવ હોવામાં થોડો જ ભેદ છે.

હવે આગળ કેવળ જૈનમતના વિષયમાં જ લખવામાં આવે છે.

चिदचिद्द्वे परे तत्त्वे विवेकस्तद्विवेचनम् ।
उपादेयमुपादेयं हेयं हेयं च कुर्वतः ॥ १ ॥
हेयं हि कर्तृरागादि तत् कार्य्यमविवेकिनः ।
उपादेयं परं ज्योतिरुपयोगैकलक्षणम् ॥ २ ॥

જૈન લોકો " ચિત્ અને અચિત્ " અર્થાત્ ચેતન અને જડ એવા બે જ પદાર્થો મુખ્ય માને છે, એ બન્નેનું જે વિવેચન છે તેનું જ નામ વિવેક છે. ગ્રહણ કરવા યોગ્યનું ગ્રહણ, અને ત્યાગ કરવા યોગ્યનું ત્યજન (ત્યાગ) જે કરે છે તે વિવેકી કહેવાય છે. ૧

જગતનો કર્ત્તા, રાગાદિ તથા ઇશ્વરે જગત્ બનાવ્યું છે એવો જે અવિવેકી મત છે તેનો ત્યાગ કરવો, અને યોગગમ્ય પરમજ્યોતિ સ્વરૂપ જે જીવ છે તેનું ગ્રહણ કરવું એ ઉત્તમ છે. ૨

અર્થાત્ એ લોકો જીવ સિવાય બીજો કોઇ ચેતન પદાર્થ માનતા નથી. અનાદિ સિદ્ધ કોઈ ઇશ્વિર નથી, એવું બૌદ્ધ તથા જૈનો માને છે.

રાજા શિવપ્રસાદજી " ઇતિહાસતિમિરનાશક " નામના ગ્રન્થમાં લખે છે " એનાં બે નામ છે. એક જૈન અને બીજું બૌધ્ધ. એ બન્ને શબ્દ પર્યાયવાચી છે. પરન્તુ બૌધ્ધોમાં વામમાર્ગી મદ્યમાંસાહારી છે, માટે જૈનોને તેની સાથે વિરોધ થયો. પરંતુ જે મહાવીર અને ગૌતમ ગણધર થયા છે એનું નામ બૌધ્ધોએ બુધ્ધ રાખ્યું છે, વળી જૈનોએ ગણધર અને જિનવર રાખ્યું. જેની પરંપરા જૈનમત છે, " અને તે રાજા શિવપ્રસાદે પોતાના " ઇતિહાસતિમિરનાશક " નામના ગ્રન્થના ત્રીજા ખંડમાં લખ્યું છે કે સ્વામી શંકરાચાર્ય પહેલાં જિન થયા, બધા મળી લગભગ એક હજાર થયા છે. આખા ભારતવર્ષમાં જૈન અને બૌદ્ધમત ફેલાયો હતો.

એના ઉપર નોટ— બૌધ્ધ કહેવાથી અમારો આશય એ મતની સાથે છે કે જે, મહાવીરના ગણધર ગૌતમસ્વામીના સમયથી લઈ શંકરસ્વામીના સમય પર્યંત, આખા ભારતમાં (વેદવિરૂધ્ધ) ફેલાઇ રહ્યો હતો. એ મતનો સ્વીકાર અશોક અને સમ્પ્રતિ રાજાએ કર્યો હતો. એથી (બૌધ્ધથી) જૈન કોઇ પ્રકારથી બહાર નીકળી શકે તેમ નથી. જિનથી જે નીકળ્યા તે જૈન કહેવાયા, અને બુધ્ધથી જે નીકળ્યા તે બૌધ્ધ કહેવાયા. બન્ને શબ્દ પર્યાયવાચી છે. કોષમાં બન્ને શબ્દનો એક જ અર્થ લખ્યો છે. ગૌતમને બન્ને મતવાળા માને છે.

" वर्नो, दीपवंशी " ઇત્યાદિ પ્રાચીન બૌધ્ધ ગ્રન્થોમાં શાક્યમુનિ ગૌતમ બુધ્ધને બહુધા મહાવીરના જ નામથી લખ્યા છે. એ સમયમાં એનો જ મત રહ્યો હશે. અમે જે જૈન નહિ લખી ગૌતમના મતવાળાઓને બૌધ્ધ લખ્યા છે, એનું પ્રયોજન માત્ર આટલું જ છે કે એઓને બીજા દેશવાળાઓએ બૌધ્ધ નામથી જ લખ્યા છે. તેજ પ્રમાણે અમરકોષમાં લખ્યું છે:—

सर्वज्ञः सुगतो बुद्धो धर्मराजस्तथागतः ।
समन्तभद्रो भगवान्मारजिल्लोकजिज्जिनः ॥ १ ॥
षडभिज्ञो दशबलोऽद्वयवादी विनायकः ।
मुनीन्द्रः श्रीघनः शास्ता मुनिः शाक्यमुनिस्तु नः ॥ २ ॥

स शाक्यसिंहः सर्वार्थः सिद्धःशौद्धोदनिश्च सः ।
गौतमश्चार्कबन्धुश्च मायादेवी सुतश्च सः ॥ ३ ॥
अमरकोश कां० १ । वर्ग १ । श्लोक ८, ९, १० ॥

હવે જુઓ કે બુધ્ધ અને જૈન તથા બૌધ્ધ અને જૈન એ એક નામ છે કે નહિ? શું અમરસિંહે પણ બુધ્ધ અને જિન એક લખવામાં ભૂલ કરી? જે અવિદ્વાન્ જૈન છે તેઓ તો નથી પોતાનું જાણતા, તેમ નથી બીજાઓનું જાણતા, કેવળ હઠને લઇને જ બબડ્યા કરે છે, પરંતુ જેઓ જૈનમાં વિદ્વાન્ છે તેઓ બધા જાણે છે કે " બુધ્ધ અને જિન તથા બૌધ્ધ અને જૈનપર્યાયવાચી છે " એમાં કશો સંદેહ નથી.

જૈન લોકો કહે છે કે જીવ એજ પરમેશ્વર થઇ જાય છે. તે લોકો પોતાના તીર્થંકરોને જે કેવલી મુક્તિપ્રાપ્ત તથા પરમેશ્વર માને છે, અનાદિપરમેશ્વર કોઇ નથી માનતા. સર્વજ્ઞ, વીતરાગ, અર્હન્, કેવલી, તીર્થંકર અને જિન એ છ નાસ્તિકોના દેવતાઓના નામ છે. ચંદ્રસૂરિએ આદિદેવનું સ્વરૂપ " આપ્તિનિશ્ચયાલંકાર " નામ ગ્રન્થમાં લખ્યું છે કે:—

सर्वज्ञो वीतरागादिदोषस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः ॥ १ ॥

તેવી જ રીતે " તૌતાતિતો " એ પણ લખ્યું છેઃ—

सर्वज्ञो दृश्यते तावन्नेदानीमस्मदादिभिः ।
दृष्टो न चैकदेशोऽस्ति लिङ्गं वा योऽनुमापयेत् ॥ २ ॥
न चागमविधिः कश्चिन्नित्यसर्वज्ञ बोधकः ।
न च तत्रार्थवादानां तात्पर्यमपि कल्पते ॥ ३ ॥
न चान्यार्थप्रधानैस्तैस्तदस्तित्वं विधीयते ।
न चानुवादितुं शक्यः पूर्वमन्यैरबोधितः ॥ ४ ॥

જે રાગાદિ દોષોથી રહિત છે, ત્રૈલોક્યમાં પૂજનીય છે, યથાર્થ પદાર્થોને સમજાવનાર છે. સર્વજ્ઞ છે, તે અર્હન્દેવ પરમેશ્વર છે. ૧

આજકાલ અમે સર્વજ્ઞ કોઇ પરમાત્મા દેખતા નથી, માટે સર્વજ્ઞ અનાદિ પરમાત્મા પ્રત્યક્ષ નથી. જ્યારે પ્રત્યક્ષપ્રમાણ પરમાત્માનું સાધક નથી, તો અનુમાન તો ક્યાંથી જ હોય! કારણ કે એકદેશનું પ્રત્યક્ષ થયા સિવાય અનુમાન થઈ શકતું નથી. ૨

જ્યારે પ્રત્યક્ષ અને અનુમાનપ્રમાણ પરમેશ્વર સાધક નથી, તો પછી આગળ એટલે નિત્ય અનાદિ સર્વજ્ઞ પરમાત્માનું બોધક શબ્દપ્રમાણ પણ નથી. જ્યારે ત્રણે પ્રમાણો ઇશિસા-

ધક થતા નથી, તોપછી અર્થવાદ એટલે સ્તુતિ, નિંદા પરાકૃતિ (અન્યદીય ચરિત્રનું વર્ણન અને પુરાકલ્પ અર્થાત્ ઇતિહાસ પણ ઈશ્વર સાધનમાં ઘટી શકતા નથી. ૩

અન્યાર્થ પ્રધાન એટલે બહુવ્રીહિ સમાસની માફક પરોક્ષ પરમાત્માની સિદ્ધિનું વિધાન પણ બની શકતું નથી, પુનઃ અન્ય ઉપદેષ્ટાઓએ અબોધિત ઇશ્વરનો અનુવાદ પણ થઇ શકતો નથી. ૪.

ઉપરોકત પક્ષનું પ્રત્યાખ્યાન એટલે ખંડનઃ—

જો અનાદિ ઇશ્વર ન હોત તો અર્હત્ દેવના માતા પિતા આદિના શરીરના સાંચા કોણ બનાવત ? સંયોજક સિવાય યથાયોગ્ય સર્વાવયવ સંપન્ન, યથોચિત કાર્ય કરવામાં ઉપયુકત શરીર બની શકતું નથી. જે પદાર્થોથી શરીર બન્યું છે તે પદાર્થો જડ હોવાથી આવી ઉત્તમ રચનાવાળું શરીર આપોઆપ બની શકતું નથી. કારણ કે એ પદાર્થોમાં યથાયોગ્ય બનવાનું જ્ઞાન નથી. જે પ્રથમ રાગાદિ દોષો સાથે સંબંધ હોય છે અને પછી તે દોષોથી રહિત થઇ મુકત થયો છે તે કારણ નષ્ટ થવાથી તેની મુકિત છૂટી જશે-કારણ અનિત્ય હોવાથી કાર્યરૂપ મુકિત પણ અનિત્ય થઇ જશે, જે અલ્પ અને અલ્પજ્ઞ છે તે સર્વવ્યાપક અને સર્વજ્ઞ કદિ પણ બની શકતો નથી. જીવ સ્વરૂપથીજ એકદેશી અને પરિમિત ગુણ કર્મ સ્વભાવવાળો હોય છે. તે સર્વવિદ્યામાં સર્વથા યથાર્થ વકતા થઇ શકતો નથી. માટે તમારો તીર્થંકર પરમેશ્વર નથી.

શું તમે પ્રત્યક્ષ પદાર્થોનેજ માનો છો, અપ્રત્યક્ષને નહિ ? જેમ કાનથી રૂપનું અને આંખથી શબ્દનું ગ્રહણ નથી થતું તેમજ અનાદિ પરમેશ્વરને જોવાનું સાધન આંખ નથી કિંતુ શુદ્ધાંતઃકરણ, વિદ્યા અને યોગાભ્યાસથી પવિત્ર થયેલો આત્મા જ પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે છે. જેમ વિદ્યાભ્યાસ કર્યા સિવાય વિદ્યાના પ્રયોજનો મેળવી શકાતાં નથી, તેમ યોગાભ્યાસ અને વિજ્ઞાન સિવાય પરમાત્મા મળી શકતો નથી. જેમ ભૂમિના રૂપાદિ ગુણો જોઇ તે ગુણની સાથે અવ્યવહિત સંબંધ રાખનારી પૃથિવીનું પ્રત્યક્ષ થાય છે, તેવીજ રીતે પરમાત્માનું પણ સૃષ્ટિય રચનાવિશેષરૂપ હેતુને જોઇ પરમાત્માનું જ્ઞાન થાય છે. પાપાચરણ વખતે મનમાં જે ભય, શંકા અને લજ્જા ઉત્પન્ન થાય છે તે પરમાત્મા તરફથી થાય છે. એ પ્રમાણે અનુમાન હોવામાં શો સંદેહ છે. ૨

પરમાત્માનું પ્રત્યક્ષ અને અનુમાન હોવાથી આગમપ્રમાણ પણ નિત્ય, અનાદિ, સર્વજ્ઞ ઇશ્વરનું બોધક છે. માટે ઇશ્વરમાં શબ્દ પ્રમાણ પણ ઘટી શકે છે, જ્યારે ત્રણ પ્રમાણથી જીવ ઇશ્વરને જાણી શકે છે, તો પછી અર્થવાદ એટલે પરમેશ્વરના ગુણોની પ્રશંસા કરવી તે પણ યથાર્થ ઘટે છે. કારણ કે જે નિત્ય છે તેના ગુણ કર્મ અને સ્વભાવ પણ નિત્ય હોય છે-એની પ્રશંસા કરવામાં કોઇ પણ દોષ નથી, ૩

જેમ મનુષ્યોમાં જોવામાં આવે છે કે કર્ત્તા સિવાય કોઈ પણ કાર્ય બનતું નથી, તો પછી આ જગત્રૂપ મહત્કાર્ય, કર્ત્તા વિના થઇ જાય એ તદ્દન અસંભવિત છે. જો એ પ્રમાણે છે, તો

પછી ઇશ્વર હોવામાં મૂઢને પણ સંદેહ ન થવો જોઇએ. જ્યારે પરમાત્માને સમજાવનાર પાસેથી ઇશ્વર તત્વ સમજવામાં આવશે ત્યારે અનુવાદ પણ સુસાધ્ય થઇ જશે. ૪

માટે પ્રત્યક્ષ પ્રમાણોદ્વારા જૈનો જે ઇશ્વરનું ખંડન કરે છે તે વ્યવહાર અનુચિત છે.

પ્રશ્ન—

अनादेरागमस्यार्थो न च सर्वज्ञ आदिमान् ।
कृत्रिमेण त्वसत्येन स कथं प्रतिपाद्यते ॥ १ ॥
अथ तद्वचनेनैव सर्वज्ञोऽन्यैः प्रतीयते ।
प्रकल्पेत कथं सिद्धिरन्योऽन्याश्रययोस्तयोः ॥ २ ॥
सर्वज्ञोक्ततया वाक्यं सत्यं तेन तदस्तिता ।
कथं तदुभयं सिध्येत् सिद्धमूलान्तरादृते ॥ ॥ ३ ॥

અનાદિ આગમ (શાસ્ત્ર) નો અર્થ આદિમાન્ નથી, અને સર્વજ્ઞ આદિમાન્ છે, અને જો શાસ્ત્રને આદિમાન્ માનો તો કૃત્રિમ અને અસત્ય શાસ્ત્રથી સર્વજ્ઞ કેમ જાણી શકાય ? ૧

જો સર્વજ્ઞના વચનથી જ સર્વજ્ઞની સર્વજ્ઞતા સિધ્ધ થતી હોય, તો અન્યોન્યાશ્રય દોષ આવે છે, કેમકે અનાદિ ઇશ્વરથી અનાદિ શાસ્ત્રની સિદ્ધિ અને અનાદિ શાસ્ત્રથી અનાદિ ઇશ્વરની સિધ્ધિ. ૨

સર્વજ્ઞના વાકયથી વેદ વાકયની સત્યતા અને વેદ વાકયથી સર્વજ્ઞના વાકયની સત્યતા કરો છો તે કેમ બની શકે ? માટે તે શાસ્ત્ર અને પરમેશ્વરની સિદ્ધિને માટે કોઇ તૃતીય પ્રમાણની જરૂર છે. જો તૃતીય પ્રમાણ સ્વીકૃત કરશો તો તેની સત્યતાને માટે ચતુર્થ પ્રમાણની આવશ્યકતા પડશે અને પાછી તેની સત્યતાને માટે પ્રમાણાન્તરની અન્વેષણા કરવી પડશે. એ પ્રમાણે અનવસ્થા દોષ આવશે.

ઉત્તર—અમે પરમેશ્વરને તથા પરમેશ્વરના ગુણ કર્મ સ્વભાવને અનાદિ માનીએ છીએ. અનાદિ નિત્ય પદાર્થોમાં અન્યોન્યાશ્રય દોષ આવી શકતો નથી. જેમ કાર્યથી કારણનો અને કારણથી કાર્યનો બોધ થાય છે, તથા કાર્યમાં કારણનો સ્વભાવ (અર્થાત્ કારણત્વ નિરૂપિત કાર્યમાં કાર્યતા) અને કારણમાં કાર્યનો સ્વભાવ (અર્થાત્ કાર્યત્વનિરૂપિત કારણમાં કારણતા) નિત્ય છે, તેવીજ રીતે પરમેશ્વર અને પરમેશ્વરના અનન્ત વિદ્યાદિ ગુણ નિત્ય હોવાથી ઇશ્વર પ્રણીત વેદમાં અનવસ્થા દોષ આવતો નથી. અને તમે જે તીર્થંકરોને પરમેશ્વર માનો છો, તે કદિ પણ ઘટી શકતુ નથી. તો તેઓ તપશ્ચર્યા, જ્ઞાન (ઇશ્વર થઇ શકે તેવાં) અને મુક્તિ કેવી રીતે મેળવી શકે ?

સંયોગનો આદિ અવશ્ય હોય છે કારણ કે વિયોગ વિના સંયોગ બની શકતો નથી (અર્થાત્ વિયોગ પૂર્વક સંયોગ હોય છે), માટે સૃષ્ટિનો કર્ત્તા અનાદિ પરમાત્મા છે એમ માનો.

જુઓ ! કોઈ ગમે તેટલો સિદ્ધ હોય તોપણ શરીર આદિની રચના સંપૂર્ણતયા જાણી શકતો નથી. જ્યારે સિદ્ધ જીવ સુષુપ્તિ દશામાં આવે છે ત્યારે તેને જરા પણ ભાન રહેતું નથી. અને જ્યારે જીવ દુઃખી થાય છે ત્યારે તેનું જ્ઞાન ઓછું થઈ જાય છે. માટે એવા પરિચ્છિન્ન (સસીમ) સામર્થ્યવાળા તથા એક દેશસ્થ જીવ વિશેષને ઇશ્વર માનવો એ ભ્રાન્તબુદ્ધિવાળા જૈનો સિવાય બીજા કોઇ માની શકે નહિ.

જો તમે કહો કે તીર્થંકરો પોતાના માતા પિતાથી ઉત્પન્ન થયા હતા, તો અમારો આ પ્રશ્ન છે કે તેના માતા પિતા કોનાથી ઉત્પન્ન થયા-વળી તેના પણ કોનાથી થયા ? એ પ્રમાણે તમારા માનવામાં અનવસ્થા દોષ આવશે.

આસ્તિક અને નાસ્તિકનો સંવાદ.

હવે અહીંઆ પ્રકરણરત્નાકરના બીજા ભાગમાંથી આસ્તિક અને નાસ્તિકના સંવાદના પ્રશ્નોત્તરો લખવામાં આવે છે. ઉક્ત પ્રકરણરત્નાકર ગ્રન્થ, વિદ્વાન્ જૈન સદ્ગૃહસ્થોએ પ્રમાણિક સમજી મુંબઇમાં છપાવ્યો છે.

નાસ્તિક—ઇશ્વરની ઇચ્છાથી કશું થતું નથી, જે કંઇ થાય છે તે કર્મથી જ થાય છે.

આસ્તિક—જો બધું કર્મથી જ થાય છે તો કર્મ કોનાથી થાય છે ! જો કહો કે જીવ આદિથી થાય છે; તો જીવ જે શ્રોત્રાદિ સાધનભૂત ઇંદ્રિયોથી કર્મ કરે છે તે સાધનો કોનાથી થયાં ? જો કહો કે અનાદિ કાળથી અને સ્વભાવથી થાય છે તો અનાદિનું છૂટવું અસંભવ[1] છે. એથી તમારા મતમાં મુક્તિનો અભાવ થશે. જો કહો કે પ્રાગભાવની માફક અનાદિ સાન્ત છે તો યત્ન કર્યા સિવાય બધાના કર્મો નિવૃત્ત થવા જોઇએ[2]. જો કર્મનું ફળ આપનાર ઇશ્વર ન હોય તો પાપનું દુઃખરૂપ ફળ જીવાત્મા સ્વેચ્છાથી કદિ પણ ભોગવે નહિ. જેમ ચોર ચોરીનું દુઃખરૂપ ફળ પોતાની ઇચ્છાથી નથી ભોગવતો પણ રાજવ્યવસ્થાને આધીન થઈ ભોગવે છે અર્થાત્ પાપ પુણ્યનું ફળ જીવાત્માને ઇશ્વર આપે છે. જો એમ ન હોય તો કર્મનો સંકર થઇ જાય. બીજા કર્મો બીજાને ભોગવવા પડે.

નાસ્તિક—ઇશ્વર અક્રિય (ક્રિયા વગરનો) છે. કારણ કે જો ઇશ્વર કર્મ કરતો હોય તો કર્મના ફળ પણ તેને ભોગવવાં પડે, માટે જેમ અમે કેવલી (અર્થાત્ જેણે મુક્તિ પ્રાપ્ત કરી છે એવા જીવો) ને અક્રિય માનીએ છીએ તેમ તમે પણ માનો.

---

૧ અર્થાત્ અનાદિ ઇંદ્રિયો અને શરીરનો નાશ ન થવો જોઇએ.

૨ પ્રાગભાવની નિવૃત્તિ જેમ અયત્ન સિદ્ધ છે તેમ (અનુવાદક.)

આસ્તિક-ઇશ્વર અક્રિય નથી પણ સક્રિય છે, જ્યારે ઇશ્વર ચેતન છે તો પછી કર્ત્તા કેમ ન હોય ? અને જે કર્ત્તા હોય છે તે ક્રિયાશૂન્ય હોઇ શકતો નથી. જેમ તમે લોકો કૃત્રિમ " એટલે અમુક વખતે બનેલ તીર્થંકર કે જે અમુક વખતે સાધારણ જીવ હતો " તેને ઇશ્વર માનો છો એવા પ્રકારના ઇશ્વરને કોઇપણ વિદ્વાન્‌ગણ માનતો નથી, કારણ કે જો કોઇ પણ નિમિત્તથી બનેલો ઇશ્વર માનવામાં આવે તો અનિત્ય થઇ જાય છે, અને પરાધીન પણ થઈ જાય, કારણ કે ઇશ્વર થઇ ગયો તો પછી નિમિત્ત નષ્ટ થવાથી પાછો જીવ થઈ જશે. કારણ કે જીવ જીવત્વરૂપ સ્વભાવને કદિ પણ છોડી શકતો નથી. અનન્તકાળથી જીવ છે અને અનન્ત કાળ સુધી જીવ રહેશે, માટે અનાદિ સ્વતઃસિધ્ધ ઇશ્વર માનવો એજ યોગ્ય છે,

જુઓ ! જેમ જીવ વર્ત્તમાન સમયમાં પાપ પુણ્ય કરે છે અને સુખ દુઃખ ભોગવે છે, તેમ ઇશ્વર કદિ પણ કરતો નથી. જો ઇશ્વર ક્રિયાવાન્ ન હોય તો આ જગત્ કેવી રીતે બની શકે ? જો કર્મને પ્રાગભાવની પેઠે અનાદિ માનતા હો તે સમવાય સંબંધથી કદિ પણ રહી શકશે નહિ, અને જે સમવાય સંબંધથી નથી તે સંયોગજ હોઇ અનિત્ય હોય છે. જો તમે મુકિતમાં ક્રિયા જ ન માનતા હો તો એક પ્રશ્ન એ ઉભો થાય છે કે તમે મુકત જીવને જ્ઞાનવાળા માનો છો કે નહિ ? જો કહો કે જ્ઞાનવાળા માનીએ છીએ, તો અન્તઃક્રિયાવાળા થઇ મુકિતમાં જીવો પાષાણ જેવા જડ હોય છે ? કે જેથી એક ઠેકાણે પડયા રહી કશી પણ ક્રિયા નથી કરતા ? જો એ પ્રમાણે માનતા હો તો એ મુકિત શાની થઇ-એક જાતનો અંધકાર અને બંધન થઇ ગયું !

નાસ્તિક-ઇશ્વર વ્યાપક નથી, કારણ કે જો વ્યાપક હોય તો બધી વસ્તુ ચેતન થઇ જવી જોઇએ તથા જો ઇશ્વર વ્યાપક હોય તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોની ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ વ્યવસ્થા કેમ થઇ શકે ? કારણ કે સર્વમાં ઇશ્વર એક રસ છે, તો પછી લઘુતા અને મહત્તા ન હોવી જોઇએ.

આસ્તિક-વ્યાપક અને વ્યાપ્ય એક હોતા નથી, પણ વ્યાપ્ય એક દેશી હોય છે અને વ્યાપક સર્વ દેશી હોય છે. જેમ આકાશ વ્યાપક છે અને ભૂગોળ, ઘટ પટાદિ વ્યાપ્ય એટલે એક દેશમાં રહેનારા છે; તોપણ જેમ પૃથિવી આકાશ નથી તેમ જગત્ ઇશ્વર નથી. જેમ ઘટપટાદિ આકાશ હોવા છતાં ઘટ પટાદિ આકાશ નથી, તેમ જ પરમેશ્વરરૂપ ચેતન બધામાં હોવા છતાં બધું ચેતન થઇ શકતું નથી. જેમ વિદ્વાન્ અને અવિદ્વાન્ ધર્માત્મા અને અધર્માત્મા સરખા નથી, તેમ જડ ચેતન એક નથી. વિદ્યાદિ સદ્‌ગુણ, સત્ય ભાષણ, સત્કર્મ, સુશીલતા, સુસ્વભાવ આદિની ન્યૂનતા અને અધિકતા હોવાથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને અન્ત્યજ આદિ ન્હાના મ્હોટા માનવામાં આવે છે. એ વર્ણોની વ્યાખ્યા ચતુર્થ સમુલ્લાસમાં લખી આપી છે માટે ત્યાં જોઇ લેવી.

નાસ્તિક—જો ઇશ્વરની રચનાથી સૃષ્ટિ બનતી હોય તો માતાપિતાનું શું કામ ?

આસ્તિક—ઐશ્વરી સૃષ્ટિનો કર્ત્તા ઇશ્વર છે. જૈવી (જીવની) સૃષ્ટિનો કર્ત્તા ઇશ્વર નથી. જીવોના કર્ત્તવ્ય કર્મો છે એનો કર્ત્તા ઇશ્વર નથી, પણ જીવ જ છે. જેમ વૃક્ષ, ફળ, ઓષધી અને અન્નાદિ પદાર્થો ઇશ્વરે બનાવ્યા છે માટે તે ઐશ્વરી સૃષ્ટિ છે. અને મનુષ્ય તે અન્નાદિ પદાર્થોને લઇ દળે છે, ખાંડે છે, અને રોટલી આદિ પદાર્થો બનાવે છે અને પછી ખાય છે એ બધી જૈવી (જીવની) સૃષ્ટિ છે, જો દળવું, ખાંડવું, આદિ મનુષ્યો ન કરે તો શું તે કામો તેને બદલે ઇશ્વર કરી આપશે ? માટે જૈવી સૃષ્ટિ જીવ જ કરે છે; અને જો જૈવી સૃષ્ટિ જીવ ન કરે તો જીવનું જીવન કદિ પણ બની શકે નહિ. સૃષ્ટિની આદિમાં જીવના શરીરો અને શરીરના સાંચાદિ બનવા એ ઇશ્વર આધીન હતા અને પછી એનાથી પુત્ર આદિની ઉત્પત્તિ કરવી એ જીવનું કર્ત્તવ્ય હોય છે.

નાસ્તિક-જો પરમાત્મા શાસ્વત, અનાદિ, ચિદાનંદ સ્વરૂપ છે, તો પછી તેને જગત્‌ના પ્રપંચમાં અને સુખ દુઃખમાં પડવાની શી જરૂર પડી ? આનંદનો ત્યાગ કરી દુઃખનું ગ્રહણ કરવું એ કોઇ સાધારણ માણસ પણ નથી કરતો, પછી ઇશ્વરે શામાટે એમ કર્યું ?

આસ્તિક-પરમાત્મા કોઇ પણ પ્રપંચ અથવા દુઃખમાં પડતો નથી, તથા આનંદનો પણ ત્યાગ કરતો નથી. પ્રપંચ અને દુઃખમાં પડવું એ એક દેશીનું કામ છે, સર્વ-દેશીનું નહિ. પરમાત્મા કે જે અનાદિ, ચિદાનંદ, જ્ઞાનસ્વરૂપ છે તે જો જગત્ ન બનાવે તો બીજો કોણ બનાવી શકે ? જગત્ બનાવવાનું સામર્થ્ય જીવમાં નથી, તેમ જડમાં પણ સ્વયં બનવાની શકિત નથી. માટે પરમાત્મા જ જગત્‌ને બનાવે છે અને હમેશાં આનંદમાં રહે છે. જેમ પરમાત્મા પરમાણુઓથી સૃષ્ટિ બનાવે છે, તેમ નિમિત્તકારણભૂત માતા પિતા બાળકને જન્મ આપે છે. તે જન્મનો નિયમ પણ પરમાત્માએ જ ઘડયો છે.

નાસ્તિક- ઇશ્વર મુકિતરૂપ સુખને છોડી, સૃષ્ટિને બનાવવી, ધારણ કરવી અને પ્રલીન કરવી એ બધા બખેડામાં શા માટે પડયો ?

આસ્તિક-તમે માનેલા સાધનથી સિદ્ધ થયેલા તીર્થંકર જેવો એકદેશી અને બંધપૂર્વક મુકત થયેલો ઇશ્વર અમે માનતા નથી, અમે તો ઇશ્વરને સદામુકત અને સનાતન માનીએ છીએ; તેમજ અનન્ત ગુણ કર્મ અને સ્વભાવવાળો માનીએ છીએ. અતએવ સૃષ્ટિનું રચન કરે છે, ધારણ કરે છે અને પ્રલય કરે છે તો પણ બન્ધમાં આવતો નથી. કારણ બંધ અને મોક્ષ એ બે શબ્દો સાપેક્ષ છે. બન્ધ મુકિતની અપેક્ષા રાખે છે અને મુકિત બન્ધની અપેક્ષા રાખે છે. જે કદિ પણ બદ્ધ જ નથી, તો પછી તે મુકત કેવી રીતે થઇ શકે. જે એકદેશી જીવ છે તે જ સર્વદા બદ્ધ મુકત થયા કરે છે. અનન્ત સર્વદેશી, સર્વવ્યાપક ઇશ્વર તમારા તીર્થંકરની માફક નૈમિત્તિક મુકિતના ચક્રમાં પડતો નથી, માટે ઇશ્વર સદૈવ મુકત છે.

નાસ્તિક-જીવ કર્મોનું ફળ પોતાની મેળેજ ભોગવે છે. જેમ ભાંગ પીનારો ભાંગના નિસાને સ્વયમેવ ભોગવે છે તેમ જીવ કર્મોનું ફળ ભોગવે છે. ફળ આપવાને માટે કોઇ પ્રેરક ચેતનની જરૂર નથી, અતએવ ઇશ્વર માનવાની કોઇ પણ જરૂર નથી.

આસ્તિક-જેમ રાજાની આજ્ઞા સિવાય ચોર, લુંટારા તથા લંપટ માણુસો પોતાની મેળે ફાંસીએ તથા કેદખાનામાં જતા નથી તથા જવા ઇચ્છતા પણ નથી, કિન્તુ રાજ્યની ન્યાયવ્યવસ્થાનુસાર બલાત્કાર (ઇચ્છા ન હોય તોપણ) બદ્ધ થઇ તેમને દંડ ભોગવવો પડે છે, તેવીજ રીતે જીવને ઇશ્વરની ન્યાયવ્યવસ્થા પ્રમાણે પોતાના કર્માનુસાર દંડ ભોગવવો પડે છે. કોઇ પણ જીવ પોતાના દુષ્ટ કર્મોનું ફળ ભોગવવા ઇચ્છતો નથી માટે ન્યાય દાતા પરમાત્મા જરૂર હોવો જોઇએ.

નાસ્તિક-એક જ ઇશ્વર નથી કિન્તુ જેટલા મુક્ત જીવો છે તે બધા ઇશ્વિરો છે.

આસ્તિક-એ કહેવું કેવળ ખોટું છે, કારણ કે જે પ્રથમ બદ્ધ હોય અને પછી મુક્ત થાય છે તે પાછો અવસ્ય બદ્ધ થાય છે, કારણ કે તે સ્વભાવથી મુક્ત નથી. તમારા ચોવીસ તીર્થંકરો પ્રથમ બદ્ધ હતા અને પછી મુક્ત થયા તો પછી ફરીથી બદ્ધ જરૂર થશે. જો ઘણા ઇશ્વર હોય તો જેમ જીવ એક બીજા સાથે લડયા કરે છે તેમ ઇશ્વરો પણ કરશે !

નાસ્તિક-અરે મૂઢ ! જગત્‌નો કોઇ કર્ત્તા નથી જગત્ તો સ્વયંસિદ્ધ છે.

આસ્તિક-એ જૈનોની મ્હોટી ભૂલ છે. શું કર્ત્તા સિવાય કર્મ અને કમ સિવાય કોઇ પણ કાર્ય જગત્‌માં બનતું દેખાય છે ! એ તો એવી વાત છે કે જેમ કોઇ કહે કે ઘઉંના ખેતરમાં સ્વયં લોટ થઇ અને રોટલી બની જૈનોના પેટમાં ચાલી ગઇ ! કપાસ, સૂતર, વસ્ત્ર, અંગરખું, ઉપરણું, ધોતીયું, પાઘડી આદિ શું આપો આપ બની જાય છે ? જો કહો કે નહિ. તો ઇશ્વર સિવાય આ વિવિધ રચનામય જગત્ કેમ બની શકે ? જો કેવળ હઠ ધર્મનો આશ્રય લઇ જગત્‌ને સ્વયંસિદ્ધ માનતા હો તો ઉપરોક્ત વસ્ત્રાદિ કર્ત્તા સિવાય પ્રત્યક્ષ કરી બતાવો. જો એ પ્રમાણે કરવાને તમે અસમર્થ હો તો તમારૂં પ્રમાણશૂન્ય વચન કયો બુદ્ધિમાન્ પુરૂષ માન્ય કરશે.

નાસ્તિક— ઇશ્વર વિરક્ત છે કે મોહિત ? જો વિરક્ત છે તો જગત્‌ના પ્રપંચમાં શામાટે પડે છે ? જો મોહીત હોય, તો તે કદિપણ જગત્ બનાવવાને સમર્થ હોઇ શકે નહિ.

આસ્તિક—પરમાત્મામાં વૈરાગ્ય અથવા મોહ કદિપણ હોઇ શકતો નથી; કારણ કે જે સર્વવ્યાપક છે તે કોને છોડે અને કોને ગ્રહણ કરે ? ઇશ્વરથી કોઇ ઉત્તમ પદાર્થ નથી, તથા ઇશ્વિરને કોઇપણ અપ્રાપ્ય પદાર્થ નથી, માટે ઇશ્વરમાં મોહ અથવા વૈરાગ્ય ઘટી શકતો જ નથી, મોહ અને વૈરાગ્ય તો જીવમાં જ ઘટી શકે છે.

નાસ્તિક— જો ઇશ્વર જગતૂનો કર્તા અને ફળોનો આપનાર હોય, તો પ્રપંચી થઇ દુઃખી થઇ જાય.

આસ્તિક—અનેકવિધ કર્મનો કર્તા, પ્રાણીઓનાં ફળોને આપનાર, ધાર્મિક અને વિદ્વાન્ ન્યાયાધીશ જ્યારે કર્મોમાં નથી ફસાતો તો પછી અનંત સામર્થ્યવાન્ પરમાત્મા પ્રપંચી થઈ દુઃખી કેમ થઇ શકે ? તમે જે તમારા પોતા જેવો તથા તમારા તીર્થંકર જેવો ઇશ્વરને કલ્પો છો એ તમારી અવિદ્યાનો નમુનો છે. જો તમે અવિદ્યા આદિ દોષોથી છૂટવા માગતા હો તો વેદાદિ સત્યશાસ્ત્રોનો આશ્રય લ્યો; શામાટે ભ્રમમાં પડ્યા પડ્યા ઠોકરો ખાઓ છો ?

હવે જૈન લોકો જગતૂને જે રીતે માને છે, તે રીતે સૂત્રાનુસાર સંક્ષેપથી બતાવી સૂત્રોનો અર્થ પણ સંક્ષેપથી કરી, સાચી અને ખોટાની સમીક્ષા કરી બતાવવામાં આવે છેઃ—

मूल—सामिअणाई अणन्ते च नूगइ संसार घोरकान्तरे ।
मोहाई कम्मगुरु ठिइ विवाग वसनुभमइजीव रो ।
प्रकरणरत्नाकर भाग दूसरा २ । षष्ठीशतक ६० । सूत्र २ ॥

આ રત્નસારભાગ નામક ગ્રન્થના સમ્યક્ત્વપ્રકાશ પ્રકરણમાં ગૌતમ અને મહાવીરનો સંવાદ છે.

એનો સંક્ષિપ્ત ઉપયોગી અર્થ આ પ્રમાણે છેઃ—

આ સંસાર અનાદિ અનન્ત છે; આ સંસારની કદિપણ ઉત્પત્તિ થઇ નથી, અને કદિપણ વિનાશ થવાનો નથી, અર્થાત્ કોઇએ જગત્ બનાવ્યું નથી. એ પ્રમાણે આસ્તિક અને નાસ્તિકના સંવાદમાં લખ્યું છે કે હે મૂઢ ! જગત્ કર્તા કોઇ નથી, જગત્‌ની કદિપણ ઉત્પત્તિ થતી નથી, તેમ કદિપણ નાશ થતો નથી.

સમીક્ષક— જે સંયોગથી ઉત્પન્ન થાય છે, તે અનાદિ અને અનંત થઇ શકે નહિ, અને કર્મ ઉત્પત્તિવાળું અને વિનાશવાળું જ હોય છે. સંસારમાં જેટલા પદાર્થો ઉત્પન્ન થયેલા છે, તે બધા સંયોગજ અને ઉત્પત્તિ વિનાશવાળા જોવામાં આવે છે, તો પછી સંયોગજ જગત્ ઉત્પત્તિવાળું અને નાશવાળું કેમ નહિ ? માટે જણાય છે કે તમારા તીર્થંકરોને સમ્યક્ બોધ ન હતો. જો હોત તો એવી અસંભવિત વાતો લખત નહિ. જેવા તમારા ગુરૂઓ હોય તેવા તમે શિષ્યો છો. તમારી વાત સાંભળનારને પદાર્થજ્ઞાન કદિપણ થઇ શકતું નથી. પ્રત્યક્ષ સંયુક્ત પદાર્થ દેખાય છે, છતાં તેને ઉત્પત્તિવાળો અને વિનાશવાળો ન માનવો એ એક મહાશ્ચર્ય છે, અર્થાત્ એ લોકોને ભૂગોળનું અને ખગોળનું

જ્ઞાન ન હતું. હાલમાં પણ એ લોકોને એ વિદ્યાનું ભાન નથી. જો હોત તો નીચે લખેલી અસંભવિત વાતો માનત નહિ.

જુઓ! " આ સૃષ્ટિમાં પૃથિવીકાય અર્થાત્ પૃથિવી પણ જીવનું શરીર છે તથા જલકાયાદિ જીવોને પણ માને છે. " એ વાતને કોઇપણ માની શકતો નથી. વળી જુઓ એ લોકોની મિથ્યા વાતો! જેને જૈન લોકો સમ્યક્જ્ઞાની અને પરમેશ્વર માને છે, એ લોકોની મિથ્યા વાતોના આ બધા નમૂના છે. " રત્નસારભાગ " (જે ગ્રન્થને જૈન લોકો માને છે. આ ગ્રન્થ ઇ૦ સ૦ ૧૮૭૯ એપ્રીલ તા. ૨૮ મીએ બનારસ જૈન પ્રભાકર નામના પ્રેસમાં નાનકચંદ યતિએ છપાવી પ્રસિદ્ધ કર્યો છે) ના ૧૪૫ પૃષ્ઠમાં કાળની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે–" સમયનું નામ સૂક્ષ્મકાળ છે, અસંખ્યાત સમયોને "આવલી" કહે છે. ૧૬૭૭૦૨૧૬ એક ક્રોડ સડસઠલાખ સીત્તેર હજાર બસો સોળ આવલિઓનું એક મુહૂર્ત્ત થાય છે; ત્રીસ મુહૂર્ત્તનો એક દિવસ થાય છે, પંદર દિવસનું એક પક્ષ (પખવાડીયું) થાય છે. એ પક્ષનો એક માસ, બાર માસનું એક વરસ, સીત્તેરલાખ છપ્પન હજાર ક્રોડ વરસોનો એક પૂર્વ થાય છે, અને અસંખ્યાત પૂર્વોનો એક " પલ્યોપમ " થાય છે. અસંખ્યાતની વ્યાખ્યા " એક ચાર ગાઉ સમચોરસ અને તેટલો જ ઉંડો કુવો ખોદવો એમાં યુગલિયા મનુષ્યો કે જેના વાળ હાલના માણસના વાળ કરતાં ૪૦૯૬ ચાર હજાર અને છન્નુમાં ભાગ જેટલા સૂક્ષ્મ હોય છે અર્થાત્ યુગલિયાના શરીરના ૪૦૯૬ ચાર હજાર અને છન્નુ, વાળ એકઠા કરીએ ત્યારે હાલના મનુષ્યોના શરીરનો એક વાળ થઇ શકે છે. એવા યુગલિયા મનુષ્યનો એક વાળ લઇ તેના એક આંગળ (ઇંચ) જેટલા કકડા કરવા પછી તેના સાત આઠ આઠ કકડા કરવાથી ૨૦૯૭૧૫૨ વીસ લાખ સતાણુ હજાર એકસો બાવન કકડા થાય છે એવા કકડાઓથી ઉપર કહેલો કુવો ભરવો પછી સો સો વરસને અંતરે એક એક કકડો કાઢવો એ પ્રમાણે જ્યારે એ કુવો ખાલી થઇ જાય ત્યારે સંખ્યાત કાળ થાય છે! પછી એ એક એક કકડાના અસંખ્યાત કકડા કરી તેનાથી એજ કુવાને એવી રીતે ઠસોઠસ ભરવો કે તેના ઉપર એક ચક્રવર્ત્તી રાજાની સેના ચાલી જાય તોપણ દબાય નહિ, પછી એ કકડાઓમાંથી સો સો વરસને અંતરે એક એક કકડો કાઢવો, જ્યારે તે કુવો ખાલી થઇ જાય ત્યારે અસંખ્યાત પૂર્વો થાય છે, એ અસંખ્યાત પૂર્વોનો એક " પલ્યોપમ " કહેવાય છે.

એ " પલ્યોપમ " કાલ કુવાના દૃષ્ટાંતથી સમજવો, જ્યારે દશ કોટિ ગુણિત દશ કોટી " પલ્યોપમ " વીતી જાય છે ત્યારે એક " ઉત્સર્પિણી " કાળ થાય છે, જ્યારે એક ઉત્સર્પિણી કાળ અને અવસર્પિણી કાળ વીતી જાય છે, ત્યારે એક " કાલચક્ર " થાય છે અને જ્યારે અનેક કાલચક્ર વીતી જાય છે ત્યારે એક " પુદ્ગલ પરાવૃત્ત " થાય છે. સિદ્ધાન્ત

ગ્રન્થમાં જે નવ દૃષ્ટાંતોથી કાળની સંખ્યા બતાવી છે તેના કરતાં વધારે અનન્ત કાળ કહેવાય છે. એવા " અનન્ત પુદ્‌ગલ પરાવૃત્ત કાળ " જીવને ભમતા ભમતા થયા છે ઇત્યાદિ. "

ગણિતને જાણનારા ભાઇઓ ! સાંભળો, જૈનોના ગ્રન્થોમાં બતાવેલી કાળ સંખ્યા તમે કરી શકશો કે નહિ ? અને એ કાળ સંખ્યાને તમે સાચી માનશો કે નહિ ? જુઓ, એ લોકોના તીર્થંકરો એવી ગણિત વિદ્યા શીખ્યા હતા. એવા એવા ગુરૂ અને શિષ્યો એ લોકોના મતમાં છે કે જેની અવિદ્યાનો કોઈ પારાવાર (આદિ અને અન્ત) જ નથી.

એ લોકોનો અવિદ્યાન્ધકાર વળી વધારે સાંભળો. " રત્નસારભાગ " પૃષ્ઠ ૧૩૩ થી લઇ થોડા ઘણા " બૂટા બોલ " અર્થાત્ જૈનોના ઋષભદેવથી લઇ મહાવીર પર્યન્ત તીર્થંકરોના વચનોનો સાર સંગ્રહ છે. રત્નસાર ભાગ પૃ૦ ૧૪૮ માં આ પ્રમાણે લખ્યું છે કે પૃથિવી કાયના જીવો, માટી અને પાષાણાદિ પૃથિવીના ભેદો છે એમ જાણવું. એમાં રહેનાર જીવોના શરીરોનું પરિમાણ, એક આંગળના અસંખ્યાતમા ભાગ જેવડું છે એમ સમજવું, અર્થાત્ અતીવ સૂક્ષ્મ છે. એ જીવોનું આયુમાન વધારેમાં વધારે ૨૨૦૦૦ બાવીશ હજાર વરસ સુધી છે, અર્થાત્ વધારેમાં વધારે તેટલો સમય એ જીવો જીવી શકે છે.

રત્નસાર ભાગ પૃષ્ઠ ૧૪૯:—

એક વનસ્પતિ શરીરમાં અનેક જીવ રહે છે. તે સાધારણ વનસ્પતિ કહેવાય છે કે જે કંદમૂળ આદિ છે અને અનન્તકાય પ્રમુખ (અનન્તકાય જીવવાળી વનસ્પતિ) છે, એ જીવોનું આયુમાન અન્તર્મુહૂર્ત્ત હોય છે. " આ ઠેકાણે એ લોકોનું ઉપર બતાવેલું મુહૂર્ત્ત લેવું.

જે શરીરમાં એકેન્દ્રિય એટલે કેવળ સ્પર્શ–ઇન્દ્રિયવાળો જીવ રહે છે તેને વનસ્પતિ કહે છે, એનું દેહમાન એક ૧૦૦૦ હજાર યોજન છે. પૌરાણિક લોકો ચાર ગાઉને યોજન કહે છે, પરંતુ જૈનોનું યોજન ૧૦૦૦૦ દશ હજાર ગાઉનું થાય છે. એવાં ચાર હજાર ગાઉ જેવડું શરીર થાય છે. એનું આયુમાન વધારેમાં વધારે ૧૦૦૦૦ દશ હજાર વરસનું હોય છે.

બે ઇન્દ્રિયવાળા જીવનું શરીર– જેવાં કે શંખ કોડી અને જુ આદિ છે, એનું દેહમાન વધારેમાં વધારે અડતાળીશ ગાઉ જેવડું હોય છે, અને આયુમાન વધારેમાં વધારે બાર વરસનું હોય છે. આ ઠેકાણે બહુ ભૂલ ખાધી; કારણ કે એવડા મ્હોટા શરીરનું આયુષ્ વધારે લખવું જોઇતું હતું. અડતાળીશ ગાઉની લાંબી જૂ જૈનોના શરીરમાં પડતી હશે અને એ જૂ એ લોકોએજ જોઇ હશે, બીજાનું તો એવું ભાગ્ય કયાંથી જ હોય કે જે એવડી મોટી જૂ જુએ ! !

રત્નસારભાગ પૃષ્ઠ ૧૫૦ માં વળી જુઓ એ લોકોની અંધાધુંધ ! વીંછી, બગા, કસારી અને માખી એક યોજન જેવડાં લાંબા શરીરવાળા હોય છે. એનું આયુમાન વધારેમાં વધારે ૬ છ માસનું હોય છે. જુઓ ભાઇઓ ! ચાર ગાઉનો એટલે આઠ મૈલનો વીંછી અને માખી પણ તેવડી, તમે તો કદિ નહિ જોયાં હોય પણ જૈનના મત પ્રમાણે થાય છે ! એવાં વીંછી અને માખી આદિ જૈનોના ઘરમાં જ રહેતાં હશે અને એ લોકોએ જ જોયાં હશે સંસારમાં બીજા કોઇએ નહિ જોયા હોય. કદાચિત્ એવડો મોટો વીંછી જૈનને કરડતો હશે ત્યારે એનું શું થતું હશે !

જળચર માછલી આદિ પ્રાણીના શરીરનું માન એક હજાર યોજન અર્થાત્ ૧૦૦૦૦ હજાર ગાઉનું એક યોજનને હિસાબે ૧૦૦૦૦૦૦૦ ગાઉનું અને આયુમાન એ ક્રોડ ગાઉનું થાય છે, અને એક ક્રોડ પૂર્વવર્ષોનું એનું આયુમાન હોય છે. એવું સ્થૂલ જલચર પ્રાણી જૈનો સિવાય બીજા કોઇએ નહિ જોયું હોય !

ચતુષ્પાદ હાથી આદિના દેહનું માન બે ગાઉથી નવ ગાઉ જેટલું હોય છે. અને એનું આયુમાન ચોરાશી હજાર વરસનું હોય છે. એવા મોટા શરીરવાળા જીવો જૈનોએ જ જોયા હશે, તેથી માનતા હશે. બીજો કોણ બુદ્ધિમાન્ જોઇ શકે અને માની શકે ?

રત્નસારભાગ પૃષ્ઠ ૧૫૧ માં જુઓ. જળચરમાં જે ગર્ભજ જીવો છે તેનું ઉત્કૃષ્ટ દેહમાન એક હજાર યોજનનું એટલે ૧૦૦૦૦૦૦૦ એક ક્રોડ પૂર્વવર્ષોનું હોય છે એવડા મોટા શરીર અને આયુષવાળા જીવોને એનાજ આચાર્યોએ સ્વપ્નમાં જોયા હશે. શું એ બધી તદ્દન ખોટી વાત નથી ? કે જેનો કદિ પણ સંભવ હોઇ શકે નહિ !

હવે ભૂમિનું પરિમાણ સાંભળો.

રત્નસારભાગ પૃ. ૧૫૨ " આ વાંકા ચુંકા લોકમાં અસંખ્યાત દ્વીપ અને અસંખ્યાત સમુદ્રો છે. એ અસંખ્યાતનું પ્રમાણ અઢી સાગરોપમ કાળમાં જેટલો સમય થાય છે, એટલા દ્વીપ અને સમુદ્ર આ લોકમાં સમજવા. હવે આ પૃથિવીમાં " જંબૂદ્વીપ " બધાં દ્વીપોની વચમાં છે એનું પ્રમાણ એક લાખ યોજન છે, અર્થાત્ એક અબજ ગાઉનું છે. અને એને ચારે તરફ ફરતા લવણ સમુદ્રો છે. એનું પ્રમાણ બે લાખ યોજનનું એટલે બે અબજ ગાઉનું છે. આ જંબૂદ્વીપને ચારે તરફ " ધાતકી ખંડ " નામનો દ્વીપ છે, એનું પ્રમાણ ચાર લાખ યોજનનું એટલે ચાર અબજ ગાઉનું છે. અને એની પછી " કાલોદધિ " સમુદ્ર છે એનું પ્રમાણ આઠ લાખનું અર્થાત્ આઠ અબજ ગાઉનું છે. તેની પછી " પુષ્કરાવર્ત્ત " દ્વીપ છે તેનું પ્રમાણ સોળ ગાઉનું છે. એ દ્વીપ અંદર અર્ધામાં ખાલી છે અને અર્ધામાં માણસો રહે છે; એ સિવાય બીજા અસંખ્યાત દ્વીપ અને સમુદ્રો છે. એમાં તિર્યગ્ યોનિના જીવો રહે છે "

રત્નસારભાગ. પૃષ્ટ ૧૫૩ " જંબૂદ્વીપમાં એક હિમવન્ત, એક ઐરંડવન્ત, એક હરિ વર્ષ, એક રમ્યક, એક દેવકુરૂ અને એક ઉત્તરકુરૂ એ છ ક્ષેત્રો છે. "

સમીક્ષક-ભૂગોળ વિદ્યાના જાણનાર ભાઇઓ સાંભળો ! ભૂગોળનું પરિમાણ કરતાં તમે ભૂલ્યા કે જૈન ! જો જૈન ભૂલી ગયા હોય તો તેમને તમે સમજાવો ! અને જો તમે ભૂલ્યા હો તો તેઓની પાસેથી સમજી લ્યો. જરા વિચાર કરીને જોશો તો એજ નિશ્ચય થશે કે જૈન આચાર્યોએ તથા તેના શિષ્યોએ જરા પણ ભૂગોળ, ખગોળ અને ગણિતવિદ્યાનો અભ્યાસ કર્યો ન હતો. જો કર્યો હોત તો અતિ અસંભવિત વાતો લખત નહિ. એવા લોકો જગતને અકર્તૃક અને ઇશ્વરનો અભાવ માને એમાં શી નવાઇ ! એ લોકોના પુસ્તકોમાં અસંભવિત વાતો હોવાથી જ પોતાના ગ્રન્થો જૈનેતર વિદ્વાનોને તથા બીજા મતવાળાઓને વાંચવા આપતા નથી. કારણ કે જેઓને એ લોકો તીર્થંકર વિરચિત સિદ્ધાન્ત ગ્રન્થો માને છે, એમાં એવા પ્રકારની જ અવિદ્યા-

યુકત વાતો ભરી છે. એ ગ્રન્થો જો બીજા વિદ્વાન્ વાંચે તો જલદી પોલ ખુલી જાય! માટે બીજાઓને પોતાના ગ્રન્થો વાંચવા આપતા નથી! જૈનો સિવાય બીજા કોઇ પણ મનુષ્ય કે જે જરા પણ બુદ્ધિ રાખતા હશે, તે કદિ પણ એ ગપોડાધ્યાયને સાચા માની શકશે નહિ.

એ બધો પ્રપંચ જૈનોએ જગત્‌ને અનાદિ માનવા માટે ઉભો કર્યો છે, પણ એ તદ્દન અસત્ય છે! જગતનું કારણ અનાદિ છે કારણ તે પરમાણુસ્વરૂપ હોવાથી અકર્તૃક છે, પરંતુ એમાં નિયમ પૂર્વક બગડવાનું અને સુધરવાનું સામર્થ્ય નથી, કારણ કે પરમાણુ એક પૃથક્ દ્રવ્ય છે અને જડ છે; માટે તે આપોઆપ બનવામાં સમર્થ નથી. માટે તેને કાર્યરૂપમાં લાવવાને જરૂર કોઇ ચેતન હોવો જોઇએ અને તેનો બનાવનાર જ્ઞાની હોવો જોઇએ. સૂર્યાદિ સર્વ ગોળાઓ નિયમમાં રાખવા એ અનાદિ અનન્ત ચેતન સ્વરૂપ પરમાત્માનું કામ છે, જેની અંદર સંયોગ તથા રચના વિશેષ જોવામાં આવે છે તે સ્થૂલ જગત્ કદિ પણ અનાદિ હોઇ શકે નહિ. જો કાર્ય કારણ રૂપ થઇ જાય, જો એ પ્રમાણે તમે માનતા હો તો પોતાનું કાર્ય અને કારણ પોતેજ હોવાથી અન્યોન્યાશ્રય અને આત્માશ્રય દોષ આવશે. જેમ પોતાના ખભા ઉપર પોતે ચઢી શકતો નથી તથા જેમ પુત્ર પોતેજ પોતાનો પિતા થઈ શકતો નથી તેમ જગત્ પોતેજ જગત્‌નો કર્તા ન હોવો જોઇએ. માટે જગત્ કર્તા જગત્‌થી ભિન્ન જ કોઈ માનવો જોઇએ.

પ્રશ્ન—જો તમે જગત્‌નો કર્તા ઇશ્વિર માનતા હો તો ઇશ્વરકર્તા કોણ છે?

ઉત્તર—કર્તાનો કર્તા અને કારણનું કારણ હોઇ શકે નહિ. જેમાં સંયોગ વિયોગ નથી તેજ પ્રથમ સંયોગનું કારણ હોય છે. એનો કર્તા અથવા કારણ કોઈ પણ હોઈ શકે નહિ. આની વિશેષ વ્યાખ્યા આઠમા સમુલ્લાસમાં સૃષ્ટિ-પ્રકરણમાં લખી છે, માટે ત્યાં જોઈ લેવું.

જૈન લોકોને જ્યારે સ્થૂલ સૃષ્ટિનું બરાબર ભાન નથી તો પરમ સૂક્ષ્મ સૃષ્ટિનું ભાન તો કયાંથી જ હોય. માટે જૈન લોકો જે સૃષ્ટિને અનાદિ અને અનંત માને છે તે, તથા દ્રવ્યપર્યાયોને પણ અનાદિ માને છે તે, તથા પ્રતિ ગુણ અને પ્રતિ પર્યાયો અને પ્રતિ વસ્તુમાં પણ અનંત પર્યાયો માને છે તે બધું પ્રકરણ રત્નાકરના પ્રથમ ભાગમાં લખ્યું છે. એ વાત પણ ઘટી શકતી નથી, કારણ કે જેનો અંત અર્થાત્ મર્યાદા હોય છે તેના બધા સંબંધી મર્યાદાવાળા હોય છે. જો એ લોકો અનંતને અસંખ્ય કહે તો પણ ઘટી શકતું નથી. અસંખ્ય અને અનન્તાદિ, જીવની અપેક્ષાએ ઘટી શકે છે; પરમેશ્વરની અપેક્ષાએ નહિ. એક એક દ્રવ્યમાં પોત પોતાના એક એક કાર્યકારણ સામર્થ્યને અવિભકત પર્યાયોદ્વારા અનંત સામર્થ્ય માનવું એ કેવળ અવિદ્યાની વાત છે. જ્યારે એક પરમાણુ રૂપ દ્રવ્યની સીમા છે તો પછી એમાં અનંત વિભાગરૂપ પર્યાયો કેવી રીતે રહી શકે! તેવીજ રીતે એક એક દ્રવ્યમાં અનંત ગુણ અને એક એક ગુણ પ્રદેશમાં અવિભાગ રૂપ અનંત પર્યાયોને પણ અનંત માનવા એ કેવળ બાલકપણું સૂચવે છે, કારણ કે જ્યારે અધિકરણનો અન્ત છે તો પછી એમાં રહેનાર આધેયોનો અન્ત કેમ નહિ! એ પ્રમાણે લાંબી પહોળી વાતો લખી રાખી છે.

હવે જીવ અને અજીવ એ બે પદાર્થો વિષે જૈનોનો નિશ્ચય આ પ્રમાણે છેઃ—

चेतनालक्षणो जीवः स्यादजीवस्तदन्यकः ।
सत्कर्मपुद्गलाः पुण्यं पापं तस्य विपर्ययः ॥

આ જિનદત્તસૂરિનું વચન છે; અને આ જ પ્રકરણરત્નાકર ભાગ પહેલામાં નયચક્ર-સારમાં લખ્યું છે કે ચેતનાલક્ષણ જીવ અને ચેતના રહિત અજીવ એટલે જડ છે. સત્કર્મરૂપ પુદ્‌ગલ પુણ્ય અને પાપકર્મરૂપ પુદ્‌ગલ પાપ કહેવાય છે.

સમીક્ષક—જીવ અને જડનું લક્ષણ તો ઠીક છે, પરન્તુ જે જડરૂપ પુદ્‌ગલો છે તે કદિપણ પાપપુણ્યયુક્ત થતા નથી; કારણ કે પાપ અને પુણ્ય કરવાનો સ્વભાવ ચેતનમાં હોય છે. જેટલા જડ પદાર્થો છે, તે બધા પાપ અને પુણ્યથી રહિત હોય છે.

જીવને જે અનાદિ માનો છો તે યોગ્ય છે. પરન્તુ એજ જીવ " કે જે અલ્પ અને અલ્પજ્ઞ છે " તેને મુક્તિદશામાં સર્વજ્ઞ માનવો એ અયોગ્ય છે-કારણ કે જે અલ્પ અને અલ્પજ્ઞ છે તેનું સામર્થ્ય સર્વદા સસીમ હોય છે.

જૈન લોકો જગત્ જીવ અને જીવના કર્મબન્ધનોને અનાદિ માને છે, અહિંઆ પણ જૈનોના તીર્થંકરોએ ભૂલ ખાધી છે; કારણ કે સંયુક્ત (જોડાયલું) જગત્ તથા જગત્‌નાં કાર્યો અને જીવનાં કર્મબન્ધો અનાદિ થઇ શકતા નથી. (કાર્ય જગત્ પ્રવાહરૂપથી અનાદિ છે) જો કર્મોના બંધોને અનાદિ માનતા હો તો તે બન્ધનોનું છૂટવું શામાટે માનો છો ? કારણ કે અનાદિબદ્ધ પદાર્થો કદિપણ છૂટી શકતા નથી. જો અનાદિ પદાર્થોનો પણ નાશ માનશો તો તમારા સર્વ અનાદિ પદાર્થોને નાશનો પ્રસંગ આવશે, અને જો અનાદિને અવિનાશી માનશો તો કર્મબન્ધનો પણ અવિનાશી થશે. તમે સર્વ કર્મો છૂટવાથી મુક્તિ માનો છો મુક્તિ થવામાં સર્વ કર્મોનું છૂટવું એ નિમિત્ત પડે છે. નિમિત્તથી થયલી મુક્તિ નૈમિત્તિક મુક્તિ કહેવાય છે અને નૈમિત્તિક મુક્તિ નિત્ય હોઇ શકતી નથી. બીજું એ છે કે કર્મ અને કર્મકર્ત્તાને નિત્ય સંબંધ હોવાથી કર્મો કદિપણ છૂટી શકતાં નથી અતએવ તમે તીર્થંકર અને તીર્થંકરેતર જીવોની જે નિત્ય મુક્તિ માની છે તે બનવી અશકય છે.

(**પ્રશ્ન**) જેમ છોતરાંથી રહિત થયેલા અથવા અગ્નિ સંબદ્ધ થયેલાં ધાન્યો ઉગી શકતા નથી, તેમ મુક્તિમાં ગયેલો જીવ પાછો આવતો નથી. અને જન્મ તથા મરણના બંધનમાં પાછો પડતો નથી.

(**ઉત્તર**) જીવ અને કર્મોનો જે સંબંધ છે તે છોતરાં અને ધાન્યના જેવો નથી, કિન્તુ કર્મ ને જીવનો સમવાય સંબંધ છે. માટે જીવમાં કર્મોનો અને કર્તૃત્વ શક્તિનો અનાદિ કાળથી સંબંધ છે. જો તમે જીવમાં કર્મ કરવાની શક્તિનો પણ નાશ માનશો, તો જીવ પાષાણ જેવો

થઈ જશે, અને મુકિત ભોગવવાનું સામર્થ્ય પણ તેમાં નહિ રહે. અનાદિ કાળના કર્મ બંધનથી છૂટી જીવ જેમ મુકિતમાં જાય છે, તેવીજ રીતે તમારી નિત્ય મુકિતથી પણ છૂટી તે બન્ધનમાં પડશે. જે પદાર્થ સાધનોથી બને છે, તે કદિપણ નિત્ય હોઈ શકતો નથી, અને જો સાધન સિવાય મુકિત થાય છે એમ માનતા હો તો જેમ સાધન સિવાય મુકિત થાય છે તેમ કર્મ સિવાય બંધ પણ માનો. જેમ વસ્ત્રમાં લાગેલો મેલ ધોવાથી દૂર થાય છે અને ફરીથી વસ્ત્રને મેલ ચડી જાય છે તેમ મિથ્યાત્વાદિ હેતુઓથી ઉત્પન્ન થયેલા રાગાદિ દોષોને લઇ જીવ કર્મ કરે છે અને તેનાં ફળોને ભોગવે છે, તથા સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યથી નિર્મળ થાય છે. જેમ તમે કારણથી કર્મ લાગવાં માનો છો તેમ કારણથી જ મુક્તજીવ સંસારી અને કારણથી જ સંસારી જીવ મુકત થાય છે એમ જરૂર માનવું પડશે, કારણ કે જેમ નિમિત્તથી મલિનતા છૂટે છે અને નિમિત્તથી જ તે લાગે છે, માટે જીવને બંધ અને મુકિત પ્રવાહ રૂપથી અનાદિ માનો, અનાદિ અનન્તતાથી નહિ (અર્થાત્ જેનો કદિ પણ આદિ નથી અને અન્ત પણ નથી એવી નહિ.)

(**પ્રશ્ન**) જીવ કદિપણ નિર્મળ હતો નહિ કિન્તુ મળ (કર્મ) સહિત જ હતો.

(**ઉત્તર**) જો કદિપણ નિર્મળ ન હતો તો કદિ પણ નિર્મળ ન થવો જોઇએ, જેમ શુદ્ધ વસ્ત્રમાં પછીથી લાગેલો મેલ ધોવાથી દૂર થાય છે પરંતુ તેનો સ્વાભાવિક શ્વેતવર્ણ દૂર થતો નથી અને મેલ ફરીથી પણ વસ્ત્રને લાગી જાય છે. તે પ્રમાણે મુકિતમાં પણ જીવને કર્મરૂપ મેલ લાગી જશે.

(**પ્રશ્ન**) જીવ પોતેજ પૂર્વોપાર્જિત કર્મોથી શરીર ધારણ કરી લે છે–ઇશ્વરને માનવો વ્યર્થ છે.

(**ઉત્તર**) જો કેવળ કર્મ જ શરીર ધારણ કરવામાં નિમિત્ત હોય અને ઇશ્વર નિમિત્ત ન હોય તો, જીવ ખરાબ જન્મ (જેમાં ઘણું દુ:ખ હોય એવા) ને કદિપણ ધારણ કરે નહિ. (જન્મ એટલે બીજું શરીર) અને ઉત્તમ જન્મને જ ધારણ કર્યા કરવો જોઇએ. જો એમ કહો કે કર્મ પ્રતિબંધક છે (અર્થાત્ સારો જન્મ પ્રાપ્ત કરવામાં કૂકર્મ વિઘ્નરૂપ છે) તો પણ જેમ ચોર આપોઆપ કેદખાનામાં જતો નથી તથા આપોઆપ ફાંસીએ પણ જતો નથી અતએવ ફાંસી તથા કેદખાનું રાજાના હુકમથી જ મળે છે. એજ પ્રમાણે જીવને શરીર આપવાને કર્મનું ફળ આપવાને ઇશ્વર છે એમ પણ તમે માનો.

(**પ્રશ્ન**) મદ્ય (નિસા) ની માફક કર્મ આપોઆપ ફળ આપે છે. ફળ આપવાને માટે બીજાની જરૂર નથી.

(**ઉત્તર**) જો એમ હોય તો, જેમ મદ્યપાન કરવાની જેને ટેવ પડી છે તેને મદ્ય ઓછો ચડે છે અને જેને મદ્ય પીવાની ટેવ નથી તેને વધારે ચડે છે. તે જ માફક જે વધારે પાપ પુણ્ય કરે છે (એટલે કે જેને પાપ પુણ્ય કરવાની ટેવ પડી છે) તેને ઓછું ફળ મળવું જોઇએ અને જેને પાપ પુણ્ય કરવાની ટેવ નથી પડી અર્થાત્ જે કદિ કદિ પાપ પુણ્ય કરે છે તેને વધારે ફળ મળવું જોઇએ અને ન્હાનું કર્મ કરનારને અધિક ફળ મળવું જોઇએ.

(**પ્રશ્ન**) જેનો જેવો સ્વભાવ હોય છે તેને તેવુંજ ફળ મળ્યા કરે છે.

(**ઉત્તર**) જો સ્વભાવથી જ ફળ હોય તો તેનું છુટવું અથવા મળવું થઇ શકે નહિ, જેમ શુદ્ધ વસ્ત્રમાં નિમિત્તથી જ મેલ લાગે છે અને નિમિત્તથીજ મેલ છૂટે છે, તેમ જીવને પણ નિમિત્તથી જ ફળ લાગે છે અને નિમિત્તથી જ છૂટે છે, એમ માનવું ઠીક છે.

(**પ્રશ્ન**) સંયોગ સિવાય કર્મનો પરિણામ થતો નથી–દૂધ અને ખટાઇના સંયોગથીજ દહીં બને છે તેજ પ્રમાણે જીવ અને કર્મના સંબંધથી કર્મનું પરિણામ (એટલે ફળ) થાય છે.

(**ઉત્તર**) જેમ દૂધ અને ખટાઇને મેળવનાર કોઇ બીજો જ પુરૂષ હોય છે, તેમ જીવને કર્મના ફળ સાથે જોડનાર તેનાથી ભિન્ન એક ઇશ્વર હોવો જોઇએ; કારણ કે જડ પદાર્થો આપોઆપ નિયમ પૂર્વક મળી શકતા નથી, અને જીવ પણ અલ્પજ્ઞ હોવાથી પોતાના કર્મનું ફળ પોતે પ્રાપ્ત કરી શકતો નથી. એથી એ સિદ્ધ થાય છે કે જો ઈશ્વરે સૃષ્ટિક્રમ સ્થાપ્યો ન હોત તો કદિ પણ કર્મના ફળની વ્યવસ્થા બરાબર થઇ શકત નહિ.

(**પ્રશ્ન**) જે કર્મથી છૂટી જાય છે તેજ ઇશ્વર કહેવાય છે.

(**ઉતર**) જ્યારે જીવ કર્મોની સાથે અનાદિ કાળથી જોડાયલો છે તો પછી તે કર્મોથી સર્વથા મુકત થવો અસંભવિત છે.

(**પ્રશ્ન**) કર્મોનો બંધ સાદિ છે.

(**ઉતર**) જો કર્મોનું બંધન સાદિ હોય તો અનાદિ બની શકે નહિ, અને બીજું એ છે કે જ્યારે સંયોગ નહિ બન્યો હોય ત્યારે જીવ નિષ્કર્મ હોવો જોઇએ. અને જો એ પ્રમાણે હોય તો જેમ નિષ્કર્મને કર્મો લાગી ગયાં તેમ મુકતોને પણ કર્મ લાગી જશે. કર્મ અને કર્ત્તાનો સમવાયસંબંધ એટલે નિત્યસંબંધ છે, અતઃ કર્ત્તા કર્મથી કદિ પણ છૂટો થઇ શકતો નથી. માટે અમે જે પ્રમાણે ૯ નવમા સમુલ્લાસમાં લખ્યું છે તે પ્રમાણે માનવું ઠીક છે. જીવ પોતાનું ગમે તેટલું જ્ઞાન વધારે તોપણ તેનામાં પરિમિત જ્ઞાન અને હદવાળું સામર્થ્ય રહેશે, ઇશ્વર તુલ્ય કદિ પણ થઇ શકશે નહિ. જીવને જેટલું સામર્થ્ય વધારવું હોય તેટલું યોગદ્વારા વધારી શકે છે.

જૈનના આર્હત્ લોકો જેવડું શરીર તેવડો જીવ માને છે, પણ એઓને પૂછવું જોઇએ કે જો એમ હોય તો હાથીનો જીવ કીડીમાં અને કીડીનો જીવ હાથીમાં કેમ જઇ શકે? (કેવી રીતે સમાઇ શકે ?) માટે એ પણ એક મૂર્ખતાની જ વાત છે. કારણ કે જીવ એક એવી સૂક્ષ્મ વસ્તુ છે કે જે પરમાણુઓમાં પણ રહી શકે છે; પણ એની શક્તિઓ શરીરમાં પ્રાણ, વીજળી અને નાડી આદિની સાથે સંયુક્ત રહે છે, તેથી સર્વ શરીરનું કામ જીવ જાણે છે. સારા સંગથી સારો, અને ખરાબ સંગથી ખરાબ થઇ જાય છે.

જૈન લોકો ધર્મ આ પ્રમાણે માને છેઃ—

मूल—रे जीव भवदुहाइं इक्कं चिय हरइ जिणमयं धम्मं ।
इयराणं परमं तो सुहकप्पे मूढमुसि ओसि ॥
प्रकरणरत्नाकर भाग २ । षष्ठी शतक ६० । सूत्राङ्क ॥३॥

અરે જીવ ! શ્રીવીતરાગ જિન ભગવાને કહેલો ધર્મ, સંસાર સંબંધી જન્મ મરણાદિ દુઃખોને નાશ કરનારો છે, જે લોકો જૈનધર્મ પાળે છે તેઓને જ સુગુરૂ માનવા, અને જૈન મતોમાં કહેલા દેવો સુદેવ છે. ઋષભદેવથી લઈ મહાવીર પર્યન્ત જે વીતરાગો થઇ ગયા છે. તેનાથી ભિન્ન હરિ, હર અને બ્રહ્માદિ કુદેવો છે. એ દેવોની જે જીવ પોતાના કલ્યાણ માટે પૂજા કરે છે તે ઠગાય છે. એનો ભાવાર્થ એ છે કે જૈનમતના સુદેવો, સુગુરૂઓ અને સુધર્મ છોડીને બીજા કુદેવો, કુગુરૂઓ અને કુધર્મની સેવા કરવાથી કશું પણ કલ્યાણ થતું નથી.

સમીક્ષક—હવે વિદ્વાન્ લોકોએ વિચારવું જોઇએ કે કેવાં નિન્દાવાળાં એ લોકોનાં ધર્મપુસ્તકો છે.

मूल—अरिहं देवो सुगुरु सुद्धं धम्मं च पंच नवकारो ।
धन्नाणं कयच्छाणं निरन्तरं वसइ हिययम्मि ॥
प्रक० भा० २ । षष्ठी ६० । सू० १ ॥

ઇંદ્રાદિ દેવોમાં દેવોએ કરેલી પૂજાને યોગ્ય અરિહન્ ભગવાન્ સિવાય બીજો કોઇ પણ પદાર્થ ઉત્તમ નથી; અરિહન્ ભગવાન્ શોભાયમાન દેવોના દેવ જ્ઞાનવાન્ ક્રિયાવાન્ શાસ્ત્રોના ઉપદેષ્ટા, શુદ્ધ, નિષ્કષાય, મળરહિત અને સમ્યકત્વી હતા. શ્રીજિનભાષિત જે ધર્મ છે તે વિનય અને દયામૂલક છે, તે જ ધર્મ દુર્ગતિમાં જનારા પ્રાણીઓને બચાવનારો છે. બીજો જે હરિહર આદિનો જે ધર્મ છે તે સંસારમાંથી ઉધ્ધાર કરનાર નથી. અરિહન્ત આદિ પાંચ પરમેષ્ઠી અને તત્સંબંધી તેને નમસ્કાર એ ચાર (અરિહન્ત દેવ, સુગુરૂ, શુદ્ધ ધર્મ અને નવકાર) પદાર્થ ધન્યવાદને લાયક છે, અર્થાત્ ઉત્તમ છે. દયા, ક્ષમા, સમ્યક્ત્વ જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય એ જૈનોનો ધર્મ છે.

સમીક્ષક—મનુષ્ય માત્ર ઉપર જે દયા નથી તે દયા કહેવાતી નથી; દયા, ક્ષમા અને જ્ઞાન બદલે અજ્ઞાન, અદર્શન અને અંધારૂં છે, અને ચારિત્ર્યને બદલે ભૂખે મરવું એમાં શી સારી વાત છે ?

જૈન મતના ધર્મની પ્રશંસાઃ—

मूल—जइ न कुणसि तव चरणं न पढसि न गुणोसि देसिनो दाणम् ।
ता इत्तियं न सक्किसिजं देवो इक्क अरिहन्तो ॥
प्रकरण० भा० २ । षष्ठी सू० २ ॥

હે મનુષ્ય ! જો તું તપ કરવાને અશક્ત હો, ચારિત્ર્ય પાળવાને અશક્ત હો, સૂત્ર ભણવાને અશક્ત હો, પ્રકરણનો વિચાર કરવાને અશક્ત હો અને સુપાત્રમાં દાન દેવાને અશક્ત હો, તોપણ અરિહન્ત દેવતા કે જે અમારા આરાધનીય છે તેની ઉપર શ્રદ્ધા રાખ, જૈનમતના સુધર્મમાં અને સુગુરૂમાં શ્રદ્ધા રાખ, કારણ કે તે સર્વોત્તમ છે, અને ઉદ્ધાર કરનાર છે.

સમીક્ષક—જો કે દયા અને ક્ષમા સારી વસ્તુ છે તથાપિ પક્ષપાતમાં ફસાવાથી દયા અદયા અને ક્ષમા અક્ષમા થઈ જાય છે. કોઇ પણ જીવને દુઃખ ન દેવું એ સર્વથા બની શકતું નથી; કારણ કે દુષ્ટોને દંડ આપવો એ દયામાં ગણી શકાય છે. જો એક દુષ્ટને દંડ આપવામાં ન આવે તો હજારોને દુઃખ મળે છે, માટે એ દયા અદયા છે, અને ક્ષમા અક્ષમા છે. દયાની આ વ્યાખ્યા બરાબર છે કે સર્વ પ્રાણીઓના દુઃખનો નાશ કરવો અને સુખની પ્રાપ્તિના ઉપાયો શોધવા. માત્ર ગળીને પાણિ પીવું, ન્હાના ન્હાનાં જંતુઓને બચાવવાં–તેમાંજ દયા સમાયલી નથી. એવા પ્રકારની (સર્વ પ્રાણીઓને બચાવવા રૂપ) દયા તો જૈનોનું માત્ર કથન જ છે. કારણ તે પ્રમાણે વર્ત્તતા નથી. ગમે તે મતના માણસ ઉપર દયા કરી તેનો અન્નપાનાદિથી સત્કાર કરવો શું એ દયા નથી ? જો એ લોકની સાચી દયા હોત તો "વિવેકસાર" પૃષ્ટ ૨૨૧ માં જુઓ શું લખ્યું છે. એક "પરમતવાળાની સ્તુતિ" અર્થાત્ જૈનતરની સ્તુતિ એટલે ગુણ કીર્તન કરવું નહિ.

બીજું એ લોકોને (જૈનેતર લોકોને) નમસ્કાર એટલે વંદના કરવી નહિ.

ત્રીજું એ લોકોની સાથે "આલાપન" થોડું બોલવું.

ચોથુ "સંલપન" એ લોકોની સાથે વારંવાર બોલવું નહિ.

પાંચમું "એ લોકોને અન્નવસ્ત્રાદિનું દાન" અર્થાત્ એ લોકોને ખાવા પીવાની વસ્તુ પણ આપવી નહિ.

છઠ્ઠું "ગંધ પુષ્પાદિ દાન" બીજા મતવાળાની મૂર્તિપૂજાને માટે ગંધ પુષ્પાદિ પણ આપવાં નહિ.

એ છ "યતના" કહેવાય છે અર્થાત્ એ છ કર્મો જૈન લોકોએ કદિ પણ કરવાં નહિ.

સમીક્ષક—હવે બુદ્ધિમાન્ માણસોએ વિચારવું જોઇએ કે એ જૈન લોકોને બીજા મતવાળા મનુષ્યો તરફ કેટલો બધો દયાનો અભાવ છે, કેટલી બધી કુદૃષ્ટિ અને કેટલો બધો દ્વેષ છે. બીજા મતવાળાઓપ્રતિ જૈનોને આટલી બધી અદયા છે તો પછી એ લોકોને દયાહીન કહેવા એ સંભવિત છે, કારણ કે માત્ર પોતાના ઘરવાળાની જ સેવા કરવી એ કંઇ વિશેષ ધર્મ નથી, એમના મતના લોકો તો એમના ઘરના જેવા છે, માટે એમની સેવા કરે છે બીજાની સેવા કરતા નથી, આવી સ્થિતિમાં કયો બુદ્ધિમાન્ માણસ એ લોકોને દયાવાળા કહી શકે ?

વિવેક૦ પૃષ્ટ ૧૦૮ માં લખ્યું છેઃ—

મથુરાના રાજાના નમુચી નામના દિવાનને જૈનમતવાળાઓએ પોતાનો વિરોધી સમજી મારી નાંખ્યો અને પછી " આલોયણા " એટલે પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થઇ ગયા.

શું એ કર્મ પણ દયા અને ક્ષમાનું વિનાશક નથી ? જ્યારે એ લોકો બીજાના મતવાળાઓના પ્રાણ લેવા સુધી વેર બુદ્ધિ રાખે છે ત્યારેતો એ લોકોને દયાળુને ઠેકાણે હિંસક કહેવા એજ સાર્થક છે.

સમ્યકત્વ અને દર્શનાદિનાં લક્ષણો " આર્હત્ પ્રવચન સંગ્રહ પરમાગમન સાર " માં કહેલાં છે. સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય એ ચાર મોક્ષ માર્ગના સાધનો છે. એની વ્યાખ્યા યોગદેવે કરી છે. જે રૂપથી જીવાદિ દ્રવ્યો અવસ્થિત છે તેજ રૂપથી જિન પ્રતિપાદિત ગ્રન્થાનુસાર છે. + વિપરીત અભિનિવેશાદિ રહિત જે શ્રદ્ધા અર્થાત્ જૈન મતમાં પ્રીતિ છે, તે સમ્યક્ શ્રદ્ધાન અને સમ્યક દર્શન છે.

रुचिर्जिनोक्ततत्त्वेषु सम्यक् श्रद्धानमुच्यते ।

જિન ભગવાને કહેલાં તત્ત્વો ઉપર સમ્યક્ શ્રદ્ધા રાખવી જોઇએ બીજામાં નહિ.

यथावस्थिततत्त्वानां संक्षेपाद्विस्तरेण वा ।
यो बोधस्तमत्राहुः सम्यग्ज्ञानं मनीषिणः ॥

જેવા પ્રકારનાં જીવાદિ તત્ત્વો છે તેનો તેવો જ સંક્ષેપથી અથવા વિસ્તારથી જે બોધ થાય છે, તેને બુદ્ધિમાન્ લોકો સમ્યગ્જ્ઞાન કહે છે,

सर्वथा वद्ययोगानां त्यागश्चारित्रमुच्यते ।
कीर्त्तितं तदहिंसादि व्रतभेदेन पञ्चधा ॥
अहिंसासूनृतास्तेयब्रह्मचर्य्यापरिग्रहाः ।

સર્વ નિંદનીય મતનો ત્યાગ કરવો એ ચારિત્ર્ય છે. અહિંસાદિ ભેદથી પાંચ પ્રકારનું વ્રત કહેવાય છે. (અહિંસા) કોઇપણ પ્રાણીને મારવું નહિ. (સૂનૃતા) પ્રિયવાણી બોલવી. (અસ્તેય) ચોરી ન કરવી, (બ્રહ્મચર્ય) ઉપસ્થઇંદ્રિયનો સંયમ (અપરિગ્રહ) બધી વસ્તુઓનો ત્યાગ કરવો. એમાંથી ઘણી વાતો સારી છે, અર્થાત્ અહિંસા, અને ચોરી આદિ નિંદનીય કર્મોનો ત્યાગ કરવો-એ વાત ઘણી સારી છે, પરન્તુ એ બધી સારી વાતો બીજાની નિંદા કરવાથી દોષયુક્ત થઈ ગઇ છે. હરિહરાદિનો ધર્મ સંસારમાં ઉદ્ધાર કરનારો નથી, આ શું ઓછી નિંદા છે ! કે જેના ગ્રન્થો જોવાથી પૂર્ણ વિદ્યા અને ધાર્મિકતા મેળવી શકાય છે એને ખરાબ કહેવા, અને અસંભવિત વાતો (કે જે પૂર્વ લખવામાં આવી છે) ને કહેનારા પોતાના તીર્થંકરોની સ્તુતિ કરવી, એ હઠ સિવાય બીજું શું કહી શકાય ! યદિ કોઇ જૈન કે

+ ખોટા આગ્રહ સિવાય જે શ્રદ્ધા છે તે.

જે ચારિત્ર્ય પાળવામાં, ભણવામાં અને દાન દેવામાં અસમર્થ હોય, તોપણ શું " જૈન ધર્મ સાચો છે " એટલું કહેવાથી જ તે ઉત્તમ થઇ શકશે ! અને બીજા મતવાળા શ્રેષ્ઠ હોય તો શું ઉક્ત વાક્ય ના કહેવાથી અશ્રેષ્ઠ થઇ જશે ! એવું બોલનાર માણસ ભ્રાન્ત અને બાળબુદ્ધિ ન કહેવાય તો બીજું શું કહેવાય ! એથી એ જ માલુમ પડે છે કે એના આચાર્યો સ્વાર્થી હતા, અને પૂર્ણ વિદ્વાન્ પણ ન હતા. જો બીજા બધાની નિંદા એ લોકો ન કરતે, તો એઓની ખોટી વાતોમાં કોઇ ફસાત નહિ, અને તેથી એ લોકોનું પ્રયોજન સિદ્ધ થાત નહિ.

એ વાત તો સિદ્ધ છે કે જૈનમત ડુબાડનારો છે, અને વેદમત બધાનો ઉદ્ધાર કરનારો છે. હરિહરાદિ દેવો સુદેવ, અને ઋષભાદિ દેવો કુદેવ છે, એમ જો કોઇ બીજા મતવાળા લોકો કહે તો શું જૈનોને ખોટું નહિ લાગે ?

જૈનોના આચાર્યોની અને તેને માનનારાઓની વળી બીજી ભૂલ જુઓઃ—

मूल—जिणवर आणा भंगं उमग्ग उस्सुत्तले सदेसणउ ।
आणा भंगे पावंता जिणमय दुक्करं धम्मम् ।
प्रकर० भाग २ । षष्ठीश ० । सू० ११ ॥

જો ઉન્માર્ગ એટલે અવળો માર્ગ અને ઉત્સૂત્ર એટલે સૂત્રથી વિરૂદ્ધ, જરા પણ કહેવામાં આવે, અને વીતરાગ તીર્થંકરોની આજ્ઞાનો ભંગ કરવામાં આવે તો તે દુઃખનું કારણ થઇ પડે છે. જિનેશ્વર ભગવાને બતાવેલા સમ્યક્ત્વાદિ ધર્મોનું ગ્રહણ કરવું એ ઘણું જ કઠણ છે, માટે જિનભગવાન્‌ની આજ્ઞાનો ભંગ જેમ ન થાય તેમ કરવું.

સમીક્ષક—પોતાની પ્રશંસા પોતે જ કરવી, પોતાના ધર્મને જ મ્હોટો માનવો અને બીજાની નિંદા કરવી એ મૂર્ખતાની વાત છે, જ્યારે બીજા વિદ્વાનો પ્રશંસા કરે ત્યારે જ ખરી પ્રશંસા કહેવાય છે. ચોર પણ પોતાની પ્રશંસા કરે છે, પણ તેથી શું તે પ્રશંસનીય કહેવાય ખરો કે ? એવી જ એ લોકોની વાત છે.

मूल—बहुगुणविजूझा निलयो उस्सुत्तभासी तहा विमुत्तव्वो ।
जहवरमणिजुतो बिहुविग्घकरो विसहरो लोए ॥
प्रकर० भा० २ । षष्ठी० सू० १८ ॥

જેમ વિષધર સર્પ પાસે રહેલો મણિ છોડવા યોગ્ય છે તેમ, ગમે તેટલો ધાર્મિક અથવા પંડિત હોય, પણ જો જૈનથી ભિન્ન હોય તો જનોએ તેનો ત્યાગ કરવો યોગ્ય છે.

સમીક્ષક—જુઓ કેટલી ભૂલની વાત છે ! જો એ લોકોના ચેલાઓ અને આચાર્યો વિદ્વાન્ હોત તો વિદ્વાનો સાથે જરૂર પ્રેમ બાંધત. પરંતુ એઓના તીર્થંકરો જ જ્યારે અવિદ્વાન્ છે તો પછી ક્યાંથી વિદ્વાનોનુ માન કરી શકે ? શું મળમાં અથવા ધૂળમાં પડેલા

સોનાને કોઇ છોડી દે છે ? આથી સિદ્ધ થાય છે કે જૈનો સિવાય બીજા કોણ પક્ષપાતી, હઠી, દુરાગ્રહી અને વિદ્યાહીન હશે ?

मूल—अइ सयपा वियपा वाधम्मि अपव्वे सुतो विपावरया ।
न चलन्ति सुद्धधम्मा धन्ना किंविपावपव्वेसु ॥
प्रकर० भा० २ । षष्ठी० सू० २६ ॥

બીજા શાસ્ત્રોને માનવાવાળા અર્થાત્ જે જૈનમત સાથે વિરોધ ધરાવે છે, એ લોકોનું જૈનોએ દર્શન પણ કરવું નહિ.

સમીક્ષક—બુદ્ધિમાન લોક વિચારશે કે આ કેટલી પામરપણાની વાત છે. સત્યવાત તો એ છે કે જેનો મત સત્ય છે તેને કોઇનો પણ ડર નથી હોતો, પણ જૈનાચાર્યો જાણતા હતા કે તેમનામાં પોલ ઘણી છે જો બીજા ધર્મવાળા જાણશે તો ખંડન કરશે, માટે સર્વની નિંદા કરો અને મૂર્ખાઓને ફસાવો.

मूल—नामं पितस्सअ सुहं जेणनिदिठाइ मिच्छ वव्वाइ ।
जेसिं अणुसंगा उधम्मीण विहोइ पावमई ॥
प्रक० भा० २ । षष्ठी ६ ॥ सू० २७ ॥

જૈન ધર્મથી વિરૂધ્ધ બીજા ધર્મો છે તે સર્વ મનુષ્યોને પાપી બનાવે છે એથી અન્ય કોઇ ધર્મને ન માની જૈન ધર્મને જ માનવો શ્રેષ્ઠ છે.

સમીક્ષક—ઉપરની વાતથી સિદ્ધ થાય છે કે બધાની સાથે વેર, વિરોધ, નિંદા, ઇર્ષ્યા આદિ દુષ્ટકર્મરૂપ સાગરમાં જો કોઇ ડુબાડનાર માર્ગ હોય, તો જૈન માર્ગ જ છે. જેવા જૈન લોક અન્યમતના નિંદક છે, તેવા બીજા કોઇપણ મતવાળા મહાનિંદક અને અધર્મી નહિ હોય. એક તરફ તો બીજા બધાની નિંદા અને બીજી તરફ પોતાની પ્રશંસા કરવી એ શું શઠ માણસોની વાત નથી ? જે લોકો વિવેકી છે તે તો ગમે તે મત હોય, પણ સારાને સારો અને ખરાબને ખરાબ કહે છે.

मूल—हाहा गुरुअअ कज्जं सानीनहु अच्छिकस्स पुक्करिमो ।
कह जिण वयण कह सुगुरु सावया कहइय अकज्जं ॥
प्रक० भा० २ । षष्ठी० सू० ३५ ॥

સર્વજ્ઞ જિન ભગવાને કહેલું વચન, જૈનના સુગુરૂઓ અને જૈન ધર્મ ક્યાં અને એનાથી વિરૂદ્ધ કુગુરૂઓ તથા વિરૂદ્ધ માર્ગો ક્યાં ? અર્થાત્ અમારા ગુરૂઓ, દેવો અને ધર્મ, સુગુરૂઓ, સુદેવો અને સુધર્મ છે અને બીજાના કુગુરૂઓ, કુદેવો અને કુધર્મ છે.

સમીક્ષક—આ વાત બોર વેચનારી ખારવાણીના જેવી છે. જેમ તે પોતાનાં ખાટાં બોરો મીઠાં કહે છે, અને બીજાના બોરને ખાટાં અને નકામા બતાવે છે, તેમ જૈન લોકો પોતાનાથી ભિન્ન મતવાળાઓની સેવા કરવામાં પણ અકાર્ય અર્થાત્ પાપ માને છે.

મૂલ—सप्पो इक्कं मरणं कुगुरु अणंता इदेइ मरणाइ ।
तोवरिसप्पं गहियुं मा कुगुरुसेवणं भद्दम् ॥
प्रक० भा० २ । सू० ३७ ॥

પ્રથમ લખી આવ્યા છીએ કે સર્પ પાસે મણિ હોય તોપણ ત્યાજ્ય છે, તેવીજ રીતે અન્યમતસ્થ શ્રેષ્ઠ અને ધાર્મિક પુરૂષો પણ ત્યાજ્ય છે. હવે તેના કરતાં પણ વધારે નિંદા કરે છેઃ— અન્યમતવાળા બધા લોકો સર્પ કરતાં પણ ખરાબ છે. એ લોકોની સેવા અથવા સંગતિ કદિ પણ કરવી નહિ, કારણ કે સર્પના સંગથી એકવાર મરણ થાય છે, પણ અન્યમતસ્થ કુગુરૂઓના સંગથી અનેકવાર મરણ જન્મમાં પડવું પડે છે. માટે હે ભદ્ર! બીજા માર્ગના ગુરૂઓ પાસે ઉભો પણ ન રહે; કારણ કે જો તું બીજા માર્ગીઓની સેવા કરીશ તો દુઃખી થઇશ.

સમીક્ષક—જુઓ! જૈનો જેવા કઠોર, ભ્રાન્ત, દ્વેષી અને નિંદક બીજા મતવાળા ભૂલથી પણ નહિ થાય! એ લોકોએ મનમાં ધાર્યું છે કે જો આપણે બીજાની નિંદા અને આપણી પ્રશંસા નહિ કરીએ તો આપણી સેવા અને પ્રતિષ્ઠા થશે નહિ પરન્તુ એ વિચાર એ લોકોના દુર્ભાગ્યનું પરિણામ છે કારણ કે જ્યાં સુધી ઉત્તમ વિદ્વાનોનો સંગ અને સેવા નહિ કરે ત્યાંસુધી એ લોકોને યથાર્થ જ્ઞાન અને સત્ય ધર્મની પ્રાપ્તિ કદિપણ થશે નહિ. માટે જૈનોને ઉચિત છે કે પોતાની જે વિદ્યાવિરૂદ્ધ વાતો છે તેને છોડી દઈ વેદોક્ત સત્ય વાતોનું ગ્રહણ કરવું—એમાં જ કલ્યાણ સમાયલું છે.

મૂલ—किं भणिमो किं करिमो ताणहयासाण धिठदुठाणं ।
जे दंसि ऊण लिंगं खिवंति नरयम्मि मुद्धजणं ॥
प्रक० भा० २ । षष्ठी० सू० ४० ॥

જેની કલ્યાણની આશા સર્વથા નષ્ટ થઇ ગઈ છે, એવા ધૃષ્ટ અને દુરાચારીઓને શું કહીએ! અને શું કરીએ? કારણ કે જે એઓનો ઉપકાર કરે છે તેનો જ નાશ કરે છે, કોઇ દયા લાવી આંધળા સિંહની આંખ ઉઘાડવા જાય તો તે સિંહ તેને જ મારી ખાય છે. તેવીજ રીતે કુગુરૂ અર્થાત્ બીજા માર્ગવાળાપર ઉપકાર કરવો એ પોતાનો નાશ કરવા બરાબર છે, અર્થાત્ એનાથી હમેશાં અલગ રહેવું.

સમીક્ષક—જૈન લોકો જેવું ધારે છે તેવું જો બીજા લોકો ધારે તો જૈનોની કેટલી બધી દુર્દશા થઇ જાય? અને જો એવો કોઇપણ પ્રકારનો કોઈપણ ઉપકાર ન કરે તો તેઓના ઘણાં કામનો નાશ થઈ જાય અને તેથી તેને કેટલું બધું કષ્ટ વેઠવું પડે? એવીજ રીતે જૈન લોકો બીજાને માટે શામાટે નથી વિચારતા.

मूल—जहजहतुट्टइ धम्मो जहजह दुठाणहोय अइउदउ।
समदिठिजियाण तह तह उल्लसइस मत्तं॥
प्रक० भा० २। षष्ठी० सू० ४२॥

દર્શનભ્રષ્ટ નિહ્નવ, પાચ્છતા, ઉસન્ના તથા કુસીલિયાદિક અને અન્ય દર્શનીય ત્રિદંડી, પરિવ્રાજક તથા વિપ્રાદિક દુષ્ટ લોકોનો જેમ જેમ વધારે સત્કાર પૂજાદિક થાય છે તેમ તેમ સમ્યગ્દષ્ટિવાળા જીવોનું સમ્યક્ત્વ વધારે પ્રકાશિત થાય તે મ્હોટું આશ્ચર્ય છે.

સમીક્ષક—હવે જુઓ ! જૈનોનાજેટલી ઇર્ષ્યા, દ્વેષ અને વૈર બુદ્ધિ બીજા કોઇને હશે ? બીજા મતોમાં પણ ઇર્ષ્યા દ્વેષ છે પણ જૈનમાં છે તેટલાં નથી, દ્વેષ જ પાપનું મૂળ છે માટે જૈનોમાં પાપાચાર કેમ ન હોય ?

मूल—संगो विजाण अहिउते सिंधम्माई जेपकुव्वन्ति।
मुतूण चोरसंगं करन्ति ते चोरियं पावा॥
प्रक० भा० २। षष्ठी० सूत्र ७९॥

એનું મુખ્ય પ્રયોજન આટલુંજ છે કે જેમ કોઇ મૂઢ માણસ ચોરનો સોબતી બની નાસિકા છેદ આદિ દંડથી નથી ડરતો તેવીજ રીતે જૈનેતર ચોર મતમાં રહેનારા માણસો પોતાના ભાવિક અકલ્યાણથી ડરતા નથી.

સમીક્ષક—મનુષ્ય જેવો હોય છે તેવોજ બીજાને પણ સમજે છે. શું આ વાત ખરી છે કે જૈનેતર બધા ચોરમત છે અને જૈન શાહૂકાર છે ? મનુષ્યને જ્યાંસુધી અતિ અજ્ઞાની અને કુસંગીઓના સંબંધથી ઉત્પન્ન થયેલી ભ્રષ્ટ બુદ્ધિ દૂર નથી થતી ત્યાંસુધી તેના ઇર્ષ્યા અને દ્વેષ છૂટતા નથી. જૈનમત જેવો બીજો કોઇ મત અન્યમતનો દ્વેષી નથી.

मूल—जच्छ पसुमहिसलरका पव्वंहोमन्ति पावन वमीए।
पूअन्तितंपि सड्ढाहा ही लावी परायस्सं॥
प्रक० भा० २। षष्ठी० सूत्र ७६॥

પૂર્વ સૂત્રમાં કહ્યા પ્રમાણે જૈનેતર બધા માર્ગો મિથ્યાત્વી છે અને જૈન સમ્યક્ત્વી છે અર્થાત્ જૈનેતર બધા પાપી છે અને જૈન પુણ્યાત્મા છે, માટે જે કોઇ મિથ્યાત્વીના ધર્મનું પ્રતિપાદન કરે છે તે પાપી છે.

સમીક્ષક—જેમ બીજે ઠેકાણે ચામુંડા, કાલિકા, જવાળા, પ્રમુખ પાસે પાપનૌમી અર્થાત્ દુર્ગાનવમી તિથિ આદિ ખરાબ છે તેવી રીતે શું તમારા પજોસણ આદિ વ્રતો ખરાબ નથી કે જેનાથી ઘણું કષ્ટ થાય છે. જેમ વામમાર્ગીઓની લીલાનું ખંડન કરો છો તેમ શાસન દેવી અને મરૂતદેવી આદિનું ખંડન કરો તો ઘણું સારૂં. જો કહો કે અમારી દેવી હિંસા

કરનારી નથી તો એ કહેવું ખોટું છે; કારણ કે શાસન દેવીએ એક પુરૂષની અને એક બકરાની આંખ કાઢી લીધી હતી, તો પછી તેણી પણ રાક્ષસી અને દુર્ગા કાલિકા આદિની સગી બ્હેન કેમ માનવામાં ન આવે ? પોતાના પચ્ચખાણ આદિ વ્રતો સારા અને નવમી આદિને ખરાબ કહેવાં એ મૂઢતા ભરેલી વાત છે. બીજાના ઉપવાસોની નિંદા અને પોતાના ઉપવાસોની સ્તુતિ કરવી એ મૂર્ખતાની વાત છે. સત્ય ભાષણ આદિ જે છે તે વ્રત છે તે સર્વ કોઇને માન્ય છે. પરન્તુ ઉપવાસો ચાહે જૈનોના હોય અથવા બીજાના હોય પણ એ માન્ય નથી.

मूल—चेसाणवंदियाणय माहणडुं वाणजर कसिरकाणं ।
भत्ता भर कठाणं वियाणं जन्ति दूरेणं ॥
प्रक० भा० २ । षष्ठी० सूत्र ८२ ॥

એનો મુખ્ય અર્થ એ છે કે વેશ્યા (દેવદાસી), ચારણ અને ભાટ આદિ લોકો બ્રાહ્મણ, યક્ષ અને ગણેશ આદિ મિથ્યાદૃષ્ટિ દેવી દેવતાઓના જે ભકત છે-તેઓને જે લોકો માને છે તે બધા ડુબનારા અને ડુબાવનારા છે, કારણ કે એની પાસે જે વસ્તુઓ છે તે બધી વીતરાગને હોતી નથી, અને તે લોકો વીતરાગથી દૂર રહે છે.

સમીક્ષક—બીજાના દેવતાઓને ખોટા કહેવા અને પોતાના દેવતાઓને સાચા કહેવા એ કેવળ પક્ષપાત છે, એ લોકો વામમાર્ગીઓની દેવીનો નિષેધ કરે છે, પણ એ લોકોના " શ્રાદ્ધદિન કૃત્ય " ના પૃષ્ટ ૪૬ માં લખ્યું છે કે " શાસન દેવીએ રાત્રિમાં ભોજન કરનાર અમુક માણસને તમાચો માર્યો, જેથી તેની આંખ નિકળી પડી જેથી તે આંખને બદલે બકરાની આંખ કહાડી તે માણસને બેસાડી દીધી, એ દેવીને હિંસક કેમ નથી માનતા !

રત્નસાગર ભાગ ૧, પૃ. ૬૭ માં લખ્યું છે કે મરૂતદેવી પત્થરની મૂર્ત્તિ થઈ મુસાફરોને રસ્તામાં સહાયક થઇ પડતી હતી એને પણ એવી કેમ નથી માનતા !

मूल—किंसोपि जणणि जाओ जाणो जणणी इकिं अगोविद्धिं ।
जईमिच्छरओ जाओ गुणे सुतमच्छरं बहइ ॥
प्रक० भा० २ । षष्टी० सूत्र ८१ ॥

જે મિથ્યાત્વી અર્થાત્ જૈનેતર છે તે શા માટે જન્મે છે ? જો જન્મે છે તો મોટા શા માટે થાય છે ? અર્થાત્ શામાટે જલદી નથી મરી જતા ?

સમીક્ષક—જુઓ, જૈનોના વીતરાગનું વચન ! જુઓ એઓનો દયા ધર્મ ! બીજા મતવાળાઓનું જીવન પણ ઇચ્છતા નથી ! ! એ લોકોનો દયા ધર્મ કેવળ શાબ્દિક છે અર્થાત્ કેવળ કથન માત્ર જ છે. એ લોકોની દયા કેવળ ક્ષુદ્ર પ્રાણીઓ અને પશુઓને માટે જ છે. જૈનેતર મનુષ્યને માટે નથી. (પાપીના પાપને દૂર કરવું ઉચિત્ છે-નહિ કે તેનો પોતાનો.)

मूल—शुद्धे मग्गे जाया सुहेण मच्छन्ति सुद्धिमग्गमि ।
जे पुणअमग्गजाया मग्गे गच्छन्ति ते चुप्पं ॥
प्रक० भा० २ । षष्ठी० सू० ८३ ३ ॥

એનો મુખ્ય અર્થ એ છે કે જૈનકુળમાં અવતાર લઇ મુકિત મેળવવી એમાં કઈ આશ્ચય નથી, પરન્તુ જૈનેતર કુળમાં જન્મ લઇ મુકિત મેળવવી એમાં ઘણું આશ્ચર્ય છે, એ વાકયનો ભાવાર્થ આ પ્રમાણે છે કે જૈનમતવાળા જ મુકિતમાં જાય છે બીજા નહિ. જે લોકો જૈનમતનું ગ્રહણ નથી કરતા તેઓ નરકગામી બને છે.

સમીક્ષક—શું જૈનમાંનો કોઇ દુષ્ટ અથવા નરકગામી નથી થતો ? જૈન બધા મુકિતમાં જ જાય છે ? બીજો કોઇ પણ જતો નથી ? શું આ બધી વાત ઉન્માદભરેલી નથી ? ભોળા માણુસો સિવાય બીજા કોણ એવી વાતો માની શકે ?

मूल—तिच्छराणं पूआसंमत्तगुणाणकारिणी भणिया ।
साबियमिच्छत्तयरी जिण समये देसिया पूआ ॥
प्रक० भाग २ । षष्ठी० सू० ९० ॥

જિન ભગવાનની મૂર્તિ પૂજવી એમાં સાર સમાયેલો છે અને બીજાની મૂર્તિ પૂજવી એમાં અસાર છે અર્થાત્ સાર નથી. જિન ભગવાનની આજ્ઞા પાળનારો તત્વજ્ઞાની છે અને નહિ પાળનારો તત્વજ્ઞાની નથી.

સમીક્ષક—વાહરે વાહ ! શું કહેવું ! ! શું તમારી મૂર્તિઓ વૈષ્ણુવોની મૂર્તિઓની માફક પાષાણાદિ જડ પદાર્થોની નથી બનાવવામાં આવી ? જેમ તમારી મૂર્તિપૂજા મિથ્યા છે તેમ વૈષ્ણુવ આદિની પણ મિથ્યા જ છે. તમે પોતાને તત્ત્વજ્ઞાની બતાવો છો અને બીજાઓને અતત્વજ્ઞાની બતાવો છો તેથી સ્પષ્ટ માલુમ થાય છે કે તમારામાં જરા પણ તત્વજ્ઞાન નથી.

मूल—जिण आणा एधम्मो आणा रहि आण फुडं अहम्मुत्ति ।
इयमुणि ऊण यतत्तंजिण आणाए कुणहु धम्मं ॥
प्रक० भा० २ । षष्ठी० सू० ९२ ।

જિન ભગવાને કહેલી જે દયા, ક્ષમાદર્શક આજ્ઞા છે તે જ ધર્મ છે બાકી બીજી બધી આજ્ઞાઓ અધર્મ છે.

સમીક્ષક—એ કેટલી બધી અન્યાયની વાત છે ! ! શું જૈનેતર કોઈપણ પુરૂષ સત્યવાદી તથા ધર્માત્મા નથી ? શું જૈનેતર ધર્માત્માઓને માનવા નહિ ? જો જૈનોનાં મોઢાં અને જીભ ચામડાના ન બન્યાં હોત અને બીજાનાં ચામડાનાં બન્યાં હોત તો એ વાત બની શકત અર્થાત્ જૈનનું ઉક્ત વચન સર્વથા અસંભવિત છે.

જૈન લોકોએ પોતાના મતની, પોતાના ગ્રન્થોની અને પોતાના સાધુ આદિઓની એટલી બધી પ્રશંસા કરી છે કે જાણે જૈન, ભાટ–બારોટોના મોટા ભાઇ હોય.

मूल—वन्नेमिनारया उविजेसिन्दुरकाइ सम्भरंताणम् ।
भव्वाण जणइ हरिहररिद्धि समिद्धी विउद्धोसं ॥
प्रक० भा० २ । षष्ठी० सू० ९९ ॥

એનું મુખ્ય તાત્પર્ય આ પ્રમાણે છે કે જે હરિહર આદિ દેવો છે એઓની વિભૂતિ નરકનો હેતુ છે, એને જોઇ જૈનો રોમાંચિત થઇ જાય છે. જેમ રાજાની આજ્ઞા તોડનાર માણસ મરણપર્યન્ત દુઃખ ભોગવે છે, તેવી જ રીતે જિન ભગવાનની આજ્ઞા તોડવાથી મરણ અને જન્મના દુઃખો ભોગવવાં પડે છે.

સમીક્ષક—જુઓ ! જૈનોના આચાર્યોની મનોવૃત્તિ, અર્થાત્ ઉપરના કપટ અને ઢોંગથી ભરેલી લીલા ! હવે તેમનો અંતઃકરણનો ગુપ્ત ભાવ પ્રકટ થઇ ગયો. હરિહરાદિકના ઉપાસકોની ઉન્નતિ એ લોકો જોઇ પણ શકતા નથી. એ રોમાંચિત એ માટે થાય છે કે બીજાની ઉન્નતિ કેમ થઇ ! ! ! ઘણા જૈનો આમ ઇચ્છતા હશે કે એઓનું ઐશ્વર્ય અમને મળી જાય અને એ લોકો દરિદ્ર થઇ જાય. રાજાજ્ઞાનું દૃષ્ટાન્ત એ માટે છે કે એ લોકો રાજાઓના ઘણા ખુશામતીઆ હોય છે, ખોટા અને ભીરૂ છે. શું રાજાની ખોટી વાત પણ માની લેવી ? જગત્માં ઇર્ષ્યા કરનાર અને દ્વેષ કરનાર જૈનોથી વધારે કોઇ નહિ હોય.

मूल—जो देइशुद्धधम्मं सो परमप्पा जयम्मि नहु अन्नो ।
किं कप्पद्दुम्म सरिसो इयरतरू होइकइयावि ॥
प्रक० भा० २ । षष्ठी० सू० १०१ ॥

તે મૂર્ખ લોકો છે કે જે જૈનધર્મથી વિરૂદ્ધ છે. જિનેન્દ્રે કહેલા ધર્મનો ઉપદેશ કરનારા સાધુઓ અથવા ગૃહસ્થો અથવા ગ્રન્થ કર્ત્તાઓ તીર્થંકર સમાન છે. એના જેવા કોઈ નથી.

સમીક્ષક—કેમ ન હોય ! ! જો જૈન લોકો બાળક-બુદ્ધિ ન હોત તો એવી વાત માનત નહિ. જેમ વેશ્યા પોતાના સિવાય બીજાની સ્તુતિ કરતી નથી તેના જેવી આ બધી વાતો દેખાય છે.

मूल—जे अमुणि अगुण दोषाते कह अवुहाणन्हुन्तिमज्झच्छा ।
अहते विन्हुम झच्छाता विसअमि आण तुल्लत्तं ॥
प्रक० भा० २ । षष्ठी० सू० १०२ ॥

જિનેન્દ્ર, તથા તેણે કહેલા સિદ્ધાન્તો, અને જિનમતના ઉપદેશકોનો ત્યાગ કરવો એ જૈનોને યોગ્ય નથી.

સમીક્ષક—એ જૈનોની હઠ અને પક્ષપાત છે. હઠ અને પક્ષપાત અવિદ્યાનું પરિણામ છે. જૈનોની થોડીક જ વાતો સારવાળી છે, બાકી બધી છોડવા યોગ્ય છે. થોડી થોડી બુદ્ધિવાળો માણસ પણ જો જૈનોના દેવનો, તેના સિદ્ધાન્તોનો અને તેના ઉપદેષ્ટાનો વિચાર કરે, તો જરૂર તેજ વખતે ત્યાગ કરી દે.

मूल—वयणे विसुगुरुजिणवल्लहस्सके सिंग उल्लुस इसम्मं ।
अहकहदिण मणितेयं उलुआणंहरइ अन्धत्तं ।
प्रक० भा० २ । षष्ठी० सू० १०८ ॥

જે જિન ભગવાનના વચન ઉપર ચાલે છે તે પૂજનીય છે, અને જે વિરૂદ્ધ ચાલે છે તે અપૂજનીય છે. જૈન ગુરૂઓને જ માનવા, બીજાને માનવા નહિ.

સમીક્ષક:—જૈન લોકો જો બિચારા અજ્ઞાનીઓને પશુવત્ ચેલાઓ કરી ન બાંધત તો તેઓની જાળમાંથી છૂટી, મુક્તિનાં સાધનો સંપાદિત કરી જીવન સફળ કરત. જૈનોને જો કુમાર્ગી, કુગુરૂ, મિથ્યાત્વી અને કુઉપદેષ્ટા કહેવામાં આવે તો એઓને કેટલું બધું દુઃખ લાગે ! અતએવ જૈનોની વાણી બીજાને દુઃખદાયિની છે. જૈનોના મતમાં અસાર વાતો ઘણી ભરી છે.

मूल—तिहुअण जणं मरंतं दट्ठूण निअन्तिजेन अप्पाणं ।
विरमंतिन पावा उधिद्धी धिठत्तणं ताणम् ॥
प्रक० भा० २ । षष्ठी० सू० १०९ ॥

મરણ સુધી દુઃખો આવ્યા કરે તો ભલે આવે, જૈનોએ કૃષિ (ખેડ) વ્યાપાર આદિ કામો કરવાં નહિ; કારણ કે એ કામો નરકમાં લઈ જનારાં છે.

સમીક્ષક—જૈનોને કોઈ પૂછે કે તમે વ્યાપાર આદિ કામો શામાટે કરો છો ? શામાટે એ કર્મોને નથી છોડી દેતા ? જો એવા કર્મો છોડી દો, તો તમારા શરીરનું પાલન પોષણ પણ થઇ શકે નહિ. જો તમારા કહેવાથી બધા લોકો વ્યાપાર ધંધો છોડી દે તો તમે શું ખાઓ ? એવો અત્યાચારનો ઉપદેશ કરવો સર્વથા વ્યર્થ છે. શું કરે બિચારા વિદ્યા અને સત્સંગથી રહિત હોવાથી જેમ મનમાં આવ્યું તેમ બકે છે.

मूल—तइया हमाण अहमा कारण रहिया अनाण गव्वेण ।
जेजंपन्ति उशुत्तं तेसिंदिद्धिछपम्मिचं ॥
प्रक० भा० २ । षष्ठी० सू० १२१ ॥

જૈનાગમથી જે વિરૂદ્ધ શાસ્ત્રો છે તેને જેઓ માને છે તેઓ અધમથી પણ અધમ છે, ગમે તેવું પ્રયોજન સિદ્ધ થતું હોય તો પણ જૈનમતથી વિરૂદ્ધ બોલવું નહિ તેમ વિરૂદ્ધ માનવું પણ નહિ, ગમે તેવું પ્રયોજન સિદ્ધ થતું હોય તો પણ બીજા મતનો આશ્રય લેવો નહિ.

સમીક્ષક--તમારા મૂળ પુરૂષોથી લઇ આજ સુધી જેટલા પુરૂષો થઈ ગયા છે તે બધાએ બીજા મતવાળાઓને ગાળો દીધા સિવાય કંઇ પણ કર્યું નથી અને ભવિષ્યમાં જેઓ થશે તેઓ પણ કંઈ કરી શકશે નહિ.

જૈન લોકો જ્યાં પોતાનું પ્રયોજન સિદ્ધ થતું જુએ છે ત્યાં ચેલા બની જાય છે, એવી લાંબી પહોળી વાતો કરવામાં જરા પણ લજ્જા થતી નથી એ ઘણા શોકની વાત છે.

મૂલ—जम्बीर जिणस्सजिओ विरई उस्सुत्तले सदेसणओ ।
सागर कोडा कोड़िंहिं मइ अइ भी भवरणे ॥
प्रक० भा० २ । षष्ठी० सू० १२२ ॥

જો કોઇ માણસ કહે કે જૈન સાધુઓમાં પણ ધર્મ છે અને બીજાઓમાં પણ ધર્મ છે તો તે માણસ ક્રોડાનક્રોડ વરસ સુધી નરકમાં રહી ફરીથી નીચ જન્મ પામે છે,

સમીક્ષક—વાહરે વાહ !! વિદ્યાના શત્રુઓ, તમારા મનમાં આ વિચાર સ્ફૂર્યો હશે કે અમારા મતનું કોઇ ખંડન ન કરે જેથી એવું ભયંકર વચન કાઢ્યું, પણ એ વાત અસંભવિત છે. તમને ક્યાં સુધી સમજાવીએ. તમે તો નિંદા કરવામાં અને બીજાની સાથે વિરોધ કરવામાં કટિબદ્ધ થઇ પ્રયોજન સિદ્ધ કરવું એને મોહનભોગ (મિષ્ટાન્ન) સમાન માની બેઠા છો.

મૂલ—दूरे करणं दूरम्मि साहूणं तहयभावणा दूरे ।
जिणधम्म सद्दहाणं पितिर कदुरकाइनिठवइ ॥
प्रक० भा० २ । षष्ठी० सू० १२७ ॥

જે માણસ જૈન ધર્મનું જરા પણ આચરણ ન કરી શકે તેણે પણ જૈન ધર્મ સત્ય છે એટલીજ શ્રધ્ધા રાખવી કારણ કે કેવળ શ્રધ્ધાથી પણ તે દુઃખને તરી જાય છે.

સમીક્ષક—મૂર્ખોને પોતાની મતજાળમાં ફસાવવાને એનાથી બીજી શી યુક્તિ હોઇ શકે ! કર્મ કંઇ પણ કરવું ન પડે અને મુક્તિ થઈ જાય ! ! એવો હાસ્યજનક મત બીજો કયો હશે?

મૂલ—कइया होही दिवसो जइया सुगुरुण पायमूलम्मि ।
उस्सुत्त सविसलवर हिलेओनिसुणे सुजिणधम्मं ॥
प्रक० भा० २ । षष्ठी० सू० १२८ ॥

જે માણસ આટલીજ ઇચ્છા કરે કે હું જૈન આગમોનું શ્રવણ કરીશ ઉત્સૂત્ર અર્થાત્ બીજા મતવાળાના ગ્રન્થો કદિ પણ સાંભળીશ નહિ, તો તે પણ દુઃખ સાગરને તરી જાય છે.

સમીક્ષક--એ વાત પણ ભોળા માણસોને ફસાવવા માટે છે કારણ કે એવી ઇચ્છાથી દુઃખ સાગર તરી શકાતો નથી અને પૂર્વ જન્મના સંચિત કુકર્મોનું દુઃખરૂપ ફળ ભોગવ્યા

સિવાય છૂટી પણ શકતું નથી. જો એવી અસત્ય વેદ વિરુધ્ધ વાતો ન લખત, તો વિદ્વાનો વેદાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરી એના વિદ્યાશૂન્ય ગ્રન્થોનો ત્યાગ કરત; એમણે અવિદ્વાનોને એવા જકડ રીતે બાંધ્યા છે કે એની જાળમાંથી છૂટા થઇ શકતા નથી. જો ધારે તો બુધ્ધિમાન્ સત્સંગી એ જાળમાંથી છૂટો થઈ શકે પણ જડ બુધ્ધિવાળાઓનું છૂટવું અતિ કઠણ છે.

मूल—जह्मजेणं हिंभणियं सुयववहारं विसोहियंतस्स ।
जायइ विसुद्ध बोही जिणआणा राह गत्ताओ ॥
प्रक० भा० २ । षष्ठी० सू० १३८ ॥

જિનાચાર્યોએ જે સૂત્ર નિરૂક્તિ, વૃત્તિ અને ભાષ્યચૂર્ણી આદિ બનાવ્યાં છે, તેને જેઓ માને છે, તેઓ જ દુષ્કર શુભ વ્યવહાર કરી ચારિત્ર્યવાન્ બની સુખી થઇ શકે છે; બીજાના મતના ગ્રન્થો માનવાથી નહિ.

સમીક્ષક—શું ભૂખે મરવારૂપ આદિ જે કષ્ટો છે તેને પણ ચારિત્ર્ય કહો છો ? જો ભૂખે મરવું, તરશે મરવું આદિ ચારિત્ર્ય કહેવાતું હોય, તો દુષ્કાળમાં ઘણા માણસો ભૂખ તરસ વેઠી મરી જાય છે, તે બધા શુદ્ધ થઇ શુભ ફળને પ્રાપ્ત થવા જોઇએ; પણ એથી તેઓ શુદ્ધ થતા નથી-તેમ તમે પણ શુદ્ધ થતા નથી, ઉલટા પિત્ત આદિના પ્રકોપથી રોગી બની દુઃખી થાઓ છો. ધર્મ તો ન્યાય્યાચરણ, બ્રહ્મચર્યસેવન, અને સત્યભાષણાદિમાં છે, અને તેનાથી ઉલટું કરવું એ પાપ છે. બધાની સાથે પ્રીતિથી વર્તી પરોપકાર કરવો એ શુભ ચરિત્ર કહેવાય છે. ભૂખ્યા તરસ્યા રહેવું એ ધર્મ નથી. જૈનના સૂત્રાદિ ગ્રન્થો માનનાર માણસ થોડુંક સત્ય મેળવે છે, અને બાકી બધું અસત્ય મેળવી દુઃખસાગરમાં ડુબી જાય છે.

मूल—जइजाणसि जिणनाहो लोयाया राविपरकएमूओ ।
तातंतं मन्नं तो कहमन्नसि लोअ आयारं ॥
प्रक० भा० २ षष्ठी० सू० १४८ ॥

જે ઉત્તમ ભાગ્યવાન્ મનુષ્ય હોય છે તેજ જિન ધર્મનું ગ્રહણ કરી શકે છે, અર્થાત્ જે જિનધર્મનું ગ્રહણ નથી કરતો તેનું પ્રારબ્ધ નાશ પામેલું છે.

સમીક્ષક—શું એ વાત ખોટી નથી ? શું બીજાના મતમાં સારા પ્રારબ્ધવાળો અને જૈનમતમાં ખરાબ પ્રારબ્ધવાળો કોઇ નથી ? ઉપર જે કહ્યું છે કે જૈન ધર્મવાળાઓએ પરસ્પર વિરોધ કરવો નહિ અને પ્રીતિથી રહેવું એથી એ સિધ્ધ થાય છે કે જૈનેતર સાથે કલહ કરવામાં જૈન લોકો ખરાબ માનતા નહિ હોય. જો એવો ભાવ હોય તો એ ભાવ અયુક્ત છે, કારણ કે સજ્જન માણસો સજ્જનની સાથે પ્રેમ કરે છે અને દુષ્ટોને શિક્ષા કરી સુશિક્ષિત બનાવે છે. ઉપર લખવામાં આવ્યું છે કે બ્રાહ્મણ, ત્રિદંડી, પરિવ્રાજકાચાર્ય અર્થાત્ સંન્યાસી અને તાપસ્ આદિ લોકો જૈનમતના શત્રુ છે. હવે જુઓ કે જૈન લોકો બધાને શત્રુભાવથી જોઈ નિંદા કરે છે,

તો પછી એ લોકોનો દયા અને ક્ષમારૂપ ધર્મ ક્યાં રહ્યો? બીજાની ઉપર દ્વેષ રાખવો એ તો દયા અને ક્ષમાનો નાશ કરે છે. દ્વેષના જેવો બીજો કોઇ પણ હિંસાત્મક દોષ નથી. જેવા જૈન લોકો સાક્ષાત્ દ્વેષની મૂર્ત્તિઓ છે, તેવા બીજા થોડાક જ હશે.

જો કોઇ ઋષભદેવથી લઇ મહાવીર પર્યંત તીર્થંકરોને રાગી, દ્વેષી અને મિથ્યાત્વી કહે, જૈનમતવાળાઓને સન્નિપાત જ્વરથી સપડાયલા કહે અને જૈનધર્મને નરક અને વિષ જેવો કહે, તો જૈનોને કેટલું બધું ખરાબ લાગે?

જૈન લોકો નિંદામાં અને પરમતદ્વેષરૂપ નરકમાં પડી મહાન્ ક્લેશ ભોગવે છે. જો એ વાતને હવે પણ છોડી દે તો ઘણું સારૂં.

મૂલ—एगो अगरू एगो विसाव गोचे इआणि विवहाणि ।
तच्छयजं जिणद्व्वं परुप्परन्तं न विच्चन्ति ॥
प्रक० भा० २ षष्ठी० सू० १५० ॥

બધા શ્રાવકોનો ધર્મગુરૂ એકજ છે. માટે જૈનોએ ચૈત્યવંદન (જિન પ્રતિબિમ્બ મૂર્ત્તિને વંદન) દેવળ, જિનદ્રવ્યની રક્ષા અને મૂર્ત્તિપૂજા કરવી એ ધર્મ છે.

સમીક્ષક—જુઓ! મૂર્ત્તિપૂજાનો જેટલો કલહ ચાલ્યો છે, તે બધો જૈનોને ત્યાંથી ચાલ્યો છે. પાખંડોનું મૂળ પણ જૈનમત જ છે.

શ્રાધ્ધ દિનકૃત્યપૃષ્ટ ૧ માં મૂર્ત્તિપૂજાનાં પ્રમાણ:—

नवकारेण विवोहो ॥ १ ॥ अनुसरणं सावउ ॥ २ ॥
वयाइं इमे ॥ ३ ॥ जोगो ॥ ४ ॥ चिय वन्दणगो ॥ ५ ॥
यच्चरखाणं तु विहि पुच्छम् ॥ ६ ॥

ઇત્યાદિ, શ્રાવકોએ પ્રથમદ્વારમાં નવકારનો જપ કરવો ૧. નવકાર જપ્યા પછી બીજા દ્વારમાં "હું શ્રાવક છું" એમ સ્મરણ કરવું ૨. ત્રીજા દ્વારમાં અમારા અણુવ્રતાદિ કેટલાં છે ૩. ચોથા દ્વારમાં ચાર વર્ગમાં મોક્ષ અગ્રગામી છે, અને એનું સાધન જ્ઞાનાદિક જે યોગ કહેવાય છે એના બધા અતીચારો નિર્મળ કરવાને ૬ આવસ્યક કારણ છે તે પણ ઉપચારથી યોગ કહેવાય છે જે યોગ આગળ કહેવામાં આવશે. પાંચમાં દ્વારમાં ચૈત્યવંદન અર્થાત્ મૂર્ત્તિને નમસ્કાર (દ્રવ્યભાવ પૂજા આગળ કહેવામાં આવશે) છઠ્ઠા દ્વારમાં પ્રત્યાખ્યાન દ્વાર નવકારશી પ્રમુખ પૂજા વિધિપૂર્વક કરીશ. એ ગ્રન્થમાં આગળ આગળ ઘણી વિધિઓ લખી છે. સંધ્યાના ભોજન વખતે તીર્થંકરોની મૂર્ત્તિ પૂજવી અને દ્વાર પૂજવું. દ્વાર પૂજામાં ઘણા બખેડાઓ છે.

મંદિર બનાવવાના નિયમો:—

મંદિર બંધાવવાથી અને જુના મંદિરો સુધારવાથી મુક્તિ મળે છે. મંદિરમાં આ પ્રમાણે જઇને બેસવું, ઘણા ભાવથી અને પ્રીતિથી પૂજા કરવી.

" नमो जिनेन्द्रेभ्यः " ઇત્યાદિ મંત્રોથી સ્નાન કરાવવું અને जलचन्दनपुष्पधूपदीप नैः " ઇત્યાદિ વચનોથી ગંધ આદિ ચડાવવાં.

રત્નસારભાગના ૧૨ મા પૃષ્ઠમાં મૂર્તિપૂજાનું આ પ્રમાણે ફળ લખ્યું છે કે પૂજારીને રાજા અથવા પ્રજા કોઈપણ રોકી શકે નહિ.

સમીક્ષકઃ—એ બધી વાત કપોલકલ્પિત છે, કારણ કે ઘણા જૈન પૂજારીઓને રાજા આદિ રોકે છે.

રત્નસાગર પૃષ્ઠ ૩ માં લખ્યું છે મૂર્તિપૂજા કરવાથી રોગ, પીડા તથા મહાદોષ છૂટી જાય છે. કોઈ એક માણસે ૫ કોડીનું ફુલ ચડાવ્યું હતું તેથી તે અરાઢ દેશનો રાજા થયો જેનું નામ કુમારપાલ હતું.

સમીક્ષક—એ બધી વાતો ખોટી છે મૂર્ખોને લોભમાં નાંખવાને જ બનાવવામાં આવી છે, કારણ કે ઘણા જૈન લોકો પૂજા કરતા કરતા રોગી રહે છે, એક વીઘાની જમીનદારી પણ પાષાણ આદિ મૂર્તિની પૂજા કરવાથી મળતી નથી. જો પાંચ કોડીનું ફુલ ચડાવવાથી રાજ્ય મળતું હોય તો પાંચ-પાંચ કોડીના ફુલો ચડાવી સંપૂર્ણ ભૂગોળનું રાજ્ય શા માટે નથી કરી લેતા ? શામાટે રાજદંડ ભોગવે છે ! જો મૂર્તિપૂજા કરવાથી ભવસાગર તરી શકાતો હોય તો જ્ઞાન, સમ્યગ્દર્શન અને ચારિત્ર્યની શી જરૂર છે !

રત્નસાર પૃષ્ઠ ૧૩ માં લખ્યું છે કે-" ગૌતમના અંગુઠામાં અમૃત છે અને એનું સ્મરણ કરવાથી મનોવાંછિત ફળ મળે છે " ! ! !

સમીક્ષક—જો એમ હોય તો બધા જૈન લોકો અમર થઇ જવા જોઇએ પરન્તુ એમ નથી; તેથી એ વાત કેવળ મૂર્ખોને બહકાવવાની છે, બીજું એમાં કશું તત્ત્વ નથી.

એની પૂજા કરવાનો શ્લોક રત્નસાર પૃષ્ઠ પર (બાવન) માં છેઃ—

जलचन्दनधूपनैरथ दीपाक्षतकैर्नैवेद्यवस्त्रैः ।
उपचारवरैर्जिनेन्द्रान् रुचिरैरद्य यजामहे ॥

અમે જળ, ચંદન, ચોખા, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, વસ્ત્ર અને અતિ શ્રેષ્ઠ ઉપચારો વડે જિનેન્દ્ર, અર્થાત્ તીર્થંકરોની પૂજા કરીએ. આ ઉપરથી મનાય છે કે મૂર્તિપૂજા જૈનોથી ચાલી છે.

વિવેકસાર પૃષ્ઠ ૨૧:-જિન મંદિરમાં મોહ થતો નથી અને તેથી ભવસાગર તરી શકાય છે.

વિવેકસાર પૃષ્ઠ ૫૧ થી ૫૨—મૂર્તિપૂજા કરવાથી મુક્તિ મળે છે. જૈન મંદિરમાં જવાથી સદ્‌ગુણ આવે છે, જે માણસ જળ અને ચંદનથી તીર્થંકરોની પૂજા કરે છે તે નરકમાંથી છૂટી સ્વર્ગમાં જાય છે.

વિવેકસાર પૃષ્ઠ ૫૫—જૈન મંદિરમાં ઋષભદેવાદિની પૂજા કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મળે છે,

વિવેકસાર પૃષ્ઠ ૬૧-જો જગત્ જૈનમૂર્તિની પૂજા કરે તો બધું જગત્ ક્લેશથી છૂટી જાય.

સમીક્ષક—હવે જુઓ એ લોકોની અવિદ્યા ભરેલી વાતો કે જે તદ્દન અસંભવિત છે. જો એ પ્રમાણે પાપાદિ કર્મો છૂટી જતાં હોય, મોહ ન આવતો હોય, ભવસાગર તરી જવાતો હોય, સદ્‌ગુણ પ્રાપ્ત થતા હોય, નરકને છોડી સ્વર્ગમાં જવાતું હોય, ધર્મ, અર્થ કામ અને મોક્ષની પ્રાપ્તિ થતી હોય અને બધા ક્લેશો છુટી જતા હોય, તો શામાટે જૈન લોકો બધા પદાર્થોને મેળવી સુખી થતા નથી?

વિવેકસાર પૃષ્ઠ ૩-જે જિન મૂર્તિનું સ્થાપન કરે છે તેને પોતાને અને પોતાના કુટુંબને આજીવિકા મળે છે.

વિવેકસાર પૃષ્ઠ ૨૨૫—શિવ, વિષ્ણુ આદિની મૂર્તિની પૂજા કરવી એ ઘણું ખરાબ છે અર્થાત્ એ નરકનું સાધન છે.

સમીક્ષક—જો શિવ આદિ મૂર્તિઓ નરકનું સાધન હોય તો, જૈનોની મૂર્તિઓ પણ કેમ નહિ ? જો કહો કે અમારી મૂર્તિઓ ત્યાગી અને શાન્ત તથા શુભમુદ્રાવાળી છે, પણ શિવ આદિની મૂર્તિઓ એવી નથી, માટે શિવ આદિની મૂર્તિઓ ખરાબ છે. પણ અમે તમને પૂછીએ છીએ કે તમારી મૂર્તિઓ લાખો રૂપીઆવાળા મંદિરમાં રહે છે, અને ચંદન કેશર આદિ ચડે છે, તો પછી ત્યાગી કેમ થઇ શકે ? શિવ આદિની મૂર્તિ તો છાયા વગરના પ્રદેશમાં પણ રહે છે, તો પછી એ ત્યાગી કેમ નહિ ? જો કહો કે અમારી મૂર્તિઓ શાંત છે, તો મૂર્તિઓ જડ હોવાથી બધી નિશ્ચલ રહે છે. અતએવ બધા મતવાળાની મૂર્તિઓ શાન્ત જ છે, માટે બધા મતવાળાની મૂર્તિપૂજા વ્યર્થ છે.

પ્રશ્ન—અમારી મૂર્તિઓ વસ્ત્ર આભુષણ આદિ ધારણ નથી કરતી માટે સારી છે.

ઉત્તર—બધા સામે મૂર્તિઓ નગ્ન રાખવી એ પશુઓના જેવી લીલા છે.

પ્રશ્ન—જેમ સ્ત્રીનું ચિત્ર અથવા મૂર્તિ જોવાથી કામની ઉત્પત્તિ થાય છે, તેમ સાધુ અને યોગીઓની મૂર્તિઓ જોવાથી સારા ગુણોની પ્રાપ્તિ થાય છે.

ઉતર—જો પાષાણ આદિની મૂર્તિઓ જોવાથી શુભ પરિણામ માનતા હો, તો એના જડત્વ ગુણો પણ તમારામાં આવી જશે. જ્યારે તમે જડબુદ્ધિવાળા થશો ત્યારે સર્વથા નષ્ટ થઇ જશો. બીજા વિદ્વાનોનો સંગ ન કર્યાથી દઢતા અધિક થશે, અને અગ્યારમા સમુલ્લાસમાં મૂર્તિપૂજા કરવામાં જે દોષો બતાવ્યા છે તે બધા મૂર્તિપૂજકોને લાગશે.

જૈનોએ જેમ મૂર્તિપૂજામાં ખોટો કોલાહલ મચાવ્યો છે, તેમ તેમના મંત્રોમાં પણ ઘણી અસંભવિત વાતો લખી છે.

રત્નસારભાગ પૃ૦ ૧:—

नमो अरिहन्ताणं नमो सिद्धाणं नमो आयरियाणं नमो उवज्झायाणं नमो लोए सव्वसाहूणं । एसो पञ्च नमुक्कारो सव्व पावप्पणासणो मंगलाचरणं च सव्वे सिपढमं हवइ मंगलम् ॥ १ ॥

એ મંત્રનું ઘણું માહાત્મ્ય લખ્યું છે. બધા જૈનોનો એ ગુરૂમંત્ર છે. એનું એટલું બધું માહાત્મ્ય લખ્યું છે કે તંત્ર, પુરાણ અને ભાટોની કથાને તેણે પરાજિત કરી મૂક્યા છે.

શ્રાદ્ધદિનકૃત્ય પૃ૪ ૩:—**नमुक्कार तउपढे ॥ ९ ॥**

जउकव्वं । मन्ताणमन्तो परमो इमुत्ति धेयाणधेयम् परमं इमुत्ति ।
तत्ताणतत्तं परमं पवित्तं संसारसत्ताणदुहाहयाणं ॥ १० ॥
ताणं अन्नन्तु नो अत्थि । जीवाणं भवसायरे ।
बुड्डूं ताणं इमं मुत्तुं । नमुक्कारं सुपोययम् ॥ ११ ॥
कव्वं अणेगजम्मंतरसं चिआणं । दुहाणं सारीरिअमाणुसाणु साणम्
कत्तोय भव्वाणभविज्जनासो नजावपत्तो नवकारमंतो ॥ १२

જે આ મંત્ર છે તે પવિત્ર અને પરમ મંત્ર છે તે ધ્યાન કરવાને યોગ્ય છે પરમ ધ્યેય છે તત્ત્વોમાં પરમ તત્ત્વ છે, નવકાર મંત્ર દુઃખોથી પીડિત સંસારી જીવોને સમુદ્રમાં ડુબનારને જેમ નૌકા છે તેવો છે. ૧૦

જે આ નવકાર મંત્ર છે તે નૌકા જેવો છે, એને જે છોડી દે છે તે ભવસાગરમાં ડૂબી જાય છે, અને જે એ મંત્રનું ગ્રહણ કરે છે તે દુઃખોને તરી જાય છે. જીવોને દુઃખોથી અલગ રાખનાર, સર્વ પાપોનો વિનાશક અને મુક્તિ આપનાર એ મંત્રના જેવો બીજો કોઇ નથી ૧૧

અનેક જન્માન્તરોમાં ઉત્પન્ન થનાર શરીર સંબંધી દુઃખોથી અને ભવસાગરમાંથી ભવ્ય જીવોને તારનાર એજ મંત્ર છે. જ્યાં સુધી નવકાર મંત્ર નથી મળ્યો ત્યાંસુધી જીવ ભવસાગરમાંથી તરી શકતો નથી. આ અર્થ સૂત્રમાં કહ્યો છે. અગ્નિ આદિ જે આઠ મહા ભય છે એમાં સહાયતા કરનાર નવકાર મંત્ર સિવાય બીજો કોઇ નથી. જેમ વૈદૂર્ય નામક મહારત્નનું ગ્રહણ કરવામાં આવે છે તથા જેમ શત્રુઓના ભયમાં અમોઘ શસ્ત્રનું ગ્રહણ કરવામાં આવે છે તેમ શ્રુત કેવલીનું ગ્રહણ કરવું. બધી દ્વાદશાંગીનું નવકાર મંત્ર રહસ્ય છે. એ મંત્રનો અર્થ આ પ્રમાણે છે:—

नमो अरिहंताणम् । સર્વ તીર્થંકરોને નમસ્કાર.

नमो सिद्धाणम् । જૈન મતના બધા સાધુઓને નમસ્કાર.

नमो आयरियाणम् । જૈન મતના બધા આચાર્યોને નમસ્કાર,

नमो उवज्झायाणम् । જૈન મતના બધા ઉપાધ્યાયોને નમસ્કાર.

नमो लोए सव्व साहूणं । જેટલા જૈનમતના સાધુઓ આ લોકમાં છે તે બધાને નમસ્કાર

જો કે મંત્રમાં જૈનપદ નથી તોપણ જૈનોના અનેક ગ્રન્થોમાં જૈનેતર કોઇને પણ નમસ્કાર કરવા નહિ એમ લખ્યું છે, માટે એજ અર્થ ઠીક છે.

તત્વવિવેક પૃષ્ઠ ૧૬૯:—જે માણુસ લાકડાને અથવા પત્થરને દેવ બુધ્ધિ કહીને પૂજે છે તે સારાં ફળ મેળવે છે.

સમીક્ષક-જો એમ હોય તો સવ કોઇ દર્શન કરી સુખરૂપ ફળ કેમ નથી મેળવતો ?

રત્નસાર ભાગ પૃષ્ઠ ૧૦-પાર્શ્વનાથની મૂર્ત્તિના દર્શન કરવાથી પાપનો નાશ થાય છે,

કલ્પભાષ્ય પૃષ્ઠ ૫૧:—સવાલાખ મંદિરોનો જીર્ણોધ્ધાર કર્યો,

ઇત્યાદિ મૂર્ત્તિપૂજાના વિષયમાં એ લોકોના ઘણા લેખો છે. એથી માલુમ પડે છે કે મૂર્ત્તિપૂજાનું મુળ કારણ જૈનમત છે.

હવે જૈનના સાધુઓની લીલા જુઓ:—

વિવેકસાર પૃષ્ઠ ૨૨૮—એક જૈન સાધુ કોશા નામની વેશ્યા સાથે ભોગ કરી પછી સ્વર્ગમાં ગયો ! !

વિવેકસાર પૃષ્ઠ ૧૦-અર્ણક નામનો મુનિ ચારિત્ર્યથી ભ્રષ્ટ થયો અને પછી દત્ત-નામના શેઠને ત્યાં વિષય ભોગ કરી દેવ લોકમાં ગયો ! ! શ્રીકૃષ્ણના પુત્ર ઢંઢણ મુનિને સ્થાળીઓ (સ્યાલીઓ) ઉપાડી લઇ ગયો અને પછી દેવતા થયો ! !

વિવેકસાર પૃષ્ઠ ૧૫૬—જૈન મતનો સાધુ જો લિંગધારી અર્થાત્ કેવળ વેષધારી હોય તોપણ શ્રાવકોએ તેનો સત્કાર કરવો. સાધુ શુદ્ધ ચરિત્રવાળો હોય અથવા અશુદ્ધ ચરિત્રવાળો હોય તોપણ પૂજનીય છે.

વિવેકસાર પૃષ્ઠ ૧૬૮-જૈનમતનો સાધુ ચરિત્રહીન હોય તોપણ બીજા સાધુઓના કરતા શ્રેષ્ઠ છે.

વિવેકસાર પૃષ્ઠ ૧૭૧—શ્રાવક લોકો જો જૈન સાધુઓને ચારિત્ર્યહીન ભ્રષ્ટાચારી જુએ તોપણ તેઓએ તેમની સેવા કરવી.

વિવેકસાર પૃષ્ઠ ૨૧૬-એક ચોર પાંચ મુઠી લુંચન કરી સાધુ થઇ ગયો, તેણે પશ્ચાત્તાપ કર્યો અને અનેકવિધ કષ્ટ તપો કર્યા પછી છઠ્ઠે મહીને કેવળ જ્ઞાન મેળવી સિદ્ધ થઇ ગયો.

સમીક્ષક—જુઓ એમના સાધુઓની અને ગૃહસ્થોની લીલા એમના મતમાં ઘણા કુકર્મ કરનારા સાધુઓ પણ સદ્ગતિ પામ્યા છે ! !

વિવેકસાર પૃષ્ઠ ૧૦૬-શ્રીકૃષ્ણ ત્રીજા નરકમાં ગયા છે ! ! !

વિવેકસાર પૃષ્ઠ ૧૪૫-ધન્વંતરી નરકમાં ગયા છે ! ! !

વિવેકસાર પૃષ્ઠ ૪૮–જોગી, જંગમ અને મુલ્લા આદિ કેટલાએક અજ્ઞાનથી દુઃખમય તપ કરી કુગતિ પામે છે,

રત્નસાર ભા. પૃષ્ઠ ૧૭૧–નવ વાસુદેવ અર્થાત્ ૧ ત્રિપૃષ્ઠ વાસુદેવ ૨ દ્વિપૃષ્ઠ વાસુદેવ ૩ સ્વયંભૂવાસુદેવ, ૪ પુરૂષોત્તમ વાસુદેવ, ૫ સિંહપુરૂષ વાસુદેવ, ૬ પુરૂષપુંડરીક વાસુદેવ, ૭ દત્ત વાસુદેવ, ૮ લક્ષ્મણ વાસુદેવ અને ૯ શ્રીકૃષ્ણ વાસુદેવ એ બધા અગ્યારમા, બારમા, ચૌદમા, પંદરમા, અરાઢમા, વીશમા અને બાવીશમા તીર્થંકરોના વખતમાં નરકમાં ગયા છે.

૯ નવ પ્રતિવાસુદેવ અર્થાત્ ૧ અશ્વગ્રીવ પ્રતિવાસુદેવ ૨ તારકદેવપ્રતિવાસુદેવ ૩ મોદક પ્રતિવાસુદેવ, ૪ મધુપ્રતિવાસુદેવ. ૫ વિશુંભપ્રતિવાસુદેવ. ૬ બલીપ્રતિવાસુદેવ, ૭ પહ્લાદ્પ્રતિ વાસુદેવ, ૮ રાવણપ્રતિવાસુદેવ અને ૯ જરાસિંધુ પ્રતિ વાસુદેવ એ બધા પણ નરકમાં ગયા છે !!

કલ્પભાષ્યમાં લખ્યું છે:—ઋષભદેવથી લઇ મહાવીર પર્યંત ૨૪ ચોવીસ તીર્થંકરો મોક્ષ પામ્યા છે.

સમીક્ષક–કોઇ બુદ્ધિમાન્ માણસે જૈનોને પૂછવું જોઇએ કે તમારા સાધુ ગૃહસ્થો અને તીર્થંકરો કે જેમાં વેશ્યાગામી, પરસ્ત્રીગામી અને ચોર આદિ હતા, તે બધા જૈનમતવાળા હોવાથી સ્વર્ગમાં ગયા !! અને શ્રીકૃષ્ણ આદિ મહાધાર્મિક મહાત્માઓ નરકમાં ગયા ! ! એ કેટલી બધી ખરાબ વાત છે ! ! ! જો વિચાર કરવામાં આવે તો સારા માણસોએ જૈનોનો સંગ કરવો અથવા દર્શન કરવું પણ સારૂં નથી, કારણ કે એ લોકોનો સંગ કરવાથી એવી એવી અસત્ય વાતોથી હૃદય રંગાઇ જાય છે. એ હઠી અને દુરાગ્રહી માણસોનો સંસર્ગ કરવાથી ખરાબી સિવાય બીજું કશું પણ મળી શકશે નહિ. જૈનમાં જે સારા માણસો છે તેની સાથે સંગ કરવામાં કશો વાંધો નથી. (અને તેવા જૈનમતમાં પડયા પણ રહેશે નહિ.)

વિવેકસાર પૃષ્ઠ ૫૫–ગંગા આદિ તીર્થ અને કાશી આદિ ક્ષેત્રો સેવવાથી જરા પણ પરમાર્થ થઇ શકતો નથી, પણ ગિરનાર, પાલીટાણા અને આબુ આદિ તીર્થો સેવવાથી મુકિત મળેછે.

સમીક્ષક–અહીંઆ વિચારવું જોઇએ કે શૈવ અને વૈષ્ણવ આદિના જલાત્મક અને સ્થલાત્મક તીર્થો જડ સ્વરૂપ છે તેવાંજ જૈનોના પણ છે, તો પછી એમાં એકની નિંદા અને બીજાની સ્તુતિ કરવી એ મૂર્ખતાનુંજ પરિણામ છે.

જૈનોની મુક્તિનું વર્ણન.

રત્નસાર ભા. પૃષ્ઠ ૨૩ મહાવીર ગૌતમને કહે છે કે ઉર્ધ્વલોકમાં એક સિદ્ધ શિલા છે જે સ્વર્ગપુરીની ઉપર છે. એ સિદ્ધશિલા પીસતાળીસ લાખ યોજન લાંબી છે અને તેટલીજ પહોળી છે. ૮ યોજન જાડી છે. સફેદ મોતીના હાર જેવી અથવા દૂધ જેવી અથવા તેના કરતાં પણ વધારે ઉજળી છે, સોનાના જેવી પ્રકાશમાન છે અને સ્ફટિક જેવી નિર્મળ છે. એ સિદ્ધશિલા ચૌદ લોકની શાખા ઉપર છે. એ સિધ્ધશિલા ઉપર શિવપુર ધામ છે. તેની અંદર

મુક્ત જીવ અધર રહે છે. ત્યાં મુક્ત જીવોને જન્મમરણાદિનો દોષ હોતો નથી. હમેશાં આનંદમાં રહે છે, તેઓને પુનર્જન્મ-મરણ નથી, કારણ કે તે બધા કર્મોથી છૂટેલા હોય છે. આ પ્રમાણે જૈનોની મુક્તિનું સ્વરૂપ છે.

સમીક્ષક-પૌરાણિક લોકો જેમ મુક્તિનું સ્થાન વૈકુંઠ, કૈલાસ, ગોલોક અને શ્રીપુર આદિ માને છે. ઇસાઇ લોકો મુક્તિનું સ્થાન ચોથું આસમાન માને છે અને મુસલમાન લોકો સાતમું આસમાન માને છે, તેમ જૈન લોકો પણ સિદ્ધશિલા અને શિવપુર માને છે, જેને જૈન લોકો ઉંચું માને છે તેનેજ નીચે રહેનારા (જે આપણાથી નીચે રહે છે તે) નીચું કહે છે કારણ કે ઉંચું નીચું એ કોઇ વ્યવસ્થિત પદાર્થ નથી. આર્યાવર્ત્તનિવાસી જૈનલોકો જેને ઉંચુ સમજે છે તેને અમેરિકાવાળા નીચું સમજે છે. અને આર્યાવર્તવાસી જેને નીચું માને છે તેને અમેરિકાવાળા ઉંચું માને છે.

તે શિલા ૪૫૦૦૦૦૦ પીસતાળીશ લાખથી બમણી લાંબી પહોળી હોય તોપણ મુક્ત જીવો બંધનમાં જ છે, કારણ કે તે શિલા અથવા શિવપુરમાંથી બ્હાર નિકળવાથી મુકિત નષ્ટ થઇ જતી હશે; માટે હમેશાં એમાં રહેવામાં જ પ્રીતિ અને બહાર નીકળવામાં અપ્રીતિ કરતા હશે. એવા બંધનસ્થાનને જૈનલોકો મુક્તિ કેમ કહેતા હશે ! મુક્તિ તો જેવી નવમા સમુલ્લાસમાં વર્ણવી છે તેવી માનવી ઠીક છે. જૈનલોકો પણ મુક્તિના વિષયમાં ભ્રમમાં પડયા છે. વેદનું યથાર્થ જ્ઞાન થયા શિવાય મુક્તિનું સ્વરૂપ કોઇપણ કદીપણ જાણી શકતો નથી.

જૈનોની થોડી વધારે અસંભવિત વાતો સાંભળોઃ--

વિવેકસાર પૃષ્ઠ ૯૮-જ્યારે મહાવીરનો જન્મ થયો ત્યારે તેને એક કરોડ અને સાઠ લાખ કળસ (લોટા) થી સ્નાન કરાવ્યું. ! ! !

વિવેકસાર પૃષ્ઠ ૧૩૬-દશાર્ણ રાજા મહાવીરનાં દર્શન કરવા ગયો ત્યાં તેને અભિમાન આવ્યું તે અભિમાનને દૂર કરવા માટે ૧૬, ૭૭, ૭૨, ૧૬૦૦૦ ઇંદ્રો આવ્યા હતા અને ૧૩,૩૭,૦૫, ૭૨, ૮૦, ૦૦૦૦૦૦૦ ઇંદ્રાણીઓ આવીહતી. એને જોઇ રાજા ઘણો આશ્ચર્યિત થયો ! !

સમીક્ષક-હવે જરા વિચાર કરો કે ઇંદ્ર અને ઇંદ્રાણીઓને ઉભા રહેવાને વાસ્તે આવા કેટલા ભૂગોળો જોઇએ ?

શ્રાદ્ધદિનકૃત્ય-આત્મનિંદા ભાવના પૃષ્ટ ૩૧, વાવ, કુવા અને તળાવ બંધાવવા ન જોઇએ.

સમીક્ષક-જો બધા જનમતાનુયાયીઓ થઇ જાય અને કોઇ પણ કુવા, વાવ અને તળાવ આદિ ન બંધાવે તો પાણી કયાંથી પીએ !

પ્રશ્ન-તળાવ બનાવવાથી એમાં જીવ પડે છે તેથી બંધાવનારને પાપ લાગે છે માટે અમે જૈન લોકો એ કામ કરતા નથી.

ઉત્તર–તમારી બુધ્ધિ નષ્ટ કેમ ન થઇ ગઇ ? જેમ ક્ષુદ્ર જીવોના મરવાથી પાપ માનો છો તેમ મ્હોટાં પ્રાણીઓ જેવાં કે ગાય આદિ પશુઓ અને મનુષ્યોને જળ મળવાથી મહા પુણ્ય થાય છે એમ કેમ નથી માનતા !

તત્વવિવેક પૃષ્ઠ ૧૯૬–આ નગરમાં એક નંદ મણિકાર નામના શેઠે વાવ ખોદાવી તેથી તે ધર્મભ્રષ્ટ થયો અને તેથી તેને સોળ મહા રોગ થયા, જેથી મરીને તે એજ વાવમાં દેડકો થયો ! ! ! મહાવીરના દર્શન કરવાથી એને જાતિસ્મરણ જ્ઞાન થયું, મહાવીર કહે છે કે મ્હારૂં આગમન જાણી મને પૂર્વ જન્મનો ધર્માચાર્ય જાણી વંદન કરવા આવવા લાગ્યો, પણ માર્ગમાં શ્રેણિકના ઘોડાની ઠોકર લાગવાથી મરણ પામ્યો; સારા ધ્યાનમાં મરવાથી એ દર્દુરાંક નામનો મહાર્ધ્ધક દેવતા થયો અવધિ જ્ઞાનથી મને અહીં આવેલો જાણી વંદના કરવા આવ્યો અને રૂદ્ધિ (રિદ્ધિ) બતાવી ચાલ્યો ગયો ! ! !

સમીક્ષક–એવી અસંભવ વાતો કરનાર મહાવીરને સર્વોત્તમ માનવો એ મોટી ભ્રાન્તિ છે.

શ્રાદ્ધદિનકૃત્ય પૃ૦ ૧૬–મૃતકનાં વસ્ત્રો સાધુઓએ લેવાં.

સમીક્ષક–જુઓ એમના સાધુઓ પણ મહાબ્રાહ્મણ (ચાંડાળ) જેવા થઇ ગયા, વસ્ત્ર તો સાધુ લે પણ મૃતકના આભૂષણ કોણે લેવાં ? ઘણા મૂલ્યવાળાં હોવાથી ઘરમાં જ રાખી મૂકતાં હશે. જો એમ હોય તો પોતે કોણ થયા ?

રત્નસાર પૃ૦ ૧૦૫–ભૂંજવામાં, ખાંડવામાં, દળવામાં અને અન્ન પકાવવામાં પાપ લાગે છે.

સમીક્ષક–હવે જુઓ એ લોકોનું અજ્ઞાનિપણું. જો એ કામ ન કરવામાં આવે તો મનુષ્યાદિ પ્રાણીઓ કેવી રીતે જીવી શકે ? જૈન લોકો પણ પીડિત થઇ મરી જાય.

રત્નસાર પૃષ્ઠ ૧૦૪–બગીચો બનાવવાથી એક લાખ પાપ માળીને લાગે છે.

સમીક્ષક–જો માળીને એક લાખગણું પાપ થતું હોય, તો એ બગીચાનાં પત્ર, ફળ અને ફુલથી અને છાયાથી જે જીવો આનંદ લે છે તેને આનંદ પહોંચાડયાનું કરોડગણું પુણ્ય પણ થવું જોઇએ. એની ઉપર જરા પણ ધ્યાન ન આપ્યું ! એ કેટલું બધું અજ્ઞાન સૂચવે છે.

તત્વ વિવેક પૃ૦ ૨–એક દિવસ લબ્ધિ નામનો સાધુ ભૂલથી વૈશ્યાને ઘેર ચાલ્યો ગયો, અને ધર્મથી ભિક્ષા માગી. વૈશ્યાએ કહ્યું કે અહીંઆ ધર્મનું કામ નથી કિંતુ અર્થનું કામ છે. તેથી તે લબ્ધિ સાધુએ તેણીના ઘરમાં ૧૨૫૦૦૦૦ સાડા બાર લાખ અશરફીનો વરસાદ કરી દીધો !!!

સમીક્ષક–મહામૂર્ખ સિવાય એ વાતને બીજો કોણ સાચી માને !

રત્નસાર ભા. પૃ૦ ૬૭–એક પાષાણની મૂર્તિ ઘોડા ઉપર ચડી પોતાના સ્મારક પાસે જઇ તેની રક્ષા કરે છે ! ! !

સમીક્ષક–જૈનો કહો, આજ કાલ પણ તમારે ઘેર ચોરી અને લુંટફાટ થાય છે અને શત્રુથી ભય પણ રહે છે તો એ દેવીનું સ્મરણ કરી શામાટે પોતાનું રક્ષણ નથી કરતા ! શા માટે જ્યાં ત્યાં પોલીસ આદિ રાજસ્થાનમાં માર્યા માર્યા ફરો છો ?

હવે એ લોકોના સાધુઓનાં લક્ષણઃ—

सरजोहरणभैक्ष्यभुजो लुञ्चितमूर्द्धजाः ।
श्वेताम्बराः क्षमाशीला निःसंगा जैनसाधवः ॥ १ ॥
लुञ्चिता पिच्छिकाहस्ता पाणिपात्रा दिगम्बराः ।
उर्ध्वासिनो गृहे दातुर्द्वितीयाः स्युर्जिनर्षयः ॥ २ ॥
भुङ्क्ते न केवलं न स्त्री मोक्षमेति दिगम्बरः ।
प्राहुरेषामयं भेदो महान् श्वेताम्बरैः सह ॥ ३ ॥

ઉપરના શ્લોકો જિનદત્તસૂરીએ લખ્યા છે. તેમાં જૈન સાધુઓનાં લક્ષણ બતાવવામાં આવ્યાછે.

અર્થ:—(सरजोहरण) ચમરી અર્થાત્ ઓઘો, ભિક્ષા માગવી, માથાના વાળનું લુંચન કરવું, સફેદ વસ્ત્ર ધારણ કરવાં, ક્ષમાવાન્ થઇને રહેવું અને કોઇનો સંગ કરવો નહિ. એવા લક્ષણવાળા જે જૈનના સાધુઓ છે તેઓ શ્વેતાંબર જૈનના સાધુઓ કહેવાય છે. ૧

બીજા દિગંબરના સાધુઓ હોય છે કે જે વસ્ત્રો ધારણ કરતા નથી. માથાના વાળ કાઢી નાંખે છે. એક પીછીકા (ઓઘો) ઝાડુ કાઢવાને માટે રાખે છે, તેને બગલમાં રાખે છે. જો કોઇ ભિક્ષા આપે તો હાથમાં લઇને ખાઇ જાય છે. ૨

ભિક્ષાદાતા ગૃહસ્થ જ્યારે ભોજન કરી લે છે ત્યારે ભોજન કરે છે તે જિનર્ષિ અર્થાત્ ત્રીજા પ્રકારના સાધુ કહેવાય છે.

દિગંબર અને શ્વેતામ્બરમાં આટલોજ ભેદ છે કે " દિગંબર લોકો સ્ત્રીને મોક્ષ નથી મળતો " એમ માને છે અને શ્વેતાંબર લોકો સ્ત્રીને પણ મોક્ષ મળે છે એમ માને છે. ૩

એ પ્રમાણે એ લોકોના સાધુઓમાં ભેદ છે. જૈન સાધુઓનું કેશ-લુંચન પ્રસિદ્ધ છે અને પાંચ મુઠી લુંચન કરવું ઇત્યાદિ પણ લખ્યું છે.

વિવેકસાર પૃ૦ ૨૧૬-પાંચ મુઠી લુંચન કરી ચારિત્ર્ય ગ્રહણ કર્યું અર્થાત્ પાંચ મુઠી વાળ ઉખાડી સાધુ થયો.

કલ્પ સૂત્ર ભાષ્ય પૃ૦ ૧૦૮—જ્યારે કેશનુ લુંચન કરે, ગાયના વાળો જેવા રાખે.

સમીક્ષક—જૈન લોકો કહો, તમારો દયા ધર્મ કયાં ગયો? શું આ હિંસા નથી? પોતાને હાથે લુંચન કરે અથવા ગુરૂને હાથે લુંચન કરાવે, પણ તે જીવને કેટલું બધુ કષ્ટ થતું હશે? જીવને કષ્ટ આપવું એજ હિંસા કહેવાય છે.

વિવેકસારમાં લખ્યું છે કે સંવત ૧૬૬૩ માં શ્વેતામ્બરમાંથી ઢુંઢીઆ અને ઢુંઢીઆમાંથી તેરાપંથી આદિ ઢોંગી નીકળ્યા છે. ઢુંઢીઆ લોકો પાષાણાદિ મૂર્તિઓને માનતા નથી પણ એ

લોકો ભોજન અને સ્નાન સિવાયના વખતે મોઢા ઉપર પટ્ટી (મુમતી) બાંધી રાખે છે, યતિ લોકો પણ જ્યારે પુસ્તક આદિ વાંચે છે ત્યારે તેઓ પણ મોઢા ઉપર પટ્ટી રાખે છે.

પ્રશ્ન–મોઢા ઉપર પટ્ટી જરૂર બાંધવી જોઇએ. કારણ કે એથી વાયુકાયના (વાયુમાં જે સૂક્ષ્મ જીવો રહે છે તે) જીવોનું રક્ષણ થાય છે. નહિ તો મોઢામાંથી નીકળતી બાફની ઉષ્ણતાથી એ જીવો મરી જાય અને તેથી પાપ લાગે; માટે મોઢા ઉપર પટ્ટી બાંધવી એ અમો યોગ્ય સમજીએ છીએ.

ઉત્તર–એ કથન વિદ્યા અને પ્રત્યક્ષાદિ પ્રમાણોથી વિરૂદ્ધ છે, કારણ કે જીવ અજર અને અમર છે તો પછી તે મોઢાની બાફથી કેવી રીતે મરે ! તમે જીવને અજર અને અમર માનો છો કે નહિ?

પ્રશ્ન—જીવ તો નથી મરતો પણ મોઢાના ગરમ વાયુથી એ જીવોને પીડા થાય છે, માટે મુખ ઉપર પટ્ટી બાંધવી જોઇએ.

ઉત્તર—એ વાત પણ સર્વથા અસંભવિત છે, કારણ કે પીડા દીધા સિવાય કોઇ પણ જીવનો જરા પણ નિર્વાહ થઇ શકતો નથી. જ્યારે તમારા મતમાં મોઢાના વાયુથી જીવોને પીડા થાય છે તો પછી ચાલવાથી, ફરવાથી, બેસવાથી, હાથ ઉપાડવાથી અને નેત્રાદિના ચલાવવાથી પણ પીડા જરૂર થતી હશે માટે તમે જીવોને પીડા કરવાથી જરા પણ બચી શકતા નથી.

ઉત્તર—હા, ઠીક છે. પણ જ્યાં સુધી બચી શકાય ત્યાં સુધી બચવું, જ્યાં અમે નથી બચી શકતા ત્યાં અમે લાચાર છીએ. કારણ કે વાયુ આદિ પદાર્થોમાં જીવો ભર્યા છે, માટે જો એમ મોઢે કપડું ન બાંધીએ તો ઘણા જીવો મરી જાય અને બાંધીએ તો થોડા મરે.

ઉત્તર—એ કથન પણ તમારૂં યુક્તિ શૂન્ય છે, કારણ કે કપડું બાંધવાથી જીવને વધારે દુઃખ થાય છે. જુઓ ! તમારા મત પ્રમાણે કપડું બાંધવાથી મોઢાનો વાયુ રોકાઇ જાય છે. તેમ મૌન વખતે પણ રોકાય છે. પછી તે બધા જીવો ભેગા થઈ નાકમાર્ગે વેગથી નીકળે છે તેથી વધારે ઉષ્ણતા થાય છે અને જીવોને વધારે પીડા થાય છે. જેમ ઘર અથવા કોટડીના બધા બારણાં બંધ કરવામાં આવે અથવા પડદા નાખવામાં આવે ત્યારે ઉષ્ણતા વધારે થાય છે અને ખુલ્લાં મુકવાથી ઓછી ગરમી થાય છે, તેમ મોંઢે કપડું બાંધવાથી વધારે ગરમી થાય છે માટે તમારી માન્યતા પ્રમાણે ઉપરના પ્રકારે તમો જીવોને વધારે દુઃખદાતા છો. જ્યારે મોઢું બંધ કરવામાં આવે છે ત્યારે પણ રોકાયલો એકઠો થયેલો વાયુ નાક માર્ગે નીકળતાં જીવોને વધારે ક્લેશકારી થઇ પડતો હશે. જેમ કોઇ માણસ મોઢેથી અગ્નિને ફૂંકે છે અને કોઈ ભૂંગળવતી ફૂંકે છે; જ્યારે મોઢેથી ફૂંકે છે ત્યારે પવનમાં ઓછું બળ હોય છે અને ભૂંગળવતી ફૂંકે છે ત્યારે વધારે બળ હોય છે, તેમ મોઢે પટ્ટી બાંધવાથી પવન, નાક માર્ગે વધારે જોરથી ચાલે છે માટે મોઢે પટ્ટી બાંધનાર કરતાં નહિ બાંધનાર વધારે ધર્માત્મા છે.

મોઢે પટ્ટી બાંધવાથી સ્થાન–પ્રયત્ન પ્રમાણે વર્ણોનું ઉચ્ચારણ પણ થઇ શકતું નથી. નિરનુનાસિક વર્ણને બદલે સાનુનાસિક વર્ણ બોલવાથી તમને દોષ લાગે છે.

મોઢે પટ્ટી બાંધવાથી દુર્ગન્ધિ પણ વધારે થાય છે, કારણ કે શરીરમાં તો દુર્ગન્ધિ જ ભરી છે. શરીરમાંથી જેટલો વાયુ નીકળે છે તે બધો દુર્ગન્ધવાળો છે તે પ્રત્યક્ષ છે, તે જો રોકવામાં આવે તો દુર્ગન્ધી વધી જઇ પાયખાના કરતાં પણ વધારે દુર્ગન્ધી થઇ જાય અને ખુલ્લું મૂકવાથી ઓછી દુર્ગંધવાળું થાય છે. તેજ પ્રમાણે મુખ પટ્ટી બાંધવાથી અને ન બાંધવાથી થાયછે.

દંતધાવન, મુખપ્રક્ષાલન અને સ્નાન ન કરવાથી તથા વસ્ત્ર ન ધોવાથી તમારા શરીરમાંથી દુર્ગંધિ વધારે નીકળી સંસારમાં અનેક પ્રકારના રોગો ફેલાવી જીવોને જેટલા પીડાકર થાઓ છો, તેટલું પાપ તમને વધારે લાગે છે.

જેમ મેલા (વિષ્ટા) આદિમાં વધારે દુર્ગંધ હોવાથી "વિશૂચિકા" કોલેરા આદિ બહુધા રોગ ઉત્પન્ન થઇ જીવોને દુઃખદાયક થાય છે, અને ઓછી દુર્ગન્ધ હોવાથી રોગો પણ ઓછા થાય છે, તેમ તમે અધિક દુર્ગંધ વધારનાર હોવાથી અપરાધી છો અને જે લોકો મોઢે પટ્ટી નથી બાંધતા, દંત ધાવન, મુખ પ્રક્ષાલન, અને સ્નાન કરી વસ્ત્રોને તથા સ્થાનને શુદ્ધ રાખે છે, તે તમારાથી ઘણા સારા છે. જેમ અંત્યજોની દુર્ગંધથી દૂર રહેનારો ઘણો સારો છે, અન્ત્યજોની દુર્ગંધની સાથે રહેનારની બુદ્ધિ નિર્મલ થતી નથી તેમ, તમારી અને તમારા સંગીઓની બુદ્ધિ સારી થતી નથી. જેમ રોગની વૃદ્ધિ થવાથી અને બુદ્ધિની સ્વલ્પતા હોવાથી ધર્માનુષ્ઠાન થઇ શકતું નથી, તેમ તમારૂં અને તમારા સંગીઓનું પણ થતું હશે.

પ્રશ્ન—જેમ બાંધેલા મકાનમાં સળગાવેલા અગ્નિની જ્વાળા બહાર ન નીકળવાથી બહારના જીવોને દુખ આપી શકતી નથી, તેમ અમે મોઢે પટ્ટી બાંધી વાયુને રોકી બહારના જીવોને વધારે દુઃખ આપનારા થતા નથી. મોઢે પટ્ટી બાંધવાથી વાયુકાયના જીવોને દુઃખ પહોંચતું નથી, સામે બળતી અગ્નિ તરફ આડા હાથ કરવાથી ઓછો તાપ લાગે છે. વાયુના જીવો શરીરવાળા હોવાથી તેઓને જરૂર પીડા થાય છે.

ઉત્તર–એ તમારી વાત બાળકપણાની છે, કારણ કે જ્યાં છિદ્ર ન હોય અને બહારના વાયુનો જરા પણ સંબંધ ન હોય તો ત્યાં અગ્નિ સળગી શકતો નથી. જો તે તમારે જોવુ હોય તો એક દીવો સળગાવી ફાનસમાં મુકો અને પછી તેના બધાં દ્વાર બંધ કરી નાંખો તો તરતજ દીવો હોલવાઇ જશે. જેમ પૃથ્વી ઉપર રહેનારા માણસો બહારના વાયુ સિવાય જીવી શકતા નથી તેમ અગ્નિ પણ બહારના વાયુની મદદ સિવાય પ્રજ્વલિત થઇ શકતો નથી. અને એક તરફ અગ્નિનું જોર રોકવાથી બીજી તરફ અધિક વેગથી નીકળશે. આડા હાથ કરવાથી અગ્નિની આંચ મોઢે ઓછી લાગે છે પણ હાથે વધારે લાગે છે માટે તમારી વાત ઠીક નથી.

પ્રશ્ન—આ વાત તો સર્વ કોઇ જાણે છે કે જ્યારે કોઇ મોટા માણસને સાધારણ માણસ કાનમાં વાત કરે છે અથવા પાસે બેસીને વાત કરે છે ત્યારે મોઢા આડું લુગડું અથવા હાથ કરે છે, તેનો હેતુ આ જ છે કે મોઢામાંથી થુંક ન ઉડે અને સામાને દુર્ગંધ ન લાગે. જ્યારે પુસ્તક વાંચે છે ત્યારે થુંક જરૂર ઉડે છે ને તેથી પુસ્તક ઉચ્છિષ્ટ થઈ બગડી જાય છે માટે મોઢે પટ્ટી બાંધવી સારી છે.

ઉત્તર—આ તમારા કહેવાથી સિદ્ધ થાય છે કે જીવની રક્ષાને માટે મુખપટ્ટી બાંધવી વ્યર્થ છે.

મોટા માણુસની સાથે જ્યારે સાધારણુ માણુસ વાત કરે છે ત્યારે મોઢે કપડું અથવા અથવા હાથ રાખે છે તેનું પણુ કારણુ એ જ છે કે ગુપ્ત વાત કોઇ બીજો ન સાંભળી જાય. જ્યારે ખુલ્લી વાત કરવી હોય ત્યારે કોઇ પણુ મોઢે હાથ અથવા કપડું રાખતું નથી. માટે ગુપ્ત વાત કરવાને માટે ઉપરનો પ્રકાર કરવો પડે છે.

દાતણુ ન કરવાથી તમારા મોઢામાંથી ઘણી દુર્ગંધ નીકળે છે; જ્યારે તમે કોઇ પાસે બેસતા હશો, ત્યારે સામા માણુસને દુર્ગંધ સિવાય બીજુ શું મળતું હશે ?

મોઢે હાથ દેવાના તથા કપડું રાખવા બીજાં ઘણાં પ્રયોજનો છે. મનુષ્યના સમવાયમાં ગુપ્ત વાત કરવા ઇચ્છનાર માણુસ જો મોઢે હાથ અથવા કપડું ન રાખે તો બીજા તરફ વાયુ ફેલાવાથી વાત પણુ ફેલાઇ જાય. જ્યારે બે જણુ એકાન્તમાં વાત કરે છે ત્યારે કોઇ પણુ મોઢે હાથ અથવા કપડું રાખતું નથી. કારણુ કે અહીંઆ ત્રીજું કોઇ સાંભળનાર નથી. જો તમારી ઉપરની વાત માનવામાં આવે તો શુ મ્હોટા ઉપર થુંક ન પડવા દેવું અને ન્હાના ઉપર દેવું ?

એ થુંકથી બચી પણુ શકાતું નથી કારણુ કે જ્યારે આપણે દૂર ઉભા રહી વાતો કરીએ અને આપણી તરફથી સામી તરફ વાયુ જતો હોય ત્યારે તે થુંક સૂક્ષ્મ થઇ વાયુની સાથે બીજાના શરીર ઉપર ત્રસરેણુ રૂપે જરૂર પડે છે એને દોષ માનવો એ અવિદ્યાની વાત છે.

જો મોઢાની ઉષ્ણુતાથી જીવો મરતા હોય તો વૈશાખ અને જ્યેષ્ઠ માસની ઉષ્ણુતાથી વાયુકાયના જીવોમાંથી એક પણુ જીવ મર્યા વિના રહી શકતો નહિ હોય, માટે ઉષ્ણુતાથી પણુ જીવ મરી શકતા નથી. ઉક્ત યુક્તિઓથી તમારો સિદ્ધાન્ત ખોટો ઠરે છે. તમારા તીર્થંકરો પૂર્ણુ વિદ્વાન્ ન હતા માટે જ એવી વ્યર્થ વાતો કહી છે. પીડાતો એ જીવોને થાય છે કે જેઓની વૃત્તિ બધા અવયવોની સાથે વિદ્યમાન હોય. એમાં પ્રમાણઃ—

पञ्चावयवयोगात्सुखसंवित्तिः ॥

सांख्य० अ० ५ । सू० २७ ॥

જ્યારે પાંચે ઇંદ્રિયોનો પાંચે વિષયોની સાથે સંબંધ થાય છે ત્યારે જ જીવને સુખ અથવા દુઃખ થાય છે. જેમ બહેરો ગાલિ પ્રદાન સાંભળી શકતો નથી, આંધળો રૂપ જોઈ શકતો નથી અથવા પાસે થઇ જનાર ભયાનક વ્યાઘ્રાદિ પ્રાણીઓને જોઇ શકતો નથી, જેને ત્વગિંદ્રિય નથી તેને સ્પર્શ થતો નથી, પિનસ રોગવાળાને ગંધનું ભાન થતું નથી અને જીભ વિનાનાને રસનું જ્ઞાન થતું નથી, તેમ જીવોની પણુ વ્યવસ્થા છે.

મનુષ્ય જ્યારે સુષુપ્તિ દશામાં હોય છે ત્યારે તેને સુખ અથવા દુઃખ કશું પણુ થતું નથી. કારણુ કે તે વખતે જીવ શરીરમાં તો છે પણુ બહારના અવયવોથી જરા પણુ સંબંધ હોતો નથી અથવા જેમ વૈદ્ય અથવા આધુનિક ડાકટરો રોગીને નિશાવાળી ચીજ ખવરાવી અથવા સુંઘાડી

શરીરના અવયવોને વહાડ-કાપ કરે છે પણ તે વખતે રોગીને જરા પણ દુઃખ થતું નથી, તેવીજ રીતે વાયુકાયના જીવોને તથા સ્થાવર વૃક્ષાદિના જીવોને સુખદુઃખ થતું નથી. તોપછી તેને પીડામાંથી બચાવવા એ વાત સિદ્ધ કેમ થઈ શકે ? જ્યારે એને સુખ દુઃખની પ્રાપ્તિ જ પ્રત્યક્ષ નથી તો પછી અનુમાનાદિ કેમ ઘટી શકે ?

પ્રશ્ન-જ્યારે તે જીવ છે તો પછી સુખ દુઃખ કેમ નહિ ?

ઉત્તર-સાંભળો ! જ્યારે તમે સુષુપ્તિમાં હો છો, ત્યારે તમને સુખ દુઃખ કેમ થતાં નથી ? સુખ દુઃખની પ્રાપ્તિનો હેતુ તો વિષયોની સાથે પ્રસિદ્ધ સંબંધ જ છે. અમે ઉત્તર આપી ચુકયા છીએ કે નિશાવાળી વસ્તુ સુંઘાડી ડોકટરલોકો અંગોની ચીર ફાડ કરે છે, અને રોગીને દુઃખ જણાતું નથી તેમજ અતિ મૂર્ચ્છિત જીવોને સુખ દુઃખ કેવી રીતે થઇ શકે ? ત્યાં પ્રાપ્તિ (સંબંધ) થવાનું કોઈ પણ સાધન નથી.

પ્રશ્ન-અમે લીલોત્રી (લીલું શાક) અને કંદ મૂળ ખાતા નથી, કારણ કે લીલોત્રીમાં ઘણા અને કંદમાં અસંખ્યાત જીવો છે, જો અમે એ ખાઇએ તો જીવોના નાશના કારણભૂત થઇ જઇએ.

ઉત્તર-એ તમારામાં મોટું અજ્ઞાન છે, કારણ કે લીલું શાક ખાવાથી જીવોનું મરવું અથવા પીડા થવી એ કેમ બની શકે ? પીડા પ્રત્યક્ષ દૃષ્ટિ ગોચર થતી નથી જો થતી હોય તો અમને બતાવો. તમે કદિ પણ પીડાને પ્રત્યક્ષ જોઇ શકવાના નથી અને અમને બતાવી શકવાના નથી. અપ્રત્યક્ષ વસ્તુનું અનુમાન ઉપમાન અથવા શબ્દ પ્રમાણ થઇ શકતું નથી. માટે અમે જે ઉપર આપી આવ્યા છીએ કે એ સ્થાવરસ્થ જીવો અત્યન્ત અંધકાર-મહાસુષુપ્તિમાં પડયા છે એ જીવોને દુઃખ થાય છે એમ માનવું એ તમારા તીર્થંકરોની ભૂલ છે, એ લોકોએ તમને યુક્તિ શૂન્ય અને વિદ્યા વિરૂદ્ધ ઉપદેશ આપ્યો છે. જે ઘર હદવાળું છે તો પછી એમાં રહેનારા અનહદ (અનન્ત) કેમ હોઇ શકે ? માટે એ તમારી મોટી ભૂલ છે.

પ્રશ્ન-તમે ગરમ કર્યા વિના કાચું પાણી પીઓ છો તેમાં ઘણું પાપ છે, માટે જેમ અમે ઉનું પાણી પીઇએ છીએ, તેમ તમે પણ પીધા કરો.

ઉત્તર-એ પણ તમારી ભ્રમજાળ છે, કારણ કે જ્યારે તમે પાણી ઉનું કરો છો ત્યારે જરૂર જીવો મરી જતા હશે અને એ જીવોનાં શરીરો પણ રંધાઈ વરીયાળીના અર્ક જેવો અર્ક થઇ જતો હશે; તેથી તમે જાણે શરીરનો "તેજાબ" પીતા હો એમ દેખાય છે. માટે એમાં તો તમેજ મહા પાપી છો, જે લોકો ઠંડુ પાણી પીએ છે તે પાપી નથી. કારણ કે તે પાણી પેટમાં જવાથી અંદરની થોડી ગરમી થવાથી જળસ્થ જીવો શ્વાસદ્વારા બહાર નીકળી જાય છે. વળી જલકાય જીવોને બતાવેલી યુક્તિ પ્રમાણે સુખ દુઃખ થતાં પણ નથી-તો પછી એમાં કોઇને પણ પાપ થતું નથી.

પ્રશ્ન-જેમ જઠરાગ્નિમાં પહોંચેલા જલસ્થ જીવો બહાર નીકળી જાય છે તેમ શું ઉષ્ણતાના સંબંધથી પાણીમાંથી જીવો બહાર નહિ નીકળી જાય ?

ઉત્તર–હા, નીકળી જશે. પણ તમારા મત પ્રમાણે જ્યારે મુખની ઉષ્ણતાથી જીવો મરી જાય છે તો પછી જળની ઉષ્ણતાથી કેવી રીતે બચી શકશે? જો નીકળશે તો પણ તમારા મત પ્રમાણે એને અધિક પીડા થવી જોઇએ અને જો નહિ નીકળે તો રંધાઈ જશે માટે તમે અધિક પાપી છો.

પ્રશ્ન–અમે અમારે હાથે ગરમ જળ કરતા નથી તથા ગૃહસ્થોને ગરમ કરવાની આજ્ઞા પણ દેતા નથી, માટે અમે પાપી નથી.

ઉત્તર–જો તમે ઉષ્ણ જળ ન પીતા હોત તો ગૃહસ્થે શામાટે ગરમ પાણી કરે! માટે એ પાપના ભાગી તમે જ વધારે પાપી છો; કારણ કે જો તમે કોઇ અમુક ગૃહસ્થને પાણી ગરમ કરવાનું કહેતા હો તો એક જ ઠેકાણે પાણી ગરમ થાય, પણ એમ ન કરવાથી ગૃહસ્થો બીચારા ભ્રમજાળમાં પડે છે, કે ન જાણે સાધુ કોને ઘેર પાણી લેવા આવશે, માટે બધા ગૃહસ્થો પોતપોતાને ઘેર પાણી ગરમ કરી મુકે છે, માટે એ પાપના ભાગી તમે જ છો. વળી તમારા મત પ્રમાણે લાકડાં બાળવાથી બળાવવાથી, રસોઇ, ખેડ અને વ્યાપાર આદિ કરવાથી તમે વધારે પાપી થઇ નરકગામી થાઓ છો. માટે ઉષ્ણ જળનું પાન કરનારા અને ઠંડુ નહિ પીવાનો ઉપદેશ આપનારા તમે જ પાપના પ્રથમ ભાગી છો અને તમારો ઉપદેશ માની જે લોકો એમ કરે છે તે પણ પાપી છે. ન્હાનાં ન્હાનાં જીવો ઉપર દયા કરવી, બીજા મતવાળાઓની નિંદા કરવી અને અનુપકાર કરવો એ બધાં લક્ષણો તમારામાં અવિદ્યા સૂચવે છે. જો તમારા તીર્થંકરોનું માનવું સાચું હોય તો ઇશ્વરે સૃષ્ટિમાં આટલી બધી નદીઓ અને આટલું બધું જળ શામાટે પેદા કર્યું? તમારા મત પ્રમાણે સૂર્યને પણ ન બનાવવો જોઇએ, કારણ કે તેમાં પણ તમારે મતે ક્રોડાનક્રોડો જીવો મરી જતા હશે, જેને તમે ઈશ્વર માનો છો તેઓએ જ્યારે એ જીવતા હતા ત્યારે સૂર્યનો તાપ અને મેઘનું પાણી બંધ કેમ ન કર્યું? કંદ મૂળમાં રહેનારા જીવોને પણ ઉપર બનાવેલી યુક્તિથી સુખ દુઃખ થતું નથી. બધા જીવો ઉપર દયા કરવી એ પણ દુઃખનું કારણ છે, જો બધા તમારા મતાવલંબી થઇ ચોર લુંટારાઓને પણ દંડ ન આપે તો જગત્‌માં કેટલું પાપ પેદા થાય? માટે દુષ્ટોને બરાબર દંડ દેવામાં અને શ્રેષ્ઠોનું બરાબર પાલન કરવામાંજ દયા છે. અને તેનાથી ઉલટું કરવાથી, દયા-ક્ષમા-રૂપ ધર્મનો નાશ થાય છે.

ઘણા જૈન લોકો વ્યાપાર કરે છે. એ વ્યવહારમાં ખોટું પણ બોલે છે, બીજાના ધનને સમજાવી લઈ લે છે, ગરીબોને ધૂતે છે ઈત્યાદિ કુકર્મો કરે છે, તો તેના નિવારણને માટે વિશેષ ઉપદેશ આપતા નથી, અને શા માટે મોઢે પટ્ટી બાંધી ઢોંગમાં પડયા રહો છો?

તમે ચેલા અથવા ચેલી કરી કેશ લુંચન કરી ઘણા દિવસ ભૂખ્યા રહી અને બીજાને ભૂખ્યા રાખી સ્વયં પીડા ભોગવી બીજાને પીડા આપી, આત્મઘાતી અર્થાત્ આત્માને દુઃખ આપી હિંસક શા માટે બનો છો? જ્યારે હાથી, ઘોડા, બળદ અને ઉંટ ઉપર ચડવાથી પાપ લાગે છે તો પછી જૈન લોકો માણસો પાસે મજુરી કરાવવામાં પાપ કેમ નથી ગણતા! જ્યારે તમારા ચેલાઓ ઉટપટાંગ વાતને સાચી કરી શકતા નથી તો પછી તમારા તીર્થંકરો પણ સત્ય કરી શકશે નહિ. જ્યારે તમે કથા વાંચો છો માર્ગે આવનાર શ્રોતાઓને પાપ લાગતું જ હશે કારણ કે

તમે ચાલવાથી પણ પાપ માનો છો. માટે એ પાપમાં તમે કથા વાંચનારાઓ મુખ્ય કારણ શામાટે થાઓ છો ? આ થોડા કથનથી સજ્જન લોકો વધારે સમજી લેશે કે જળ, સ્થળ અને વાયુના સ્થાવર શરીરવાળા જીવોને અત્યન્ત મૂર્ચ્છા હોવાથી, સુખ દુઃખ થતું નથી.

જૈનોની થોડી વધારે અસંભવ કથા લખીએ છીએ. એ ધ્યાનમાં રાખવું કે પોતાના સાડાત્રણ હાથનું એક ધનુષ્ થાય છે. અને કાળની સંખ્યા પ્રથમ જે પ્રમાણે લખી છે તે પ્રમાણે સમજવી. રત્નસાર ભા. ૧ પૃ. ૧૬૬ થી ૧૬૭

તીર્થંકરોનાં નામ	ધનુષ્ના પ્રમાણુથી શરીરની લંબાઇ.	આયુષ્.	પૂર્વ વર્ષ સંખ્યા.
૧ ઋષભદેવ	૫૦૦	(ચોરાસી લાખ)	૮૪૦૦૦૦૦
૨ અજિતનાથ	૪૫૦	(બોતેર ,,)	૭૨૦૦૦૦૦
૩ સંભવનાથ	૪૦૦	(સાઠ ,,)	૬૦૦૦૦૦૦
૪ અભિનંદન	૩૫૦	(પચાસ ,,)	૫૦૦૦૦૦૦
૫ સુમતિનાથ	૩૦૦	(ચાલીસ ,,)	૪૦૦૦૦૦૦
૬ પદ્મપ્રભ	૧૪૦	(તીસ ,,)	૩૦૦૦૦૦૦
૭ પાર્શ્વનાથ	૨૦૦	(વીસ ,,)	૨૦૦૦૦૦૦
૮ ચંદ્રપ્રભ	૧૫૦	(દસ ,,)	૧૦૦૦૦૦૦
૯ સુવિધિનાથ	૧૦૦	(બે ,,)	૨૦૦૦૦૦
૧૦ શીતળનાથ	૯૦	(એક ,,)	૧૦૦૦૦૦
૧૧ શ્રેયાંસનાથ	૮૦	(ચોરાસી ,,)	૮૪૦૦૦૦૦
૧૨ વાસુપૂજ્ય	૭૦	(બોતેર ,,)	૭૨૦૦૦૦૦
૧૩ વિમળનાથ	૬૦	(સાઠ ,,)	૬૦૦૦૦૦૦
૧૪ અનંતનાથ	૫૦	(ત્રીસ ,,)	૩૦૦૦૦૦૦
૧૫ ધર્મનાથ	૪૫	(દશ ,,)	૧૦૦૦૦૦૦
૧૬ શાન્તિનાથ	૪૦	(એક ,,)	૧૦૦૦૦૦
૧૭ કુંથુનાથ	૩૫	(પંચાણુ સહસ્ર)	૯૫૦૦૦
૧૮ અમરનાથ	૩૦	(ચોરાસી સહસ્ર)	૮૪૦૦૦
૧૯ મલ્લીનાથ	૨૫	(પચ્ચાવન સહસ્ર)	૫૫૦૦૦
૨૦ મુનિસુવ્રત	૨૦	(ત્રીસ સહસ્ર)	૩૦૦૦૦
૨૧ નમિનાથ	૧૪	(એક સહસ્ર)	૧૦૦૦
૨૨ નેમિનાથ	૧૦	(એક સહસ્ર)	૧૦૦૦
૨૩ પાર્શ્વનાથ	૯ હાથનું	(સો)	૧૦૦
૨૪ મહાવીર	૭ હાથનું	(બોંતેર)	૭૨

એ ચોવીસ તીર્થંકરો જૈનમત ચલાવનારા આચાર્યો અને ગુરૂઓ છે. એમનેજ જૈન લોકો પરમેશ્વર માને છે. એ બધા મોક્ષમાં ગયા છે.

બુદ્ધિમાન્ માણસોએ વિચાર કરવો જોઇએ કે એવડાં મોટાં શરીર અને એટલું બધું આયુષ મનુષ્ય દેહને થઇ શકે ખરૂં ! (આ ભૂગોળમાં ઘણા જ થોડા માણસો રહી શકે છે) આ જ જૈનોના ગપોડા ઉપરથી પૈરાણિકોએ લાખ, દશહજાર અને હજાર વરસો લખ્યા છે, તે પણ સંભવિત નથી. તો પછી જૈનોનું કથન કયાંથી સંભવિત હોઇ શકે ? વળી પણ જુઓ ગપ્પાં.

કલ્પભાષ્ય પૃ૦ ૪–નાગકેતે ગામ જેટલી એક શિલા આંગળી ઉપર રાખી !!

કલ્પભાષ્ય પૃ૦ ૩૫–મહાવીરે અંગુઠાવતી પૃથ્વીને દબાવી તેનાથી શેષનાગ કંપી ગયો !!

કલ્પભાષ્ય પૃ૦ ૪૬–સર્પ મહાવીરને કરડયો તો લોહીને બદલે દૂધ નીકળ્યું અને તે સર્પ આઠમા સ્વર્ગમાં ગયો ! ! !

કલ્પભાષ્ય પૃ૦ ૪૭–મહાવીરના પગ ઉપર ખીર રાંધી પણ પગ બળ્યા નહિ !!!

કલ્પભાષ્ય પૃ૦ ૧૬–ન્હાના વાસણમાં ઊંટ બોલાવ્યો !!!

રત્નસાર ભા. ૧ પૃ૦ ૧૪–શરીર ઉપરથી મેલ કાઢવો નહિ અને ખંજવાળવું નહિ !

વિવેકસાર ભા. ૧ પૃ૦ ૧૫–દમસાર નામના સાધુએ ક્રોધના આવેશમાં આવી ઉદ્વેગ જનક સૂત્રો બોલી એક શહેર અગ્નિથી સળગાવ્યું. તે સાધુ મહાવીર સ્વામીને ઘણો પ્રિય હતો !

વિવેક. ભા. પૃ૦ ૧૨૭–રાજાની આજ્ઞા જરૂર માનવી જોઇએ.

વિવેક૦ ભા૦ ૨ પૃ૦ ૨૭–એક કોશાનામી વેશ્યાએ થાળીમાં સરસવનો ઢગલો કરી તેની ઉપર ફુલોથી ઢંકાયેલી સોય ઉપર સારી પેઠે નાચ કર્યો પણ સોય પગમાં લાગી નહિ અને સરસવનો ઢગલો વીખરાયો નહિ !!!

તત્વવિવેક પૃ૦ ૨૨૮–એ જ કોશા વેશ્યા સાથે સ્થૂલમુનિએ બાર વરસ સુધી ભોગ કર્યો અને પછી દીક્ષા લઇ સદ્‌ગતિમાં ગયો અને કોશા વેશ્યા પણ જૈનધર્મ પાળતી સદ્‌ગતિમાં ગઈ !!!

વિવેક૦ ભા૦ પૃ૦ ૧૮૫—એક સિદ્ધની કંથા કે જે ગળામાં પહેરાતી હતી તે ૫૦૦ અશર્ફી એક વૈશ્યને રોજ આપતી હતી !

વિવેક૦ ભા ૧ પૃ૦ ૨૧૮–બલવાન પુરૂષની આજ્ઞા, દેવની આજ્ઞા, ઘોરવનમાં કષ્ટથી નિર્વાહ કરવો, ગુરૂની રૂકાવટ, માતા, પિતા, કુલાચાર્ય, જ્ઞાતીય લોક અને ધર્મોપદેષ્ટા, એ છના રોકવાથી ધર્મમાં ન્યૂનતા થાય તો ધર્મમાં કંઇ હાનિ થતી નથી !

સમીક્ષક—જુઓ, એ લોકોની મિથ્યા વાતો ! એક માણસ ગામ જેવડી શિલા આંગળી ઉપર કદિપણ ધારણ કરી શકે ખરો કે ? પૃથ્વી ઉપર અંગુઠો દબાવવાથી પૃથ્વી દબાઇ શકે ખરી કે ? જ્યારે શેષનાગ જ નથી તો પછી કમ્પે ક્યાંથી ? શરીરને કાપવાથી દૂધ નીકળતું કદિ કોઇએ જોયું છે ? એ બધી ઇંદ્રજાળ સિવાય બીજી શી વાત હોઇ શકે ? તે કરડનારો સર્પ તો સ્વર્ગમાં ગયો, અને મહાત્મા શ્રીકૃષ્ણ જેવા ત્રીજા નરકમાં ગયા એ કેટલીબધી

ખોટી વાત છે ! મહાવીરના પગ ઉપર જ્યારે ખીર રાંધી ત્યારે પગ કેમ ન બળ્યા ? ન્હાના પાત્રમાં ઉંટ કેવી રીતે આવી શકે ? જે લોકો શરીર ઉપરથી મેલ નહિ ઉતારતા હોય, અને નહિ ખજવાળતા હોય, તે મહાદુર્ગંધરૂપ નરક ભોગવતા હશે. જે સાધુએ નગર બાળી નાંખ્યું તેની દયા અને ક્ષમા ક્યાં ગઇ ? જ્યારે મહાવીરની હયાતીમાં એવો પ્રિય આત્મા પવિત્ર થયો નહિ તો એના મરવા પછી એના ઉપદેશથી જૈન લોકો કદિપણ પવિત્ર થશે નહિ. રાજાની આજ્ઞા માનવી જોઇએ એ વાત ઠીક છે, પણ જૈન લોકો વાણીઆ છે માટે ભય પામી એ વાત લખી દીધી હશે. કોશા વેશ્યાનું ગમે તેટલું શરીર હલકું હો, પણ સરસવની ઢગલી ઉપર સોય ઉભી કરી એની ઉપર નાચવું અને સોયનું પગમાં ન વાગવું, અને સરસવની ઢગલી ન વિખરાવવી એ અતીવ અસત્ય છે. ધર્મ કોઇપણ અવસ્થાની અંદર છોડાતો નથી, ભલે ગમે તે થઇ જાય ? કંથા વસ્ત્રની બને છે, એ હમેશાં ૫૦૦ અશર્ફી કેવી રીતે આપી શકે ?

એ પ્રમાણે જો એ લોકોની અસંભવ વાતો લખવા માંડીએ તો મોટું જબરજસ્ત થોથું થઈ જાય, માટે વધારે નથી લખતા, થોડી વાતો સિવાય જૈનોની બધી વાતો મિથ્યા જાળરૂપ છે.

જુઓઃ—— दासासि दोरवि पढमे । दुगुणा लवणं मिधाय ईसं मे ।
वारससासि वारसरवि । तत्यमि इनि दिठ ससि रविणो ।
प्रकरण० भा० ४ । संग्रहणी सूत्र ७७ ॥

જંબૂદ્વીપને લાખ યોજનનો એટલે ચાર લાખ ગાઉ જે લખ્યો છે, એમાં આ પહેલો દ્વીપ કહેવાય છે. આમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. તેવીજ રીતે લવણ સમુદ્રમાં બમણા અર્થાત ૪ ચાર ચંદ્રમા અને ચાર સૂર્ય છે, અને ધાતકી ખંડમાં બાર ચંદ્રમા અને બાર સૂર્ય છે. અને ત્રણગુણા કરવાથી છત્રીસ થાય છે. એની સાથે બે જંબૂદ્વીપના અને ચાર લવણ સમુદ્રના મળી બેતાળીશ ચંદ્રમા અને બેતાળીશ સૂર્ય કાલોદધિસમુદ્રમાં છે. એજ રીતે આગળના દ્વીપ અને સમુદ્રોમાં બેતાળીશને ત્રિગુણ કરવાથી એકસો છવ્વીશ થાય છે. તેમાં ધાતકી ખંડના ૧૨ બાર, લવણ સમુદ્રના ૪ ચાર, જંબૂદ્વીપના ૨ બે એ પ્રમાણે સરવાળો કરી ૧૪૪ ચંદ્રમા અને ૧૪૪ સૂર્ય પુષ્કરદ્વીપમાં છે. એ પણ અર્ધા મનુષ્યક્ષેત્રની ગણના છે. પરંતુ જ્યાં માણસો નથી રહેતા ત્યાં સુધી ગણવામાં આવે તો ઘણા સૂર્યો અને ઘણા ચંદ્રમા થઈ જાય. બાકી રહેલા અર્ધા પુષ્કરદ્વીપમાં ઘણા સૂર્યો અને ઘણા ચંદ્રમાઓ છે. ઉપર કહેલા ૧૪૪ ને ત્રિગુણા કરવાથી ૪૩૨ થાય, અને એમાં પૂર્વોક્ત જંબૂદ્વીપના બે ચંદ્રમા, બે સૂર્યો, ૪ લવણસમુદ્રના અને બાર ધાતકી ખંડના, અને બેંતાળીશ કાલોદધિના, બધા મળી ૪૯૨ ચંદ્રમા અને ૪૯૨ સૂર્ય પુષ્કરસમુદ્રમાં છે.

એ બધી વાતો **શ્રીજિનભદ્રગણીક્ષમાશ્રમણે** મોટી **સંઘયણીમાં** તથા ગોતોસકરંડક પયન્નામાં, અને ચંદ્રપન્નતિ તથા સૂરપન્નતિ આદિ સિદ્ધાન્ત ગ્રન્થોમાં એ પ્રમાણે લખી છે.

સમીક્ષક—જુઓ ભૂગોળ અને ખગોળના જાણવાવાળાઓ ! આ એક ભૂગોળમાં એક પ્રકારે ૪૯૨ અને બીજે પ્રકારે અસંખ્ય ચંદ્ર અને સૂર્ય જૈન લોકો માને છે. તમારૂં મોટું

ભાગ્ય છે કે વેદમતાનુયાયી સૂર્યસિદ્ધાન્તાદિ જ્યોતિષ ગ્રન્થોનો અભ્યાસ કરવાથી ભૂગોળ અને ખગોળ બરાબર વિદિત થયાં. જો કદાચ જૈનના મહા અંધારામાં હોત તો આખી ઉમર અંધારામાં જ રહેત જેવા કે જૈન લોકો આજકાલ છે. એ અવિદ્વાનોને એ શંકા ઉભી થઇ કે જંબૂદ્વીપમાં એક સૂર્ય અને ચંદ્રમાથી કામ ચાલી શકે નહિ, કારણ આવડી મોટી પૃથિવીપર ત્રીસ ઘડીમાં ચંદ્ર સૂર્ય કેવી રીતે ફરી આવી શકે ? એ લોકો પૃથ્વીને સૂર્યાદિથી મોટી માને છે, એજ એની મોટી ભૂલ છે.

दो ससि दो रवि पंती गंतरियाछ [illegible]या ।
मेरुं पयाहिणंता । माणुसखित्ते परिअडंति ॥

प्रकरण० भा० ४ । संग्रहसूत्र० ७९ ॥

મનુષ્યલોકમાં ચંદ્રમાની અને સૂર્યની પંક્તિ કહે છે. બે ચંદ્રમાની અને બે સૂર્યની પંક્તિ (હાર) છે તે એક લાખ યોજન અર્થાત્ ચાર લાખ ગાઉને અન્તરે ચાલે છે. જેમ સૂર્યની પંક્તિને આંતરે એક ચંદ્રમાની પંક્તિ છે તેમ ચંદ્રમાની પંક્તિને આંતરે સૂર્યની પંક્તિ છે. એ પ્રમાણે ચાર પંક્તિ છે. એક એક ચંદ્ર પંક્તિમાં ૬૬ ચંદ્રમા છે, તેમજ એક એક સૂર્ય પંક્તિમાં ૬૬ સૂર્ય છે. તે ચારે પંક્તિઓ જંબૂદ્વીપના મેરૂ પર્વતની પ્રદક્ષિણા કરતી મનુષ્ય ક્ષેત્રમાં પરિભ્રમણ કરે છે. જ્યારે જંબૂદ્વીપના મેરૂ પર્વતની દક્ષિણ દિશામાં એક સૂર્ય વિહાર કરે છે, ત્યારે બીજો સૂર્ય ઉત્તર દિશામાં ફરે છે, તેવીજ રીતે લવણ સમુદ્રની એક એક દિશામાં બબ્બે ચાલે છે. ધાતકી ખંડના ૬, કાલોદધિના ૨૧ એકવીસ, પુષ્કરાર્ધના ૩૬ છત્રીશ–એ પ્રમાણે બધા મળી ૬૬ સૂર્ય દક્ષિણ દિશામાં અને ૬૬ સૂર્ય ઉત્તર દિશામાં પોતપોતાના ક્રમમાં ફરે છે. જો બન્ને દિશાના બધા સૂર્યો મેળવવામાં આવે તો ૧૩૨ સૂર્ય થાય છે, તેમજ છાસઠ છાસઠ ચંદ્રમાની બન્ને દિશાઓની પંક્તિઓ મેળવવામાં આવે તો ૧૩૨ ચંદ્રમા થાય છે. એઓ મનુષ્ય લોકમાં ચાલ્યા કરે છે, એ પ્રમાણે ચંદ્રમાની સાથે નક્ષત્રોની પંક્તિઓ પણ ઘણી છે એમ જાણવું.

સમીક્ષક–જુઓ ભાઇઓ ! આ ભૂગોળમાં ૧૩૨ સૂર્ય અને ૧૩૨ ચંદ્રમા છે એ બધા જૈનોના ઘર ઉપર તપતા હશે. જો એમ હોય તો તો તે કેવી રીતે જીવતા રહેતા હશે ? અને રાત્રિમાં જૈન લોકો ત્હાડના માર્યા જકડાઈ જતા હશે. એવી અસંભવિત વાતોમાં ભૂગોળ અને ખગોળ નહિ જાણનારા ફસાય છે–બીજા નહિ. જ્યારે એક જ સૂર્ય આ ભૂગોળો જેવા બીજા અનેક ભૂગોળોને પ્રકાશ આપે છે તો પછી આ ન્હાના ભૂગોળની તો વાત જ શી !

જો પૃથ્વી ન ફરે અને સૂર્ય પૃથ્વીની ચારે તરફ ન ફરે તો કેટલાએક વર્ષોનો અહોરાત્ર થાય.

હિમાલયથી ભિન્ન બીજો કોઇ સુમેરૂ પર્વત નથી, એ પર્વત સૂર્યની સરખામણીમાં ઘડા સામે રાઇના દાણા જેટલો પણ નથી. એ વાતોને જૈન લોકો જ્યાં સુધી એ મતમાં છે ત્યાં સુધી જાણી શકશે નહિ. કિન્તુ હમેશાં અંધારામાં જ પડયા રહેશે.

समत्तचरणसहियासव्वंलोगं फुसे निरवसेसं ।
सत्तयचउदसभाए पंचयसुपदेसविरईए ॥
प्रकरण० भाग० ४ । संग्रहसूत्र १३९ ॥

સમ્યક્ ચારિત્ર્ય સહિત જે કેવલી છે તે કેવળ સમુદ્દઘાત અવસ્થાથી બધા ચૌદ રાજ્ય લોકમાં પોતાના આત્મ પ્રદેશ કરી ફરશે.

સમીક્ષકઃ– જૈનલોક ચૌદ રાજ્ય માને છે એમાં ચૌદમાની શિખા ઉપર સર્વાર્થસિદ્ધિ વિમાનની ધ્વજાની ઉપર થોડેક દૂર સિદ્ધશિલા તથા દિવ્ય આકાશને શિવપુર કહે છે એમાં કેવલી જીવો (જેઓએ સર્વજ્ઞતા પ્રાપ્ત કરી પૂર્ણ પવિત્રતા મેળવી છે તેઓ) જાય છે, અને પોતાના આત્મ પ્રદેશથી સર્વજ્ઞ રહે છે. હવે જેના પ્રદેશ થાય છે તે વિભુ હોઈ શકતો નથી. અને જે વિભુ નથી તે સર્વજ્ઞ નથી; અને જે સર્વજ્ઞ નથી તે કેવળ જ્ઞાની પણ થઇ શકતો નથી. જે આત્મા એક દેશી છે તે જ આવ જા કરી શકે છે અને તે જ બદ્ધ, મુક્ત, જ્ઞાની અને અજ્ઞાની થઇ શકે છે. પણ જે સર્વજ્ઞ અને સર્વ વ્યાપી છે તે કદિ પણ બદ્ધાદિ થઇ શકતો નથી. જૈનોના જે તીર્થંકરો જીવરૂપ અલ્પ અને અલ્પજ્ઞ હતા તેઓ સર્વવ્યાપક અને સર્વજ્ઞ કદિપણ થઇ શકતા નથી. જૈન લોકો અનાદિ, અનન્ત, સર્વવ્યાપક, સર્વજ્ઞ, પવિત્ર અને જ્ઞાનસ્વરૂપ પરમાત્માને માનતા નથી. અનાદિ જે પરમાત્મા છે તેમાંજ સર્વજ્ઞત્વાદિ વિશેષણો ઘટી શકે છે.

गब्भनरति पलियाऊ । तिगाऊ उक्कोसते जहन्नेणं ।
मुच्छिम दुहावि अन्तमुहु । अङ्गुलअसंख भागतणू ॥ २४१ ॥

અહીંઆ મનુષ્યો બે પ્રકારના છે એક ગર્ભજ અને બીજા અગર્ભજં, ગર્ભજ મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ ત્રણ પલ્યોપમનું છે. અને ત્રણ ગાઉનું શરીર છે.

સમીક્ષક–ત્રણ પલ્યોપમ આયુષ્યવાળા અને ત્રણ ગાઉ લાંબા શરીરવાળા માણસો આ ભૂગોળમાં ઘણા થોડા સમાઇ શકે! પલ્યોપમનું પ્રમાણ પ્રથમ લખી આપ્યું છે. જો એટલા વરસ સુધી જીવે તો એના સંતાનો પણ એટલી ઉમરના અને ત્રણ ગાઉવાળા લાંબા શરીરના હોવા જોઇએ. જો એમ હોય તો મુંબઇ જેવા શહેરમાં બે અને કલકતા જેવા શહેરમાં ત્રણ કે ચાર જ રહી શકે. જો એમ માનવામાં આવે તો જૈનોએ એક શહેરમાં લાખો માણસો લખ્યા છે તો એને રહેવાને લાખો ગાઉનું શહેર હોવું જોઇએ તો આખા ભૂગોળમાં એવું એક પણ નગર વસી શકે નહિ.

पणया ललरकयायेण । विरकंभा सिद्धिशिलफलिह बिमला ।
तदुवरि गजोंयणंते लोगन्तो तच्छसिद्धठिई ॥ २५८ ॥

સર્વાર્થસિદ્ધ વિમાનની ધ્વજાથી જે બાર યોજનપર સિદ્ધ શિલા છે, તે પહોળાઇમાં લંબાઇમાં અને પોલાણમાં ૪૫૦૦૦૦૦ પીસ્તાળીશ લાખ યોજનના પ્રમાણમાં છે, તે બધી સફેદ

સ્ફાટિક જેવી નિર્મળ છે, સિદ્ધશિલા એ સિદ્ધની ભૂમિ છે. એને કોઈ " ઇષત્ " પ્રાગ્ભરા " કહે છે એ સર્વાર્થ સિદ્ધશિલા વિમાનથી ૧૨ યોજન ઉપર અલોક પણ છે. એને ખરી રીતે કેવલીશ્રુત જાણી શકે છે. એ સિદ્ધશિલા સર્વાર્થ મધ્ય ભાગમાં ૮ યોજન સ્થૂલ છે. ત્યાંથી (આઠ યોજન પછી) ૪ ચાર દિશામાં અને ૪ ચાર ઉપદિશામાં ઘટતી ઘટતી માખીની પાંખ સદૃશ પાતલી ઉત્તાનછત્રના આકારે સિદ્ધશિલાની સ્થાપના છે. એ સિદ્ધશિલાની ઉપર એક યોજનને છેટે લોકાન્ત છે, ત્યાં સિધ્ધોની સ્થિતિ છે.

સમીક્ષક—હવે વિચારવું જોઇએ કે જૈનોની મુક્તિનું સ્થાન સર્વાર્થસિદ્ધિ વિમાનની ધ્વજા ઉપર ૪૫૦૦૦૦૦ યોજનની શિલા અગર જો તે ગમે તેવી સ્વચ્છ અને વિમળ હો, તોપણ ત્યાં રહેવાવાળા મુક્ત જીવો તો એક પ્રકારે બદ્ધ જ છે, કારણ કે એ શિલામાંથી બહાર નીકળવાથી મુક્તિના સુખમાંથી છૂટા થઇ જતા હશે; અને જો અંદર રહેતા હશે તો એને પવન પણ નહિ મળતો હોય ! એ બધી કલ્પના માત્ર છે-કેવળ અવિદ્વાનોને ભ્રમમાં નાંખવાને જાળ રચી છે.

वितिचउरिं दिस सरीरं । वार सजोयणति कोसच उकोसं
जोयणसहस पणिंदिय । उहे वुच्छन्ति विसेसंतु ॥
प्रकरण० भा० ४ । संग्रह सू० २६७ ॥

સામાન્ય રીતે એક ઇંદ્રિયવાળાનું ઉત્કૃષ્ટ શરીર એક હજાર યોજનનું છે, બે ઇંદ્રિયવાળા જેવાકે શંખ આદિ એનું શરીર બાર યોજનનું છે, ચાર ઇંદ્રિયાવાળા જેવાં કે ભ્રમર આદિ એનું શરીર ચાર ગાઉનું છે અને પાંચ ઇંદ્રિયવાળાનું શરીર એક હજાર યોજન અર્થાત્ ચાર હજાર ગાઉનું છે,

સમીક્ષક—જો ચાર હજાર ગાઉવાળા શરીરધારી હોય તો ભૂગોળ સેંકડો મનુષ્યોથી ઠસોઠસ ભરાઇ જાય, કોઇને ચાલવાની પણ જગ્યા ન રહે, તો પછી જૈનોને પૂછવું જોઇએ કે રહેવાની અને ચાલવાની જગ્યા કયાં છે ? જો પોતેજ લખેલું છે તો પોતાને ઘેર રાખી લે; પણ એ જે લખ્યું છે કે ચાર હજાર ગાઉવાળા શરીરધારી હોય છે તો તે રહેવાને માટે બત્રીશ હજાર ગાઉનું ઘર હોવું જોઇએ એવું એક જ બનાવવામાં જૈનોનું બધું ધન ખરચાઇ જાય તોપણ ઘર પુરૂં થઈ શકે નહિ. આઠ ! હજાર ગાઉની છત બંધાવવાને વાસ્તે વળીઓ કયાંથી લાવશે અને જો એ ઘરમાં થાંભલા મુકવામાં આવે તો એ ચાર ગાઉવાળા શરીર ધારીઓ પ્રવેશ પણ કરી શકે નહિ માટે એ બધી વાતો મિથ્યા છે.

ते थूला पल्ले विहुसं खिज्जाचे वहुति सव्वेवि ।
व इक्किक असंखे सुहुमे खम्मे पकप्पेह ॥
प्रकरण० भाग० ४ लघुक्षेत्र । समास प्रकरण सूत्र ४

પૂર્વોક્ત એક આંગળ લોમ (વાળ) ના કકડાઓથી ચાર ગાઉ સમચોરસ અને તેટલો જ ઊંડો કુવો ભરવો. એક આંગળ લોમના કટડા ૨૦૫૭૧૫૨ વીશ લાખ સત્તાવન હજાર અને એકસો બાવન થાય છે. વધારેમાં વધારે ૩૩૦, ૭૬૨૧૦૪, ૨૪૬૫૬૨૫, ૪૨૧૯૯૬૦, ૯૭૫૩૬૦૦, ૦૦૦૦૦૦૦ તેત્રીશ ક્રોડાક્રોડ, સાત લાખ, બાસઠ હજાર, એકસો ચાર ક્રોડાક્રોડી, ચોવીસ લાખ પાંસઠ હજાર છસો પચ્ચીસ ક્રોડાક્રોડી, બેતાળીસ લાખ ઓગણીશ હજાર નવસો સાઠ ક્રોડાક્રોડી, સત્તાણુંલાખ ત્રેપન હજાર અને છસો. એટલા ઘન યોજન ક્ષેત્રફળમાં પલ્યોપમમાં લોમના કકડા સ્થૂલ હોય છે, એ પણ સંખ્યાત કાળ છે. ઉપર જણાવેલા વાળનાં કકડાના અસંખ્યાત કકડા મનથી જ્યારે કલ્પીએ ત્યારે અસંખ્યાત સૂક્ષ્મ " રોમાણું " થાય છે.

સમીક્ષક--જુઓ એમની ગણતરીની રીતિ ! એક આંગળ વાળના કકડાના કેટલા કકડા કર્યા, એ ગણતરી શું કોઈના ધ્યાનમાં આવી શકે ? અને ત્યારે પછી અસંખ્યાત કકડાની કલ્પના મનથી કરવી એથી માલુમ પડે છે કે ઉપરના કકડા તો હાથથી કર્યા હશે ? જ્યારે હાથથી ન થયા ત્યારે મનથી કર્યા ! શું એ વાત કદિપણ સંભવિત થઇ શકે ખરી ? એક આંગળીજેવડા વાળના અસંખ્ય કકડા થઈ શકે ?

जंबूदीपपमाणं गुलजोयाण लरक वट्टविरकंमी ।
लवणाईयासेसा । बलया भादुगुण दुगुणाय ॥
प्रकरणर० भा० ४ लघुक्षेत्र समा० सू० १२ ॥

પ્રથમ તો જંબૂદ્વીપનું પ્રમાણ ૧ લાખયોજનનું છે. અને તે પોલું છે બાકી લવણાદિ સાત સમુદ્રો અને સાત દ્વીપ જંબૂદ્વીપના પ્રમાણથી બમણા છે. આ એક પૃથ્વીમાં જંબૂદ્વીપાદિ સાતદ્વીપ છે અને સાત સમુદ્રો છે, એ વાત ઉપર લખી દીધી છે.

સમીક્ષક-હવે જંબૂદ્વીપથી બીજો દ્વીપ બે લાખ યોજનનો, ત્રીજો ચાર લાખ યોજનનો, ચોથો આઠ લાખ યોજનનો, પાંચમો સોળ લાખ યોજનનો, છઠો બત્રીશ લાખ યોજનનો અને સાતમો ચોસઠ લાખ યોજનનો, અને એટલા પ્રમાણવાળા અથવા એનાથી અધિક પ્રમાણવાળા સમુદ્રો આ પંદર હજાર ગાઉ પરિધિવાળા ભૂગોળમાં કેવી રીતે સમાઇ શકે ? માટે એ બધી વાત મિથ્યા છે.

कुरुनइचुलसी सहसा । छच्चेवन्तनरई उपइ विजयं ।
दो दो महानईउ । चनुदस सहसा उपत्तेयं ॥
प्रकरण रत्ना० भा० ४ । लघुक्षेत्र समा० सू० ६३

કુરૂક્ષેત્રમાં ૮૪ (ચોરાશી) સહસ્ત્ર નદીઓ છે.

સમીક્ષક-કુરૂક્ષેત્ર તો ઘણોજ ન્હાનો દેશ છે, એ દેશ જોયા વિના ખોટી વાત લખવામાં લખનારને લજ્જા પણ ન થઈ ?

याम्मुत्तरा उताउ इगेग सिंहासणाउ अइपुव्वं ।
चउ सु वितास निआसण दिसिभवजिण मज्जणं होई ॥
प्रकरण रत्नाकर भा० ४ लघुक्षेत्र समा० सू० ११९ ॥

એ સિદ્ધશીલાની દક્ષિણ બાજુએ અને ઉત્તર બાજુએ એક એક સિંહાસન છે, દક્ષિણ દિશામાં જે સિંહાસનશિલા છે, તેનું નામ અતિપાંડુકંબલા, અને ઉત્તરમાં જે છે તેનું નામ અતિરક્ત કંબલા છે, એ સિંહાસનો ઉપર તીર્થંકરો છે.

સમીક્ષક—જુઓ ! તીર્થંકરોના જન્મોત્સવો કરવાને માટે એ શિલા છે; એવીજ મોક્ષ શિલા છે. એવી એ લોકોની ઘણીજ ગોલમાલ (અંડબંડ) વાતો છે તે ક્યાં સુધી લખીએ ! એમના મતમાં ગળીને પાણી પીવું, સૂક્ષ્મ જીવો ઉપર દયા કરવી અને રાત્રિ ભોજન ન કરવું એ ત્રણ વાતો ઠીક છે. બાકી જેટલું એમનું કહેવું છે તે બધું અસંભવિત છે. આટલા લખવાથી જ બુદ્ધિમાન્ માણસો ઘણું સમજી લેશે. જે કાંઇ લખવામાં આવ્યું છે તે તો માત્ર દૃષ્ટાંત રૂપે લખ્યું છે, પણ જો એ લોકોની બધી અસંભવિત વાતો લખવા માંડીએ તો એક પુરૂષથી આયુભરમાં પણ વાંચી ન શકાય એટલાં પુસ્તકો થઇ જાય, માટે સ્થાલી-પુલાક ન્યાયથી (અર્થાત્ જેમ એક તપેલામાં ચડતા ચોખામાંથી એક ચોખાનો દાણો દબાવવાથી ચડયા-કાચાની ખબર પડી જાય છે તેમ) આ ન્હાના લેખ ઉપરથી સજ્જન માણસો બધી વાતો સમજી લેશે; બુદ્ધિમાન્ માણસોને બહુ લખવાની જરૂર પડતી નથી. કારણ કે બુદ્ધિમાન્ લોકો દિગ્દર્શનથી જ સંપૂર્ણ આશય સમજી લે છે. હવે આગળ ઇસાઇના મત વિષે લખવામાં આવશે.

इति श्रीमद्दयानन्द सरस्वती स्वामि निर्मिते
सुभाषा विभूषिते सत्यार्थ प्रकाशे नास्तिक
मतान्तर्गत चार्वाकबौद्धजैनमत खण्डन
मण्डन विषये द्वादशः समुल्लासः
सम्पूर्णः ॥ १२ ॥

अनुभूमिका (३)

જે આ બાઇબલનો મત છે, તે કેવળ ઇસાઇયોનો છે, એમ નથી પરન્તુ એથી યહુદી આદિ પણ એમાં આવી જાય છે; જે અહીં (૧૩) તેરમા સમુલ્લાસમાં ઇસાઇ મતના વિષયમાં લખ્યું છે, એનો એજ અભિપ્રાય છે કે આજકાલ બાઇબલના મતમાં ઇસાઇ મુખ્ય થઇ રહ્યા છે અને યાહુદી આદિ ગૌણ છે, મુખ્યના ગ્રહણથી ગૌણનું ગ્રહણ થઈ જાય છે, એથી યાહુદિયોનું પણ ગ્રહણ સમજી લેવું: એનો જે વિષય અહીં લખ્યો છે, તે કેવળ બાઇબલમાંથી લીધો છે. કે જેને ઇસાઈ અને યહુદી આદિ સર્વ માને છે અને એજ પુસ્તકને પોતાના ધર્મનું મૂળકારણ સમજે છે. એ પુસ્તકનાં ભાષાંતર ઘણાંજ થયાં છે, અને તે એમના મતમાં મોટા મોટા પાદરી છે તેમણે કર્યાં છે. તેમાંથી દેવનાગરી કે સંસ્કૃત ભાષાંતર જોઇને બાઇબલમાં ઘણી શંકા થઇ છે, તેમાંથી થોડીક આ ૧૩ મા સમુલ્લાસમાં સર્વેના વિચારાર્થે લખી છે. આ લેખ કેવળ "સત્યની વૃદ્ધિ અને અસત્યનો હ્રાસ થવાને માટે છે." કોઇને દુઃખ લગાડવા કે હાનિ કરવા અથવા મિથ્યા દોષ લગાડવા અર્થે નથી. એનો અભિપ્રાય ઉત્તર લેખમાં સર્વ કોઇ સમજી લેશે, કે એ પુસ્તક કેવું છે અને મત પણ કેવો છે? આ લેખથી એજ પ્રયોજન છે કે સર્વ મનુષ્ય માત્રને જોવું, સાંભળવું, લખવું આદિ કરવું, સહજ થશે અને પક્ષી, પ્રતિપક્ષી થઇને વિચાર કરી, ઇસાઇ મતનું આન્દોલન સર્વ કોઇ કરી શકશે. એથી એક એ પ્રયોજન સિદ્ધ થશે કે મનુષ્યોનું ધર્મવિષયક જ્ઞાન વધીને યથાયોગ્ય "સત્યાસત્ય" મત અને "કર્ત્તવ્યાકર્ત્તવ્ય" કર્મ સંબંધી વિષય વિદિત થઇ 'સત્ય' અને "કર્ત્તવ્ય કર્મ"નો સ્વીકાર, તથા અસત્ય અને અકર્ત્તવ્ય કર્મનો પરિત્યાગ કરવો સહજતાથી થઇ શકશે.

સર્વ મનુષ્યોને ઉચિત છે કે સર્વના મતવિષયક પુસ્તકોને જોઇ, સમજીને કાંઇ સમ્મતિ કે અસમ્મતિ આપે કે લખે, નહિ તો સાંભળ્યા કરે. કેમકે જેમ ભણવાથી પણ્ડિત થાય છે, તેમ સાંભળવાથી બહુશ્રુત થાય છે, જો કે શ્રોતા બીજાંને નહિ સમજાવી શકે, તથાપિ પોતે સ્વયં તો સમજીજ જાય છે. જે કોઇ "પક્ષપાતારૂઢ" થઇને જુએ છે તેને પોતાના અને પરાયા "ગુણદોષ" વિદિત થઇ શકતા નથી. મનુષ્યનો આત્મા યથાયોગ્ય "સત્યાસત્ય"નો નિર્ણય કરવાનું સામર્થ્ય રાખે છે, જેટલું પોતાનું પઠિત કે શ્રુત છે તેટલું નિશ્ચય કરી શકે છે, જો એક મતવાળા બીજા મતવાળાના વિષયો જાણે અને અન્ય ન જાણે તો યથાવત્ સંવાદ થઇ શકતો નથી, કિન્તુ અજ્ઞાની કોઇક ભ્રમરૂપ વાડામાં પડી જાય છે; એવું ન થાય એટલા માટે આ ગ્રન્થમાં પ્રચરિત સર્વ મતોના વિષય થોડા થોડા લખ્યા છે, એટલાથીજ શેષ વિષયોમાં અનુમાન કરી શકે છે કે તે 'સાચા' છે કે જુઠા.

જે જે સર્વમાન્ય "સત્ય વિષય" છે તે તો સર્વમાં એક સરખા છે, ઝગડો "જુઠા વિષયો"માં થાય છે; અથવા એક સાચો અને બીજો જુઠો હોય તોપણ કાંઇક થોડોક વિવાદ ચાલે છે. જો વાદી પ્રતિવાદી "સત્યાસત્યના નિશ્ચય"ને માટે વાદ પ્રતિવાદ કરે તો અવશ્ય નિશ્ચય થઇ જાય. હવે હું આ ૧૩ મા સમુલ્લાસમાં ઇસાઇ મત વિષયક થોડુંક લખીને સર્વની સન્મુખ સ્થાપિત કરૂં છું, વિચારી જુઓ કે એ કેમ છે. अलमतिलेखेन विचक्षणवरेषु ॥

अथ त्रयोदशसमुल्लासारम्भः ॥

अथ कृश्चीनमतविषयं समीक्षिष्यामहे ॥

હવે આગળ ઇસાઇયોના મત વિષે લખીયે છિયે, જેથી સર્વને વિદિત થઇ જાય કે એમનો મત નિર્દોષ અને એમનું બાઇબલ પુસ્તક ઇશ્વરકૃત છે કે નહિ? પ્રથમ બાઇબલના તૌરેતનો વિષય લખવામાં આવે છે:—

૧. આરંભમાં ઇશ્વરે આકાશ અને પૃથ્વીને સરજ્યાં અને પૃથ્વી બેડોળ અને સુની હતી, અને સપાટીપર અંધારૂં હતું અને ઇશ્વરનો આત્મા જળની ઉપર ડોલતો હતો. પર્વ ૧, આયત ૧–૨.

સમીક્ષક—આરંભ કોને કહો છો?

ઇસાઇ—સૃષ્ટિની પ્રથમોત્પત્તિને.

સમીક્ષક—શું આ જ સૃષ્ટિ પ્રથમ થઇ? એની પૂર્વે કદી નહિ થઇ હતી?

ઇસાઇ—અમે નથી જાણતા, થઈ હતી કે નહિ, ઇશ્વર જાણે.

સમીક્ષક—જ્યારે નથી જાણતા તો આ પુસ્તકપર વિશ્વાસ કેમ કર્યો કે જેથી સન્દેહનું નિવારણ નથી થઇ શકતું, અને એનાજ ભરોસે લોકોને ઉપદેશ કરી, આ સન્દેહ ભર્યા મતમાં કેમ ફસાવો છો? અને નિસ્સન્દેહ, સર્વશંકાનિવારક વેદમતનો સ્વીકાર કેમ નથી કરતા? જ્યારે તમે ઈશ્વરી સૃષ્ટિનો હાલ નથી જાણતા, તો ઈશ્વરને કેમ જાણતા હશો? આકાશ કોને માનો છો?

ઇસાઇ—પોલ અને અવકાશને.

સમીક્ષક—પોલની ઉત્પત્તિ કેવે પ્રકારે થઇ? કેમકે એ વિભુ પદાર્થ છે અને અતિસૂક્ષ્મ છે અને ઉપર નીચે એક સરખું છે, જ્યારે આકાશ નહિ સરજ્યું હતું ત્યારે પોલ અને અવકાશ હતાં કે નહિ? જો ન હતાં તો ઇશ્વર, જગત્‌નું કારણ અને જીવ ક્યાં રહેતા હતા? અવકાશ વિના કોઇ પદાર્થ સ્થિત થઇ શકતો નથી, એટલા માટે તમારા બાઇબલનું કથન યુક્ત નથી. ઇશ્વર બેડોળ, અને તેના જ્ઞાન કર્મ બેડોળ હોય છે કે ડોળવાળાં?

ઇસાઇ—ડોળવાળાં હોય છે.

સમીક્ષક—તો અહિં ઇશ્વરની બનાવેલી આ પૃથ્વી બેડોળ હતી એમ કેમ લખ્યું?

ઇસાઇ—બેડોળનો અર્થ એ છે કે ઉંચી નીચી હતી. બરાબર નહિ હતી.

સમીક્ષક—પછી બરાબર કોણે કરી? અને શું હવણા પણ ઉંચી નીચી નથી? એટલાજ માટે ઇશ્વરનું કામ બેડોળ નથી થઇ શકતું, કેમકે તે સર્વજ્ઞ છે. તેના કામમાં ભૂલ

ચુક, કદી પણ હોઈ શકતી નથી અને બાઇબલમાં ઇશ્વરની સૃષ્ટિ બેહોળ લખી, એટલા માટે એ પુસ્તક ઇશ્વરકૃત નથી થઇ શકતું. પ્રથમ ઇશ્વરનો આત્મા, એ શો પદાર્થ છે?

ઇસાઇ—ચેતન.

સમીક્ષક—તે સાકાર છે કે નિરાકાર તથા વ્યાપક છે કે એકદેશી!

ઇસાઇ—ચેતન અને વ્યાપક છે, પરંતુ કોઇ એક સીનાઇ પર્વત, ચોથા આસમાન આદિ સ્થાનોમાં વિશેષ કરીને રહે છે.

સમીક્ષક—જો નિરાકાર છે તો તેને કોણે જોયો! અને વ્યાપકનું જળ ઉપર ડોલવું કદી નથી થઈ શકતું. વાહ જ્યારે ઇશ્વરનો આત્મા જળપર ડોલતો હતો ત્યારે ઇશ્વર ક્યાં હતો? એથી એ સિદ્ધ થાય છે કે ઇશ્વરનું શરીર કંઇ અન્યત્ર સ્થિત હશે અથવા પોતાના આત્માના કોઈ એક ટુકડાને જળ ઉપર ડોલાવ્યો હશે! જો એમ હોય તો વિભુ અને સર્વજ્ઞ કદી નથી થઇ શકતો. જો વિભુ નહિ હોય તો જગતની રચના, ધારણ, પાલન અને જીવોનાં કર્મોની વ્યવસ્થા કે પ્રલય કદી કરી શકે નહિ, કેમકે જે પદાર્થનું સ્વરૂપ એકદેશી છે, તેનાં ગુણ, કર્મ, સ્વભાવ, પણ એક દેશી હોય છે, જો એમ છે તો તે ઇશ્વર હોઇ શકે નહિ. ઇશ્વર સર્વવ્યાપક, અનંત ગુણકર્મ સ્વભાવયુક્ત, સચ્ચિદાનંદસ્વરૂપ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્તસ્વભાવ અનાદિત્વ અનંતત્વાદિ લક્ષણયુક્ત, વેદોમાં કહ્યો છે તેને માનો, ત્યારેજ તમારૂં કલ્યાણ થશે અન્યથા નહિ.

૨. અને ઇશ્વરે કહ્યું કે અજવાળું થાઓ. અને અજવાળું થઇ ગયું; અને ઇશ્વરે અજવાળાને જોયું કે તે સારૂં છે, પર્વ ૧. આ. ૩, ૪.

સમીક્ષક—શું ઇશ્વરની વાત જડરૂપ અજવાળાંએ સાંભળી લીધી? જો સાંભળી હોય તો આ સમયે પણ સૂર્ય અને દીપ તથા અગ્નિનો પ્રકાશ અમારી તમારી વાત કેમ નથી સાંભળતો? પ્રકાશ જડ હોય છે તે કદી કોઇની વાત સાંભળી શકતો નથી. શું જ્યારે ઇશ્વરે અજવાળાને જોયું ત્યારેજ જાણ્યું કે અજવાળું સારૂં છે? પેહેલાં નહિ જાણતો હતો? જો જાણતો હતો તો જોઇને સારૂં કેમ કહ્યું? જો નહિ જાણતો હતો તો તે ઇશ્વરજ નહિ. એટલા માટે તમારૂં બાઇબલ ઇશ્વરોક્ત નથી અને તેમાં કહેલો ઇશ્વર સર્વજ્ઞ નથી.

૩. અને ઇશ્વરે કહ્યું કે પાણીની મધ્યમાં આકાશ થાઓ અને પાણીનો પાણીથી વિભાગ થાઓ, પછી ઇશ્વરે આકાશને બનાવ્યું અને આકાશની નીચેના પાણીને આકાશની ઉપરનાં પાણીથી વિભાગ કર્યાં અને તેમ ગઇ ગયું. પછી ઇશ્વરે આકાશને સ્વર્ગ કહ્યું અને સાંજ અને વહાણું (સવાર) થઈને બીજો દિન થયો. પર્વ. ૧. આ૦ ૬–૭–૮.

સમીક્ષક—શું આકાશ અને જળે પણ ઇશ્વરની વાત સાંભળી લીધી? અને જો જળની વચ્ચે આકાશ ન હોત તો જળ રહેતજ ક્યાં? પ્રથમ આયતમાં આકાશને સરજ્યું હતું–પુનઃ આકાશનું બનાવવું વ્યર્થ થયું. જો આકાશને સ્વર્ગ કહ્યું તો તે સર્વ વ્યાપક છે એટલા માટે સર્વત્ર સ્વર્ગ થયું; પછી ઉપર સ્વર્ગ છે, એમ કહેવું તે વ્યર્થ છે, જ્યારે સૂર્ય ઉત્પન્નજ નહિ થયો હતો તો પુનઃ દિન અને રાત ક્યાંથી થઈ ગયાં? આવી અસમ્ભવ વાતો આગલી આયતોમાં ભરી છે.

૪. પછી ઇશ્વરે કહ્યું કે આદમને મારા સ્વરૂપમાં મારા જેવો બનાવું-તેમ ઇશ્વરે આદમને પોતાના સ્વરૂપમાં ઉત્પન્ન કર્યો, તેણે તેને ઇશ્વરના સ્વરૂપમાં ઉત્પન્ન કર્યાં, તેણે તેમને નર અને નારી બનાવ્યાં; અને ઇશ્વરે તેમને આશીષ આપી. પર્વ ૧. આ૦ ૨૬-૨૭-૨૮.

સમીક્ષક—જો આદમને ઇશ્વરે પોતાના સ્વરૂપમાં બનાવ્યો તો ઇશ્વરનું સ્વરૂપ, પવિત્ર જ્ઞાનસ્વરૂપ, આનંદમય આદિ લક્ષણયુક્ત છે, તેના જેવો આદમ કેમ નહિ થયો ? જો ન થયો તો તેના સ્વરૂપમાં નહિ બન્યો અને આદમને ઉત્પન્ન કર્યો તો ઇશ્વરે પોતાના સ્વરૂપનેજ ઉત્પત્તિવાળું કર્યું. પુનઃ તે (ઇશ્વર) અનિત્ય કેમ નહિ ? અને આદમને ઉત્પન્ન ક્યાંથી કર્યો ?

ઇસાઇ—માટીથી બનાવ્યો.

સમીક્ષક—માટી ક્યાંથી બનાવી ?

ઇસાઈ—પોતાની કુદરત અર્થાત્ સામર્થ્યથી.

સમીક્ષક—ઇશ્વરનું સામર્થ્ય અનાદિ છે કે નવીન?

ઇસાઈ—અનાદિ છે.

સમીક્ષક—જો અનાદિ છે તો જગત્‌નું કારણ સનાતન થયું; પછી અભાવથી ભાવ કેમ માનો છો ?

ઇસાઇ—સૃષ્ટિની પૂર્વે ઇશ્વર વિના કોઇ વસ્તુ ન હતી.

સમીક્ષક—જો ન હતી તો આ જગત્ ક્યાંથી બન્યું ? અને ઇશ્વરનું સામર્થ્ય દ્રવ્ય છે કે ગુણ ? જો દ્રવ્ય છે તો ઇશ્વરથી ભિન્ન, બીજો પદાર્થ હતો અને જો ગુણ છે તો—ગુણથી દ્રવ્ય કદી બની શકતું નથી, જેમ કે રૂપથી અગ્નિ અને રસથી જળ નથી બની શકતાં અને જો ઇશ્વરથી જગત્ બન્યું હતું તો ઇશ્વરની સદૃશ ગુણકર્મસ્વભાવવાળું તે હોતે. તેના ગુણકર્મસ્વભાવના સદૃશ ન હોવાથી, એજ નિશ્ચય છે કે ઇશ્વરમાંથી બન્યું નથી કિન્તુ જગત્‌નું કારણ અર્થાત્ પરમાણુ આદિ નામવાળા જડ પદાર્થથી બન્યું છે. જગત્‌ની ઉત્પત્તિ જેવી વેદાદિ શાસ્ત્રોમાં લખી છે, તેવીજ માની લો અર્થાત્ પ્રકૃતિથી ઇશ્વર જગત્‌ને બનાવે છે. જો આદમનું અંદરનું સ્વરૂપ જીવ અને બહારનું શરીર, મનુષ્યની સદૃશ છે, તો તેવું ઇશ્વરનું સ્વરૂપ કેમ નહિ ? કેમકે જો આદમ, ઇશ્વરની સદૃશ બન્યો તો ઇશ્વર આદમની સદૃશ અવશ્ય હોવો જોઇયે.

૫. ત્યારે પરમેશ્વર ઇશ્વરે ભૂમિની ધુળથી આદમને બનાવ્યો, અને તેના નસ્કોરામાં જીવનનો શ્વાસ ફુંક્યો અને આદમ જીવતો પ્રાણ થયો. અને પરમેશ્વર ઇશ્વરે ઇડનમાં પૂર્વ તરફ એક વાડી બનાવી અને જે આદમને તેણે બનાવ્યો હતો તેને તેમાં રાખ્યો. અને વાડીની મધ્યમાં જીવનનું પેડ-ઝાડ અને ભલાં બુરાંના જ્ઞાનનું ઝાડ ભુમિથી ઉગાડયું. પર્વ ૨. આયત ૭-૮-૯.

સમીક્ષક—જ્યારે ઇશ્વરે ઇડનમાં વાડી બનાવીને તેમાં આદમને રાખ્યો, ત્યારે ઇશ્વર નહિ જાણતો હતો કે એને પુનઃ અહીંથી કાઢવો પડશે ? અને જ્યારે ઇશ્વરે આદમને ધુળથી બનાવ્યો તો ઇશ્વરનું સ્વરૂપ નહિ થયું અને જો છે તો ઇશ્વર પણ ધુળથી બન્યો હશે ! જ્યારે તેનાં નસ્કોરામાં ઇશ્વરે શ્વાસ ફુંક્યો તો તે શ્વાસ ઇશ્વરનું સ્વરૂપ હતું કે ભિન્ન ? જો ભિન્ન

હતો તો ઇશ્વર આદમના સ્વરૂપમાં નહિ બન્યો. જો એક છે તો આદમ અને ઇશ્વર એકજ જેવા થયા. અને જો એકસરખા છે તો આદમની પેઠે જન્મ, મરણ, વૃદ્ધિ, ક્ષય, ક્ષુધા, તૃષા આદિ દોષો ઇશ્વરમાં આવ્યા. તે ઇશ્વર કેવી રીતે થઇ શકે છે? એટલા માટે એ તૌરેતની વાત ઠીક વિદિત થતી નથી અને એ પુસ્તક પણ ઇશ્વરકૃત નથી.

૬. અને પરમેશ્વર ઇશ્વરે આદમને મહા નિદ્રામાં નાંખ્યો અને તે ગાઢ નિદ્રામાં હતો ત્યારે તેની પાંસળીયોમાંથી એક પાંસળી કાઢી અને તેની જગોએ માંસ ભરી દીધું. અને પરમેશ્વર ઇશ્વરે આદમની તે પાંસળીથી એક નારી બનાવી અને તેને આદમની પાસે લાવ્યો. પર્વ ૨. આ૦ ૨૧-૨૨.

સમીક્ષક—જો ઇશ્વરે આદમને ધુળથી બનાવ્યો તો તેની સ્ત્રીને ધુળથી કેમ નહિ બનાવી? અને જો નારીને હાડકાંથી બનાવી તો આદમને હાડકાંથી કેમ નહિ બનાવ્યો? અને જેમ નરમાંથી નિકળવાથી નારી નામ થયું, તો નારીથી નર નામ પણ થવું જોઇયે અને તેઓમાં પરસ્પર પ્રેમ પણ રહે, જેમ સ્ત્રીની સાથે પુરૂષ પ્રેમ કરે તેમ પુરૂષની સાથે સ્ત્રી પણ પ્રેમ કરે. જુઓ વિદ્વાન લોકો! ઇશ્વરની કેવી પદાર્થવિદ્યા—અર્થાત્ "ફિલસોફી" ઝળકે છે! જો આદમની એક પાંસળી કાઢીને નારી બનાવી તો સર્વ મનુષ્યોની પાંસળી ઓછી કેમ નથી હોતી? અને સ્ત્રીનાં શરીરમાં એક પાંસળી હોવી જોઇયે, કેમકે તે એક પાંસળીથી બની છે. શું જે સામગ્રીથી સર્વ જગત્ બનાવ્યું તે સામગ્રીથી સ્ત્રીનું શરીર નહોતું બની શકતુ? એટલા માટે આ બાઇબલનો સૃષ્ટિક્રમ સૃષ્ટિવિદ્યાથી વિરૂદ્ધ છે.

૭. હવે ભૂમિના હરેક પશુ કે જેમને પરમેશ્વરે બનાવ્યાં હતાં તે સર્વના કરતાં સાપ ધૂર્ત હતો. અને તેણે સ્ત્રીને કહ્યું કે શું નક્કી ઇશ્વરે કહ્યું છે કે તારે આ વાડીના સર્વ ઝાડ ઉપરનું ના ખાવું? ત્યારે સ્ત્રીએ સર્પને કહ્યું કે અમે તો આ વાડીનાં ઝાડનાં ફળો ખાઇયે છિયે. પરંતુ તે ઝાડનું ફળ કે જે વાડીના મધ્ય ભાગમાં છે તે વિષે ઇશ્વરે કહ્યુ કે તમારે તે ન ખાવું અને ન તેને અડકવું, નહિ તો મરી જશો. ત્યારે સર્પે સ્ત્રીને કહ્યું કે તમે નિશ્ચય મરશો એમ નથી, કેમકે ઇશ્વર જાણે છે કે જે દિન તમે તે ખાશો, તમારી આંખો ઉઘડી જશે અને તમે સારાં અને નઠારાંની ઓળખમાં ઇશ્વરની સમાન થઇ જશો. અને જ્યારે સ્ત્રીએ જાણ્યું કે ઝાડ ખાવામાં સુસ્વાદ અને દૃષ્ટિમાં સુંદર અને બુદ્ધિ આપવાને યોગ્ય છે તો તેનાં ફળમાંથી (એક) લીધું અને ખાધું અને પોતાના પતિને પણ આપ્યું, અને તેણે ખાધું. ત્યારે તે બેઉની આંખો ઉઘડી ગઇ અને તેઓ જાણી ગયાં કે અમે નાગાં છિયે, તેથી તેઓએ અંજીરનાં પાત્રાંને એકઠાં કરીને સીવ્યાં અને પોતાને માટે ઓઢણાં બનાવ્યાં. ત્યારે પરમેશ્વર ઇશ્વરે સર્પને કહ્યું કે જે આ તેં કર્યું છે તે કારણ માટે તું સર્વ ઢોર ગ્રામ પશુ અને હરેક વનનાં પશુથી અધિક શાપિત થશે, પોતાના પેટના બળથી ચાલશે અને પોતાના જીવન ભર ધુળ ખાયા કરશે, અને હું તારામાં અને સ્ત્રીમાં અને તારા વંશમાં અને તેના વંશમાં વેર નાંખીશ, તે તારા શરીરને કચડશે અને તુ તેની એડીને કરડશે. અને તેણે સ્ત્રીને કહ્યું કે હું તારી પીડા અને ગર્ભધારણને બહુજ વધારીશ તું પીડાથી બાળક જણશે અને તારી ઇચ્છા તારા પતીપર જશે અને તે તારાપર પ્રભુતા કરશે. તેણે આદમને કહ્યું કે તેં જે પોતાની પત્નીનો શબ્દ માન્યો છે અને જે ઝાડને મેં તારા ખાવાથી વર્જ્યું હતુ તે તેં ખાધું છે એ કારણને

લીધે ભૂમિ તારે માટે શાપિત છે. પોતાના જીવન ભર તું તેમાંથી પીડાની સાથે ખાશે. અને તે કાંટા અને ઉંટકટાર (થબા) તારે માટે ઉગાડશે અને તું ખેતરનાં શાકપાન ખાશે.

તૌરેત ઉત્પત્તિ પર્વ૦ ૩. આ૦ ૧ થી ૭ અને ૧૪ થી ૧૮.

સમીક્ષક—જો ઈસાઇયોનો ઇશ્વર સર્વજ્ઞ હોત તો એ ધૂર્તસર્પ અર્થાત્ સેતાનને કેમ બનાવત ? અને જો બનાવ્યો તો તેજ ઇશ્વર અપરાધનો ભાગી છે; કેમકે જો તે તેને દુષ્ટ ન બનાવતે તો તે તેવી દુષ્ટતા કેમ કરતે ? અને જો તે પૂર્વ જન્મ નથી માનતા તો વિના અપરાધ તેને પાપી કેમ બનાવ્યો ? અને સાચું પૂછો તો તે સર્પ નહિ હતો, કિંતુ મનુષ્ય હતો કેમકે જો મનુષ્ય ન હોત તો મનુષ્યની ભાષા કેમ કરી બોલી શકતે ? અને જો પોતે જુઠો અને અન્યને જુઠામાં ચલાવે તેને સેતાન કહેવો જોઇયે. પણ અહીં સેતાન સત્યવાદી છે અને તેથી તેણે તે સ્ત્રીને બહેકાવી નહિ કિંતુ સાચું કહ્યું અને ઇશ્વરે આદમ અને હવ્વાને જૂઠું કહ્યું કે એ ખાવાથી તમે મરી જશો, જ્યારે તે વૃક્ષ જ્ઞાનદાતા અને અમર કરનાર હતું તો તેનું ફળ ખાવાથી તેમને કેમ વર્જ્યું અને જો વર્જ્યું તો તે ઇશ્વર જુઠો અને બહેકાવવાવાળો ઠર્યો, કેમકે તે વૃક્ષનું ફળ મનુષ્યોને જ્ઞાનદ અને સુખકારક હતું, અજ્ઞાન અને મૃત્યુકારક નહિ હતું. જ્યારે ઇશ્વરે ફળ ખાવાથી વર્જ્યા તો તે વૃક્ષની ઉત્પત્તિ શા માટે કરી હતી ? જો પોતાને માટે કરી તો શું પોતે અજ્ઞાની અને મૃત્યુ ધર્મવાળો હતો ? અને જો બીજાને માટે બનાવ્યું તો ફળ ખાવામાં અપરાધ કાંઇ પણ ન થયો. અને આજ કાલ કોઈપણ વૃક્ષ જ્ઞાનકારક અને મૃત્યુનવારક જોવામાં નથી આવતું. શું ઇશ્વરે તેનું બીજ પણ નષ્ટ કર્યું ? એવી વાતોથી મનુષ્ય છલી કપટી થાય છે તો ઇશ્વર એવો કેમ ન થયો ? કેમકે જે કોઇ બીજા સાથે છલકપટ કરે તો તે છલી કપટી કેમ ન હોય ? અને આ ત્રણેને જે શાપ દીધો તે વિના અપરાધથી છે, તેથી તે ઇશ્વર અન્યાયકારી પણ થયો. અને એ શાપ ઇશ્વરનેજ હોવો જોઇએ, કેમકે તે જૂઠું બોલ્યો અને તેને બેહકાવ્યો. એ ફિલોસોફી જુઓ ! શું વિના પીડા ગર્ભધારણ અને બાળકનો જન્મ થઇ શકતો હતો ? અને વિના શ્રમ કોઇ પોતાની જીવિકા કરી શકે છે ? શું પ્રથમ કાંટા આદિ વૃક્ષ ન હતાં ? અને જ્યારે શાક પાન ખાવું એ સર્વ મનુષ્યોને ઇશ્વરના કહેવાથી ઉચિત થયું ત્યારે તો જે આગળ ઉપર માંસ ખાવું બાઇબલમાં લખ્યું તે જૂઠું કેમ નહિ ? અને જો તે સાચું હોય તો આ જુઠું છે. જ્યારે આદમનો કાંઇ પણ અપરાધ સિદ્ધ નથી થતો તો ઇસાઇ લોક સર્વ મનુષ્યોને આદમના અપરાધથી સન્તાન થવા પર અપરાધી કેમ કહે છે ? ભલા એવું પુસ્તક અને એવો ઇશ્વર કદી બુદ્ધિમાનોની સમીપે યોગ્ય મનાઇ શકે છે ?

૮. અને પરમેશ્વર ઇશ્વરે કહ્યું કે જુઓ આદમ સારૂં નઠારૂં જાણવામાં અમારામાંથી એકના જેવો થયો અને હવે એમ ન થાય કે તે પોતાના હાથ નાખે અને જીવનનાં વૃક્ષમાંથી પણ લઇને ખાય અને અમર થઈ જાય, તેથી તેણે આદમને કાઢી મુક્યો અને ઈડનની વાડીની પૂર્વ તરફ ચીરૂબીમ (દૂતો) અને ચમકતાં ખડગ મૂકી દીધાં જે ચારે બાજુ ઘુમતાં હતાં જેથી જીવનના ઝાડના માર્ગની રક્ષા થાય. પર્વ૦ ૩ આ૦ ૨૨-૨૪.

સમીક્ષક—વાહ, ઇશ્વરને એવી ઇર્ષ્યા અને ભય કેમ થયો કે જ્ઞાનમાં અમારા તુલ્ય

થયો ? શું એ નઠારી વાત થઈ ? એ શંકાજ કેમ પડી ? કેમકે ઇશ્વર તુલ્ય કદી પણુ કોઈ થઇ શકતો નથી ? કિન્તુ આ લેખથી એમ પણ સિદ્ધ થઇ શકે છે કે તે ઇશ્વર ન હતો, કિન્તુ મનુષ્યવિશેષ હતો; બાઈબલમાં જ્યાં કંઇ ઇશ્વરની વાત આવે છે, ત્યાં મનુષ્યની માફકજ લખવામાં આવે છે; હવે જુઓ ! આદમનાં જ્ઞાનના વધારવાથી ઇશ્વર કેટલો દુઃખી થયો, અને પછી અમર વૃક્ષનું ફળ ખાવામાં કેટલી ઇર્ષ્યા કરી, અને પ્રથમ જ્યારે તેને વાડીમાં રાખ્યો ત્યારે તેને ભવિષ્યનું જ્ઞાન ન હતું કે એને પુનઃ કાઢવો પડશે ! એટલા માટે ઇસાઇયોનો ઇશ્વર સર્વજ્ઞ નહોતો અને ચમકતા ખડગનો જે પેહેરો રાખ્યો, એપણુ મનુષ્યનું કામ છે ઇશ્વરનું નહિ. (કારણુ તે સ્વસત્તાથીજ રક્ષા કરી શકે છે.)

૯. અને કેટલાક દિવસ પછી એમ થયું કે " કાઇન" ભૂમિનાં ફળોમાંથી પરમેશ્વરને માટે ભેટ લાવ્યો, અને "આબીલ" પણુ પોતાનાં બકરાં મેંઢાંના ઝુંડમાંથી પુષ્ટ અને મોટી મોટી બકરી લાવ્યો, અને પરમેશ્વરે આબીલ તથા તેની ભેટનો આદર કર્યો, પરંતુ કાઇનનો અને તેની ભેટનો આદર ન કર્યો. એટલા માટે કાઇન અતિ કુપિત થયો અને પોતાનું મોં ફુલાવ્યું. ત્યારે પરમેશ્વરે કાઇનને કહ્યું કે તું કેમ ક્રોધિત છે અને તારૂં મોં કેમ ફુલી ગયું ? તૌરેત૦ પર્વ૦ ૪ આ૦ ૩ થી ૬.

સમીક્ષક—જો ઇશ્વર માંસહારી ન હોત તો બકરાંની ભેટ અને આબીલનો સત્કાર અને કાઇનનો અને તેની ભેટનો તિરસ્કાર કેમ કરતે ? અને એવો ઝગડો લગાવવાનું અને આબીલનાં મૃત્યુનું કારણુ પણ ઇશ્વરજ થયો અને જેમ આપસમાં મનુષ્ય લોક એક બીજા સાથે વાતો કરે છે, તેવીજ રીતે ઇસાઇયોના ઇશ્વરની વાતો છે ! બગીચામાં આવવું જવું અને તેનું બનાવવું પણુ મનુષ્યોનાં કર્મ છે, એથી વિદિત થાય છે કે આ બાઇબલ મનુષ્યોનું બનાવેલું છે, ઇશ્વરનું નહિ.

૧૦. જ્યારે પરમેશ્વરે કાઇનને કહ્યું, તારો ભાઈ આબિલ કયાં છે ? અને તે બોલ્યો, હું નથો જાણુતો—શું હું મારા ભાઇનો રખેવાળ છું. ત્યારે તેણે કહ્યું કે તેં શું કર્યું ?—તારા ભાઇના લોહીનો શબ્દ ભૂમિમાંથી મને પોકારે છે. અને હવે તું પૃથ્વીથી શાપિત છે. તૌ૦ પર્વ૦ ૪ આ૦ ૯—૧૦—૧૧.

સમીક્ષક—શું ઇશ્વર કાઈનને પૂછ્યા વિના આબિલનો હાલ નહિ જાણુતો હતો ? અને લોહીનો શબ્દ ભૂમિમાંથી કદી કોઇને પોકારી શકે છે ? આ સર્વ વાતો અવિદ્વાનોની છે, એટલા માટે એ પુસ્તક ઇશ્વર, કે કોઈ વિદ્વાનનું પણુ બનાવેલું થઇ શકતું નથી.

૧૧. અને ઇનોહ, મેથ્યુસિલહની ઉત્પત્તિ પછી ત્રણુસો વર્ષ પર્યન્ત ઇશ્વરની સાથે સાથે ચાલતો હતો. તૌ૦ પર્વ૦ ૫ આ૦ ૨૨.

સમીક્ષક—વાહ, ઇસાઇયોનો ઇશ્વર મનુષ્ય ન હોત તો હનૂક તેની સાથે સાથે કેમ ચાલતે ? માટે જે વેદોક્ત નિરાકાર ઇશ્વર છે, તેને જ ઇસાઇ લોક માને તો તેમનું કલ્યાણ થઇ જાય.

૧૨. અને તેનાથી પુત્રિયા ઉત્પન્ન થઇ; તો ઇશ્વરના પુત્રોએ આદમની પુત્રિયોને જોઇ કે તે સુંદરી છે અને તેમાંથી જેણે જેને ચાહી તેનો તેની સાથે વિવાહ કર્યો, અને તે દિનોમાં

પૃથિવીપર દાનવ હતા અને તેઓ પણ જ્યારે ઇશ્વરના પુત્ર આદમની પુત્રિયો સાથે મળ્યા તો તેનાથી બાળક ઉત્પન્ન થયાં, જે બળવાન્ થયાં, જે આગળથી નામી હતાં, અને ઇશ્વરે જોયું કે આદમની દુષ્ટતા પૃથિવી ઉપર બહુજ થઇ અને તેના મનની ચિન્તા અને ભાવના પ્રતિદિન કેવળ બુરી થાય છે, ત્યારે આદમીને પૃથિવી ઉપર ઉત્પન્ન કરવાથી પરમેશ્વર પસ્તાયો અને તેને અતિ શોક થયો. ત્યારે ઇશ્વરે કહ્યું કે આદમી કે જેને મેં ઉત્પન્ન કર્યો તે આદમીથી લઇને પશુ પર્યન્ત અને આકાશના પક્ષિયોને પૃથિવી પરથી નષ્ટ કરીશ, કેમકે તેમને બનાવવાથી હું પસ્તાઉં છું. તૌ૦ પર્વ૦ ૬ આ૦ ૧-૨-૩-૪-૫-૬-૭.

સમીક્ષક—ઇસાઇયોને પૂછવું જોઇયે કે ઇશ્વરના બેટા કોણ છે ? અને ઇશ્વરની સ્ત્રી, સાસુ, શ્વસુર, સાળા અને સંબંધી કોણ છે ? કેમકે હવે તો આદમની બેટિયો સાથે વિવાહ થવાથી, ઇશ્વર એમનો સંબંધી થયો, અને જે તેનાથી ઉત્પન્ન થાય છે, તે પુત્ર અને પ્રપૌત્ર થયા. શું એવી વાત ઇશ્વર અને ઇશ્વરનાં પુસ્તકની થઇ શકે છે ? કિંતુ એ સિદ્ધ થાય છે કે જંગલી મનુષ્યોએ એ પુસ્તક બનાવ્યું છે. તે ઇશ્વરજ નહિ જે સર્વજ્ઞ ન હોય, ન ભવિષ્યની વાત જાણે; પણ તે જીવ છે. શું જ્યારે સૃષ્ટિ કરી હતી ત્યારે આગળ મનુષ્ય દુષ્ટ થશે, એમ નહિ જાણતો હતો ? અને પસ્તાવું, અતિ શોકાદિનું થવું; ભૂલથી કામ કરીને પછી પશ્ચાત્તાપ કરવો આદિ ઇસાઇયોના ઇશ્વરમાં ઘટી શકે છે, કેમકે ઇસાઇયોનો ઇશ્વર પૂર્ણ વિદ્વાન્ યોગી પણ ન હતો, નહિ તો શાન્તિ અને વિજ્ઞાનથી, અતિ શોકાદિથી પૃથક્ થઇ શકતે. વાહ, પશુ પક્ષી પણ દુષ્ટ થઇ ગયાં. જો તે ઇશ્વર સર્વજ્ઞ હોત તો આવો વિષાદી કેમ હોત ? એટલા માટે એ ઇશ્વર અને એ ઇશ્વરકૃત પુસ્તક થઈ શકતું નથી. જેવો વેદોક્ત પરમેશ્વર સર્વ પાપ, ક્લેશ, દુઃખ શોકાદિથી રહિત “ સચ્ચિદાનન્દસ્વરૂપ ” છે તેને ઇસાઇ લોક માનત વા હવે પણ માને તો પોતાના મનુષ્ય જન્મને સફળ કરી શકે.

૧૩. તે નાવ-હોડીની લમ્બાઇ ત્રણસો હાથ અને પોહોળાઇ પચાસ હાથ અને ઉંચાઇ ત્રીસ હાથની હોય, ત્યારે નાવમાં જવું, તું અને તારા પુત્રો અને તારી પત્નિ અને તારા પુત્રોની પત્નિયો પણ તારી સાથે. અને સર્વ શરીરોમાંથી જીવતા જન્તુ બે બે પોતાની સાથે નાવમાં લેવા, જેથી તે તારી સાથે જીવતા રહે પણ તે નર અને નારી હોય. પક્ષીમાંથી તેમની જાત જાતના અને ઢોરમાંથી તેમની જાત જાતનાં અને પૃથિવીના હરેક રેંગવૈયે—પેટ ચાલનારમાંથી જાત જાતના, એમ હરેકમાંથી બે બે તારી પાસે આવે જેથી તે જીવતાં રહે. અને તું પોતાને માટે ખાવાને સર્વ સામગ્રી પોતાની પાસે એકઠી કર. તે તમારે અને તેને માટે ભોજન થશે. તે ઇશ્વરની સર્વ આજ્ઞા પ્રમાણે નૂહે કર્યું. તૌ૦ પર્વ૦ ૬ આ૦ ૧૫-૧૮-૧૯-૨૦-૨૧-૨૨.

સમીક્ષક—ભલા કોઇ પણ વિદ્વાન્ આવી વિદ્યાથીવિરૂદ્ધ અસમ્ભવ વાતના વક્તાને ઇશ્વર માની શકે છે ? કેમકે એટલી મોટી, પોહોળી, ઉંચી નાવમાં હાથી, હાથણી, ઊંટ, ઊંટડી આદિ ક્રોડો જન્તુ અને તે સર્વ કુટુંબની તેમની ખાવા પીવાની ચીજો પણ સમાઇ શકે ખરી ? આ એટલા માટેજ મનુષ્યકૃત પુસ્તક છે. જેણે એ લેખ લખ્યો છે તે વિદ્વાન્ પણ ન હતો.

૧૪. અને નૂહે પરમેશ્વરને માટે એક વેદી બનાવી, અને સઘળાં પવિત્ર પશુ અને હરેક

પવિત્ર પક્ષિયોમાંથી લીધાં અને હોમની ભેટ તે વેદીપર ચઢાવી અને પરમેશ્વરે સુગન્ધી લીધી અને પરમેશ્વરે પોતાના મનમાં કહ્યું કે આદમીને માટે હું પૃથિવીને ફરીથી કદી શાપ નહિ દઇશ. એનું કારણ એ કે આદમીના મનની ભાવના તેની નાદાની હોવાથી બુરી છે અને જે રીતિથી મેં સઘળા જીવ ધારિયોને માર્યા, તે રીતિથી કદી નહિ મારીશ. તૌરેત૦ પર્વ૦ ૮ આ૦ ૨૦-૨૧.

સમીક્ષક—વેદીના બનાવવાથી અને હોમ કરવાના લેખથી એજ સિદ્ધ થાય છે કે એ વાતો વેદોમાંથી બાઇબલમાં ગઈ છે. શું પરમેશ્વરને નાક પણ છે કે જેથી સુગન્ધ સૂંઘી ? શું એ ઇસાઇયોનો ઇશ્વર મનુષ્યવત્ અલ્પજ્ઞ નથી ? કે કોઇવાર શાપ દેછે અને કોઇવાર પસ્તાય છે, કોઇવાર કહે છે કે શાપ નહિ દઉં. પ્રથમ દીધો હતો અને પાછો પણ દેશે. પ્રથમ સર્વને મારી નાંખ્યા અને હવે કહે છે કે કદી નહિ મારીશ ! ! ! એ વાતો સઘળી બાળકપણાની છે, ઇશ્વરની નથી-કોઇ વિદ્વાનની પણ નહિ ! કેમકે વિદ્વાનની પણ વાત અને પ્રતિજ્ઞા સ્થિરજ હોય છે.

૧૫. અને ઇશ્વરે નૂહને અને તેના છોકરાને આશીષ દીધી અને તેણે કહ્યું કે હરેક જીવતા ચાલતા જન્તુ તમારા ભોજન માટે થશે. મેં લીલી તરકારી-શાકપાન સમાન સઘળી વસ્તુ તમને આપી; કેવલ માંસ, તેના જીવ અર્થાત્ તેના લોહી સમેત ન ખાવું. તૌરેત૦ પર્વ૦૯ આ૦૧-૩-૪.

સમીક્ષક—શું એકને પ્રાણ કષ્ટ દઇને બીજાને આનંદ કરાવવાથી, ઇસાઇયોનો ઇશ્વર દયાહીન નથી ? જો માતપિતા એક બાળકને મરાવીને બીજાને ખવડાવે તો તે મહાપાપી ન થાય ? એવાજ પ્રકારની આ વાત છે. કેમકે ઇશ્વરને તો સર્વ પ્રાણી પુત્રવત્ છે, પણ એવો નહિ હોવાથી એમનો ઇશ્વર કસાઇવત્ કામ કરે છે અને સર્વ મનુષ્યોને હિંસક પણ એણેજ બનાવ્યાં છે, એટલા માટે ઇસાઇયોનો ઇશ્વર નિર્દય હોવાથી પાપી કેમ નહિ ?

૧૬. અને સઘળી પૃથિવીપર એકજ બોલી અને એકજ ભાષા હતી. પછી તેણે કહ્યું કે આવો આપણે એક નગર અને એક ધુમ્મટ કે જેની ટોચ સ્વર્ગપર્યન્ત પહોંચે, આપણે માટે બનાવીએ અને આપણું નામ કરીએ, એમ નહિ થાય કે આપણે આખી પૃથિવીપર છિન્ન ભિન્ન થઇ જઇએ. ત્યાર પછી ઇશ્વર તે નગર અને તે ધુમ્મટ કે જેને આદમના સન્તાન બનાવતા હતા, તે જોવાને ઉતર્યો; ત્યારે પરમેશ્વરે કહ્યું કે જુઓ એ લોક એકજ છે અને એ સર્વની બોલી એકજ છે; હવે તેઓ એવું એવું કાંઇ કરવા લાગ્યા તો હવે તેઓ જે ઉપર મન લગાડશે તેનાથી જૂદા નહિ કરવામાં આવશે. આવો, આપણે ઉતરીએ અને ત્યાં તેમની ભાષામાં ગડબડ કરીએ કે જેથી એક બીજાની બોલી ન સમજે. પછી પરમેશ્વરે તેમને ત્યાંથી આખી પૃથિવી પર છિન્ન ભિન્ન કર્યા અને તેઓ નગર બનાવવાથી અલગ રહ્યા. તૌરેત-પર્વ૦૧૧ આયાત-૧-૪-૫-૬-૭-૮.

સમીક્ષક—જ્યારે આખી પૃથિવીપર એક ભાષા અને બોલી હશે તે સમય સર્વ મનુષ્યને પરસ્પર અત્યન્ત આનન્દ પ્રાપ્ત થયો હશે, પરંતુ શું કરીએ આ ઇસાઇઓના ઇર્ષ્યક ઇશ્વરે સર્વની ભાષામાં ગડબડ કરીને, સર્વનું સત્યાનાશ કર્યું, તેણે એ મોટા અપરાધ કર્યો; શું એ સેતાનના કામથી પણ બદતર કામ નથી ! અને એથી એ પણ વિદિત થાય

છે કે ઇસાઇયોનો ઇશ્વર સીનાઇ પહાડ આદિપર રહેતો હતો અને જીવોની ઉન્નતિ પણ નહિ ચાહતો હતો; એ એક અવિદ્વાન્ સિવાય ઇશ્વરની વાત અને એ ઇશ્વરોક્ત પુસ્તક કેમ જ હોઇ શકે ?

૧૭. ત્યારે તેણે પોતાની પત્ની "સરી" ને કહ્યું કે જો હું જાણું છું કે તું દેખાવમાં સુન્દર સ્ત્રી છે. એટલા માટે એમ થશે કે જ્યારે મિસરના લોક તને જુએ ત્યારે કહેશે કે આ તેની પત્ની છે અને મને મારી નાખશે, પરંતુ તને જીવતી રાખશે. તું કહેજે કે હું તેની બહેન છું જેથી તારે લીધે મારૂં ભલું થાય અને મારો પ્રાણ તારે લીધે જીવતો રહે.

તૌરેત. પર્વ૦ ૧૨ આયતો૦ ૧૧, ૧૨, ૧૩.

સમીક્ષક—હવે જુઓ ! જે અબ્રહામ મોટા પૈગમ્બર ઈસાઇ અને મુસલમાનોનો કહેવાય છે અને તેનાં કર્મ મિથ્યા ભાષણાદિ નઠારાં છે, તો વાઽ જેના એવા પૈગમ્બર હોય તેને વિદ્યા કે કલ્યાણનો માર્ગ કેવી રીતે મળી શકે ?

૧૮. અને ઇશ્વરે અબ્રહામને કહ્યું કે તું અને તારી પાછળ તારો વંશ, તેની પેઢિયોમાં મારા નિયમને માને, મારા નિયમ જે મારાથી અને તારાથી અને તારી પાછળ તારા વંશથી છે, જેને તમે માનશો તે આ છે કે તમારામાંથી હરેક પુરૂષનું ખતનઃ—સુન્નત કરવામાં આવે અને તમે પોતાના શરીરની ખાલડી-ચામડી કાપો અને તે મારા અને તમારામાં નિયમનું ચિન્હ થશે, અને તમારી પેઢિયોમાં રહેલા એક આઠ દિનના પુરૂષનું ખતનઃ-સુન્નત કરવામાં આવે જે ઘરમાં ઉત્પન્ન થાય અથવા જે કોઇ પરદેશીથી જે તારા વંશનો ન હોય. રૂપીઆથી મોલ-વેચાણ લેવામાં આવે જે તારા ઘરમાં ઉત્પન્ન થયો હોય અને જે તારા રૂપીયાથી વેચાતો લેવામાં આવ્યો હોય અવશ્ય તેનું ખતનઃ—સુન્નત કરવામાં આવે અને મારો નિયમ તમારા માંસમાં સર્વદા નિયમને માટે રહેશે, અને જે અખતનઃ-સુન્નત ન થયેલું બાળક જેની ખાલડીનું-ચામડીનું ખતનઃ-સુન્નત ન થયું હોય તે પ્રાણીને આપણા લોકથી કાપી નાખવામાં આવે કે તેણે મારો નિયમ તોડયો છે. તૌરત૦ પર્વ૦ ૧૭ આ૦ ૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪.

સમીક્ષક—હવે જુઓ ! ઈશ્વરની અન્યથા આજ્ઞા, કે જો આ ખતનઃ-સુન્નત કરવું ઇશ્વરને ઇષ્ટ હતું તો તે ચામડીને આદિ સૃષ્ટિમાં બનાવત જ નહિ, અને જે એ બનાવવામાં આવ્યું છે તે રક્ષાર્થ છે જેમકે આંખોની ઉપરનું ચામડું-કેમકે તે ગુપ્તસ્થાન અતિ કોમળ છે જો તે ઉપર ચામડી ન હોય તો એક કીડીના પણ કરડવાથી અને જરાક ચોટ લાગવાથી બહુજ દુઃખ થાય. અને તે લઘુશંકાની પશ્ચાત્ કાંઇ મૂત્રાંશ કપડામાં ન લાગે ઇત્યાદિ વાતોને માટે એનું કાપવું નઠારૂં છે, અને હવણાં ઇસાઇ લોક એ આજ્ઞાને કેમ નથી પાળતા ? આજ્ઞા તો સદાને માટે છે એને ન પાળવાથી ઇસાની ગવાહી એટલે સાહેદી-જે કે વ્યવસ્થાના પુસ્તકનું એક બીન્દુ પણ અસત્ય નથી તે-મિથ્યા થઇ ગઇ તેની સમજ વિચાર ઇસાઇયો કાંઇ પણ નથી કરતા.

૧૯. જ્યારે ઇશ્વર અબ્રહામની સાથે વાત કરી ચુકયો ત્યારે તો ઉપર ચાલ્યો ગયો. તૌ૦ પર્વ૦ ૧૭ આ૦ ૨૨

સમીક્ષક—એથી એ સિદ્ધ થાય છે કે ઇશ્વર મનુષ્ય કે પક્ષિવત્ હતો કે જે ઉપરથી નીચે અને નીચેથી ઉપર જતો આવતો રહેતો હતો. એ તો કોઇ ઇંદ્રજાળી પુરૂષવત્ વિદિત થાય છે.

૨૦. પછી ઇશ્વિરે તેને મમરાના મેદાનમાં દેખાવ દીધો અને તે દિવસે ધામના સમયમાં પોતાના તંબુના દ્વારપર બેઠો હતો. અને તેણે પોતાની આંખો ઉંચી કરી અને જોયું. તે જોયું એ કે ત્રણ મનુષ્ય તેની પાસે ઉભાં છે. અને તેમને જોઇને તે તંબુના દ્વાર ઉપરથી તેમની ભેટ લેવા માટે દોડયો અને ભૂમિપર પડી દંડવત્ કર્યા અને કહ્યું કે મારા સ્વામિ! જો હું હવે આપની દૃષ્ટિમાં અનુગ્રહ પામ્યો છું તો હું આપને વિનંતિ કરૂં છું કે આપના દાસ પાસેથી ચાલ્યા ન જશો. ઇચ્છા હોય તો થોડું જળ લાવવામાં આવે અને આપના ચરણ ધોવામાં આવે અને વૃક્ષ નીચે વિશ્રામ કરો, અને હું એકાદ કટકો રોટલી લાવુ અને આપ તૃપ્ત થાવ; પછી આગળ આવો, કેમકે આપ એટલા માટેજ આપના દાસ પાસે આવ્યા છો. ત્યારે તે બોલ્યા કે જેમ તેં કહ્યું તેમ કર. અબ્રહામ તંબુમાં "સારાહ" પાસે ઉતાવળે ગયો અને તેને કહ્યું કે ઝડપ કર અને ત્રણ માપ સ્વચ્છ આટો લઇને ગુંદ અને તેના પુલકા બનાવ; અને પછી અબ્રહામ ઝુંડની તરફ દોડયો ગયો અને એક સારો કોમળ વાછરડો લઇને ચાકરને આપ્યો, તેણે પણ તેને સિદ્ધ કરવામાં ત્વરા કરી; અને તેણે માખણ, અને દુધ અને પેલો વાછરડો જે પકાવ્યો હતો તે લીધો અને તેમની આગળ ધર્યો અને તેમની પાસે વૃક્ષ નીચે ઉભો રહ્યો અને તેમણે ખાધું. તૌ૦ પર્વ૦ ૧૮ આ૦ ૧-૨-૩-૪-૫-૬-૭-૮

સમીક્ષક—હવે જુઓ સજ્જન લોકો! જેનો ઇશ્વર વાછરડાનું માંસ ખાય તેના ઉપાસક ગાય, વાછરડાં આદિ પશુઓને કેમ છોડે? જેને કાંઇ પણ દયા નહિ અને માંસને ખાવામાં આતુર હોય, તે હિંસક મનુષ્ય વિના ઇશ્વર કદી પણ હોઇ શકે? અને ઇશ્વરની સાથે બે મનુષ્ય ન જાણે કોણ હતાં? એથી વિદિત થાય છે કે જંગલી મનુષ્યોની એક મંડળી હતી તેનો જે પ્રધાનમનુષ્ય હતો તેનું નામ બાઇબલમાં ઇશ્વર રાખ્યું હશે! એવી જ વાતોથી બુદ્ધિમાન્ લોક એમના પુસ્તકને ઇશ્વરકૃત નથી માની શકતા અને એવાને ઇશ્વર પણ સમજતા નથી.

૨૧. અને પરમેશ્વરે અબ્રહામને કહ્યું કે 'સારાહ' કેમ! આમ કહીને મુસ્કરાઈ (મનમાં હશી) કે જો હું બુઢ્ઢી છું તો પણ ખરેખર બાળક જણીશ. શું પરમેશ્વરને માટે કોઇ વાત અસાધ્ય છે. તૌ૦ પર્વ૦ ૧૮ આ૦ ૧૩, ૧૪.

સમીક્ષક—હવે જુઓ! કે કેવી ઈસાઇયોના ઇશ્વરની લીલા કે જે બાળક અને સ્ત્રિયોની માફક ચિડાય છે અને મેહેણા મારે છે.

૨૨. ત્યારે પરમેશ્વરે સદૂમમૂરા પર ગંધક અને આગ પરમેશ્વરની તરફથી વર્ષાવ્યાં, અને તે નગરોને અને સારાં ચોગાનને અને નગરોના સઘળા નિવાસિયોને અને જે કાંઇ ભૂમિપર ઉગતું હતું તેને ઉલટાવી દીધું. તૌ૦ ઉત્પ૦ પર્વ૦ ૧૯ આ૦ ૨૪-૨૫.

સમીક્ષક—હવે આપણ લીલા બાઇબલના ઇશ્વરની જુઓ! કે જેને બાળક આદિ પર

પણ કાંઇ દયા ન આવી! શું તે સર્વે જ અપરાધી હતા? કે સર્વેને ભુમી ઉલટાવીને ડાબી મારાં? આ વાત ન્યાય, દયા અને વિવેકથી વિરૂદ્ધ છે; જેનો ઇશ્વર એવું કામ કરે તો તેના ઉપાસક કેમ ન કરે?

૨૩. આવો આપણે આપણા પિતાને દ્રાક્ષરસ પિવરાવિયે અને અમે તેની સાથે શયન કરીએ આપણે આપણા પિતાથી વંશ ચલાવીએ. પછી તેમણે તે રાત્રે પોતાના પિતાને દ્રાક્ષરસ પીવરાવ્યો અને સૂઈ ગઇ અને પોતાના પિતા સાથે શયન કર્યું. આપણે એને આજ રાત્રે પણ દ્રાક્ષરસ પીવરાવીએ તું જઇને શયન કર. તેથી લૂતની બંન્ને પુત્રિયો પોતાના પિતાથી ગર્ભિણી થઇ. તૌ૦ ઉત્પ૦ પર્વ૦ ૧૯ આ૦ ૩૨–૩૩–૩૪–૩૬.

સમીક્ષક—જુઓ! પિતા પુત્રી પણ જે મદ્યપાનના નશામાં કુકર્મ કરવાથી ન બચી શક્યાં, એવા દુષ્ટ મદ્યને જે ઈસાઇ આદિ પિયે છે તેની બુરાઇનો શો પારાવાર છે?! એટલા માટે સજ્જન લોકોએ મદ્ય પિવાનું નામ પણ ન લેવું જોઇયે.

૨૪. અને પોતાના કહેવા પ્રમાણે પરમેશ્વરે 'સારાહ' સાથે ભેટ કરી અને પોતાના વચન પ્રમાણે પરમેશ્વરે 'સારાહ'ના વિષયમાં કર્યું. અને 'સારાહ' ગર્ભિણી થઇ. તૌ૦ ઉત્પ૦ પર્વ૦૨૧ આ૦ ૧–૨

સમીક્ષક—હવે વિચારીએ કે 'સારાહ'થી ભેટ કરીને ગર્ભવતી કરી, એ કામ કેવી રીતે થયું? શું પરમેશ્વર અને 'સારાહ' વિના ત્રીજો કોઇ ગર્ભસ્થાપનનું કારણ દેખાય છે? એવું વિદિત થાય છે કે 'સારાહ' પરમેશ્વરની કૃપાથી ગર્ભવતી થઇ !!!

૨૫. ત્યારે અબ્રહામે મળસકામાં ઉઠીને રોટલી અને એક પખાલમાં જળ લીધું અને 'હાગાર' ની ખાંધ પર મૂકયું અને બાળકને પણ તેને સોંપીને તેની સાથે વિદાય કર્યો. તેણે તે બાળકને એક ઝાડીતળે નાખી દીધો, અને તે તેની સન્મુખ બેસીને પોકેપોક મૂકીને રડી ત્યારે ઇશ્વરે તે બાળકનો શબ્દ સાંભળ્યો. તૌ૦ ઉત્પ૦ પર્વ૦ ૨૧ આ૦ ૧૪, ૧૫, ૧૬, ૧૭.

સમીક્ષક—હવે જુઓ ઇસાઇયોના ઇશ્વરની લીલા! કે પ્રથમ તો 'સારાહ'નો પક્ષપાત કરીને 'હાગાર'ને ત્યાંથી કહાડી મૂકાવી અને તેજ 'હાગાર' પોક મુકીમુકીને રડી અને બાળકનો શબ્દ સાંભળ્યો. આ કેવી અદ્‌ભૂત વાત છે? એ એમ થયું હશે કે ઇશ્વરને ભ્રમ થયો હશે કે આ બાળકજ રડે છે! તો ભલા વારૂ એ ઇશ્વર અને ઇશ્વરના પુસ્તકની વાત કદી પણ હોઇ શકે છે? સાધારણ મનુષ્યનાં વચન વિના આ પુસ્તકમાં થોડી વાત સત્ય અને અન્ય સર્વ અસાર ભર્યું છે.

૨૬. અને એ વાતો પછી એમ થયું કે ઇશ્વરે અબ્રહામની પરીક્ષા કરી અને તેને કહ્યું; હે અબ્રહામ! તું પોતાના બેટા એકનો એક ઇજહાકને કે જેની સાથે તું પ્યાર કરે છે તે તારા બેટાને લે. તેને હોમની ભેટ માટે ચઢાવ. અને પોતાના બેટા ઇજહાકને બાંધીને તે વેદીમાં લાકડાં ઉપર ધર. અને તે અબ્રહામે છરી લઇને પોતાના બેટાનો ઘાત કરવા માટે હાથ લંબાવ્યો. ત્યારે પરમેશ્વરના દૂતે સ્વર્ગ ઉપરથી તેને પોકાર્યો કે અબ્રહામ! અબ્રહામ! પોતાનો હાથ બાળકપર નહિ લંબાવ, તેને કાંઇ પણ ના કર, કેમકે હવે હું જાણું છું કે તું ઇશ્વરથી ડરે છે. તૌ૦ ઉત્પ૦ પર્વ૦ ૨૨ આ૦ ૧, ૨, ૯, ૧૦, ૧૧, ૧૨.

સમીક્ષક—હવે સ્પષ્ટ થઈ ગયું કે આ બાઇબલનો ઈશ્વર અલ્પજ્ઞ છે, સર્વજ્ઞ નથી અને અબ્રહામ પણ એક ભોળો મનુષ્ય હતો, નહિ તો આવી ચેષ્ટા શું કરવા કરતે ? અને જો બાઇબલનો ઇશ્વર સર્વજ્ઞ હોત તો તેની ભવિષ્યત્ શ્રદ્ધાને પણ સર્વજ્ઞતાથી જાણી લેત. એથી નિશ્ચત્ થાય છે કે ઇસાઇયોનો ઇશ્વર સર્વજ્ઞ નથી.

૨૭. આપ અમારી કબરમાંથી પસંદ કરી એકમાં પોતાના મૃતકને ડાટો. જેથી કરીને તમે તમારાં મૃતકને ડાટો. તૌ૦ ઉત્પ૦ ૫૦, ૨૩ આ૦ ૬.

સમીક્ષક—મુર્દાને ડાટવાથી સંસારની મોટી હાની થાય છે, કેમકે તે સડીને વાયુ દુર્ગંધમય કરીને રોગ ફેલાવી દેછે.

પ્રશ્ન—જુઓ ! જેની સાથે પ્રીતિ હોય તેને બાળવું એ સારી વાત નથી, અને દાટવું, એ તો જાણે કે તેને સુવાડી દેવા જેવું છે, એટલા માટે દાટવું સારૂં છે.

ઉત્તર—જો મૃતક સાથે પ્રીતિ કરો છો, તો પોતાના ઘરમાં કેમ નથી રાખતા ? અને દાટો છો પણ શામાટે? જે જીવાત્મા સાથે પ્રીતિ હતી તે તો નિકળી ગયો, હવે દુર્ગંધમય માટી—શરીર સાથે શી પ્રીતિ ? અને જો પ્રીતિ કરો છો તો તેને પૃથિવીમાં કેમ દાટો છો ? કેમકે કોઇને કોઇ કહે કે તને ભૂમિમાં દાટી દઇએ તો તે સાંભળીને કદી પ્રસન્ન થતો નથી; વળી તેનાં મુખ, આંખ અને શરીરપર ધુળ, પત્થર, ઈંટ, ચુનો નાંખવાં, છાતીપર પત્થર મૂકવાં એ તે કંઇ પ્રીતિનું કામ છે ? અને પેટીમાં નાંખીને દાટવાથી બહુજ દુર્ગંધ થઇને તે પૃથિવીમાંથી બહાર નિકળી વાયુને બગાડીને દારૂણ રોગની ઉત્પત્તિ કરે છે.

બીજું, એક મુડદાં માટે ઓછામાં ઓછી ૬ હાથ લાંબી અને ૪ હાથ પોહોળી ભૂમિ જોઇયે, એ હિસાબથી સો, હજાર, લાખ કે ક્રોડો મનુષ્યો માટે કેટલી ભૂમિ વ્યર્થ રોકાઈ જાય છે; અને તે ખેતર, વાડીના કામની પણ રહેતી નથી અને મનુષ્યોને વસવાના ઉપયોગની પણ રહેતી નથી; એટલા માટે સર્વથી ખરાબ દાટવાનું છે ! એ કરતાં તો કાંઇક ઓછું નઠારૂં જળમાં નાખવું છે, કેમકે તેને જળજન્તુ તે જ સમય ચીરી ફાડીને ખાઇ જાય છે, તોપણ જે કાંઇ હાડ કે મળ, જળમાં રહેશે ને સડીને જગત્‌ને દુ:ખદાયક થશે, વળી તે કરતાં તો કાંઇક વિશેષ ઓછું નઠારૂં જંગલમાં નાંખવું છે. કેમકે તેને માંસાહારી પશુ પક્ષી ટુંપી ખાશે, તથાપિ જે તેનાં હાડકાં, મજ્જા અને મળ રહી જશે તે સડી જઇને જેટલી દુર્ગંધ કરશે તેટલો જગતનો અનુપકાર થશે અને જે બાળવું છે તે તો સર્વોત્તમ છે, કેમકે મૃતકના સર્વ પદાર્થો અણુ અણુ થઇને વાયુમાં ઉડી જશે.

પ્રશ્ન—બાળવાથી પણ દુર્ગંધ થાય છે.

ઉત્તર—જો અવિધિથી બાળે તો જરા દુર્ગંધ થાય છે; તોપણ દાટવા આદિ કરતા તો ઘણીજ કમ થાય છે; અને જો વિધિપૂર્વક બાળે તો—જેમકે વેદમાં લખ્યું છે તેમ મૃતકના ત્રણ હાથ જેટલી ઉંડી સાડાત્રણ હાથ જેટલી પોહોળી, પાંચ હાથ જેટલી લાંબી તથા તળિયે દોઢ વેંત જેટલી પોહોળી ચડા ઉતરી વેદી ખોદીને, શરીર બરાબર ઘી લાવી એક શેરમાં રતીભર કસ્તુરી, અને માસાભર કેશર નાંખી તે તૈયાર કરવું તથા ન્યૂનથી ન્યૂન અધીમણ ચંદન (સુખડ) (અધિક તો ચાહે તેટલું) અને અગર, તગર, આદિ સુગંધી દ્રવ્ય તથા પલાસ

આદિનાં લાકડાં લાવી વેદીમાં ગોઠવ્યા પછી તે ઉપર મૃતક શરીરને મૂકીને પછી ચારે બાજુ અને ઉપર વેદીના મુખથી એક વેંત ઉપર સુધી તે લાકડાં અને સુગંધી દ્રવ્ય ભરી પેલા ઘીની આહુતી પછી મંત્રોચ્ચારણ આપીને બાળવું જોઇએ. અને એ પ્રકારે દાહ કરે તો કાંઇ પણ દુર્ગંધ ન થાય કિંતુ એ વિધિનું નામ અન્ત્યેષ્ટિ, નરમેધ, પુરૂષમેધ, યજ્ઞ છે અને જો કોઇ દરિદ્ર હોય તોપણ ૨૦ શેરથી ઓછું ઘી ચિતામાં ના હોમે; પછી તે ભીખ માગવાથી કે જાતિ બંધુની સહાયતાથી અથવા તો રાજ્યાશ્રય તરફથી પ્રાપ્ત થાય, પરંતુ એજ પ્રકારે દાહ કરે. અને જો ધૃતાદિ કોઇ પણ પ્રકારે ન મળી શકે તથાપિ દાટવા આદિ વિધિ કરતાં કેવળ લાકડાંથી પણ મૃતકને બાળવું એ ઉત્તમ છે, કેમકે એક વિશ્વાસી ભર ભૂમિ પણ દાટવા પ્રમાણે અધિક નથી બગડતી અને કબર જોવાથી જે ભય થાય છે, તે પણ થાય નહિ એથી દાટવું વિગેરે સર્વથા નિષિદ્ધ છે.

૨૮. પરમેશ્વર મારા સ્વામી અબ્રહામના ઇશ્વર ધન્ય ! કે જેણે મારા સ્વામીને પોતાની દયા અને પોતાની સચ્ચાઇ વિના ન છોડયો. માર્ગમાં પરમેશ્વરે મારા સ્વામીના ભાઇઓના ઘર તરફ મારા ભોમીઆ તરીકે કામ કર્યું. તૌ૦ ઉ૦૫૦ પર્વ ૨૪ આ. ૨૭.

સમીક્ષક—શું તે અબ્રહામનો ઈશ્વર હતો ? અને જેમ આજકાલ બિગારી કે ભોમીઆ આગળ આગળ ચાલીને માર્ગ દેખાડે છે તેમ જો ઇશ્વરે પણ કર્યું, તો આજકાલ કોઇને માર્ગ કેમ નથી દેખાડતો ? અને મનુષ્યો સાથે વાતો કેમ નથી કરતો ? એટલા માટે એવી વાતો ઇશ્વરની કે ઇશ્વરી પુસ્તકની કદીપણ હોઈ શકતી નથી, કિંતુ જંગલી માણસની છે,

૨૯. ઇસમાએલના બેટાઓના નામ એ છેઃ—ઇસમાએલનો પહેલો નીબાજોથ અને કીદાર, અને અદબિએલ, અને મિબસામ, અને મિશ્માઅ, અને દૂમઃ અને મસ્સા; હદર અને તૈમા, જીતુર નફીસ, અને કિદમ. તૌ૦ ઉ૦૫૦ પર્વ૦ ૨૫ આ૦ ૧૩,૧૪,૧૫

સમીક્ષક—આ ઇસમાએલ અબ્રહામથી તેની હાગારઃ દાસીથી થયેલો પુત્ર હતો.

૩૦. હું તારા પિતાની રૂચી પ્રમાણે સ્વાદિષ્ટ ભોજન બનાવીશ અને તું તારા પિતાની પાસે લઈ જજે, જેને તે ખાય અને પોતાના મરવાથી પહેલાં તને આશીષ આપે, અને રિબેકાહે પોતાનાં ઘરમાંથી પોતાના મોટા બેટા એસૌનો સારો પહેરવેશ લીધો અને તે નાના છોકરા યકુબને પહેરાવ્યો અને બકરીનું મેમ્નાનું (બચ્ચાંનું) ચામડું તેના હાથો અને ગળાની ચીકણાઇ પર લપેટયું ત્યારે યઅકુબે પોતાના પિતાને કહ્યું હું આપનો પેહેલી વારનો એસૌ છું આપના કહ્યા પ્રમાણે મેં કર્યું છે, ઉઠીને બેસો અને મારા અહેરના માંસમાંથી ખાઓ, જેથી આપનો પ્રાણ મને આશીષ દે. તૌ૦ ઉ૦૫૦ પર્વ૦ ૨૭ આ૦ ૯, ૧૦. ૧૫, ૧૬, ૧૯.

સમીક્ષક—જુઓ ! એમ જુઠ, કપટથી આશીર્વાદ લઈને પશ્ચાત્ સિદ્ધ અને પેગંબર બને છે, શું એ આશ્ચર્યની વાત નથી ? અને એવા ઇસાઇયોના પૂર્વજો થયા છે; પુનઃ એમના મતની ગડબડમાં શી • નતા હોય ?

૩૧. અને યઅકુબ સવારના મળસકે ઉઠયો અને તે પત્થરને કે જેને તેણે પોતાનું ઉસીકું કર્યું હતું તેનો થાંભલો ઉભો કર્યો અને તે ઉપર તેલ રેડયું; અને તે સ્થાનનું નામ

બૈતએલ રાખ્યું, અને આ પત્થર જેનો મેં થાંભલો ઉભો કર્યો, તે ઇશ્વરનું ઘર થશે. તૌ૦ ઉત્પ. પર્વ ૨૮ આ. ૧૮ ૧૯, ૨૨.

સમીક્ષક—હવે જુવો ! જંગલિયોનાં કામ, એમણેજ પત્થર પૂજ્યો અને પૂજાવ્યો અને એને મુસલમાન લોક "બયતલ મુકદ્દસ" કહે છે. શું એજ પત્થર ઇશ્વરનું ઘર અને એજ પત્થર માત્રમાં ઇશ્વર રહેતો હતો ? વાહ ! વાહ ! ! જી શું કહેવું ? ઇસાઇયો ? મહાબુતપરસ્ત તો તમેજ છો ! !

૩૨. અને ઈશ્વરે રાશેલને યાદ કરી અને ઇશ્વરે તેનું સાંભળ્યું અને તેની કુખને ખોલી અને તે ગર્ભિણી થઇ અને બેટા જણ્યો અને બોલી કે ઇશ્વરે મારી નિંદા દૂર કરી તૌ૦ ઉ૦ પર્વ૦ ૩૦ આ૩ ૨૨, ૨૩.

સમીક્ષક—વાહ ! ઇસાઇયોનો ઈશ્વર ! કેવો મહાવૈદ્ય (ડાકટર) છે ? સ્રિયોની કુખ ખોલવાને ક્યાં શસ્ત્ર કે ઔષધ હતાં કે જેથી ખોલી ? એ સર્વ વાતો અંધાધુન્ધુની છો

૩૩. પરંતુ ઇશ્વર આરામી લાવનકને સ્વપ્નમાં રાત્રે આવ્યો અને તેને કહ્યું કે ચોકકસ રહે તું ઇશ્વર યઅકુબને ભલું બુરૂં નહિ કહે કેમકે તું પોતાના પિતાના ઘરનો નિકટ અભિલાષી છે, તેં શા માટે મારા દેવો ચોર્યા છે ? તૌ૦ ઉત્પ૦ પર્વ ૩૧ આ. ૨૪, ૩૦

સમીક્ષક—આ અમે નમૂનો લખિયે છિયે; હજારો મનુષ્યોને સ્વપ્નમાં આવ્યો, વાતો કરી, જાગ્રત્ સાક્ષાત્ મળ્યો, ખાધું, પીધું, આવ્યો, ગયો આદિ બાઇબલમાં લખ્યું છે પરંતુ હવે ન જાણે તે છે કે નહિ ? કેમકે હવે કોઇને સ્વપ્ન કે જાગ્રત્માં પણ ઇશ્વર નથી મળતો, અને એ પણ વિદિત થયું કે એ જંગલિયો પાષાણાદિ મૂર્તિયોને દેવ માનીને પૂજતા હતા, પરંતુ ઇસાઇયોનો ઇશ્વર પણ પત્થરનેજ દેવ માને છે, નહિ તો દેવોનું ચોરાવું કેમ ઘટે ?

૩૪. અને યઅકુબ પોતાને માર્ગે ચાલ્યો ગયો અને ઇશ્વરના દૂત તેને આવીને મળ્યા અને યઅકુબે તેને જોઇને કહ્યું કે આ ઇશ્વરની સેના છે. તૌરેત ઉત્પ૦ પર્વ૦ ૩૨ આયાત. ૧—૨

સમીક્ષક—હવે ઇસાઇયોનો ઇશ્વર મનુષ્ય હોવામાં કાંઇ પણ સન્દેહ નહિ રહ્યો, કેમકે સેના પણ રાખે છે ! જ્યારે સેના થઇ ત્યારે તો શસ્ત્ર પણ હશે અને જ્યાં ત્યાં ચઢાઇ કરીને લડાઇ પણ કરતો હશે ! નહિ તો સેના રાખવાનું શું પ્રયોજન છે ?

૩૫. અને યઅકુબ એકલો રહી ગયો અને ત્યાં પોહુટતાં સુધી એક જણ તેની સાથે મલ્લયુદ્ધ કરતો રહ્યો અને જ્યારે તેણે જોયું કે તે એના ઉપર પ્રબળ ન થયો, ત્યારે તેની જાંઘને અંદરથી અડકયો ત્યારે યઅકુબના જાંઘની નસ તેની સાથે મલ્લયુદ્ધ કરવામાં ચઢી ગઇ, ત્યારે તે બોલ્યો કે મને જવા દે કેમકે પગ ફાટે છે. અને તે બોલ્યો હું તને જવા નહિ દઇશ જ્યાં સુધી તું મને આશીષ ન આપે. ત્યારે તેણે તેને કહ્યું કે તારૂં નામ શું, અને તે બોલ્યો કે યઅકુબ. ત્યારે તેણે કહ્યું કે તારૂં નામ પૂર્વ યઅકુબ ન થશે; પરંતુ ઇસરાએલ, કેમકે તેં ઇશ્વરની આગળ અને મનુષ્યની આગળ રાજાની પેઠે મલ્લયુદ્ધ કર્યું અને જીત્યો. ત્યારે યઅકુબે આમ કહ્યું અને તેને પૂછ્યું કે આપનું નામ બતાવો અને તે બોલ્યો કે તું મારૂં નામ કેમ પૂછે છે ? અને તેણે તેને ત્યાં આશીષ દીધી અને યઅકુબે તે સ્થાનનું

નામ ફનુએલ રાખ્યું, કેમકે મેં ઇશ્વરને પ્રત્યક્ષ જોયો અને મારો પ્રાણ બચ્યો છે. અને જ્યારે તે ફનુએલપાર ચાલ્યો, તો સૂર્યની જ્યોતિ તેના ઉપર પડી અને તે પોતાની જાંઘથી લંગડાતો હતો. એટલા માટે ઇસરાયલના વંશ તે જાંઘની નસ જે કે ચઢી ગઈ હતી તેને આજસુધી ખાતા નથી. કેમકે યઅકુબની જાંઘની નસ જે ચઢી ગઇ હતી તેને તે અડકયો હતો. તૌ૦ ઉત્પ૦ પર્વ ૩૨ આ૦ ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨.

સમીક્ષક—જ્યારે ઇસાઇયોનો ઇશ્વર અખાડાનો મલ્લ છે ત્યારે તો સારાહ અને રાહેલ ઉપર પુત્ર થવાની કૃપા કરી ! ભલા વાહ એ કદી ઇશ્વર હોઈ શકે છે ?! અને જુઓ, લીલા ! કે એક જણુ નામ પૂછે તો બીજો પોતાનું નામજ ન બતાવે. અને ઇશ્વરે તેની નસ ચઢાવી તો દીધી અને જીતી ગયો પરંતુ જો ડાકતર હોત તો જાંઘની નસને સારી પણ કરતે અને એવા ઇશ્વરની ભક્તિથી, જેમ કે યઅકૂબ લંગડાતો રહ્યો, તો અન્ય ભક્તો પણ લંગાડતા હશે ! જ્યારે ઇશ્વરને પ્રત્યક્ષ જોયો, અને મલ્લયુદ્ધ કર્યું, એ વાત શરીરવાળા વિના કેવી રીતે થઇ શકે છે. ? એ કેવલ બાળકપણાની લીલા છે.

૩૬. અને યહુદાહનો એકનો એક એર પરમેશ્વરની દૃષ્ટિમાં દુષ્ટ હતો માટે પરમેશ્વરે તેને મારી નાંખ્યો. ત્યારે યહુદાહે ઓનાનને કહ્યું કે તારા ભાઇની પત્ની પાસે જા અને તેની સાથે વિવાહ કર, પોતાના ભાઇને માટે વંશ ચલાવ. અને ઓનાને જાણ્યું કે આ વંશ મારો નહિ થશે, અને એમ થયું કે જ્યારે તે પોતાના ભાઇની પત્ની પાસે ગયો તો વીર્યને ભુમિપર નાંખી દીધું. અને તેનું તે કાર્ય પરમેશ્વરની દૃષ્ટિમાં નઠારૂં હતું, એટલા માટે તેણે તેને પણ મારી નાંખ્યો. તૌ૦ ઉત્પ૦ પર્વ૦ ૩૮ આ૦ ૭, ૮, ૯, ૧૦.

સમીક્ષક—હવે જોઇ લ્યો ! એ મનુષ્યોનાં કામ છે કે ઇશ્વરનાં ? જ્યારે તેની સાથે નિયોગ થયો, તો તેને શામાટે મારી નાંખ્યો ? તેની બુદ્ધિ શુદ્ધ કેમ ન કરી દીધી, અને વેદોક્ત નિયોગ પણ પ્રથમ સર્વત્ર ચાલતો હતો, એ નિશ્ચય થયો કે નિયોગની વાતો સર્વ દેશમાં ચાલતી હતી.

તૌરેત યાત્રાનું પુસ્તક.

૩૭. જ્યારે મૂસો શાણો થયો, અને પોતાના ભાઇયોમાંથી એક ઇબરાનીને જોયો કે મિસરવાસી તેને મારી રહ્યો છે: ત્યારે તેણે અહીં તહીં દૃષ્ટિ કરી, જોયું કે, કોઇ નથી ત્યારે તેણે તે મિસરવાસીને મારી નાંખ્યો અને રેતીમાં તેને સન્તાડી (ગાડી) દીધો. જ્યારે તે બીજે દિવસે બહાર ગયો ત્યારે જોયું તો બે ઇબરાની આપસમાં ઝગડો કરી રહ્યા છે ત્યારે તેણે તે અન્ધેરાને કહ્યું કે તું પોતાના પડોસીને કેમ મારે છે ? ત્યારે તેણે કહ્યું કે કોણે તને અમારા ઉપર અધ્યક્ષ અથવા ન્યાયકર્ત્તા ઠરાવ્યો છે ? શું તું ચાહે છે કે જે રીતિયે તેં મિસરવાસીને મારી નાંખ્યો, તેજ રીતે મને પણ મારી નાંખે ? ત્યારે મૂસો ડર્યો અને નાસ નિકળ્યો. તૌ૦ યાત્રા૦ પર્વ૦ ૨ આ૦ ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫.

સમીક્ષક—હવે જુઓ ! જે બાઇબલનો મુખ્ય સિદ્ધકર્ત્તા, મતનો આચાર્ય જે મૂસો કે જેનું ચરિત્ર ક્રોધાદિ દુર્ગુણોથી યુક્ત, મનુષ્યની હત્યા કરનારૂં, અને ચોરવત્ રાજદંડથી બચી જનારૂં અર્થાત્ જ્યારે વાતને છૂપાવતો હતો ત્યારે તો જૂઠ બોલનાર પણ અવશ્ય હશે. વળી એવાને પણ જે ઇશ્વર મળ્યો તે પેગમ્બર બન્યો, તેણે યહુદી આદિનો મત ચલાવ્યો:

તે પણ મૂસાના જેવોજ થયો. એટલા માટે ઈસાઇયોના જે મૂળ પુરૂષો થયા છે, તે સર્વ મૂસાથી આદિ લઇને જંગલી અવસ્થામાં હતા, વિદ્યાવસ્થામાં નહિ ! ઈત્યાદિ.

૩૮. અને ફસહ મેમ્ના મારો, અને મુઠી જુફા લ્યો—અને તેને પેલા લોહીમાં (જે વાસણમાં છે,) બોળી ઉપરના ચોકઠાની તરફ દ્વારની બેઉ બાજુએ તેથી છાપો અને તમારામાંથી કોઇ વિવાહ કરી લ્યો, પોતાનાં ઘરના દ્વારથી બહાર ન જાય. કેમકે પરમેશ્વર મિશ્રને મારવા માટે આરપાર જશે અને જ્યારે તે ઉપરના ચોકઠાપર અને દ્વારની બેઉ બાજુએ લોહીને જોશે ત્યારે પરમેશ્વર દ્વાર આગળથી વટી જશે અને "નાશક" તારા ઘરોમાં નહિ જવા દેશે કે જેથી તે મારે. તૌ૦ યા૦ પર્વ૦ ૧૨ આ૦ ૨૧, ૨૨, ૨૩.

સમીક્ષક—ભલા વારૂ આ જે કામણટુમણ કરવાવાળા સમાન છે તે ઇશ્વર સર્વજ્ઞ કદી પણ હોઈ શકે છે, જ્યારે લોહીના છાપા દેખે ત્યારે ઈસરાઇલ કુલનું ઘર જાણે અન્યથા નહિ. એ કામ તો ક્ષુદ્રબુદ્ધિવાળા મનુષ્યના જેવું છે. એથી એ વિદિત થાય છે કે એ વાતો કોઇ જંગલી મનુષ્યોની લખેલી છે.

૩૯. અને એમ થયું કે પરમેશ્વરે અર્ધરાત્રે મિશ્રના દેશમાં સઘળા યુવાન છોકરાઓને ફિરાઉનનાં યુવાન બચ્ચાંથી લઇને કે જે પોતાના સિંહાસન પર બેસતો હતો તે બંધુઆના યુવાન બાળક સૂધી જે બન્દીગૃહમાં હતા, તેનો પશુ સમેત નાશ કર્યો. અને રાત્રે ફિરાઉન ઉઠયો, અને તેના સર્વ સેવક અને સઘળા મિશ્ર ઉઠયા અને મિશ્રમાં મહા વિલાપ હતો કેમકે કોઇ ઘર એવું ન રહ્યું કે જેમાં એક પણ ન મુએો હોય. તૌ૦ યા૦ પર્વ૦ ૧૨ આ૦ ૨૯, ૩૦.

સમીક્ષક—વાહ ! ઠીક ! ! અર્ધરાત્રે ડાકુ સમાન નિર્દયી થઇને ઇસાઇયોના ઇશ્વરે બાળબચ્ચાં વૃદ્ધ, યુવાન અને પશુ પર્યન્તને પણ અપરાધ વિના મારી નાખ્યાં, અને કાંઇ પણ દયા ન આવી ! અને મિશ્રમાં મહાવિલાપ થતો રહ્યો તો પણ શું ઇસાઇયોના ઇશ્વરના ચિત્તથી નિષ્ઠુરતા નષ્ટ ન થઇ ? એવાં કામ ઇશ્વરનાં તો શું કિન્તુ કોઇ સાધારણ મનુષ્યને પણ કરવા યોગ્ય નથી. એમાં આશ્ચર્ય નથી કેમકે લખ્યું છે કે "मांसाहारिणः कुतो दया" જ્યારે ઈસાઇયોનો ઇશ્વર માંસાહારી છે, ત્યારે તેને દયા કરવાનું શું કામછે ?

૪૦. પરમેશ્વર તમારે માટે યુધ્ધ કરશે. ઇસ્રાઇલના સન્તાનને કહે કે તેઓ આગળ વધે. પરંતુ તું પોતાની છડી ઉઠાવ અને સમુદ્ર ઉપર પોતાનો હાથ લંબાવ અને તેનાથી બે ભાગ કર અને ઇસ્રાઇલના સન્તાન સમુદ્રની વચ્ચોવચ્ચથી સુકી ભૂમિમાં થઇને ચાલ્યાં જશે. તૌ૦ યા૦ પર્વ૦ ૧૪, આ૦ ૧૪, ૧૫, ૧૬.

સમીક્ષક—કેમ સાહેબ ! તો ઇશ્વર બકરાં પાછળ રબારી ભમે તેમ ઇસ્રાઇલ કુલની પાછળ પાછળ દોડયા કરતો હતો હવે ન જાણે કયાં અન્તર્હિત થઈ ગયો ? નહિ તો સમુદ્રની વચ્ચેથી ચારે તરફ રેલ ગાડિયોની સડકો બનાવી લેતે ! ! કે જેથી સઘળા સંસારનો ઉપકાર થાત અને નાવ આદિ બનાવવાનો શ્રમ છૂટી જાત ! પરતુ શુ કરે ઈસાઇયોનો ઇશ્વર કોણ જાણે કયાં છુપાઇ રહ્યો છે ? ઇત્યાદિ ઘણીજ અસંભવ લીલા મૂસા સાથે બાઇબલના ઇશ્વરે કરી છે, પરંતુ આથી વિદિત થયું કે જેવો ઇસાઇયોનો ઇશ્વર છે તેવાજ

તેના સેવકો અને તેવાંજ તેમનાં બનાવેલાં પુસ્તક છે. એવાં પુસ્તક અને એવો ઇશ્વર અમારા લોકોથી દૂર રહે તોજ સારૂં છે.

૪૧. કેમકે હું પરમેશ્વર તારો ઇશ્વર જ્વલિત્ સર્વશક્તિમાન્ છું. પિતરોના અપરાધનો દંડ તેના પુત્રોને, જે મારી સાથે વૈર રાખે છે, તેની ત્રીજી અને ચોથી પેઢીપર્યંત દેવાવાળો છું. તૌ૦ યા૦ પર્વં૦ ૨૦ આ૦ ૫.

સમીક્ષક—ભલા આ કોના ઘરનો ન્યાય છે કે જે પિતાના અપરાધથી ચાર પેઢી સુધી દંડ દેવો સારો સમજવો. શું સારા પિતાનાં દુષ્ટ અને દુષ્ટ પિતાનાં સારાં સન્તાન નથી થતાં? જો એમ છે તો ચોથી પેઢી પર્યંત દંડ કેમ આપી શકશે? અને જે પાંચમી પેઢીથી આગળ દુષ્ટ નિવડશે તેને દંડ નહિ દઇ શકશે? અપરાધ વિના કોઇને દંડ દેવો અન્યાયકારીની વાત છે.

૪૨. વિશ્રામના દિવસને તેને પવિત્ર રાખવા માટે સ્મરણ કર. છદિવસ પર્યંત તું પરીશ્રમ કર. અને સાતમો દિવસ પરમેશ્વર તારા ઇશ્વરનો વિશ્રામ છે. પરમેશ્વરે વિશ્રામદિવસને આશીષ દીધી. તૌ૦ યા૦ પર્વં૦ ૨૦ આ૦ ૮, ૯, ૧૦, ૧૧.

સમીક્ષક—શું રવિવાર એકજ પવિત્ર અને બીજા છ દીન અપવિત્ર છે? અને શું પરમેશ્વરે છ દિન પર્યંત મહા પરિશ્રમ કર્યો હતો? કે જેથી થાકીને સાતમે દિન સુઇ ગયો? અને જો રવિવારને આશીર્વાદ દીધો તો સોમવાર આદિ છ દિવસોને શું આપ્યું? અર્થાત્ શાપ દીધો હશે? એવું કામ વિદ્વાનનું નહિ, તો ઇશ્વરનું કેમ કરી થઇ શકે છે? વાર, રવીવારમાં શું ગુણ અને સોમવાર આદિએ શો દોષ કર્યો હતો,કે જેથી એકને પવિત્ર કરી વર આપ્યો અને અન્યોને એમજ અપવિત્ર કરી દીધા!

૪૩. પોતાના પડોસી ઉપર જુઠી સાક્ષી નહિ આપ. પોતાના પડોસીની સ્ત્રી, અને તેના દાસ, તેની દાસી અને તેના બળદ અને તેનાં ગધેડાં અને કોઇ વસ્તુ જે તારા પડોસીની છે, તેની લાલચ ન કર. તૌ૦ યા૦ પર્વં૦ ૨૦ આ૦ ૧૬, ૧૭.

સમીક્ષક—વાહ! ત્યારેજ તો ઇસાઇયો પરદેશીઓના માલપર એવા ઝુકે છે કે જાણે તરસ્યો જળની પર અને ભુખ્યો અન્નની પર; જેવી આ કેવળ મતલબ સિન્ધુની અને પક્ષપાતની વાતછે, તેવોજ ઇસાઇયોનો ઇશ્વર અવશ્ય હશે. જો કોઇ કહે કે અમે સર્વ મનુષ્ય માત્રને પડોસી માનીયે છિયે, તો મનુષ્યો વિના અન્ય કોણ સ્ત્રી અને દાસીવાળા છે, કે જેને અપડોસી ગણ્યા? એટલા માટે એ વાતો સ્વાર્થી મનુષ્યોની છે, ઇશ્વરની નથી.

૪૪. માટે હવે બાળકોમાંથી હરેક બેટાને અને સ્ત્રીને કે જે પુરૂષ સાથે સંયુકત થઇ હોય, (તેમને) પ્રાણથી મારો. પરંતુ તે છોકરી જે પુરૂષ સાથે સંયુકત નથી થઇ, તેમને પોતાને માટે જીવતી રાખો. તૌ૦ ગિનતી૦ પર્વં૦ ૩૧ આ૦ ૧૭, ૧૮.

સમીક્ષક—વાહ જી! મુસા પેગમ્બર અને તમારો ઇશ્વર, ધન્ય છો કે જે, સ્ત્રી બાળક વૃદ્ધ અને પશુ આદિની હત્યા કરવાથી પણ અલગ નહિ રહે. અને એથી સ્પષ્ટ નિશ્ચિત થાયછે કે મૂસો વિષયી હતો, કેમકે જો વિષયી ન હોતતો અક્ષત યોનિ અર્થાત્ પુરૂષો સાથે

સમાગમ ન કરેલી કન્યાઓને પોતાને માટે ન મંગાવતે. અથવા તેમને એવી નીર્દય અને વિષયીપણાની આજ્ઞા કેમ દેતે ?

૪૫. જે કોઇ કોઇ મનુષ્યોને મારે અને તે મરી જાય, તેનો નિશ્ચય ઘાત કરવામાં આવે અને તે મનુષ્ય ઘાતમાં ન લાગ્યો હોય, પરંતુ ઇશ્વરે તેના હાથમાં સોંપી દીધો હોય ત્યારે હું તને નાસવાનું સ્થાન બતાવી દઇશ. તૌ૦ યા૦ પર્વ૦ ૨૧ આ૦ ૧૨, ૧૩.

સમીક્ષક—જો આ ઇશ્વરનો ન્યાય સાચો છે તો મૂસો એક આદમીને મારી, ડાટીને નાસી ગયો હતો, તેને એ દંડ કેમ ન થયો ? જો કહો, કે ઇશ્વરે મૂસાને મારવાને નિમિત્તે સોંપ્યો હતો તો ઇશ્વર પક્ષપાતી થયો કેમકે મૂસાનો રાજાથી ન્યાય કેમ ન થવા દીધો ?

૪૬. અને કુશળનું બળિદાન બળદોથી પરમેશ્વરને માટે ચઢાવ્યું. અને મૂસાએ અર્ધું લોહી લઇને પાત્રોમાં રાખ્યું અને અર્ધ લોહી વેદીપર છાંટયું. અને મૂસાએ તે લોહીને લઇને લોકો ઉપર છાંટયું અને કહ્યું કે આ લોહી તે નિયમનું છે કે જેથી પરમેશ્વરે આ વાતોને માટે તમારો સાથ કર્યો છે. અને પરમેશ્વરે મૂસાને કહ્યું કે પહાડપર મારી પાસે આવ અને ત્યાં રહે. અને હું તને પત્થરની પાટી અને વ્યવસ્થા અને આજ્ઞા, જે મેં લખી છે, તે આપીશ. તૌ૦ યા૦ પર્વ૦ ૨૪ આ૦ ૫, ૬, ૮, ૧૨.

સમીક્ષક—હવે જુઓ ! એ સર્વે જંગલી લોકોની વાતો છે કે નહિ ? અને પરમેશ્વર તે બળદોનું બળિદાન લેતો અને વેદીપર વળી લોહી છાંટતો, એ કેવી જંગલીપણા અને અસભ્યતાની વાત છે ? જ્યારે ઇસાઇયોનો ખુદા પણ બળદોનાં બળિદાન લે, તો તેના ભક્ત પણ બળદ, ગાયના બલિદાનના પ્રસાદથી પોતાનું પેટ કેમ ના ભરે ? અને જગની હાનિ કેમ ના કરે ! એવી એવી બુરી વાતો બાઇબલમાં ભરી છે, એમનાજ કુસંસ્કારોથી વેદોમાં પણ એવા જુઠા દોષ લગાડવા ઇસાઇઓચાહે છે. પરંતુ વેદોમાં આવી વાતોનું નામ પણ નથી, અને એ પણ નિશ્ચય થયો કે ઇસાઇઓનો ઇશ્વર એક પહાડી મનુષ્ય હતો, પહાડપર રહેતો હતો. જ્યારે તે ખુદા સાહી, કલમ, કાગળ નહિ બનાવી જાણતો હતો અને ન તેને તે પ્રાપ્ત થયાં હતાં તેટલા માટે પત્થરની પાટિયોપર લખી લખીને આપતો હતો, અને એજ જંગલિયો સામે ઇશ્વર પણ બની બેઠો હતો.

૪૭. અને બોલ્યો કે તું મારૂં રૂપ નથી જોઇ શકતો, કેમકે મને જોઇને કોઇ મનુષ્ય નહિ જીવશે. અને પરમેશ્વરે કહ્યું કે જો એક સ્થાન મારી પાસે છે અને તું તે પર ઉભો રહે. અને એમ થશે કે જ્યારે મારો વિભવ ચળકી નિકળશે ત્યારે તો હું તને પહાડની ખોમાં રાખીશ. અને જ્યાં સુધી નીકળીશ ત્યાં સુધી તને મારા હાથથી ઢાંકી રાખીશ. અને પોતાનો હાથ ઉઠાવી લઇશ અને મારી પીઠ જોશે, પરંતુ મારૂં રૂપ દેખાશે નહિ. તૌ૦ યા૦ પર્વ૦ ૩૩, આ૦ ૨૦, ૨૧, ૨૨, ૨૩.

સમીક્ષક—હવે જુઓ ! ઇસાઇયોનો ઇશ્વર કેવળ મનુષ્યવત્ શરીરધારી અને મૂસા સાથે કેવો પ્રપંચ રચીને પોતે સ્વયં ઇશ્વર બની ગયો, જો પાછળ જોશે, રૂપ નહિ જોશે, તો હાથથી તેને ઢાંકી પણ દીધો નહિ હોય. જ્યારે ખુદાએ પોતાના હાથથી મૂસાને ઢાંકયો હશે ત્યારે શું તેના હાથનું રૂપ તેણે નહિ જોયું હોય ?

લય વ્યવસ્થાનું પુસ્તક તૌ૦

૪૮. અને પરમેશ્વરે મુસાને બોલાવ્યો, અને મંડળીના તંબુમાંથી એ વચન તેને કહ્યું કે, ઇસરાએલનાં સન્તાનમાંથી બોલાવ અને તેને કહે કે જો કોઇ તમારામાંથી પરમેશ્વર માટે ભેટ લાય, તો તમે ઢોરમાંથી અર્થાત્ ગાય, બળદ, ઘેટાં, બકરીમાંથી પોતાની ભેટ લાવો. તૌ૦ લય૦ વ્ય૦ પુ૦પુર્વ૦ ૧ આ૦ ૧, ૨

સમીક્ષક—હવે વિચારો ! કે ઇસાઇયોનો પરમેશ્વર ગાય બળદ આદિની ભેટ લેવાવાળો કે જે પોતાને માટે બલિદાન કરવાને માટે ઉપદેશ કરે છે. તે બળદ ગાય આદિ પશુઓના લોહી માંસનો તરસ્યો ભૂખ્યો છે કે નહિ ? એથી તે અહિંસક અને ઇશ્વર કોટીમાં કદી પણ ગણાઈ શકતો નથી કિન્તુ માંસાહારી પ્રપંચી મનુષ્યના જેવો છે.

૪૯. અને તે પેલા બળદને પરમેશ્વરની આગળ બલિ કરે, અને હારૂનનો બેટા યાજક લોહીને નિકટ લાવે અને લોહીને યજ્ઞવેદીની ચારે બાજુ જે મંડળીના તંબુના દ્વાર પર છે તે પર છાંટે. ત્યારે તે પેલા ભેટના બલિદાનની ચામડી ઉતારે અને તેના ટુકડા ટુકડા કરે. અને હારૂનનો બેટા યાજક યજ્ઞવેદી પર આગ મુકે અને તેના પર લાકડા સિંચે. અને હારૂનનો બેટા યાજક તેના ટુકડાઓને અને શિર તથા ચરબીને તે લાકડાં પર કે જે યજ્ઞવેદીની આગ પર છે તે પર વિધિથી ધરે, જેથી તે બલિદાનની ભેટ થાય કે જે આગથી પરમેશ્વરની સુગંધને માટે ભેટ કરવામાં આવ્યું છે, તૌ૦ લ૦ ય૦ પુ૦ પર્વ ૧ આ૦ ૫, ૬, ૭, ૮,૯,

સમીક્ષક—જરાક વિચારો ! કે બળદને પરમેશ્વરની આગળ તેના ભક્ત મારે અને તે મરાવે અને લોહીને ચારે તરફ છાંટે, અગ્નિમાં હોમ કરે, ઇશ્વર સુગન્ધ લે, વારૂ એ કસાઇઓના ઘર કરતાં કાંઇ પણ ઓછી લીલા છે ? એથી બાઇબલ ઇશ્વરકૃત નથી અને જંગલી મનુષ્ય જેવા તે લોકો લીલાધારી ઇશ્વર પણ થઈ શકતા નથી.

૫૦. પછી પરમેશ્વર, મૂસાને આ કહીને બોલ્યો કે જો તે અભિષેક કરવામાં આવેલો યાજક લોકોના પાપની સમાન પાપ કરે તો તે પોતાના પાપને કારણ કે જે તેણે કર્યું છે તે પોતાના પાપની ભેટ રીતે નિઃસંકટ એક વાછરડી પરમેશ્વરને માટે લાવે, અને વાછરડીના શિર પર પોતાનો હાથ રાખે અને વાછરડીને પરમેશ્વરની આગળ બલી આપે. તૌ૦ લય૦ વ્ય૦ પર્વ ૪૦ આ૦ ૧, ૩, ૪.

સમીક્ષક—હવે જુઓ, પાપોને છોડાવવાનાં પ્રાયશ્ચિત, સ્વયં પાપ કરે, ગાય આદિ ઉત્તમ પશુઓની હત્યા કરે, અને તે પરમેશ્વર કરાવે, ધન્ય છે ઇસાઇ લોકોને કે આવી વાતો કરનારને પણ ઇશ્વર માનીને પોતાની મુક્તિ આદિની આશા કરે છે !

૫૧. જ્યારે કોઇ અધ્યક્ષ પાપ કરે; ત્યારે તે નિઃસંદેહ બકરીના નર જાતિનાં બચ્ચાને પોતાની ભેટ માટે લાવે, અને તેને પરમેશ્વરની આગળ બળી આપે, આ પાપની ભેટ છે. તૌ૦ લય૦ પર્વ૦ ૪ આ૦ ૨૨, ૨૩, ૨૪.

સમીક્ષક—વાહજી ! વાહ ! ! જો એમ છે તો એમના અધ્યક્ષ—અર્થાત્ ન્યાયાધીશ તથા સેનાપતિ આદિ પાપ કરવાથી કેમ ડરતા હશે ? પોતે તો યથેષ્ટ પાપ કરે અને પ્રાયશ્ચિત્તના બદલામાં ગાય, વાછરડા, બકરાં આદિના પ્રાણ લે તેથી તો ઇસાઇ લોક કોઈ પણ

કે પક્ષીના પ્રાણ લેવામાં શક્તિમાન નથી થતા. સાંભળો ઇસાઇ લોકો ! હવે તો એ જંગલી મતને છોડીને સુસભ્ય ધર્મમય વેદમતનો સ્વીકાર કરો કે જેથી તમારૂં કલ્યાણ થાય.

૫૨. અને જો તેની પાસે ઘેટું લાવવા જેટલા પૈસા ન હોય તો તેણે કરેલા અપરાધને માટે બે પિંડુકીઓ (હોલા) અને કપોત (કબૂતર)નાં બે બચ્ચાં પરમેશ્વરને માટે લાવવાં અને તેનું માથું તેના ગળા ઉપરથી મરડી નાખે. પરંતુ તદ્દન અલગ ન કરે, તેના કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરે અને તેને માટે ક્ષમા કરવામાં આવશે પરંતુ જો તેની પાસે બે પિંડુકીઓ (હોલા) અને બે કપોતનાં બચ્ચાં લાવવાને પૂંજી ન હોય તો શેર ભર ચોખ્ખાના લોટનો દશમો ભાગ પાપની ભેટને માટે લાવે* તેની ઉપર તેલ ન નાંખવું અને તે ક્ષમા કરવામાં આવશે. તૌ. લય. પર્વ. ૫–૭–૮–૧૦–૧૧–૧૨–૧૩.

સમીક્ષકઃ—સાંભળો, ઇસાઇઓમાં કોઈ ધનાઢ્ય પણ પાપ કરવામાં બ્હીતો નહિ હોય તેમ દરિદ્ર પણ નહિ ડરતો હોય કારણ કે એના ઇશ્વરે પાપોનું પ્રાયશ્ચિત્ત સહજ કરી રાખ્યું છે. એક આ વાત ઇસાઇઓના બાયબલમાં ઘણી ચમત્કારિણી છે, કે કષ્ટ સહ્યા સિવાય પાપથી પાપ છૂટી જાય. કારણ કે એક તો પાપ કર્યું અને બીજું જીવોની હિંસા કરી અને ઘણા આનંદથી માંસ ખાધું અને પાપ પણ છૂટી ગયું. કપોતનું ગળું મરડવાથી તે બિચારૂં ઘણી વાર સુધી તરફડતું હશે તો પણ ઇસાઇઓને દયા ન આવી. દયા આવે ક્યાંથી ? કારણ કે તેના ઇશ્વરનો ઉપદેશજ હિંસા કરવાનો છે. જો બધાં પાપોનું પ્રાયશ્ચિત્ત એવું છે તો ઇસાના વિશ્વાસથી પાપ છૂટી જાય છે એવો મ્હોટો આડંબર શા માટે કરો છો. ૫૨.

૫૩. એ બલિદાનની ચામડી તે યાજકની થશે કે જેણે તેને ચઢાવ્યો અને સમસ્ત ભોજનની ભેટ તંદૂર (દેગ)માં રાંધવામાં આવે અને સર્વ જે કઢાઇમાં અથવા તાવી ઉપર પકાવવામાં આવે તે પણ તે યાજકની થશે. તૌ. લય. પર્વ. ૭ આ. ૮—૯

સમીક્ષકઃ—અમે જાણતા હતા કે અહીંઆ દેવીના ભોપા (પૂજારી) અને મંદિરોના પૂજારીઓની પોપ લીલા વિચિત્ર છે પરંતુ ઇસાઇના ઇશ્વર અને તેના પૂજારીઓની પોપ લીલા એનાથી હજાર ગણી વધેલી છે, કારણ કે ચામના દામ અને ભોજનના પદાર્થો ખાવામાં આવે. પછી તો ઇસાઇઓએ ખૂબ મજા ઉડાવી હશે અને હાલમાં પણ ઉડાવતા હશે. ભલા કોઇ એવો માણસ હશે ખરો કે જે એક છોકરાને મરાવી નાંખી તેનું માંસ

*એ ઇશ્વરને ધન્યવાદ છે કે જેણે વાછડા, ઘેટું, બકરીનું બચ્ચું, કપોત અને લોટ સુધી લેવાનો નિયમ કર્યો. અદ્દભૂત વાત તો એ છે કે કપોતનાં બચ્ચાં "ગરદન મરડાવીને" લેતો હતો. એટલે કે ગરદન તોડવાનો પરિશ્રમ ન પડે. એ બધી વાત ઉપર વિચાર કરવાથી માલુમ પડે છે કે જંગલીઓમાં કોઇ ચતુર પુરૂષ હતો તે પહાડ ઉપર જઈ બેઠો અને પોતાને ઇશ્વર તરીકે પ્રસિદ્ધ કર્યો. જે જંગલી લોકો હતા તેઓએ તેને ઈશ્વર રૂપે સ્વીકાર્યો. પોતાની યુક્તિઓથી તે પહાડ ઉપર ખાવાને માટે પશુ, પક્ષી અને અન્નાદિ મંગાવ્યા કરતો હતો અને મોજ ઉડાવ્યા કરતો હતો. એના દૂત–ફિરસ્તાઓ કામ કર્યા કરતા હતા. સજ્જન માણસોએ વિચાર કરવો જોઇએ કે ક્યાં બાયબલમાં વાછડો, ઘેટું, બકરીનાં બચ્ચાં, કપોત અને ઉત્તમ લોટનો ખાનાર ઇશ્વર અને ક્યાં સર્વવ્યાપક, અજન્મા, નિરાકાર, સર્વશક્તિમાન્ અને ન્યાયકારી ઈત્યાદિ ઉત્તમ ગુણયુક્ત વેદોક્ત ઇશ્વર ?

બીજા છોકરાને ખવરાવે. મનુષ્ય, પશુ, પક્ષી આદિ બધા જીવો ઇશ્વરને પુત્રવત્ છે. પરમેશ્વર એવું કામ કદી પણ કરી શકતો નથી માટે એ બાયબલ ઇશ્વરકૃત નથી અને એમાં લખેલો ઇશ્વર થઇ શકતો નથી; તેમ એ બાયબલને માનનારા કદી પણ ધર્મજ્ઞ થઇ શકતા નથી. એવીજ વાતો લયવ્યવસ્થા આદિ પુસ્તકોમાં ભરી છે—ક્યાં સુધી ગણાવીએ.

ગણુત્રીનું પુસ્તક.

૫૪. ગધેડીએ પરમેશ્વરના દૂતને હાથમાં તલવાર ખેંચીને માર્ગમાં ઉભેલો જોયો, ત્યારે ગધેડી માર્ગથી દૂર ખેતરમાં ચાલી ગઈ તેને માર્ગમાં પાછી લાવવાને બલઆમે ગધેડીને લાકડી મારી. ત્યારે પરમેશ્વરે ગધેડીનું મ્હોં ઉઘાડયું. તેણે બલઆમને કહ્યું કે મેં તારૂં શું બગાડયું કે તેં મને ત્રણવાર મારી. તૌ૦ ગિ. પર્વ. ૨૨ આ. ૨૩—૨૮.

સમીક્ષક:—પ્રથમ તો ગધેડા આદિ પણ ઇશ્વરના દૂતોને દેખતા હતા! અને આજકાલ વિશેષ પાદરી આદિ શ્રેષ્ઠ અથવા અશ્રેષ્ઠ માણસોને પણ ખુદા અથવા તેના દૂતો દેખાતા નથી. તો શું આજકાલ પરમેશ્વર અને તેના દૂતો છે કે નહિ. જો છે તો શું કોઇ મોટી નિદ્રામાં સૂતા છે અથવા રોગી છે કે કોઇ બીજા ભૂગોળમાં ચાલ્યા ગયા છે? અથવા કોઇ બીજા ધંધામાં પડી ગયા છે કે હાલમાં ઇસાઇઓથી રૂષ્ટ થઇ ગયા છે અથવા મરી ગયા છે. ખબર નથી પડતી કે શું થયું? અનુમાન તો એવું થાય છે કે આજકાલ નથી તેથી નથી દેખાતા. તેમજ પૂર્વે પણ નહિ હોય અને નહિ દેખાતા હોય. પરંતુ એ બધા કેવળ મનમાન્યા ગપોડા ઉડાવ્યા છે. ૫૪

સમુએલનું બીજું પુસ્તક.

૫૫. અને એજ રાતે એવું થયું કે પરમેશ્વરનું વચન એમ કહીને નાતન પહોંચ્યો, કે, જા મારા સેવક દાઉદને કહે કે પરમેશ્વર આમ કહે છે કે મારા નિવાસને માટે તું એક ઘર બનાવ કારણ કે જયારથી ઇસરાએલના સંતાનને મિશ્રથી કાઢી લાવ્યો ત્યારથી મેં તો આજ દિવસ સુધી ઘરમાં વાસ કર્યો નથી. માત્ર તંબુમાં અને ડેરામાં ફર્યા કર્યો છું. તૌ. સમુએલ બીજું પુ. પૂર્વ ૭ આ૦ ૪—૫—૬.

સમીક્ષક:—ઇસાઇનો ઈશ્વર મનુષ્ય જેવો દેહધારી હોવામાં હવે કશો સંદેહ રહ્યો નથી. અને ઉલહના (મેણા) દે છે કે મેં ઘણોજ પરિશ્રમ કર્યો છે. અહીં તહીં ભટકતો ફર્યો. હવે દાઉદ ઘર બંધાવી આપે તો તેમાં આરામથી રહું, એવો ઇશ્વર અને આ પુસ્તકને માનવામાં લજ્જા નથી આવતી? પરંતુ શું કરે બીચારા ફસીજ ગયા. પણ હવે નીકળવાને માટે ઘણોજ પરિશ્રમ કરવો જોઇએ.

રાજાઓનું પુસ્તક.

૫૬. અને બાબીલોનના રાજા નબૂખદનજરના રાજ્યના ઓગણીશમા વર્ષના પાંચમા માસની સાતમી તિથિમાં બાબીલોના રાજાનો એક સેવક નબૂઝરઅદાન જે પોતાની સેનાનો પ્રધાન (અધ્યક્ષ) હતો તે જરૂસેલમમાં આવ્યો અને તેણે પરમેશ્વરનું મંદિર અને રાજાનું ભુવન અને જરૂસલમના સઘળાં ઘર અને દરેક મોટાં ઘરને બાળી મૂક્યાં અને કસદિયોની તમામ સેનાઓ તેનીજ સેનાના અધ્યક્ષની સાથેજ જરૂસલમની ભીંતોને ચારે તરફથી ઢાળી પાડી તૌ૦ રા. પર્વ. ૨૫ આ૦ ૮—૯—૧૦.

સમીક્ષક:—શું કરે ઇસાઇઓના ઇશ્વરે તો પોતાના આરામને માટે દાઉદ આદિથી ઘર બંધાવ્યું હતું તેમાં આરામ કરતો હશે. પરંતુ ન સર અદાને ઇશ્વરના તે ઘરને નષ્ટભ્રષ્ટ કરી દીધું અને ઈશ્વર અથવા તેના દૂતોની સેના કંઇપણ ન કરી શકી ! પ્રથમ તો એમનો ઇશ્વર મોટી લડાઇઓ કરતો હતો અને વિજયી થતે હતો પરંતુ હવે પોતાનું ઘર બળાવી તોડાવીને બેઠો કોણ જાણે ચુપચાપ કેમ બેસી રહ્યો? અને કોણ જાણે તેના દૂતો કયાં નાસી ગયા? આવે સમયે કોઇ પણ કામ ન આવ્યા? અને ઈશ્વરનું પરાક્રમ પણ કોણ જાણે કયાં ઉડી ગયું. યદિ આ વાત સત્ય હોય તો જે જે વિજયની વાતો પ્રથમ લખી તે બધી ખોટી ઠરે છે. શું મિશ્રના બાળક અને બાળકીઓને મારવામાંજ શૂરવીર હતો અને હવે શૂરવીરોની સામે ચુપચાપ થઇ બેઠો ! આતો ઇસાઇઓના ઇશ્વરે પોતાની નિંદા અને અપ્રતિષ્ઠા કરાવી લીધી એવીજ આ પુસ્તકમાં હજારો નકામી કહાણીઓ ભરી મૂકી છે.

જબૂર બીજો ભાગ.

કાલસમાચારનું પુસ્તક.

૫૭. તે પરમેશ્વર મારા ઇશ્વરે ઇસ્રાયલ પર મરી (મરકી) મોકલી અને ઈસ્રાયલમાંથી શીત્તેર હજાર પુરૂષો મરી ગયા. કાલ. દૂ. પર્વ. ૨૧ આ૦ ૧૪.

સમીક્ષક:—હવે જુઓ ઇસ્રાયલના અને ઈસાઇઓના ઇશ્વરની લીલા, જેણે ઇસ્રાયલના કુળને ઘણુંજ વરદાન આપ્યાં હતાં અને રાત્રિદિન જેનાં પાલનમાં ડોલતો હતો તે હવે ઝટ ક્રોધિત થઈ મરકી મોકલીને શીત્તેર હજાર મનુષ્યોને મારી નાંખ્યા. કોઇ કવિએ લખ્યું છે તે સત્ય છે કે:—

क्षणे रुष्टः क्षणे तुष्टः रुष्टस्तुष्टः क्षणे क्षणे ।
अव्यवास्थित चित्तस्य प्रसादोऽपि भयङ्करः ॥ १॥

જે માણસ ક્ષણમાં પ્રસન્ન અને ક્ષણમાં અપ્રસન્ન થાય છે એટલે કે ક્ષણે ક્ષણે પ્રસન્ન અને અપ્રસન્ન થાય છે તેની પ્રસન્નતા ભયદાયક છે. તેવીજ લીલા ઇસાઈઓના ઇશ્વરની છે.

ઐયૂબનું પુસ્તક.

૫૮. અને એક દિવસે એવું થયું કે પરમેશ્વર સન્મુખ ઇશ્વરનો પુત્ર આવીને ઉભો રહ્યો. અને પરમેશ્વરે સેતાનને કહ્યું કે તું કયાંથી આવે છે. ત્યારે સેતાને ઉત્તર આપ્યો કે પૃથ્વી ઉપર અહીં તહીં ફરતો ફરતો અહીં ચાલ્યો આવ્યો છું ત્યારે પરમેશ્વરે સેતાનને કહ્યું કે તેં મારા દાસ ઐયૂબને ઓળખ્યો છે કે તેના જેવો પૃથ્વીમાં બીજો કોઇ નથી તે ખરો માણસ છે અને ઇશ્વરથી ડરી પાપથી અલગ રહે છે. અને અત્યાર સુધી પોતાની સચ્ચાઇને ધરી રાખી છે, અને તેં મને તેને વિનાકારણ નાશ કરવાને ઉશ્કેર્યો છે. ત્યારે સેતાને ઉત્તર આપ્યો કે ચામડાંને માટે ચામડું હાં જે મનુષ્યનું છે તે પોતાના પ્રાણને માટે આપશે, પરંતુ હવે હાથ લંબાવ, અને તેનાં હાડમાંસને અડક ત્યારે તે નિસ્સદેહ તને તારી સામે ત્યાગશે ત્યારે પરમેશ્વરે સેતાનને કહ્યું કે જો તે તારા હાથમાં છે. કેવળ તેના

પ્રાણને બચાવ. ત્યારે સેતાન પરમેશ્વર પાસેથી ચાલ્યો ગયો અને ઐયૂબને માથાથી તળીઆં સુધી નઠારા ફોલ્લાઓથી માર્યો. જબુર ઐયુ પર્વ. ૨. આ. ૧-૨-૩-૪-૫-૬-૭.

સમીક્ષકઃ—હવે જુઓ ઇસાઇઓના ઇશ્વરનું સામર્થ્ય કે સેતાન તેની સામે તેના ભકતોને દુઃખ દે છે, તોપણ સેતાનને દંડ દઇને પોતાના ભકતોને બચાવી શકતો નથી, તેમ દુતોમાંથી કોઇ પણ તેની સામે થઇ શકતો નથી. એક સેતાને બધાને ભયભીત કરી રાખ્યા છે. અને ઇશ્વર પણ સર્વજ્ઞ નથી. જો સર્વજ્ઞ હોત તો સેતાન પાસે અયૂબની પરીક્ષા શા માટે કરાવે?

ઉપદેશનું પુસ્તક.

૫૯. હાં મારા અંતઃકરણે બુદ્ધિ અને જ્ઞાન ઘણાં જોયાં છે અને બુદ્ધિ અને વૃદ્ધાવસ્થા અને મૂઢતા જાણવાને મન લગાડયું અને મેં જાણી લીધું કે આપણા મનની લોલુપતા છે. કેમકે અધિક બુદ્ધિમાં મહાશોક છે અને જે જ્ઞાનમાં વધે છે તે દુઃખમાં વધે છે. જ. ઉ. પર્વ ૧. આ. ૧૬-૧૭-૧૮.

સમીક્ષકઃ—હવે જુઓ! જે બુદ્ધિ અને જ્ઞાન પર્યાયવાચી છે તેને બે માને છે અને બુદ્ધિવૃદ્ધિમાં શોક અને દુઃખ માનવાં એ અવિદ્વાનો વિના એવા લેખ બીજા કોણ લખી શકે! એટલા માટે આ બાયબલ ઇશ્વરની બનાવેલી તો શું પણ કોઇ વિદ્વાનની પણ બનાવેલી નથી.

આ થોડુંક તૌરેત અને જબૂરના વિષયમાં લખ્યુ આની આગળ કંઈ માત્થીરચિત આદિ ઇંજીલ વિષયમાં લખવામાં આવે છે કે જેને ઇસાઇઓ બહુજ પ્રમાણભૂત માને છે. જેનું નામ ઇંજીલ રાખ્યું છે તેની પરીક્ષા થોડીક લખીએ છીએ કે એ કેવી છે.

માત્થીરચિત ઇંજીલ.

૬૦. ઇસુખ્રીસ્તનો ધર્મ એવી રીતે થયો છે કે તેની માતા મરિયમની યુસફ સાથે માંગણી થઇ હતી. પણ તેમના સંયોગ થવાની પહેલાંજ તે જોવામાં આવી કે પવિત્ર આત્માથી ગર્ભવતી છે. જુઓ પરમેશ્વરના દૂતોએ સ્વપ્નમાં દર્શન દઇને કહ્યું કે હે! દાઉદના સંતાન યુસફ તું તારી સ્ત્રી મરિયમને અહીં લાવવાથી ન ડર કેમકે તેને જે ગર્ભ રહ્યો છે તે પવિત્ર આત્માથી છે. ઈ. પર્વ ૧. આ. ૧૮-૨૦.

સમીક્ષકઃ—આ બાબતને કોઇ વિદ્વાન્ માની શકતા નથી કે જે પ્રત્યક્ષાદિ પ્રમાણ અને સૃષ્ટિક્રમથી વિરૂદ્ધ છે. આ બાબત માનવી એ મૂર્ખ જંગલી મનુષ્યોનું કામ છે, સભ્ય વિદ્વાનોનું નહિ. વારૂ જે પરમેશ્વરનો નિયમ છે તેને કોઇ તોડી શકે છે? જો પરમેશ્વર પણ નિયમને ઉલટપાલટ કરે તો તેની આજ્ઞાને કોઇ માને નહિ. અને તે ઇશ્વર પણ સર્વજ્ઞ અને નિર્ભય છે. આવી રીતે તો જે જે કુમારિકાને ગર્ભ રહી જાય ત્યારે સર્વ કોઇ કહી શકે છે કે એમાં ગર્ભનું રહેવું ઇશ્વર તરફથી છે, અને જૂઠમૂઠ કહી દે કે પરમેશ્વરના દૂતે મને સ્વપ્નમાં કહી દીધું કે આ ગર્ભ પરમાત્મા તરફથી છે. જેમ આ અસંભવ પ્રપંચ રચ્યો છે, તેવોજ સૂર્યથી કુન્તીનું ગર્ભવતી થવું પણ પુરાણોમાં અસંભવિત લખ્યું છે. એવી એવી વાતોને આંખના આંધળા અને ગાંઠના પૂરા લોકો માની ભ્રમજાળમાં પડે છે. આ એવી વાત થઇ હશે કે કોઇ પુરૂષની સાથે સમાગમ થવાથી મરિયમ

ગર્ભવંતી થઇ હશે તેણે અથવા કોઇ બીજાએ એવી અસંભવ વાત ઉડાવી હશે કે એમાં ગર્ભ ઇશ્વર તરફથી છે.

૬૧. ત્યારે આત્મા ઇસુને જંગલમાં લઇ ગયો કે સેતાનથી તેની પરીક્ષા કરવામાં આવે. તે ચાલીસ દિવસ અને ચાલીસ રાત્રિ ઉપવાસ કરીને પછી ભૂખ્યો થયો ત્યારે પરીક્ષા કરનારે કહ્યું કે જો તુ ઇશ્વરનો પુત્ર છે તો કહી દે કે આ પત્થર રોટલીઓ બની જાવ. ઇ. પર્વ. ૪. આ. ૧-૨-૩.

સમીક્ષક:—આથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે ઇસાઇઓનો ઇશ્વર સર્વજ્ઞ નથી કેમકે જો સર્વજ્ઞ હોત તો તેની પરીક્ષા સેતાન પાસે કેમ કરાવી? પોતેજ જાણી લેત. વારુ કોઇ ઇસાઇઓને આજકાલ ચાલીસ દિવસ અને ચાલીસ રાત્રિ ભુખ્યા રાખે તો કદિ પણ બચી શકશે? અને એથી એપણ સિદ્ધ થયું કે તે ઇશ્વરનો બેટો ન હતો અને તેમાં કંઇ પણ કરામત—સિદ્ધિ પણ ન હતી. નહિતો સેતાનની સન્મુખ પત્થરની રોટલીઓ કેમ ન બનાવી દીધી? અને પોતે ભૂખ્યો કેમ રહ્યો? અને સિદ્ધાન્ત એ છે કે પરમેશ્વરે જે પત્થર બનાવ્યા છે તેને રોટલી કોઇપણ બનાવી શકતો નથી—અરે ઇશ્વર પણ પૂર્વકૃત નિયમને ઉલટાવી શકતો નથી! કારણ કે તે સર્વજ્ઞ છે અને તેનાં બધાં કામ ભૂલ ચૂક વિનાનાં છે.

૬૨. તેણે તેને કહ્યું મારી પાછળ આવ. હુ તમને મનુષ્યો પકડનાર માછી બનાવીશ. તે તરત જાળોને છોડી તેની પાછળ ચાલ્યા. ઇ. પર્વ ૪. આ. ૧૯-૨૦-૨૧.

સમીક્ષક:—વિદિત થાય છે કે તે આજ પાપ અર્થાત્ તૌરેતમાં જે દશ આજ્ઞાઓમાં લખ્યું છે કે (સંતાનો પોતાના માતા પિતાની સેવા અને સન્માન્ કરે કે જેથી તેમની ઉમર વધે) તે પ્રમાણે ઇસાએ માતા પિતાની સેવાથી છોડાવ્યા. એજ અપરાધથી તે ચિરંજીવી ન રહ્યો અને એ પણ વિદિત થયું કે ઇસાએ મનુષ્યોને ફસાવવા માટેજ એ મત ચલાવ્યો છે, કે જાળમાં માછલીની માફક મનુષ્યોને સ્વમતમાં ફસાવીને પોતાનું પ્રયોજન સાધવું. જ્યારે ઇસુજ એવો હતો તો આજ કાલના પાદરી લોકો પોતાની જાળમાં મનુષ્યોને ફસાવે તો તેમાં શું આશ્ચર્ય છે? કેમકે જેમ મોટી મોટી અને ઘણી માછલીઓને જાળમાં ફસાવનારની પ્રતિષ્ઠા અને જીવિકા સારી થાય છે, તેમજ જે ઘણાઓને પોતાના મતમાં ફસાવી લે તેની અધિક પ્રતિષ્ઠા અને જીવિકા સારી થાય છે! એથીજ એ લોક જેઓ વેદ અને શાસ્ત્રો નથી ભણ્યા અને નથી સાંભળ્યા તે બિચારા ભોળા માણસોને પોતાની જાળમાં ફસાવીને તેના માબાપ અને કુટુંબાદિથી પૃથક્ કરી દે છે. એ ઉપરથી સર્વ વિદ્વાન્ માણસોને ઉચિત છે કે સ્વયં એમની ભ્રમજાળમાંથી બચીને બીજા પોતાના ભોળા ભાઇઓને બચાવવામાં તત્પર રહે.

૬૩. ત્યારે ઇસુ આખા ગાલીલ દેશમાં તેમની સભાઓમાં ઉપદેશ કરતો હતો અને રાજ્યના સુસમાચારનો પ્રચાર કરતો હતો અને લોકોમાં દરેક રોગ વ્યાધિઓને સારા કરતો હતો અને ફર્યા કરતો હતો. સર્વ રોગીઓ કે જે જુદા જુદા વ્યાધિઓથી દુઃખી થતા હતા તથા ભૂતગ્રસ્તો અને મૃગી (વાઇરોગ) રોગવાળા અને અર્ધાઅંગવાળાઓ (પક્ષાઘાતી)ને તેની પાસે લાવ્યા અને તેણે સારા કર્યા. ઇ. માત્થી. પર્વ. ૪ આ. ૨૩-૨૪-૨૫.

સમીક્ષક:—જો આજકાલ પોપલીલા કાઢવી, મંત્ર, પુરશ્ચરણ, આશીર્વાદ, બીજ અને

ભસ્મની ચુટકી આપવાથી ભૂતો કાઢવા, રોગો છોડાવવા એ સાચું હોય તો ઇજીલની વાત પણ સાચી હોય! એ કારણથી ભોળા મનુષ્યોને ભ્રમમાં ફસાવવા માટે એ વાતો છે. જો ઇસાઇઓ ઇસાની આવી વાતોને માને છે તો પછી અહીંના દેવી ભક્તોની વાતો કેમ નથી માનતા? કારણ કે તે વાતો પણ તેના જેવીજ છે.

૬૪. ધન્ય તે જે મનમાં દીન છે કેમકે સ્વર્ગનું રાજ્ય તેનુંજ છે. કેમકે હું તમને સાચું કહું છું કે જ્યાં સુધી આકાશ અને પૃથ્વી ટળી ન જાય ત્યાંસુધી વ્યવસ્થાથી એક માત્રા અને એક બિંદુ વિનાપૂરાથયે નહિ ટળશે. એટલા માટે આ અતિ નાની આજ્ઞાઓ-માંથી એકનો પણ લોપ અને લોકોને તેવુંજ શીખવાડે તે સ્વર્ગના રાજ્યમાં સર્વથી નાનો કહેવાશે. ઇ. માત્થી. પર્વ. આ૦ ૩-૪-૧૮-૧૯.

સમીક્ષકઃ—જો સ્વર્ગ એક છે તો રાજા પણ એક હોવો જોઇએ. એટલા માટે જેટલા દીન છે તે બધા સ્વર્ગે જશે તો સ્વર્ગમાં રાજ્યનો અધિકાર કોને થશે? અર્થાત્ પરસ્પર લડાઇ બખેડા કરશે અને રાજ્યવ્યવસ્થા (અસ્તવ્યસ્ત) થઈ જશે અને જો દીનનો અર્થ કંગાલ કરતા હોતો તે ઠીક નથી અને નિરભિમાની અર્થ લેશો તો પણ ઠીક નથી કારણ કે દીન અને નિરભિમાની એ બે શબ્દ એકાર્થવાચી નથી. કારણ કે જે મનમાં દીન છે તેને કદિ-પણ સંતોષ હોતો નથી એટલા માટે તે વાત ઠીક નથી. જો આકાશ પૃથિવી ટળી જાય તો વ્યવસ્થા પણ ટળી જાય. એવી અનિત્ય વ્યવસ્થા તો મનુષ્યોની હોય છે, સર્વજ્ઞ ઇશ્વરની નહિ. અને આ એક પ્રલોભન અને ભય માત્ર દર્શિત કર્યો છે કે જે આ આજ્ઞા નહિ માને તે સ્વર્ગમાં સૌથી નાના ગણાશે.

૬૫. અમારી દિવસ ભરની રોટલી આજ અમને આપો, પોતાને માટે પૃથ્વી ઉપર ધનનો સંચય ન કરો. ઇ૦ માત્થી૦ પર્વ. ૫ આ૦ ૧૧-૧૯.

સમીક્ષકઃ—એથી વિદિત થાય છે કે જે સમયે ઇસાનો જન્મ થયો છે તે સમયે લોકો જંગલી અને દરિદ્ર હતા તથા ઇસુ પણ તેવોજ દરિદ્ર હતો તેથી તો દિવસ ભરની રોટલીની પ્રાપ્તિને માટે ઇશ્વરની પ્રાર્થના કરે છે અને તેવુ શીખવે છે. જ્યારે એમ છે તો ઇસાઇ લોક ધનનો સંચય કેમ કરે છે? તેમને ઉચિત છે કે ઇસાના વચનથી વિરૂદ્ધ નહિ ચાલી સર્વદાન પુણ્ય કરીને દીન થઇ જાય.

૬૬. હરેક જે મને 'હે પ્રભુ' 'હે પ્રભુ' કહે છે તે સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ નહિ કરે. ઇ૦ માત્થી૦ પર્વ. ૭. આ૦ ૨૧.

સમીક્ષકઃ—હવે વિચારો કે મોટા મોટા પાદરી બિશપ સાહેબ અને ક્રિશ્ચિયન લોક જો આ ઇસાનું વચન સત્ય છે એમ સમજે તો ઇસાને પ્રભુ અર્થાત્ ઇશ્વર કદિપણ ન કહે જો એ વાતને નહિ માનશે તો પાપથી કદિપણ બચી શકશે નહિ.

૬૭. તે દિવસે ઘણાક મને કહેશે ત્યારે હું તેમને ખુલ્લું કરીને કહીશ મેં તમને કદિ પણ નથી જાણ્યા કુકર્મ કરનારાઓ મારાથી દૂર થાઓ. ઇ૦ મા૦ પર્વ. ૭ આ૦ ૨૨-૨૩.

સમીક્ષકઃ—જુઓ! ઇસુ જંગલી મનુષ્યોને વિશ્વાસ કરાવવા માટે સ્વર્ગમાં ન્યાયાધીશ બનવા માગતો હતો એ કેવળ ભોળા મનુષ્યોને પ્રલોભન આપવાની વાત છે.

૬૮. અને જુઓ એક કોઢિઆએ આવીને તેને પ્રણામ કરી કહ્યું કે હે પ્રભુ જો આપ ઇચ્છો તો મને શુદ્ધ કરી શકો છો. ઇસુએ હાથ લંબાવી તેને અડીને કહ્યું કે હું ચાહું છું કે તું શુદ્ધ થઇજા. એટલે તેનો કોઢ તુરત શુદ્ધ થઇ ગયો. ઇ૦ મા૦ પર્વ. ૮ આ૦ ૨–૩.

સમીક્ષક:—એ બધી વાતો ભોળા માણસોને ફસાવવાની છે, કેમકે જ્યારે ઇસાઇ લોક આવી વિદ્યા અને સૃષ્ટિક્રમ વિરૂદ્ધ વાતોને સત્ય માને છે. તો પછી શુક્રાચાર્ય, ધન્વંતરી, કશ્યપ આદિની વાત કે જે પુરાણ અને મહાભારતમાં લખી છે, જેણે અનેક દૈત્યોની મરેલી સેનાને જીવતી કરી આપી, બૃહસ્પતિના પુત્ર કચના ટુકડે ટુકડા કરીને જનાવર અને માછલીઓને ખવાડી દીધો, તોપણ તેને શુક્રાચાર્યે જીવતો કરી દીધો. પછી કચને મારી શુક્રાચાર્યને ખવડાવી દીધો પછી તેને પેટમાં જીવતો કરીને બહાર કહાડયો. પોતે મરી ગયો. તેને કચે જીવતો કર્યો. કશ્યપ ઋષિએ મનુષ્ય સહિત વૃક્ષને તક્ષકથી ભસ્મ થયા પછી પુનઃ વૃક્ષ અને મનુષ્યને જીવિત કરી દીધાં, ધન્વન્તરીએ લાખો મુડદાં જીવાડયાં, લાખો કોઢિઆ આદિ રોગીઓને સારા કર્યા, લાખો આંધળા અને બહેરાને આંખ અને કાન આપ્યાં ઇત્યાદિ કથાને મિથ્યા કેમ કહો છો? જો એ વાત ખોટી હોય તો ઇસાની વાતપણ ખોટી કેમ નહિ? જે બીજાની વાતને ખોટી કહે છે અને પોતાની ખોટી વાતને પણ સાચી કહે છે તે હઠી કેમ નહિ? એટલા માટે ઇસાઇઓની વાતો કેવળ હઠની અને બાળકોના જેવી છે.

૬૯. ત્યારે બે ભૂતગ્રસ્ત મનુષ્ય કબરસ્થાનમાંથી નીકળી તેને આવી મળ્યા, જે એટલે સુધી અતિપ્રચંડ હતો કે તે માર્ગથી કોઇ જઇ શકતું ન હતું, અને જુઓ તેમણે જોરશોરથી કહ્યું કે ઇશુ ઇશ્વરનો પુત્ર! આપને અમારી સાથે શું કામ છે? શું આપ સમયની પહેલાં અમને પીડા દેવા અહીં આવ્યા છો. તે ભૂતોએ તેની વિનતિ કરી કહ્યુ જો આપ અમને કાઢો છો તો સૂવરોનાં ઝુંડમાં પેસવા દ્યો, તેણે તેને કહ્યું જાઓ અને તેઓ નીકળીને સૂવરોનાં ઝુંડમાં પેઠા, અને જુઓ સૂવરોનું તમામ ઝુંડ કરાડા પરથી સમુદ્રમાં દોડી ગયું અને પાણીમાં ડૂબી મર્યું. ઇ. મા. પર્વ. ૮ આ૦ ૨૮–૨૯–૩૦–૩૧–૩૨–૩૩.

સમીક્ષક:-વારૂ, અહીં જરાક વિચાર કરીએ તો એ વાત સર્વ ખોટી છે એમ માલુમ પડશે કારણ કે મરેલું મનુષ્ય કબરસ્થાનમાંથી કદિપણ નીકળી શકતું નથી, તે કોઇ તરફ જઇ શકતું નથી તેમ કોઇની સાથે સંવાદ પણ કરી શકતું નથી. એ સર્વ વાર્તા અજ્ઞાનીઓની છે—જે કે મહાજંગલી છે, તે એવી વાતો ઉપર વિશ્વાસ લાવે છે. પેલા સૂવરોની હત્યા કરાવી તેનું અને સુવરોવાળાની હાનિ કરવાનું પાપ ઇસાને થયું હશે. અને ઇસાઇ લોક ઇસાને પાપ ક્ષમા કરનાર અને પવિત્ર કરનાર માને છે, તો પેલા ભૂતોને કેમ પવિત્ર ન કરી શકયો? અને સુવરોવાળાની હાનિ કેમ ન ભરી આપી? શું આજકાલના સુશિક્ષિત ઇસાઇ અંગ્રેજો આ ગપોડાને પણ માનતા હશે. જો માને છે તો હજી ભ્રમજાળમાં પડયા છે.

૭૦. જુઓ લોકો! એક અર્ધાઅંગવાળાને કે જે ખાટલા ઉપર સૂતો હતો તેને પોતાની પાસે આણ્યો અને ઇસુએ તેનો વિશ્વાસ જોઇને તે અર્ધા અંગવાળાને કહ્યું કે હે પુત્ર આનંદ કર તારાં પાપ ક્ષમા કરવામાં આવ્યાં છે. હું ધર્મીઓને નહિ પણ પાપીઓને પશ્ચાત્તાપને માટે બોલાવવા આવ્યો છું. ઇ. મ. પર્વ. ૯ આ૦ ૨,૧૩.

સમીક્ષકઃ—આ વાત પણ એવીંજ અસંભવિત છે, જેવી કે પૂર્વ લખી આવ્યા છીએ. અને જે પાપ ક્ષમા કરવાની વાત છે તે કેવળ ભોળા લોકોને પ્રલોભન દઇને ફસાવવાની છે, જેમ બીજાએ પીધેલું મદ્ય અને ભાંગ તથા ખાધેલા અફીણનો નિશો બીજાને ચડતો નથી તેમ કોઇનું પાપ કોઇની પાસે જતું નથી, કિન્તુ જે કરે છે તેજ ભોગવે છે. એજ ઇશ્વરનો ન્યાય છે. જો અન્યનું કરેલું પાપ અથવા પુણ્ય અન્યને પ્રાપ્ત થતું હોય અથવા ન્યાયાધીશ સ્વયં લઇ લે અથવા કર્તાઓને યથાયોગ્ય ફળ ઇશ્વર ન આપે તો તે અન્યાયકારી થઇ જાય. જુઓ ધર્મજ કલ્યાણકારક છે, ઇસુ અથવા બીજો કોઇ નહિ. ધર્માત્માઓને માટે અથવા પાપીઓને ઇસા આદિની કશી પણ આવશક્તા નથી કારણ કે પાપ કોઇનું છૂટતું નથી.

૭૧. ઇશુએ પોતાના બાર શિષ્યોને પોતાની પાસે બોલાવીને તેમણે અશુદ્ધ ભૂતોપર અધિકાર આપ્યો કે તેમને કહાડે અને હરેક રોગ અને હરેક વ્યાધી સારા કરે. બોલનાર તો તમે નથી પણ તમારા પિતાનો આત્મા તમારામાં બોલે છે. એમ નહિ સમજતા કે હું પૃથ્વી ઉપર મેળાપ કરાવવા આવ્યો છું. પરંતુ ખડ્ગ ચલાવવા આવ્યો છું....મનુષ્યના ઘરના લોકોજ તેના વેરી થશે. આ૦ ૩૪–૩૫–૩૬ ઈ. મા. પર્વ. ૧૦ આ૦ ૧૩.

સમીક્ષકઃ—એ તેજ શિષ્ય છે કે જેમાંથી એક ૩૦ રૂપીઆના લોભ પર ઇસાને પકડાવશે અને બીજા બદલાઇને અલગ અલગ નાશી જશે. ભલા જ્યારે એ વાતો વિદ્યાથીજ વિરૂદ્ધ છે કે ભૂતોનું આવવું અને કાઢવું. ઔષધવિના અથવા પથ્યવિના વ્યાધિઓનું છૂટવું સૃષ્ટિક્રમથી અસંભવ છે માટે એવી એવી વાતોને માનવી એ અજ્ઞાનીઓનું કામ છે જો જીવ બોલનાર નથી અને ઇશ્વર બોલનાર છે તો જીવ શું કામ કરે છે! અને સત્ય અથવા મિથ્યાભાષણનું ફળ સુખ અને દુઃખ ઇશ્વરજ ભોગવતો હશે અને જે ઇસુ ફુટ (વેર) કરાવવાને અને લડવાને આવ્યો હતો, તેથીજ આ લોકમાં કલહ ચાલી રહ્યો છે. એ કેટલી બધી ખરાબ વાત છે. કારણ કે ફુટ કરાવવાથી મનુષ્યોને સર્વથા દુઃખ થાય છે. પણ ઇસાઇઓએ એનેજ ગુરૂમંત્ર સમજી લીધો હશે, કારણ કે એક બીજાની ફુટ ઇસુજ સારી માનતો હતો તો એ લોકો કેમ નહિ માનતા હોય? ઇસાનુંજ કામ હશે કે ઘરના લોકોના શત્રુ ઘરના લોકોને જ બનાવવા! એ શ્રેષ્ટ પુરૂષનું કામ નથી.

૭૨. ત્યારે ઇસુએ તેને કહ્યું, તમારી પાસે કેટલી રોટલિયો છે? તેણે કહ્યું સાત અને નાની માછલિયો, ત્યારે તેણે તે લોકોને ભૂમિપર બેસવાની આજ્ઞા આપી. ત્યારે તેણે તે સાત રોટલિયોને અને માછલિયોને ધન્ય માનીને તોડી અને પોતાના શિષ્યોને આપી, અને શિષ્યોએ લોકોને આપી તે સર્વ ખાઇને તૃપ્ત થયા અને જે કડકા શેષ રહ્યા તેના સાત ટોપલા ભરેલા ઉઠાવ્યા, જેણે ખાધું તે સ્ત્રિઓ તથા બાળકો ન ગણતાં ચાર સહસ્ર પુરૂષ હતા. ઇ૦ મા૦ પર્વ૦ ૧૬. આ૦ ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯.

સમીક્ષકઃ—હવે જુઓ! શું આ આજકાલના જુઠા સિદ્ધો અને ઇંદ્રજાળી આદિના સમાન છળની વાતો નથી? પેલી રોટલિયોમાં બીજી રોટલિયો ક્યાંથી આવી ગઇ? જો ઇસામાં એવી સિદ્ધિયો હતી તો પોતે ભુખ્યો થયલો ગુલરના ફળ ખાવાને કેમ ભટક્યા કરતો? પોતાને માટે માટી, પાણી અને પત્થર આદિથી મોહન ભોગ રોટલિયો કેમ ન બનાવી

કીધી ? એ સર્વ વાતો બાળકોના ખેલપણાની છે, જેમ કેટલાક સાધુ વેરાગી એવી છળની વાતો કરી ભોળા મનુષ્યોને ઠગે છે તેમજ એ પણ છે.

૭૩. અને ત્યારે તે હરેક મનુષ્યને તેના કાર્યાનુસાર ફળ આપશે. ઇ૦ મા૦ પર્વ૦ ૧૬ આ૦ ૨૭.

સમીક્ષકઃ—જ્યારે કર્માનુસાર ફળ આપવામાં આવશે, તો ઇસાઇયોનાં પાપ ક્ષમા થવાનો ઉપદેશ કરવો વ્યર્થ છે અને તે સત્ય હોય તો આ જુઠું છે. જો કોઇ કહે કે ક્ષમા કરવા યોગ્ય ક્ષમા કરવામાં આવે છે, અને ક્ષમા ન કરવા યોગ્ય ક્ષમા કરવામાં આવતું નથી, એ પણ ઠીક નથી. કેમકે સર્વ કર્મોનાં ફળ યથાયોગ્ય આપવાથીજ ન્યાય અને પૂરી દયા થાય છે.

૭૪. હે અવિશ્વાશી અને હઠીલા લોકો ! હું તમને સત્ય કહું છું કે જો તમને રાઇના એક દાણા જેટલો પણ વિશ્વાસ હોય તોપણ જો તમે આ પહાડને કહેશો કે અહીંથી ત્યાં ચાલી જા, તો તે ચાલ્યો જશે, અને કોઇ કામ તમને અસાધ્ય નહિ થશે. ઇ૦ મા૦ પર્વ૦ ૧૭ આ૦ ૩૦.

સમીક્ષકઃ—હમણા જે ઇસાઇયો ઉપદેશ કરતા ફરે છે કે—આવો અમારા મતમાં, પાપ ક્ષમા કરાવો, મુક્તિ પામો આદિ. તે સર્વ મિથ્યા વાત છે, કેમકે જો ઇસાઇમાં પાપ છોડવવાનું, વિશ્વાસ જમાવવાનું અને પવિત્ર કરાવવાનું સામર્થ્ય હોત તો પોતાના શિષ્યોના આત્માઓને નિષ્પાપ, વિશ્વાસી, અને પવિત્ર કેમ ન કરી દેત ? જે કે ઇસાની સાથે સાથે સદા ઘુમતા હતા, તેમને જ્યારે શુદ્ધ, વિશ્વાસી, અને તેનું કલ્યાણ નહિ કરી શક્યો ત્યારે તો તે મરવા પછી, ન જાણે ક્યાંય હશે ? આ સમયે કોઇને પવિત્ર નહિ કરી શકશે. જ્યારે ઇસાના ચેલા રાઇ ભર વિશ્વાસથી રહિત હતા અને તેમણે એ ઇંજીલ પુસ્તક બનાવ્યું છે, ત્યારે એ પ્રમાણભૂત નથી થઇ શકતું કેમકે જે અવિશ્વાસી, અપવિત્રાત્મા, અધર્મી મનુષ્યોના લેખ હોય છે તે ઉપર વિશ્વાસ કરવો એ કલ્યાણની ઇચ્છા કરનાર મનુષ્યોનું કામ નથી. અને એથી પણ સિદ્ધ થઇ શકે છે કે જો ઇસાનું વચન સાચું છે તો કોઇ ઇસાઇમાં એક રાઇના દાણા જેટલો વિશ્વાસ અર્થાત્ ઇમાન નથી. જો કોઇ કહે કે અમારામાં પૂરો કે થોડો વિશ્વાસ છે તો તેને કહેવું કે આપ આ પહાડને માર્ગમાંથી હઠાવી દ્યો; જો તેના હઠાવવાથી હઠી જાય તો પણ પૂરો વિશ્વાસ નહિ, કિન્તુ એક રાઇના દાણા બરાબર છે અને જો ન ઉઠાવી શકે તો સમજો કે એક છાંટો પણ વિશ્વાસ, ઇમાન અર્થાત્ ધર્મનો ઇસાઇયોમાં નથી. યદિ કોઇ કહે કે અહીં અભિમાન આદિ દોષોનું નામ પહાડ છે તોપણ ઠીક નથી, કેમકે જો એમ હોય તો મુડદાં, આંધળાં, કોઢિયાં, તગ્રસ્તો ને સારા થયા કહેવા પણ ઠીક નથી. તે પણ આળસી, અજ્ઞાની, વિષયી અને ભ્રાન્તોને બોધ કરીને સચેત, કુશળ કર્યા હશે. જો એમ માને તો પણ ઠીક નથી, કેમકે જો એમ હતુ તો સ્વશિષ્યોને એવા કેમ ન કરી શકત ? એટલા માટે અસમ્ભવ વાત કહેવી એ ઇસાની અજ્ઞાનતાને પ્રકાશ કરે છે. ભલા જો કાંઇ પણ ઇસામાં વિદ્યા હોત તો આવી અંધાધુંધ જંગલીપણાની વાતો કેમ કરતે ? તથાપિ—

निरस्तपादपेदेशे एरण्डोऽपि द्रुमायते। यत्र देशे द्रुमो नास्ति तत्रैरण्डो द्रुमायते ।

જેમ જે દેશમાં કોઇપણ વૃક્ષ ન હોય તો તે દેશમાં એરણ્ડનું વૃક્ષજ સર્વથી મોટું અને સારૂં ગણાય છે તેમજ મહા જંગલી અવિદ્વાનોના દેશમાં ઇસાનું પણ થવું ઠીક હતું પણ આજકાલ ઇસાની શું ગણના થઇ શકે છે ?

૭૫. હું તમને સાચું કહું છું જો તમે મન ન ફેરવો અને બાળકોની સમાન ન થઇ જાઓ, તોજ સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ કરવા પામશો. મ૦ મા૦ પર્વ૦ ૧૮ આ૦ ૩.

સમીક્ષકઃ—જ્યારે પોતાની ઇચ્છાથી મનને ફેરવવું સ્વર્ગનું કારણ અને ન ફેરવવું નર્કનું કારણ છે. તો કોઇ કોઇનું પાપપુણ્ય કદી પણ લઇ શકતું નથી એમ સિદ્ધ થાય છે અને બાળક સમાન હોવાના લેખથી એમ વિદિત થાય છે કે ઇસુની વાતો વિદ્યા અને સૃષ્ટિક્રમથી બહુજ વિરૂધ્ધ હતી અને એ પણ તેના મનમાં હતું કે લોક મારી વાતોને બાળકની સમાન માની લે. પૂછે ગાછે કંઇ પણ નહિ, આંખ મીચીને માની લે. ઘણા ઇસાઇનોની બાળબુદ્ધિ વત્ ચેષ્ટા છે, નહિ તો એવી યુક્તિ–વિદ્યાથી વિરૂધ્ધ વાતો કેમ માનતે? અને એ પણ સિદ્ધ થયું કે જો ઇશુ પોતે વિદ્યાહીન બાળબુદ્ધિ ન હોત તો અન્યને બાલવત્ બનવાનો ઉપદેશ કેમ કરતે? કેમકે જે જેવો હોય છે તે અન્યને પણ સ્વસદશ બનાવવા ચાહેજ છે.

૭૬. હું તમને સાચું કહુ છું ધનવાનોને સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ કરવા કઠીન થશે, ફરીને પણ હું તમને કહું છું કે ઇશ્વરનાં રાજ્યમાં ધનવાનનો પ્રવેશ કરવા કરતાં ઉંટનું સોયના નાકામાંથી જવું સહજ છે. મ૦ મા૦ પર્વ૦ ૧૯ આ૦ ૨૩, ૨૪.

સમીક્ષકઃ—એથી એ સિદ્ધ થાય છે કે ઇસુ દરિદ્ર હતો ધનવાન્ લોક તેની પ્રતિષ્ઠા કરતા હશે એટલા માટે આ લખ્યું હશે. પરંતુ એ વાત સત્ય નથી. કેમકે ધનાઢયો અને દરિદ્રોમાં સારા નઠારા હોય છે, જે કોઇ સારૂ કામ કરે તે સારૂં અને નઠારૂ કરે તે નઠારૂં ફળ પામે છે. વળી એથી એ પણ સિદ્ધ થાય છે કે ઇસુ ઇશ્વરનું રાજ્ય કોઇ એક દેશમાં માનતો હતો, સર્વત્ર નહિ. જ્યારે એમ છે તો તે, ઇશ્વરજ નથી. જે ઇશ્વર છે તેનું રાજ્ય સર્વત્ર છે. પુનઃ તેમાં પ્રવેશ કરશે કે નહિ કરશે એ કહેવું કેવળ અવિદ્યાની વાત છે અને એથી એ પણ આવ્યું કે જેટલા ઇસાઇ ધનાઢય છે, શું તે સર્વ નરકમાંજ જશે? અને દરિદ્ર સ્વર્ગમાં જશે? ભલા વારૂ જરાક સરખો વિચાર તો ઇસામસીહ કરતે કે જેટલી સામગ્રી ધનાઢયોની પાસે હોય છે તેટલી દરિદ્રોની પાસે હોય નહિ, જો ધનાઢયો વિવેકથી ધર્મમાર્ગમાં વ્યય કરે તો દરિદ્ર નીચ ગતિમાં પડયા રહે અને ધનાઢય ઉત્તમ ગતિને પ્રાપ્ત થઇ શકે છે.

૭૭. ઇસુએ તેને કહ્યું, હું તમને સાચું કહું છું કે નવી સૃષ્ટિમાં જ્યારે મનુષ્યોના પુત્ર પોતાના ઐશ્વર્યના સિંહાસનપર બેસશે, ત્યારે તમે પણ જેઓ મારા ચેલા થયલા છો, તેઓ બાર સિંહાસનો પર બેસીને ઇસ્રાએલના બાર કુલોના ન્યાય કરશો, જેણે કોઇયે મારા નામને માટે ઘરો કે ભાઇઓ કે બેહેનો કે પિતા કે માતા કે સ્ત્રી કે બાળકો કે ભુમિને ત્યાગી છે તે સોગણું પામશે અને અનન્ત જીવનનો અધિકારી થશે. મ૦ મ૦ પર્વ૦ ૧૯, આ૦ ૨૮, ૨૯.

સમીક્ષકઃ—હવે જુઓ! ઇસાની આંતરીક લીલા કે મારી જાળથી મુઆ પછી પણ લોક ન નિકળી જાય. અને જેણે ૩૦ ત્રીસ રૂપિયાના લોભથી પોતાના ગુરૂને પકડી મરાવ્યો તેવા પાપી પણ તેની પાસે સિંહાસન ઉપર બેસશે અને ઇસ્રાઇલના કુલનો પક્ષપાતથી ન્યાયજ નહિ કરવામાં આવશે, કિન્તુ તેમના સર્વ ગુણ માફ અને અન્ય કુલોનો ન્યાય કરશે. અનુમાન થાય છે કે આવી શિક્ષાથી ઇસાઈ લોક ઇસાઇયોનો ઘણોજ પક્ષપાત કરી કોઇ ગોરાએ કાળાને મારી નાખ્યે હોય, તોપણ બહુધા પક્ષપાતથી નિરપરાધી કરીને છોડી દે છે, એવોજ ઇસાના સ્વર્ગનો

પણ ન્યાય હશે અને એથી મહાદોષ આવે છે, કેમકે એક સૃષ્ટિની આદિમાં મરેલો અને એક (કયામત) ની રાત્રીની લગભગમાં મરેલો; એક તો આદિથી અન્તપર્યંત આશામાંજ પડયો રહેલો કે કયારે ન્યાય થશે અને બીજાનો તેજ સમયે ન્યાય થઇ ગયો, એ કેટલો મોટો અન્યાય છે. અને જે નરકમાં જશે તે અનંતકાલપર્યંત નરક ભોગવશે અને જે સ્વર્ગમાં જશે તે સદા સ્વર્ગ ભોગવશે, એ પણ મહા અન્યાય છે. કેમકે અંતવાળાં સાધન અને કર્મોનાં ફળ અંતવાળાં હોવા જોઇએ અને સરખાં પાપ પુણ્ય બે જીવોનાં પણ નથી થઇ શકતાં, એટલા માટે તારતમ્યથી અધિક ન્યુન સુખદુઃખવાળાં અનેક સ્વર્ગ અને નરક હોય ત્યારે સુખ દુઃખ ભોગવી શકે છે તે ઇસાઇયોનાં પુસ્તકમાં કયાંયે વ્યવસ્થા નથી. એટલા માટે આ પુસ્તક ઇશ્વરકૃત કે ઇસાઇ ઇશ્વરનો બેટો કદી પણ નથી થઇ શકતો. આ મોટા અનર્થની વાત છે કે કદાપિ કોઇના માબાપ સો સો નથી થઇ શકતા કિંતુ એકની એક મા અને એકજ બાપ હોય છે, અનુમાન છે કે મુસલમાનોએ એક એક ને ૭૨ સ્ત્રીયો બહિસ્તમાં મળે છે એમ લખ્યું છે, તે આ પુસ્તકમાંથીજ લીધેલું હોવું જોઇએ.

૭૮. પ્રાતઃકાલે મળસ્કે જ્યારે બહમ ઘેર પાછો જતો હતો ત્યારે તેને ભૂખ લાગી અને માર્ગમાં એક ગુલરનું વૃક્ષ જોઇને તે તેની પાસે ગયો પરંતુ તેમાં બીજું કાંઇ ન મળ્યું કેવળ પાત્રાં, અને તેને કહ્યું કે તને ફરી કદી પણ ફળ લાગશે નહિ, એથી ગુલરનું વૃક્ષ તરત સુકાઇ ગયું. ઇ૦ મા૦ પર્વ૦ ૨૧. આ૦ ૧૮, ૧૯.

સમીક્ષક—સર્વ પાદરી લોક ઇસાઇ કહે છે કે ઇસુ મહાશાન્ત શમન્વિત અને ક્રોધાદિ દોષરહિત હતો પરંતુ આ વાતને જોવાથી જ્ઞાત થાય છે કે ઇસુ ક્રોધી અને ઋતુના જ્ઞાન રહિત હતો. અને તે જંગલી મનુષ્યપણાના સ્વભાવયુક્ત વર્તતો હતો. ભલા વારૂ જે વૃક્ષ જડ પદાર્થ છે તેનો શો અપરાધ હતો કે તેને શાપ દીધો અને તે સુકાઇ ગયું, એના શાપથી તો નહિ સુકાયું હશે કિંતુ કોઇ એવી ઔષધી નાંખવાથી સુકાઇ ગયું હોય તો આશ્ચર્ય નથી.

૭૯. તે દિવસોએ કલેશની પછી તુરત સૂર્ય ઝાંખો (શ્યામવર્ણનો) થઇ જશે અને ચન્દ્ર પોતાની જ્યોતિ નહિ આપશે, તારા આકાશથી ખરી પડશે અને આકાશની સેના ડગી જશે. ઇ૦ મા૦ પર્વ૦ ૨૪. આ૦ ૨૯.

સમીક્ષકઃ—વાહજી ઇસા! તારાઓને ખરી પડવાનું આપે કયી વિદ્યાથી જાણ્યું અને આકાશની સેના કયી છે? જે ડગી જશે? જો કદી ઇસુ થોડીક પણ વિદ્યા ભણતે તો અવસ્ય જાણી લેત કે આ તારા સર્વ ભૂગોળ છે તે કેમ કરીને ખરશે. એથી વિદિત થાય છે કે ઇસુ સુથાર કુલમાં ઉત્પન્ન થયો હતો. સદા લાકડાં ચીરવાં, છોલવાં, કાપવાં અને જોડવાં એ કામ કરતો રહ્યો હશે, જ્યારે તરંગ ઉઠયો કે હું પણ આ જંગલી દેશમાં પેગમ્બર થઇ શકીશ ત્યારે વાતો કરવા લાગ્યો, કેટલીક વાતો તેના મુખથી સારી પણ નિકળે અને ઘણીક નઠારી પણ. ત્યાંના લોક જંગલી હતા તે સર્વ માની બેઠા. જેવો આજકાલ યુરોપ દેશ ઉન્નતિયુક્ત છે તેવો પૂર્વે હોત તો એની સિદ્ધાઇ કાંઇ પણ ચાલત નહિ. હવણા કાંઇ વિદ્યા થયા પછી પણ વ્યવહારના પેચ અને હઠથી આ પોલ મતને ન છોડીને સર્વથા સત્ય વેદ માર્ગની તરફ નથી ઝુકતા એજ એમનામાં ન્યુનતા છે.

૮૦. આકાશ અને પૃથિવી ટળી જશે પરંતુ મારી વાતો કદી ન ટળશે. ઇ૦ મા૦ પ૦ ૨૪. આ૦ ૩૫.

સમીક્ષકઃ—આ પણ વાત અવિદ્યા અને મૂર્ખતાની છે. વારૂ આકાશ હાલીને કયાં જશે? જ્યારે આકાશ અતિ સૂક્ષ્મ હોવાથી નેત્રથી દેખાતું નથી તો એનું હાલવું કોણ જોઇ શકે છે? અને પોતાના મુખે પોતાની બડાઇ કરવી તે સારા મનુષ્યોનું કામ નથી.

૮૧. ત્યારે તે તેનાથી જે ડાબી બાજુ છે તેમને કહેશે કે, હે શાપિત લોકો! મારી પાસેથી તે અનંત આગમાં જાઓ કે જે શેતાન અને તેના દૂતોને માટે તૈયાર કરવામાં આવી છે. ઇ૦ મા૦ પ૦ ૨૫. આ૦ ૪૧.

સમીક્ષક—ભલા વારૂ, એ કેટલી મોટી પક્ષપાતની વાત છે જે પોતાના શિષ્ય છે તેમને સ્વર્ગ અને જે બીજા છે તેમને અનન્ત આગમાં નાંખવા; પરંતુ જ્યારે આકાશજ નહી રહેશે ત્યારે અનંગ આગ, નરક, બહિસ્ત એ કયાં રહેશે? જો સેતાન અને તેના દૂતોને ઇશ્વર ન બનાવત તો આટલી નરકની તૈયારી કેમ કરવી પડતે? અને એક સેતાનજ ઇશ્વરના ભયથી ન ડર્યો તો તે ઇશ્વરજ શું છે કેમકે તેનોજ દુત થઇને (બાગી) બાગવાન થઇ ગયો અને ઇશ્વર તેને પ્રથમજ પકડીને બંદીગ્રહમાં ન નાખો શકયો, ન મારી શકયો પુનઃ તેની ઇશ્વરતા શું? જેણે ઇસાને પણ ચાલીસ દિવસ દુઃખ દીધું! ઇસા પણ તેને કાંઇ ન કરી શકયો તો ઇશ્વરના બેટા થવું વ્યર્થ થયું એટલા માટે ઇસુ ઇશ્વરનો ન બેટો અને ન તો બાઇબલનો ઇશ્વર ઇશ્વર થઇ શકે છે.

૮૨. ત્યારે બાર શિષ્યોમાંથી એક યહુદાહ, ઇસકરિયોતિ નામનો એક શિષ્ય પ્રધાન યાજકોની પાસે ગયો અને કહ્યું, જો હું ઇસુને આપ લોકોને હાથે પકડાવું તો આપ લોક મને શું આપશો, તેમણે તેને ત્રીસ રૂપીયા આપવા ઠરાવ્યા. ઇ૦ મ૦ પર્વ૦ ૨૬. આ૦ ૧૪, ૧૫.

સમીક્ષક—હવે જુઓ! ઇસાની સર્વ કરામત અને ઇશ્વરતા અહીં ઉઘડી ગઇ. કેમકે જે તેનો પ્રધાન શિષ્ય હતો તે પણ તેના સાક્ષાત્ સંગથી પવિત્રાત્મા ન થયો તો બીજાઓને તે મર્યા પછી પવિત્રાત્મા શું કરી શકશે? અને તેના વિશ્વાસી લોકો તેના ભરોસામાં કેટલા ઠગાયા જાય છે. કેમકે જેણે સાક્ષાત્ સંબંધમાં શિષ્યનું કાંઈ પણ કલ્યાણ ન કર્યું તે મર્યા પછી કોઇનું કલ્યાણ શું કરી શકશે?

૮૩. જ્યારે તેઓ ખાતા હતા ત્યારે ઇસુએ રોટલી લઇને ધન્યવાદ કર્યો અને તેને તોડીને શિષ્યોને આપી કહ્યું લ્યો, ખાઓ, આ મારો દેહ છે. અને તેણે કટોરો લઇને ધન્યવાદ માન્યો અને તેમને આપીને કહ્યું તમે સર્વ એને પિયો, કેમકે એ મારૂં લોહી અર્થાત્ નવા નિયમનું છે. ઈ૦ મ૦ પર્વ૦ ૨૬ આ ૨૬. ૨૭. ૨૮.

સમીક્ષક—ભલા વારૂ આ આવી વાત, અવિદ્વાન્ જંગલી મનુષ્ય વિના કોઇ પણ સભ્ય કરી શકશે? શિષ્યોને પણ ખાવાની ચીજને પોતાનું માંસ અને પીવાની ચીજને લોહી નથી કહી શકતા અને એજ વાતને આજ કાલના ઇસાઈ લોક પ્રભુ ભોજન કહે છે અર્થાત્ ખાવા પીવાની ચીજમાં ઇસાનું માંસ અને લોહીની ભાવના કરીને ખાય પીયે છે, એ કેટલી બુરી વાત છે. જેમણે પોતાનાં ગુરનાં માંસ લોહીને પણ ખાવા પીવાની ભાવ-

નાથી ન છોડયું તો અન્યને કેમ છોડી શકે છે ?

૮૪. અને તે પિતાને અને જ્યારે એના બે પુત્રોને પોતાની સાથે લઇ ગયો અને શોક કરવા અને મહા ઉદાસ થવા લાગ્યો ત્યારે તેણે તેને કહ્યું કે મારૂં મન એટલા સુધી અતિ ઉદાસ છે કે હું મરવા પર છું અને થોડો આગળ ગયો કે તેનું મોં નિસ્તેજ થઇ ગયું અને પ્રાર્થના કરી કે હે મારા પિતા ! જો બની શકે તો આ કટોરો મારી પાસેથી ટળી જાય. ઇ૦ મ૦ પર્વ૦ ૩૬. આ૦ ૩૭ ૩૮ ૩૯.

સમીક્ષક—જુઓ ! જો તે કેવળ મનુષ્ય ન હોત પણ ઇશ્વરનો બેટો અને ત્રિકાળદર્શી નિસ્તેજ અને વિદ્વાન હોત તો એવી અયોગ્ય ચેષ્ટા ન કરત, એથી સ્પષ્ટ વિદિત થાય છે કે એ પ્રપંચ ઇસાએ અથવા તેના ચેલાઓએ જુઠમૂઠ બનાવ્યો છે કે તે ઇશ્વરનો બેટો ભૂત ભવિષ્યતનો વેત્તા અને પાપ ક્ષમાનો કર્ત્તા છે. એથી સમજવું જોઇએ, કે એ કેવળ સાધારણ સૂધો સાચો અવિદ્વાન હતો; ન વિદ્વાન, ન યોગી, ન સિદ્ધ હતો.

૮૫. તે બોલતોજ હતો કે જુઓ યહુદાહ જે બાર શિષ્યોમાંથી એક હતો તે આવી પહોંચ્યો અને લોકોના પ્રધાન યાજકો અને પ્રાચીનોની તરફથી બહુ લોકો ખડ્ગ અને લાકડીયો લઇને તેની સાથે ઇસુના પકડાવનારે તેમને એ પત્તો આપ્યો હતો જેને હું ચુમી લઉં તેને પકડો અને તે તરત ઇસુ પાસે આવી બોલ્યો; હે ગુરૂ ! પ્રણામ અને તેને ચુમ્યો. ત્યારે તેમણે ઇસુપર હાથો નાંખીને તેને પકડયો, ત્યારે સર્વ શિષ્યો તેને છોડીને નાઠા, અન્તમાં બે જુઠા સાક્ષી આવી બોલ્યા એણે કહ્યું કે હું ઇશ્વરનું મંદિર છાયી શકું છું તેને ત્રણ દિનમાં પાછું બનાવી શકુ છું. ત્યારે મહા યાજકે ઉભા થઇ ઇસુને કહ્યું કેમ તું કાંઇ ઉત્તર નથી આપતો આ લોક તારી વિરૂદ્ધ શી સાક્ષી આપે છે; પરંતુ ઇસુ ચુપ રહ્યો. એ પર મહા યાજકે તેને કહ્યું હું તને જીવતા ઇશ્વરની ક્રિયા દઉં છું, અમને કહે તું ઇશ્વરનો પુત્ર ખ્રીસ્ત છે કે નહી ? ઇસુએ તેને કહ્યું તુંજ તો કહી ચુકયો. ત્યારે મહા યાજકે પોતાનું વસ્ત્ર ફાડીને કહ્યું આ ઇશ્વરની નિંદા કરી ચુકયો છે, હવે અમને સાક્ષીઓનું અને બીજું શું પ્રયોજન ? જુઓ ! તમે હવણા એના મુખથી ઇશ્વરની નિન્દા સાંભળી છે, હવે શો વિચાર કરો છો ? ત્યારે તેમણે ઉત્તર આપ્યો એ વધના યોગ્ય છે ત્યારે તેઓ તેના મોહ ઉપર થુકયા અને તેને ઘુસા માર્યા બીજાઓએ તમાચા મારીને કહ્યું હે ખ્રીસ્ત ! અમારી સાથે ભવિષ્યત્ વાણી બોલ કોણે તને મારયો ? પિટરસ બાહર આંગણામાં બેઠો હતો અને એક દાસી તેની પાસે આવીને બોલી તુ પણ ઇસુ ગાલાલીના સાથે હતો તેણે સર્વની સમક્ષ મુખ મલકાવીને કહ્યું હું નથી જાણતો તુ શુ કહે છે ? જ્યારે તે બાહાર દેવડીમાં ગયો તો બીજી દાસીએ તેને જોઇને જે લોક ત્યાં હતા તેને કહ્યું આ પણ ઇસુ નાસરીની સાથે હતો તેણે ક્રિયા ખાઇને મલકાઇને કહ્યું કે તે મનુષ્યને નથી જાણતો ત્યારે તે ધિક્કાર આપવા અને ક્રિયા ખાવા લાગ્યો કે હું તે મનુષ્યને નથી જાણતો. ઇ૦ મ૦ પર્વ ૨૬ આ૦ ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૪.

સમીક્ષક—હવે જોઇ લો કે જેનું એટલું પણ સામર્થ્ય કે પ્રતાપ ન હતો કે પોતાના ચેલાને દૃઢ વિશ્વાસ કરાવી શકે અને તે ચેલા ચાહે પ્રાણ પણ કેમ ન જાય તોપણ પોતા-

ના ગુરૂને લોભથી ન પકડાવતે, ન મશ્કરી તે ન મિથ્યા ભાષણ કરતે ન જુઠો ક્રિયા ખાતે, અને ઇસુ પણ કાંઇ કરામતી ન હતો, જેમ તૌરેતમાં લખ્યું છે કે—લુતના ઘરપર પાહુનોને ઘણુંએ મારવાને ચઢી આવ્યા હતા; ત્યાં ઇશ્વરના બે દૂત હતા તેમણે તેમને આંધળા કરી દિધા, યદ્યાપી તે પણ વાત અસમ્ભવ છે તથાપિ ઇસામાં તો એટલું પણ સામર્થ્ય ન હતું અને આજ કાલ કેટલા ભઠવા તેના નામપર ઇસાઇયોએ વધારી રાખ્યા છે, ભલા વાઃ દુર્દશાથી મરણ કરતાં પોતે સ્વયં જુજ (ઘાત કરી) કે સમાધિ ચઢાવી અથવા કોઇ પ્રકારથી પ્રાણ છોડતે તો સારૂં હતું. પરંતુ તે બુદ્ધિ વિના ક્યાંથી ઉપસ્થિત થાય, તે ઈસુ એ પણ કહે છે કે;—

૮૬. હું હવણા મારા પિતાને વિનતી નથી કરતો અને તે મારી પાસે સ્વર્ગ દૂતોની બાર સેનાઓથી અધિક ન પોંહોચાડશે. ઇં૦ મ૦ પર્વ૦ ૨૬ આ૦ ૫૩.

સમીક્ષક—ધમકાવતો પણ જતો અને પોતાની તથા પોતાના પિતાની વડાઇપણ કરતો જતો હતો પણ કાંઇપણ નહી કરી શકતો, જુઓ આશ્ચર્યની વાત ! જ્યારે મહાયાજકે પૂછયું હતું કે આ લોક તારા વિરૂદ્ધ સાક્ષી આપે છે તેના ઉત્તર આપ ત્યારે તો ઇસો ચુપ રહ્યો, એ પણ ઇસાએ સારૂં ન કર્યું, કેમકે જે સાચું હતું તે ત્યાં અવશ્ય કહી દેતે તો સારૂં હતું. એવી ઘણીક પોતાના ઘમંડની વાતો કરવી ઉચિત નહતી, અને જેમણે ઇસા ઉપર જૂઠો દોષ લગાડીને માર્યો તેને પણ ઉચિત નહતું, કેમકે ઇસાનો તેવા પ્રકારનો અપરાધ ન હતો, કે જેમ તેના વિષયમાં તેમણે કર્યું. પરંતુ તેઓ પણ જંગલી તો હતા, ન્યાયની વાતોને શું સમજે ? જો ઇસુ જૂઠ મૂઠ ઇશ્વરનો બેટા ન બનત અને તેઓ તેની સાથે આવી બુરાઇથી ન વર્ત્તતે તો બેઉને માટે ઉત્તમ કામ હતું, પરંતુ એટલી વિદ્યા, ધર્માત્મા અને ન્યાયશીલતા ક્યાંથી લાવે ?

૮૭. ઈસુ અધ્યક્ષ આગળ ઉભો થયો અને અધ્યક્ષે તેને પૂછયું, શું તું યહુદિયોનો રાજા છે ? ઈસુએ તેને કહ્યું, આપ પોતે તો કહો છો, જ્યારે પ્રધાન યાજક અને પ્રાચીન લોક તેના ઉપર દોષ લગાડતા હતા ત્યારે તેણે કાંઇ ઉત્તર નહી દીધો, ત્યારે પિલાતે તેને કહ્યું, શું તું નથી સાંભળતો કે એ લોક તારા વિરૂદ્ધ સાક્ષી આપે છે, પરંતુ તેણે એક વાતનો પણ તેને ઉત્તર નહી આપ્યો, એટલે કે અધ્યક્ષે ઘણો અચમ્બો કર્યો. પિલાતે તેને કહ્યું તો હું ઇસુ કે જે ખ્રીષ્ટ કહેવડાવે છે શું કરૂં, સર્વેએ તેને કહ્યું તે ક્રૂશપર ચઢાવવામાં આવે અને ઇસુને કોરડા મારીને ક્રૂશપર ચઢાવવાને સોપી દીધો ત્યારે અધ્યક્ષના યોદ્ધાઓએ ઇસુને અધ્યક્ષ ભુવનમાં લઇ જઇને સારી પલટન તેની પાસે એકઠી કરી અને તેમણે તેના વસ્ત્ર ઉતારીને તેને લાલ વાઘો પહેરાવ્યો અને કાંટાનો મુકટ ગુંથીને તેના શિર પર મૂકયો અને તેના જમણા હાથપર નર્કટ આપ્યું અને તેની આગળ ઘુંટણ ટેકીને આમ કહીને તેની સાથે ઠઠ્ઠો કર્યો, હે યહુદિયોના રાજા ! પ્રણામ અને તેઓ તેનાપર થૂકયાં અને તે નર્કટને લઇને તેના શિરપર માર્યું જ્યારે તેઓ તેની સાથે ઠઠ્ઠા કરી ચુકયા ત્યારે તેનો વાગો ઉતારીને કાળું વસ્ત્ર પહેરાવીને તેને ક્રૂશપર ચઢાવવાને લઇ ગયા. જ્યારે તે એક સ્થાનપર, જે ગળી ગયું હતું અર્થાત્ ખોપરીનું સ્થાન કહેવાય છે, ત્યાં પોંચ્યા ત્યારે તેમણે સરકામાં પિત્ત મેળવીને તેને પીવા આપ્યું, પરંતુ તેણે ચાખીને પીવા ન ચાહ્યું. ત્યારે તેમણે તેને ક્રૂશ પર ચઢાવ્યો અને તેમણે તેનું દોષ પત્ર તેના માથા પર લગાવ્યું ત્યારે બેડાકુને, એક જમણી બાજુએ અને બીજો ડાબી બાજુએ તેની સંગે ક્રૂશ પર ચઢાવવામાં આવ્યા. જે લોક ત્યાંથી

આવતા જતા, તેમણે પોતાનું શિર હલાવિને અને એમ કહીને તેની નિન્દા કરી હે મંદિરના ઢાવાવાળા પોતાનો બચાવકર જો તું ઇશ્વરનો પુત્ર છે તો ક્રૂશપરથી ઉતરી આવ. એવી રીતે પ્રધાન યાજકોએ પણ તથા અધ્યાપકો અને પ્રાચીનોના સંગિયોએ મશ્કરી કરીને કહ્યું, એણે બીજાઓને બચાવ્યા, તે પોતાને બચાવી શકતો નથી. જો તે ઇસ્રાયલનો રાજા છે તો ક્રૂશપરથી હવે ઉતરી આવે અને અમે તેનો વિશ્વાસ કરીશું તે ઇશ્વર ઉપર ભરોસો રાખે છે, જો ઇશ્વર તેને ચાહે છે તો તેને હવે બચાવે, કેમકે તેણે કહ્યું હું ઇશ્વરનો પુત્ર છું, જે ડાકુઓ તેની સાથે ચઢાવવામાં આવ્યા હતા તેમણે પણ એજ રીતે તેની નિન્દા કરી; બીજા પ્રહરથી ત્રીજા પ્રહર સુધી સારા દેશમાં અન્ધકાર થઇ ગયો; ત્રીજા પ્રહરની નિકટમાં ઇસુએ મોટા શબ્દથી પોકારીને કહ્યું. "એલી" "એલી લામા સવક્તની" અર્થાત્ હે મારા ઇશ્વર! હે મારા ઇશ્વર! તેં મને કેમ ત્યાગ્યો છે. જે લોક ત્યાં ઉભા હતા, તેમાંથી કેટલાકોએ એ સાંભળીને કહ્યુ, તે એલિયાહને બોલાવે છે, તેમાંથી એક તુરત દોડી ને સ્પંજ (વાદળી) લઇને સિર્કામાં ભિંજાવી અને નલપર રાખીને તેને પીવા આપી ત્યારે ઇસુએ ફરીને મોટા શબ્દથી પોકારીને પ્રાણ ત્યાગ્યો. ઈ० મ० પર્વ० ૨૭. આ० ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦.

સમીક્ષક—સર્વથા ઇસુની સાથે તે દુષ્ટોએ નઠારૂં કામ કર્યું પરંતુ ઇસુનો દોષ છે, કેમકે ઇશ્વરનો ન તો કોઇ પુત્ર અને ન તો તે કોઇનો બાપ કેમકે જો તે કોઇનો બાપ થાય, તો કોઇનો સસરો શાળો સમ્બન્ધી આદિ પણ થાય અને જ્યારે અધ્યક્ષે પૂછયું હતું ત્યારે જેવું સાચું હતું તેવો ઉત્તર આપવો હતો. અને એ ઠીક છે કે જે જે આશ્ચર્ય કર્મ પ્રથમ કરેલાં તે સત્ય હોત તો હજી પણ ક્રોસપરથી ઉતરીને સર્વને પોતાના શિષ્ય બનાવી લેત અને જો તે ઇશ્વરનો પુત્ર હોત તો ઇશ્વર પણ તેને બચાવી લેત, જો તે ત્રિકાળદર્શી હોત તો સિર્કામાં પિત મળેલું ચાખીને કેમ છોડતે તે પહેલેથીજ જાણતો હોત અને જો તે કરામતી હોત તો પોકારી પોકારીને પ્રાણ કેમ ત્યાગત? એથી જાણવું જોઇયે કે ચાહે કોઇ કેટલી પણ ચતુરાઇ કરે, પરંતુ અંતમાં સાચું તે સાચું અને જુઠું જુઠું થઇ જાય છે એથી એ પણ સિદ્ધ થયું કે ઇસુ એક તે સમયના જંગલી મનુષ્યોમાં કાંઇક સારો હતો. ન તે કરામતી, ન ઇશ્વરનો પુત્ર અને ન વિદ્વાન્ હતો કેમકે જો એમ હોત તો તે આવું દુઃખ કેમ ભોગવત?

૮૮. અને જુઓ! મહા ધરતીકંપ થયો. કે પરમેશ્વરનો એક દૂત ઉતર્યો અને આવીને કબરના દ્વારપરથી પત્થર ખસેડી તેપર બેઠો. તે અહીં નથી, જેવું તેણે કહ્યું તેવો જીવતો ઉઠયો છે, જ્યારે તે તેના શિષ્યોને સંદેશા જતા હતા. જુઓ! ત્યારે ઇસુ તેમને આવી મળ્યો, અને કહ્યું કલ્યાણ થાઓ અને તેઓએ નિકટ આવીને, તેના પગ પકડીને તેને પ્રણામ કર્યા ત્યારે ઇસુએ કહ્યું ડરો નહીં, જઇને મારા ભાઇઓ કહીદો, કે તે ગાલીલ જાય અને ત્યાં તે મને જોશે. અગ્યાર શિષ્ય ગાલીલ તે પરવતમાં ગયા, જે ઇસુએ તેમને બતાવ્યો હતો અને તેમણે તેને જોઇને તેને પ્રણામ કર્યા પણ કેટલાકોને સંદેહ થયો, ઇસુએ તેમની પાસે આવીને તેમને કહ્યું, સ્વર્ગમાં અને પૃથિવીપર સમસ્ત અધિકાર મને આપવામાં આવ્યો છે અને જુઓ હું જગતના અંત પર્યંત સર્વ દિન તમારી સાથે છું.

ઈ० મ० પર્વ० ૨૮. આ० ૨, ૬, ૯, ૧૦, ૧૬, ૧૭, ૧૮, ૨૦.

સમીક્ષક—આ વાત પણ માનવા યોગ્ય નથી, કેમકે સૃષ્ટિક્રમ અને વિદ્યાવિરૂદ્ધ છે. પ્રથમ ઇશ્વરની પાસે દૂતોનું હોવું, તેમને જ્યાંત્યાં મોકલવા, ઉપરથી ઉતરવું; શું તહસીલદારી, કે કલેકટરીની સમાન ઇશ્વરને બનાવી દીધો ? શું તેજ શરીરથી સ્વર્ગે ગયો અને જીવતો ઉઠયો ? કેમકે પેલી સ્ત્રીયોએ તેનો પગ પકડીને પ્રણામ કર્યા તો શું તેજ શરીર હતું ? અને તે ત્રણ દિવસપર્યંત સડી કેમ ન ગયો ? અને પોતાના મુખથી સર્વના અધિકારી બનવું એ કેવળ દંભની વાત છે, શિષ્યો સાથે મળવું અને તેની સાથે સર્વ વાતો કરવી અસંભવ છે. કેમકે જો એ વાત સાચી હોય તો આજકાલ પણ કોઇ કેમ નથી જીવી ઉઠતો ? અને તેજ શરીર સાથે સ્વર્ગે કેમ નથી જતો ? આ મત્તી રચિત ઇંજીલનો વિષય થઇ ચુકયો. હવે માર્ક રચિત ઇંજીલના વિષયમાં લખવામાં આવે છે.

માર્ક રચિત ઇંજીલ.

૮૯. આ શું બઢઇ (સુતાર) નહી ? ઇ૦ મા૦ પર્વ ૬. આ૦ ૩.

સમીક્ષક—વાસ્તવમાં યૂસફ સુતાર હતો, તેટલા માટે ઇસુ પણ સુતાર હતો, કેટલાક વર્ષો સુધી સુતારનું કામ કરતો હતો, પશ્ચાત્ પેગમ્બર બનતો બનતો ઇશ્વરનો બેટોજ બની ગયો. અને જંગલી લોકોએ બનાવી લીધો ત્યારે ભારી કારીગરી ચલાવી. કાટ કુટ, ફુટ ફાટ, કરવી તેનું કામ છે.

લૂક રચિત ઇંજીલ.

૯૦. ઇસુએ તેને કહ્યું, તું મને ઉત્તમ કેમ કહે છે, કોઇ ઉત્તમ નથી, એક અર્થાત્ ઇશ્વર. લુ૦ પર્વ૦ ૧૮. આ૦ ૧૯.

સમીક્ષક—જ્યારે ઇસુજ એક અદ્વિતીય ઇશ્વર કહેવાય છે તો ઇસાઇયોએ પવિત્રાત્મા પિતા અને પુત્ર, ત્રણ કયાંથી બનાવી દીધા.

૯૧. ત્યારે તેને હેરોદની પાસે મોકલ્યો. હેરોદ ઇસુને જોઇને અતિ આનંદિત થયો. કેમકે તે તેને બહુ દિન થયાં જોવા ચાહતો હતો, એટલા માટે કે તેના વિષયમાં બહુ વાતો સાંભળી હતી અને તેનું કાંઇ આશ્ચર્ય કર્મ જોવાની તેને આશા થઇ. તેણે તેને ઘણી વાતો પૂછી પરંતુ તેણે તેને કાંઇ ઉત્તર ન દીધો લુક૦ પર્વ૦ ૨૬ આ૦ ૮, ૯.

સમીક્ષક—એ વાત મત્તીરચિત નથી, એટલા માટે એ સાક્ષી બગડી ગયો કેમકે સાક્ષી એક સરખા હોવા જોઇએ અને જો ઇસુ ચતુર અને કરામતી હોત તો હેરોદને ઉત્તર આપતે અને કરામત પણ દેખાડતે, એથી વિદિત થાય છે કે ઇસુમાં વિદ્યા અને કરામત કાંઇ પણ નહતી.

યોહન રચિત સુસમાચાર.

૯૨. આદિમાં વચન હતું અને વચન ઇશ્વરની સાથે હતું અને વચન ઇશ્વર હતું. તે આદિમાં ઇશ્વરની સાથે હતું; સર્વ કાંઇ તેના દ્વારા સરજવામાં આવ્યું અને જે કાંઇ સરજવામાં આવ્યું છે તે કાંઇપણ તેના વિના નથી સરજવામાં આવ્યું. તેમાં જીવન હતું અને તે જીવન મનુષ્યોનું અજવાળું હતું. પર્વ૦ ૧ આ૦ ૧, ૨, ૩, ૪.

સમીક્ષક—આદિમાં વચન વકતા વિના હોઇ શકતું નથી અને જો વચન ઇશ્વરની સાથે

હતું તો એ કહેવું વ્યર્થ થયું અને વચન ઇશ્વર કદી નથી થઈ શકતું કેમકે જ્યારે તે આદિમાં ઇશ્વરની સાથે હતું, તો પહેલું વચન કે ઇશ્વર હતો? એ ઘટી શકતું નથી. વચન દ્વારા સૃષ્ટિ કદી થઇ શકતી નથી જ્યાંસુધી તેનું કારણ ન હોય. અને વચન વિના પણ ચુપચાપ રહીને કર્ત્તા સૃષ્ટિ કરી શકે છે. જીવન શામાં વા શું હતું આ વચનથી જીવ અનાદિ માનશો? ત્યારે જો અનાદિ છે તો આદમના નસ્કોરામાં શ્વાસ ફુંકવો એ જુઠું થયું. અને શું જીવન મનુષ્યોનુંજ અજવાળું છે પશ્વાદિનું નહીં?

૯૩. અને વારીના સમયમાં જ્યારે સેતાન શિમોનના પુત્ર યિહુદા ઇસ્કરિયોતીના મનમાં તેને પકડાવાનું મત નાંખી ચુકયો હતો. યો૦ પર્વ૦ ૧૩. આ૦ ૨.

સમીક્ષક—એ વાત સાચી નથી. કેમકે જ્યાંરે કોઇ ઇસાઇયોને પૂછશે કે સેતાન સર્વને બહેકાવે છે તો સેતાનને કોણ બહેકાવે છે. જો કહો કે સેતાન આપથી આપ બહેકે છે. તો મનુષ્ય પણ આપોઆપ બહેકી શકે છે. પુનઃ સેતાનનું શું કામ અને જો સેતાનને બનાવનાર અને બહેકાવનાર પરમેશ્વર છે તો તેજ સેતાનનો સતાન ઇસાઇયોનો ઇશ્વર ઠર્યો. પરમેશ્વરેજ સર્વને તેના દ્વારા બહેકાવ્યા. ભલા વારૂ એવા કામ ઇશ્વરનાં થઇ શકે છે. સાચુ તો એજ છે કે એ પુસ્તક ઇસાઇયોનું અને ઇસુ ઇશ્વરનો બેટો જેમણે બનાવ્યો તે સેતાન હોય, કિન્તુ ન એ ઇશ્વરકૃત પુસ્તક, ન એમાં કહેલા ઇશ્વર અને ન ઇસુ ઇશ્વરનો બેટો થઇ શકે છે.

૯૪. તમારૂં મન વ્યાકુલ ન થાય, ઇશ્વર પર વિશ્વાસ કરો અને મારા પર વિશ્વાસ કરો. મારા પિતાના ઘરમાં બહુ રહેવાનું સ્થાન છે, નહીં તો હું તમને કહેત કે હું તમારે માટે સ્થાન તૈયાર કરવા જાઉં છું. અને જો હું જઇને તમારે માટે સ્થાન તૈયાર કરૂં તો પછી આવી તમને મારે ત્યાં લઇ જઇશ કે જ્યાં હું રહું ત્યાં તમે પણ રહો. ઇસુએ તેને કહ્યુ હુંજ માર્ગ અને સત્ય અને જીવન છું. મારાં દ્વાર વિના કોઇ પિતાની પાસે નથી પોહોંચતા. જો તમે મને જાણતે તો મારા પિતાને પણ જાણતે.

યો૦ પર્વ૦ ૧૪. આ૦ ૧, ૨, ૩, ૪, ૬, ૭.

સમીક્ષક—હવે જુઓ! આ ઇશુનાં વચન શું પોપલીલાથી કમતી છે? જો એવો પ્રપંચ ન રચે તો તેના મતમાં કોણ ફસે? ઇસુએ પોતાના પિતાને ઠેકામાં ઇજારે લઈ લીધો છે? અને જો તે ઇસુને વશ્ય છે તો પરાધીન હોવાથી તે ઇશ્વરજ નહી? કેમકે ઇશ્વર કોઇની ભલામણ નથી સાંભળતો. શું ઇસુની પૂર્વે કોઇ પણ ઇશ્વરને પ્રાપ્ત નહીં થયો હશે? એવાં સ્થાન આદિનો પ્રલોપ ન આપતે અને જે પોતાનાં મુખથી પોતે માર્ગ, સત્ય અને જીવન બને છે તે સર્વ પ્રકારે દંભી કહેવાય છે. એથી એ વાત સત્ય કદી નથી થઈ શકતી.

૯૫. હું તમને સત્યસત્ય કહું છું જે મારાપર વિશ્વાસ કરે. જે કામ હું કરૂં છું તેને તે પણ કરશે અને એનાથી મોટું કામ કરશે. યો૦ પર્વ૦ ૧૪. આ૦ ૧૨.

સમીક્ષક—હવે જુઓ! જે ઇસાઇ લોક ઈસુ પર પૂરો વિશ્વાસ રાખે છે તેમજ મુડદાં જીવાડવાં આદિ કામ કેમ નથી કરી શકતા? અને જો વિશ્વાસથી પણ આશ્ચર્ય કામ નથી કરી શકતા તો ઇસુએ પણ આશ્ચર્ય કર્મ નહીં કર્યા હતાં એમ નિશ્ચય જાણવું જોઇયે કેમકે સ્વયં ઇસુજ કહે છે કે તમે પણ આશ્ચર્ય કામ કરશો તોપણ આ સમય

ઇસાઇ કોઇ એક પણ નથી કરી શકતા, તો કોની હૈયાંની આંખ ફૂટી ગઇ છે તે ઇસુને મુરદાં જીવડાવાં આદિનો કામ કરતા માની લે.

૯૬. જે અદ્વૈત સત્ય ઇશ્વર છે. યો૦ પર્વ ૧૭ આ૦ ૩.

સમીક્ષક—જ્યારે અદ્વૈત એક ઇશ્વર છે તો ઇસાઇયોના ત્રણ કહેવા સર્વથા મિથ્યા છે. આ પ્રકારે ઘણે સ્થળે ઇંજીલમાં અન્યથા વાતો ભરી છે.

યોહનના પ્રકાશિત વાક્યો.

હવે યોહનની અદ્ભુત વાતો સાંભળોઃ—

૯૭. અને પોત પોતાનાં શીર પર સોનાના મુકુટ પેહેરેલા હતા અને સાત અગ્નિ દીપક સિંહાસનની આગળ બળતા હતા જે ઇશ્વરના સાતે આત્મા છે. અને સિંહાસનની પાસે કાચનો સમુદ્ર છે અને સિંહાસનની આસપાસ ચાર પ્રાણી છે જે આગળ પાછળ નેત્રથી ભર્યાં છે. યો૦ પ્ર૦ પર્વ૦ ૪ આ૦ ૪, ૫, ૬.

સમીક્ષક—હવે જુઓ ! એક નગરના તુલ્ય ઇસાઇયોનું સ્વર્ગ છે. અને તેનો ઇશ્વર પણ દીપકની સમાન અગ્નિ છે અને સોનાના મુકુટાદિ આભૂષણ ધારણ કરવાં અને આગળ પાછળ નેત્રોનું હોવું એ સંભવિત છે. આ વાતોને કોણ માની શકે છે ? અને ત્યાં સિંહાદિ ચાર પશું લખ્યાં છે.

૯૮. અને મેં સિંહાસન પર બેસનારના જમણા હાથમાં એક પુસ્તક દીઠું જે અંદર અને પીઠપર લખેલું હતું અને સાત છાપોથી તેના ઉપર છાપ આપી હતી. આ પુસ્તક ઉઘાડવાને અને તેની છાપો તોડવાને યોગ્ય કોણ છે ? અને ન સ્વર્ગમાં, ન પૃથિવી પર અને ન પૃથિવીની નીચે કોઇ તે પુસ્તક ઉઘાડી અથવા તેને જોઇ શકતો હતો. અને હું બહુ રડવા લાગ્યો એટલા માટે કે પુસ્તક ઉઘાડવા અને વાંચવા અથવા તેને જોવા યોગ્ય કોઇ નહી મળ્યો. યો૦ પ્ર૦ પ૦ ૫ આ૦ ૧, ૨, ૩, ૪.

સમીક્ષક—હવે જુઓ ! ઇસાઇયોનાં સ્વર્ગમાં સિંહાસનો અને મનુષ્યોના ઠાઠ અને પુસ્તક કંઇ છાપોથી બંધ કરેલું જેને ઉઘાડવાં આદિ કર્મ કરનાર સ્વર્ગ અને પૃથિવી પર કોઇ નહીં મળ્યું, યોહનનું રડવું અને પશ્ચાત એક પ્રાચીને કહ્યું કે તેજ ઇસુ ઉઘાડનારો છે. પ્રયોજન એ કે જેના વિવાહ તેના ગીત ! જુઓ ઇસુનાજ ઉપર માહાત્મ્ય ઝુકાવવામાં આવે છે પરંતુ એ વાતો કેવલ કથન માત્ર છે.

૯૯. અને મેં દષ્ટિ કરી અને જોયું તો સિંહાસનની તરફ ચારો પ્રાણિયોની વચમાં અને પ્રાચીનોની વચમાં એક મેમ્ના જેવું વધ કરવામાં આવેલું ઉભું છે. જેના સાતસિંગડાં અને સાત નેત્ર છે જે આખી પૃથિવીમાં મોકલેલા ઇશ્વરના સાતે આત્મા છે. યો૦ પ્ર૦ પ૦ ૫. આ૦ ૬.

સમીક્ષક—હવે જુઓ ! આ યોહનના સ્વપ્નનો મનોવ્યાપાર. તે સ્વર્ગની વચમાં સર્વ ઇસાઇ અને ચાર પશુ તથા ઇસુ પણ છે. અને બીજું કોઇ નહી એ મોટી અદ્ભુત વાત

થઇ કે અહીં તો ઇસાને બે નેત્ર હતાં અને સિંગડાંનું નામ પણ ન હતું અને સ્વર્ગમાં જઇને સાત સિંગડાં અને સાત નેત્ર વાળો થયો ! અને તે સાતે ઇશ્વરના આત્મા ઇસાના સીંગડાં અને નેત્ર બની ગયાં હતાં ! હાય એવી વાતોને ઇસાઇયોએ કેમ માની લીધી ? ભલા વારૂ કાંઇ તો બુદ્ધિ ચલાવત.

૧૦૦. અને જ્યારે તેણે પુસ્તક લીધું, ત્યારે ચારે પ્રાણી અને ચોવીસો પ્રાચીન મેઆની આગળ પડી ગયા અને હરેકની પાસે વીણ (વેણા) હતી અને ધુપથી ભરેલા સોનાના પ્યાલા જે પવિત્ર લોકોની પ્રાર્થનાઓ છે. યો૦ પ્ર૦ પ૦ ૫ આ૦ ૮.

સમીક્ષક—ભલા વારૂ જ્યારે ઇસુ સ્વર્ગમાં ન હશે ત્યારે એ બિચારા ધુપ, દીપ, નૈવેદ, આરતિ આદિ પૂજા કોની કરતા હશે ? અને અહીં પ્રોટેસ્ટન્ટ ઇસાઇયો બુતપરસ્તી (મૂર્તિપૂજા) નું ખંડન કરે છે. અને એમનું સ્વર્ગ બુતપરસ્તીનું ઘર બની રહ્યું છે.

૧૦૧. અને જ્યારે મેમ્ને છાપોમાંથી એકને ઉઘાડયું ત્યારે મેં દષ્ટિ કરી ચારે પ્રાણિયોમાંથી એકને (જેમકે મેઘ ગર્જનાના શબ્દને) કહેતા સાંભળ્યો કે આવ અને જો ! અને મેં દષ્ટિ કરી અને જોયું તો એક ધોળો ઘોડો છે અને જે તે ઉપર બેઠો છે, તેની પાસે ધનુષ છે અને તેને મુકુટ આપવામાં આવ્યો અને તે જય કરતો થકો અને જય કરવાને નિકળ્યો અને જ્યારે તેણે બીજી છાપ ઉઘાડી, બીજો ઘોડો જે લાલ હતો તે નિકળ્યો, તેને એ આપવામાં આવ્યું કે પૃથ્વી પરથી સંપ ઉઠાવી દે અને જ્યારે તેણે ત્રીજી છાપ ઉઘાડી ત્યારે જોયું તો એક કાળો ઘોડો છે. અને જ્યારે તેણે ચોથી છાપ ઉઘાડી અને જોયું તો એક પીળો સરખો ઘોડો છે. અને જે તે ઉપર બેઠો છે તેનું નામ મૃત્યુ છે. ઇત્યાદિ. યો૦ પ્ર૦ પર્વ૦ ૬. આ૦ ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮.

સમીક્ષક—હવે જુઓ આ પુરાણોથી પણ અધિક મિથ્યા લીલા છે કે નહીં ? વારૂ પુસ્તકોનાં બંધનોના છાપની અંદર ઘોડા સવાર કેમ કરીને રહી શકયા હશે ? આ સ્વપ્નનું બરાડવું, જેમણે એ પણ સત્ય માન્યું છે તેમનામાં અવિદ્યા જેટલી કહિયે તેટલીજ થોડી છે.

૧૦૨. અને તે મોટા શબ્દથી પોકારતા હતા કે હે સ્વામી પવિત્ર અને સત્ય ક્યાં સુધી તું ન્યાય નથી કરતો અને પૃથિવીના નિવાસિયોથી અમારા લોહીનો બદલો નથી લેતો. અને હરેકને ઉજળું વસ્ત્ર આપવામાં આવ્યું અને તેમને કહેવામાં આવ્યું કે જ્યાં સુધી તમારા સંગી દાસ પણ અને તમારા ભાઇ, જે તમારી પેઠે વધ કરવાની તૈયારીપર છે, તે પૂરા ન થાય ત્યાં સુધી જરા થોડીવાર વિશ્રામ કરો.

યો૦ પ્ર૦ પર્વ૦ ૬ આ૦ ૧૦, ૧૧.

સમીક્ષક—જે કોઇ ઇસાઈ હશે તે દોડા દોડી કરીને થઇને એવા ન્યાય કરાવવાને માટે રડયા કરશે. જે વેદમાર્ગનો સ્વીકાર કરશે, તેનો ન્યાય હોવામાં કાંઇ પણ ઢીલ ન થશે. ઇસાઇયોને પૂછવું જોઇએ શું ઇશ્વરની કચેરી આજકાલ બન્ધ છે ? અને ન્યાયનું કામ નથી થતું, ન્યાયાધીશ નકામા બેઠા છે ? તો કાંઇ પણ ઠીક ઠીક ઉત્તર ન આપી શકશે. અને એમનો ઇશ્વર બેહેકી પણ જાય છે કેમકે એના કહેવાથી ઝટ એમના શત્રુ સાથે બદલો લેવા લાગે છે અને ડંખિલા સ્વભાવવાળા છે કે મર્યા પછી સ્વવૈર લયા કરે છે. શાન્તિ કાંઈ પણ નહી અને જ્યાં શાતિ નહી ત્યાં દુઃખનો શો પારાવાર હશે !!

૧૦૩. અને જેમ ધણાજ હલાવવાથી ગુલરના વૃક્ષ પરથી તેનાં કાચાં ગુલર ખરી પડે છે તેમ આકાશના તારા પૃથ્વિપર ખરી પડયા અને આકાશ પત્રપત્ જે લપેટવામાં આવે છે, તે અલગ થઇ ગયું. યો૦ પ્ર૦ પર્વ૦ ૬. આ૦ ૧૩, ૧૪.

સમીક્ષક—હવે જુઓ યોહન ભવિષ્યત્ વક્તાને, જ્યારે વિદ્યા નથી ત્યારે તો આવી અંડબંડ કથા ગાઇ. વારૂ તારા સર્વ ભૂગોળ છે, તે એક પૃથિવીપર કેવી રીતે ગરી શકે ? અને સૂર્યાદિનું આકર્ષણ તેને અહીં તહીં કેમ આવવા જવા દેશે ? અને શું આકાશને ચટાઇ–સાદડી સમાન સમજે છે ? આ આકાશ સાકાર પદાર્થ નથી કે જેને કોઈ લપેટે કે એકઠું કરી શકે. એટલા માટે યોહન આદિ સર્વ જંગલી મનુષ્ય હતા તેમને એ વાતોની શી ખબર !

૧૦૪. મેં તેની સંખ્યા સાંભળી. ઇસ્રાયેલના સન્તાનોના સમસ્ત કુળમાંથી એક લાખ ચુમાલીસ સહસ્ર પર છાપ મારવામાં આવી, યહુદાના કુળમાંથી બાર સહસ્રપર છાપ આપવામાં આવી. યો૦ પ્ર૦ પર્વ. ૭ આ૦ ૪, ૫.

સમીક્ષક—શું જે બાયબલમાં ઇશ્વર લખ્યો છે, તે ઇસ્રાયલ આદિ કુળોનો સ્વામી છે કે સર્વ સંસારનો ? એમ ન હોત તો તે જંગલિયોનો સાથ કેમ કરત ? અને તેમનોજ સહાય કરતો હતો અને બીજાનું નામ નિશાન પણ નહીં લેતો હતો. એથી તે ઇશ્વર નહી. અને ઇસ્રાયલ કુળાદિના મનુષ્યોપર છાપ લગાડવો એ અલ્પજ્ઞતા અથવા યોહનની મિથ્યા કલ્પના છે.

૧૦૫. એ કારણથી તેઓ ઇશ્વરના સિંહાસનના આગળ છે અને તેનાં મન્દિરમાં રાત દિવસ તેની સેવા કરે છે. યો૦ પ્ર૦ પર્વ૦ ૭. આ૦ ૧૫.

સમીક્ષ—શું આ મહામૂર્તિપૂજક નથી ? અથવા તેનો ઇશ્વર દેહધારી મનુષ્યય તુલ્ય એક દેશી નથી ? અને ઇસાઇયોનો ઇશ્વર રાત્રિએ સુતો પણ નથી અને જો સુએ છે, તો રાત્રે પૂજા કેમ કરતા હશે ? તથા તેની નિદ્રા પણ ઉડી જતી હશે અને જો રાત દીવસ જાગતો હશે તો વિક્ષિપ્ત કે અતિરોગી હશે.

૧૦૬. અને બીજો દુત આવીને વેદીની નિકટ ઉભો રહ્યો જેની પાસે સોનાની ધુપદાની હતી, અને તેને બહુજ ધુપ દેવામાં આવ્યો. અને ધુપનો ધુમાડો પવિત્ર લોકોની પ્રાર્થનાઓની સાથે દુતના હાથમાંથી ઇશ્વરની આગળ ચઢી ગયો. અને દૂતે તે ધુપદાની લઇને તે વેદીની આગ ભરીને તેને પૃથ્વીપર નાખી અને શબ્દ અને ગર્જના અને વિજળિયો અને ભૂમિકંપ થયો. યો૦ પ્ર૦ પર્વ૦ ૮. આ૦ ૩, ૪, ૫.

સમીક્ષય—હવે જુઓ, સ્વર્ગ પર્યંત વેદી, ધુપ, દીપ, નૈવેદ્ય, તુરઇના શબ્દ થાય છે. શું વેરાગ્નિયોનાં મન્દિર કરતાં ઇસાઇયોનું સ્વર્ગ કમ છે ? કાંઇક ધુમધામ અધિકજ છે.

૧૦૭. હેલા દુતે તુરઇ ફુંકી અને લોહીથી મળેલા ઓળા અને અગ્નિ થયાં અને તેને પૃથિવીપર નાંખવામાં આવ્યા અને પૃથિવીનો એક તૃતીયાંશ ભાગ બળી ગયો. યો૦ પ્ર૦ પર્વ૦ ૮, આ૦ ૭.

સમીક્ષક—વાહ રે ઇસાઇયોના ભવિષ્યત્ વક્તા ! ઇશ્વર, ઇશ્વરના દુત, તુરઇના શબ્દ અને પ્રલયની લીલા એ કેવળ બાળકોનાજ ખેલ દેખાય છે.

૧૦૮. અને પાંચમા દુતે તુરઇ ફુંકી અને મેં એક તારાને જોયો. જે સ્વર્ગમાંથી પૃથિવીપર પડયો હતો અને અથાહ કુણ્ડના કૂપની કુંચી તેને આપવામાં આવી. અને તેણે અથાહ કુણ્ડનો કૂપ ઉઘાડયો અને કૂપમાંથી મોટી ભઠ્ઠીના ધુમાડાની પેઠે ધુમાડો નિકળ્યો. અને તે ધુમાડામાંથી ટિડિયાં (તીડો) પૃથિવીપર નિકળી આવ્યાં અને જેવો પૃથિવીના વિછુઓને અધિકાર હોય છે તેવો તેને અધિકાર આપવામાં આવ્યો અને તેમને કહેવામાં આવ્યું કે તે મનુષ્યોને કે જેમના માથાપર ઇશ્વરની છાપ નથી, પાંચ માસ તેમને પીડા દેવામાં આવે. યો૦ પ્ર૦ પર્વ૦ ૯ આ૦ ૧, ૨, ૩, ૪, ૫.

સમીક્ષક—શું તુરઇનો શબ્દ સાંભળીને તારો તે દૂતોપર અને તેજ સ્વર્ગમાં પડયો હશે? અહીં તો નહીં પડયો? ભલા વારૂ તે કૂપ વા ટિડ્ડિયો પણ પ્રલયને માટે ઇશ્વરે પાળ્યા હશે અને છાપને જોઇને વાંચી પણ લેતી હશે કે છાપવાળાને નહીં કરડો? એ કેવળ ભોળા મનુસ્યોને ડરાવીને ઇસાઈ બનાવી લેવાની ધોકા બાજી જેવું છે, કે જો તમે ઈસાઇ ન થશો તો તમને તીડો કરડશે, એવી વાતો વિદ્યાહીન દેશમાં ચાલી શકે છે, આર્યાવર્ત્તમાં નહીં. શું તે પ્રલયની વાત થઇ શકે છે?

૧૦૯. અને ઘુડચઢોની (ઘોડેસ્વારોની) સેનાઓની સંખ્યા વીસક્રોડ હતી.
યો૦ પ્ર૦ પર્વ૦ ૯ આ૦ ૧૬.

સમીક્ષક—ભલા વારૂ એટલા ઘોડા સ્વર્ગમાં કયાં રહેતા, કયાં ચરતા, અને કેટલી લાદ કરતા હતા? અને તેની દુર્ગન્ધ પણ સ્વર્ગમાં કેટલી થઇ હશે? બસ, એવું સ્વર્ગ, એવો ઇશ્વર અને એવા મતને માટે અમે સર્વે આર્યોએ તિલાંજલી આપી દીધી છે. એવા બખેડા ઇસાઇયોના શિરપરથી પણ સર્વ શક્તિમાનની કૃપાથી દુર થઇ જાય તો બહુજ સારૂં થાય છે.

૧૧૦. અને મેં બીજા પરાક્રમી દુતને સ્વર્ગથી ઉતરતાં જોયો, જેણે મેઘને ઓઢેલો હતો અને તેના શિરપર મેઘ ધનુષ હતું અને તેનું મોં સુર્યના અને તેના પગ આગના થાંભલા જેવા હતા અને તેણે પોતાનો જમણો પગ સમુદ્રપર અને ડાબો પૃથિવીપર રાખ્યો.
યો૦ પ્ર૦ પર્વ૦ ૧૦ આ૦ ૧, ૨, ૩.

સમીક્ષક—હવે જુઓ એ દુતોની કથા, કે જે પુરાણોની વા ભાટોની કથાઓથી પણ ચઢીઆતી છે!!

૧૧૧. અને લગ્ગીના સમાન એક નર્કટ મને આપવામાં આવ્યું અને કહેવામાં આવ્યું કે ઉઠ, ઇશ્વરનાં મન્દિરને અને વેદી અને તેમાંના ભજન કરનારને (નાપ) માપ.
યો૦ પ્ર૦ પર્વ૦ ૧૧ આ૦ ૧.

સમીક્ષક—અહીં તો શું પરંતુ ઇસાઇયોનાં તો સ્વર્ગમાં પણ મંદિર બનાવ્યાં અને માપવામાં આવે છે. સારૂં, તેમનું જેવું સ્વર્ગ છે તેવીજ વાતો છે, એટલા માટે અહીં પ્રભુભોજનમાં ઇસુના શરીરાવયવ, માંસ, લોહીની ભાવના કરીને ખાય, પિયે છે, અને ગિર્જા–મંદિરમાં પણ કૂશ આદિના આકાર બનાવવા આદિ પણ બુતપરસ્તી છે.

૧૧૨. અને સ્વર્ગમાં ઇશ્વરનું મન્દિર ખોલવામાં આવ્યું અને તેના નિયમની સન્દૂક (પેટી) તેના મંદિરમાં જોવામાં આવી. યો૦ પ્ર૦ પર્વ૦ ૧૧ આ૦ ૧૯.

સમીક્ષક—સ્વર્ગમાં જે મંદિર છે, તે હર સમય બન્ધ રહેતું હશે કદી કદી ઉઘાડવામાં આવતું હશે. શું પરમેશ્વરનું પણ કોઇ મંદિર થઇ શકે છે ? જે વેદોક્ત પરમાત્મા સર્વ વ્યાપક છે તેનું કોઇ પણ મંદિર નથી થઇ શકતું. હા, ઇસાઇયોનો જે પરમેશ્વર આકાર વાળો છે, તેનું ચાહે સ્વર્ગમાં હોય ચાહે પૃથિવીમાં અને જેવી લીલા ટંટન પમ્પૂંની અહીં થાય છે તેમજ ઇસાઇયોનાં સ્વર્ગમાં પણ. અને નિયમ સન્દુક (પેટી) પણ કદી કદી ઇસાઇ લોક જોતા હશે, તેથી ન જાણે શું પ્રયોજન સિદ્ધ કરતા હશે. સત્ય તો એ છે કે એ સર્વ વાતો મનુષ્યોને લલચાવાનો છે.

૧૧૩. અને એક મહા આશ્ચર્ય સ્વર્ગમાં જોવામાં આવ્યું અર્થાત્ એક સ્ત્રી જેણે સૂર્યને પહેર્યો છે અને ચન્દ્ર તેનાં પગ તળે છે અને તેનાં શીર પર બાર તારાનો મુકુટ છે. અને તે ગર્ભવતી હોઇને ચીસો પાડે છે કેમકે પ્રસવની પીડા તેને લાગી છે, અને તે જણવાને પીડિત છે. અને બીજું આશ્ચર્ય સ્વર્ગમાં જોવામાં આવ્યું. અને જુઓ એક મોટો લાલ અજગર છે, જેનાં સાત માથાં અને દસ સીંગડાં છે, અને તેના મસ્તક પર સાત રાજમુકુટ છે અને તેનાં પૂછડાંએ આકાશના તારાના એક તૃતિયાંશને ખેંચીને તેને પૃથિવી પર નાખ્યા. યો૦ પ્ર૦ પર્વ૦ ૧૨. આ૦ ૧, ૨, ૩ ૪,

સમીક્ષક—હવે જુઓ, લામ્બા, ચોડા ગપોડા ! એમનાં સ્વર્ગમાં પણ બિચારી સ્ત્રી ચીસ પાડે છે તેનું દુઃખ કોઇ નથી સાંભળતું, નથી મટાડી શકતું. અને તે અજગરની પૂંછડી કેટલી મોટી હતી, જેણે તૃતિયાંશ તારાઓને પૃથિવી ઉપર નાખ્યા. ભલા વાહ પૃથિવી તો નાની છે અને તારા તો મોટા મોટા લોક છે. આ પૃથિવી ઉપર એક પણ ન સમઇ શકે. કિંતુ અહીં એ અનુમાન કરવું જોઇયે કે એ તારાનો એક તૃતિયાંશ એ વાતના લખનારના ઘર પર પડયો હશે. અને જે અજગરની પૂંછડી એટલી મોટી હતી, જેથી સર્વ તારાનો એક તૃતિયાંશ લપેટીને તે ભૂમિ પર નાંખી દીધો તે અજગર પણ તેમનાં ઘરમાં રહેતો હશે !

૧૧૪. અને સ્વર્ગમાં યુધ્ધ થયું, મીખાએલ અને તેના દૂત અજગર સાથે લડયા અને અજગર અને તેના દુત લડયા. યો૦ પ્ર૦ પર્વ૦ ૧૨ આ૦ ૭.

સમીક્ષક—જે કોઇ ઇસાઇયોનાં સ્વર્ગમાં જતા હશે તે પણ લડાઇમાં દુઃખ પામતા હશે એવાં સ્વર્ગની અહીંથી આશા છોડીને હાથ જોડી બેસી રહો. જ્યાં શાંતિ ભંગ અને ઉપદ્રવ મચી રહે તે ઇસાઇયોનેજ યોગ્ય છે.

૧૧૫, અને તે મોટાં અજગરને પાડવામાં આવ્યો. હાં તે પ્રાચીન સાંપ જે દિયાબલ અને સેતાન કહેવડાવે છે તે સારા સંસારને ભરમાવનાર છે.

યો૦ પ્ર૦ પર્વ૦ ૧૨ આ૦ ૯

સમીક્ષક—શું જ્યારે સેતાન સ્વર્ગમાં હતો ત્યારે લોકોને નહી ભમાવતો હતો ? અને તેને જન્મભર બંદીખાને નાખી અથવા મારી કેમ ન નાખ્યો ? તેને પૃથિવી પર કેમ નાંખી દીધો ? જો સર્વ સંસારને ભમાવનાર સેતાન છે તો સેતાનને ભમાવનાર કોણ છે ! સેતાન સ્વયં ભરમ્યો છે તો સેતાન વિના ભરમઇ જનાર ભરમસે અને જો તેને ભરમ-

વનાર પરમેશ્વર છે તો તે ઇશ્વરજ નહી ઠર્યો વિદિત તો એ થાય છે કે ઇસાઇયોનો ઇશ્વર પણ સેતાનથી ડરતો હશે કેમકે જો સેતાનથી પ્રબલ છે તો ઇશ્વરે તેને અપરાધ કરતી સમયજ દંડ કેમ ન દીધો ? જગત્માં સેતાનનું જેટલું રાજ છે તેની સામે સહસ્રાંશ પણ ઇસાઇયોના ઇશ્વરનું રાજ્ય નથી એટલા માટે ઇસાઇયોનો ઇશ્વર તેને હઠાવી નહી શકતો હસે. એથી એ સિદ્ધ થયું કે જેમ આ સમયના રાજ્યાધિકારી ઇસાઇ ડાકુ, ચોર આદિને શીઘ્ર દંડ દે છે તેવો પણ ઇસાઇયોનો ઇશ્વર નથી. પુન: કોણ એવો નિરબુદ્ધિ મનુષ્ય છે જે વૈદિક મતને છોડીને આ કપોલ કલ્પિત પોકળ ઇસાઇ મતનો સ્વીકાર કરે ?

૧૧૬. હાય ! પૃથિવી અને સમુદ્રના નિવાસિયો, કેમકે સેતાન તમારી પાસે ઉતર્યો છે.

યો૦ પ્ર૦ પર્વ ૧૨ આ૦ ૧૨.

સમીક્ષક—શું તે ઇશ્વર ત્યાંનોજ રક્ષક અને સ્વામી છે ? પૃથિવી, મનુષ્યાદિ પ્રાણિયો નો રક્ષક અને સ્વામી નથી ? જો ભૂમિનો પણ રાજા છે તો સેતાનને કેમ મારી ન શકયો ? ઇશ્વર જોતો રહે છે અને સેતાન બહેકાવતો ફરે છે તો પણ તેને વરજતો નથી વિદિત તો એ થાય છે કે એક સારો ઇશ્વર અને એક સમર્થ દુષ્ટ બીજો ઇશ્વર બની રહ્યો છે.

૧૧૭. અને બેતાળીસ માસ પર્યંત યુદ્ધ કરવાનો અધિકાર તેને આપવામાં આવ્યો અને તેણે ઇશ્વરની વિરૂદ્ધ નિંદા કરવાને પોતાનું મોં ઉઘાડયું કે તેના નામની અને તેના તંબુની અને સ્વર્ગમાં વાસ કરનારાની નિન્દા કરે. અને તેને એ આપવામાં આવ્યું કે પવિત્ર લોકો સાથે યુદ્ધ કરે, અને તેના પર જય કરે અને હરેક કુળ અને ભાષા અને દેશ પર તેને અધિકાર આપવામાં આવ્યો.

યો૦ પ્ર૦ પર્વ ૧૩. આ૦ ૫, ૬, ૭,

સમીક્ષક—ભલા વારૂ ! જે પૃથિવીના લોકોને બહેકાવવા માટે સેતાન અને પશુ આદિને મોકલે અને પવિત્ર મનુષ્યો સાથે યુદ્ધ કરાવે, તેનું કામ ડાકુઓના સરદાર સમાન છે કે નહીં એવું કામ ઇશ્વર કે ઇશ્વરના ભકતોનું નથી હોઈ શકતું.

૧૧૮. અને મેં દૃષ્ટિ કરી અને જોયું તો મેમ્ના સિયોન પર્વત પર ઉભો છે અને તેની સાથે એક લાખ ચુમાલિસ સહસ્ર હતા. જેમનાં માથાંપર તેમનું નામ અને તેના પિતાનું નામ લખ્યું છે. યો૦ પ્ર૦ પર્વ૦ ૧૪ આ૦ ૧.

સમીક્ષક—હવે જુઓ, જ્યાં ઇસુનો બાપ રહેતો હતો, ત્યાં તેજ સિયોન પહાડ પર તેનો પુત્ર પણ રહેતો હતો, પરંતુ એક લાખ ચુમાલિસ સહસ્ર મનુષ્યોની ગણના કેવી રીતે કરી ? એક લાખ ચુમાલિસ સહસ્રજ સ્વર્ગના વાસી થયા, શું ત્યારે શેષ કરોડો ઇસાઇયોનાં શિરપર મોહર ન લાગી, શું તે સર્વ નરકમાં ગયા ? ઇસાઇયોને ઘટે છે કે સિયોન પરવત જઇને જુએ કે ઇસુનો બાપ અને તેની સેના ત્યાં છે કે નહા ? જો હોય તો આ લેખ ઠીક છે, નહી તો મિથ્યા, જો કોઈપણ જગ્યાથી ત્યાં આવ્યા તો તે કયાંથી આવ્યા ! જો કહો કે સ્વર્ગથી તો શું તેઓ પક્ષી છે કે એવડી મોટી સેના અને પોતે ઉપર નીચે ઉડીને આવ જા કર્યા કરે ? જો તે આવ જા કર્યા કરે છે તો એક જિલ્લાના ન્યાયાધીશની સમાન થયો

અને તે એક, બે, કે ત્રણ હોય તો નહી બની શકશે, કિંતુ ન્યૂનથી ન્યૂન એક એક ભુગોળમાં એક એક ઇશ્વર જોઇયે, કેમકે એક, બે, ત્રણ એવાં અનેક બ્રહ્માંડોના ન્યાય કરવાને અને સર્વત્ર યુગપત્ ઘુમવામાં સમર્થ કદી પણ નથી થઇ શકતા.

૧૧૯. આત્મા કહે છે હાં, કે, તે પોતાના પરિશ્રમથી વિશ્રામ કરશે, પરંતુ તેનાં કાર્ય તેની સાથે જ થઈ જાય છે. યો૦ પ્ર૦ પર્વ૦ ૧૪ આ૦ ૧૩.

સમીક્ષક—જુઓ ઇસાઇયોનો ઈશ્વર તો કહે છે કે તેનાં કર્મ તેની સાથે રહેશે, અર્થાત્ કર્માનુસાર ફળ સર્વને આપવામાં આવશે. અને એ લોક કહે છે કે ઇસુ પાપને લઇ લેશે અને ક્ષમા પણ કરવામાં આવશે. આ જગોએ બુદ્ધિમાન્ વિચારે કે ઇશ્વરનું વચન સાચું કે ઇસાઇયોનું ? એક વાતમાં બેઉ તો સાચા હોઇજ શકતા નથી એમાંથી એક જુઠું અવશ્ય હશે, અમને શું ? જોઇયે તો ઇસાઇયોનો ઇશ્વર જુઠો હોય કે ઇસાઇ લોક !

૧૨૦. અને તેને ઇશ્વરનાં કોપનાં મહારસના કુણ્ડમાં નાખ્યો અને રસના કુણ્ડનું રૌન્દન નગરની બહાર કરવામાં આવ્યું અને રસના કુણ્ડમાંથી ઘોડાની લગામ પર્યંત લોહી એકસો કોસ સુધી વહી નિકળ્યું. યો૦ પ્ર૦ પર્વ૦ ૧૪ આ૦ ૧૯,૨૦.

સમીક્ષક—હવે જુઓ, એના ગપોડા પુરાણોથી પણ ચઢીયાતા છે કે નહી ? ઇસાઇનો ઇશ્વર કોપ કરતી સમયે બહુજ દુઃખિત થઇ જતો હશે, અને જે તેના કોપના કુણ્ડો ભર્યાં છે, શું તેનો કોપ જળ છે ? કે અન્ય દ્રવિત પદાર્થ છે કે જેના કુણ્ડ ભર્યા છે ? અને સો કોશ સુધી રૂધિરનું વહેવું અસમ્ભવ છે, કેમકે રૂધિર વાયુ લાગવાથી ઝટ જામી જાય છે. પુનઃ કેમ કરી વહી શકે ? એટલા માટે એવી વાતો મિથ્યા ઠરે છે.

૧૨૧. અને જુઓ, સ્વર્ગમાં સાક્ષીના તમ્બુનું મંદિર ઉઘાડવામાં આવ્યું.
યો૦ પ્ર૦ પર્વ૦ ૧૫ આ૦ ૫.

સમીક્ષક—જો ઇસાઇયોનો ઇશ્વર સર્વજ્ઞ હોત તો સાક્ષિયોનું શું કામ ? કેમકે તે સ્વયં સર્વ કાંઇ જાણતો હોત, એથી સર્વથા એજ નિશ્ચય થાય છે કે એમનો ઇશ્વર સર્વજ્ઞ નથી કેમકે મનુષ્યવત્ અલ્પજ્ઞ છે, તે ઇશ્વરતાનું શું કામ કરી શકે છે ? નહીં, નહીં, નહીં અને એજ પ્રકરણમાં દૂતોની મોટી મોટી અસંભવ વાતો લખી છે, તેને સત્ય કોઇ માની શકતા નથી. કયાં સુધી લખિયે. આ પ્રકરણમાં સર્વથા એવીજ વાતો ભરી છે.

૧૨૨. અને ઈશ્વરે તેનાં કુકર્મોનું સ્મરણ કર્યું છે, જેવું તમને તેણે આપ્યું છે, તેવું તેને ભરી આપો, અને તેનાં કર્માનુસાર બમણું તેને આપી દો.
યો૦ પ્ર૦ પર્વ૦ ૧૮ આ૦ ૫, ૬.

સમીક્ષક—જુઓ, પ્રત્યક્ષ ઇસાઇયોનો ઇશ્વિર અન્યાયકારી છે, કેમકે ન્યાય તેનેજ કહે છે કે જેણે જેવું કે જેટલું કર્મ કર્યું તેને તેવું અને તેટલુંજ ફળ આપવું, તેનાથી અધિક ન્યૂન આપવું અન્યાય છે, જે અન્યાયકારીની ઉપાસના કરે છે તેઓ અન્યાયકારી કેમ ન હોય ?

૧૨૩. કેમકે મેમ્નાનો વિવાહ આવી પોંચ્યો છે; અને તેની સ્ત્રીએ પોતાને તૈયાર કરી છે.
યો૦ પ્ર૦ પર્વ૦ ૧૯. આ૦ ૭.

સમીક્ષક—હવે સાંભળો! ઇસાઇયોનાં સ્વર્ગમાં વિવાહ પણ થાય છે! કેમકે ઇસુનો વિવાહ ઇશ્વરે ત્યાંજ કર્યો, પૂછવું જોઇયે કે તેના સસરો સાસુ, શાલાદિ કોણ હતા? અને બાળ બચ્ચાં કેટલાં થયાં? અને વીર્યનો નાશ થવાથી બલ, બુદ્ધિ, પરાક્રમ, આયુ આદિનાં પણ ન્યૂન હોવાથી આજસુધી ઇસુએ ત્યાં શરીરત્યાગ કર્યો હશે, કેમકે સંયોગ જન્ય પદાર્થનો વિયોગ અવશ્ય થાય છે, આજપર્યંત ઇસાઇયોએ તેના વિશ્વાસમાં ધોખા ખાધા અને ન જાણે ક્યાં સુધી ધોખામાં રહેશે.

૧૨૪. અને તેણે અજગરને અર્થાત્ પ્રાચીન સાપને જે દિયાબ્લ અને સેતાનછે, તેને પકડીને સહસ્ર વર્ષ પર્યંત બાંધી રાખ્યો અને તેને અથાગ કુણ્ડમાં નાંખ્યો અને બંધ કરીને તેને છાપ મારી, જેથી તે જ્યાંસુધી સહસ્ર વર્ષ પૂરાં ન થાય ત્યાંસુધી પાછો દેશોના લોકોને ન ભરમાવે. યો૦ પ્ર૦ પર્વ૦ ૨૦. આ૦ ૨. ૩.

સમીક્ષક—જુઓ, મરૂં મરૂં કરીને સેતાનને પકડયો અને સહસ્ર વર્ષ પર્યંત બન્ધ કર્યો, પાછો પણ છુટશે, શું પાછો ન ભરમાવશે, એવા દુષ્ટને તો બન્દી ગૃહમાંજ રાખવો કે માર્યા વિના છોડવોજ નહી. પરંતુ એ સેતાનનું હોવું એ ઇસાઇયોનો ભ્રમ માત્રછે, વાસ્તવમાં કાંઇપણ નથી, કેવળ લોકોને ડરાવીને પોતાની જાળમાં લાવવાનો ઉપાય રચ્યો છે. જેમ કોઇ ધૂર્તે કોઇ ભોળા મનુષ્યને કહ્યું કે ચાલો તમને દેવતાના દર્શન કરાવું; કોઇ એકાંત દેશસ્થળમાં લઇ જઇને એક મનુષ્યને ચુતુરભુજ બનાવીને રાખ્યો તેને ઝાડીમાં ઉભો કરીને કહ્યું કે આંખ મીંચી લ્યો, જ્યારે હું કહું ત્યારે ઉઘાડવી અને ફરીને જ્યારે કહું ત્યારેપણ મીંચી લેવી, જે નહીં મીંચશે તે આંધળો થઇ જશે એવી આ મતવાળાની વાતો છે, કે જે અમારો મજહબ ન માનસે, તે સેતાનનો બહેકાવેલો છે, જ્યારે તે સામો આવ્યો ત્યારે કહ્યું. જુઓ! અને પુનઃ શીઘ્ર કહ્યું કે મીંચી લ્યો, જ્યારે પાછો ઝાડીમાં સંતાઇ ગયો, ત્યારે કહ્યું, ઉઘાડો! જુઓ। નરાયણને જોયા, સરવેએ દરશન કર્યા, એવી લીલા મજહબિયોની છે, એટલા માટે એમની માયામાં કોઇયે ન ફસવું જોઇયે.

૧૨૫. જેના સન્મુખથી પૃથિવી અને આકાશ નાસી ગયાં અને તેને માટે જગા ન મળી. અને મેં શું નાના, શું મોટા, સર્વ મૃતકોને ઇશ્વરની સન્મુખ ઉભેલા જોયા અને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં અને બીજું પુસ્તક અર્થાત્ જીવનનું પુસ્તક ઉઘાડવામાં આવ્યું અને પુસ્તકોમાં લખેલી વાતોથી મૃતકોના વિચાર તેમના કર્માનુસાર કરવામાં આવ્યા.

યો૦ પ્ર૦ પર્વ૦ ૨૦, આ૦ ૧૧, ૧૨.

સમીક્ષક—આ જુઓ બાળકપણાની વાત! ભલા વારૂ પૃથિવી અને આકાશ કેવી રીતે નાશી શકે? અને તે કોના ઉપર ઠરશે? જેની સામેથી નાસી ગયાં, તેનું સિંહાસન અને તે ક્યાં ઠરીને રહ્યા? અને મુર્દા પરમેશ્વરની સામે ઉભાં કરવામાં આવ્યાં તો પરમેશ્વર પણ બેઠો કે ઉભો હશે? શું અહીંની કચેરી અને દુકાનની સમાન ઇશ્વરનો વ્યવહાર છે જે કે પુસ્તક લેખાનુસાર હોય છે અને સર્વ જીવોનો હાલ ઇશ્વરે લખ્યો કે તેના ગુમારતાએ? એવી એવી વાતોથી અનીશ્વરને ઇશ્વર અને ઇશ્વરને અનીશ્વર ઇસાઇ આદિ મતવાળાઓએ બનાવી દીધો.

૧૨૬. તેમાંમી એક મારી પાસે આવ્યો અને મારી સાથે બોલ્યો કે આવ હું દુલ્હિન અર્થાત્ મેમ્નાની સ્ત્રી તને દેખાડીશ. યો૦ પ્ર૦ પર્વ૦ ૨૧ આ૦ ૯.

સમીક્ષક—ભલા વાહ પ્રભુએ સ્વર્ગમાં દુલ્હિન અર્થાત સ્ત્રી સારી મેળવી; મોજ કરતો હશે ! જે જે ઇસાઇ ત્યાં જતા હશે, તેને પણ સ્ત્રિયો મળતી હશે અને છોકરાં છૈયાં થતાં હશે અને ગણી ભીડ થઇ જવાથી રોગોત્પત્તી થઇને મરતા પણ હશે, એવાં સ્વર્ગને દૂરથી હાથજ જોડવા સારા છે.

૧૨૭. અને તેણે તે નળથી નગરને માપ્યું, કે સાડી સાતસો કોશનું છે. તેની લમ્બાઈ પોહોળાઇ અને ઉંચાઇ એક સમાન છે. એક તેણે તેના ભીંતને મનુષ્યના અર્થાત્ દૂતના માપથી માપી, કે તે એકસો ચુમાલીશ હાથની છે. અને તેની ભીંતની જોડાઇ સુર્યકાંતની હતી અને નગર નિર્મલ સોનાનું હતું જે નિર્મલ કાચના સમાન હતું અને નગરની ભીંતનાં નેવાં હરેક બહુમુલ્ય પત્થરથી સમારેલાં હતાં પેહેલી નેવાણી સૂર્યકાંતની હતી, બીજી નીલમણિની ત્રીજી લાલડીની, ચોથી મરકતની, પાંચમી ગોમેદકની, છઠ્ઠી માણિક્યની, સાતમી પીતમણિની, આઠમી પીરોજની, નવમી પુખરાજની, દસમી લહસનિયાની, અગ્યારમી ધુમ્રકાંતની, બારમી મર્ટાષની, અને બાર ફાટક (દરવાજા) બાર મોતી હતાં. એક એક મોતીથી એક એક ફાટક બન્યો હતો, અને નગરની સડક સ્વચ્છ કાચના જેવી નિર્મળ સોનાની હતી.

યો૦ પ્ર૦ પર્વ૦ ૨૧. આ૦ ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧.

શમીક્ષક—સાંભળો ઇસાઇયોનાં સ્વર્ગનું વર્ણન ! જો ઇસાઇ મરતા જાય છે અને ત્યાં જન્મતા જાય છે તો આટલા મોટા શહેરમાં કેવી રીતે સમાઇ શકશે ? કેમકે તેમાં મનુષ્યોનું આગમ થાય છે અને ત્યાંથી નિકળતા નથી અને જે આ બહુમૂલ્ય રત્નોની બનેલી નગરી માની છે, અને સર્વ સોનાની છે ઇત્યાદિ લેખ કેવળ ભોળા ભોળા મનુષ્યોને બહેકાવીને ફસાવવાની લીલા છે. ભલા વાહ લમ્બાઇ, ચોડાઇ તો તે નગરની લખી તે હોઇ શકે છે પરંતુ ઉંચાઇ સાડી ત્રણસો કોશ કેમ કરીને હોઇ શકે છે. એ તો સર્વથા મિથ્યા કપોલ કલ્પનાની વાત છે અને એવડાં મોટાં મોતી ક્યાંથી આવ્યાં હશે ? આ લેખના લખનારના ઘરના ઘડામાંથી ? આ ગપોડા પુરાણના પણ બાપ છે !

૧૨૮. અને કોઈ અપવિત્ર વસ્તુ અથવા ધૃણિત કર્મ કરનારા અથવા અસત્યપર ચાલનારા, તેમાં કોઇ રીત્યે પ્રવેશ ન કરશે. યો૦ પ્ર૦ પર્વ૦ ૨૦. આ૦ ૨૭.

સમીક્ષક—જો એવી વાત છે તો ઇસાઇલોક કેમ કહે છે કે પાપી લોક પણ સ્વર્ગમાં ઇસાઇ થવાથી જઇ શકે છે ? એ ઠીક વાત નથી, જો એમ છે, તો યોહનના સ્વપ્નની મિથ્યા વાતોનો કહેનાર સ્વર્ગમાં પ્રવેશ કદી પણ ન કરી શકયો હશે અને ઇસુ પણ સ્વર્ગમાં ન ગયો કેમકે જ્યારે એકલો પાપી સ્વર્ગ પ્રાપ્ત નથી કરી શકતો તો જે અનેક પાપિયોનાં પાપના ભારથી યુક્ત છે તે કેમ કરી સ્વર્ગવાસી થઈ શકે છે ?

૧૨૯. અને હવે કોઇ શ્રાપ ન હશે અને ઇશ્વરના અને મેમ્નોના સિંહાસન તેમાં હશે અને તેના દાસ તેની સેવા કરશે. અને તેનું મોં જોશે અને તેનું નામ તેના માથાપર હશે, અને ત્યાં રાત્ર થશે અને તેને દીપકનું અથવા સૂર્યની જોતિનું પ્રયોજન

નથી. કેમકે પરમેશ્વર ઇશ્વર તેને જ્યોતિ આપશે તે સદા રાજ્ય કરશે.
યો૦ પ્ર૦ પર્વ૦ ૨૨. આ૦ ૩, ૪, ૫.

સમીક્ષક—જુઓ આજ ઇસાઇયોનો સ્વર્ગવાસ ! શું ઇશ્વર અને ઇસુ સિંહાસન પર નિરંતર બેસી રહેશે ? અને તેના દાસ તેની સામે સદા મોં જોયા કરશે ? હવે એ તો કહોકે તમારા ઇશ્વરનું મોં યુરોપિયનની સદૃશ ગોરૂં કે આફ્રિકાવાળાની સદશ કાળું અથવા અન્ય દેશવાળાની સમાન છે ? આ તમારૂં સ્વર્ગ પણ બન્ધન છે. કેમકે જ્યાં નાનાઇ મોટાઇ છે અને તે એક નગરમાં રહેવું અવશ્ય છે તો ત્યાં દુઃખ કેમ ન થતું હશે ? જે મુખવાળો છે તે ઇશ્વર સર્વજ્ઞ સર્વેશ્વર કદી નથી થઇ શકતો.

૧૩૦. જો હું શીઘ્ર આવું છું અને મારૂં પ્રતિફલ મારી સાથે છે, જેથી હરેક ને જેવું તેનું કાર્ય ઠરશે તેવું ફળ આપીશ. યો૦ પ્ર૦ પર્વ૦ ૨૨ આ૦ ૧૨.

સમીક્ષક—જ્યારે એજ વાત છે કે કર્માનુસાર ફળ પામે છે તો પાપોની ક્ષમા કદી નથી થતી, અરે જો ક્ષમા થાય છે તો ઇંજીલની વાતો જુઠી. જો કોઇ કહે કે ક્ષમા કરવી એ પણ ઇંજીલમાં લખ્યું છે, તો પૂર્વાપર વિરૂદ્ધ અર્થાત્ "હલફદરોગી" થઇ તે જુઠું છે. એક માનવું છોડી દો. હવે ક્યાં સુધી લખિયે ?

એમનાં બાઇબલમાં લાખો વાતો ખણ્ડનીય છે. આ તો થોડાંક ચિન્હ માત્ર ઇસાઇયોનાં બાઈબલ પુસ્તકમાં દર્શાવ્યાં છે, એટલાંથી બુધ્ધિમાન્ લોક બહુ સમજી લેશે. થોડિક વાતોને છોડીને શેષ સર્વ અસત્ય ભર્યું છે. જે અસત્યના સંગથી સત્ય પણ શુદ્ધ નથી રહેતું તો તેમજ બાઇબલ પુસ્તક પણ માનનીય નથી થઇ શકતું. કિન્તુ તે સત્ય તો વેદોનાં સ્વીકારમાં ગૃહિત થાય છે.

इतिश्रीमद्दयानन्दसरस्वतीस्वामिनिर्मिते सत्यार्थप्रकाशे
सुभाषाविभूषिते कृश्चीनमतविषये त्रयोदशः
समुल्लासः सम्पूर्णः ॥ १३ ॥

ओ३म् ॥

अनुभूमिका ॥ (४)

જે આ ૧૪ ચૌદમો સમુલ્લાસ મુસલમાનોના મત વિષયમાં લખ્યો છે તે કેવળ કુરાનના અભિપ્રાયથી, અન્ય ગ્રંથના મતથી નહી, કેમકે મુસલમાન કુરાનપરજ પૂરે પૂરો વિશ્વાસ રાખે છે યદ્યપિ મતાંતર હોવાના કારણથી, કોઇ શબ્દ અર્થ આદિ વિષયમાં વિરૂદ્ધ વાત છે, તથાપિ કુરાનપર સર્વ ઐક્યમત છે, જે કુરાન અર્બી ભાષામાં છે તે ઉપર મૌલવિયોએ ઉર્દુંમાં અર્થ લખ્યા છે, તે અર્થના દેવનાગરી અક્ષર અને આર્ય્યભાષાંતર કરવા પછી અર્બીના મોટા મોટા વિદ્વાનો પાસે શુદ્ધ કરાવીને લખવામાં આવ્યું છે. જો કોઇ કહે કે આ અર્થ ઠીક નથી તો તેમને ઉચિત છે કે મોલવી સાહેબોનાં તરજુમાઓનુ પ્રથમં ખણ્ડન કરે પશ્ચાત આ વિષયપર લખે. કેમકે આ લેખ કેવળ મનુષ્યોની ઉન્નતિ અને સત્યાસત્યના નિર્ણયને માટે સર્વ મતોના વિષયોનુ થોડું થોડું જ્ઞાન થાય; અને તેથી મનુષ્યોને પરસ્પર વિચાર કરવાનો સમય મળે અને એક બીજાના દોષોનું ખંડન કરી ગુણોનુ ગ્રહણ કરે. કોઇ અન્ય મતવાળાને જુઠમૂઠ સારૂં કે ખોટું લગાડવાનું પ્રયોજન નથી કિન્તુ જે જે ભલાઇ છે તેજ ભલાઇ અને જે બુરાઇ છે તેજ બુરાઇ સર્વને વિદિત થાય, ન કોઇ કોઈ પર જુઠ ચલાવી શકે અને ન સત્યને રોકી શકે અને સત્યાસત્ય વિષય પ્રકાશિત કર્યા છતાં પણ જેની ઇચ્છા હોય તે માને કે ન માને, કોઇના પર બલાત્કાર નથી કરવામાં આવતો. અને એજ સજ્જનોની રીતિ છે કે પોતાના કે પરાયા દોષોને દોષ અને ગુણોનું ગ્રહણ તથા દોષોનો ત્યાગ કરે અને હઠિલાનો હઠ દુરાગ્રહ ન્યુન કરે ને કરાવે. કેમકે પક્ષપાતથી શું શું અનર્થ જગત્માં નથી થયા અને નથી થતા? સત્યતો એ છે કે આ અનિશ્ચિત ક્ષણભંગ જીવનમાં પરાઇ હાની કરીને, લાભની પ્રાપ્તિથી સ્વયં દૂર રહેવું અને અન્યને રાખવાં તે મનુષ્યત્વની બહાર છે. એમાં જે કાંઇ વિરૂદ્ધ લખવામાં આવ્યું હોય તો તેને સજ્જન લોક વિદિત કરી દેશે, તત્પશ્ચાત્ જે ઉચિત હશે તે માનવામાં આવશે કેમકે આ લેખ હઠ, દુરાગ્રહ, ઇર્ષ્યા, દ્વેષ, વાદ વિવાદ અને વિરોધ ઘટાડવા માટે કરવામાં આવ્યો છે, નહિ કે એને વધારવાને અર્થે કેમકે એક બીજાની હાની કરવાથી પૃથક કરીને પરસ્પરમાં લાભ પહોંચાડવો અમારૂં મુખ્ય કર્મ છે.

હવે આ ચૌદમાં સમુલ્લાસમાં મુસલમાનોના મત વિષે સર્વ સજ્જનોની સામે નિવેદન કરૂં છું કે તેમણે વિચાર કરીને ઇષ્ટનુ ગ્રહણ ને અનિષ્ટનો પરિત્યાગ કરવો.

अलमतिविस्तरेण बुद्धिमद्वर्य्येषु ॥ इत्यनुभूमिका ॥

अथ चतुर्दशसमुल्लासारम्भः ॥

अथ यवनमतविषयं समीक्षिष्यामहे ॥

ઇસ કે આગે મુસલમાનોંકે મત વિષયમેં લિખેંગે ॥

---

૧. આરંભ સાથ નામ અલ્લાહકે ક્ષમા કરને વાલા દયાલુ ॥ મંજિલ ૧ । સિપારા ૧ । સુરત ૧ ॥

સમીક્ષક—મુસલમાન લોગ ઐસા કહતે હૈં કિ યહ કુરાન ખુદાકા કહા હૈ પરંતુ ઇસ વચન સે વિદિત હોતા હૈ કિ ઇસકા બનાનેવાલા કોઇ દૂસરા હૈ. ક્યોંકિ જો પરમેશ્વરકા બનાયા હોતા તો "આરંભ સાથ નામ અલ્લાહ કે" ઐસા ન કહતા કિન્તુ "આરંભ વાસ્તે ઉપદેશ મનુષ્યોંકે" ઐસા કહતા ! યદિ મનુષ્યોંકો શિક્ષા કરતા હૈ કિ તુમ ઐસા કહો તો ભી ઠીક નહી, ક્યોંકિ ઇસસે પાપકા આરંભ ભી ખુદાકે નામસે હો કર ઉસકા નામ ભી દૂષિત હો જાયગા. જો વહ ક્ષમા ઔર દયા કરને હારા હૈ તો ઉસને અપની સૃષ્ટિમેં મનુષ્યોંકે સુખાર્થ અન્ય પ્રાણિયોંકો માર, દારૂણ પી । દિલાકર મરવા કે માંસ ખાનેકી આજ્ઞા ક્યોં દી ? ક્યા વે પ્રાણી અનપરાધી ઔર પરમેશ્વરકે બનાયે હુએ નહીં હૈ ? ઔર યહ ભી કહનાથા કિ "પરમેશ્વરકે નામપર અચ્છી બાતોંકા આરંભ" બુરી બાતોંકા નહી ઇસ કથન મેં ગોલમાલ હૈ, ક્યા ચોરી, જારી, મિથ્યાભાષણાદિ અધર્મકા ભી આરંભ પરમેશ્વરકે નામપર કિયા જાય ? ઇસીસે દેખ લો કસાઇ આદિ મુસલમાન, ગાય આદિ કે ગલે કાટને મેં ભી "બિસ્મિલ્લાહ" ઇસ વચનકો પઢતે હૈં, જો યહી ઇસકા પૂર્વોક્ત અર્થ હૈ તો બુરાઇયોંકા આરંભ ભી પરમેશ્વરકે નામપર મુસલમાન કરતે હૈ; ઔર મુસલમાનોંકા "ખુદા" દયાલુ ભી ન રહેગા ક્યોંકિ ઉસકી દયા ઉન પશુઓંપર ન રહી ! ઔર જો મુસલમાન લોગ ઇસકા અર્થ નહી જાનતે તો ઇસ વચનકા પ્રગટ હોના વ્યર્થ હૈ. યદિ મુસલમાન લોગ ઇસકા અર્થ ઔર કરતે હૈ તો ઇ અર્થ ક્યા હૈ ? ઇત્યાદિ ॥ ૧ ॥

૨. સબ સ્તુતિ પરમેશ્વર કે વાસ્તે હૈં જો પરવરદિગાર અર્થાત્ પાલન કરને હારા હૈ સબ સંસારકા. ક્ષમા કરને વાલા દયાલુ હૈ

॥ મં૦ ૧ સિ૦ ૧ । સૂરતુલફાતિહા । આયત ૧ । ૨ ।

સમીક્ષક—જો કુરાનકા ખુદા સંસારકા પાલન કરને હારા હોતા ઔર સબ પર ક્ષમા ઔર દયા કરતા હોતા તો અન્ય મતવાલે ઔર પશુ આદિકો ભી મુસલમાનો કે હાથ સે મરવાનેકા હુકમ ન દેતા. જો ક્ષમા કરને હારા હૈ તો ક્યા પાપિયો પર ભી ક્ષમા કરેગા? ઔર જો વૈસા હૈ તો આગે લિખેંગે કિ "કાફિરોં કો કતલ કરો" અર્થાત્ જો કુરાન ઔર પૈગંબર કો ન માને વે કાફિર હૈં ઐસા ક્યોં કહતા? ઇસલિયે કુરાન ઇશ્વરકૃત નહીં દીખતા ॥ ૨ ॥

૩. માલિક દિન ન્યાયકા ॥ તુઝ હી કો હમ ભક્તિ કરતે હૈં ઔર તુઝ હી સે સહાય ચાહતે હૈં ॥ દિખા હમકો સીધા રસ્તા । મ૦ ૧ । સિ૦ ૧ । સૂ૦ ૧ । આ૦ ૩ । ૪ । ૫ ।

સમીક્ષક—ક્યા ખુદા નિત્ય ન્યાય નહીં કરતા? કિસી એક દિન ન્યાય કરતા હૈ ઇસ સે તો અંધેર વિદિત હોતા હૈ! ઉસીકી ભક્તિ કરના ઔર ઉસી સે સહાય ચાહના તો ઠીક પરંતુ ક્યા બુરી બાત કા ભી સહાય ચાહના? ઔર સૂધા માર્ગ એક મુસલમાનો હી કા હૈ વા દૂસરેકા ભી? સૂધે માર્ગ કો મુસલમાન ક્યોં નહીં ગ્રહણ કરતે? ક્યા સૂધા રાસ્તા બુરાઇકી ઓરકા તો નહીં ચાહતે? યદિ ભલાઇ સબકી એક હૈ તો ફિર મુસલમાનોં હી મેં વિશેષ કુછ ન રહા ઔર જો દૂસરોંકી ભલાઇ નહીં માનતે તો પક્ષપાતી હૈં ॥ ૩ ॥

૪. ઉન લોગોંકા રાસ્તા કિ જિન પર તુને નિઆમતકી ઔર ઉનકા માર્ગ મત દિખા કિ જિનકે ઊપર તુ ગજબ અર્થાત્ અત્યંત ક્રોધ કી દૃષ્ટિ કી ઔર ન ગુમરાહોંકા માર્ગ હમ કો દિખા । મ૦ ૧ । સિ૦ ૧ । સૂ૦ ૧ । આ૦ ૬ । ૭ ।

સમીક્ષક—જબ મુસલમાન લોગ પૂર્વ જન્મ ઔર કૃત પાપ પુણ્ય નહીં માનતે તો કિન્હીં પર નિઆમત અર્થાત્ ફજલ વા દયા કરને ઔર કિન્હીં પર ન કરનેસે ખુદા પક્ષ પાતી હો જાયગા, ક્યોંકિ વિના પાપ પુણ્ય સુખ દુઃખ દેના કેવલ અન્યાયકી બાત હૈ ઔર વિનાકારણ કિસીપર ક્રોધ દૃષ્ટિ કરના ભી સ્વભાવ સે બહિ. હૈ તે વહ દયા અથવા ક્રોધ નહીં કર શકતા. ઔર જબ ઉનકિ પૂર્વ સંચિત પુણ્ય પાપ હી નહીં તો કિસી પર દયા ઓર કિસીપર ક્રોધ કરના નહીં હો સકતા. ઔર ઇસ સૂરતકી ટિપ્પન "યહ સૂરઃ અલ્લાહ સાહબ ને મનુષ્યોંકે મુખસે કહલાઇ કિ સદા ઇસ પ્રકાર સે કહા કરેં" જો યહ બાત હૈ તો "અલિફ્ બે" આદિ અક્ષર ખુદા હી ને પઢાયે હોંગે. જો કહો કિ વિના અક્ષર જ્ઞાનકે ઇસ સૂરઃકો કૈસે પઢ સકે, ક્યા કંઠ હી સે બુલાએ ઔર બોલતે ગએ? જો ઐસા હૈ તો સબ કુરાન હી કંઠસે પઢાયા હોગા ઇસસે ઐસા સમઝના ચાહિયે કિ જીસ પુસ્તકમેં પક્ષ પાતકી બાતેં પાઇ જાય વહ પુસ્તક ઇશ્વરકૃત નહીં હો શકતા, જૈસા કિ અરબી ભાષામેં ઉતારનેસે અરબ વાલોંકો ઇસકા પઢના સુગમ. અન્ય ભાષા બોલને વાલોં કો કઠિન હોતા હૈ ઇસીસે ખુદામેં પક્ષપાત આતા હૈ. ઔર જૈસે પરમેશ્વરને સૃષ્ટિસ્થ સબ દેશસ્થ મનુષ્યોં પર ન્યાય દૃષ્ટિસે સબ દેશ ભાષાઓસે વિલક્ષણ સંસ્કૃત ભાષાકિ જો; સબ દેશવાલોંકે લિયે એકસે પરિશ્રમસે વિદિત હોતીહૈ ઉસીમેં વેદોંકા પ્રકાશ કિયાહૈ. કરતા તો યહ દોષ નહીં હોતા. ॥ ૪ ॥

૫. યહ પુસ્તક કિ જિસમેં સંદેહ નહીં પરહેજગારોંકો માર્ગ દિખલાતી હૈ । જો ઇમાન લાતે હૈ સાથ ગૈબ (પરોક્ષ) કે નમાજ પઢતે. ઔર ઉસ વસ્તુસે જો હમને દી ખર્ચ

કરતે હૈં ॥ ઔર વે લોગ જો ઉસ કિતાબ પર ઇમાન લાતે હૈ જો રખતે હૈ તેરી ઔર વા તુઝસે પહિલે ઉતારી ગઇ ઔર વિશ્વાસ કયામત પર રખતે હૈ યે લોગ અપને માલિકકી શિક્ષાપર હૈ, ઔર યે હી છુટકારા પાને વાલે હૈ ॥ નિશ્ચય, જો કાફિર હુએ ઔર ઉન પર તેરા ડરાના ન ડરાના સમાન હૈ. વે ઇમાન ન લાવેંગે ॥ અલ્લાહ ને ઉનકે [illegible] કાનોં પર મોહર કર દી ઔર ઉનકી આંખોપર પર્દા હૈ ઔર ઉનકે વાસ્તે બડા અજાયબ હૈ ॥ મં૦ ૧ । સિ૦ ૧૦ । સૂરઃ ૨ । આ૦ ૧ । ૨। ૩ । ૪ । ૫ । ૬ ॥

સમીક્ષક—કયા અપને હી મુખસે અપની કિતાબકી પ્રશંસા કરના ખુદા કી દંભ કી બાત નહીં, જબ (પરહેજગાર) અર્થાત્ ધાર્મિક લોગ હૈ વે તો સ્વતઃ સચ્ચે માર્ગમેં હૈ, ઔર જો જુઠ માર્ગપર હૈ ઉનકો યહ કુરાન માર્ગહી નહીં દિખલા શકતા. ફિર કિસ કામકા રહા? કયા પાપ પુણ્ય ઔર પુરૂષાર્થકે વિના ખુદા અપનેહી ખજાનેસે ખર્ચ કરનેકો દેતાહૈ? જો દેતા હૈ તો સબકો કયોં નહીં દેતા? ઔર મુસલમાન લોગ પરિશ્રમ કયોં કરતે હૈ. ઔર જો બાઇબિલ ઇંજીલ આદિપર વિશ્વાસ કરના યોગ્ય હૈ તો મુસલમાન ઇંજીલ આદિ પર ઇમાન જૈસા કુરાનપર હૈ વૈસા કયોં નહીં લાતે? ઔર જો લાતે હૈ તો *કુરાનકા હોના કિસ લિયે? જો નહીં કહેં કિ કુરાનમેં અધિક વાતે હૈ તો પહિલી કિતાબમેં લિખના ખુદા ભૂલ ગયા હોગા? ઔર જો ભૂલા તો નહીં કુરાનકા બનાના નિષ્પ્રયોજન હૈ ઔર હમ દેખતે હૈ તો બાઇબિલ ઔર કુરાનકી બાતે કોઇ ૨ ન મિલતી હોંગી નહીં તો સબ મિલતી હૈ. એકહી પુસ્તક જૈસા કિ વેદ હૈ કયોં ન બનાયા? કયામતપર હી વિશ્વાસ રખના ચાહિયે અન્ય પર નહીં? ॥ ૩ ॥ કયા ઇસાઇ ઔર મુસલમાન હી ખુદા કી શિક્ષા પર હૈ ઉનમે કોઇ ભી પાપી નહીં હૈ? કયા ઇસાઇ ઔર મુસલમાન અધર્મી હૈ વે ભી છુટકારા પાવેં ઔર દુસરે ધર્માત્મા ભી ન પાવેં તો બડે અન્યાય ઔર અન્ધેર કી બાત નહીં હૈ ॥ ૪ ॥ ઔર કયા જો લોગ મુસલમાની મતકો ન માનેં ઉનહીં કો કાફિર કહના યહ એક તરફી ડિગરી નહીં હૈ? ॥ જો પરમેશ્વર હી ને ઉનકે અંતઃકરણ ઔર કાનોં પર મોહર લગાઇ ઔર ઉસીસે વે પાપ કરતે હૈ તો ઉનકા કુછ ભી દોષ નહીં યહ દોષ ખુદાહી કા હૈ. ફિર ઉનપર સુખ દુઃખ વા પાપ પુણ્ય નહી હો શકતા પુનઃ ઉનકો સજા કયોં કરતા હૈ? કયોં કિ ઉન્હોંને પાપ વા પુણ્ય સ્વતન્ત્રતાસે નહીં કિયા ॥ ૫ ॥ ૬ ॥

૬. ઉનકે દિલોંમેં રોગ હૈ અલ્લાહને ઉનકો રોગ બઢા દિયા । મં૦ ૧ । સિ૦ ૧ સૂ૦ ૨ । આ૦ ૯ ॥

